ॐ

# બોધામૃત

## સંગ્રહ ૧

### ૧

શ્રીમદ્ રા.આ.અગાસ, તા. ૨૦-૮-૧૯૪૩

પૂજ્યશ્રી—'મોક્ષમાળા'માં બધાં શાસ્ત્રોનો સાર છે. સો વખત તેને વાંચી સર્વ સાર જાણી લેવો. બધો સમાવેશ તેમાં કરેલો છે. ચોવીશીમાં આનંદઘનજીનાં પદો ઉત્તમ છે. શાસ્ત્રો વાંચીને ગુણો પ્રાપ્ત કરવાના છે. ભૂમિકા તૈયાર થયા બાદ સત્પુરુષનો ઉપદેશ કલ્યાણકારી થાય છે.

**"મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;**
**કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર."** (૯૫૪)

જેના વિષયો મંદ છે, સરળતાપૂર્વક જ્ઞાનીપુરુષની આજ્ઞા આરાધે છે, વિચારો ઉત્તમ છે, સર્વ જીવ સરખા, આત્મવત્ માને છે, કોમળતા હૃદયની હોય છે, તેવા પુરુષ તે પ્રથમ ભૂમિકામાં છે.

**"વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ,**
**પરિણામની વિષમતા, તેને યોગ અયોગ."** (૯૫૪)

વિષય કષાય જેના તીવ્રપણે છે અને જેનાં પરિણામ ખરાબ વર્તે છે તેની યોગાદિક ક્રિયા નિષ્ફળ છે.

પતંગિયું, માછલી આદિ એક એક વિષયને આધીન તીવ્રતાને લીધે મરણને પામે છે, તો આપણને પાંચ ઇન્દ્રિયો છે તેનો તીવ્રપણે ઉપયોગ થાય તો શી દશા થાય? માટે ઇન્દ્રિયોના પ્રવર્તન વખતે વિચારપૂર્વક રહેવું. આ જીવનું ભૂંડું કરનાર ઇન્દ્રિયો છે. એક મકાનમાં ઊભા હોઈએ અને બારીઓમાંથી બહારનું અવલોકન કર્યા કરીએ અને રૂમમાં અંદર શું છે તે ન જોઈએ; તેમ ઇન્દ્રિયો વડે બહારના પ્રવર્તનમાં ટાઈમ પસાર થઈ જાય છે. અંતરનો વિચાર કરવાને અવકાશ જ નથી મળતો. જો મંદ વિષયો હોય તો અવકાશ મળે.

પથ્થર, લાકડું કોમળ હોય તો જેવું કોતરકામ કરવું હોય તેવું થઈ શકે છે; બરછટ ઉપર કોતરણી થઈ શકતી નથી. તેમ આત્મા કોમળ હોય તો જ્ઞાનીપુરુષનો બોધ અસર કરે. જ્ઞાનીપુરુષનાં વચનો જીવને નીચે પડતાં બચાવે છે.

**"નીરખીને નવયૌવના, લેશ ન વિષય નિદાન,**
**ગણે કાષ્ઠની પૂતળી, તે ભગવાન સમાન."**

આટલું યાદ આવી જાય તો કેટલું કામ કરી નાખે! શાસ્ત્ર ભણી પંડિત થયો હોય તો પણ જ્ઞાનીપુરુષના વચન કરતાં વધુ આગળ ન પડે. તે વખતે શાસ્ત્રો કામ ન લાગે, પરંતુ જ્ઞાનીપુરુષનાં

---

આંક ૧ થી આંક ૫૩ સુધીનો બોધ શ્રી અંબાલાલભાઈ જેસંગભાઈની નોટમાંથી ઉતારેલ છે.

અનુભવવાળાં ટૂંકાં વચનો ઘણાં ઉપયોગી નીવડે છે.

*

(સાંજના)

પૂજ્યશ્રી–'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથનું એકાંતમાં સ્થિર ચિત્તે વાંચન કરવું. તે પુસ્તક ગાડીમાં વાંચવા યોગ્ય નથી.

૨ તા. ૨૧-૮-૧૯૪૩

પૂજ્યશ્રી–'ભક્તિ કરતાં વિશુદ્ધ પરિણામ હોય છે' તેનો ભાવાર્થ એ કે શુદ્ધ પરિણામ પ્રાપ્ત કરવાના ધ્યેયથી ભક્તિ કરવામાં આવે તો વિશુદ્ધ પરિણામ કહેવાય. વિશુદ્ધમાંથી શુદ્ધ થાય છે. તે વખતે પુણ્ય બંધાય છે તેને પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય. લક્ષ સિવાય કરેલા ભાવ તે શુભ ક્રિયામાં ગણાય અને તે પુણ્ય ભોગવી લીધા બાદ કંઈ રહેતું નથી. જ્યારે શુદ્ધના ધ્યેયવાળાને તે મેળવવાનો જોગ બની આવે છે.

૩ તા. ૨૫-૮-૧૯૪૩

પૂજ્યશ્રી–એક વાત કરતો હોય તો વચ્ચે કારણ સિવાય નહીં બોલતાં તેની વાત સંપૂર્ણ સાંભળી યોગ્ય જવાબ આપવો. કાન બે છે અને જીભ એક છે, તે શું સૂચવે છે? તો કે બોલવા કરતાં સાંભળવું વધારે. કારણ જીભને બે કામ છે–બોલવાનું તથા ખાવાનું. કાન બે છે પરંતુ કામ એક જ છે.

(સવારના ૯-૩૦ વાગ્યે) ૪ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદરવા વદ ૭, સં. ૨૦૦૦
શનિવાર, તા. ૯-૯-૧૯૪૪

પૂજ્યશ્રી–જેઓને સત્પુરુષનો જોગ નથી થયો તેમને તે જોગ પ્રાપ્ત કરવાની કેટલી વ્યાકુળતા તથા મૂંઝવણ થાય? આપણને તે વાતની ખામી નથી. હવે તો પુરુષાર્થ કરવાનો છે. પુરુષાર્થ કર્યે આગળ વધાય. પુરુષાર્થ કરે નહીં અને આગળની વાતનો વિચાર કરવા બેસે તે કેમ સમજાય?

બે માણસોએ બે મોરનાં ઈંડાં આણ્યાં. એકે વિચારપૂર્વક તે પરિપક્વ થાય ત્યાં સુધી યોગ્ય માણસને ઈંડું આપ્યું અને જ્યારે બચ્ચું થયું ત્યારે મોર લાવ્યો. બીજો માણસ પોતાને ઘેર ઈંડું રાખી દરરોજ હલાવ્યા કરે અને જુએ કે બચ્ચું તૈયાર થયું છે કે નહીં? તે મુજબ દરરોજ હલાવ્યા કરે તેથી ઈંડું નકામું ગયું. તેમ જ્ઞાનીની આજ્ઞા મળી છે તો વિશ્વાસ રાખી આરાધન કર્યા કરવું. યોગ્ય સમયે બધું માલૂમ પડશે.

પ્રભુશ્રીજી કહેતા કે તારી વારે વાર છે. વિષય કષાય મંદ પડે તો જ જ્ઞાનીપુરુષનો બોધ અસર કરે; નહીં તો ગાયની ખરી જમીન ઉપર પડી હોય તેમાં પાણી કેવી રીતે રહે? તેમ થાય. અને સમુદ્રમાં કેટલું માય? વૈરાગ્યવાન જીવને તેનો અનુભવ માલૂમ પડે. નિરાકુળતામાં જ સુખ છે; અને વિષયો તથા કષાયોમાં પ્રવર્તવાથી વ્યાકુળતા થાય છે અને પરિણામે પશ્ચાત્તાપ થાય છે. નિરાકુળતાનો અનુભવ થાય ત્યારબાદ વ્યાકુળતા ન થાય તેમ પ્રવર્તન કરવું. જે મોહ સંસારનાં કાર્યો પ્રત્યે છે તે ઓછો થાય તો સત્પુરુષનાં વચનોમાં, સદ્વિચારમાં નિરંતર ચિત્ત જાય અને બધું

ઝેર રૂપ લાગે; ત્યારે કામ બને તેમ છે. બન્ને વાત સાથે ન બને. કૃપાળુદેવે કહ્યું છે કે આ મનુષ્યપણાની એક એક પળ અમૂલ્ય રત્નચિંતામણી તુલ્ય છે. માટે નિરર્થક ટાઈમ ન જવા દેવો.

સત્પુરુષના અવલંબનની ખાસ જરૂર છે. કોઈ માણસને તરતાં ન આવડતું હોય, તે કહે કે હું મારે હાથે તરીને સમુદ્ર પાર કરીશ તે બનવા જોગ નથી. તે તો ડૂબે જ. તેવો આ સંસારસમુદ્ર છે તે જ્ઞાનીના અવલંબને પાર કરી શકાય છે.

જાત્રા કરવાનું ધ્યેય એટલું હોય કે તેવા સ્થળે જતાં કોઈ જ્ઞાનીનો ભેટો થઈ જાય અને તેટલો લોભ ઓછો થાય. લોભ બહુ ખરાબ છે. જેનો લોભ ઓછો થયો તેને જ્ઞાનીપુરુષનો બોધ અસર કરે, તે આગળ વધી શકે.

*

(સાંજના ૪-૦૦ વાગ્યે)

પૂજ્યશ્રી—જ્ઞાનાવરણીયકર્મ પુરુષાર્થ કર્યે તૂટે છે, મોઢે ન થતું હોય તે પુરુષાર્થથી થઈ શકે છે તેમ. જ્ઞાનનું અભિમાન કરે તો બીજે ભવે મૂર્ખપણું મળે. પૈસાનું, રૂપનું અભિમાન કરે તો નિર્ધનપણું, કદરૂપપણું પ્રાપ્ત થાય. અભિમાન કોઈ ચીજનું કરવા જેવું નથી. 'હે પ્રભુ, હે પ્રભુ' બોલતાં જે જ્ઞાનીપુરુષોએ શુદ્ધ આત્મા પ્રાપ્ત કર્યો તે લક્ષ થવો જોઈએ; કૃપાળુદેવ યાદ આવવા જોઈએ.

*

(સભામંડપમાં—'સુદૃષ્ટિતરંગિણી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—સમ્યક્‌દર્શન પ્રાપ્ત થવામાં મનુષ્યભવ, સારું કુળ કારણરૂપ છે. આગળના વખતમાં ગુરુકુળ પ્રથા ચાલતી હોવાથી નાની ઉંમરથી ધર્મના સંસ્કાર પડતા હતા. પ્રથમ ધર્મશાસ્ત્રનું (૧.પ્રથમાનુયોગ ૨.કરણાનુયોગ ૩.ચરણાનુયોગ ૪.દ્રવ્યાનુયોગ.) શિક્ષણ પ્રાપ્ત થયા બાદ હુન્નરકળા વગેરે કર્મશાસ્ત્રનું શિક્ષણ અપાતું. જેથી ગૃહસ્થો સારી રીતે ધર્મ આરાધન કરી શકતા. મુખ્યતાએ તે વસ્તુ હંમેશ તેને રહેતી, કારણ નાનપણથી જ તેવા સંસ્કારો પાડવામાં આવતા.

(સવારના ૧૦-૦૦ વાગ્યે) ૫ તા. ૧૦-૯-૧૯૪૪

મુમુક્ષુ—ઇન્દોર તરફથી કોઈ પુસ્તકોની માગણી કરે તો આપવાં?

પૂજ્યશ્રી—જેને પુસ્તક આપવાનું હોય તેને કહેવું કે જેવા ભાવથી પુસ્તક લો છો તે પ્રમાણે એક વખત આશ્રમમાં જવાથી ખાસ લાભનું કારણ થાય તેમ છે. પુસ્તક તો ગમે ત્યાંથી મળી શકે; પરંતુ જ્ઞાનીપુરુષની આજ્ઞાથી જો લેવામાં આવે તો ઘણો લાભ થાય તેમ છે, તેવું સમજાવવું.

મુમુક્ષુ—''આ લોકની અલ્પ પણ સુખેચ્છા રહ્યા કરે છે, જેથી જીવની જોગ્યતા રોકાઈ જાય છે.'' (૨૫૪) 'આ લોકની અલ્પ પણ સુખેચ્છા' એટલે શું?

પૂજ્યશ્રી—પરપદાર્થોથી સુખબુદ્ધિ, એટલે અમુક આટલું હોય અથવા અમુક જગા આવી હોય કે આવી જાતના સંયોગો હોય તો ધર્મ થાય. અને તેવા સંયોગો મળ્યા હોય તો તેવા ખ્યાલથી ધર્મધ્યાન કર્યા કરે. એવી માન્યતા હોય કે અમુક આવું હોય તેથી ધર્મધ્યાન થાય, તો પછી પ્રતિકૂળ

સંયોગો આવતાં ખાસ વસ્તુ છે તે વિસારી દે; કારણ, તેવો તેનો અગાઉ અભિપ્રાય હતો. પરંતુ એમ જ નિશ્ચય થઈ ગયો હોય કે જે કંઈ આ આત્માને આનંદ અથવા સુખ મળે છે તે, પોતાથી જ મળે છે, પરવસ્તુથી નથી મળતા; જો એમ જ નક્કી કરી દીધું હોય કે મોક્ષ મેળવવામાં અસંગતા આવવી ખાસ જરૂરની છે અને એ આવ્યે જ મોક્ષ થાય તેમ છે; તો પછી ગમે તેવા સંયોગો આવી પડે તો પણ નિશ્ચયમાં ફરક પડે નહીં.

(સવારના) ૬ શ્રીમદ્ રા. આ. અગાસ, સોમવાર, તા. ૧૧-૯-૧૯૪૪

પૂજ્યશ્રી–[1]આસો વદ ૧૩-૧૪-૦)) ને કારતક સુદ ૧ ચાર દિવસ રોજ ૩૬ માળા ગણવાની પ્રભુશ્રીજીએ કોઈ અંતરની પ્રેરણા થવાથી આજ્ઞા કરી છે. જેવી રીતે બાર માસનો હિસાબ આપણે એ દિવસોમાં કરવાનો હોય છે, તેવી રીતે આખી જિંદગીની આખરમાં સમાધિમરણ થવાને માટે આ માળા દર વર્ષે ગણવી. એક વખત સમાધિમરણ થાય તો તે જીવ પછી ઊંચે ચઢતો જાય છે, ત્યાર પછી નીચે આવતો નથી અને પાંચ કે દશ ભવે મોક્ષે જાય છે. જેટલા મુમુક્ષુ ભેગા થાય તેટલાએ મળીને માળા ગણવી, કોઈ ન હોય તો એકલાએ ગણવી. ૩૬ માળા ભેગી ન બને તો સવાર સાંજ મળી તેટલી માળા પૂરી કરવી. દરરોજ નિત્યનિયમની માળા છે તેમાં વધારો કરતા રહેવું.

*

પૂજ્યશ્રી–આત્મસ્વરૂપનો નિર્ણય તો યોગ્યતા આવ્યે થઈ જાય છે. જ્ઞાનીપુરુષના અવલંબનવાળા જીવને કલ્પિત પદાર્થને વિષે સત્‌ની માન્યતા થાય તેવું બનવાનો પ્રસંગ આવતો નથી. યોગ્યતા ન હોય અને ઉતાવળ કરે તે કંઈ કામ લાગતું નથી.

**“કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ.**
**દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહિ જોગ;**
**મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર રોગ.**
**આવે જ્યાં એવી દશા, સદ્‌ગુરુબોધ સુહાય;**
**તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય.**
**જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;**
**જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ.”**

સુવિચારદશા આવ્યે તેનું પરિણામ જે આવવું જોઈએ તે આવે છે. સમ્યક્ વિચારથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. રુચિ જાગ્રત થવી જોઈએ. તેમાંથી બધું થઈ રહે છે. રુચિ ઉત્પન્ન થઈ છે તે ઘણી ઉત્તમ વાત છે. કામકાજના પ્રસંગો આવી પડે ત્યારે પૂર્વકર્મ આવ્યાં છે તે લક્ષ રાખી, ખાસ વસ્તુ વિસારવા જેવી નથી.

૭ ગુરુવાર, તા. ૧૪-૯-૧૯૪૪

પૂજ્યશ્રી–વિચાર તો આવીને જતા રહે; જ્યારે વિચારદશા આવ્યે ગમે તેવા પ્રસંગોમાં પણ ઉપયોગ રહે, એકાકારપણું થાય નહીં. એટલો બન્નેમાં ફરક છે, વિચાર અને વિચારદશામાં.

---

૧. વિસ્તારથી સમાધિમરણની માળા માટે જુઓ પૃષ્ઠ નં. ૪૨૬ થી ૪૩૧

મુમુક્ષુ પ્રકરણ અને વૈરાગ્ય પ્રકરણ શ્રી રામને પરિણામ પામ્યાં ત્યારે વસિષ્ઠ ગુરુએ ઉપદેશ આપ્યો. જ્યાં સુધી તેવી યોગ્યતા ન હતી ત્યાં સુધી ઉપદેશ આપ્યો નહીં. યોગ્યતા આવ્યે સત્પુરુષને જે કહેવું છે તે સમજાય છે અને ત્યારે જ એમ થઈ જાય કે સત્પુરુષને આ જ કહેવું હતું. ગુરુના આગળ પોતાનામાં કોઈ ગુણવૃદ્ધિ થાય તો આગળ વધવા માટે જણાવવામાં દોષ નથી; માન, પૂજા અર્થે જગતમાં જણાવવામાં દોષ છે. જેવું ધ્યેય તેવું ફળ મળે છે.

મહાપુરુષોનાં જીવનચરિત્ર વાંચવામાં વાંધો નથી. ગમે તેનાં ચરિત્ર વાંચવાં નહીં. કોઈ મોટો વેપારી થઈ ગયો હોય તેનું ચરિત્ર પણ લખાય છે તે ન વાંચવું. સત્પુરુષના વચનમાં હરઘડી ચિત્ત જાય તે શ્રદ્ધા-આસ્થા છે. વૈરાગ્ય હોય તેટલું તેમ થાય છે.

૮

શુક્રવાર, તા. ૧૫-૯-૧૯૪૪

પૂજ્યશ્રી—પરમકૃપાળુદેવે આપણને મોક્ષનો માર્ગ પોતે એકલાએ અત્યંત પુરુષાર્થ કરીને પ્રગટ બતાવ્યો છે.

**“વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ;**
**વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય.”**

તેઓશ્રીએ જણાવ્યું છે કે તેવી જગ્યા ક્યાં છે કે જ્યાં જઈને રહીએ અથવા તેવા સંતો ક્યાં છે કે તે દશાનું પોષણ પામીએ? આપણે તેવી મૂંઝવણ રહી નથી. પૂ. પ્રભુશ્રીજીએ આ આશ્રમ સ્થાપ્યો છે કે જ્યાં રહીને સત્સંગ કરી શકાય અને પોતાના આત્માને નિર્મળ કરી શકાય. સત્સંગ જેવું જીવને એક્કેય બળવાન સાધન નથી. સત્સંગને માટે પ્રભુશ્રીજી કહેતા કે તે તો માના થાન (સ્તન) જેવો છે. બાળકને દૂધપાક હજમ થાય નહીં, પરંતુ માનું ધાવણ-દૂધ ઘણું માફક આવે; તે પીને બાળક ઊછરે છે, તેમ જીવને સત્સંગ કારણરૂપ છે. પૂ. પ્રભુશ્રીજી કહેતા કે સત્પુરુષનાં દર્શન માટે તથા બોધ સાંભળવા જે વખતે વિચાર કરીને ડગલું ભર્યું કે ડગલે ડગલે જગનનું ફળ થાય છે. મોટા દરવાજાની જગ્યાએ પ્રથમ નાનો ઝાંપો હતો. ત્યારે પ્રભુશ્રીજીએ વાત કરેલી કે આ જગ્યાએ હાથી જાય તેવડો દરવાજો થશે.

‘ગોમ્મટસાર’નું વાંચન થતું ત્યારે ઘરડી ડોશીઓ ન ચલાય તો પણ રાતના ચાર વાગ્યે ઊઠીને ભાવ કરીને સાંભળવા આવતી. ત્યારે મુનિશ્રી મોહનલાલજીએ પ્રભુશ્રીજીને પૂછ્યું કે આવો અઘરો કર્મગ્રંથ આ ડોશીઓ શું સમજતી હશે? ત્યારે પ્રભુશ્રીજી બોલ્યા કે ભાવ ત્યાં ભગવાન છે. જે કાનમાં પડે છે તે વખત આવ્યે ઊગી નીકળશે. [૧]‘તેને આવ્યો પ્રેમ તો મારે શો નેમ’ એમ કરી ભગવાને ભરવાડને દર્શન દીધાં, તે સમજવા જોગ વાત છે. ભાવથી બધું થાય છે.

સરોવરની નજીકમાં રહેલા માણસને ઉનાળાના તાપની વ્યાકુળતામાં ઠંડો પવન આવે તો કેટલો આનંદ થાય! અને સરોવરના ઠંડા પાણીથી નાહવાવાળાને તો કેટલો આનંદ થાય!! તેમ સત્પુરુષોનાં વચનોથી થાય છે. પરમકૃપાળુદેવનાં વચનો કેટલાં શીતળ લાગે છે! તો તેઓશ્રીનો આત્મા કેટલો શીતળ હશે!!

**“દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત.”**

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ ઉપદેશામૃત પૃષ્ઠ નં. ૨૦૭.

તેવા પુરુષનો આશ્રય કલ્યાણ કરે છે. એક વખત આત્માનો અનુભવ થઈ જાય તો પછી મોક્ષ મેળવવામાં વાર ન લાગે. તે અનુભવ મોક્ષની વાનગી આ દેહે જ માલૂમ પડે છે. ઉધારીનું કામ નથી; રોકડિયું ખાતું છે. પુરુષાર્થની ખામી છે. મહાન પુરુષોને કેટલાં દુઃખ પડ્યાં છે? આપણે તેવું કંઈ નથી. તેમણે આત્માનું કેવું સુખ દીઠું હશે કે દેહને જતો કરે છે!

**"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં,સબ આગમભેદ સુઉર બસેં,**
**વહ કેવલકો બીજ ગ્યાનિ કહે, નિજકો અનુભૌ બતલાઈ દિયે."**

દુનિયાના પદાર્થો ઉપરથી પ્રેમ ઊઠી પ્રભુ તરફ વળે, તો બધાં શાસ્ત્રોનો સાર આત્મામાં આવી જાય છે. પરંતુ તેમ થાય ત્યારે.

*

પૂજ્યશ્રી—[1]સિકંદર બાદશાહે ઘણી લડાઈઓ લડીને કેટલુંય દ્રવ્ય ઉપાર્જન કર્યું પરંતુ કંઈ સાથે ગયું નહીં. ઘણા દેશોના વૈદ્યો આવ્યા પણ બચાવી શક્યા નહીં. ત્યારે મરણ સમયે લોકોને બોધ થાય તેટલા માટે તેણે કહ્યું કે મારા હાથ ખુલ્લા રાખી ઠાઠડી આગળ દ્રવ્ય કાઢવું અને મને ઊંચકવા વૈદ્યોએ તૈયાર રહેવું કે જેથી લોકો જાણે કે સિકંદર બાદશાહ પાસે આટલું દ્રવ્ય છતાં ખાલી હાથે ગયો, આટલા વૈદ્યો હતા તેમાંથી કોઈ પણ બચાવી શક્યા નહીં. મરણ સમયે પસ્તાવો કરવો ન પડે તેમ અત્યારથી તૈયાર થઈ જવું.

નિત્યનિયમ પા કલાક દરરોજ કરે તો એક માસમાં કેટલો થાય? અને બાર મહીને કેટલો થાય? તેવી રીતે આખું જીવન સફળ થઈ જાય. તે ચૂકવા જેવું નથી. તે ચૂકવું નહીં. મનુષ્યભવમાં બધું થઈ શકે તેમ છે. આ આશ્રમમાં કૂતરાં, બિલાડાં વગેરે પણ જીવો છે, તે શું સમજે? માણસ હોય તે સમજે.

૯ તા. ૧૬-૯-૪૪

પૂજ્યશ્રી—આશ્રમમાં ટાઈમ મળે ત્યારે વાંચન રાખવું. ટાઈમ નકામો ન જવા દેવો. અન્ય વેદાંત આદિનાં પુસ્તક વાંચતાં સિદ્ધાંતમાં ફરક પડે તે માટે વિકલ્પ કરવો નહીં; ઉપદેશ માટે તથા પુરુષાર્થ જાગૃતિ માટે પુસ્તક વાંચવું.

*

(સભામંડપમાં)

પૂજ્યશ્રી—ભાવ, પરિણામ—ભાવ દૃઢ થઈ જાય ત્યારે પરિણમન થયું ગણાય છે. ઉપદેશ ભાવપૂર્વક સાંભળ્યો, પણ પરિણમન થવું જોઈએ.

૧૦ તા. ૧૭-૯-૧૯૪૪

પૂજ્યશ્રી—શાતાવેદનીય કે અશાતાવેદનીય હોય પણ આત્માના પ્રદેશોમાં કંઈ વધારો ઘટાડો થતો નથી. ફક્ત તે વખતે એમ લાગે કે સુખ થયું કે દુઃખ થયું. શાતાવેદનીયમાં સ્મરણનો અભ્યાસ એટલો દૃઢ કરી દેવો કે વેદનીય આવે કે તે જ આવીને ઊભું રહે. ઉપયોગ ફેરવતાં આવડવો જોઈએ. જો તેમ થયું તો પછી વેદનીયમાં દુઃખ લાગશે નહીં. મહાત્મા પુરુષોને ઉપસર્ગ આવે છે ત્યારે તેઓ પણ તેમ જ કરે છે. એટલે દુઃખ લાગતું નથી. આપણે પણ વિચાર કરીએ તો

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૩૫૭

સમજાય તેવું છે. કોઈ જગ્યાએથી આપણને કંઈ વાગી જાય પણ કંઈ માલૂમ પડતું નથી, પરંતુ જ્યારે લોહી નીકળેલું માલૂમ પડે અને વિચાર કરીએ ત્યારે પરાણે યાદ આવે છે કે અમુક જગ્યાએથી વાગ્યું હોવું જોઈએ. તેનું કારણ એ જ કે તે વખતે ઉપયોગ બીજી કોઈ જગ્યાએ હોવો જોઈએ. માટે શાતાવેદનીય હોય ત્યારે ચેતવા જેવું છે. આખરે તો શાતા અને અશાતા સરખાં જ છે. આ જીવે તો ઘણા ભવમાં આત્માને (પોતાને) દુઃખી કર્યો છે. માટે આ ભવમાં દેહને પ્રધાનપણું આપવા યોગ્ય નથી. રસ્તામાં જતાં કોઈને શત્રુ મળ્યો તો કંઈ તકરાર થાય નહીં, પણ સમજીને રસ્તો ઓળંગી જાય; છતાં અંતરમાંથી તો તેને શત્રુપણાના ભાવ જાય નહીં. તેમ આ દેહે આજ સુધી શત્રુનું કામ કરેલું છે, પણ સમજીને કામ ચલાવવાનું છે. અંતરમાં તો તેવો ભેદ રાખવો, તેમાં કદી એકાકાર થવું નહીં.

અશાતામાં તો મંત્ર યાદ આવે તો મંત્ર, 'હે પ્રભુ' યાદ આવે તો તે, પણ બોલ્યા કરવું; બીજું કંઈ પેસવા દેવું નહીં. પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીને હરસનું દરદ હતું અને દિશાએ જતા ત્યારે બધે લોહી લોહી છંટાઈ જતું અને ઘણા અશક્ત થઈ જતા. ત્યારે પોતે કહેતા કે સ્ત્રીને સુવાવડમાં જે દુઃખ વેદવું પડે તેવું દરરોજ વેદીએ છીએ. તો તે કેવા સમભાવથી વેદતા હતા! તેમ સહન કરવાની ટેવ પાડવા જેવી છે. થોડું દુઃખ આવે તો સહન કરી લે પણ તેથી વધારે આવ્યે વ્યાકુળ થઈ જાય; પણ તેનો અભ્યાસ કરવા જેવો છે. માનસિક દુઃખ કે શારીરિક દુઃખ હોય પણ ઉપયોગ ફેરવી લેતાં આવડતો હોય તો તેને દુઃખ માલૂમ પડે નહીં.

**૧૧** તા. ૧૮-૯-૧૯૪૪

પૂજ્યશ્રી—'ઉપદેશછાયા'માં કહ્યું છે કે માથું મૂકે તે મોક્ષ મેળવે. 'આઠદૃષ્ટિની સજ્ઝાય'માં ''ધર્મ અર્થે ઇહાં પ્રાણનેજી, છાંડે પણ નહિ ધર્મ.'' એમ કહ્યું છે. ચાર દૃષ્ટિ પરિણામ પામે ત્યારે સમ્યક્દર્શનને લાયક થવાય.

'ભાવાચારજ સેવના' પછી યોગદૃષ્ટિને યોગ્ય જીવ થાય. મહાત્મા જ્ઞાનીપુરુષોએ સંસારનું સ્વરૂપ જાણ્યું ત્યારે એક નિશ્ચય ઉપર આવ્યા કે કોઈ પણ પ્રકારે સંસારમાં સુખ નથી. પરમકૃપાળુદેવે છયે દર્શનનો નિર્ણય કરી મોક્ષમાર્ગ બતાવ્યો છે. વૈરાગ્ય આવ્યા બાદ તો એક ભવ કરવો પડે તે પણ સહન થાય નહીં. સંસારમાં રહેલો જીવ એમ જાણે કે આટલું કરી લઉં, એકાદ ભવ વધુ કરવો પડશે તો કરીશું; પણ સંસાર તો એવો છે કે આંગળી આપતાં પોંચો પકડી લે અને છૂટવા દે નહીં. જેમ માખી, કોઈએ થૂક્યું હોય તેના ઉપર બેસે અને પગ ભરાય ત્યારે જોર કરે તો વધુ લબદાય, માથું મારે તો માથું ભરાય પણ છૂટે નહીં; તેવું સંસારનું સ્વરૂપ જાણવું. સંસારમાં આસક્તિ રાખવી અને મોક્ષ મેળવવો તે બને તેવું નથી. જેમ જેમ આસક્તિ ઓછી થતી જાય તેમ તેમ જ્ઞાનીપુરુષોનું કહેવું સમજાય.

**૧૨** તા. ૨૦-૯-૧૯૪૪

પૂજ્યશ્રી—વીશ દોહરા છે તે કોઈ અલૌકિક વાત છે, તે ખરા ભાવથી દરરોજ બોલવામાં આવે તો મોહના ચૂરા કરી દે તેવા છે.

**“પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્‌ગુરુ પાય;**
**દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય?**
**અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય;**
**એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય?”**

આ કેવાં અલૌકિક વચનો છે!

*

(સભામંડપમાં)

મુમુક્ષુ–આ આત્મા સિવાય બાકીના પદાર્થો ઘર, કુટુંબ, પૈસા આદિ જે દેખાય છે તે મૂકીને જવાનું છે, એમ લાગે છે; પણ પાછું ભૂલી જવાય છે તેનું કેમ કરવું?

પૂજ્યશ્રી–જે જાણ્યું તેને દૃઢ એવી રીતે કરી દેવું કે ગમે તેવા પ્રસંગ આવી પડે તો પણ ભુલાય નહીં. વિદ્યાર્થી ભણતો હોય અને પરીક્ષા આવે ત્યારે નાપાસ થાય તો તે ભણેલું નકામું છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર ત્રણેની એકતા એ જ મોક્ષમાર્ગ છે. ઘરમાં ચોરી થાય તો તે ગયેલું પાછું મેળવવા પ્રયત્ન કરે, પણ દુઃખ તો થવું ન થવું પોતાના અંતરની વાત છે. અંતરમાં કંઈ અસર ન થાય, તો પછી દુઃખ પણ ન લાગે.

૧૩ તા. ૨૧-૯-૧૯૪૪

પૂજ્યશ્રી–પરમકૃપાળુદેવનાં એક એક વચન અલૌકિક છે. પોતે અનુભવ કર્યો તે જ બતાવ્યો છે. જેને મોક્ષ મેળવવો છે, તેનું કામ થઈ જશે. બાકી આ કાળમાં મોક્ષ નથી વગેરે વાતો કરી, પુરુષાર્થ નહીં કરે તો શું મળશે? પોતે અનુભવથી સિદ્ધ કરી આપ્યું કે તમો પુરુષાર્થ કરો તો જરૂર મોક્ષ મળશે. જેને તેનો ખપ નથી તે ગમે તે વાતો કરી અટકી રહેશે. પુણ્ય ઉપાર્જન કરી દેવલોકની આશા રાખશે તેનો મોક્ષ કેવી રીતે થશે? સંસારના પદાર્થો ઉપર જેટલું ચિત્ત ઓછું જશે તેટલું સત્પુરુષનાં વચનોમાં ચિત્ત રહેશે.

**“સરી એ બોધ પ્રવાહનીજી, એ વિણ શ્રુત થલકૂપ;**
**શ્રવણ સમીહા તે કિસીજી, શયિત સુણે જેમ ભૂપ રે.”** (ત્રીજી દૃષ્ટિ)

કૂવાની અંદર પાણીની સેર આવે તો કૂવો કામનો છે. તેમ સત્પુરુષના બોધથી સુવિચારદશા આવે તો કામનું છે. “તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય” તેની માફક છે. બોધ સાંભળે, પુસ્તક વાંચે, પણ સુવિચારદશા ન આવે તો જ્ઞાન થાય નહીં. ત્યાર પછી, “મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજાં કામ કરંત, તેમ શ્રુતધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત.” આગળ જતાં આવી રીતે જ્ઞાનીપુરુષના બોધમાં ચિત્ત વર્તે.

મનુષ્યભવ મળ્યો છે તે સંસારરૂપી સમુદ્રને કિનારે આવી ગયા જેવું છે. જો કિનારે આવેલો માણસ બહાર નીકળી જવા માટે કંઈ મહેનત ન કરે તો પછી મોજાંથી પાછો સમુદ્રમાં તણાઈ જાય; ફરી બહાર નીકળવા પામે નહીં. માટે આ મનુષ્યભવ મળેલો સાર્થક થાય તેમ પુરુષાર્થ કરવા યોગ્ય છે.

૧૪ શુક્રવાર, તા.૨૨-૯-૧૯૪૪

પૂજ્યશ્રી—કોઈ પણ પ્રકારનું સભામાં વાંચન ચાલતું હોય અને કદાચ સમજવામાં ન આવે તો પણ ભાવ ઓછો થવા દેવો નહીં, અને સાંભળ્યા કરવું. ભાવના છે તે જ્યારે ત્યારે ફળશે. પોતાને ગમતું વંચાય તે સાંભળવાનું ગમે, પણ કોઈ અઘરો વિષય ચાલતો હોય અને ન સમજાય ત્યારે એમ ન કરવું કે આ ન વંચાય તો સારું; પણ સાંભળ્યા કરવું. પોતાને ગમતું તો આજ સુધી જીવે ઘણું કર્યું, પણ કંઈ વળ્યું નહીં. છેવટે મંત્રમાં ધ્યાન રાખવું.

'સુદૃષ્ટિ તરંગિણી' ગ્રંથ છે તે કર્મગ્રંથ સમજવા માટે પ્રવેશક પુસ્તક છે. બાળકને પ્રથમ એકડા ઘૂંટવા પસંદ નથી આવતા અને પુસ્તકમાં ચિત્રો હોય તે જોવાનાં ગમે છે પણ તેથી કંઈ ફળ મળતું નથી. માટે એવા વિષય સમજવા પ્રયત્ન કરવો. તે સમજવા યોગ્ય છે.

રુચિ જો જાગ્રત થઈ જાય તો પછી આગળ બધું મળી રહે છે. જેને જેવી ભાવના તે હંમેશ ફળે છે. આત્મા જાગ્રત થઈ જાય ત્યાર પછી કર્મોનું કંઈ જોર ચાલતું નથી. એક ભવ જો તે ખાતે પૂર્ણ થાય અને સત્પુરુષના આશ્રયપૂર્વક દેહ છૂટે તો પછી કોઈ ભવમાં જીવ પાછો પડતો નથી, આગળ વધ્યે જ જાય છે અને મોક્ષે જાય છે. સત્પુરુષનું એક વચન જીવને મોક્ષે લઈ જાય તેમ છે.

[૧]શ્રેણિકરાજાનો આગલો ભવ ભીલનો હતો. તે સત્પુરુષનું ફક્ત એક વચન, કાગડાના માંસના ત્યાગથી દેવગતિમાં ગયા અને પછી શ્રેણિકરાજાના ભવમાં અનાથી મુનિના બોધથી સમ્યક્ત્વ પામ્યા અને તે જ ભવમાં મહાવીર સ્વામી પધાર્યા ત્યારે સાધુ વગેરેની વૈયાવચ્ચ કરી અને તીર્થંકર ગોત્ર બાંધ્યું. આમ સત્પુરુષના એક વચનથી પણ કેટલો લાભ થાય છે! (તે દૃષ્ટાંત વિસ્તારથી સમજાવ્યું.)

(સભામંડપમાં 'સુદૃષ્ટિ તરંગિણી'ના વાંચન પ્રસંગે) ૧૫ શનિવાર, તા. ૨૩-૯-૧૯૪૪

પૂજ્યશ્રી—લેશ્યા છ પ્રકારની છે. ૧. કૃષ્ણ ૨. નીલ ૩. કાપોત ૪. પીત ૫. પદ્મ ૬. શુક્લ. આ છ લેશ્યાઓ છે.

એક જાંબુના ઝાડ પાસે થઈને છ માણસો જતા હતા. એકે કહ્યું કે આપણે ફળ ખાવાં છે, તો ઝાડને મૂળમાંથી કાપી નાખો એટલે ફળ નીચે પડશે. બીજાએ કહ્યું કે તેમ શું કામ કરવું? તેનાં ડાળ કાપો. ત્રીજાએ કહ્યું કે એમ નહીં, નાની ડાળીઓ કાપો. ચોથાએ કહ્યું કે ઉપર ચઢીને કાચાં-પાકાં ફળ ઝૂડી પાડો. પાંચમાએ કહ્યું કે તેમ નહીં કરતાં પાકાં પાકાં ફળ તોડી લાવો. અને છઠ્ઠાએ કહ્યું કે ઝાડ પારકું છે, માટે નીચે પડેલાં લેવાં હોય તો ધણીની રજા લઈને ખાઓ. આ પ્રમાણે જેવા ભાવ તેવી લેશ્યા હોય છે.

ચોથે ગુણસ્થાનકે સમકિતી જીવને કૃષ્ણ લેશ્યા પણ હોય, તેમજ મિથ્યાદૃષ્ટિ જીવને શુક્લ લેશ્યા પણ હોય, પરંતુ બન્નેમાં ઘણો ફરક છે. સમકિતી જીવ ક્રોધાદિ કષાયમાં આવી જાય, પણ આત્માના નિર્ણયમાં ફરક પડે નહીં; કાળે કરીને મોક્ષે જાય. જ્યારે મિથ્યાદૃષ્ટિને શુક્લ લેશ્યા હોય, દેવલોકમાં જાય, પણ સંસારમાં રઝળે. કૃષ્ણ લેશ્યા અને નિર્ધ્વંસ પરિણામમાં તફાવત છે.

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૩૮૩.

સમકિતી જીવને કૃષ્ણ લેશ્યા હોય પણ નિર્ધ્વંસ પરિણામ ન હોય. ઘણું કરીને દેવ, ગુરુ, ધર્મની વિરાધનાના ભાવને નિર્ધ્વંસ પરિણામ કહ્યાં છે. તે સમકિતી જીવને ન હોય. વાદળાં આવ્યાં હોય તો અંધારું થઈ જાય છે, પણ તેને રાત્રી કહી શકાય નહીં. તે મુજબ છે.

સમકિતનું એવું માહાત્મ્ય છે કે નરકનું આયુષ્ય બાંધી દીધા પહેલાં સમકિત થયું હોય તો પછી જીવ નરકે જાય નહીં. પાંચમા ગુણસ્થાનકવાળા જીવને નરકાયુ બંધાય નહીં; તેમ જ બાંધેલું પણ હોય નહીં. છઠ્ઠા ગુણસ્થાનકવાળાને નરક તથા તિર્યંચ ગતિનો બંધ હોય નહીં.

*

પૂજ્યશ્રી—વૈરાગ્ય ત્રણ પ્રકારના છે. ૧. દુઃખગર્ભિત. ૨. મોહગર્ભિત. ૩. જ્ઞાનગર્ભિત.

૧. કોઈને પૈસા વગેરેનું દુઃખ આવી પડે અથવા કજિયા કંકાસ ઘરમાં થયા કરતા હોય તો તેને એમ થાય કે આ સંસાર ખોટો છે, તેથી ત્યાગ કરી દઉં પણ તે ખરો વૈરાગ્ય કહેવાય નહીં. તેણે તો દ્વેષબુદ્ધિથી ત્યાગ કરેલો કહેવાય.

૨. મોહગર્ભિત વૈરાગ્યવાળાને એમ થાય કે આ સંસારને છોડી દઈ સાધુજીવન નિરુપાધિપણે ગુજાર્યું હોય તો ઘણો આનંદ આવે. ગામે ગામ ફરવાનું થાય, સારું સારું ખાવાનું મળે. આવી રીતે સંસાર-ત્યાગ કરી સાધુજીવનમાં પણ મોહને વધારે.

૩. જ્ઞાનગર્ભિત વૈરાગ્ય એ જ ખરો છે. સંસારનું સ્વરૂપ, જ્ઞાનીપુરુષનો બોધ સાંભળવાથી તેને સમજાય છે અને તેમના આશ્રયપૂર્વક જે કંઈ ત્યાગ કરવામાં આવે તે જ યથાર્થ છે. પોતાની બુદ્ધિથી ગમે તેવાં વ્રત-પચખાણ કરે અથવા અસદ્‌ગુરુને આશ્રયે કરે તે તો સંસાર ઘટાડવાને બદલે વધારનાર થઈ પડે છે. માટે જ્ઞાનીપુરુષ ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખી પુરુષાર્થ કર્યા કરવો. જ્ઞાનીપુરુષ મળ્યા પછી બીજે કંઈ શોધવાનું રહેતું નથી. ફક્ત તેની આજ્ઞાનું આરાધન કરવાનું હોય છે અને જેટલું આરાધન થાય તેટલો આત્મા ઉજ્જ્વળ થઈ આગળ વધે છે પણ બીજે અહીં તહીં શોધવા જાય તો પોતાને મળેલું પણ ગુમાવી બેસે છે. મંત્રનું સ્મરણ ખૂબ રાખવું. બેસતાં-ઊઠતાં, ખાતાં-પીતાં પણ એ જ રટણ રાખવું કે મરણ સમયે તે હાજર થઈ જાય.

**"ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક."**

આટલો ભવ તો એમ કરી દેવું કે જે કૃપાળુદેવે જણાવ્યું છે, તેમાં જ મારી વૃત્તિ રહે અને તે શરણ મરણપર્યંત રહે. તેમાં જરા પણ ખામી આવવા દેવી નહીં.

પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીએ આખર વખતે વીશ દોહરા, યમનિયમ, ક્ષમાપના એ ત્રણ નિત્યનિયમ તરીકે દરરોજ ભાવપૂર્વક બોલવા જણાવ્યું છે. આટલું જો વિશ્વાસ રાખી કરવામાં આવે તો જ્ઞાન પ્રગટ થઈ જાય તેવું છે. કાંઈ શાસ્ત્રો જાણનાર પંડિતોનો મોક્ષ થાય અને અભણનો ન થાય તેવું નથી. શ્રદ્ધાપૂર્વક આજ્ઞાનું આરાધન કરવાથી બધું થાય છે.

આજ્ઞા આરાધન યોગ્ય થવા માટે સદાચરણ સેવવાની જરૂર છે. તે ન હોય તો બધું નકામા જેવું થાય છે. માટે પ્રથમ સાત વ્યસનના ત્યાગની જરૂર છે. તથા પાંચ અભક્ષ્ય ફળ અને મધ, માખણ ત્યાગવા યોગ્ય છે. એક મધના ટીપામાં એટલા બધા સૂક્ષ્મ જીવો હોય છે કે તે જીવો જો

કબૂતર જેટલા શરીરના હોય તો એક લાખ યોજન ઉપર એવી રીતે પથરાઈ જાય કે પગ મૂકવાની જગ્યા ન રહે.

**૧. જુગાર**—લોભ છે તે મહા ખરાબ છે. જો તે છૂટે તો ઘણો જ લાભ થાય તેમ છે. એકદમ પૈસાદાર થઈ જવાની કામનાએ કરી સટ્ટા, લોટરી વગેરે કરવાં નહીં.

**૨. દારૂ, ૩.માંસ**—ત્યાગવા યોગ્ય છે. [૧](માંસ ત્યાગ કરનાર ભીલને મળેલા ફળનું દૃષ્ટાંત)

**૪. ચોરી**—ચોરી કરીને પાસે પૈસા આવે તો તુરત સારું લાગે, પણ જેનું પરિણામ ખરાબ આવે તે વસ્તુ દુઃખદાયક છે; એમ સમજી કોઈને પૂછ્યા સિવાય શાક જેવી વસ્તુ પણ લેવી નહીં. લાખ રૂપિયાની કિંમતની ચીજ રસ્તામાં પડી હોય તે પણ લેવી નહીં. ''એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં.'' જેનું પરિણામ દુઃખદાયક છે તે કામ કદી કરવું નહીં, એમ કૃપાળુદેવે કહ્યું છે.

**૫. શિકાર**—કોઈ પણ જીવને ઇરાદાપૂર્વક મારવો નહીં. ઘણા માણસોને એવી ટેવ હોય છે કે માંકડ, મચ્છર, જૂ, લીખ, ચાંચડ વગેરેને ઇરાદાપૂર્વક મારી નાખે છે. પણ તેમ કરવું નહીં. ચૂલો સળગાવતાં પણ લાકડાં ખંખેરીને નાંખવાં જેથી જીવ હોય તે મરી જાય નહીં.

**૬.પરસ્ત્રીગમન અને ૭.વેશ્યાગમન**—આ વ્યસનોથી આ લોક અને પરલોક બન્ને બગડે છે માટે તેમનું સેવન કરવું નહીં. લોકોમાં પણ તે નિંદ્ય ગણાય છે માટે તેનો ત્યાગ કરવો.

બ્રહ્મચર્ય વ્રત લેવું તે ઘણું ઉત્તમ છે. તે લેતાં અગાઉ વરસ બે વરસ અખતરો કરવો અને પૂર્ણ ભરોસો પડે કે હવે પાળી શકાશે તો લેવું. વ્રત લઈને ભાંગવું નહીં, તેમાં મહાદોષ છે. વ્રત લઈને ભંગ કરવામાં, જેણે ન લીધું હોય તેના કરતાં વધુ દોષ છે. લીધા પછી સાધુના જીવન મુજબ જિંદગી સુધી ટાઈમ પસાર કરવો અને મરણ જેવો વખત આવી પડે તો તે મરણ મંજૂર કરવું, પણ વ્રત ભંગ ન થવા દેવું. ઝેર ખાઈને અથવા કટાર પેટમાં મારીને મરવું સારું, પણ વ્રતમાં આંચ આવવા દેવી નહીં. ત્યાગેલી વસ્તુ પ્રત્યે તે વિષ્ટા સમાન છે તેવો તુચ્છ ભાવ રાખવો. તેનું કંઈ માહાત્મ્ય નથી.

પંચેન્દ્રિયના વિષયો છે તે આ જીવનું ભૂંડું કરનાર છે, માટે તેને આધીન ન થવું. જે ઇન્દ્રિયો વડે દેખાય છે, સંભળાય છે તેને માનવા લાગ્યો; પણ જે અંદર જોનાર-સાંભળનાર બેઠો છે તેને વિસારી દીધો છે. વર વગરની જાન જેવું કર્યું છે. પંચેન્દ્રિયના વિષયોનું સુખ તો ઇંદ્ર પણ ભોગવે છે અને એક ભૂંડ પણ તેવું જ માનીને વિષયોમાં આસક્ત રહે છે. એ રીતે તો બન્ને સરખા જ છે, પણ આ મનુષ્યભવ પામીને જો આત્મકલ્યાણ થાય તો જ સાર્થકતા છે.

૧૬ સોમવાર, તા.૨૫-૯-૧૯૪૪

પૂજ્યશ્રી—પોતાના દોષ હોય તે જોઈને કાઢવાના છે. એમ જ કરવાનું છે. પરમકૃપાળુદેવનાં વચનો છે તે લબ્ધિવાક્યો છે. જેવી જેની પાત્રતા તે પ્રમાણે તેને તેમાંથી બધું મળી રહે તેવાં તે વચનો છે. જેને આગળ વધવું છે તેને માર્ગદર્શક છે, મૂંઝવણ ટાળનાર છે. જેને વખત જ પસાર

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૩૮૩.

કરવાનો ધ્યેય છે તે ભલે તેમ કરે, તેને તેટલું ફળ મળે. કર્મબંધ ન થાય તેને માટે વિચાર કરવાનો છે અને તે જ પુરુષાર્થ કરવાનો છે. રાગદ્વેષથી કર્મ બંધાય છે. સત્પુરુષની ભક્તિ, સત્સંગનું સેવન કરવું તે રાગદ્વેષ ન થવાનું કારણ છે. સંસારના પદાર્થો ઉપર જે મન દોડે છે, તે અટકાવી તેમાં એટલે સત્સંગમાં જોડવું તે પુરુષાર્થ જ છે. મનને ભટકવા ન દેવું. જેમ સત્પુરુષો રાગદ્વેષથી મુક્ત થયા તેમ આપણે પણ કરવાનું છે. માટે તેમની અંતરચર્યા જાણવા પ્રયત્ન કરવો. તે પુરુષો ગમે તેવા સંયોગોમાં આવી પડે તો પણ આત્મામાં સ્થિર રહી શકતા. થાંભલો હોય તે સ્થિર રહે, તેને પવન વગેરે કંઈ પણ અસર કરે નહીં; તેમ જ્ઞાનીપુરુષોની સ્થિતિ સમજવી.

**"દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત."**

**"સકળ જગત તે એઠવત્, અથવા સ્વપ્ન સમાન;**
**તે કહીએ જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન."**

"અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ." (૨૫૫) આવા પુરુષો જ જગતનું કલ્યાણ કરી શકે. કેવી અદ્ભુત દશા છે! પુરુષાર્થ તો કર્યા જ કરવો.

નદીમાં પથ્થર હોય છે, તે પાણીના વહેણને લઈને પાણીમાં ધાર નહીં હોવા છતાં ઘસાઈ જાય છે; તો આ તો સત્ય વસ્તુ છે, તેનું ફળ જરૂર આવશે. જેને આત્માની દયા જાગી છે તેનું જરૂર કલ્યાણ થશે. આત્માની દયામાં બધાં વ્રત-પચખાણ સમાય છે. કૃપાળુદેવે કહ્યું છે કે શાંતિનાથ ભગવાન થઈ ગયા તે આત્માની કરુણા-દયાથી સિદ્ધપદને પામ્યા.

**"શાંતિનાથ ભગવાન પ્રસિદ્ધ, રાજચંદ્ર કરુણાએ સિદ્ધ."** (મોક્ષમાળા-૨)

*

પૂજ્યશ્રી—[૧]પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીએ દિવાળી ઉપર ચાર દિવસ માળા ગણવાની આજ્ઞા કરી છે. તેમ કરવાથી સમાધિમરણ જરૂર થાય તેમ છે. આ એક સમાધિમરણ થવાને માટે વ્રત છે. જેમ કોઢ દૂર કરવા માટે શ્રીપાળ રાજાએ આંબેલનું વ્રત કર્યું હતું, તેમ કોઈ મહાત્મા પુરુષ હોય અને આશીર્વાદ આપે કે જા, અમુક પ્રકારે વ્રત કરજે તેનું ફળ અમુક મળશે. અને તે જેમ મળે છે તેમ સમાધિમરણ થવાને માટે પ્રભુશ્રીજીએ વ્રતરૂપે માળા ગણવા આજ્ઞા કરી છે, તે બધાં મુમુક્ષુઓએ ભેગા મળીને જરૂર ગણવી. કોઈ ન હોય તો એકલાએ પણ ગણવી.

માળાઓનો ક્રમ: ૩ માળા સહજાત્મસ્વરૂપ પરમગુરુની, ૩ માળા પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ, ૧૬ માળા પણ એ જ ગણવી. ૯ માળા પણ પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવની ગણવી, ૫ માળા આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે.

કેવી ભાવનાથી ફેરવવી તેની વિધિ: ૧ ક્ષાયક સમ્યક્ત્વ થવાને માટે, ૧ કેવળજ્ઞાન થવા માટે, ૧ યથાખ્યાત ચારિત્ર થવા માટે એમ ત્રણ માળા સહજાત્મસ્વરૂપ પરમગુરુની ગણવી. ૩ માળા મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, સમકિત મોહનીયના ક્ષય માટે પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવની ગણવી. ૪ માળા અનંતાનુબંધી કષાય ક્રોધ, માન, માયા, લોભ ક્ષય કરવા; ૪ માળા અપ્રત્યાખ્યાની કષાય ક્રોધ, માન, માયા, લોભ જવા માટે; ૪ માળા પ્રત્યાખ્યાની કષાય ક્રોધ, માન, માયા, લોભ જવા

૧. વિસ્તારથી સમાધિમરણની માળા માટે જુઓ પૃષ્ઠ નં. ૪૨૬ થી ૪૩૧

માટે; ૪ માળા સંજ્વલન કષાય ક્રોધ, માન, માયા, લોભ જવા માટે એમ ૧૬ કષાય જવા માટે ફેરવવી. ૯ માળા નોકષાય હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંચ્છા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદના ક્ષય માટે ફેરવવી. જ્ઞાનાવરણીયના ક્ષય માટે (૧) મતિ જ્ઞાનાવરણીય, (૨) શ્રુત- જ્ઞાનાવરણીય, (૩) અવધિ જ્ઞાનાવરણીય, (૪) મનઃપર્યવ જ્ઞાનાવરણીય, (૫) કેવલ જ્ઞાનાવરણીય જવા માટે ૫ માળા આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે. આ પ્રમાણે કુલ ૩૬ માળા ફેરવવી.

માળા ગણતાં પહેલાં ઉપર પ્રમાણે ભાવના કરવી. મન જો સ્થિર રહે તો સારું છે, પણ તેમ ન થાય તો ઉપર પ્રમાણે ભાવનામાં રોકવું; પણ બહાર જવા દેવું નહીં.

*

પૂજ્યશ્રી—ભક્તિ તથા વાંચન ધીમેથી કરવા, જેથી કરીને વિચાર જાગે. એકદમ બોલી જવું નહીં. જેમકે ‘‘તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં.’’ સભામંડપમાં વીશ દોહરા વગેરે મુમુક્ષુઓ બોલીને પ્રભુશ્રીજી પાસે આવતા ત્યારે પ્રભુશ્રીજી ફરીથી બોલવાનું જણાવતા અને કહેતા કે તે જેટલી વખત વધુ બોલાય તેટલો વિશેષ લાભ થાય તેમ છે. એક વખત બોલ્યા પછી એમ ન કરવું કે ફરી ફરી બોલવાથી શું લાભ થાય? તે તો જેટલું બોલીએ તેટલું ઓછું છે.

૧૭ બુધવાર, તા.૨૭-૯-૧૯૪૪

પૂજ્યશ્રી—સત્ય બોલવાની ટેવ પાડવી. સત્ય બોલવું હોય તેણે કામ સિવાય બોલ બોલ કરવું નહીં, મૌન સેવવું. જેણે સત્ય બોલવું હોય તેણે (ચારે પ્રકારની) વિકથાનો ત્યાગ કરવો અથવા તેવી વાતોમાં અનુમોદન આપવું નહીં. તેમ કરવાથી જૂઠું બોલવાનો પ્રસંગ આવે છે.

સંતોષ એ ઘણી ઉત્તમ વસ્તુ છે. સંતોષી માણસ સાચું બોલી શકે છે. જેમ આકાશનો પાર નથી તેમ સંતોષી માણસની મહત્તાનો પાર નથી. [1]વસુરાજા અસત્ય બોલ્યો તેથી તેને નરકે જવું પડયું.

એક પંડિત પોતે સત્ય બોલનાર છે, તેવો ઢોંગ કરી લોકોમાં ખ્યાતિ પામ્યો. તેથી થાપણો લોકો તેને ત્યાં મૂકતા, તે હજમ કરી જતો. એક વખતે સમુદ્રદત્ત નામે વેપારી પાંચ રત્નો તેને ત્યાં મૂકી પરદેશ વેપાર કરવા ગયો. પછી પાછા આવી તે રત્નોની માગણી કરી, ત્યારે પંડિતે નોકરો પાસે ધક્કા મરાવી કાઢી મૂક્યો અને કહેવા લાગ્યો કે આવા ગાંડા માણસની પાસે રત્નો ક્યાંથી હોય કે અહીં મૂકવા આવે? એટલે બિચારો તે વેપારી મુશીબતમાં આવી પડવાથી ગાંડા જેવો થઈ બધે ફરતાં ફરતાં બોલવા લાગ્યો કે મારા રત્નો પંડિતે હજમ કર્યાં છે.તે વાત રાણીના સાંભળવામાં આવી, એટલે તેને આશ્વાસન આપ્યું કે જો તારાં રત્ન તેની પાસે હશે તો પાછાં અપાવીશ.

પછી પંડિતને બોલાવી યુક્તિ કરી. ચોપાટ રમવા તે પંડિતને બેસાડ્યો અને જનોઈ તથા વીંટી તેની જીતી લીધી. પછી તે રાણીએ બન્ને ચીજો દાસીને આપીને કહ્યું કે પંડિતને ત્યાં જઈ એમ કહેજે કે આ જનોઈ તથા વીંટી છે તે પંડિતે નિશાની તરીકે આપ્યાં છે અને પેલાં પાંચ રત્નો છે તે મંગાવ્યાં છે. પછી દાસીએ લાવેલ પાંચ રત્નો લઈ રાણી રાજા પાસે આવી. રાજાએ તે રત્નો બીજાં રત્નોમાં ભેળવી તે વેપારીને બોલાવી પોતાનાં રત્નો ઓળખી લઈ લેવા કહ્યું. તે મુજબ તેણે ઓળખી પોતાનાં રત્નો લઈ લીધાં. પછી રાજાએ પંડિતને સજા તરીકે જણાવ્યું કે તેની મિલ્કત જપ્ત કરી હદ બહાર

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પ્રવેશિકા શિક્ષાપાઠ ૩૧ થી ૩૭.

કરવો અથવા પહેલવાન બત્રીસ મૂઠીઓ મારે તે સહન કરવી અથવા ત્રણ થાળી છાણ ખાઈ જવું. પંડિતે છાણ ખાવાનું કબૂલ કર્યું, પણ ખાઈ શક્યો નહીં; એટલે મૂઠ્ઠીઓ ખાવાનું કબૂલ કર્યું. પહેલવાને પંદર મૂઠ્ઠીઓ મારતાં પંડિત મરણ પામ્યો. જૂઠું બોલવાનું પરિણામ આવું આવે છે.

૧૮ ગુરુવાર, તા.૨૮-૯-૧૯૪૪

પૂજ્યશ્રી—સમકિત થયું હોય તે જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમ પ્રમાણે જીવને માલૂમ પડે છે. તિર્યંચમાં સમકિત હોય છે; તે નામ ન જાણે, પણ તેને તેવા ભાવ વર્તતા હોય છે. તે સમકિત જાણવા માટે જ્ઞાનીપુરુષોએ ઘણા પ્રકાર બતાવ્યા છે, તે પ્રમાણે પોતાના ભાવ તપાસવા. જો તેમના કહ્યા પ્રમાણે ગુણો પ્રાપ્ત થયા હોય અને તેવા ભાવ વર્તતા હોય તેવો તાળો મળે તો ખાતરી થાય તેમ છે. જેમ કે સમ્યક્‌દશાનાં પાંચ લક્ષણો બતાવ્યાં છે, તે પોતાનામાં છે કે નહીં? તે તપાસે તો જણાય તેમ છે. 'ગોમ્મટસાર'નું વાંચન થતું ત્યારે આપણને તો કોઈ બાબત આવે ત્યારે સાધારણ લાગે, પણ પ્રભુશ્રીજી સૂતા હોય તે બેઠા થઈ જાય અને ફરીથી વંચાવે. આવી વાત અનુભવની છે. જેમ પોતાને લાગતું હોય તેવું શાસ્ત્રમાં આવે ત્યારે રોમાંચ થઈ જાય અને એમ પ્રતીત થાય કે આ તો મારી વાત છે. જેમ કોઈ સ્ત્રીને પુત્ર બહાર ગયો હોય, નિશાળે ગયો હોય તો પણ તેમાં જ ચિત્ત વારંવાર જાય છે; તેમ સમકિતનું પણ છે. પોતાના આગળના ભાવો હતા તેમાં ફરક પડે, તે માલૂમ કેમ ન પડે?

**"બાલ ધૂલિ ઘર લીલા સરખી, ભવ ચેષ્ટા ઇહાં ભાસે રે."** (પાંચમી દૃષ્ટિ)

આ પ્રમાણે તેને સંસાર પ્રત્યે ભાવ વર્તે છે. શ્રદ્ધા એ તો મહાન વસ્તુ છે. જ્ઞાનીપુરુષ પ્રત્યે એવી શ્રદ્ધા હોવી જોઈએ કે તેઓ દિવસ હોય અને કહે કે રાત્રી છે, તો તે માન્ય કરે; કોઈ જાતની શંકા રાખે નહીં. આવી શ્રદ્ધા જે કામ કરે તેવી બીજી કોઈ વસ્તુ કામ કરે તેમ નથી.

જ્યારે આત્મા જાગૃત થઈ જાય અને પોતાના આત્માનું જ કલ્યાણ કરવું છે તેવો અંતરનો નિશ્ચય થઈ જાય, બળ વીર્ય સ્ફુરે, કર્મનું જોર કાંઈ ચાલે નહીં અને ત્યારે જ જ્ઞાનીપુરુષોને જે કહેવું છે તે સમજાય તેમ છે. નહીં તો આ કાને સાંભળ્યું અને બીજા કાને થઈ ચાલ્યું જાય. તેથી શું લાભ થાય? માટે રુચિ જાગૃત કરવાની પ્રથમ જરૂર છે. પછી તો તેને જ્ઞાનીપુરુષો આગળ વધવા માટે જે ઉપાય બતાવે અને પ્રતીતિમાં આવે તેમ આત્મા બળવાન થઈ આગળ વધ્યે જ જાય છે. પછી પ્રમાદનું પણ કંઈ જોર ચાલતું નથી. પરમકૃપાળુદેવ સૂતા હોય ત્યારે પણ કંઈ ને કંઈ બોલતા જ હોય. શરીરને તો જ્યારે ચાલે નહીં ત્યારે જ આરામ આપવો. બાકીના વખતમાં પુરુષાર્થ કર્યા જ કરવો. ઊંઘ ન આવતી હોય ત્યારે પરાણે લાવવાની કોશિશ નહીં કરતાં સવળી સમજ કરી લેવી કે સારું થયું, ઊંઘ નથી આવતી તો પુરુષાર્થ કરાય છે; તેમ લક્ષ રાખવો. દેહ હોય તેની આખરની પળ પણ ઉપયોગમાં લેવી હોય તો પણ લઈ શકાય છે. સારું શરીર હોય ત્યારે સ્મરણનો એટલો બધો અભ્યાસ કરી દેવો કે મરણ પ્રસંગે આવીને કામ કરે. ખોટાં કર્મોનું ફળ આવીને ઊભું રહે છે, તો આ તો સત્ય વસ્તુ છે તે કેમ નહીં હાજર થાય? આ જીવ એટલો બધો મોહાધીન છે કે ટાઈમની કિંમત જરા પણ નથી. જો વિચાર કરે તો એક પળ અમૂલ્ય ચિંતામણિ કરતાં વિશેષ મૂલ્યવાન છે.

*

પૂજ્યશ્રી—શરીર પ્રકૃતિ નરમ રહેતી હોય ત્યારે તેમાં એકાકાર વૃત્તિ થવા દેવી નહીં. તાવ આવ્યો હોય ત્યારે આપણે તો એવો વિચાર રાખવો કે દેહ ગરમ થયો છે, તે તાવ ગયે ઠંડો થઈ જશે. ફક્ત જોનાર તરીકે રહેવું, જેથી સમતા રહે. મરણ આવે તો પણ આત્મા ક્યાં મરે છે? તે તો ત્રણે કાળ નિત્ય છે. મારું માન્યું કે દુઃખ આવ્યું જ સમજવું. માટે મારાપણું કાઢી નાખવું. જે થાય તે દેહને થાય છે તેમ જોયા કરવું. જેમ કપડું જૂનું થયે કાઢી નાખીએ છીએ, તેમ મરણ થયે બીજો દેહ મળે છે; કંઈ આત્મા મરતો નથી. રોગ આવ્યે દવા વગેરે કરવી પડે તો કરવી, પણ લક્ષ ચૂકવો નહીં. સુંદરદાસે પણ કહ્યું છે કે—

**"સુંદર ચિંતા મત કર, તૂં કર બ્રહ્મ વિચાર;**
**શરીર સોંપ પ્રારબ્ધકૂં, જ્યોં લોહા કૂટે લુહાર."**

પ્રારબ્ધને બધું સોંપી દઈ પુરુષાર્થ કર્યા કરવો. જે થાય તે ઠીક થાય છે, સારાને માટે થાય છે, એવી સવળી સમજણ કરતાં શીખવું; જેથી દુઃખ માલૂમ પડશે નહીં.

[૧]નેમિનાથ ભગવાન પાસે જઈ ગજસુકુમારે કહ્યું કે મને મોક્ષ આ ભવે મળે તેવું બતાવો, ત્યારે પ્રભુએ જણાવ્યું કે સ્મશાનમાં જઈ કાઉસગ્ગ કરો. તે પ્રમાણે તેમણે કર્યું. તેથી ગજસુકુમારના સસરાને ક્રોધ આવવાથી તેણે ચીકણી માટીની માથા ઉપર પાળ કરી ધગધગતા અંગારા ભર્યા. ત્યારે તેમણે ક્રોધ જરા પણ કર્યો નહીં અને સવળા વિચારે ચઢ્યા કે જો હું તેની દીકરીની સાથે પરણ્યો હોત તો કપડાની પાઘડી બંધાવત, તો તે ફાટી જાત અને સંસાર પરિભ્રમણ કરવું પડત; પણ ઘણું સારું થયું કે એણે મોક્ષરૂપી પાઘડી બંધાવી. આવી રીતે ચિંતવન કરતાં કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.

આ જીવની બુદ્ધિ સંસારમાંથી સુખ મેળવવાની છે, તો પણ સુખને બદલે દુઃખ આવીને ઊભું રહે છે. સંસારરૂપી સમુદ્ર છે. સમુદ્રનું પાણી પીવા ઇચ્છે તો તરસ તો મટે નહીં અને ઊલટું મોઢું ફાટી જાય તેમ થાય છે.

સંસારમાં સુખ મેળવવા જતાં દુઃખ જ પ્રાપ્ત થાય છે. થોડું પણ જો પાપ થાય તો કેટલા ભવ કરવા પડે છે! સમરાદિત્યકેવળીના રાસમાં સંસારનું સ્વરૂપ કેવું વૈરાગ્ય પમાડે તેવું છે! એક ગધેડાને દુઃખી કરવાથી તથા જાતિમદ કરવાથી તેના ફળમાં કેવા હલકા અવતાર કરવા પડ્યા છે! કૂતરાનો, ગધેડાનો, ચમારનો વગેરે ભવો કરી કેટલું દુઃખ વેઠ્યું? તે ભવ્ય જીવ હોવા છતાં પણ આવું પાપ કરવાથી કેટલા ભવ દુઃખી થયો! માટે તે ખ્યાલ રાખવો. તેવી કથાઓ સાંભળતાં વૈરાગ્ય થાય તેમ છે. તે બીજાની વાત થાય છે, તેવો લક્ષ ન રાખતાં પોતા સબંધી વિચાર કરવા યોગ્ય છે કે જરા પણ બીજા જીવને દુઃખ થાય તેમ ન કરવું; નહીં તો આપણે પણ તેવું જ ફળ પામીએ. દુઃખ આવી પડે ત્યારે જીવ વિચારે કે આ ન હોય તો સારું, તેના કરતાં પ્રથમથી જ વિચાર કરી પ્રવર્તવું સારું છે.

આગળના વખતમાં મુનિઓ શરીરને કષ્ટ આપી તપશ્ચર્યા કરતા. તાપમાં કાઉસ્સગ્ગ કરે, ઠંડીના વખતે ઉઘાડા શરીરે કાઉસ્સગ્ગ કરે, તે એટલા માટે કે મરણ પ્રસંગે જે વેદના આવે ત્યારે સમભાવ રહે. સહન કરવાનો પ્રથમથી જ અભ્યાસ પાડ્યો હોય તો ગમે તેવા દુઃખમાં પણ

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા શિક્ષાપાઠ ૪૩.

સહનશીલતા રહે. જો તેવો અભ્યાસ ન પાડ્યો હોય તો તેવા પ્રસંગ આવ્યે બધું ભૂલી જવાય.

અંબાલાલ કરીને એક મારવાડી મુમુક્ષુ હતા. તેમના અંત સમયે બીજા બધા મુમુક્ષુ ભક્તિ વગેરે કરતા હતા. ત્યારે તેમને મૂંઝવણ થતી હોવાથી ભક્તિ ન કરવા જણાવ્યું. પરંતુ બીજા મુમુક્ષુએ જણાવ્યું કે તમો પ્રથમ કહેતા હતા કે મને સમાધિમરણ કરાવજો. તે વાત શું તમો ભૂલી ગયા? ત્યારે તેમને ખ્યાલ આવી ગયો અને તેમણે ભક્તિમાં તથા સ્મરણમાં ચિત્ત રાખી દેહ છોડ્યો. માટે સ્મરણનો અભ્યાસ દૃઢ કરી દેવો.

આ જીવને સંસાર પ્રત્યે પ્રેમ હોવાથી કંઈ દુઃખ લાગતું જ નથી. મોહને લઈને એટલો બધો ઘેરાઈ ગયો છે કે પોતાના આત્માને તારવાનો વિચાર જ આવતો નથી. સંસારરૂપી સમુદ્રમાં ડૂબકાં ખાયા જ કરે છે પણ જો કોઈ તેને કાઢનાર મળે અને પોતે કંઈ બળ કરે તો કિનારે ચઢી ગયા પછી ડૂબવાનો ભય રહે નહીં. તેવી રીતે આ મનુષ્યભવમાં જ્ઞાનીપુરુષના યોગે જીવ પુરુષાર્થ કરે તો સંસારમાં ડૂબકાં ખાતો બચી જાય, સંસારમાં ડૂબે નહીં. પર વસ્તુ ઉપર આ જીવને મોહ થાય છે પણ તે દુઃખદાયક જ છે. જ્ઞાનીપુરુષોએ તો એક આત્મા સિવાય બધું પુદ્ગલ જ જોયું. આજે રત્ન દેખાતું હોય પણ પછી તે વિષ્ટારૂપ થઈ જાય. શરીરનો ફોટો લીધો હોય તે સારો દેખાય, પણ ઍક્સરેથી લીધો હોય તો હાડકાં જ દેખાય અને તેમાં મોહ થાય નહીં; તેમ જ્ઞાનીપુરુષોની દૃષ્ટિ હોય છે. તેથી તેમને મોહ થતો જ નથી કારણ કે તેમણે વસ્તુનું મૂળ સ્વરૂપ યથાતથ્ય દીઠું છે.

મરણ ક્યારે આવશે તેનું શું પ્રમાણ? ચાલતાં અથવા થૂંકવા જતાં ઠોકર વાગે અને મરણ થઈ જાય. માટે ગફલતમાં રહેવું નહીં. પચખાણ લીધું હોય તો મરણ આવ્યે પણ ભંગ થવા દેવું નહીં. રાત્રે પાણી ન પીવાનો નિયમ કર્યો હોય અને વેદના ગમે તેવી થાય તો પણ પાણી પીવું નહીં. ગજસુકુમારને કેટલી વેદના થઈ હતી? તેટલું દુઃખ તો નથી?

[૧]એક શિયાળ હતું. તેણે મુનિનો ઉપદેશ સાંભળી રાત્રિભોજનનો તથા પાણીનો ત્યાગ કર્યો. એક વખતે સાંજનો વખત થતાં તે પાણી પીવા એક વાવમાં ઊતર્યું. અંદર જતાં અંધારું જોયું. તેથી દિવસ આથમી ગયો એમ જાણી બહાર આવ્યું અને જુએ છે તો થોડો દિવસ બાકી હતો. ફરી પાછું વાવમાં ગયું ત્યારે અગાઉ કરતાં વધારે અંધારું જોયું. ફરી પાછું બહાર નિકળ્યું. એમ બે ત્રણ વાર કરતાં દિવસ આથમી ગયો, એટલે પાણી પીધું નહીં. તેથી તે મરણ પામ્યું, પરંતુ આટલું વ્રત પૂર્ણ રીતે પાળ્યું તો શિયાળના દેહને છોડી તે મનુષ્યભવ પામી પ્રીતિંકર શેઠ થઈ દીક્ષા લઈ મોક્ષે ગયા.

## ૧૯

શુક્રવાર, તા. ૨૯-૯-૧૯૪૪

પૂજ્યશ્રી—અહંભાવ મટે તો પછી આત્મા પ્રાપ્ત થાય. 'આપ મૂઆ ફિર ડૂબ ગઈ દુનિયા.' અહંભાવ મટ્યા પછી તેને સંસાર છૂટી જાય છે. પોતાને તેવી સમજણ આવી ગઈ તો પછી સંસારના પદાર્થો કલ્પના માત્ર જ લાગે. પોતાની કલ્પનાથી જ સંસાર પરંપરા ચાલ્યા કરે છે.

**"ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;**
**અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર."** (૯૫૪)

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પ્રવેશિકા શિક્ષાપાઠ ૪૪ થી ૪૬

મોહાધીન આ જીવ સંસારના પદાર્થોને પોતાની કલ્પના પ્રમાણે સાચા માનીને તેમાં એકાકાર થઈ જઈ ફરી નવો સંસાર વધારે છે. પરંતુ જો અંતર્વૃત્તિ થઈ જાય તો સંસારનો ક્ષય થતાં વાર ન લાગે. સંસાર તો જેમ છે તેમ જ રહેવાનો છે, પણ પોતે સમજી ગયો તો મુક્ત થતાં વાર લાગે નહીં. બીજ વગર થયેલા વૃક્ષની માફક કલ્પનાથી સંસાર ઉત્પન્ન થાય છે.

''સર્વ જીવ છે સિદ્ધ સમ'' જીવ માત્ર એક જ જાતિના છે, પરંતુ કર્મને આધીન હોવાથી જુદા જુદા પ્રકાર માલૂમ પડે છે. જેમ ગાડીમાંથી ઊતરેલા મુસાફરો જુદી જુદી જગ્યાએ પોત-પોતાનાં સગાવહાલાંને ત્યાં જાય છે, તેમ જીવમાત્ર કરેલાં કર્મ પ્રમાણે તેવી જગ્યાએ જાય છે. ''તે તે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્ય સ્વભાવ'' પણ જેમ સાધુપુરુષો કોઈને ત્યાં નહીં જતાં ધર્મશાળામાં ઉતારો કરે છે, તેવી રીતે મુક્ત આત્માઓ બીજી કોઈ યોનિમાં નહીં જતાં સિદ્ધપદને પામે છે.

મહાત્મા પુરુષોને તો સત્સંગ, સત્પુરુષો જ પ્રિય હોય છે. પરમકૃપાળુદેવ પોતાને જાતિસ્મરણજ્ઞાન થવાથી પાછળના ભવમાં સેવેલો સત્સંગ, સત્પુરુષોનો થયેલો યોગ સ્મૃતિમાં લાવતા હતા અને પોતાના દેહનું ભાન પણ ભૂલી જતા. ''અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ.'' (૨૫૫) આવી તેમની દશા હતી. સંસાર કલ્પના માત્ર જ તેમને જણાતો.

આ દેહની ઉપર શું મમત્વ કરવાનું છે? તેમાંથી આત્મા ચાલ્યો જાય ત્યારે દેહને જ્યાં બાળવામાં આવ્યો હોય ત્યાં પછી લોકો દિશાએ જાય અને ગધેડાં ઘાસ ઊગ્યું હોય તો ચરવા ઉપર ફરે. જ્ઞાનીપુરુષોએ આ જીવને સમજાવવા ઘણા ઘણા પ્રકારે ઉપદેશ કર્યો છે, પણ મોહરૂપી દારૂ પીધેલા જીવને ક્યાંથી સમજાય? ગમે તેવો ડાહ્યો માણસ હોય અને દારૂ પીવે તો તુરત ગાંડા જેવો થઈ જાય છે, તેમ મોહને વશ આ જીવની સ્થિતિ છે.

*

પૂજ્યશ્રી—'બ્રહ્મચર્ય' આત્મજ્ઞાન મેળવવા માટે ઘણી ઉપયોગી વસ્તુ છે.

**''પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;**
**પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.''**

પાત્ર થવા માટે બ્રહ્મચર્યની ખાસ જરૂર છે. બ્રહ્મચર્ય એટલે આત્મામાં રમણતા થવી તે. બ્રહ્મચર્ય દશ પ્રકારે તથા પાંચ ભાવનાએ કરીને સુરક્ષિત રહી શકે છે. તેનું યથાર્થ રીતે પાલન કરવા ઇચ્છનારે સ્ત્રીઓનો સહવાસ ન રાખવો. તે બેઠી હોય તે જગ્યાએ તે ગયા પછી બે ઘડી સુધીમાં બેસવું નહીં. તેમને સત્કાર આપવો નહીં, રૂપ નિરીક્ષણ કરવું નહીં તથા સ્પર્શ કરવો નહીં. મોટી ઉંમરની, સમાન વયની તથા નાની વયની સ્ત્રીઓ પ્રત્યે માતૃભાવ, ભગિનીભાવ તથા પુત્રીભાવની દૃષ્ટિથી જોવું. તિર્યંચ, નપુંસક તથા ચિત્રો જોવાથી વિકાર થાય છે, માટે તેનો ત્યાગ કરવો. વીર્ય સ્ખલન થવા દેવું નહીં. યુવાનવયના માણસો કે જે કામ-વિકારની વાર્તા કરતા હોય તેથી દૂર રહેવું અને વૃદ્ધ કે જેના સહવાસથી જ્ઞાનવાર્તા થાય તથા વૃદ્ધાવસ્થાનાં દુઃખ જોવા મળે, તેથી વૈરાગ્યનું કારણ થાય છે, તેટલા માટે તેમનો સહવાસ રાખવો. સ્ત્રી હોય તે રૂમમાં સૂવું નહીં. ગરિષ્ઠ ભોજન કરવું નહીં.

કામ છે તે કલ્પનારૂપી ઈંડામાંથી ઉત્પન્ન થતા સર્પ સમાન, રતિરૂપ મુખવાળો, હર્ષશોકરૂપ બે જીભવાળો, અજ્ઞાનરૂપ દરમાં (બિલમાં) રહેનાર, કામજ્વરરૂપી ઝેરી દાહથી દેહ-કાંચળીના ત્યાગરૂપ મરણ નીપજાવનાર છે. વિકારો ઉત્પન્ન થતા પહેલાં જ દાબી દેવા, તેમજ તેવાં નિમિત્તોથી દૂર રહેવું તે ઉત્તમ સાધન છે. તે ઉત્પન્ન થયા બાદ ઠંડા ઉપચારથી કે સ્નાનવિલેપનથી શાંત થતો નથી. તેને શાંત કરવામાં બાહ્ય ઉપચારો કામ લાગતા નથી. તે તો મન ઉપર જ આધાર રાખે છે. માટે મન ઉપર કાબૂ રાખતાં શીખવું.

કામી પુરુષ લજ્જાહીન હોય છે. તેવા પુરુષ વિકારવશ પોતાની કીર્તિ, યશ, જ્ઞાન, ધ્યાનનો નાશ કરે છે. કોઈ પ્રકારનું ભાન તેને રહેતું નથી અને તેનું ફળ મળે ત્યારે પસ્તાવો કરે છે. કામ વ્યાપેલા પુરુષનું શરીર ધ્રૂજે છે, શ્વાસોશ્વાસ જોરથી ચાલે છે, જ્વર આવે છે અને મરણ પણ પામે છે.

૨૦ તા. ૩૦-૯-૧૯૪૪

પૂજ્યશ્રી—સ્ત્રીઓ ઉપર કોઈ પણ પ્રકારે વિશ્વાસ કરવા યોગ્ય નથી.

એક રાજાને તેની રાણી ઉપર ઘણો મોહ હતો. એક વખતે નદીએ જઈ હોડીમાં બેસી બન્ને જણ સહેલ કરવા ગયાં. ત્યાં રાણીએ એક પાંગળા માણસને ઘણી સારી રીતે ગાયન કરતાં જોયો. તે સાંભળીને રાણી તેના ઉપર મોહિત થઈ ગઈ, અને રાજાને ધક્કો મારી નદીમાં પાડી નાખ્યો. ભાગ્ય યોગે રાજા આગળ તણાઈ જતાં તે તણાતો તણાતો બહાર નીકળવા પામ્યો, અને તે બીજા દેશમાં પુણ્ય યોગે રાજ્ય પામ્યો. હવે તે રાણી પાંગળા માણસને ટોપલામાં બેસાડી પોતાને માથે લઈને બધે ફરે છે, અને ગાયન ગાઈ ભીખ માગી દિવસો પસાર કરે છે. લોકોને પોતાનું સતીપણું બતાવવા એવી રીતે કહે છે કે મારો ધણી અપંગ છે એટલે હું તેને લઈને ફરું છું, અને જીવન ગુજારું છું. ફરતાં ફરતાં તે પોતાના મૂળ ધણીના રાજ્યમાં આવી ચઢ્યાં. રાજાને તેવો પ્રકાર બનેલો હોવાથી કોઈ સ્ત્રીનું મોઢું જોતો નહીં. તેથી પડદો નાખી ગાયન કરવા કહ્યું. ગાયન સાંભળતાં તેણે સ્ત્રીને ઓળખી લીધી. પડદો ખોલી નાખ્યો એટલે બધી બાબત ખુલ્લી થઈ ગઈ. રાજાને વૈરાગ્ય આવ્યો અને મુનિ થયા.

સ્ત્રીનું શરીર મહા અશુચિમય છે. તેમાં મોહ પામવા જેવું કંઈ પણ નથી. મનુષ્યને તેનું મુખ, વાળ અને શરીર જોઈને મોહ થાય છે; પરંતુ તેમાં રમણીયતા માની નહીં લેતાં, ચામડીની અંદર છુપાયેલા અશુચિમય પદાર્થોનો વિચાર કરવો. વાળમાં શું સુંદરતા છે? તેનું મૂળ તપાસતાં ગ્લાનિ થાય તેવું છે. મુખ ઉપરથી સુંદર દેખાય પણ સુગંધી પદાર્થો ખાઈ મુખને સુગંધમય રાખવા પ્રયત્ન કરે તો પણ તે દુર્ગંધમય જ છે. શરીર છે તે ચમારના ઘરની મશક જેવું છે, અંદર તો દુર્ગંધવાળા પદાર્થો ભરેલા છે. યોનિસ્થાન છે તે દુર્ગંધમય રસ, લોહી ઝરવાનું સ્થાન છે. શરીરમાંથી પણ પરસેવો ઝર્યા કરે છે. [કોઈ શાસ્ત્ર વંચાતાં સાંભળેલ સાર]

સ્ત્રીનાં નેત્રોમાં શીતળતા માનવામાં આવે છે, પરંતુ તેના કટાક્ષ મનુષ્યને અગ્નિની જ્વાળા માફક બાળનાર છે. તેનું બોલવું મધુરતાવાળું લાગે પરંતુ તે વિષ તુલ્ય છે. તેનો સમાગમ મૃત્યુ સમાન દુઃખદાઈ છે. મહાત્મા પુરુષો કે જેમણે સમકિત પ્રાપ્ત કરેલું છે અને નિરંતર આત્માની

રમણતામાં મગ્ન રહેનારા છે તેમને પણ સ્ત્રીનો સંસર્ગ મહા અનર્થકારક છે. તેમણે ઘણા પ્રયત્ને મેળવેલું આત્મધન ક્ષણમાત્રમાં નાશ કરી દે તેવો તે સંસર્ગ છે. સત્પુરુષે આપેલો મહામંત્ર કે નિશદિન જેનું રટણ રહ્યા કરે છે, તેવા પુરુષને પણ સ્ત્રીનો સંસર્ગ તે મંત્રને ક્ષણમાત્રમાં વિલય કરી દઈ, જન્માંતરે પણ તેનો ઉદય થવા ન દે તેમ છે.

સ્ત્રીમાં એવી મોહિની છે કે પ્રથમ જીવને તેને નીરખવાનું મન થાય છે, પછી તેની સાથે વાતચીત કરવાનું મન થાય છે. પછી પોતાની કીર્તિ, યશ હોય તે ધૂળમાં મેળવવા નિર્લજ્જ બને છે અને પછી ભ્રષ્ટ થઈ આ લોક તથા પરલોક બન્ને બગાડે છે. માટે જે મનુષ્યને આત્મસાર્થક કરવું હોય તેણે સ્ત્રી તરફ દૃષ્ટિ પણ ન કરવી. તેનાં અંગોનું નિરીક્ષણ ન કરવું. તેના સંસર્ગમાં કદી ન આવવું. સ્ત્રીનાં ચિત્રો, આકૃતિ વગેરે જોવાથી વિકારની ઉત્પત્તિ થાય છે, માટે તે જોવાં નહીં. પૂર્વે ભોગવેલા કામ-ભોગની સ્મૃતિ કરવી નહીં.

જિતેન્દ્રિય થવું. તેમાં પ્રથમ જિહ્વા ઇન્દ્રિય ઉપર કાબૂ મેળવવાની ઘણી જરૂર છે. ગરિષ્ઠ પદાર્થોનું સેવન કરવું નહીં.આ શરીરરૂપી વૃક્ષનું મૂળ જિહ્વા છે. જેમ ઝાડનું મૂળ નીચે હોય છે અને ડાળીઓ ઉપર હોય છે. પરંતુ આનું મૂળ તો ઉપર છે કે જ્યાંથી આખા શરીરને પોષણ મળે છે. આઠ કર્મોમાં મોહનીય કર્મ જીતવું કઠણ છે. પાંચ વ્રતોમાં બ્રહ્મચર્યનું પાલન કરવું કઠણ છે. ત્રણ ગુપ્તિમાં મનોગુપ્તિ પાળવી કઠણ છે અને પાંચ ઇન્દ્રિયોમાં જિહ્વા ઇન્દ્રિયને વશ કરવી કઠણ છે.

સ્ત્રીઓની કથા વાર્તાઓ સાંભળવી નહીં, કારણ કે તે કામોત્પત્તિનું કારણ બને છે. તેમજ યુવાન માણસો કે જે વિકારવશ હોય છે તેમનો પણ સંસર્ગ કરવો નહીં. વૃદ્ધ પુરુષો કે જેઓ કામભોગથી નિવૃત્તિ પામી હંમેશ સત્સંગનું સેવન કરે છે, સદ્‌ગુણયુક્ત હોય છે, વિકારનો જેના હૃદયમાં સ્પર્શ હોતો નથી તેવા નિર્વિકારી પુરુષોનો સંગ કરવો. જેવા પુરુષોનો સંગ કર્યો હોય તેવા ગુણો પ્રાપ્ત થાય છે.

એક શાહુકારનો પુત્ર હતો. તે વૈરાગ્યવાન હતો. પરંતુ તે દીક્ષા ન લે તેટલા માટે તેના મા-બાપે એક વેશ્યા સાથે સંસર્ગ કરાવ્યો. પરિણામ એ આવ્યું કે વૈરાગ્યનો નાશ થયો અને તેની અધોગતિ થઈ.

એક રાજા હતો. તે દેવીને માનનાર ભક્ત હતો. તેના રિવાજ પ્રમાણે દેવીને ભોગ આપવા ઘણા પશુ-પક્ષીના જોડલાં એકઠા કર્યાં અને મનુષ્યનું જોડલું લાવવા તેના માણસો ફરતા હતા. તેમાં એક સુંદર સાધુ તથા સાધ્વી કે જે બન્ને ભાઈ બહેન હતાં, તેમને તેઓ પકડી લાવ્યા. તેઓની વાતચીત ઉપરથી રાજાને માલૂમ પડ્યું કે તે પોતાના મામાનો દીકરો તથા દીકરી છે. એટલે તેમનો ભોગ નહીં દેતાં તેમની સાથે પ્રેમથી વાર્તાલાપ કરવા લાગ્યો. સાધુએ તેને ઉપદેશ આપ્યો અને ઘોર પાપ કરતાં અટકાવી સદ્‌ધર્મનો લાભ કરાવ્યો. સારી સંગતિનું ફળ સારું જ હોય છે.

*

સમ્યક્‌ત્વઅનુભવ–

પૂજ્યશ્રી–આત્માનાં શુભ પરિણામ ઘણી ઉચ્ચ દશાને પામે છે અને તેમાં જ વૃત્તિ એકાકાર થઈ જાય છે. ત્યાર પછી જગતની વિસ્મૃતિ થયે, આત્માનો જે અનુભવ થાય છે (આત્માનાં શુદ્ધ પરિણામ) તેનું વર્ણન તો કોઈ શાસ્ત્રમાં નથી, કારણ કે તે પોતાના અનુભવની વસ્તુ છે, અને જીવ તે સ્થિતિએ પહોંચે છે ત્યારે જ પોતાને અનુભવ થાય છે. તેના આનંદનું કંઈ વર્ણન થઈ શકે તેમ નથી. પ્રથમ એક સમયમાત્ર તેનો અનુભવ થાય અને માલૂમ પડે, પછી તે અનુભવ વર્ધમાનતાને પામ્યે તેની પૂર્ણ ખાતરી થઈ જાય છે. બનારસીદાસે પણ કહ્યું છે કે–

**“વસ્તુ વિચારત ધ્યાવતૈં, મન પાવે વિશ્રામ;**
**રસ સ્વાદત સુખ ઊપજે, અનુભવ યાકો નામ.”**

૨૧ રવિવાર, તા. ૧-૧૦-૧૯૪૪

પૂજ્યશ્રી–મહાવીરસ્વામીએ ઉપદેશમાં ગૌતમસ્વામીને ઉત્પાદ, વ્યય, ધ્રુવ કહ્યું અને તેટલાથી બધું સમજી ગયા. તે પ્રમાણે પરમકૃપાળુદેવે ‘આત્મસિદ્ધિશાસ્ત્ર’ રચ્યું છે, તેમાં દરેક વાક્ય લબ્ધિરૂપ છે, એમ પ્રભુશ્રીજી કહેતા. થોડે થોડે કરીને પણ મોઢે કરી લેવું. વાંચી જવા કરતાં મોઢે કર્યું હોય તે બહુ ફળદાયક છે, કારણ તેમાં ઉપયોગ વાંચી જવા કરતાં સારો રહે છે. ઘરડી ડોશીઓ પણ એક એક કડી દરરોજ કરી ‘આત્મસિદ્ધિ’ પૂરી મોઢે કરે છે.

આવો દુર્લભ મનુષ્યજન્મ પામી પ્રમાદ કરવા યોગ્ય નથી. જેઓ પરમાર્થ સાધવામાં પ્રમાદને વશ થઈ એવો વિચાર કર્યા કરે કે આજે નહીં, કાલે કરીશું. અને જ્યારે કાલ થાય ત્યારે ફરી કાલે કરીશું, આમ ને આમ કાલ કાલ કરતાં જીવન પૂર્ણ થઈ જાય છે, તો પણ મૂઢ જીવ પ્રમાદ છોડી શકતો નથી અને મળેલો અપૂર્વ જોગ ગુમાવી બેસે છે. જીવન પાણીના રેલાની માફક વહ્યું જાય છે. પાણી વહી ગયા પછી પાછું આવતું નથી, તેમ જિંદગી ચાલી ગયા પછી કંઈ બની શકતું નથી. ગયેલા વખતમાં કંઈ બની શક્યું નહીં, તો આવતા સમય ઉપર શો ભરોસો રાખવો? પરંતુ વર્તમાન સમયનો ઉપયોગ કરી લેવો.

જગતના જીવો માયાને વશ છે. કોઈક મહાત્મા તે માયાને જીતી શકે છે અને સંસાર તરી જાય છે. મૂર્ખ મનુષ્ય ભેંસનું પૂછડું પકડી સમુદ્ર પાર કરવા ઇચ્છે, તો તે બનવું અશક્ય છે. તેમ આ સંસારને પાર કરવા અસદ્‌ગુરુનો જીવ આશ્રય લે, તો તે સંસાર તરવાજોગ બને તેમ નથી. તેથી તો ઊલટો સંસાર વધે છે. પરંતુ સદ્‌ગુરુરૂપ જહાજ, સંસારસમુદ્રમાં ડૂબવા દે નહીં.

મોટા શીંગડાંવાળા પ્રાણીના જેવી માયા છે. તેની સામે ઊભેલા માણસને શીંગડાં મારે અને પાછળ ઊભેલાને લાત મારે છે. માયાને છોડીને જીવ નાસવા જાય; પરંતુ તે તો પોતાની છાયાની માફક પાછળ પાછળ જાય છે, તેનો પીછો છોડતી નથી. જો ઊભો રહી તે દિશા બદલે તો તેની સન્મુખ થાય છે. કોઈ સદ્‌ગુરુનો મેળાપ થાય તો તેનો સહજે નાશ થાય તેમ છે. અજ્ઞાની જીવો ધન વગેરે પ્રાપ્ત કરવા માટે કેટલા સંકટ, દુઃખ ઉઠાવે છે અને વધુ ને વધુ પ્રાપ્ત કરવાની તૃષ્ણામાં તણાયા જાય છે. જીવન પૂર્ણ થતાં સુધી તૃષ્ણા મટતી નથી અને મળેલા પદાર્થનો ઉપભોગ લીધા

સિવાય મરણ પામે છે. જેમ જંગલમાં મડદાનાં હાડકાં પડ્યાં હોય તેને ખાવા માટે શિયાળ, કૂતરાં, ગીધ આદિ પશુ, પક્ષી ભેગાં થાય છે, અને લડાઈ કર્યા કરે છે અને પછી વેરાઈ જાય છે. તેમ માયાને આધીન જીવોની સ્થિતિ છે.

૨૨ સોમવાર, તા. ૨-૧૦-૧૯૪૪

પૂજ્યશ્રી— **''સેવે સદ્‌ગુરુ ચરણને, ત્યાગી દઈ નિજપક્ષ;**
**પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ.''**

જે જીવ સ્વચ્છંદનો ત્યાગ કરી સત્પુરુષની આજ્ઞા ઉપાસે છે, તે જ સત્પુરુષના સ્વરૂપને પામે છે. ''જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ થાય, એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો!''

૨૩ શનિવાર, તા. ૭-૧૦-૧૯૪૪

પૂજ્યશ્રી—આ કાળ એવો છે કે જીવને ભક્તિ થવા ન દે. ઘણા અંતરાયો આવી પડે. આગળના વખતમાં તેવું નહોતું. ઘણા જીવો સારાં નિમિત્તો મળ્યે ધર્મ પામતા. પુરુષાર્થ કરવામાં પણ ઘણા અનુકૂળ સંયોગો મળતા હોવાથી ધર્મસાધના સારી રીતે કરી શકતા. માટે કાળ વિકટ છે, તેવો પુરુષાર્થ પણ વિકટ કરવાથી જ ધર્મસાધના થઈ શકે છે. પુરુષાર્થ કરવામાં ઢીલાપણું કરવા જેવું નથી. મરણિયા થઈ જવું અને ગમે તેમ કરી એક સમ્યક્ત્વ પ્રાપ્ત કરી લેવું એટલે પછી બેડો પાર થયો સમજવો. સમ્યક્ત્વ પ્રાપ્ત કરવામાં બળ કરવું પડે છે.

પરમકૃપાળુદેવે કહેલું કે પૂ. પ્રભુશ્રીજી તથા શ્રી સોભાગભાઈને તથા શ્રી અંબાલાલને ક્ષાયક સમ્યક્ત્વ થયેલું. શ્રી સોભાગભાઈને તો અંત સમય સુધીમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થવાની આશા હતી. તેઓએ શ્રી અંબાલાલભાઈને કહેલું કે 'મને જો આખર વખતે પણ કેવળજ્ઞાન પ્રાપ્ત થશે તો હું જણાવીશ.' પરમકૃપાળુદેવના વચનને તેઓ વેદવાક્ય સમજતા. તેમના કહેલા વચનમાં ફેરફાર હોઈ શકે જ નહીં, તેવી તેમની દૃઢ શ્રદ્ધા હતી. પરમકૃપાળુદેવ કહેતા કે અમે જે વચનો કહીએ છીએ તે પૂર્ણ અનુભવ કરી કહીએ છીએ. તેઓશ્રીના વચનો અંતરથી આત્માને સ્પર્શ કરીને નીકળતા. ઘણા ઘણા વિચારથી નિર્ણય કરી તે વાત પ્રગટ કહેતા. તેઓશ્રી સંબંધી પ્રભુશ્રીજીએ કહેલું કે આ તો શ્રુતકેવળી છે.

પ્રભુશ્રીજી જ્યારે ગિરનારના જંગલમાં ચાલ્યા ગયા ત્યારે પૂ. રણછોડભાઈ ઉપર પ્રભુશ્રીજીએ પત્ર લખેલો કે પૂર્વ ભવ માલૂમ પડે છે, રિદ્ધિ-સિદ્ધિઓ પ્રગટ થઈ છે. આત્મામાં આનંદ આનંદ વર્તે છે. આ વાત પ્રભુશ્રીજીની હયાતી સુધી કોઈના જાણવામાં આવી નહોતી. માટીના ઘડાનો ઘાટ તૈયાર જોવામાં આવે તો તે કઈ રીતે તૈયાર થયો છે તેનો ખ્યાલ આવી શકે નહીં. તેમ જે કષ્ટ વેઠી પૂર્ણ આરાધનાથી પૂ. પ્રભુશ્રીજીએ અલૌકિક વસ્તુ પ્રાપ્ત કરેલી તે બીજાને કેમ માલૂમ પડે? બહારથી તો બીજાને તેમનાં જુદાં જુદાં ચીંથરાંના ટુકડા જોતાં એમ લાગે કે આ તો કાંઈ નથી

જાણતા. ચીંથરિયા દેવ જેવા રહીને વસ્તુ તો તેમણે સાચવી જાણી છે. બીજાને માલૂમ પણ પડવા દીધું નથી. સિદ્ધિઓને તો જેમ તાળાં વાસી દીધાં હોય તેમ પોતે કરેલું. કોઈ પુણ્યયોગે તેવું કંઈ બની જાય તો બીજાને માલૂમ પડતું, પણ ઇરાદાપૂર્વક તેવું કંઈ કર્યું નથી. ઘણી વખત તેઓ પોતાની હથેળી બતાવી કહેતા કે આની માફક અમારું હૃદય સાફ છે. હથેળીમાં કાંઈ વાળ હોય તો અમારા હૃદયમાં બીજું કંઈ હોય એક કૃપાળુદેવ સિવાય.

જ્ઞાનીપુરુષ ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખી પુરુષાર્થ કર્યા કરવો. ફલાણું શાસ્ત્ર વાંચીને કંઈક મેળવું, તેવું કર્યા કરવું નહીં. તેમ કરવાથી કામ બને તેવું નથી. વાડમાં હાથ નાખવાથી ઝાંખરા, કાંટા ભરાય અને કાંટા વાગે. તેવી રીતે ગમે તેવાં ગમે તેટલાં શાસ્ત્રો પોતાની મેળે વાંચે તો ઊલટી શંકાઓ અને વિકલ્પો વધે તેવું છે. 'આજ્ઞાનું આરાધન એ જ ધર્મ છે.' જ્ઞાનીપુરુષ ઉપર શ્રદ્ધા રાખી આજ્ઞા આરાધનાર જીવમાં શુષ્કતા આવતી નથી. પોતાની કલ્પના પ્રમાણે ચાલવામાં કોઈ દિવસ નિવેડો આવવાનો નથી. માટે એક લક્ષ રાખી પુરુષાર્થ કર્યા કરવો.

સમકિત વર્ધમાન થયે જગતના પદાર્થો પ્રત્યેથી રાગ-દ્વેષ ઓછા થાય છે, મિથ્યાભાસ ટળે છે. રસ્તામાં થઈને જતાં હાથી, ઘોડા, લશ્કર વગેરે, અરીસામાં જોતાં, ચાલતા હોય તેમ માલૂમ પડે છે. ત્યારે એમ થતું નથી કે તે અરીસાની અંદર ચાલે છે. તે પ્રમાણે સમકિતી જીવની દૃષ્ટિ જગતના પદાર્થો પ્રત્યે હોય છે. તેમાં કદી એકાકાર થઈ જતા નથી. ફક્ત જોનાર અને જાણનાર તરીકે રહે છે.

પરમકૃપાળુદેવનાં વચનો ઘણાં જ ગૂઢાર્થવાળાં છે. જેમ કે "તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં." આ વાક્યમાં બધું સમાઈ જાય છે. દયાનું સ્વરૂપ સમજવામાં આવે છે, ત્યારે પોતાના આત્માની અનંત કરુણા ઊપજે છે અને તે જ સમ્યક્ત્વ છે; અને તે પ્રાપ્ત થયા પછી આત્મામાં અપૂર્વ શાંતિ આવે છે, સમતા આવે છે અને પછી કેવળજ્ઞાનરૂપ પવિત્ર આત્મા થઈ મોક્ષ પ્રાપ્ત કરે છે.

**"સત્ય શીલ ને સઘળાં દાન, દયા હોઈને રહ્યાં પ્રમાણ;**
**દયા નહીં તો એ નહિ એક, વિના સૂર્ય કિરણ નહિ દેખ."**

દયારૂપી સમ્યક્ત્વ પ્રાપ્ત થયું હોય ત્યાર પછી સત્ય, શીયળ, દાન વગેરે યથાર્થ હોય છે. તેના સિવાય બધું નિષ્ફળ જેવું છે. પરમકૃપાળુદેવે સમ્યક્ત્વનાં પાંચ લક્ષણો બતાવ્યાં છે તેમાં પ્રથમનાં ચાર લખ્યા પછી કૌંસ કરી સામે અનુકંપા લખી છે. તેનો અર્થ એવો છે કે બધાનું પરિણામ આખરે દયા જ છે, અને તે જ સમ્યક્ત્વ છે.

૨૪ રવિવાર, તા. ૮-૧૦-૧૯૪૪

પૂજ્યશ્રી—'યોગવાસિષ્ઠ ગ્રંથ' ત્યાગ-વૈરાગ્યને અર્થે વાંચવામાં અડચણ નથી. સિદ્ધાંતિક વાત હોય તેમાં ફરક હોય, તે પ્રત્યે લક્ષ દેવો નહીં. જ્ઞાનીપુરુષને ઓળખ્યા હોય તેણે પોતાનું સ્વરૂપ જાણ્યું કહેવાય અથવા સમકિત પ્રાપ્ત થયું કહેવાય. તેને સ્ત્રી જોઈને રાગ થાય નહીં તેમજ તેનું શરીર અજીવનપણે ભાસ્યમાન થાય છે. જેમ કે કોઈ સ્ત્રીનું મડદું રૂપવાન, સારું હોય તો પણ કોઈને મોહ થતો નથી; તેવી રીતે સમકિતી જીવને, દેહ અને આત્મા જુદા ભાસવાથી રાગ થતો નથી અને

ક્વચિત નિમિત્તાધીન તેમ થાય તો પણ તે રાગાદિ ભાવને પોતાના માનતો નથી અથવા તેવા સંયોગોમાં તુરત જ ઉપયોગ આત્મામાં આવી જાય છે. આત્માની રુચિને અનુસરી બળવીર્ય સ્ફૂરે છે. જેટલી રુચિ વિશેષ તેટલો પુરુષાર્થ બળવાનપણે હોય છે.

"જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ"

જગતના કોઈ પદાર્થ પ્રત્યે પ્રતિબંધ કરવા જેવો નથી. અસંગપણે રહેતાં શીખવું જોઈએ. પરમકૃપાળુદેવ જ્યારે મુંબઈથી બહાર નિવૃત્તિ માટે નીકળતા ત્યારે તેમને કોઈ પણ પત્ર લખી શકતું નહીં. ટાઈમ નકામો જવા દેવો નહીં. એકલા હોઈએ ત્યારે ભક્તિ, વાંચન વગેરેમાં કાળ ગાળવો. વાંચવાનું થાય ત્યારે એટલો લક્ષ રાખી વાંચવું કે મારા આત્માના હિત માટે જ વાંચું છું.

આ જીવે અનંતવાર શાસ્ત્રશ્રવણ, જિનદીક્ષા વગેરે કર્યું છે; પણ કંઈ વળ્યું નહીં. સત્ મળ્યા નથી, સત્ સુણ્યું નથી તથા સત્ શ્રદ્ધ્યું નથી, આટલું થયું નથી. પૂર્વે સજીવન મૂર્તિનો યોગ પણ આ જીવને થયેલો. તેમનું વચન સાંભળ્યું નહીં, સાંભળ્યું તો આ કાને આવ્યું અને બીજા કાનેથી ચાલ્યું ગયું તેવું કર્યું છે. માટે શ્રદ્ધા એ ખાસ અગત્યની વાત છે અને જે ઉપદેશ સાંભળ્યો તે પ્રમાણે ચાલવાનો પુરુષાર્થ કરવો, તે સિવાય છૂટકો થાય તેમ નથી. પ.પૂ.પ્રભુશ્રીજી કહેતા કે કરવાનું તારા હાથમાં છે. બીજાનું કર્યું કંઈ કામ લાગવાનું નથી. ક્રોધાદિ કષાયો ઉદય આવે ત્યારે તુરત ચેતી જવું કે આમ હું શા માટે કરું છું? તેવી સમજણપૂર્વક તેમાં મંદતા લાવવી. એવી રીતે અભ્યાસ વધતો જાય તેમ આત્મા બળવાન બનતો જાય છે. કોઈ બળવાન નિમિત્ત આવી પડ્યે તેમ ન થાય તો પણ અભ્યાસ કર્યા કરવો. જેમકે પાણીનું વહેણ હોય તેને ખાળી રાખવા પ્રયત્ન કરવામાં આવે, પણ પાણીનું જોર વિશેષ હોય તો માણસ ઊતરી પણ ન શકે. તેમ બળવાન નિમિત્તો આવ્યે સમતા રહેવી દુષ્કર છે, પરંતુ જેમ જેમ અભ્યાસ વધે તેમ તેમ સમતા પણ આવે છે. અનાદિકાળથી જીવે ક્રોધાદિ કષાય કર્યા છે અને તેથી પરિભ્રમણ અટકતું નથી. માટે દૃઢ નિશ્ચય કરવો કે હવે મારે તેમ કરવું નથી; તો પરિણામે ફતેહ મળશે.

સમકિતી જીવ સંસારના પદાર્થોમાં એકાકાર બુદ્ધિ થવા દેતા નથી. તેઓની બધી ક્રિયા જરૂર પૂરતી જ, ન છુટકાની કરવાની હોય છે. જેમ કે ભૂખ લાગે ત્યારે ખાય છે, તરસ લાગે ત્યારે પાણી પીએ છે, તેમજ દિશાએ ફરવા પણ જાય છે. કોઈ પણ માણસને એમ થતું નથી કે ઝાડે ફરવા ઘણા વખત જવું પડે તો સારું. તેમ તેઓને સંસારના પદાર્થો પ્રત્યે રહે છે. ન છૂટકે કાર્યો કરે છે. તેમાં મમત્વ બુદ્ધિ હોતી નથી. જેમ કપડાં અને શરીર ભિન્ન છે તેવી રીતે તેમને દેહ અને આત્માનો સંબંધ માલૂમ પડે છે. કપડું સ્વચ્છ હોય પણ મેલું થવાથી જુદા રંગનું માલૂમ પડે છે, તેવી રીતે આત્માને કર્મનો સંબંધ છે. મેલ જવાથી કપડું સ્વચ્છ થાય છે તેમ કર્મો જવાથી આત્મા નિર્મળ થાય છે. તેવા પ્રકારે તેને અંતરંગ દૃઢ શ્રદ્ધા થયેલી હોય છે.

(સભામંડપમાં) ૨૫ સોમવાર, તા. ૯-૧૦-૧૯૪૪

પૂજ્યશ્રી—"મુમુક્ષુનાં નેત્રો મહાત્માને ઓળખી લે છે" એટલે જેટલી હદે જીવ પહોંચ્યો હોય તે પ્રમાણે તેને પરીક્ષા આવે છે એટલે સદ્ગુરુને પ્રાપ્ત કરવામાં તે નિષ્ફળ નીવડતો નથી. તેમના

વચનો સાંભળવાથી તુરત જ તેને કિંમત આવી જાય છે.

સત્પુરુષના આશ્રય સિવાય જીવ બીજે રસ્તે ચઢી જાય છે તેનું તેને ભાન રહેતું નથી. એક ભાઈ આવેલા, તે કૃપાળુદેવની માન્યતાવાળા ભાસતા હતા. પરંતુ તે વાત-વાતમાં એમ બોલ્યા કે 'ભક્તામરસ્તોત્ર'નું સારી રીતે પઠન જો કરવામાં આવે તો વરસાદ વરસે તેમ છે. આ ઉપરથી સમજવાનું છે કે પુસ્તકની કિંમત કેવા પ્રકારે જીવ આંકી લે છે! આશ્રય સિવાયના જીવની સમજણ ઊંધા પ્રકારની હોય છે, તે આ દાખલા ઉપરથી સમજવાનું છે. જ્ઞાનીપુરુષના આશ્રિત જીવની સમજણ સવળી હોય છે. તે કદી ભૂલો પડે નહીં.

૨૬ મંગળવાર, તા. ૧૦-૧૦-૧૯૪૪

પૂજ્યશ્રી—સત્પુરુષના ઉપદેશથી જીવને સુવિચાર દશા પ્રાપ્ત થાય છે અને તેવી દશા થયે પોતાના આત્માનું જ્ઞાન થાય છે, જે જ્ઞાન વડે કરીને મોહનો ક્ષય થાય છે અને મોક્ષ પ્રાપ્ત કરે છે. શાસ્ત્રો ગમે તેટલાં વાંચવામાં આવે તો પણ ફક્ત વાંચનથી સુવિચાર દશા જાગૃત થતી નથી એટલે સંસારનો ક્ષય થતો નથી. કાશીમાં ઘણા પંડિતો શાસ્ત્રવેત્તા હોય છે પણ સંસાર નાશ પામે તેવી તેઓની દશા હોતી નથી, એટલે કે ફક્ત સત્પુરુષનો બોધ જીવને મોક્ષપ્રાપ્તિનું કારણ છે.

૨૭ તા. ૮-૬- ૧૯૪૫

પૂજ્યશ્રી—જ્ઞાનીપુરુષની આજ્ઞાનું આરાધન, જો અગાઉનો અભ્યાસ હોય તો માંદગીમાં સારું કામ થઈ શકે છે; પરંતુ ત્યાર પછી શરીર સારું થાય ત્યારે પણ વિશેષ ઉપયોગ રાખવો, કારણ કે નિમિત્તાધીન વૃત્તિ છે. જેવાં નિમિત્તો હોય તેવી વૃત્તિ થઈ જતાં વાર લાગતી નથી; તેથી સાવચેત રહેવા જેવું છે. મનુષ્ય ભવ મળ્યો છે તો ક્ષણ પણ નકામી ન જવા દેવી, તેવી કાળજી રાખવી. જે સંયોગો મળ્યા છે તેમાં તલ્લીન થઈ જવું યોગ્ય નથી. જેવી ભાવના હશે તેવું ફળ થશે.

આત્મજ્ઞાન થવામાં યોગ્યતાની ખાસ જરૂર છે. વૈરાગ્ય અને ઉપશમનું બળ વધે તે લક્ષ ખાસ રાખવો. યોગ્યતા આવ્યે બધું સમજાય તેવું છે. મહાવીર સ્વામીએ ગૌતમસ્વામીને 'ઉત્પાદ, વ્યય, ધ્રુવ' આટલો જ ઉપદેશ કર્યો હતો. તેટલામાં જ તેઓ બધું સમજી ગયા હતા. સત્સંગ જેવું એકે હિતસ્વી સાધન નથી. નિત્ય જેવા સંસ્કાર પડે તેવું ફળ થાય. જેટલો પુરુષાર્થ થાય તેટલો કર્યા કરવો, ન થાય તેની ભાવના કરવી. ભાવના આખરે ફળે છે.

**'આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે'**

કેવળજ્ઞાન થાય છે. આરંભ અને પરિગ્રહ તેમાં અંતરાયરૂપ છે. વૈરાગ્ય અને ઉપશમના તે કાળ છે. માટે કાળજી ઘણી રાખવી. નિવૃત્તિ જેટલી વિશેષ હશે તેટલો આત્માને વધુ લાભ થશે. દરેક જીવના કર્મ જુદા જુદા પ્રકારના હોય છે અને તે તે પ્રકારના દોષો થયા કરે છે. માટે જે દોષો દેખાય તે કાઢવા પુરુષાર્થ કર્યા કરવો. સંસારમાં ઘણા પ્રકારના અંતરાયો રહેલા છે. રસ્તામાં ચાલતાં હોઈએ અને કાંટા પડ્યા હોય તો કેટલી કાળજી રાખી પગ ગોઠવીને ચાલીએ છીએ? તે જ પ્રમાણે ઉપયોગ રાખવા જેવો છે. આત્માની કાળજી ઘણી રાખવા જેવી છે. આ જીવે

અનંતભવથી એક જ જાતની પ્રવૃત્તિ કરેલી છે. જન્મવું, ખાવું, પીવું અને મરવું. તે સિવાય બીજું કંઈ કર્યું નથી. પરંતુ જ્યારે પોતાને એવો વિચાર આવશે કે ‘‘શું કરવાથી પોતે સુખી ? શું કરવાથી પોતે દુઃખી ?’’ ત્યારે કામ થાય તેવું છે.

આ જીવ મોહાધીન હોવાથી, પોતે દુઃખી છે તેવો પણ વિચાર ઊગતો નથી. રુચિ ઉત્પન્ન થવી બહુ વિકટ છે. તેટલું થઈ જાય તો કામ થઈ જાય તેમ છે. તે સત્સંગથી સમજાય છે. પરિગ્રહમાં મમત્વબુદ્ધિ વિશેષ હોવાથી પોતાનો વિચાર આવતો જ નથી. પોતે એવું ધારીને બેઠો છે કે જે પ્રકાર અત્યારે જોવામાં આવે છે તેવું કાયમ રહેશે, પણ તેમ નથી. એ તો પુણ્ય પ્રમાણે થાય છે, તેવું જીવને ભાન નથી.

ભોજરાજાના વખતમાં એક માઘ કવિ થઈ ગયો. તેના પિતા ઘણી લક્ષ્મીવાળા હતા. તેમણે પોતાના પુત્ર માઘની જન્મોત્રી કરાવી ત્યારે માલૂમ પડ્યું કે માઘ પોતાની પાછળની અવસ્થામાં નિર્ધન થવાનો છે. તેથી તેને માટે ઘણું દ્રવ્ય સંગ્રહ કરવા માંડ્યું અને તે એટલા સુધી દ્રવ્ય એકઠું કર્યું કે હીરાની માળાઓ તૈયાર કરાવી કે જેથી એક માળા એક વર્ષ ખર્ચ કરે તો તેનું આયુષ્ય પૂર્ણ થતાં સુધી ચાલી શકે. પરંતુ તેના પિતાનો દેહાન્ત થયા પછી માઘ કવિએ ઘણું દ્રવ્ય વાપરવા માંડ્યું. ગમે તે યાચક તેની પાસે આવે તે ખાલી હાથે પાછો જાય જ નહીં. તેથી તેની ખ્યાતિ ઘણી થવાથી ઘણા ગરીબ યાચકો તેની પાસે આવવા લાગ્યા. આખરે થોડા વર્ષમાં બધું દ્રવ્ય ખલાસ થઈ ગયું. જ્યારે તે માંદો પડ્યો ત્યારે પોતાની પાસે કંઈ દ્રવ્ય રહ્યું નહીં હોવાથી તેણે તેની સ્ત્રીને એક પુસ્તક આપ્યું અને કહ્યું કે આ પુસ્તક ભોજરાજાને અર્પણ કરજે, જેથી ઘણું દ્રવ્ય મળશે. તે પ્રમાણે તેની સ્ત્રી ભોજરાજા પાસે ગઈ, જેથી રાજાએ એક લાખ સોના મહોરનું ઇનામ આપ્યું. તે લઈને જ્યારે તે ઘેર આવવા નીકળી ત્યારે રસ્તામાં યાચકો ઘણા ભેગા થયા હોવાથી, પોતે પણ ઉદાર હોવાથી બધાને તે દ્રવ્ય આપતાં આપતાં ઘેર આવી. એટલે ઘેર આવતા સુધીમાં બધું દ્રવ્ય ખલાસ થઈ ગયું. માઘ કવિએ આ હકીકત જાણી ત્યારે તેને હૃદયમાં ઘણું દુઃખ થયું કે હવે મારી પાસે કાંઈ રહ્યું નહીં. હવે શું થશે ? એમ રુદન કરતાં કરતાં દેહ છૂટી ગયો.

આવું પરિવર્તનશીલ પરિગ્રહનું સ્વરૂપ છે. દેહના કરતાં અનંતગણી આત્માની ચિંતા રાખવા જેવી છે. પરમકૃપાળુદેવ કહેતા કે આ સંસારમાં વાણિયા થોડા છે. વાણિયા લાભનો વેપાર કરે, ખોટનો વેપાર કરે જ નહીં. તેવી રીતે બધા જીવોમાંથી થોડા જ પોતાના આત્માનું હિત થાય તેમ કરે છે અને તે થોડામાં આપણી ગણતરી આવી છે. માટે તે કામ બહુ કાળજીપૂર્વક કરવું. જ્ઞાનીપુરુષ આપણને મળ્યા છે, તે મહાનમાં મહાન કામ થયું છે. હવે પુરુષાર્થ કરવો તે આપણા હાથની વાત છે. ગાડીમાં બેસવા માટે અગાઉથી ઘણી કાળજી રાખી બધી તૈયારી કરવી પડે છે, નહીં તો ગાડી આવવાના ટાઈમે કંઈ તૈયારી થાય નહીં અને ગાડી ચૂકી જવાય. તેમ મરણ આવતા અગાઉ પરભવની તૈયારી કરી લેવા જેવી છે. ગાડીમાં બેસવાની તૈયારી કરવામાં જેવો ઉપયોગ રાખવો પડે છે, તેવો જ ઉપયોગ પરભવ માટે નિરંતર રાખવા જેવો છે.

જ્ઞાનીપુરુષની આજ્ઞા મળી છે તે પ્રમાણે તેનું આરાધન કર્યા જ કરવું. એક જગ્યાએ ખાડો

ખોદ્યા કરે તો જરૂર મીઠું પાણી નીકળે, પરંતુ જો ઠેર ઠેર ખાડા ખોદ્યા કરે તો કદી પાણી નીકળે નહીં અને મહેનત નકામી જાય. કોઈ જાણકાર માણસની ખાતરી હોય અને તે કહે તે જગ્યાએ ખાડો ખોદે, ખોદ્યા જ કરે તો મીઠું પાણી જરૂર નીકળે. તેમ જ્ઞાનીપુરુષે બતાવ્યા પ્રમાણે કર્યા જ કરવું, એટલે આત્મા જરૂર પ્રાપ્ત થાય. મંત્ર છે તે ચમત્કારી વસ્તુ છે. તેની આરાધના હરતાં ફરતાં કર્યા જ કરવી, જેથી આત્મા પ્રાપ્ત થાય તેમ છે. ગાડીમાં બેઠા હોઈએ ત્યારે પણ સ્મરણ ભક્તિમાં જ વખત પસાર કરવો.

જ્ઞાનીપુરુષોનો ઉપદેશ જીવને મારાપણું મટાડવાનો હોય છે. મારાપણું હોય ત્યાં સુધી દુઃખ જ છે. મારાપણું મટે કે તરત જ પોતાના સ્વરૂપનું ભાન થાય તેમ છે.

એક બ્રાહ્મણને સંસાર ત્યાગ કરવાનો વિચાર થયો, તેની સ્ત્રીએ કહ્યું કે મને ગર્ભ રહેલો છે, તેથી બાળકનો જન્મ થાય ત્યાર પછી સંસારનો ત્યાગ કરજો. તે પ્રમાણે કરવાનું તેણે મંજૂર કર્યું, પણ પુત્રનો જન્મ થયો કે તુરત જ તે સ્ત્રીનો દેહ છૂટી ગયો. તેથી તે બ્રાહ્મણને મૂંઝવણ થઈ પડી. પછી દૂધ પાઈને તે છોકરાને ઉછેરવા માંડ્યો. તેવામાં એક વખત ગરોળીનું નાનું બચ્ચું ઉપરથી નીચે જમીન ઉપર પડ્યું. પડતાંની સાથે થોડી વારે તે સ્વસ્થ થયું કે તરત જ એક માખી તેના ઉપર આવીને બેઠી, એટલે તેણે તે તરત પકડી લીધી. તે ઉપરથી બ્રાહ્મણને વિચાર આવ્યો કે આવા નિરાધાર બચ્ચાને તેનો ખોરાક મળી રહ્યો; તો આ છોકરાનું પણ તેના નસીબ પ્રમાણે થઈ રહેશે. એવો વિચાર કરી ગામની ભાગોળે ચોતરા ઉપર છોકરાને મળસ્કે સુવડાવીને ચાલ્યો ગયો. પછી સવાર થતાં એક શેઠની નજર તે છોકરા ભણી ગઈ. શેઠે તપાસ કરી પણ કોઈને દીઠું નહીં. તેથી એક કોળીની સ્ત્રીને અમુક પૈસા આપવાના કરી તે છોકરાને ઉછેરવા આપ્યો. તે છોકરો મોટો થયો ત્યારે એક વખત તેના બાપને વિચાર થયો કે તે છોકરાનું શું થયું હશે? તેની તપાસ કરવી. તપાસ કરતાં માલૂમ પડ્યું કે તે મોટો થયો છે. ગામના લોકોએ તે છોકરાને જણાવ્યું કે તારા ખરા બાપ આવેલા છે. ત્યારે છોકરો પેલા કોળી તરફ જોઈને કહેવા લાગ્યો કે મારા બાપ તો અહીં જ છે. હું બ્રાહ્મણનો છોકરો નથી. જ્યારે તે કોળીએ તથા લોકોએ અગાઉ બનેલી હકીકત કહી ત્યારે તેને પોતાની જ્ઞાતિનું ખરું ભાન થયું અને તેની સાથે જ કોળીપણું અંતરથી છૂટી ગયું. આ પ્રમાણે જ્યારે જીવને જ્ઞાનીપુરુષનો ઉપદેશ પરિણામ પામશે ત્યારે પોતાના ખરા સ્વરૂપનું ભાન થઈ જશે.

૨૮ તા. ૧-૭-૧૯૪૫

પૂજ્યશ્રી—આ જીવને મોક્ષમાર્ગ પ્રાપ્ત થવામાં ઘણા પ્રકારની ભૂલો થવાનો સંભવ છે. અને તે એવા પ્રકારે થાય છે કે તે ભૂલ કેવળી ભગવાનના જ જાણવામાં આવી શકે તેવી હોય છે, તેથી જ્ઞાનીપુરુષનું શરણ જ તે ભૂલથી બચાવનાર છે. તેમના આશ્રય સિવાય આ જીવને મુક્ત થવાનો બીજો કોઈ સરળ ઉપાય નથી. સંપૂર્ણ રાગદ્વેષનો ક્ષય ન થાય ત્યાં સુધી નિરાંત વાળી બેસવા જેવું નથી. કારણકે કર્મની વિચિત્ર ગતિ છે. કોઈ વિપરીત કારણોમાં શાંતિ રાખી શક્યા હોય છતાં સામાન્ય પ્રસંગોમાં વ્યાકુળતા થઈ જાય, તેથી ઘણી જાગૃતિ રાખવાની જરૂર છે.

મુનિ ધ્યાનમાં બેઠા હોય ત્યારે ગમે તેવા ઉપસર્ગો, પરિષહોને પણ સહન કરે છે અને

ધ્યાનમાંથી ઊઠ્યા પછી મોઢા ઉપર માખ બેસે તે પણ સહન થઈ શકે નહીં. જમીનમાં જેવી રીતે વિચિત્ર પ્રકારનાં પડ હોય છે, જેમકે અમુક જગ્યાએ દશ હાથ ખોદતાં પાણી આવે, અને પછી થોડે દૂર ખોદતાં પાણી ન પણ આવે. તેવી રીતે કર્મના ઉદય પણ હોય છે. જ્યારે ઊંચી ભૂમિકાએ જીવનું આવવું થાય છે, ત્યાર પછી સ્થિરતા આવતી જાય છે અને વસ્તુસ્વરૂપ સમજાયા પછી વિકટતા રહેતી નથી. તે પહેલાં જીવ નિમિત્તો ઉપર આધાર રાખી રાગદ્વેષ કર્યા કરે છે.

(સાંજના ૬-૦૦ થી ૭-૩૦ વાગ્યે) ૨૯ શ્રીમદ્ રા. આ. અગાસ તા. ૧-૯-૧૯૪૫

પૂજ્યશ્રી—આ જીવને મહત્ પુણ્યોદય હોય છે, ત્યારે જ ચિત્તસ્થિરતાનો ક્રમ હાથ આવે છે. તે જ કરવાનું છે. તે જ વૃત્તિને પોષણ મળે તેવો પુરુષાર્થ કર્યા કરવો. શાંતપણું એ જ પોતાનો સ્વભાવ છે. તેવો અનુભવ થયે બીજા ભાવોમાંથી આત્માનું છૂટવું થાય છે. પોતાનો આત્મા આનંદનું ધામ છે, તેવી પ્રતીતિ થયે પરવસ્તુ તરફ ચિત્તનો પ્રવાહ વહેતો નથી. પોતાનું વીર્ય (શક્તિ) ગોપવ્યા સિવાય પુરુષાર્થથી આત્માનું આગળ વધવું થાય છે, તેમ તેમ અપૂર્વતા માલૂમ પડતી જાય છે. પ્રથમ નિશાળમાં દાખલ થનાર વિદ્યાર્થીને પણ એમ લાગે છે કે પોતે કરે છે તે બરાબર જ છે, પણ તેથી આગળ અભ્યાસ વધ્યે તેને પછી ફરી વિશેષતા લાગે છે કે અગાઉના કરતાં હાલમાં કરવામાં આવે છે તે બરાબર છે; તેમ મુમુક્ષુને પણ લાગે છે, પણ પૂર્ણ દશા થતાં સુધી આગળ વધ્યા જ કરવાનું છે. કંઈ પણ પોતાની માન્યતાએ માની બેસે તો અટકી જવાય છે. અપૂર્વ વાત છે અને તેવો જ અનુભવ જેમ જેમ આગળ વધવું થાય તેમ તેમ વિશેષ પ્રકારે થાય છે. પૂર્ણ શાંતિપદ પ્રાપ્ત કરવાનું છે, તે લક્ષે પુરુષાર્થ કર્યા કરવો.

પરમકૃપાળુદેવે પ.પૂ.પ્રભુશ્રીજીને સમાધિ પ્રાપ્ત થવા 'સમાધિશતક'નું મનન કરવા આજ્ઞા કરેલી. તે પુસ્તક મનન કરવા યોગ્ય છે. તેમાં અંતરાત્મા-પરમાત્માનું વર્ણન ઘણા ઉત્તમ પ્રકારે કરેલું છે. જેને પરમકૃપાળુદેવનાં વચનો રહસ્ય સાથે સમજાયાં છે, તેને અન્ય શાસ્ત્રો સમજવાં સરળ છે.

પરમકૃપાળુદેવ એક વખત જ્યારે ધ્યાનમાં લીન હતા ત્યારે એક ભાઈએ કાગળોના નમૂના તેઓશ્રીને બતાવતાં ખરીદી માટે સલાહ માગી. ત્યારે એવો જવાબ મળ્યો કે પ્રથમ અમારું મસ્તક ઉતારી લીધું હોત તો ઠીક થાત. આવા પ્રકારે ધ્યાનમાં આત્માનંદ વર્તે છે; ત્યારે પરપદાર્થોનો પરિચય મૃત્યુ સમાન લાગે છે. ગૃહસ્થ વેશમાં પ્રવૃત્તિમાં રહી ધર્મસાધન કરવું એ ઘણું દુષ્કર છે. તેઓશ્રીને મુંબઈ સ્મશાનતુલ્ય લાગતું. તેમના વખતમાં તો તે એકલા જ રહી આત્મસાધના કરતા. પોતે સત્સંગને બહુ ઇચ્છતા અને પૂ. સોભાગભાઈને ઘણી વખત પોતા પાસે સત્સંગ અર્થે બોલાવતા હતા. એક વખત બન્નેએ સાથે ચિત્રપટ પડાવેલો છે. કેવી બન્નેની વૈરાગ્યમય અદ્‌ભુત દશા હતી!

પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીએ આપણા ઉપર અનંત ઉપકાર કરી સત્સંગનાં નિમિત્ત કરી આપ્યાં છે. તેઓશ્રીની આજ્ઞા પણ મળી છે. પુરુષાર્થ કરી આગળ વધવાનું કામ આપણું છે. જેવું ક્ષેત્ર તેવા ભાવ પણ થાય છે. શ્રવણ પોતાના અંધ માતાપિતાને લઈને 'પાણીપત'ના મેદાનમાંથી પસાર થતા હતા ત્યારે વિપરીત ભાવો આવ્યા. મનમાં વિચાર કર્યો કે આવા ભાવો શા કારણે આવ્યા હશે?

તેનો વિચાર કરતાં જણાયું કે યુદ્ધનું મેદાન હોવાથી તેવા ભાવો આવ્યા. તેમ સત્પુરુષો જ્યાં વિચરેલા હોય ત્યાં ઘણા લાંબા કાળ સુધી વાતાવરણ જીવને પવિત્ર કરે તેવું હોય છે.

જાગૃતિકાળમાં જેવા જીવે ભાવો કર્યા હોય છે તેના રહસ્યરૂપે નિદ્રામાં ભાવો થાય છે. વિશેષપણે થવાનું કારણ તેવા વખતે કંઈ અંકુશ જેવું રહેતું નહીં હોવાથી તેમ થતું માલૂમ પડે છે. ખરાબ ભાવોનું સેવન કર્યું હોય, તો તે પણ તેવા જોરથી આવે છે. નિમિત્તો જીવને પાછા પાડનાર છે, તેમાંથી બચવું ઘણું મુશ્કેલ છે. પણ જેમ જેમ અંતર્-આત્મવૃત્તિનું જોર વધતું જાય છે તેમ તેમ જીવનું આગળ વધવું થાય છે. પ્રભુશ્રીજી કહેતા કે–

**"જે જાણું તે નવિ જાણું, જે નવિ જાણું તે જાણું"**

બાહ્ય પદાર્થોનું વિસ્મરણ થશે ત્યારે પોતાના સ્વરૂપનું ભાન થશે. 'દીવા તળે અંધારું'ના જેવી વાત છે. આત્મા પોતે સુખનું ધામ છે, પણ બહારથી સુખ મેળવવાની વૃત્તિ હોવાથી પોતાનું સુખ માલૂમ પડતું નથી. જેમ માણસ બહાર ગમે ત્યાં ગયો હોય પણ જ્યારે ઘેર આવે ત્યારે જ શાંતિ લાગે છે, તેમ જ્યારે આત્મા પોતાના ઉપયોગમાં આવશે ત્યારે સુખી થશે. મકાનમાં બેઠેલો માણસ બહાર દૃષ્ટિ રાખે તો બહારના પદાર્થો નજરે પડે, અંદરની સ્થિતિ માલૂમ પડે નહીં; તેવું આત્મા માટે પણ છે.

અનંતાનુબંધી કષાય સંબંધી વાત પ.પૂ.પ્રભુશ્રીજી આગળ ચર્ચાતી હતી તે અધૂરી રહી, પછી ચાલતાં ચાલતાં બોલ્યા કે આ શરીર છે તે જ અનંતાનુબંધીનું ઘર છે. જેટલી મમત્વબુદ્ધિ શરીર પ્રત્યે હોય છે, તેટલા પ્રમાણમાં તે કષાય હોય છે. જીવને આગળ વધવામાં પૂર્વકર્મ દોષરૂપે અંતરાયરૂપ માલૂમ પડે છે પણ જેમ સૂર્યથી ગરમ થયેલા પથ્થરની ગરમી સૂર્ય અસ્ત થયા પછી પણ માલૂમ પડે છે, તેવી જ રીતે સમ્યક્દૃષ્ટિ પુરુષોને પૂર્વકર્મ સાથે સંબંધ હોય છે. દરેક જીવે પોતાને મનુષ્યભવમાં શું કરવું છે? તે ધ્યેય નક્કી કરી લેવું જોઈએ.

કોઈ મહાત્મા પૂછે કે તમે શું કરવા મનુષ્ય જન્મમાં આવ્યા છો? તો કહે કે કોણ જાણે? કંઈ ખબર નથી. તે જેમ ગાડું હાંકનાર પોતાનું ધ્યેય ક્યાં જવાનું છે? તે નક્કી કર્યા સિવાય ગાડું હાંક્યા કરે અને કોઈ પૂછે કે ક્યાં જવું છે? તો કહે કે મને કંઈ ખબર નથી કે ગાડું ક્યાં લઈ જવું છે. તેવા માણસ મૂર્ખ જ ગણાય. તેમ મનુષ્ય જન્મમાં શું કરવું છે તે નક્કી જાણ્યું ન હોય તો તે મૂર્ખાઈ જ ગણાય. મૂર્ખાઈ જ છે.

30 તા. ૩-૯-૧૯૪૫, સોમવાર

[૧]પૂજ્યશ્રી–'સમાધિશતક' પૂ.પ્રભુશ્રીજીની ત્યાગવૃત્તિ જોઈને પરમકૃપાળુદેવે વાંચવા આપેલું. મુંબઈમાં ધમાલ ઘણી હોવાથી 'પછીથી અધ્યયન કરીશું,' એમ જાણી મુલતવી રાખ્યું. થોડા વખત પછી કૃપાળુદેવે પૂછ્યું કે પુસ્તક કેટલું વાંચ્યું? ત્યારે પ્રભુશ્રીજીએ જણાવ્યું કે આ ધમાલમાં વાંચવાનું મુલતવી રાખ્યું છે. પરમકૃપાળુદેવ મૌન રહ્યા. પછી પ્રભુશ્રીજીને માલૂમ પડ્યું કે પરમકૃપાળુદેવની હાજરીમાં વંચાયું હોત તો ઘણો લાભ થાત. જોકે સત્તર શ્લોક પરમકૃપાળુદેવે વાંચી બતાવ્યા હતા. ત્યારપછી પ્રભુશ્રીજી ત્રણ વર્ષ મૌન રહ્યા હતા.

---

૧. વિસ્તારથી પ્રસંગ માટે જુઓ પૃષ્ઠ નં. ૪૩૬.

'સમાધિશતક' પૂજ્યપાદસ્વામીનું રચેલું પુસ્તક છે. સમાધિ પ્રાપ્ત કરાવે તેવું છે. જેને આગળ વધવું છે તેને ઘણા હિતનું કારણ છે. સત્તરમા શ્લોકમાં ઘણું સરસ વર્ણન છે. એક માસ જો પુરુષાર્થ ખરા હૃદયથી કરવામાં આવે તો આત્મા પ્રાપ્ત થઈ જાય. શ્લોક પચાસ સુધીમાં તો હદ કરી દીધી છે. ટૂંકાણમાં વાત છે, પણ તે ઉપરથી તો ઘણાં શાસ્ત્રો બની શકે તેમ છે. 'પૂજ્યપાદસ્વામી' તેવું નામ તેઓના ગુણોને લઈને પાડેલું છે. અસલ તેઓનું નામ બીજું છે.

પ્રથમ તે પુસ્તકમાં બહિરાત્માનું વર્ણન છે. આત્મા અને દેહ એકરૂપે જેને લાગે છે તે બહિરાત્મા છે. અંતરાત્માનું વર્ણન ત્યારપછી આવે છે. અંતરાત્મા અંદરના કષાયો ઘટાડવાનું કાર્ય નિરંતર કરે છે. બહાર સાથે કંઈ તેને સંબંધ નથી. પુસ્તકનું મનન વિશેષ પ્રકારે કરવા જેવું છે.

પર્યુષણ પર્વ બાર માસે આવે છે. જેમ વેપારી બાર માસનું સરવૈયું નફા-નુકસાનનું કાઢે છે, તેમ આત્માર્થી જીવને દરેક પર્યુષણ ઉપર વિચાર કરવાનો છે કે કષાય કેટલા ઘટ્યા છે? આગળ વધાયું છે કે નહીં?

સત્સંગ છે તેમાં જીવની પરિણતિ ઉલ્લાસિત રહે છે. તે ન હોય તો પરિણામ તેવાં રહે નહીં અને ધાર્યા પ્રમાણે આગળ વધી શકાય નહીં. સત્સંગ જીવને ઘણો સહાયરૂપ છે. પ્રભુશ્રીજી એક દૃષ્ટાંત તે ઉપર કહેતા—

એક માણસ હતો, તે ગોળ કુંડાળું કરી તેને કૂદવાનો અભ્યાસ કર્યા કરતો. પછી તે કુંડાળા કરતાં મોટું કુંડાળું કરી તે અગાઉ પ્રમાણે અભ્યાસ વધારતો જતો. એક વખત એક માણસે શરત મૂકી કે જે આ કૂવો છે તે કૂદી જાય તેને રૂ. ૫૦૦/ ઇનામ મળશે. પેલા કુંડાળું કૂદનાર માણસે તે ઇનામ જીતવાની હિંમત કરી, પણ કૂવો કૂદવાનો દેખી નાહિંમત થઈ પાછો પડી જતો. તે હકીકત એક બીજા માણસે જોઈ. એટલે પેલા કૂદનારને હિંમત આપતા કહ્યું કે કૂદી પડ. એમાં શું મહાન કરવાનું છે? તેમ તો તું દરરોજ અભ્યાસ કરતો હતો. આ સાંભળી પેલા માણસને હિંમત આવી અને કૂવા આગળ તે કૂદનાર માણસ આવ્યો, એટલે પેલા માણસે હોંકારો દીધો કે 'શાબાશ કૂદી પડ' એટલે તેની હિંમતથી તે કૂવો કૂદી પડ્યો. પછી હિંમત આપનાર માણસે કહ્યું કે હવે ઇનામમાં અર્ધો ભાગ મારો છે. કારણકે મેં હિંમત આપી તેથી તારાથી કૂદી જવાયું છે.

આ પ્રમાણે જીવને સત્સંગ સહારારૂપ છે, સહાયરૂપ છે. જીવને આગળ વધવામાં જરા પણ મુશ્કેલી પડતી નથી. પ્રભુશ્રીજી કહેતા કે આ દરવાજામાં પગ મૂકનાર માણસનું ઘણું પુણ્ય હશે તો જ અંદર આવી શકશે અને જો તે આવી ગયો તો કંઈ ને કંઈ, તેને ખબર ન પડે, પણ લઈ જશે.

ધનની આસક્તિ જીવને હોય છે ને મરણ વખતે પણ તેમાં જ ચિત્ત રખાવી ઘણું અહિત કરી દે છે. આમ જીવની બુદ્ધિ તેમાં એકાકાર થઈ જાય છે તે અજ્ઞાની મૂઢ જીવને સમજાતું નથી. મોહ મહા બળવાન છે. જીવ દુઃખી, દુઃખી થઈ રહ્યો છે. આખા જગતના જીવો ત્રિવિધ તાપથી આકુળવ્યાકુળ છે, પણ તે દુઃખ, મોહને આધીન જે જીવો છે તેમને લાગતું નથી. બહારથી સુખ મેળવવાની તૃષ્ણામાં જીવ હોય છે, પરંતુ તેથી સુખી થતો નથી. ખસ થઈ હોય તેને ખંજવાળવાથી સારું લાગે છે, પછી પરિણામે લાય બળે છે; તેમ આ જીવ ઇંદ્રિયોને વશ થઈ સુખ માને છે.

પાછળથી દુઃખ થાય છે તેનું તેને ભાન નથી.

૩૧ તા. ૭-૯-૧૯૪૫, શનિવાર

[એક ભાઈએ પૂછેલા પ્રશ્નનો જવાબ]

પૂજ્યશ્રી–જ્ઞાનીપુરુષોનો ઉપદેશ સર્વસંગપરિત્યાગ કરાવવાનો હોય છે. ન્યાયનીતિનું ધન પ્રાપ્ત કર્યું હોય તે પણ મૂકવાનો ઉપદેશ છે, તો અન્યાયથી દ્રવ્ય ઉપાર્જન અંશે પણ કરવાનો ઉપદેશ કેમ હોય? રાજ્યના કાયદા જેવા હોય તે પ્રમાણે વર્તવું જોઈએ. પોતાની આવક ઉપર વેરો સરકારમાં ભરવાનો આવે તો સાચી રીતે આપવામાં આવે તેથી ધન ઓછું થઈ જતું નથી. પોતાની ખોટી કલ્પના છે કે સરકારના કાયદા પ્રમાણે ચાલી શકાય તેવું નથી. તેમ કરવાથી પૈસાદાર થઈ જવાતું નથી. તેમ વેરો બરાબર સાચી રીતે ભરવાથી ભિખારી થઈ જવાતું નથી. નસીબમાં માંડ્યું હોય તેટલું જ રહે છે. તેને ગમે તે રસ્તે બચાવવા ધારીએ તો તેમ થઈ શકે તેમ નથી. તેમ કરવામાં ખોટા ચોપડા બનાવવા પડે છે, તે પોતાને ચોરી કરવા જેવું લાગે છે કે નહીં? જ્યારે પોતાને તે કરવું ઠીક ન લાગતું હોય તો જ્ઞાનીપુરુષો તેમાં અનુમતિ કેમ આપે? જો આપણાથી રાજ્યના કાયદાનું પાલન ન થઈ શકે તો બીજા રાજ્યમાં જવું. જેના રાજ્યમાં રહેવું તેના કાયદા પણ પાળવા જોઈએ.

ગોપાળદાસ પંડિત હતા. તે સત્યવક્તા હતા. એક વખત પોતાના નાના છોકરા સાથે ગાડીમાં મુસાફરી કરતા હતા. મુસાફરી લાંબા ટાઈમની હતી. ટિકિટ તપાસનારે આવી છોકરાની ઉંમર પૂછી ત્યારે ગોપાલદાસ તરફથી જવાબ મળ્યો કે વર્ષ ત્રણ પૂરાં થતાં અગાઉ મુસાફરી શરૂ કરેલી તેથી ટિકિટ લીધી નથી. આજે વર્ષ ત્રણ ઉપર એક દિવસ થયો. જે ટિકિટનો ચાર્જ થતો હોય તે હું આપવા તૈયાર છું. આવા પુરુષો પણ ગૃહસ્થ વ્યવહારમાં હોય છે.

જીવ ખોટી કલ્પના કરે છે. બધા લોકો કરે છે તેમ કરવું જોઈએ, તેવું સમજવું મુમુક્ષુને માટે અહિતકારી છે. લોકો સંસાર વધારવાનું કરે છે. જ્યારે જ્ઞાનીપુરુષો તો સંસારનો ક્ષય કરવાનું બતાવે છે. જો પોતાને જ્ઞાનીના માર્ગે ચાલવું છે, તો પછી જ્ઞાનીનું કહ્યું પણ માનવું જોઈએ. મુક્ત ન થવું હોય તો લોકો કરે છે તેમ કરવું.

(સાંજના ૬-૩૦ થી ૭-૧૫ વાગ્યે) ૩૨ તા. ૧૫-૯-૧૯૪૫

પૂજ્યશ્રી–'સમાધિશતક' છે તે એક કાયદાની ચોપડી માફક છે, અંતરના ઉકેલરૂપ છે. જ્યારે જરૂર પડે ત્યારે કામ લાગે તેવું છે. જેમ જીવની યોગ્યતા વધે તેમ સમજાય છે. પોતાના અનુભવમાં કંઈ આવ્યું હોય તે પ્રમાણે શાસ્ત્રમાં કંઈ મળી આવે તો ઘણો ટેકો મળે છે, આનંદ થાય છે અને આગળ વધવાનું કારણ થાય છે.

**"એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;**
**પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત."**

કર્મના ઉદય કયે વખતે કેવા આવે તેનું કંઈ પ્રમાણ નથી, માટે પ્રમાદ નહીં કરતાં સાવચેત

રહેવા જેવું છે. કર્મથી ગભરાવાનું નથી. અનંત પ્રકારનાં કર્મ અનંતકાળથી આ જીવમાં છે, તે ઉદયમાં આવે અને જાય છે, તેવી દૃષ્ટિ રાખવી. તેનો અભ્યાસ રાખવો. જે આવે છે તે જવાને માટે આવે છે. સાવચેત ન હોઈએ તો આત્માને કર્મ ક્યાંનો ક્યાંય લઈ જાય. માટે તેનો ઉપયોગ રાખવો. અગિયારમા ગુણસ્થાનક સુધી ગયેલો જીવ પણ પ્રમાદને લઈને તેવાં કર્મ ઉદયમાં આવે છે કે નીચે આવી જાય છે. તેનું કંઈ પ્રમાણ નથી. જીવનું મૂઢપણું છે તે જ અહિતકારી છે. જ્ઞાનીપુરુષોનાં વચનોનો આધાર છે તે જીવને ટકાવી રાખનાર છે. શાંતપણે વૃત્તિ ન રહે તેવા વખતે પણ ભક્તિ સ્મરણ વગેરે કર્યા જ કરવું. દુકાને ઘરાક ન આવતું હોય તો પણ દુકાન ખુલ્લી રાખી બેસવું પડે છે, તેમ આપણાં ધારેલા ભાવ ન થાય તો પણ તે જ કર્યા કરવું.

નિમિત્તાધીન જીવની વૃત્તિ છે, માટે જેમ બને તેમ ખોટા નિમિત્તોથી દૂર રહેવું. જેમ સત્સંગમાં રહી આત્મસાધન સુલભપણે થાય તેવું બીજે તો ન બને, પણ હોઈએ તેથી નીચે આવવું ન થાય તેવો પુરુષાર્થ તો રાખવો જ, તો આગળ વધવાનું થાય છે.

'સમાધિશતક' અહીં નિવૃત્તિ જોગે મનન થયું તેવું બીજે સ્થળે ન થાય. ગમે ત્યાં હોઈએ ત્યાં પણ ખાસ લક્ષ ન ચૂકવો. રુચિ ઉત્પન્ન થવી તે મહાભાગ્યની વાત છે. તેમ થવામાં તથા તેનું ધ્યેય શું છે? તે નક્કી કરવામાં તો અર્ધું કામ થઈ જાય છે.

પૂ. અંબાલાલભાઈ ઘણા વૈરાગ્યવાન મુમુક્ષુ હતા. તેઓને એમ લાગ્યા કરતું કે સમકિત પોતાને થયું છે. તે બાબત પરમકૃપાળુદેવને જણાવવી તેમ કરીને પત્ર લખ્યો ત્યારે જવાબ મળ્યો કે ''અંતર્ લક્ષવત્ વૃત્તિ થઈ તે પરમાર્થ પ્રાપ્તિનું કારણ છે.'' આવા પ્રકારે જવાબ આવ્યો, કારણ જીવને આગળ વધતાં અસંખ્ય સ્થાનકો આવે છે. તેમાં જ્ઞાનીપુરુષો અટકવા દેતા નથી. પૂર્ણ થતા સુધી જંપીને બેસવાનું નથી, માટે પુરુષાર્થ કર્યા જ કરવો. સુખ તો પોતે પોતાનામાંથી મેળવવાનું છે. તે કંઈ બહારથી લાવવાનું નથી કે જે લાવવામાં બહુ મહેનત પડે. રાજ્ય જીતવું હોય તો દારૂ, બંદૂકો, તોપો જોઈએ, પણ આ તો સહજ છે. તે પોતાને સમજાવું જોઈએ અને તે સમજાયું તો પછી પોતાને કેમ કરી આગળ વધવું તે સમજાતું જાય છે. આત્માર્થી જીવો પોતાનો માર્ગ પોતે કરતા જાય છે. ગમે તેવી મુશ્કેલી કે આંટી-ઘૂંટી આવી જાય પણ તેનો ઉકેલ પોતાને આવી જાય છે.

જ્ઞાનીપુરુષોની દશા કોઈ અલૌકિક હોય છે. જેમ જેમ જીવની યોગ્યતા વધતી જાય છે, તેમ તેમ તેને તેમનું માહાત્મ્ય સમજાતું જાય છે. યોગ્યતા સિવાય પોતાની દૃષ્ટિએ જોવા જાય તો કાંઈ માલૂમ પડે તેવું નથી. શાસ્ત્રોમાંથી કંઈ ને કંઈ શોધી કાઢે અને તેની સાથે પોતાની બુદ્ધિથી તુલના કરવા જાય તો શું માલૂમ પડે?

કૃપાળુદેવે પ. પૂ. પ્રભુશ્રીજીને જણાવેલું કે મુનિ, અમારામાં અને વીતરાગમાં કંઈ તફાવત ગણશો નહીં. એક બીજા મુમુક્ષુને કહેલું કે પોતે એક ભવે મોક્ષે જવાના છે. આ બધું જીવને શ્રદ્ધા સિવાય શી રીતે માન્ય થાય?

પૂ. પ્રભુશ્રીજીની દશા આખર વખતે અદ્ભુત હતી. રાગદ્વેષ જેવું કંઈ મળે નહીં. કપડું પણ શરીર ઉપર રાખતા નહીં. તેટલા માટે બારણાં બંધ રાખવાં પડતાં. જ્યારે દર્શન કરાવવાં હોય ત્યારે

જ ઉપર કપડું નાંખવામાં આવતું. બાકી દિગંબર અવસ્થામાં જ રહેતા. એક વખત મને એમ થયું કે પૂ. પ્રભુશ્રીજીનું કયું ગુણસ્થાનક હશે ? તરત જ પોતે આગળ ચાલતા હતા તે પાછા વળીને જણાવ્યું કે દશા દિન-પ્રતિદિન વધતી જ જાય છે. જ્ઞાનીપુરુષો કોઈક વખત જ તેવી વાત જણાવે છે.

'સત્સંગ' વિષેના શિક્ષાપાઠમાં કૃપાળુદેવે ઘણી ઉત્તમ વાત કરેલી છે. તેનું રહસ્ય જેમ જેમ જીવ આગળ વધે તેમ તેમ જણાય તેવું છે અને તેમ થયે ઉલ્લાસ આવે છે, કારણકે પોતાને સમજાયું હોય તે જ આવે તો પછી તે વચનો અલૌકિક લાગ્યા વિના રહે નહીં. પાંચે ઇંદ્રિયોમાં આસક્તિ હોય તો સત્સંગ ફળવાન થાય નહીં. પોતાના દોષ જોવાથી, અધમાધમ છું એમ લાગવાથી તથા જ્ઞાનીપુરુષના અલૌકિક માહાત્મ્યથી ગમે તે પ્રકારે અશ્રુપ્રવાહ વહે તો પછી હૃદય ઘણું હલકું થઈ જાય છે. ઘણા કર્મની નિર્જરાનું કારણ થઈ આગળ વધવું થાય છે. તેમ થવું તે લાભનું કારણ છે.

'સમાધિશતક' કોઈ મુમુક્ષુ હોય ત્યારે વાંચવામાં હરકત નથી. પોતાને દૃઢ થતું જાય છે. પોતાનું કામ છે, પોતે કરવાનું છે એવો લક્ષ રાખવો.

મનની ગતિ બહુ ચપળ છે. મુનિ ઉપદેશ કરતા હોય, પોતાના કામમાં લીન હોય અને બીજે ક્યાંય અચાનક દૃષ્ટિ પડી જાય તો પણ ઘણાં કર્મ બંધાઈ જાય છે. ક્ષણમાં આકાશ તો ક્ષણમાં પાતાળમાં જઈને મન બેસે છે માટે બહુ સાવચેત રહેવું. બહુ જ સૂક્ષ્મ તેની ચપળતા હોય છે. તે આપણને તો તુરત માલૂમ પણ ન પડે તેવી છે. મદોન્મત્ત અશ્વ જેવું મન છે તે જ્ઞાનરૂપી લગામથી કાબૂમાં રહે તેવું છે. વાણીનો સંયમ તો જીવને ઘણો ઉપકારી છે. ''જીવનું મૂઢપણું ફરી ફરી, ક્ષણે ક્ષણે, પ્રસંગે-પ્રસંગે વિચારવામાં જો સચેતપણું ન રાખવામાં આવ્યું તો આવો જોગ બન્યો તે પણ વૃથા છે.'' (૪૭૯)

૩૩

ભાદરવા સુદ ૧૫, સં.૨૦૦૧
તા. ૨૧-૯-૧૯૪૫, શુક્રવાર.

પૂજ્યશ્રી—રાગદ્વેષનો ક્ષય કરવો એવી જ્ઞાનીપુરુષોની આજ્ઞા છે. રાગદ્વેષનો ક્ષય કરવો હોય તેણે જ્ઞાનીપુરુષની આજ્ઞાનું આરાધન કરવું. સત્પુરુષ પ્રત્યે જીવને જેટલો પ્રેમ થશે તેટલો સંસાર પ્રત્યેથી ઓછો થશે. રાગ કોઈ પણ પદાર્થ ઉપર કરવો નહીં, કરવો તો સત્પુરુષ ઉપર કરવો. આપણે સત્પુરુષ ઉપર પ્રેમ કરીએ છીએ, પરંતુ તે પુરુષો આપણા ઉપર રાગ, પ્રેમ કરતા નથી. તેથી એક તરફનો પ્રેમ આખરે નાશ પામે છે અને જીવ સત્પુરુષ તુલ્ય થાય છે. દુનિયાનો પ્રેમ બન્ને તરફનો અરસપરસ એકબીજા ઉપર હોવાથી તેમાં જ ભ્રમણ કરાવે છે. સત્પુરુષ ઉપરનો પ્રેમ પરિણામે સંસાર ક્ષય કરાવનાર છે. દરેક વસ્તુ ઉપરથી પ્રેમ ઉઠાવી સત્પુરુષ ઉપર કરવાથી બધા શાસ્ત્રોનો સાર હૃદયમાં માલૂમ પડે છે. આત્મપ્રાપ્તિનો એ ખાસ ઉપાય છે.

પ્રથમ તો જીવને કંઈ ભાન હોતું નથી, પરંતુ સત્પુરુષની આજ્ઞા જીવને જે પ્રમાણે મળી હોય તેના ઉપર દૃઢ વિશ્વાસ રાખી આરાધન કર્યા કરવું. ચિત્રપટમાં ધ્યાન રાખવું, માળા ગણવામાં ચિત્ત રાખવું, શબ્દો તથા વચનોમાં મનને પરોવવું. આવા અનુક્રમથી પુરુષાર્થ કરતાં જીવનું

આગળ વધવું થાય છે. સત્પુરુષોનાં વચનોનું પરિણમન થઈ જ્ઞાનપ્રાપ્તિ થાય છે. ક્રમપૂર્વક જે કામ થાય તેનું ફળ આવ્યા વિના રહે નહીં. જેમકે ચિત્રપટ વગેરેમાં ચિત્ત રાખવું તે ઝાડના મૂળને પોષણ આપવા બરાબર છે. ત્યારપછી વચનોમાં ચિત્ત જાય તે છોડ મોટો થવા બરાબર છે. તેમાં વિશેષ પ્રકારે તલ્લીનતા આવતી જાય તે ફૂલ બરાબર છે અને પરિણમન થઈ આત્મપ્રાપ્તિ થાય તે ફળ ખાવા બરાબર છે. સત્પુરુષોનો ઉપદેશ એક જ વાત સમજાવવા માટે જુદા જુદા પ્રકારે હોય છે. જીવની યોગ્યતા આવે તેમ તેમ તે સમજાતું જાય છે. જે જીવો પુરુષાર્થી છે અને આગળ વધવાના ક્રમમાં હોય છે તેમને દરરોજ કંઈ ને કંઈ નવું જ માલૂમ પડે છે. આત્મા છે તે બધું જાણી શકે છે, પોતાની વાત છે તે કેમ ન જાણે? વૃત્તિઓ જેમ જેમ શાંત થતી જાય છે, તેમ તેમ પોતાને વિશેષ પ્રકારે સમજાતું જાય છે. આત્મજ્ઞાન થતાં અગાઉ જીવને ઘણી ભૂમિકાઓ પસાર કરવાની હોય છે. જેમ જેમ જીવ ઊંચી ભૂમિકાએ આવતો જાય છે, તેમ તેમ તેને આનંદ આવે છે.

''વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો.'' (૫૦૫) પરમ શાંત થવું તે જ ધર્મ છે અને તેનો જ નિશ્ચય દૃઢપણે રાખી પુરુષાર્થ તેવા થવાનો કર્યા કરવો. પ્રભુશ્રીજીના ઉપદેશમાં પણ એમ આવ્યું કે પોતાને શું અહિતકર્તા છે? તે પ્રથમ શોધી કાઢવું અને જીવનપર્યંત સત્પુરુષાર્થ કર્યા કરવો. આ મનુષ્યભવમાં પોતાને શું કરવું છે તેનો લક્ષ કરી લેવાનો છે. પ્રભુશ્રીજી કહેતા કે 'મત ચૂકે ચૌહાણ' આ પ્રમાણે તેઓશ્રી હરઘડીએ આપણને જાગ્રત થઈ જવા કેટલો ઉપદેશ આપતા! ભરત ચેત! ભરત ચેત! એમ વારંવાર કહેતા. એક માણસ ઊંઘતો હોય અને તેને જગાડવો હોય તો બે ત્રણ વાર બોલાવ્યે છેવટે જાગી જાય છે, તેમ સત્પુરુષનો ઉપદેશ વારંવાર જીવના સાંભળવામાં આવે તો જાગૃતિ આવી જાય તેવું છે; માટે સત્સંગ કર્યા કરવો, તો જરૂર લાભ થશે.

[૧]મહાવીરસ્વામીએ એક બ્રાહ્મણને ત્યાં ચોમાસું કર્યું હતું. ત્યારે તે બ્રાહ્મણ તેમની ચર્ચા જોયા કરતો. પ્રભુ કોઈ વખત આહાર લેવા જાય કે ન પણ જાય. તે જોઈને તેને એમ થયું કે આ કોઈ નિઃસ્પૃહી મહાત્મા છે, તેમજ ત્યાં ઇંદ્ર તથા દેવો આવી પ્રભુની સ્તુતિ કરતા, તે જોયું ત્યારે તેને બહુ શ્રદ્ધા થઈ. તેથી તેણે એક પ્રશ્ન પૂછવાનો વિચાર કરીને પૂછ્યું કે હે પ્રભુ! મારે એક પ્રશ્ન કરવો છે. તે એ કે આત્મા શું હશે? ત્યારે પ્રભુએ જવાબ આપ્યો કે તને એમ લાગે છે કે 'હું છું.' ત્યારે બ્રાહ્મણે જવાબ આપ્યો કે હા, 'હું છું' એમ મને નક્કી લાગે છે. એટલે પ્રભુ બોલ્યા કે તે જ 'આત્મા'. આટલી વાત ઉપરથી તે બ્રાહ્મણને જ્ઞાન થયું. આમ જો યોગ્યતા હોય અને સત્પુરુષ મળે તો જ્ઞાન થવામાં વાર લાગતી નથી, વાર લાગે નહીં.

જ્ઞાનીપુરુષના માહાત્મ્યનો જીવને જ્યાં સુધી લક્ષ ન થાય ત્યાં સુધી આત્મામાં પ્રફુલ્લિતપણું આવતું નથી.

**''અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;**
**અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ.''**

જેમ જેમ જ્ઞાનીપુરુષનું જીવને ઓળખાણ થતું જાય છે, તેમ તેમ આત્મા તે રૂપે થતો જાય છે.

---

૧. આ જ દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૩૯૪, ૫૦૩.

પાણીના નળની માફક, એક પાઈપને બીજી પાઈપનું જોડાણ થાય અને પાણી એકમાંથી બીજી પાઈપમાં જવા લાગે છે, તેમ આત્માનો પ્રવાહ તે રૂપે થવા માંડે છે. ફક્ત જોડાણ થવાની જરૂર છે.

'વીશ દોહરા' છે તે ભાવપૂર્વક બોલાય તો બધા દોષો ક્ષય થઈ આત્મા નિર્મળ થઈ જાય તેમ છે. જ્ઞાનીપુરુષનાં વચનો મોઢે બોલી જઈએ, પણ વિચાર ન આવે તો શું કામનું? જેમકે "હે ભગવાન! હું બહુ ભૂલી ગયો." શું ભૂલી ગયો? એનો વિચાર આવે તો જ્ઞાનીપુરુષોને આગળ શું જણાવવું છે તેનો લક્ષ થાય. પછી તુરત જ એમ જણાવ્યું છે કે "મેં તમારાં અમૂલ્ય વચનોને લક્ષમાં લીધાં નહીં."

આ જીવ બાહ્ય દૃષ્ટિવાળો હોય ત્યાં સુધી જે જે પદાર્થો જુએ તે જ સાચા માની લે છે, પરંતુ જે જોનારો દેહમાં રહ્યો છે તેનો લક્ષ થતો નથી. જે દેખાય છે તે તો પુદ્ગલ છે. નિરંતર તેનું આવવું અને જવું આ શરીરમાં થાય છે, પણ આપણને ક્યાં માલૂમ પડે છે? બાળપણમાં જે પરમાણુનું શરીર હતું તેમાંના અત્યારે કોઈ પણ હોય નહીં. પણ પોતાને તો હું છું તેનો તે જ છું, એમ લાગ્યા કરે છે. સર્વત્ર પુદ્ગલોનું અવળસવળ થવું નિયમિતપણે થયા જ કરે છે.

**"પુદ્ગલ ખાણો, પુદ્ગલ પીણો, પુદ્ગલહુંથી કાયા;**
**પુદ્ગલ કો સબ લેણોદેણો, પુદ્ગલમેં હિ જાય,**
**સંતો દેખીએ બે પરગટ પુદ્ગલ જાલ તમાસા."** (શ્રી ચિદાનંદજી)

આમ પ્રભુશ્રીજી ઘણી વખત કહેતા. તે પુદ્ગલની જાળમાંથી નીકળવું બહુ વિકટ છે. જ્ઞાનીપુરુષનો આશ્રય હોય તો જ છૂટી શકાય તેમ છે. સમુદ્રમાં પાણી હોય છે. તેની વરાળ થઈ વાદળાં બને છે. તેમ કર્મોના સમૂહરૂપે આ શરીર માલૂમ પડે છે. પાણીની વરાળ થઈને વાદળાનું બનવું થાય છે, તે કંઈ આંખથી દેખી શકાતું નથી; પણ વાદળાં થઈ વરસાદ થાય છે, તે વાત સાચી છે. તેમ આ શરીર કર્મોનું બનેલું છે. જીવને કર્મની વર્ગણા થયા કરશે ત્યાં સુધી તે રહેવાનું જ છે. જૂનાં ભોગવાય છે અને નવાં બંધાય છે. નવાં ન બંધાય તે યુક્તિ હાથ આવી જાય તો જૂનાં ભોગવાતાં જાય, તેમ તેમ આત્મા મુક્ત થતો જાય. માટે તેની સમજણ કરી લેવાની છે. નાનો છોકરો અણસમજણવાળો હોય, ક્રોધ વગેરે કરતો હોય પરંતુ મોટો થાય, સમજણો થાય ત્યારે સુધરી જઈ વેપાર વગેરે સારી રીતે કરે છે, અપલક્ષણો ભૂલી જઈને પોતાની ફરજ સંભાળે છે. તેમ જો આ જીવ સત્પુરુષનું કહ્યું માની સમજણો થાય તો જ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષે જાય તેમ છે અને તે માટે આ મનુષ્યભવ જ છે. બીજા કોઈ ભવમાં થઈ શકે તેમ નથી. સમ્યક્દૃષ્ટિ જીવો પણ બીજા ભવમાં કંઈ વિશેષ ધર્મ આરાધના કરી શકતા નથી. તેથી જ મનુષ્યભવ ઉત્તમ કહેલો છે. જેનું પૂર્ણ ભાગ્ય હશે તે ચેતી જશે. જ્ઞાનીપુરુષની આજ્ઞાનું આરાધન કરનાર જીવો અન્ય સંસારી જીવો કરતાં ઘણા સુખી હોય છે.

*

(સભામંડપમાં)

પૂજ્યશ્રી—અભિમાન કોઈપણ પ્રકારે કરવું નહીં. ઉપવાસ આદિ પણ નિરભિમાનપણે ઇંદ્રિયો

વશ થવાને માટે, આત્માનો લક્ષ રાખીને કરવા. જીહ્વા ઇંદ્રિય પ્રથમ વશ થાય તો બધી ઇંદ્રિય ઉપર કાબૂ આવી શકે છે. વસ્તુ ઉપર તુચ્છભાવ લાવવાથી પણ ઇંદ્રિયો વશ થાય છે.

પૂ.પ્રભુશ્રીજી કહેતા કે એક ભંગી જાજરૂનો ડબો લઈ જતો હતો. તેના ઉપર એક માણસનો સુંદર રૂમાલ બારીમાંથી ઊડીને બરાબર તે ડબા ઉપર આવીને પડ્યો. જેથી અન્ય ભંગી લોકોને એમ થયું કે આ કોઈ જગ્યાએથી સારું ખાવાનું લાવ્યો છે. માટે તેની સાથે જઈશું તો ખાવાનું મળશે, તેમ જાણી પાછળ પાછળ તેમણે જવા માંડ્યું. જ્યાં જાજરૂ ખાલી કરવાની જગ્યા આવી કે તેણે રૂમાલ ડબા ઉપર પડેલો જોયો કે તુરત લઈ લીધો અને ડબો ખાલી કર્યો. જે પાછળ ગયેલા તેમના જોવામાં એ આવ્યું કે તુરત જ દૃષ્ટિ બદલાઈ ગઈ. તેમ જીવને જ્યાં સુધી ઉપર ઉપરની દૃષ્ટિ હોય છે, ત્યાં સુધી જ મોહ થાય છે. અંદરખાને તપાસી વિચારીને જુએ તો શરીરમાં અશુચિ પદાર્થો ભર્યા છે. રૂમાલ ઢાંકેલા ડબાની પેઠે ઉપરથી સુંદર લાગે, પણ વિચારથી જોતાં તેવું કંઈ છે નહીં. જો અશુચિપણું જીવના સમજવામાં આવી જાય તો મોહ ઓછો થાય તેવું છે.

જ્ઞાનીપુરુષોનાં વચનોનું પરિણમન આ જીવને જો ન થતું હોય તો તેનું ખાસ કરીને એક કારણ છે અને તે એ કે 'લોભ'. જો જીવને એમ હૃદયમાં બેસી જાય કે મારે હવે લોભ કરવો નથી અને આત્મકલ્યાણ કરવું છે, તો તેને ઘણા વિકલ્પો ઓછા થઈ જાય છે અને જ્ઞાનીપુરુષોનાં વચનો અંતર્‌પરિણામી થાય છે. આ વાત ઉપર જીવનો લક્ષ થવો જોઈએ. જીવ જો પુરુષાર્થ કરે તો ઘાતી કર્મોનું કંઈ ચાલે નહીં અને તે જવા માંડે તેવું છે. પોતાના દોષ હોય તે કાઢવાનો ખાસ લક્ષ રાખવો. કોઈ ગુણ પ્રગટ્યો હોય તો તેનું અભિમાન કરવું નહીં. તેમ કરવાથી પાછું પડી જવાય છે. તે ઉપર એક દૃષ્ટાંત છે કે—

એક મુનિને અવધિજ્ઞાન થયું હતું. એટલે તેમણે ઉપયોગ મૂકી જોયું તો ઇંદ્રાણી રિસાયેલી હતી, તેને ઇંદ્ર મનાવતો માલૂમ પડ્યો. જેથી તેમને હસવું આવ્યું. આમ અભિમાન થવાથી અવધિજ્ઞાન ચાલ્યું ગયું. જ્ઞાનીપુરુષોના ઉપદેશમાં એવી ચમત્કૃતિ છે કે જે જીવોએ તેમનો આશ્રય સ્વીકાર્યો છે, બહુમાનપણે તે વચનોનું નિરંતર શ્રવણ મનન કરે છે, તેમને તેવા દોષો ઉત્પન્ન થતા નથી.

*

પૂજ્યશ્રી—'આઠદૃષ્ટિની સજ્ઝાય' છે, તે અંતર્‌પરિણામ ઉપર છે. પ્રથમની ચાર દૃષ્ટિમાં જે ગુણોનું વર્ણન કરેલું છે તે ભૂમિકારૂપે છે. વ્રતરૂપે યમનિયમ હોય અથવા ન પણ હોય. જેટલા કષાયો ઘટ્યા હોય તેટલો આત્મા નિર્મળ હોય છે. પાંચમી દૃષ્ટિમાં ક્ષાયિક સમકિતીનું વર્ણન છે. ઉપશમ સમકિત થોડો વખત જ રહે છે. પછી ક્ષયોપશમ થઈ જાય છે, ત્યારે નિર્મળપણું હોતું નથી. સમ્યક્ત્વમોહનીયનો ઉદય રહ્યા કરે છે, તેથી સમળપણું આત્મામાં રહે છે. જેમ થાળી સુવર્ણની હોય, પણ અંદર લોખંડનો ખીલો માર્યો હોય તે પ્રમાણે જાણવું. કામ તો બન્ને પ્રકારની થાળીથી સરખા પ્રમાણથી લઈ શકાય છે, પણ લોખંડનો ખીલો છે તેટલી એબ ગણાય છે. તેમ બન્ને પ્રકારનાં સમકિતમાં હોય છે. ક્ષયોપશમ સમકિત ઘણી વખત આવે અને ચાલ્યું જાય છે. જો

ઉપયોગ ન રહે તો આ ભવમાં જતું પણ રહે તેમ છે. વધુમાં વધુ છાસઠ સાગરોપમ સુધી રહી શકે છે. માટે સાવચેત રહેવા જ્ઞાનીપુરુષોનો નિરંતર ઉપદેશ હોય છે. (સમકિત માટેનું દૃષ્ટાંત)–

જેમ કોઈ માણસ ખાસ અગત્યની ચીજ બજારમાં લેવા નીકળ્યો. બધે ફરી ફરીને તે વસ્તુ તેના જોવામાં આવી ગઈ કે તુરત તેની કિંમત નક્કી કરી લીધી. હવે ખરીદવા માટે તેટલા પૈસા તેના ખિસ્સામાં હતા નહીં. તેથી તેણે દુકાનદારને જણાવ્યું કે ભાઈ, હું અત્યારે તને આ વસ્તુના બાના પેટે થોડા પૈસા આપું છું, બાકીની પૂરી કિંમત હું પછીથી આપીને તે વસ્તુ લઈ જઈશ. આમ કરી તે વસ્તુ પોતાની કરી લીધી, જેથી તે દુકાનદાર બીજાને તે વસ્તુ વેચી શકે નહીં.

એવી રીતે સમકિત થયું એટલે તેને મોક્ષ મળ્યો જ ગણાય, કારણ કે ચારિત્રમોહને લીધે તુરત મોક્ષ થઈ શકે નહીં, પણ જેમ જેમ કર્મો ક્ષીણ થતાં જાય, તેમ તેમ તેનો મોક્ષ થતો જાય છે. પછી તો તેની પુરુષાર્થ કરવાની ઘણી ઝડપ હોય છે, કારણ કુંચી હાથ આવી ગઈ. જ્ઞાને કરી ઘણાં કર્મોની નિર્જરા થઈ જાય છે. ત્યારપછી ખરા સ્વરૂપમાં વ્રત-પચખાણ આવે છે. આ બધું મનુષ્યભવમાં જ થઈ શકે તેમ છે. જ્યાં સુધી સંપૂર્ણ મોહનો ક્ષય ન થાય ત્યાં સુધી જંપીને બેસવા જેવું નથી અને જ્ઞાનીપુરુષોની તેવી આજ્ઞા છે. કારણકે મોહરૂપી શત્રુઓ ચોતરફ હોય અને માણસ અજાગ્રત રહે તો મોહ ક્યારે હુમલો કરી, આ જીવને નીચે પાડી નાંખે તેનું કંઈ ઠેકાણું નથી. માટે જાગ્રત રહેવું. આ સંસાર તે ઠગારું પાટણ છે. એક જગ્યાએથી બચી જવાય તો બીજી જગ્યાએ ઠગાઈ જવાય તેવું છે. માટે ચેતતા રહેવું. [૧]જનક વિદેહી હતા, પણ માયાના પ્રપંચમાં તણાઈ જવાના પ્રસંગે અષ્ટાવક્ર ગુરુનું શરણું લેતા.

છઠ્ઠી દૃષ્ટિમાં ભાવો વિશેષ નિર્મળપણે હોય છે. ‘‘મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજાં કામ કરંત; તેમ શ્રુત ધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત.’’ આ પ્રમાણે નિરંતર જીવનો પુરુષાર્થ હોય છે. સાતમી દૃષ્ટિમાં અપ્રમત્ત ગુણસ્થાનકવર્તી જીવનું વર્ણન છે. ‘‘નાગરસુખ પામર નવિ જાણે, વલ્લભ સુખ ન કુમારી; અનુભવ વિણ તેમ ધ્યાનતણું સુખ, કોણ જાણે નરનારી રે.’’ અનુભવમાં સ્થિરતા ઘણી હોય છે. છઠ્ઠેથી સાતમે અને સાતમેથી છઠ્ઠે આ પ્રમાણે નિરંતર ચાલ્યા જ કરે છે. ઋષભદેવ ભગવાને આ પ્રમાણે હજાર વર્ષ સુધી એક જ પ્રકારે પુરુષાર્થ કરી શ્રેણિ માંડી મોક્ષે પધાર્યા. મહાવીરસ્વામી સાડા બાર વર્ષ સુધી મૌનપણે રહ્યા અને સત્પુરુષાર્થ કરી મોક્ષે પધાર્યા. મહાન પુરુષોનાં દૃષ્ટાંતો જીવને બહુ હિતકારી નીવડે છે.

મહાવ્રત છે તે ગ્રહણ કર્યા પછી કોઈ પણ પ્રકારે તેમાં અતિચાર ન આવવા દેવો. તે વ્રત ગ્રહણનું માહાત્મ્ય છે. સંસારમાં રહેલા જીવો અણુવ્રત પાળી શકે, પરંતુ તે ગ્રહણ કર્યા પહેલાં બધો અભ્યાસ કરી મૂક્યો હોય તો પછી સહેલાઈથી પાળી શકાય. ભાવના તો ઉચ્ચ પ્રકારની રાખવી અને તેથી જ આત્મહિત છે. સત્ય બોલવાનો અભ્યાસ હોય તો તેટલું આત્મહિત વિશેષ પ્રકારે થાય છે. તેમ ન થાય તો પછી તેટલા પ્રમાણમાં કર્મબંધનું કારણ થાય છે.

૩૪ તા. ૨૯-૧૦-૧૯૪૫

પૂજ્યશ્રી–‘સમાધિશતક’માં જે હકીકત આવે છે તે જ વર્ણન ‘જ્ઞાનાર્ણવ’ ગ્રંથના ધ્યાન

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૫૦૦

અધિકારમાં આવે છે. સંસારમાં રહેલા જીવો કંઈ પણ ગ્રહણ કરીને સુખી થવા ઇચ્છા રાખે છે; જ્યારે જ્ઞાનીપુરુષો ત્યાગમાં આનંદ માને છે અને કંઈ પણ ગ્રહણ કરવામાં દુઃખ રહેલું છે, એમ માને છે.

જ્ઞાનીપુરુષોને જગત પથ્થર સમાન લાગે છે, કારણકે તેમને તેમાં સુખબુદ્ધિ રહેલી નથી. સુખ તો પોતાના આત્મામાં જ છે, તેવો અનુભવ થયેલો છે. તેથી બાહ્ય પદાર્થો ગમે તેવી સ્થિતિમાં હોય તે ફક્ત પોતે જોયા કરે છે, પણ તેમાં રાગદ્વેષ કરતા નથી.

અજ્ઞાની જીવોને જગતના પદાર્થો ઉપર શ્રદ્ધા હોવાથી તેને પોતાની ઇચ્છા પ્રમાણે રાખવા પ્રયત્ન કરે છે અને તેથી પોતે સુખી છે, એમ માની રાગદ્વેષ કર્યા કરે છે. જ્ઞાનીપુરુષો લોક પરિચયને ત્યાગે છે. તેનું કારણ લોકના પરિચયથી વચન બોલાય છે, તેથી ચિત્ત અસ્થિર થાય છે અને મન ભ્રમિત થઈ સંકલ્પ-વિકલ્પ કરવા મંડી પડે છે. જેના આત્મામાં સ્થિરતા આવી છે, તેનો નિશ્ચયે મોક્ષ થવાનો છે.

જ્ઞાનીપુરુષો જીર્ણ દેહને ત્યાગતાં શોક કરતા નથી. જેમ જીર્ણ થયેલું વસ્ત્ર નાખી દઈ નવું વસ્ત્ર પહેરવામાં શોક થતો નથી, તેમ તેમને મરણ સમયે કંઈ પણ દિલગીરી કે શોક થતો નથી અને સમાધિ સહિત મરણ થાય છે. અજ્ઞાની જીવ ઘરમાં રહે કે જંગલમાં રહે તો પણ કર્મબંધ કર્યા જ કરે છે. તેમજ તે જાગૃત હોય કે ઊંઘમાં હોય, તો પણ કર્મ બંધ થયા જ કરે છે અને જ્યારે જ્ઞાનીપુરુષો તો આત્મામાં જ રહેતા હોવાથી ઘર કે જંગલ તેમને સમાન હોવાથી કર્મબંધ થતો નથી. તેમજ જાગતાં કે નિદ્રામાં પણ જ્ઞાનીપુરુષોને તો નિર્જરા જ થયા કરે છે.

(સવારના ૯-૩૦ વાગ્યે) ૩૫ મંગળવાર, તા. ૩૦-૧૦-૧૯૪૫

(પૂ. શ્રી બ્રહ્મચારીજી પાસે પરમકૃપાળુદેવના ભાણેજ તથા પૂ. જવલબેન[1] આવ્યા હતા, તે વખતે)

(મોક્ષમાળા પ્રવેશિકા જે ત્યારે અપ્રગટ હતી તેમાંથી ઉજ્જૈનના રાજાનું દૃષ્ટાંત કહી સંભળાવ્યું.)

પૂજ્યશ્રી—ઉજ્જૈનનો રાજા શિકાર કરવા ગયેલો ત્યારે મૃગની પાછળ પડ્યો; પણ તે હાથ ન આવતાં દૂર નીકળી જવાયું. તેવામાં ઘોડો ભડક્યો, એટલે પેંગડામાંથી એક પગ નીકળી ગયો અને નીચે પડવાની તૈયારીમાં હતો. ત્યાં તો મોટો નાગ મોં ફાડીને કરડવાની તૈયારીમાં હતો. આગળ દૃષ્ટિ જતાં વિકરાળ સિંહ જોવામાં આવ્યો. ઘોડા ઉપર ચડવા જતાં તરવાર મ્યાનથી નીકળી ગળા નજીક આવી ગયેલી માલૂમ પડી. કોઈ બચવાનો માર્ગ જોવામાં આવ્યો નહીં ત્યારે પૂર્વે જૈન ધર્મનો કંઈ ઉપદેશ સાંભળેલો હશે તે યાદ આવી જતાં તેનું મનન કરવા માંડ્યું, એટલે આત્મા શાંત થતો ગયો. એમ કરતાં રાજાએ અંતરંગમાં જૈન ધર્મ અંગીકાર કર્યો. આ જાણી નાગને પણ કરડવાનો વિચાર મટી ગયો અને વાચા થતાં બોલ્યો કે આટલામાં મુનિ મહારાજ બિરાજે છે ત્યાં જઈ તેમનો ઉપદેશ સાંભળીને પૂર્ણ રીતે જૈન ધર્મ અંગીકાર કર.

જવલબેન—પરમકૃપાળુદેવના થઈ ગયા પછી પચાસ વર્ષે ધર્મની ઉન્નતિ કોણ કરનાર છે? અને તેમને પ્રગટમાં કોણ લાવનાર છે?

પૂજ્યશ્રી— જે પરમકૃપાળુદેવને ઈશ્વરતુલ્ય માની તેમની ભક્તિમાં જોડાયા તે. બાકીના બધા

૧. જવલબેન— પરમકૃપાળુદેવનાં દીકરી.

તો તેમને પ્રગટમાં લાવનાર ન કહેવાય, પણ ઢાંકનાર કહેવાય. પરમકૃપાળુદેવે જણાવ્યું છે કે અમે મહાવીરસ્વામીનું હૃદય શું હતું તે જાણીએ છીએ; તેમ કૃપાળુદેવનાં વચનો ઉપરથી ગમે તે અર્થ કરી વાત થતી હોય, પણ પરમકૃપાળુદેવનું હૃદય શું હતું, તે જે જાણે તે જ તેમને પ્રગટમાં લાવી શકે તેમ છે. તેમનું હૃદય સહેજે ક્યાં સમજાય તેમ છે?

મુમુક્ષુ–પરમકૃપાળુદેવ ક્યાં હશે?

પૂજ્યશ્રી–તેવી કલ્પનાઓ તથા વાતો ઉપર લક્ષ નહીં દેતાં એમ સમજવું કે તે તો પોતાનું કામ કરી ચાલ્યા ગયા, પણ આપણે હવે આપણું કામ તેમના આશ્રયે કરી લેવાનું છે.

પરમકૃપાળુદેવના દેહોત્સર્ગ પછી મુમુક્ષુઓમાં ઘણા મતભેદ પડી ગયા, એટલે પ્રભુશ્રીજીને મનમાં એમ થયું કે આવા મતભેદ અને આગ્રહોમાં રહ્યા કરતાં જંગલમાં જઈ દેહ પાડી દેવો સારો છે. એમ કરી જંગલમાં ચાલ્યા ગયા, પણ પાછળથી સર્વેનાં પુણ્યના યોગે તેઓશ્રીનું અત્રે આવવું થયું અને તેથી અત્યારે આ આશ્રમ આપણા જોવામાં આવે છે.

(સં. ૧૯૫૨ના ચૈત્ર સુદ ૧૩નો પરમકૃપાળુદેવનો લખેલો અપ્રગટ પત્ર (પત્ર નં. ૬૮૦) ''જેની મોક્ષ સિવાય કોઈપણ વસ્તુની ઇચ્છા કે સ્પૃહા નહોતી.....'' તે વાંચી સંભળાવ્યો.)

*

પૂજ્યશ્રી–પરમકૃપાળુદેવે જણાવેલું કે 'શ્રીમદ્ ભાગવત'માં આત્માનું જ વર્ણન છે, પણ સમજવામાં કેવી રીતે આવે? ભાગવત એટલે ભગવાને પ્રરૂપેલો ધર્મ. દૈત્ય એટલે દેહાત્મ બુદ્ધિવાળા મનુષ્યો. પરનારી એટલે આત્માથી ભિન્ન કાયા. પરધન એટલે આત્મા સિવાયની સર્વ વસ્તુઓ. સમજુ મનુષ્યોને દુ:ખનાં નિમિત્તો આવે તે આત્માનાં પરિણામ સુધારવાનાં કારણ થાય છે.

૩૬ તા. ૧૫-૧૧-૧૯૪૫

પૂજ્યશ્રી–'આઠદૃષ્ટિની સજ્ઝાય' મુખપાઠે કરી વિચારવા યોગ્ય છે.

**''વસ્તુ વિચારત ધ્યાવતે, મન પાવે વિશ્રામ;**
**રસ સ્વાદત સુખ ઊપજે, અનુભવ યાકો નામ.''**

તે અનુભવ ઉપરના ગુણસ્થાનકે હોય છે. જેમ જેમ કષાયની મંદતા થતી જાય છે, તેમ તેમ આત્મામાં શાંતિ આવતી જાય છે. જ્ઞાનીપુરુષોનાં વચનોમાં અપૂર્વ શાંતિ રહેલી છે. તે પરિણામ પામે તેમ પોતાને છૂટવાનો માર્ગ સમજાતો જાય છે અને તે પ્રમાણે જ પોતાને પુરુષાર્થ કર્યા જ કરવાનો છે. આત્મા અક્રિય સ્વભાવવાળો છે. તેને કંઈ પણ કરવાપણું નથી. પાંચ ઇંદ્રિયોના વિષયોમાં જીવ આખું જીવન પસાર કરી દે છે અને એમ માન્યા કરે છે કે આમ કરીને હું સુખી છું, પણ તે ઇંદ્રિયોમાં આત્માને હિત થાય તેવું કંઈ પણ કારણ રહ્યું નથી. પરમકૃપાળુદેવે કહ્યું છે કે ''હે જીવ, ભોગથી શાંત થા, શાંત.'' જીવ કુતૂહલ દૃષ્ટિવાળો છે. બાહ્યદૃષ્ટિમાં જ વખત બધો પસાર કરી દે છે. મનમાં વિચાર આવ્યો કે અમુક દિશામાં શું છે? તે જોવા માટે મોઢું ફેરવવું પડે છે, ત્યારે તે જોવાય છે. પછી પાછો તે જોઈને રાગદ્વેષ કરી કર્મ ઉપાર્જન કરે છે. આમ ને આમ કર્યા કરે છે. પોતાને હિતનું કારણ શું છે તેનો વિચાર જ આવતો નથી.

સમ્યક્દર્શનનાં આઠ અંગ છે તેમાં નિષ્કાંક્ષિત અંગ બહુ ઉત્તમ છે.

૩૭ તા. ૧૬-૧૧-૧૯૪૫

પૂજ્યશ્રી—સ્મરણ એ અદ્‌ભુત વસ્તુ છે. સ્વસ્વરૂપની પ્રાપ્તિ કરાવનાર તથા સ્વરૂપમાં સ્થિરતા કરાવનાર છે. આખો દિવસ તેનું રટણ કરવામાં આવતું હોય તોપણ નિત્યનિયમની માળા ગણવાની ચૂકવી નહીં. જેને અમૂલ્ય ટાઈમની ક્ષણ પણ નકામી ન જવા દેવી હોય તેને માટે 'સ્મરણ' એ અપૂર્વ વસ્તુ છે. કૂવામાં પડેલા ડૂબતા માણસને હાથમાં દોરડું આવે તો તે ડૂબે નહીં, તેમ 'સ્મરણ' એ સંસાર સમુદ્રમાંથી તારનાર વસ્તુ છે.

ભક્તિ, વાંચન, સ્મરણ વગેરે પૈકી જે ટાઈમે જેમાં ચિત્ત વિશેષ તન્મય થાય, તે પ્રકારે તેમ થવા દેવું. મુખપાઠ કરવાનો અભ્યાસ રાખવો, કારણ તેમ કરેલું હોય તો કોઈ વખતે ઘણો લાભ થાય તેમ છે. ગમે ત્યારે ગમે તેવા સંયોગોમાં પણ મુખપાઠ કરેલ વાત ઉપયોગી થઈ પડે છે, કારણ પુસ્તક હંમેશ પાસે હોય નહીં.

૩૮ તા. ૧૬-૮-૧૯૪૬

પૂજ્યશ્રી—વિશુદ્ધભાવ એટલે ચિત્તપ્રસન્નતા અથવા મનની સ્થિરતા. કષાયની મંદતામાં, ચિત્તમાં ક્ષોભ હોય નહીં તેથી આનંદ આવે છે. તેવા ટાઈમે મંત્રનું સ્મરણ કરવું એ ઘણા લાભનું કારણ છે. કષાયનું નિમિત્ત જો ન હોય તો તેવા ભાવ વધુ વખત ટકી રહે છે. એ જ કરવાનું છે. આત્મા આનંદરૂપ છે. આનંદઘનજીના સ્તવનમાં પણ એ જ આવે છે—

**''ચિત્તપ્રસન્ને રે પૂજનફલ કહ્યું રે, પૂજા અખંડિત એહ;**
**કપટરહિત થઈ આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ.''** (આ. ૧)

પરમકૃપાળુદેવે પણ કહ્યું છે કે તેવા ભાવો એ મોક્ષનું કારણ છે. તેવા જીવોનો નિશ્ચયે મોક્ષ થવાનો જ છે.

**''પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં;**
**વહ કેવલકો બીજ ગ્યાનિ કહે, નિજકો અનુભૌ બતલાઈ દિયે.''**

પરમકૃપાળુદેવે પ્રભુશ્રીજી ઉપર પ્રથમ પત્ર (૧૭૨) જે લખેલો છે, તેમાં તે જ હકીકત જણાવેલી છે. ''નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો...'' એ આદિ. આગળના જમાનામાં સર્વને એવી માહિતી રહેલી કે આત્મા પ્રાપ્ત કરવો હોય તેણે આત્મા જેમને પ્રાપ્ત થયો હોય તેવા પુરુષને શરણે જવું. તેથી કરીને શાસ્ત્રોમાં તેનું વર્ણન વધુ નહીં હોવાથી તે લક્ષ ભૂલી જવાયો. આખરે તે વાતનો લોપ થઈ ગયો, પણ પરમકૃપાળુદેવે તેની જ ગવેષણા કરી અને ગુપ્ત વાત પ્રગટ કરી. મોક્ષમાર્ગ કેવી રીતે પ્રાપ્ત થાય તે સ્પષ્ટ જણાવી દીધું છે.

દ્રવ્યલિંગી મુનિનું વર્ણન જે આવે છે, તેમાં સમકિત તેને પ્રાપ્ત થતું નથી તેનું કારણ અવ્યક્તપણે કંઈ ને કંઈ સંસારી વાસના તેનામાં રહી જાય છે. તેથી કરીને મોક્ષમાર્ગ પ્રાપ્ત નહીં થતાં દેવગતિમાં ઊંચા સ્થાનકે જઈ ચાર ગતિમાં પાછો રખડે છે.

પ.પૂ.પ્રભુશ્રીજીએ જણાવ્યું છે કે આત્મા સંબંધી કંઈ નક્કી કરી લેવા જેવું નથી, પણ એમ રાખવું કે જ્ઞાનીપુરુષે જાણ્યો, જોયો, અનુભવ્યો તેવો મારો આત્મા છે. જો જ્ઞાન પ્રાપ્ત થયું હશે તો

ના કહેવાથી કંઈ જતું રહેવાનું નથી અને નહીં થયું હોય તો કહેવાથી કંઈ આવવાનું નથી.

૩૯ તા. ૧૭-૮-૧૯૪૬

પૂજ્યશ્રી—ઉપશમ સમકિત મોક્ષ થતાં સુધીમાં એક જીવને પાંચ વખત થાય છે. એમ જે કહેવું છે તે સમકિતની દુર્લભતા બતાવે છે. ઉપશમ સમકિત ઘણી વખત થાય છે એમ પણ કોઈક માને છે. ઉપશમશ્રેણિ એક ભવમાં જીવ બે વખત માંડે છે. જો ત્રીજી વખત માંડે તો તે ક્ષપકશ્રેણિ હોય છે. ઉપશમભાવ જે સમકિત થતા અગાઉ આવે છે, તે કષાયની મંદતા સમજવી. જ્ઞાન થયા બાદ કષાય ક્ષય થાય છે. વૃત્તિને ક્ષય કરવી. તે વિચારે કરી ક્ષય થઈ શકે છે. પચખાણ લેવાથી તેમ થતું નથી. તેમ કરવાથી કેટલીક વખત પચખાણ ભંગ કરવાનો પ્રસંગ આવે છે, પણ વિચારે કરી વૃત્તિનો જય થયાનું માલૂમ પડે ત્યારે પચખાણ લેવામાં આવે તો તે વૃત્તિ નિર્મૂળ થઈ જાય છે, એટલે ક્ષય થઈ જાય છે.

(વ. પત્રાંક-૮૬૬ના વાંચન પ્રસંગે) ૪૦ તા. ૧-૯-૧૯૪૬

પૂજ્યશ્રી—દ્રવ્યાનુયોગવાળો પત્ર મુખપાઠે કરવા યોગ્ય છે.

[૧]મધના ટીપાથી બે પક્ષો વચ્ચે લડાઈ થઈ ત્યાં સુધી વાત વધી ગઈ! તેમ ઉપર ચડતાં છેલ્લે પગથિએથી પડે તો ક્યાં જાય! મંદ કષાય, વિશુદ્ધભાવ, કષાયનાં નિમિત્તો ન હોય તો અંતર્મુખવૃત્તિ વધુ વખત સુધી ટકી રહે. કોઈ વસ્તુ પકડવી હોય તો કંઈ સાધન હોય તો પકડી શકાય; તેમ આત્મા ઓળખવો હોય તો શ્રદ્ધા જોઈએ.

પરમકૃપાળુદેવની દયા એવી હતી કે કીડીને હાથ ઉપર ચઢવા દઈ ધીમેથી બહાર મૂકી દીધી. એક વખતે પરમકૃપાળુદેવ કાવિઠા હતા, તે વખતે કોઈ માણસ લીલા ઘાસના ભારા ઉપર બેઠો હતો. તે ભાઈને કૃપાળુદેવે કહ્યું કે ભાઈ, નીચે બેસો તો સારું; તેમાંના જીવ દુભાય છે. તે ઉપરથી પૂ. પ્રભુશ્રીજીએ ઉપદેશ લીધો.

૪૧ તા. ૬-૪-૧૯૪૮

પૂજ્યશ્રી—આત્મામાં શાંતિ થવાનું કારણ પ્રતીતિ છે. જેટલે અંશે પ્રતીતિ આવે તેટલે અંશે શાંતિ થાય. તે ભાવો આત્માના ગણાય, પરંતુ ત્યાં અટકી રહેવાનું નથી. પૂ. અંબાલાલભાઈને પરમકૃપાળુદેવે તે બાબત 'અંતર્લક્ષવૃત્તિ'વાળો પત્ર લખેલો છે. તે વૃત્તિનો લક્ષ રહ્યા કરે, તેને પ્રાપ્ત કરવા ભાવના થયા કરે, તે વિરહ કહેવાય. 'બ્રાહ્મી' વેદના કહે છે, તે પણ એ જ છે. વાદળ આવ્યાં હોય ત્યારે સૂર્ય ન દેખાય, પરંતુ સૂર્યનો પ્રકાશ માલૂમ પડે તથા અગ્નિ ઉપર રાખ ઢાંકી દીધી હોય પરંતુ ઉપર હાથ રાખવાથી ગરમીને લીધે માલૂમ પડે કે અંદર અગ્નિ છે. તેવી રીતે આત્માનું પણ છે. સંસારી પ્રસંગો આત્માને ભુલાવી દે તેવાં છે; ઠગારું પાટણ છે. જ્યાં જાય ત્યાં ભૂલો પડે તેવું છે. માટે બહુ સાવચેતીથી રહેવા જેવું છે. પ્રમાદ થવા દેવો નહીં. થોડા વખતમાં કામ કરી લેવા જેવું છે. વૃત્તિ કર્મનો ઉદય હોય ત્યારે એકધારી ન રહી શકે, પરંતુ પુરુષાર્થ કર્યા કરવો. તે આપણા હાથની વાત છે. સ્વાભાવિક રીતે શાંતતા આવી જાય તે પૂર્વનો અભ્યાસ છે. તે

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પ્રજ્ઞાવબોધ પૃષ્ઠ નં. ૫૨૭

મુજબ વર્તવામાં પણ અભ્યાસ વધારવાનો છે.

મુનિ ધ્યાનમાં રહી ન શકે ત્યારે સ્વાધ્યાય કરે છે, સ્વાધ્યાય કરતાં પાછા ધ્યાનમાં આવી જાય છે. એટલે ઝૂલાની માફક સાતમેથી છઠ્ઠે ને છઠ્ઠેથી સાતમે જાય છે. આ પ્રમાણે નિરંતર પુરુષાર્થ કર્યા કરે છે.

શરીર પ્રકૃતિ નરમ હોય ત્યારે સ્થિરતા રહે તો ઘણા લાભનું કારણ છે. મુનિઓને દુઃખ ના હોય તો ઊભું કરીને પણ વૃત્તિ સ્થિર રાખવાનો પુરુષાર્થ કર્યા કરે છે. શરીર ઠીક ન હોય અને બેસી ન શકાતું હોય તો સૂતે સૂતે પણ પુરુષાર્થ કર્યા કરવો.

વૃત્તિ સ્થિર હોય ત્યારે 'આત્મસિદ્ધિ'નું મનન એકાંતમાં બેસીને કરવું. ચાલવાનું હોય ત્યારે સ્મરણ કરવું. 'પંચાસ્તિકાય'નું વાંચન સળંગ એકી વખતે કરી જવું, એટલે સંપૂર્ણ ખ્યાલ આવી શકે. ભોગમાં રોગ રહેલા છે. આગળ વિષયો સેવ્યા હોય તેનું સ્મરણ થવા દેવું નહીં. મોહદયા એટલે હોય મોહ અને દયા માનવી તે.

*

પૂજ્યશ્રી—પ.પૂ.પ્રભુશ્રીજીએ એક દૃષ્ટાંત આપેલું ત્યારે જણાવ્યું હતું કે હમણાં તે નહીં સમજાય પરંતુ આગળ ઉપર સમજાશે.

એક રાજા વયોવૃદ્ધ થઈને મરણ પામ્યો, એટલે તેનો કુંવર ગાદીએ આવ્યો. કુંવરની ઉમ્મર નાની હતી, પરંતુ યુદ્ધકળામાં પ્રધાને તેને પ્રવીણ કર્યો. હવે એક વખતે બીજા રાજાએ રાજ્ય ઉપર ચઢાઈ કરી ત્યારે કુંવરની માને ઘણી ફિકર થઈ કે કુંવર નાનો છે, એટલે રાજ્યનો બચાવ કરી શકશે નહીં. તેણીએ પ્રધાનને વાત કરી. પ્રધાન બહુ વિચક્ષણ હતો. તેણે કહ્યું કે આપ તેની ફિકર કરશો નહીં. હું કુંવરની સાથે જ રહીશ, એટલે કંઈ વાંધો આવશે નહી. પછી લડાઈ શરૂ થઈ. સામા પક્ષનું જોર વધુ હતું, એટલે લડતાં લડતાં કુંવર પાછો હઠતો ગયો. સાથે લશ્કર પણ પાછું હઠતું ગયું. પ્રધાને વિચાર કર્યો કે હવે નાસવાનો વખત આવી પહોંચ્યો છે, એટલે કુંવરને શૂર ચઢે એટલા માટે પ્રધાને કહ્યું કે પાછો શું હઠે છે? દાસીપુત્ર છે કે શું? આ વચનો સાંભળી કુંવરને શૂર ચઢ્યું અને સામેના રાજાને હરાવી દીધો. પ્રધાનને ફિકર થઈ કે મેં કુંવરને દાસીપુત્ર કહ્યો છે, તેથી કુંવર વેર લેશે; એટલે રાણી પાસે જઈ પોતાનો બચાવ કરવો. આમ વિચાર કરી રાણીને સર્વ હકીકત કહી જણાવી. એટલે રાણીએ કહ્યું કે તમો કંઈ ફિકર કરશો નહીં. તમોએ જે વાત લડાઈ વખતે કુંવરને શૂર ચઢાવવા કરી, તે વાત સાચી છે. કુંવર નાનો હતો ત્યારે તે દાસી પાસે રહેતો. એક વખત દાસીને ધાવતાં મેં જોયેલો એટલે ઊલટી કરાવી ધાવેલું ઓકી કઢાવેલું. પરંતુ કોઈ અંશ રહી ગયેલો એટલે કુંવર લડાઈમાં પાછો પડ્યો.

(વ. પત્રાંક-૮૬૬ના વાંચન પ્રસંગે) ૪૨ શ્રીમદ્ રા. આ. અગાસ તા. ૧૩-૪-૧૯૪૮

પૂજ્યશ્રી—વૃત્તિ સ્થિર થવા સ્વાધ્યાય કરવો. 'પંચાસ્તિકાય'નું અધ્યયન થાય તો વૃત્તિની સ્થિરતા થઈ આનંદ આવે. વૃત્તિ બહાર જતી રહેતાં વાર લાગતી નથી અને ફરી પાછી લાવતાં બહુ અઘરું થઈ પડે છે. તેથી તેનો નિરંતર ઉપયોગ રાખવો. આ જીવ પ્રમાદી થઈ ગયો છે. ઊભો

હોય તો બેસી જાય અને બેઠો હોય તો સૂઈ જાય તેવો છે. માટે જાગૃતિ રાખવી. ભાવનાનું ફળ પરિણામ છે અને કર્મનો નાશ કરવાનું તે સાધન છે. ઉલ્લાસિત ભાવ થતાં ઘણાં કર્મોનો નાશ થઈ શકે છે. પૂ. પ્રભુશ્રીજી ભાવ ઉપર દૃષ્ટાંત આપતા. [૧]'તેને આવ્યો પ્રેમ તો મારે શો નેમ?'

પરમકૃપાળુદેવે એવું વ્રત લીધું હતું કે સંસારમાં ગમે તેવાં ક્લેશનાં કારણો આવી પડે તો પણ અસમાધિ ન થવા દેવી. તે વ્રત જીવનપર્યંત પાળ્યું હતું. સંયમ એટલે સર્વભાવથી વિરામ પામવું તે. સ્મરણ એટલે વિસ્મરણ ન કરવું તે. એક એક પળ જેને ઉપયોગમાં લેવી હોય તેને માટે સ્મરણ છે. તેનો ઘણો અભ્યાસ રાખવો. પરમકૃપાળુદેવના ચિત્રપટનાં દર્શન કરવાથી તેઓશ્રી આત્મા હતા તેવો લક્ષ થાય.

*

પૂજ્યશ્રી–પાંચસો શ્લોકનો સ્વાધ્યાય થાય તો એક ઉપવાસ જેટલું તપ થાય છે. એટલે 'આત્મસિદ્ધિ' ચાર વખત બોલવાથી એક ઉપવાસ જેટલું તપ થાય છે. વૈરાગ્ય દશા ગુપ્ત રાખી શકાતી નથી. નાના છોકરાને આંગળી આપી પાછી ખેંચી લઈએ તો તે સમજી જાય છે, તો ઘરનાં માણસો કેમ ન જાણે? અવકાશે ઘરમાં પણ વાંચન કરવું.

૪૩ તા. ૨૬-૫-૧૯૪૮

પૂજ્યશ્રી–સાચો ધર્મ ક્યારે થાય? સમ્યક્દર્શન થયા પછી સાચો ધર્મ થાય છે. કષાયની તીવ્રતા કે મંદતાથી અશુભ કે શુભ ગતિ થાય છે, પરંતુ સમ્યક્દર્શન થાય ત્યારપછી મોક્ષમાર્ગની શરૂઆત થાય છે. ઉપદેશબોધથી આરંભ અને પરિગ્રહ પ્રત્યેથી વૃત્તિ પાછી વળે તો સિદ્ધાંતબોધ પરિણામ પામે અને ત્યારે સમ્યક્દર્શન થાય. સંસારનું તથા દેહનું સ્વરૂપ વારંવાર વિચારવું. તે વૈરાગ્યનું કારણ છે. પ્રશસ્તરાગ, અનુકંપા, ચિત્તપ્રસન્નતા, વિશુદ્ધભાવ એ શુભ પરિણામ છે. વિશુદ્ધતા એ આત્માનો નિર્ણય કરવામાં સહાયક છે. તેવા ભાવો હોય ત્યારે આત્માનો નિર્ણય થાય તે સાચો થાય છે. વિચારદશા ત્યારે કહેવાય. વિશુદ્ધભાવ પ્રશસ્તરાગ તથા અનુકંપામાં પણ હોય છે.

૪૪ તા. ૨૧-૭-૧૯૪૯

પૂજ્યશ્રી–'જ્ઞાનાર્ણવ' ગ્રંથ વાંચવા જેવો છે. પરમકૃપાળુદેવે પ.પૂ.પ્રભુશ્રીજીને હસ્તલિખિત તે ગ્રંથ વહોરાવેલો તથા 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા' ગ્રંથ મુનિ દેવકરણજીને વહોરાવેલો. તે બન્ને મુનિને વારાફરતી વાંચવા કહેલું. તે ગ્રંથો હાલ આશ્રમમાં છે.

'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા' ગ્રંથ ઘણો સારો છે. તે એકાંતમાં વિચારવાથી ઘણો આનંદ આવે તેમ છે. અમોએ તે ગ્રંથ આબુમાં વાંચ્યો હતો. શ્રી દેવચંદ્રજીના સ્તવનોના અર્થનું પુસ્તક છે, તે પણ વાંચવા જેવું છે.

૪૫ તા. ૨૨-૭-૧૯૪૯

પૂજ્યશ્રી–વિશુદ્ધભાવની વર્ધમાનતા થાય એ જ પુરુષાર્થ કરવાનો છે. કર્મો વચ્ચે આડાં

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ ઉપદેશામૃત પૃષ્ઠ નં. ૨૦૭.

આવે, પરંતુ લક્ષ એ જ રાખવો. નિમિત્તો સારાં રાખવાં; કારણ પ્રથમ તો નિમિત્તાધીન જીવની વૃત્તિઓ થઈ જાય છે, પણ આત્મામાં બળ આવે તો પછી નિમિત્તો કંઈ કરી શકે નહીં. પછી તો સહેજે પરિષહો સહન થઈ શકે. તેને માટે એકાંતનું સેવન વધુ રાખવું. મનને જીતવામાં અઢાર વિઘ્નો 'મોક્ષમાળા શિક્ષાપાઠ ૧૦૦'માં કહ્યાં છે, તેનો લક્ષ રાખવો. બાર ભાવનાઓ ભાવવી. ચારિત્રમોહ છે, તે દર્શનમોહ ગયા પછી સહેજે દૂર થાય છે. બીજી દૃષ્ટિમાં કહ્યું છે તેમ સહેજે ઉચિત વર્તાય તો તે ઉત્તમ છે. શ્રદ્ધા બળવાન થાય તો વીર્ય સ્ફુરે. મોટો આધાર શ્રદ્ધા ઉપર છે. ચરણારવિંદ એટલે ભક્તિ સહિત સત્સંગ.

૪૬ તા. ૫-૮-૧૯૪૯

પૂજ્યશ્રી—'યોગશાસ્ત્ર' પુસ્તક શ્રી હેમચંદ્રાચાર્યે લખેલું છે. તે ઘણું સારું પુસ્તક છે. ગૃહસ્થ ક્યાં સુધી પહોંચી શકે છે, તે પણ તેમાં આવે છે. પુસ્તક વાંચવા જેવું છે.

૪૭ તા. ૧૧-૮-૧૯૪૯

પૂજ્યશ્રી—નિયમો લેવા જ જોઈએ, તેવો આગ્રહ રાખવો નહીં. પરમકૃપાળુદેવે તો સમકિત ઉપર ખાસ વજન મૂક્યું છે કે ગમે તેમ કરીને સમકિત કરી લેવું. જો કે તેઓશ્રીએ મુનિઓની સાક્ષીએ બ્રહ્મચર્ય વ્રત ગ્રહણ કર્યું હતું. સમકિત થઈ જાય તો સહેજે નિયમ પછી પાળી શકાય.

૪૮ તા. ૧૨-૮-૧૯૪૯

પૂજ્યશ્રી—શાસ્ત્રોમાં ધ્યાનના જુદા જુદા ઘણા પ્રકારો બતાવ્યા છે, તેમાં શાસ્ત્રઆમ્નાય પ્રમાણે વર્ણન હોય પરંતુ મુખ્ય ધ્યાન તો સત્પુરુષના વચનોમાં ચિત્ત રહે, મંત્રમાં ધ્યાન રહે કે પુસ્તકનું વાંચન કરીએ તેમાં એકાગ્રતા રહે તે બધું ધર્મધ્યાન જ છે. અમુક પ્રકારે કે અમુક આસનથી જ થાય તો ઠીક એવું કંઈ નથી. કષાય ઉપર બધો આધાર છે. અંતરાત્મા કષાય નિવારવાનું જ કાર્ય કર્યા કરે છે. હરતાં ફરતાં એમાં મન રહે તો તે ધ્યાન જ છે.

પરમકૃપાળુદેવને ઘણા ભવોનો અભ્યાસ હતો એટલે સહેજે તેમાં (ધ્યાનમાં) જ રહેતા હતા. અભ્યાસની ખાસ જરૂર છે.

૪૯ તા. ૧૩-૮-૧૯૪૯

પૂજ્યશ્રી— નિયમ કર્યો હોય અને અતિચાર વગેરે દોષ લાગે, તો તે માટે પોતાના આત્માને નિંદવો, પરંતુ એમ ન થવું જોઈએ કે દોષ થશે તો ફરી તે પ્રમાણે કરી લઈશું. એમ થાય તો તેવા ભુલાવામાં ત્યાંનું ત્યાં જ રહી જવાય. ગુરુ પાસે દોષનું પ્રાયશ્ચિત લેવું તે ગર્હા કહેવાય. ગુરુ પાસે દોષનું પ્રાયશ્ચિત્ત લેવાથી નિઃશલ્ય થવાય. વિષયો ઘટાડવા વૈરાગ્યવાળાં પુસ્તકો વાંચવાં. કર્મની વિચિત્રતા એવી છે કે આવરણ આવી જાય. પરંતુ તે કાયમ રહે નહીં. ઋતુ જેમ બદલાય છે અને ચોમાસામાં સૂર્ય વાદળાંથી ઢંકાઈ જાય છે, તેમ આત્મામાં ચારિત્રમોહનું આવરણ હોય તો તેમ લાગે. કષાયની મંદતામાં સારી રીતે સમજાય છે. પોતાના દોષો જોવા અને આપણે આગળ વધીએ છીએ કે કેમ? તેની પણ તપાસ રાખવી. પરમકૃપાળુદેવનાં વચનોથી શાંતપણું આવે છે.

તેથી તેનું વાંચન વિશેષ રાખવું. નિયમ લીધો હોય તેમાં અતિક્રમ, વ્યતિક્રમ વગેરે દોષો માટે વિચાર કરવો. સામા જીવને પણ સમજણ પાડવી જરૂરી છે.

૫૦ તા. ૧૫-૮-૧૯૪૯

પૂજ્યશ્રી–અનંતાનુબંધી કષાયનું સ્વરૂપ ઘણું સૂક્ષ્મ છે. પરમકૃપાળુદેવે એક મુમુક્ષુને કહેલું કે હજુ તમો તેનું સ્વરૂપ સમજવા માટે યોગ્ય નથી. મુખ્યપણે તો જ્ઞાનીપુરુષ તથા તેમના આશ્રિતનો દ્રોહ થાય તે અનંતાનુબંધી કષાય કહેવાય. જો પાછળથી સમજણ સવળી આવી જાય તો જીવ માર્ગે આવે અને ખોટો આગ્રહ પકડી રાખે તો તેને દુરાગ્રહ કહેવાય.

પોતે જ્ઞાનીનાં વચનોને વિચાર્યાં હોય અને સત્સંગમાં પણ તે પ્રમાણે અર્થની ચર્ચા થતી હોય તો પણ તે એમ જ છે, એમ દૃઢ કરી ન દેવું; કારણ જેમ જેમ દશા વધતી જાય તેમ તેમ અર્થ અલૌકિક ભાસે. માટે જ્ઞાનીએ જાણ્યું તે ખરું એમ રાખવું, જેથી અટકી જવાય નહીં.

હાલનો જમાનો એવો છે કે લખાણવાળી વસ્તુ નોટ વગેરે પાસે હોય અને લઘુશંકા કરતી વખતે સાચવી લેવાય નહીં, કારણ જોડાં ઉપર પણ નંબરો લખવામાં આવે છે. પરંતુ જ્ઞાનીનાં વચનો પાસે હોય ત્યારે સાચવી લેવું, તેમજ જેટલું સચવાય તેટલું બીજામાં પણ સાચવવું સારું છે.

૫૧ તા. ૧૯-૮-૧૯૪૯

પૂજ્યશ્રી–પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીને પરમકૃપાળુદેવે 'ઉત્તરાધ્યયન સૂત્ર' વાંચવા આજ્ઞા કરી હતી. વૈરાગ્ય માટે સારું પુસ્તક છે. 'મહાવીરસ્વામીનો અંતિમ ઉપદેશ' તે 'ઉત્તરાધ્યયન સૂત્ર'નો છાયાનુવાદ છે.

૫૨ તા. ૧૭-૧૨-૧૯૪૯

પૂજ્યશ્રી–એક દરિદ્ર બ્રાહ્મણને તેની સ્ત્રીએ કહ્યું કે રાજા પાસે જઈ યાચના કરો તો રાજા ઘણો દયાળુ છે એટલે તમોને દ્રવ્ય આપશે, જેથી આપણી દરિદ્રતા જતી રહેશે. તે વાત સાંભળી બ્રાહ્મણે જઈ રાજાને આશીર્વાદ આપ્યા. એટલે રાજાને તેની દરિદ્રતા જોઈ દયા આવી અને કાગળ લખી આપ્યો કે આજ સાંજ સુધીમાં એટલે દિવસ અસ્ત થતાં અગાઉ જેટલું દ્રવ્ય તારાથી લઈ જવાય તેટલું લઈ જજે. તે કાગળ લઈ ઘેર ગયો. તેની સ્ત્રીએ તેને તુરત ભંડારી પાસે જઈ લાવી શકાય તેટલું દ્રવ્ય લાવવા કહ્યું. ત્યારે તેણે કહ્યું કે પ્રથમ ખાઈ લઉં, તે સિવાય બહાર જવું નથી. કહ્યું છે કે 'સો કામ પડી મૂકીને પ્રથમ જમી લેવું.' માટે તું રસોઈ તૈયાર કર, તે ખાઈને હું જઈશ. તેની સ્ત્રીએ તેના કહ્યા પ્રમાણે રસોઈ બનાવી દીધી અને ખાઈને તેને જવા જણાવ્યું. ત્યારે તેણે જણાવ્યું કે ખાઈને તો થોડીવાર સૂવું જોઈએ, પછી જઈશ. એમ કહી તે સૂઈ ગયો. દરિદ્ર માણસને ઊંઘ ઘણી હોય છે એટલે તે ખૂબ ઊંઘી ગયો અને ત્રણ પહોર વીતી ગયા. તેની સ્ત્રીએ તેને હલાવીને ઉઠાડ્યો અને તુરત જવા જણાવ્યું. ત્યારે જવા તૈયાર થયો. રસ્તામાં નાટક થતું હતું. તે જોવા ઊભો રહ્યો. પછી ચાલ્યો. પરંતુ કૌતુક જોતાં જોતાં ચાલવામાં વખત પૂરો થઈ ગયો અને દિવસ પણ આથમી ગયો. પછી ભંડારી પાસે જઈ રાજાનો કાગળ તે બ્રાહ્મણે બતાવ્યો. પરંતુ ભંડારીએ તાળાં વાસી દીધાં હતાં, એટલે તેને કહ્યું કે રાજાએ દિવસ આથમતા પહેલાં દ્રવ્ય લઈ

જવાની આજ્ઞા આપી છે અને હવે દિવસ અસ્ત થઈ ગયો એટલે દ્રવ્ય મળી શકશે નહીં. આવી રીતે નિરાશ થઈ પાછો ઘેર આવ્યો, અને રાજા રીઝ્યા છતાં દરિદ્રતામાં તેણે જીવન પૂરું કર્યું.

તે પ્રમાણે આ સંસારી જીવ દરિદ્રી છે. તેને રાજારૂપી સત્પુરુષ મળ્યા છે. સુમતિરૂપ સ્ત્રીએ તેને ચેતાવ્યો કે સત્પુરુષાર્થ કરી ભવસમુદ્ર તરી જા, પ્રમાદ કર નહીં. પરંતુ પ્રમાદમાં જ આ જીવ દિવસરૂપી આયુષ્ય પૂરું કરે છે. સાંજરૂપી વૃદ્ધાવસ્થા જોતજોતામાં આવી જાય છે. ખાવા-પીવામાં, નાટક-ચેટકમાં, વિષયોને આધિન રહી જીવ પ્રમાદ કરે છે, પરંતુ સત્પુરુષના કહ્યા પ્રમાણે પુરુષાર્થ કરતો નથી અને દરિદ્રી એટલે સંસારમાં ભમ્યા કરે છે; અમૂલ્ય જોગ મળેલો વૃથા ખોઈ નાખે છે.

૫૩ તા. ૨૫- ૯-૧૯૫૩

પૂજ્યશ્રી—સમૂહવાંચન સારો લાભ આપે છે. વાંચન કરવું. 'જ્ઞાનાર્ણવ' ગ્રંથ સારો છે. ધ્યેય ચૂકવો નહીં, સાધન અનેક હોય.

---

(સવારના) *૫૪ શ્રી રા.આ. અગાસ, તા. ૧૩- ૪-૧૯ ૪૬

પૂજ્યશ્રી—મનુષ્યભવ દુર્લભ છે. આત્મા અણાહારી છે. ઘણા વર્ષ સુધી ખોરાક વગર જીવી શકાય છે. કેવળજ્ઞાનીઓ આહાર વગર ઘણા વર્ષો જીવે છે. 'સસ્તું સાહિત્ય'ના એક પુસ્તકમાં આવેલું કે એક બાઈ રોજ એક તુલસીનું પાન પ્રસાદ તરીકે ખાઈને આખો દિવસ કાઢે છે, એમ ઘણા વર્ષો થયાં કરે છે. આયુષ્ય પૂરું ન થાય ત્યાં સુધી જીવ ગમે તે દ્વારે જીવવા માટે પરમાણુ ગ્રહણ કરે છે.

ધર્મ બહુ સુલભ છે. રાગદ્વેષને લઈને બધું કરે છે. ફક્ત રાગદ્વેષ મટી જાય તો થઈ રહ્યું. કૃપાળુદેવે કહ્યું છે કે, ''આત્માને આટલું જ પૂછવાની જરૂર છે, કે જો મુક્તિને ઇચ્છે છે તો સંકલ્પ-વિકલ્પ, રાગ-દ્વેષને મૂક અને તે મૂકવામાં તને કંઈ બાધા હોય તો તે કહે. તે તેની મેળે માની જશે અને તે તેની મેળે મૂકી દેશે.'' (૩૭)

અનાદિકાળથી જીવને વ્યસન કયું? દેહને પોતાનો માન્યો અને પોતે પોતાને ભૂલી ગયો અને એને લઈને જીવ આગલાં કર્મ ભોગવતી વખતે નવાં બાંધે છે.

(સાંજના) ૫૫ શ્રી રા.આ. અગાસ, તા. ૧૪-૪-૧૯૪૬, રવિવાર

પૂજ્યશ્રી—બાર ભાવનાઓ વિચારવી ઘણી હિતકારી છે. તેમાં અનિત્ય ભાવનાનું સ્વરૂપ વારંવાર વિચારવું કે જેથી સંસારના જે પદાર્થોમાં સુખ માન્યું છે તે નાશવંત છે, એમ જીવને જણાય અને ઉદાસીનતા થાય. મનુષ્યનું આયુષ્ય જેમ બે હાથના ખોબામાં પાણી ભરી રાખ્યું હોય અને તે જેમ ટીપે ટીપે ટપકીને પૂરું થાય તેમ, આમતેમ ગપાટા અને કલ્પનામાં આયુષ્ય પૂરું થાય છે. એમાંથી જેટલું પાણી પી લીધું એટલે આત્મઉપયોગમાં વાપર્યું એટલું લેખે ગણાય.

સત્પુરુષનાં વચનો લબ્ધિ પ્રગટે તેવાં છે, છતાં તેમાં (લબ્ધિમાં) પણ રોકાવા જેવું નથી. અજ્ઞાની કે બાળક જેવાને પણ લબ્ધિ પ્રગટે. (તે ઉપર બુદ્ધચરિત્રમાંથી દૃષ્ટાંત)—

* આંક ૫૪ થી આંક ૯૧ સુધીનો બોધ શ્રી મનહરભાઈ કડીવાલાની નોટમાંથી ઉતારેલ છે.

બુદ્ધના ઉપદેશથી બે જણાએ દીક્ષા લીધી, તેમાંથી એક નાનો હતો તે રમતિયાળ. તેથી તેને ભણાવતી વખતે બહાર કાઢી મૂક્યો. તેણે રડવા માંડ્યું. બુદ્ધ એવામાં બહારથી આવ્યા. તેમણે એને રૂમાલ આપ્યો અને એક બોલ (શબ્દ) યાદ કરાવ્યો. તે આખો વખત બોલ્યા કરવાનું કહ્યું. તે રૂમાલ સાથે રમે અને બોલ બોલ્યા કરે. એમ કરતાં થોડા દિવસમાં રૂમાલ મેલો થઈ ગયો. તે ઉપરથી એ વિચારમાં પડી ગયો કે રૂમાલ મેલો હતો નહીં, એનું અસલ રૂપ જુદું હતું. એમ વિચારમાં ઊંડો ઊતરી ગયો અને લબ્ધિ પ્રગટી. તે એવી કે ગમે તે રૂપ લઈ શકે.

તપ કરીએ ત્યારે કર્મની ઉદીરણા થાય છે. અને કર્મનો ઉદય આવે છે ત્યારે તપના બળથી બધું વેદી લેવાય છે, નહીં તો એ જ કર્મો વેદતી વખતે બીજે ચિત્ત જવાથી કર્મ બંધન કરે છે.

મુમુક્ષુ–ભાવ અને પરિણામ એ બેમાં ફેર શું?

પૂજ્યશ્રી–ભક્તિમાં કે સત્પુરુષના બોધથી ભાવ થાય છે, તે ક્ષણિક હોય છે. પાછો જીવ ત્યાંથી ઊઠે છે અને બીજા પ્રસંગોમાં પડે છે એટલે ભૂલી જાય છે; પણ એ જ ભાવ કાયમ, બીજા પ્રસંગોમાં પણ રહેવા, એને પરિણામ કહે છે.

'આઠદૃષ્ટિની સજ્ઝાય' વાંચવી. શેરડીનો કટકો મોંમાં રાખી ફેરવ ફેરવ કરીએ તો મીઠાશ નહીં આવે, પણ જરા દાંત વતી દબાવીએ તો મીઠાશ આવે. તેમ જ્ઞાનીનાં વચનો વાંચીએ, વિચારીએ તો તેમાં ઉલ્લાસ આવે.

(પત્રાંક ૩૯૯ ના વાંચન પ્રસંગે) ૫૬ શ્રી રા.આ. અગાસ, તા.૧૫-૪-૧૯૪૬

પૂજ્યશ્રી–અસંગપણું એ જ્ઞાનીઓની ચેષ્ટા છે. 'છ પદ'ના પત્રમાં આવે છે, ''જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે'' સત્પુરુષના આત્માની ચેષ્ટા એટલે અસંગપણું. (પછી પૂજ્યશ્રી બ્રહ્મચારીજીએ પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજી સાથેના તેમના પ્રસંગો કહ્યા.)

પ્રભુશ્રીજીએ એક વખત મને પૂછ્યું કે રાત્રિભોજન કરો છો? એટલે ત્યારથી રાત્રિભોજન કરવાનું બંધ કરી દીધું. સત્પુરુષ અમુક કર્મો જોઈને જ દરેકને પ્રશ્ન કરે છે, એટલે એને હૃદયમાં તરત જ ઊતરી જાય છે.

[1]પહેલાં ગાંધીજીને બહુ માનતો. 'જ્ઞાનપ્રચાર' માસિકમાં એક અંક પંચાંગ તરીકે બહાર પડેલો, તેમાં બધા મહાપુરુષોનાં વચનો છાપેલાં હતાં, ને તે પ્રભુશ્રીજીના હાથમાં આવ્યું. પ.પૂ.પ્રભુશ્રીજીએ તેમાંથી ગાંધીજીનું વાક્ય 'હું તો માટીનો માનવી છું માટીમાં મળી જવાનો છું' એ વાક્ય બતાવીને મને પૂછ્યું, 'શું આ જ્ઞાનીનાં વચન હોય?' ત્યારથી દૃષ્ટિ ફેરવાઈ ગઈ.

[2]મુંબઈ પાસે અંધેરીમાં પ. પૂ. પ્રભુશ્રીજી સં.૧૯૮૭ના જેઠ માસમાં પાણીફેર કરવા ગયા હતા ત્યારે મારે સાથે રહેવાનું થયેલું. દામજીભાઈ કેશવજી રોજ સવારે મોટો લોટો લઈને બહાર દિશાએ જતા.

એક વખત પ્રભુશ્રીજીએ મને પૂછ્યું– આ દામજીભાઈ સવારમાં ક્યાં જાય છે?

મેં કહ્યું– પ્રભુ! એ બહાર જંગલમાં દિશાએ જતા હશે.

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પત્રસુધા પત્રાંક ૬૭૨, ૨. પૃષ્ઠ નં. ૧૮૮

પ્રભુશ્રીજી–અમારાથી ચલાય તો અમને તો દૂર જંગલમાં જ જવાનું ગમે. ત્યારથી મને બહાર જંગલમાં જ જવામાં આનંદ આવવા લાગ્યો. પછી મને થયું કે આપણે રોજ આલોચનામાં બોલીએ છીએ– ''જલ મલ મોરિનમેં ગિરાયો, કૃમિકુલ બહુ ઘાત કરાયો'' પણ કંઈ આચરતા નથી. એમ જ્ઞાનીપુરુષના એક શબ્દથી બધું સમજાઈ જાય છે.

૫૭ ચૈત્ર વદ ૧, સં. ૨૦૦૨, તા.૧૭-૪-૧૯૪૬

પૂજ્યશ્રી–પ્રભુશ્રીજી પરદેશી રાજાની વાત કરતા. એ આત્માને માનતો નહીં અને આત્મા જોવાને માટે માણસોના કટકે કટકા કરી નાખતો, પેટીમાં પૂરીને મારી નાખતો, એવો ક્રૂર હતો. એક વખત પ્રધાન પરદેશ ગયેલો. ત્યાં તેણે કેશીસ્વામીને જોયા અને એને થયું કે આમની સાથે રાજાનો ભેટો થાય અને રાજા ધર્મ પામે તો પ્રજા ત્રાસમાંથી મુક્ત થાય. એટલે પ્રધાને તેમને રાજ્યમાં પધારવાની વિનંતી કરી. પહેલી વાર જવાબ જ આપ્યો નહીં. બીજી વાર વિનંતી કરી ત્યારે કહ્યું કે પારધી હોય ત્યાં પક્ષીઓ જાય? પ્રધાને કહ્યું–તમારા શિષ્યોનો વાળ વાંકો ન થાય તેની જવાબદારી હું લઉં છું. ત્યારે કેશીસ્વામીએ જવાબ આપ્યો કે અવસરે જોઈશું.

થોડા વખત પછી કેશીસ્વામી શહેર બહાર રાજ્યના ઉદ્યાનમાં આવીને ઊતર્યા. પ્રધાનને ખબર પડી એટલે રાજાને ત્યાં લઈ જવાને યુક્તિ કરી. રાજાને કહ્યું કે નવા ઘોડા લીધા છે, તેની પરીક્ષા કરવાની છે. એમ કહી રાજાને રથમાં બેસાડ્યા. સારથીને આગળથી પ્રધાને કહી મૂકેલું કે જોરથી રથ હંકારજે અને કહેજે કે બાપજી, ઘોડા નવા છે, તે કાબૂમાં રહેતા નથી. રાજા રથમાં ખૂબ ઊછળ્યો. પછી ઉદ્યાન આવ્યું એટલે પ્રધાનના કહ્યા મુજબ રથ ધીમો પાડ્યો અને ઊભો રાખ્યો. પ્રધાને રાજાને કહ્યું–જરા ઉદ્યાનમાં આરામ કરીએ, તેઓ ઉદ્યાનમાં ગયા. ત્યાં બધી ધમાલ જોઈને રાજાએ પૂછ્યું–શું છે? એટલે પ્રધાને કહ્યું–કોઈ મહાન મુનિ પધારેલા છે, જ્ઞાની છે, આપણે એમની પાસે જઈએ.

પ્રધાન તો નમસ્કાર કરીને બેઠો. રાજા ઊભો રહ્યો અને મુનિને પૂછ્યું–હું બેસું? મુનિએ કહ્યું–ઉદ્યાન તમારું છે. પછી રાજા બેઠો. પછી આત્મા ઉપર બહુ વાદવિવાદ થયો. રાજાએ પોતે કરેલા પ્રયોગોની બધી વાત કરી. મુનિએ કહ્યું–અરૂપી પદાર્થ કેવી રીતે દેખાય? પવન જેવી વસ્તુ આંખે દેખાતી નથી. ઝાડનાં પાંદડાં હાલે ત્યારે પવન આવ્યો કહે છે એવા અનેક દાખલા મુનિએ આપ્યા. રાજાને સંતોષ થયો. પછી નમસ્કાર કરીને ઊઠ્યો અને બીજે દિવસે વાજતે ગાજતે બધાં સાથે મુનિને વાંદવા આવવાનો વિચાર કર્યો.

કેશીસ્વામીના સમાગમથી રાજા બદલાઈને ધર્મિષ્ઠ થયો, ખૂબ ઉદાર થયો. બધું દાનમાં આપવા માંડ્યું. તેની રાણી ઘણી ખરાબ હતી. તેથી તેને થયું કે રાજા બધું જ દાન કરી દેશે, છોકરા માટે કંઈ રહેશે નહીં. ચૌદશનો ઉપવાસ રાજાએ કરેલો, તેને બીજે દિવસે રાણીએ પારણું કરવા રાજાને બોલાવ્યો અને ખોરાકમાં ઝેર આપ્યું. રાજા ઝેર ખાવાથી તરત મરણ પામ્યો નહીં એટલે રાણી ગભરાઈ ગઈ કે કોઈને કહી દેશે, એટલે રાજાની છાતી ઉપર ચઢીને રાજાનું ગળું દબાવીને મારી નાખ્યો, છતાં પણ રાજાએ આર્ત્તધ્યાન તેમજ જરા પણ દ્વેષ કર્યો નહીં અને પ્રભુ

સ્મરણમાં રહી સમાધિમરણ કર્યું.

૫૮ શ્રી રા.આ. અગાસ, ચૈત્ર વદ ૩, સં. ૨૦૦૨,
તા. ૧૯-૪-૧૯૪૬

પૂજ્યશ્રી–(એક મુમુક્ષુને ઉદ્દેશીને) 'હે પ્રભુ! હે પ્રભુ!' પદ મોઢે થયું?

મુમુક્ષુ–મને મોઢે આવડતું નથી, પણ બધા સાથે થોડું થોડું બોલાય છે.

(પછી પૂજ્યશ્રીએ તે ભાઈને બેસાડીને બોલવા કહ્યું અને એમની પાસે ૮-૧૦ વાર પહેલી ગાથા ગોખાવી, પછી)

પૂજ્યશ્રી–રોજ એક બે ગાથા મોઢે કરવી અને મોઢે થઈ હોય તે હાલતાં ચાલતાં ફેરવતા રહેવું. પ્રભુશ્રીજી એક ગાથા સો સો વાર બોલતા અને એમાં એમને દર વખતે અનેરો આનંદ આવતો. એ તો જેટલી પરભાવમાંથી પ્રીતિ ઊઠે તેટલો આત્મામાં આનંદ આવે છે. અત્રે આશ્રમમાં આવીયે ત્યારે એમ લાગે કે જાણે આખા જગતને બારણું વાસી દીધું છે. માટે બીજામાંથી ભાવ ઉઠાડી સત્સંગમાં મન લગાડવું. વીશ દોહરા, યમનિયમ, ક્ષમાપના વગેરે જલદીથી યાદ કરી લેવા અને અત્યાર સુધી જે કાંઈ કર્યું હોય તે ભૂલી જવું.

જેમ એક ચળકતું વાસણ લાવ્યા હોઈએ અને એની દરકાર નહીં લઈએ તો દિવસો, મહિના અને વર્ષો જતાં એનું રૂપ જ બદલાઈ જાય છે. એના ઉપર માંખ બેસે, ધૂળ લાગે, કાટ ચઢે. પાછું જ્યારે અસલ રૂપ કરવું હોય તો પાણી, માટી, આમલી વગેરેથી ખૂબ ઘસીને માંજવું પડે, ત્યારે પાછો ચળકાટ નીકળે છે. તેમ અત્યાર સુધી આત્માને અનેક ભવોનો કચરો લાગી ગયો છે. તે બધો આ મનુષ્યભવમાં સાફ કરવા પુરુષાર્થ કરવો પડશે અને અત્યાર સુધી જે કંઈ કર્યું છે તે બધું કાઢી નાંખવું પડશે.

(વચનામૃતમાંથી પત્રાંક ૨૦૭નું વાંચન)

"પરમાર્થ ઉપર પ્રીતિ થવામાં સત્સંગ એ સર્વોત્કૃષ્ટ અને અનુપમ સાધન છે; પણ આ કાળમાં એવો જોગ બનવો બહુ વિકટ છે; માટે જીવે એ વિકટતામાં રહી પાર પાડવામાં વિકટ પુરુષાર્થ કરવો યોગ્ય છે, અને તે એ કે અનાદિકાળથી જેટલું જાણ્યું છે, તેટલું બધુંય અજ્ઞાન જ છે; તેનું વિસ્મરણ કરવું."

પૂજ્યશ્રી–આ કળિકાળ બહુ વિકટ છે. પહેલાના કાળમાં તો સત્પુરુષો ઘેર આવી ચડતા, અને આ કાળમાં તો શોધવા જાઓ તોયે મળવા મુશ્કેલ છે.

મુમુક્ષુ–'કાળ દોષ કળિથી થયો' એટલે કળિકાળના દોષથી માણસોની વૃત્તિ આવી છે?

પૂજ્યશ્રી–કાળ તો બધા સરખા છે, પણ માણસોના સ્વભાવ અને વર્તણૂંક વગેરેને લઈને કળિકાળ કહેવો પડે છે. જેવી રીતે સોમવાર, મંગળવાર એમ દિવસોમાં કંઈ ભેદ નથી, ફક્ત સમય જાણવા માટે ભેદ પાડેલા છે.

ખાવામાં થોડો જ વખત જાય છે પણ એના વિચારોમાં આખો દિવસ કાઢે છે. જ્યાં ત્યાંથી ખાડો પૂરવાનો છે. એટલે જ્યારે જે મળ્યું તે ખાઈ લેવાનું. એમાં વળી આ ખાવાથી વાયડું પડે,

આ ખાવાથી આમ થાય, એમ ડૉક્ટરો હોય તેમ બધા વિકલ્પો કર્યા કરે છે અને એમાં બધો વખત ગુમાવ્યા કરે. રસ્તામાં ખાડો પડ્યો હોય તો ગમે તેનાથી પૂરો, ધૂળ નાખો, પથરા નાખો, કાગળ નાખો, કચરો નાખો, ગમે તેનાથી પૂરો. તેમ આ ખાડો પડ્યો એટલે ગમે તે ખાઈ લીધું, જે મળ્યું તે; એમાં વિકલ્પ શું કર્યા કરવો.

(સાંજના, પત્રાંક ૪૧૬ વંચાતાં) ૫૯ શ્રાવણ વદ ૦)), સં. ૨૦૦૨, તા.૨૬-૮-૧૯૪૬

મુમુક્ષુ—સમજાયા પછી જ આગળ વધાય ને?

પૂજ્યશ્રી—કૃપાળુદેવે લખ્યું છે કે ‘આ જીવ એક અક્ષર પણ સમજ્યો નથી.’ સમજ્યો છું એવી બુદ્ધિ કરવાથી આગળ વધાતું નથી, અટકી જવાય છે. ‘‘સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં અનંત આગમ રહ્યા છે.’’ (૧૬૬)

૬૦ ઉભરાટ, તા.૩-૬-૧૯૪૭

પૂજ્યશ્રી—‘‘વાંચનાર! હું તમારા હસ્તકમળમાં આવું છું’’ (મોક્ષમાળા—૧)

તેમાં ‘હસ્તકમળ’ શબ્દ કેમ વાપર્યો? કાદવમાં જેમ કમળ રહે છે તેમ આવા ગંદા દેહમાં-જડ દેહમાં (હાથમાં) કમળરૂપી આત્મા રહેલો છે-, એટલે હસ્તકમળ કહ્યું.

(સવારના, પ્રભુશ્રીજીનો બોધ વંચાતાં) ૬૧ ઉભરાટ, ગુરુવાર, તા. ૫- ૬-૧૯૪૭

પૂજ્યશ્રી—પ્રભુશ્રીજીનો બોધ વંચાયો હતો. તેમાં આવેલું કે પાણીનો સ્વભાવ શાંત છે, પણ પવનને લઈને તરંગ ઊઠે છે તેથી દરિયામાં મોજાં આવે છે; તેમ આત્માનો સ્વભાવ શાંત છે, પણ કર્મરૂપી કચરાને લઈને મલીન દેખાય છે.

એક રાજા હતો. તેનો પ્રધાન વિચક્ષણ હતો. તેણે એક દિવસ રાજાની સવારી જ્યાં મેલું પાણી જતું હતું તે ગટર આગળ થઈને લેવડાવી. બધા નોકરોએ પાણીની વાસને લઈને નાક બંધ કરી ચાલવા માંડ્યું. રાજાએ પ્રધાનને કહ્યું, ‘આવા ગંધાતે રસ્તે કેમ લાવ્યા? પાણી કેટલું બધું મેલું છે અને વાસ મારે છે.’ પ્રધાને કહ્યું ‘પાણી ક્યાં મેલું છે? પીવા જેવું છે.’ રાજાએ કહ્યું, ‘આવું પાણી તે કંઈ પીવાય?’ પ્રધાને કહ્યું, ‘કોઈક વખત બતાવીશ.’ થોડા દિવસ બાદ એક ઘડામાં પેલી ગટરનું પાણી મંગાવ્યું. પછી ૮-૧૦ કોરા ઘડા મંગાવીને એક પછી એક ઘડામાંથી પાણી ગાળવા માંડ્યું. એમ દશ ઘડામાં થઈને પાણી ગાળ્યું એટલે બિલકુલ વાસરહિત શુદ્ધ પાણી પીવા જેવું થયું. એમાં ઇલાયચી વગેરે નાખીને રાજાને માટે તે પાણી પીવાને મોકલાવ્યું અને ખાધા પછી પીજો એમ સાથે કહેવડાવ્યું. રાજાએ તે પાણી પીધું. ઘણું જ સ્વાદિષ્ટ પાણી લાગ્યું. અને પ્રધાનને પૂછ્યું કે તમે કયા કૂવાનું પાણી મોકલાવ્યું? પ્રધાને કહ્યું પેલી વાસ મારતી ગટરનું તે પાણી હતું. રાજાએ ન માન્યું. પછી રાજાને બાગમાં લાવીને બતાવ્યું કે આમ કરવાથી પાણી શુદ્ધ થાય છે. તેમ આત્મામાં કચરો નથી. કર્મરૂપી કચરાને લઈને બધું વિચિત્ર દેખાય છે. તે શુદ્ધ થાય તો બધા શુદ્ધ આત્મા છે, એક સરખા છે.

*

(બપોરના, પત્રાંક ૭૧૯ના વાંચન પ્રસંગે)

**પૂજ્યશ્રી**–પરમકૃપાળુદેવ ઉપર જેટલો પ્રેમ આવે તેટલો ભક્તિભાવ ઊગે; તેટલી તેમના વચનમાં શ્રદ્ધા આવે અને આત્મા ઊંચો આવે.

(સાંજના) ૬૨ ઉભરાટ, તા. ૬-૬-૧૯૪૭

(સમાધિ સોપાન પૃષ્ઠ ૫૦ના વાંચન પ્રસંગે)

**પૂજ્યશ્રી**–અજ્ઞાની આ દેહને પ્રત્યક્ષ પેસતાં-નીકળતાં પરમાણુઓના સમૂહ-રચનારૂપે દેખે છે તોપણ દેહને આત્મા જાણે છે. (તે ઉપર દૃષ્ટાંત)–

દીવો સળગતો હોય છે, તેની જ્યોત અખંડ એકસરખી બળતી દેખાય છે, પણ તેલના પરમાણુઓ નવા આવે છે, બળે છે અને ગેસ થઈને ઊડી જાય છે, પણ દીવો તો એકસરખો જ બળતો દેખાય છે. તેમ શરીરમાં ક્ષણે ક્ષણે નવા પરમાણુઓ આવે છે અને જૂના ઊડી જાય છે. છતાં દીપકની જ્યોતની જેમ દેહ એક સરખો દેખાય છે એટલે અજ્ઞાની આ દેહને જ આત્મા માને છે.

(બીજું દૃષ્ટાંત)– નદી આગળ ઊભા હોઈએ અને જ્યારે જોઈએ છીએ ત્યારે પાણી તો વહેતું ને વહેતું જ હોય છે. આગળનું જોયેલું પાણી ચાલી ગયું હોય છે અને નવું આવે છે, તેમ દેહમાં પરમાણુ નવાં આવે છે ને જૂનાં ચાલ્યાં જાય છે.

(પ્રભુશ્રીજીના બોધના વાંચન પ્રસંગે) ૬૩ ઉભરાટ, તા. ૭-૬-૧૯૪૭

**પૂજ્યશ્રી**–''સમકિતીનો લક્ષ આત્મા ઉપર જ રહે છે, તેથી તેને કર્મ બંધાતાં નથી. તેમ મુમુક્ષુ સત્પુરુષ ઉપર શ્રદ્ધા રાખીને વર્તે તો કલ્યાણ થાય.'' (તે ઉપર એક દૃષ્ટાંત)–

એક વખતે રાત્રે ગામના બધા લોકો ગપ્પા મારતા હતા. તેવામાં એકે કહ્યું કે પણે વાવમાં દેવીનું મંદિર છે, ત્યાં રાત્રે કોઈથી જવાતું નથી. જે કોઈ જાય અને ત્યાંથી માતાની ચૂંદડી લાવે તેને રૂ. ૫૦૦/– ઇનામ આપું. એમ એકે કહ્યું. એટલે એક જુવાન ક્ષત્રિયપુત્ર હતો તે કહે 'હું જાઉં છું.' તેણે ઘેર જઈ પોતાની સ્ત્રીને ઘોડી તૈયાર કરવા કહ્યું. સ્ત્રીએ પૂછ્યું–રાત્રે ક્યાં જવું છે? તેણે કહ્યું–દેવીના મંદિરમાંથી ચૂંદડી લાવવાની શરત મારી છે. સ્ત્રીએ ઘણી ઘણી ના કહી, પણ જાણ્યું કે હવે શરતે ચઢેલા છે એટલે નહીં માને. પછી ઘોડીને મેથીનો મસાલો ખવડાવ્યો અને થોડો તેના મોં ઉપર ચોપડ્યો અને પોતાના પતિને કહ્યું કે એકી સાથે ઘણી ઘોડીઓ ભેગી થઈ જાય અને તમારી ઘોડી ન ઓળખાય તો બધાના મોઢાં સૂંઘી જોજો. જેનું મોઢું મેથીની ગંધવાળું હોય તે ઘોડી ઉપર તમારે ચઢવું, પણ બીજી ઉપર ચઢવું નહીં. પછી પેલો જુવાન ગયો, અને વાવની પાસે ઝાડ આગળ ઘોડી બાંધી. વાવમાં ઊતરી ભાલા વડે ચૂંદડી ઊંચકી લઈને ઉપર આવ્યો. તો ત્યાં આગળ બધે ઘોડીઓ જ દેખાય. પછી બધાના મોઢા સૂંઘતો સૂંઘતો મેથીની વાસવાળી ઘોડી જોઈને તેના ઉપર બેસી ઘેર આવ્યો. તેમ કોઈ જ્ઞાનીનું કહેલું માન્ય થઈ જાય તો કામ થઈ જાય.

(સાંજના ૪-૦૦ થી ૫-૦૦ વાગ્યે) ૬૪ ઉભરાટ, તા. ૮-૬-૧૯૪૭

**પૂજ્યશ્રી**– મનુષ્યભવની સાર્થકતા કરી લેવી. જેટલો વખત મળે તેનો ઉપયોગ કરી લેવો.

(તે ઉપર એક દૃષ્ટાંત)–

એક છોકરાને શેરડી ખાવી હતી. તેની માએ પૈસા આપ્યા. તે બજારમાંથી શેરડી લાવ્યો. તેની માએ કહ્યું કે આ શેરડી ખવાય તેવી નથી. નીચે મૂળિયાં સખત હોવાથી તેમાંથી રસ નીકળે નહીં. ઉપરની ફીકી લાગે છે અને વચલો ભાગ સડેલો છે, પણ એ વિચારવાન હતી એટલે શેરડીના ગાંઠ આગળથી કકડા કરીને જમીનમાં વાવ્યા; તેથી બીજે વર્ષે સારી શેરડી થઈ. તેમ મનુષ્યભવ મળ્યો છે, તેમાં બાળપણ તો રમતમાં, અણસમજણમાં અને ભણવામાં પૂરું થાય છે, જુવાનીમાં પરણે, છોકરાછૈયાંની સંભાળ લેવામાં, ધન કમાવામાં અને તેવી બીજી પ્રવૃત્તિઓમાં પૂરો થાય છે અને ઘડપણમાં રોગ આવે, ઇંદ્રિયો કામ આપે નહીં એટલે પથારીવશ પરવશતામાં જાય. પણ એ બધામાંથી શેરડીની ગાંઠની માફક રોજ એકાદ કલાક મળે તે ધર્મધ્યાનમાં, વાંચવા-વિચારવામાં ગાળે તો, વળી બીજા ભવમાં ધર્મ સાધવાની અનુકૂળતા મળે. કંઈ વખત મળે તો ધર્મધ્યાન કરશો, જેથી મનુષ્યભવનું સફળપણું થાય.

(સાંજના ૩-૩૦ થી ૫-૦૦ વાગ્યે) ૬૫ ઉભરાટ, તા.૧૧-૬-૧૯૪૭, બુધવાર

(વ. પત્રાંક ૧૭૪માંથી 'સત્સંગ' વિષે વંચાતાં)

પૂજ્યશ્રી– ''સત્સંગ એ મોટામાં મોટું સાધન છે.'' તે સત્સંગ ઉપર પ્રભુશ્રીજી દૃષ્ટાંત આપતા.

એક વખત નારદજીએ વિષ્ણુ ભગવાનને પૂછ્યું કે સત્સંગનું માહાત્મ્ય શું? ભગવાને કહ્યું કે અમુક જંગલમાં વડના ઝાડ પર કાંચીડો છે તેને પૂછો. ત્યાં નારદજીએ કાંચીડાને પૂછ્યું કે 'સત્સંગનું માહાત્મ્ય શું?' એટલે કાંચીડો તરફડીને તરત જ મરી ગયો. નારદજીને દુઃખ થયું અને પાછા ભગવાન પાસે આવ્યા. પાછા ભગવાને બીજા કોઈ જંગલમાં વડના ઝાડ ઉપર પોપટ છે, તેને પૂછવા કહ્યું. નારદજી ત્યાં જઈને પોપટને પૂછ્યું. પોપટ પણ તરત જ તરફડીને મરણ પામ્યો. નારદજીને પાછો ખેદ થયો અને ભગવાનને આવી બધી હકીકત કહી અને કહ્યું કે તમે મને દર વખતે પાપમાં નાંખો છો. પછી ભગવાને જવાબ આપ્યો કે હવે એકવાર જવાનું છે અને કહ્યું કે અમુક રાજાને ત્યાં કુંવર જન્મ્યો છે, તેને જઈને પૂછો. પછી નારદજીને શંકા થઈ કે પોપટ અને કાંચીડો મરી ગયાં તેમ કુંવર પણ મરી જશે તો રાજા મને પાછો આવવા નહીં દે, છતાં ભગવાને કહેલું એટલે હિંમત કરીને રાજાને ત્યાં ગયા. નારદજીને રાજાએ આવકાર આપ્યો અને પધારવાનું કારણ પૂછ્યું. નારદજીએ કહ્યું તમારે ત્યાં કુંવર જન્મ્યો છે તેને માટે આવ્યો છું. રાજા નારદજીને કુંવર પાસે લઈ ગયા. નારદજીએ કુંવરને પૂછ્યું, સત્સંગનું માહાત્મ્ય શું? કુંવર બોલ્યો, 'નારદજી, હજી પણ તમને ખબર નહીં પડી?' પેલો કાંચીડો પણ હું જ હતો, તમારા જેવા સંતના દર્શનથી હું પોપટ થયો. પોપટ વખતે પણ તમે આવ્યા. તેના પુણ્યથી આ રાજાને ત્યાં હું કુંવર થયો છું. એટલે નારદજીને સત્સંગનું માહાત્મ્ય સમજાયું અને આનંદ થયો.

(સાંજના– ૫-૦૦ થી ૬-૦૦ વાગ્યે) ૬૬ શ્રીમદ્ રા. આ. અગાસ, બી. શ્રાવણ સુદ-૨,
સં. ૨૦૦૩, તા. ૧૮-૮-૧૯૪૭

પૂજ્યશ્રી– **''દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે;**
**દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો.''**

દેહમાં વ્યાધિ પીડા થાય ત્યારે મૂંઝવણ આવે છે, ગભરાટ થાય છે, તે દર્શનમોહને લીધે થાય છે. રૂપ-રસ-ગંધ આદિ પુદ્‌ગલના ધર્મ છે અને જીવના ધર્મ જાણવું, દેખવું, સ્થિર થવું એ છે. જેમ મરચું તીખું છે, પુદ્‌ગલ છે, એમાં જાણવાનો ગુણ નથી; પણ આપણે એને ખાઈએ છીએ ત્યારે આત્માના જાણવાપણાના ગુણને લઈને એ જણાય છે. આહાર લેતાં તીખું, મીઠું, ખારું, ખાટું એ બધા પુદ્‌ગલના ગુણ છે, એમાં જીવને રાગદ્વેષ થાય છે તે દર્શનમોહ છે. મડદાંને બાળે તેને કંઈ થાય નહીં, પણ અંદર ચેતન હોય તો ખબર પડે કે ગરમ લાગે છે, બળે છે. તેમ દેહમાં પૂર્વકર્મ અનુસાર શાતા-અશાતા આવે છે, તે દેહને ખબર નથી; પણ ચેતનને લઈને સુખદુઃખની ખબર પડે છે.

જો એમ વિચારે કે દેહને જ થાય છે, એમાં ચેતનને કંઈ લેવા-દેવા નથી, તો એ વેદનીકર્મ આવીને નિર્જરી જાય છે; કારણકે વેદની કર્મ અઘાતી છે અને આત્માને આવરણ કરનાર નથી. પણ શરીરની અંદર એકમેક તન્મયપણે રહેલો ચેતન, શરીર (પુદ્‌ગલ)ની સાથે અનંતકાળથી રહેવાથી એકરૂપ થઈ ગયેલો હોય છે; એટલે મને દુઃખ થાય છે, હું મરી જઈશ, હું સુખી છું, હું દુઃખી છું, વગેરે ભાવ કરીને નવાં કર્મ ઊભાં કરે છે, અને એ જ દર્શનમોહ છે.

જે જે પુદ્‌ગલ જોવામાં-સાંભળવામાં, ખાવામાં-પીવામાં, સૂંઘવામાં, સ્પર્શવામાં આવે છે, તેમાં આત્મા તન્મય થઈને સારું-ખરાબ, પ્રિય-અપ્રિય, મીઠું-કડવું, સુવાસિત-દુર્ગંધવાળું, સુંવાળું—કઠણ વગેરે જે પુદ્‌ગલના રૂપ-રસ-ગંધ અને સ્પર્શ સ્વભાવ છે; તેને ચેતન પોતાના માની લઈને તેમાં તન્મય થાય છે અને રાગદ્વેષ કરે છે, એ જ દર્શનમોહ છે.

તે પુદ્‌ગલ પોતાથી (ચેતનથી) ભિન્ન છે, એમ સદ્‌ગુરુના બોધથી સમજાય અને એ પ્રમાણે વારંવાર વિચાર કરી ધન-ઘર-પૈસો-છોકરા-સ્ત્રી-દેહ વગેરે પોતાનું નથી, એ ચૈતન્યથી ભિન્ન છે એમ વારંવાર વિચારી ઉપયોગપૂર્વક વર્તતાં, ચૈતન્યનું લક્ષણ જ્ઞાન-જાણવું, દર્શન-શ્રદ્ધવું (દેખવું), ચારિત્ર-સ્થિર થવું એ પુદ્‌ગલથી તદન ભિન્ન છે, એમ સદ્‌ગુરુના બોધને લક્ષમાં રાખી દરેક પ્રકારની સાંસારિક ક્રિયાઓ કરતાં, વૃત્તિને મોળી પાડતાં, આત્માના સ્વભાવમાં સ્થિર થતાં દર્શનમોહનો નાશ થાય છે.

જેમ આપણે આગગાડીમાં બેઠા હોઈએ અને બાજુની ગાડી ચાલતી હોય અને તેના તરફ નજર રાખીએ તો આપણને એમ જણાય કે આપણી જ ગાડી ચાલે છે, પણ જ્યારે દૃષ્ટિ ફેરવીને પ્લેટફોર્મ તરફ નજર કરીએ તો જણાય કે આપણી ગાડી સ્થિર છે. તેમ બાહ્ય પદાર્થ આદિ તરફ દૃષ્ટિ રાખીને વર્તીએ તો આપણને લાગે છે કે હું સુખી છું, દુઃખી છું, પૈસાદાર છું, ગરીબ છું વગેરે, એમ જેવા સંજોગો મળ્યા હોય તે રૂપ થઈ જાય છે; પણ જ્યારે સત્પુરુષના બોધે દૃષ્ટિ ફેરવે અને આત્મા તરફ લક્ષ રાખે તો જણાય કે આત્માનો સ્વભાવ સ્થિર છે, એ સંજોગોની સાથે આત્માને કંઈ લેવા દેવા નથી; તો દર્શનમોહ નાશ પામીને આત્મદૃષ્ટિ થતાં આત્મા પોતાના સ્વભાવમાં સ્થિર થાય, અને એને પ્રતીતિ થાય કે જે બધા સંજોગો મળ્યા છે તે સ્વપ્નવત્ છે.

જેમ રાત્રે સ્વપ્ન આવે અને બધું દેખાય પણ જાગૃત થતાં સ્વપ્નામાં જે જોતા હતા, ભોગવતા હતા, તે બધું જૂઠું હતું; તેમ આ મોટું સ્વપ્ન છે. આગળના ભવોમાં જે ભોગવ્યું હશે તેમાંનું કંઈ

અત્યારે છે? તેમ આ આયુષ્ય પૂરું થતાં આંખ મીંચાઈ જશે ત્યારે આમાંનું કંઈ યાદ રહેવાનું છે? કે સાથે આવવાનું છે? બધું જ સ્વપ્નવત્ પડી રહેશે. માટે વારંવાર સત્પુરુષના સમાગમે (સત્સંગે) બોધ સાંભળી તે પ્રમાણે ઉપયોગપૂર્વક સંસારના કામોમાં પ્રવર્તતાં, વૃત્તિઓને વારંવાર પાછી હઠાવી મોળી પાડતાં દર્શનમોહનો ક્ષય થાય છે.

પહેલાંના વખતમાં છોકરાઓને ભણવાને માટે પાટી ઉપર રેતી પાથરી એકડો કાઢી આપતા. એને ઘૂંટતાં ઘૂંટતાં પાટીમાં કોઈની ઠોકર વાગતાં પાછી રેતી સરખી થઈ જતી અને બધું ચિતરામણ ભુંસાઈ જતું. તેમ જગતનાં કામો કરતાં આત્મામાં ચિતરામણ પડે કે પાછું સ્મરણમંત્ર યાદ કરીને (ઠેસ મારીને) એને ભૂંસી નાંખવું. એમ વારંવાર સ્મરણમંત્ર 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' યાદ કરતા રહેવું અને દર્શનમોહરૂપી જગતના જે જે ચિતરામણો પડે તેને સત્પુરુષના સ્મરણમંત્રરૂપી બોધથી ભૂંસતાં રહેવું. એમ કરતાં કરતાં આત્મા એના સ્થિર સ્વભાવમાં આવશે અને દર્શનમોહનો નાશ થશે.

અશાતા વેદનીયનો જોરમાં ઉદય હોય ત્યારે વધારે બળ કરીને જોરથી સ્મરણ બોલવું અને વેદનીને કહેવું કે તું તારું કામ કર, હું મારું કામ કરું છું. પૂ.પ્રભુશ્રીજી વેદનીના પ્રસંગે વધારે બળથી બોધ કરતા.

(સવારના— ૮-૦૦ વાગ્યે) ૬૭ શ્રી રા.આ.અગાસ, શ્રાવણ સુદ ૧૩, સં. ૨૦૦૪

(એક મુમુક્ષુની તબીયત નરમ હોવાથી તેમને ત્યાં મળવા ગયા તે પ્રસંગે)

પૂજ્યશ્રી—પ્રકૃતિ શાંત રાખવી. ખરું સુખ આત્મામાં છે. કર્મો આવે છે ને જાય છે, તે પ્રમાણે સુખ-દુઃખ આવે છે ને જાય છે. તેમાં શાંતિ રાખીએ તો નવાં કર્મો બંધાતાં નથી અને જલદીથી વેદીને છૂટા થવાય છે, પણ ગભરાટ કરવાથી દુઃખ વધે છે અને નવા કર્મો બંધાય છે. બોજો માથે ઉપાડો, ખભે લો કે હાથમાં રાખો, પણ ઉપાડ્યે જ છૂટકો છે; તેમ આત્માએ ભોગવ્યે જ છૂટકો છે. કર્મો એક બાજુથી ખસેડો તો બીજી બાજુથી પેસે એવાં છે. સમતા રાખવી. ધીરજથી દુઃખ સહન કરી લેવું.

''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' એ સ્મરણમાં જ લક્ષ રાખવું. પ્રભુશ્રીજી કહેતા—મોક્ષ એટલે શું? છૂટવું. જેટલા છૂટીએ તેટલો મોક્ષ. બધું છૂટી જાય એટલે સંપૂર્ણ મોક્ષ. એ કંઈ મુશ્કેલ કામ નથી. નિર્મોહી થઈ જવું.

### [1]નિર્મોહી કુટુંબની કથા

એક રાજા મોટું રાજ્ય સંભાળતો હતો, છતાં તેને સદ્ગુરુનો અપૂર્વ યોગ થયેલો તેથી તેનું ચિત્ત તો આત્મહિત થાય તેવું જ્ઞાનીએ જણાવેલું તેમાં જ મગ્ન રહેતું. તેના આત્માને શાંતિ રહેતી. તે લાભ રાણીજીને પ્રાપ્ત થાય તે અર્થે તેણે રાણી આગળ તે મહાત્માના ગુણગ્રામ કર્યા અને પોતાને તેમનો યોગ થયો ત્યારથી તે ભવ ફરી ગયા જેવું થયું, તે કહ્યું. તેથી રાણીજીને પણ તે સદ્ગુરુનું સ્મરણ ગ્રહણ કરવા ભાવના થવાથી તે સદ્ગુરુનો યોગ મેળવી તેમણે જણાવેલું સાધન તે કરવા

૧. પત્રસુધા પત્રાંક ૮૨૪

લાગ્યાં. તેમને પણ તે સાધનનો પ્રગટ અનુભવ થયો એટલે કુંવર યુવાન હતો છતાં તેને સદ્‌ગુરુનો સમાગમ કરાવ્યો અને તેને પણ ધર્મની લગની લાગી. કુંવરે તેની સ્ત્રીને સમજાવી તેથી તેણે પણ સદ્‌ગુરુની ઉપાસના કરી શાંતિ મેળવી. આ પ્રમાણે આત્માર્થે બધાં સત્સાધન આરાધતાં અને પૂર્વકર્મના યોગે સુખદુઃખ ભોગવવાના પ્રસંગો આવે તેમાં ઉદાસીન રહેતા, તેનું માહાત્મ્ય કોઈને લાગતું નહીં.

દેવલોકમાં ઇન્દ્રે એક વખત આ રાજાના આખા કુટુંબના વખાણ કર્યા. તે સાંભળી એક દેવને થયું કે ઇંદ્રનું કહેવું ખરું લાગતું નથી. પુરુષો તો કંઈ સમજે, પણ બૈરાંમાં ધર્મ સમજવાની બુદ્ધિ ક્યાંથી હોય! તે તો મોહમાં જ આખો ભવ ગાળે છે. તેથી પરીક્ષા કરવા તે રાજાની રાજધાનીને દરવાજે આવી ઊભો રહ્યો. થોડી વારમાં રાજકુમાર વનક્રીડા કરવા એક ટુકડી લશ્કરની લઈ જંગલમાં જતો હતો, તે જોઈ દેવે બાવા-યોગીનું રૂપ ધારણ કર્યું ને રાજસભામાં ગયો. આંખોમાં આંસુ લાવી, ગળામાં ડૂમો ભરાયો હોય તેવો દેખાવ કરી તેણે કહ્યું : હે રાજાજી! મોટી ઉમ્મરે આપને એક કુંવરની પ્રાપ્તિ થઈ, તે રાજ્ય ચલાવે તેવા થયા ત્યારે શિકાર કરવા આવ્યા હશે તે મારી ઝૂંપડી પાસે વાઘે મારી નાખેલા મેં જોયા, ત્યારથી મારી આંખોમાં આંસુ સુકાતાં નથી. રાજ્યનું હવે શું થશે? રાજાએ યોગીને આસન પર બેસાડી પૂછ્યું : યોગીરાજ! આપ કેટલાં વર્ષથી જંગલ સેવો છો? યોગી બોલ્યા, પચ્ચીસ વર્ષથી. ત્યાં શું કરો છો? તો કહે, ઈશ્વરભજન. રાજાએ કહ્યું : બાવાજી! આપ આટલો ક્લેશ કરો છો, તો તમને સાચા ગુરુ મળ્યા નથી એમ લાગે છે. નહીં તો પોતાનો દીકરો મરી જાય તોપણ ક્લેશ કરવો નકામો સમજાવો જોઈએ. જો તમને પારકા છોકરાનું આટલું બધું લાગી આવે છે, તો વૈરાગ્ય વિના ઈશ્વરભજન કેવું કરતા હશો? માટે હવે સદ્‌ગુરુ શોધી સાચો વૈરાગ્ય પામી ઈશ્વરને ઓળખી મનુષ્યભવ સફળ કરો. એમ કહી રજા આપી. ત્યાંથી રાણી પાસે તે ગયો. બૈરાં આગળ વળી વધારે ફેલ દેવમાયાથી તે કરવા લાગ્યો. હાંફતો હાંફતો છાતી કૂટતો તે કહેવા લાગ્યો : રાણીજી! સત્યાનાશ વળી ગયું, કુંવરજીને વાઘે મારી નાખેલા મારી ઝૂંપડી પાસે જ મેં જોયા. તેથી દોડતો દોડતો તમને ખબર કહેવા આવ્યો છું. રાણીજીએ તેમને બેસાડી પાણી પાયું. મોં-માથું સાફ કરી સ્વસ્થ થવા કહ્યું એટલે તે બેઠો, પાણી પીધું. રાણીજીએ કહ્યું : બાવાજી, આ ચોગાનમાં આ આંબો છે. તેના ઉપર ઘણી કેરીઓ બેસે છે. તેમાંથી ઘણી તો ગરી જાય છે. કોઈ વધે તે બીજા તોડી લે છે. તેમ મને ઘણાં સંતાન થયાં અને મરી ગયાં. આયુષ્યબળે યુવાવસ્થા આ કુંવર પામ્યો ત્યાં વળી કાળે તેનો પ્રભાવ જણાવ્યો. બનનાર છે તે ફરનાર નથી. અમને સદ્‌ગુરુનો યોગ થયો છે તેથી અમને ભક્તિ એ જ આ ભવમાં અત્યંત પ્રિય છે, તેટલી પ્રીતિ કુંવર પ્રત્યે પણ નથી. હવે જિંદગી ટકશે ત્યાં સુધી ભક્તિ કરી આ આત્માનું હિત કરીશું. પણ આપને આટલો ક્લેશ થાય છે તે જાણી નવાઈ લાગે છે. ત્યાંથી ઊઠી તે દેવ કુંવરની પટરાણી પાસે ગયો. ત્યાં જઈ વાળ તોડવા લાગ્યો, છાતી કૂટવા લાગ્યો. તે જોઈ પટરાણીએ પૂછ્યુંઃ બાવાજી! આમ કેમ કરો છો? તેણે કહ્યું : તમારું નસીબ ફૂટી ગયું. કુંવરજીને વાઘે મારી નાખેલા મારી ઝૂંપડી પાસે જંગલમાં જોયા ત્યારથી મને ચેન પડતું નથી. તમને ખબર કહેવા આટલે દૂર આવ્યો છું. તે બાઈ બોલી : બાવાજી! આવ્યા

તે સારું કર્યું. પણ મારી વાત સાંભળો : હું ક્યાં જન્મેલી, ક્યાં ઊછરેલી અને પૂર્વના સંસ્કારે આ કુટુંબમાં આવી ચઢી, પણ મોટો લાભ તો અમને સદ્‌ગુરુનો યોગ થયો અને સાચી ભક્તિ પ્રાપ્ત થઈ ત્યારથી અમે બધાં કુટુંબનાં જાણે મરી ગયાં હોઈએ અને અહીં માત્ર રાજ્યને જોવા માટે આવ્યાં હોઈએ તેમ મહેમાન તરીકે રહીએ છીએ. ભગવાન સિવાય અમને કશું ગમતું નથી. તેની બધી ઇચ્છા સુખકારી અમે માનીએ છીએ. આપ હવે ક્લેશ કરશો નહીં. સદ્‌ગુરુકૃપાએ અમે સુખી થયાં છીએ અને સુખી જ રહીશું. ત્યાં રાજા રાણી આવ્યાં એટલે તે દેવ બાવાનું રૂપ તજી દેવ થયો. તે કુંવર મરી નથી ગયો, માત્ર તમારી પરીક્ષા કરવાને આવ્યો હતો એમ કહી તેમને નમસ્કાર કરી તે પાછો દેવલોકે ગયો. તેમ નિર્મોહી થવું.

(સવારના ૯-૩૦ વાગ્યે) ૬૮ શ્રી રા.આ.અગાસ, શ્રાવણ સુદ ૧૪, સં. ૨૦૦૪

પૂજ્યશ્રી—''હે પ્રભુ! હે પ્રભુ!'' રોજ બોલીએ છીએ, પણ તેના ઉપર વિચાર કરવો. વિચારવાથી નવા નવા અર્થ નીકળશે. ''સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં અનંત આગમ રહ્યા છે.'' (૧૬૬)

''હે પ્રભુ! હે પ્રભુ!'' એટલે પ્રભુના અનંત ગુણનું સ્મરણ થાય અને આપણામાં અનંત દોષ છે એમ ખ્યાલ આવે. હરિભદ્રસૂરિ રોજ સવારે મંદિરે ભગવાનનાં દર્શન કરવા જતા. રસ્તામાં જતાં જતાં જે જે જુએ તેના વિચાર આવે, એટલે ત્રાસી જતા. બધા જીવો કર્મને આધીન દોડાદોડ કરે છે. કોઈ માણસ બહુ જ મૂંઝવણમાં આવી ગયો હોય અને મંદિરે જઈ ભગવાન આગળ કહે, હે ભગવાન! તેમ તેઓ હે પ્રભુ! હે પ્રભુ! એમ બોલતા. જગતમાં ક્યાંય શાંતિ નથી, હે ભગવાન! તારી આગળ શાંતિ છે, તારાં દર્શનથી શાંતિ મળે છે. એકદમ સંસારથી ત્રાસી ગયો હોય અને વૈરાગ્ય આવે ત્યારે 'હે પ્રભુ! હે પ્રભુ! શું કહું?' એટલે તું ત્રણ લોકનો નાથ છે, તું બધું જાણે છે. તને શું કહું? હું તો દીન અને અનાથ છું. તું દીનનો નાથ છે, તું દયાળ છે એટલે અત્યંત કરુણાશીલ છે. ''હું તો દોષ અનંતનું.'' અનંતકાળથી હું દોષ કરતો આવ્યો છું એટલે પોતાના દોષો તરફ દૃષ્ટિ કરે છે અને ફરી તેવા દોષો ન થાય તે માટે કાળજી રાખે છે. ''ભાજન છું કરુણાળ.'' હે કરુણાળ! હું તો અનંત દોષથી ભરેલો છું, મને એમાંથી છોડાવ. તું કરુણાવંત છો. મારા પર દયા કર. તારા સિવાય મને કોઈ છોડાવે એમ નથી. એમ કરવાથી ભાવો શુદ્ધ થાય.

''શુદ્ધ ભાવ મુજમાં નથી.'' મારામાં એક પણ સદ્‌ગુણ નથી કે જેથી મારા ભાવ શુદ્ધ થાય. ''નથી સર્વ તુજરૂપ'' આખું જગત તારા રૂપ છે એમ દેખાતું નથી. જ્યાં જુએ ત્યાં આત્મા જ પહેલો જોવો, એથી ભાવ શુદ્ધ થાય. ''નથી લઘુતા કે દીનતા'' હું અધમ છું, નીચ છું, પામર છું, એવો નમ્રભાવ નથી, જેથી હું દરેકનો વિનય કરી શકું, કે જેથી મારામાં વિનય ગુણ પ્રગટે. ''શું કહું પરમસ્વરૂપ?'' હે પરમસ્વરૂપ એવા પરમાત્મા! તને હું શું કહું?

''નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં'' હે ભગવાન! મેં ગુરુદેવે આપેલી આજ્ઞા હૃદયમાં ધારણ કરી નથી, તે પ્રમાણે વર્તતો પણ નથી. ''આપ તણો વિશ્વાસ દૃઢ'' કારણ કે મારાપણાનું અભિમાન મેં ત્યાગ્યું નથી. 'હું જાણું છું', 'હું સમજું છું' એવું માન ગળ્યું નથી. એટલે

દૃઢતાપૂર્વક આજ્ઞા આરાધી નથી. ‘‘ને પરમાદર નાહીં’’ એટલે એ આજ્ઞા પ્રત્યે પરમ આદર આવતો નથી.

*

(સાંજના ૫-૩૦ વાગ્યે)

પૂજ્યશ્રી–જીવને આત્માના અસ્તિત્વનો હજુ વિશ્વાસ આવ્યો નથી. આત્માનું અસ્તિત્વ જીવને ભાનમાં આવે તો તે સમ્યક્ત્વને પ્રાપ્ત થાય છે અને પછી કદી પણ બંધાતો નથી, મુક્ત થતો જાય છે. કોઈ પણ સંસાર સંબંધી કાર્યો ન છૂટકે કરવાં પડે તો તે કરે છે, તેનો બંધ તેને નથી પડતો.

શ્રદ્ધા નથી એટલે મનાતું નથી. સત્પુરુષનો દૃઢ વિશ્વાસ થયે એ શ્રદ્ધા આવે છે અને એ થવા માટે પરમકૃપાળુદેવના વચનામૃત વાંચવા, વિચારવા. વચનામૃત છે તેને પ્રત્યક્ષ પરમકૃપાળુદેવ તુલ્ય જાણી તેનું બહુમાન કરવું. કૃપાળુદેવ હાજર હોય તો આપણે કેવા શાંત અને આજ્ઞામાં રહીએ? ક્યાંય બીજે ચિત્ત જવા ન દઈએ, તેમ એને પ્રત્યક્ષ કૃપાળુદેવ તુલ્ય જ જાણવું. એટલી શ્રદ્ધા થઈ નથી, એટલે એમ મનાતું નથી. એવી દૃઢ શ્રદ્ધા કરવી. એમનું એક વચન લઈને આખો દિવસ રટણ કરવું. ‘‘તમે પરિપૂર્ણ સુખી છો’’ ‘‘આત્મા પરમાનંદ રૂપ જ છે’’ એ વચનો ઉપર આખો દિવસ વિચાર કરવો.

**‘‘નથી ધર્યો દેહ વિષય વધારવા; નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા’’** (૧૫)

(સાંજના) ૬૯ શ્રી ધામણ મંદિર, માગસર સુદ ૧૫, સં. ૨૦૦૫

પૂજ્યશ્રી–વેદની તો કર્મને લઈને આવે છે. પૂર્વનાં અશુભ કર્મો ભોગવ્યા વગર છૂટકો નથી; છતાં દવા નિમિત્ત છે તે કરવી, પણ ધીરજથી વેદની સહન કરવાનું રાખવું. સહન કરતાં શીખવું અને હંમેશા ઉપયોગપૂર્વક વર્તવું. નવાં કર્મો ન બંધાય તેમ વર્તવું અને આ અમૂલ્ય મનુષ્યભવમાં એ જ કરવાનું છે. જૂનાં કર્મો ભોગવી લેવા અને નવાં ન બંધાય તેનો ઉપયોગ રાખવો.

જીવને અનાદિની અવળું ચાલવાની ટેવ છે અને તેથી અમૂલ્ય મનુષ્યભવ લુંટાઈ જાય છે. (તે ઉપર દૃષ્ટાંત)–

‘એક કોડી માટે સોનામહોરો ગુમાવી’ કોઈ સોનામહોરોની થેલી લઈને જતો હતો. તેમાં રસ્તામાં ખર્ચી માટે કોડીઓ, મહોર વટાવીને લીધી. રસ્તે ચાલતાં લઘુશંકા કરવા બેઠો, ત્યાં કોડીનો થેલો રહી ગયો. થોડે દૂર ગયો એટલે પેલી કોડીઓ સાંભરી કે કોડી રહી ગઈ. તે પાછો લેવા જવા વિચાર કર્યો. એટલે વિચાર્યું કે હાલ આ સોનામહોરનો થેલો અહીં ઝાડ પાસે મૂકીને જાઉં, પછી આવીને પાછો લઈ લઈશ. ત્યાં ઊંચકીને શા માટે લઈ જવો અને પાછો લાવવો? એમ વિચારી સોનામહોરનો થેલો મૂકીને પેલી કોડીઓ લેવા ગયો અને તે લઈને પાછો આવ્યો અને ત્યાં જોયું તો સોનામહોરનો થેલો ગુમ થઈ ગયો. તેમ નજીવી બાબતમાં ગૂંચાઈ જઈને મનુષ્યભવ ગુમાવી બેસે છે.

એક રાજા હતો. તેને કંઈ રોગ ઉત્પન્ન થયો. કોઈ હોંશિયાર વૈદ્યે કહ્યું કે રોગ મટાડું, પણ આખી જિંદગી કેરી ખાવી નહીં. કેરી ખાશો તો તમારું મૃત્યુ થશે. માટે આ પ્રમાણે પાળી શકો તો દવા આપું. રાજાએ કબૂલ કર્યું અને રાજાનો રોગ મટી ગયો. અને સારો થયો. રાજાએ પોતાના રાજ્યમાં

જેટલા આંબા હતા તે બધા કપાવી નાખ્યા અને બહારથી કેરીઓ લાવવાની પણ મનાઈ કરી. એક વખત રાજા શિકારે નીકળ્યો. તે દૂર દૂર જંગલમાં પોતાના રાજ્યની હદ છોડીને બીજા રાજ્યની હદમાં જતો રહ્યો. બપોર થઈ ગયેલી તેથી તે થાક્યો, અને એક ઝાડ તળે વિશ્રાંતિ લીધી. ત્યાં મોટું આંબાનું ઝાડ હતું અને ગ્રીષ્મ ઋતુ હતી એટલે ઉપરથી પાકેલી એક સાખ (કેરી) પડી. રાજાએ તે લીધી અને જોઈને કહ્યું—મારે ક્યાં ખાવી છે ? પછી ચાકુથી કાપવા માંડી, એક એક ચીરી કરીને બધાને વહેંચવા માંડી એટલે ગોટલો બાકી રહ્યો. રાજાને થયું કે આ ક્યાં કેરી છે ? આ તો ગોટલો છે. એમ કરી રાજાએ તે ખાધો અને તેથી મરી ગયો. એમ કેરીના ગોટલા ખાતર જીવ ગુમાવ્યો. આમ વૃત્તિઓ છેતરે છે અને મનુષ્યભવ લુંટાવી દે છે, માટે ઉપયોગ રાખવો અને નવાં કર્મો ન બંધાય તેમ વર્તવું.

*

મુમુક્ષુ—કૃપાળુદેવે એક જગ્યાએ લખ્યું છે કે "રાંડી રુએ, માંડી રુએ, પણ સાત ભરતાર વાળી તો મોઢું જ ન ઉઘાડે." (૬૦૮) આનો અર્થ શું હશે ?

પૂજ્યશ્રી—આ તો સામાન્ય લોકકહેવત છે. એ યાદ આવવાથી એમણે લખી હતી, પણ આપણે તો એનો પરમાર્થ ગ્રહણ કરવો. એ પત્ર કોઈ ભાવનગરના ભાઈ ઉપર લખેલો હતો અને એ ભાઈ વેપારમાં ઘણા જ ગૂંચાઈ ગયેલા. એટલે એમને એવા આશયથી લખ્યું હશે કે રાંડેલી હોય એટલે જેને વેપાર અથવા પરિગ્રહ ન હોય, અને બીજી માંડી[૧] હોય એટલે જેને થોડો વેપાર પરિગ્રહ હોય તો તેને ધર્મને માટે અવકાશ મળે, પણ સાત ભરતારવાળી તો મોઢું જ ન ઉઘાડે એટલે જે બાઈને સાત ધણી હોય તેને બોલવા જેટલી પણ ફુરસદ ન મળે. એક ધણી કહે—આમ કર, બીજો કહે—આમ કર, તેમ ઘણો વેપાર હોય, પરિગ્રહ હોય તો તેને તો બિલકુલ અવકાશ જ નહીં મળે, એટલે ધર્મ તરફ લક્ષ આવી જ ન શકે એમ પરમાર્થ લેવો.

૭૦ શ્રી રા.આ. અગાસ, ચૈત્ર વદ ૭, સં. ૨૦૦૫

પૂજ્યશ્રી— ગમે તે નિમિત્તે અહીં આવવું થયું તે ઘણા પુણ્યનું કારણ છે. આખો વખત બીજા કામમાં કાઢીએ છીએ, તેમાંથી થોડો વખત આત્મકલ્યાણ માટે કાઢવો. પૂ.....ને ત્યાં મંદિર છે, ત્યાં કોઈ કોઈ દિવસ દર્શન કરવા જવું. પ્રભુશ્રીજીએ કહ્યું છે કે જેનું અહોભાગ્ય હશે તે આ દરવાજામાં પગ મૂકશે. ગમે તે કારણે આવવાનું થયું, પણ પૂર્વ પુણ્યના જોગે બને છે.

કોઈ બે મિત્રો હતા. તે બધો વખત સાથે જ રહેતા. જ્યાં જ્યાં જાય ત્યાં સાથે જ જાય. એક વખત મુનિના વ્યાખ્યાનમાં ગયા. ત્યાં એકને એ વ્યાખ્યાન ગમ્યું અને બીજાને ન ગમ્યું. ત્યારે બેઉના મનમાં વિચાર આવ્યો કે અમને બેઉને બધું જ સરખું ગમે છે, ત્યારે આમાં ભેદ કેમ પડ્યો ? તે માટે મુનિને પૂછ્યું. મુનિએ જવાબ આપ્યો કે આગલા ભવમાં બે ચોર હતા. તે સાથે ચોરી કરવા જાય. એક વખત પકડાઈ જવાની બીકથી જંગલમાં સંતાવા નાસી ગયા. એક ગુફામાં સંતાઈ ગયો. ત્યાં એક મુનિને સમાધિમાં બેઠેલા જોયા તેને ભાવ આવ્યો કે આ મુનિ કેવા શાંત નિર્ભય છે ? તેથી તેને આ ભવમાં મુનિના ઉપદેશની રુચિ થઈ અને બીજાને તેવા સંસ્કાર ન

૧. માંડી—પરણેલી, જેણે ઘર માંડેલું હોય તે.

હોવાથી ઉપદેશમાં રુચિ ન થઈ.

(સાંજના) ૭૧ શ્રી રા.આ. અગાસ, ચૈત્ર વદ ૯, સં. ૨૦૦૫

(એક મુમુક્ષુ 'આઠ દૃષ્ટિની સજ્ઝાય'ના અર્થની ચોપડી વાંચીને પાછી આપવા આવ્યા તે પ્રસંગે)

પૂજ્યશ્રી—કંઈ સમજ પડી?

મુમુક્ષુ—કંઈ યાદ રહેતું નથી.

પૂજ્યશ્રી—અર્થ જાણવાની ગરજ હોય, રુચિ હોય તો યાદ રહે. પણ ઉપર ઉપરથી વાંચી જાય તો કેમ યાદ રહે? ફરીથી વાંચવી. વાંચતાં પહેલાં દરેક ગાથાનો અર્થ પોતે કરવો અને પછી એમાં વાંચવું, એટલે આપણો એ ઉપર વિચાર વધે.

મુમુક્ષુ—એમાં 'વેદ્ય-સંવેદ્ય'ના અર્થ ઘણી વખત વાંચ્યા, પણ યાદ રહેતું નથી.

પૂજ્યશ્રી—વેદ્ય એટલે મોક્ષને માટે જાણવા યોગ્ય, અવેદ્ય એટલે નહીં જાણવા યોગ્ય.

જેને સંસાર પ્રત્યે વૈરાગ્ય આવ્યો હોય, એવા જ્ઞાનીઓને પણ સંસારના કાર્યોમાં સાવચેતીપૂર્વક વર્તવું. એનો વિશ્વાસ કરવા યોગ્ય નથી. તો પછી સંસારમાં રહેનાર મુમુક્ષુઓએ અત્યંત સાવચેતીથી રહેવું યોગ્ય છે. એ વાત વારંવાર વિચારવા, અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે. અનુપ્રેક્ષા એટલે શું? તો કે ભાવપૂર્વક પરિણમન કરવું.

(સવારના, પત્રાંક ૪૬૦ના વાંચન પ્રસંગે) ૭૨ શ્રી રા.આ.અગાસ, ચૈત્ર વદ ૧૨ રવિવાર, સં. ૨૦૦૫

પૂજ્યશ્રી—"સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી નિર્ભયપણાને, નિઃખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાએ કહી છે અને અમે પણ એ જ કહીએ છીએ."

ગમે તેવું દુઃખ આવે તો પણ ભય પામવો નહીં, તેમજ ખેદ કરવો નહીં. જે બની ગયું હોય તે તરફ જોવું નહીં, પણ પુરુષાર્થ કરવો અને ફરી ખેદ કરવાનું ન બને તેમ કરવું. "કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી" આ વચન જો યથાર્થ ગ્રહણ થાય તો કોઈ પણ દિવસે ખેદ થાય નહીં, અને હમેશાં શાંતિ અનુભવાય. "અવિચાર અને અજ્ઞાન એ સર્વ ક્લેશનું, મોહનું અને માઠી ગતિનું કારણ છે. સદ્‌વિચાર અને આત્મજ્ઞાન એ આત્મગતિનું કારણ છે" આત્મગતિ એટલે શું? તો કે મોક્ષ. "તેનો પ્રથમ સાક્ષાત્ ઉપાય જ્ઞાનીપુરુષની આજ્ઞાને વિચારવી એ જ જણાય છે" 'જ્ઞાનીપુરુષની આજ્ઞાને વિચારવી' એટલે શું? તો કે જ્ઞાનીપુરુષોનાં વચનો વિચારી તે પ્રમાણે વર્તવું.

(એક બહેન બેઠા હતા તે તરફ જોઈને)

પૂજ્યશ્રી—આમને વાંચતાં આવડે છે?

મુમુક્ષુ—બરાબર આવડતું નથી.

પૂજ્યશ્રી—....ભાઈ વાંચે ત્યારે સાથે બેસવું અને પુસ્તક હાથમાં રાખી ધીમે ધીમે વાંચવું. આ મનુષ્યભવ મળ્યો છે, તે ખાવા પીવા માટે મળ્યો નથી, મોક્ષને માટે મળ્યો છે. માટે એનો સદુપયોગ કરી લેવો.

મુમુક્ષુ—સ્ત્રીઓને અડચણ હોય ત્યારે નિત્યનિયમ તથા સ્મરણ મનમાં કરી શકે કે કેમ?

પૂજ્યશ્રી—એ બધું મનમાં કરવામાં કોઈ વાંધો નથી. પ્રભુશ્રીજી કહેતા હતા કે આ તો અઘોરી

મંત્ર છે. આત્માને માટે છે અને આત્મા ક્યાં નથી! એટલે બધે જ બોલાય. એ ઉપર પ્રભુશ્રીજી દૃષ્ટાંત આપતા.

એક યતિ હતો. તે મંત્રથી ભૂત, પ્રેત કાઢતો હતો. એક માણસને ભૂત ભરાયેલું તે કાઢવા લાગ્યો. ત્યારે ભૂતે કહ્યું કે અહીં મને છેડતો નહીં, મને અહીં જ રહેવા દેજે; નહીં તો તારી વલે કરીશ. યતિએ કહ્યું– બધે મને યશ મળે છે અને અહીં તું મને અપયશ અપાવવા માગે છે? તે નહીં બને. એમ કહી મંત્ર ભણીને તેને (ભૂતને) કાઢ્યો. પછી ભૂત તેનું વેર લેવા લાગ શોધવા માંડ્યો, પણ મંત્રને લઈને એનું કાંઈ ચાલે નહીં. તેથી તેણે વિચાર્યું કે જ્યારે દિશાએ જાય ત્યારે અશુચિ વખતે મંત્ર ન બોલી શકે; એટલે તે દિશાએ ગયેલો ત્યારે સમડીનું રૂપ લઈને ઝાપટ મારીને લોટામાંનું પાણી ઢોળી નાખ્યું અને પછી મોટા પાડાનું રૂપ લઈને એને મારવા ધસ્યો. યતિએ જોયું કે લાગ જોઈને વેર લેવા આવ્યો છે, એટલે તરત જ એને અઘોરી મંત્ર યાદ આવ્યો તે મંત્રને ભણવા માંડ્યો, એટલે ભૂત તરત ભાગી ગયો. એમ આપણે મંત્ર ગમે ત્યાં બોલી શકીએ.

(સાંજના) ૭૩ શ્રી રા.આ. અગાસ, ચૈત્ર વદ ૧૩, રવિવાર, સં. ૨૦૦૫

(પૂ. મનહરભાઈ સુરત જવા આજ્ઞા લેવા ગયા ત્યારે.)

પૂજ્યશ્રીએ અતિ ગંભીરમુદ્રાએ શાંતિથી કહ્યું—પરમકૃપાળુદેવનાં વચનો વાંચીએ છીએ અને એના ઉપર વિચાર કરીએ છીએ ત્યારે એમ લાગે છે કે આપણે એક શબ્દ પણ કોઈને ઉપદેશનો કહેવાને અધિકારી નથી. જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ઉપદેશ આપી શકાય નહીં, મૌન રહેવું જોઈએ. કૃપાળુદેવનાં વચનો અતિ ગંભીર છે, ગંભીરતાપૂર્વક વિચારવાં જોઈએ.

(સં. ૨૦૦૫ના વૈશાખ સુદી ૧૩ ના રોજ શ્રી અગાસ આશ્રમથી નીકળી, બીજે દિવસે સવારે આબુ આવ્યા. ત્યાંથી મોટરમાં બેસી 'માઉન્ટ આબુ' આવ્યા.)

૭૪ આબુ, વૈશાખ સુદ ૧૫, સં. ૨૦૦૫

(સવારના ૧૦-૦૦ વાગ્યે, બે મુનિ સાથે થયેલ વાતચીત.)

મુનિ—અનાદિકાળથી બધું કર્યું તે સફળ થયું નહીં, તેનું શું કારણ?

પૂજ્યશ્રી—"રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ" સ્વચ્છંદને લઈને.

મુનિ—સ્વચ્છંદ શાથી જાય?

પૂજ્યશ્રી—"સદ્ગુરુના ઉપદેશથી, સ્વચ્છંદ તે રોકાય."

મુનિ—સદ્ગુરુની પરીક્ષા શી? કેમ ઓળખાય?

પૂજ્યશ્રી—યોગ્યતા જોઈએ. બોધને યોગ્ય ભૂમિકા જોઈએ.

મુનિ—આટલો કાળ ગયો તેમાં ભૂમિકા નહીં તૈયાર થઈ હશે?

પૂજ્યશ્રી—પણ તે વખતે સદ્ગુરુનો યોગ ન હોય તો એકલી ભૂમિકા શું કરે?

મુનિ—અનાદિકાળમાં સત્પુરુષ નહીં મળ્યા હોય?

પૂજ્યશ્રી—ત્યારે ભૂમિકા તૈયાર નહીં હોય. પ્રમાદ વિશેષ વર્તતો હોય એટલે વિશેષ લાભ થઈ

શક્યો નહીં. શિથિલતા અને એવા બીજા કારણોને લઈને રખડ્યો.

મુનિ–સોનગઢનું 'આત્મસિદ્ધિ'ના અર્થવાળું પુસ્તક આપે જોયું?

પૂજ્યશ્રી–ઉપલક જોયેલું. તેમાં ''ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત'' એ ગાથાનો અર્થ જ આખો ફેરવી નાખ્યો છે. કૃપાળુદેવના કહેવાનો આશય આખો બદલી નાખ્યો છે.

*

(સાંજના–ક્રેગ પોઇંટ ફરવા ગયા તે પ્રસંગે)

પૂજ્યશ્રી–પહેલા પૂ.પ્રભુશ્રીજી (સં.૧૯૯૧માં) સનસેટ પોઇંટ ગયેલા ત્યારે હું સાથે નહોતો. ત્યાંથી આવી બધાએ વાત કરી તે સાંભળી. ત્યાં પ્રભુશ્રીજીએ કહેલું કે અહીં આવનાર બધાનું કલ્યાણ થઈ ગયું. એ સાંભળી મને બે ત્રણ દિવસ સુધી તે સંબંધી ખેદ રહેલો. ત્રણ ચાર દિવસ પછી પૂ. પ્રભુશ્રીજી અહીં ક્રેગ પોઇંટ આવેલા, હું પણ તે વખતે સાથે હતો. પૂ. પ્રભુશ્રીજીએ પાછું કહ્યું કે અહીં આવ્યા છે તે બધાનું કલ્યાણ થઈ ગયું. મને સંતોષ થયો. પૂ. પ્રભુશ્રીજી સામે ઊંચા પહાડની શિલાઓ સામે જોયા કરતા. તેઓ જાણે સિદ્ધશિલાનો વિચાર કરતા ન હોય! તેવું લાગ્યું.

(સવારના ૧૦-૦૦ વાગ્યે) ૭૫ આબુ, તા. ૧૫-૫-૧૯૪૯

(''ૐ સદ્ગુરુપ્રસાદ'' પત્રાંક ૬૭૦ના મથાળે હતું તે વંચાતા)

પૂજ્યશ્રી–'સદ્ગુરુપ્રસાદ'નો અર્થ શું?

મુમુક્ષુ–સદ્ગુરુના વચનોરૂપી પ્રસાદી.

પૂજ્યશ્રી–સદ્ગુરુની કૃપા.

(સવારના, પત્રાંક ૬૦૯ના વાંચન પ્રસંગે) ૭૬ તા. ૧૭-૫-૧૯૪૯

પૂજ્યશ્રી– શૈલેશી સ્થિતિના બે અર્થ થાય છે. શીલ+ઈશ. શીલ=સમાધિ, ઈશ=મોટી. છેવટની સમાધિ. બીજો અર્થ શીલ=શિલા–પત્થર, ઈશ=મોટો. મેરુ પર્વત જેવી અડગ સમાધિ. જ્યાં મન-વચન-કાયા બધું સ્થિર થાય છે. કેવળી ભગવાનને દેહ છોડતી વખતની સમાધિ ફક્ત અ-ઇ-ઉ-ઋ-લૃ એ પાંચ હ્રસ્વ અક્ષરો બોલીએ એટલો જ સમય રહે છે.

(સવારના ૯-૦૦ વાગ્યે) ૭૭ આબુ, તા. ૧૮-૫-૧૯૪૯

(એક મુમુક્ષુ પૂજ્યશ્રી સમક્ષ આચારાંગ સૂત્રની સંસ્કૃત આવૃત્તિમાંથી વાંચતા હતા તે પ્રસંગે)

મુમુક્ષુ–કૃપાળુદેવે એક પત્રમાં લખ્યું છે–

''સમસ્ત શ્રુતજ્ઞાનસ્વરૂપ એવાં દ્વાદશાંગમાં સૌથી પ્રથમ ઉપદેશયોગ્ય એવું 'આચારાંગ સૂત્ર' છે; તેના પ્રથમ શ્રુતસ્કંધમાં પ્રથમ અધ્યયનના પ્રથમ ઉદ્દેશામાં પ્રથમ વાક્યે જે શ્રી જિને ઉપદેશ કર્યો છે, તે સર્વ અંગના, સર્વ શ્રુતજ્ઞાનના સારસ્વરૂપ છે, મોક્ષના બીજભૂત છે, સમ્યક્ત્વસ્વરૂપ છે.'' (૫૮૮) તો તે વાક્ય કયું?

પૂજ્યશ્રી–આ જીવ ક્યાંથી આવ્યો છે? અને શા માટે આવ્યો છે? એ પ્રશ્ન છે અને આત્માનો વિચાર ત્યાંથી શરૂ થાય છે.

મુમુક્ષુ—''आणाए धम्मो, आणाए तवो'' (આચારાંગ સૂત્ર) એમ એક પત્રમાં પરમકૃપાળુદેવે લખેલું છે તે ક્યાં લખેલું છે? (કારણકે અત્યાર સુધીમાં હું એમ જ સમજતો હતો કે એ જ પ્રથમ વાક્ય હશે?)

પૂજ્યશ્રી—અત્યાર સુધી મને એ વાક્ય જડ્યું નથી અને એ જ શોધવા આ સંસ્કૃત આવૃત્તિ વાંચવી શરૂ કરી છે. કૃપાળુદેવે તો આગલા ભવમાં વાંચ્યું હશે એટલે લખ્યું હશે. કદાચ પછીના કાળમાં એ બધું નીકળી ગયું હશે, વિચ્છેદ પામ્યું હશે. કૃપાળુદેવે એક પત્રમાં એમ લખ્યું છે કે આ વાત શાસ્ત્રમાં મળી આવશે. નહીં મળે તોપણ કંઈ વાંધો નથી. તીર્થંકરના હૃદયમાં એ વાત હતી એમ અમે જાણીએ છીએ.

જીવને ભાન નથી કે શું કરવા આવ્યો છે અને શું કરે છે? બધા લોકો પૈસા કમાય છે અને તેનાથી મોજશોખ કરે છે. તેમ દેખાદેખી જીવ કરે છે, પણ વિચાર કરતો નથી કે આમાંથી શું સાથે આવવાનું છે? એક પાઈ પણ સાથે આવવાની નથી અને પૈસા કમાવામાં જે પાપ કર્યું હશે તે જીવને ભોગવવું પડશે. જીવે બીજા બધામાં સુખ કલ્પ્યું છે, પણ તે વાસ્તવિક તો દુઃખ જ છે. ખાવાથી સુખ થતું હોય તો આપણે વધારે ખાઈએ તો વધારે સુખ થવું જોઈએ, પણ વધુ ખાવાથી ઊલટું દુઃખ થાય છે. આત્માનું સુખ છે તે ઇંદ્રિયાતીત અને અગોચર છે, એટલે દેખાય તેમ નથી. સદ્ગુરુ શરણે એમની આજ્ઞાએ વર્તતાં એ અનુભવમાં આવે છે.

લોકો બધા જાત્રાએ જાય છે, બધા દેખાદેખી જાય છે. ફલાણાભાઈ ફલાણી જાત્રાએ જઈ આવ્યા તો આપણે પણ જઈએ. પણ મહાપુરુષોએ જાત્રાએ જવાનું શા માટે કહ્યું છે? તેનો લક્ષ નથી. જાત્રાએ જવાથી દાન એટલે પૈસાનો લોભ છૂટે, ધર્મ થાય. ઘરના, સંસારના બોજામાંથી તેટલા દિવસ નિવૃત્તિ મળે અને એટલો સમય ધર્મ ભાવનામાં વ્યતીત થાય. કોઈ સત્પુરુષનો સમાગમ થાય અને એમની વાણી સાંભળવા મળે કે જે મરણ વખતે યાદ આવે તો આખો ભવ સુધરી જાય.

(સાંજના) ૭૮ આબુ, તા. ૨૨-૫-૧૯૪૯, વૈશાખ વદી ૧૦

પૂજ્યશ્રી—પરમકૃપાળુદેવ સાયલા પૂ. સોભાગ્યભાઈને ત્યાં રહેલા. સવારમાં મળસકે ગાડામાં બેસી સ્ટેશન જવા નીકળ્યા. સ્ટેશન ગામથી દૂર હતું. રસ્તામાં એક નદી આવે છે. ત્યાં ગાડું ઊભું રાખ્યું. સોભાગ્યભાઈએ ત્યાં આગળ પરમકૃપાળુદેવને કહ્યું—''આ ઊગતા સૂર્ય અને વહેતી નદીની સાક્ષીએ કહું છું કે હવે મારા મનમાં તમારા સિવાય બીજું કંઈ નથી. તમે જ મારા ગુરુ અને સર્વસ્વ છો. મને બીજા કોઈ ઉપર હવે શ્રદ્ધા રહી નથી.'' એમને (સોભાગ્યભાઈને) પૂ. ડુંગરશીભાઈ ઉપર શ્રદ્ધા હતી, તે નીકળી ગઈ હતી. એટલે એમણે પરમકૃપાળુદેવને આ પ્રમાણે કહ્યું હતું.

(સવારના, પત્રાંક ૭૮૨ના વાંચન પ્રસંગે) ૭૯ આબુ, તા. ૨૩-૫-૧૯૪૯

પૂજ્યશ્રી—મોટા મુનિઓને પણ દુર્લભ એવું સમાધિમરણ પૂ. સોભાગભાઈએ કર્યું છે એમ આવ્યું. સમાધિ ઇચ્છનાર મુનિને પણ છેવટની વખતે સમતા રહેવી કઠણ પડે છે.

પરમકૃપાળુદેવ માથે હતા એટલે સોભાગભાઈને સમાધિમરણમાં બળ મળ્યું. એ પ્રત્યક્ષ સત્પુરુષની બલિહારી છે. ખંભાતવાળા અંબાલાલભાઈ છેવટ સુધી સોભાગભાઈ પાસે હતા. તે

વખતે અંબાલાલભાઈ મંત્ર બોલવા લાગ્યા, ત્યારે સોભાગભાઈએ કહ્યું કે મને ધ્યાનમાં, એકાગ્રતામાં વિઘ્ન થાય છે, માટે બોલવાનું બંધ રાખો. આ સોભાગને બીજું હોય નહીં.

પરમકૃપાળુદેવે પ.પૂ.પ્રભુશ્રીજીને કહેલું કે મુનિ! તમને પણ સોભાગ જેવું સમાધિમરણ થશે. પ.પૂ.પ્રભુશ્રીજી છેવટના દિવસોમાં બીમાર રહેતા. એક વખતે શ્રી ચુનીભાઈ કારભારી ત્યાં હતા, પ્રભુશ્રીજીને મૂર્ચ્છાવત્ જાણીને 'આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે' એ બોલવા માંડ્યું એટલે પ્રભુશ્રીજી તરત બેઠા થઈ ગયા અને બોલતા બંધ કરી દીધા.

(નાસિકમાં પૂ.પ્રભુશ્રીજીને પૂ.બ્રહ્મચારીજીએ કહ્યું કે) ચાલો ભક્તિનો વખત થયો, ત્યારે પૂ.પ્રભુશ્રીજીએ કહ્યું કે અમે તો આખો દિવસ ભક્તિમાં જ છીએ.

એક દિવસે સવારમાં પરમકૃપાળુદેવે એમની માતાને કહ્યું કે મેં બે દેવોને વાત કરતાં સાંભળ્યા. તેમાંથી એક દેવ જરા ઉગ્ર હતો. બીજો શાંત હતો. ઉગ્ર હતો તેણે બીજા દેવને કહ્યું કે આ આપણને દીક્ષા લઈશ, દીક્ષા લઈશ, એમ કહેતા હતા અને હજી દીક્ષા તો લેતા નથી, માટે આપણે એમને દીક્ષા ન લે ત્યાં સુધી ઉપસર્ગ કરવા અને શાંતિથી બેસવા દેવા નહીં. બીજા દેવે કહ્યું કે આપણા ઉપર એમણે ઉપકાર કર્યો છે માટે ઉપસર્ગ કરવા ઠીક નથી. એમ કહી માતાને કહ્યું કે દીક્ષા લેવા દ્યો. માતાએ કહ્યું કે તબીયત સારી થશે ત્યારે આજ્ઞા આપીશું. તે બે દેવો એક સોભાગ્યભાઈ અને બીજો ડુંગરશીભાઈનો આત્મા હતો.

સમકિતનું માહાત્મ્ય એવું છે કે એને પકડ્યા પછી મોક્ષે નહીં જવું હોય તોપણ જવું પડે. સત્પુરુષ મળે, તેનો બોધ પ્રાપ્ત થાય અને તે પ્રમાણે વર્તે તેને સમ્યક્દર્શન પ્રાપ્ત થાય છે.

(સાંજના) ૮૦ આબુ, તા. ૨૯-૫-૧૯૪૯

પૂજ્યશ્રી–દરેક મુમુક્ષુએ આત્માના અસ્તિત્વથી મોક્ષ સુધીની દૃઢ શ્રદ્ધા રાખવી. છપદની શ્રદ્ધા રાખવાનું કહ્યું છે. 'આત્મા છે, નિત્ય છે' એ બે પદની શ્રદ્ધા થાય તો બીજા બધા પદની શ્રદ્ધા એની મેળે થાય છે. પ્રથમ પદમાં જ શ્રદ્ધા થઈ નથી. મિથ્યાત્વ છે ત્યાં સુધી સમકિત, સાચી શ્રદ્ધા થઈ નથી કે થાય નહીં અને મિથ્યાત્વી ગમે તેવી ક્રિયા, ધ્યાન, જપ, તપ વગેરે કરતો હોય છતાં પણ ક્યારે તે પાછો પડે તે નક્કી નથી. જેમ કોઈ ગાંડી બાઈ કૂવે પાણી ભરવા જાય, પણ જ્યારે પાણીનો ઘડો ભરીને ઘરમાં પાછી આવી સંભાળીને મૂકે ત્યારે ખરી, કારણકે ક્યારે એ ઘડો ફોડી નાંખે તે કહી શકાય નહીં. તેવું મિથ્યાત્વનું છે.

(સાંજના, પત્રાંક ૨૫૧ના વાંચન પ્રસંગે) ૮૧ આબુ, તા. ૩૦-૫-૧૯૪૯

પૂજ્યશ્રી–આત્મા બંધાયો છે. પરવસ્તુના મોહને લઈને આત્માની અનંત શક્તિનું ભાન નથી અને આંખ, કાન, નાક વગેરે ઇંદ્રિય દ્વારા જુએ છે, જાણે છે અને જ્યારે ખબર પડે કે મારી અનંત શક્તિ છે, ત્યારે એ કર્મબંધન દૂર કરી અનંત શક્તિ પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરે. તે માટે પ્રભુશ્રીજીએ એક દૃષ્ટાંત આપેલું–

બે રાજા હતા. તેમાંથી એક રાજાને એમ થયું કે બાજુનો રાજા જરા પ્રમાદમાં હોય ત્યારે એને જીતી લેવો અને એ માટે એણે લશ્કરની બધી તૈયારી કરી રાખી હતી. એક વખત લાગ જોઈને

એને જીતી લીધો અને નજરકેદમાં પૂર્યો. જો કે નજરકેદમાં રાજાને બધા પ્રકારનું સુખ હતું, છતાં પણ અહીં સુખ છે એમ કંઈ લાગે? જોકે દાસીપુત્ર હોય તો તેને તો સુખ જ લાગે. પણ આ તો ક્ષત્રિયપુત્ર હતો એટલે રોજ ત્યાંથી નાસી કેમ છુટાય? એ જ લાગ શોધ્યા કરે, અને બહાર નીકળી પાછી લડાઈ કરી પોતાનું રાજ્ય કેમ જીતી લેવું એ જ વિચાર કર્યા કરે. તેમ આત્માની અનંત શક્તિ હણાઈ ગઈ છે તે પાછી કેમ મળે એ જ વિચાર આત્માર્થી જીવ હોય તે કર્યા જ કરે. ક્ષત્રિયની માફક શૂરવીર થઈને કર્મોનો છેદ કરવાનો છે. જે આત્માર્થી છે તેની દૃષ્ટિ સત્પુરુષના બોધ પ્રત્યે રહે છે, એટલે એને દર્શનમોહ કર્મબંધન કરાવી શકતો નથી.

દૃષ્ટિ આત્મા ઉપર રાખવાની છે. પ્રત્યેક વસ્તુમાં પહેલો આત્મા જોવાની દૃષ્ટિ રાખવી, જેથી મોહ થાય નહીં.

(સાંજના, પત્રાંક ૨૩૧ના વાંચન પ્રસંગે) ૮૨ આબુ, તા. ૩૧-૫-૧૯૪૯

પૂજ્યશ્રી—નરસિંહ મહેતાને ભગવાન પર અપૂર્વ વિશ્વાસ હતો, અને એ એમ જ જાણતા કે આપણી કંઈ લાજ જવાની નથી, એની (ભગવાનની) જ લાજ જશે. એટલો દૃઢ વિશ્વાસ હતો, અને એમના વ્યાવહારિક પ્રસંગો પૂરા થયા હતા, પણ એમને અંતરથી બિલકુલ એ માટે ઇચ્છા ન હતી કે યાચના કરી નથી.

દક્ષિણમાં એવા એક દામાજી પંત સંત થઈ ગયા. તેઓ રાજ્યના અન્નભંડાર ઉપર દેખરેખ રાખતા. એટલે કે અન્નના ખજાનચી હતા. તેઓ જાતે બહુ ભક્ત અને દયાળુ હતા અને ભગવાન ઉપર અડગ શ્રદ્ધા હતી. એક વખતે રાજ્યમાં દુકાળ પડ્યો અને અનાજ વગર લોકો ભૂખે મરવા માંડ્યા. એમને થયું કે આ બધું અનાજ અહીં પડ્યું છે અને લોકો ભૂખે મરે છે તે ઠીક નથી. એટલે એમણે બધાને એમાંથી અનાજ આપવા માંડ્યું અને વિચાર્યું કે પાછળથી જે થવાનું હશે તે થશે. થોડા જ વખતમાં અનાજના ભંડાર ખાલી થઈ ગયા. રાજાને ખબર પડી એટલે એમને પકડી મંગાવવા સિપાહીઓ મોકલ્યા. એમને પકડીને બેડીઓ પહેરાવીને સિપાહીઓ રાજા પાસે લઈ જતા હતા. રસ્તામાં મંદિર આવ્યું એટલે સિપાહીઓને કહ્યું કે મને ભગવાનનું ભજન કરી લેવા દો. સિપાહીઓએ એમને મંદિરમાં ભજન કરવા દીધું. આ બાજુ એક માણસ રાજા પાસે આવ્યો અને કહ્યું કે દામાજી પંતે જે લોકોને અન્ન આપી દીધું છે, તેના જે પૈસા થાય તે હું આપવા આવ્યો છું. રાજાને અન્નના જેટલા પૈસા થતા હતા તે બધા તે માણસે ચૂકતે કરી આપ્યા. રાજાને પૈસા મળી ગયા એટલે દામાજીને છોડી મૂકવાની આજ્ઞા કરી. એટલામાં દામાજીને લઈને સિપાહીઓ આવી પહોંચ્યા. રાજાએ એમને ત્યાં જ છૂટા કર્યા અને પૂછ્યું કે તમારા વતી પૈસા કોણ આપી ગયું? દામાજી એકદમ ખેદ કરી બોલ્યા કે મારે માટે ભગવાનને તસ્દી લેવી પડી એ ઠીક ન થયું. ત્યારથી રાજા પણ ભગવાનને માનતો થયો.

*

પૂજ્યશ્રી—'પરેચ્છાનુચારીને શબ્દ ભેદ નથી' (૨૩૨) એટલે ઉદયાધીન, કર્માધીન અથવા ઈશ્વરેચ્છા પ્રમાણે વર્તનારને સારું-નરસું કંઈ થતું નથી, રાગદ્વેષ થતા નથી, પ્રીતિ-અપ્રીતિ કંઈ નથી.

[ પત્રાંક ૨૩૪ માં 'સર્વાત્મસ્વરૂપને નમસ્કાર' વંચાયું તે પ્રસંગે]

પૂજ્યશ્રી–'સર્વાત્મસ્વરૂપ' એટલે શું? તો કે સંપૂર્ણ સ્વરૂપ.

(સાંજના, પત્રાંક ૫૧૦ ના વાંચન પ્રસંગે) ૮૩ આબુ, જેઠ સુદ ૬, તા. ૨-૬-૧૯૪૯

પૂજ્યશ્રી–આ પત્રમાં જીવને ડામ દીધા છે, ડામ દીધા હોય તેવું કહ્યું છે. ''ઘણી વાર પૂર્વકાળે વૃત્તિઓના ઉપશમનનું તથા નિવર્તનનું જીવે અભિમાન કર્યું છે, .......'' (૫૧૦)

એક અપાસરામાં ચાર સાધુઓ ઊતરેલા. તેમાં એકે ચાર માસના, બીજાએ ત્રણ માસના, ત્રીજાએ બે માસના ઉપવાસ કરેલા અને ચોથાથી ઉપવાસ થઈ શકે નહીં એટલે તેણે ઉપવાસ નહીં કરેલા, છતાં એ બિચારો સરળ જીવ હતો અને એને ખેદ થતો કે મારાથી કંઈ બનતું નથી. ધન્ય છે આ બધાને કે કેટલા ઉપવાસ-તપ કરે છે.

કોઈ દેવ તે સરળ સાધુને વાંદવા માટે આવ્યો. જેણે ચાર માસના ઉપવાસ કરેલા તે અપાસરામાં ઓટલા ઉપર બેઠેલા. તેમણે દેવને કહ્યું કે મેં ચાર માસના ઉપવાસ કર્યા છે. આગલા ખંડમાં ત્રણ માસવાળા તેમજ બે માસવાળા બેઠેલા, તેમણે પણ દેવને પોતે ઉપવાસ કર્યાનું કહ્યું, છતાં દેવ તો આગળ ચાલ્યો અને પાછળના ખંડમાં બેઠેલા પેલા સરળ સાધુને નમસ્કાર કરીને પાછો ફર્યો. એટલે પેલા ઉપવાસી સાધુઓએ એને રોકીને કહ્યું કે અમો બધા તપસ્વીઓને, ઉપવાસીઓને મૂકીને, તમોએ જેણે કંઈ કર્યું નથી તેને વંદન કેમ કર્યું? તમે તપસ્વીઓની આશાતના કરી છે. દેવે જવાબ આપ્યો કે તમે તો કંઈ જ કર્યું નથી, માત્ર અભિમાન જ કર્યું છે.

'આ વાત અલ્પકાળમાં ચેતવા યોગ્ય છે.' અલ્પકાળમાં ચેતવા માટે કેમ લખ્યું હશે? તો કે રોગ અને મોહને ઊગતા દાબી દેવા, કારણકે જો રોગની વૃદ્ધિ થાય તો પછી પાછળથી ઉપચાર, દવાનું બળ ચાલતું નથી, તેમ મોહની વૃદ્ધિ થાય પછી સત્સંગ કે બોધ એને કંઈ અસર કરે નહીં, તેને ગણકારે પણ નહીં અથવા જોઈએ તેવી અસર કરે નહીં.

(સવારના) ૮૪ આબુ, તા. ૩-૬-૧૯૪૯, જેઠ સુદ ૭, શુક્રવાર

પૂજ્યશ્રી–આ બધું બળતું છે. તેમાંથી જેટલું કાઢી લીધું તેટલું આપણું. આ આયુષ્ય ચાલ્યું જાય છે, તેમાં આત્માનું થશે તેટલું લેખે આવશે. જીવ જાળ પાથરીને બેઠો છે અને એમાં જ ફસાઈ ગયો છે.

(એક મુમુક્ષુભાઈ પોતાને ગામે જવાની રજા લેવા આવ્યા હતા તેમને ઉદ્દેશીને)

પૂજ્યશ્રી–'આત્મસિદ્ધિ' મોઢે થઈ? તે કરી લેવી. પછી 'છ પદ'નો પત્ર મોઢે કરવો. રાત્રે ભક્તિ કરવી. 'આત્મસિદ્ધિ' બોલવી. ઊંઘ આવે તોપણ ઊંઘી જવું નહીં. દેહાધ્યાસ છે તે મટાડવા કોશિશ કરવી, પુરુષાર્થ કરવો. મહાવીર ભગવાન જાણતા હતા કે તે જ ભવે મોક્ષે જવાના છે, છતાં કેટલો બધો પુરુષાર્થ કર્યો! સાડા બાર વર્ષ જાગૃત રહ્યા અને બધાય ઉપસર્ગો સહન કર્યા. [૧]સંગમદેવે કેવા કેવા ઉપસર્ગો કર્યા? મંકોડાનું રૂપ લઈ પગની જાંઘમાંથી એક બાજુથી પેસી બીજી બાજુ નીકળ્યો. છતાં પણ ભગવાન ધ્યાનમાંથી ચલિત થયા નહીં.

મુમુક્ષુ–એ શી રીતે સહન થતું હશે?

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૬૮૪.

પૂજ્યશ્રી—એ સમકિતનો પ્રભાવ છે. સમ્યક્દૃષ્ટિ, આત્મા અને દેહ જુદા છે એમ જાણે છે. એ જાણતા હતા કે દેહ તો જતો જ રહેવાનો છે, એટલે એને ફેંકી દેવાનો જ છે. એમણે આંખ ચોળવા જેટલી પણ દેહની દરકાર રાખી નથી. ભરત ચક્રવર્તીને થયું કે જ્યારે દેહ મારો નથી તો પછી મારે એના કેમ થવું? એના જેવી એક્કે મૂર્ખતા નથી.

''આત્મા સત્ ચૈતન્યમય'' એવો લક્ષ થવો જોઈએ. એક આત્મા, એની જ દરકાર સંભાળ લેવી. એ માટે વૈરાગ્ય જોઈએ અને વૈરાગ્ય થવા માટે આરંભપરિગ્રહ જેમ બને તેમ ઓછા કરવા જોઈએ. બાજુના મકાનમાં ગમે તેમ થતું હોય તો આપણને કંઈ થાય? તેમ આપણું કંઈ નથી, એમ કરી મૂકવા પુરુષાર્થ કરવો, પણ

''લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું''

આખા જગતમાં કેટલા સ્ત્રી-પુરુષો છે? પણ આ મારી સ્ત્રી, આ મારું ઘર એમ કરીને આત્માને અનંત બંધન કર્યું છે. એના જેવા વેરી કોઈ નથી. ત્યાં જ સુખ માને છે. વાઘ, સિંહ આદિ ભયંકર પ્રાણીઓ કંઈ વેરી નથી. બધું નાશવંત છે. આ ઘર છે, થોડાં વર્ષ પછી ખંડેર થઈ જશે. પથરામાંથી ઘર બનાવ્યું અને એમાં જ અભિમાન કરે છે કે મેં કેવું સુંદર ઘર બનાવ્યું. પાછા પથરા થઈ જવાના છે.

ક્રોધ, માન, માયા ને લોભ એ વૃત્તિઓને રોકવી. કૃપાળુદેવે 'ઉપદેશછાયા'માં લખ્યું છે કે જ્યારે આત્મા વેગમાં આવ્યો ત્યારે ક્રોધને કહ્યું કે તું જા. ક્રોધે કહ્યું— અત્યારે મારું જોર ચાલે તેમ નથી. માનને કહ્યું તો માને પણ એમ જ કહ્યું. માયાને કહ્યું ત્યારે માયાએ પણ ના કહ્યું ત્યારે લોભ ભાઈ તૈયાર થયા.

મુમુક્ષુ—તે શી રીતે?

પૂજ્યશ્રી—ઘરબાર છોડીને જંગલમાં તપશ્ચર્યા કરવા નીકળ્યો હોય, એટલે તે વખતે ક્રોધ, માન, માયા એને ડગાવી શકે નહીં. ત્યાં લોભ ઉદયમાં આવે છે. આ ગુફા સારી છે. અહીં દિવાલ બનાવીને બારી મુકાવવી જોઈએ; અને એમાં ગૂંચાઈ જાય છે. એટલે જ્યાં કોઈનું જોર ન ચાલે ત્યાં લોભ કામ કરે છે. વૃત્તિઓ આવી છે.

મુમુક્ષુ—''લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો'' એનો શું અર્થ હશે?

પૂજ્યશ્રી—ક્રોધ પ્રત્યે ક્રોધ કરવો, માન પ્રત્યે દીનપણાનું માન કરવું. માયા પ્રત્યે સાક્ષી ભાવની માયા કરવી અને લોભ એવો છે કે કોઈ વસ્તુ એવી નથી કે જેના પ્રત્યે લોભ કરવો.

મુમુક્ષુ—હેય, જ્ઞેય, ઉપાદેયથી વિચારતાં લાગે છે કે આત્મા છે અને એને માટે જ બળ કરવું જોઈએ. ઉત્પાદ, વ્યય, ધ્રુવ એનો વિચાર કરતાં પણ એમ જ લાગે છે. છતાં જીવ એ વાંચીને કંઈ કરતો નથી એ કેમ હશે?

પૂજ્યશ્રી—હેય હોય તેને છોડી દેવું.

મુમુક્ષુ—બધું વિચારીએ છીએ પણ ઊંઘ આવે છે એટલે ક્યાંનો ક્યાંય ચાલ્યો જાય છે.

પૂજ્યશ્રી—ઊંઘને હેય ગણવી. પરમકૃપાળુદેવ કહેતા હતા કે ''અમે ઊંઘને એવી મારી છે કે

બોલાવીએ તોપણ પાસે જ આવતી નથી.'' તેમ કરવું.

મુમુક્ષુ–એવું બધું કેમ બને? એટલું બળ ક્યાંથી લાવવું?

પૂજ્યશ્રી– આત્મામાં અનંત શક્તિ છે. એમાં જ એ બધું બળ રહ્યું છે.

**''સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય''**

'આત્મસિદ્ધિ' સંપૂર્ણ છે. એમાં બધો વિચાર આવી જાય છે. 'મોક્ષમાળા' અને 'આત્મસિદ્ધિ' સંપૂર્ણ લખાયા છે. એ બરાબર વાંચવા-વિચારવા. એમ કરવાથી એની મેળે જ અર્થ નીકળશે અને યોગ્યતા વધતી જશે તેમ તેમ વધુ સમજાશે.

(સવારના, પત્રાંક ૨૧૧ના વાંચન પ્રસંગે) ૮૫ આબુ, તા. ૪-૬-૧૯૪૯, જેઠ સુદ-૮

પૂજ્યશ્રી–'' 'સત્' જે કંઈ છે, તે 'સત્' જ છે; સરળ છે; સુગમ છે અને સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે,....'' મોહને લઈને દૂર લાગે છે. મોહ એ અજ્ઞાન છે, અંધકાર જેવો છે. દર્શનમોહ જાય તો સમ્યક્ત્વ પ્રગટે, આત્મા સ્પષ્ટ જણાય. ''માટે જેની પ્રાપ્ત કરવાની દૃઢ મતિ થઈ છે, તેણે પોતે કંઈ જ જાણતો નથી એવો દૃઢ નિશ્ચયવાળો પ્રથમ વિચાર કરવો અને પછી 'સત્'ની પ્રાપ્તિ માટે જ્ઞાનીને શરણે જવું; તો જરૂર માર્ગની પ્રાપ્તિ થાય.'' આ માર્ગ કહ્યો. પ્રભુશ્રીજી કહેતા કે ''ચોખ્ખો થઈને આવ.'' 'હું કંઈ જાણતો નથી,' પોતાનું ડહાપણ મૂકવાનું છે. તો જ માર્ગ મળે તેમ છે. નહીં તો જ્ઞાની પણ કંઈ કરી શકે નહીં. (દૃષ્ટાંત)–

એક ભિખારીને, રોગ મટે તેવી દવા નાખીને તેને ખાવાનું આપવા માંડ્યું, પણ તે ભિખારી રોજ અંદર અર્ધું એંઠુ રહેવા દે, કારણકે એને વિશ્વાસ આવતો નહીં કે વખતે કાલે ખાવાનું મળશે કે નહીં! એટલે દવાની અસર થતી નહીં. પછી એને સમજાવીને વાસણ ચોખ્ખું કરાવી નાંખ્યું એટલે ઝટ અસર થઈ. તેમ 'હું કંઈ જ જાણતો નથી' એમ ચોખ્ખા થવું પડશે. તો જ બોધની અસર થશે.હું જાણું છું, હું કેવો સુંદર છું, મેં આ કર્યું એવું અભિમાન હોય ત્યાં સુધી કંઈ વળે નહીં.

મુમુક્ષુ–મહાવીર પ્રભુને એક જણે પૂછેલું કે આત્મા કેવો હશે?

પૂજ્યશ્રી–'હું, હું', તને એમ અંદર થયા કરે છે તે આત્મા છે એમ જણાવેલું. જ્ઞાનીપુરુષને આત્મા સમજાવવો હતો એટલે 'હું હું' કરીને તે તરફ દૃષ્ટિ કરાવેલી.

[૧]મહાવીર ભગવાન એક બ્રાહ્મણને ત્યાં ચોમાસું રહેલા. દેવો એમને વાંદવા આવતા. તે જોઈને તે બ્રાહ્મણને થયેલું કે આ કોઈ મહાપુરુષ છે. એ બ્રાહ્મણને 'આત્મા કેવો હશે?' એ જાણવાની જિજ્ઞાસા હતી. એટલે પ્રભુને પૂછ્યું ત્યારે કહેલું કે 'હું હું' જે અંદર થયા કરે છે તે આત્મા છે, પણ એ 'હું હું' કહેનાર તો આત્મસ્વરૂપ હતા ને?

પૂ.પ્રભુશ્રીજી કહેતા કે ''અમે કહીએ છીએ કે આ ખીલી એ આત્મા છે. માનો ને, તમારું કલ્યાણ થશે.'' જ્ઞાનીના ગમ્મા જેમ નાખે તેમ સમ્મા. જ્ઞાની જે કહે તેમાં કલ્યાણ છે.

મુમુક્ષુ–''જેવા ભાવથી પડાય તેવા ભાવથી સર્વકાળ રહેવા માટેની વિચારણા પ્રથમ કરી લે.'' (૮૪) એનો અર્થ શું?

પૂજ્યશ્રી–કોઈ વખત વૈરાગ્ય થાય અને મુનિપણું લઈ લે અને પાછળથી નહીં પળાય તો પાછો

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૩૩, ૩૯૪, ૫૦૩

સંસારી થાય તો ધર્મને વગોવે અને એ મહાકર્મ બાંધે. એટલે જે વ્રત નિયમ લેવા તે છેવટ સુધી પાળવાની દૃઢતા રાખવી, જેથી કરી મહાપુરુષની આશાતના-અવહેલના ન થાય. બિયાસણાનું પચખાણ હોય તો એકાસણું કરવામાં વાંધો નથી, પણ એકાસણાનું પચખાણ હોય અને બિયાસણું કરે તો વાંધો છે. ચડતાં પરિણામ રાખવાં. ઉપવાસનાં પચખાણ લઈને એક દાણો પણ ખાય તો મહાદોષ લાગે.

(સાંજના, પત્રાંક ૫૫૦ના વાંચન પ્રસંગે) ૮૬ આબુ, તા. ૭-૬-૧૯૪૯, જેઠ સુદ-૧૧

પૂજ્યશ્રી—વીતરાગદેવની પણ લોકો બીજા દેવોની માફક અમુક ઇચ્છાથી પૂજા-ભક્તિ કરે; જેમકે મારું દુઃખ મટી જાય તો હું દેવને આટલું કેસર ચડાવીશ, અથવા પૂજા ભણાવીશ. એ અલૌકિક મિથ્યાત્વ છે. એ મહા કર્મબંધનું કારણ છે, કેમકે છૂટવાની જગ્યાએ બંધન કરે છે. માટે એવી કોઈ પણ ઇચ્છા ભક્તિમાં રાખવી નહીં.

દરેક જ્ઞાનીઓની વર્તણૂંક જુદી જુદી હોય છે. ત્રણ પ્રકારના જ્ઞાનીઓ હોય છે. એક તો ચિદાનંદજી જેવા. સંસારમાં કોઈની સાથે વાત કરવા પણ ઇચ્છે નહીં. જ્યાં કોઈ માણસને પાસે આવતો જુએ કે દૂર નાસે. ચિદાનંદજીની શોધમાં બે માણસો બે વર્ષ પાછળ ફર્યા. પછી એક દિવસ એમનો ભેટો થઈ ગયો ત્યારે તેમણે કહ્યું કે અમને કંઈ બોધ કરો. ચિદાનંદજીએ કહ્યું કે રાગ-દ્વેષ કરવા છોડી દો. ત્યારે કહ્યું કે કંઈ વિશેષ કહો. તેના ઉત્તરમાં ચિદાનંદજીએ કહ્યું કે અમારી પાસે બીજું કંઈ નથી. વધારે જોઈતું હોય તો બહાર બહુ દુકાનો છે.

બીજા પ્રકારના જ્ઞાનીઓ કર્મ ઉદય પ્રમાણે સાંસારિક કાર્યો કરે અને પ્રારબ્ધ પ્રમાણે વર્તે. જેમકે પરમકૃપાળુદેવ જેવા.

ત્રીજા પ્રકારના પૂજ્ય પ્રભુશ્રીજી જેવા. 'કોઈ માધવ લો, કોઈ માધવ લો'' એમ ધર્મને લૂંટાવે અને જે કોઈ પાસે આવે તેને ધર્મ આપે.

પૂ. પ્રભુશ્રીજી એક વખત આશ્રમ બહાર ખુરશી નાખીને બેઠેલા. તે વખતે એક બાઈ ત્યાં થઈને જતી હતી. તેને બોલાવીને બોધ કર્યો અને મને (પૂ. બ્રહ્મચારીજીને) કહ્યું કે આને 'સ્મરણમંત્ર' આપ. એમ અત્યંત કરુણાશીલ હોય છે.

એક જગ્યાએ પરમકૃપાળુદેવે સોભાગ્યભાઈને લખ્યું છે કે રવજીભાઈના કુટુંબની માફક અમારે તમારા કુટુંબ માટે પણ વેઠ કરવી પડે તો તે કરવા અમે તૈયાર છીએ, પણ ફરક એટલો જ છે કે રવજીભાઈને આત્મકલ્યાણ કરવું નથી અને તમારે આત્મકલ્યાણ કરવું છે, એટલે તમારે તો નિષ્કામ ભક્તિ જ યોગ્ય છે.

(સવારના) ૮૭ તા. ૮-૬-૧૯૪૯, જેઠ સુદી-૧૨, બુધવાર

પૂજ્યશ્રી—દર્શનમોહ નહીં જાય ત્યાં સુધી સંસારનાં કોઈપણ કાર્યમાં બંધન થાય. જ્ઞાનીપુરુષો જ ફક્ત તેમ વર્તી શકે કે તેઓ મહામુશ્કેલીથી સંસારનાં કાર્યો કરતા છતાં આત્મામાં સ્થિર રહી શકે. (તે ઉપર ભરત ચક્રવર્તીનું દૃષ્ટાંત)—

ભરત ચક્રવર્તી પણ ઋષભદેવ ભગવાન પાસે બીજા ભાઈઓની જેમ રાજ્ય છોડી દીક્ષાલેવા તૈયાર થયેલા, પણ ભગવાને કહ્યું, કે તારે હજી ભોગાવલી કર્મ બાકી છે એટલે તેઓ રાજ્ય કરતા હતા, છતાં પણ

એમણે એક માણસ રાખેલો તે રોજ કહે કે 'ભરત ચેત ! કાળ ઝપાટા દેત', એવું નિમિત્ત રાખેલું.

ભરતજી છ ખંડ જીતીને પાછા ફર્યા ત્યારે શહેરમાં એમનો બધે સત્કાર થઈ રહ્યો હતો. તે વખતે એક વાણિયો દુકાન ઉપર બેઠો બેઠો વિચાર કરતો હતો કે કેટલા બધા માણસો લડાઈમાં માર્યા ગયા અને ઉત્સવ કરે છે, તો એ કઈ નરકે જશે ? એવા વિચારમાં પડવાથી ભરત રાજાનો હાથી ત્યાંજ તેની દુકાન આગળ આવ્યો, તેનું ભાન તે વાણિયાને રહ્યું નહીં. કારણકે એ ઊલટી દિશામાં મોં રાખીને બેઠેલો હતો. ભરતજીએ એને જોયો અને અવધિજ્ઞાનથી જોયું એ શું વિચાર કરે છે? તો એમના જ વિચારમાં એને જોયો એટલે એને શિખામણ આપવા વિચાર્યું અને એ વાણિયાને રાજદરબારમાં બોલાવવા સિપાઈઓને આજ્ઞા કરી કે એને પકડી લાવો. વાણિયો કરગરી પડ્યો, 'મારી ભૂલ થઈ. મને માફ કરો.' ભરતજીએ અવધિજ્ઞાનથી જોયું કે એનું મોત હમણાં નથી. એટલે સિપાઈઓને કહ્યું કે એનું માથું કાપી નાંખો. એટલે પ્રધાન વગેરેએ આવીને કહ્યું કે નજીવા દોષ માટે આવી સજા ન કરવી જોઈએ, એટલે ભરતજીએ કહ્યું કે એક શરતે એને છૂટો કરીએ કે એક થાળીમાં તેલ ભરો અને એને માથે મૂકો. એક સિપાઈ ખુલ્લી તલવારે એની આગળ ચાલે અને બીજા બે સિપાઈઓ ખુલ્લી તલવારે પાછળ ચાલે એમ એને આખું શહેર ફેરવો અને પછી મારી પાસે આવીને તે થાળી ભરેલી મારા પગ આગળ મૂકવી. જો એક પણ તેલનું ટીપું બહાર પડે તો પાછળના બે સિપાઈઓએ તેનું માથું કાપી નાંખવું. એ પ્રમાણે હુકમ કર્યો. શહેરમાં બધે શેરીએ શેરીએ તે દિવસે રાજાએ ઉત્સવ કરવાની આજ્ઞા કરી. પેલો વાણિયો મોતની બીકથી આગળ ચાલનારના પગલે પગલે સાવચેતીથી ડગલું ભરે એમ આખા શહેરમાં ફરીને ભરતજી આગળ આવીને પગ પાસે થાળી મૂકી. પછી ભરતજીએ પૂછ્યું કે 'આજે આખા શહેરમાં ઉત્સવ હતો તો તેં શું શું જોયું ?' વાણિયાએ કહ્યું, 'મેં કંઈ જોયું નથી. હું તો આગળ ચાલનાર સિપાઈના પગલે પગલે સાવચેતીથી પગ મૂકતો મૂકતો અહીં આવ્યો છું.' ત્યારે ભરતજીએ કહ્યું કે 'આ ભવમાં મરણ તો આવવાનું જ છે, છતાં થોડું વહેલું મરવું પડે એ બીકે કેટલી સાવચેતી રાખીને ક્યાંય નજર કર્યા વગર તેલની થાળી સાચવીને અહીં આવ્યો. તો અમારે અનંત ભવો આ ભવમાં છેદવાના છે, તો અમે એક ક્ષણ પણ ભગવાનને ભૂલતા નથી, માટે અમારી ફીકર કરવી નહીં.'

આગળ દયા સંબંધી વાત આવી. જ્ઞાનીપુરુષને અનુકંપા-દયા હોય છે, પણ જે દયાથી સામા જીવને (આત્માને) હાનિ થતી હોય તો જ્ઞાની એવી દયા ખાય નહીં.

પ.પૂ.પ્રભુશ્રીજી દૃષ્ટાંત આપતા કે, એક ગાય બહુ તરસી હતી. તે કૂવા કાંઠે ઊભી રહી પાણીને જોયા કરે અને કૂવો ચાટ્યા કરે. તે જોઈને એક ડોશીને દયા આવી કે ગાય બહુ તરસી છે, એટલે એને ધક્કો મારી કૂવામાં નાખી દીધી. એવી દયા ખાવી નહીં.

(સાંજના, પત્રાંક ૫૭૨ ના વાંચન પ્રસંગે) ૮૮ આબુ, તા. ૯-૬-૧૯૪૯, જેઠ સુદ-૧૪

પૂજ્યશ્રી—જ્યાં સુધી સંસારસુખની, પાંચ ઇન્દ્રિયના સુખની ઇચ્છા છે ત્યાં સુધી જ્ઞાનદશા

થાય નહીં. 'બાઈબલ'માં એક જગ્યાએ લખ્યું છે કે 'ઈશ્વર ઈર્ષ્યાળુ છે. બીજી ચીજો ઉપર પ્રેમ હોય ત્યાં સુધી આપણી પાસે આવતો નથી.' તેમ સંસારસુખ પ્રત્યે પ્રેમ છે ત્યાં સુધી જ્ઞાની પ્રત્યે પ્રેમ થતો નથી. એક મ્યાનમાં બે તરવાર રહે નહીં, તેમ છે.

(સવારના–ઉપદેશછાયામાંથી વાંચન પ્રસંગે) ૮૯ આબુ, તા. ૧૧-૬-૧૯૪૯, જેઠ વદ-૧

પૂજ્યશ્રી–જ્ઞાનીની વાણીનો આશય પૂરેપૂરો ભાવસહિત નહીં આવે. એક વખતે પૂ. પ્રભુશ્રીજી અગાસ સ્ટેશન પાસે લાકડાના પીઠામાં બેઠેલા ત્યારે કોઈ ભાઈએ કહ્યું કે અમુક માણસનો દેહ છૂટી ગયો. તે ઉપર પ્રભુશ્રીજીએ બોધ કર્યો તે લખી લેવા જેવો લાગવાથી યાદ રાખી મેં (પૂ.બ્રહ્મચારીજીએ) લખી લીધો અને પાછળથી પ્રભુશ્રીજીને એ બતાવ્યો. પૂ. પ્રભુશ્રીજીએ કહ્યું કે એંઠવાડો છે, અને કહ્યું કે નીચે લખ કે સ્વમુખે લખાવેલું છે. એનો અર્થ એ કે જે તે વખતના ભાવે અને આશયના હિસાબે જે લખાયું છે તે જેમ પકવાન વગેરે ખાધું હોય અને એઠું બાકી રહે તેના જેવું છે.

''સિદ્ધાંતનો બાંધો સખત હોવા છતાં યતિઓનું આચરણ તદ્દન વિરોધી દેખાય છે. તેમાં કંઈ તીર્થંકરની વાણીનો દોષ નથી, પણ જીવની સમજણનો દોષ છે. તીર્થંકરની દેશનામાં પણ આવા જીવો હોય છે.'' (ઉપદેશછાયા) (તે ઉપર દૃષ્ટાંત)–

શ્રેણિકના એક પુત્ર વારિષેણે દીક્ષા લીધેલી, તેની સાથે તેના એક મિત્ર પુષ્પડાલે પણ દીક્ષા લીધેલી. દીક્ષા લીધી તેના થોડા વખત પહેલાં જ એ પરણેલો અને તરત જ મિત્રતાને લીધે કુંવર સાથે દીક્ષા લેવી પડી હતી, પણ એનું મન સ્ત્રી તરફ રહ્યા કરતું હતું. એની સ્ત્રી એક આંખે કાણી હતી. દીક્ષા લીધાને બાર વરસ વહી ગયા. એક વખતે મહાવીર પ્રભુની દેશનામાં એક દેવ આવ્યો. તેણે પ્રભુને કહ્યું કે હું બાર વર્ષ થયાં, તમારા દર્શન કરવા માટે વિચારી રહ્યો હતો; જેવી રીતે એક નવી પરણેલી સ્ત્રી એના ધણીની ૧૨ વર્ષથી રાહ જુએ અને જેવી વિરહથી વલવલે તેમ. એ વાત સાંભળી પેલા મિત્રને પોતાની સ્ત્રી કેવી ૧૨ વર્ષથી ઝૂરતી હશે? એ યાદ આવવાથી ઘર તરફ ચાલવા માંડ્યું. એ જોઈને શ્રેણિકનો પુત્ર વારિષેણ સમજી ગયો અને એ પણ એની સાથે ગયો. બેઉ જણા રાજમહેલમાં ગયા. રાજમહેલમાં જઈને કુમારે ચેલણા રાણીને કહ્યું કે મારી બધી સ્ત્રીઓને કહો કે શ્રૃંગાર સજીને અમારાં દર્શન કરવા આવે. એ કુંવરને બત્રીસ સ્ત્રીઓ હતી. તે બધી ખુશી થઈને શ્રૃંગાર સજીને આવી. તેમને બતાવીને વારિષેણે મિત્રને કહ્યું કે આમાંથી તને જે પસંદ પડે તે સ્ત્રીને તું લઈ જા. તેને થયું કે આટલી બધી રૂપાળી સ્ત્રીઓનો કુમારે ત્યાગ કર્યો છે, જ્યારે હું મારી એક કાણી સ્ત્રી ઉપર મોહિત થયો છું. તે ઉપરથી તે બોધ પામી પાછા મહાવીર પ્રભુ પાસે આવીને ફરીથી પાંચ મહાવ્રત અંગીકાર કર્યાં.

૯૦ ઈડર, તા. ૧૧-૪- ૧૯૫૦, ચૈત્ર વદ-૯, સં. ૨૦૦૬

[મહાકાળેશ્વરના મંદિરમાં 'વીશ દોહરા' સુલટા તથા ઊલટા બોલ્યા પછી એના ઉપર વિવેચન કરતાં]

પૂજ્યશ્રી–આપણી પાસે એવું કંઈ જ નથી. એટલે એવો એક પણ ગુણ નથી કે જેથી જ્ઞાની આપણી પાસે આવે; કારણકે જ્ઞાની તો ફક્ત ગુણ તરફ જ આકર્ષાય છે. આપણામાં શુદ્ધ ભાવ નથી, જ્ઞાની પ્રત્યે અર્પણભાવ નથી. નથી લઘુતા કે દીનતા. જ્ઞાનીની આજ્ઞાની એક લક્ષે આરાધના નથી. જ્યાં ત્યાં 'હું અને મારું' થઈ રહ્યું છે. સત્સંગનો જોગ નથી. 'હું પામર શું કરી શકું?' એવો વિવેક નથી. વિવેક એટલે દેહ અને આત્મા જુદા છે એ.

**"તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં"**

વચન અને નયનનો સંયમ નથી. વચનથી મૌન થઈ જવું. [1]પરમકૃપાળુદેવે પ્રભુશ્રીજીને સમાધિશતક પુસ્તક ઉપર લખી આપેલું કે–

**"આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે"**

પછી પૂ. પ્રભુશ્રીજી ત્રણ વર્ષ મૌન રહ્યા હતા. કેવો પુરુષાર્થ કર્યો હતો? તેથી આજે આપણે એમના ઉપર વિશ્વાસ રાખીએ છીએ. એમ શાંત ચિત્તે જ્ઞાનીનું હૃદય ઓળખવું. અત્રે ગુફામાં આવ્યા ત્યારે અંધારું લાગતું હતું, પણ જરા શાંતિ રાખી બેઠા તો અત્યારે કેવું બહારની માફક જણાય છે? તેમ જરા શાંતિથી જ્ઞાનીનાં વચનો વિચારવાં. હૃદયમાં પ્રવેશ કરવો. જિજ્ઞાસા જાગવી જોઈએ, તો જ્ઞાની પાસે આવે. ઉપર કહ્યા મુજબ આપણામાં એક પણ સદ્‌ગુણ નથી કે જ્ઞાની આપણી પાસે આવે! (દૃષ્ટાંત)–

એક માણસને એમ થયું કે ગમે તેમ પણ ભગવાનનાં દર્શન કરવાં. બધું છોડી જંગલમાં જઈને એકલો એક જ લક્ષમાં રહ્યો. એક દિવસ એક જ્ઞાની ઘોડા પર બેસીને જતા હતા. ઘોડો ભડક્યો. તે પેલો જ્યાં જંગલમાં બેઠો હતો ત્યાં આવીને ઘોડો ઊભો રહ્યો. જ્ઞાનીએ પેલાના મનનું સમાધાન કર્યું અને સાચો માર્ગ બતાવ્યો. એવી જિજ્ઞાસા જોઈએ, તો જ્ઞાની મળી રહે.

**'કેવળ કરુણા મૂર્તિ છો!'**

હે ભગવાન! તમે તો કરુણાની મૂર્તિ છો. તમારામાં દયા, દયા સિવાય બીજું છે જ નહીં.

**"દીનબંધુ દીનનાથ"**

તું દીનનો બંધુ છો. અનાથોનો નાથ છો એટલે તું મારો હાથ ઝાલે છે. બાકી મારામાં તો એક પણ સદ્‌ગુણ નથી. હું તો પરમ અનાથ છું, અભિમાનથી ભરેલો છું એટલે અનંતકાળથી રખડ્યો છું અને કોઈ સત્પુરુષના ચરણ સેવ્યા નથી, આજ્ઞા ઉઠાવી નથી.

(સવારના, શેત્રુંજય પર્વત ઉપર) ૯૧ કારતક વદ ૧૪, શુક્રવાર

પૂજ્યશ્રી– આપણે અહીં આવ્યા છીએ તે કંઈ દેરાસરોની કારીગીરી જોવા નથી આવ્યા, પણ અહીં પૂર્વે ઘણા મુનિવરો તપ કરીને મોક્ષે ગયા છે. એટલે એ મહાપુરુષોનું સ્મરણ થાય અને એ ભાવમાં ઉલ્લાસ આવે, ભક્તિ ઊપજે એ માટે અહીં આવ્યા છીએ એ લક્ષ રાખવો.

* * *

---

૧. વિસ્તારથી પ્રસંગ માટે જુઓ પૃષ્ઠ નં. ૪૩૬.

## સંગ્રહ ૨

૧ આબુ, તા. ૨-૬-૧૯૪૯

પૂજ્યશ્રી—જાગ્યા ત્યારથી સવાર.

મોહ અને રોગને ઊગતા દાબવા. વધી ગયા પછી ગળું પકડશે. જ્ઞાનીનું ય પછી ન માને. ચેતી જવા જેવું છે. ''હું કોઈનો નથી, કોઈ મારું નથી.'' એકલો આવ્યો છે, એકલો જવાનો છે.

મુમુક્ષુ—માબાપ પોતે પાંચ રૂપિયાનું ઘી ન વાપરે અને છોકરાને ભણવા મહિને પચાસ રૂપિયા મોકલે. હવે જ્યારે માબાપને તેની જરૂર હોય ત્યારે છોકરો છોડીને ચાલ્યો જાય તો?

પૂજ્યશ્રી—આત્માર્થે જતો હોય તો કંઈ વાંધો નહીં, માબાપને મોહ છે એટલે થોડા દિવસ લાગે, પછી તેય ધર્મ પામે. નેમિનાથના દેહમાં રાજુલને મોહ હતો. નેમિનાથે દીક્ષા લીધી તો રાજુલે ય પાછળ દીક્ષા લીધી. ઋષભદેવનાં માતાએ એમની પાછળ રડીરડીને આંખો ગુમાવી હતી.... તેમને કેવળજ્ઞાન થયું.

પોતાને દેહભાવ હોય, પુત્રાદિ ભાવ-કલ્પના હોય, ત્યાં તેણે ત્યાગ્યું શું? ત્યાગીને પણ ભોગવિલાસનું આરાધન કરે તો માબાપ અને પોતે બન્ને ય રખડે.

સત્સંગ કરે, આત્માર્થ સધાય તેવો યોગ હોય ત્યારે ત્યાગે તો બધાંને, આખા જગતને લાભકારક, પણ ત્યાગે અને આર્ત્તધ્યાન રહેતું હોય તો, ઘરડો થાય અને કમાઈ શકે નહીં એવું થાય તો, પહેલેથી વિચારવું ઘટે.

*

મુમુક્ષુ—Wisest Fool (મૂર્ખ પંડિત) જેવી દશા થઈ હોય તેણે શું કરવું?

પૂજ્યશ્રી—''હું કંઈ જાણતો નથી, મારે તો જ્ઞાનીની આજ્ઞામાં રહેવું છે.'' એમ રાખવું.

*

મુમુક્ષુ—આત્મા સિવાય બીજું જોવા જેવું નથી, એમ લક્ષ થઈ ગયા પછી મંડી પડે તો?

પૂજ્યશ્રી—એ જ કરવાનું છે. એક મત આપડી, ઊભે માર્ગે તાપડી.

૨ તા.૩-૬-૧૯૪૯

પૂજ્યશ્રી— **''આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત;**
**જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત.''**

કેવળ આત્મા પામવા માટે બધું કરવાનું. તેવા થવાનું છે. ''જાણનાર તે માન નહીં'' જે જાણનાર છે તેને ન માનવાની પ્રતિજ્ઞા લઈને બેઠો છે! છોકરો હોય તો પછી તેને ઘરેણાં, કપડાંલત્તાં વગેરે થાય. આત્મા છે એમ થાય ત્યાર પછી શું કરવાનું છે તેની સંભાળ રાખે. આત્માની શ્રદ્ધા પહેલી કરવાની છે. આત્મા દેખાય તેવો નથી, તેની શ્રદ્ધા રાખીને પુરુષાર્થ કરવાનો છે.

'આત્મસિદ્ધિ' અને 'મોક્ષમાળા' એ બેમાં કૃપાળુદેવે જે કહેવાનું હતું તે બધું કહી દીધું છે.

આંક ૧ થી આંક ૩ સુધી ડૉ. શ્રી શાંતિભાઈ પટેલની નોટમાંથી ઉતારેલ છે.

પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષ કહે છે એમ માનીને વાંચે વિચારે તો થાય. એ સત્સંગ છે. આત્મા શાંત થાય. વિચારો કલ્પના કે રમત કરવા નથી કરવાના. વિચારીને તે પ્રમાણે કરવાનું છે.

વૈરાગ્ય-ઉપશમની ખામી છે. આરંભ પરિગ્રહ ઓછાં કરવાનાં છે. ક્રોધ, માન, માયા કોઈનું ન માને ત્યારે લોભ ભાઈ તૈયાર થાય છે. જંગલમાં ગયો હોય ત્યાં આ ગુફા સારી છે એવું થાય.

'ભવ-મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ' ત્યાં તો મન કાબૂમાં આવ્યું છે. ભવ હોય તોય શું? સમભાવ છે.

૩ આબુ, તા. ૪-૬-૧૯૪૯

પૂજ્યશ્રી—''જેવા ભાવથી પડાય તેવા ભાવથી સર્વકાળ રહેવા માટેની વિચારણા પ્રથમ કરી લે.'' (૮૪) જ્ઞાનીનું શરણ લે; તે તો અત્યાગી, દેશત્યાગી કે સર્વસંગત્યાગી સાધુ ગમે તે થઈને લેવાય. તેમાં દોષ ન આવે, તેવા ભાવે સદાય રહેવાય તેવી વિચારણા પહેલી કરવાની છે. જ્ઞાનીનું ખોટું ન દેખાય.

પોતાનું જીવન કેમ ઘડવું તેને માટે શિખામણ-સલાહ છે. ઉતાવળ કરવા જેવું નથી. ''આમ કરું, તેમ કરું, આવો થાઉં, સાધુ બની જાઉં.'' ત્યાગ કર્યે મોહ જતો રહેતો નથી, મોહ છેતરાતો નથી. સાંભળ્યું તેવું ઝટ ઊતરી જતું નથી. એકદમ મોહ જતો રહેતો નથી, વિચારવું પડે.

*

પૂજ્યશ્રી—જે થાય તે જોયે રાખવું છે, ખમી ખૂંદવું છે. ખમી ખૂંદે તો સમાધિમરણ થાય. બાંધેલાંથી છુટાય છે; નવાં બાંધવાં નથી. જે આવે તે સારા માટે.

મુમુક્ષુ—બહેરાટ તે પણ?

પૂજ્યશ્રી—હા, તે પણ.

મુમુક્ષુ—જ્ઞાનીમાં શ્રદ્ધા હોય, પ્રતીતિ હોય તો તેમ રહેને? એ પ્રતીતિ જ્ઞાનીના સ્વરૂપની કે પુરુષપ્રતીતિ?

પૂજ્યશ્રી—''સત્પુરુષમાં જ પરમેશ્વરબુદ્ધિ એને જ્ઞાનીઓએ પરમધર્મ કહ્યો છે.'' (૨૫૪) મારે જ્ઞાનીની આજ્ઞાએ વર્તવું છે. ''બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.'' તરવાને માટે તો જેને તરતાં આવડતું હોય અને તારી શકે તેવાનું શરણ જોઈએ.

સત્પુરુષ મળે પણ તે પોતે માનતો હોય કે હું જાણું છું, સમજું છું. એમ માન-અહંભાવ આડાં આવે છે. તેથી શરણે જવા માટે પહેલી શરત કરી કે હું કંઈ જ જાણતો નથી એમ થવું જોઈએ. જ્ઞાની કહે તે સાચું.

---

*૪ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર સુદ ૯, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી—જીવ જ્ઞાનીની આજ્ઞાનું આરાધન કરવા માંડે તો પછી પાપની પ્રવૃત્તિ સહજે ઓછી

* આંક ૪ થી આંક ૧૬ સુધીનો બોધ શ્રી પુખરાજભાઈની નોટમાંથી ઉતારેલ છે.

થાય અને સમયે સમયે જો ઉપયોગ આજ્ઞામાં પ્રવર્તાવે તો પછી પાપ તો થાય જ ક્યાંથી? કારણ કે જે કામ કરવા માંડે તે પહેલાં જ વિચાર આવે કે એમાં આજ્ઞા પળાય છે કે કેમ? જો નથી પળાતી તો તે કામ થાય નહીં.

**"ધર્મ જિનેસર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ જિનેસર"** (આ૦ ૧૫)

એમ શ્રી આનંદઘનજીએ ધર્મ જિનેશ્વરના સ્તવનમાં ગાયું છે. જગત આખું 'ધર્મ, ધર્મ' કરે છે, પણ ધર્મ તો વિરલા જ જાણે છે; અને જાણ્યા પછી કર્મ બંધાય જ નહીં એમ કહ્યું છે.

*

પૂજ્યશ્રી—ગોશાળો ભગવાનનો શિષ્ય થયો અને તેણે ભગવાનની સાથે ચાલતાં ચાલતાં અનેક અનુચિત કાર્યો કર્યાં, જેથી ભગવાનને પણ ઘણા ઉપસર્ગ સહન કરવા પડ્યા, પરંતુ ગોશાળાને એટલું પણ કહ્યું નહીં કે તું મારી સાથે ન ચાલ. કેટલી સહનશીલતા!

૫ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર સુદ ૧૦, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી—સુખ ત્યાગ કરવાથી મળે છે; ત્યાગમાં જ સુખ છે. આ જીવને ગ્રહણબુદ્ધિમાં જ સુખ લાગે છે. માટે પહેલેથી વિચાર કરી સુખનો રસ્તો શોધવો. વિચાર કરી નક્કી કરવું કે સુખ શું છે? અને વિચાર કરે તો પ્રત્યક્ષ લાગે કે સુખ ત્યાગમાં છે. ઇચ્છા થાય છે એ જ દુઃખ છે, માટે વિવેકે કરી ઇચ્છાઓને દૂર કરી લેવી.

એક રાજા હતો. તે શાસ્ત્રી પાસે સૂત્ર સાંભળવા જાય. તેમાં એમ આવે કે આ સૂત્ર સાંભળે તેનો અવશ્ય મોક્ષ થાય અને એને સાંભળવાથી અમુક અમુક મોક્ષે ગયા છે. એ સાંભળી રાજા બહુ આનંદ પામ્યો. એમ કરતાં કરતાં દશ ચોમાસાં નીકળી ગયાં. પછી રાજાએ વિચાર કર્યો કે, કેમ મોક્ષ થતો નથી? એવામાં કોઈ એક આચાર્ય પધાર્યા ત્યારે રાજાએ પૂછ્યું, 'મહારાજ, મોક્ષ કેમ થતો નથી?' આચાર્યે કહ્યું, 'મોક્ષે જવું છે કે વાતો જ કરવી છે?' રાજાએ કહ્યું, 'ના, મોક્ષે તો જવું છે.' મહારાજે કહ્યું, 'સવારે પેલા શાસ્ત્રીને લઈને ધર્મશાળામાં આવજે.' બીજે દિવસે રાજા અને શાસ્ત્રી બન્ને આવ્યા. બધી સભા એકઠી થઈ. પછી મહારાજે તો પેલા શાસ્ત્રીને એક થાંભલે બાંધી દીધો અને રાજાને પણ બીજે થાંભલે બાંધી દીધો. પછી મહારાજ બોલ્યા, 'શાસ્ત્રીજી, પેલા રાજાને છૂટો કરો.' શાસ્ત્રીએ કહ્યું કે, 'મહારાજ, હું તો બંધાયેલો છું, કેમ છૂટો કરું?' પછી રાજાને કહ્યું કે, 'તમે શાસ્ત્રીને છૂટો કરો.' રાજાએ કહ્યું, 'એ તો કેમ બને?' ત્યારે મહારાજે કહ્યું, 'બન્ને સમજી ગયાને?' પછી રાજાએ કહ્યું કે, 'ખુલ્લા શબ્દોમાં કહો, જેથી અમને ખબર પડે.' આચાર્ય મહારાજે કહ્યું, 'ભાઈ, બંધાયેલો કેમ છોડે? પણ છૂટો હોય તે છોડી શકે. તેમ જ, મોક્ષ થવા માટે જે મોક્ષ ભણી જવા મંડ્યા છે, જે સંસારના પરિગ્રહથી અને રાગ-દ્વેષરૂપ કષાયથી છૂટા થયા છે એવા સત્પુરુષો મોક્ષે જવાનો રસ્તો બતાવી શકે; અને પછી જો જીવ તેના કહ્યા પ્રમાણે આજ્ઞા આરાધે તો અવશ્ય મોક્ષ થાય, પણ વાતો કરવાથી થાય નહીં.'

૬ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર સુદ ૧૧, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી—વિનય એ ધર્મનું મૂળ છે. બધાનો યથાયોગ્ય વિનય કરવો. વિનય એક વશીકરણ મંત્ર છે.

બધાનું કહેવું સાંભળવું. સાંભળ સાંભળ કરવું, પણ બોલવું નહીં. બોલ બોલ નહીં કરવું.

[1]જ્યારે વણિક આખા શહેરમાં ફરીને પછી ભરતજીની સન્મુખ નમસ્કાર કરી ઊભો રહ્યો ત્યારે ભરતજીએ કહ્યું કે તને તારું જીવન કેટલું પ્રિય છે! શેરીમાં શું થાય છે તેનો તને ખ્યાલ ન રહ્યો. તેમ જ અનંત ભવનાં દુઃખ અને તેથી થતો અનંત ભય મારા અંતરમાં વ્યાપી રહ્યો છે, તેથી જગતમાં શું થાય છે અને શું જીત્યું છે તેનો મને ખ્યાલ નથી. માત્ર મારો ઉપયોગ ઋષભદેવના બોધમાં જ રમી રહ્યો છે.

૭ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર સુદ ૧૩, સં. ૨૦૦૭

(શ્રીમદ્ રાજચંદ્ર અર્ધશતાબ્દી-અઠ્ઠાઈ મહોત્સવ પ્રારંભ)

મુમુક્ષુ—જીવ ધ્રુવ છે કે ઉત્પન્ન થયો છે અને નાશ થવાનો છે?

પૂજ્યશ્રી—જીવનો કોઈ કાળે નાશ થતો નથી તેથી ધ્રુવ છે. જીવ એક દેહ છોડી બીજા દેહમાં જાય છે એ અપેક્ષાએ જીવ ઉત્પન્ન પણ થાય છે. જીવ આ દેહને છોડે છે એ અપેક્ષાએ નાશ પણ છે.

જીવનો સ્વભાવ આનંદસ્વરૂપ છે, અનંત સુખરૂપ છે, છતાં આ બાહ્ય ઉપયોગથી તે તરફ દૃષ્ટિ થતી નથી અને બાહ્ય રૂપ, ગંધ, રસ, સ્પર્શમાં ઉપયોગ પરોવાઈ જવાથી તે સુખ જાણવામાં આવતું નથી. માટે બધે જગતથી ઉપયોગ ખેંચી એક સત્પુરુષ પ્રત્યે લાવે તો; સત્પુરુષ એ જ આત્મસ્વરૂપ છે અને પોતાનું સ્વરૂપ પણ તે જ છે. માટે જીવને ત્યાગવૈરાગ્ય વધારવાની જરૂર છે. ત્યાગ અને વૈરાગ્ય હોય તો જગતમાંથી ઉપયોગ સહજે આત્મા તરફ વળે છે. માટે આત્માર્થે ત્યાગવૈરાગ્ય વધારવાની જરૂર છે.

આત્મા દેખાતો નથી, તેથી છે કે નથી? અને છે તો દેહ તે જ આત્મા છે કે ઇન્દ્રિયો છે તે આત્મા છે કે શ્વાસ છે તે? સદ્ગુરુ કહે છે કે આત્મા દેહથી ભિન્ન છે, પ્રત્યક્ષ જુદો છે. જેમ તરવાર અને મ્યાન એક દેખાય છે, પણ બન્ને પ્રત્યક્ષ જુદા જુદા છે; તેવી જ રીતે દેહ અને આત્મા પણ પ્રત્યક્ષ પોતપોતાના લક્ષણે ભિન્ન છે. દેહનો સ્વભાવ ભિન્ન છે, દેહનો સ્વભાવ જડ છે, જાણવા-જોવાનો નથી; અને આત્માનો સ્વભાવ ચેતનપણું છે, જાણે પણ છે અને જુએ પણ છે. ઇન્દ્રિયોથી ગ્રહણ થાય તેમ નથી, માટે ઇન્દ્રિયોરૂપી બારીઓથી જોવાનું બંધ કરી ઉપયોગને અંતરમાં વાળે તો અનુભવમાં આવે તેવી વસ્તુ છે. જાણવાપણું છે ગુણ જેનો, તે કોઈ કાળે નાશ પામતો નથી, સદા જાણ્યા જ કરે છે; માટે નિત્ય છે.

(બપોરના) ૮ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર સુદ ૧૪, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી—દેહ તે જ હું, દેહના સંબંધી તે મારા સંબંધી, દેહ રોગી થાય ત્યારે હું માંદો છું, જે જે દેહની ક્રિયા થાય તે મારી જ થઈ છે; અને એ જ ખરું મિથ્યાત્વ જ્ઞાનીપુરુષોએ કહ્યું છે. હવે જો સમકિત કરવું હોય તો એથી ઊલટો પાઠ ભણાય કે હું તો આત્મા છું, દેહ નહીં, દેહના સંબંધી તે મારાં નહીં, દેહના રોગથી મને રોગ નથી, દેહ સડે, પડે કે નાશ થાય તેથી મારો નાશ થવાનો નથી. એવો અભ્યાસ જ્યારે એકતાન થઈને અને સમયે સમયે કરે તો સમકિત થાય. પ્રબળ

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૬૭.

પુરુષાર્થ કર્યા સિવાય અને જગત પ્રત્યેથી પ્રેમ છોડ્યા સિવાય એ અભ્યાસ ટકવો મુશ્કેલ છે. એવો જે વિવેક તે એકમાત્ર મનુષ્યદેહમાં જ થાય છે. બીજા કોઈ દેહમાં એવી ભેદબુદ્ધિનો વિવેક આવતો નથી. દેવ, નરક, તિર્યંચ ગતિમાં એનો વિવેક થતો નથી. માટે આ મનુષ્યદેહ છે ત્યાં સુધી એ વિવેકરૂપી ભેદજ્ઞાન કરી લેવાય તો પછી પસ્તાવું ન પડે.

૯ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર સુદ ૧૫, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી—જેટલી તૃષ્ણા અને મોહ વધારે તેટલો દુઃખી પણ વધારે. જેટલી તૃષ્ણા અને મોહ ઓછો તેટલો દુઃખી ઓછો. ''देहदुःखं महाफलम् । देहदुःखं महासुखम् ॥'' જેટલો આત્માને સુખી કરવો હોય તેટલો જ આત્મદૃષ્ટિએ દેહને દુઃખી કરવામાં આવે તો આત્મા સુખી થાય.

જેટલા રાગ-દ્વેષ ઓછા, તેટલો જ ધર્મ પરિણમે છે; અને રાગ-દ્વેષ ઓછા કરવા એ તો પોતાથી બની શકે છે. ક્રોધ આવ્યો હોય અને નથી કરવો એમ જો ધારે તો કદી પણ ક્રોધ આપોઆપ થતો નથી; અને ક્રોધ ન થાય તો પોતાને સુખ અનુભવાય છે. ક્રોધ કરે ત્યારે પ્રથમ તો પોતાના અંતરમાં સાક્ષાત્ દુઃખ થાય અને પછી ક્રોધ દેખાય છે, તેમજ દરેક કષાય કરતાં પહેલાં પોતાને દુઃખ થાય છે. માટે પ્રત્યક્ષ પોતાને દુઃખી કરનાર એવા જે કષાયભાવ, તેનો જો જીવ વિચાર કરે તો તે શત્રુઓને પછી પોતાના અંતરરૂપી ઘરમાં કેમ પ્રવેશ કરવા દે ? પણ વિચાર જ આવતો નથી. માટે વિચાર કેમ આવે ? તો કે સર્વનું કારણ સત્સંગ છે. જો જીવ આત્માને અર્થે સત્સંગમાં અપ્રમાદી બની ટકી રહે તો અવશ્ય વિચાર ઉત્પન્ન થાય, અને શું કરવું તે ધ્યાનમાં આવે.

૧૦ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૧, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી—ભગવાન મહાવીર જ્યારે દીક્ષા લઈને મુનિ થયા, સર્વ આરંભ-પરિગ્રહનો ત્યાગ કર્યો અને સાડાબાર વર્ષ મૌનપણે, અનિદ્રાપણે વિચર્યા, આહાર પણ બહુ જ થોડો એટલે બે ચાર મહિનામાં એક વખત લેતા, એટલે સાવ નવરા, તે શું કરતા હશે ? કોઈ પણ કામ નહીં, કોઈથી બોલવું નહીં, ખાવું નહીં, પુસ્તક પણ વાંચતા નહોતા, અને નગ્ન વિચરતા એટલે કપડાની પણ ખટપટ નહોતી, ત્યારે એટલો બધો કાળ એમણે શું કર્યું ? કોઈને બોધ પણ કરતા નહોતા. (કોઈએ ઉત્તર આપ્યો નહીં, પછી પોતે જ જણાવ્યું.)

જે ત્રેવીશ તીર્થંકર થયા તેમનું આયુષ્ય ઘણું હતું અને કર્મ અલ્પ હતાં, એટલે ત્રેવીશ ભગવાનનાં જેટલાં કર્મ હતાં તેટલાં એક મહાવીર ભગવાનને કર્મ બાકી હતાં અને આયુષ્ય બહુ જ અલ્પ હતું, એટલે કામ ઘણું અને વખત થોડો હતો. તેથી તેમણે કેવળ પોતાના કર્મ પતાવવા જ સતત ઉપયોગ આપેલો. સાડા બાર વર્ષ પર્યંત મૌન અને જાગૃત રહી, સર્વ ઘાતીકર્મ ભસ્મીભૂત કરી કેવળજ્ઞાન પ્રગટ કર્યું, તો આપણે કેટલો પુરુષાર્થ કરવાની જરૂર છે ? આપણા માથે તો કર્મ પણ કેટલાં બધાં હશે ? માટે આપણે કેટલો બધો પુરુષાર્થ કરવો પડશે અને કેટલો કરીએ છીએ ? તે વિચાર કરી પુરુષાર્થ ઉગ્રપણે આરાધવો.

મુમુક્ષુ—આટલાં બધાં કર્મ માથે છે, એ તો બહુ ગભરાઈ જવાય. એ કર્મ કેમ ન બંધાય ?

પૂજ્યશ્રી—કર્મ બંધાવાનાં પાંચ કારણો છેઃ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ.

આ પાંચ કારણોથી કર્મ બંધાય છે. મિથ્યાત્વ એટલે શું? અવળી સમજણ. એ કેમ મટે? તો કે સત્પુરુષના બોધથી મટે. આત્માને નિર્વિકારી કરવાની જરૂર છે.

*

પૂજ્યશ્રી—મુખ્ય કરવા યોગ્ય શું છે? તો કે ભાવની તપાસ. મારા ભાવ કેવા થઈ રહ્યા છે? કેવા કરવા છે? એમ જો સમયે સમયે ભાવની તપાસ કરવાનો પુરુષાર્થ જીવ જો આદરે તો અવશ્ય કલ્યાણ થાય.

૧૧ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૨, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી—હમણાં આ અર્ધશતાબ્દીના પ્રસંગે બધા એકઠા થયા છો. ઘરનું બધું કામકાજ છોડી બહુ દૂર દૂરથી આવી અહીં આશ્રમમાં બધા એકઠા થયા છો અને જ્ઞાનીની આજ્ઞાએ જ કંઈ ભક્તિ, વાંચન, શ્રવણ કરી જ્ઞાનીની વીતરાગદશા ઓળખવા માટે પુરુષાર્થ કરો છો, તેમાં બધાએ પોતપોતાના ભાવ તપાસવાના છે કે હું અહીં બધું કામકાજ છોડી જે અર્થે આવ્યો છું તે થાય છે કે નથી થતું? એવો વિચાર કરી પ્રત્યેક ક્રિયા કરતી વખતે મનને તપાસવું કે શું કરે છે? જે કરવા આવ્યો છે તે કરે છે કે કંઈ બીજું થાય છે? એમ જો તપાસ કરીએ તો ચોર આપણને જણાય, દોષ જણાય. તે દોષ વારંવાર દેખે તો ખૂંચે; તો અવશ્ય તેને ટાળે. એ માટે નિરંતર ઉપયોગ રાખવાનો છે; નહીં તો પછી કરીએ તો ભક્તિ અને મન ઘરના વિચારો ઘડે કે ખાવાના વિચારો આવે, માટે સાવચેતી રાખવી.

*

(બપોરના)

પૂજ્યશ્રી—સમભાવ કેમ આવે?

**"સમજ સાર સંસારમેં, સમજુ ટાલે દોષ;**
**સમજ સમજ કરિ જીવ હી, ગયા અનંતા મોક્ષ."** (બૃહદ્ આલોચના)

સમજ આવે તો સમભાવ સહજે રહે. સમજ કેવી જોઈએ? સવળી. આ દેહ તે જ હું, આ સ્ત્રી, આ પુરુષ, આ પશુ, આ ઘર, આ ધન એમ દેહદૃષ્ટિ થઈ ગઈ છે તે જો મટે તો સહજે સમજ પ્રગટે. વિચાર કરે તો પોતાને પ્રગટ લાગે કે શરીર તે મારું માનું છું, પણ ક્ષણમાં એનું રૂપ બદલાઈ જાય છે. તેમ જ એની અંદર શું ભરેલું છે? એમાં કેવી વસ્તુઓ છે? એમ જો વિચાર કરવા બેસે તો બધાનું સ્વરૂપ જેવું છે તેવું જ સદ્ગુરુની આજ્ઞાએ એને પ્રત્યક્ષ દેખાય, અને જો વસ્તુનું સાચું સ્વરૂપ દેખાય તો પછી રાગ-દ્વેષ ન થાય. માટે વિચાર કરે અને તેથી સમજ આવે તો સમભાવ અવશ્ય થાય. વિચારને માટે બધેથી મનને ખેંચી સદ્ગુરુની આજ્ઞામાં રાખે તો વિચાર પ્રગટે.

**"આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે"**

૧૨ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૩, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી—"કરના ફકીરી, ક્યા દિલગીરી, સદા મગન મન રહનાજી." સંસાર અને શરીર

નાશવંત છે, આત્મા અવિનાશી છે અને અનંત સુખનું ભાજન છે તો પછી ફિકર શાની?

**"નહીં બનવાનું નહીં બને, બનવું વ્યર્થ ન થાય;**
**કાં એ ઔષધ ન પીજિએ, જેથી ચિંતા જાય?"**

જે બનવાનું છે તે જ બને છે, તો પછી ફિકર કરવાથી શું વળવાનું છે? માટે કોઈ પ્રકારે ભૂત-ભવિષ્યની ચિંતા ન કરતાં, વર્તમાનમાં કેવા ભાવ થાય છે એ સંભારી જો જીવ વર્તે તો ફિકર ન થાય. "ફિકરકા ફાકા ભર્યા, તાકા નામ ફકીર." એક પણ વચન જો સાચો થઈ પકડે અને આચરણમાં મૂકે તો કલ્યાણ થઈ જાય. નહીં તો અનંત શાસ્ત્ર મુખપાઠે કરે અને તથારૂપ વર્તન ન કરવામાં આવે તો કોઈ દિવસે કલ્યાણ થાય નહીં.

વેદની શુભ કે અશુભ એ તો બાંધ્યા પ્રમાણે ઉદય આવે, પણ જો સમભાવ રાખે તો નવાં કર્મ ન બંધાય. ખમી ખૂંદવાનો રસ્તો છે. જે કંઈ થાય તેમાં રાગદ્વેષરહિત પરિણામે, સમભાવે સહન કરવામાં આવે તો બધા શાસ્ત્રોનો સાર સમજ્યો કહેવાય. ભલેને બોલતાં ન આવડે, પણ કરવાનું એ જ છે. સુખદુઃખ તો આવે. શ્રીપાળ સરખાને પણ કોઢની વેદના થઈ, પણ એની મુદત પૂરી થયા પછી આપણે રાખવી હોય તો પણ ન રહે. માટે નિશ્ચય કરવાની જરૂર છે કે મારું બાંધેલું મારે ભોગવવું છે, અને ભોગવ્યા પછી નવીન ન બંધાય તો એ તો એની મેળે નાશ થઈ જાય છે. માટે નકામા સંકલ્પ-વિકલ્પ ન કરતાં, આજ્ઞામાં ચિત્તને રોકી સમભાવ કરવાનો છે. જો મનને આજ્ઞામાંથી છૂટું પડવા દઈએ તો નકામા વિકલ્પો કરી અનંત કર્મબંધ કરે છે. નકામો બેઠો હોય ત્યારે કહે કે તડકો બહુ પડે છે, વરસાદ થતો નથી, ઠંડી એકદમ પડે છે. હવે એના કહેવાથી કંઈ તડકો ઓછો પડે નહીં કે વરસાદ થાય નહીં, પણ મનમાં એમ નકામું કર્યા કરે છે. માટે મન ઉપર ચોકી રાખવી.

૧૩ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૪, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી—સાંસારિક પ્રસંગો જીવને સાંભરે છે અને પછી રાગ-દ્વેષ પરિણતિ થાય છે.

મુમુક્ષુ—સંભારવા નથી ધારતા, છતાં પણ સાંભરે છે અને ક્લેશિત પરિણામ થાય છે.

પૂજ્યશ્રી—સાંભરે ભલેને, પણ જીવ તેમાં ઇષ્ટ-અનિષ્ટ પરિણતિ કરે તો ક્લેશ થાય; અને જો ઇષ્ટ-અનિષ્ટ પરિણતિ નહીં કરે અને વિચાર કરે કે મારે તો છૂટવું છે અને મોક્ષે જવું છે તો ક્લેશ નહીં થાય. મોક્ષે તો સમભાવ આવે ત્યારે જવાય તેવું છે. સમભાવ આત્માનું નિજઘર છે, તો પછી ઇષ્ટ અનિષ્ટ કર્યે પાર આવે તેમ નથી. માટે જે સાંભરે તેમાં માથું નહીં મારતાં, સમજ વડે તેનો વિચાર કરી તેમાં સમપરિણતિ જીવ રાખી શકે છે. સાંભરે છે તેમાં જીવને મીઠાશ હોય છે ત્યારે પરિણતિ બગડે છે. મીઠાશ ન હોય તો પરિણતિ બગડે નહીં. જો સાંભરવાથી પરિણતિ બગડતી હોય તો મોક્ષ થાય નહીં. કારણ પૂર્વકર્મ છે ત્યાં સુધી સાંભરે તો ખરું. માટે ચીલો બદલવાની જરૂર છે. એક પાટેથી બીજે પાટે ગાડી બદલે તો મુંબઈ તરફ જવાને બદલે અમદાવાદ તરફ જવા લાગે. તેમ જ રુચિ પલટાવવાની ખાસ જરૂર છે. રુચિ પલટે તો પછી સંસારથી મોક્ષ તરફ વલણ થાય છે. રુચિ પલટી તો પછી સર્વ પુરુષાર્થ સવળો થાય અને રુચિ ન પલટી તો સર્વ

ક્રિયા સંસારના કારણભૂત થાય છે.

જેમકે, ચમરેન્દ્ર પૂર્વભવમાં એક સુખી શ્રેષ્ઠી હતો. તેને વિચાર આવ્યો કે પૂર્વે મેં કંઈ કર્યું છે તેના ફળથી હું અહીં સુખી છું અને હમણાં જો પ્રમાદમાં રહીશ તો મરણ આવી જશે. માટે સવારમાં ઊઠી દીક્ષા ગ્રહણ કરી ધર્મ-આરાધન કરવું, એમ વિચારી સવાર થયે તેણે પ્રણામા નામની તાપસ દીક્ષા અંગીકૃત કરી. ઘણા વર્ષ પર્યંત કઠિન તપશ્ચર્યા કરી, પણ રુચિ પલટાઈ નહીં. છેવટે એક મહિનાનું અનશન કરી ભવનપતિ દેવલોકમાં ચમરેન્દ્રપણે ઉત્પન્ન થયો. ત્યાં પણ મારે માથે સૌધર્મ ઇન્દ્રનું વિમાન છે, એમ તેના મનમાં થતાં ક્રોધથી તેમની સાથે લડવા ગયો, પણ પછી પેલા સૌધર્મ ઇન્દ્રના વજ્રના ભયથી, ભગવાન મહાવીર જ્યાં કાયોત્સર્ગમાં ઊભા હતા ત્યાં આવી, ભગવાનના ચરણમાં મચ્છર થઈને પેસી ગયો અને તેથી બચ્યો. પછી ભગવાનને વંદન કરી પશ્ચાત્તાપ વડે વિનંતિ કરી કે હે પ્રભુ! મેં પૂર્વે અજ્ઞાન તપશ્ચર્યા કરી તેથી અહીં દેવ થવું પડ્યું, પણ પ્રથમ આપને ચરણે જ દીક્ષા લીધી હોત તો એમ ઈર્ષા થાત નહીં અને મોક્ષે જાત. આમ રુચિ રહી જાય છે તેથી બહુ પુરુષાર્થ કરવા છતાં પણ સંસારનો સંસાર રહી જાય છે. માટે રુચિ પલટાવી નાંખવી કે મારે કંઈ જોઈતું નથી અને મારું કંઈ છે પણ નહીં. મારે તો છૂટવું છે અને પછી જ્ઞાનીની આજ્ઞા આરાધે તો અવશ્ય જીવ છૂટી જાય છે. માટે વિચાર કરી રુચિ પલટાવી લેવાની જરૂર છે અને પુરુષાર્થ સતત જાગૃત ઉપયોગે કરવાની જરૂર છે.

નિયમિત જીવન રાખવું કે જેથી સહેજે વખત ઉપયોગી થઈ જાય. અમુક ટાઇમમાં અમુક કામ કરી લેવું તો પ્રમાદ ન થાય. નિયમિત ન હોય ત્યારે વખત નકામો જાય છે. મન જો નવરું હોય તો એક પળમાં કંઈનું કંઈ કરી બેસે છે. એક પળ જો મન નવરું રહ્યું અને ખરાબ વિચારો તરફ ગયું તો પછી એ ખોટનો હિસાબ પણ મળે નહીં. માટે રહેલી જિંદગીનો વખત કેમ ગાળવો? એ વિચારપૂર્વક કામ કરાય તો ઉપયોગી થાય. જીવનમાં બધો વખત સરખો જતો નથી. કોઈ વખતે નીરોગી હોય તો કોઈ વખતે રોગી થાય છે. કોઈ વખત ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ થાય તો કોઈ વખત અનિષ્ટ મળી આવે. પહેલેથી એવી ટેવ પાડી લેવી કે ગમે તે આવો, પણ બધાં કર્મ છે; મારે તો આત્મા તરફ દૃષ્ટિ રાખવી છે. એ તો બધું જવા આવે છે, તેમાં ઇષ્ટ-અનિષ્ટપણું કર્ત્તવ્ય નથી. આ સંસારની એક તલ જેટલી જગ્યા પણ ઝેર વિનાની નથી.

## ૧૪

(નાસિક રોડ)

પૂજ્યશ્રી—નિવૃત્તિમાં જે સાંભળવાનું મળે તેનો વિચાર કરીએ. મનુષ્યભવ શા અર્થે મળ્યો છે અને શામાં બધો વખત જાય છે? ક્ષણે ક્ષણે આયુષ્ય જાય છે. વૈરાગ્ય અને ઉપશમ વગર જીવનું ઠેકાણું પડે એવું નથી. આ પત્રો મોઢે કરવા જેવા છે. સંસારમાં કંઈ પણ પ્રિય કરવા જેવું નથી. આજે જ જાણે મરી ગયો એમ કરી લે તો થોડા કાળમાં ઘણું કામ થઈ જાય એવું છે. ફરવા જઈએ ત્યારે વિચાર કરીએ કે આજે શું વાંચવામાં આવ્યું હતું? શું યાદ રહ્યું? એક સમય પણ પ્રમાદ ન કરવો. એક સમયમાં સિત્તેર કોડાકોડી સાગરોપમનું કર્મ બાંધી નાંખે એવું મન છે. મન તો નખ્ખોદ વાળે એવું છે. કંઈ ન થાય તો સ્મરણમાં મનને રાખવું.

કૃપાળુદેવના હાથ પગ જોવાના નથી, આત્મા જોવાનો છે. કાયોત્સર્ગમાં ઊભા છે તે શુદ્ધભાવમાં ઊભા છે. જેમ નાના છોકરાને કોઈ મારે તો તરત મા પાસે જતો રહે, તેમ આપણને કોઈ પણ વિકલ્પ આવે તો કૃપાળુદેવને સંભારીએ. 'પ્રભુશ્રીજી પણ આપણા ગુરુ નથી. તેમણે જે ગુરુ કર્યા છે તે આપણા ગુરુ છે' એમ વટામણના પત્રમાં આવે છે. મને પણ પ્રભુશ્રીજી વારંવાર કહેતા કે કોઈ આપણા ઉપર રાગ કરવા આવે તો આમ કહેવું.

(સાંજના) ૧૫ પથરાડિયા, ચૈત્ર વદ ૮, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી—મનુષ્યભવ છે ત્યાં સુધી જીવ કંઈક કરી શકે છે. પ્રમાદમાં બધો વખત જાય છે. મનુષ્યભવ તો મોક્ષે લઈ જાય એવો છે. બીજા ભવમાં મોક્ષ થાય નહીં. મનુષ્યભવ મળવો મુશ્કેલ છે, તો પછી મનુષ્યભવને સફળ કરનાર સાધનો મળવાં તો બહુ મુશ્કેલ છે. જીવને મોહમાં ખબર પડતી નથી. જે કંઈ જીવને સાધન મળ્યું છે તે ક્ષણે ક્ષણે આરાધવું જોઈએ. કર્મ ક્ષણે ક્ષણે બંધાય છે તો પછી કર્મથી છૂટવા માટે પણ એવો પુરુષાર્થ જોઈએ. જન્મમરણનાં દુઃખો જેને લાગ્યાં છે, તેને પુરુષાર્થ સૂઝે છે. હોડીમાં બેઠા હોઈએ, તેને તોડીને બાળી નાંખે તો બૂડી જાય. તેમ આ મનુષ્યભવ તરવાનું સાધન છે, તેથી તરે નહીં અને મોજ શોખમાં વાપરે તો બૂડી જાય. રખા (ચોકીદાર) બધા રાત્રે ફરે ત્યારે બોલે છે, 'જાગજો! જાગજો!' જાગતા રહેવાની જરૂર છે. અનાદિકાળથી ઊંઘે છે, મારું મારું કરે છે, એ જ મોહ છે. પોતે દેહ નથી, તેને દેહ માને છે. ધન, કુટુંબ આદિને પોતાનાં માને છે, તેનું નામ મોહ છે. મોહ છે ત્યાં સુધી સંસાર છે. સંસાર દૂર કરવો હોય તો મોહ ઓછો કરવો. વિવેક દૃષ્ટિની જરૂર છે. આપણને હિતકારી શું છે? અહિતકારી શું છે? શું કરવાથી પોતે દુઃખી છે? શરીરમાં કોણ છે? તે સુખી છે કે દુઃખી? શું કરવા આવ્યો છે? શું કરે છે? એવું પૂછ્યું નથી. દેહની ગડમથલમાં પડ્યો છે. દેહ તો કપડાં જેવો છે. કપડું ફાટી જાય તેની પેઠે એક દેહ છૂટ્યા પછી બીજો દેહ મળે. આ દેહથી મારે શું કરવાનું છે કે જેથી મારો ભવ સફળ થાય?

**"નથી ધર્યો દેહ વિષય વધારવા, નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા."** (૧૫)

હું કોણ છું? એ સૂઝતું નથી. વિષય અને પરિગ્રહમાં પડ્યો છે. જ્ઞાનીપુરુષની બૂમ સાંભળતો નથી.

મુમુક્ષુ—તૃષ્ણા કેમ જાય?

પૂજ્યશ્રી—તૃષ્ણા ખોટી છે એમ લાગી? ઉપાધિ છે એમ લાગી? મારી સાથે જે આવે એવું કરવું છે. તૃષ્ણા ઓછી કરવી હોય તેણે નિયમ કરવો જોઈએ. ઉપાધિ કોના માટે કરું છું? ખાવા જેટલું તો છે, આટલું કુટુંબને ચાલે. ઉપાધિ ઓછી કરી હોય તો આત્માનું કામ થાય. મારે મોક્ષે જવું છે એમ થાય તો બીજી તૃષ્ણા ઓછી થાય. વધારે પૈસા શા માટે ઇચ્છે છે? બીજા મોટા કહે તે માટે અને મોટાઈ માટે. હું મોટો છું, એમ કરી કોઈ મોક્ષે ગયા નથી. મોટાઈ મૂકીને બધા મોક્ષે ગયા છે. પહેલામાં પહેલો સત્સંગ કરવાનો છે. ભૂલવાળા રસ્તામાં ગામ નહીં આવે. પર્વત જેટલો પૈસાનો ઢગલો કરીશ તો પણ મોક્ષ નહીં આવે. હમણાં દેહ છૂટી જાય તો શું સાથે આવે? એક લાખ રૂપિયા હોય તેમાંથી એક હજાર જાય તો દુઃખી થાય, પણ નવ્વાણું હજારથી રાજી ન થાય.

પૈસા મારી સાથે નહીં આવે અને હિંસા મારી સાથે આવશે. જેમ બને તેમ ઓછા કરતા જવું.

આનંદ શ્રાવકને મહાવીરસ્વામી મળ્યા. તેણે વિચાર્યું કે મારી પાસે આટલાં બધાં ગાડાં, ગાયો વગેરે છે અને એમની પાસે કંઈ નથી, તો પણ એ તો વધારે સુખી છે. તેમણે મહાવીર ભગવાનને પૂછ્યું કે ભગવાન! મારે સુખી થવું છે, એનો ઉપાય બતાવો. ભગવાને કહ્યું કે ઉપાધિ વધારીશ નહીં. ઓછું કરવામાં જ સુખ છે, એમ તેને ખાતરી થઈ. તેણે તે દિવસથી ઓછું કરવા માંડયું. એમ કરતાં કરતાં તેને એમ થયું કે મારે તો હવે ભગવાનની ભક્તિ કરવી છે. એમ કરી તે તપ વગેરે કરવા લાગ્યા.

ભગવાને ગૌતમસ્વામીને કહ્યું કે આનંદ શ્રાવક માંદા છે, એટલે ગૌતમસ્વામી આનંદ શ્રાવકને ઘેર ગયા. તેમણે ગૌતમસ્વામીને પાસે આવવા કહ્યું. તેઓ પાસે ગયા ત્યારે ચરણસ્પર્શ કર્યા. પછી આનંદ શ્રાવકે કહ્યું કે મને તો પહેલો દેવલોક દેખાય છે. ગૌતમસ્વામીને થયું કે ગૃહસ્થને આટલી નિર્મળતા થાય નહીં. તેથી કહ્યું કે ગૃહસ્થને એટલું હોય નહીં અને ગુરુની આગળ જૂઠું બોલાય નહીં માટે માફી માગો. ગૌતમસ્વામી ગુરુ એટલે આનંદ શ્રાવક કંઈ બોલ્યા નહીં, પણ એટલું કહ્યું કે સાચાની માફી કે જૂઠાની? ગૌતમસ્વામીએ કહ્યું કે જૂઠાની. ત્યારે શ્રાવકે કહ્યું, તો હું માફી માગવા યોગ્ય નથી. પછી ગૌતમસ્વામી શંકા સહિત ભગવાન પાસે ગયા અને પૂછ્યું. ત્યારે ભગવાને કહ્યું કે હા, ખરું છે; આનંદને પહેલો દેવલોક દેખાય છે. તેં એને શંકામાં નાખ્યો છે માટે તારે માફી માગવી જોઈએ. ત્યારે તરત ગૌતમસ્વામી ત્યાં જઈને શ્રાવક પાસે માફી માગી આવ્યા.

આમ પોતાની નિર્મળતા કરે તો થઈ શકે છે. દેહ જાડો થાય તો કંઈ આત્મા જાડો થવાનો નથી. પૈસા વધારે થાય તો કંઈ આત્માને લાભ નથી. હું મરીને ક્યાં જઈશ? એમ થાય, તેનાથી પાપ ઓછું થાય. વિચારની જરૂર છે. શું કરવા કરું છું? કોના માટે કરું છું? શું ફળ આવશે? કુટુંબને માટે કરું છું, તો તે મારે કોઈ કામમાં તો આવવાના નથી.

(સવારના) ૧૬ પથરાડિયા, ચૈત્ર વદ ૯, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી—ભાવપૂર્વક ભક્તિ કરવાની છે. સત્સંગની ભાવના રાખવી. સત્સંગ કરતા રહેવું. ત્યાં આશ્રમમાં આવીએ. ત્યાં જઈએ ત્યારે ભાવ વર્ધમાન થાય. એક વખત જઈ આવ્યા એમ ન કરવું. ભાવ મોળા પડે ત્યારે પાછા ત્યાં જઈએ, એમ ત્યાં જતા રહેવું. સત્સંગની જરૂર છે.

'આત્મસિદ્ધિ' મોઢે કરવા જેવી છે. કૃપાળુદેવે પરમાત્મસ્વરૂપ થઈને લખી છે. આ કાળના જીવોનું આયુષ્ય ઓછું, એટલે બધાં શાસ્ત્રોનો સાર ટૂંકામાં કૃપાળુદેવે 'આત્મસિદ્ધિ'માં ઉતારી દીધો છે. રોજ કંઈક કંઈક મોઢે કરવું. કૃપાળુદેવે સોભાગભાઈને 'આત્મસિદ્ધિ' મોકલી અને પછી પૂછ્યું કે કેમ લાગે છે? ત્યારે સોભાગભાઈએ કહ્યું કે, 'સિત્તેર ગાથા મોઢે થઈ છે અને બીજી કરું છું. તાવ આવે છે, પણ એને લઈને જીવું છું, બહુ આનંદ આવે છે.' યોગ્ય જીવને મોકલેલી એટલે આમ થયું. ખરો કૃપાળુદેવનો વારસો 'આત્મસિદ્ધિ' છે.

સત્સંગમાં આવવાનું રાખવું, નહીં તો પછી ઢીલા પડી જવાય. ભાવના રાખીએ. ભક્તિમાં ભાવ વધે એમ કરવાનું છે. પૂર્વે જીવે જે કંઈ કર્યું છે, ધર્મ કર્યો છે તેના ફળરૂપે ખાવાપીવાનું બધું

મળ્યું. કેટલું પુણ્ય ચઢ્યું ત્યારે મનુષ્યભવ મળ્યો. વિશેષ વિશેષ પુણ્યના ઉદયથી સત્પુરુષનો યોગ મળ્યો. આંબો વાવ્યો હોય, કેરીઓ આવી હોય તે બધી એકદમ ઉતારી લઉં એમ થડ સહિત કાપી નાંખે તો કંઈ પાછો આંબો ઊગે કે કેરીઓ આવે? તેમ પૂર્વે કંઈક કર્યું છે, તેથી આ ભવમાં બધું મળ્યું. આ ભવમાં ધર્મ ન કરે અને મોજશોખમાં ખોટી થાય તો બીજા ભવમાં શું થશે?

કૃપાળુદેવે પૂર્વે કરેલું એટલે આ ભવમાં સાત આઠ વર્ષની ઉંમરમાં જાતિસ્મરણજ્ઞાન થયું. બીજું બધું તો અહીં જ પડ્યું રહેવાનું છે. હમણાં દેહ છૂટી જાય તો શું સાથે આવે? સાથે આવે એવું કંઈક કરવાનું છે. રોજ કંઈ શીખીએ, સત્સંગ કરીએ. પ્રારબ્ધમાં હોય એટલું મળે છે. હું મહેનત કરું છું તેથી મળે છે એમ માને છે, પણ મહેનત તો લાકડા ફાડવાવાળા ઘણી કરે છે. આ ભવ તો દુર્લભ છે. મનુષ્ય તો ઘણાય છે, પણ સાચો ધર્મ પામવો દુર્લભ છે. મુમુક્ષુને યોગ્યતા મેળવવા ઘણું કરવાનું છે, બધેથી વૃત્તિ ઉઠાવીને.

મહાપુરુષે ઘણો વિચાર કરીને ઉત્તમ વસ્તુ શું છે, તે કહ્યું છે. રાગદ્વેષરહિત થવાની જેની ઇચ્છા થઈ તેને શાથી હિત થાય? અને શાથી અહિત થાય? તે વિચારીને ધર્મ કહ્યો છે. વીતરાગ ભગવાનનો માર્ગ શું છે? વીતરાગ થવું. દેહાદિ સાથે કંઈ લેવાનું નથી, પણ મારું માનીને બેઠો છે. રાગદ્વેષ ન હોય તો જગતના પરમાણુ આત્માને અડે નહીં. વીતરાગ ભગવાન જેવા થયા છે, તેવા થવા માટે એને પગલે પગલે ચાલવાનું છે. એ જ મારે કરવું છે, એમ જેને થાય તે મુમુક્ષુ છે. કૃપાળુદેવ કહે છે કે રાગદ્વેષથી રહિત થવું એ જ ધર્મ છે.

ધર્મ ધર્મ કરે અને રાગદ્વેષ કરે તો ધર્મ ક્યાંથી થાય? મોક્ષે જવું હોય તો રાગદ્વેષને ઓછા કરવા પડે. ભગવાન પ્રત્યે રાગ કરવાનો છે. એ એકપક્ષી રાગ હોવાથી મોક્ષે લઈ જાય. ભગવાન પ્રત્યે રાગ થવા માટે સંસાર પ્રત્યેથી રાગભાવ ઓછો કરવાનો છે. કોઈથી વેરભાવ રાખવો નહીં. મૈત્રીભાવ રાખીને વર્તવું. જે રાગદ્વેષ ઓછા કરે છે, તે ભગવાનની પાસે જાય છે.

---

*૧૭

પૂજ્યશ્રી—જ્ઞાનીપુરુષનું ઓળખાણ થયે સ્ત્રીનું સજીવન શરીર અજીવનપણે ભાસ્યા વિના રહે નહીં. વિષયોમાં વૃત્તિ રહે તો જ્ઞાનીપુરુષની ખબર જ નથી. જ્ઞાનીપુરુષ શું તે જાણવામાં નથી. કહેતા કહેતી કહે છે. ઓળખાણ નથી. અંતરંગ ઓળખાણ થવી જોઈએ. જ્ઞાનીપુરુષના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે એવું માહાત્મ્ય લાગ્યું નથી. જીવને પૂછવું કે તારે મોક્ષે જવું છે કે સંસારમાં ભટકવું છે. મોક્ષે જવું હોય તો જ્ઞાનીપુરુષની આજ્ઞા પ્રમાણે વર્ત, તો ત્યાં સુખ છે. વિષયોમાં સુખ નથી અને સંસારમાં ભટકવું હોય તો ભટક, નહીં તો પાછો વળ.

જીવને નવરો રહેવા દેવો નહીં. વાંચન, વિચારણા, ગોખવામાં તેમજ સ્મરણ ઇત્યાદિમાં મનને જોડી રાખવું કે જેથી બીજા વિચારમાં જાય નહીં. જ્ઞાનીપુરુષ કહે છે એમાં જ સુખ છે એવું જીવને લાગ્યું નથી તેથી બીજી વૃત્તિઓમાં ને વિચારમાં ભટકે છે, નહીં તો બીજે કેમ ખોટી થાય?

* આંક ૧૭ તથા આંક ૧૮ શ્રી દેવશીભાઈ રણછોડભાઈ કોઠારીની નોટમાંથી ઉતારેલ છે.

તેમ થયું હોય તો બીજું તેને ગમે નહીં. જ્ઞાનીપુરુષની આજ્ઞામાં જ વૃત્તિ જોડાઈ રહે ને તે પ્રમાણે વર્તે. પુસ્તકનું પુસ્તકમાં જ રહે પણ પોતે તે પ્રમાણે ઉપયોગ રાખી વર્તે ને કરે તો થાય. જ્ઞાનીપુરુષનું કહેલું જીવને ગમતું નથી; પણ વિષયભોગ ગમે છે, તેથી તે તરફ દોરાય છે; તો ભલે જા, સંસારમાં આંટો મારી આવ. ચકરાવામાં જશે.

૧૮

પૂજ્યશ્રી—ગભરાવું નહીં, એક પરમકૃપાળુદેવને માનવા. તેમાં બધા આવી ગયા, આવી જાય. સંકલ્પવિકલ્પ ઓછા કરવા, કરવા નહીં. કોઈ ગમે તેમ કહે કે આ તો કંઈ નથી જાણતો, એને કંઈ નથી આવડતું, તો તે સામું જોવું નહીં. કાળ વિચિત્ર છે. શ્રદ્ધાનું બળ કામ કરે. શું થશે? કેમ થશે? શું બનશે? કંઈ મનમાં લાવવું નહીં. જે થવાનું હોય તે થાઓ. દુષમકાળ છે. પુરુષાર્થ કરતો કરતો જીવ ઊંચો આવે.

સમાધિમરણને માટે ભેદજ્ઞાન રાખવું ને જ્ઞાતાદ્રષ્ટા રહેવું. જે થાય તે જોયા કરવું. શરીરમાં વ્યાધિ થાય, રગ ખેંચાય વગેરે તેને જાણનાર રહેવું. એ જ પુરુષાર્થ. બહારથી આવવું જવું તે ઠીક છે, પણ આ પુરુષાર્થ-મંત્રસ્મરણના જાપમાં રહેવું. ભાવના કરવી. હજુ જીવવાનું છે એવું ન વિચારતાં, મરણને સામું જોવું ને સમાધિમરણની તૈયારી રાખવી.

---

*૧૯ શ્રીમદ્ રા. આ. અગાસ, તા. ૨૮-૯-૧૯૪૬

પૂજ્યશ્રી—જીવે શ્રદ્ધા સત્પુરુષમાં લાવવી જોઈએ. પોતે આત્મા નથી જોયો, પણ સત્પુરુષે જોયો છે અને કહ્યો છે તેવો જ મારો આત્મા છે. આ શ્રદ્ધાએ આત્માને જાણવાની ઇચ્છાએ વર્તે તો તેને વખત જતાં આત્મદર્શન થાય છે. શરીર હું નહીં, એ તો જડ, હું ચૈતન્ય તેને જાણનાર જુદો છું. શરીર મારું સ્વરૂપ નહીં. મને રોગ નથી, શોક નથી. એના વિકલ્પ કરવાના નથી. એ તો કર્મ છે, આવીને ચાલી જનાર છે, નાશવંત છે. મારો નાશ નથી. જ્ઞાનીએ આનંદસ્વરૂપ જોયો તે હું છું. મારે તો બંધાયેલાને છોડાવવાનો છે, છૂટા થવાનું છે. જે વડે છૂટા થવાય તે જ કરવું છે. પરભાવમાં જવા જેવું નથી. શાંતિ એ મારો ધર્મ છે. તે જ મેળવવા પુરુષાર્થ કરું, તે જ મેળવું. આ દેખાય તે હું નહીં, એ તો જડ છે. તે કાંઈ કરવા શક્તિમાન નથી, મારા વડે જોવાય છે ને સમજાય છે. હું તો આનંદઘનસ્વરૂપ છું. આ ભાવ રહ્યા કરે, તો તે સ્વરૂપ પ્રાપ્ત થાય. દુઃખસુખ આવે તે કર્મ છે. આવશે ને જશે. મારો તો એક આત્મભાવ જ છે અને તે મારા હાથમાં છે. આ ભાવ હવે બંધાયેલાને છોડવા માટે જ કરવો છે, મારે તો છૂટવું જ છે. જ્ઞાનીએ કહ્યું છે તે મને માન્ય છે, બીજું માનવું જ નથી. આત્મા નિત્ય શાશ્વત છે. જ્ઞાનીનું કહેલું ન માનવાથી અનાદિકાળથી આ જીવ ભટક્યો છે. હવે સાચા સદ્‌ગુરુ પરમકૃપાળુદેવ મળ્યા છે. તેમનું જ માનેલું મારે માન્ય છે. હું દેહ નહીં પણ આત્મા છું, આ લક્ષ રાખીને વર્તવું. આત્માને આગળ રાખવો, સંભારવો, તો આત્મહિત થઈ શકશે.

* આંક ૧૯ થી આંક ૨૭ સુધી શ્રી વાલીબેનની નોટમાંથી ઉતારેલ છે.

૨૦ શ્રીમદ્ રા. આ. અગાસ, તા. ૧-૧૦-૧૯૪૬

પૂજ્યશ્રી—જેમ જેમ સત્પુરુષ પર ભાવ વધે છે તેમ તેમ અનંતાનુબંધી ઓછા થાય છે. ''તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે.'' (૪૯૩) મહાપુરુષોનો મહિમા જ્યારે જીવને લાગશે ત્યારે ગુણો પ્રગટશે અને દોષો દૂર થશે. તેઓનો અપૂર્વ ગુણ સમજાય ત્યારે જીવમાં અપૂર્વતા આવે. જગતના ભાવો જીવ છોડે તો તત્ત્વનો પ્રકાશ અંદરથી મળે. માટે બહિરાત્મભાવ છોડી સાધકભાવે દોષો દૂર કરી ભક્તિ કરવી જોઈએ. જીવ બહારના ભાવથી છૂટો થઈ પરમાત્માના ગુણોમાં ભાવ કર્યા કરે તો પોતે પરમાત્મા થાય તેમ છે. કાયા ને વચનનો વ્યાપાર બંધ કરીને મનને અંતરમાં વાળવું. અંતર્જલ્પરૂપ વિકલ્પો બંધ કરે તો ઉપયોગ આત્મા ભણી વળે, તો જ પરમાત્મસ્વરૂપનો પ્રકાશ થાય, પોતાના સ્વરૂપમાં રમણતા થાય. અંતરાત્મામાં રહી સાધકભાવે પરમાત્માનું રટણ કરે તો પરમાત્મપદ મળે.

કોઈ સાથે વાત કરવી તો આત્માની કરવી. વિચાર કરવો તો આત્માનો કરવો. મનન ચિંતન પણ આત્માનું કરવું. દેહ હું નથી. એ તો જડ છે, કંઈ જાણતો નથી ને કંઈ કરી શકે તેમ પણ નથી, નાશવંત છે. દેહ દગો દેનાર છે. દેખાય છે તે પદાર્થોમાં વિશ્વાસ કરવા જેવું નથી. તે બધા નાશવંત છે, આત્માની સાથે રહેવાના નથી.

૨૧ શ્રીમદ્ રા. આ. અગાસ, તા. ૬-૧૦-૧૯૪૬

પૂજ્યશ્રી—હું દેહ નથી, આત્મા છું. આ ભાવ એવો થવો જોઈએ કે સ્વપ્નામાં પણ 'હું દેહ નહીં' એવું ભાન રહે. એને માટે જ પુરુષાર્થ કરવાનો છે. જીવને સત્પુરુષમાં લય લાગવી જોઈએ. તેમના વચનમાં અટલ શ્રદ્ધા આવે, ઉલ્લાસ થાય તો કર્મ ખપે. આ માર્ગ માટે ઝૂરણા આવવી જોઈએ. સંસારથી મન ઊઠવું જોઈએ. આ કર્યા વિના છૂટકો નથી. પ્રથમ તો જીવને નક્કી કરી લેવું જોઈએ કે મારે શું કરવું છે? આ નક્કી થાય તો ત્યાં જ જીવ જાય ને તેમાં જ રહ્યા કરે. બીજું કંઈ ગમે નહીં. હું દેહ નહીં, પણ આત્મા છું; આ નિર્ણય થયો કે દર્શનમોહ દૂર થાય અને આત્માનો ઉપયોગ રહે. આ બધું જડ નકામું છે, દગો દેનાર છે. તેને જોયા કરવાનું છે. વિકલ્પો છોડવા દેહાધ્યાસ જવો જોઈએ. જેટલો તે ઘટે તેટલો જીવને પોતા તરફ વળવા અવકાશ મળે.

૨૨ શ્રીમદ્ રા. આ. અગાસ, તા. ૭-૧૦-૧૯૪૬

પૂજ્યશ્રી—જીવને બહાર દેખાય તેમાં આશ્ચર્ય લાગે છે, પણ સિદ્ધસ્વરૂપનું આશ્ચર્ય નથી લાગતું. તેનું અનંતજ્ઞાન, અવ્યાબાધ, અનંત શાશ્વતસુખ, અનંતશક્તિ આદિ અનંતગુણોનું આશ્ચર્ય લાગશે ત્યારે તેમાં પ્રેમ રુચિ જાગશે અને તે મેળવવા પુરુષાર્થ કરી શકશે. ભલે હાલ જીવની તે દશા ન હોય પણ નિશ્ચયથી હું સિદ્ધ સમાન જ છું. સિદ્ધ પરમાત્મા નિરંતર આત્માનંદ કેવો ભોગવે છે, તે અંતરમાં સૂક્ષ્મ વિચારથી ઊંડા ઊતરીને જોવાય તો પોતાનું મૂળ સ્વરૂપ આવું છે! એ જાણીને ઉલ્લાસ આવે, કર્મ ઘટે. મંત્રનું સ્મરણ કર્યા કરવું; મનને રખડતું ન રાખવું. મંત્રનું સ્મરણ કરતાં કરતાં હાલ નથી સમજાતું તે સમજાશે.

૨૩ શ્રીમદ્ રા. આ. અગાસ, તા. ૧૫-૧૦-૧૯૪૬

પૂજ્યશ્રી—કલ્પના એ પરપોટા જેવી છે. વિચાર આવે તેનો આકાર કલ્પનાથી થાય છે. કલ્પના એ સંસાર છે અને અસત્ છે. કલ્પના વડે જ સર્જન થાય છે. જીવ કલ્પના વડે ચાર ગતિમાં ભટકે છે. કલ્પના એ જળ પર મોજાં જેવી છે, શાંત રહેવા દેતી નથી. જળમાં જેમ તરંગો આવે છે ને સમાય છે તેમ કલ્પનાઓ આવે અને જાય છે, તેમાં કેટલીક લાંબું રૂપ લે છે. પણ જળતરંગને બદલે જળને જ જુએ તો કલ્પનાને સ્થાન ન મળે. એમ શાંત થાય તો પોતાનું જોવા વિચારવાનો અવકાશ મળે. મૂળ સ્વરૂપમાં કલ્પના નથી. કલ્પના નાશવંત વસ્તુઓને જ પકડે છે. કલ્પના જવા 'બ્રહ્મ સત્યં, જગત્ મિથ્યા' એ વિચારવું.

૨૪ શ્રીમદ્ રા. આ. અગાસ, તા. ૪-૧૧-૧૯૪૬

પૂજ્યશ્રી—તૃષ્ણાએ જીવનું ભૂંડું કર્યું છે. વાસના, તૃષ્ણા કે ઇચ્છા એ વડે કર્મના જાળામાં જીવ ભરાઈ ગયો છે. તૃષ્ણા કોઈ પણ રીતે કરવા જેવી નથી.

જીવ છે એવો નિર્ણય થઈ જાય તો પછી તેને માટે પ્રશ્ન થાય કે તે કેવો છે? તો કે જ્ઞાનીએ કહ્યો છે તેવો તે છે અને તે જ આત્મા મારે માન્ય છે. પોતાની કલ્પનાએ આત્માની પકડ કરવા જશે તો તે પકડાશે નહીં, પણ વધુ ગૂંચવણમાં પડશે, કારણ તે દેખાય તેવો નથી. માટે જ જ્ઞાની કે જેમણે પ્રત્યક્ષ આત્માનુભવ કરેલો છે, તેમનાથી જાણીને તેવો જ આત્મા છે એવી શ્રદ્ધા કરી લેવી. તે જ માન્ય કરવાનું છે. તેના વિના આ જડ શરીર શું કરી શકે? આત્માની જ સુંદરતા છે. એનો મહિમા જીવને આવે તો પછી આ દેખાતી નાશવંત વસ્તુઓમાંથી મમતા ખસી જાય અને બહાર જોવાનું બંધ થાય. અંતરમાં આત્માનો વિચાર આવે તો તેને પોતાનું ભાન થાય. આ તો ઘરની વાત છે, તે દૂર નથી. તે બહાર શોધવાથી મળે તેમ નથી. બાહ્યદૃષ્ટિને અંતર્મુખ કરે ને જુએ તો દેખાય તેમ છે. આ ભૂલ અનાદિની છે અને આ ભૂલ સત્પુરુષ મળે ત્યારે તેની શ્રદ્ધાથી જ મટે તેમ છે.

૨૫ બાંધણી, તા. ૧૨-૧૨-૧૯૪૭

પૂજ્યશ્રી—મનોવૃત્તિનો જય કરવા જીવે પ્રયત્ન કરવો જોઈએ. સંકલ્પ-વિકલ્પોમાં મન જાય તેને રોકવાનો ઉપાય—પ્રથમ સમજાવવું અને પરભાવમાં જતું રોકવું, સ્વભાવમાં વાળવું. જો તેમ સમજાવતાં ન માને તો ભક્તિમાં જોડવું. મનમાં બોલતાં બહાર વૃત્તિ જાય તો મોટેથી બોલવું. તેમ છતાં ન માને તો તેનાથી રિસાવું. બહાર જતી વૃત્તિઓ જ્યાં જાય ત્યાં જતી જોયા કરવી તો ધીરજથી મન ઠેકાણે આવી જશે.

૨૬ સુણાવ, તા. ૧-૧-૧૯૪૮

પૂજ્યશ્રી—જીવે કર્મ જે જે બાંધેલાં હોય તે ભોગવ્યે જ છૂટે છે; પણ સમભાવે સમજીને ભોગવાય તો નવાં ન બંધાય. મહાપુરુષો ભાવદયાના દાતાર છે. દેહની દયાનો તેમને લક્ષ ન હોય. દેહનું તો પ્રારબ્ધ પ્રમાણે થવાનું છે. જ્ઞાનીનો સમાગમ થયે જીવને દેહભાવ મોળો પડે છે. જ્ઞાનીના

બોધથી દેહના ને આત્માના ધર્મ જીવ જુદા જુદા સમજે છે. દેહ નાશવંત છે એવો જેને નિર્ણય થયો છે, તે જીવ આત્માની કાળજી રાખે છે. દેહ સાધન છે એટલે સંભાળે, પણ દેહમય પોતાને માનતો નથી.

'દેખતભૂલી' થાય છે, તે ભૂલ છે. દેખનારને જોવાની ભાવના કરવી જોઈએ. જ્ઞાનીની આત્મચેષ્ટા જોવા માટે અંતરમાં ઊતરી પોતાની વૃત્તિ સ્થિર કરે તો ધીરજથી દેખાય. દેખનારને જોવા માટે કષાયની મંદતા જોઈએ. પ્રત્યેકમાં એક આત્માને જોવાનો જ અભ્યાસ પાડે તો તે દેખાય એવો છે. અરીસામાં સામે જે જાય ને આવે તેનાં પ્રતિબિંબ પડે છે, તેમ આત્મામાં જોવા ને જાણવાની શક્તિ છે. તેથી તેમાં પરવસ્તુનાં પ્રતિબિંબ પડે છે, તે જોયા ને જાણ્યા કરે ત્યાં તો બંધાતો નથી. પણ પોતાને ભૂલીને જાણ્યા જોવાના વિકલ્પો કરે તે અજ્ઞાન છે, અને ઇષ્ટ-અનિષ્ટ ભાવો કરે તેથી બંધાય છે. જ્ઞાનીઓ નથી બંધાતા, તેઓ પોતાના સ્વભાવમાં રહે છે. સુખદુઃખ એ કર્મ છે, આવે ને જાય છે; તેને જાણવારૂપે રહે તો નવાં ન બંધાય. દેહથી આત્માને ભિન્ન વિચાર્યા કરવો જોઈએ. ''પુદ્ગલ-રચના કારમીજી, તિહાં જસ ચિત્ત ન લીન'' (ચોથી દૃષ્ટિ) અસંમોહ અનુષ્ઠાન કરનારા મહાત્માઓ સંસારથી વિરામ પામેલા હોવાથી, આકર્ષક છતાં એકાંત દુઃખદાયક એવી પુદ્ગલની રચનામાં તેમનું ચિત્ત લીન થતું નથી. પુદ્ગલમાં આશ્ચર્ય પામવા જેવું નથી. આત્માની અનંત શક્તિમાં ચમત્કાર છે, તેનો નિશ્ચય કરે તો જીવને બીજામાં મહત્તા ન લાગે.

''સ્વભાવમાં રહેવું અને વિભાવથી મુકાવું.'' (ઉપદેશછાયા—૫) ભૂલવણીમાં જીવ પડ્યો છે. અહંકારરહિત, લોકસંજ્ઞારહિત પ્રવૃત્તિ કરવી. સાર સમજાય તો જ્ઞાન. જ્ઞાની આત્મા છે. પોતાનું સ્વરૂપ પોતાથી સમજાય તેમ નથી. જ્ઞાનીના બોધથી વિચારે તો શુદ્ધાત્માનો બોધ થાય. દેહ એક ધર્મશાળારૂપ છે. 'મારું મારું' કાઢ્યે જ છૂટકો છે. ભૂલ જણાયે પોતે પોતાને ઠપકો આપે. માન અને પરિગ્રહે ભૂંડું કર્યું છે. દેહ મારો નહીં, એમ સત્ય લાગે તો બીજામાં મોહ ન થાય. સંસાર ન જોઈએ તો મોક્ષ છે.

## ૨૭

સુણાવ, તા. ૬-૧-૧૯૪૮

પૂજ્યશ્રી—ઉપશમ એ જીવને કલ્યાણનું મુખ્ય સાધન છે. પણ તે ઉપશમ આત્માર્થે થવો જોઈએ. આત્મત્વ-પ્રાપ્ત પુરુષના બોધ સિવાય જીવમાં ઉપશમ આવે નહીં. યથાર્થ ઉપશમ સમજાયા વિના અને તેનો આદર કર્યા વિના કોઈ જીવ યથાર્થ સુખી થયો નથી, થતો નથી અને થશે પણ નહીં. માટે ઉપશમભાવને પામેલા એવા આત્મત્વપ્રાપ્ત પુરુષથી તે ઉપશમને જાણી, મેળવી, આદરી આ મનુષ્યભવનું સાર્થક કરી લેવું. આ મનુષ્યપણું જ તે ભાવ સાધવા માટે સાધન છે. મનુષ્ય જન્મ એ આપણી પાસે સત્ય મૂડી છે. જ્ઞાનીએ એક આત્મભાવ જ કરવા કહ્યો છે. આત્મ-વિચારકર્તવ્યરૂપ ધર્મ છે. જાણનાર તે હું, આ દેખાય તે હું નહીં, શરીર તે હું નહીં. આ બીજજ્ઞાન છે. આત્માની કાળજી રાખે તો સુખી થાય. જ્ઞાની સંસારની વાત ન કરે. આત્મા પરમાનંદરૂપ છે. સમભાવ આરાધવાયોગ્ય છે. તે મોક્ષની વાનગી છે. ''માટે જીવે સર્વ પ્રકારના મતમતાંતરનો, કુળધર્મનો, લોકસંજ્ઞારૂપ ધર્મનો, ઓઘસંજ્ઞારૂપ ધર્મનો ઉદાસભાવ ભજી એક

આત્મવિચાર-કર્તવ્યરૂપ ધર્મ ભજવો યોગ્ય છે.'' (૩૭૫) સુખ નથી ત્યાં સુખ શોધે છે તો ક્યાંથી સુખી થવાય? વૈરાગ્યભાવે સંસાર દુઃખરૂપ લાગે, બોધ મળે તે મીઠો લાગે, વસ્તુસ્વભાવને ઓળખી જેમ છે તેમ સમજે તો દુઃખનું કારણ ન રહે. માટે દુઃખ-નાશનો ઉપાય સાચી સમજણ છે. વગર કામનું અહંમમત્વ કરી દુઃખ વહોરી લે છે.

---

૨૮ જીથરડી, દ્વિ. વૈશાખ સુદ ૪, સં. ૨૦૦૯

[એક ભાઈ પાસે મોક્ષમાળા શિક્ષાપાઠ—૫૫ વંચાવ્યો.]

પૂજ્યશ્રી—ઠેઠથી વાંચો. કંઈ પણ પડી મૂકવા જેવું નથી. જ્ઞાનીપુરુષનાં વચનો છે. (તે ભાઈએ 'સામાન્ય નિત્યનિયમ' એમ મથાળુ નહીં વાંચેલું તેથી કહ્યું હતું)

મુમુક્ષુ—જ્ઞાનીપુરુષની આજ્ઞામાં મન કેમ સ્થિર થતું નથી? તેનો ઉપાય શો?

પૂજ્યશ્રી—એનો ઉપાય ''સર્વ વિભાવથી ઉદાસીન.....તીવ્રજ્ઞાનદશા કહી છે.'' (૫૭૨) એ પત્ર છે.

*
* *

---

આંક ૨૮નો બોધ એક મુમુક્ષુભાઈએ ઉતારેલ છે.

## સંગ્રહ ૩

૧ આસો વદી ૯, સં. ૨૦૦૧

પૂજ્યશ્રી—દેહમાં બેઠો છે, તે સુખી છે કે દુઃખી? એનો વિચાર કર્યો નથી. કર્યો હોત તો દુઃખ લાગત, ઉપાય શોધત. અત્યારે દેહના સુખે સુખી માને છે અને દેહના દુઃખે દુઃખી માને છે, પણ બન્ને દુઃખ છે. સુખ પણ દુઃખરૂપ છે. ભુલાવનાર છે. જાળમાં ફસાઈ ગયો છે. બાહ્ય વસ્તુમાં સુખ માને છે. ''આત્માથી સૌ હીન'' છે.

સત્સંગ, ભક્તિમાં મન—રુચિ વધારે થવાથી તેમાં આનંદ આવશે. પછી તેમાં સુખ લાગશે. છતે ઘીએ લૂખું કોણ ખાય? સાધન મળ્યું છે તો શા માટે ન વાપરવું? એમાં જ મન રાખવું. બહુ આનંદ આવશે. કરોડ રૂપિયા આપે તોય મનુષ્યભવનું આયુષ્ય વધે નહીં, એક સમય પણ. તો પછી આખા મનુષ્યભવની કેટલી કિંમત થાય? વિચાર કરે તો મફતમાં આયુષ્ય ન ગુમાવે. કોણ જાણે હવે કેટલું જીવવાનું છે? ચેતી જવું. સ્મરણમાં વૃત્તિ રહી તો પછી બધા વિકલ્પો ઉપર પાણી ફરશે. સમુદ્રમાં પડ્યો હોય અને લાકડું હાથમાં આવી જાય અને તરતો તરતો કિનારે આવી જાય તો કેટલી નીરાંત થઈ જાય? તેમ મનુષ્યભવ મળ્યો છે. સાધન કરી લેવું. આત્માનો સ્વભાવ જાણવાનો છે; પણ આ સારું છે, આ ખોટું છે, આ ગમે છે, આ નથી ગમતું, એ રાગદ્વેષ પરિણામ ન કરવા. વૃત્તિ મંત્રમાં રાખવી. મરણ નિત્ય સંભારવું તો ચિત્ત વૈરાગ્યમાં રહેશે. વિકલ્પ ન કરવા. વિકલ્પ આવે તો જવા દેવા. પાછી વૃત્તિ મંત્ર સ્મરણમાં લાવવી. સત્પુરુષોમાં વૃત્તિ જાય ત્યાં કર્મ બંધાતાં નથી, નહીં તો સમયે સમયે અનંત કર્મ બંધાય છે. માથા ઉપર થઈને પક્ષીઓ જાય તો ભલે જાય, પણ તેને માળો ન ઘાલવા દેવો. માળો ઘાલ્યા પછી ઈંડા મૂકે, ચાંચો મારે, બધુંય થાય; માટે વિકલ્પ આવે તો આવીને જાય, પણ તેમાં રોકાવું નહીં. આ કંઈ જેવી તેવી વાત નથી. જેટલું થાય તેટલું કરી લેવું. વ્યાપાર પ્રસંગનું કામ હોય તે કરી, પાછું મન સ્મરણમાં જોડી દેવું. આનંદઘનજી જેવા પુરુષો પણ પોકારી પોકારીને કહી ગયા છે કે—

**''મનડું કિમહિ ન બાઝે હો કુંથુજિન, મનડું કિમહિ ન બાઝે''** (આ.૧૭)

એને જ્ઞાનીની આજ્ઞામાં જોડવું, આનંદ આવશે.

**''સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો''**

સર્વ આત્મા સરખા છે. કાળો, ગોરો, પુરુષ, સ્ત્રી, વાણિયો, બ્રાહ્મણ બધા આત્મા છે. હવે આત્મદૃષ્ટિ કરવી છે.

૨ કાર્તિક સુદી ૫, જ્ઞાન પંચમી, સં.૨૦૦૨

પૂજ્યશ્રી—જ્ઞાનપંચમી આરાધવા યોગ્ય છે. મૂળમાર્ગમાં કહ્યું છે—

**''છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ; મૂળ૦''**

આ દેહથી આત્મા ભિન્ન છે. આ શરીર તે હું નહીં, શરીરથી જુદો છું. આત્મા ઉપયોગવાળો છે,

---

સંગ્રહ ૩ થી સંગ્રહ ૬ સુધીનો બોધ શ્રીઊઁકારભાઈની નોટમાંથી ઉતારેલ છે.

સદા અવિનાશી છે. કોઈ દિવસે એનો નાશ થાય નહીં, કદી પણ મરે નહીં એવો છે; એમ સદ્ગુરુના ઉપદેશથી જાણે તેનું નામ જ્ઞાન કહ્યું છે. આટલું થઈ જાય તો કંઈ પણ એને ભય ન રહે. હું તો કદી પણ મરવાનો નથી. સદા કાળ એવો ને એવો જ છું. માત્ર દેહનો સંજોગ છે, તે બહુ થાય તો દેહ છૂટી જાય; પણ આત્મા તો કદી મરે નહીં. શરીરનાં પુદ્ગલ તો બધાં ફરતાં છે. તે તો બાળક થાય, યુવાન થાય, વૃદ્ધ થાય, અને છૂટી જાય; પણ આત્મા તો આનંદસ્વરૂપ છે. એક મકાનમાંથી બીજા મકાનમાં ગયા તેથી કંઈ મરી ગયા કહેવાય ? કદી નહીં મરે. આટલી એને ધીરજ આવી જાય તો તે નિર્ભય થઈ જાય, પછી એને કદી ભય રહે નહીં અને સમાધિમરણ થાય. માટે જ્ઞાન સર્વથી ઉત્તમ છે.

૩ કાર્તિક સુદી..., સં.૨૦૦૨

પૂજ્યશ્રી—સત્સંગ, સત્શાસ્ત્ર અને સત્પુરુષાર્થ આ ત્રણ વસ્તુ છે. જો પુરુષાર્થ મંદ થઈ ગયો તો બધું મંદ થઈ જાય. માટે પુરુષાર્થની જાગૃતિ રાખવી. સમાધિમરણની સામગ્રી પહેલેથી તૈયાર કરવાની છે. કોણ જાણે કેટલું જીવવાનું છે ? ''પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે અને માથે મરણ રહ્યું છે.''(૨–૩૫) માટે ચેતવા જેવું છે. આ ભવમાં જ્ઞાનીની આજ્ઞા આરાધે તો સમકિત થાય. સમકિત થયા પછી મોક્ષ દૂર નથી. આ છેડે સમકિત અને આ છેડે મોક્ષ છે. દૂર નથી માટે સમકિત કરી લેવાનું છે. લાગ આવ્યો છે. મુખ્ય અંતરાય હોય તો આ જીવનો અનિશ્ચય છે. વૃત્તિ બીજે બીજે ભટકે છે. નાશવંત પદાર્થોમાં માહાત્મ્ય માને છે. તેમાં શો માલ છે ? એક ભવના થોડા સુખને માટે અનંત ભવનું અનંત દુઃખ વધારવાનું સત્પુરુષો કરતા નથી. સત્પુરુષ ઉત્તમ વસ્તુને ઇચ્છે છે, હલકી વસ્તુને ઇચ્છતા નથી. જેટલું થાય તેટલું આત્મહિત કરી લેવું. લાખ રૂપિયા એકઠા કર્યા હોય, તેમાંથી એક પાઈ પણ સાથે આવે નહીં; તો તે શું કામનું ? પોતાનું પડી મૂકી બીજામાં ખોટી થાય છે. ખાવા પૂરતું તો જ્યાં ત્યાંથી મળી આવે. વૃત્તિ બહાર જુએ છે અને માર ખાય છે. જેમ ઢોર હોય તે બીજાના ખેતરમાં વાડ ભાંગીને ચરવા પેસે છે, પછી તે ખેતરનો ધણી આવે ત્યારે માર મારે છે. તેમ આ જીવની વૃત્તિ પરવસ્તુ—વિષયકષાયમાં જાય છે, ત્યાં માર ખાય છે. પાપ બાંધે છે તે પછી કોણ ભોગવશે ? એનું ફળ આવે તે એને ભોગવવું પડે છે. હવે થોડું આયુષ્ય છે. માટે આત્મા માટે જીવવું છે. બીજું કામ કરવું પડતું હોય, પણ એ મારું નહીં; મારું કામ તો આત્મામાં રહેવાય તે છે, બીજું નહીં. જીવે જો સત્પુરુષની આજ્ઞાથી થોડું વ્રત લીધું હોય, પણ દૃઢતાપૂર્વક પાળે તો તે 'હરિબળ મચ્છી'ની જેમ સુખી થાય.

આ જગતમાં કંઈ પણ સારું નથી. ''આત્માથી સૌ હીન'' એમ પરમકૃપાળુદેવે આત્મા જાણ્યો છે તેના આધારે આધારે મારે ચાલવું છે.

''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' સ્મરણનો જાપ જપ્યા કરવો, આ કામનું છે. જ્ઞાનીની આજ્ઞા માની નહીં તેનું આ દુઃખ થયું છે. આજ્ઞા માને તો સુખ થાય. આત્મા મરતો નથી. ક્યાંય પ્રીતિ કરવા જેવું નથી. ઉતાવળ ન કરવી. ''ઉતાવળ તેટલી કચાશ, અને કચાશ તેટલી ખટાશ.'' વિપરીત માન્યતા કરી છે. જ્ઞાની ત્યાગવાનું કહે છે અને આ સંગ્રહ કરે છે. ત્યાગમાં સુખ છે. દવા ખાય તો રોગ મટે. જ્ઞાની આત્મા હતા. હું દુઃખી છું કે સુખી છું એમ વિચારે તો દુઃખ લાગે, દુઃખ

ટાળવાના ઉપાયો શોધે. ઘર બળવા લાગે ત્યારે સૂઈ ના રહે, ત્યાંથી નાસી જાય.

૪ સં. ૨૦૦૨

પૂજ્યશ્રી—દેહ અને આત્મા બેય વસ્તુ જુદી છે. જડ અને ચૈતન્ય બે છે. આત્મા જાણનાર, જોનાર રહે તો કંઈ નહીં. જ્ઞાની ઉપર વિશ્વાસ થાય કે જ્ઞાનીએ કહ્યું છે; આત્મા કદી પણ મરે નહીં, અજર અમર છે, પરિપૂર્ણ સુખી છે, પરમાનંદ સ્વરૂપ છે, સહજાનંદ સ્વરૂપ છે. આટલું જો મનાયું તો કામ થઈ જાય.

પ્રભુશ્રીજી કહેતા કે માની લેને? માની લેશે? તો કહે હા, તો કામ થઈ જાય. પછી એને મરવાનો ભય પણ ન રહે, અભય થઈ જાય. વાત છે માન્યાની. જ્ઞાનીએ શું કહ્યું છે? જ્ઞાનીની દૃષ્ટિએ રહે તો આનંદ થાય, સુખી થાય. આત્મા જાણે ત્યાં સુધી કંઈ નહીં; પણ મને થયું છે, ત્યાં દુઃખ છે.

૫ સં. ૨૦૦૨

પૂજ્યશ્રી—મનુષ્યપણું મળવું ઘણું દુર્લભ છે. મનુષ્યનું આયુષ્ય સો વર્ષનું હોય તેનું અડધું ઊંઘમાં જાય. ૨૦ વર્ષ બાળપણમાં અને યુવાવયમાં મફત જાય છે. ૨૦ વર્ષ વૃદ્ધ અવસ્થામાં નકામાં જાય છે. બાકી વર્ષ રહ્યાં તેમાં મોહનીયની ધાડ પડે છે; ધન કમાવવામાં, વિષયો ભોગવવામાં, નાના પ્રકારની ઇચ્છાઓમાં વહ્યાં જાય છે. ધર્મ, ભક્તિ યુવાવયમાં કરવી જોઈએ. સુખ-દુઃખ પૂર્વોપાર્જિત પ્રમાણે આવે છે. દુઃખ વિના પ્રયોજને આવે છે, એટલે કે વગર બોલાવ્યે આવે છે. તેમ સુખ પણ વિના પ્રયોજને આવે છે. આટલી જીવને શ્રદ્ધા, વિશ્વાસ આવી જાય તો પછી કરવાનું શું છે? પણ ફોગટ માથાં મારે છે ત્યાં દુઃખ આવે છે. દુઃખી થાય છે. શુભ-અશુભ બન્ને કર્મ છે. બેયમાં સુખ નથી. સુખ જુદી વસ્તુ છે.

આત્માનું ભાન જીવને લક્ષમાં નથી. આત્મા પરમાનંદસ્વરૂપ છે. જે થાય તે જોયા કરવું. આત્માનો કદી નાશ થાય નહીં. અનંતકાળથી મર્યો નથી તો હવે શું મરવાનો છે? આત્મા તો દેહથી જુદો-ભિન્ન છે. સંયોગોને મારા માન્યા છે, એ તો નાશવંત છે. આત્મા પરમાનંદસ્વરૂપ છે. દેહને પોષ, પોષ કરે છે. એ તો નાખી દેવાનો છે. અત્યારે વેઠિયા જેવી દશા છે. શરીરની વેઠ કરે છે. ખબર નથી એટલે શું કરે?

*

(સભામંડપમાં-'વચનામૃત'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—સાક્ષી વિના વ્રત-પચખાણ કરવાં નહીં. દવાખાનામાં જાય અને ડૉક્ટરને પૂછ્યા વિના પોતાની મેળે દવા ખાય તો તેનું શું થાય? જ્ઞાનીની આજ્ઞા વિના ઊલટું નુકસાન થાય. અંતઃકરણની શુદ્ધિ વિના બોધની અસર થતી નથી. અંતઃકરણ શુદ્ધ કરવું. જીવને નિયમ પાળવાથી અંતઃકરણ કોમળ થાય છે.

જ્ઞાનીએ દયા કરી છે. એક જ્ઞાનીના વચનનું શરણ, રટણ કર્યા જ કરવું. સારું કરશે તો સારું જ થશે. સારાં નિમિત્ત મળે તો સારા ભાવ થાય, પુણ્ય બાંધે અને બીજું નિમિત્ત મળે તો કર્મ

બાંધે, માટે નિમિત્ત સારું રાખવું.

કંઈ પણ સારું નથી. ''આત્માથી સૌ હીન'' બીજેથી પ્રેમ ઊઠાડી એક પરમકૃપાળુદેવ ઉપર કરવો. હવે બીજું કંઈ કરવું નથી. રઢ લાગી હોય તો ઊંઘે પણ નહીં. રાત્રે પણ વહેલો ઊઠીને સ્મરણ-ભક્તિ કરે, એ સિવાય બીજું એને ગમે નહીં. બીજામાં મને શો લાભ છે? એમ એને થાય. મનુષ્યભવ બહુ દુર્લભ મળ્યો છે. માટે સંતપુરુષની આજ્ઞામાં વર્તાય તેટલો જરૂર લાભ છે. પાંચ ઇંદ્રિયોની વાસના જીવમાં છે, એમાં કાંઈ ન મળે. માટે દોષ બધા કાઢવાના છે. કાયર થયે દોષો ન જાય, પણ પહેલો એક દોષ પકડવો. પછી બીજો, એમ કરતાં કરતાં બધા દોષ કાઢવાના છે. કરોડ રૂપિયા હોય તો કંઈ કરોડ ખાય છે? ખાવાનું હોય તે ખાય છે. ઊલટો લોભવાળો મરીને સર્પ થાય છે માટે લોભ ઓછો કરવો. જે કંઈ મળ્યું તેમાં સંતોષ કરવો. આત્માનું સુખ તો એને ભાનમાં નથી. ત્યાગમાં સુખ છે. વૈરાગ્ય એ મોક્ષનો ભોમિયો છે. એ વિના બીજે પેસી જાય. માટે વૈરાગ્યની જરૂર છે. જ્ઞાનીના શરણ વિના સુખ નથી. જ્ઞાનીએ શામાં સુખ માન્યું છે? જ્ઞાનીની માન્યતાએ માન્ય કરવું. માથાં કૂટ કૂટ કરે તોપણ સંસારમાં કદી સુખ મળે નહીં. જીવ દોડ દોડ કરે છે. જ્ઞાનીના શરણમાં સુખ છે, આજ્ઞામાં સુખ છે. ઉત્તમ પુરુષો ઉત્તમ વસ્તુની ઇચ્છા કરે છે, હલકી વસ્તુને ઇચ્છતા નથી. સુખ અંતરમાં છે. બાહ્ય પદાર્થોમાં સુખ નથી. દેવતા (અગ્નિ) સમજે તો પછી હાથમાં ઝાલે? કદી પણ નહીં પકડે.

**''પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ;**
**પરમપુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણ ગેહ.''**

૬ સં. ૨૦૦૨

પૂજ્યશ્રી— **''જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;**
**સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત.''**

સ્વરૂપને સમજ્યા વિના અનંત દુઃખ આ જીવે ભોગવ્યું છે. જીવને દુઃખ લાગ્યું નથી; લાગ્યું હોય તો નિરાંતે ન બેસે, સૂઈ ન રહે.

આત્મા જેવી કોઈ વસ્તુ નથી! ''આત્માથી સૌ હીન'' જ્ઞાનીની આજ્ઞા આરાધે તો સુખ થાય.

એક શિષ્ય હતો. તેને જ્ઞાનાવરણીય કર્મના વિશેષ ઉદયથી બોધ-શાસ્ત્ર કંઈ ન આવડે, પણ છૂટવાની ભાવના ખરી. ત્યારે ગુરુએ તેને આજ્ઞા કરી કે બીજું કંઈ ન આવડે તો 'મા રુષ, મા તુષ' આ બે વાક્ય ગોખજે. તે હાલતાં, ચાલતાં, ફરતાં બધી જગ્યાએ તે બે વાક્ય ગોખ્યા જ કરતો. ભાવના સહિત એક જ ચિત્તથી તેનું ધ્યાન કરતો. બહુ વાર ગોખતાં 'મા રુષ, મા તુષ'ને બદલે 'માષ તુષ' થઈ ગયું, પણ તેના મનમાં તો એમ જ કે ગુરુનાં વાક્યો ગોખું છું. પછી તે કોઈ ગામમાં ગયો. ત્યાં એક બાઈ અડદની દાળ સાફ કરતી હતી. તેને જોઈ તે મુનિએ સરળભાવે પૂછ્યું કે બાઈ, શું કરો છો? બાઈએ કહ્યું—માષ તુષ ભિન્ન કરું છું. મુનિને વિચાર જાગ્યો કે આ બાઈ છોડાં જુદાં કરે છે અને દાળ જુદી કરે છે, તો મને પણ મારા ગુરુએ એ જ કરવાનું કહ્યું છે, ત્યારે મારે પણ કંઈ જુદું કરવું રહ્યું છે. વિચાર કરતાં કરતાં જ્ઞાનાવરણીય કર્મ ઓછું થયું એટલે વિચાર

જાગ્યો કે શરીર અને આત્મા જુદા જુદા છે. આત્મા કામનો છે, શરીર નકામું છે; માટે આત્માની સંભાળ કરવી. શરીર તો બળી જઈને ખાખ—રાખોડી થઈ જવાનું છે. એવા વિચારથી શ્રેણી માંડતાં બે ઘડીમાં કેવળજ્ઞાન થયું. કહેવાનું કે આજ્ઞામાં કેટલું બળ છે! જીવ જ્ઞાનીની આજ્ઞા આરાધે તો જરૂર કામ થાય. ઉતાવળ ન કરવી. આટલું બધું કરતાં છતાં ન થયું, એમ ઉતાવળ ન કરવી. ધીરજ રાખવી. ખેતરમાં બીજ વાવ્યું હોય તેને માટે વખત જોઈએ. તેની બરાબર સંભાળ રાખે તો ઝાડ થાય, પછી ફળ આવે માટે ઉતાવળ ન કરવી. પુરુષાર્થ કરવો તો જરૂર ફળ મળશે.

"સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે." જ્ઞાની ત્યાગવાનું કહે છે અને આ જીવ લોભ કરી ગ્રહણ કરે છે, તો ક્યાંથી સુખ મળે? કષાયની ઉપશાંતતા હોય તો જીવને પુણ્ય બંધાય અને પુણ્યથી જીવને સુખ થાય. ઇચ્છા કર્યાથી મળતું નથી. માટે સંતોષ રાખવો.

મોક્ષનો માર્ગ શું છે? આત્મા શું છે? એ એકદમ સમજાય એવી વસ્તુ નથી. મહાપુરુષો હજારો દેવાંગનાઓથી પણ ચલાયમાન થતા નથી, અડોલ રહે છે અને આ જીવ જરીક નહીં જેવી વસ્તુના મોહમાં મૂંઝાય છે. માટે બહુ વિચારવા જેવું છે. એક એને (કૃપાળુદેવને) શરણે રહીને કરે તો કામ થાય એવું છે.

જેમ પક્ષીનું બચ્ચું હોય તે ઊડી ન શકતું હોય અને તે માબાપનો છેડો છોડી દે તો પછી નિરાધાર થઈ જાય. શું કરે? પણ આશ્રય ન છોડે તો ઊડતાં શીખે. જેમ કોઈ નાનું બાળક હોય તે જ્યાં બહુ માણસો ભેગા થયા હોય એવા મેળામાં પોતાના માબાપની આંગળી છોડી દે તો ભૂલો પડે, પછી પત્તો ન ખાય; તેમ આ જીવને જ્ઞાનીના શરણ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

શ્રી 'ભગવતી આરાધના' વંચાય છે. તેમાં બધી સમાધિમરણની જ વાત આવે છે. કોઈ સત્પુરુષ કે જેનું મરણ નજીક આવ્યું હોય, દશ કે અમુક વર્ષ બાકી રહ્યાં હોય તે વેળા પોતે વિચારે કે મારે હવે કઈ જગ્યાએ જવું કે જેથી મારું સમાધિમરણ થાય. પછી બધા સાધુઓને કહે કે મારે હવે અસંગ થઈ, સર્વની પ્રતિજ્ઞા લઈ સમાધિમરણ કરવું છે. પછી તે મુનિ તીર્થસ્થાન તપાસતા તપાસતા કોઈ એવી ભૂમિ શોધી કાઢે કે જ્યાં જરૂર સમાધિમરણ થાય, એવા સ્થાને સંઘમાં જઈ વાસ કરે. પછી તે સંઘના જે ગુરુ હોય તેને કહે કે મારે સમાધિમરણ કરવું છે, માટે આપ ઉપકાર કરશો? પછી એને માટે અમુક અમુક ગોઠવણ કરે. વાંચન-બોધ-ભક્તિ આદિ સમાધિમરણનાં કારણો ગોઠવે. પછી એની સેવામાં જે માણસો યોગ્ય હોય તેમને રાખે અને તે ગુરુ કહે તેમ બધો ત્યાગ કરાવે. છેવટે અનશન કરાવી, અસંગ દશા પ્રાપ્ત કરાવી સમાધિમરણ કરાવે. તેમ આ જીવને પણ અવશ્ય સામગ્રી એકઠી કરવી જોઈએ. કોણ જાણે કેટલું જીવવાનું છે માટે આત્માનું પહેલાં કરી લેવું.

**"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ ભેદ સુઉર બસેં"**

આત્મા આનંદસ્વરૂપ છે. સુખસ્વરૂપ છે. દેહથી તદ્દન જુદો છે. હવે નજીવી વસ્તુમાં શું જીવ મોહ કરે છે? હાડ, માંસ, રુધિરથી ભરેલું છે. ત્યાગવા યોગ્ય છે. હવે આટલાં વર્ષ તો ગયાં. આત્માનું કામ કંઈ થયું નથી. તો પછી મરણ આવશે ત્યારે શી વલે થશે?

જીવે કરવા યોગ્ય હતું તે કર્યું નથી. પારકી પંચાતમાં પડે છે, ત્યાં પોતાનું ખોઈ બેસે છે. હવે સત્પુરુષનું કહેલું કરવું છે. એણે શું કહ્યું છે, તે કરવું છે. આજ્ઞા માન્ય કરી વર્તવું તે સમિતિ કહેવાય છે. (આજ્ઞા ઉપર એક દૃષ્ટાંત)–

એક શહેરમાં રાજાનો એક સિપાઈ હતો. તે ગામના માણસોને રાજાના હુકમથી બોલાવા જાય ત્યારે લોકોને વાંકું બોલે, ગાળો ભાંડે; તે લોકોને ગમે નહીં. તેથી તે બધા તેને મારવાનો ઉપાય શોધતા હતા. એક વખતે પૂર્વની જેમ વાંકું બોલ્યો, ત્યારે લોકોએ કહ્યું કે તમે રાજાના પટ્ટાને લઈને વાંકું બોલો છો; તેથી તમને અમે કંઈ કરી શકતા નથી, નહીં તો માર મારત. તે સાંભળી પેલા સિપાઈએ રાજાનો પટ્ટો કાઢીને ફેંકી દીધો. ત્યારે લોકોએ તેને ખૂબ માર્યો. તે ફરિયાદ રાજા પાસે ગઈ. રાજાએ લોકોને કહ્યું કે તમે એને શા માટે માર્યો? લોકોએ કહ્યું કે તમારા પટ્ટાને લઈને વાંકું બોલતો હતો એટલે અમે કંઈ કરી શકતા નહોતા. જ્યારે એણે તમારો પટ્ટો કાઢી નાંખ્યો, ફેંકી દીધો ત્યારે અમે એને માર્યો છે. ત્યારે રાજાએ કહ્યું કે એમ જ કરવું યોગ્ય હતું. રાજાનો પટ્ટો હતો ત્યાં સુધી લોકો તેને કંઈ કરી ન શક્યા. જ્યારે પટ્ટો તેણે નાખી દીધો ત્યારે તેને પજવ્યો, માર્યો. એટલે જ્ઞાનીની આજ્ઞામાં રહેનારનો કોઈ વાળ વાંકો ન કરે. આજ્ઞા મૂકી દે ત્યારે કર્મો પજવે છે. કોઈની સાથે રાગ-દ્વેષ થવા દેવા યોગ્ય નથી. વૈરાગ્યની જરૂર છે. તે શાથી આવે? મરણ પાસે જ છે, તે બચકું ભરી લેશે. મરણ હંમેશાં સંભાર્યા જ કરવું. મરણ આવવાનું છે, તો શું આત્માનું કલ્યાણ ન કરવું? એમ ને એમ વર્તીને મનુષ્યપણું ગુમાવી દેવું? મરણને સંભારે તો બીજી પ્રવૃત્તિ અને પદાર્થો ઉપર સહેજે વૈરાગ્ય આવે.

**"ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય"**

માટે વૈરાગ્યની જરૂર છે. આખો દિવસ શામાં જાય છે? તેનો વિચાર કરવો.

**"જહાં દયા ત્યાં ધર્મ છે, જહાં લોભ ત્યાં પાપ;**
**જહાં ક્રોધ ત્યાં કાળ છે, જહાં ક્ષમા ત્યાં આપ.**

**જ્યાં માયા છાની છુરી, ત્યાં મૈત્રીનો નાશ;**
**જ્યાં મનમાં ભીખ માનની, ત્યાં ઊભો ભવ વાસ.**

**કામ માન, ઉતાવળે, દોષિત આ જીવ થાય;**
**નિષ્કામી દીન ને ધીરો, ભવ્ય જીવ ગણાય."**

ચોમાસું આવતાં પહેલાં ઋતુમાં કેટલો ફેરફાર થાય છે, ત્યારે વરસાદ આવે છે; તેમ સમકિત થતાં ફેરફાર થાય છે.

મુમુક્ષુને શું કરવું? ક્યાં જવું? તેનો લક્ષ તો થવો જોઈએને!

**"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ."**

એ તો પોતાને કરવું પડશે. પછી સદ્ગુરુનો બોધ કામ લાગે.

**"આવે જ્યાં એવી દશા, સદ્‌ગુરુબોધ સુહાય;**
**તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય."**

મોટો અંતરાય શું છે? તો કે જીવનો અનિશ્ચય છે.

કપડાં સારાં પહેરી સારા દેખાવું છે! એમાં વૃત્તિ ન રાખવી. તેના શા વિકલ્પ કરવા?

કર્મ કંઈ સરખાં રહેતાં નથી. ક્યારેક તીવ્ર અને ક્યારેક મંદ હોય છે. તીવ્ર હોય ત્યારે જીવનું બળ ચાલતું નથી. જ્યારે મંદ થાય છે ત્યારે ચેતવાનો અવસર હોય છે. ત્યાં પ્રમાદ કર્તવ્ય નથી. મંદ કર્મમાં શિથિલ થઈ બેઠો રહે તો ચૂકી જાય. ખરો દાવ આવે ત્યારે ચૂકી જાય તો પછીથી તીવ્ર ઉદય આવી રહે. તેથી જ્યારે કર્મનો મંદ ઉદય હોય ત્યારે મંડી પડવું.

સત્સંગથી બળ આવે છે એટલે મુખ્યમાં મુખ્ય સત્સંગ કહ્યો છે.

**"ભૂખ ન ભાંગે ભામણેજી"**

કચ્છ દેશમાં ભામણાં લેવાનો રિવાજ છે. મહેમાન આવે ત્યારે તેનો હાવભાવ, આસન વગેરે બધાથી આદર સત્કાર કરે, પણ તેથી તેની ભૂખ ન ભાંગે. જ્યાં સુધી ખાવાનું ન આવે ત્યાં સુધી સત્કાર કર્યા કામ ન આવે. તેમ મનુષ્યપણું પામી બધું કરે પણ આત્મહિત ન કરે, તે બધું ભામણા જેવું જ છે. જીવ માને છે કે પૈસા કમાઉં છું, પણ ઊલટા ખોવે છે. મનુષ્યજન્મ શા અર્થે છે? તે વિચાર કરતો નથી. એક દિવસ જીવવા માટે ચક્રવર્તી બધી રિદ્ધિ આપે તો પણ તેમ થતું નથી, એવી મનુષ્યજન્મની અમૂલ્ય કમાણી છે. અવિચાર અને અજ્ઞાન એ માઠી ગતિ અને દુઃખનું કારણ છે. તેના પ્રતિપક્ષી સદ્‌વિચાર અને આત્મજ્ઞાન છે; તેથી અનંત સુખ અને મોક્ષ ગતિનું કારણ થાય છે. તેનું મુખ્ય કારણ જ્ઞાનીપુરુષની આજ્ઞાને વિચારવી એ જ છે.

આવા સંયોગ મળવા છતાં સાધન કરતો નથી અને ધારે છે કે પછી કરીશું. કાળનો ક્યાં ભરોસો છે? ફરી આવો સંજોગ મળવો મુશ્કેલ છે. અવસર્પિણી કાળ છે. દિવસે દિવસે પડતો કાળ આવે છે, માટે અત્યારે ચેતી લેવા જેવું છે. આત્માનું હિત કરવાનો અનુપમ જોગ, સામગ્રી, પૂર્વ પુણ્યથી આ ભવમાં મળી આવ્યાં છતાં જીવ જો મામૂલી બાબતો માટે તે ખોઈ નાંખશે તો આખર પસ્તાવું પડશે. માટે બાઈ-ભાઈ જે જે સમજી શકે તેવાં હોય તેમણે સત્પુરુષે આપેલા મંત્રસ્મરણમાં, ભક્તિભાવમાં ચિત્ત વિશેષ વિશેષ પરોવતા રહેવાની ટેવ પાડી મૂકવા યોગ્ય છે. મુમુક્ષુજનો ભક્તિ કરતા હોય તે વખતે બને તો સત્સંગ, વાંચન, ભક્તિનો લાભ લેવો. તે ઉપરાંત પણ જેટલો વખત મળે તે ધન આદિ કરતાં અનંતગણો કિંમતી ગણી, અમૂલ્ય જાણી સત્સાધનમાં જોડવો. પ્રમાદ, ઊંઘ, વિલાસ, દેશકથા કે શિથિલતામાં વહ્યો ન જાય, તેની વિશેષ કાળજી રાખવી. ચેતતા રહેવા ભલામણ છે. આયુષ્યનો ભરૂંસો નથી, લીધો કે લેશે એમ થઈ રહ્યું છે; ત્યાં પરભાવ અને પરકથામાં વાપરવાનો વખત સાચા મુમુક્ષુના હાથમાં ક્યાંથી હોય? ગમે તે રીતે પણ યોગ્યતા વધે તેવી પ્રવૃત્તિમાં સત્સંગના વિયોગે વર્તવું ઘટે, તો જ સત્સંગથી વિશેષ લાભ થવા સંભવ છે.

*

પૂજ્યશ્રી– [1]આ મનુષ્યભવ ચિંતામણિરત્ન સમાન મળ્યો છે તે અલેખે ન જાય એવી કાળજી રાખવાની છે. હવે ફરી લગ્ન કરવાની ભાવના કરવી તે આ મનુષ્યજન્મને ડુબાવીને દુર્ગતિ પ્રાપ્ત કરવી અને અનંત દુઃખ પ્રાપ્ત કરવું એ મુમુક્ષુને શોભે નહીં. હવે અવસ્થા થઈ ગઈ, એ વાત હવે ભૂલી જવી. વિષયની વાસના એ ઝેર પીવા જેવું છે. હવે કેટલો કાળ કાઢવાનો છે? રહ્યું સહ્યું આયુષ્ય હવે તો ભક્તિમાં, સત્સંગમાં આપી દેવું; કારણ કે આ જીવ અનાદિકાળથી ચાર ગતિમાં રઝળે છે.

અનંત દુઃખ ભોગવીને આ જીવ આવ્યો છે તેના હિસાબમાં તો આ દુઃખ નામ માત્ર છે. સવળું કરી લે તો ઘણું સુખ છે. હવે આવી (પરણવાની) ભાવના રાખવી, તે તો ભયંકર દુઃખમાં પડવા જેવું છે. જેને પરમકૃપાળુ પ્રભુશ્રીજીનો બોધ મળ્યો છે, તે મહાભાગ્યશાળીને આવી નીચ ભાવના, નીચ વૃત્તિ કેમ પાલવે? હવે તો કોઈ સામે આવીને કહે તોય મારે જોઈતું નથી, એવી ભાવના કરવાની છે. તે જ સર્વ સુખનું સાધન થશે. કાળનો ભરોસો નથી. શું થવાનું છે તેની ખબર નથી. હવે તો ચેતી લઈને, આમાં માથું ઘાલવામાં હિત નથી. ગૃહસ્થાશ્રમ કરવો તે અહિતકારી, નિંદવા જોગ સમજી કરવા યોગ્ય નથી.

*

મુમુક્ષુ–કષાયનો ઉદય નિરંતર ચાલ્યા કરે છે?

પૂજ્યશ્રી–કષાયનો ઉદય નિરંતર નદીના પ્રવાહની જેમ ચાલ્યા કરે છે. જેમ ગયેલું પાણી પાછું આવતું નથી; તેમ જે કર્મ રસ આપી જાય છે, તે પાછાં આવતાં નથી. તે ઉદયમાં જીવ જેવા પરિણામ કરે તે પ્રમાણે ફરીથી બંધ થાય છે; પણ તે સમયમાં સદ્‌ગુરુની આજ્ઞા અનુસાર વૈરાગ્યભાવમાં આવી, આવી ભાવના કરે છે, તે છૂટી જાય છે.

''દ્રવ્ય–હું એક છું, અસંગ છું, સર્વ પરભાવથી મુક્ત છું.

ક્ષેત્ર–અસંખ્યાત પ્રદેશાત્મક નિજ અવગાહના પ્રમાણ છું.

કાળ–અજર, અમર, શાશ્વત છું, સ્વપર્યાયપરિણામી સમયાત્મક છું.

ભાવ–શુદ્ધ ચૈતન્યસ્વરૂપ માત્ર નિર્વિકલ્પ દ્રષ્ટા છું.'' (હાથનોંધ ૧–૭)

મુમુક્ષુ–પોતે કંઈ જાણતો નથી, એમ બાળક જેવું થઈ જવું; અને ફરી જ્ઞાનીઓ જાણવા માટે ઉપદેશ કરે છે, જાણવા કહે છે. તેનું કેમ સમજવું?

પૂજ્યશ્રી–જે વિભાવભાવ પોતાના સ્વચ્છંદ, ડહાપણથી કરે છે તે સર્વ ભૂલી જઈ તદ્દન બાળક જેવો થઈ; સંસારનું બાહ્યથી કે અંતરથી જે કાંઈ પણ પોતાના ડહાપણથી જાણ્યું છે, જાણેલું છે, તે ભૂલી જઈને જ્ઞાનીપુરુષોએ જે આજ્ઞા કરી હોય તેમાં પુરુષાર્થશીલ થઈ જાણવાની ભાવના કરવી.

મુમુક્ષુ–જ્ઞાનીપુરુષોએ શું આજ્ઞા કરી છે? તેમાં કેવી રીતે વર્તવું? જીવ અંધ હોવાથી તેની ખબર નથી; કારણકે એક અક્ષર પણ 'સત્' જીવમાં પરિણામ પામ્યું નહીં હોવાથી જ્ઞાનીએ જે કહ્યું છે તે આરાધવાની ખબર નથી પડતી. ત્યારે કેમ સમજવું?

૧. એક મુમુક્ષુભાઈએ પુનર્લગ્ન કરવાની ઇચ્છા દર્શાવતાં આપેલ બોધ.

પૂજ્યશ્રી—જ્ઞાનીપુરુષોએ જે સ્મરણ આદિની દેખીતી આજ્ઞા કરી છે તે આરાધવી. જ્ઞાનીપુરુષોએ આત્મા જાણી, અનુભવીને મને આજ્ઞા કરી છે. જ્ઞાનીપુરુષોએ જે આત્મા જાણ્યો છે તે મને માન્ય છે; તે જ સ્વરૂપ મારું છે; તે જ સ્વરૂપ પ્રગટ કરવા અર્થે જ્ઞાનીએ જે કહ્યું છે તેનું આરાધન કરું છું, એવી ભાવનાએ વર્તવું. આ જીવ આખા લોકના ભાવ ગ્રહણ કરીને બેઠો છે. આખા જગતની ફિકર કરે છે. પોતાની ફિકર કરતો હોય તો નિવેડો આવે. પોતાના દોષ નિષ્પક્ષપાતપણે અતિ સૂક્ષ્મ દૃષ્ટિએ અવલોકન કરવાથી ગુણોની ઉત્પત્તિ થાય છે. જેમ દુકાન ઉપર નિત્ય સાંજે હિસાબ કરે છે, તેમાં એક પાઈનો પણ ફેર નથી આવવા દેતો; તેમ રોજ સૂક્ષ્મ દૃષ્ટિએ અવલોકન કરવું કે આજે મેં શું કર્યું? મારા આત્માને કલ્યાણકારી, હિતકારી કામ મારાથી આજે શું બન્યું? પોતાનું હિત કરવું છે એમાં કાળજી રાખવાથી પોતાનું સારું થવાનું છે. તેથી સૂક્ષ્મ દૃષ્ટિથી નિરંતર તપાસ કરવી જોઈએ.

મુમુક્ષુ—મંત્રનું સ્મરણ કરીએ ત્યારે પણ તે સ્મરણ કોણ કરે છે, તેનું પણ એને ધ્યાન ક્યાં રહે છે? કારણકે એને ભાન નથી.

પૂજ્યશ્રી—સ્મરણ, ભક્તિ કરે અને ધ્યાન ન રહે એ વાત બરાબર છે, પણ પુરુષાર્થ નિષ્ફળ તો નથી. પુરુષાર્થ કામ કરે છે. સમજીને શમાઈ જવું એ જ કર્તવ્ય છે.

મુમુક્ષુ—દુઃખની નિવૃત્તિની જીવ ઇચ્છા તો કરે છે!

પૂજ્યશ્રી—સમજણ નથી. સત્સંગની ખામી છે. આ વાત બહુ કઠણ છે. સમજણ ફરે ત્યારે ઊલટાનું સૂલટું થઈ જાય છે. સમજણ ફરવી જોઈએ. સમજીને શમાઈ જવું એ જ માર્ગ છે.

**''સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો''**

આત્મા દેહથી ભિન્ન છે, એમ સમજવામાં કંઈ બહુ બુદ્ધિ કે શાસ્ત્ર ભણવાનું કામ નથી. માત્ર માન્યાનું કામ છે, માની લીધું તો બસ.

(સભામાં) ૭ આસો વદી ૧૩, સં. ૨૦૦૨

પૂજ્યશ્રી—[૧]મને અહીં આવ્યાને પચીશ વર્ષ આજ દિને થયાં. હું પહેલ વહેલો અહીં આવ્યો, ત્યારે પ્રભુશ્રીજીએ દિવાળી પર્વનું માહાત્મ્ય જણાવ્યું કે જેમ શ્રીપાળ રાજાનો કોઢ મટવાનો ઉપાય જ્ઞાનીએ બતાવ્યો હતો; તેમ એક સમાધિમરણ માટે આ પર્વ આરાધવા યોગ્ય છે. આસો વદ ૧૩, ૧૪, ૦)), કારતક સુદ ૧ આ દિવસો સમાધિમરણ માટે છે. જરૂર સમાધિમરણ થશે, એવું એમાં કંઈક દૈવત રહ્યું છે. બીજા બધા જગતમાં ફટાકડા ફોડે; ખાવાનું, પીવાનું, મોજશોખ કરે. આપણે સમાધિમરણ માટે ચાર દિવસમાં જાણે મરણ માથે આવીને ઊભું છે, એવું સમજીને વૈરાગ્ય સહિત શક્તિ અનુસાર તપ કરીને છત્રીસ માળા ગણી આરાધન કરવાનું છે. સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની આરાધના માટે 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મંત્રની ત્રણ માળા, મોહનીય કર્મની પ્રકૃતિ ટાળવા માટે 'પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞ દેવ' મંત્રની ૨૮ માળા ફેરવવી. તે પ્રકૃતિઓ આ પ્રમાણે છે. (૩) મિથ્યાત્વ મોહિનીય, મિશ્રમોહિનીય અને સમ્યક્ મોહિનીય. (૪) અનંતાનુબંધી

૧. વિસ્તારથી સમાધિમરણની માળા માટે જુઓ પૃષ્ઠ નં. ૪૨૬ થી ૪૩૧.

ક્રોધ, માન, માયા અને લોભ. (૪) અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા અને લોભ. (૪) પ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા અને લોભ. (૪) સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભ. (૯)નોકષાય– હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્ત્રી વેદ, પુરુષ વેદ, નપુંસક વેદ એ ૨૮ માળા. પછી જ્ઞાનાવરણીય કર્મ ક્ષય કરવા માટે (૫) માળા 'આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે' મંત્રની ફેરવવી. એમ ૩૬ માળા ફેરવવી.

વેદના આવે, પણ સમભાવ રાખવો. શ્વાસ રૂંધાઈ જાય, પાણી પણ ગળે ન ઊતરે તો પણ સમભાવ રાખવો. જ્ઞાતા-દ્રષ્ટા રહેવું. શું થાય છે તે જોયા કરવું.

**''થાવું હોય તે થાજો, રૂડા રાજને ભજીએ''**

આપણું બાંધેલું આવે છે. કોઈનો દોષ નથી. જોયા કરવું. એક પકડ કરી લેવાની છે. જેમ કૂવામાં પડેલાને દોરડું હાથ આવી જાય તેને પકડી રાખે છે તેમ પકડ કરી લેવી. એક સત્પુરુષનું શરણું પકડી રાખવું. તે તારી લેશે. ખરેખરી વાત કહી છે. કોઈ મારું નથી.

**''શરણ કરે બળિયા તણું યશ કહે તસ સુખ થાય''**

લોકો ગમે તેમ કહે, ગાંડો કહે, પણ કંઈ નહીં; આપણે તો કરી લેવાનું છે. હવે તો મારે આ જ કરવાનું છે. દુઃખના દહાડા ગયા.

**''ધીંગ ધણી માથે કિયા રે, કુણ ગંજે નર ખેટ, વિમલ જિન દીઠા લોયણ આજ''**

કૃપાળુદેવનું કોઈ પણ વચન, લીટી કે પદ લઈ મોઢે કરવું. ફરતા ફરતા ગોખવું. પછી એકાંતમાં સાંજે વિચારવું કે શું કીધું હતું? [૧](અહીં ફેણાવના છોટાલાલભાઈનું દૃષ્ટાંત આપ્યું હતું.)

*

પૂજ્યશ્રી–[૨]કુંદનમલભાઈને કેટલા દિવસ રહેવાનો વિચાર છે?

મુમુક્ષુ–પંદર દિવસ રહેવાનો વિચાર છે.

પૂજ્યશ્રી–જેટલો મોહ ઓછો થાય તેટલું સારું છે. અહીં રહેવાય તો સારું, મોહ જ આપણું ભૂંડું કરનાર છે. આ ભવમાં આપણને સત્પુરુષનું અનન્ય શરણરૂપ કારણ મળવાથી દેહત્યાગનો ભય નહીં રાખતાં સત્પુરુષાર્થ સાધ્ય કરવાનો છે. દેહ તો તીર્થંકર જેવા મહાપુરુષના પણ રહ્યા નથી પણ સમજું જીવો પોતાના મનુષ્યપણાનું મૂલ્ય સમજીને ફરી કોઈ દિવસ મરણ ન થાય તેવા ભાવ નક્કી કરી ચાલ્યા ગયા.

સમજણ સર્વથી ઉત્કૃષ્ટ સમજીને જે જીવો તે સાધ્ય કરે છે તેનું પરમ કલ્યાણ થશે. સત્સમાગમ સર્વ પ્રકારનું બળ આપે છે; માટે સત્સમાગમ કરવા આવવું. પૈસા માટે આ જીવ ગમે તેમ કરી જીવન ગાળે છે; પણ પૈસો લઈને કોઈ ગયું નથી, અહીં જ પડ્યો રહ્યો છે. એકલો આવે છે ને એકલો જાય છે. પૈસો તો પ્રારબ્ધ પ્રમાણે મળે છે. તેની વૃત્તિ મંદ કરી સત્સમાગમ કરવાની ભાવના કરવી.

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૫૨૭, ૨. પૂ. ૐકારભાઈના પિતાશ્રી

જીવને કોઈ પણ વિકલ્પ થાય કે આમ થઈ જશે. પણ એ તો જે પ્રમાણે ભૂતકાળમાં જેવા ભાવથી કર્મનો બંધ કર્યો હોય છે, તે પ્રમાણે થાય છે; એમાં ફેરફાર થવાનો નથી. પણ આપણે સારું નિમિત્ત મળ્યું એમ સમજીને આગળ વધવા માટે પુરુષાર્થ કરવો. આ નિમિત્ત મળ્યું તેથી સત્સંગની, ભાવની વૃદ્ધિ થાય, એમાં વધારે ઉત્તેજન મળે તે પ્રમાણે પુરુષાર્થની જાગૃતિ રાખવી. જે બનવા કાળ હશે તે બનશે, પણ જેટલી જાગૃતિ વધારે રખાય તે આપણને હિતકારી જાણી પુરુષાર્થમાં વધારો થાય તેમ કરવાનું છે.

૮ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ સુદી ૧૪, સં. ૨૦૦૪

પૂજ્યશ્રી—રોજ ભક્તિ કરવી. વખત મળે તો વાંચવું, વિચારવું. બધું મારું મારું કરીને બેઠો છે, પણ કશું સાથે આવવાનું નથી. કુંદનમલનો દેહ છૂટ્યો. કાંઈ સાથે લઈ ગયા? એક ધર્મ સાથે આવે છે. બાકી બીજું બધું મૂકવાનું છે. સ્મરણનો અભ્યાસ કરવો કે જેથી દેહ છૂટતી વખતે યાદ આવી જાય. બાકી તો દેહ, પુત્ર, સ્ત્રી આદિ કોઈ પણ મારાં થયાં નથી, માટે તેમાંથી જેમ બને તેમ મમત્વભાવ ત્યાગ કરવો.

''શ્રી સદ્ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથ માર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું; એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.'' (૬૯૨) આમ આત્માની ભાવના ભાવતાં રાગદ્વેષનો ક્ષય થાય છે, એમ પરમકૃપાળુદેવે અનુભવીને લખ્યું છે. તેનો વિચાર કરવો. હું આત્મા છું, કેવળ જ્ઞાનસ્વરૂપ આત્મા છું. તેના સાક્ષી પરમકૃપાળુદેવ છે કે જેમણે આત્માને જાણ્યો છે, તે મને માન્ય છે; હું તે કંઈ જાણતો નથી, પણ પરમકૃપાળુદેવે કહ્યું છે તે સાચું છે. એવી દૃઢ શ્રદ્ધા રાખવી. મનુષ્યભવ દુર્લભ છે. ''.....માનવપણું સમજે તે જ માનવ કહેવાય.'' (મોક્ષમાળા-૪) તો આપણે આ માનવ દેહને વ્યર્થ ન જવા દેવો; કંઈ ને કંઈ સમાધિમરણ થાય તેવું કરી લેવું.

એક આત્મામાં લક્ષ રાખવો. થોડી થોડી વખતે સંભારતા રહેવું કે કંઈ મને દેહાદિ પરવસ્તુમાં મારાપણું તો આવ્યું નથી? આમ અભ્યાસ કરી લેવો. જો આપણે તેને (સ્મરણને) સંભારતા રહીએ તો આખરે તે પણ આપણી સંભાળ લેશે. પ્રભુશ્રીજી કહેતા—

**''ફિકરકા ફાકા ભર્યા, તાકા નામ ફકીર''**

કંઈ વેષ પહેરવાથી ફકીર અથવા મુનિ આદિ થઈ શકાતું નથી, પણ જેને કોઈ પણ પ્રકારની દેહાદિની પણ ફિકર નથી, બધું પર માને છે, તે ફકીર છે. આપણને કંઈ ઉપવાસ આદિ કરવાનું કહ્યું નથી કે જે શારીરિક બળ વગર થઈ શકે નહીં; પણ નિરંતર ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ''નું સ્મરણ કરવાનું કહ્યું છે, કે જેમાં શરીર બળની જરૂર નથી. આ મનુષ્યભવમાં જેમ બને તેમ આત્મહિત કરી લેવું. માટે નિરંતર એ જ અભ્યાસ કરવાની જરૂર છે.

સત્સંગ પરમાર્થનું મુખ્ય કારણ છે. [૧]પ્રભુશ્રીજી સર્પ અને નોળિયાનું દૃષ્ટાંત આપતા. જેમ સર્પ અને નોળિયો લડે છે; નોળિયાને સર્પ કરડે છે, ત્યારે ઝેર ચઢવા લાગે કે તરત નોળિયો દરમાં જઈ બુટ્ટી સૂંઘી આવે અને પાછો સાપ જોડે લડે છે. તેમ આપણને સંસારના કામ આદિ કરતાં ભક્તિમાં રસ ન આવે ત્યારે તરત સત્સંગ કરવા જવું.

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૬૧૭,

મુમુક્ષુ–શ્રદ્ધા કેમ થતી નથી?

પૂજ્યશ્રી– સંસાર અસાર લાગે તો શ્રદ્ધા થાય. જગતમાં જે કંઈ કરું છું તે કંઈ મોક્ષે લઈ જનાર નથી. જો જ્ઞાનીના વચન પ્રમાણે વર્તશું તો મોક્ષ મળશે.

મુમુક્ષુ–''સહજાત્મસ્વરૂપ''ની માળા ફેરવતી વખતે સંકલ્પવિકલ્પ થાય છે, તેનું શું કરવું?

પૂજ્યશ્રી–માળા ફેરવવા બેસીએ ત્યારે 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' માં મન રાખવું. બીજે જવા દેવું નહીં. તે વખતે પરમકૃપાળુદેવની દશાનું સ્મરણ કરવું. એટલે હું જાણતો નથી, કૃપાળુદેવે કેવળજ્ઞાન સ્વરૂપ આત્મા દીઠો છે, તેવો મારો આત્મા છે, કેવળજ્ઞાન સ્વરૂપ થઈ શકે છે એવો ઉત્સાહ રાખવો.

(પ.પૂ. પ્રભુશ્રીજીનો હસ્તલિખિત બોધ લખાવતાં)

પૂજ્યશ્રી–આ અહીં અમૂલ્ય ધન એકઠું કર્યું છે. ત્યાં જઈને પણ એ વિચારવું. એક વખત વાંચી ગયા પછી મેં તો વાંચી લીધું છે, એમ ન કરવું. ફરી ફરી વાંચીએ તેમ નવા નવા ભાવો સ્ફુરાયમાન થશે. માટે ફરી ફરી વાંચવા, વિચારવા આજ્ઞા કરી છે. વખત મળે ત્યારે આ કામ કરવું. પત્રો શીખ્યાં છે, તે પાછા ફેરવતા રહેવું. મંદિરમાં કોઈ ન હોય તો આપણે ભગવાન સામે બોલી જવું. પત્રો વિસ્મરણ થવા દેવા નહીં.

સૂક્ષ્મ નિગોદનું દુઃખ બતાવ્યું છેઃ– નિગોદના જીવ એક શ્વાસોશ્વાસમાં સાડા સત્તર ભવ કરે છે. એક સોયની અણી જેટલી જગ્યામાં અસંખ્યાત ગોળા છે. એક એક ગોળામાં અસંખ્યાત નિગોદ છે. નિગોદ એટલે અનંત જીવોના સમૂહ પિંડનું એક શરીર. એક એક નિગોદમાં અનંત અનંત જીવ છે. જેટલા સિદ્ધ થયા તેના કરતાં અનંતગણા જીવ એક નિગોદમાં છે.

સાતમી નરકમાં ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમનું આયુષ્ય છે. નારકી તેત્રીશ સાગરોપમમાં જેટલું દુઃખ ભોગવે, તેને તેત્રીશ સાગરોપમના જેટલા સમય થાય તેટલાથી ગુણાકાર કરે તેટલું દુઃખ નહીં પણ તેથી અનંતગણું દુઃખ સૂક્ષ્મ નિગોદવાળા જીવને એક સમયમાં થાય છે.

શરીરમાં સાડાત્રણ કરોડ રોમ છે. તેમાં સાડા ત્રણ કરોડ સોયો તપાવી, લાલચોળ કરીને કોઈ જીવને ભોંકે, તેથી જેટલું દુઃખ થાય; તેથી અનંતગણું દુઃખ નિગોદવાળા જીવને એક સમયમાં થાય છે.

આ જીવ અનંતકાળ સુધી નિગોદમાં રહીને આ દુઃખ ભોગવ્યું છે અને હવે આત્મસ્વરૂપને ન ઓળખ્યું તો પાછું તે દુઃખ ભોગવવું પડશે. માટે આ મનુષ્યદેહ મહાપુણ્યયોગે મળ્યો છે, તેનો એક સમય પણ વ્યર્થ જવા દેવો યોગ્ય નથી. એક સમય રત્નચિંતામણી જેવો છે. માટે જેમ બને તેમ આત્મહિત કરી લેવું કે જેથી પાછું નિગોદમાં જવું ન પડે. જ્ઞાનીપુરુષ પરમકૃપાળુદેવે જે કહ્યું છે તે પ્રકારે વર્તવાથી આ નિગોદ ટળશે.

*

પૂજ્યશ્રી–''શ્રી સદ્ગુરુદેવના અનુગ્રહથી અત્ર સમાધિ છે.'' (૭૧૯) સદ્ગુરુના અનુગ્રહથી

એટલે નિશ્ચયનયે આત્મસ્વરૂપની કૃપાથી સમાધિ છે. ''એકાંતમાં અવગાહવાને અર્થે 'આત્મસિદ્ધિશાસ્ત્ર' આ જોડે મોકલ્યું છે.'' (૭૧૯) જ્યાં એક લક્ષને અર્થે જ બધા એકઠા થયા હોય છે, તે એકાંત છે. અવગાહવું એટલે ઊંડા ઊતરીને વિચારવું. 'આત્મસિદ્ધિ' એટલે આત્માની સિદ્ધિ એટલે સાબિતી. જેમકે આત્મા છે. આત્મા નિત્ય છે, આત્મા કર્તા છે, આત્મા ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે; એ જે છપદ છે, તેની સાબિતી મુખ્ય કરી બતાવવી તે 'આત્મસિદ્ધિશાસ્ત્ર'. 'આચારાંગ'માં મુનિઓના આચાર, વિહાર, ગોચરી આદિ સંબંધી વાતો છે. 'સૂયગડાંગ'માં સ્વ અને પર મતની વાતો છે. 'દશવૈકાલિકસૂત્ર' દશ દિવસમાં શય્યંભવ આચાર્યે 'મનક' માટે લખ્યું હતું. તેમાં બધા શાસ્ત્રોમાંથી થોડું થોડું લીધેલું છે. મુખ્યત્વે મુનિના આચાર સંબંધી વાતો એમાં છે. 'ઉત્તરાધ્યયન'માં વૈરાગ્યની કથાઓ આદિનું વર્ણન છે. એ બધા વૈરાગ્યના ગ્રંથો છે, તે વાંચવાથી વૈરાગ્ય આવે છે. બધા ગ્રંથો વાંચ્યા હોય, તેમાં પણ શંકા રહી જાય તો 'આત્મસિદ્ધિશાસ્ત્ર' વાંચવાથી તે શંકાનું સમાધાન થઈ જાય છે. એવો એ અપૂર્વ ગ્રંથ છે.

મુમુક્ષુ—જન્મ અને મરણ શાથી ટળે?

પૂજ્યશ્રી—સત્પુરુષની આજ્ઞા આરાધે તો જન્મમરણ ટળે.

મુમુક્ષુ—સત્પુરુષની આજ્ઞા શું છે?

પૂજ્યશ્રી—રાગ, દ્વેષ, મોહ ન કરવા તે સત્પુરુષની આજ્ઞા છે.

મુમુક્ષુ—રાગદ્વેષાદિ કેમ ટળે?

પૂજ્યશ્રી—સંકલ્પવિકલ્પ નાશ પામે તો રાગદ્વેષાદિ ટળે. ''ઉપયોગ શુદ્ધ કરવા આ જગતના સંકલ્પ-વિકલ્પને ભૂલી જજો.'' (૩૭)

*

પૂજ્યશ્રી—આ સંસારમાં જન્મમરણાદિ દુઃખ રહ્યાં છે. તેને ટાળવા માટે કંઈ ને કંઈ વ્રત લેવું જોઈએ. બ્રહ્મચર્ય શા માટે પાળવું? એક આત્માને અર્થે. આ પાંચ ઇંદ્રિયોના વિષયોને ભોગવ્યાથી અનંતકાળથી જન્મમરણ કર્યાં છે, માટે જે દિવસે બ્રહ્મચર્ય પાળવાનું છે તે દિવસે સાધુ જેવું રહેવું. એક પરમકૃપાળુદેવ સિવાય કોઈ બીજામાં વૃત્તિ રાખવી નહીં. આ વ્રત શરીરથી તો પળાય છે પણ, મન પણ બીજી વૃત્તિમાં લેશ માત્ર ન જવું જોઈએ. તે દિવસે ભક્તિ, સારું વાંચન કરીને સારા ભાવ રાખવા. અનંતકાળથી આ વિષયોમાં જ રહ્યાથી આ દુઃખ ભોગવવું પડ્યું છે અને હવે પણ જો તેમાંથી વિરક્ત નહીં થઈને તેમાં જ મન રાખીશું તો પાછું અનંત દુઃખ ભોગવવું પડશે. માટે બ્રહ્મચર્ય વ્રત હોય તે દિવસે પોતાનું મન પણ વિષયોમાં ન જવું જોઈએ, એ લક્ષમાં રાખવા જેવું છે. પરમકૃપાળુદેવે ''નીરખીને નવયૌવના'' માં કહ્યું છે—

**''પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન''**

માટે એ બ્રહ્મચર્ય વ્રત આત્માનું હિત કરવું હોય તેણે પાળવું જોઈએ. જો આ વ્રત હોય તો સંસારથી છૂટવું સહેલું છે. કેમકે સારું સારું ખાય તે પણ એક ભોગને અર્થે, સારાં કપડાં પહેરે તે પણ એક ભોગને અર્થે વગેરે બીજું પણ ભોગને અર્થે જીવ કરે છે અને જો ભોગથી વિરક્ત થયા

હોઈએ તો સંસારમાં ખાવાની, પીવાની, ઓઢવાની બધી ઇચ્છાઓ નાશ થઈ જાય છે. એ વ્રત હોય અને ભલે તે સંસારમાં રહેતો હોય તોપણ તે સાધુ જેવો જ છે. માટે મનથી એ વ્રત પાળવું જોઈએ. જેમ ચોવિહાર કરે તો એક મહિનામાં પંદર દિવસના ઉપવાસનું ફળ મળે છે તેમ આમાં પણ છે. જો દિવસમાં બ્રહ્મચર્ય પાળવાનો નિયમ હોય તો મહિનામાં પંદર દિવસ બ્રહ્મચર્યનું ફળ મળે છે. નિયમ જેટલો પળાય તેટલો લેવો, પણ બરાબર પાળવો જોઈએ. પોતાના આત્માનું હિત થાય, એટલા માટે એક આત્માર્થનો જ લક્ષ રાખવો. ભક્તિ, વાંચન, વિચાર આદિમાં મન બરાબર રહે તે માટે તે વ્રત લેવાનું છે. માટે તે દિવસે સારા ભાવ રાખવા અને આ જન્મ-જરા-મરણાદિ નાશ થાય, તે જ આ ભવમાં કરવું. બીજું કરવાથી તો બહુ દુઃખ પામ્યો. માટે જેમ બને તેમ આ સંસારમાંથી છુટાય તે જ કામ કરવું. બીજું બધું નાશવંત છે. એક ધર્મ સાથે આવશે. એ માટે 'મોક્ષમાળા'માં જે બ્રહ્મચર્યની નવવાડો છે તે પણ મોઢે કરી લેવી અને 'પ્રવેશિકા'માં પણ બ્રહ્મચર્ય વિષેનો શિક્ષાપાઠ છે, તે વિચારવો. મોહ, રાગ ઓછો કરવા માટે આ વ્રત છે; તે વ્રતના દિવસે ભક્તિ, વાંચનમાં ચિત્ત રાખી વિષયો પ્રત્યે ચિત્ત ન જાય એ લક્ષમાં રાખવું. કંઈ પણ વાંચવાનું, વિચારવાનું, યાદ કરવાનું રાખવું; વખત નકામો ન ગુમાવવો. વાંચન, મનન અને નિદિધ્યાસન (ભાવના ભાવવી) કરવાનું રાખવું. આ મનુષ્યભવ નકામો ન જાય. ફરી આવો યોગ મળવો દુર્લભ છે. મનુષ્યભવ, તેમાં પણ ઉચ્ચકુળ, સદ્‌ગુરુનો યોગ અને બોધ સાંભળવાનું પણ મન થાય છે; એવો યોગ ફરી ન મળે. માટે આત્માર્થે આ મનુષ્યભવ સફળ કરી લેવો કર્ત્તવ્ય છે. નહીં તો અનાદિકાળથી ચોરાશી લાખ યોનિઓમાં પરિભ્રમણ કરતો આવ્યો છે અને હવે પણ આત્મહિત ન કર્યું તો ફરી પરિભ્રમણ કરવું પડશે. માટે આ ભવમાં એક સાચી શ્રદ્ધા કરી કૃપાળુદેવના શરણે જ આ મનુષ્યભવ ગાળવો.

(મોક્ષમાળામાંથી શિક્ષાપાઠ ૫૦ 'પ્રમાદ' વંચાતાં તેમાંની છેલ્લી લીટી)

પૂજ્યશ્રી—એક પળ વ્યર્થ ખોવાથી એક ભવ શી રીતે હારી જવા જેવું છે?

(એમ બધાને પૂછ્યું. કોઈ ઉત્તર આપી શક્યા નહીં, ત્યારે પોતે જ ઉત્તર આપ્યો).

આ મનુષ્યભવની એક પળમાં તો કેવળજ્ઞાન થઈ જાય છે. એક ક્ષણનું આયુષ્ય બાકી હોય અને તે કેવળજ્ઞાન પામવાની દશાએ હોય, પણ તે પળ વ્યર્થ જાય તો પાછું દેવગતિ વગેરેમાં જવું પડે અને ત્યાંનું લાંબું આયુષ્ય ભોગવ્યા પછી પાછો ક્યારે કેવળજ્ઞાન પામે? માટે આ મનુષ્યભવની એક ક્ષણ પણ પ્રમાદમાં ન જાય તેમ એક આત્માને માટે જ આ ભવ ગાળવો. વિકથામાં, ટેલટપ્પામાં પોતાનો સમય ન ગુમાવતાં એક આત્માને માટે જ આ ભવ ગાળવો. ફરી આવો યોગ મળવો દુર્લભ છે. સત્પુરુષનો યોગ થયો હોય અને પોતાનું આયુષ્ય જલદી પૂરું થવા આવ્યું હોય કે સત્પુરુષનું જ આયુષ્ય ટૂંકું હોય તો આ ભવ નકામો જાય છે. માટે આ યોગ મળ્યો છે, તો આ સંસારમાં મોહ ન રાખતાં એક આત્માનું જ હિત થાય તેમ કરવું. ફરી જન્મ મરણનાં દુઃખ ન આવે તેમ કરવું છે, એવો નિશ્ચય કરવો.

ગમે તે ઠેકાણે હોઈએ કે ગમે તેવી ઉપાધિમાં હોઈએ, પણ પોતાના ભાવ કેમ વધે તે જ એક

લક્ષ રાખવો. સત્પુરુષની આજ્ઞામાં પોતાની વૃત્તિ એક કરી દેવી અને તેમની આજ્ઞા હોય તેમ જ વર્તવું. જીવમાં મુમુક્ષુતા લાવવા માટે પોતાના દોષ અપક્ષપાતે જોતા રહેવું અને તે દોષોને દૂર કરવા. સર્વથી મોટો દોષ તો એ છે કે જીવને પોતાના દોષ જોવાની વૃત્તિ થતી નથી. માટે પહેલાં એ દોષને દૂર કરી પોતાના દોષ ક્ષણે ક્ષણે જોઈને તે દૂર કરવા અને એથી જ મુમુક્ષુતા આવે છે. જ્ઞાનીપુરુષોની આજ્ઞા શું છે? અને હું શું કરી રહ્યો છું? એ નિરંતર જોતા રહેવું અને જ્ઞાનીપુરુષની આજ્ઞામાં વર્તવું. આખો લોક ત્રિવિધ તાપથી બળી રહ્યો છે એમ પરમકૃપાળુદેવે કહ્યું છે. માટે તે જન્મ, જરા, મરણાદિ દુઃખ; આધિ, વ્યાધિ અને ઉપાધિ છૂટે તે જ એક લક્ષ રાખી જ્ઞાનીપુરુષની આજ્ઞામાં જ વર્તવું. બાકી બધું નાશવંત છે, અશરણ છે. માટે એક જ્ઞાની પરમકૃપાળુદેવના શરણમાં રહી તેમની આજ્ઞાએ વર્તાય એ જ એક લક્ષ રાખવો યોગ્ય છે. શ્રીમદ્ રાજચંદ્ર આ કાળમાં એક અપવાદરૂપ પુરુષ છે. તેમના લખાણોમાં બહુ વૈરાગ્ય ભરેલો છે.

આ મનુષ્યભવમાં આપણે વ્યાપાર કરીએ છીએ, તેમ ધર્મને નામે પણ ક્રિયા કરીએ છીએ, પણ ક્રિયા કરીને ઘેર આવીએ કે તેમાં ચિત્ત રહેતું નથી. બધું અણસમજણથી કરીએ છીએ. સમજણપૂર્વક કરાય તો મોક્ષનું કારણ થઈ પડે છે, નહીં તો સંસાર વધારવાનું કારણ થઈ પડે છે. માટે સમજણની જરૂર છે. શ્રીમદ્ રાજચંદ્ર એક એવા પુરુષ હતા કે જેઓ નિરંતર આત્મામાં રહેતા. પ્રતિક્રમણ વગેરે આપણે કરીએ છીએ, પણ ગબાગબ બોલી જઈએ છીએ કે જાણે કોઈ બીજાના માટે કરતા હોઈએ. રોજ અઢાર પાપસ્થાનકનો વિચાર કરે તો એક એક પાપસ્થાનકનો વિચાર કરતી વખતે આખા દિવસનો વિચાર કરવો પડે કે મેં સવારથી અત્યાર સુધીમાં શું શું કર્યું? એમ અઢાર વખત આખા દિવસની ચર્યાનો વિચાર કરવો પડે છે. આ એક સાચું પ્રતિક્રમણ થાય છે, પણ જીવ વિચાર કરતો નથી અને ગબાગબ બોલી જાય છે. માટે સમજણ અને વિચારપૂર્વક કરવું જોઈએ. વૈરાગ્ય વધારવો જોઈએ. સત્સંગ, સત્શાસ્ત્રનો પરિચય રાખે તો અનુક્રમે અભ્યાસ થાય છે. આ સંસારનાં કામો તો આખો દિવસ કરે છે, પણ પોતાનો આત્મા જે પરતંત્રતા ભોગવી રહ્યો છે તેનો વિચાર કરતો નથી. અનંતકાળથી પુદ્ગલમાં ને પુદ્ગલમાં જ રાચી રહ્યો છે. જ્ઞાનીપુરુષો પણ વિચાર કરીને જ મોક્ષે ગયા છે. અનંતકાળથી જે કંઈ કર્યું છે તે અનંત દુઃખ દેનાર થયું છે. તેથી થાકે તો પછી મોક્ષ તરફ મંડી પડે અને પોતાનું કામ કરી નાંખે. માટે પાટો બદલવાની જરૂર છે. અનાદિકાળથી જે સંસારનો પાટો પકડ્યો છે તે હવે છોડીને આત્મા પ્રાપ્ત કરવા માટે બીજો પાટો પકડવો પડશે. પરમકૃપાળુદેવે કહ્યું છે કે—

**"શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?"** (૧૦૭)

એનો રોજ વિચાર કરીને હવે જે અનંત દુઃખ સંસારમાં જ્ઞાનીપુરુષે દીઠું છે તેને ટાળવા મંડી પડવું.

**"નથી ધર્યો દેહ વિષય વધારવા; નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા"** (૧૫)

એમ જ્ઞાનીપુરુષે તો કહ્યું છે અને આપણે તો જ્ઞાનીપુરુષે જેની ના પાડી છે કે વિષયોમાં સુખ નથી, તેમાં જ મંડી પડ્યા છીએ. પરિગ્રહ ધારવાની પણ ના પાડી છે, અને આપણે તો ધનાદિ

પરિગ્રહમાં આ અમૂલ્ય મનુષ્યભવ વ્યર્થ ગુમાવીએ છીએ. માટે હવે જ્ઞાનીએ જે કહ્યો છે તે માર્ગ આરાધવો. જ્ઞાનીપુરુષની આજ્ઞાએ વર્તવું. શ્રીમદ્ રાજચંદ્ર આ કાળમાં અપવાદરૂપ પુરુષ થઈ ગયા છે. તેઓએ બધા ધર્મોનો અભ્યાસ કરી, તેને તપાસી પછી જૈન ધર્મમાં પ્રવેશ કર્યો છે. બીજા બધા જૈનીઓ રૂઢિથી ધર્મ પાળે છે, પણ તેનો મર્મ સમજી શક્યા નથી.

*

પૂજ્યશ્રી—અનાદિકાળથી જે કંઈ કરતો આવ્યો છે તે અજ્ઞાન છે. આ જીવે અહંભાવ, મમત્વભાવ ત્યાગવો જોઈએ. આ મારું ઘર, આ મારું ગામ, આ મારો દેહ, આદિ અનાદિકાળથી જે મારું મારું કરતો આવ્યો છે તે કાંઈ મારું નથી. હું તો પરમકૃપાળુદેવે જાણ્યો છે, જોયો છે તેવો 'આત્મા' છું. મરતી વખતે કંઈ પણ સાથે આવશે નહીં. એકલો આવ્યો છે ને એકલો જશે. એક મોક્ષ સિવાય કોઈ બીજી ઇચ્છા રાખવી નહીં. બધા ઠેકાણે આત્મા જોવો. હું વાણિયો છું, બ્રાહ્મણ છું, હું પૈસાવાળો છું, હું ગરીબ છું, હું નાનો છું, હું મોટો છું એમ માનીને અનંત ભવ દુઃખ ભોગવ્યું છે.

આ મનુષ્યભવ ચિંતામણી રત્ન સમાન મળ્યો છે. તે આત્મહિત માટે જ ગાળવો. આ દેહને માટે કંઈ ફિકર કરવા જેવું નથી. એક પરમકૃપાળુદેવની આજ્ઞામાં વર્તવું. પોતાની મેળે જે કંઈ કરે છે તે સ્વચ્છંદ છે. માટે પરમકૃપાળુદેવે જેવો આત્મા જોયો છે તેવો જ મારો આત્મા છે, એમ રાખવું. છ પદ અત્યંત વિચારવા લાયક છે.

વૈરાગ્ય વધારવો; નિરંતર ઉદાસીનતા સેવવી; સ્વચ્છંદ અને પ્રતિબંધનો સર્વથા ત્યાગ કરવો; એ વારંવાર લક્ષમાં લેવા જેવાં છે. કોઈ મારે કે ગમે તે કરે પણ પોતે, જે આત્માનો મૂળ સ્વભાવ છે તેમાં જ રહેવું; અર્થાત્ જેવો છે તેવો તે સહજ, પોતે જે રાગદ્વેષ રહિત, વિષય કષાય રહિત, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા છે તે સહજ આત્મા છે. ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' બોલતી વખતે પરમકૃપાળુદેવનું જે શુદ્ધ સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થાઓ એવી ભાવના કરવી. પોતે શું કરવા આવ્યો છે? શું કરી રહ્યો છે? મનુષ્યભવ શા અર્થે મળ્યો છે? જ્ઞાનીની આજ્ઞા શું છે? હું કેવું વર્તન રાખી રહ્યો છું? આદિ વારંવાર વિચારવા યોગ્ય છે.

માન જીવનું ભૂંડું કરે છે, માટે હું કંઈ જ જાણતો નથી એવો દૃઢ નિશ્ચય કરી જ્ઞાનીની આજ્ઞામાં વર્તે તો કામ થઈ જાય. હું તો અધમાધમ છું. કંઈ જાણતો નથી. જ્ઞાનીએ જોયો તેવો મારો આત્મા છે, એવો લક્ષ રાખવાની જરૂર છે. એક જ્ઞાની પરમકૃપાળુદેવની આજ્ઞા પ્રમાણે, મંત્ર મળ્યો છે તેમાં જ ક્ષણે ક્ષણે વૃત્તિ રહે તો કામ થઈ જાય તેવી વાત છે. આ દેહ ઉપર જીવ મોહ કરે છે, તેને મારો માને છે, તેની સાર સંભાળ રાખે છે, પણ તેમાં છે શું? હાડ, માંસ, લોહી, મળમૂત્રાદિ ભરેલાં છે. જો એમાંની કોઈ પણ વસ્તુ ઉકરડામાં પણ નાંખે તો બીજા નહીં નાખવા દે. એવા ગંધાતા આ દેહ ઉપર જીવ મોહ કરી આત્માનું હિત કરતો નથી. આ ચામડીઆના ધંધામાં જ પોતાનો અમૂલ્ય મનુષ્યભવ વ્યર્થ ગુમાવી બેસે છે. આ ચામડીમાં મોહ કરશે તો પાછી ચામડી મળશે અને જન્મમરણનાં દુઃખ ભોગવશે. માટે આ ચામડીઆ ગંધાતા દેહ ઉપરનો મોહ છોડીને એક આત્મા ઉપર પ્રેમ કરવો. જેણે આત્મા જાણ્યો છે એવા પુરુષની આજ્ઞા પ્રમાણે જો જીવ વર્તે

અને તેના ઉપર શ્રદ્ધા કરે; તો આ જીવ પણ આત્માને જાણી શકે છે. પોતે પોતાને ભૂલ્યો છે માટે આ મનુષ્યપણાને પશુપણામાં નહીં ગુમાવતાં મનુષ્યદેહ સફળ કરવો. પશુ પણ પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં રક્ત રહે છે અને આપણે પણ તેમ જ વર્તીએ તો પશુ જ છીએ. મનુષ્યપણું સમજે તે જ મનુષ્ય છે. જ્ઞાનીએ મનુષ્યપણામાં શું કર્યું છે, તેવા અવલંબનો પ્રત્યે જીવને પ્રવર્તાવવો. જ્ઞાનીપુરુષની જે 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મંત્રની આજ્ઞા મળી છે, તેનું નિરંતર સ્મરણ કરવું. બીજા ઉપર રાગદ્વેષ, કષાયો ન કરવા. પાંચે ઇન્દ્રિયોની લાલસા ઓછી કરવી. એ મુખ્ય લક્ષ રાખવા યોગ્ય છે અને પ્રમાદ જે પાંચ પ્રકારે છે તે ન કરવો.

વિનય એ મોટો ગુણ છે. નાના મોટા ગમે તે હોય પણ સૌની સાથે વિનયથી બોલવું. ઉદ્ધતાઈથી કે અકડાઈને કે ઊંચે સાદે બોલવું નહીં. વિનયથી, ધીમેથી, સમતાથી અને ધીરજથી બોલવું એ ખાસ ધ્યાનમાં લેવા જેવું છે. બધાથી પોતે અધમાધમ છે એમ રહીને વાત કરવી. મોટા ચક્રવર્તી રાજા પણ સત્પુરુષોનો વિનય કરતા હતા. એ વાત સ્મૃતિમાં રાખી બધાની સાથે વિનયથી બોલવું.

પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ, વિનય અને સદાચાર પાળે તો તે જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. માટે એ ગુણો પોતાનામાં લાવી જ્ઞાનની પ્રાપ્તિ કરવી.

મોહ કોના ઉપર થાય છે? તો કે સંસારની જેટલી દેહ, સ્ત્રી, કુટુંબ આદિ પરવસ્તુઓ છે તે બધામાં જીવને મોહ થાય છે. તે મોહ બે પ્રકારનો છે—એક દર્શનમોહ અને બીજો ચારિત્રમોહ. એમાં જે દર્શનમોહ છે તે જ દુઃખ દે છે. દર્શન મોહનીય એટલે દેહાદિ પરવસ્તુમાં મોહ કરવો તે. દર્શનમોહનીય બોધથી મટે છે. જ્ઞાનીપુરુષના બોધની બહુ જરૂર છે. તેથી આ સંસારનો મોહ ઓછો થાય છે. કોઈ મોટી શૂળ હોય, તે બહુ સુંદર દેખાતી હોય પણ પગમાં વાગી હોય તો તે કેવી દુઃખે! તેમ આ સંસારની બધી વસ્તુઓ બહુ સુંદર દેખાય છે, પણ તે કાંટાની જેમ પાછળથી બહુ દુઃખદાયી છે. માટે એક જ્ઞાનીપુરુષની આજ્ઞાએ વર્તાય તો જ આ મનુષ્યભવ સાર્થક છે. આ સંસાર તો નાટક જેવો છે. નાટકમાં જેમ કોઈ પુરુષ, સ્ત્રીનો વેશ લે કે ગમે તે પ્રકારનો વેષ ધારણ કરે તો પણ તે પુરુષ જ છે, એમ બધાના લક્ષમાં રહે છે; તેમ સ્ત્રી, પુરુષ, બ્રાહ્મણ કે ગમે તે હોય પણ આત્મા છે એવો લક્ષ નિરંતર રહેવો જોઈએ. જે જ્ઞાનીએ કહ્યું છે તે જ સાચું છે. હું કંઈ જાણતો નથી. એવો વિચાર કરી જ્ઞાનીની આજ્ઞાએ વર્તવું.

પ્રત્યેક કામ કરતી વખતે જ્ઞાનીની આજ્ઞા લેવી. એટલે જ્ઞાનીએ કહ્યું હોય તે જ કામ કરવું. રાગદ્વેષ કષાયાદિ ઓછા થાય તેમ કરવું. કૃપાળુદેવનું નામ વગોવાય એવું વર્તન રાખવું નહીં. પોતે જ્ઞાની પરમકૃપાળુની આજ્ઞાએ વર્તવું અને તે જોઈને બીજા પણ વર્તે તેવું વર્તન કરવું. પોતે કહે કે અમે શ્રીમદ્ રાજચંદ્રના અનુયાયી છીએ, પણ પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં લીન રહે, તો પછી તેમને પાંચ ઇન્દ્રિયોના વિષયોના અનુયાયી કહેવા કે શ્રીમદ્ રાજચંદ્રના અનુયાયી કહેવા? કોના અનુયાયી કહેવા? માટે તેમની આજ્ઞા પ્રમાણે વર્તીને ખરા અનુયાયી થવું. મોહ ઓછો કરવો એ ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. સત્શાસ્ત્ર વાંચવાની ટેવ પાડવી. કોઈ વાતો કરતા હોય પણ આપણે

મનમાં 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'નું રટણ કરવું. જેમ નાનું બાળક હોય તેને ધાવણ છોડાવવા માટે પ્રથમ સાકર અને ઘી ચટાડે છે ત્યારે તે બાળક તેને પાછું મોઢામાંથી કાઢી નાંખે છે. પણ રોજ આપવાથી ધીમે ધીમે તે બાળકને તેમાં સ્વાદ આવે છે એટલે પછી તે આંગળી પણ ભેગી ચાવી નાંખે છે. તેમ પહેલાં તો સારાં પુસ્તકો વાંચવાનું ન ગમે. પણ ધીમે ધીમે ટેવ પાડે તો પછી બીજાં પુસ્તકો વાંચવાનું મન જ ન થાય, સારા ધર્મનાં પુસ્તકો જ ગમે. માટે સારાં પુસ્તકો વાંચવાની ટેવ પાડવી. છાપાં વગેરે હાથમાં પણ ઝાલવાં નહીં. ''ઉપયોગ શુદ્ધ કરવા આ જગતના સંકલ્પ-વિકલ્પને ભૂલી જજો.'' (૩૭) એમ પરમકૃપાળુદેવે કહ્યું છે. તે લક્ષમાં લઈ કોઈ વાતમાં સંકલ્પ-વિકલ્પ કરવા નહીં. એક આત્માના ચિંતનમાં રહેવું.

મુમુક્ષુ—સંકલ્પ-વિકલ્પ બહુ થાય છે. માટે શું કરવું?

પૂજ્યશ્રી—સંકલ્પ-વિકલ્પ થાય છે તે પૂર્વકર્મનું ફળ છે. તેથી ગભરાવું નહીં અને પુરુષાર્થ કરીને તેને દૂર કરવા. સ્મરણમંત્રમાં અથવા સારા પુસ્તકોમાં ચિત્ત પરોવી દેવું. સંકલ્પ-વિકલ્પ કરવા નહીં. સંકલ્પ-વિકલ્પ શાના થાય છે?

મુમુક્ષુ—પ્રત્યક્ષ સદ્ગુરુ અને પરોક્ષ સદ્ગુરુ બાબતમાં સંકલ્પ-વિકલ્પ થાય છે.

પૂજ્યશ્રી—એવા કોઈ સંકલ્પ-વિકલ્પ કરવા નહીં. જેણે આત્મા યથાર્થ જાણ્યો છે એવા પરમકૃપાળુદેવ તે પ્રત્યક્ષ જ છે. તેમના શરણે જ રહેવું. કોઈ બીજા વિકલ્પમાં પડવું નહીં. પૂનાની પ્રતિજ્ઞા યાદ છે? ત્યાં પ્રભુશ્રીજીએ બધાને પ્રતિજ્ઞા કરાવી હતી કે ''સંતના કહેવાથી મારે કૃપાળુદેવની આજ્ઞા માન્ય છે.'' સંતની આજ્ઞાએ મને એક કૃપાળુદેવ જ માન્ય છે, બીજો કોઈ નહીં. આપણે પ્રત્યક્ષની ક્યાં શોધ કરવાની છે? પ્રભુશ્રીજીએ બહુ શોધ કરીને આખરે પરમકૃપાળુદેવને શોધી કાઢ્યા અને તે જ આપણને માન્ય કરવા કહ્યું. માટે બીજા કોઈ સંકલ્પ-વિકલ્પ કરવા નહીં. એક પરમકૃપાળુદેવે જેવો આત્મા જાણ્યો છે, તેવો જ મારે માન્ય છે. તે જ મારે જોવો છે અને તેમની આજ્ઞા અને વચનોનું યથાર્થ પાલન કરવું છે.

આપણે પરમકૃપાળુદેવ પ્રત્યક્ષ જ છે એમ નિશ્ચય રાખવો; કારણકે પ્રત્યક્ષ હોત તો પણ તેમના વચનોનું જ પાલન કરવાનું હતું. બીજું શું? માટે તેમનાં વચનો મળ્યાં છે તેનો લક્ષ રાખી પ્રવર્તન કરવું. અને તે પુરુષે કહેલાં વચનો કોઈ બીજો કહેતો હોય તો તે સાંભળવા માન્ય કરવા યોગ્ય છે, પણ બીજા કોઈ વિકલ્પ કરવા નહીં. બધા સંકલ્પ-વિકલ્પ મૂકી દઈ એક પરમકૃપાળુ સદ્ગુરુદેવને શરણે વર્તવા યોગ્ય છે. સર્વ પ્રકારે પરમકૃપાળુદેવ ઉપર અર્પણબુદ્ધિ કરવી. પ્રત્યક્ષ પરોક્ષના કોઈ પણ વિકલ્પો કરવા નહીં. એક પરમકૃપાળુદેવના જ આશ્રયે તેમની આજ્ઞા પાલન કરવાની છે.

*

મુમુક્ષુ—''સત્પુરુષોના લક્ષણોનું ચિંતવન કરવું.'' લક્ષણો એટલે શું?

પૂજ્યશ્રી—''બીજું કાંઈ શોધ મા.'' એ પત્રમાં જે સદ્ગુરુનાં લક્ષણો કહ્યાં છે તેનું ચિંતવન કરવું.

મુમુક્ષુ—ક્યારેક પરમકૃપાળુદેવનું બહુ માહાત્મ્ય લાગે છે અને ક્યારેક અશ્રદ્ધા આવી જાય છે, તેનું કેમ કરવું?

પૂજ્યશ્રી—એ બધાં પૂર્વકૃત કર્મ છે, તે બધાં જવા આવે છે, તેમાં તણાવું નહીં. પરમકૃપાળુદેવનાં વચનો બહુ વાંચવાં, વિચારવાં અને તે વચનો પરથી તેમની દશાનું સ્મરણ કરવું. આ કાળમાં પરમકૃપાળુદેવ જેવો કોઈ પુરુષ મળે નહીં. તેમને આત્મજ્ઞાન હતું. તેઓ નિરંતર આત્મચિંતનમાં રહેતા. બીજું બધું વર્તન સંસારમાં ઉદય પ્રમાણે કરતા, પણ આત્માને ભૂલતા નહોતા. દીવાના પ્રકાશમાં લખવા બેસીએ ત્યારે દીવાને ભૂલી જતા નથી. તેમ તેઓ બીજું બધું કામ કરતાં છતાં આત્માને ભૂલતા ન હતા. ગૃહસ્થાવસ્થામાં હતા તેથી ઓળખાવા મુશ્કેલ હતા, કેમકે તેમનું અંતર બધાયથી તપાસી શકાય નહીં. પાઘડી વગેરે હોય અને કોઈ ઓળખવા આવે તોય ઓળખી શકે નહીં. પણ હવે તો તેમનાં વચનો મળ્યાં છે. માટે તે વચનોને વારંવાર વિચારી તેમની દશાની સ્મૃતિ કરી, તેઓ ન ભુલાય તેવું કરી લેવું. તેઓ સંકલ્પ-વિકલ્પ રાગ-દ્વેષનો નાશ કરી વીતરાગ દશામાં રહેતા હતા. આપણું અહોભાગ્ય છે કે આવા પુરુષનો જોગ મળ્યો છે. આ કાળમાં આવાં વચનો સાંભળવાને પણ ક્યાંથી મળે? નિરંતર ભાવના મોક્ષની રાખશો તો મોક્ષ મળશે. મોક્ષ સિવાય બીજી ઇચ્છા રાખવી નહીં. 'પ્રવેશિકા' વાંચજો. તેમાં છેલ્લા બે પાઠ પરમકૃપાળુદેવના છે. તે વારંવાર વિચારી તેમના જીવનની સ્મૃતિ રાખવી. 'મોક્ષમાળા' સોળ વર્ષ જેટલી નાની ઉંમરે ત્રણ દિવસમાં લખી છે. કોઈ મોટા મોટા આચાર્યો પણ ન લખી શકે એવી લખી છે. તેમાં સરળતાથી મોક્ષનો માર્ગ પ્રકાશિત કર્યો છે. એ તો પૂર્વભવના મહા સંસ્કારી જીવ હતા માટે તે સદ્ગુરુને નમસ્કાર હો! નમસ્કાર હો!

મુમુક્ષુ—સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ કેમ થાય?

પૂજ્યશ્રી—મોહ-મિથ્યાત્વાદિ સંસારના ભાવ ઘટે, વૈરાગ્ય વધે ત્યારે સત્પુરુષનું માહાત્મ્ય સમજાય છે અને સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ આવે છે. માટે સંસારનો મોહ ઓછો કરવો. બધાથી નાના અધમાધમ થઈને રહેવું. સત્પુરુષોનો બહુ વિનય કરવો.

*

પૂજ્યશ્રી—"ચંદ્ર ભૂમિને પ્રકાશે છે, તેના કિરણની કાંતિના પ્રભાવથી સમસ્ત ભૂમિ શ્વેત થઈ જાય છે, પણ કંઈ ચંદ્ર ભૂમિરૂપ કોઈ કાળે તેમ થતો નથી, એમ સમસ્ત વિશ્વને પ્રકાશક એવો આ આત્મા તે ક્યારે પણ વિશ્વરૂપ થતો નથી, સદાસર્વદા ચૈતન્યસ્વરૂપ જ રહે છે. વિશ્વમાં જીવ અભેદતા માને છે એ જ ભ્રાંતિ છે." (૮૩૩) આત્મા તો અરૂપી છે. માટે જે જ્ઞાનીએ જોયો, જાણ્યો તેવો મારો આત્મા છે. તેની ભક્તિ કર્યા કરવી. આ દેહ, સ્ત્રી, પુત્રાદિમાં મારાપણું કરી બેઠો છે; પણ તે મારું નથી. હું તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, નીરાગી, નિર્વિકારી આત્મા છું. બાકી તો બધું પૌદ્ગલિક સુખ છે. જીવ અહંભાવ, મમત્વભાવ કરીને બેઠો છે. અહંભાવ એટલે દેહાદિમાં હુંપણાની માન્યતા.

**"શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?"** (૧૦૭)

એ વારંવાર વિચારવા યોગ્ય છે. ભોગમાં, ઇંદ્રિય વિષયાદિમાં સુખ માની બેઠો છે, પણ એ બાહ્ય પુદ્ગલિક સુખ છે. ખરું સુખ તો આત્મામાં છે. આ સંસારમાં બધેય દુઃખ છે. માટે આ સંસારનું ભયંકર સ્વરૂપ વારંવાર વિચારવું. દેહ તો મળમૂત્રાદિથી ભરેલો છે. તે દેહથી આત્માર્થ સાધન કરવાનું ભુલવા યોગ્ય નથી.

**''નથી ધર્યો દેહ વિષય વધારવા; નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા''** (૧૫)

આ દેહ શા માટે ધર્યો છે? એ વારંવાર વિચારવા યોગ્ય છે. હું કંઈ જાણતો જ નથી. જ્ઞાનીએ જોયો તેવો મારો આત્મા છે અને તેમની આજ્ઞાથી જ બધું કર્યે છૂટકો છે. નહીં તો જીવ પોતાની મેળે તો અનાદિકાળથી રખડ્યો છે. માટે જ્ઞાનીપુરુષમાં અટલ શ્રદ્ધા કરી લેવી. હરતાં, ફરતાં ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ''નું રટણ કરવું. અને એ મંત્ર આપનાર જ્ઞાનીપુરુષ છે એવી દૃઢ શ્રદ્ધા રાખી સ્મરણ કર્યા કરવું; તો બધું સવળું થશે. જ્યાં ત્યાંથી રાગદ્વેષ ઓછા કરવા. આ કાળમાં સત્સંગના યોગે ઉચ્ચ પરિણામ થયા હોય તેને ટકાવી રાખવા મુશ્કેલ છે. અસત્સંગના યોગે જીવને કેમ થાય છે; તેનો જીવને પ્રત્યક્ષ અનુભવ થયા પછી તેવા પ્રસંગને પહોંચી વળવા જેટલું બળ ન હોય તો જીવે વારંવાર ચેતતા રહેવું. ચેતતા રહેવાની જરૂર છે. સત્સંગની જીવને ઘણી જરૂર છે. તેવો યોગ ન હોય તો નિર્મળ ભાવે સદ્ગુરુનાં વચનામૃતોનો આશ્રય લેવાથી બળ વધે છે, પણ મનના પરિણામ ચંચળ હોય અને વચનોમાં ચિત્તની લીનતા ન થાય ત્યાં સુધી બળ સ્ફુરવું મુશ્કેલ છે. તેવે વખતે તો–

**''અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય,**
**એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય?''**

એવા ભાવ પશ્ચાત્તાપપૂર્વક વારંવાર કરવાથી વિષયરૂપી કાદવથી મલિન થયેલ મન ભક્તિથી ઠેકાણે આવે છે. અહોરાત્ર સત્સંગની ઝંખના રાખવી.

૯ શ્રીમદ્ રા. આ. અગાસ, તા. ૮-૭-૧૯૪૮

પૂજ્યશ્રી–જ્ઞાનીપુરુષોની આજ્ઞા છે કે રાગદ્વેષ ન કરવા. આ મનુષ્યભવરૂપી મૂડીનો એક સમય પણ નકામો ન ગુમાવવો. જેમ વ્યાપારમાં થોડી ખોટ જાય તો કેટલું દુઃખ થાય છે? તેમ આ મનુષ્યભવરૂપી મૂડીનો એક સમય વ્યર્થ જાય તો તેથી પણ વિશેષ દુઃખ થવું જોઈએ. મનુષ્યભવ મળવો બહુ દુર્લભ છે. તેમાં ઉચ્ચકુળ, જ્ઞાનીપુરુષની આજ્ઞા મળવી બહુ દુર્લભ છે. તે બધું આપણને મળ્યું છે. તો હવે જ્ઞાનીપુરુષની આજ્ઞામાં બિલકુલ ખોટ ન આવવા દેવી. પરમકૃપાળુદેવની સામો ઊભો રહી પ્રતિજ્ઞા કરે કે 'હે ભગવાન! હવેથી ફલાણું અકાર્ય ન કરું.' અને પછી જો આજ્ઞાનું ઉલ્લંઘન કરે તો પાછો ચાર ગતિમાં ભટકે. આજ્ઞા વગર વૈરાગ્ય આવે નહીં, ભક્તિમાં રસ આવે નહીં. માટે જ્ઞાનીપુરુષોની આજ્ઞાનું ધ્યાન રાખી આરાધન કરવું જોઈએ. પ્રભુશ્રીજી કહેતા કે આ જગત તો ધુતારું પાટણ છે. માટે જ્યાં જોશો ત્યાં ઠગાઈ જશો. આમાં કિંચિત્માત્ર ઠગાવા જેવું નથી. આ જગત તો એવું છે કે આંગળી આપીએ તો આખો હાથ પકડી લે, એમ જાણી આત્મહિત જેમ બને તેમ જલદીથી કરી લેવું. આટલાં વર્ષ તો ગયાં. પ્રભુશ્રીજી કહેતા કે 'ભૂલ્યો ત્યાંથી ફેર ગણ, જાગ્યો ત્યાંથી સવાર.' એમ

સમજી જ્યારે એ ખબર પડી કે મારો તો આત્મા છે, આ મળમૂત્રાદિવાળા દેહમાં હું શું રાચી રહ્યો છું? એમ વિચારી આત્મહિત જેમ બને તેમ કરી લેવું. ત્યાં પણ ભક્તિ કરવી. એક સમય પણ નકામો ન ગુમાવવો. હાલતા ફરતાં 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'ની ટેવ પાડવી. કામ કરવું હોય તો હાથ પગથી કરે છે, કંઈ મોઢાથી કરવું નથી. મોઢાથી 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'નું સ્મરણ કરતા રહેવું.

હવે જીવને પરમકૃપાળુદેવના પત્રોનું માહાત્મ્ય રહ્યું નથી. પહેલાં જ્યારે પરમકૃપાળુદેવનો એક પત્ર આવતો ત્યારે પ્રભુશ્રીજી તે પત્રને લઈને જંગલમાં જતા અને ત્યાં પત્રને નમસ્કાર કરીને ખોલતા. પછી તેને વારંવાર વાંચતા, વિચારતા અને મોઢે કરતા અને છ મહિના સુધી તેની ખુમારી રહેતી. કોઈ મુમુક્ષુને એક પત્ર મોઢે થતો, તેને વારંવાર વિચારી તે પત્રથી પોતાનું કલ્યાણ કરતો અને પોતાનું અહોભાગ્ય સમજતો, પણ હવે તો આટલા આટલા પત્રો મોઢે થઈ ગયા હોય તો પણ તેનું માહાત્મ્ય લાગતું નથી. આટલાં બધાં પત્રોનું 'વચનામૃત' આપણને મળ્યું છે. છતાં પણ આપણને તેનું માહાત્મ્ય લાગતું નથી. જેમ બને તેમ આત્માને ભૂલવો નહીં. દેહ તો નાશવંત છે. સંસારના ભોગ ભોગવવામાં વખત ગાળે છે, પણ આત્માને સંભાળતો નથી. માટે આ સંસારમાં ક્યાંય રાચવા જેવું નથી. જેટલું બને તેટલું આ મનુષ્યભવમાં આત્માનું હિત કરી લેવું. પ્રભુશ્રીજી કહેતા કે મુસલમાનની ટેક કેવી હોય છે? જ્યાં સાંજ પડી કે તરત જ ત્યાં રૂમાલ કે કપડું પાથરી 'નમાજ' પઢવા મંડી પડે છે. તેમ મુમુક્ષુએ આજ્ઞાનો લક્ષ રાખવો જોઈએ.

પ્રભુશ્રીજી કહેતા કે મુસલમાનની ટેક, વૈષ્ણવની ભક્તિ અને જૈનોના વિચાર એ બધાનો મુમુક્ષુ હોય તેણે, લક્ષ રાખવો જોઈએ. સર્વથી એક દૃઢ ઇચ્છા કરી લેવી કે મારે મોક્ષે જવું જ છે. આ સંસારમાં સુખ માની બેઠો તો આ મનુષ્યભવ નકામો જશે અને પાછું ચાર ગતિમાં ભટકવું પડશે, માટે આ મનુષ્યભવને સફળ કરી લેવો. પરમકૃપાળુદેવે કહ્યું છે તેમાં શ્રદ્ધા રાખી તે જ કરવું અને તેમણે કહ્યું તે જ સાચું છે. આપણે કલ્પના કરીને કંઈ સુખ માનવું નહીં અને તેમની આજ્ઞાનું અખંડ રીતે આરાધન કરવું.

**"સઘળું પરવશ તે દુઃખલક્ષણ, નિજવશ તે સુખ લહીએ,**
**એ દૃષ્ટે આતમગુણ પ્રગટે, કહો સુખ તે કુણ કહીએ રે ?" ભવિકા.** (૭મી દૃષ્ટિ)

દેહાદિ જે પર છે, તેને વશ થઈને જે કરે છે તે બધું દુઃખનું લક્ષણ છે. આત્માનું હિત થાય તેમ કરવું. આ જીવ અનંતકાળથી રખડ્યો છે. બેઇંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય થયો છે. ત્યાં ધર્મ કરવાનું ક્યાં મળે? જો પાછો દેહાદિ પરવસ્તુમાં રાચ્યો તો પાછો તે જ ચારગતિમાં ભટકવું પડશે, માટે જન્મમરણથી છૂટવાનો ઉપાય જે પરમકૃપાળુદેવે કહ્યો છે તેમાં પુરુષાર્થ કરી જેમ બને તેમ આ મનુષ્યભવમાં આત્મહિત કરી લેવા જેવું છે; માટે કરી લેવું. પછી આવો અવસર મળવો દુર્લભ છે.

**"અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;**
**સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન."**

આ જીવ અનંતકાળથી ભાન વિના રખડ્યો છે. હવે તો જ્ઞાનીપુરુષનો જોગ થયો છે. માટે આ દુઃખનો અંત લાવવો જોઈએ.

જ્ઞાનીપુરુષોએ આ જગતમાં એકાંત દુઃખ દીઠું છે. જેમ કોઈ ગામમાં વધારે ખારું પાણી હોય અને કોઈ ગામમાં થોડું ખારું હોય; પણ જગતમાં દુઃખ, દુઃખ ને દુઃખ જ જ્ઞાનીપુરુષોએ જોયું છે. ત્યાંના માણસોને તે પાણી પીવાની ટેવ પડ્યા પછી પાણી ખારું લાગતું નથી; પણ ત્યાં કોઈ બીજા ગામનો માણસ આવે ને તે ત્યાંનું પાણી પીએ, ત્યારે તે વિચારે છે કે આ ગામના બધા માણસો ખારું પાણી કેમ પીએ છે? તેમ આ સંસારમાં જીવ ખારા પાણીની માફક દુઃખને સુખ માની બેઠો છે. પણ કોઈ મીઠાં પાણી પીનારની પેઠે જ્ઞાનીપુરુષને આ જીવોને જોઈ બહુ દુઃખ લાગે છે અને દયા આવે છે. પરમકૃપાળુદેવે કહ્યું છે કે આ જગતમાં બધે દુઃખ છે. "આખો લોક ત્રિવિધ તાપથી બળી રહ્યો છે." તો આપણે શ્રદ્ધા રાખીને હું કંઈ જાણતો નથી, પણ પરમકૃપાળુદેવે સુખ અનુભવ્યું છે તે સાચું છે; બાકી આ સંસારમાં ક્યાંય સુખ નથી, એવી શ્રદ્ધા રાખવી. ધર્મ વસ્તુ ઘણી ગહન છે. માટે હું કંઈ જાણતો નથી; પણ કૃપાળુદેવે આત્મા અનુભવ્યો છે, તે મારે માન્ય છે. હું દેહાદિથી ભિન્ન છું.

૧૦ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૧૧, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી–વીશ દોહરા રોજ બોલવા. જો પોતાને બોલતાં ન આવડતું હોય તો બીજાની પાસે સાંભળવા. બીજાને સંભળાવવા કહેવું. જેમ આપણે ઘેર કુટુંબીઓને વ્યવહારનું કામ ભળાવીએ છીએ, તેવી રીતે એ પણ એક આત્મહિતનું કામ છે. અભ્યાસની જરૂર છે, સત્સંગની જરૂર છે. જેમ જેમ સત્સંગ અને સત્શાસ્ત્રનો પરિચય વધે તેમ તેમ પોતાના દોષ જોવામાં આવે. જ્યારે દોષ જોવામાં આવે ત્યારે લાગે કે મારામાં આટલા બધા દોષ ભરેલા છે! ત્યારપછી તે દોષોને કાઢવાની ભાવના જાગે. દોષોને કાઢવાની ભાવના એ જ ખરી મુમુક્ષુતા છે.

મુમુક્ષુ–સંકલ્પ-વિકલ્પ બહુ આવે છે, એનું શું કારણ?

પૂજ્યશ્રી–જીવને જે વસ્તુનું માહાત્મ્ય લાગ્યું હોય તેના વિચારો આવે. પૈસા કમાવાનું જો માહાત્મ્ય જાગ્યું તો તેના વિકલ્પો આવે. નિરંતર સ્મરણમાં ચિત્ત રાખે તો સંકલ્પ-વિકલ્પ ઓછા થાય.

સર્વ દુઃખનું મૂળ ઇચ્છા છે. જ્યારે ઇચ્છાનો નાશ થાય ત્યારે અનાદિકાળની ભૂલ મટે. ભક્તિ સર્વોત્કૃષ્ટ સાધન છે. ઘણાં શાસ્ત્રો ભણે, સમજે અને તેમાંથી સાર કાઢે એવી જીવની શક્તિ નથી. કૃપાળુદેવે લખ્યું છે –

**"જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;**
**અવલંબન શ્રી સદ્ગુરુ, સુગમ અને સુખખાણ."** (૯૫૪)

પોતે ભક્તિ વગેરે કરતો હોય અને સ્વચ્છંદ ન હોય તો સફળ થાય. છપદના પત્રમાં કહ્યું છે–

"જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે..." આટલું થાય ત્યારે સફળ થાય.

એક તો પોતે નવકાર મંત્ર બોલે અને એક નાના છોકરાની પાસે બોલાવરાવે, તે કંઈ સમજે નહીં. તુલસીદાસ પણ 'રામ, રામ' કરતા અને બીજા લોકો દેખાદેખી 'રામ, રામ' કરે છે, તેમાં ભૂમિ આકાશનો ફેર છે. જેમ પોપટને કોઈ 'રામ' શબ્દ કહેવરાવે પણ 'રામ' એટલે શું, તે તો

તેને ખબર ન પડે. તે જાણે કે રામ ફળ ખાવાનું હશે.

જેટલી સત્પુરુષમાં લીનતા થાય તેટલો આનંદ અનુભવાય છે. આ જીવને જે વસ્તુ ગમે, તેના વિચાર કરે. સત્પુરુષના એક એક વાક્યમાં, એક એક શબ્દમાં અનંત આગમ સમાયાં છે. ભક્તિ વગેરે ધર્મક્રિયા કરતો હોય ત્યારે કડવાશ લાગે તો ભલે લાગે, પણ મારે તો એ જ કરવું છે અને એનાથી જ મારું હિત થશે; તો ધીમે ધીમે અભ્યાસ પડે ત્યારે તેમાં આનંદ આવવા લાગે. પુરુષાર્થની જરૂર છે. પ્રભુશ્રીજી એક દૃષ્ટાંત આપતા—

એક નાનો છોકરો હતો. તેની મા તેને ખાવાનું આપીને કહેવા લાગી કે તું ખાજે, હું આવું છું. તે છોકરે કહ્યું કે કૂતરાં ખાઈ જશે તો? તેની માએ એક લાકડી આપી અને કહ્યું કે કૂતરાં આવે ત્યારે લાકડી ઉગામજે એટલે નાસી જશે. તે ખાવા બેઠો અને તેની મા બહાર ગઈ. થોડીક વારમાં કૂતરાં આવ્યા અને છોકરાની થાળીમાંથી ખાવા લાગ્યાં. તે બૂમો પાડવા લાગ્યો, પણ બધું ખાવાનું હતું તે કૂતરાં ખાઈ ગયા. જો લાકડી ઉગામી હોત તો ચાલ્યા જાત. તેમ આપણને જે સ્મરણ મળ્યું છે, તેને યાદ ન કરે અને પછી કહે કે સંકલ્પ-વિકલ્પ બહુ આવે છે. તો એ ભૂલ પોતાની છે. માટે હંમેશાં સ્મરણ યાદ રાખવું. કામ કરતો હોય ત્યારે પણ સ્મરણ કરવું અને કામ પૂરું થયે પણ સ્મરણ કરવું. વીશ દોહરાને બોલતાં તો ટાઇમ પણ લાગે, પણ સ્મરણ બોલતાં કંઈ ટાઇમ લાગતો નથી. માટે સ્મરણ ભૂલી ન જવું. સત્પુરુષના ગુણગાન કરવાથી કોટિ કર્મો ખપી જાય છે.

૧૧ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૧૨, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી—મનુષ્યભવ કેટલો દુર્લભ છે! તે આ જીવને ધ્યાનમાં નથી. મહત્પુણ્યના યોગે જે મનુષ્યદેહ મળ્યો છે, તે ફોગટ ન જવા દેવો. મનુષ્યો તો ઘણાય છે, પણ આપણને જે સત્પુરુષનો યોગ છે, તેની આજ્ઞાનું આરાધન કરવું. એમાં પ્રમાદ ન થાય એમ વર્તવું. પ્રભુશ્રીજી કહેતા કે પ્રમાદ અને આળસ જેવાં કોઈ શત્રુ નથી. માટે પ્રમાદ ન થાય એવી સાવચેતી રાખવી.

મુમુક્ષુ—પૂર્વકર્મથી પણ પ્રમાદ તો આવે છે.

પૂજ્યશ્રી—આવે તો પૂર્વકર્મથી છે, પણ પુરુષાર્થ કરે નહીં તો પ્રમાદ જાય નહીં. પુરુષાર્થ માત્ર દેહથી તે નહીં, પણ ભાવના ઊંચી રાખવી. સત્સંગ સર્વથી બળવાન સાધન છે. પોતે પુરુષાર્થ ન કરે અને કહે કે કર્મ છે, કર્મ છે; તો તો કોઈ મોક્ષે જાય નહીં. કર્મ તો જડ વસ્તુ છે. કર્મને કોણે બોલાવ્યાં? આત્માએ બોલાવ્યાં છે અને જો આત્મા કહે કે મારે નથી જોઈતાં, તો કર્મ આવીને કંઈ વળગતાં નથી. મહાવીરસ્વામીને ત્રેવીશ તીર્થંકર જેટલાં કર્મ હતાં. લગાતાર સાડા બાર વર્ષ પુરુષાર્થ કરીને ઘનઘાતી કર્મોને ક્ષય કરી નાખ્યાં. પુરુષાર્થની જરૂર છે. ''પૂર્વકર્મ નથી એમ ગણી પ્રત્યેક ધર્મ સેવ્યા જવો.'' (૮૪) જ્યારથી સત્પુરુષની આજ્ઞા મળી ત્યારથી ચેતી લેવું.

**''કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય;**
**તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય.''**

જ્ઞાન થતાં અંધકાર ન રહે. જગત સ્વપ્ના જેવું છે. આ શરીરનો કંઈ ભરોસો નથી. કોઈ તો ગર્ભમાં આવતાં જ મરી જાય છે, કોઈ પચીસ વર્ષનો થઈને મરી જાય છે. એનો કંઈ નિયમ નથી.

મનુષ્યભવમાં જે ઇચ્છે તે કરી શકે. એક મનુષ્યભવ સિવાય ક્યાંય, સર્વ કર્મથી મૂકાય નહીં. જે કંઈ કરવું છે તે મારે આત્માર્થે કરવું છે, બીજાઓને સારું લગાડવા કરવું નથી; એમ લક્ષ રાખવો. પૂર્વકર્મ છે એમ જ્ઞાનીઓએ શા માટે કહ્યું છે? પૂર્વકર્મ છે એમ જ્ઞાનીઓએ ચેતવા માટે કહ્યું છે. મનુષ્યભવની એક પળ પણ મળવી દુર્લભ છે. એક પળમાં સમ્યગ્દર્શન થાય છે, એક પળમાં કેવળજ્ઞાન થઈ જાય છે. કૃપાળુદેવે કહ્યું છે કે મને આખા જગતનો શિષ્ય થવા દો. મહાપુરુષોની ભાવના જ કોઈ અલૌકિક હોય છે!

**''અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;**
**એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય?''**

જો પોતાના આત્માનું હિત કરવું હોય તો બીજા જીવોનું હિત ઇચ્છવું. જો બીજાનું ભલું ઇચ્છશે તો પોતાનું એની મેળે થઈ જશે.

*

(સભામાં)

પૂજ્યશ્રી—સત્સંગતિ, સદ્‌ગુરુ અને આત્મવિચાર એ વસ્તુઓ મળવી દુર્લભ છે. જો ત્યાગ-વૈરાગ્ય આત્મજ્ઞાનની સાથે હોય તો સફળ છે અથવા આત્મજ્ઞાનની પ્રાપ્તિનાં કારણ છે.

**૧૨** શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૧૩, સં. ૨૦૦૭
(પર્યુષણ પર્વ પ્રારંભ- પ્રથમ દિવસ)

પૂજ્યશ્રી—કોઈ પુસ્તક વાંચ્યું હોય અને ન સમજાય તો ફરીથી વાંચવું. પુસ્તક વાંચતી વખતે વિચાર કરવો કે આ પુસ્તક મારે માટે વાંચું છું. એમાં ત્યાગવા યોગ્ય શું છે? ગ્રહણ કરવા યોગ્ય શું છે?

જ્યારે અહીં આશ્રમમાં 'ગોમ્મટસાર' નામનું પુસ્તક વંચાતું ત્યારે બધાને સમજવું અઘરું પડતું; ત્યારથી પુસ્તક વાંચતાં પહેલાં ''વીતરાગનો કહેલો પરમ શાંતરસમય ધર્મ પૂર્ણ સત્ય છે.'' (૫૦૫) એ પત્ર બોલવાની પ્રભુશ્રીજીએ આજ્ઞા કરી હતી. વીતરાગે જે કહ્યું છે તે સત્ય જ કહ્યું છે. મારા સમજવામાં નથી આવતું પણ એમ જ છે, એવી જો શ્રદ્ધા રાખીને શ્રવણ કરે તો આગળ જતાં સમજાય. જીવના અનધિકારીપણાને લીધે ધ્યાનમાં આવતું નથી.

આત્માના પાંચ મહાશત્રુઓ છે, તે પાંચ ઇન્દ્રિયોના વિષયો છે; અને બીજા પણ ક્રોધ-માન-માયા-લોભ આદિ મહાશત્રુઓ છે. જ્યારે જીવ એમાં પરોવાય છે ત્યારે સત્શાસ્ત્રનો એને લક્ષ નથી રહેતો. સ્વચ્છંદથી આ જીવ અનાદિકાળથી રખડ્યો. સ્વચ્છંદ કાઢવા માટે જ્ઞાનીની આજ્ઞાનું આરાધન કરવા કહ્યું છે.

''.....તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી, તો પણ તેના જેવું જીવને સંસાર રોગ મટાડવાને બીજું કોઈ પૂર્ણ હિતકારી ઔષધ નથી.''(૫૦૫) સત્પુરુષનો યોગ થાય અને અનધિકારીપણું મટે તો કાર્ય થાય. મનુષ્યભવ મળ્યો છે, તે ફોગટ ન જાય એવી સાવચેતી રાખવી. અજ્ઞાનને લઈને આ જીવ ઘણાં કર્મ બાંધે છે. જો મોક્ષ મેળવવો હોય તો મોક્ષનો ઉપાય કરવો પડશે. જીવને પૂછવું કે જો તારે મોક્ષે જવું હોય તો રાગ-દ્વેષને મૂક, અને તે મૂકવામાં તને કંઈ વાંધો આવે

છે ? અભ્યાસની કાળજી રાખે તો સમજાય તેવું છે.

*

પૂજ્યશ્રી—એક મધનું ટીપું ખાવાથી સાત ગામ બાળે તેટલું પાપ લાગે છે. બિચારા અજ્ઞાની લોકો દવામાં ખાય છે અને તેથી બહુ કર્મ બંધાય છે. કહે કે મારે એનાથી રોગ મટશે, પણ તેથી ઊલટો રોગ વધે છે; તેનું તો ધ્યાન નથી. જેટલી યોગ્યતા ઓછી હશે તેટલું રખડવું પડશે. પ્રભુશ્રીજી વારંવાર કહેતા કે યોગ્યતા લાવો. સત્પુરુષનો યોગ અને યોગ્યતાની જરૂર છે.

*

(સાંજના, સભામાં)

પૂજ્યશ્રી—જીવને વૈરાગ્ય અને ઉપશમની જરૂર છે. વૈરાગ્ય એટલે ભોગમાં અનાસક્તબુદ્ધિ. ઉપશમ એટલે જે કષાયો પોતાને થાય છે તેને ન થવા દેવા તે. જીવે કેટલાંય જન્મમરણ કર્યાં, પણ હજુ સુધી થાક્યો નથી.

પહેલાંના વખતમાં પુસ્તક વાંચતા ત્યારે પ્રથમ તેની પૂજા કરતા, પછી મનમાં ભાવના કરતા કે આ પુસ્તકથી મને લાભ થજો અને ઉપવાસ, એકાસણું આદિ તપ કરી, પછી આજ્ઞા લઈને તે પુસ્તકનું વિધિ સહિત વાંચન કરતા.

૧૩ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૧૪, સં. ૨૦૦૭
(પર્યુષણ પર્વ- બીજો દિવસ)

પૂજ્યશ્રી—નિયમિત કાળ રાખીને સત્શાસ્ત્ર વાંચવું. મનને જીતવું બહુ અઘરું છે. મન જીત્યું તેણે જગત જીત્યું, એમ કહેવાય છે. મન શાથી જિતાય ? બહુ ઉપવાસથી પણ મન જીતવું બહુ કઠણ છે. સત્પુરુષના બોધ અને યોગથી જિતાય છે.

પાંચ ઇન્દ્રિયો છે તેણે આત્માને કેટલોય રખડાવ્યો, તો તેમાંથી વૃત્તિ ખેંચી લઈ સત્પુરુષના બોધમાં જોડવી. વૈરાગ્ય અને બોધની જરૂર છે. વૈરાગ્ય એટલે ભોગમાં અનાસક્તબુદ્ધિ તે. ગમે તેમ કરીને પણ મારે તો એ જ કરવું છે. આપણને જે સ્મરણ મળ્યું છે, તે ભૂલી ન જવું. એ સ્મરણ મન સ્થિર કરવાનો ઉપાય છે. વિપર્યાસબુદ્ધિ જાય તો ઉપશમ અને વૈરાગ્ય આવે. વિપર્યાસબુદ્ધિ એટલે ગૃહકુટુંબ આદિને વિષે અહંભાવ, મમત્વભાવ તે. સર્વ વસ્તુઓ અસાર છે.

(બપોરના) ૧૪ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ૦)), સં. ૨૦૦૭
(પર્યુષણ પર્વ- ત્રીજો દિવસ)

પૂજ્યશ્રી—તૃષ્ણારૂપી ખાડો બહુ મોટો છે. એ ખાડો વિષયોરૂપી ધૂળ નાખવાથી પુરાય નહીં. જો એમાંથી ધૂળ કાઢી નાંખે તો પુરાય છે. એ એક અપૂર્વ ખાડો છે. જગતમાં જે જે ઇચ્છાઓ થાય છે તે તે લોભના જ પ્રકાર છે. લોભથી જ આખો સંસાર વધે છે. કૃપાળુદેવે લખ્યું છે કે—

**"ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;**
**અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર."** (૯૫૪)

બાહ્યથી વૃત્તિ છૂટીને અંતર્વૃત્તિ થવી જોઈએ. દૃષ્ટિ ફેરવવાની જરૂર છે.

ભગવાને ધર્મ બે પ્રકારે કહ્યો છેઃ–(૧) ગૃહસ્થાશ્રમ અને (૨) સર્વસંગપરિત્યાગ.

સર્વસંગપરિત્યાગ તે સર્વોત્તમ છે. ગૃહસ્થાશ્રમમાં ઘણી અનુકૂળતા નથી હોતી. એ કાજળની કોટડી સમાન છે. કૃપાળુદેવે મોહ તો ન કર્યો, પણ લોકોને જેમ સારું લાગે એમ તો રહેવું પડ્યું ને? સર્વસંગપરિત્યાગમાં અનુકૂળતા બહુ હોય છે અને જો સર્વસંગપરિત્યાગ ન થઈ શકતો હોય તો ગૃહસ્થાશ્રમમાં પણ ધર્મસાધન કરી શકાય છે.

ભગવાન મહાવીરના જે દશ શ્રાવક કહેવાય છે તેમણે એવો ધર્મ પાળ્યો કે ભગવાને પણ તેમને વખાણ્યા. [1]કામદેવ શ્રાવક જ્યારે કાયોત્સર્ગમાં ઊભા હતા ત્યારે એક મિથ્યાત્વી દેવ તેની પરીક્ષા કરવા આવ્યો. તે દેવે આખી રાત સુધી કામદેવ ઉપર ઉપસર્ગ કર્યા, પણ પછી તે દેવ થાક્યો. કામદેવ કાયોત્સર્ગથી ચળ્યા નહીં.

મુમુક્ષુ–આ કાળમાં પણ એવો દૃઢતાવાળો કોઈ હોઈ શકે?

પૂજ્યશ્રી–આ કાળમાં સંઘયણ બહુ હલકાં છે, પણ ભાવના તો કરી શકે છે. આ દુષમકાળ છે એટલે એમાં એવા કોઈક જ જીવ કૃપાળુદેવ જેવા હોઈ શકે.

પ્રભુશ્રીજીના બોધમાં આવ્યું હતું કે 'થપ્પડ મારીને જગાડવા છે.' જીવો જો ઊલટે રસ્તે ચાલતા હોય તો જ્ઞાની તેને કડવું લાગે તેવું વચન કહીને પણ છોડાવે છે. પ્રભુશ્રીજી એક દૃષ્ટાંત આપતા–

એક છોકરો હતો. તેણે સાંભળ્યું કે આજે રાત્રે અગિયાર વાગે વરઘોડો આવશે. તે ઘેર ગયો અને તેની માને કહ્યું કે મને અગિયાર વાગે જગાડજે. માએ કહ્યું કે તું તો જાગશે નહીં. છોકરો બોલ્યો કે, મારીને જગાડજે. જ્યારે અગિયાર વાગ્યા ત્યારે તેની મા તેને જગાડવા લાગી ત્યારે તે જાગે નહીં, ત્યારે તેને એક થપ્પડ મારી એટલે જાગ્યો. તેમ જ્ઞાનીપુરુષ જીવોને જગાડે છે. બહુ પુણ્યના જોગે જે મનુષ્યભવ મળ્યો છે, તેમાં પરદ્રવ્યની ચિંતા કરીને વ્યર્થ ખોઈ દે છે. આ જીવ બધું બીજાઓને માટે જ કરે છે. જે પોતા માટે કરવાનું છે, તે તો ભૂલી ગયો છે.

જડ તે હું નહીં એવો નિશ્ચય થવો જોઈએ. જો કાયા ઉપરથી મોહભાવ છૂટે,તો બધા પરથી છૂટે, કેમકે કાયાને લઈને બધો મોહ છે. કૃપાળુદેવે લખ્યું છે કે–

**"કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા;**
**નિર્ગ્રંથનો પંથ ભવઅંતનો ઉપાય છે."** (૯૦૨)

જે જડને પર માને અને ચેતનને પોતાનો માને તે મુનિ કહેવાય.

**"જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,**
**સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે."** (૯૦૨)

ચેતન અને જડ બન્ને જુદાં છે.

**"સ્વરૂપ ચેતન નિજ, જડ છે સંબંધ માત્ર"**

'સ્વરૂપ ચેતન નિજ' એટલો જ શબ્દ જો હૃદયમાં ઉતારી નાખે તો મોક્ષે લઈ જાય તેવો છે. આ ચેતનની સાથે જે શરીર આદિ છે તે તો સંબંધમાત્ર છે. તે છૂટી જવાનાં છે, તો પછી એમાં શો મોહ કરવો? એક પરમાણુ માત્ર ગ્રહણ કરવાની બુદ્ધિ તે સુખનો નાશ છે. કૃપાળુદેવના વચન

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા શિક્ષાપાઠ ૨૨.

ઉપર એને વિશ્વાસ નથી. જો વિશ્વાસ હોય તો અગ્નિમાં કોણ બળે? હમણાં જો અહીં આગ લાગી હોય અને મેડા ઉપર ઊભો હોય તો પણ નીચે કૂદી પડે.

ઉદાસીનતામાં બહુ સુખ છે. કૃપાળુદેવે લખ્યું છે– ''ઉદાસીનતાનો જ્યાં વાસ, સકળ દુઃખનો છે ત્યાં નાશ.'' (૧૦૭) જો ઉદાસીનતા ન રાખતો હોય તો એને દુઃખમાં જ પડવાના ભાવ છે ને?

દૃઢતાની જરૂર છે. [1]ભીલે, જે આજ્ઞા મળી હતી તેને દૃઢતાથી પાળી તો કામ થઈ ગયું. પહેલાંના જે મનુષ્યો હતા; તેઓને જ્ઞાનીપુરુષનું એક પણ વચન મળતું તો પકડ કરી રાખતા અને તેનો વિચાર કરવામાં આખી જિંદગી કાઢી નાખતા એવી ધીરજ હતી અને હમણાં તો ત્રણ પાઠ કરવા પડે છે, તેમાં થાકી જાય છે. જ્યારે નવું નવું હોય ત્યારે તો કરે અને પછીથી છોડી દે. પહેલાંના જે માણસો હતા તે પૂર્વના આરાધક હતા. થોડું કંઈક અનિત્ય દેખાતું, ત્યારે જ વૈરાગ્ય ઉત્પન્ન થઈ જતો અને હમણાં તો ઘરડા થઈ જાય તોપણ ઘર છોડીને બહાર જવાનું ન ગમે. હું તો એકલો જ છું અને મારે તો એકલા જ રહેવું છે, અને છૂટવાની ભાવના રાખે તો મોક્ષ થાય.

ભરત ચક્રવર્તી હતા. તેઓને ઘેર છ ખંડનું રાજ્ય હતું, છતાં છોડીને ચાલી નીકળ્યા. ભલે લોકો કહે કે તારે છ ખંડનું રાજ્ય છે, પણ 'મારું કંઈ નથી' એમ વિચાર્યું.

કૃપાળુદેવે 'આત્મસિદ્ધિ'માં કહ્યું છે કે–

**''સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;**
**સદ્‌ગુરુઆજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય.''**

જ્ઞાનીએ કંઈ પક્ષ રાખ્યો નથી. એક જ્ઞાનીઓને માટે જ નહીં, પણ જીવોને કહ્યું કે સર્વ સિદ્ધ સમાન છે; પણ જે સમજે તે થાય. સદ્‌ગુરુની આજ્ઞા આરાધે તો થાય.

**''હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?**
**કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?''**

એટલો જ વિચાર જો વિવેકપૂર્વક, શાંતભાવે કરવામાં આવે તો બધું એમાં આવી જાય. આત્મા છે, તે નિત્ય છે, તે કર્મનો કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે; એટલો વિચાર દૃઢ કરી લેવાનો છે. જીવને સત્પુરુષના બોધની લાકડી લાગે ત્યારે સમજાય.

(બપોરના) ૧૫ શ્રીમદ્ રા. આ. અગાસ, ભા. સુદ ૧, સં. ૨૦૦૭
(પર્યુષણ પર્વ-ચોથો દિવસ)

પૂજ્યશ્રી–શાતા-અશાતા તો બધાને આવે છે, પણ સમભાવે વેદવી જોઈએ. ગરજ જાગવી જોઈએ. ગરજ જાગે તો પુરુષાર્થ થાય. કોઈ પણ પ્રકારની ઇચ્છા દુઃખનું કારણ છે.

**''ક્યા ઇચ્છત ખોવત સબે, હૈ ઇચ્છા દુઃખમૂલ;**
**જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ.''**

જે વખતે ઇચ્છા કરે તે વખતે દુઃખી જ થાય છે. ઇચ્છા એક મોક્ષની રાખવી. મોક્ષની ઇચ્છાવાળાને સત્સંગની જરૂર છે. સત્સંગ એ સર્વથી બળવાન સાધન છે. જો એકલો હોય તો આ જીવનું બળ ચાલતું નથી. કોઈ કહે કે હું તો ગુફામાં જઉં, ધ્યાન કરું, એવું જો કહેતો હોય તો

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૩૮૩.

સ્વચ્છંદ પોષાય છે. જેને કાઢવાનો છે તેને પોષે તો ક્યાંથી બહાર નીકળે? વિચારની જરૂર છે તો તે વિચાર શાથી આવે, તે 'આત્મસિદ્ધિ'માં કહ્યું છે–

**''કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ.''**

અને પછી સદ્ગુરુની શોધ કરે. એવી દશા જ્યારે આવે ત્યારે સદ્ગુરુનો બોધ સારો લાગે ત્યારે સુવિચારણા પ્રગટે છે. આખી 'આત્મસિદ્ધિ' કૃપાળુદેવે લખી અને છેવટે કહ્યું કે ''કર વિચાર તો પામ.''

સમજણની જરૂર છે. સમજણ આવવી બહુ અઘરી છે. તેને માટે જ જ્ઞાની સત્સંગ કરવાનું વારંવાર કહે છે. જે વખતે સત્સંગ ન હોય તે વખતે સત્સંગની ભાવના રાખીને સત્શાસ્ત્રનું વાંચન કરવું; નહીં તો કંઈનું કંઈ થઈ જાય. સમૂહમાં આ જીવનું વિશેષ બળ હોય છે. સત્સંગ સિવાય બીજું કંઈ પણ કરવા જાય તો સ્વચ્છંદ પોષાય. સત્સંગમાં આત્મા સિવાયની બીજી વાત જ ન હોય. પોતાના દોષ દેખાય અને પછી તેને કાઢવાનો પુરુષાર્થ કરે, એ બધું સત્સંગમાં થાય છે. પ્રથમ સત્પુરુષનો ઉપદેશ સાંભળે, પછી મનન કરે અને પછી ભાવના કરે અથવા નિદિધ્યાસન કરે. સાંભળે તો ઘણા છે, પણ મનન અને નિદિધ્યાસન કરે તો કામનું છે.

પોતાનું સ્વરૂપ છોડી બીજામાં જવું એ જ આસ્રવ છે. તેને રોકવું તે સંવર. કર્મ આવતાં રોકે ત્યારે નિર્જરા તો સહજે થાય જ. કૃપાળુદેવે લખ્યું છે–

''પૂર્વનાં અશુભ કર્મ ઉદય આવ્યે વેદતાં જો શોચ કરો છો તો હવે એ પણ ધ્યાન રાખો કે નવાં બાંધતાં પરિણામે તેવાં તો બંધાતાં નથી?'' (૮૫)

મહાપુણ્યને યોગે આપણને જે મનુષ્યભવ મળ્યો છે તે મોજ-શોખ, ખાવા-પીવા આદિમાં કાઢી નાંખીએ તો જે કરવાનું છે તે રહી જાય. મનુષ્યભવની એક પળ પણ ચિંતામણિ રત્ન સમાન છે. સત્પુરુષાર્થની જરૂર છે. પુરુષાર્થ તો ઘણી વાર કર્યો છે અને કરતો જ રહે છે, પણ સત્પુરુષાર્થ કર્યો નથી.

આ શરીરની હાલત જોતાં વૈરાગ્ય ઉત્પન્ન થાય એવું છે. ઘડીકમાં કંઈ અને ઘડીકમાં કંઈ. એનું કંઈ ઠેકાણું નથી. માર્ગ બહુ અઘરો છે.

*

(સભામાં)

પૂજ્યશ્રી–જગતના કોઈ પણ પદાર્થની ઇચ્છા કરવા જેવી નથી. સર્વ દુઃખનું મૂળ ઇચ્છા છે.

અહંકાર જાય ત્યારથી ધર્મ છે. હું સમજું છું, મારે કંઈ જાણવું રહ્યું નથી, એનું નામ સ્વચ્છંદ છે. આપણે રોજ 'આત્મસિદ્ધિ' બોલીએ છીએ તે સમજવા માટે બોલીએ છીએ, એવો લક્ષ રહેવો જોઈએ. જો એમ માની બોલે કે મને સમજાઈ ગયું, પણ સમજાયું ક્યાં છે? જ્ઞાનીઓએ તો કહ્યું છે કે, જ્ઞાનીપુરુષના એક શબ્દમાં અનંત આગમ રહ્યાં છે. સમજવું ઘણું બાકી છે. યોગ્યતાની જરૂર છે. યોગ્યતા લાવવા 'આત્મસિદ્ધિ'માં કહ્યું છે–

**“કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ.”**

ગૌતમસ્વામીને ભગવાન મહાવીરે ત્રણ શબ્દો કહ્યા હતા—“उत्पाद, व्यय, ध्रौव्य” તે ઉપરથી ગૌતમસ્વામીએ આખી દ્વાદશાંગીની રચના કરી. દેવાવાળો પુરુષ પણ સાચો હતો અને ભૂમિકા પણ યોગ્ય હતી.

૧૬ શ્રીમદ્ રા. આ. અગાસ, ભા. સુદ ૨, સં. ૨૦૦૭
(પર્યુષણ પર્વ- પાંચમો દિવસ)

પૂજ્યશ્રી—દિવસમાં થોડો પણ જ્ઞાનપ્રકાશ વધારવો. જ્ઞાન આત્માનું મૂળ ધન છે. પૈસા ટકા કંઈ સાથે આવવાના નથી. દિવસમાં થોડો ઘણો પણ જ્ઞાન-અભ્યાસ કરવો. સાંભળવું, વાંચવું, વિચારવું. જીવને દેહ ઉપર મોહ છે, તેથી કર્મ બંધાય છે અને તેથી પરિભ્રમણ થાય છે. અનાદિકાળથી જીવ સ્વચ્છંદે ચાલ્યો છે. આજે સભામંડપમાં આવ્યું હતું—

**“રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;**
**પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ.”**

એ સ્વચ્છંદ જાય તો મોક્ષ થાય. એ સ્વચ્છંદ પોતાની મેળે નહીં જાય. પ્રત્યક્ષ સદ્ગુરુનો યોગ હોય તો જ જાય. પોતાની મેળે સામાયિક, પ્રતિક્રમણ વગેરે કરે તેમાં સ્વચ્છંદ જ પોષાય.

મુમુક્ષુ—પ્રત્યક્ષ અને પરોક્ષ કોને કહેવાય?

પૂજ્યશ્રી—જે સત્પુરુષ હાજર છે તે પ્રત્યક્ષ યોગ છે અને સત્શાસ્ત્રાદિ છે તે પરોક્ષ છે. જો પ્રત્યક્ષ સદ્ગુરુનો યોગ હોય તો પોતાના દોષ, સદ્ગુરુના બોધથી દેખાય. સદ્ગુરુ પણ તેને કહે કે, તારામાં આ દોષ છે, એટલે તે દોષ નીકળે. અને જે શાસ્ત્રાદિ પરોક્ષ યોગ છે તેમાં તો શંકા કરવી હોય તો થાય, જેમ પોતાને માનવું હોય તેમ માને. સિદ્ધ ભગવાન તેને કંઈ કહેવા નથી આવતા કે તારામાં આ દોષ છે, છતાં તેઓની ભક્તિ તો કરવી અવશ્યની છે; કારણકે તેઓની ભક્તિ કરતાં તેઓના અનંતજ્ઞાન-અનંતદર્શન-અનંતચારિત્ર-અનંતવીર્ય આદિ ગુણો સાંભરી આવે; તેથી આપણને તેઓના ગુણોની ભાવના થાય.

પ્રત્યક્ષ યોગની જરૂર છે. યોગ્યતા લાવવાની જરૂર છે. તે યોગ્યતા સત્સંગે આવે છે. જેટલો જીવ પરવૃત્તિમાં જાય છે, તેટલો જ દુઃખી થાય છે.

મુમુક્ષુ—સમ્યગ્દર્શન કોને કહેવાય?

પૂજ્યશ્રી—જેને શુદ્ધ આત્માનો અનુભવ થયો છે, જેને જે કર્મ આવે તે સમભાવે વેદવાં છે તેને. મૂળમાર્ગમાં કહ્યું છે—

**“જે જ્ઞાને કરીને જાણિયું રે, તેની વર્તે છે શુદ્ધ પ્રતીત,**
**કહ્યું ભગવંતે દર્શન તેહને રે, જેનું બીજું નામ સમકિત.”**

૧૭ શ્રીમદ્ રા. આ. અગાસ, ભા. સુદ ૩, સં. ૨૦૦૭
(પર્યુષણ પર્વ - છઠ્ઠો દિવસ)

મુમુક્ષુ—જ્ઞાન અને ક્રિયા બન્ને યોગ કહેવાય?

પૂજ્યશ્રી–હા, પણ જ્ઞાન કયું? સત્પુરુષના બોધે પ્રાપ્ત થયું હોય તે. બીજું જ્ઞાન નથી, પણ અજ્ઞાન છે. એમ તો જગતમાં ઘણાં જ્ઞાન છે, તે નહીં.

મુમુક્ષુ–જ્ઞાનયોગ અને ક્રિયાયોગ બન્નેની જરૂર છે?

પૂજ્યશ્રી–હા, બન્નેની જરૂર છે.

મુમુક્ષુ–વટામણના પત્રમાં આવ્યું છે કે 'ઠાર ઠાર ઓળખાણ રાખવી.' એટલે શું?

પૂજ્યશ્રી–ઠાર ઠાર એટલે ઠેકાણે ઠેકાણે સત્સંગની ઓળખાણ રાખવી. કોઈ સત્સંગી હોય તેની ઓળખાણ કરવી. આપણને કંઈ ન આવડતું હોય તો બીજાઓને પૂછવું. સભામંડપમાં પણ વંચાતું હોય ત્યારે પોતાને ખબર ન પડે તો પૂછવું. અહીં આવીને કંઈ એકાંતમાં જઈ બેસી રહેવાનું નથી, સત્સંગ કરવો.

મુમુક્ષુ–સમ્યગ્દૃષ્ટિ કોને કહેવાય?

પૂજ્યશ્રી–જેને મોક્ષ સિવાય બીજી કોઈ પણ પ્રકારની ઇચ્છા નથી; જેને છૂટવાની ઇચ્છા છે, પણ કર્મ ઉદયમાં આવે તે સમભાવે વેદે છે; કષાય કરવાની ઇચ્છા નથી, છતાં પૂર્વ કર્મથી થઈ જાય, તો પણ તેને ખોટા જાણે; તે સમ્યગ્દૃષ્ટિ કહેવાય. સમ્યગ્દૃષ્ટિને કષાય થતાં દેખાય છે, પણ તેને તે જાય છે.

મુમુક્ષુ–સમ્યગ્દૃષ્ટિ સંસારમાં શા માટે રહે છે?

પૂજ્યશ્રી–તે છૂટવાની ઇચ્છાથી રહે છે. પૂર્વે જે શુભાશુભ કર્મ બાંધ્યાં છે તે ભોગવ્યા વિના છૂટકો નથી, તેથી સમભાવે તેઓ કર્મને વેદે છે.

મુમુક્ષુ–એ વેદવાં જ પડશે એમ તેઓને શાથી ખબર પડે?

પૂજ્યશ્રી–તેઓ છૂટવાનું કામ કરવા જાય પણ ન થાય, તેથી તે જાણે કે એ ભોગવવું પડશે. બનતાં સુધી કષાયોને શમાવે, તેમ છતાં થઈ જાય તો તેને ખોટા જાણે. તેમને કષાયથી નિવૃત્ત થવાની ઇચ્છા છે.

વિનય એ ધર્મનું મૂળ છે.

**"જે સદ્ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન;**
**ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન."**

શાસ્ત્રમાં એક કથા આવે છે–

દસ પંદર છોકરા હતા. તેમાં એક છોકરો પરણેલો હતો, બીજા બધા કુંવારા હતા. તે બહાર ફરવા ગયા. ત્યાં કોઈ મુનિને જોયા. બધા છોકરા નમસ્કાર કરવા લાગ્યા. તે મુનિ કંઈક તામસી પ્રકૃતિના હતા, એટલે તે એકાંતમાં આવી બેઠા હતા. બધા છોકરા કહેવા લાગ્યા કે, આને (પરણેલાને) સાધુ કરો. એક બે વાર કહ્યું, પણ તેઓ બોલ્યા નહીં, એક છોકરાએ પેલા પરણેલા છોકરાને ધક્કો માર્યો. તે જઈ મુનિ ઊપર પડ્યો. મુનિએ ક્રોધમાં આવીને તેના કેશ પકડીને ઉખેડી નાંખ્યા, એટલે કે કેશલોચન કર્યું. તે જોઈને બીજા બધા છોકરાઓ નાસી ગયા. તે છોકરો ભવ્ય જીવ હતો, એટલે તે કહેવા લાગ્યો કે સાધુ થયો તો સારું થયું, લપ મટી. પછી તે શિષ્ય

ગુરુને કહેવા લાગ્યો કે અહીંથી આપણે જતા રહીએ. ગુરુએ કહ્યું કે હમણાં અંધારું થયું છે, હવે ક્યાં જઈએ? પથરા, કાંકરા, કાંટા વાગશે. તે શિષ્ય બોલ્યો કે હું તમને ખભા ઉપર બેસાડીને લઈ જઈશ. ગુરુ તેના ખભા ઉપર બેઠા અને શિષ્ય ચાલવા લાગ્યો. ત્યાં ખાડા ટેકરા આવે ત્યારે ઉપર બેઠેલા ગુરુ ઊંચા નીચા થાય, કોઈક વખત હાડકાને વાગે ત્યારે તે ગુરુ કહેવા લાગ્યા કે, કેમ સીધો નથી ચાલતો? ત્યારે તે બોલ્યો, ખાડા બહુ આવે છે. જે વખતે ઊંચી નીચી જમીન આવે ત્યારે ગુરુને વાગે ત્યારે તે ઉપર બેઠા બેઠા શિષ્યને માથામાં મારે, પણ શિષ્ય કંઈ કહે નહીં. તે મનમાં વિચારે કે મેં પૂર્વે એવું કંઈક કર્મ કર્યું છે, તેથી ગુરુને દુઃખી કરું છું. મને ધિક્કાર છે. એમ પશ્ચાત્તાપ કરતાં કરતાં તે શિષ્યને કેવળજ્ઞાન થઈ ગયું. હવે કેવળજ્ઞાન થયું એટલે દેખીને ચાલે, તેથી ગુરુ બોલ્યા કે હવે તો બરાબર ચાલે છે. ગુરુએ ફરી પૂછ્યું કે મેં માર્યો તેથી સીધો ચાલે છે કે કંઈક જ્ઞાન થયું છે? શિષ્યે કહ્યું, આપની કૃપા થઈ છે, એટલે પછી તે નીચે ઊતરી ગયા અને ખૂબ પશ્ચાત્તાપ કરવા લાગ્યા કે મેં કેવળી ભગવાનની આશાતના કરી. એમ પશ્ચાત્તાપ કરતાં કરતાં તેમને પણ કેવળજ્ઞાન થઈ ગયું.

શિષ્યને કેવળજ્ઞાન થયું હતું, છતાં પણ પોતાના ગુરુ જે ઉપર બેઠા હતા, તેમનો વિનય કર્યો, નીચે ના ઉતાર્યા.

*

પૂજ્યશ્રી—અવધિજ્ઞાનના છ ભેદ છે :– ૧. અનુગામી. ૨. અનનુગામી. ૩. વર્ધમાન. ૪. હીયમાન. ૫. અવસ્થિત. ૬. અનવસ્થિત.

૧. અનુગામી એટલે દેહ છોડીને બીજા ભવમાં જાય ત્યારે પણ સાથે જાય તે.

૨. અનનુગામી એટલે દેહ છોડ્યા પછી ન રહે તે.

૩. વર્ધમાન એટલે દિવસે દિવસે વૃદ્ધિ પામે.

૪. હીયમાન એટલે દિવસે દિવસે ઘટતું જાય.

૫. અવસ્થિત એટલે જેવું હોય તેમાં ફેરફાર ન થાય. જેવું હોય તેવું જ રહે.

૬. અનવસ્થિત એટલે ઠેકાણા વગરનું. નિમિત્ત મળે ત્યારે તો વૃદ્ધિ પામે અને જ્યારે નિમિત્ત ન હોય ત્યારે ઘટી જાય.

(બપોરના) ૧૮ શ્રીમદ્ રા. આ. અગાસ, ભા. સુદ ૪, સં. ૨૦૦૭
(પર્યુષણ પર્વ- સાતમો દિવસ)

પૂજ્યશ્રી—આ કાળમાં અન્યાય, અનીતિ બહુ વધી ગયાં છે. જે આર્ય ક્ષેત્રો હતાં તે પણ અનાર્ય જેવાં આચરણવાળાં થઈ ગયાં છે. પ્રભુશ્રીજીએ જ્યારે કૃપાળુદેવ પાસે મુંબઈમાં ચોમાસું કરવાની આજ્ઞા માગી, ત્યારે કૃપાળુદેવે કહ્યું કે આ અનાર્ય જેવું શહેર છે; પણ શાસ્ત્રમાં કહ્યું છે કે ભલે અનાર્ય દેશ હોય, પરંતુ તેમાં સત્પુરુષનો યોગ હોય તો ત્યાં જવું સારું છે.

ગરજ જાગવી જોઈએ. જેને આત્માની ગરજ નથી જાગી તેને મારું આચરણ કેવું છે? મને કુટુંબીઓ શું કહેશે? મારું પરભવમાં શું થશે? એનું કશું ધ્યાન રહેતું નથી. એક પાઈને માટે

ધર્મશાખ કાઢી નાંખે, તો તે ધર્મમાં દૃઢ કેવી રીતે રહી શકે?

સત્સંગની જરૂર છે. બીજું કંઈ કરવા જઈએ તો ત્યાં સ્વચ્છંદ આવી જાય. સત્સંગમાં પુછાય, પ્રશ્ન કરાય, એ બધું થાય. ત્યાં સ્વચ્છંદ આવવાનો ભય નથી. કોઈ ન આવે તો આપણે એકલા બેસીને પણ અર્ધો કલાક વાંચન કરવું. એટલે બીજું કામ કરતાં પણ વાંચેલું હોય તો તે યાદ આવે. મારે આત્મકલ્યાણ તો કરવું જ છે, તેણે તો સત્સંગ કરવો. કોઈને આત્મકલ્યાણ કરવાનો નિશ્ચય તો ન હોય અને જો તે સત્સંગ કરે તો તેને પણ આત્મકલ્યાણ કરવાનો વિચાર થઈ જાય. આ કાળમાં સત્સંગ વિશેષ બળવાન સાધન છે; એકલાનું તો બળ ચાલતું નથી. જેમ કોઈ અશક્ત માણસ હોય તે લાકડીનો ટેકો રાખીને ચાલે, તેવી રીતે સત્સંગરૂપી લાકડી રાખીને ચાલે તો આગળ ચલાય.

પ્રભુશ્રીજી જે દિવસે નાસિકથી પધાર્યા તે દિવસે સાંજે બોધ કર્યો હતો અને છેવટે કહ્યું હતું કે સત્સંગ કરજો. સત્સંગ એ સહેલો રસ્તો છે, તે પહેલાં કરી લેવાનો છે. સત્સંગમાં પોતાના દોષ દેખાય અને પછી કાઢે. એ બધું સત્સંગમાં થાય. સત્સંગ એ સહેલો ઉપાય છે.

૧૯ શ્રીમદ્ રા. આ. અગાસ, ભા. સુદ ૫, સં. ૨૦૦૭
(પર્યુષણ પર્વ-છેલ્લો દિવસ, સંવત્સરી)

પૂજ્યશ્રી—આજે સંવત્સરીનો દિવસ છે. સર્વ જીવોને ખમાવવા. કોઈથી વેરભાવ રાખવો નહીં. પાછું નવું વેર ન બંધાય તેવી સાવચેતી રાખવી.

૨૦ શ્રીમદ્ રા. આ. અગાસ, ભા. સુદ ૬, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી—મધ ખાવામાં બહુ પાપ છે. એમાં સમયે સમયે અનંત જીવો ઉત્પન્ન થાય છે. મધનું એક ટીપું પણ જો ચાખીએ તો સાત ગામ બાળી નાંખે; તેમાં જેટલા જીવ, ઢોર, પશુ મરી જાય તેટલું બધું પાપ લાગે. માટે દવામાં પણ મધ વાપરવું નહીં. જો એવી દવા લેવી પડે તો મધને બદલે ચાસણીમાં, ગોળમાં, પતાસામાં લઈ શકાય છે.

મુમુક્ષુ—ચોકમાં બેસીને ભક્તિ કરાય?

પૂજ્યશ્રી—ગમે ત્યાં બેસીને પણ કરાય. કરવું તો આત્માનું હિત છે; તો ભલે ચોક હોય કે ઢાંકેલું હોય, ગમે ત્યારે, ગમે ત્યાં કરાય.

મુમુક્ષુ—કૃપાળુદેવે 'વચનામૃત'માં કહ્યું છે કે ''વચનસપ્તશતી પુનઃ પુનઃ સ્મરણમાં રાખો.'' (૨૧/૧૬) એનો શો અર્થ હશે?

પૂજ્યશ્રી—કૃપાળુદેવે 'મહાનીતિ'ના સાતસો વચનો લખ્યાં છે. તેનું અવલોકન કરવું. તેમાં સ્ત્રીને કેમ વર્તવું? પુરુષને કેમ વર્તવું? મુનિ આદિને કેમ વર્તવું? એ બધું એમાં છે. તે વિચારવું.

(બપોરના) ૨૧ શ્રીમદ્ રા. આ. અગાસ, ભા. સુદ ૭, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી—હેયને હેયરૂપે અને ઉપાદેયને ઉપાદેયરૂપે જાણે તો મોક્ષ થાય. સર્વ શાસ્ત્રોથી 'આત્મસિદ્ધિશાસ્ત્ર' મહાન છે. નાનું છોકરું પણ સમજી શકે એવું છે. એમ તો વિચારતાં બહુ ઊંડો ઊતરે ત્યારે ખબર પડે. બીજાં ઘણાં શાસ્ત્રો જોયાં, પણ 'આત્મસિદ્ધિ' જેવું કોઈ શાસ્ત્ર નથી જોયું.

બીજાં શાસ્ત્રોમાં પ્રથમ કાળ, આકાશ આદિનું વર્ણન કર્યું છે. તે ભણતાં અને વિચારતાં બહુ વખત લાગે. તેમાં જગતના બીજા પદાર્થોનું વર્ણન કર્યું છે. તેમાં જ ખૂંચી જાય તો આત્માનું જે કરવું છે તે રહી જાય અને 'આત્મસિદ્ધિ'માં તો પહેલેથી જ મૂળ વસ્તુ લીધી છે. જેટલી યોગ્યતા હોય તેટલું સમજાય.

જીવને જો પોતાનું અસ્તિત્વ સમજાય તો તેમાં લય લાગે. કામ બહુ અઘરું છે, પણ કરવું જ છે એવી જો દૃઢતા હોય તો થાય એવું છે.

આત્મા છે, તે નિત્ય છે, તે કર્મનો કર્ત્તા છે, તે કર્મનો ભોક્તા છે, તેનો મોક્ષ છે અને મોક્ષનો ઉપાય પણ છે. જ્ઞાનીપુરુષે કંઈ બાકી નથી રાખ્યું. મોક્ષનો ઉપાય પણ કહી બતાવ્યો : જ્ઞાન-દર્શન-સંયમાદિ મોક્ષના ઉપાયો છે.

આત્મા જેવી કોઈ વસ્તુ નથી. આત્મા અપૂર્વ વસ્તુ છે. એક આત્મા જોવાનો છે. જે જે દેખાય છે તેને નથી જોવું, પણ જોનારને જોવો છે. દેહમાં જે છે તે જોવો છે. આત્મા જ સાર વસ્તુ છે. ''આત્માથી સૌ હીન.''

આત્મા નિત્ય છે એવી શ્રદ્ધાની જરૂર છે. એક પરીખ હતા. તેમના સસરાનું નામ ધીરજલાલ હતું. તેમને પ્રભુશ્રીજીના દર્શન કરવાના ભાવ હતા, પણ પાછળથી પ્રભુશ્રીજીનો દેહ છૂટી જવાથી તેમને દર્શનનો લાભ ન મળ્યો. તેમણે 'આત્મસિદ્ધિ', 'છ પદનો પત્ર' મોઢે કર્યાં હતાં. એક દિવસે તેમને ભારે વેદના થઈ એટલે તેમણે પોતાના છોકરાને કહ્યું કે હવે તું સંભાળ. મારું મરણ નજીકમાં છે, માટે મને કંઈ પૂછીશ નહીં. તેમનો મિત્ર એક વૈદ્ય હતો. તે રોજ તેમને તપાસવા આવતો. તે દિવસે પણ આવ્યો અને નાડી જોઈ ત્યારે વૈદ્યે જાણ્યું કે હવે મારો મિત્ર રહેશે નહીં. તેથી તેનું મોઢું ઊતરી ગયું. તે જોઈ ધીરજલાલ બોલ્યા કે તું ઉદાસ કેમ થાય છે? હું દેહ છોડીશ, પણ મરી જવાનો નથી. તેમને એવો નિશ્ચય હતો કે આત્મા કદી પણ મરતો નથી. જેને એવી શ્રદ્ધા હોય તેને કોઈ ભય નથી.

એક દિવસ કૃપાળુદેવ બારણામાંથી બહાર આવતા હતા ત્યારે ઉપરનું લાકડું તેમને વાગ્યું. તે જોઈ પાસે ઊભેલા માણસોએ પૂછ્યું કે તમને વાગ્યું છે? કૃપાળુદેવ બોલ્યા, અમને નથી વાગ્યું. તેમણે ફરી પૂછ્યું, વાગ્યું છે? ફરી કૃપાળુદેવે ના પાડી કે અમને નથી વાગ્યું. તે લોકોએ તો પ્રત્યક્ષ જોયું હતું એટલે ફરી પૂછ્યું, ત્યારે કૃપાળુદેવે કહ્યું કે અમે જૂઠું બોલતા હોઈએ? અમને વાગ્યું નથી.

સર્વ જીવોનું સ્વરૂપ સિદ્ધ સમાન છે. તે સ્વરૂપ પ્રગટ કરવા માટે સદ્‌ગુરુની આજ્ઞા અને જિનદશા એ બેની જરૂર છે. ગમે તેમ હો, પણ સદ્‌ગુરુ કહે એમ કરવું. ભલે સોમલ આપ્યું હોય, તો પણ ખાઈ જવું, એવી શ્રદ્ધા જોઈએ. જેમ છાશ વલોવીને માખણ કાઢે છે અને પાછું છાશ અને માખણ એક કરવા જાય તો ન થાય, તેવી જ રીતે એક વખત જો શ્રદ્ધા થઈ ગઈ હોય તો કોઈ દિવસ નહીં ફરે. હા, કર્મની વાત જુદી છે. કોઈ મિથ્યાત્વ કર્મનો ઉદય હોય તો ફરે.

કાલે સભામાં પ્રભુશ્રીજીના બોધમાં આવ્યું હતું કે ''હું એક આત્મા છું'' એવી અંતરમાં ગાંઠ વાળતો નથી. જો ગાંઠ વાળી હોય તો કોઈ દિવસ ન ફરે. એક આત્મા જ સાર વસ્તુ છે. આ

જીવને ઘણા સંજોગો મળ્યા છે, પણ તે કશા કામના નથી. પ્રભુશ્રીજી કહેતા કે 'વરનાં ગીત ગાવાનાં છે.' એમ તો જાનમાં ઘણાં માણસો આવે છે, પણ કામ એક વરનું છે. જો વર ન હોય તો બધું નકામું. તેમ આત્મા ન હોય તો બધું નકામું.

(બપોરના) ૨૨ શ્રીમદ્ રા. આ. અગાસ, ભા. સુદ ૮, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી—નિયમિત રોજ વાંચન રાખવું. એક આત્માને માટે કરવું છે એવો લક્ષ રાખીને કરવું. જ્યાં સુધી સમકિત ન થયું હોય, ત્યાં સુધીની ક્રિયા જપતપાદિ બધાં સાધનો મોક્ષને માટે નથી હોતાં. જે વખતે એક મોક્ષની રુચિ થાય ત્યારે તે મોક્ષનો જ પુરુષાર્થ કરે છે. સમકિત સિવાયનું બધું જ્ઞાન તે કુજ્ઞાન છે, ચારિત્ર તે કુચારિત્ર છે અને તપ તે કુતપ છે.

જે કંઈ વાંચ્યું હોય તે યાદ રાખવું. આ જીવને ઘણા વૈરાગ્યની જરૂર છે. એમ તો જ્યારે સુખી હોય ત્યારે તો કહે કે મને ખાવું ન ગમે, પીવું ન ગમે. બધું કહે, પણ જ્યારે કસોટીનો પ્રસંગ આવે, ત્યારે ખબર પડે. જે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય હોય તે ટકી રહે. તે જ સાચો વૈરાગ્ય છે. વૈરાગ્યની જરૂર છે. વૈરાગ્ય નથી, તેથી કંઈ અસર થતી નથી. સમ્યગ્દૃષ્ટિ વસ્તુને યથાર્થ દેખે છે.

૨૩ શ્રીમદ્ રા. આ. અગાસ, ભા. સુદ ૯-૧૦, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી—પર્વના દિવસે જીવને સારા ભાવ થાય છે. તે ટકી રહે તો સારું. જ્યારે સારા ભાવ થાય ત્યારે મનમાં વિચારે કે મારે એનાથી પણ સારા ભાવ કરવાના છે. પુરુષાર્થ કરે તો થાય એમ છે. કંઈક સત્સંગ કરે અને પછી એકાંતમાં જઈને જે સત્સંગમાં વાંચ્યું, સાંભળ્યું હોય તેનો વિચાર કરે તો આગળ ચાલે. સાંભળવાનો ક્રમ તો ઘણોયે કર્યો, પણ વિચારનો ક્રમ સેવ્યો નથી.

મોહ બહુ તોફાની છે. એને મંદ કરવો. કંઈક કષાયની ઉપશાંતતા કરે, મોક્ષ સિવાય બીજી કોઈ ઇચ્છા ન રાખે, સંસાર ઉપર વૈરાગ્ય આવે તો રુચિ થાય; અને રુચિ થાય ત્યારે વીર્ય પણ સ્ફુરે. રુચિ જાગવી બહુ કઠણ છે. મહાપુણ્ય હોય ત્યારે જાગે છે. જેટલી રુચિ જાગે તેટલી આજ્ઞા આરાધાય અને જેટલી આજ્ઞા આરાધાય તેટલો લાભ થાય. એને મનુષ્યભવની કિંમત લાગી નથી. વિચારથી લાગે. જેમ ગાય ચારો ચરી પછી છાંયડામાં જઈ તેને બહુ વાગોળે છે, તેવી જ રીતે સાંભળીને વિચાર કરવાની જરૂર છે.

જેમ કોઈ કિંમતી બીજ, ઇલાયચી વગેરેનું વાવ્યું હોય તો બહુ લાભ થાય; તેમ સત્પુરુષનું વચન બહુ કિંમતી છે, તે જો હૃદયમાં ઉતાર્યું હોય તો ઘણો લાભ થાય. સત્સંગમાં બહુ કમાણી થાય છે. સત્સંગમાં જે કંઈ સાંભળ્યું હોય, તેનો વિચાર કરવો. વીશ દોહરા, યમનિયમ, ક્ષમાપના, 'આત્મસિદ્ધિ' એ તો સમજાય એવી સરળ ભાષામાં છે. કંઈ ન સમજાય એવું નથી. 'ભક્તામર' જેવું હોય તો ન સમજાય. હાલતાં, ચાલતાં, ગમે ત્યારે પણ કરી શકીએ એવું છે. પણ વેઠ કાઢે તો કંઈ અસર ન થાય. સારા નિમિત્તની જરૂર છે. સદ્ગુરુની આજ્ઞા આરાધવી. ''आणाए धम्मो'' આજ્ઞા એ જ ધર્મ છે.

૨૪ શ્રીમદ્ રા. આ. અગાસ, ભા. સુદ ૧૧, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી—આપણને જે સ્મરણ મળ્યું છે તે ભૂલી ન જવું. ભૂલ થઈ તે થઈ, પણ હવે ફરીથી

તેવી ભૂલ ન થાય તેવી સાવચેતી રાખવી. વીશ દોહરા, યમનિયમ, ક્ષમાપના એ ત્રણ પાઠ રોજ ભણવામાં આવે તો ઘણો લાભ છે, કેમકે જ્ઞાનીપુરુષની આજ્ઞાથી કરાય છે. જ્ઞાનીની આજ્ઞાથી થોડું પણ કરતો હોય તો તેને ધર્મની સાથે સંબંધ રહે છે.

[1]ભીલે જ્ઞાનીની આજ્ઞાથી એક કાગડાનું માંસ છોડ્યું. એટલાથી પણ તે દેવ થયો, પછી શ્રેણિક રાજા થયો, અનાથી મુનિ મળ્યા, પછી ભગવાન મહાવીર મળ્યા અને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. જ્ઞાનીના એક વચનમાં બધો સારાંશ આવી જાય છે; જેમકે, મોક્ષ કહેતાં બધું આવી જાય છે. કર્મ, ભોક્તાપણું, જીવનું નિત્યપણું, મોક્ષનો ઉપાય એ બધું મોક્ષ શબ્દમાં આવી જાય છે.

કોઈ પુસ્તક વાંચતા હોઈએ તો ઉતાવળ ન કરવી. ન સમજાય તો ફરીથી વાંચવું. પુસ્તક વાંચવાના બે પ્રકાર છે. એક સદ્‌ગુરુ સમીપે વાંચી તેને સમજવું, તેવો યોગ ન હોય તો પોતાને ન સમજાય ત્યાં સુધી વાંચવું અને વિચાર કરવો, પણ ઉતાવળ ન કરવી.

(એક મુમુક્ષુ બહેન સમાધિ-શતક સંભળાવતાં હતાં).

પૂજ્યશ્રી—સમાધિ એટલે શું?

૧. મુમુક્ષુ—કૃપાળુદેવે લખ્યું છે કે ''આત્મપરિણામની સ્વસ્થતાને શ્રી તીર્થંકર 'સમાધિ' કહે છે.''

પૂજ્યશ્રી—સ્વસ્થતા એટલે શું?

૧. મુમુક્ષુ—કર્મમળથી રહિતપણું.

૨. મુમુક્ષુ—આત્માની નિર્મળતા.

૩. મુમુક્ષુ—આત્માની સહજ સ્વરૂપે સ્થિતિ થવી તે સ્વસ્થતા.

પૂજ્યશ્રી—વિભાવને છોડી સ્વભાવમાં આવવું તે સ્વસ્થતા છે. બધા જ્ઞાનીપુરુષોનો એક એ જ ઉપદેશ છે કે વિભાવની નિવૃત્તિ કરી સ્વભાવમાં આવવું.

'સમાધિશતક'માં આત્માના ત્રણ ભેદ પાડ્યા છેઃ (૧) બહિરાત્મા (૨) અંતરાત્મા (૩) પરમાત્મા. જે જે બાહ્ય ભાવો છે, તેનાથી નિવર્તી અંતરાત્મામાં આવવું અને જ્યારે અંતરાત્મામાં આવે ત્યારે, જેમ જેમ દશા વધે તેમ તેમ પરમાત્મા થવાય છે.

[2]'સમાધિશતક' કૃપાળુદેવને પં૰ લાલને પૂનાની લાયબ્રેરીમાંથી લાવીને આપ્યું હતું. પછી એ પુસ્તક કૃપાળુદેવે પ્રભુશ્રીજીને આપ્યું હતું. બહિરાત્મા સુધી (૧૭ ગાથા સુધી) તો કૃપાળુદેવે પ્રભુશ્રીજીને સમજાવ્યું અને પછી કહ્યું કે હવે તમે વાંચો અને વિચારો. પછી પ્રભુશ્રીજીએ ત્રણ વર્ષ સુધી મૌન રહી, વિચારનો વિકટ પુરુષાર્થ કર્યો હતો.

વિચારની જરૂર છે. જેમ કોઈ ખોદ ખોદ કરે અને કૂવામાં પાણીની સેર ન ફૂટે તો તે નકામો ખાડો છે અને સેર જો ફૂટે તો પાણી નીકળે, તેમ સાંભળીને વિચાર કરવાની જરૂર છે. કોઈ પુસ્તક વાંચ્યું હોય તેને સમજવું અને કંઈક વિસ્તાર કરવો. થોડું વંચાય તો કંઈ નહીં, પણ વિચાર કરવો. જેમ શેરડીનો કટકો મોઢામાં નાંખે તો ગળ્યું લાગે નહીં, પણ મોઢામાં આઘો-પાછો ફેરવે તો તેનો સ્વાદ આવે, રસ આવે; તેવી જ રીતે વાંચીને વિચાર કરે તો રસ આવે.

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૩૮૩. ૨. વિસ્તારથી પ્રસંગ માટે જુઓ પૃષ્ઠ નં. ૪૩૬.

૨૫ શ્રીમદ્ રા. આ. અગાસ, ભા.સુદ ૧૨, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી–કુંદકુંદાચાર્યને કૃપાળુદેવે બહુ વખાણ્યા છે. (એક મુમુક્ષુભાઈને ઉદ્દેશીને)– 'પ્રવચનસાર' પુસ્તકમાંથી શું વાંચ્યું?

મુમુક્ષુ–પ્રથમ મંગલાચરણ કર્યું છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ પંચ પરમેષ્ઠીને નમસ્કાર કર્યા છે. પછી જ્ઞાનનું સ્વરૂપ વર્ણવ્યું છે. પછી આત્મસ્વરૂપનો નિર્ણય કરવાની પ્રતિજ્ઞા કરી છે.

પૂજ્યશ્રી–પુસ્તક વાંચીને આપણને લાગવું જોઈએ કે એ લખવાવાળા કોઈ મહાપુરુષ છે. પુસ્તક વાંચીએ ત્યારે યાદ ન રહે તો એક નોટબુકમાં તેનો સારાંશ લખી લેવો અને લખતાં પણ આપણને યાદ આવે કે શું લખવું. જો લખેલું હોય તો સ્મરણમાં આવે.

પૂજ્યશ્રી–(બીજા મુમુક્ષુને ઉદ્દેશીને) તમે શું વાંચો છો?

૨. મુમુક્ષુ–શરીરનું વર્ણન કર્યું છે. જીવ નાશવંત શરીર ઉપર મોહ કરે છે. શરીર છે તે મળમૂત્રથી ભરેલું ભાજન છે. અનેક રોગોની તેમાં ઉત્પત્તિ છે, તો પણ ફરી ફરી આ જીવ તેમાં મોહ પામે છે.

પૂજ્યશ્રી–શરીરને લઈને બધો સંસાર છે. આ જીવ શરીર ઉપર જ મોહ કરે છે. કોઈથી વેર બાંધે, તોય શરીરને લઈને બાંધે છે. શરીરને લઈને બધો સંસાર છે.

મુમુક્ષુ–આટલું આટલું સાંભળીએ છીએ છતાં કેમ વિચાર આવતો નથી? પાછો સંસારમાં કેમ રાચે છે?

પૂજ્યશ્રી–વિશ્વાસની ખામી છે. જો વિશ્વાસ હોય તો કૃપાળુદેવે કહ્યું છે કે સુખ અંતરમાં છે, બહાર શોધવાથી મળશે નહીં, તો અંતરમાં જ શોધે; પણ વિશ્વાસ નથી. પ્રેમ આવ્યા સિવાય વિશ્વાસ આવે નહીં. પ્રભુશ્રીજીએ આખી જિંદગી એ જ ઉપદેશ કર્યો છે કે ભક્તિ કરો, કૃપાળુદેવ ઉપર પ્રેમ લાવો. તમે શાસ્ત્રો ભણો એમ નથી કહ્યું. પ્રેમ આવે તો રુચિ જાગે અને પછી આજ્ઞા પણ આરાધાય. સત્શાસ્ત્રાદિ સાધનો છે, તેમાં પણ અટકી રહેવાનું નથી. જ્યારે સત્સંગનો અભાવ હોય ત્યારે જીવની રુચિ તાજી રહે તે માટે છે. આજ્ઞા એ જ જીવન છે. દિવસો જાય એ જીવન નહીં, પણ જેટલી આજ્ઞા આરાધાય તેટલું જીવન છે. સત્પુરુષનું એકેક વચન લઈને તેને માટે ઝૂરશે ત્યારે થશે.

અનાદિકાળથી પરિભ્રમણ થાય છે તે કેમ મટે? એનો વિચાર કરવાનો છે. મુમુક્ષુતાની ખામી છે. ''સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે.'' (૨૫૪) જ્યારે પ્રેમ આવશે ત્યારે બધું થશે.

**''પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ ભેદ સુઉર બસેં''**

જેટલો એને શરીર ઉપર વૈરાગ્ય આવશે તેટલું મોક્ષ ભણી વલણ થશે. સત્પુરુષ અને સત્સંગ એ જોઈએ. કૃપાળુદેવે વચનામૃતમાં ઠેકાણે ઠેકાણે સત્પુરુષ અને સત્સંગ એ બેને ગાયાં છે.

પાંચ ઇન્દ્રિયોના વિષયોની લોલુપતા મટે તો કષાય મટે, કારણકે પાંચ ઇન્દ્રિયોના વિષયને

લઈને કષાય ઉત્પન્ન થાય છે. ઇન્દ્રિયોના વિષયો પરથી ભાવ ઊઠી જાય તો કષાય કોના ઉપર કરે ?

૨૬ શ્રીમદ્ રા. આ. અગાસ, ભા. સુદ ૧૩, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી—ગાંધીજીએ શ્રીમદ્ રાજચંદ્રને ગુરુ તરીકે નથી માન્યા. તેઓ કહેતા હતા કે શ્રીમદ્ રાજચંદ્રજીએ મારા ઉપર અપાર ઉપકાર કર્યો છે. બહુ અસર થઈ છે, પણ અંતરથી ગુરુ તરીકે નહીં માનેલા.

અનંત કાળથી પોતાને સારું લાગ્યું તે તો કરતો આવ્યો છે, પણ સત્પુરુષની આજ્ઞાએ કર્યું નથી. જ્યારે ત્યારે પણ સત્પુરુષની આજ્ઞા આરાધશે ત્યારે જ સુખી થશે. શ્રીમંત હો, ધીમંત હો, ગરીબ હો કે ગમે તે હો, પણ જ્યારે ત્યારે પણ 'હું કંઈ જાણતો નથી' એવું થશે ત્યારે જ છુટકારો થશે.

આ કાળમાં શ્રીમદ્ રાજચંદ્રજીએ અપાર ઉપકાર કર્યો છે. 'આત્મસિદ્ધિ' તેમણે નડિયાદમાં રચી હતી. તેમાં પ્રથમ ગાથામાં કહ્યું છે—

**"જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;**
**સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‍ગુરુ ભગવંત."**

અનાદિકાળથી પોતાનું સ્વરૂપ ન સમજવાથી અનંત દુઃખ પામ્યો અને ભવિષ્યકાળમાં અનંત દુઃખ પામત. તેનું મૂળ જેણે છેદ્યું, તે સદ્‍ગુરુદેવને નમસ્કાર. આ કાળમાં મોક્ષમાર્ગ બહુ લોપ થઈ ગયો છે, તે મુમુક્ષુને વિચારવા માટે પ્રગટ કહી દીધો છે.

જીવને લક્ષ થવો જોઈએ. અહંભાવ એ મોટો દોષ છે. એનો નાશ કરવાનો છે. આ જીવ અનંતકાળથી દુઃખ ભોગવતો આવ્યો છે, છતાં હજુ સુધી સંસારમાં સુખ માને છે. એ ખરું સુખ નથી, પણ કલ્પિત સુખ છે. [1](અહીં સનત્કુમાર ચક્રવર્તીનું દૃષ્ટાંત આપી કહ્યું). એવા દુઃખને આ જીવ સુખ માની બેઠો છે. કલ્પિત સુખ છે. જેમ મરચું હોય તે કોઈને તો નથી ગમતું અને કોઈ તેને મેળવવાનો પ્રયત્ન કરી, મેળવી પછી તેને ખાય છે. વસ્તુ તો તેની તે છે, પણ એકને તે અનુકૂળ લાગે છે અને એકને નથી ગમતી. જેવી ઇચ્છા કરે તેવું તેને મળે તો સારું લાગે, નહીં મળે ત્યારે ખોટું લાગે છે.

સર્વથી ભક્તિ એ બળવાન સાધન છે. ભક્તિ અને સત્સંગ આરાધવાથી સહેજે આત્મબોધ થાય. કૃપાળુદેવે 'છ પદ'ના પત્રમાં લખ્યું છે— "જે સત્પુરુષોએ સદ્‍ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે, જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‍ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ થાય."

એવી ભક્તિ સત્સંગમાં હોય છે, માટે સત્સંગ કરવો. આખી જિંદગી સુધી જે સત્સંગ આદિ સાધનો કરવાં છે, તે એક સમાધિમરણ થાય તે માટે કરવાં છે. જેમ કોઈ ભણીને બાર મહિને પરીક્ષા આપે છે, તેમાં પાસ થાય તો તેનું ભણેલું સફળ છે. તેમ આખી જિંદગી સુધી સત્સંગ આદિ સાધનો કરી સમાધિમરણ કરવાની જરૂર છે અને તેને માટે જ બધા સાધનો છે. જેમ બધાં કામો છે તેમ સમાધિમરણ પણ એક જરૂરનું કામ છે. બીજાં કામ તો ન કરે તો પણ ચાલે, પણ મરણ તો અવશ્ય આવવાનું છે. આપણે કોઈ ગામ જવું હોય ત્યારે એક બે દિવસ રોકાઈને પણ

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા શિક્ષાપાઠ ૭૧ અને ૭૨.

જઈએ છીએ, પણ મરણ કંઈ રોકી શકાતું નથી; માટે સમાધિમરણની તૈયારી કરી રાખવી.

છૂટવાની જિજ્ઞાસા જાગી નથી. જ્યારે સંસાર બંધનરૂપ લાગે ત્યારે છૂટવાની ઇચ્છા જાગે. જીવ દેહરૂપી પાશથી બંધાયો છે. જગતમાં જોઈએ તો મુખ્ય બે પદાર્થ છે : એક જડ અને બીજું ચેતન. જડમાંથી બુદ્ધિ છૂટીને ચેતનમાં થાય તો જન્મમરણ ટળે. આ મનુષ્યભવ મળ્યો છે તે હારી જવા જેવો નથી. કંઈ ને કંઈ આત્માનું કલ્યાણ કરી લેવું. આ જીવ એટલુ ંએટલું સાંભળે છે, પણ પાછો ત્યાંનો ત્યાં આવી ઊભો રહે છે.

આત્મા છે, તે નિત્ય છે, તે કર્મનો કર્તા છે, તે કર્મનો ભોક્તા છે, જીવનો મોક્ષ છે અને મોક્ષનો ઉપાય પણ છે. એટલી વાતોનો મોક્ષને માટે દૃઢ નિશ્ચય કરવાનો છે. મોક્ષસુખની કોઈ જાત જ જુદી છે. આ મોક્ષનું સુખ નિરુપાધિક છે અને સંસારનું સુખ ઉપાધિક છે. બે માર્ગ છે. જેને નિરુપાધિક સુખ જોઈતું હોય તે મોક્ષ ભણી વળે અને જેને ઉપાધિક સુખ જોઈતું હોય તે સંસાર ભણી વળે.

અભિમન્યુ જ્યારે પોતાની માતાના ગર્ભમાં હતો ત્યારે છ કોઠાને કેમ જીતવા તે શીખી લીધું એટલે યુદ્ધમાં તે છ કોઠા જીતી ગયો. સાતમો છાણ માટીનો કોઠો રહી ગયેલો. તે કહેવા લાગ્યો કે એમાં શું જીતવું છે? એવું મનમાં ધારીને પ્રમાદમાં રહ્યો, એટલે તેને મરવું પડ્યું. તેમ આ મનુષ્યભવ છાણ માટીના કોઠા જેવો છે. તેને જીતે તો જીતી જાય, નહીં તો હારી જાય.

૨૭ શ્રીમદ્ રા. આ. અગાસ, ભા. સુદ ૧૪, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી—તને 'આત્મસિદ્ધિ' આવડે છે?

મુમુક્ષુ—નથી આવડતી.

પૂજ્યશ્રી—ભક્તિ કરવાનો ટાઇમ મળે છે?

મુમુક્ષુ—હા, થોડોક ટાઇમ મળે છે.

પૂજ્યશ્રી—ભક્તિ કરજે. એ જ કામનું છે. ભણેલું બધું ફોગટ જવાનું છે. આજીવિકા માટે છે, પણ આગળ કંઈ કામ આવવાનું નથી. મણિભાઈનો દીકરો રામચંદ્ર ઈન્ટર સુધી ભણ્યો. પણ મરણનો વખત આવ્યો ત્યારે મનમાં બહુ પશ્ચાત્તાપ કરવા લાગ્યો કે મેં ભક્તિ ન કરી; મારા નાના ભાઈએ ભક્તિ કરી, પણ મેં ન કરી. સમજણ વગર બધું ઊંધું છે. આપણને સ્મરણ મંત્ર મળ્યો છે તે વધારે ન થાય તો થોડું થોડું કરતા રહેવું. પૈસા ટકા કોઈ સાથે આવવાના નથી. બધું અહીં જ પડ્યું રહેશે. જીવ જેવી જેવી ઇચ્છા કરે તેવું તેવું ફળ મળે. સારા નિમિત્તની જરૂર છે.

નાગને પાર્શ્વનાથ ભગવાને સ્મરણ-મંત્ર સંભળાવ્યો તેથી તે ધરણેન્દ્ર થયો. નહીં તો નાગ તો નરકે જાય. સત્પુરુષની આજ્ઞા એ જ ખરો માર્ગ છે. [1]ભીલે એક 'મારે કાગડાનું માંસ નથી ખાવું,' એટલી જ આજ્ઞા આરાધી, જેથી મરીને તે દેવ થયો. પછી શ્રેણિક રાજા થયો, અનાથી મુનિ મળ્યા ત્યારે સમકિત પામ્યો અને મહાવીર ભગવાન મળ્યા ત્યારે ક્ષાયિક સમકિત થયું અને તીર્થંકર ગોત્ર બાંધ્યું. સારા ભાવની જરૂર છે. વીશ દોહરામાં પહેલી જ પ્રાર્થના કરી છે કે ''શુદ્ધ ભાવ મુજમાં નથી.''

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૩૮૩.

શુદ્ધ ભાવ ન રહેતા હોય ત્યારે શુદ્ધ ભાવ પામેલા એવા પરમકૃપાળુદેવમાં ચિત્ત રાખવું. મરુદેવા કેળના ઝાડમાંથી મનુષ્ય થયા અને મોક્ષે ગયા. આત્માની અનંત શક્તિઓ છે. આ મનુષ્યભવ મોક્ષની બારી સમાન છે. તેમાં પેસી જાય તો થાય, નહીં તો ફરી એવી બારી મળવી મુશ્કેલ છે.

વાસનાથી આખું જગત ભરેલું છે. વાસના એ જ દુઃખ છે, માટે આપણે વાસનાથી બચવું. મનુષ્યભવ ચિંતામણિ સમાન છે. જે ઇચ્છે તે મળી શકે છે. વાસના ભૂત જેવી છે. જેમ કોઈને ભૂત વળગ્યું હોય ત્યારે ગાંડો બની જાય છે, તેમ વાસનાથી મનુષ્ય ગાંડો બની જાય છે.

૨૮ શ્રીમદ્ રા. આ. અગાસ, ભા. સુદ ૧૫, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી—મનુષ્યભવ બહુ દુર્લભ છે. તેમાં પણ સત્સંગનો જોગ મળવો બહુ દુર્લભ છે. સત્સંગ વગર કંઈનું કંઈ થઈ જાય છે. ઘણા લોકો ઉપનિષદ્, ન્યાય, વ્યાકરણ વગેરે શાસ્ત્રો ભણવામાં આખી જિંદગી ખોઈ દે છે. જીવને કંઈક વૈરાગ્ય અને ઉપશમનું બળ વધે એટલા માટે શાસ્ત્ર વાંચવાનું છે. અનાદિકાળથી જીવ સ્વચ્છંદે ચાલ્યો છે અને તેથી જ રખડતો આવે છે. પડેલા સંસ્કાર મટવા બહુ મુશ્કેલ છે.

પૂર્વ ભવમાં મહાવીર ભગવાનનો જીવ બ્રાહ્મણને ઘેર જન્મ્યો, ત્યાં 'વેદશાસ્ત્ર' ભણીને તાપસ થયો. ત્યાંથી મરીને ફરી તાપસ થયો, એમ ઘણી વાર તાપસ થયો. પછી છેવટે જ્યારે મુનિ મળ્યા ત્યારે સંસ્કાર મટ્યા. કોઈ વખતે ભલું થવાનું હોય ત્યારે જ એવા સંસ્કારો મટે છે.

શું કરવા જન્મ્યો છે? શું કરી રહ્યો છે? એ તો ધ્યાનમાં જ નથી લેતો. જરાય ભૂલી જાય તો જવું હોય ક્યાંય ને જાય ક્યાંય. જેમ ગાડી અહીંથી સીધી જાય તો અમદાવાદ જતી રહે અને જરાય જો વળી જાય તો ખંભાત તરફ જાય.

કંઈ ખબર ન પડે તો સ્મરણમાં ચિત્ત રાખવું. બીજું કંઈ ડહાપણ કરવા જાય તો પાર આવે તેમ નથી. 'મોક્ષમાર્ગપ્રકાશ'માં કહ્યું છે કે સત્સંગ ન હોય ત્યારે સત્શાસ્ત્રનું વાંચન કરવું, વિચારવું, પણ ભાવના સત્સંગની રાખીને કરવું. કુસંગ ત્યાગવો.

''દુર્લભ એવો મનુષ્યદેહ પણ પૂર્વે અનંત વાર પ્રાપ્ત થયા છતાં કંઈ પણ સફળપણું થયું નહીં.'' (૬૯૨) જે બહુ દુર્લભ મનુષ્યદેહ, તે પણ અનંત વાર મળ્યો તો પણ કંઈ થયું નહીં. સત્પુરુષના આશ્રયે જે કંઈ કરવામાં આવે તે બધું સફળ છે. સત્પુરુષનો આશ્રય લઈને અને માત્ર એક મોક્ષની અભિલાષા રાખીને કરે તો સફળ થાય. પાછો વળે તો કામ થાય. જે સમજીને શમાય તે જ સમજ્યો કહેવાય. સમજીને ડહાપણ કરે તો ન સમજ્યા જેવું છે. જે જે સ્વચ્છંદે ભણ્યો તે ભૂલી જવું. વૃત્તિને રોકવી. જ્ઞાનીપુરુષનાં કોઈ કોઈ વચન એવાં છે કે જીવને ચોંટી જાય છે. તે માટે શાસ્ત્ર વાંચવાનું જ્ઞાનીઓએ કહ્યું છે.

''સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે, સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી.'' (૧૨૮) સર્વમાં ઉત્તમમાં ઉત્તમ સાધન સત્સંગ છે અને એ મુખ્ય સાધન છે.

મુમુક્ષુ—સત્સંગ એટલે શું?

પૂજ્યશ્રી—આત્માને સત્ય રંગ ચઢાવે તે સત્સંગ; એકાંતમાં બેસીને પોતાનો વિચાર કરવો તે

સત્સંગ; ઉત્તમનો સહવાસ તે સત્સંગ; આત્મા ભણી વૃત્તિ રહેવી તે સત્સંગ. જીવ દેખતભૂલીમાં પડ્યો છે. પોતાને ભૂલી ગયો છે. પોતાને ભૂલી ગયા પછી પોતે પોતાને હાથ આવવો બહુ મુશ્કેલ છે. જ્ઞાનીપુરુષોએ ભક્તિ, સ્મરણ આદિ સાધનો કહ્યાં છે તે અંતર્વૃત્તિ થવા માટે કહ્યાં છે. ધ્યેય ઊંચું રાખવું.

સર્વથી આજ્ઞા એ બળવાન સાધન છે.

૨૯ શ્રીમદ્ રા. આ. અગાસ, ભા. વદ ૧, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી—જ્ઞાન-દર્શન-ચારિત્ર એ ત્રણની એકતાથી મોક્ષ થાય છે. તત્ત્વ મૂળ તો સાત છે. જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. કોઈક ઠેકાણે નવ તત્ત્વ પણ કહ્યાં છે. ઉપાદેય તો જીવ છે. અજીવ સદાય હેય છે. અજીવ એટલે જેનામાં ચેતનપણું નથી તે. મોક્ષને માટે એ સાતે તત્ત્વ અથવા નવ તત્ત્વો જાણવાં જરૂરનાં છે.

૩૦ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૫, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી—શુદ્ધભાવ જો ન રહેતો હોય તો શુદ્ધભાવ જ મારે કરવા યોગ્ય છે એવો અંતરમાં લક્ષ રાખીને શુભભાવમાં પ્રવર્તે તો મોડેવહેલે શુદ્ધભાવની પ્રાપ્તિ થાય.

મુમુક્ષુ—શુદ્ધભાવની જીવને ખબર નથી તો લક્ષ કેવી રીતે રહે?

પૂજ્યશ્રી—જ્ઞાનીપુરુષના અવલંબને શુદ્ધભાવનો લક્ષ રખાય છે. જ્ઞાનીએ કહ્યું તે સાચું છે, હું તો કંઈ જાણતો નથી, એવો ભાવ રાખે તો શુદ્ધ ભાવનો લક્ષ રહે છે. શુદ્ધભાવને અર્થે જે શુભભાવ કરવામાં આવે તો તે પુણ્યાનુબંધી પુણ્ય એટલે પરંપરાએ મોક્ષનું કારણ થાય છે; અને જે શુદ્ધભાવના લક્ષ વિનાની ક્રિયા કરવામાં આવે છે તે શુભભાવ નથી પણ શુભક્રિયા છે. તેનું ફળ સંસાર છે.

જગતમાં ક્યાંય રાચવા જેવું નથી. જેને પોતાના સ્વરૂપનું ભાન નથી અને જે પોતાની ઇચ્છાએ વર્તે છે તે મિથ્યાદૃષ્ટિ છે.

*

(બપોરના ૩-૦૦ વાગ્યે)

(એક મુમુક્ષુભાઈ વ્રત લેવા ગયા ત્યારે)

પૂજ્યશ્રી—જે વ્રતાદિ સાધનો કરવાં છે તે પોતાના આત્મા માટે કરવાં છે. આત્મા ત્રણે લોકમાં સાર વસ્તુ છે. આત્મા જેવી બીજી એકે વસ્તુ નથી. સત્સંગમાં જે કંઈ સાંભળવા, વાંચવા મળ્યું હોય તેને બહુ વિચારવું.

મુમુક્ષુ—વિચારવું કેવી રીતે?

પૂજ્યશ્રી—પોતાની શક્તિ પ્રમાણે, જે કંઈ સાંભળ્યું હોય, વાંચ્યું હોય તે યાદ કરવું અને તેને આપણા જીવન સાથે ઘટાવવું. એમાં જે વાત કહી છે તે મારામાં છે કે નહીં? એમાંથી મારે શું લેવા યોગ્ય છે, શું ત્યાગવા યોગ્ય છે? એમ વિચારવાથી આપણને ઉલ્લાસભાવ આવે, તેથી કર્મ ખપે. નહીં તો એકલું સાંભળ સાંભળ કરે તો સામાન્ય થઈ જાય અને કહે કે એ તો મેં વાંચ્યું છે, મોઢે કર્યું

છે. સત્પુરુષનાં વચનો ક્ષણે ક્ષણે નવીનતા ધારણ કરે છે. જેમ જેમ તેને વાંચે, વિચારે તેમ તેમ તેમાં નવીનતા દેખાય છે.

જીવને મનુષ્યભવની મહત્તા લાગી નથી. મનુષ્યભવની એક પળ પણ ચિંતામણિ રત્ન સમાન છે. એક પળમાં એને સમકિત થઈ જાય, એક પળમાં એને ચારિત્રનો ઉદય થઈ જાય, એક પળમાં કેવળજ્ઞાન થઈ જાય, એક પળમાં એનો મોક્ષ થઈ જાય. એવી એવી પળો મનુષ્યભવમાં છે. તે હારી જવા જેવી નથી. આ મનુષ્યભવ સંસાર ભોગવવા માટે નથી મળ્યો, પણ એક આત્મકલ્યાણ કરવા માટે મળ્યો છે. નવિ જાણ્યો જે આત્મા તેને જાણવો છે અને જે પુદ્‌ગલ આદિ જાણ્યું છે તે નથી જાણવું. આત્મા જેવી એકે વસ્તુ નથી. જેને સત્પુરુષ સુધી પરમાર્થ સાધવાને માટે સાધનો મળ્યાં છે, તો પણ ન ચેતે તો ક્યારે ચેતશે? માટે આપણે ચેતી લેવું. આખું જગત નાશવંત વસ્તુઓને વળગી રહ્યું છે. અવિનાશી શુદ્ધ ચૈતન્ય એવો જે આત્મા તેને તો ભૂલી ગયા છે.

જે છ પદ છે તે સર્વોપરી છે. આત્મા છે, આત્મા નિત્ય છે, આત્મા કર્ત્તા છે, આત્મા ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે. 'છ પદ'નો પત્ર રોજ વિચારવો અને તેને દૃઢ કરી લેવો. ''અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે.'' (૪૯૩) સાચી ભક્તિ ત્યારે કહેવાય કે—

''જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ થાય.'' (૪૯૩) એવી ભક્તિ તે સાચી ભક્તિ છે.

મુમુક્ષુ—કોઈ પદ અથવા પત્ર બોલતાં અભિમાન આવી જતું હોય તો બોલવું કે ન બોલવું?

પૂજ્યશ્રી—જ્યારે પોતે બોલે ત્યારે વિચારે કે હું હજુ શીખ્યો નથી. શું એવું અભિમાન કરવા જેવું શીખ્યો છું? પૂર્વે થઈ ગયેલા ગણધરોએ ચૌદપૂર્વની રચના કરી હતી. ઘણા એ પૂર્વોને ભણ્યા હતા. તે જ્ઞાનની આગળ મારું શું જ્ઞાન છે? કશુંયે નથી. ભગવાનમાં કેટલા ગુણો છે? મારામાં કેટલા બધા દોષો ભરેલા છે? મારે તો હજુ ઘણું કરવાનું છે. મેં કંઈ કર્યું નથી. જીવે અહંકાર કરવા જેવું કોઈ કામ નથી કર્યું. એમ જો વિચાર કરે તો અભિમાન થાય નહીં અને પુરુષાર્થ પણ જાગે. જ્યારે મનમાં અભિમાન આવે ત્યારે ભગવાનને સંભારે તો અભિમાન ન થાય. પોતાનાથી જે નીચા છે તેના ઉપર દૃષ્ટિ રાખે તો અભિમાન થાય.

મુમુક્ષુ— ''અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય?''

એ ગાથાનો શો આશય હશે?

પૂજ્યશ્રી—''હું તો દોષ અનંતનું'' એનું બીજું રૂપ જ છે. મારામાં બહુ દોષો ભરેલા છે. ભગવાનમાં જેટલા ગુણ છે તેટલા મારામાં દોષો ભરેલા છે. હું છેલ્લે પગથિયે ઊભો છું, મારે હજુ ઘણો પુરુષાર્થ કરવાનો છે. હું બધાથી અધમ છું. એમ પોતાનું અધમપણું લાગે તો પુરુષાર્થધર્મ વર્ધમાન થાય.

*

પૂજ્યશ્રી–“ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે” જ્યારે ચિત્ત પ્રસન્ન થાય ત્યારે પૂજા થઈ કહેવાય.

મુમુક્ષુ–ચિત્ત પ્રસન્ન થયું ક્યારે કહેવાય?

પૂજ્યશ્રી–રાગ-દ્વેષરહિત થાય ત્યારે પ્રસન્નતા થઈ કહેવાય. રાગ, દ્વેષ અને અજ્ઞાનથી જીવ દુઃખી થયો છે.

મુમુક્ષુ–કોઈ કોઈ માણસની પ્રવૃત્તિ દેખીને મનમાં એમ થાય છે કે આને આમ થાય તો ઠીક, તે ભાવના સારી કે કેમ?

પૂજ્યશ્રી–ઠીક છે, પણ પોતાનું ચૂકી ન જવાય એ ધ્યાન રાખવું. કોઈ આપણા સમૂહમાં આવતા હોય તો તેઓને સારું પુસ્તક વાંચવા આપવું. આપણાથી બને તેવું, આગલા માણસની રુચિ હોય તો કહેવું, પણ વિશેષ કરીને તો પોતાનું કરવું. મારું કલ્યાણ કરું, એની સાથે બીજાઓનું થાય તો સારું છે; બધા કલ્યાણની વાટે ચઢો, એવી ભાવના રાખવી.

૩૧ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૬, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી–થોડું ઘણું રોજ ગોખવું, નવું શીખવું. (પછી એક મુમુક્ષુને ઉદ્દેશીને)

તેં ‘મોક્ષમાળા’ના કેટલા પાઠ વાંચ્યા છે?

૧. મુમુક્ષુ–સાત પાઠ વાંચ્યા છે. (પછી પૂજ્યશ્રીએ આઠમો પાઠ ‘સત્‌દેવ તત્ત્વ’નો વંચાવ્યો).

પૂજ્યશ્રી–દેવ એટલે શું?

૨. મુમુક્ષુ–રાગ-દ્વેષ આદિ અઢાર દૂષણથી રહિત તે દેવ.

પૂજ્યશ્રી–એ તો સત્‌દેવ કહેવાય છે, પણ દેવ કોને કહેવાય? (કોઈને આવડ્યું નહીં પછી પોતે કહ્યું)

જે દેવલોકમાં રહે છે તે દેવ કહેવાય છે, મનુષ્ય કરતાં વધારે સુખ ભોગવે છે. એ દેવ છે પણ સત્‌દેવ નહીં, સત્‌દેવને પૂજનારા છે.

૩૨ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૭, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી–કામ, ક્રોધ અને લોભ એ ત્રણ મોટા વિકારો છે. કામ છે તે ભૂત જેવો છે. મનુષ્યને ગાંડો બનાવનાર છે. કામમાં આસક્ત થયેલાને વિચાર નથી હોતો. જ્યારે જીવને ક્રોધ ચઢે છે ત્યારે પણ એને કંઈ ભાન રહેતું નથી. આંધળા જેવો બની જાય છે. કંઈ જુએ નહીં અને મોઢામાંથી જેમ આવે તેમ બકે. લોભ પણ એવો છે. જેમ જેમ લોભ કરે છે તેમ તેમ વધતો જાય છે. લોભથી કોઈ સુખી થતું નથી. એ ત્રણે વસ્તુ ખરાબ છે.

*

(બપોરના)

મુમુક્ષુ–કાલે મેં આયંબિલનું પચખાણ લીધું હતું ત્યાર પછી મારાથી ભૂલમાં કાચું પાણી પિવાઈ ગયું.

પૂજ્યશ્રી–સાંભર્યા પછી ફરીથી તો નથી પીધું ને?

મુમુક્ષુ—નાજી.

પૂજ્યશ્રી—ફરીથી એવું ન થાય તેનું ધ્યાન રાખવું. (પછી કહ્યું) કૃપાળુદેવના ચિત્રપટ આગળ ક્ષમાપના બોલી આવ.

તપ છે તે વૃત્તિ સંકોચવા માટે છે, આહાર ઓછો કરવા માટે છે.

આ જગતમાં કોઈ શરણરૂપ નથી. [1]અનાથી મુનિને જ્યારે વેદના આવી હતી ત્યારે વૈદ્યો, પિતા, માતા, ભાઈ, ભગિનીઓ અને સ્ત્રી વગેરેએ અનેક પ્રયત્ન કર્યા, પણ કોઈ દુઃખ લઈ ન શક્યું; ત્યારે અનાથીમુનિને વિચાર આવ્યો કે હું પુણ્યના જોગે અહીં જન્મ્યો છું અને આ દશામાં મારું મરણ થઈ જાય તો કેવું માઠું થાય! માટે મારે હવે આત્માનું કલ્યાણ કરી લેવું. જો હું આ વેદનાથી મુક્ત થાઉં તો મારી જિંદગી આત્મકલ્યાણ કરવામાં ગાળું. સવાર થઈ ત્યારે વેદના દૂર થઈ ગઈ. પછી પ્રભાતે આત્મકલ્યાણ માટે જંગલમાં ગયા.

શ્રેણિક રાજા આવ્યો ત્યારે મુનિએ બોધ આપ્યો અને રાજા સમકિત પામ્યો. મુનિ સનાથ હતા તેથી રાજાને પણ સનાથ કર્યો.

પૂજ્યશ્રી—(એક મુમુક્ષુને ઉદ્દેશીને) અનાથી મુનિનો પાઠ મોઢે કરજે. એમાં આત્માને પ્રકાશનારો બોધ આપ્યો છે માટે આપણે એ કામનો છે.

મુમુક્ષુ—''પુદ્ગલ જ્ઞાન પ્રથમ લે જાણ'' (૧૦૭) એમ કૃપાળુદેવે 'લોક પુરુષસંસ્થાને કહ્યો' પદમાં કહ્યું છે. તેનો શો પરમાર્થ હશે?

પૂજ્યશ્રી—પ્રથમ પુદ્ગલના સ્વરૂપને જાણે ત્યારે વૈરાગ્ય ભાવ ઉત્પન્ન થાય. તેનું સ્વરૂપ વિનાશી અને ક્ષણિક જાણે ત્યારે તેનું માહાત્મ્ય ન લાગે. પછી જીવ જ્ઞાન પામે.

**''જો કે પુદ્ગલનો એ દેહ, તો પણ ઓર સ્થિતિ ત્યાં છેહ''**

દેહ પુદ્ગલનો છે, પણ એથી આત્મકલ્યાણ થઈ શકે છે; માટે પુદ્ગલની જે કિંમત છે તે કરવી. જેમકે આંખ છે તેથી મોહ કરે તો મોહ થાય અને પુસ્તક વાંચવું હોય તો પુસ્તક પણ વંચાય.

મુખ્ય વસ્તુ છ પદ છે. તેની શ્રદ્ધા કરી લેવી. એ છ પદ સમ્યગ્દર્શનના મુખ્ય નિવાસભૂત છે. મનુષ્યભવ આત્મકલ્યાણ કરવા માટે મળ્યો છે, માટે કરી લેવું.

મુમુક્ષુ—કોઈ વખતે એવા ભાવ થાય છે કે હવે મારે રાગ-દ્વેષ નથી કરવા અને પછી રાગ-દ્વેષ કરે છે. ન કરું એ કહેવાવાળો કોણ હશે? અને રાગ-દ્વેષ કરવાવાળો કોણ હશે?

પૂજ્યશ્રી—એનો એ જ છે. આત્મા કંઈ બે નથી. જ્યારે જીવને સત્સંગ કે બોધ સાંભળવા મળે છે ત્યારે દોષ ન કરવાની ભાવના થાય છે. જેમ કોઈ કહે કે મારે છૂટવું છે, મારે ચારિત્ર લેવું છે અને દીક્ષા લઈને પછી મોહમાં ફસાઈ જવાથી ફરીથી ચારિત્ર છોડી પરણે છે. નિમિત્તાધીન જીવ છે. જ્યારે સારું નિમિત્ત મળે ત્યારે સારી ભાવના થાય છે અને જ્યારે સિનેમા આદિ ખરાબ નિમિત્તો મળે ત્યારે ખરાબ ભાવના થાય છે. જેવું નિમિત્ત મળે તેવો થઈ જાય છે.

મુમુક્ષુ—બહિરાત્મા અને અંતરાત્મા બે છે?

પૂજ્યશ્રી—આત્મા બે નથી. એ તો એની દશાઓ છે. જ્યારે જીવ પુદ્ગલમાં દૃષ્ટિ રાખે છે,

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા શિક્ષાપાઠ ૫ થી ૭.

આત્માથી બહાર દૃષ્ટિ રાખે છે; ત્યાં સુધી બહિરાત્મા છે. જ્યારે બાહ્ય પદાર્થો ઉપરથી દૃષ્ટિ ઊઠી આત્મામાં દૃષ્ટિ થાય ત્યારે અંતરાત્મા થાય છે અને જ્યારે પરમાત્મા થવા સિવાય બીજી કોઈ ઇચ્છા ન રહે ત્યારે પરમાત્મા થવાય છે. પરમાત્મા થવાની ઇચ્છા અમૃત જેવી છે.

કૃપાળુદેવે છેલ્લી કડીમાં કહ્યું છે–

**"સુખધામ અનંત સુસંત ચહી, દિનરાત્ર રહે તદ્ધ્યાનમહીં;**
**પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જય તે."** (૯૫૪)

સત્પુરુષો અનંત સુખના ધામરૂપ એવા પરમાત્મપદની ઇચ્છા રાખીને રાતદિવસ તેના ધ્યાનમાં રહે છે કે ક્યારે પરમાત્મપદ પમાય. તેમાં સુધા સમાન પરમ શાંતિ હોય છે. તે પદને નમસ્કાર.

આત્માથી બધી વસ્તુઓ હીન છે. "આત્માથી સૌ હીન"

૩૩ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૮, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી–જીવને અજ્ઞાન જેવું દુઃખ નથી. મનુષ્યભવ બહુ દુર્લભ છે. તે ફરી ફરી નથી મળતો. ક્વચિત્ મનુષ્યભવ મળે તો ઉત્તમ કુળ, સત્સંગ, સત્પુરુષ મળવા બહુ દુર્લભ છે. એવી જોગવાઈ ફરીથી નહીં મળે. જીવને ભ્રાંતિ થઈ ગઈ છે, એ જ મોટું દુઃખ છે. જ્ઞાનીઓને એમ લાગે છે કે પાણીમાં ડૂબીને મરી જાઉં, અગ્નિમાં બળી જાઉં, પણ ભ્રાંતિ કદી ન થાઓ. એટલું ભ્રાંતિનું દુઃખ લાગે છે !

*

૩૪ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૯, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી–માખણ એ અભક્ષ્ય વસ્તુ છે. માટે તેનો ત્યાગ કરવો. પહેલાં જો જિહ્વા ઇન્દ્રિયને વશ કરે તો પછી બીજી ઇન્દ્રિયો સહેજે વશ થાય, માટે સ્વાદનો ત્યાગ કરવો.

જીવને જગતના ઝેરમાંથી બચવા માટે સત્સંગ એ મોટું સાધન છે. જીવને જ્યારે સત્સંગ ન હોય ત્યારે બધું ભૂલી જાય છે. જો સત્સંગ હોય તો એને ભક્તિ વગેરે કરવાની સહેજે ભાવના થાય છે. તેને કંઈ કહેવું ન પડે.

વધારે પુરુષાર્થની જરૂર છે. ચોથા કાળના જે મનુષ્યો હતા, તેઓને કોઈ વખતે સત્પુરુષ મળતા અને કોઈ વચન કહેતા ત્યારે તેઓ તે વચનની પકડ કરી લેતા અને હમણાં તો રોજ સાંભળે છે, તો પણ કંઈ લાગતું નથી. માટે બહુ પુરુષાર્થ કરવો.

૩૫ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૧૦, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી–કામ એ ખરાબ વસ્તુ છે. સ્ત્રીને અડવું એ સાપ કરડવા કરતાં પણ બહુ માઠું છે; કારણકે સાપ કરડવાથી તો એક જ વાર મરણ થાય, પણ સ્ત્રીનો સંસર્ગ કરવાથી, કામવિકાર થવાથી ભવોભવ જન્મ-મરણ કરવાં પડે છે. મહાદેવજી કાળકૂટ વિષને પોતાના ગળામાં બાંધીને ફરતા હતા, પણ કામ-વાસનાને જીતી ન શક્યા. એ કાળકૂટ વિષ કરતાં પણ અતિ દુષ્કર છે.

જે મનુષ્ય ઊંચી ભૂમિકામાં રહી નીચી પ્રવૃત્તિ કરે તે તેને કલંકરૂપ છે. ચંદ્ર સાવ સફેદ હોય

છે, તેમાં થોડીક કાળાશને લીધે મનુષ્યો તે તરફ આંગળી કરે છે. તેમ ઊંચી ભૂમિકામાં નીચ કામ કરે તે કલંકરૂપ છે. મુમુક્ષુને છાજે તેવું આચરણ રાખવું જોઈએ. નહીં તો પછી સત્પુરુષને કલંક ચઢાવે. કેમકે લોકો તો, મુમુક્ષુ હોય અને સારું આચરણ ન રાખતો હોય, તો કહે કે સત્પુરુષ એને એવું જ કહેતા હશે. કૃપાળુદેવ મુમુક્ષુઓને ઠપકો આપતા કે સમાગમ કરતાં પાંચ પાંચ વર્ષ થયાં છે, છતાં હજુ કેમ કશું કરતા નથી! સત્પુરુષનો યોગ થયા પછી તો દેહને ભૂલી જ જાય; ખાવાપીવામાં કશું ગમે નહીં. 'દેહ મારો નથી' તો દેહને ગમે તેમ થાય, તેમાં મારું કશુંયે બગડવાનું નથી. મુમુક્ષુની ભૂમિકા ઊંચી છે, બહુ યોગ્યતા આવી જાય છે. માથું આપવાનું કહે તો માથું પણ દે. એક મોક્ષ સિવાય બીજી કોઈ અભિલાષા રહે નહીં. મારે મોક્ષ માટે જ જીવવું છે, એવી જ્યારે ઇચ્છા જાગે ત્યારે મુમુક્ષુતા આવી ગણાય.

મનને જેનું માહાત્મ્ય લાગે છે તેમાં વૃત્તિ જાય છે. પરમાર્થનું માહાત્મ્ય લાગ્યું હોય તો ત્યાં વૃત્તિ જાય અને ત્યારે જ ખરો સુખી કહેવાય. મનને એ ગમે તો એની ભાવના સહેજે થાય. પછી એને બીજું કંઈ સારું લાગે નહીં. શુદ્ધ આત્મા છે, તે જ હું છું, એવું થઈ જાય.

**''પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્‌ગુરુ પાય;**
**દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય ?''**

પોતાના દોષ જોવાના છે. પ્રભુ પ્રભુની રટના નથી લાગી તે લગાવવી છે.

ફરી જન્મવું નથી એવો જ્યારે નિશ્ચય થાય ત્યારે કર્મ ન બંધાય. કૃપાળુદેવ લખે છે કે મુમુક્ષુના અમે દાસ છીએ. નીરાંત કોળી, ભોજો ભગત જેવાની સેવા મળે તો સારું. એમ કૃપાળુદેવ ઇચ્છે છે. પ્રભુશ્રીજી કહેતા કે યોગ્યતાવાળો કોઈ જીવ જતો હોય તો તેને બોલાવીને પણ આપી દઈએ.

રાતદિવસ આ દેહની ફિકર કરે છે. આત્માને તો કદી પણ સંભારતો નથી. દેહભાવ છૂટે તો બધું છૂટે. દેહને લઈને બધો મોહ અને રાગ-દ્વેષ થાય છે.

પહેલું એક લોકસંબંધી બંધન છે. તે જ્યારે છૂટે તો બીજું સ્વજન-કુટુંબ બંધન એ આવીને ઊભું રહે. એ બંધન ટળી જાય તો દેહાભિમાનરૂપ બંધન અને કદાચ એ પણ ટળી જાય તો પાછું સંકલ્પ-વિકલ્પરૂપ બંધન. એ ન ટળે તો ધ્યાનમાં હોય તો પણ એને ક્યાંયનો ક્યાંય લઈ જાય. મન જીતવું બહુ કઠણ છે. જેણે મનને જીત્યું તેણે બધું જીત્યું.

મોક્ષની ઇચ્છા જ નથી જાગી. મોઢાથી કહે, તોપણ મનમાં બીજું રાખે. જ્ઞાનીપુરુષો એને છોડવાનું કહે છે, પણ એને તો ગ્રહણ કરવું છે; ત્યારે ક્યાંથી મોક્ષ મળે ? છોડવાનું કહે, તો કહે કે એવો મોક્ષ મારે નથી જોઈતો. લક્ષચોરાશીમાં ફરી ફરીને હજુ થાક્યો નથી. જેમ જેમ ભાવના વધે તેમ તેમ કામ થાય. ''જેવા ભાવ તેવા પ્રભુ ફળે'' સંસાર ઉપર ભાવ કરે તો દુઃખી થાય અને સત્પુરુષ ઉપર ભાવ કરે તો મોક્ષ થાય. આ જીવ જગતની વસ્તુઓમાં રોકાયો છે. માટે સારા નિમિત્તની જરૂર છે. સારા નિમિત્ત વિના ભાવ ફરે નહીં. સત્સંગ, સત્શાસ્ત્રનું વાંચન એ સારા નિમિત્તો છે. મનને નવરું ન રહેવા દેવું. નવરો તે નખોદ વાળે. જેમ ટેવ પાડે તેમ પડી શકે છે.

જેમ આપણે એક વાગે વાંચવાનું રાખ્યું હોય તો ઝટ યાદ આવે કે એક વાગે મારે વાંચન કરવું છે અને ભાવના પણ થાય. મન ઉપર સંસારનો બોજો છે, માટે મનુષ્યભવ પામીને સત્પુરુષાર્થ કરવો.

મુમુક્ષુ–પુરુષાર્થ કેવી રીતે કરવો?

પૂજ્યશ્રી–જે થોડીક પણ આજ્ઞા મળી હોય તેને દરેક કામ કરતાં સંભારે કે હું એ કામ કરું છું એમાં જ્ઞાનીની આજ્ઞા છે કે નહીં? અને આજ્ઞાને આરાધવાનો બહુ પ્રયત્ન કરે. તે માટે ભક્તિ એ સર્વોત્કૃષ્ટ સાધન છે. ''आणाए धम्मो, आणाए तवो'' સ્વચ્છંદને રોકવો એ મોટું તપ છે.

મુમુક્ષુ–ભક્તિ એટલે શું?

પૂજ્યશ્રી–સંસારથી વૃત્તિ ઊઠીને સત્પુરુષ ઉપર થાય તે ભક્તિ છે. પ્રભુશ્રીજીના બોધમાં આવ્યું હતું કે 'ભકિત એ ભાવ છે.' સંસાર ઉપર જે પ્રેમ ભાવ છે તે ઊઠી સત્પુરુષ ઉપર તેવો ભાવ થાય તે ભક્તિ છે.

૩૯ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૧૧, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી–સમભાવ એ મોટી વસ્તુ છે. સમભાવે કર્મને વેદે તો ઝટ પતી જાય. કર્મની રચના બહુ ગહન છે. પ્રકૃતિ, ઉદીરણા, ઉદય એમ કર્મની રચના અનેક પ્રકારે છે, પણ ભોગવવાવાળો એક આત્મા છે.

સમજણની જરૂર છે. શ્રેણિક રાજાએ શ્રદ્ધા કરી, તો ભગવાન થઈ ગયા. ક્ષાયિક સમ્યગ્દર્શન તો કેવળી અને સમ્યગ્દર્શનવાળાને સરખું જ હોય છે. શ્રદ્ધામાં ભેદ પડતો નથી. શૂરવીરપણું જોઈએ. વાત છે માન્યાની. જગત નહીં તો નહીં જ, પણ માનવું જોઈએ. જગત આત્માનું થતું નથી. જીવને દોષ થાય છે તે દેહના નિમિત્તે થાય છે. દેહ ભાવ છૂટી જવો જોઈએ.

**''કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા;**
**નિર્ગ્રંથનો પંથ ભવઅંતનો ઉપાય છે.''**

કાયાને ભૂલી જવી જોઈએ. જ્ઞાની કહે છે કે તું કાયા પરથી ઊઠ. કાયા આત્માથી જુદી છે. જીવ જૂઠમાં ઊભો છે. તેમાંથી ખસવાનું છે. ''પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે અને માથે મરણ રહ્યું છે.'' ત્યાં આ જીવ ઊભો છે. નાશવંત જે વસ્તુઓ છે તે આપણી નહીં. જો કાયાનું સ્વરૂપ વિચારે તો એને લાગે કે આત્મા દેહથી જુદો છે. દેહના ગુણ જુદા અને આત્માના ગુણ જુદા છે. અજ્ઞાનથી ભુલાવો થયો છે. તેને જો ટાળવો હોય તો તેને માટે ખોટી થઈને વિચાર કરવો અને એને તપાસે તો ભૂલ નીકળે. જે દેહને એ મારો માને છે તે દેહ એનો છે નહીં. જો એનો હોય તો મરે ત્યારે અહીં કેમ મૂકી જાય છે? એનો જો હોય તો સાથે રહેવો જોઈએ. એને માટે સૂક્ષ્મ વિચારની જરૂર છે. ''જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે.'' દેહભાવ છોડવાનો છે.

**''છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ''**

આ જીવ ભૂલના થોકના થોક મૂકે છે. કલ્પનાથી મુક્ત થવાનું છે. જડ અને ચેતન એ બન્ને જેમ છે તેમ સમજાય તો કલ્પના છૂટે. જેમ કોઈ કાળા ચશ્માં પહેરે તો તેને આખું જગત કાળું

દેખાય. જ્ઞાનીના ચશ્માં પહેરે તો જગત જ્ઞાનમય દેખાય. જ્ઞાનીએ કહ્યું તે સાચું છે, એ જ મારે કરવું છે. જેટલું થાય તેટલું કરવું. વધારે ન થાય તો વધારે કરવાની ભાવના રાખવી, પણ કરવું એ જ છે. સમજણ જોઈએ. ''સમજ પીછે સબ સરલ હૈ.'' સમજ્યા પછી બધું સરળ છે અને એ સમજણ પોતાની મેળે અનંત ઉપાય કર્યા છતાં ફરવી મુશ્કેલ છે.

સદ્ગુરુના યોગે જીવને દોષોની ખબર પડે છે. કોઈ કોઈ ગુરુઓ એવા હોય છે કે પોતાના શિષ્યના દોષો તેને કહે નહીં. એવા ગુરુ છે તે શત્રુ જેવા છે. અજ્ઞાન જવાનું કારણ બોધ છે.

**''દેહ જીવ એકરૂપે ભાસે છે અજ્ઞાન વડે;**
**ક્રિયાની પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય છે.''**

**''એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વ ભાવ;**
**જ્ઞાનીનાં વચન વડે દૂર થઈ જાય છે.''**

જ્ઞાનીનો યોગ થયા પછી 'દેહ છૂટી ગયો' એવી ભાવના થવી જોઈએ, એમ કૃપાળુદેવે કહ્યું છે. ગરજ જાગવી જોઈએ. પૈસાની ગરજ હોય ત્યારે તડકે જઈને પણ ઊભો રહે. ગરજ નથી જાગી.

૩૭ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૧૨-૧૩,૨૦૦૭

પૂજ્યશ્રી—રોજ કંઈ ને કંઈ નવું શીખવું, વાંચવું, વિચારવું. સાચા ધર્મની ઇચ્છાવાળા થોડા છે અને તેને કહેવાવાળા પણ ઓછા છે. કોઈ કોઈ ગુરુઓ એવા હોય છે કે માન, પૂજા, સત્કારમાં રંજાયમાન થાય છે. તે પૂજા સત્કારાદિ મેળવવા માટે પોતાના શિષ્યોને ખોટા પદથી શણગારે છે, પણ જ્ઞાનીપુરુષ એવા કદી હોય નહીં. મિથ્યાત્વને દૂર કરવા માટે જે સત્સાધન હોય તેને ગ્રહણ કરે અને વિષય-કષાયને દમે તે સત્પુરુષ છે અને તે જ વિવેકી છે. વિવેકી હોય તે, જેથી સમકિત પ્રાપ્ત થાય તેવાં સાધનો જે સત્સંગ-સત્શાસ્ત્રાદિ છે; તેને ગ્રહણ કરે છે. વિવેકની બહુ ખામી છે. શું કરવું છે, એ લક્ષ પ્રથમ થવો જોઈએ. મનુષ્યભવની એક ક્ષણ પણ નકામી ન જવા દેવી. ફરી એવું મળવું બહુ જ મુશ્કેલ છે. ગયું તે ગયું, પણ જે છે તેનો ઉપયોગ કરવો. જેટલી જ્ઞાનીની આજ્ઞાનું આરાધન થાય તેટલું જીવન છે. જેને સાધન મળ્યું છે તે શા માટે નવરો બેસે?

આત્મા કર્મથી બંધાયો છે અથવા તો પોતાની વિભાવ પરિણતિથી બંધાયો છે. સમયે સમયે અનંત કર્મ બંધાય છે અને તેની મુદત પૂરી થયે નિર્જરે છે. કોઈ કર્મ એવું નથી હોતું કે જે અનંતકાળ સુધી રહે. પોતાની મુદત પૂરી થયે જતું રહે છે. પાછાં નવાં ન બંધાય એનો લક્ષ રાખવાનો છે. વૈરાગ્યની જરૂર છે. વૈરાગ્ય અને ઉપશમ ભાવ જ્યારે આવે ત્યારે કર્મ જાય છે.

મોહને લઈને સંબંધ છે, તેને છોડવાનો છે. 'હું અને મારું' એ જ મોહ છે. છૂટવાની જિજ્ઞાસા સત્સંગ વિના જાગતી નથી. નાશવંતને શાશ્વત માને એ અવિદ્યા છે. સમાધિમરણ કરવા માટે પહેલેથી ચેતી લેવું. પહેલેથી જ જો વિષય-કષાય ઓછા કર્યા હોય તો સમાધિમરણ થાય; માટે આપણે ચેતી લેવું. બધાથી પહેલાં એ કરવાનું છે. સવારમાં ઊઠીને બધાં કામ છોડીને પહેલા આત્માનો વિચાર કરવો. પછી જીવીશું તો બીજાં કામ કરીશું, પણ પહેલાં એ કરવાનું છે. સમાધિમરણ માટે મોટા મોટા આચાર્યો પણ પોતાના શિષ્યને આચાર્યપદ આપીને સંઘ પાસે આજ્ઞા

લઈ સત્પુરુષની ખોજ કરે છે. ખોજ કરતાં ક્યારેક મળી આવે ત્યારે તેઓને કહે કે મારે સમાધિમરણ કરવું છે. પછી સત્પુરુષ તેમની પરીક્ષા કરે અને શિષ્યોને પૂછે કે તમે સેવા કરશો? એ જ્યારે નક્કી થાય ત્યારે એને આહારનો ત્યાગ કરાવવા માંડે. જ્યારે સમાધિમરણ માટે આવેલા આચાર્ય કહેવા લાગે કે કંઈ ખાવા આપો. ત્યારે બીજા આચાર્ય કહે કે તમે રત્નત્રયના ધારક થઈને એમ શું કરો છો? એમ ઉપદેશ આપી સ્થિર કરે.

૩૮ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૧૪, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી–કૃપાળુદેવ આ કાળમાં એક અપવાદરૂપ પુરુષ થયા છે. ઇચ્છાઓને રોકવા માટે મહાપુરુષોનાં વચનો છે. ''સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં અનંત આગમ રહ્યાં છે.'' (૧૬૬)

સમજવું જોઈએ. સમજે તો કલ્યાણ થઈ જાય. સમજણની જરૂર છે. હું જાણું છું તે ખોટું છે. 'હે ભગવાન! હું બહુ ભૂલી ગયો', એવું કરવું જોઈએ. વૃત્તિ નિર્મળ કરવા માટે વ્રત કરવાનું છે. સમાધિમરણ કરવાની જરૂર છે. પોતાની કલ્પના મૂકવી અને એક આત્મા ઉપર આવવું. સત્પુરુષનું એક વચન પણ સમજી જાય તો કલ્યાણ થાય, સમ્યગ્દર્શન થઈ જાય. એક આત્માને જાણવા માટે બધાં સાધનો છે.

જ્ઞાનીએ જાણ્યો તે આત્મા. દેહ, રાગ-દ્વેષાદિ એ આત્મા નહીં. બીજી વસ્તુઓ પરથી પ્રીતિ ઊઠે ત્યારે આત્મા ઉપર પ્રીતિ થાય. જે જણાય છે તે પર છે. જાણનારને જાણવો છે. જડ અને મોહનો પડદો એને જાણવા દેતો નથી. ઉદાસીનતા વધે તો મોહનો પડદો ખસે. આત્મા કંઈક ઠરે તેને માટે ભક્તિ સત્સંગાદિ સાધનો છે. જડનો સ્વભાવ જુદો અને આત્માનો સ્વભાવ જુદો છે. દેખાય છે તે જડ છે, આત્મા નથી. દેખાય છે તે બધું ખોટું છે. મોહ કરાવવાવાળી વસ્તુઓ જગતમાં વધી પડી છે.

એક સત્પુરુષનું અવલંબન લેવું અને શ્રદ્ધા પણ તેની જ કરવી. સત્પુરુષની શ્રદ્ધા હોય તો અર્ધું કામ થઈ ગયું. પહેલી શ્રદ્ધા કરવી. સાચી વસ્તુ હાથમાં આવી છે. જીવને પ્રવૃત્તિને લઈને કર્મ બંધાય છે. જીવ ઊંઘે છે. તેને જગાડવાનો છે. અનાદિથી ઊંઘતો આવ્યો છે. એમ આ જીવ અનંતકાળથી રખડતો આવે છે. હે ભગવાન! હું બહુ ભૂલ્યો; હવે પાંચ ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે રાગ-દ્વેષ ન કરું એવું જ્યારે મનમાં થશે ત્યારે રાગ-દ્વેષ ઓછા થશે અને ત્યારે જ શાંતિ થશે. એક આત્મા સિવાય કંઈ મારું નથી. ઝેર ખાવું સારું, પણ રાગ-દ્વેષ નહીં કરું; એવો નિશ્ચય કરવાની જરૂર છે. જીવ કહે છે કે મારે મોક્ષે જવું છે, પણ પાછો ઊંઘી જાય છે. જ્યારે એને દુઃખ લાગશે ત્યારે જ એ માર્ગ ભણી વળશે.

પોતાના દોષ જોવા અને બીજાના ગુણ જોવા. કોઈ આપણને ગાળ ભાંડતો હોય તો એમ વિચારવું કે મારામાં અનંત દોષો ભરેલા છે અને આ તો એક દોષ દેખીને જ મને ગાળ ભાંડે છે, એમ વિચારે તો કર્મ ન બંધાય. આત્મા ઊંઘે છે તેને જગાડવાનો છે.

મુમુક્ષુ–પૂજા કરવાથી મોક્ષ મળે કે દેવગતિ મળે?

પૂજ્યશ્રી—પરંપરાએ મોક્ષનું કારણ છે, પણ ભાવ હોય તો; નહીં તો આખી જિંદગી સુધી ચાંદલા કર્યા કરે તોય કંઈ ન થાય. ખરી પૂજા ત્યારે કહેવાય કે જ્યારે શ્રેણી માંડે.

**"ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન;**
**ભાવે ભાવના ભાવીયે, ભાવે કેવળજ્ઞાન."**

ભાવ હોય તો બધું થાય. પ્રવૃત્તિથી નિવર્તીને ભગવાન પાસે આવે ત્યારે એવા ભાવ થવા જોઈએ કે હે ભગવાન! રખડતો રખડતો આપને શરણે આવ્યો છું; મારે હવે કોઈ શરણરૂપ નથી. કેવળી ભગવાનના સમવસરણમાં આવતાં એવી ભાવના હોય ત્યારે ખરી પૂજા છે.

જીવ નિગોદમાંથી કોઈ મહાપુણ્યના યોગે બહાર આવ્યો અને બધી ગતિઓને ઓળંગીને મનુષ્યભવ અને એવો જોગ પામ્યો, તો હવે પુરુષાર્થ કરવો. ખામી એની જ છે.

૩૯ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૧૫, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી—મનુષ્યભવ મળ્યો છે, તે જ્ઞાન થવા માટે છે. પોતાની મેળે તો ઘણુંયે કર્યું, પણ જ્ઞાનીની આજ્ઞાએ નથી કર્યું. તે કરવાનું છે. આત્મા જણાય એવાં સાધનો હોય તે ગ્રહણ કરવાં.

"શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?" એ વિચારવું. આ જીવને દેહનું સુખ લાગે છે, પણ આત્માનું નથી લાગતું. પણ ખરું સુખ તો આત્માના સમ્યક્‌જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ગુણો પ્રગટે ત્યારે થાય છે. સમ્યગ્દર્શન મુખ્ય છે. જો એ પ્રાપ્ત થાય તો જીવન સફળ થઈ જાય. જે મૂળ વસ્તુ જ્ઞાન-દર્શન-ચારિત્ર, તે જ્ઞાનીએ જાણી છે. આત્મા કદી મરતો નથી. શરીર છૂટી જાય, પણ આત્મા ન મરે. એ આત્મા બધાથી જુદો છે. ચોરાશી લાખ જીવયોનિમાં ભટકતાં ભટકતાં કોઈક વાર મનુષ્યભવ મળે છે, તો આપણે મોક્ષ થાય એવું કંઈક કરી લેવું. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર એ ત્રણ રત્ન કહેવાય છે. એ ત્રણ વસ્તુઓ પ્રાપ્ત થવી દુર્લભ છે. બીજાં રત્નો વેચાતાં મળતાં હોય તો મૂલ્ય આપીને લે છે, પણ પોતાનામાં જે અમૂલ્ય રત્નો છે તેને લેતો નથી. રત્નત્રય એ મોક્ષનો મૂળમાર્ગ છે.

જેને પરપદાર્થમાં ઇચ્છા નથી તે મોટા છે અને જેને રાગ નથી એટલે વીતરાગ છે તે મોટા છે. જેટલી પૌદ્‌ગલિક મોટાઈ ઇચ્છે તેટલા હલકા સંભવે. પરપદાર્થને ગ્રહણ કરવું, એ જ અધોગતિનું કારણ છે. જેમ ત્રાજવાના એક પલ્લામાં વધારે મૂકે તો નીચું જાય, તેમ ગ્રહણ કરવાની બુદ્ધિ કરે તો નીચો જાય છે. ત્યાગમાં સુખ છે, ત્યાગમાં સુખ છે, એમ મોઢે બોલે, તેથી ખબર ન પડે; પણ જેણે ત્યાગ કરીને જોયું છે તેને જ ખબર પડે છે. એક પરમાણુ માત્ર ગ્રહણ કરવું એ સુખનો નાશ છે. જે કંઈ સાધનો કરવાં છે તે અસંગ થવા માટે કરવાં છે. પ્રભુશ્રીજી કહેતા કે આત્માને માટે કરવાનું છે. અસંગ થવાનો લક્ષ ભૂલી ન જવો. વાત માનવી દુર્લભ છે. લૌકિક છૂટે તો અલૌકિક થાય. સત્સંગે કંઈક સાંભળવાનું મળે અને તેની અપૂર્વતા લાગે તો થાય એમ છે. અલૌકિક દૃષ્ટિની ભાવના કરવાની છે. જગતમાં શોધે તો દુઃખ સિવાય કંઈ ન મળે. એક સત્પુરુષને શોધે તો કામ થાય. "બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે."

ગેરંટી આપી છે. જગતમાં અપૂર્વ પદાર્થની ઇચ્છાવાળા થોડા છે. પોતાની ઇચ્છાએ વર્તનારા ઘણા છે. કૃપાળુદેવે એક પત્રમાં લખ્યું છે કે આ કાળમાં પરમાર્થની વૃત્તિ બહુ ક્ષીણપણાને પામી છે. પહેલી માન્યતા સુધારવાની જરૂર છે. જેવી ઇચ્છા કરે તેવો થાય.

૪૦ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૧, સં. ૨૦૦૭

મુમુક્ષુ–ભગવાનને આંગી, કપડાં વગેરે પહેરાવે તે શા માટે?

પૂજ્યશ્રી–પોતે મોહવાળો છે, એટલે ભગવાનને પણ મોહવાળા બનાવે છે; પણ ભગવાન તો મોહથી રહિત છે.

૪૧ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૨, સં .૨૦૦૭

પૂજ્યશ્રી–રોજ કંઈક, વાંચવું, વિચારવું. સત્સંગમાં જે કંઈ સાંભળવાનું મળ્યું હોય તેનો વિચાર કરવો અને જે પોતાને હિતકારી હોય તે ગ્રહણ કરવું.

(એક મુમુક્ષુભાઈ ચોથું વ્રત લેવા માટે આવ્યા ત્યારે)

પૂજ્યશ્રી–આત્માને માટે કરવાનું છે. નિશ્ચય છે ને?

મુમુક્ષુ–મરી જઉં, પણ એ તો ન જ કરું.

પૂજ્યશ્રી–પ્રભુશ્રીજી કહેતા કે એક હાથમાં ઝેર અને એક હાથમાં કટાર. મરી જવું, પણ વ્રત ભંગ ન કરવું. વ્રત લેવું તો બરાબર પાળવું. ત્યાં સભામંડપમાં આવજો.

૪૨ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૩, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી–'આત્મસિદ્ધિશાસ્ત્ર' વિચારવા યોગ્ય છે. કંઈક સંસારમાં દુઃખ લાગે તો વિચાર પણ આવે. પહેલી ગાથામાં જ કેવો વૈરાગ્ય છે!

**"જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત"**

અનંત દુઃખ પામ્યો છે. માટે જ્ઞાનીપુરુષો વચન વડે જાગૃત કરે છે. જેમ ચંદ્ર ઘણો દૂર હોય તો પણ તે ચંદ્રની સામે આંગળી કરીને બતાવે, ત્યારે ચંદ્ર આપણને દેખાય છે; તેમ આત્મા તો અરૂપી પદાર્થ છે, આંખથી દેખાય નહીં અને કોઈ પણ ઇન્દ્રિયથી તે જણાતો નથી, તોપણ સત્પુરુષના વચનમાં ચમત્કાર હોય છે કે તેથી આત્માનું ભાન થાય છે. એ સ્વરૂપ સમજવા માટે આખી 'આત્મસિદ્ધિ' લખી છે. આત્મા દેહથી ભિન્ન છે એ સમજવા માટે 'આત્મસિદ્ધિ' છે. એવા શબ્દો કહેવાવાળા તો ઘણા હોય છે, પણ પોતે તે સ્વરૂપ થઈને કહ્યું છે. સંસારમાં રહ્યા છતાં પણ તે સ્વરૂપને ન ભૂલ્યા એવા સદ્ગુરુદેવને નમસ્કાર કરું છું.

જગતમાં ભ્રાંતિ વધારનાર અસદ્ગુરુ છે. માટે સદ્ગુરુ જીવને ચેતાવે છે કે ક્રિયાજડ થઈશ નહીં, શુષ્કજ્ઞાની થઈશ નહીં. જે ક્રિયાજડ હોય છે તે માત્ર ક્રિયામાં જ રાચી રહ્યા છે. તે ક્રિયા શા માટે કરવી છે? એથી મારું કલ્યાણ થાય છે કે નહીં? એમ વિચાર્યા વિના માત્ર બાહ્ય ક્રિયા કરતો જાય તો કંઈ આત્માનું કલ્યાણ થાય નહીં અને જ્ઞાનને નિષેધે છે કે જ્ઞાનનું આપણે શું કામ છે? જ્ઞાનનું ફળ વિરતિ છે, તે તો આપણને આવી ગઈ છે, માટે આપણે કંઈ જ્ઞાનની જરૂર નથી.

"લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન." એમ માત્ર ક્રિયામાં જ રાચી રહે છે તે ક્રિયાજડ છે.

કેટલાક શુષ્કજ્ઞાનીઓ છે તે કહે છે કે આત્મા બંધાયેલો નથી, તેથી તેનો મોક્ષ પણ નથી. આત્માને કંઈ કર્મ બંધાતાં નથી. આત્મા સિદ્ધ જેવો છે, માટે કંઈ કરવું નહીં. એમ કહે પણ વર્તે પાછો મોહમાં, તે નરકમાં પણ જાય. જે ક્રિયાજડ છે તે તો કંઈક પુણ્ય બાંધે, પણ શુષ્કજ્ઞાની તો પાપ જ બાંધે છે. એને માટે થઈને જ્ઞાનીપુરુષો ચેતાવે છે કે—

**"જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ"**

જ્યાં જેવું હોય તેવું જ સમજવું અને તે જ પ્રમાણે આચરણ કરવું. પહેલાં ત્યાગ-વૈરાગ્યની જરૂર છે. જેના ચિત્તમાં એ નથી તેને જ્ઞાન થતું નથી. એ શુષ્કજ્ઞાન છૂટવાનો કોઈ ઉપાય હશે?

મુમુક્ષુ—જ્ઞાનીપુરુષના યોગે છૂટે.

પૂજ્યશ્રી—જ્ઞાનીપુરુષનો યોગ હોય તો શુષ્કજ્ઞાનીપણું અને ક્રિયાજડપણું પણ ન આવે. તે સદ્ગુરુનાં લક્ષણો આ છે.

**"આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;**
**અપૂર્વ વાણી, પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ્ય."**

જેને પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન હોય, જેને સમભાવ હોય એટલે શત્રુ-મિત્ર પ્રત્યે સમભાવ હોય, એવી દશા છતાં સંસારમાં કેમ વર્તવું પડ્યું? તો કે પૂર્વે જે કર્મ બાંધ્યાં છે તે નિવર્તવાને માટે, તેને અનુસાર વર્તે છે. સત્પુરુષનું ઓળખાણ તેમની વાણીથી થાય છે.

અમદાવાદથી એક રસિકલાલ નામના ભાઈ હીરાભાઈને ત્યાં આવતા હતા. તેમને એવી શંકા કે આત્મા છે કે નહીં? તેઓ પ્રભુશ્રીજી પાસે ગયા. ત્યારે પ્રભુશ્રીજી બોલ્યા કે 'આત્મા છે.' તરત તે ભાઈના અંતરમાં બેસી ગયું. [૧]ગૌતમસ્વામીને પણ એવી જ શંકા હતી. જેવા ગૌતમ મહાવીર પાસે ગયા કે તરત સમાધાન થઈ ગયું.

જીવ જ્યારે ફાંફાં મારતો હોય ત્યારે એવો યોગ મળે તો સમાધાન થઈ જાય. આત્મજ્ઞાની પુરુષો આત્માને જાગૃત કરે છે; નહીં તો જીવ પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં જ આસક્ત રહે છે. તેમાં દુઃખ છે અને આ સુખ માને છે. કૃપાળુદેવે 'ઉપદેશછાયા'માં કહ્યું છે કે સિદ્ધ ભગવાનના એક પ્રદેશનું સુખ અને આખા લોકનું સુખ, એ બેમાં સિદ્ધના એક પ્રદેશનું સુખ અનંતગણું ચઢી જાય છે. છતાં જીવ કેમ નથી પ્રાપ્ત કરતો?

મુમુક્ષુ—આટલું સુખ છે તો કેમ નથી પ્રાપ્ત થયું?

પૂજ્યશ્રી—સત્પુરુષનો યોગ નથી થયો અને જોગ થયો તો અધિકારીપણું નથી આવ્યું, એટલે વૈરાગ્ય ઉપશમ એની સાથે નથી આવ્યા. કોઈક વખતે સત્પુરુષનો યોગ મળ્યો તો અધિકારીપણું નથી આવ્યું, કે બેય નહીં આવ્યાં હોય અથવા સ્વચ્છંદ નથી ગયો. એક મળ્યું તો બીજું નથી મળ્યું એટલે રખડ્યો. બધું મળે ત્યારે બને.

દુઃખ લાગ્યું નથી. કેટલાય જન્મમરણ કર્યાં છતાં હજુ સુધી દુઃખ લાગ્યું નથી. જ્ઞાનીના વચનથી લાગે છે. જો સત્પુરુષનો યોગ ન હોય તો સત્સંગ, સત્શાસ્ત્રનું વાંચન કરવું, ત્યારે પુણ્ય બંધાય; તો

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૩૫૬.

જ્ઞાનીપુરુષનો યોગ થાય અને જેમ પુણ્ય વધે તેમ આજ્ઞાનું આરાધન થાય. સત્પુરુષનો યોગ મળ્યો હોય અને સ્વચ્છંદ ન ગયો હોય તો કંઈ થાય નહીં. માનાદિકને રોકે ત્યારે થાય એમ છે. મતાર્થીપણું જાય તો બોધ પરિણામ પામે. માર્ગનો મૂળ હેતુ વિનય છે. એ વિનય ગુણ પ્રગટે ત્યારે બને.

૪૩ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૪, સં .૨૦૦૭

(એક મુમુક્ષુ પાસે ''સર્વ વિભાવથી ઉદાસીન'' (૫૭૨) એ પત્ર બોલાવ્યો).

પૂજ્યશ્રી–'સર્વ વિભાવથી ઉદાસીન' એટલે શું?

મુમુક્ષુ–એક આત્મા સિવાય બીજા ભાવો ઉપર ઉદાસીન એટલે સમભાવ.

પૂજ્યશ્રી–આત્માનો સ્વભાવ રાગ-દ્વેષ કરવાનો નથી. રાગ-દ્વેષ કર્મના નિમિત્તે થાય છે. આત્મા તો સિદ્ધ સમાન છે. ''અત્યંત શુદ્ધ નિજ પર્યાયને સહજપણે આત્મા ભજે તેને શ્રી જિને તીવ્રજ્ઞાનદશા કહી છે.'' (૫૭૨) સહજપણે એટલે આત્મામાં સહજપણે રમણતા થાય. ''જે દશા આવ્યા વિના કોઈપણ જીવ બંધનમુક્ત થાય નહીં.'' (૫૭૨) નવાં કર્મ બંધાતાં અટકાવ્યા વિના મુક્ત થઈ શકે નહીં.

*

(સવારના ૧૦-૦૦ વાગ્યે)

મુમુક્ષુ–સત્પુરુષ શાથી ઓળખાય?

પૂજ્યશ્રી–સદ્ગુરુનાં લક્ષણોથી ઓળખાય; અથવા તો મુમુક્ષુતાથી ઓળખાય.

''ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે.'' (૮૧૯) જીવ નિશ્ચય કરે તો થાય એમ છે. (પછી એક મુમુક્ષુને ઉદ્દેશીને)

[1]તમે નમસ્કાર કરવાનો નિશ્ચય કર્યો એટલે થયાને! તેમ જીવને સમાધિમરણ કરવાનો નિશ્ચય હોય તો થઈ શકે છે.

મુમુક્ષુ–મારા અંતિમ સમયે તમે આવીને સમાધિમરણ કરાવજો. મારી સંભાળ લેજો.

પૂજ્યશ્રી–કૃપાળુદેવ કરશે એમ થશે.

નડિયાદના ડાહ્યાભાઈ કે જેમણે અહીં કૂવો બંધાવ્યો છે, તે ભાઈએ પ્રભુશ્રીજીને કહ્યું હતું– તમે મારી અંતિમ સમયે સંભાળ લેજો. પછી તેમને કોઈક વખતે રોગ થયો. તે વખતે પ્રભુશ્રીજી ઇન્દોર પધાર્યા હતા. ઇન્દોરથી અમદાવાદ આવ્યા. પછી પ્રભુશ્રીજીએ કહ્યું, નડિયાદ તરફ ચાલો. પ્રભુશ્રીજી નડિયાદ પધાર્યા, અને ડાહ્યાભાઈને ત્યાં ગયા. ત્યાં પ્રભુશ્રીજીએ બોધ આપ્યો પછી તેમનો દેહ છૂટી ગયો.

*

(બપોરના ૧-૦૦ વાગે)

મુમુક્ષુ–આવશ્યક કેટલાં છે?

---

૧. આસો વદ ૧ના રોજ

પૂજ્યશ્રી—છ છે. (૧) પ્રતિક્રમણ, (૨) પચખાણ, (૩) સામાયિક એટલે સમભાવ, (૪) ગુરુવંદન અથવા ચોવીશ તીર્થંકરોની સ્તવના, (૫) વાંદણાં, અને (૬) કાઉસગ્ગ.

(એક મુમુક્ષુએ મુખપાઠ કરેલ પત્ર બોલી સંભળાવ્યો તે પ્રસંગે).

પત્ર શીખીને વિચારવું. જ્ઞાની જ આપણને બોધ કરી રહ્યા છે એમ જાણી વિચારવું.

(એક ભાઈને સ્મરણમંત્ર આપ્યો તે પ્રસંગે) આત્માનું હિત કરવાનો લક્ષ રાખવો.

*

(બપોરના ૩-૦૦ વાગ્યે)

પૂજ્યશ્રી—મનુષ્યભવ પામીને આત્માનું હિત કરવાનું છે. સત્સંગની જરૂર છે. નિમિત્તાધીન જીવ છે. જેવાં નિમિત્ત મળે તેવા ભાવ થઈ જાય છે. સ્ટેશન ઉપર જઈએ તો ત્યાંની વાતો સાંભળવાનો ભાવ થશે, દવાખાનામાં જાય તો તેવા ભાવ થાય અને ધર્મના સ્થાનમાં જઈએ તો ધર્મના ભાવ થાય. માટે સારા નિમિત્તની જરૂર છે. મનુષ્યભવ પામીને એટલી વાતોનો વિચાર કરવાનો છેઃ

**''હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?**
**કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?''**

મુમુક્ષુ—વળગણા એટલે શું?

પૂજ્યશ્રી—ઘર, કુટુંબ, મા-બાપ, ભાઈ-બહેન એ બધા સંબંધો છે તે વળગણા છે. જ્યારે આપણો ભાવ મોળો પડવા લાગે ત્યારે ઝટ ચેતીને સત્સંગ કરવા જતા રહેવું.

જેમ નોળિયો હોય તે સાપને જોઈને તેનાથી લડવા જાય. ત્યારે સાપ દંશ મારે કે તરત તે નોળિયો પોતાના દરમાં જઈને જડીબૂટી સૂંઘી આવે, તેથી ઝેર ઊતરી જાય. ફરી લડવા જાય ત્યારે સાપ કરડે કે તરત બૂટી સૂંઘી આવે. એમ કરતાં કરતાં નોળિયો નિર્વિષ હોવા છતાં ઝેરીલા સાપને મારી નાંખે છે. તેમ સંસારરૂપી સાપ છે અને જીવરૂપી નોળિયો છે, સત્સંગરૂપી બૂટી છે. જ્યારે જીવને સંસારરૂપી સાપનું ઝેર ચઢે, ત્યારે સત્સંગરૂપ બૂટીને સૂંઘી આવે તો ઝેર ઊતરી જાય. એમ કરતાં કરતાં સંસારનો નાશ કરીને મોક્ષે જાય. ભાવ બગડે કે તરત ચેતી લેવું.

૪૪ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૫, સં .૨૦૦૭

પૂજ્યશ્રી—ધર્મધ્યાનમાં વૃત્તિ રાખવાની છે. જીવે લૌકિક ભાવો તો બહુ કર્યા છે. કોઈ લોકો એમ કહે છે કે દિવાળી આવે છે, માટે ઘેર ગયા વિના ન ચાલે; પણ આપણે તો નવા દિવસોમાં નવા નવા ભાવ થાય તેવું કરવાનું છે. અનેક પર્વોમાં જીવો રૂઢિ પ્રમાણે વર્તે છે. મનુષ્યભવ ફરી નહીં મળે, માટે કંઈક કરી લેવું.

મુમુક્ષુ—.........ને ઓપરેશન કરાવ્યું છે અને બે ગાંઠો નીકળી છે.

પૂજ્યશ્રી—કર્મની ગાંઠ મોટી છે. ''રાગ, દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ.'' દેહને માટે ઘણું કરે છે, પણ આત્માને મોટી ગાંઠો પડેલી છે તેનો તો વિચાર જ નથી. જેમને એક ભવમાં જ મોક્ષે જવાનું હતું, તેવા જીવોએ પણ કેટલો બધો પુરુષાર્થ કર્યો હતો! ખાધુંય નહીં, પીધુંય નહીં

એવો પુરુષાર્થ કર્યો હતો. તો, એને તો કેટલો પુરુષાર્થ કરવાની જરૂર છે!

આત્મભાવ મોટી વસ્તુ છે. માટે આત્મદૃષ્ટિ કરવાની છે. દેહદૃષ્ટિ છોડીને આત્મદૃષ્ટિ કરવી છે. આ મનુષ્યભવમાં જુદા પ્રકારનું મરણ કરવાનું છે. આત્મા ન ભુલાય એવો લક્ષ રાખવાનો છે.

એક શેઠ હતો. તેને છોકરો નહોતો. ધન-માલ બહુ હતાં. વૃદ્ધાવસ્થામાં તેને છોકરો થયો. તે મોટો થયો એટલે સારું સારું ખાવાપીવાનું આપ્યું, ઘરેણાં વગેરે પહેરાવીને બહુ પ્રેમથી ઉછેર્યો. તેને પછી પરણાવ્યો, પણ પેલાને તો પૂર્વ સંસ્કારોને લીધે વૈરાગ્ય હતો, એટલે ઘેરથી નીકળી પડ્યો. તે શેઠ રાત દિવસ તેની ચિંતામાં રહે કે મારો છોકરો ક્યાં રહેતો હશે? તેને ખાવાનું કોણ આપતું હશે? એમ આખો દિવસ અને રાત ચિંતા કરે, પણ ભૂલે નહીં. તેમ આત્માને માટે લક્ષ રાખવાનો છે. મનુષ્યભવમાં આત્માને ભૂલવાનો નથી. રાતદિવસ એક આત્માને જ ઇચ્છો; તેની જ ચિંતના અને તેમાં જ ચિત્ત રાખવાનું છે. એ જ કરવાનું છે.

અંતરમાં સુખ છે, સંસારમાં સુખ નથી. જીવ પોતાની કલ્પનાથી માને છે. આત્માથી બહાર બધું દુઃખ જ છે. રાગ-દ્વેષ અગ્નિ જેવા છે. આત્માથી બધી વસ્તુઓ હીન છે. જીવ કલ્પનાથી દુઃખી થાય છે. કલ્પના મટે તો સુખી થાય. કૃપાળુદેવે કહ્યું છે કે–

**''ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;**
**અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર.''** (૯૫૪)

આત્મા ભણી વળે તો મારું મારું થાય નહીં. મારું મારું એ ભૂલવાનું છે. બધું દેખાય છે તે સ્વપ્ના જેવું છે. જેમ મેળામાં ઘણા પ્રકારની દુકાનો હોય છે; કોઈ મોટરમાં બેસે છે, કોઈ ઘોડે ચઢે છે અને થોડી વારમાં બધા વીખરાઈ જાય છે; તેમ મરણ થાય ત્યારે બધું વીખરાઈ જાય છે. આત્માની સંભાળ અને એની જ કાળજી રાખવાની છે. જેટલો વિકાસ કરે તેટલો થોડો છે, કેમકે આત્મા અનંત જ્ઞાનવાળો છે.

જ્ઞાનીપુરુષોએ કહ્યું છે તે ભૂલવા જેવું નથી. પોતાની મેળે બહુ કર્યું છે. ''રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ.'' જ્ઞાની સિવાય થાય નહીં. ''વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.''

''સત્સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય?'' પોતાથી બને તેટલું કરવું. ન થતું હોય તો ભાવના કરવી. આત્માને ઓળખ્યો તો સુખી થાય, ન ઓળખ્યો તો પુરુષાર્થ કર.

શ્રેણિક રાજાને અનાથી મુનિએ કહ્યું–આત્મા છે, તે જ કર્મનો કર્તા છે, તે જ કર્મનો ભોક્તા છે અને કર્મને ટાળનાર પણ તે જ છે. રાજાને શ્રદ્ધા થઈ ગઈ. તેથી ફર્યા નહીં, અને તીર્થંકર નામકર્મ બાંધ્યું. બળ કરવાની જરૂર છે. બળિયો થાય ત્યારે થાય. ''શરણ ગ્રહે બળિયા તણું મન મોહન મેરે.'' પણ પાછો થાકી જાય છે. જેને માથે ધણી છે, તેને શી ફિકર છે?

**''ધિંગ ધણી માથે કિયા રે, કુણ ગંજે નર ખેટ,**
**વિમલ જિન દીઠા લોયણ આજ.''**

મુમુક્ષુ–સ્મરણ કરતી વખતે કેવા ભાવ રાખવા?

પૂજ્યશ્રી—સમભાવ રાખવો. સમજણ સાચી કરવાની છે. જે સ્મરણ મળ્યું છે, તે આત્મા જ આપ્યો છે. માટે જેટલી બને તેટલી જ્ઞાનીની આજ્ઞા આરાધવી.

**''કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ.''**

એટલું થાય ત્યારે આત્માર્થી થયો કહેવાય.

મુમુક્ષુ— **''ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત;**
**પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત.''**

એટલે શું?

પૂજ્યશ્રી—ઉપાદાન એટલે આત્મા. મારે આત્માનું હિત કરવું છે અને કહે કે મારે નિમિત્તની જરૂર નથી. એમ જે નિમિત્તને નિષેધે છે તે ભ્રાંતિમાં જ સ્થિત રહે છે. ભક્તિ એ બહુ સારું નિમિત્ત છે. એમાં પડવાનું હોય નહીં, અહંભાવ થાય નહીં.

મુમુક્ષુ—ભક્તિ એટલે શું?

પૂજ્યશ્રી—મહાપુરુષોના વચનોમાં વૃત્તિ રાખવી, સ્વરૂપમાં સ્થિત થયા છે એવા પુરુષોમાં જોડાવું તે ભક્તિ. જેમ જેમ જ્ઞાનીપુરુષની ઓળખાણ પડે તેમ તેમ ભક્તિ થાય. મહાપુરુષો પ્રત્યે જે આસક્તિ છે તે સંસારને નાશ કરવાનું કારણ છે.

મુમુક્ષુ—વિચાર કેવી રીતે કરવો?

પૂજ્યશ્રી—જે વાંચ્યું હોય, સાંભળ્યું હોય તેનો એમ વિચાર કરવો કે મારે એમાં શું લેવા યોગ્ય છે? શું ત્યાગવા યોગ્ય છે? મહાપુરુષો કહે છે તે પ્રમાણે હું કરું છું કે નહીં? સમજાય છે કે નથી સમજાતું? શા માટે નથી સમજાતું? સમજવા માટે પુરુષાર્થ કરવો. જ્યાં સુધી સમજ્યો ન હોય ત્યાં સુધી સમજવાનો વિચાર કરવો અને સમજ્યા પછી આચરવાનો પુરુષાર્થ કરવો. દર્શનમોહ અને ચારિત્રમોહ એમ બે છે. દર્શનમોહ એને સમજવા ન દે અને ચારિત્રમોહ વર્તવા ન દે.

મુમુક્ષુ—''ગમે તે પ્રકારે પણ ઉદય આવેલા અને ઉદય આવવાના કષાયોને શમાવો.'' (૧૪૩) એટલે શું? શી ખબર પડે?

પૂજ્યશ્રી—નિમિત્તથી ખબર પડે છે. યુવાવસ્થા પછી વૃદ્ધાવસ્થા આવશે એમ ખબર પડે છે ને? માટે યુવાવસ્થામાં ખરાબ ટેવો ન પાડું, તો વૃદ્ધાવસ્થામાં કષાય થશે નહીં, એમ નિમિત્તથી ખબર પડે.

મુમુક્ષુ—''મુક્તિ સંસાર બેહુ સમ ગણે'' (આ૦ ૧૯) એટલે શું?

પૂજ્યશ્રી—જગતમાં કહેવાય છે કે સિદ્ધશિલા તે મોક્ષ છે અને સંસાર અથવા ઘરમાં રહ્યા તે સંસાર. એમ બેય પ્રત્યે જ્ઞાનીને સમભાવ હોય છે. કેમકે, ''મોક્ષ કહ્યો નિજશુદ્ધતા'' જેટલો સમભાવ હોય તેટલો મોક્ષ થયો કહેવાય છે. જ્ઞાનીને તો સિદ્ધશિલામાં હોય તોય સમભાવ છે અને પ્રારબ્ધના ઉદયથી ઘરમાં રહેતા હોય તો પણ સમભાવ છે.

મુમુક્ષુ— **''મુખથી જ્ઞાન કથે અને, અંતર્ છૂટ્યો ન મોહ;**
**તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ.''**

એનો શો અર્થ હશે?

પૂજ્યશ્રી—ઉપરથી જ્ઞાનની વાતો કરે અને મોહ છૂટ્યો નથી, પોતાના દોષ જોયા નથી અને જ્ઞાની થઈને બેસી રહે. જ્ઞાનનું ફળ તો હોવું જોઈએ ને?

૪૫ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૭, ૨૦૦૭

પૂજ્યશ્રી—શ્રદ્ધા એ સહુમાં મુખ્ય છે. થોડો અથવા પોતાથી બને તેટલો વખત કાઢીને શીખેલું હોય તે રોજ બોલવું. સત્સંગની ભાવના રાખવી. પોતાથી વ્રત પચખાણ ન થતું હોય તો વાંચવું, વિચારવું વધારે યોગ્ય છે. પુસ્તક મળ્યું હોય તેને સાચવવું. કોઈ વખતે આગ લાગી હોય, તો પુસ્તક કે ચિત્રપટ હોય તે ઘરમાંથી લઈને બહાર નીકળી જવું. બીજી વસ્તુઓ ભલે બળી જતી હોય, પણ પહેલું એ સાચવવું.

*

('તત્ત્વાર્થસાર' ના વાંચન પ્રસંગે)

''सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः।''

મોક્ષનાં સાધન સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. એ ત્રણ વાતોને લઈને કૃપાળુદેવે આખો 'મૂળમાર્ગ' લખ્યો છે.

**''જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધતા રે, એકપણે અને અવિરુદ્ધ''**

જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણની ઐક્યતા તે મોક્ષ છે.

આત્મા છે એવી યથાર્થ શ્રદ્ધા થાય અથવા હું દેહાદિ પરદ્રવ્યોથી ભિન્ન છું, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર ને અનંતવીર્યરૂપ હું છું; એમ સદ્ગુરુના બોધથી જે માન્યતા થાય તે સમ્યગ્દર્શન છે. આત્મા છે એવી માન્યતા થયા પછી જે જીવાજીવ પદાર્થોનું જ્ઞાન થાય છે તે સમ્યગ્જ્ઞાન છે. જો આત્મા છે એવી શ્રદ્ધા ન હોય તો તે જ્ઞાન કુજ્ઞાન છે, ચારિત્ર છે તે કુચારિત્ર છે, તપ તે કુતપ છે. આત્માની પ્રતીતિ સિવાય જે જાણવું થાય છે તે બધું કુજ્ઞાન છે. ભલે પશુ જ હોય, પણ આત્મા અને દેહ ભિન્ન છે એવું જ્ઞાન છે તો તે સમ્યક્જ્ઞાન છે. પોતાના સ્વરૂપમાં આનંદ આવે તે ચારિત્ર છે. સમ્યગ્જ્ઞાન થયા પછી રાગ-દ્વેષ દૂર કરવાનો જે પુરુષાર્થ કરે તે ચારિત્ર છે. કૃપાળુદેવે કહ્યું છે કે વિષયારંભની નિવૃત્તિ, રાગ-દ્વેષનો અભાવ જ્યાં હોય અર્થાત્ વિષયો મેળવવા માટે જે આરંભ કરતો હતો તે આરંભથી નિવૃત્તિ થાય અને રાગ-દ્વેષ ન રહે તે ચારિત્ર છે. પોતાના સ્વરૂપમાં રમણતા તે ચારિત્ર છે. રાગ-દ્વેષ અને યોગ એટલે મન-વચન-કાયાની પ્રવૃત્તિ, એ છૂટે ત્યારે સ્વરૂપમાં રમણતા થાય છે તે ચારિત્ર છે; એને વેષની સાથે સંબંધ નથી.

**''તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે, નામ ચારિત્ર તે અણલિંગ''**

સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણેની એક સાથે શરૂઆત થાય છે. સમ્યક્દર્શન ચોથે ગુણસ્થાનકે પૂર્ણતા પામે, સમ્યક્જ્ઞાન તેરમે ગુણસ્થાનકે પૂર્ણતા પામે અને સમ્યક્ચારિત્ર ચૌદમે ગુણસ્થાનકે પૂર્ણતા પામે છે. ''અંશે હોય ઇહાં અવિનાશી.'' સમ્યક્દર્શન થાય ત્યારે અંશે ચારિત્ર આવી જાય. અનાદિથી જન્મમરણ કરી રહ્યો છે. કર્મને લઈને એને દેહ મળે છે. તેથી ફરી કર્મ બાંધી ફરી દેહ ધારણ કરે છે. એમ અનાદિકાળથી કરતો આવ્યો છે. તે

કર્મમળથી રહિત થાય ત્યારે મોક્ષ થાય છે. "મોક્ષ કહ્યો નિજશુદ્ધતા." શુદ્ધ આત્માનો સ્વભાવ તે મોક્ષ છે.

('તત્ત્વાર્થસાર'ના વાંચન પ્રસંગે) ૪૬ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૮, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી—તત્ત્વોની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે અથવા મોક્ષના પ્રયોજનભૂત તત્ત્વોની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. તે સમ્યગ્દર્શન બે પ્રકારે છે— (૧) અધિગમજ એટલે કોઈના ઉપદેશથી થાય. (૨) નિસર્ગજ એટલે સ્વાભાવિક રીતે જાતિસ્મરણજ્ઞાન આદિ વડે થાય.

નરકગતિમાં ત્રણ પ્રકારે સમ્યગ્દર્શન થાય છે— (૧) જાતિસ્મરણજ્ઞાનથી (૨) કોઈના ઉપદેશથી (૩) ઘણી વેદનાથી પણ થાય છે.

મનુષ્યમાં ત્રણ પ્રકારે થાય છે— (૧) જાતિસ્મૃતિજ્ઞાનથી (૨) કોઈના ઉપદેશથી (૩) જિનબિંબ દર્શનથી થાય છે.

તિર્યંચોમાં પણ મનુષ્યની પેઠે જ થાય છે.

દેવમાં ચાર પ્રકારે સમ્યગ્દર્શન થાય છે— (૧) જાતિસ્મરણજ્ઞાનથી (૨) ઉપદેશથી (૩) જિનબિંબ દર્શનથી (૪) પોતાના કરતાં બીજા દેવની વધારે ઋદ્ધિ દેખીને પણ કેટલાકને થાય છે.

('તત્ત્વાર્થસાર'ના વાંચન પ્રસંગે) ૪૭ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો વદ ૯, સં. ૨૦૦૭

પૂજ્યશ્રી—કર્મના બે ભેદ છે : (૧) દેશઘાતી (૨) સર્વઘાતી.

દેશઘાતી કર્મ જ્યારે ઉદયમાં આવે ત્યારે વસ્તુ પર કંઈક આવરણ આવે છે. જેમ સૂર્ય ઉપર વાદળું હોય તો પણ પ્રકાશ તો થાય, પણ જ્યારે વાદળા વગરનો સૂર્ય હતો ત્યારે તો તડકો અને પ્રકાશ બેય હતાં અને વાદળાથી એક પ્રકાશ જ થાય છે, એટલો ફેર પડે છે.

બીજું જે સર્વઘાતી કર્મ છે તે જ્યારે ઉદયમાં આવે ત્યારે વસ્તુ ઉપર સર્વથા આવરણ આવી જાય છે એટલે અપ્રગટ કરી દે છે.

સમકિતના ત્રણ ભેદ છે. (૧) ઉપશમ (૨) ક્ષયોપશમ અને (૩) ક્ષાયિક.

ઉપશમ એટલે કર્મોનું દબાઈ રહેવું. જેમ ડહોળું પાણી હોય અને તેમાં જો ફટકડી નાખી હોય તો કચરો નીચે રહી જાય અને ઉપરનું પાણી નિર્મળ થઈ જાય, પણ જો પાછો પાણીનો હિલોળો આવે તો ડહોળું થઈ જાય; તેવી જ રીતે કર્મનો ઉદય થવાથી પાછો મિથ્યાત્વમાં આવી જાય. એ ઉપશમ સમકિતની સ્થિતિ વધારેમાં વધારે બે ઘડીની છે.

ક્ષયોપશમ એટલે જે કર્મ વર્તમાનમાં ઉદય આવવાનાં હોય છે તે ઉદયમાં આવ્યા પહેલાં જ રસ આપ્યા વિના ચાલી જાય એટલે ખરી જાય અને જે કર્મ સત્તામાં પડ્યાં છે તેનું દબાવવું અથવા ઉપશમ થઈ જવું તે ક્ષયોપશમ સમકિત છે. એની સ્થિતિ વધારેમાં વધારે છાસઠ સાગરોપમની છે.

ક્ષાયિક એટલે કર્મોનું આત્માથી સર્વથા જુદાપણું થઈ જવું તે.

આત્માનો ગુણ જે શ્રદ્ધા છે તે તો એક જ છે, પણ કર્મને લઈને ત્રણ ભેદ પડ્યા છે. સાત તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. તે જ્યારે આવે ત્યારે તેના આઠ અંગ હોય છે.

(૧) નિઃશંકિત (૨) નિઃકાંક્ષિત (૩) નિર્વિચિકિત્સા (૪) અમૂઢદૃષ્ટિ (૫) ઉપગૂહન (૬) સ્થિતિકરણ (૭) વાત્સલ્ય અને (૮) પ્રભાવના.

૪૮ શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક સુદ ૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી–મહાપુરુષોએ જે જે કહ્યું છે તે બધું આત્માને હિત માટે કહ્યું છે. માટે મનમાં નિશ્ચય રાખવો કે આ જ મારે કામનું છે. જ્ઞાનીને જે ગમે, તે જો આપણને ગમે તો સમકિત. જ્ઞાનીને આત્મા ગમે છે, જો આપણને આત્મા ગમે તો સમકિત છે. આત્મા સિવાય બધી વસ્તુઓ વિનાશી છે. આત્મા ઇન્દ્રિયોથી જાણી શકાતો નથી, કે કોઈના હાથમાં આવે એવો નથી. ઉપયોગ, ઉપયોગમાં જોડાય ત્યારે આત્મા હાથમાં આવે. આત્મા ઉપયોગથી ઓળખાય છે. ''છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ.'' ઉપયોગ વિના પકડાય એવો નથી. મહાપુરુષોએ બધાયથી ઉપયોગ રોકી એક આત્મામાં જોડ્યો છે.

અંદરથી ઇચ્છાઓને રોકવી એ તપ છે. મોટી ભૂલ એ છે કે જીવ ઇચ્છાઓ કરે છે. આત્માનું સુખ ઇચ્છાઓ કરવાથી જતું રહે છે. ઇચ્છાઓનો નાશ કર્યા વગર સુખ ન મળે. બધાય વગર આત્મા રહી શકે છે. સિદ્ધ ભગવાનને શરીર નથી, આહાર નથી, તોપણ રહે છે ને! રહી શકે છે. એક પરમાણુ માત્ર ગ્રહણ કરવું એ સર્વ સુખનો નાશ છે. જ્યારે પરવસ્તુની ઇચ્છા કરે છે ત્યારે સુખ જતું રહે છે. ''ક્યા ઇચ્છત ખોવત સબે, હૈ ઇચ્છા દુઃખમૂલ.'' બહુ વિચારવા જેવી વાત છે. જ્ઞાનીની કહેલી એક વાત પણ જો ગ્રહણ કરી તો બસ.

મિથ્યાત્વ મંદ થાય ત્યારે ખરો ધર્મ પ્રગટે. એ મિથ્યાત્વ નાશ કરવાનું છે. જ્યાં સુધી મિથ્યાત્વ છે ત્યાં સુધી ચેતવા જેવું છે. કોણ જાણે કેવું કર્મ ઉદયમાં આવે અને ક્યાં લઈ જાય?

૪૯ શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક સુદ ૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી–આત્માને લઈને બધી શોભા છે.

મુમુક્ષુ–ક્રોધ ન થાય એનો ઉપાય શો?

પૂજ્યશ્રી–સમજણ આવે પછી ક્રોધ મંદ પડે છે. ક્રોધ આવે ત્યારે વિચારે કે ક્રોધ કરું છું, પણ એ તો ઝેર છે, મને આથી નુકસાન થાય છે, માટે મારે નથી કરવો. ''પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું હોય પણ તેના અનભ્યાસથી, તેના અપરિચયથી, તેને ઉપશમ કરવાથી, તેનું મંદપણું દેખાય છે.'' (૪૯૩) એ ઉપાય છે. જેમ જેમ દોષ દેખાય તેમ તેમ દોષને કાઢવાનો ઉપયોગ રાખે તો નીકળે.

મુમુક્ષુ–ભક્તિ કરવી ત્યારે મૌનપણે કરવી કે મોટેથી બોલીને કરવી?

પૂજ્યશ્રી–આપણું ચિત્ત જો વિક્ષેપવાળું હોય તો મોટેથી બોલવું. જેનું ચિત્ત થોડુંક બીજું સંભળાતાં ત્યાં જતું રહે એવું વિક્ષેપવાળું હોય, તેણે મોટેથી ભક્તિ કરવી, જેથી તેનું ચિત્ત બહાર ન જાય. જેમ આપણે સ્મરણ બોલીએ ત્યારે એક જણ આગળ બોલે અને પછી બધાય બોલે છે, એમ બોલવાથી ચિત્ત સ્થિર રહે છે.

જો આપણું ચિત્ત વિક્ષેપરહિત હોય તો મૌનપણે કરવી અથવા હોઠ ફરકાવ્યા વિના

કાયોત્સર્ગરૂપે કરે તો મોટેથી બોલે તેના કરતાં દસ ગણો લાભ થાય છે. સ્યાદ્વાદ માર્ગ છે; માટે સમજીને પોતાની ભૂમિકા તપાસીને કરવું. ચિત્ત વિક્ષેપવાળું હોય અને કાયોત્સર્ગમાં ઊભો રહી ભક્તિ કરે તો પ્રસન્નચંદ્ર રાજર્ષિની જેમ લડાઈ કરવા લાગે. માટે સમજીને કરવું. ''જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ.'' પ્રભુશ્રીજી એક દૃષ્ટાંત આપતા—

એક બાઈ હતી. તે રોજ સવારમાં ઊઠીને દરિયે વહેલી નાહવા જાય અને પછી ભજન કરે. એક દિવસે તે બાઈ વહેલી ઊઠી અને દરિયે નાહવા માટે જતી હતી. તે દરિયાથી થોડેક દૂર એક ઘાંચી રહેતો હતો. તેને કંઈક કામ હતું, તેથી મનમાં એમ વિચારીને સૂતો હતો કે મારે આજે વહેલા ઊઠીને તેલ કાઢવું છે. તે બાઈ ઘાંચીના ઘર પાસેથી જતી હતી. તેનો અવાજ સાંભળી તે ઘાંચી સવાર થઈ ગઈ એમ જાણીને ઊઠી ગયો. આજે બહુ મોડું થઈ ગયું છે એમ વિચારી તે ઘાણી પાસે ગયો. ઘાણીનું જે લાકડું હતું તે તેણે પહેલાં કાઢી મૂકેલું અને તે જગ્યાએ એક બિલાડી અને તેનાં બચ્ચાં સૂઈ ગયાં હતાં. તે ઘાંચીએ દેખ્યા વગર તેમાં તલ નાંખી તે લાકડાથી પીલવા લાગ્યો. તે ઘાણી નીચે એક ડબ્બો મૂક્યો. જ્યારે તેલ નીકળી ગયું ત્યારે તેણે તે ડબ્બો લઈને એક બાજુ મૂકી દીધો. પછી રાત તો હજુ બહુ બાકી છે એમ જાણીને પાછો સૂઈ ગયો. હવે તે બાઈ નાહીને ઘેર ગઈ અને માથું ઓળવા લાગી કે તેમાંથી નાની નાની માછલીઓ નીકળી. તે જોઈને વિચાર કરવા લાગી કે મેં આજે બહુ પાપ કર્યું. બિચારાં માછલાં મરી ગયાં. તે બાઈના ગુરુ જ્ઞાની હતા. તે બાઈ ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત લેવા ગઈ. ગુરુએ કહ્યું—દરિયાની પાસે જે ઘાંચી રહે છે તેની પાસેથી બે પૈસાનું તેલ લઈ આવ. તે બાઈ તેલ લેવા ગઈ. ઘાંચીએ તેલ આપવા માટે ડબ્બો કાઢ્યો તો બધું તેલ લાલ લાલ દેખાયું. ઘાંચીએ ખોળ જોયો તો તેમાં હાડકાં દીઠાં. પાસે બિલાડી બેઠી બેઠી રોતી હતી તે જોઈને તે કહેવા લાગ્યો કે કોઈ રાંડ અહીં થઈને જતી હતી. તેના અવાજથી હું જાગી ગયો અને મોડું થયું જાણીને ઉતાવળથી જોયા વગર તલ પીલ્યા. તે જોઈ પેલી બાઈ પણ તેલ લીધા વગર પાછી આવી. ગુરુએ પૂછ્યું કે કેમ તેલ નથી લાવી? તે બાઈએ બધી હકીકત કહી અને કહ્યું કે હું જ વહેલી નહાવા ગઈ હતી. પછી ગુરુએ બિલાડીનાં બચ્ચાંનું તલ સાથે પીલાઈ જવું વગેરે બધી વાત કહી. બાઈએ પછી પ્રાયશ્ચિત્ત લીધું.

મુમુક્ષુ—મને આજે ક્રોધ ન કરવાનું પચખાણ આપો.

પૂજ્યશ્રી—ક્રોધ કરીશ નહીં ને?

મુમુક્ષુ—ના, પ્રભુ.

પૂજ્યશ્રી—પચખાણ લીધા વગર જોઈ લો કે આખા દિવસમાં ક્રોધ થાય છે કે નહીં? એક કલાક મારે ક્રોધ નથી કરવો એમ અભ્યાસ કરવો અને પછી પચખાણ લેવું.

૫૦ શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક સુદ ૮, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી—ગમે ત્યાં જઈએ, તો પણ ભક્તિ, વાંચન, વિચાર કરવાનું રાખવું.

મુમુક્ષુ—વૈરાગ્ય શાથી થાય?

પૂજ્યશ્રી—વિચારથી. શરીરનો વિચાર કરે કે આ શરીર ઉપરથી સારું દેખાય છે, પણ એની

અંદર શું ભરેલું છે? એનું સ્વરૂપ કેવું છે? એમ જો વિચાર કરે તો વૈરાગ્ય થાય. વૈરાગ્યની જરૂર છે. પ્રથમ– ''હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી.'' એમ કહ્યું. પહેલાં એટલું થાય તો મનાય કે– ''શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું.'' (૬૯૨)

કંઈક વૈરાગ્ય હોય તો બોધ પરિણામ પામે. કંઈને કંઈ રોજ રોજ નવું શીખવું. જ્ઞાનીનું એક વચન પણ ગ્રહણ થાય તો મોક્ષે લઈ જાય. કેમકે ''સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં અનંત આગમ રહ્યાં છે.'' (૧૬૬) સત્પુરુષોએ એક 'સમતા' શબ્દ કહ્યો. તેનાથી તો કેટલાય મોક્ષે ગયા. ચિલાતીપુત્રનું દૃષ્ટાંત વાંચ્યું છે?

કોઈ એક મુનિ બેઠા હતા. ચિલાતીપુત્રે ત્યાં આવીને તલવાર દેખાડી અને કહ્યું કે મને મોક્ષ આપ, નહીં તો હું તારું માથું કાપી નાંખીશ. મુનિએ વિચાર્યું કે આ ભવ્ય જીવ છે, એમ જાણીને મુનિએ શમ, વિવેક અને સંવર એમ ત્રણ શબ્દો તેને કહ્યા. ચિલાતીપુત્ર ત્યાં જ ઊભો રહ્યો અને વિચાર્યું કે એ શબ્દો કહેવાવાળો પુરુષ તો સાચો છે. એમ નિશ્ચય કરીને શમ, વિવેક, સંવર એની ધૂન લગાવી. એમ કરતાં કરતાં તે શબ્દો તેને સમજાયા અને વિચાર કરતાં કેવળજ્ઞાન પામ્યો.

વૈરાગ્ય રાખવો. સંસાર પ્રત્યે ઉદાસીનભાવ રાખવો. પર તે પર. ભેદ પાડી દેવાનો છે.

**''અધ્યાત્મની જનની તે ઉદાસીનતા''** (૭૭)

કૃપાળુદેવ મુંબઈને સ્મશાન સમાન દેખતા હતા. લોકો મુંબઈ જોવા જાય છે, પણ જેને છૂટવું છે તેને પર ભાવમાં ઉદાસીન રહેવું અને જે કરવાનું છે તે ન ભૂલવું.

**૫૧** શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક સુદ ૧૦, સં. ૨૦૦૮

મુમુક્ષુ–દ્રવ્યાનુયોગ એટલે શું?

પૂજ્યશ્રી–આત્માને જણાવનારા ગ્રંથો તે દ્રવ્યાનુયોગ છે. દ્રવ્ય એટલે આત્મા. અનુયોગ એટલે ગ્રંથ.

જેમાં મહાપુરુષોનાં ચરિત્ર, કથાઓ હોય તે ધર્મકથાનુયોગ છે. જે ગ્રંથમાં આચાર સંબંધી કહ્યું હોય તે ચરણાનુયોગ છે. જે ગ્રંથમાં લોકનું માપ, લોકનું વર્ણન અને ગુણસ્થાન, માર્ગણા વગેરેનું વર્ણન હોય તે કરણાનુયોગ અથવા ગણિતાનુયોગ છે.

**૫૨** શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક સુદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી–કોઈ માણસ બીજાને મારતો હોય ત્યારે કહે કે પાપ કરે છે; પણ ક્રોધ, માન, માયા, લોભ છે તે મોટાં પાપ છે; તે હોય તો તેને પાપ કહેતા નથી. ક્રોધ જ્યારે આવે ત્યારે તરત ખબર પડી જાય. આંખો લાલ થઈ જાય અને પોતે દુઃખી થવા લાગે, પણ જ્યારે માન આવે છે ત્યારે જીવને ખબર પડવી મુશ્કેલ છે.

''અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય.'' એવું રોજ બોલીએ છીએ, પણ અંદરથી થવું જોઈએ. કૃપાળુદેવે કહ્યું છે કે– ''જો જગતમાં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત!'' (૨૧-૮૩)

માનને કાઢવા માટે ખરો ઉપાય વિનય ગુણ છે. દૃષ્ટિ ફેરવવી છે. જ્યાં ધર્મનું માહાત્મ્ય લાગે

ત્યાં શરીરનું માહાત્મ્ય ન લાગે. શરીર તો નાશ પામવાનું છે. અભિમાન કરીશું તોય નાશ પામશે. ગમે તેટલું અભિમાન કરે, તો પણ રહે નહીં. અભિમાન કરવા જેવી કોઈ વસ્તુ જગતમાં નથી.

ક્રોધ, માન, માયા, લોભ એ મહા પાપ છે. ક્રોધથી જીવ દુઃખી થાય છે, તેથી ખબર પડે; માનની પોતાને ખબર ન પડે તો સામાને પડે, પણ માયાની તો સામાને પણ ખબર ન પડે. એ તો સત્પુરુષના યોગે જ જાય. માયા છે તે પંડિતોને પણ છેતરી જાય છે. સરળભાવ આવે ત્યારે માયા છૂટે. સરળતા એ મોટો ગુણ છે. જેટલી સરળતા હોય તેટલો બોધ પરિણમે. સરળભાવ ન આવે ત્યાં સુધી બોધ ન પરિણમે.

લોભ છે તે સર્વથી મોટો દોષ છે. લોભને લઈને બીજા ત્રણ દોષો થાય છે. ક્રોધ-માન-માયા એ લોભને લઈને જ કરે છે. એ ચારે કાઢવા માટે તેના ચાર પ્રતિપક્ષી લક્ષમાં રાખવાના છે.

ક્રોધનો પ્રતિપક્ષી ક્ષમા છે. જ્યાં ક્રોધ હોય ત્યાં ક્ષમા ન હોય અને જ્યાં ક્ષમા હોય ત્યાં ક્રોધ ન હોય. માનનો પ્રતિપક્ષી વિનય છે. જો વિનય હોય તો માન ન રહે. માયાનો પ્રતિપક્ષી સરળતા છે અને લોભનો પ્રતિપક્ષી સંતોષ છે.

જે સરળતાવાળો છે તે સીધો છે અને માયાવાળો વક્ર એટલે વાંકો છે. જ્યાં લોભ ન હોય ત્યાં સુખ અને સંતોષ છે. જેમ જેમ લોભ ઓછો થાય છે, તેમ તેમ સમકિત થાય છે. લોભ જાય તો બધી આકાંક્ષા જાય. કષાયની ઉપશાંતતા એ આત્માર્થીનું પહેલું લક્ષણ છે.

મુમુક્ષુ—સત્સંગ એટલે શું?

પૂજ્યશ્રી—આત્માને સત્‌નો રંગ ચઢાવે તે સત્સંગ છે. સત્સંગથી સમજણ આવે. જેટલી સમજણ આવે તેટલો લાભ છે. અહીં આવીને બેસીએ તેથી સત્સંગ થાય એમ નહીં, એમ તો માખીઓ પણ આવીને બેસે છે. રોજ સત્સંગ કરીને કંઈક કંઈક ગ્રહણ કરે તો લાભ છે.

ક્રોધાદિને શત્રુ જાણે તો મોડા વહેલા નીકળે. એ આત્માના મોટા શત્રુઓ છે. "ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે." (૮—૩) કેવા શત્રુઓ છે! કેટલાય ભવનું પુણ્ય કર્યું હોય તેને બાળી નાંખે છે.

[૧]કુંડરિક, જે પુંડરિકનો ભાઈ હતો. તેણે દીક્ષા લીધી. પછી રોગ થયો અને ચારિત્ર-પરિણામથી ભ્રષ્ટ થયો. તેથી મરીને સાતમી નરકે ગયો.

છ ખંડનું રાજ્ય હતું, તેને છોડવા જેવું જાણતાં છોડીને ચાલ્યા ગયા. ચક્રવર્તી જ્યારે ઋષભકૂટ પર્વત ઉપર પોતાનું નામ લખવા જાય છે, ત્યારે દેખે છે તો કેટલાય ચક્રવર્તી થઈ ગયા છે! નામ લખવા જેટલી જગ્યા પણ ત્યાં ન મળે.

બધાય મહાપુરુષોએ આ સંસારને અસાર કહ્યો છે. છતાં આ જીવને તે બેસતું નથી. સંસારમાં ક્યાંય માલ છે નહીં. મહાપુરુષનાં વચનો છે તે માખણ છે અને બીજા બધા જીવો છાશ ખાય છે. તુચ્છ વસ્તુ તે જીવને મોટી લાગે છે. ઘરમાં કંઈક ચોરી થઈ ગઈ હોય તો આકુળવ્યાકુળ થઈ જાય અને જેને ઘેર છ ખંડનું રાજ્ય હતું, તે પણ ક્ષણવારમાં છોડીને ચાલી નીકળ્યા. સમજણ કરી લેવાની છે. સમજણ થઈ તો એની મેળે છૂટી જશે. વૈરાગ્યની વાત છે. વિચારવા જેવી છે.

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ ભાવનાબોધ આસ્રવ ભાવના વચનામૃત પૃષ્ઠ નં. ૫૪.

લોભમાં બધા દહાડા જાય છે. ઇચ્છા માત્ર લોભ છે. એ જ મોટી ભૂલ છે. ‘‘ક્યા ઇચ્છત ખોવત સબે, હૈ ઇચ્છા દુઃખમૂલ.’’ વસ્તુ ગ્રહણ કરવાની ઇચ્છા એ જ પરિભ્રમણનું કારણ છે. જીવને ગ્રહણ કરવાની બુદ્ધિ છે, તો પછી સુખી ક્યાંથી થાય? માથે બોજો ઉપાડે તો દુઃખી જ થાય. ઇચ્છા દુઃખનું મૂળ છે. એક લોભ જાય તો બધુંય જાય. અગિયારમા ગુણસ્થાનથી પાડનાર લોભ છે.

મુમુક્ષુ—ઇચ્છા ન કરીએ તો પછી ખાવા-પીવાનું શાથી મળે?

પૂજ્યશ્રી—એ તો પૂર્વે જે બાંધ્યું છે તે મળશે. એક પરમાણુ માત્ર ગ્રહણ કરવું એ જ સુખનો નાશ છે. માટે જ્ઞાનીઓએ આત્માને આગળ રાખવાનું કહ્યું છે. ‘‘આત્માથી સૌ હીન.’’ સમજણ ન ફરી તેથી બહાર ફરે છે.

હવે લોભને કાઢવાના રસ્તા બતાવે છે. પરિગ્રહની જરૂર હોય તેટલી અમુક મર્યાદા કરે કે આટલું થયા પછી ધર્મધ્યાન કરીશું. જ્યાં સુધી સમજણ ન ફરી હોય, ત્યાં સુધી મર્યાદા પણ એવી જ હોય! જરૂર હોય એક લાખની અને મર્યાદા કરે ચાર લાખની, તો શાથી પાર આવે? લોભનું શત્રુપણું જાણે, તો જ તેને કાઢવા લાગે. કંઈક પાછું વળવાની ઇચ્છા હોય, તો જ થાય.

૫૩ શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક સુદ ૧૨, સં. ૨૦૦૮

મુમુક્ષુ—‘‘વચન નયન યમ નાહીં.’’ એનો શો અર્થ હશે?

પૂજ્યશ્રી—કર્મ બાંધવામાં મુખ્ય કારણ વચન અને નયન છે. કોઈથી વેર બાંધે તો વચનથી જ બાંધે છે. કોઈને ખરાબ વચન કહે તો કર્મ બાંધે. આંખથી દેખીને રાગ-દ્વેષ કરે તેથી કર્મબંધ થાય છે. તેનો હે ભગવાન! મારાથી સંયમ થઈ શકતો નથી.

બાહ્યદૃષ્ટિ છે તે ફેરવીને અંતરદૃષ્ટિ કરવાની છે. હું કોણ છું? કોણ બોલે છે? કોણ સાંભળે છે? તેનો વિચાર કરવાનો છે. એક આત્મા સિવાય બીજું કંઈ કરવું નહીં. જીવની બાહ્યદૃષ્ટિ છે, તેથી અંતરદૃષ્ટિ થતી નથી.

મુમુક્ષુ—‘પરમપુરુષદશાવર્ણન’ (૭૮૧) એ પત્રમાં આવે છે કે ‘જે ઘરવાસને ભાલા સમાન જાણે છે.’ એ શું?

પૂજ્યશ્રી—જેને છૂટવાની ઇચ્છા જાગી છે, તેને ઘર છે તે કર્મબંધનું નિમિત્ત છે; તેથી ભાલા સમાન લાગે છે. તીર્થંકર આદિ ઘરમાં રહ્યા છતાં છૂટવાની ભાવના હતી; તેથી ક્યારે છૂટું, ક્યારે છૂટું એમ થઈ જતું. ઘરનું કામ કરવું પડે તેને કાળ જેવું ગણીને કરે છે; કેમકે છૂટવાની ભાવના છે, તેથી મોત જેવું લાગે છે. ઘરમાં રહેવું પડે તેને ભાલાના અગ્રભાગ ઉપર રહેવા જેવું જાણે છે. તેને કર્તાપણું મનમાં નથી રહેતું. કર્તાપણું અને મારાપણું એ બન્નેય ખરાબ છે. જીવનો સ્વભાવ જાણવાનો છે. જીવને ‘હું કરું છું, મેં આ કર્યું’ એમ કર્તાપણાની ટેવ પડી ગઈ છે. જો જાણે તો બધું ખોટું લાગે.

‘‘કોટી વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય; તેમ વિભાવ અનાદિનો...’’ દેહને મારો માને છે તે વિભાવભાવ છે. તે મટે ત્યારે દેહને અને મારે લેવાદેવા નથી, મારે દેહના વિકલ્પ કરવા

જેવા નથી, એમ જાણે. ત્યાર પછી ''જ્ઞાન થતાં દૂર થાય.'' બધુંય નાસી જાય.

મુમુક્ષુ—'કીમિયા વગેરે જોગને ઝેર સમાન જાણે છે' એટલે શું?

પૂજ્યશ્રી—વસ્તુમાં ફેરફાર કરવાની શક્તિ હોય; કોઈ અમુક રસ હોય તેને પત્થર ઉપર નાખે તો સોનું બની જાય, એ બધું ઝેર સમાન જાણે. [૧](ભર્તૃહરિ—શુભચંદ્રાચાર્યનું દૃષ્ટાંત આપ્યું હતું).

વસ્તુનો સ્વભાવ હોય તે નિમિત્ત મળવાથી પરિણમે છે. જે વસ્તુના ધર્મને નથી જાણતો તેને આશ્ચર્ય લાગે છે. હમણાં આપણે દિવાસળી ઘસીએ તો અગ્નિ પ્રગટ થાય, તેથી કંઈ આશ્ચર્ય લાગતું નથી. પણ જ્યારે એ દિવાસળી તૈયાર થઈ હશે ત્યારે લોકોને કેવું લાગ્યું હશે? કે અહોહો! અગ્નિ પ્રગટ થાય છે! વસ્તુના ધર્મને જે જાણે છે તેને આશ્ચર્ય નથી લાગતું.

ખાસ આત્માનું કરવાનું છે. બીજું તો ઘણુંય કર્યું છે. ''યમનિયમ સંજમ આપ કિયો.'' આત્માનું કરવું છે.

*

(બપોરના ૩-૦૦ વાગ્યે)

પૂજ્યશ્રી—વેદનાના વખતમાં વધારે જોર કરવું. મનુષ્યભવ મળ્યો છે તો ભક્તિ કરવી. જ્યારે બહાર જવું પડે ત્યાં પણ ગાડીમાં બેઠા બેઠા સ્મરણ કરવું. મનુષ્યભવ છે ત્યાં સુધી કરી લેવું. આત્માને ભૂલી જઈ ભવને વૃથા ગુમાવ્યા છે. સત્પુરુષનો યોગ થયો છે તો કરી લેવું.

૧. મુમુક્ષુ—ઉપદેશ આપવો, સ્વાધ્યાય કરવો એ બધું પ્રમત્ત દશામાં હોય છે?

પૂજ્યશ્રી—હા, એ બધું પ્રમત્ત દશામાં હોય છે.

૧. મુમુક્ષુ—ત્યારે તીર્થંકર ઉપદેશ આપે છે, તે પ્રમત્ત દશા કેમ ન કહેવાય?

પૂજ્યશ્રી—તીર્થંકર ત્રણ ભવ પહેલાં ભાવના કરે છે કે ''સવિ જીવ કરું શાસનરસી'' એ ભાવના જ્યારથી હોય ત્યારથી તેઓને પુણ્યબંધ થાય છે. નરકમાં ગયા હોય, તોપણ ત્યાં પુણ્ય બંધાયા જ કરે છે. તે પુણ્ય તેરમે ગુણઠાણે ઉદયમાં આવે છે અને તીર્થંકર નામકર્મના ઉદયથી તેઓ ઉપદેશ આપે છે, તેથી પ્રમત્ત દશા ન કહેવાય.

૨. મુમુક્ષુ—મુનિ જ્યારે ઉપદેશ આપે ત્યારે સ્વાધ્યાય કરવો છે, એવા ભાવથી આપે છે?

પૂજ્યશ્રી—હા, એવા ભાવથી જ આપે છે.

(સવારના) ૫૪ શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક સુદ ૧૩, સં. ૨૦૦૮

૧. મુમુક્ષુ—તેર પ્રકારનું ચારિત્ર એટલે શું?

પૂજ્યશ્રી—પાંચ મહાવ્રત, પાંચ ઇન્દ્રિયોને જીતે, ત્રણ ગુપ્તિને પાળે એ તેર પ્રકાર કહેવાય છે. પાંચ મહાવ્રતોમાં બ્રહ્મચર્ય, પાંચ ઇન્દ્રિયોમાં જિહ્વા ઇન્દ્રિય, ત્રણ ગુપ્તિમાં મનોગુપ્તિ એ પાળવા બહુ મુશ્કેલ છે.

૨. મુમુક્ષુ—વચનગુપ્તિ એટલે મૌન રહેવું?

પૂજ્યશ્રી—વચનની સ્થિરતા થવી તે વચનગુપ્તિ છે.

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૫૫૩.

૩. મુમુક્ષુ–કાયગુપ્તિ એટલે સ્થિર થઈને બેસવું?

પૂજ્યશ્રી–કાયગુપ્તિ એટલે કાયામાં ચિત્ત ન જવા દેવું તે.

ચેલણા રાણીને ઘેર મુનિ વહોરવા આવ્યા ત્યારે ત્રણ આંગળી ચેલણાએ બતાવી. એટલે મુનિ પાછા ફર્યા. પછી શ્રેણિક રાજાએ તે મુનિને પૂછ્યું, કેમ પાછા ફર્યા? ત્યારે કહ્યું–મારામાં ત્રણ ગુપ્તિ નથી, બે ગુપ્તિ જ છે. પછી શ્રેણિકે પૂછ્યું–કાયગુપ્તિ તમારામાં નથી એમ તમે કેમ જાણ્યું? મુનિએ કહ્યું–હું સ્મશાનમાં જ્યારે કાયગુપ્તિ કરીને સૂતો હતો, એટલામાં કોઈ વિદ્યાધર આવ્યો, તેણે ખીર પકાવવા માટે એક મને અને બીજા બે મડદાં લાવીને ચૂલો કર્યો અને પછી અગ્નિ લગાડ્યો. નસો ખેંચાવા લાગી કે તરત હું હાલ્યો. વિદ્યાધર મને ભૂત જાણીને નાસી ગયો. એથી મેં જાણ્યું કે હજુ સુધી મારામાં કાયગુપ્તિ નથી. એમ ખરી ગુપ્તિ આવે ત્યારે કામ થાય. કહેવાતી ગુપ્તિ હોય તેથી કંઈ થાય નહીં.

મૂળમાં ભૂલ રહી જાય છે. કેવળજ્ઞાન ન થાય, ત્યાં સુધી પડવાનાં ઘણાં કારણો છે. ખરું સમકિત આવી જાય તો વાંધો નહીં. પહેલું સમકિત કરી લેવાનું છે. ત્યારથી એ બધાં સાધનો સવળાં છે. મૂળમાં ભૂલ હોય અને ગમે તેટલાં સાધન કરે, પણ બધાં અવળાં, કર્મનું કારણ થાય. ઉપયોગ એ આત્માનું લક્ષણ છે અથવા ધર્મ છે.

*

(બપોરના)

મુમુક્ષુ–ઉપદેશબોધ અને સિદ્ધાંતબોધમાં શો ફેર છે?

પૂજ્યશ્રી–સિદ્ધાંતબોધમાં જે છ દ્રવ્ય, તેના ગુણપર્યાયની વાત વગેરે હોય તે કોઈ દિવસે ન ફરે અને ઉપદેશબોધ છે તે સામાન્ય છે. અમુક થોડા પાપવાળું કાર્ય હોય અને તે કરવાથી નરકે જાય એમ કહ્યું, તેથી કંઈ બધાય નરકે જાય એમ નથી; તો પણ જીવનું ભલું થવા માટે અથવા વૈરાગ્ય થવા માટે કહે તે ઉપદેશબોધ છે.

મુમુક્ષુ–ઉપદેશબોધ ન પરિણમ્યો હોય અને સિદ્ધાંતબોધ આપે તો ન પરિણમે?

પૂજ્યશ્રી–ન પરિણમે. જેને મોક્ષની રુચિ થઈ હોય, સદ્‌ગુરુ પ્રત્યે ભક્તિ હોય, વૈરાગ્ય હોય તેને સિદ્ધાંતબોધ પરિણમે.

(બપોરના) ૫૫ શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક સુદ ૧૫, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી–સત્સંગની જરૂર છે. સત્પુરુષના યોગ વિના પોતાની મેળે ગમે તેટલાં પુસ્તકો ભણે તો તેથી પાર આવે નહીં. ઘર, પૈસા, ટકા મારા માની રહ્યો છું અને મારે થોડાક દિવસોમાં તો જવું છે; એમ જેને વૈરાગ્ય હોય તેને સમજાય.

**''પ્રભુભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન, પ્રભુ મેળવવા ગુરુ ભગવાન;**
**ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય, તે ઊપજવા પૂર્વિત ભાગ્ય.''** (૧૦૭)

ભગવાનની ભક્તિ હોય ત્યાં કેવળજ્ઞાન તરફ લક્ષ રહે છે. જ્યાં પ્રભુ ભક્તિ હોય ત્યાં ઉત્તમ

જ્ઞાન હોય. ભક્તિની અપૂર્વતા સમજાય તો પોતાના સ્વચ્છંદને રોકે; ત્યાં સાચું જ્ઞાન છે. સદ્‌ગુરુના યોગે ભક્તિ જાગે છે.

પૂજ્યશ્રી (એક મુમુક્ષુભાઈને ઉદ્દેશીને)—'આત્મસિદ્ધિ' વાંચી છે?

મુમુક્ષુ—હા જી.

પૂજ્યશ્રી— આટલી વસ્તુઓ વિચારવા યોગ્ય છે. આત્મા છે, નિત્ય છે, કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે. નરકમાં પણ સમ્યગ્દર્શન થાય છે. ત્યાં ઘણી વેદના હોવાથી અને અવધિજ્ઞાન હોવાથી પૂર્વે જે સત્પુરુષનાં વચનો સાંભળેલાં હોય તે તેને યાદ આવે અને વિચારે કે પોતાની મેળે તો મેં કર્યું, તેથી દુઃખ ભોગવું છું; પણ સત્પુરુષના આશ્રયથી હવે મારે કરવું. આવા વિચારથી ત્યાં સમ્યગ્દર્શન થાય છે. જો સાચો જોગ થયેલો હોય તો તે સંસ્કારો રહે. પહેલાં જે પુણ્ય કર્યું હોય તે સત્પુરુષને મેળવે અને પછી ત્યાગ-વૈરાગ્ય જેટલાં હોય તેટલું થાય છે. ગરજ જાગે તો થાય.

૫૬ શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક વદ ૩, સં. ૨૦૦૮

મુમુક્ષુ—મારે બ્રહ્મચર્યની બાધા લેવી છે.

પૂજ્યશ્રી— વ્રત લઈને બરાબર પાળવું. પ્રાણ જતા કરવા, પણ વ્રત ભંગ ન કરવું. બ્રહ્મચર્ય મોટી વસ્તુ છે.

**"પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;**
**પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન."**

જગત બધું એંઠવાડા જેવું છે. કશું સાથે આવે નહીં. સત્સંગની જરૂર છે.

૫૭ શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક વદ ૪, સં. ૨૦૦૮

(બ્ર. મગનભાઈની તબિયત નરમ હતી, તેથી તેઓની ઓરડીએ પૂજ્યશ્રી પધાર્યા અને ત્યાં બોધ કર્યો).

પૂજ્યશ્રી—આપણે સ્મરણ કર્યા કરવું. એ મોટી દવા છે. વેદના તો જવાની છે. જે ભોગવવામાં આવે તેથી છુટાય છે. "કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર."એમ જો વિચારે તો એને વ્યાકુળતા થવાને બદલે નિરાંત થાય. સમયે સમયે ઉદય આવીને ભોગવાય છે અને તેથી છુટાય છે. સમ્યક્‌પ્રકારે જો વેદનાને વેદવામાં આવે તો તે વેદના ફરી કોઈ કર્મનું કારણ થતી નથી. જ્ઞાનીની આજ્ઞાને વિચારવી. મારે આત્માને એમાં જ રાખવો છે. દેહની ગરજ જાગે ત્યારે દેહનું કરે, આત્માની ગરજ જાગે ત્યારે આત્માનું કરે. મારે આત્માનું કરવું જ છે એવું મનમાં રાખવું.

(પછી બ્ર. મોહનભાઈ પાસે "શારીરિક વેદનાને દેહનો ધર્મ જાણી..."(૪૬૦) એ પત્ર બોલાવ્યો અને બહુ ભાવપૂર્વક સમજાવ્યો).

પૂજ્યશ્રી—મંત્ર મળ્યો છે તે જેવો તેવો નથી. પ્રભુશ્રીજી કહેતા કે મંત્ર આપીએ છીએ તે આત્મા જ આપીએ છીએ.

(ઉ૫૨) ૫૮ શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક વદ ૫, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી— (બધાને ઉદ્દેશીને)—સ્યાદ્વાદ એટલે શું? (કોઈએ ઉત્તર આપ્યો નહીં ત્યારે પોતે જ કહ્યું).

વસ્તુને સર્વાંગે જાણી કહેવું તે સ્યાદ્વાદ છે. જેમ ભમરો કાળો હોય છે પણ તેનું માથું પીળું હોય છે; તેમ વસ્તુને સર્વાંગે જાણી કોઈ નય દુભાય નહીં, તેવી રીતે બોલવું તે સ્યાદ્વાદ છે.

(એક મુમુક્ષુભાઈને 'મોક્ષમાળા'માંથી 'શિક્ષણ પદ્ધતિ અને મુખમુદ્રા' એ વાંચવા કહ્યું. તેઓ વાંચતા હતા ત્યારે).

પૂજ્યશ્રી–શિક્ષણ પદ્ધતિ અને મુખમુદ્રા એટલે શું? (તે મુમુક્ષુભાઈ ઉત્તર આપી શક્યા નહીં ત્યારે)

શિક્ષણ પદ્ધતિ એટલે શીખવવાની રીતિ અને મુખમુદ્રા એટલે આ પુસ્તકમાં શું શું કહેવાનું છે, તે શા માટે લખી છે, ઇત્યાદિનો ખુલાસો. આપણે કરીએ છીએ, એથી બીજું કરવાનું છે. આ 'મોક્ષમાળા'માં મોક્ષનું બીજ કહ્યું છે, તે વાંચવું, વિચારવું. હમણાં બાહ્ય કારણોની પ્રધાનતા થઈ ગઈ છે.

મુમુક્ષુ–તે થવાનું શું કારણ હશે?

પૂજ્યશ્રી–મૂળ કારણ તો આ કાળના જીવોનું પુણ્ય ઓછું, તો પણ પુરુષાર્થ કરે તો બની શકે છે. કેટલાકને પૂર્વભવના સંસ્કાર હોય છે.

*

(સાંજના, ઉપર)

પૂજ્યશ્રી (એક મુમુક્ષુને ઉદ્દેશીને)–કેમ, આજે જવાના છો?

મુમુક્ષુ–જી, હા.

પૂજ્યશ્રી–સ્મરણ કરતા જવું. ગાડીમાં બીજી વાતો કરવાવાળા ઘણા બેઠા હોય છે, માટે આપણે સ્મરણ ભૂલવું નહીં. મનુષ્યભવની એક પળ પણ નકામી ન જવા દેવી.

મુમુક્ષુ–ચોવિહાર હોય ત્યારે સવારમાં કઈ વેળાએ ખાવું?

પૂજ્યશ્રી–સૂર્ય ઊગે ત્યારે. કોઈ બે ઘડી પછી ખાય છે. જેટલું બને તેટલું સારું. 'મોક્ષમાળા'માં રાત્રિભોજનના પાઠમાં છે કે મહાપુરુષો બે ઘડી દિવસ પહેલાં વાળુ કરે અને બે ઘડી દિવસ ચઢ્યા પહેલાં કોઈ જાતનો આહાર કરે નહીં. એ બધું દેહની આસક્તિ છોડવા માટે કહ્યું છે. દેહની સંભાળ તો ઘણી કરી, પણ હવે આત્માની કરવાની છે. જીવને સંસારમાં મોહ હોય છે, તેથી રાત દિવસ તેમાં જ દોડ્યા કરે છે.

(રાજકોટની કૉલેજમાંથી વિદ્યાર્થીઓ આવ્યા હતા તેમને ઉદ્દેશીને).

પૂજ્યશ્રી–તમને ત્યાં પા કલાક ટાઈમ મળે? (વિદ્યાર્થીઓએ ના પાડી ત્યારે).

ભણવું કરવું એ તો આજીવિકાનું સાધન છે, પેટને માટે છે; પણ ઠેઠને માટે કરવાની જરૂર છે. મોટા મોટા ચક્રવર્તી રાજા પણ રાજ છોડી, આત્મકલ્યાણ માટે જંગલમાં ચાલ્યા ગયા. તીર્થંકર ભગવાનને કંઈ ખામી નહોતી, છતાં રાજ છોડી ચાલી નીકળ્યા. સત્સંગની જરૂર છે.

૫૯ શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક વદ પ્ર. ૬, સં.૨૦૦૮

(પૂજ્યશ્રી આજે બપોરના એક મુમુક્ષુભાઈની ઓરડીએ પધાર્યા. ત્યાં કોઈ માંદું હતું, ત્યાં કરેલો બોધ.)

પૂજ્યશ્રી—વેદના તો જવા માટે આવે છે. મારું મારું કરવું મૂકી દેવું.

પ્રભુશ્રીજી એક ગામમાં ચોમાસું કરવા રહ્યા હતા. તે ગામમાં એક આર્જા બહુ માંદી હતી. મરવા જેવી થઈ ગઈ. ગોરાણી કહેવા લાગ્યાં કે એણે કશું પચખાણ પણ નથી કર્યું, હમણાં આ મરી જાય તો એની કેવી ગતિ થાય? કોઈએ કહ્યું કે મોટા સાધુને પૂછવા જાઓ. કોઈ બીજાએ કહ્યું કે રાત્રે સાધુને કેમ પૂછવા જવાય? માટે એને પચખાણ આપી દો. આર્જાને મૂર્છા આવેલી હતી. ગોરાણીએ પચખાણ આપ્યું કે હવે તારે દેહ રહે ત્યાં સુધી ચાર પ્રકારના આહારનો ત્યાગ છે. તે આર્જાને કંઈ ખબર નહીં. તેની મૂર્છા વળી અને સવારમાં ઊઠીને કહ્યું કે મને પાણી આપો. ગોરાણીએ કહ્યું કે તારે તો પચખાણ છે, માટે આહારપાણી ન લેવાય. આર્જા વિચારવા લાગી કે કોણે પચખાણ કર્યું છે? મેં તો નથી કર્યું. એણે પાણી માગ્યું ત્યારે ગોરાણી ગભરાયાં અને પ્રભુશ્રીજીના ઉપાશ્રયે આવ્યાં અને કહ્યું કે એક આર્જા છે, તે રાતે બહુ માંદી હતી અને મરી જશે એમ જાણી તેને પચખાણ આપેલું છે. હવે એને વેદના શાંત થઈ છે તેથી પાણી માગે છે, તેનું શું કરવું? પ્રભુશ્રીજીએ કહ્યું કે હું આવું છું. પછી આર્જા પાસે જઈને ગોરાણીએ કહ્યું કે હમણાં એક સાધુ આવે છે, તેમનાં દર્શન કરીને પાણી પીજે. એટલામાં પ્રભુશ્રીજી ત્યાં પધાર્યા. આર્જાએ કહ્યું કે મને એ લોકો પાણી નથી આપતા અને કહે છે કે તારે પચખાણ છે. પ્રભુશ્રીજીએ પૂછ્યું, પચખાણ આપ્યું ત્યારે તને ખબર હતી? આર્જા કહે કે હું તો કશુંય જાણતી નથી. પ્રભુશ્રીજીએ કહ્યું, ત્યારે પચખાણ ન કહેવાય. તારે પાણી પીવું હોય, ખાવું હોય તો ભલે ખા. આર્જા કહે, મારે પાણી વગર ન ચાલે, માટે મને પાણીની છૂટ આપો; આહાર વગર ચાલશે, માટે આહાર નહીં લઉં. પણ મને પચખાણ આપેલું છે તેથી પાપ લાગશે તો? પ્રભુશ્રીજી કહે કે તારું પાપ મારે માથે. હું તારું પાપ લઈશ. પછી રોજ પ્રભુશ્રીજી તેના ઉપાશ્રયે આવતા અને બોધ આપતા.

એક દિવસે પ્રભુશ્રીજીએ કહ્યું કે શ્રીમદ્ રાજચંદ્ર કરીને એક મહાપુરુષ થયા છે. અમે પણ તેઓને માનીએ છીએ, માટે તારે તેઓને માનવા અને શ્રદ્ધા કરવી. પછી રોજ પ્રભુશ્રીજી ત્યાં આવે અને કોઈ દિવસે ક્ષમાપનાનો પાઠ, કોઈ દિવસે વીશ દોહરા, એમ રોજ બોલે અને બોધ કરે કે—

આ શરીર નાશવંત છે. આત્મા મરતો નથી. જે વસ્તુઓ દેખાય છે તે તારી નહીં. કપડાં, દેહ કોઈ તારાં નથી. પછી તે આર્જાને શ્રદ્ધા થઈ ગઈ. દરેક વસ્તુને જુએ તો કહે કે આ મારું નહીં. કપડાં વગેરે જુએ તો આ મારું નહીં એમ કહે. એક પાણીના આધારે એકવીસ દિવસ સુધી આર્જાનો દેહ રહ્યો અને પ્રભુશ્રીજીએ એકવીસ દિવસ સુધી બોધ કર્યો; પછી દેહ છૂટી ગયો.

મારું કોઈ નથી એમ કરવાની જરૂર છે. દેહ છે તે આપણો નથી. ''શારીરિક વેદનાને દેહનો ધર્મ જાણી અને બાંધેલાં એવાં કર્મોનું ફળ જાણી સમ્યક્પ્રકારે અહિયાસવા યોગ્ય છે.'' (૪૬૦) વેદના ઉદયમાં આવે છે, તે ભોગવીને તેથી છુટાય છે. પોતાનું બાંધેલું આવે છે. માટે ગભરાવું નહીં. જેટલું ભોગવાય તેટલો આત્મા હલકો થાય છે. ''થાય ભોગથી દૂર.'' છુટાય છે. આત્માને કંઈ નથી થતું. [૧]નમિરાજને ઇન્દ્રે કહ્યું કે તારી મિથિલા નગરી બળે છે. નમિરાજે કહ્યું કે મારું કશુંય નથી બળતું.

*

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ ભાવનાબોધ એકત્વભાવના વચનામૃત પૃષ્ઠ નં. ૪૦.

(સાંજના, ઉપર)

પૂજ્યશ્રી–જ્ઞાનીપુરુષનાં વચનો એવાં છે કે જીવને વિચાર ન આવતો હોય તો તે તેને પ્રેરે છે.

મુમુક્ષુ–ખાવા-પીવા-પહેરવા આદિમાં એકાકાર વૃત્તિ થઈ જાય છે તે શાથી મટે?

પૂજ્યશ્રી–પહેલા મનમાં એવો સંકલ્પ થાય કે મારે તાદાત્મ્ય અધ્યાસ મટાડવો જ છે, તો મટે. એને મટાડવા માટે જ્ઞાનીપુરુષોએ ઘણાં સાધનો બતાવ્યાં છે. આપણને જે મંત્ર મળ્યો છે તે એને મટાડવાનો ખરો ઉપાય છે. જેમ ઘોડો લગામમાં ન હોય ત્યારે આમ-તેમ, ગમે-તેમ ફરે અને જો લગામમાં હોય તો એને જ્યાં લઈ જવો હોય ત્યાં લઈ જવાય છે. તેમ આ મન છે.

મુમુક્ષુ–એ તો ભૂલી જવાય છે.

પૂજ્યશ્રી– ખામી એની જ છે. જ્યારે આપણે જમવા બેસીએ ત્યારે સાવચેતીપૂર્વક વિચાર કરવો કે મારે ખાવામાં વૃત્તિ જવા દેવી નથી, રસમાં લુબ્ધાવું નથી. એમ વિચાર કરીને જમવા બેસવું. જમ્યા પછી, પાછી તપાસ કરવી કે મારી વૃત્તિ કેટલી વાર એમાં ગઈ? જો એમાં વૃત્તિ ગઈ હોય તો ફરી વિચાર કરવો કે મારે, બપોરે જમવા બેસું ત્યારે ખાવા-પીવામાં વૃત્તિને જવા દેવી નથી. એમ અભ્યાસ કરતાં કરતાં ટેવ પડી જાય અને પછી સહજ થઈ જાય. પુરુષાર્થ કરવો. પહેલાં મનમાં નિશ્ચય-સંકલ્પ થાય તો જ મટે. માટે પહેલાં એવો સંકલ્પ કરવો.

મુમુક્ષુ–બ્રહ્મચર્યની જે નવવાડ કહી છે તે બરાબર ન પળાતી હોય તો વ્રતનો ભંગ થયો કહેવાય?

પૂજ્યશ્રી–અતિચાર લાગે. વ્રત ભંગ થયું ન કહેવાય, પણ એવું ઘણું થઈ જાય ત્યારે વ્રત ભંગ પણ થાય. એરંડાનું ઝાડ તે વચમાંથી પોલું હોય છે. તેના ઉપર એક રાઈનો દાણો નાંખે તો કંઈ થાય નહીં. પછી બે દાણા નાંખે. એમ કરતાં કરતાં એક મણ રાઈ નાંખી હોય તો ટૂટી જાય ને? તેમ વધારે અતિચાર લાગવા માંડે તો વ્રત ભંગ પણ થાય. થોડો દોષ હોય, પણ વધતો જાય તો વ્રત ભંગ થાય. થોડોક દોષ હોય અને તેને દોષ જાણતો હોય તો નીકળે. લક્ષ એવો હોવો જોઈએ કે મારાથી દોષ ન થાય. જેમ વહાણ લઈ જવું હોય બીજા કિનારે, પણ પવનના જોરથી બીજી બાજુ ખસતું હોય, તો પણ તેનો લક્ષ પેલે કિનારે લઈ જવાનો છે, તેથી પુરુષાર્થ કરીને પણ પાછું તે બાજુ લઈ જાય છે; તેમ લક્ષ તો દોષ ન થવા દેવાનો હોવો જોઈએ.

૬૦ શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક વદ ૭, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી–દેહથી દૃષ્ટિ ઊઠે ત્યારે આત્મા ભણી વળે. મરણ તો એક વખત આવવાનું છે અને ડર રાખે છે હજારો વખત. થોડુંક શરીર માંદું થાય કે મનમાં ડરે કે શું થશે? મરી તો નહીં જાઉં? એવા વિકલ્પો કાઢવાના છે. વેદના તો જ્યારે જવાની હોય ત્યારે જાય.

૬૧ શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક વદ ૮, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી–''આત્માથી સૌ હીન.'' આત્માથી બધું હીન છે. ''હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈપણ મારાં નથી, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું.'' (૬૯૨) મારાં માને તેથી મોહ થાય છે.

સ્મરણ ન ભુલાય એવો લક્ષ રાખવો. શાતા-અશાતામાં કે ગમે ત્યારે એ ન ભૂલવું. શાસ્ત્રો કરતાં સ્મરણમાં વધારે વૃત્તિ રાખવી. બધાં શાસ્ત્રો કરતાં 'સદ્‌ગુરુપ્રસાદ' છે તે બહુ સારું છે. રોજ એનાં દર્શન કરીને એમાં હસ્તાક્ષરો છે તે વાંચવા.

(સાંજના) ૬૨ શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક વદ ૯, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી—સત્સંગ ન હોય ત્યારે બીજા સમાગમ કરતાં પુસ્તકનો સમાગમ કરવો. કૃપાળુદેવ મને જ કહે છે, એવો લક્ષ રાખીને વાંચવું. નિરંતર સત્સંગની ભાવના રાખવી. સત્સંગની જરૂર છે. બીજા કોઈના સંગમાં પડવું નહીં. સત્પુરુષ ઉપર શ્રદ્ધા અને નિઃસ્પૃહતા એ બેની જરૂર છે.

'વીશ દોહરા' અપૂર્વ વસ્તુ છે. કૃપાળુદેવ પાસે જ બેઠા છે એવો ભાવ રાખીને ભક્તિ કરવી. બડબડ એકલું બોલી જવું નથી. આપણા માટે ભક્તિ કરીએ છીએ એવો લક્ષ રાખવો. કૃપાળુદેવે પ્રભુશ્રીજી ઉપર એક પત્ર (૫૩૪) લખ્યો છે, તેમાં વીશ દોહરાનું માહાત્મ્ય કહ્યું છે. ભૂલા પડેલા જીવને ઠેકાણે લાવે તેવું છે. 'યમનિયમ' પણ તેવું જ છે. આ કાળમાં ભક્તિ જેવું એકે સાધન નથી. બધું એમાં સમાય છે. અહંકાર થાય નહીં, એવું છે. સત્પુરુષના વચનો જેમ જેમ વાંચે તેમ તેમ શ્રદ્ધા થાય કે આ કાળમાં એવા એવા પુરુષો થયા છે! કૃપાળુદેવે લખ્યું છે કે—

''સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી નિર્ભયપણાને, નિઃખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાએ કહી છે અને અમે પણ એ જ કહીએ છીએ.'' (૪૬૦)

સંસારની કોઈ પણ ચિંતા કરવી નહીં. જો હું ચિંતા કરું તો મારી શી વલે થશે? એમ વિચારવું. સંસારનું કામ કરવું પડે તો મનમાં રાખવું કે એ કામ મારું નથી. જેને સત્પુરુષની શ્રદ્ધા થઈ છે, તેની આજ્ઞાને ઉઠાવે છે તે પુરુષ ભાગ્યશાળી છે. જેટલી ભક્તિ થાય તેટલું આપણું જીવન સફળ છે. ક્ષણે ક્ષણે જીવન જાય છે; તેમાં જ્ઞાનીના વચનોમાં, ભક્તિમાં જેટલો કાળ ગાળ્યો તેટલો સફળ છે. એવી ભક્તિ કરવી કે દુકાન ઉપર કામ કરતાં પણ યાદ આવે, અસર રહે.

પુસ્તક વાંચીએ ત્યારે કૃપાળુદેવ આપણે ઘેર પધાર્યા છે એવો લક્ષ રાખીને વાંચવું. જ્યારે યાદ કરે ત્યારે સામે ઊભા જ છે.

જ્યારથી મુનિ થાય ત્યારથી એક મોક્ષ તરફ લક્ષ હોય અને પુરુષાર્થ પણ તેનો જ હોય છે. તેથી કર્મ ખપે છે. છૂટવાનો કામી હોય તેને પરમાત્મા પણ બાંધતા નથી. પોતાને ન છૂટવું હોય તો બધાય બાંધે છે. કૃપાળુદેવ લખે છે— ''કલ્પિતનું આટલું બધું માહાત્મ્ય શું?'' (૫૭૬)

સાચી વસ્તુ પડી રહી અને કલ્પિતની માન્યતા થઈ ગઈ છે. આવા વચનોનો સંગ્રહ કર્યો હોય તો આપણને બીજાં કામ કરતાં પણ સાંભરે. દેહ કરતાં અનંત ગણી કાળજી આત્માની રાખવાની છે. પુરુષાર્થ કરવાનો છે. કૃપાળુદેવનાં વચન મળ્યાં છે તો ગ્રહણ કરવાં.

''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' એ મંત્ર બહુ ચમત્કારી છે. એ જપતાં કોટી કર્મ ખપે છે.

૬૩ શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક વદ ૧૦, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી—સ્મરણ કરવું. હું દેહથી ભિન્ન છું એવો લક્ષ રાખવો.

મુમુક્ષુ—જેમ કોઈ પત્ર મુખપાઠ કરીએ અને ફેરવીએ નહીં તો તે ભૂલી જવાય છે, તેમ સત્પુરુષોના બોધથી જે કંઈ ભાવોમાં ફેરફાર થાય તે આ દેહ છોડ્યા પછી રહે કે પત્ર ભૂલી જવાય તેમ ભૂલી જવાય?

પૂજ્યશ્રી—પત્ર એક જ દિવસમાં મુખપાઠ કર્યો હોય તો તે થોડા વખત સુધી યાદ રહે અને વારંવાર રોજ યાદ કરે, ફેરવે તો તે ઘણા દિવસ સુધી યાદ રહે. તેમ સત્પુરુષનો બોધ જીવ એક વાર સાંભળે, કંઈક સંસાર અનિત્ય લાગે; પાછો તે નિમિત્તથી દૂર થાય કે તે અસર મટી જાય છે. ઘણા કાળ સુધી સત્પુરુષના બોધને માત્ર છૂટવાની ભાવનાએ સાંભળે તો તેની અસર ઠેઠ મરણ સુધી રહે અને ખાતાં-પીતાં, કામ કરતાં, સૂતાં-જાગતાં જ્ઞાનીની આજ્ઞામાં રહે, તેને જીવનનો સાર સમજીને બીજી બધી ઇચ્છાઓ ત્યાગીને એક મોક્ષનો ઉપાય કરે; જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે વર્તે તો તે ભાવના બીજા ભવમાં પણ કાયમ રહે. તેનું ફળ મોક્ષ છે. માટે પુરુષાર્થની જરૂર છે.

*

(બપોરના, સભામાં)

મુમુક્ષુ—દર્શનમોહ કેમ મટે?

પૂજ્યશ્રી—સત્પુરુષના બોધથી મટે. બોધ વિચારે અને આજ્ઞા આરાધે તો આ, જે દેખાય છે તે જગત ભૂલી જવાય; અને જે નથી દેખાતો આત્મા તે અનુભવાય છે.

જેમ આપણા પહેરણ ઉપર કોઈ ડાઘ પડ્યો હોય, તો આપણને બજારમાં જતાં શરમ આવે. તેમ રાગ-દ્વેષરૂપી જે ડાઘ મનમાં પડ્યા છે, તેથી ભગવાન પાસે જતાં જો શરમ આવે; તો પછી તે ડાઘ ધોવાનો વિચાર આવે, પણ ડાઘ ઓળખાવો જોઈએ. માટે રાગ-દ્વેષ મનમાં થાય છે તેને ઓળખી પછી વિચારથી તેને મટાડવામાં આવે તો મટે. ભગવાન પાસે ચોખ્ખા થઈને જવાની જરૂર છે.

જીવ નિમિત્તાધીન છે; માટે નિમિત્તોની સંભાળ રાખવી જોઈએ. માટે જ સત્સંગ જ્ઞાનીપુરુષોએ જણાવ્યો છે કે જેથી સહેજે જીવ ઊંચો આવે છે. સત્સંગનો જોગ ન મળે ત્યારે સદ્વાંચન પણ બહુ ઉપકારી છે.

*

(સાંજના)

પૂજ્યશ્રી—સર્વ કરવું છે તે એક લક્ષ થવાને અર્થે કરવું છે. લક્ષ ન થાય, તો લક્ષ વગરના બાણની પેઠે બધાં સાધનો નિષ્ફળ જાય. લક્ષ થવા માટે સત્સંગ એ સર્વોત્તમ અને સહેલો ઉપાય છે. સત્સંગથી જે લક્ષ કરવાનો છે, તે લક્ષ સહેજે થાય છે. જો લક્ષ થઈ જાય તો પછી બધાં સાધન સફળ થાય છે; માટે લક્ષ કરી લેવાનો છે. તે સત્સંગથી થાય છે. સત્સંગમાં વિઘ્ન કરનાર આરંભ અને પરિગ્રહ છે. માટે આરંભ અને પરિગ્રહથી નિવૃત્ત થઈ સત્સંગ કરે તો સહેજે લક્ષ થાય. અને લક્ષ જો પોષાય તો કરવાનું થઈ જાય. જીવને ત્યાગની ઘણી જરૂર છે. ત્યાગ એ રાજમાર્ગ છે, અનંત સુખ સ્વરૂપ છે. જગતના પ્રપંચથી જો પાછો વળે તો ઘણી નિવૃત્તિ મળે.

સાવ નવરો અને હલકો થઈ જાય, માટે ત્યાગ ઉત્તમ છે.

સારું કામ કરવું હોય તેને અનુકૂળ યુવાવય છે. હવે સારામાં સારું કામ શું છે? તેનો વિચાર કરે તો આત્મપ્રાપ્તિરૂપ ધર્મ જ સારરૂપ નીકળે છે. એને માટે યુવાવય ઘણી અનુકૂળ છે. બાળવયમાં સમજણ ઓછી હોય છે અને વૃદ્ધાવસ્થામાં કશું થાય જ નહીં. માટે યુવાવયમાં જ ધર્મ-આરાધન કરી લેવું. મરણ ક્યારે આવશે તે આપણે જાણી શકતા નથી. ઘડપણ દેખી શકાશે એવો નિશ્ચય નથી, માટે ત્વરાથી અનુકૂળતામાં કામ કરી લેવું.

પ્રબળ ઇચ્છાવાળા જીવો તો આ કાળમાં ઘણા જ ઓછા જોવામાં આવે છે; અને જેને ઇચ્છા ઉત્પન્ન થઈ છે તેણે તો પછી એ ઉત્તમ કામમાં પ્રમાદ કરવો ઉચિત નથી.

સંયોગો પલટાય છે. આત્મા કાયમ તેનો તે જ રહે છે. જેમ ઠરેલું ઘી આપણે જોયું હોય અને પછી તેને ગરમ કરીએ તો તે જ ઘી આપણને તેલ જેવું દેખાય; પણ જો પહેલેથી તે ઘીની સુગંધથી, ચાખવાથી ખરી ખાતરી કરી લીધી હોય તો પછી ગમે તે રૂપમાં તે ઘીને આપણે ઓળખી શકીએ. તેવી જ રીતે આત્માને પણ તેના ગુણો વડે, અનુભવ વડે તપાસી ખાતરી કરી લીધેલી હોય તો પછી ગમે તે સંયોગોમાં આપણે તેને ઓળખી શકીએ. નહીં તો સંયોગો પલટાતાં શ્રદ્ધા પણ પલટાઈ જાય. માટે જ્ઞાનીપુરુષોએ વૈરાગ્ય અને ઉપશમ વડે આત્માને ઓળખવાની આજ્ઞા કરી છે. દેખાય છે તે બધું પલટાઈ જવાનું છે, તો પછી તેમાં રાગ કરી ખોટી થવું નકામું છે. જે વસ્તુ હમણાં છે તે સાંજે દેખાતી નથી. એવી વસ્તુનો વિશ્વાસ કોણ સમજુ હોય તે કરે? તે પરથી વિશ્વાસ ઊઠે તો સહેજે ઉપશમ થાય. ઉપશમ એટલે કષાયોની મંદતા. જો વસ્તુનું સ્વરૂપ સમજાય, તો પછી તેની પ્રાપ્તિ-અપ્રાપ્તિમાં હર્ષશોક થાય જ ક્યાંથી? માટે વૈરાગ્ય વધારવાની જરૂર છે. વૈરાગ્ય લાવવા માટે બાર ભાવનાઓ વિચારવી.

૬૪ શ્રીમદ્ રા. આ. અગાસ, કાર્તિક વદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી—હું દેહથી ભિન્ન છું, એવો લક્ષ રાખવો. ''છે દેહાદિથી ભિન્ન આતમા રે.'' પોતાની કલ્પનાએ વર્તવામાં ધર્મ નથી. જાણનારને ભૂલવો નહીં. દરેક અવસ્થામાં કૃપાળુદેવનાં વચનો હિતકારી છે. કૃપાળુદેવે પુષ્પમાળામાં લખ્યું છે— ''જો તું સમજણો બાલક હોય તો વિદ્યા ભણી અને આજ્ઞા ભણી દૃષ્ટિ કર.'' (૨-૨૬) આત્માને માટે કરવાનું છે. ''સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં અનંત આગમ રહ્યાં છે.'' (૧૬૬) કૃપાળુદેવનાં વચનો વાંચવાથી ઘણો લાભ છે. અનુક્રમથી વાંચે તો વિશેષ લાભનું કારણ છે.

મુમુક્ષુ—જાત્રા કરવા જઈએ ત્યારે કેવા ભાવ થવા જોઈએ?

પૂજ્યશ્રી—જાત્રા એટલે શું?

મુમુક્ષુ—જે જે સ્થાનોમાં મહાપુરુષો વિચર્યા છે તે તે સ્થાનોમાં જવું તે જાત્રા.

પૂજ્યશ્રી—જાત્રા એટલે જે જે સ્થાનોમાં મહાપુરુષો વિચર્યા છે, તે તે સ્થાનોમાં જવું, તે પણ થાય છે અને જાત્રા એટલે જીવવું પણ થાય છે. આપણું જીવન પવિત્ર કરવા માટે જવું છે.

બાહુબળજી ખાવું-પીવું બધું છોડીને, કાઉસગ્ગમાં અડગપણે ઊભા રહ્યા હતા. દેહનું ભાન ભૂલી ગયા હતા. જીવને પોતાના ભાવથી લાભ થાય છે.

કૃપાળુદેવ એક મુમુક્ષુને લખે છે– ''હું તમારી સમીપ જ બેઠો છું એમ સમજો.''(૫૯) જેવા પોતાના ભાવ હોય તેવું ફળ મળે. જેવું ઇચ્છે તેવું મળે. સંસારની ઇચ્છા કરે તો સંસાર મળે. પરમાર્થની ઇચ્છા કરે તો પરમાર્થ મળે. સાચા દેવ મળે તો બધી સામગ્રી મળી આવે. બધું આત્મા પાસે જ છે. મોહને લઈને જીવ કલ્પના કરે કે મોક્ષ કેવો હશે? કેવળજ્ઞાન કેવું હશે? એમ કલ્પના કરે છે. પોતાની પાસે જ મોક્ષ છે. ''તું છો મોક્ષસ્વરૂપ.''

જીવનો ઉપયોગ બહાર રહ્યો છે. બહારથી ઉપયોગ ઊઠે ત્યારે અંતર ઉપયોગ રહે. ''હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?'' એવી માન્યતા જ્ઞાનીપુરુષોનાં વચનથી થાય છે. આત્મા છે, નિત્ય છે, કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે. આ છ વસ્તુઓ સમકિતનો પાયો છે; સમ્યગ્દર્શનના મુખ્ય નિવાસભૂત છે.

જાત્રાએ જવું છે તે આપણું જીવન સુધારવા માટે જવું છે.

[આશ્રમથી કાર્તિક વદ ૧૧ ના સાંજે ૫-૦૦ વાગે પૂજ્યશ્રી મુમુક્ષુભાઈ-બહેનો સાથે બાહુબળજી આદિ તીર્થોની યાત્રા માટે રવાના થયા. આણંદ સ્ટેશન પહોંચી ત્યાંથી ટ્રેન બદલીને પૂના ગયા, ત્યાંથી બીજી ટ્રેન પકડીને કાર્તિક વદ ૧૪ ને દિવસે સવારના ૫-૩૦ વાગે હુબલી પહોંચ્યા]*

*
* *

* અહીં સુધીનો બોધ શ્રી ૐકારભાઈએ યથાસ્મૃતિ લખેલ છે. હવેથી આગળનો બોધ કોઈક અપવાદ સિવાય તે સ્થળે જ સાંભળતાં સાંભળતાં લખેલ છે.

## સંગ્રહ ૪

૧ હુબલી, કાર્તિક વદ ૧૪, સં. ૨૦૦૮

[હુબલીમાં જ્યાં ઉતારો રાખેલો તે ધર્મશાળામાં જ ચિત્રપટ ગોઠવી ભક્તિનો ક્રમ રાખ્યો હતો. ત્રણ દિવસ હુબલીમાં રોકાયા હતા].

પૂજ્યશ્રી—મહાપુરુષનાં વચનો કાનમાં પડે તો પણ બહુ લાભ છે. આ અવસર્પિણી કાળમાં એવા પુરુષ કૃપાળુદેવ થયા છે. તેના વચનો છે તે લક્ષ રાખીને સાંભળવાં. જીવને મિથ્યાત્વની ખબર નથી પડતી. જ્યાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી 'હું જાણું છું' એ મટે નહીં.

**"રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ"**

જ્ઞાનીપુરુષના આશ્રયે મોક્ષમાર્ગ સિદ્ધ છે. આત્મસ્થિરતા એ મોક્ષનું કારણ છે. સંપૂર્ણ આત્મસ્થિરતા થાય ત્યારે મોક્ષ થાય છે. જીવે જ્ઞાનીપુરુષનો આશ્રય લીધો નથી. જ્યારે ત્યારે જીવ પારકી પંચાત છોડશે, ત્યારે મોક્ષ થશે; ત્યાં સુધી મોક્ષ ન થાય. આત્મસ્થિરતા એ મોક્ષ છે. એ સ્થિરતા નથી થતી, એનું કારણ શું? તો કે જ્યાં સુધી જીવને બીજે આકર્ષણ છે, ત્યાં સુધી સ્થિરતા ન થાય. એને બીજે પ્રેમ છે. તે પ્રેમ મટાડવાનું કારણ સત્પુરુષ છે. જ્યાં જ્યાં જીવે મોહ કર્યો છે ત્યાં ત્યાં એને સારું લાગે છે. જ્યારે સત્પુરુષનો યોગ થાય ત્યારે લાગે કે આ તો બધું નાશવંત છે, મારી સાથે આવવાનું નથી. ઘર, કુટુંબ, સ્ત્રી, પુત્ર બધું અહીં જ પડ્યું રહેશે. આત્માનું ખરું ઘર મોક્ષ છે. આત્માની સ્થિરતા તે મોક્ષ છે. "સહજ સ્વરૂપે જીવની સ્થિતિ થવી તેને શ્રી વીતરાગ 'મોક્ષ' કહે છે." (૬૦૯)

જેણે એ વસ્તુ જાણી છે, તે પુરુષના સંગે એની ઉત્તમતા લાગે. વિચાર વિના થાય નહીં. મને સાતમું કે છઠ્ઠું ગુણઠાણું છે, એમ માની લીધે કંઈ થાય નહીં. એવી દશા આવશે ત્યારે છાની નહીં રહે. બધા મહાપુરુષોએ જગતની વિસ્મૃતિ અને સ્મરણમાં ચિત્ત રાખવાનું કહ્યું છે. વૃત્તિ સ્થિર ન રહે ત્યાં સુધી કલ્યાણ ન થાય. જેમ કોઈ માણસને અમુક દુકાને વસ્તુ લેવા મોકલ્યો હોય અને પછી તે માણસ બીજી દુકાનોમાં પેસ પેસ કરે અને જે દુકાને જવાનું હોય તેનો લક્ષ ન રાખે તો કાર્ય થાય નહીં. તેમ આમાં પણ વૃત્તિ સ્થિર ન રહે તો થાય નહીં. એક લક્ષ હોય તો થાય. જેવી ભાવના હોય તેવું ફળ થાય. ભાવના ફેરવવાની છે. તે એકદમ ન ફરે, ક્રમે ક્રમે ફરે. જેને વહાણ મળ્યું હોય તેને પાણીનો ભય ન રહે. એમ પરમાર્થ પામવા માટે સાધનની જરૂર છે, તે સાધન જ્ઞાનીપુરુષ છે. તેના આશ્રયે આશ્રયે કામ થાય. જ્ઞાનીપુરુષોએ સંસારને અસાર કહ્યો છે. જાણે-અજાણે સત્પુરુષનો યોગ થાય તો પણ લાભ થાય.[૧](શ્રેણિકે પૂર્વે ભીલના ભવમાં જ્ઞાનીની અલ્પ પણ આજ્ઞા આરાધી હતી તેનું દૃષ્ટાંત આપી કહ્યું). ભાવમાં બધી વસ્તુ છે.

**"ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન;**
**ભાવે ભાવના ભાવીયે, ભાવે કેવળજ્ઞાન."**

એ ભાવનામાં સત્પુરુષો સહાયક થાય છે. ભીલને જરાક આજ્ઞા મળી તેથી આટલું બધું

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૩૮૩.

થઈ ગયું. જેવા ભાવ હોય તેવું મળે. જો આત્મભાવ વધે તો કેવળજ્ઞાન પાસે જ છે. એક વખત સત્પુરુષનો દૃઢ આશ્રય થયો તો ભવોભવમાં થાય. એવો આશ્રય થયા પછી બીજા ભવમાં જાય, તો પણ એ વિના એને બીજું ન ગમે, સાચું મળે ત્યારે જ શાંતિ થાય. બધાય શાસ્ત્રોનો સાર એ છે કે વૃત્તિઓને ક્ષય કરવી. મહાપુરુષોએ પહેલાં પોતે કરીને કહ્યું છે. એને પગલે પગલે આપણે ચાલીએ તો આપણી વૃત્તિઓ પણ ક્ષય થાય. આ કાળમાં જેમ જેમ સત્સંગ વિશેષ હોય, તેમ તેમ વૃત્તિઓનો વિશેષ ક્ષય થાય. ભીલને સત્સંગનો યોગ મળ્યો અને સ્થિરતા રાખી તો મોક્ષે જશે. આ કાળમાં પણ સત્સંગના યોગથી એવું થઈ શકે છે.

કાળ એવો આવી ગયો છે કે ભગવાનનું નામ પણ સાંભળવાને ન મળે. માટે આપણે સત્સંગ કરવો. સત્સંગ પણ પુણ્ય હોય તો મળે. સત્સંગનો યોગ ન હોય તો નિશ્ચય કરવો કે મારે વૃત્તિઓને ક્ષય કરવી જ છે અને પછી ભક્તિ, સ્વાધ્યાય આદિ કરીને વૃત્તિ રોકવી. કરવા મંડી પડે તો થાય. આ કાળમાં મોક્ષ નથી એમ કરીને બેસી જાય તો ક્યાંથી થાય? ભગવાને કહ્યું છે કે પુરુષાર્થમાં પાછું ન પડવું. જેને સંસારમાં પડવાનો ભય નથી એવા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવને પણ પુરુષાર્થ કરવાનું કહે છે, કેમકે સમ્યક્દૃષ્ટિને સત્સંગ કરતાં દેખે તો બીજાને પણ કરવાનું મન થાય. દરેક જીવ એક બીજા ઉપર અસર કરે છે. એકના એવા વિચાર જોઈને બીજાને પણ અસર થાય છે. પુરુષાર્થ કરે તો મોક્ષ સુલભ છે. મંડી પડ્યો તો થઈ જશે. આત્મજ્ઞાન થયા પછી મોક્ષ સિવાય બીજી ઇચ્છા ન રહે. આત્માર્થી હોય તેને પણ ''માત્ર મોક્ષ અભિલાષ,'' મોક્ષ સિવાય બીજી ઇચ્છા હોય નહીં. એક મોક્ષ જ ઇષ્ટ લાગે. પૂર્વે બાંધેલું હોય તે ભોગવે છે, પણ સંસારમાં રુચિ થતી નથી. મનમાં રહ્યા કરે કે ક્યારે આ કાર્યથી છૂટા થઈએ. એ કામ તરત પતે તો સારું, એમ જ્ઞાનીપુરુષોને વર્ત્યા કરે છે.

આત્માનું ખરું સ્વરૂપ સમભાવ છે. સમભાવ એ જ મોક્ષ છે. હેમચંદ્રાચાર્ય લખે છે કે દેવલોક તો આગળ છે અને મોક્ષ તેનાથી પણ બહુ આગળ છે, માટે સમભાવમાં રહો તો અહીં જ મોક્ષ છે. સમભાવ એ કર્મ છોડવાનું કારણ છે. સમભાવથી જેટલી નિર્જરા થાય તેટલી કોઈ ક્રિયાથી ન થાય. ઉદય વેદતાં સમભાવ રાખવાનો છે. ગૃહસ્થાશ્રમમાં રહી સમભાવ રાખે તો મુનિ કરતાં ઘણી નિર્જરા થાય છે; કેમકે ગૃહસ્થાશ્રમમાં વધારે પુરુષાર્થ કરે ત્યારે સમભાવ રહે અને જેટલો વધારે પુરુષાર્થ કરે તેટલી વધારે નિર્જરા થાય અને મુનિપણામાં તો અવકાશ બહુ હોય છે, તેથી થોડો પુરુષાર્થ કરે તો પણ સમભાવ રહી શકે છે. સમભાવ એટલે ઉદાસીનતા. ક્યાંય રુચિ ન રહે. કૃપાળુદેવ આખા મુંબઈને સ્મશાન સમાન દેખતા હતા અને લોકો પૈસા ખર્ચીને મુંબઈ જોવા જાય છે. કૃપાળુદેવે કેટલી મુશ્કેલીથી આત્મકાર્ય કર્યું છે, તે એમના વચનો ઉપરથી સમજાય છે. નિર્જરાથી મોક્ષ થાય છે. જેને અંતરવૃત્તિ જાગી હોય તેને જ્ઞાનીપુરુષ આશ્રય આપે છે. હરતાં ફરતાં કર્મ બંધાય છે. ''આત્મપરિણામની કંઈ પણ ચપળ પરિણતિ થવી તેને શ્રી તીર્થંકર 'કર્મ' કહે છે.'' (૫૬૮) જ્યાં સુધી યોગ છે ત્યાં સુધી કર્મ બંધાય છે. તીર્થંકર ભગવાનને પણ શુભ કર્મ બંધાય છે.

આરંભ-પરિગ્રહમાં વૃત્તિ હોય તો વૈરાગ્ય ખસી જાય. પહેલાં ઘણા કાળનો વૈરાગ્ય ભેગો કરેલો હોય, તે પણ આરંભ-પરિગ્રહમાં પડવાથી જતો રહે છે. સંસારનું સ્વરૂપ જ એવું છે; જેમાં કંઈ સાર નથી તેવા સંસારમાંથી કશુંય સાર વસ્તુ ન નીકળે. કેટલાંય સાધન કર્યાં, પણ હજુ સુધી કંઈ થયું નહીં.

**“વહ સાધન બાર અનંત કિયો”**

સંસારનું સ્વરૂપ અસાર છે. જીવ તપાસ કરે કે હું અનાદિકાળથી રખડતો આવ્યો છું, તેમાં સમાધિસુખ એક ક્ષણ વાર ભોગવ્યું છે? નથી ભોગવ્યું. જેમ સમુદ્રમાં પાણીનાં મોજાં ઊછળ્યા કરે છે, તેમ દુઃખી થતો આવ્યો છે. મારું-તારું છૂટે અને હું તો એક જ્ઞાનીને શરણે છું એવું મનમાં થાય ત્યારે કામ થાય. બીજું કંઈ ન થતું હોય તો ‘જ્ઞાનીનું કહેલું સાચું છે, એ કહે તે સાચું;’ એમ માને તો પણ કામ થઈ જાય. જેમ એંજિન હોય તેની સાથે ડબ્બાનો આંકડો ભેરવ્યો તો સાથે ચાલ્યો જાય, તેમ છે. લુંટાઈ જવું તો સહેલું છે. ઘણા કાળનો વૈરાગ્ય હોય અને એક ક્ષણવારમાં નાશ થઈ જાય. સંસારનો વિશ્વાસ કરવા જેવું નથી. જીવને ક્લેશથી છૂટવું હોય તો સંસારનું સ્વરૂપ સમજવું જોઈએ. જ્યાં જુઓ ત્યાં દુઃખ જ છે. જેમ દરિયાનું પાણી ખારું જ હોય, તેમ આ સંસારમાં જ્યાં જુઓ ત્યાં દુઃખ જ દેખાય. એમ સંસારનું સ્વરૂપ વિચારે તો પાછો તેમાં ન પડે.

સત્સંગ કરીને સંસારથી નિર્ભય રહેવાનું નથી. ભય રાખવાનો છે. નિર્ભય થઈ જાય તો પડી જાય. આરંભ-પરિગ્રહમાં પડ્યા પછી નીકળવું મુશ્કેલ છે. જેને મુમુક્ષુતા જોઈતી હોય તેણે તપાસવું કે મારા પરિણામ કેવાં રહે છે? એ તપાસવાનું છે. દુકાન ઉપર બધી વસ્તુઓનાં નામ યાદ રાખે છે, તો આ તો બહુ મોટી વસ્તુ છે અને ભવોભવ માટે કરવાનું છે. માટે સંસારભાવ કરવા નહીં, જેથી છુટાય એવા ભાવ કરવાના છે. એવી કાળજી રાખવી. કળિયુગમાં ક્ષણે ક્ષણે તપાસ રાખે તો મુમુક્ષુતા રહે એવી છે. જાગૃત રહેવું હોય તેણે “દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય” એની તપાસ કરવાની છે.

મારે મોક્ષ મેળવવો જ છે, મારે છૂટવું જ છે, આ ભવમાં મારે એ જ કરવું છે, એવી ખેંચ રાખે તો થાય એમ છે. સંસારમાં સમભાવ રહેવો મુશ્કેલ છે. ક્ષણે ક્ષણે સંસાર પ્રત્યે સમભાવ રાખવાનો છે. વૈરાગ્ય હોય ત્યારે બીજા ભાવથી ખસાય છે. સંસાર અસાર છે, એ ભૂલવા જેવું નથી. અનાદિકાળથી જીવ પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં છે. ઘણુંય ખાધું, ઘણુંય પીધું, પણ તેથી તૃષ્ણા છીપી નહીં, હવે આત્માનું કરવાનું છે. શાસ્ત્રોમાં વર્ણન આવે છે કે મેરુ પર્વતના ઢગલા જેટલું ખાધું, તો પણ તૃષ્ણા છીપી નહીં. માટે હવે આત્માનું કરવું છે. આ અપાર સંસારનો પાર આવે એમ નથી. વૈરાગ્ય વધે ત્યારે કામ થાય.

**“ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;**
**અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજભાન.”**

ત્યાગવૈરાગ્ય વિના આત્મજ્ઞાન ન થાય. નથી જાણ્યો એવો જે આત્મા, તે જાણવાનો છે; અને જે જાણ્યું છે પુદ્‌ગલાદિક, તે નથી જાણવું. મુમુક્ષુ તે છે કે જેને છૂટવાની કાળજી જાગી છે. આ

કાળમાં ઘણો પુરુષાર્થ કરે, તો જ મુમુક્ષુતા ટકે એમ છે. મારે શું કરવું છે? અને શું થઈ રહ્યું છે, એ તપાસ્યા વિના મુમુક્ષુતા ન આવે. જે કામ કરવું હોય તેની કાળજી રાખવી પડે છે. મોટું કામ કરવું સહેલું નથી. મુમુક્ષુને નિશ્ચય થાય છે કે હવે મારે મોક્ષ જ મેળવવો છે. તપાસવાનો ક્રમ કરે તો ઉપયોગ રહે. પ્રારબ્ધ છે તે જ્ઞાની અને અજ્ઞાની બન્નેને ભોગવવું પડે છે. સંસારનું સ્વરૂપ જન્મ-મરણ કરાવે એવું છે. માટે જ્ઞાનીપુરુષો મરતાં સુધી આત્માને વિસ્મરતા નથી.

૨ હુબલી (ધર્મશાળામાં), કાર્તિક વદ ૦)), સં. ૨૦૦૮

પૂજ્યશ્રી—સંસારનું સ્વરૂપ વિચારે તો વૈરાગ્ય થાય એવું છે. સંસારમાં જેટલી આસક્તિ છે, તેટલો જીવથી મોક્ષ દૂર છે. જેમ કોઈ માણસને કોઈ રાજાએ ફાંસીએ ચઢાવવાનો હુકમ આપ્યો હોય કે અમુક દિવસે તને ફાંસીએ ચઢાવવામાં આવશે અને પછી તે માણસને સારા મહેલમાં રાખે, સારું ભોજન આપે, સારું પહેરવા આપે, તો તેને એ ગમે? ન ગમે. કેમકે તે જાણે છે કે મારે હવે મરવાનું છે, એવો ભય રહે છે તેથી તેને કંઈ ન ગમે. એવું આ બધાને માથે મરણ છે. તે ફાંસી ચઢાવવા જેવું છે. કોણ જાણે ક્યારે મરણ આવશે. ફાંસીએ ચઢાવે ત્યારે તો અમુક દિવસ નક્કી કરેલો હોય અને આ મરણ તો રાત-દિવસ માથે જ ભમી રહ્યું છે, છતાં મોહને લઈને એને વિચાર નથી આવતો. એકલું મરણ હોય તોય કંઈ નહીં, પણ પાછળ પાછું જન્મવું, ફરી મરવું; એમ અનાદિકાળથી થઈ રહ્યું છે.

સંસાર કેદખાના જેવો છે. એમાં સુખ માને છે તે મૂર્ખતા છે. હું સુખી છું કે દુઃખી? એનો વિચાર કરવાનો અવકાશ જ નથી મળતો. શું કરવાથી હું સુખી થઉં, એનો વિચાર અવકાશ હોય તો થાય. વિચાર નથી. જો વિચાર કરે તો સંસાર જાજરા જેવો છે, છતાં એને ગમે છે. રાજાને નજર-કેદ આપે ત્યારે ખાવાનું, પીવાનું બધુંય આપે, એને મહેલમાં જવા દે, પણ રાજગાદી ઉપર ન બેસવા દે. જો ખરો ક્ષત્રિય હોય તો એને નજર-કેદ ન ગમે અને કોઈ નીચ જાતિવાળો રાજા હોય તો તેને લાગે કે સારું સારું ખાવાનું, પીવાનું, પહેરવાનું મળે છે ને? રાજગાદી ઉપર ન બેસવા દે, તો શું? આપણે ઘેર ક્યાં એવું ખાવા-પીવાનું મળતું હતું? તેમ આ જીવની પાસે કેવળજ્ઞાન છે, તેને કર્મે ઢાંકી દીધું છે અને થોડું દેખવાનું, સૂંઘવાનું, સાંભળવાનું, સ્પર્શ કરવાનું, ચાખવાનું મળ્યું છે, તેમાં સુખ માની રહ્યો છે. પાંચ ઇન્દ્રિયના વિષયોમાં પડ્યો છે, તેથી આત્મામાં સુખ છે એવો ખ્યાલ આવતો નથી. વિરલા પુરુષો જાગ્યા છે. સંસાર દુઃખરૂપ છે એમ નથી લાગ્યું. વૈરાગ્ય હશે ત્યારે સમજાશે.

ભગવાને પણ કેટલો બધો પુરુષાર્થ કર્યો હતો! એક ભવમાં જ મોક્ષે જવાવાળા પુરુષોએ પણ કેટલો બધો પુરુષાર્થ કર્યો હતો! મહાવીર ભગવાનની છૂટવાની ભાવના હતી, તેમાંનો એક અંશ પણ નથી. ભગવાનને સંસારનું દુઃખ લાગ્યું હતું, તેટલું નથી લાગ્યું. મહાવીર ભગવાનને શરીર, પાંચ ઇન્દ્રિયો, વૈભવ બધું મળ્યું હતું, છતાં છોડીને ચાલી નીકળ્યા. તીર્થંકર જેવાએ પણ કેટલો બધો પુરુષાર્થ કર્યો છે! ખાધુંય નહીં, પીધુંય નહીં, જંગલમાં ઘોર તપ કર્યું હતું. એવા પુરુષોને નમસ્કાર છે. સંસારમાં રહી રાગદ્વેષ ન કરવા એ બહુ વિષમ છે. વિષમતા છોડવી હોય

તો સમભાવ રાખવો. સમભાવ એ મોક્ષ છે. જ્યાં સુધી સંસારનો ત્રાસ ન લાગે, ત્યાં સુધી જ્ઞાનીનાં વચનમાં રસ ન આવે. બધું જગત સ્વપ્ના જેવું છે. સંસારમાં એકધારું સુખ કે દુઃખ નથી હોતું. સંસાર એટલે રાગદ્વેષ. રાગદ્વેષ તે સંસાર છે. રાગદ્વેષ ન ગમે ત્યારે મોક્ષ ગમે. સંસારની રુચિ પલટાયા વિના ન થાય. છૂટવાની ભાવના થવી દુર્લભ છે. જીવ ઘણી વાર ભૂલ્યો છે. સંસારનું સ્વરૂપ અસાર છે. અનંત વાર શાસ્ત્રશ્રવણ, અનંત વાર જિનદીક્ષા, અનંત વાર આચાર્યપણું પ્રાપ્ત થયું પણ તેથી જન્મમરણ ટળ્યાં નહીં. શાસ્ત્રને પહેલી વાર સાંભળે છે એમ નથી.

અનાદિકાળથી જીવ લુંટાતો આવ્યો છે. અંગારામાં એવી શક્તિ હોય છે કે એને જો આગળ આગળ સળગવાનું નિમિત્ત મળે તો આખા લોકને બાળી નાંખે. તેમ આ જીવમાં પરિભ્રમણ વધારવાની શક્તિ છે અને ઘટાડવાની પણ શક્તિ છે. પરિભ્રમણ વધારવાની શક્તિ છે, તે એમની એમ નથી મટતી. આત્મામાં શ્રદ્ધા નામનો ગુણ છે. તે શ્રદ્ધા જો સંસાર પ્રત્યે હોય, તો તેનું ફળ સંસાર આવે અને સત્પુરુષ પ્રત્યે હોય, તો તેનું ફળ મોક્ષ આવે છે. જે શ્રદ્ધા સંસાર પ્રત્યે થઈ છે, તે મટી સત્પુરુષ પ્રત્યે થાય તો મોક્ષ થાય. સત્ મળ્યું નથી, એ મળશે ત્યારે છૂટવાની વાર્તાનો અંદરથી ભણકાર થશે. પુરુષાર્થ કરે તો છૂટે. સમાધિસુખ બજારમાં નથી મળતું. એ તો જ્ઞાની પાસે જ મળે. જ્યાં રાગદ્વેષ છે ત્યાં સંસાર છે. સંસાર વિષમ છે. ભક્તિ કરવી હોય તો એવા પુરુષની કરવી કે જેણે સંસારને પૂંઠ દીધી છે. પાછું સંસાર ભણી જોતા નથી. વૈરાગ્ય હોય તેને સંસારમાં ક્યાંય ખોટી થવા જેવું નથી એમ લાગે છે. વૈરાગ્યવાળો મોક્ષ સિવાય ક્યાંય ખોટી ન થાય.

સંગનું સ્વરૂપ જેણે જાણ્યું છે તે સંગથી ડરે છે. જીવ સંગથી આત્માને ભૂલ્યો છે. આત્માનું સ્વરૂપ અસંગ છે; પણ જીવ કર્મોને આમંત્રણ આપે છે તેથી કર્મ આવે છે. અસંગપણું આપણું સ્વરૂપ છે. જે સંગ થયો છે તે એમનો એમ જાય નહીં. એને માટે સત્સંગની જરૂર છે. સત્સંગ પણ એક પ્રકારનો સંગ છે, પણ તેથી અસંગ થવાય છે. જંગલમાં નાસી જવાથી કંઈ સંગ મટી જાય એમ નથી. સંસાર ભયંકર લાગે ત્યારે જાણવું કે બોધબીજ પ્રગટ્યું છે. સંગ જેને ભયંકર લાગ્યો છે, તેણે જન્મમરણ ન થાય એવું કરવાનું છે. જેમ બને તેમ પ્રતિબંધ ત્યાગી અસંગ થવાનું છે. ઉપદેશ કરવા યોગ્ય છઠ્ઠું અને તેરમું ગુણસ્થાન છે. સંસાર વિષમ છે, માટે સમભાવ રાખવાનો છે. આત્માને સંભારવો એ મોટી વસ્તુ છે. આત્માને કર્મ ન બંધાય એવું કરવાનું છે. આત્માનું કરવું હોય ત્યારે કાળજી રાખવી પડે છે. જેણે આત્મા જાણ્યો છે એવા પુરુષનો દૃઢ આશ્રય થાય તો વધારે પુરુષાર્થ ન કરે તો પણ મોક્ષે જાય. જેમ ગાડીને ડબ્બો જોડી દે તો પાછળ પાછળ ચાલ્યો જાય. ડબ્બામાં મશીન હોતું નથી, પણ પાછળ જોડવાથી જ્યાં એંજિન જાય ત્યાં જતો રહે છે; તેમ જ્ઞાનીપુરુષનો આશ્રય લેવાથી તેનો પણ મોક્ષ થાય છે. મન વશ કરવાનો ખરો ઉપાય જ્ઞાનીપુરુષનો દૃઢ આશ્રય છે. શુક્લધ્યાન થયા વિના કોઈ મોક્ષે ગયા નથી. સાચા માર્ગનો દૃઢ આશ્રય થાય તો બધી સામગ્રી મળી આવે. કૃપાળુદેવે લખ્યું છે કે—

''બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે'' (૭૬) એવો વીમો ઉતારીને

આપ્યો છે. એ સિવાય બીજું કરવાનું નથી. જેટલો સ્વચ્છંદ છે તેટલો જીવથી મોક્ષ દૂર છે. એ સ્વચ્છંદ એમનો એમ રોકાય એમ નથી. ‘‘પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય’’ પોતાની મેળે ગમે તેમ કરે, તેથી સ્વચ્છંદ ન રોકાય.

આ કાળમાં સત્સંગનો યોગ મળવો દુર્લભ છે અને સત્સંગની વિશેષ જરૂર છે. સત્સંગ કરવો અને અસત્સંગથી ડરતા રહેવું. સત્સંગ ન હોય તો સત્સંગની ભાવના રાખવી, જેથી સત્સંગ મળશે. આપણે પહેલાં ભાવના કરી, તેથી સત્સંગ મળ્યો. મારે નવાં કર્મ નથી બાંધવાં અને જૂનાં છાંડવાં છે એવું થાય ત્યારે મોક્ષ થાય. સત્પુરુષનાં વચનો સત્પુરુષ તુલ્ય જાણીને ભાવના કરવી. પુરુષાર્થ કરવાનો છે. જેને ક્ષાયિક સમ્યગ્દર્શન થયું છે, એવા પુરુષને પણ પુરુષાર્થ કરવાનું ભગવાને કહ્યું છે; કેમકે હજુ ચારિત્રમોહ છે અને બીજું કારણ, તેને પુરુષાર્થ કરતાં દેખી બીજા જીવોને પણ અસર થાય છે. જ્ઞાનીપુરુષનો આત્મા ‘છૂટું છૂટું’ કરે છે. મોક્ષ મળતો હોય તો મારે કશુંય જોઈતું નથી, એવી તૈયારી રાખવી. ગમે તે કરવું પડે તો છૂટવાની ભાવના રાખીને કરવું. ગમે તેવો ઉદય હોય તો પણ સમભાવ ન છોડવો. સમભાવ છૂટવાનું કામ કરે છે. સમભાવ એ છૂટવાની ચાવી છે.

૩ હુબલી, માગશર સુદ ૧, સં. ૨૦૦૮

[પૂજ્યશ્રી સર્વ મુમુક્ષુભાઈ બહેનો સાથે સ્ટેશને આવતાં, રસ્તામાં સ્ટેશન પાસે એક બંગલો છે, જ્યાં પ.પૂ. પ્રભુશ્રીજી ત્રણ દિવસ રહેલા, ત્યાં ગયા].

તે બંગલામાં રહેનાર શેઠ—ધન્ય ભાગ્ય મારાં કે આવા પુરુષના મારે ઘેર પગલાં થયાં.

પૂજ્યશ્રી—આ બંગલામાં એક આત્મજ્ઞાની પુરુષ આવેલા. જાણ્યે-અજાણ્યે પણ, તમને ઘેર બેઠાં તીર્થ જેવું ઘર મળ્યું છે. મહાપુરુષોના રહેલા સ્થાનો પણ જીવને કલ્યાણકારી છે. ભરત ચક્રવર્તીને જે અરીસાભવનમાં કેવળજ્ઞાન થયું હતું, તે જ ભવનમાં ઘણા રાજાઓ કેવળજ્ઞાન પામ્યા હતા. મહાપુરુષોનાં પુદ્‌ગલો પણ એવાં હોય છે કે ઘણા કાળ સુધી તેની અસર રહે છે.

[ માગશર સુદ ૧ ના રોજ પૂ.શ્રી બ્રહ્મચારીજી મુમુક્ષુઓ સહિત ટ્રેનમાં બેંગ્લોર જવા રવાના થયા. બીજે દિવસે સવારમાં બેંગ્લોર પહોંચ્યા. ત્યાં ઉતારો ચિકપેટના મંદિરમાં ધર્મશાળા છે તેમાં રાખેલો].

૪ બેંગ્લોર, માગસર સુદી-૨, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી—આત્મામાં શાંતિ વધવા માટે વ્રત છે. શાંતિ વધવાનું આ સાધન છે. વ્રત લઈને લક્ષ આત્માનો રાખવો. બધી અનુકૂળતા છે. છતાં ન કરે તો પોતાનો દોષ છે. બ્રહ્મચર્ય છે તે ચારિત્રનો અંશ છે.

**‘‘જેમ આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ; મૂ૦**
**તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે, નામ ચારિત્ર તે અણલિંગ. મૂ૦’’**

દિવસે દિવસે દશા વધે એવું કરવાનું છે. પુરુષાર્થની ઘણી જરૂર છે. કોઈ પણ કામ કરવું હોય તો પુરુષાર્થ કરવો પડે છે. તો આ તો મોટું કામ છે. માટે ઘણા પુરુષાર્થની જરૂર છે. ‘આત્મસિદ્ધિ’ છે તે ઘણાં શાસ્ત્રોનો સાર છે. મુખપાઠ કરી હોય તો તેના વિચાર કરાય. ત્રણ પાઠ રોજ કરવા. પ્રમાદ ન કરવો. પ્રમાદ કોને કહેવો ? તો કે આત્માને ભુલાવે તે પ્રમાદ છે. પૂર્વના

પુણ્યે જોગ તો મળ્યો છે. હવે પુરુષાર્થ ન કરે તો પોતાનો દોષ છે. સંસાર પ્રત્યે ઉદાસીનતા, વૈરાગ્ય રાખવો.

*

પૂજ્યશ્રી—જ્ઞાનીપુરુષોએ આ સંસારને ખાસ ચાર ઉપમાઓ આપી છે.

(૧) સંસારને એક ઉપમા સમુદ્રની આપી છે. સમુદ્રમાં જેમ મનુષ્ય તરી શકતો નથી, પણ નાવની સહાયથી તે તરી શકે છે; તેમ આ સંસારસમુદ્ર જ્ઞાનીપુરુષરૂપી નાવથી તરી શકાય છે.

(૨) સંસારને બીજી ઉપમા અગ્નિની આપી છે. અગ્નિમાં જેમ મનુષ્ય બળી જાય છે, તેમ આ સંસારમાં જીવ રાગદ્વેષરૂપ અગ્નિથી બળી રહ્યો છે. તે અગ્નિ જેમ પાણીથી શાંત થઈ શકે છે; તેમ જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ પાણીથી આ સંસારરૂપી અગ્નિની શાંતિ થઈ શકે છે.

(૩) આ સંસારને ત્રીજી ઉપમા અંધકારની આપી છે. અંધકારમાં જેમ કાંઈ દેખાતું નથી, તેમ સંસારમાં પણ ચાર કષાયરૂપી અંધકારથી કંઈ દેખાતું નથી, પણ અંધકારને જેમ દીવો નાશ કરી શકે છે, તેમ આ સંસાર જ્ઞાનરૂપી દીવાથી નાશ કરી શકાય છે.

(૪) આ સંસારને ચોથી ઉપમા ગાડાના પૈડાની આપી છે. ગાડાનું પૈડું જેમ ગોળ ગોળ ભમ્યા કરે છે, તેમ આ જીવ સંસારમાં રાગદ્વેષના જોરથી ભમ્યા કરે છે.

*

(રાતના)

પૂજ્યશ્રી—જીવ છે તેને ચૈતન્ય કહેવાય છે. સર્વથી ઉદાસ થાય ત્યારે ખરું ચૈતન્ય કહેવાય છે. બીજાં કામ કરતાં છતાં વૃત્તિ તેમાં ન પેસે, એવું ઉદાસપણું જ્ઞાનીપુરુષના શરણે આવે છે. સંસારમાં સુખ નથી પણ દુઃખ જ છે, એમ જ્ઞાનીઓએ કહ્યું છે. જ્ઞાનીપુરુષોને દયા આવવાથી કહે છે. પરમ શાંતિ એ આપણો ધર્મ છે. ફરી ફરી જીવ જન્મમરણ કરી રહ્યો છે, તે મટાડવા માટે જ્ઞાની કહે છે. આત્માને બીજાથી કંઈ લેવા દેવા નથી. બીજાથી મેળ મળે એવું નથી, છતાં અનાદિકાળથી આત્માને છોડીને બીજાની પાછળ જીવ પડ્યો છે. આત્માનું ખરું સ્વરૂપ વીતરાગતા છે. જ્ઞાનીપુરુષોને પૂર્વકર્મના યોગે પ્રવૃત્તિ આવી પડે તો ઉદાસ રહે છે.

જીવને અનાદિકાળથી છેતરનાર માયા છે. કર્મનું સ્વરૂપ વિચિત્ર છે. જીવને કર્મ નીચે લઈ જાય છે. માયાનો અંત આવે એમ નથી. માયામાં મારું હિત છે, એમ માનવા જેવું નથી. જ્ઞાનીપુરુષો પ્રવૃત્તિથી ચેતતા રહે છે, લેપાતા નથી. આ જગતમાંનું એક પરમાણુ પણ મારું નથી, એવું જ્યારે અંદરથી થશે ત્યારે મોક્ષ થશે. જ્ઞાનીપુરુષો 'લેપાવું નહીં,' એને પોતાનું કર્ત્તવ્ય સમજે છે. કોઈ પણ પ્રકારે માયામાં ન લેપાય ત્યારે ઉદાસ રહી શકે. ઉદાસ રહેવું કંઈ સહેલું નથી. ગૃહસ્થાવસ્થામાં આટલી ઉદાસીનતા રાખવી બહુ મુશ્કેલ છે અને જે રાખે તે બળવાન કહેવાય. ભરત ચક્રવર્તી ઉદાસપણે રહ્યા, તો તરત કેવળજ્ઞાન પામ્યા. ઋષભદેવ ભગવાને ભરતને કહ્યું કે, હું હવે દીક્ષા ગ્રહણ કરું છું, માટે તું હવે રાજકાજ સંભાળ. ત્યારે ભરતજીએ કહ્યું કે મારે રાજ્ય નથી કરવું, તો પણ છેવટે સંભાળવું પડ્યું, પણ તેમાં લેપાયા નહીં. કમળ જેમ પાણીમાં હોવા

છતાં કોરું રહે છે, તેમ તે કોરા રહ્યા. [1](ભરતજી ઉપર દયા ખાનાર વણિકનું દૃષ્ટાંત આપી કહ્યું) જેટલી ઉદાસીનતા હશે, તેટલો ખરો ધર્મ છે.

**“હે જીવ, ક્યા ઇચ્છત હવે, હૈ ઇચ્છા દુઃખમૂલ”**

અનાદિકાળથી જીવ પુદ્‌ગલની ઇચ્છા કરે છે. પ્રવૃત્તિમાં રહી ઉદાસીનતા રાખવી બહુ અઘરી છે. અનાદિકાળનો અભ્યાસ બીજો પડેલો છે, તેથી તરત તણાઈ જાય છે. આત્મા કંઈ પરગામ ગયો નથી. જેને જ્ઞાનદશા ઉત્પન્ન થઈ છે, તે સમભાવમાં રહી શકે છે. પુરુષાર્થ કરે ત્યારે થાય. જ્ઞાનીપુરુષે કહેલા ભાવ રહે તો કર્મ છૂટે.

[2]જનક રાજાને વિદેહી દશા વર્તતી હતી છતાં નિર્ભય નહોતા, પણ ચેતતા રહેતા હતા. બારમા ગુણસ્થાનક સુધી ગુરુનું શરણ રાખવાનું છે. લાકડાનો સ્વભાવ પાણી ઉપર તરવાનો છે, પણ કોઈ તોફાન હોય તો ડૂબી પણ જાય; માટે ચેતતા રહેવાનું છે. જ્ઞાનીપુરુષનું આલંબન જીવને બહુ હિતકારી છે. જેનાં આત્મપરિણામ સ્થિર થયાં છે, એવા પુરુષનું અવલંબન લીધું હોય તો આપણે પણ તેવું થવાય.

“શરણ કરે બળીયાતણું મનમોહન મેરે, યશ કહે તસ સુખ થાય રે. મન મોહન મેરે” તેને ભવ ભય નથી. “ધિંગ ધણી માથે કિયા રે, કુણ ગંજે નર ખેટ, વિમલ જિન, દીઠાં લોયણ આજ.” પણ અભિમાન કરે તો ગબડી પડે એવું છે.

[માગશર સુદ ૩ ના સાંજના બેંગલોરથી રવાના થઈ માગશર સુદ ૪ ના સવારે મૈસૂર પધાર્યા].

૫ મૈસૂર, માગશર સુદ ૫, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–સંસારનું સ્વરૂપ વિષમ ભાવ કરાવે એવું છે. માટે જીવને કર્મ ઓછાં બંધાય એવું કરવાની જરૂર છે. પૂર્વે બાંધ્યાં છે તે ભોગવ્યા વિના છૂટકો નથી, પણ સમભાવે ભોગવવાં. પ્રારબ્ધ ભોગવતાં જો સમભાવ ન રહ્યો તો પાછાં કર્મ નવાં બંધાશે અને તેથી જન્મમરણ કરવાં પડશે. આપણે આ બહુ બહુ વિચારવા જેવું છે. કર્મ છે તે આત્મસ્થિરતાને ચંચળતાનું કારણ છે.

૬ મૈસૂર, માગશર સુદ ૬, સં.૨૦૦૮

મુમુક્ષુ–વૈરાગ્ય શાથી રહે?

પૂજ્યશ્રી–આખો લોક બળી રહ્યો છે એમ લાગે ત્યારે રહે. જગતમાં કોઈ સુખી નથી. પુણ્યથી સુખી દેખાય છે, પણ તે સુખ નથી, દુઃખ જ છે. ચારે ગતિના જીવો દુઃખી જ છે. જ્યાં રાગ-દ્વેષ છે, ત્યાં દુઃખ જ છે. આત્મા અનંત સુખનું ધામ છે, એમ જેને સમજાય તેનું મન બીજામાં ન જાય. આ કાળમાં વિરલા સત્પુરુષો છે. પરમાર્થનો માર્ગ મળવો દુર્લભ છે. સાચો સત્સંગ જેને થયો હોય તેને રખડવું ન પડે. જન્મમરણ છૂટી જાય એવું છે. કોઈ વખતે સત્પુરુષ મળ્યા તો પોતે જાગ્યો નહીં અને કોઈ વખત પોતે જાગ્યો તો સત્પુરુષ મળ્યા નહીં. અનાદિકાળથી એમ ખાંડું-બાંડું થતું આવ્યું છે. સત્પુરુષ મળ્યે પણ આજ્ઞા આરાધવાની રુચિ જાગે તો થાય. જીવને સત્સંગ એ વિશ્રાંતિરૂપ છે. તે પ્રાપ્ત થવો બહુ દુર્લભ છે અને તેથી જ બધું થાય છે. સત્‌ની ભાવના

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૬૭. ૨. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૫૦૦.

જ જગત કરવા દેતું નથી. સંસારદશા એવી છે કે સત્સંગની ભાવના થવી પણ દુર્લભ છે. ચારે બાજુ અસત્‌માં જ જીવ ભાવના કરી રહ્યો છે. જગતમાંનું એક પરમાણુ પણ મારે નથી જોઈતું, એવું થાય ત્યારે આત્મામાં રહેવાય. સત્ એટલે આત્મા. મૂળ સ્વભાવ ભણી વૃત્તિ જવી મુશ્કેલ છે. બધું કલ્પિત લાગે ત્યારે સાચા ભણી વળે.

મુમુક્ષુ—સર્વસંગ એટલે શું?

પૂજ્યશ્રી—આત્મધ્યાન અખંડપણે રહેવા ન દે, તેમાં વિઘ્નરૂપ થાય તે સર્વસંગ છે. આત્મામાં જ રહેવું, એ સર્વસંગ-પરિત્યાગ છે. જ્ઞાનીપુરુષોએ જે વસ્તુ જાણી છે તેમાં અખંડપણે નથી રહી શકતા, તેથી સર્વસંગપરિત્યાગ કરે છે. જ્ઞાનીની સમજણ અને અજ્ઞાનીની સમજણ બન્ને જુદી છે. અજ્ઞાનીને દેહની કિંમત છે અને જ્ઞાનીને આત્માની કિંમત છે. જ્ઞાનીપુરુષોને સાતમી નરક કરતાં પણ મોહથી વધારે દુઃખ લાગે છે. કૃપાળુદેવ લખે છે કે—

“હે નાથ! સાતમી તમતમપ્રભા નરકની વેદના મળી હોત તો વખતે સમ્મત કરત, પણ જગતની મોહિની સમ્મત થતી નથી.” (૮૫)

અંતરને બાળનાર મોહ છે. મોહમાં પડ્યાથી જીવ ન કરવા જેવું કરી બેસે છે. માટે જેમ બને તેમ સદ્‌વિચારમાં વૃત્તિ રાખવી. સદ્વિચારમાં વૃત્તિ રહે તો કર્મ ઓછાં બંધાય. જ્યાં સુધી સંસાર ઉપર મૂંઝવણ ન આવે, ત્યાં સુધી આત્માનો લક્ષ ન થાય. પૂર્વકર્મને લઈને ઉપાધિ આવી પડે તો મૂંઝાવું નહીં, પણ સદ્વિચારમાં વૃત્તિ રાખવી. એવો લક્ષ રાખવાનું જ્ઞાનીઓએ કહ્યું છે. સદ્વિચારમાં રહેવું. જ્ઞાનીએ કહ્યું હોય તે કરવું. જે કર્મ ઉદયમાં આવે તેને સમભાવે ભોગવવાં એ જ્ઞાનીનો માર્ગ છે. કંટાળ્યાથી કંઈ કર્મ છોડે એમ નથી. સંસારના પ્રસંગો દુઃખદાયી છે. કંટાળી જવું એ વૈરાગ્ય નથી, પણ દ્વેષ છે. દુઃખગર્ભિત વૈરાગ્ય તે વૈરાગ્ય નથી, એક પ્રકારનું આર્ત્તધ્યાન છે. ઉદયમાં આવે તે સમભાવે સહન કરવું, એ ઉપાય છે. સમભાવ રાખે તો કર્મ ન બંધાય. કર્મ તો જવાનાં છે. સમજણ હોય તો સમભાવ રહે.

મુમુક્ષુ—કર્મ શાથી આવ્યાં?

પૂજ્યશ્રી—પોતે બોલાવ્યાં તેથી આવ્યાં. માટે ભોગવવાં તો પડશે જ. હસતાં કે રડતાં ભોગવવાં પડશે. પોતાનાં બાંધેલાં આવે છે, માટે સમભાવે ભોગવવાં. કોઈ પ્રત્યે દ્વેષ કરવા જેવું નથી. એથી કર્મ બંધાય છે. આવા પ્રસંગોમાં પોતાનો વાંક જોવો. કર્મ બાંધેલાં હોય તે ગમે ત્યારે ફૂટી નીકળે છે. કર્મ ઉદયમાં આવે ત્યારે કેમ ભોગવવાં એ શીખવાનું છે. જીવ કંટાળે છે. કંટાળો એ છૂટવાનો રસ્તો નથી. મન તો કામ કર્યા જ કરે છે. જો આત્મામાં રહે તો આત્માનું કરે. ફિકર-ચિંતા એ કર્મબંધનું કારણ છે. પ્રારબ્ધ ક્યાં રહેવાનું છે? એ તો જવાનું છે. કૃપાળુદેવ એક સમયમાત્ર પણ અપ્રમત્ત દશાને ભૂલ્યા નહીં. એ દશા બહુ વિચારવા જેવી છે.

[મૈસુર બે દિવસ રોકાઈ ત્યાંથી માગશર સુદ ૬ ના રોજ શ્રવણ બેલગોલ પધાર્યા. ઉતારો અને ભક્તિનો ક્રમ ધર્મશાળામાં રાખેલો. માગશર સુદ ૭ ના રોજ બપોરના ૩-૩૦ વાગે બાહુબળજી પહાડ ઉપર દર્શન કરવા બધા ચઢ્યા. ઉપર ‘પ્રજ્ઞાવબોધ’માંથી બાહુબળીનું ચરિત્ર ત્યાં ગવરાવ્યું હતું. માગશર સુદ ૮ના

સવારના ભરતજીના પહાડ (ચંદ્રગિરિ) પર બધા ચઢ્યા હતા. ત્યાં 'પ્રજ્ઞાવબોધ'માંથી ભરતજીનું ચરિત્ર ગવરાવ્યું હતું અને સમજાવ્યું હતું. બન્ને પહાડો પર એક એક વાર ચઢ્યા હતા].

(સવારના) ૭ ભરતજીનો પહાડ, માગશર સુદ ૮,સં. ૨૦૦૮

પૂજ્યશ્રી–ભરત રાજ્યનું કામ કરતા, પણ મનને ભગવાન ૠષભદેવમાં રાખતા. ઉદાસીનભાવે વર્તતા હતા. ભાવ બે પ્રકારના છે : આત્મભાવ અને અન્યભાવ. જગતમાં મુખ્ય બે વસ્તુઓ છે; જડ અને ચેતન. જેણે જડને અને ચેતનને યથાર્થ જાણ્યું છે, તેને સહેજે ઉદાસીનતા રહે છે. ભરત ચક્રવર્તીને વિચાર કરતાં લાગ્યું કે આ જડ વસ્તુઓ મારી નથી. એમ વિચાર કરવાથી કેવળજ્ઞાન પામ્યા. ઉદાસીનતાની જરૂર છે. એ ઉદાસીનતા એમની એમ થતી નથી. આત્મસ્વભાવ ઓળખાય ત્યારે થાય. જીવે પોતાનું નહીં તેને પોતાનું માન્યું છે, તેથી ભય લાગે છે. આત્મજ્ઞાન થયા પછી પ્રારબ્ધ ભોગવતાં મારાપણું ન થાય. પોતાનાં બાંધેલાં પૂર્વકર્મને લઈને પ્રવર્તન કરવું પડતું હોય તો તેમાં રાગદ્વેષ ન કરે. સંસાર દુઃખરૂપ લાગે ત્યારે સંસારમાં સુખ ન ભાસે, સંસાર કેદખાના જેવો છે એમ લાગે.

*

(સાંજના)

પૂજ્યશ્રી–ભેદજ્ઞાન થયા પછી પણ ચારિત્રમોહ રહે છે. આત્મજ્ઞાન થયા પછી પણ ઘણો પુરુષાર્થ કરવાનો છે. સમકિત થયા પછી આત્મા સિવાય બીજે વૃત્તિ જાય તો સમકિત જતું રહે. ચારિત્રમોહ હોય ત્યાં સુધી પુરુષાર્થ કરવાનો છે. જાગૃતિ રાખવાની જરૂર છે.

**"ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન"**

ત્યાગ-વૈરાગ્યમાં વિશેષ રહેવું. જ્ઞાનીપુરુષને જે પ્રકારે આત્માનું ઓળખાણ થયું છે, તેને આધારે આપણને આત્મસ્વરૂપનું ઓળખાણ થાય છે. પૂર્વકર્મને લઈને પરવસ્તુનો સંયોગ થયો છે. આત્મજ્ઞાન થયા પછી પણ કેટલો બધો પુરુષાર્થ કરવાનો છે! તો પછી માર્ગનો અજાણ હોય તેને માટે તો કહેવું પણ શું? પુણ્ય ઉપર વિશ્વાસ રાખીને બેસી જવાનું નથી. ચેતતા રહેવાની જરૂર છે, નહીં તો ક્યાંય તણાઈ જાય એવું મન છે. સદ્ગુરુનું અવલંબન મોટું છે. સદ્ગુરુ ઉપર પ્રેમ આવવાથી અને તેની આજ્ઞાએ વર્તવાથી જીવને સમકિત પ્રાપ્ત થાય છે. ત્યાર પછી પણ ઘણો પુરુષાર્થ કરવાનો છે. મુનિ બે ઘડીથી વધારે પ્રમત્તમાં ન રહે. બે ઘડીની અંદર અપ્રમત્ત થઈ જ જાય. જેમ બને તેમ નિવૃત્તિની ઇચ્છા રાખવી અને નિવૃત્તિ કરવી. બધાનો આધાર પ્રેમ છે.

**"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ ભેદ સુઉર બસેં;**
**વહ કેવલકો બીજ ગ્યાનિ કહે, નિજકો અનુભૌ બતલાઈ દિયે."**

એ પ્રેમ ઓળખાયો નથી. સંસાર ભણી પ્રેમ છે, તે ઊઠી મોક્ષ ભણી થાય તો મોક્ષ થાય. સાચી ભક્તિ હોય તેની સાથે જ્ઞાન હોય છે અથવા તો જ્ઞાન તરફ લક્ષ રહે છે; અને જ્ઞાન તરફ લક્ષ રહે ત્યાં આત્માની ભક્તિ થાય છે. જ્ઞાન થવા માટે ભક્તિ અવલંબન છે. અવલંબન હોવાથી કામ સરળ થાય છે. પુરુષાર્થ કરવાનો છે. જીવને અનાદિકાળથી પરવસ્તુનો સંગ છે. સંગને લઈને

આ જીવ પોતાને ભૂલી ગયો છે. સંગની નિવૃત્તિ કરવી દુર્લભ છે. સત્સંગે સંગની નિવૃત્તિ થાય છે. સત્સંગમાં પણ જીવે ઘણો પુરુષાર્થ કરવાનો છે.

*

પૂજ્યશ્રી—સંસારનો ભય લાગ્યો હોય ત્યારે મોક્ષ ભણી વળે. જ્યાં મીઠાશ લાગે ત્યાં જીવની વૃત્તિ જાય છે. જેને સંસારનો ભય લાગ્યો હોય, તે જ ધર્મ આરાધન કરી શકે છે. જે વસ્તુનો આ જીવને પરિચય છે તે એને ગમે છે. ગરજ જાગે ત્યારે છૂટવાનો રસ્તો ગમે. ક્યારે મને સત્સંગ મળે, ક્યારે ભક્તિ મળે એવી અંતરથી ભાવના રાખવી. સમ્યગ્દૃષ્ટિનો આત્મા સંસારથી કંટાળ્યો હોય છે અને પૂર્વકર્મને લઈને ઉપાધિ આવી પડી હોય, તો પણ મનમાં તો આ ઉપાધિથી ઝટ છૂટાય તો સારું એમ રહે છે. વ્યવહારમાં તો જીવ વિચાર કરે છે, પણ પરમાર્થમાં નથી કરતો. જેને આત્માનું જ્ઞાન છે, તેને પરપદાર્થનું માહાત્મ્ય ન લાગે. જ્ઞાનીપુરુષના અવલંબને આત્મજ્ઞાન થાય છે, માટે એના અવલંબને રહેવું. એવો યોગ ન હોય તો સત્સંગ કે સત્શાસ્ત્રના અવલંબને રહેવું, પણ ભાવના તો જ્ઞાનીપુરુષના યોગની જ રાખવી. પરમાં પ્રવૃત્તિ હોય તે ઘટાડી સત્સંગ કરવો, એ જ જીવને હિતકારી છે. સત્પુરુષના યોગે બીજી વસ્તુને ભૂલીને, જીવને પોતાનું સ્વરૂપ જાણવાની ભાવના થાય છે. જ્ઞાનીને પણ સત્સંગ હિતકારી છે. સત્સંગ છે એ જ ખરો ખોરાક છે, પુષ્ટિ આપનાર છે, જ્ઞાનદશા જગાડનાર છે. કૃપાળુદેવ જેવા પણ લખે છે કે ક્ષણે ક્ષણે સત્સંગમાં રહેવાની ઇચ્છા રહે છે, બીજા પ્રસંગો આવી પડે ત્યાં ઝટ સત્સંગ સાંભરે છે. જે સત્સંગ કરવા યોગ્ય હોય તેનો સત્સંગ કરવો. સત્પુરુષનાં વચનો છે, તે સત્શાસ્ત્ર છે. જ્ઞાનીપુરુષના યોગે અહંભાવ મટાડવા માટે શાસ્ત્રો વાંચવાનાં છે. અહંભાવ ટાળવાનો છે. અહંભાવ જાય તો વિનય ગુણ પ્રગટે. વિનય હોય તેને માન ન થાય. ‘‘હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ’’ એમ લાગે. જ્યાં હું-પણું છે ત્યાં અનંત દોષ છે. પોતાના સ્વરૂપને ભૂલીને બીજાના સ્વરૂપને પોતાનું માને છે; તે ભ્રાંતિ છે.

**‘‘હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?’’**

એનો જીવને વિચાર જ નથી જાગતો. જીવ જે જે કલ્પના કરે છે તે ટાળે તો મોક્ષ થાય. હું સાધુ, હું શ્રાવક, એ પોતાનું સ્વરૂપ નથી. અહંભાવમાં જીવ તણાઈ જાય છે. કલ્પનાને ટાળવાનું ભગવાન તીર્થંકરે કહ્યું છે. હું કંઈ જ જાણતો નથી એવું કરવાનું છે. મન કલ્પનામાં પડ્યું છે, એ થાકે એવું નથી. સત્પુરુષના યોગે એને લાગે કે ‘‘સકળ જગત તે એઠવત્, અથવા સ્વપ્ન સમાન’’ ત્યારે એ મન થાકે એવું છે. બધાય વિકલ્પો છોડવાના છે. તીર્થંકર ભગવાનનું કહેલું હૃદયમાં કોતરી રાખવું.

જ્યાં સુધી હું જાણું છું, સમજુ છું, એમ હોય ત્યાં સુધી કલ્પના ન મટે. ભગવાને જે કલ્પના દૂર કરવાનું કહ્યું છે તે વારંવાર વિચારવા જેવું છે. સત્સંગ, વ્રત-નિયમાદિ આત્માને દેહથી ભિન્ન જાણવા માટે કરવાનાં છે. એને માટે જ બધાં સાધનો કહ્યાં છે. બધું છોડવાનું છે. બધાથી છૂટી

એક આત્મા ભણી આવવાનું જ્ઞાનીઓ કહે છે. પુરુષાર્થ કરે ત્યારે ગુણ પ્રગટે. ગુણ પ્રગટ્યા પછી મારામાં બહુ ગુણો છે એમ અભિમાન થયું તો પડી જાય. આઠ મદ છે, તે સમ્યક્ત્વને ઘાત કરનારાં છે. અલ્પ દોષ હોય તો પણ અત્યંત ખેદ તે દોષ પ્રત્યે રાખવો. આવો યોગ થયા છતાં દોષ ન જાય તો પછી ક્યારે જશે? દોષ લઈને કોઈ મોક્ષે ગયા નથી. બધાય તીર્થંકરો દોષથી મુક્ત થયા ત્યારે મોક્ષે પધાર્યા. પુરુષાર્થનું ભાન નથી. જ્ઞાનીપુરુષે કહ્યું છે "કરો સત્ય પુરુષાર્થ" એ પુરુષાર્થ કરવાનો છે.

સત્‌નું ભાન નથી. કૃપાળુદેવ મને જ કહે છે એવો લક્ષ રાખીને સાંભળવું. મહાપુણ્યના યોગે જ આવો જોગ મળ્યો છે, તેમાં લક્ષ હોય તો સંસ્કાર પડી જાય. મોહનિદ્રામાં જીવ છે, તેને જગાડવા માટે આ કૃપાળુદેવનાં વચનો છે. પ્રમાદથી જીવને ઘણું શોષવું પડે છે. પ્રમાદનું ફળ સંસાર આવે છે. અલ્પ પણ દોષ થયો હોય તો પશ્ચાત્તાપ કરવો. વારંવાર ઠપકો દઈને એ દોષો ટાળવા. પોતાના દોષ પોતાને જ કાઢવા પડશે. દોષો દેખાય ત્યારે દોષો કાઢવા પુરુષાર્થ કરવો. જેટલા દોષો જશે તેટલો જીવ હલકો થશે. કરોડ રૂપિયા આપ્યે પણ સાંભળવા ન મળે એવા કૃપાળુદેવનાં વચનો છે. કૃપાળુદેવે આખી 'પુષ્પમાળા' લખી અને છેવટે કહ્યું કે પોતાના દોષો ઓળખીને કાઢવા. પોતાના દોષ દેખાય ત્યારે હું તો અધમાધમ છું એમ વિચારીને દોષોને કાઢવા. જ્ઞાનીપુરુષો કહે છે કે જીવો! પ્રમાદ ન કરો. થોડા દોષો હોય અને પુરુષાર્થ કરે તો જાય; પણ દોષો વધી ગયા હોય અને તેને કાઢવા પુરુષાર્થ ન કરે તો ઉપર ચઢી જાય, ગાઢ થઈ જાય. સદ્‌ગુરુ, સત્સંગ, સત્શાસ્ત્ર એ સાચાં સાધનો છે. એની જરૂર છે. સત્સંગનો યોગ હોય તો સત્સંગ કરવો, એ ન હોય તો સત્શાસ્ત્રનો પરિચય રાખવો. સત્સંગનો યોગ તો પુણ્ય હોય તો મળે, પણ સત્શાસ્ત્ર તો ગમે ત્યારે વાંચી શકીએ. સત્સાધનમાં ગરજ ન રાખે તો કંઈ ન થાય. જીવ પોતે પોતાને છેતરે છે. લૌકિક ભાવ છે તે જીવને છેતરે છે. પોતે પોતાને છેતરી રહ્યો છે, ઠગે છે. જીવ અહંભાવ કરે છે કે હું જાણું છું, સમજું છું, એથી ઠગાય છે.

**"અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;**
**અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ."**

એમ રહેવું જોઈએ. જીવને સામાન્યપણું થઈ જાય છે તે વંચનાબુદ્ધિ છે. જેને માર્ગની ખબર નથી, તે (જીવ) અજ્ઞાનદશામાં શું કરી શકે? પણ સત્પુરુષના યોગે સારું થાય છે. સત્સાધનની જરૂર છે. આ જીવ અજાણ્યો અને આંધળો છે. સત્સંગનું માહાત્મ્ય લાગશે ત્યારે માર્ગ હાથ આવશે. જ્ઞાનીપુરુષના યોગે પણ અભિમાન ન ટળે તો ક્યારે ટળે? પોતાની લઘુતા અને સત્સંગનું માહાત્મ્ય લાગશે ત્યારે કલ્યાણ થશે. ચિદાનંદજીએ પણ ગાયું છે–

**"લઘુતા મેરે મન માની, લહી ગુરુગમ જ્ઞાન નિશાની"**

સત્સંગ પણ લઘુતા હશે ત્યારે ફળશે.

૮ શ્રવણબેલગોલ, માગશર સુદ ૯, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–દેહ છે અને આત્મા છે. બન્ને જુદા છે. દેહ છે તેને પોતાનો માન્યો છે, તેથી શરીરને

વેદના થાય ત્યારે શરીરની ચિંતા કરે છે, ત્યાં મુમુક્ષુતા નથી. મુમુક્ષુને તો તે વખતે આવા વિચાર થાય કે દેહ કેદખાના જેવો છે, વહેલું છુટાય તો સારું; જે થવાનું હતું તે થયું, ભલું થયું. જ્યાં સુધી સમભાવમાં વૃત્તિ ન રહે ત્યાં સુધી મુમુક્ષુતામાં ખામી છે. મુમુક્ષુ એટલે મૂકવાની ઇચ્છાવાળો. સંસારના દુઃખથી કંટાળ્યો નથી. દુઃખનાં કારણોમાં ગભરામણ થતી હોય તો જાણવું કે મારામાં મુમુક્ષુતા નથી. બધેથી છૂટવાનું છે. કર્મ બાંધ્યાં છે, તે તો ભોગવ્યાથી છૂટશે. ''થાય ભોગથી દૂર.''

જ્ઞાનીપુરુષ આત્માને દેહથી ભિન્ન જાણે છે. દેહમાં સુખ મેળવવાની ઇચ્છા, દેહને સારો રાખવાની ઇચ્છા, ત્યાં મુમુક્ષુતા નથી. અજ્ઞાન એટલે આત્મા અને દેહનું સ્વરૂપ જાણ્યું નથી. આત્મા તો પરમાનંદરૂપ જ છે. કૃપાળુદેવે લખ્યું છે કે ''તમે પરિપૂર્ણ સુખી છો એમ માનો.'' (૧૪૩) મુમુક્ષુ છૂટવાને માટે જ જીવે છે. જીવ દેહાધ્યાસથી દુઃખી થાય છે. હું દેહથી ભિન્ન છું, એમ ભાવના કરવી. આત્મા તરફ દૃષ્ટિ કરે તો અનંત સુખનું ધામ એવો આત્મા દેખાય. આપણે જે પૂર્વે કર્મ બાંધ્યાં છે, તે તો ભોગવવાં પડશે. જીવે ધીરજ રાખવી. ''ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક.''

સત્પુરુષના અવલંબને ધીરજ રહી તો સમાધિમરણ થાય. દેહ છે ત્યાં સુધી વેદનાની અસર રહે છે; પણ આત્માને કંઈ થવાનું નથી. ગભરાવું નહીં. દુઃખ તો સારું છે. કોઈ જીવ અહીંથી સમકિત લઈ દેવલોકમાં જાય, તો ખોઈ પણ આવે. વેદનાથી આત્માના ગુણોનો ઘાત થતો નથી. શારીરિક સુખ આત્માનું નથી. કેટલી વાર વેદના આવી હશે અને આવશે, પણ આત્માનો વાળ વાંકો થયો નથી અને થવાનો નથી; માટે ધીરજ રાખવી. ગભરાવું નહીં. દેહ છે તે હાડ-માંસનું પૂતળું છે. દેહમાં સારી વસ્તુ નથી, પણ એનાથી પરમાર્થ સાધે તો થઈ શકે છે. શરીર કર્મને આધીન છે, તેથી કર્મ ફરે તેમ શરીર પણ ફરે છે. આત્માનું કામ જોવાનું છે. અંતરથી શરીરની સાથે મળી ન જવું. ઇચ્છાઓ કર્મ બંધાવે છે. આત્માનું કામ સંગથી છૂટવાનું છે. અસંગપણું એ આત્માનો સ્વભાવ છે. કર્મ સમયે સમયે આવે છે. બધા વિચાર કરીને ''છે દેહાદિથી ભિન્ન આતમા રે'' એ જો હૃદયમાં ચોંટી ગયું તો વેદના વખતે હાજર થશે. દેહાધ્યાસ છૂટે તો જ સમ્યગ્દર્શન થાય. સાચનો સ્વભાવ કર્મને બાળી નાંખવાનો છે.

''છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ''

સાચ વગર બધું વૃથા છે. જીવ મોહમાં પડ્યો છે, તેથી સાચી વસ્તુ કઈ છે તે ધ્યાનમાં આવતી નથી. દેહ છે તે જ હું છું, એમ થઈ ગયું છે. એ ઊંધી ઇંટ છે, તે ફેરવી નાંખવાની છે. દેખાય તે ફેરવી નાંખવાનું છે.

આપણે જાત્રા કરવા આવ્યા તે આત્માને નિર્મળ કરવા માટે આવ્યા છીએ, એવો લક્ષ રાખવો. એ લક્ષ ન રહે અને મંદિરોની કોતરણી પથરા વગેરે જોવામાં લક્ષ રહે તો જાત્રા ન કહેવાય. જંગલમાં દોડ કરવા જેવું છે. એથી આત્મા નિર્મળ ન થાય. પુરુષાર્થ કરીને અહંભાવ-મમત્વભાવ છોડે તો સમકિત થાય. જ્ઞાનીપુરુષો તો ઉપદેશ કરે, પણ જીવ તેનો ખ્યાલ ન રાખે તો પછી જ્ઞાનીપુરુષો શું કરે ? જ્ઞાનીપુરુષનું કોઈ પણ વચન સાંભળ્યું હોય, તો કસોટીના વખતમાં કામ આવે. જ્ઞાનીના ઉપદેશમાં નિઃશંકતા આવી તો નિર્ભયતા સાથે જ હોય છે. આત્મા નિત્ય છે.

કેવળજ્ઞાનથી જોઈને ભગવાને કહ્યું કે, 'દેહ મરે, પણ આત્મા ન મરે.' મોટો ભય મરણનો છે. આત્મા નિત્ય છે, એવી જેને શ્રદ્ધા હોય તેને મરણભય ન લાગે. મરણભય રહેવાનું કારણ અજ્ઞાન અને પ્રમાદ છે. મોહ, અજ્ઞાન અને પ્રમાદથી મરણનો ભય લાગે છે. આત્મામાં હિંમત આવી હોય તો છાની ન રહે. સમજણ એ મોટો આધાર છે.

*

[બપોરે એક દિગંબર મંદિરમાં રત્ન, સ્ફટીક, નીલમ વગેરેની પ્રતિમાઓના દર્શન કરવા ગયા તે પ્રસંગે]

૧. મુમુક્ષુ–પ્રભુ, આ સ્ફટિકની પ્રતિમામાં કેટલું વજન છે! તે હાથમાં લઈને જુઓ.

પૂજ્યશ્રી–આપણે ક્યાં વજન જોવું છે? કેવળજ્ઞાનનું સ્વરૂપ વિચારવાનું છે.

૧. મુમુક્ષુ–આ સ્ફટિકની પ્રતિમા કેવી ચળકે છે!

પૂજ્યશ્રી–કેવળજ્ઞાન કેવું જળહળતું હશે! એ વિચારવાનું છે.

૨. મુમુક્ષુ–પ્રભુ, ભરતજીના પહાડ ઉપર આપણે માનસ્તંભ જોયો હતો. માનસ્તંભ એટલે શું?

પૂજ્યશ્રી–ભગવાનનું બહુમાનપણું કરવું. જેમ સ્તંભ નમે નહીં, તેમ ભગવાનનું બહુમાન પણ ઓછું ન થાય. ગૌતમસ્વામીનું એ માનસ્તંભ જોઈને અભિમાન ગળી ગયું, પણ અહીં માન એટલે ભગવાનનું બહુમાન કરવું એમ અર્થ થાય છે.

[માગશર સુદ ૯ ના સાંજે ૫-૦૦ વાગે પૂજ્યશ્રી ઘણા મુમુક્ષુઓ સાથે બાહુબળજીથી મુડબિદ્રિ પધાર્યા હતા. રસ્તામાં વેલુર ગામમાં બાહુબલીજીની પ્રતિમાના દર્શન કર્યાં હતાં. મૂડબિદ્રીમાં રત્નોની પ્રતિમા વગેરેના દર્શન કરી ત્યાંથી કારકલ પધાર્યા હતા. ત્યાનાં દેરાસરોમાં દર્શન કર્યાં હતા. ત્યાંથી હરિહર સ્ટેશનથી હુબલી માટે રવાના થયા. હુબલીથી ૧૦-૧૨ જણ સિવાય બાકીના બધા પોતપોતાના સ્થાને ગયા હતા.

હુબલીમાં ચાર દિવસ રોકાયા. ત્યાંથી રાયચૂર ગયા. ત્યાં પણ ૪ દિવસ રોકાઈ હૈદરાબાદ થઈ કુલપાકજી તીર્થે આવ્યા. ત્યાંથી માગશર વદ ૧૩ ના નીકળી બેઝવાડા(વિજયવાડા) થઈ માગશર વદ૧૪ ના રોજ ગુડિવાડા પધાર્યા હતા. છ દિવસ રોકાયા હતા. ઉતારો, ભક્તિ મંદિરની ધર્મશાળામાં જ હતાં.]

(સવારના) ૯ ગુડિવાડા, માગશર વદ, ૧૪, સં.૨૦૦૯

મુમુક્ષુ–પ્રભુ, આપ રાજબંદર પધારો અને ચિત્રપટની સ્થાપના કરો તો ત્યાં હું રહું અને ભક્તિ કરું.

પૂજ્યશ્રી–જેથી લાભ થાય તે કામ કરવું. પરિણામ સુધરે તે કામ કરવાની જરૂર છે.

[પૂજ્યશ્રીએ એક મુમુક્ષુને ત્યાં કૃપાળુદેવના અને પ્રભુશ્રીજીના ચિત્રપટની સ્થાપના અને ભક્તિ કરી].

૧૦ ગુડિવાડા, માગશર વદ ૦)), સં.૨૦૦૮

પૂજ્યશ્રી–(જેમને ઘેર સ્થાપના કરી હતી તેમને ઉદ્દેશીને) ચિત્રપટની સ્થાપના કરી છે, તો રોજ ભક્તિ કરજો. રોજ સાંજે, વધારે ન બને તો થોડું પણ વાંચન રાખવું. 'નિત્યક્રમ' પુસ્તકમાંથી બને તેટલું, આલોચના, 'આઠદૃષ્ટિની સજ્ઝાય' વગેરે બોલવું. રોજ કંઈ ને કંઈ સ્વાધ્યાય, ભક્તિ કરવી. ભક્તિ કર્યા પછી વાંચવું. ન બને તો રોજ 'મોક્ષમાળા'નો એક પાઠ તો વાંચવો જ છે, એવો નિયમ રાખવો. આપણે ભક્તિ કરી છે, હવે વાંચવાની શી જરૂર છે? એમ ઉપેક્ષા ન કરવી. 'વચનામૃત'ની

નવી આવૃત્તિ બહાર પડી છે, તેમાંથી ક્રમે ક્રમે રોજ વાંચવાનું રાખવું. તે વાંચવાથી, જ્ઞાનીપુરુષોનું શું કહેવું છે, તે સમજાય છે.

જ્ઞાન અને ભક્તિ બન્ને જોઈએ. ભક્તિનું ફળ જ્ઞાન છે. દયા, સંતોષ, ક્ષમા, સમતા એ બધા આત્માના ધર્મો છે તે પ્રગટ થાય, જન્મ-મરણ ટળી જાય, એ મોટો લાભ છે. જ્યાં સુધી જુવાની છે ત્યાં સુધી કરી લેવું, પછી કંઈ ન થાય. પછી તો વૃદ્ધાવસ્થા આવે છે. શરીર રોગીલું થઈ જાય. ખાટલામાં પડ્યા રહેવું પડે, એમ બધાય દિવસો પ્રમાદમાં વહ્યા જાય છે. જુવાન અવસ્થામાં જેટલી સ્મરણ શક્તિ હોય છે તેટલી વૃદ્ધાવસ્થામાં નથી હોતી. લોકોમાં પણ કહેવાય છે કે જુવાનીનું કમાયેલું વૃદ્ધાવસ્થામાં ખાય. તેમ જેને યુવાવયમાં સમકિત થઈ ગયું, તો પછી વૃદ્ધાવસ્થા આવે તો પણ મોક્ષમાર્ગમાં સહેજે પ્રવર્તન થાય. ભક્તિ, સ્વાધ્યાય, વાંચન આદિ બધુંય કરીને અસંગ થવાનું છે. ''સંગના યોગે આ જીવ સહજ સ્થિતિને ભૂલ્યો છે'' એમ કૃપાળુદેવે કહ્યું છે. માટે અસંગ થવાનું છે.

**''છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;**
**નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.''**

બધુંય કરીને છેવટે દેહાધ્યાસ છોડવાનો છે.

**''દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત''**

એ જ મોક્ષ છે. અજ્ઞાનને લીધે જીવ પોતાના સ્વરૂપને ભૂલ્યો છે. જેમ અંધારામાં કોઈ વસ્તુ દેખાતી નથી, તેમ અજ્ઞાનરૂપી અંધારાને લીધે પોતાનું સ્વરૂપ દેખાતું નથી. સર્વ વિભાવથી હું મુક્ત છું, એવું કરવાની જરૂર છે. જગત બધું નાશવંત છે. જે નાશવંત છે તે આપણું નહીં. જે અમર છે તે આપણું છે. કલ્પના એ જ દુઃખ છે.

**''જહાં કલપના–જલપના, તહાં માનું દુઃખ છાંઈ;**
**મિટે કલપના–જલપના, તબ વસ્તૂ તિન પાઈ.''**

જ્યારે કલ્પના જાય ત્યારે દુઃખ મટે અને સુખ પ્રાપ્ત થાય. જગત બધુંય સ્વપ્ના જેવું છે. હમણાં દિવસ દેખાય છે અને થોડીક વાર પછી રાત પડી જશે. એવું આ જગતનું સ્વરૂપ છે. માથામાં વાળ હોય અને અસ્ત્રો ફેરવ્યો કે સાફ થઈ જાય, એમ જગત ક્ષણે ક્ષણે નાશ પામે છે. એક આત્મા નાશ નથી પામતો. આત્મા તેનાથી ભિન્ન છે; અજર અમર છે. આ કાળમાં કૃપાળુદેવ એક અપવાદરૂપ પુરુષ થયા છે. જે યોગ ચોથા આરામાં દુર્લભ હતો, તેવો યોગ થયો છે. જગત બધું એંઠવાડા જેવું છે. ''સકળ જગત તે એઠવત્, અથવા સ્વપ્ન સમાન.'' કૃપાળુદેવને જગત બધું એંઠવાડા જેવું લાગતું હતું. એવો વૈરાગ્ય હતો!

*

(બપોરના, ધર્મશાળામાં)

પૂજ્યશ્રી—સુખની નિશાની જ કોઈ બીજી છે.

**“પ્રભુભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન, પ્રભુ મેળવવા ગુરુ ભગવાન;**
**ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય, તે ઊપજવા પૂર્વિત ભાગ્ય;**
**તેમ નહીં તો કંઈ સત્સંગ, તેમ નહીં તો કંઈ દુઃખરંગ.”** (૧૦૭)

વૈરાગ્ય વિના ખરી ઓળખાણ ન થાય. તે ઉત્પન્ન થવાનું કારણ પૂર્વના સંસ્કાર છે. એ ન હોય તો સત્સંગે પણ વૈરાગ્ય થાય છે. એ ન હોય તો કંઈ દુઃખરંગ હોય, એથી પણ કેટલાકને વૈરાગ્ય થાય છે. દુઃખને લીધે કેટલાકને નરકમાં પણ સમ્યગ્દર્શન થાય છે અને કોઈ સમ્યક્ત્વ સહિત દેવલોકમાં જાય, તો ત્યાં સમ્યગ્દર્શન ખોઈને પણ આવે. એટલા માટે મુનિઓ પણ પ્રતિકૂળ-ઉપસર્ગોવાળા સ્થાનોમાં જાય છે. જેને છૂટવું છે તેને રસ્તો બતાવ્યો છે. પ્રભુશ્રીજી કહેતા કે તરવાનું પાટણ છે. મનુષ્યભવ મળ્યો છે, તેમાં આ સંસારથી કેમ છુટાય? એ ભૂલવા જેવું નથી. અનાદિથી ‘હું કોણ છું’ એની ખબર ન પડી; કેટલો ભુલાવો! સંસારથી મુક્ત થવામાં ઘણાં વિઘ્નો આવે છે. વૈરાગ્ય અને ઉપશમ વિના ન થાય.

**“હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?**
**કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?”**

આટલા વિચાર કરવાના છે. પહેલાં મનમાં થવું જોઈએ કે હું સત્પુરુષનો શિષ્ય છું. એમ થયા પછી ખરું સમજાય છે અને ખરું સ્વરૂપ સમજાય તો મન બીજે ન જાય. સંસારમાં વહાલપ કરશે તો માર ખાશે. સત્પુરુષનાં વચનોમાં દૃષ્ટિ રહેવાથી સંસાર ભયંકર લાગે છે. એમાં જ વૃત્તિ રહે તો યોગ્યતા આવે. જગતના જીવો એને ભૂલી ગયા છે. બધું કરીને જ્ઞાનીપુરુષોએ અસંગ થવાનું કહ્યું છે. અસંગ થવું સહેલું નથી. સત્સંગ એ અસંગ થવાનું સાધન છે.

*

(એક મુમુક્ષુ બહુ માંદા હતા. લગભગ છેલ્લી અવસ્થા જેવું હતું. ત્યાં પૂજ્યશ્રી પધાર્યા અને ઉત્તમ બોધ થયો, તેનો સાર).

પૂજ્યશ્રી—વેદના હોય તે વખતે ‘સહજાત્મસ્વરૂપ પરમગુરુ’ એ મંત્ર જપ્યા કરવો. કર્મ તો આવી આવીને જાય છે. તેથી ભોગવીને છુટાય છે. વીશ દોહરા, યમનિયમ, ક્ષમાપના રોજ બોલવાં. વેદના વખતે ન બોલાતું હોય તો બીજા પાસે બોલાવવું અને સાંભળવું. ધીરજ રાખવાની છે. ધીરજ એ મોટી વસ્તુ છે. વેદના થાય છે તે દેહને થાય છે. આત્માને કંઈ નથી થતું. આત્મા નિત્ય છે. જગતના સુખની અલ્પ પણ ઇચ્છા રાખવી યોગ્ય નથી. મારો દેહ સારો થાય તો હું ખાઉં, કપડાં પહેરું, ફરવા જાઉં અને દેહ મારો છે એવી ભાવના ન રાખવી. આત્મા અનંત સુખનું ધામ છે. સંતપુરુષો રાતદિવસ તેના ધ્યાનમાં લીન રહે છે.

**“સુખ ધામ અનંત સુસંત ચહી, દિન રાત્ર રહે તદ્ધ્યાનમહી;**
**પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જય તે.”** (૯૫૪)

આત્મા છે તે અનંત સુખનું ધામ જ છે.

*

(ત્યાં એક ટેબલ પર અંગ્રેજી પુસ્તકો પડ્યા હતા તે જોઈને)

પૂજ્યશ્રી—(વિદ્યાર્થીને ઉદ્દેશીને) કોમર્સમાં ભણે છે?

વિદ્યાર્થી—હા, પ્રભુ.

પૂજ્યશ્રી—આટલાં બધાં પુસ્તકો વાંચે છે તો થોડો વખત કાઢી 'વચનામૃત' પણ વાંચવું. રોજ એક કલાક સ્વાધ્યાય કરે તો મોટા લાભનું કારણ છે. ઉપવાસ કરવા કરતાં પણ વધારે લાભનું કારણ છે. ખાલી ટાઇમમાં બીજાં પુસ્તકો વાંચતા હોઈએ તો તે છોડી આપણે 'વચનામૃત' વાંચવું. પહેલેથી છેક છેલ્લે સુધી ક્રમપૂર્વક વાંચવું. જ્યારે પુસ્તક પૂરું થાય ત્યારે ફરી શરૂઆતથી વાંચવું. રોજ થોડો સ્વાધ્યાય તો કરવો જ. વધારે ન બને તો એક પત્ર જ વાંચવો. ભણવાનાં પુસ્તકો જેમ લાગણી રાખીને વાંચે છે, તેમ આ પણ સ્થિર ચિત્ત રાખીને, તેવી જ લાગણીપૂર્વક કરવાનું છે. સ્વાધ્યાય એ મોટું તપ છે. વ્રત ઉપવાસ કરે, તેનાથી પણ વધારે લાભ છે.

(પછી પૂછ્યું) તને અઢાર પાપસ્થાનક આવડે છે?

વિદ્યાર્થી—હા, જી.

પૂજ્યશ્રી—આ અઢાર પાપસ્થાનક રોજ સૂતી વખતે બોલવાં અને વિચાર કરવો કે આજે મેં કેટલી હિંસા કરી? કેટલું જૂઠું બોલ્યો? એમ અઢાર પાપસ્થાનક રોજ સૂતી વખતે તપાસવાં. તેમાં જે જે દોષ થયા હોય, તેનો પશ્ચાત્તાપ કરવો. ફરી તે દોષો ન થાય એવા પ્રયત્નમાં રહેવું. આટલું જ પણ જો વિચારપૂર્વક કરવામાં આવે તો પ્રતિક્રમણ કરતાં પણ વધારે લાભનું કારણ થાય એવું છે.

જીવને આ દુઃખરૂપ સંસારથી છોડાવવાનો છે. એના પ્રયત્નમાં જ રહેવું.

૧૧ ગુડિવાડા, પોષ સુદ ૧, સં.૨૦૦૮

[સવારના ૮-૩૦ વાગે પૂજ્યશ્રી જ્યાં ઊતર્યા હતા ત્યાં ગરમ પાણીનો લોટો મૂકવા એક મુમુક્ષુ આવ્યા તેમને ઉદ્દેશીને]

પૂજ્યશ્રી—પત્રો શીખ્યો છે તે રોજ ફેરવે છે?

મુમુક્ષુ— હા, જી.

પૂજ્યશ્રી—રોજ ફેરવવાં. પત્રો ફેરવીએ ત્યારે વિચાર કરવો કે આમાં શું કહ્યું? જગતના નિમિત્તો એવા છે કે જીવને કયાંનો ક્યાં લઈ જાય. આસક્તિ ન થાય તેવી સાવચેતી રાખવી. 'સમાધિ સોપાન'માંથી જે પત્રો નથી શીખ્યો તે પણ શીખી લેજે. રોજ કંઈ ને કંઈ નવું શીખવું.

ૐકાર—આપ જે વાણી બોલો છો, તે હું લખું છું. એમાં કંઈ વાંધો તો નહીં ને?

પૂજ્યશ્રી—કાંઈ વાંધો નહીં.

*

(રાતના)

પૂજ્યશ્રી—જે કર્મ ઉદયમાં આવે તે બધું જીવે સમભાવે સહન કરવું. ફિકર કરવાથી આત્માની કંઈ ઉન્નતિ થતી નથી.

મુમુક્ષુ–પોતાને ત્યાગ કરવાના ભાવ હોય અને ત્યાગ કરવાથી બીજા જીવને દુઃખ થતું હોય તો શું કરવું?

પૂજ્યશ્રી–જે જીવથી થઈ શકતું નથી તેની તો ચિંતા કરે છે અને જે કરવા યોગ્ય છે, અને જે પુરુષાર્થ કર્યાથી થઈ શકે છે, તેની ચિંતા નથી કરતો. ભગવાનની આજ્ઞાએ વર્તવું એ ભક્તિ છે. હું કરું, મેં કર્યું એ બધું અજ્ઞાન છે.

એક ભક્તિમાર્ગ છે, બીજો જ્ઞાનમાર્ગ છે. મારે ભગવાનની આજ્ઞાએ વર્તવું, એ ભક્તિમાર્ગ છે. જ્યારે આપણે પુરુષાર્થ કરીશું ત્યારે જ થશે એ જ્ઞાનમાર્ગ છે. આપણે વિચારવા જેવું છે કે આટલા પૈસા કમાયા કે ધન મેળવ્યું, એથી આત્માનું કલ્યાણ થયું? સંસારમાં ખેદ થાય એ ધર્મ નથી. કશીય ફિકર કરવી નહીં. ફિકર કરે તો કર્મ બંધાય. છૂટવાનો રસ્તો બીજો છે. આકુળ-વ્યાકુળતા કરવી નહીં. વ્યાકુળતા એ જ અજ્ઞાન ભાવ છે. જે નિર્બળ થઈ જાય છે તેને ઘણું દુઃખ લાગે અને જે શૂરવીરપણે ભોગવે તેને કંઈ ન લાગે. આત્માને જે જાણે છે તે જ્ઞાની છે. બીજું આડું અવળું જાણે તે નહીં. જેની દૃષ્ટિ નિશ્ચય તરફ વળી છે, તેને આ ધર્મ મારો છે અને આ મારો નથી એમ ન થાય. બધું ભૂલીને આત્મા તરફ લક્ષ રાખવાનો છે. મોહ જેને છોડવો છે, તેણે બધું ભૂલી જવું. મોહ હોય ત્યાં સુધી અહંકાર થયા વિના રહે નહીં. બધા વિકલ્પો શમાવવાના છે. એ કર્યા વિના ચિત્ત સ્થિર ન થાય. આત્મસ્વરૂપમાં જે રમણતા કરે છે તેને બધા વિકલ્પો છૂટી જાય છે. આત્મા ત્રણે કાળ નિત્ય છે. નાશવંત વસ્તુઓને ભૂલી જવી, તો આત્મામાં ધ્યાન રહેશે. મનને જ્યાં માહાત્મ્ય લાગ્યું હોય ત્યાં જાય છે. અહંભાવથી રહિત થવાનું છે. ''અહંભાવથી રહિત નહિ'' એમ રોજ પ્રાર્થના બોલીએ છીએ. તે અહંભાવ કાઢવાનો છે. જે નિઃસ્પૃહ પુરુષ છે, તેને કલ્પિતનું માહાત્મ્ય ન લાગે. રાગ-દ્વેષનો ક્ષય કર્યે કેવળજ્ઞાન પ્રગટે છે. રાગ-દ્વેષને લીધે આખો સંસાર છે. સંસારનો ક્ષય કરવો હોય તો રાગ-દ્વેષનો ક્ષય કરવો.

પોતાને અને પરને પણ હિતકારી થાય તેનું નામ જ્ઞાન છે. બીજા જીવને દુભવે તે જ્ઞાન નહીં. આહારદાનમાં પણ સામા જીવને પ્રમાદ ન થાય એવો આહાર આપવો. સામા જીવની અને પોતાની બન્નેની મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ થાય તેવો આહાર આપવો.

પૂર્વે જે કર્મ બાંધ્યું છે, તે ઉદય આવતાં સમભાવે ભોગવવું. જે દુઃખ આવે તે સહન કરવું અને ભલું માનવું. મને ચેતાવવા આવ્યું છે એમ માનવું. મને સત્પુરુષની જરૂર છે એવું જીવને લાગ્યું નથી. મને મોક્ષમાર્ગ બતાવનાર સદ્ગુરુ જ છે.

**''પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર;**
**એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર.''**

જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જીવની યોગ્યતા જોઈએ. યોગ્યતા એટલે જ્ઞાન પ્રાપ્ત કરવાની જિજ્ઞાસા. એ યોગ્યતા આવવી બહુ મુશ્કેલ છે. અંદરથી જાગૃતિ જોઈએ. કોણ જાણે ક્યારે દેહ છૂટી જશે! માટે બીજામાં ચિત્ત ન જાય એવું કરી લેવાનું છે. વિશ્વાસ જોઈએ. જ્ઞાનીપુરુષ દિવસ હોય અને

રાત કહે તો પણ માને, શંકા ન કરે. પોતાની બુદ્ધિની મંદતા કરે અને જ્ઞાની કહે તે ખરું છે, એમ કરે ત્યારે વિશ્વાસ આવ્યો કહેવાય. હું કંઈ ન જાણું એવું થાય તો યોગ્યતા ય આવે, બધું આવે. પોતાની બુદ્ધિ મૂકવી અઘરી છે. માથું મૂકે પણ પોતાની બુદ્ધિ નહીં મૂકે. બુદ્ધિમાં આવે એવી વાત નથી. બુદ્ધિથી આગળ વાત છે. ખરેખરું જે સ્વરૂપ છે તેની ભક્તિ કરવા જેવી છે. સહજાત્મસ્વરૂપને ભૂલીને જે કંઈ કરીએ તે બધું નિષ્ફળ થાય. સમજણ જોઈએ.

**"સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય"**

ભક્તિ કરવાવાળાના ભાવ બીજા હોવા જોઈએ. સંસાર દુઃખરૂપ છે. તેમાં આ જીવ જન્મમરણ કરી રહ્યો છે. એ વસ્તુને જે પામેલો હોય તે જ પમાડી શકે. જેને તરતાં આવડતું હોય, તે જ તારી શકે. "જેની પાસેથી ધર્મ માગવો, તે પામ્યાની પૂર્ણ ચોકસી કરવી" (૪૬૬) "બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા" (૭૬) જે વસ્તુ પામ્યા છે એવા પુરુષની પ્રાપ્તિ કરવી. એ ન થવાથી અનાદિથી પરિભ્રમણ થયું છે. સત્પુરુષનો યોગ અને જીવની યોગ્યતા બન્ને હોય ત્યારે કલ્યાણ થાય. કર્મનું મૂળ કારણ અજ્ઞાન છે. એ ટાળવા માટે સત્પુરુષની જરૂર છે. જીવને સત્પુરુષનો યોગ પણ ઘણીવાર મળ્યો, પણ જીવ ચેત્યો નહીં. તેથી પરિભ્રમણ ન ટળ્યું.

મુમુક્ષુ—સંસારનો ક્ષય કેમ થાય? ક્રિયા કરતાં તો પાર ન આવે. માટે વખત વધારે ન લાગે અને લાભ થાય એવો ક્યો રસ્તો છે?

પૂજ્યશ્રી—સત્સંગનો યોગ એવો છે કે જીવના ભાવ ફરતાં વાર નથી લાગતી. થોડા વખતમાં ઘણું કામ થઈ જાય. કમઠની પાસે પાર્શ્વનાથ ગયા. ત્યાં સાપ નીકળ્યો. સાપને ભગવાનનાં દર્શન થયાં, સ્મરણ મળ્યું, તેથી ધરણેન્દ્ર થયો. એ બધાનું કારણ સત્સંગ થયું. અલ્પકાળમાં ઘણું કામ થઈ જાય એવો આ સત્સંગ છે. ચિત્તની એકાગ્રતા પણ સત્સંગમાં થાય છે. ભાવ ફેરવવાનો ઉપાય સત્સંગ છે. ભરત ચક્રવર્તી ઋષભદેવ ભગવાનને વંદન કરવા જતા હતા. ત્યારે તેઓ જે હાથી ઉપર બેઠા હતા, તેના પગ નીચે જે જીવો કચરાયા તે ભરત ચક્રવર્તીના પુત્રો થયા અને મોક્ષે ગયા. મરુદેવા માતા પણ ઝાડમાંથી આવ્યાં અને મોક્ષે ગયાં. સાચી વસ્તુનો વિશ્વાસ આવે તો કામ થઈ જાય. આ કાળમાં એવા પુરુષ થયા છે, પણ લોકોને વિશ્વાસ નથી આવતો. મોક્ષની વાતનાં ગપ્પાં માર્યાથી કંઈ કામ થાય નહીં. એ તો જેને અનુભવ છે, તે જ જાણે છે. અનુભવ વિના ન જાણી શકાય. મારે શું કરવું કે જેથી સુખ મળે એવી મૂંઝવણ થાય ત્યારે માર્ગ મળે. જ્યાં સુધી ભગવાનનું શાસન છે ત્યાં સુધી કોઈ ને કોઈ મહાપુરુષ તો હોય છે જ. ગરજ જાગવી જોઈએ.

(બપોરના) **૧૨** ગુડિવાડા, પોષ સુદ ૩, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—દૃષ્ટિ સવળી કરવી જોઈએ, તો બધું સવળું છે.

મુમુક્ષુ—સત્પુરુષ શાથી ઓળખાય?

પૂજ્યશ્રી–વૈરાગ્ય, ઉપશમ પોતાનામાં હોય તો ઓળખાય. કૃપાળુદેવે લખ્યું છે કે ‘‘મુમુક્ષુનાં નેત્રો મહાત્માને ઓળખી લે છે.’’ જેટલી મુમુક્ષુતા હશે તેટલી ઓળખાણ થશે. ખરી ઓળખાણ તો તીવ્ર મુમુક્ષુતા આવે ત્યારે થાય છે.

*

(રાતના)

પૂજ્યશ્રી–જીવે બહુ વિચારવા જેવું છે. જન્મ અને લગ્નના જેમ પ્રસંગો આવે છે, તેમ મરણનો પ્રસંગ પણ અવશ્ય આવવાનો છે. માટે ચેતતા રહેવું. એક વાર સમાધિમરણ કરે તો બધા ભવોમાં સમાધિમરણ જ થાય. આ સમાધિમરણનું કામ એમને એમ થતું નથી. પહેલાં તૈયારી કરી રાખી હોય તો થાય. ‘હું નહીં મરું’ એમ ચાલતું નથી. મરણ આગળ ઇન્દ્ર જેવા પણ શરણરહિત છે. મહાવીર ભગવાનને ઇન્દ્રે કહ્યું કે હે ભગવાન, આપના નિર્વાણ પછી ભસ્મગ્રહ આવવાનો છે; માટે આપ થોડુંક આયુષ્ય વધારો. ત્યારે ભગવાને કહ્યું કે આયુષ્ય વધારવા કે ઘટાડવા કોઈ સમર્થ નથી. ભગવાન મહાવીર જેવા પણ આયુષ્ય વધારી ન શક્યા.

મરતાં આવડવું જોઈએ. મરતાં આવડે તો ફરી દેહ ધારણ કરવો ન પડે. દેહ અને આત્મા બન્નેય સ્પષ્ટ જુદાં દ્રવ્ય છે, પણ જીવે વિચાર કરીને ભેદ પાડ્યો નથી. જો ભેદ પાડ્યો હોય તો ‘આત્મા નિત્ય છે,’ એવું દૃઢ થઈ જાય. દેહ અનિત્ય છે; વિશ્વાસ રાખવા જેવો નથી. માટીનું વાસણ ફૂટતાં વાર ન લાગે, તેમ આ દેહ છે તે માત્ર સંયોગરૂપ છે. પરમાણુઓનો જથ્થો ભેગો થયો છે. આત્મા દ્રષ્ટા છે. દેહ રૂપી અને આત્મા અરૂપી છે. જડ અને ચેતન બે વસ્તુ છે. જે જાણે તે ચેતન; જે ન જાણે તે અચેતન. જડ પુદ્‌ગલમાં હર્ષ-શોક, મોહ ઇત્યાદિ કરીને જીવ પોતાને સુખી માને છે તે ભૂલ છે. એ ભૂલ નીકળે તો પછી ગભરામણ, મૂંઝવણ કંઈ ન થાય. જેને મોહ ઓછો થયો છે તેને મૂંઝવણ ન થાય. આ દેહ મારો છે એમ થઈ ગયું છે. આખી જિન્દગી સુધી ‘મારો દેહ, મારો દેહ’ એમ કરે પણ પોતાનો ન થાય. ‘મારો દેહ, મારો દેહ’ કરે છે એ ભ્રાંતિ છે.

સદ્‌ગુરુનો યોગ થાય તો એ ભ્રાંતિ છેદાય. ‘‘છે દેહાદિથી ભિન્ન આતમા રે’’ એનું નામ જ્ઞાન છે. જેવું છે તેવું જાણે તો મોહ થાય નહીં. કોઈ વસ્તુમાં મોહ કરવા જેવું નથી.

શરીરમાં બધો ગંદવાડો છે. હાડમાંસથી ભરેલું છે. ભ્રાંતિને લીધે જીવ એને પવિત્ર માને છે. પોતાનું નહીં તેને પોતાનું માની રહ્યો છે, એ જ ભ્રાંતિ છે. જીવતાં મરાય તો ફરી મરવું ન પડે. દેહ એ આત્મકલ્યાણ કરવાનું સાધન છે, પણ એમાં મોહ કરવા જેવું નથી.

જ્ઞાનીપુરુષ અને જ્ઞાનીપુરુષનો આશ્રિત બેય મોક્ષમાર્ગમાં છે. સદ્‌ગુરુ કહે તે માને, એટલું થયું તો મોક્ષ થઈ જાય એવું છે. જ્ઞાનીને એક આત્માનું જ શરણ હોય છે અને આશ્રિતને જ્ઞાનીનું શરણ હોય છે, તેથી તેનો પણ મોક્ષ થાય છે. સત્સંગ એ અસંગ થવાનું સાધન છે. સત્પુરુષ પ્રત્યે વિશ્વાસ આવે તો મુમુક્ષુતા પ્રગટે. ભ્રાંતિ ટળે ત્યારે ઓળખાણ થાય કે આ દેહથી મારું સ્વરૂપ ભિન્ન છે. હું દેહ નથી. જ્ઞાનીપુરુષનું ઓળખાણ થાય તો પોતાનું પણ ઓળખાણ થાય.

નિજસ્વરૂપને જે જાણે છે તેને દેહમાં મમતા હોતી નથી. દેહને જેમ છે તેમ જાણે તો મમત્વ ટળે અને આત્મજ્ઞાન થાય. આત્મજ્ઞાન થવાથી આત્મસ્વરૂપમાં સ્થિરતા થાય છે. તેથી તેનો દેહ છૂટતાં જ મોક્ષ થાય છે. સદ્‌ગુરુની પ્રતીતિ જોઈએ. ''સેવે સદ્‌ગુરુ ચરણને'' દેહનું મમત્વ ગયું તો ફરીથી દેહ પ્રાપ્ત ન થાય. દેહભાવ છૂટે તો આત્મજ્ઞાન થાય.

**''આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે''**

કેવળજ્ઞાન પામે. જેને જ્ઞાનીની યથાર્થ પ્રતીતિ થઈ છે, તેનો તો મોક્ષ થવાનો જ છે. પુરુષાર્થ કરે તો બધું થાય. જેને મોહ ઓછો થયો છે, તેને હું મરી જઈશ, મારો દેહ છૂટી જશે એમ ન થાય, મરણભય લાગે નહીં. આ દેહ ક્યારે છૂટશે તેની ખબર નથી. માટે વહેલા ચેતી લેવાનું છે. દેહમાં રાજી ન થવું. કિંમતી વસ્તુ હાથમાં છે. ડાબડીમાં રત્ન હોય, પણ રત્ન જેવી ડાબડીની કિંમત ન હોય. જીવનો મોહ કેમ ઓછો થાય, એનો ઉપાય જ્ઞાની જાણે છે.

કૃપાળુદેવ એક વખત નડિયાદમાં હતા, તે વખતે પોતાનો કોટ ઉતારીને એક ભાઈને આપ્યો અને કહ્યું કે જેવી રીતે અમે આ કોટ આપીએ છીએ, તેવી રીતે આ દેહ છોડીને જવાના છીએ. આત્મા દેહથી ભિન્ન છે, એવું જેને થયું છે તેને દેહ છોડી દેતાં કોટ ઉતાર્યા જેવું લાગે છે. મોહ ઓછો કરવાનો છે, માટે પ્રમાદ ન કરવો. શાતામાં મોહ ઓછો કરવાનો અભ્યાસ ન કર્યો હોય તો અશાતામાં વિચાર કરીને પણ ઓછો કરવો. એમ પણ ન થયું હોય તો મહા વેદનાના કાળે વિચાર કરીને 'હું દેહથી ભિન્ન છું' એ ભુલાય નહીં એવું કરવું. સમાધિમરણ કરવા માટે મનુષ્યભવ મળ્યો છે, માટે પ્રમાદ ન કરવો. અનાદિકાળના અભ્યાસને લઈને પ્રમાદ થઈ જાય છે, પણ હવે ઓછો કરવાનો છે. દેહને જાણનારો દેહથી ભિન્ન છે. એ જ કરવાનું છે. દેહ ઉપર રાગ થાય ત્યારે એને ખેદ થવો જોઈએ કે એથી મારું શું ભલું થશે? કાંટો વાગ્યો હોય તેમ ખટકવું જોઈએ. મારે એ કાંટો કાઢવો જ છે, એમ લાગવું જોઈએ. કોઈ સદ્‌ગુરુ મળે તો થાય. એથી જીવ ફરી જાય છે.

દેહ છે તે એક ધર્મશાળા જેવો છે. વૈરાગ્યમાં વૃત્તિ વાળવી. વૈરાગ્યને કેળવવાનો છે. દેહમાં મોહ કરવો નહીં. બીજાનો દેહ છૂટી જવાથી હું ખેદ કરી રહ્યો છું, પણ મેં તો કશી તૈયારી કરી નથી. મારે માથે પણ મરણ તો છે. માટે હું દેહથી ભિન્ન છું, એવું મને કરવા દે. એમ તે વખતે વિચાર કરવો. મરણના પ્રસંગે જીવને ખેદ થાય તે ભુલી જઈને હું કઈ સ્થિતિમાં છું એ વિચારવું. કોઈ અમરપટ્ટો લઈને આવ્યું નથી. મરણની તૈયારી કરી બેસવું. ગાડીમાં જવું હોય તો પહેલાં તૈયારી કરવાની જરૂર છે. સમાધિમરણને માટે કેમ કરવું તે માટે 'ભગવતી-આરાધના' વગેરે પુસ્તકો છે. જે આચાર્ય હોય તે બાર વર્ષ મરણ પહેલાં તીર્થયાત્રા કરવા જાય છે. ત્યારે સત્પુરુષની શોધ કરે છે અને પછી તેમની પાસે રહી સમાધિમરણ કરે છે.

કષાયો ઓછા કરવાના છે. કષાય ઓછા થાય ત્યારે સમાધિમરણ થાય. સમાધિમરણ કરાવે એવા પુરુષનો સમાગમ થવો બહુ દુર્લભ છે. સમકિતનું કેટલું માહાત્મ્ય છે તે જીવના ખ્યાલમાં નથી. સમકિતી વધારે પુરુષાર્થ કરે તો આઠ સમયમાં મોક્ષે જાય. જીવને સાચી વસ્તુ પ્રાપ્ત થઈ તો

મોક્ષ દૂર નથી. "તું છો મોક્ષસ્વરૂપ" જ્ઞાનદર્શનાદિ બધા ગુણો પોતાની પાસે જ છે. મોક્ષ અહીંથી સાત રાજ અળગો છે એમ કહે છે તે કલ્પના છે. મહાપુરુષોને તે મૃત્યુ-મહોત્સવ જેવું લાગે છે. દવા જેમ કરે છે, એવી સમાધિમરણ માટે ખરી દવા કરવાની છે. તૈયારી કરી રાખવી. દેહનું મમત્વ ઓછું થાય એવું કરવાનું છે. સમજણ કરવાની છે. પોતાનું નહીં તે નહીં. દેહ પોતાની સાથે આવતો નથી. અવળી સમજણ છે તે જ મિથ્યાત્વ છે. એને પહેલાં ખસેડવાનું છે. ક્લેશમાં વર્તવા જેવું નથી. ચેતતા રહેવું. મનુષ્યભવ મળ્યો છે, માટે મોહ ન કરવો. દેહનો મોહ છૂટે તો બધુંય છૂટે.

(સવારના) ૧૩ ગુડિવાડા, પોષ સુદ ૪, સં.૨૦૦૮

(એક ભાઈ મંત્ર લેવા આવ્યા ત્યારે)

પૂજ્યશ્રી—મનુષ્યભવનો સાર ભક્તિ છે. આત્મજ્ઞાનીની આજ્ઞાએ કરીએ તો મોક્ષનું કારણ થાય. સાત વ્યસનનો જીવતાં સુધી ત્યાગ રાખવો. આપણે પાળીએ છીએ, પણ કૃપાળુદેવની આજ્ઞાએ પાળીએ તો ધર્મ કહેવાય. આજ્ઞા એ ધર્મ છે. સદાચાર હોય તો ભક્તિ થઈ શકે. પાપનાં ફળ ધર્મમાં વિઘ્ન કરે છે. જેટલો નિયમ લઈએ, તેટલો ટેક રાખીને પાળવો.

આત્મા સંબંધી જે શાસ્ત્ર હોય તે વાંચવું. સત્સંગ મોટી વસ્તુ છે. મનુષ્યભવ દુર્લભ કહ્યો છે. એ ક્યારે છૂટી જશે તેની ખબર નથી. માટે ચેતતા રહેવું. સદાચાર એ ધર્મનો પાયો છે. એટલું હોય તો સત્પુરુષનો યોગ થાય, ભક્તિ થાય, બધું થાય. બધું આત્માર્થે કરવું છે. જેવા ભાવ થાય તેવું ફળ મળે. કોઈ ઉપર ક્રોધ કરવાનો નથી અને રાજી પણ થવાનું નથી. પોતાના પરિણામ તપાસે તો કામ થાય. હું તો અધમાધમ છું એ લક્ષ ન ચૂકવો. આત્મલક્ષ ન ચુકાય એમ રાખવું. જીવના અનંત દોષો છે તે વિચારવા જેવા છે. ક્યાં કેવળજ્ઞાન અને ક્યાં આ મારી દશા! પોતાના દોષો ઓળખે, તો મારી શી વલે થશે? એમ લાગે. પોતાના આત્માને વારંવાર નિંદે, તો બધા દોષો નાશ પામે. પોતાના દોષો જોવા અને કાઢવા. જીવને સત્પુરુષનો યોગ થયા પછી 'મારો દેહ છૂટી ગયો છે' એવો ભાવ થવો જોઈએ. સત્સંગે કરીને પોતાના દોષ જોવા. આત્માને નિંદે તો આગળ વધી શકે. હું કંઈ નથી જાણતો, મને ખબર નથી, સત્પુરુષની આગળ હું કંઈ ગણતરીમાં નથી. ખરો લાગ આવ્યો છે. દોષોને વારંવાર નિંદવા. સમયે સમયે જીવ કર્મ બાંધી રહ્યો છે, કર્મથી અવરાઈ ગયો છે, તેથી ભાન નથી. ભોગથી મૂંઝાય તે મુમુક્ષુ છે. ખાતાં-પીતાં, બોલતાં-ચાલતાં, મારામાં અનંત દોષો છે, હું વિભાવમાં છું, એમ પોતાના દોષ જુએ તો મુમુક્ષુતા પ્રગટે.

પ્રભુશ્રીજી કહેતા કે હું વાણિયો નથી, બ્રાહ્મણ નથી, સ્ત્રી નથી; આત્મા છું, શરીરના ધર્મથી રહિત છું. આત્મા તો અહંભાવથી રહિત છે. હું ધનવાન નથી, હું દેહ નથી; આત્મા છું. અહંભાવને લીધે જીવને રાગદ્વેષ થાય છે. જ્યાં સુધી અહંભાવ હોય ત્યાં સુધી સત્પુરુષનો બોધ પણ ન સમજાય. અહંભાવથી રહિત થાય, તો જ આત્મા સુધી બોધ પહોંચે. હું કોણ છું? એ વિચાર કર્યા વિના ન થાય. જ્ઞાનીનાં એવાં એવાં વચનો હોય છે કે એક વચન પણ જીવને જો ચોંટી જાય તો કલ્યાણ થઈ જાય. આત્માની સન્મુખ થાય ત્યારે કલ્યાણ થાય. જેને આત્માની સન્મુખ થવું હોય

તેણે વિભાવભાવને પૂંઠ દેવી. 'આ મેં કર્યું, આ મેં સારું કર્યું,' એવા પ્રકારના અભિમાનમાં જીવ ભૂલી જાય છે. અહંભાવમાં જીવ તલ્લીન થઈ જાય છે. અહંભાવ હોય ત્યાં સુધી કલ્યાણ ન થાય.

કૃપાળુદેવે લખ્યું છે કે, ''જગતમાં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત!'' (૨૧/૮૩) માન સંસારમાં સર્વત્ર નજરે આવે છે. ખાતાં, પીતાં, ચાલતાં, બેસતાં જીવ માન સાથે રાખીને ફરે છે. વિચારે કે મેં શું કર્યું? અભિમાન કરવા જેવું તો કશું છે નહીં, પણ આવા વિચાર જીવને નથી આવતા. વિભાવ અને અહંભાવને લઈને વિચાર નથી આવતા. અમૃતચંદ્રાચાર્યે 'તત્ત્વાર્થસાર'માં છેવટે લખ્યું છે—મેં કશું કર્યું નથી, ધાતુને લઈને શબ્દો થયા, શબ્દોથી વાક્ય બન્યા અને વાક્યોથી આ ગ્રંથ બન્યો. એમાં મેં શું કર્યું? કશુંય કર્યું નથી. સમજણ હતી તેથી અભિમાન ન થયું.

સાચ ગ્રહણ થતું નથી. ભાવને આધારે સંસાર અને ભાવને આધારે મોક્ષ છે. લૌકિકભાવ એ અજ્ઞાનભાવ છે. અજ્ઞાનથી જીવ જે ભાવ કરે છે, તે લૌકિકભાવ છે અને જ્ઞાનીપુરુષોની આજ્ઞાએ જે ભાવ કરે છે, તે અલૌકિકભાવ છે. ઇન્દ્રિયોને વશ કરવી તે ઉપયોગ રહેવાનું કારણ છે. પાંચ ઇન્દ્રિયો પણ વશ કરી લે, તોય કલ્યાણ તો સત્પુરુષના આશ્રયે જ થાય છે. સત્સંગમાં વિઘ્ન કરનાર પાંચ ઇન્દ્રિયોના વિષયો છે. પૂર્વે ઘણીવાર સત્સંગ મળ્યા છતાં, પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં વૃત્તિ રહેવાથી નિષ્ફળ થયા છે. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાંથી પાછો ખસે તો જ્ઞાનીનું કહેલું સમજાય. એ પહેલું પગથિયું છે. આત્મા મારે પ્રાપ્ત કરવો જ છે, એવો લક્ષ તે અંતરલક્ષ છે. અંર્તવૃત્તિ થાય તો આત્માને શું થઈ રહ્યું છે તે ખબર પડે. જ્ઞાનીપુરુષનો લક્ષ રહે તો કલ્યાણ થાય. જ્ઞાનીપુરુષના યોગે જ બધાં સાધનો સફળ થાય છે. શરીરના રોગ જુદા અને આત્માના રોગ જુદા છે. જન્મ મરણ એ આત્માના મુખ્ય રોગ છે.

ઉપાય કર્યા વિના લોભ ન જાય. લોભ છે, એ પણ રોગ છે. જ્ઞાનીએ એને ખોટો કહ્યો છે, પણ જીવને દર્દ લાગે તો દવા કરે. સંસાર દુઃખરૂપ લાગે તો છોડે. આખો સંસાર લોભને લઈને છે. ઇચ્છા છે એ જ લોભ છે. બધા દુઃખોનું મૂળ કારણ ઇચ્છા છે.

**''હે જીવ, ક્યા ઇચ્છત હવે, હૈ ઇચ્છા દુઃખમૂલ''**

દરદ સમજાય તો કાઢવાનો પુરુષાર્થ કરે અને મનમાં લાગે કે આ દરદ જાય તો ઠીક. દોષ છે એ જ મોટું દરદ છે. ઉપાય કરે તો જાય. વિચારે તો ખબર પડે કે મને ક્યાં ક્યાં લોભ થાય છે? અને દુઃખ પણ લાગે. લોભ જાય તો નવરો થાય અને સદ્‌વિચાર આવે. માંદો પડે ત્યારે ડૉક્ટરને શોધે છે, તેમ જ લોભ છે તે મને મોટો રોગ છે એમ લાગે તો લોભ જાય એવા ઉપાય શોધે. જેમ જેમ ઇચ્છા વધારે તેમ તેમ જીવ નીચી ગતિમાં જાય છે. સમ્યક્‌ત્વ ન થવા દે એવો લોભ છે. આત્મા ભણી વળવા ન દે એવો છે. દોષો જાય તો જ્ઞાન પ્રગટે. મારે દોષો છોડવા જ છે એવી અંતરમાં લાગણી થાય તો દોષો છૂટે. જ્ઞાનીપુરુષોએ ઘણું કહ્યું છે, પણ જીવે કરવું બાકી રાખ્યું છે. જીવને જો અપૂર્વતા લાગે તો જ્ઞાનીપુરુષનું કહેલું વારંવાર એને સાંભરે. લોભ ઓછો કર્યા વિના સમકિત ન થાય. જે જે કરવું છે તે બધું લોભ છોડવા માટે કરવું છે. જીવ જ્ઞાનીપુરુષોનાં વચન

માનતો નથી. બીજભૂત લાગણી થાય તો પાછો પડે નહીં. આત્મા લોભને કાઢવા પાછળ પડે તો કાઢી શકે. દોષ કાઢવાની વૃત્તિ થઈ તો દોષ કાઢીને જ્ઞાન, દર્શન, મોક્ષ બધું પ્રાપ્ત કરે.

લોકો એમ માને છે કે આત્મા એક જ છે, પણ એમ જો હોય તો રામ મોક્ષે ગયા તો બધાનો મોક્ષ થવો જોઈતો હતો. આત્માનું જ્ઞાન એક જાતનું છે, પણ આત્મા જુદા જુદા છે. અનંતગુણ હોય, પણ આત્મા એક કહેવાય. વૈરાગ્યઉપશમ હોય તો સમજાય કે શું કહેવું છે? અને જાણવાની જિજ્ઞાસા વધે અને એની ખોટી માન્યતા ટળી જાય. જ્યાં સુધી ભ્રાંતિ છે ત્યાં સુધી સમજાય નહીં.

*

(બપોરના)

મુમુક્ષુ–'વચનામૃત'માંથી પત્ર કે 'મોક્ષમાળા'ના પાઠ વાંચતાં, આ તો મેં વાંચ્યું છે, ફરી ફરી શું વાંચવું, એમ સામાન્ય થઈ જાય છે અને વિચાર નથી આવતા તેને માટે શું કરવું?

પૂજ્યશ્રી–''સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં અનંત આગમ રહ્યાં છે.'' (૧૬૬) મને સમજાતું નથી, પણ જ્ઞાનીએ જે કહ્યું છે તે સાચું કહ્યું છે. 'મોક્ષમાળા' તો બહુ વિચારવા જેવી છે. મોઢે કરવા જેવી છે, માટે મોઢે કરવી.

આપણે આત્મસ્વરૂપ છીએ, પણ કર્મને લઈને ભૂલા પડ્યા છીએ. દેહ છે તે આત્મા નથી. જે પ્રકારનાં કર્મ ઉદય આવે તેમાં સમભાવ રાખી વર્તવું. એવો જ્ઞાનીપુરુષનો માર્ગ છે. ગુરુ કૃપા કરે તો બધું થાય. ગમે તેવું કર્મ ઉદયમાં આવે તો પણ તે વખતે મુમુક્ષુપણું ન છોડવું. આત્માનો સ્વભાવ જાણવાનો છે. ઘણી અનુકૂળતા વખતે સમભાવ ન રહે, પણ મારે સમભાવ રાખવો છે, એવી ભાવના રાખવી. કરવા યોગ્ય સમભાવ છે. બીજી ઇચ્છા ન કરવી. કોઈ કોઈના કર્મ લઈ શકે એમ નથી. પોતપોતાના ભોગવ્યા વિના છૂટકો નથી. બધાં કર્મ છૂટે છે. જ્ઞાનીપુરુષો કદી અન્યથા કરે નહીં, કહે નહીં. કૃપાળુદેવ લખે છે કે આત્મા સિવાય બીજામાં ચિત્ત જતું નથી. પોતાનું સ્વરૂપ મૂકીને બીજામાં સુખ હોય જ નહીં. કર્મના યોગે ગમે ત્યાં જાય, પણ ત્યાં જ્ઞાનીપુરુષને કંઈ ગમે નહીં. પહેલાં જે કર્મ બાંધ્યાં છે, એટલા પૂરતું જ ત્યાં જવું પડે છે. બાંધેલું છે તે છૂટી જાય એવી ભાવના રાખવી. કૃપાળુદેવ લખે છે કે ખાવાપીવામાં ચિત્ત જતું નથી.

મુમુક્ષુ–'આઠદૃષ્ટિની સજ્ઝાય'માં પાંચમી સ્થિરાદૃષ્ટિ છે. તેમાં ''એ ગુણ વીરતણો ન વિસારું વહાલા'' છે. એના બદલે અહીં 'નિત્યક્રમ'માં ''એ ગુણ રાજતણો ન વિસારું'' એમ બોલાય છે, તેથી લોકો કહે છે કે ભગવાન મહાવીરને ઉઠાવી રાજચંદ્રજીનું નામ અંદર કેમ બોલાય છે?

પૂજ્યશ્રી–જેની ભક્તિ કરતાં ઉલ્લાસ આવે તેનું નામ લેવું. લોકોને દેખાડવા ભક્તિ નથી કરવી. આત્મહિત માટે કરવી છે. સમજ-સમજમાં પણ કેટલોય ફેર છે.

**''સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય''**

એ દશા આવ્યે સમજાય એવું છે. મહાવીર, મહાવીર એમ બધા કહે, પણ મહાવીરને

ઓળખનારા વિરલા છે. ગુરુભક્તિ એ જ સર્વોત્કૃષ્ટ છે.

**"પ્રથમ નમું ગુરુરાજને, જેણે આપ્યું જ્ઞાન;**
**જ્ઞાને વીરને ઓળખ્યા, ટળ્યું દેહ-અભિમાન."**

મંગલાચરણમાં પણ કહ્યું છે કે–

**"ગુરુભક્તિસેં લહો તીર્થપતિપદ, શાસ્ત્રમેં વિસ્તાર હૈ"**

ગુરુભક્તિ કરવાથી તીર્થંકરગોત્ર બંધાય છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે.

[પોષ સુદ ૪ ના વિજયવાડા ગયા. ત્યાં એક દિવસ રોકાઈ પોષ સુદ ૫ ના દિલ્લી એક્ષપ્રેસ દ્વારા ચાંદા સ્ટેશને ઊતરી ભાંડૂકજી પધાર્યા. એક દિવસ ત્યાં રોકાઈ ત્યાંથી પોષ સુદ ૬ ના આકોલા થઈ અંતરિક્ષજી પધાર્યા. ત્યાં બે દિવસ રોકાઈ ધુલીયા તરફ પ્રયાણ કર્યું. ધુલીયાથી અંજડ થઈ બડવાની આવી બાવનગજાજી તીર્થે પધાર્યા. પાછા બડવાની આવી ઇન્દોર પધાર્યા. ત્યાંથી પંચતીર્થ યાત્રા કરવા ગયા].

(રાતના) ૧૪ બેઝવાડા (વિજયવાડા), પોષ સુદ ૫, સં.૨૦૦૮

પૂજ્યશ્રી– **"કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય;**
**તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય."**

બધાં કર્મોને બાળવાનો ઉપાય જ્ઞાન છે. સમયે સમયે જીવ કર્મ બાંધ્યા જ કરે છે. ભય લાગ્યો નથી. જ્યારે એને સત્પુરુષ પાસેથી કંઈક સાંભળવાનું મળે ત્યારે તપાસ થાય કે હું કરું છું એમાં ખોટ છે કે નફો છે? મારે માથે મરણ છે, પણ મરણનો તો વિચાર નથી કરતો. આવા વિચારો સત્સંગમાં થાય છે. સત્સંગમાં આત્માની વાત થાય. કષાયો છેદીને ઓછા કરશે ત્યારે આત્મજ્ઞાન થશે. જે વસ્તુઓ કામની નથી તેમાં પડ્યો છે. મારે શું કરવા યોગ્ય છે? એનો વિચાર નથી આવતો. એનો વિચાર કરવાનો છે. અત્યારે જે ભાવ કરે છે તેનું ફળ આવશે. 'ભાવ બડો સંસારમેં.' જ્યાં સંસારના ભાવ થાય તેનું ફળ સંસાર આવે. બધાનો આધાર ભાવ છે.

**"ભાવે ભાવના ભાવીયે, ભાવે કેવળજ્ઞાન"**

પ્રસન્નચંદ્ર રાજર્ષિએ આત્મભાવના ભાવી તો કેવળજ્ઞાન પામ્યા. ભાવ કંઈ જેવી તેવી વસ્તુ નથી. અપૂર્વ વસ્તુ છે. જ્ઞાનીનું કહેલું માનવું. જાણનારો છે તે દેહથી જુદો છે. માર્ગ મૂકવાનો છે. જેણે ત્યાગ કર્યો તે સુખી થયા. જેટલું ગ્રહણ કરે તેટલો વધારે ભારે થાય. પરવસ્તુઓનો વિયોગ થયા વિના ન રહે. સમજણ છે એ જ સુખ છે.

**"સમજ સાર સંસારમેં, સમજુ ટાળે દોષ;**
**સમજ સમજ કરિ જીવ હી, ગયા અનંતા મોક્ષ."**

*

પૂજ્યશ્રી–ઉપાધિ છૂટે તો સમાધિભાવ થાય. ઉપાધિ છૂટતી ન હોય તો પણ ભાવના તો છોડવાની રાખવી. મારે આખું જીવન સત્સંગમાં જ ગાળવું છે, એમ રાખવું. આજીવિકા જેટલું ન હોય તો અમુક કાળ સુધી રળીને મારું જીવન સત્સંગમાં ગાળીશ, એમ હોય તો વાંધો નહીં.

આજીવિકા જેટલું થાય તો મારે વધારે જરૂર નથી. પછી જે અવકાશ મળે તે સત્સંગમાં ગાળવો. એમ જો લાગે તો સંતોષ આવે. તેથી મોજશોખ આદિ બીજી ઇચ્છા હોય તે મટી જાય છે અને સત્સંગમાં વધારે રસ આવે છે. જે કંઈ મારે કરવું છે તે છૂટવાને માટે જ કરવું છે, એવો લક્ષ રાખવો. એ લક્ષ વિના સંસારનો પાર આવે એમ નથી. મોટો નિશ્ચય એ કરવાનો છે કે સત્સંગ જેવું કોઈ આત્મસાધન નથી. સંસારનું વિસ્મરણ કરવાનું છે. આત્મા આત્મભાવ પામે તો આત્મા પોતે જ ધર્મરૂપ છે. જ્ઞાનીપુરુષ પાસેથી પોતાનું સ્વરૂપ સાંભળી શ્રદ્ધા કરે, તે ધર્મ છે. કલ્પનાથી શાંતિ થાય નહીં. જ્ઞાનીપુરુષ દ્વારા આત્માનું ખરું સ્વરૂપ સમજાય તો કલ્પનાઓ મટે, અને શાંતિ થાય. કલ્પના કરીને જીવ અનાદિકાળથી રખડ્યો છે. જો આત્મસ્વરૂપ પામવું હોય તો જેને આત્મસ્વરૂપ પ્રાપ્ત થયું છે, એવા સત્પુરુષને શોધવા, તો પ્રાપ્ત થશે.

૧૫ બેઝવાડા, પોષ સુદ ૬, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–આ કાળમાં પ્રવૃત્તિ વધી ગઈ છે. જરૂરિયાત કરતાં વધારે થઈ ગઈ છે. લોભવૃત્તિ વધતી જાય છે. જ્યાં સુખ નથી ત્યાં સુખ શોધ શોધ કરે છે. એક ડોશી હતી. તે કપડું સીવતી હતી. એવામાં તેની સોય ખોવાઈ ગઈ. ઘરમાં અંધારું હતું. પછી તે ડોશી બહાર જઈને સોય શોધવા લાગી, પણ ક્યાંથી મળે? ઘરમાં સોય ખોવાઈ અને બહાર શોધવાથી કંઈ મળે? એમ આ જીવ, બીજામાં સુખ છે નહીં ત્યાં સુખ શોધવા જાય છે. કેટલાય ભવ થયા, પણ સમાધિસુખ પ્રાપ્ત થયું નથી. જ્યાં સુખ છે ત્યાં તો શોધતો નથી અને જ્યાં નથી ત્યાં શોધે છે. જીવના બધા પ્રયત્નો નિષ્ફળ જાય છે તેનું એ જ કારણ છે. અશાતાનો ઉદય આવે ત્યારે તેને ટાળવાના ઉપાયો કરે છે. તેને માટે બહુ ફાંફાં મારે છે, પણ ખરો ઉપાય કરતો નથી. સમજણ નથી. અશાતાવેદની ન જોઈતી હોય તો નવું કર્મ ન બંધાય એવું કરવું. એને જોઈએ છે તે સાચું સુખ જડતું નથી. જોઈએ છે બીજું અને કરે છે બીજું. સમજણ વગર જીવ દુઃખી થાય છે. પાપનું ફળ દુઃખ આવે છે અને ફરી ખોટા ઉપાય કરીને પાપ બાંધ બાંધ કરે છે. મને અજ્ઞાન છે, તેથી હું દુઃખી છું, એમ લાગતું નથી. એટલા માટે જ સત્સંગની જરૂર છે. સત્સંગમાં, હું કરું છું તે ઠીક છે કે જ્ઞાની કહે તે ઠીક છે, તેની ખબર પડે છે. વિચારની ખામી છે. સત્સંગ વગર સદ્વિચાર જાગવા મુશ્કેલ છે. 'આત્મસિદ્ધિશાસ્ત્ર' છે તેને વૈરાગ્યઉપશમની વૃત્તિ કરીને વાંચીએ તો ઘણો લાભ છે. આત્માર્થીપણું આવવું જોઈએ અને તો જ જ્ઞાનીનું કહેલું સવળું જણાય. નહીં તો જ્ઞાની કહે કંઈ અને સમજે કંઈ. આરંભ પરિગ્રહ ઓછા થાય તો વૈરાગ્યઉપશમની વૃત્તિ થાય.

*

(સાંજના)

પૂજ્યશ્રી–પુરુષાર્થની જરૂર છે. ''જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ.'' જીવ પુરુષાર્થ તો કરતો જાય છે, પણ 'સત્' એ રહી જાય છે. 'વીશ દોહરા' માં કહ્યું છે કે–

**''સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;**
**સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય?''**

સાધન તો જીવે બહુ કર્યાં છે, પણ સત્ નથી કર્યાં; તેથી ઊલટા બંધનરૂપ થઈ પડ્યાં છે. પોતાનો સ્વચ્છંદ રોકીને સદ્ગુરુની આજ્ઞાએ વર્તવું એ સત્સાધન છે. સત્સંગમાં ઘણી કમાણી થાય છે. માટે રોજ કંઈક વાંચવું, વિચારવું. 'કર વિચાર તો પામ' એમ કહ્યું છે.

મુમુક્ષુ—પ્રભુ, અવકાશ નથી મળતો.

પૂજ્યશ્રી—મારે એક મહિનો સત્સંગમાં ગાળવો જ છે, એમ જો રાખે તો સત્સંગ થઈ શકે છે. પત્રાદિ જે કંઈ શીખ્યું હોય તે રોજ ફેરવવું, વિચારવું.

ઇન્દોરથી પંચતીર્થી-યાત્રા કરવા ગયા ત્યાંની સંક્ષેપ નોંધઃ—

[ઇન્દોરથી પોષ વદ-પના રોજ લગભગ ૮૦ મુમુક્ષુઓ સાથે પૂજ્યશ્રી માંડવગઢની યાત્રાએ પધાર્યા, પોષ વદ ૮ ના બનેડીયાજી પધારી પોષ વદ ૧૧ ના રોજ શ્રી સિદ્ધવરકૂટ પધાર્યા. ધર્મશાળામાં ઉતર્યા. આ જગ્યાએ પ. પૂ. પ્રભુશ્રીજી આઠ દિવસ રહેલા. ત્યાં બે દિવસ રહ્યા. મહા સુદ ૧ના રોજ મક્ષીજી થઈ ત્યાંથી ઉજ્જૈન પધાર્યા. એમ ઇન્દોરમાં બધા થઈને ૨૨ દિવસ રહ્યા. ત્યાંથી પૂજ્યશ્રી વગેરે ટ્રેનથી અજમેર આવ્યા. ત્યાંથી એક દિવસ પુષ્કર જઈ પાછા અજમેર આવ્યા. ત્યાંથી બ્યાવર ગયા. ત્યાંથી શિવગંજ ગયા. ત્યાં ચાર દિવસ રોકાઈ મહા સુદ ૧૫ને બપોરે બસમાં બેસી આહોર પધાર્યા.]

૧૬ શ્રી રાજમંદિર, આહોર, મહા વદ ૨, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—જ્યાં સુધી ઉદાસીનતા ન આવે ત્યાં સુધી જ્ઞાનીનાં વચનો પણ ન સમજાય. પૂર્વકર્મને લઈને કરવું પડે તો વૈરાગ્યથી વર્તવું. કૃપાળુદેવ લખે છે, 'જે થાય તેમાં ચિત્ત દેતા નથી. હું આત્મા છું એ ભુલાતું નથી.' ચિત્ત અખંડ આત્મજ્ઞાનમાં રહે એ કરવાનું છે. ઉદાસીન દશા હોય તો જ્ઞાનીનું કહેલું સાચું લાગે. જીવને કૃપાળુદેવની દશા સમજવી મુશ્કેલ છે. કૃપાળુદેવ કહે છે કે અત્યારે પરમાત્માની ભક્તિમાં લીન હોય તેવો કોઈ કેમ નથી જણાતો? એટલી બધી લીનતા એટલે પરમ ભક્તિવાળો કોઈ કેમ નથી દેખાતો? ભગવાન મહાવીર મળ્યા ત્યારે ગૌતમસ્વામી બધું છોડી ભગવાનની પાછળ પડ્યા. સત્પુરુષના સહવાસથી થોડાક પ્રયાસે પણ ઘણો લાભ થાય છે. અખંડપણે ભગવાનમાં લય લાગે ત્યારે ખરો વૈરાગ્ય છે. આપણને શું નડે છે? તે વિચારતો નથી. કૃપાળુદેવ કહે છે કે 'જગતનું કશુંય માહાત્મ્ય નથી.' આખા જગતનું કલ્યાણ થાઓ એવી ભાવના છે, છતાં પૂર્વકર્મને લઈને સામાને અમારો ઉદય દુઃખરૂપ ભાસે. ભગવાનને જેટલાં વિસારે તેટલું અહિત થાય છે.

(બપોરના) ૧૭ શ્રી રાજમંદિર,આહોર, મહા વદ ૩, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—ઘણા પુણ્યના ઉદયે જીવને સત્સંગ પ્રાપ્ત થાય છે. સત્સંગે જીવને ઘણો લાભ થાય છે. સત્સંગમાં આત્માની વાત સાંભળવા મળે. આખા જગતમાં ક્યાંય સુખ નથી, ત્યાં આ જીવ સુખ માને છે. જીવની બાહ્ય દૃષ્ટિ છે. જેથી એને જે વસ્તુ મળે તેને માટે આખી જિંદગી ગુમાવે છે. મનુષ્યભવમાં જે કરવું હોય તે થઈ શકે છે. મનુષ્યભવથી મોક્ષ થાય છે, તેથી ઉત્તમ છે. 'જાગ્યા ત્યાંથી સવાર' મંડી પડવા જેવું છે. લક્ષ ફેરવવાની જરૂર છે. અનંતકાળથી જે નથી કર્યું તે

'સત્' વસ્તુને પ્રાપ્ત કરવાની છે. વૈરાગ્ય, હરતાં ફરતાં, બીજા દરેક કામ કરતાં રાખવાનો છે. સમયે સમયે કર્મનું કારખાનું ચાલી રહ્યું છે. માટે ઘણી જાગૃતિની જરૂર છે. સત્સંગમાં રહેવાની જરૂર છે. રાત-દિવસ આત્માની જાગૃતિ રાખવા માટે જ્ઞાનીપુરુષના વચનોમાં વૃત્તિ રહે તેવું કરવું. સત્સંગ તો પુણ્ય હોય તો મળે. સદાચાર હોય તો ગ્રહણ થાય, જ્ઞાનીના વચનો પરિણામ પામે. ધર્મમાં ઢીલ કરવા જેવું નથી. કોણ જાણે ક્યારે દેહ છૂટી જશે. 'મોક્ષમાળા' મોક્ષનું બીજ થાય એવી છે. મોક્ષને અર્થે મનુષ્યભવ છે. મનુષ્યભવમાં જીવ સત્સંગ કરી શકે, સારી ભાવના કરી શકે અને પોતાના સ્વરૂપને સમજી શકે છે. પ્રમાદને લઈને જીવ ભૂલી જાય છે. કર્મથી છૂટવા મનુષ્યભવ મળ્યો છે. સમજે તો મનુષ્ય કહેવાય. જીવ ઊંઘે છે, તેને જગાડવા માટે જ્ઞાનીનો બોધ છે. આત્મસ્વરૂપને પ્રાપ્ત કરવા બધું કરવાનું છે. જ્ઞાનીની આજ્ઞા આરાધાય તો ઘણો લાભ થાય. પ્રમાદમાં જીવ દેહરૂપ થઈ જાય છે. આત્મા ઉપયોગ સ્વરૂપ છે. જેવા દ્રવ્યો મળે તેવો આત્મા કહેવાય. જેવો ઉપયોગ તેવો આત્મા છે. ''છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ.'' કદી નાશ પામવાનો નથી, એમ જો દૃઢ રહે તો ભય નહીં લાગે. અવિનાશી છે, મરે એવો પદાર્થ નથી. આત્મા છે, નિત્ય છે, કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે. આ છ પદ સમ્યક્દર્શનનાં કારણ છે. ધર્મ કરવાની ભાવના જાગવી પણ મુશ્કેલ છે.

*

(રાતના)

સમ્યક્દર્શનનાં આઠ અંગ છે. એ અંગોનું પાલન ન થાય તો સમ્યક્ત્વ ટકી રહેવું મુશ્કેલ છે. જ્યાં જીવને વૈરાગ્ય થવો જોઈએ ત્યાં એને મોહ થાય છે. વિપરીતતા ટાળવાના ઉપાય આઠ અંગ છે. (૧) નિઃશંકિત અંગ, એટલે દેવ, ગુરુ, ધર્મમાં શંકા ન થાય. (૨) નિષ્કાંક્ષિત, એટલે આકાંક્ષા ન રહે. (૩) નિર્વિચિકિત્સા, એટલે વ્રતવંતનો રોગાદિ વડે મલિન દેહ દેખતાં છતાં જુગુપ્સા એટલે ગ્લાનિ કે દુગંછા ન થાય; અને રત્નત્રયમાં પ્રીતિ થાય. (૪) અમૂઢદૃષ્ટિ, એટલે બીજા ધર્મની ઇચ્છા ન થાય. (૫) ઉપગૂહન, એટલે બીજાના દોષો ઢાંકે. (૬) સ્થિતિકરણ, એટલે કોઈ પુરુષ કે પોતે ધર્મથી ચળી જતો હોય, તેને ઉપદેશાદિ આપી ધર્મમાં સ્થિર કરે. (૭) વાત્સલ્ય, એટલે વાત્સલ્ય ગુણ રાખે. (૮) પ્રભાવના, એટલે જિનધર્મનો પ્રભાવ પ્રગટ કરે. ભગવાને જે જે કહ્યું છે, તેમાં આપણું હિત છે. કોઈના દોષ દેખીને બહાર કહેવાથી આખા શાસનની નિંદા થાય. પ્રભાવના કરવાથી ઉલ્લાસ થાય છે અને નિંદામાં પડે તો પોતે જ મલિન થાય છે. સમ્યક્દર્શન બધું સવળું કરે છે. પોતાના ગુણોને બગાડી ન નાંખે તે સમ્યક્ત્વ છે. આઠ અંગ આવ્યા વિના સમ્યક્ત્વ થાય નહીં. સ્યાદ્વાદમાર્ગ છે. સમ્યક્દૃષ્ટિ પોતાના ગુણો પ્રગટ કરતો નથી. સવળું જ વિચારે છે. તેને પોતાના અલ્પ દોષ પ્રત્યે પણ અત્યંત ખેદ હોય છે. કોઈ માણસ ગાળો ભાંડતો હોય તો તેને ખરાબ ન લાગે. તેને લાગે કે આઠ કર્મના રોગોમાં જીવો પડ્યા છે. સમ્યક્દૃષ્ટિ વિના બીજા બધા જીવો દુઃખી છે.

જીવે કર્મને આધીન થઈને કેટલાય ભવ કર્યા છે. જગત આખું એવું જ છે. દ્રવ્ય ક્ષેત્રાદિને નિમિત્તે કર્મનો ઉદય થાય છે. સદ્‌ગુરુનું શરણ મોટું છે, એ ભૂલે તો પડી જાય. પડવાનાં ઘણાં નિમિત્તો છે. જેને સત્પુરુષનું ઓળખાણ થયું હોય, આત્માનું ઓળખાણ થયું હોય, તો પણ ખરાબ નિમિત્તોથી જીવ પડી જાય છે. જે સદ્‌ગુરુએ કહ્યો છે, એવો જે નિર્ગ્રંથમાર્ગ તેનો મને સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી, એ વૈરાગ્ય હોય તો મનાય. સમાધિમરણ કરવા માટે તૈયારી કરવાની છે. રાગદ્વેષ ક્ષય થાય તો મોક્ષ થાય. જેટલી ગરજ હોય તેટલું પકડાય. [પછી પૂજ્યશ્રીએ ''દુર્લભ એવો મનુષ્યદેહ પણ પૂર્વે અનંતવાર પ્રાપ્ત થયા છતાં કંઈપણ સફળપણું થયું નહીં.'' (૬૯૨) એ પંક્તિવાળો આખો પત્ર બોલીને બહુ વિસ્તાર સહિત સમજાવ્યો હતો].

કર્મ તો છોડે એમ નથી, માટે શૂરવીરપણે ભોગવવાં. આ મનુષ્યભવ આત્માનો ઉદ્ધાર કરવા માટે છે.

**''નથી ધર્યો દેહ વિષય વધારવા; નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા''**

એમાં વૃત્તિ રાખવા જેવું નથી. મનુષ્યભવ મળ્યો છે, પણ તે ક્યારે છૂટી જશે તેની ખબર નથી. માટે ઢીલ ન કરવી. આ દુષમકાળમાં તો ઘણો પુરુષાર્થ કરવાથી ધર્મ પ્રાપ્ત થાય એવું છે. પોતાનાં પરિણામ ધર્મથી ચલિત થઈ જતાં હોય તો સ્થિર કરવાં. જે જે નિમિત્તોથી ખરાબ ભાવ થાય તે તે નિમિત્તોથી દૂર રહેવું. સારા નિમિત્ત સત્‌શાસ્ત્ર, સત્સંગમાં રહેવું. પોતાના આત્માને ધર્મથી પડવા ન દેવો, તે સ્થિતિકરણ છે. ગમે તેમ હોય પણ હવે તો મારે એક ધર્મનું જ આરાધન કરવું છે, લોકો ગમે તેમ કહે તેના સામું જોવું નથી. ભલે ખાવાનું ન મળે, પીવાનું ન મળે, પણ હવે તો એ જ કરવું છે; એવો નિશ્ચય જોઈએ.

[આહોરથી મહાવદ ૪ ના પૂજ્યશ્રી ૫૦ મુમુક્ષુભાઈ-બહેનો સાથે પંચતીર્થી યાત્રા જવા માટે સવારના લગભગ ૬-૦૦ વાગે બસમાં બેસીને રવાના થયા. ઉમેદપુર આવ્યા. ત્યાંથી ફાલના આવ્યા. ત્યાંથી બાલી થઈ સાદડી આવ્યા. ત્યાંથી રાણકપુર આવ્યા.]

### ૧૮ રાણકપુર, મહા વદ ૬, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—આ મોટું મંદિર ધન્નાશા શેઠે બંધાવ્યું હતું. ધન્નાશા શેઠને રાત્રે સ્વપ્નું આવ્યું. તેમાં પાંચમા દેવલોકનું વિમાન જોયું. સવારમાં ઊઠ્યા ત્યારે મનમાં વિચાર આવ્યો કે મારે એ વિમાન જેવું મંદિર બંધાવવું. પછી તેણે બધાય સલાટોને બોલાવીને કહ્યું, કે મને સ્વપ્નું આવ્યું હતું એવું મંદિર બાંધવું છે. સલાટો બોલ્યા કે તમે સ્વપ્નામાં જોયેલાં મંદિરને અમે કેવી રીતે બનાવીએ? પછી તેઓએ અનેક પ્રકારના મંદિરોના નકશાઓ બતાવ્યા પણ જેવું તે શેઠને સ્વપ્નામાં દેખાયું હતું, એવા મંદિરનો એક્કે નકશો એમના જોવામાં ન આવ્યો. ત્યારે શેઠે શાસનદેવીને પ્રાર્થના કરી કે મને સ્વપ્નું આવ્યું હતું તેવું સલાટોને સ્વપ્નું આવે કે જેથી તેઓ મંદિર બનાવે. પછી રાત્રે એક સલાટને પાંચમા દેવલોકના વિમાનનું સ્વપ્નું આવ્યું, તે સલાટે રાત્રે ઊઠીને નકશો ચીતર્યો. પછી શેઠે મંદિરનું કામ આરંભ કરાવ્યું. તે મંદિર બંધાવવામાં જે ખર્ચ થાય તે દેવતાઓ લાવીને પૂરે,

એમ એંશી વર્ષે એ મંદિરનું કામ પૂરું થયું. આ મંદિરમાં ૧૪૪૪ સ્તંભ છે. પાંચમા દેવલોકના વિમાન જેવું છે.

*

(નાડોલ)

પૂજ્યશ્રી–સ્વાધ્યાય એ મોટું તપ છે. અંતરંગ તપ છે. પહેલાના લોકો ચાલીને જાત્રાએ જતા અને ભક્તિ કરતા. દરેક વસ્તુને માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની જરૂર છે. સમજણ સારી જોઈએ. ક્ષેત્ર નિવૃત્તિવાળું જોઈએ. કાળની પણ જરૂર છે. તીર્થમાં ફરવાથી ઘરની ઉપાધિમાંથી ચિત્તવૃત્તિ દૂર થાય. લોભ ઓછો થાય. સત્પુરુષનો સંગ મળે તો લાભ થાય. જે વખતે તીર્થંકર વિચરતા હતા, ત્યારે આ જીવ ક્યાંનો ક્યાંય ભટકતો હતો. હવે મનુષ્યભવ મળ્યો પણ તીર્થંકર ભગવાનનો યોગ નથી. તે માટે મંદિર છે તે સમવસરણ છે અને તેમાં પ્રતિમા છે તે તીર્થંકર ભગવાન છે; એવી ભાવના કરવી. ભાવના કરવાનાં નિમિત્ત છે. જ્યાં જ્યાં ભગવાનના કલ્યાણક થયાં હોય ત્યાં એને ધર્મરંગ દૃઢ થાય છે. [1]'લઘુશાંતિ' બધાય શીખે, પણ અહીં આવવાથી ભાવના થાય કે આ 'લઘુશાંતિ' આચાર્યને દયા આવવાથી લોકોના હિતને માટે બનાવી છે.

મુમુક્ષુ–આરંભ પરિગ્રહ એટલે શું?

પૂજ્યશ્રી–હિંસાની પ્રવૃત્તિ તે આરંભ છે. મકાનો બનાવવા ઇત્યાદિ હિંસાની પ્રવૃત્તિ તે આરંભ છે અને મકાનાદિમાં મમતા-મૂર્છા તે પરિગ્રહ છે. આલોચનામાં આવે છે કે–

**"સમરંભ સમારંભ આરંભ, મન વચ તન કીને પ્રારંભ"**

સમરંભ એટલે હિંસાની પ્રવૃત્તિ કરવાની ઇચ્છા કરવી તે. સમારંભ એટલે હિંસા થાય એવી સામગ્રી, સામાન એકઠાં કરવાં તે અને આરંભ એટલે હિંસાની પ્રવૃત્તિ કરવી તે. હિંસાના એકસો આઠ પ્રકાર આલોચનામાં કહ્યાં છે.

**"કૃત કારિત મોદન કરિકૈં, ક્રોધાદિ ચતુષ્ટય ધરિકૈં;**
**શત આઠ જુ ઇમ ભેદન તૈં, અઘ કીને પર છેદનતૈં."**

મુમુક્ષુ–રોજ બોલીએ છીએ છતાં ધ્યાન નથી રહેતું.

પૂજ્યશ્રી–'નિત્યનિયમાદિપાઠ' પુસ્તક છપાયું છે. તેમાં એના અર્થ છે તે જોવા. રોજ બોલે તો કોઈક વખતે યાદ આવે.

[2]પ્રભુશ્રીજી જ્યારે અંધેરી હતા ત્યારે દામજીભાઈ પેચવાળો મોટો લોટો લઈ દિશાએ જતા હતા. ત્યારે પ્રભુશ્રીજીને તો નવાઈ લાગી કે આ શું? જાજરે જઈને દામજીભાઈ આવ્યા ત્યારે પ્રભુશ્રીજીએ કહ્યું કે જાજરામાં દિશાએ ન જવું જોઈએ. અમારાથી ચલાતું નથી તેથી અમે જઈએ છીએ. નહીં તો ન જવું જોઈએ. રોજ બોલીએ છીએ કે–

---

૧. શ્રી માનદેવસૂરીએ લઘુશાંતિની રચના કરી હતી. ત્યાં તેઓની પ્રતિમા પણ છે. ૨. પૃષ્ઠ નં. ૪૬.

**“જલ મલ મોરિનમેં ગિરાયો, કૃમિકુલ બહુ ઘાત કરાયો”**

અંતરપરિણતિ તપાસવી એ મોટી વાત છે. સર્વસંગપરિત્યાગ કરે તોપણ પોતાની અંતરપરિણતિ કેવી રહે છે તેની ખબર પડવી બહુ મુશ્કેલ છે, તો પછી ગૃહસ્થને માટે તો પૂછવું પણ શું? આખો જૈન ધર્મ ભાવ ઉપર રહ્યો છે. માત્ર ક્રિયાઓ કરે છે, પણ મારામાં શો દોષ છે? તે દોષ મારે નથી કરવો, એમ વિચારનારા બહુ ઓછા છે.

[રાણકપુરથી રવાના થઈ બધા ઘાણેરાવ આવ્યા. ત્યાંથી મુછાળા મહાવીર થઈ નારલાઈ આવ્યા. ત્યાંથી રવાના થઈ નાડોલ આવ્યા. ત્યાથી રવાના થઈ વરકાણા આવ્યા. વરકાણાથી રવાના થઈ રાણી આવ્યા. ત્યાંથી જોધપુર આવ્યા. બધાય ભેરુબાગમાં ઉતર્યા હતા. ત્યાંથી મહા વદ ૮ના સવારના રવાના થઈ બપોરે ૧૨:૩૦ વાગે જેસલમેર આવ્યા.]

૧૯ જેસલમેર, મહા વદ ૮, સં.૨૦૦૮

[‘સમાધિસોપાન’માંથી સોળ કારણભાવનાનું વાંચન]

પૂજ્યશ્રી—અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ એટલે નિરંતર જ્ઞાનોપયોગ. આત્માનો સ્વભાવ જ્ઞાન છે. જ્ઞાનથી આત્મા ઓળખાય છે. જ્ઞાન એટલે શું?

**“છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ,**
**એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ.”**

જ્ઞાનીપુરુષની પાસે દેહ અને આત્મા બન્ને લક્ષણથી જુદાં છે, આત્માનું લક્ષણ ઉપયોગ છે, જાણે છે તે આત્મા છે, એમ જાણે તે જ્ઞાન છે. જાણનારને ભૂલીને જાણે તે જ્ઞાન નહીં. ફેરફાર જણાય છે, પણ આત્મા આત્મારૂપે જ રહે છે. બધાનો નાશ થાય પણ આત્મા અવિનાશી છે. પોતે પોતાને જાણે તે અનુભવ છે. બીજાને જાણે તે જ્ઞેય છે. આત્મા અનુભવાય છે. આત્મા પોતાનું સ્વરૂપ તેના લક્ષણાદિ વડે જાણે છે.

મુમુક્ષુ—યોગ્ય કાળમાં શાસ્ત્ર વાંચવું એટલે શું?

પૂજ્યશ્રી—શાસ્ત્રોને માટે અમુક કાળે શાસ્ત્ર વાંચવું એવો નિયમ છે. આગમશાસ્ત્રોના બે ભેદ છે. (૧) કાલિક (૨) ઉત્કાલિક. અમુક સમયે જે શાસ્ત્ર ન વાંચવાનું હોય તે, તે કાળે વાંચે તો પાપ લાગે.

એક મુનિ હતા, તે અકાળે શાસ્ત્ર ભણવા બેઠા. શાસનદેવીએ એ વાત જાણી અને તેના મનમાં થયું કે જો હું મુનિને ન ચેતાવું તો એવી પ્રથા પડી જશે, એમ ધારી તે ભરવાડણનો વેશ લઈને મુનિના ઉપાશ્રયની પાસે વહેલી સવારમાં અંધારામાં છાશ વેચવા આવી, અને છાશ લો, છાશ લો, એમ બોલવા લાગી. મુનિને થયું કે અત્યારે કોણ છાશ વેચવા આવ્યું છે? પછી મુનિએ બહાર આવીને ભરવાડણને કહ્યું કે આ અકાળ વેળાએ છાશ વેચાતી હશે? ત્યારે ભરવાડણે કહ્યું કે આ અકાળ વેળાએ શાસ્ત્ર ભણાતું હશે? ત્યારે મુનિ સમજી ગયા.

ચારિત્રમાં જ્ઞાન અને ધ્યાન બે વસ્તુ મુખ્ય છે. ધ્યાનમાં એકાગ્રતા છે. ધ્યાનમાં એકાગ્રતાની

જરૂર છે. ધ્યાનમાં એકાગ્ર રહેવું પડે. ધ્યાન ન રહે તે વખતે સ્વાધ્યાય કરવો. નિરંતર ધ્યાનમાં વર્તે તેને અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ કહે છે. 'હું જ્ઞાનસ્વરૂપ છું.' તેને જ્ઞાન કહ્યું છે. શુદ્ધ આત્માની ભાવના કરવાનું કહે છે. પરિભ્રમણનું કારણ વિભાવમાં આવવું એ છે. રાગદ્વેષથી પરિભ્રમણ થાય છે. તે ટાળવા તીર્થંકર ભગવાનનાં વચનો છે. અહિતકારી વસ્તુમાં વળગ્યો છે. આત્મા તો આત્મા જ છે. અત્યારે એને ભાન નથી. આવરણ આવી ગયું છે. આત્મા પ્રાપ્ત કરવા અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ સર્વોત્કૃષ્ટ છે. ઓળખાણ નથી તેથી બીજી વસ્તુને પોતાની માને છે. પોતાનું ઓળખાણ થવા માટે 'હું દેહથી ભિન્ન છું' એવો લક્ષ રહે તો થાય. 'ભગવાને કેવી રીતે વર્તવાનું કહ્યું છે? શું કહ્યું છે? હું ક્યાંથી આવ્યો છું?' એ વિચાર કરવો.

ભગવાન જ્યારે દીક્ષા લેવા જાય છે, તે પહેલાં બાર ભાવના ભાવે છે; તે વૈરાગ્યનું કારણ છે. ફરી ન જન્મવાની ભાવના થાય તે ભવવૈરાગ્ય છે. આ શરીર છે તે અશુચિમય છે, મળમૂત્રની ખાણ છે. ગંધાતા પદાર્થો એમાંથી નીકળે છે. એનું સ્વરૂપ ન સમજાય ત્યાં સુધી જીવને એમાં મોહ થાય છે. એનું નામ વિપરીતતા છે. જ્ઞાનને વિપરીત કરનાર મોહ છે. મિથ્યાત્વ બે પ્રકારે છે. (૧) ગૃહીત મિથ્યાત્વ (૨) અગૃહીત મિથ્યાત્વ. અનાદિકાળથી જીવને મોહ છે, રાગદ્વેષ છે તે અગૃહીત મિથ્યાત્વ છે અને કુગુરુ, કુધર્મ, કુદેવ ઉપર શ્રદ્ધા થાય તે ગૃહીત મિથ્યાત્વ છે.

**"છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ"**

મોહ છૂટે એ ખરો ધર્મ છે. મહાવીર ભગવાને શરીર તરફ જોયું નથી. એને જતું કરી, આત્માની સંભાળ લીધી. સાડા બાર વર્ષ સુધી પુરુષાર્થ કર્યો. શરીર છે તે મોહનું સાધન છે. શરીર ઉપરથી મોહ છૂટે તો કામ થાય. ભોગ એ સુખનું કારણ નથી. ઇચ્છા થાય છે તે ઇચ્છા પૂરવા જીવ ઉપાયો કરે છે. કોઈને વાગ્યું હોય અને પાટો બાંધ્યો હોય તેને સુખ માને છે તેમ આ જીવને ઇચ્છા થાય છે, અને તેથી કપડાં વગેરે પહેરે તેને સુખ માને છે અને અભિમાન કરે છે. જે જે ઇચ્છાઓ થાય તેને માટે ઉપાય કરે તે ભોગ છે. ભોગ એ સંસાર વધારનાર છે.

**"નથી ધર્યો દેહ વિષય વધારવા; નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા"**

પાંચ ઇન્દ્રિયના વિષયો ભોગવવા માટે મનુષ્યભવ નથી મળ્યો. ભોગ માટે પરિગ્રહ એકઠો કરે છે.

**"સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો"**

શરીરનો મોહ છે તે આત્માને ભૂલાવે છે, તે વિપરીતતા છે. જ્યાં આત્મા છે ત્યાં છયે દ્રવ્ય છે. છયે દ્રવ્યો આ દેહમાં છે. પોતાનું સ્વરૂપ ઓળખી લેવું. પોતાનું સ્વરૂપ ઓળખવાનું છે. જ્ઞાનમાં ઉપયોગ રહે, જાણનારો આત્મા છે એમ લાગે તો બધી વસ્તુઓ તુચ્છ લાગે અને વૃત્તિ જ્ઞાનમાં રહે. સ્વાધ્યાયમાં ચિત્ત રોકે તો એમાં ચિત્ત ચોંટે. ધ્યાનમાં એકાગ્રતા ન રહે ત્યારે મનને ભગવાનનાં વચનોમાં રોકવું, તેથી બીજે ન જાય. જ્ઞાનની વૃદ્ધિ થાય એ જ પ્રભાવના છે. જ્ઞાનનું બળ છે એ અગ્નિ છે. જ્ઞાનાગ્નિથી અંતર્મુહૂર્તમાં કર્મ ક્ષય થાય છે. શુક્લધ્યાન હોય ત્યારે આત્મા

એટલો બળવાન થાય છે કે બધા જીવોના કર્મોને બાળી નાંખે એવી જ્ઞાનની શક્તિ હોય છે. પરમાર્થ સ્વરૂપ એ પોતાનું સ્વરૂપ છે. જ્ઞાનાભ્યાસથી ધર્મ ટકે છે. વિશાળબુદ્ધિ હોય તો મતમતાંતરમાં વૃત્તિ ન જાય. બધાનું કારણ જ્ઞાન છે. મૂર્ખ હોય તો જગતમાં પણ નિરાદર થાય છે. આપણું ધન જ્ઞાન છે. ખરું દાન જ્ઞાનદાન છે. સર્વ અવસ્થામાં જ્ઞાન તે જ્ઞાન જ રહે છે. સર્વને બચાવે એવું જ્ઞાન છે. જ્ઞાનવાળો સર્વત્ર પૂજાય છે. જ્ઞાનની વાર્તા ચર્ચાય તો જ્ઞાન વધે છે. આત્મા તો જ્ઞાનથી શોભે છે. મોહને લઈને હું કોણ છું એ ખબર નથી. જ્ઞાન એટલે જે પરવસ્તુથી મુકાવે. જે જ્ઞાનથી મોક્ષ નથી તેના મોહમાં પડી જવા જેવું નથી. જ્ઞાનની લગની લાગે ત્યારે તીર્થંકર ગોત્ર બંધાય છે. આત્માના હિત માટે ભણે તે હિતકારી છે. મારે આત્માનું હિત કરવા કરવું છે, તેને બધું સવળું છે. સંવેગના બે અર્થ થાય છે. એક તો સંસારથી ઉદાસીનતા તે સંવેગ છે અને બીજું મોક્ષ સિવાય બીજું ઇચ્છવું નહીં તે પણ સંવેગ છે. સંસારથી અટકવું એ પણ સંવેગ છે અને મોક્ષની ઇચ્છા તે પણ સંવેગ છે. ''મોક્ષનો માર્ગ બતાવે તે મૈત્રી.'' કોઈ કપડું, જીવ બીજી વખત તેનું તે પહેરે તો તે ગમતું નથી, પણ સંસાર તો અનંતકાળથી છે; છતાં તે પ્રત્યે અભાવ થતો નથી. કોઈ વખતે અભાવ આવે છે, ત્યારે સંસાર મટી જાય છે; પણ વિષય ભાવ તો મટતો નથી. વિષયોમાં સુખ છે એમ માને છે તે જીવને ઠગે છે. સમાધિમરણ કરવું હોય તો એ સોળ કારણ ભાવના ભાવવાની છે. જીવ પાસે પ્રેમની મૂડી છે તે બીજે વેરી નાંખી છે. મનુષ્યભવ નકામો ન જવા દેવો.

ધર્મ ચાર પ્રકારે છે : (૧) દશ લક્ષણ ધર્મ, (૨) અહિંસા ધર્મ, (૩) વસ્તુ સ્વભાવ ધર્મ, (૪) રત્નત્રયરૂપ ધર્મ. પહેલાંથી જેણે ધર્મ કર્યો હોય તેને ચક્રવર્તી, નારાયણ આદિ પદવી મળે છે. [૧]ભગવાને પુણિયા શ્રાવકની સામાયિક વખાણી હતી. આત્માને આત્મામાં રાખવો તે તો ઉત્તમ છે.

**''ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન''**

આત્મજ્ઞાન પામવા માટે વૈરાગ્ય છે. સર્વસંગપરિત્યાગ કરવાની જેને ભાવના ન હોય તેને શ્રાવક નથી કહ્યો. પરવસ્તુમાં તન્મય થયો છે તેને છોડવા માટે ત્યાગ છે. પરપદાર્થથી આત્માને છોડાવવો તે ખરો ત્યાગ છે. કષાય, નોકષાય અને મિથ્યાત્વ તે અંતરપરિગ્રહ છે. હું દેહ છું, 'હું' ને 'મારું' એ સંસાર છે. દેહ પ્રત્યે જે મોહ છે તે મિથ્યાત્વ છે. દેહ અને આત્મા સાથે રહે છે, પણ તે બન્ને ભિન્ન છે; તે માનતો નથી તે મિથ્યાત્વ છે. જેને ભેદ પડ્યો છે તે દેહને પોતાનું સ્વરૂપ માને નહીં. મોઢે ગમે તેમ કહેતો હોય પણ મારું કશુંયે નથી એવો તેમને ઉપયોગ છે.

(બપોરના) ૨૦ જેસલમેર, મહા વદ ૯, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—ઘણા બોધની જરૂર છે. સત્સંગની જરૂર છે. સત્સંગમાં ગરજ જાગે ત્યારે વૈરાગ્ય થાય. ભવનો ભય લાગે તો વૈરાગ્ય આવે. સત્સંગ જોઈએ.

**''તામસી વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્વિકી શાલ રે''** (આ૦૧૬)

અશુભ ભાવને તામસી વૃત્તિ કહે છે. પાપ કરવાની વૃત્તિ થાય તે તામસી વૃત્તિ છે. સાત્વિકી

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પ્રવેશિકા શિક્ષાપાઠ ૬૪.

વૃત્તિમાં બીજાને સુખ થાય તેમ કરે છે, બીજાને દુઃખી ન કરે. પોતે વિષય ભોગવે તેને રાજસી વૃત્તિ કહે છે. સાત્વિકી વૃત્તિ જગતથી ઉદાસીનતા કરાવનારી છે.

[જેસલમેરથી મહાવદ ૧૦ ના પૂજ્યશ્રી બ્રહ્મસર થઈ લુદ્રવા દર્શન કરી પાછા આવ્યા. ]

(તત્ત્વાર્થસારના વાંચન પ્રસંગે) **૨૧** લુદ્રવા, મહા વદ ૧૦, સં.૨૦૦૮

**પૂજ્યશ્રી**—અનંતજ્ઞાન છે તેને લઈને ત્રણે લોકને પ્રકાશતા એવા જિનેન્દ્ર ભગવાનને નમસ્કાર કરીને મોક્ષતત્ત્વને હું કહું છું. સંપૂર્ણ કર્મનો અભાવ તે મોક્ષ છે. આસ્રવનાં કારણોને રોકે, નવાં કર્મ ન બંધાય ત્યારે મોક્ષ થાય. મિથ્યાત્વ, અવિરતિ, કષાય આદિ બધાય છૂટી જાય, પહેલાં બાંધેલાં કર્મ તપાદિથી છોડે એમ નિર્જરા કરતાં કરતાં એક પણ કર્મ પરમાણુ ન રહે ત્યારે મોક્ષ થાય. કેવળીને પણ શાતાનો કર્મ બંધ છે, પણ સ્થિતિ પડતી નથી. યોગ ન હોય ત્યારે સર્વથા કર્મ બંધાતાં નથી. યોગથી કર્મ આવે છે. અયોગી ગુણસ્થાનકે બંધ ન થાય. ચૌદમે ગુણસ્થાનકે 'અ, ઇ, ઉ, ઋ, લૃ' એટલા હ્રસ્વ અક્ષર બોલે તેટલી સ્થિતિ હોય છે. નવાં ન બંધાય અને જૂનાં છૂટી જાય ત્યારે બધાં કર્મો છૂટે છે. એટલું થાય તો મોક્ષ થતાં વાર ન લાગે.''મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા'' શુદ્ધ સ્વરૂપ તે મોક્ષ. સંવર થાય ત્યારે મોક્ષ થાય. આત્માનો નાશ નથી. ત્રણે કાળ રહે એવો છે. આત્માનો નાશ થાય તેને નિર્વાણ નથી કહ્યું. સંસારી ભાવનો નાશ થાય તે મોક્ષ છે. આત્મા જ્ઞાનાદિ સ્વરૂપ છે.

મુમુક્ષુ—અગુરુલઘુ એટલે શું?

**પૂજ્યશ્રી**—હલકો નહીં અને ભારે પણ નહીં. હલકો હોય તો પવનથી ચલાયમાન થાય અને ભારે હોય તો નીચે જાય. જે પદાર્થ હલકો નહીં, અને ભારે પણ નહીં તે આત્માનો અગુરુલઘુ ગુણ છે. સિદ્ધ અવસ્થામાં એ ગુણ હોય છે. જેવા આત્માના ગુણ છે તેવા રહે તેને પણ અગુરુલઘુ ગુણ કહે છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે આત્માના ઘણા ગુણો એવા છે કે તેની આગમથી શ્રદ્ધા કરવાની છે. જીવને વૈરાગ્ય અને ઉપશમ હોય ત્યારે એ વાતો સમજાય છે. બુદ્ધિમાં આવે એવી વાત નથી. કૃપાળુદેવે અવગાહના સંબંધી લખ્યું છે કે અવગાહના શબ્દ કહી શકાય એવો નથી. જેમ જેમ પોતાની નિર્મળતા થાય, તેમ તેમ સમજાય છે અને પોતાનો સમ્યક્ત્વ ગુણ પ્રગટ થાય છે.

*

(જેસલમેર)

પૂજ્યશ્રી— **''આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ,**
**અપૂર્વ વાણી પરમશ્રુત સદ્ગુરુ લક્ષણ યોગ્ય.''**

જે સદ્ગુરુ છે તેની ભક્તિ કોઈ પુણ્યવાનને જાગે છે. જ્ઞાનીની આજ્ઞાએ ધર્મ થાય છે. ''आणाए धम्मो'' આચાર્યના ગુણો, ભક્તિ કરતાં હૃદયમાં ધારણ કરવાં. જેટલું બહુમાનપણું ગુણો પ્રત્યે હોય, તેટલી ગુરુભક્તિ થાય. ગુરુ શબ્દ સાંભળતાં જ ગુરુના બધા ગુણો સાંભરે તે ગુરુભક્તિ છે. દેવ અને ધર્મનો આધાર ગુરુ છે. ગુરુ હોય તો દેવ અને ધર્મ સમજાય છે, નહીં તો

ન સમજાય. પાંચ આચાર ધારણ કરે તે આચારવાન છે. આચાર્ય એવા હોય કે શિષ્યની પણ સેવા કરે. ઉપાધ્યાય આચાર્ય જેવા જ હોય.

[સમાધિસોપાનમાંથી દશ લક્ષણ ધર્મનું વાંચન] ૨૨ જેસલમેર, મહા વદ ૧૩, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—આત્મસ્વરૂપને ઓળખવા દશ લક્ષણ ધર્મ કહ્યાં છે. સત્યને આધારે ધર્મ રહ્યો છે અને બીજા વ્યવહારમાં પણ, રાજ્યમાં પણ, સત્યનો આધાર ચાલે છે. સત્યને આધારે ધર્મ, રાજ, નીતિ અને વ્યવહાર ચાલે છે. સત્ય બધાનો થાંભલો છે. દયા પળે છે તે સત્યને લઈને પળે છે. જ્યાં હિંસા થાય, પાપ થાય ત્યાં સત્ય હોય નહીં. સત્યવચન દયાધર્મનું મૂળ કારણ છે. સત્ય વગર વિશ્વાસ ન થાય. સત્ય પરમ ધ્યેય છે. કૃપાળુદેવ કહે છે કે પરમ સત્યનું ધ્યાન કરીએ છીએ. જેને સત્ય આવ્યું તેને મોક્ષ છે.

સત્ય બે પ્રકારે છે. એક વ્યવહાર સત્ય ને બીજું પરમાર્થ સત્ય. જેવું હોય તેવું કહેવું, તે વ્યવહાર સત્ય અને આત્માનો લક્ષ રાખીને બોલે તે પરમાર્થ સત્ય છે. સત્યનો એક અંશ પણ આવ્યો નથી. જ્યારે કસોટી આવે છે ત્યારે ખબર પડે છે. જેને છૂટવું હશે તેને ભય લાગશે કે જૂઠું બોલીશ તો મારા આત્માનો ઘાત થશે. સત્ય ને અહિંસા બે મુખ્ય છે. ગમે તેવો ડાહ્યો હોય પણ સાચ ન હોય તો કંઈ નથી. ગમે તેટલું દાન કરતો હોય પણ અસત્ય હોય તો કાંઈ નહીં. સત્ય એ જગતનો આધાર કહેવાય છે. વ્રત લીધું હોય અને પાળે નહીં તો ધર્મ શું થાય? વચન તો પાળ્યું નહીં. હરિશ્ચંદ્રને કેટલાં કષ્ટ પડ્યાં! તેમ છતાં સત્ય ન છોડ્યું. રોજ બોલીએ છીએ, ''વચન નયન યમ નાંહી'' એ બેનો સંયમ કરવાનો છે. બોલતાં વિચાર કરવો કે હિતકારી છે કે કેમ? એમ વિચાર કરીને, જેથી સામાને આઘાત ન લાગે તેવું વચન બોલવું. આત્મા ફરે તો બધું ફરે. બધાં વ્રતો અહિંસા માટે છે. ખરો ધર્મ અહિંસા છે. બહુ વિચારવા જેવું છે. મુનિ કોઈના ઘરમાં ઊતર્યા હોય અને ત્યાં ચોર ચોરી કરતો હોય તો પણ મુનિ ન બોલે. મુનિ તો આત્માને હિત થાય તેવું બોલે. મહાવીર ભગવાનને ગોવાળીઓ બળદ સોંપીને ચાલ્યો ગયો હતો અને ભગવાનને કહેતો ગયો કે હું થોડીક વારમાં આવું છું. તું આ બળદની સંભાળ રાખજે. પણ ભગવાન તો કાયોત્સર્ગમાં લીન હતા. તેથી કંઈ ધ્યાન આપ્યું નહીં અને બળદ આમ તેમ ચાલતા થયા. એટલામાં પેલો ગોવાળીઓ આવ્યો. બળદને ન જોઈને તેને બહુ ક્રોધ આવ્યો. પછી ભગવાનના કાનમાં ખીલીઓ ઠોકી દીધી. તોપણ ભગવાન કંઈ બોલ્યા નહીં. હિત થાય તેવું બોલવું.

સાચું બોલીને અભિમાન કરવાનું નથી. દાન, ભક્તિ કરીને અભિમાન કરે તો બધું નિષ્ફળ થાય. આખો મોક્ષમાર્ગ સમતા ઉપર છે. જગત દુઃખથી ભરેલું છે. કોઈને દુઃખ આપવું નહીં. જગત દુઃખી જ છે. ડાહ્યો થઈશ તો પોપટની પેઠે ફસાઈશ. સાચું બોલવાથી પોતાના દોષ દેખાય. બીજાને દુઃખ ન થાય એવું બોલવું; પણ દેવલોક નથી, મોક્ષ નથી, આત્મા નથી, એમ દેખ્યા વગર ન કહેવું. [1]પરદેશી રાજા નાસ્તિક હતો, કેશીસ્વામીનો બોધ સાંભળવા ગયો હતો. રાજાએ કહ્યું હતું કે દેવલોક નથી, નરક નથી, પણ મુનિએ સિદ્ધ કરી બતાવ્યું હતું. જીવ વિચાર કરે તો સમજાય

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૪૭.

એવું છે. અનુભવ વચન છે તે શુદ્ધ છે. જીવની ટૂંકી બુદ્ધિ છે. મોહને આધીન જીવ હોય ત્યારે ખોટાને સાચું માને છે અને સાચાને ખોટું માને છે. આટલે ઊંચે જીવ આવ્યો છે, હવે જો અસત્ય બોલશે તો પડશે. જેટલા સિદ્ધ થાય, તેટલા બીજા જીવ નિત્યનિગોદમાંથી નીકળી વ્યવહાર રાશિમાં આવે છે. એકેન્દ્રિયમાં સારું-ખોટું એમ ન જણાય. જીવને કેટલું દુઃખ સહન કરવું પડ્યું છે તે જ્ઞાની જાણે છે. જીવ કેટલો ભમી આવ્યો છે! મનુષ્યભવ મળ્યો છે, તેમાં કામ કર્યું તો મોક્ષે લઈ જાય; નહીં તો ચોરાશીમાં ભટકવું પડશે. 'ઝબકે મોતી પરોવી લે' એવો આ મનુષ્યભવ છે. મનુષ્યભવમાં એવી શક્તિ હોય છે કે સત્ય બોલી શકે છે. સત્પુરુષનો સમાગમ કરી શકે છે.

ચિંતામણિરત્ન કાગડાને ઉડાડવા જીવ નાંખી દે છે. દુર્લભ વસ્તુ છે. માણસની કિંમત તેના બોલ ઉપરથી થાય છે. વચનથી જણાય છે. હરિશ્ચંદ્રે કેટલાં કષ્ટ વેઠ્યાં! પણ સત્ય ખોઈ ના બેઠો. સત્ય ખોઈ બેઠો તો બધી કમાણી ખોવાઈ જશે. જીવ કપડાં, ઘરેણાંમાં મોહ કરે છે. મનુષ્યભવમાં કેવળજ્ઞાન થાય છે. કેટલો સંયમ રાખવાની જરૂર છે! એક ક્ષણ વ્યર્થ ભૂલ્યો તો આખો ભવ હારી ગયો. જૂઠું બોલીને ઘરેણાં ભેગાં કરે તેથી આત્માનું કલ્યાણ શું થાય? પ્રશ્ન-ઉત્તરની શક્તિ મનુષ્યભવમાં જ હોય છે. વચન એ મુખ્ય છે. સ્વાધ્યાયના ભેદો વચનોથી જ થાય છે. બહુ વિચારવા જેવું છે. જીવને ફરી જતાં વાર નથી લાગતી. વચનથી કર્મ બંધાય છે, તેની ખબર નથી. એક વખત જૂઠું બોલ્યો, પછી આખા ભવમાં, મુનિ થાય તો પણ, કોઈ વિશ્વાસ ન કરે. મનુષ્યનો બધો વ્યવહાર વચન ઉપર છે. જેનું વચન બગડ્યું તેનું સર્વ બગડ્યું. વગર વિચાર્યે મશ્કરી કરે, બોલે પણ તેનું કેવું ફળ આવશે? તેની ખબર નથી. વિચાર કરીને વચન બોલવા જેવું છે.

ચાર પ્રકારના અસત્ય શાસ્ત્રમાં કહ્યાં છે. વસ્તુ છે છતાં તેની ના કહેવી તે પહેલું અસત્ય છે. જે નથી, તે છે એમ કહેવું તે બીજું અસત્ય છે. વિપરીત જ કહેવું તે ત્રીજું અસત્ય છે. નિંદાનાં વચનો કહેવાં તે ચોથું અસત્ય છે. હાસ્ય છે તે જૂઠ છે. શાસ્ત્રમાં હોય તે કરતાં વિરોધી વાક્ય બોલવું તે જૂઠ છે. નિમિત્તને લઈને સારા ભાવ થાય છે. પ્રતિમાને જોઈને નિર્વિકારતા થાય છે અને બીજા ખોટા નિમિત્તથી તેવા ભાવ થાય છે. બીજરૂપે કર્મ પડ્યાં હોય છે, પણ જેવું નિમિત્ત મળે તેવું તે કર્મ ઉદયમાં આવી ફળ આપે છે. અત્યારે આઠેય કર્મનો ઉદય છે, પણ વૃત્તિ સત્સંગમાં હોય તો રસ દીધા વગર કર્મ આવીને ચાલ્યાં જાય. એટલા માટે સારા નિમિત્તની જરૂર છે, તો ઘણાં કર્મો ક્ષય થઈ જાય.

[મહાવદ ૧૨ ના જેસલમેરથી રવાના થઈ બીજે દિવસે સવારે નાકોડા આવ્યા. ત્યાં મોટી ધર્મશાળા અને મંદિરો છે, ત્યાં ચાર દિવસ રોકાઈ મોટરમાં જાલોર જતાં વચ્ચે ગઢશિવાણા બે દિવસ રોકાયા. જાલોર એક દિવસ રોકાઈ આહોર આવ્યા.]

૨૩ નાકોડા તીર્થ, મહા વદ ૧૩, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—વૈરાગ્યની જરૂર છે.

મુમુક્ષુ—કૃપાળુદેવે ઠેકાણે ઠેકાણે લખ્યું છે કે પ્રત્યક્ષ સત્પુરુષ હોય તો જ કલ્યાણ થાય. હવે કૃપાળુદેવ તો પરોક્ષ છે. તો હવે કોને પ્રત્યક્ષ સત્પુરુષ માનવા? તે કહો.

પૂજ્યશ્રી—પ્રત્યક્ષ સત્પુરુષનાં વચનો છે, તે પ્રત્યક્ષ સત્પુરુષ તુલ્ય જાણી વિચારવાં તથા આરાધવાં, તો સમકિત થાય એવું છે.

મુમુક્ષુ—'સમાધિસોપાન'માં આવે છે કે પ્રતિમાને વંદન કરવું, નમસ્કાર કરવા, પૂજા કરવી વગેરે, તે પ્રત્યક્ષ વિનય છે. ભગવાન તો પ્રત્યક્ષ નથી તો પ્રત્યક્ષ વિનય કેમ કહેવાય?

પૂજ્યશ્રી—ભાવ પ્રત્યક્ષના કરવાના છે. ભગવાન તીર્થંકર જ્યારે વિચરતા હતા, ત્યારે આ જીવ ક્યાંય એકેન્દ્રિય આદિમાં ભટકતો હશે અને હવે મનુષ્યભવ મળ્યો છે; પણ તેવો યોગ નથી. તે માટે ભગવાનના મંદિરમાં જઈને ભાવના કરવી કે સાક્ષાત્ ભગવાન બિરાજ્યા છે. આ મંદિર છે તે સમવસરણ છે એમ જાણીને ભક્તિ કરવી. કષાય ઘટાડવાના છે.

મુમુક્ષુ—કષાય શાથી ઘટે?

પૂજ્યશ્રી—અભ્યાસથી ઘટે. મારે બે કલાક લોભના વિચાર નથી કરવા, એમ કરતાં કરતાં કષાય ઘટે છે.

મુમુક્ષુ—નય એટલે શું?

પૂજ્યશ્રી—વસ્તુના ધર્મો ન દુભાય તેમ વસ્તુને એક પ્રકારે કહેવી તે નય છે. વસ્તુને પૂરેપૂરી કહે તે પ્રમાણ છે અને વસ્તુને એક અંશે કહે તે નય છે.

મુમુક્ષુ—નિક્ષેપ એટલે શું?

પૂજ્યશ્રી—નિક્ષેપ છે તે વસ્તુ ઓળખવાના કામમાં આવે છે.

(૧) નામ નિક્ષેપ એટલે નામથી વસ્તુ ઓળખાય છે. જેમ ઋષભદેવ એમ કહેતા તે રાજા હતા, પછીથી તેમણે રાજ્યનો ત્યાગ કર્યો હતો, એ તીર્થંકર હતા; તે બધું એક નામ કહેતાં સાંભરી આવે. તે નામ નિક્ષેપ છે.

(૨) સ્થાપના નિક્ષેપ એટલે જે વસ્તુ હાજર ન હોય પણ તે સ્થાપનાથી જણાય. જેમ પ્રતિમા છે તે ભગવાનની સ્થાપના છે.

(૩) દ્રવ્ય નિક્ષેપ એટલે જે પૂર્વે થઈ ગયું છે અથવા ભવિષ્યમાં થવાનું છે. જેમકે શેઠના છોકરાને શેઠ કહે. શેઠનો છોકરો વર્તમાનમાં શેઠ નથી પણ ભવિષ્યમાં થશે. તેને લઈને તેને શેઠ કહે છે. બીજું, કોઈ રાજા હોય, પછીથી તેને ઉતારી નાખ્યો હોય તો પણ લોકો તેને રાજા કહે છે. કારણકે તે પહેલાં હતો. એ દ્રવ્ય નિક્ષેપના દૃષ્ટાંતો છે.

(૪) ભાવ નિક્ષેપ એટલે વર્તમાનમાં જેવું હોય તેવું જ કહે. જેમકે કોઈ રસોઇયો હોય અને રસોઈ ન કરતો હોય તો તેને રસોઇયો ન કહે, રસોઈ કરે ત્યારે રસોઇયો કહે.

*

પૂજ્યશ્રી—(એક મુમુક્ષુને ઉદ્દેશીને) રોજ કંઈક શીખવાનું રાખવું. નાની વય છે, તેમાં થઈ શકે છે. 'મોક્ષમાળા'ના પાઠ મોઢે કરજે અને વિચારજે. જે પત્રો મોઢે કર્યા હોય તે રોજ વિચારવાં. જીવને એ એક કામ આવે છે. કામ ન હોય તો નવરો રહે. તેથી ગમે ત્યાં વાતો કરવા જાય, નહીં તો ધ્યાન રહે કે મારે પત્રો ફેરવવા છે. મુનિ બધાય શાસ્ત્રો શીખે અને રોજ ફેરવે. 'મોક્ષમાળા' છે, 'સમાધિ સોપાન' છે તે બહુ કામનાં છે. વાંચી ગયા, એમ કરવાનું નથી, પણ વિચારવાનું છે. કૃપાળુદેવે બહુ કૃપા કરી આ 'મોક્ષમાળા' રચી છે અને પ્રભુશ્રીએ ઘણી કૃપા કરી 'સમાધિ-સોપાન'નો અનુવાદ કરાવ્યો છે.

૨૪ નાકોડા તીર્થ, મહા વદ ૧૪, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી—મનુષ્યભવમાં છેલ્લું કામ સમાધિમરણ કરવાનું છે. ગમે તેટલું કર્યું હોય પણ સમાધિમરણ ન થાય તો કંઈ નથી. એની પણ તૈયારી કરવાની છે. આલોચના કરવાથી ઘણા પાપો જાય છે. ગુરુ ન હોય તો આત્માની સાક્ષીએ ભાવના કરવાની કે હે ભગવાન! મારે પાપનો ત્યાગ છે. સાક્ષી ન હોય તો પણ આત્માની સાક્ષીએ ત્યાગ કરવો. મરતાં સુધી મોહ છૂટતો નથી. પહેલાંથી તૈયારી કરી હોય, વૈરાગ્ય હોય તો સમાધિમરણ થાય. ગમે તેવા પરિષહ આવે, તોપણ સહન કરવા છે, એવી ભાવના હોય તો વ્રત લેવું. બધાને તૈયારી કરવાની છે. દેહના સુખની ઇચ્છા છોડવી. પરિષહ-સહનશક્તિ હોય તો હવે મારે કશુંયે ન જોઈએ, એવી ભાવના કરવી. કોઈ જોગ ન હોય તો ભગવાન પાસે ભાવના કરવી. દિવાળી આવે ત્યારે લોકો સરવૈયું કાઢે છે, તેમ સમાધિમરણ વખતે સરવૈયું કાઢવાનું છે. મરણ આવે તો ભલે આવો. ગમે તેટલું દુઃખ થાય, દુઃખ તો જવાનું છે, પણ આત્માને કંઈ થવાનું નથી. સમાધિમરણનું કારણ સમભાવ છે. બીજા મનમાં વિકલ્પ આવે નહીં એવું કરવાનું છે. સમાધિમરણ વખતે બીજાને દુઃખી કર્યા હોય તેને સંતોષ પમાડે અને પોતાના દોષોની નિંદા કરે.

સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન, સમ્યક્ચારિત્ર એ ત્રણે સાથે આવવાનાં છે. 'હું દેહનો નહીં ને દેહ મારો નહીં' એવો નિશ્ચય કરવાનો છે. દેહ ન હોય તો સિદ્ધ ભગવાન જેવો જ છે. આખા સંસારનો આધાર દેહ છે, તે શત્રુ જેવો છે. શૂરવીરપણું રાખવાની જરૂર છે. ''ૐ ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે.'' (૮૧૯) જે થાય તે શૂરવીરપણે ભોગવવું. મારે બધાં કર્મો છોડવાં છે. દીનતા ન કરવી. જ્ઞાનીનાં વચનો અમૃતની વૃષ્ટિ જેવાં છે, તે છેવટે જરૂર સંભારવાં. પર્યાયના નાશને પોતાનો નાશ માને એ ભ્રાંતિ છે. 'મારું બધું જતું રહ્યું, ક્યારે મળશે?' એમ મોહને લઈને થાય છે. સમ્યક્ત્વીને 'મારું નથી' એવું દૃઢ થયું છે, તેથી ખેદ નથી થતો. દેહ છે તે કૃતઘ્ની છે, દેહના ઘણા ઉપકાર કર્યા પણ એ દેહ ગણતો નથી. ખોટા માણસનો સમાગમ નથી રાખતા, તેમ શરીરનો સંબંધ રાખવાનો નથી.

(સમાધિ સોપાનમાંથી 'મૃત્યુ મહોત્સવ'ના વાંચન પ્રસંગે)

ભગવાનની પાસે બોધિ અને સમાધિ એ બે માગે છે. બોધિથી રત્નત્રયની પ્રાપ્તિ થાય અને

મરતી વખતે તે છૂટી ન જાય અને સાચવીને સાથે લઈ જાય તે સમાધિ છે. અનંતકાળમાં સમાધિમરણ કર્યું નથી. એ કરવાથી ઘણો લાભ છે. જીવને એક વખત સમાધિમરણ થાય તો બાકીના બધાય ભવમાં સમાધિમરણ થાય. રત્નત્રયની પૂર્ણ પ્રાપ્તિ વીતરાગમાં છે, તેથી જેને સમાધિમરણ કરવું હોય તેણે તેમાં વૃત્તિ રાખવી. છૂટી જાય દેહ, તેથી તારું ન બગડે, કેદખાનું છે. આત્માનું કંઈ ન બગડે. કેવળજ્ઞાનસ્વરૂપ તું છે.

**"શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ"**

દેહનો નાશ થાય પણ આત્મા તો અવિનાશી છે. મૃત્યુ તો ઉત્સવ છે. રાજી થવા જેવું છે. મરણના પ્રસંગમાં તો આનંદ થાય એવું રાખવાનું છે. રાજા હોય તે બીજા શહેરમાં જાય તેથી ખેદ થતો નથી. તેમ શરીરને છોડી બીજા દેહમાં જવાનું છે. તેમાં ઉત્સવ માનવો. દેહમાં મોહ કરવા જેવું નથી. દેહને માટે, મમત્વને લઈને ગમે તેવું પાપ કરે છે અને તેથી અધોગતિમાં જાય છે. દેહ તો બધાનો છૂટે છે. મોહ કર્યે શું મળે? ભ્રાંતિ થાય, દુઃખ લાગે. જે થાય તે સહન કરવું. દેવગતિ બાંધી હોય તો દેહ મૂકે ત્યારે ત્યાં જવાય. તેમાં ખેદ કેમ કરે છે? જેણે સારી રીતે જિંદગી ગાળી હોય તેને મરણનો ભય કેમ હોય? મરણ તો દેવલોકમાં લઈ જનાર મિત્ર છે. દિવસે દિવસે શરીર ઘરડું થાય અને મરણ ન આવે તો કેટલા વખત સુધી ઘસડાય? ધીરજ રાખવી જોઈએ. જેટલું કર્યું હોય તેટલું થાય. મરણ સુધારવું એ મારી ફરજ છે. મરણ છેતરાય એવું નથી. જેટલા સારા ભાવ કર્યા હોય, તેટલું સારું થાય. મરણ વખતે બધાએ લક્ષ રાખવાની જરૂર છે. પહેલાં પણ લક્ષ રાખવાનો છે, પણ મરણ વખતે તો ખાસ રાખવો. કર્મે જીવને કેદમાં નાંખ્યો છે. તેને મૃત્યુ ન છોડાવે તો કોણ છોડાવે? મરણ સાંભળીને ડરવા જેવું નથી. મરણ બધાય દુઃખથી છોડાવનાર છે. ગર્ભમાં આવે ત્યારથી દેહની સંભાળ જીવ લે છે, પણ તે જીવને અપકારી નીવડે છે. દેહથી હું ભિન્ન છું, એમ થાય તો જ દેહનો મોહ ઓછો થાય. સમાધિમરણ થાય તો મોહ ન લાગે. હું દેહ નથી, એમ થાય ત્યારે થાય. નહીં તો લક્ષચોરાસી ખડી છે. ફરી મનુષ્યભવ ક્યારે મળે? પંચ મહાવ્રત ક્યારે ધારીશ? સમાધિમરણ ક્યારે કરીશ? પણ સમાધિમરણનો વખત આવે છે ત્યારે ડરે છે. મૃત્યુ તે કલ્પવૃક્ષ જેવું છે. જેવું માગે તેવું મળે. મોક્ષ મેળવવો હોય તો મોક્ષ મળે. ફરીથી નથી જન્મવું એવું દૃઢ કરી લેવું. જાણનાર છે તે મરનાર નથી. તે તો જાણ જાણ જ કરે છે.

*

(બપોરના)

પૂજ્યશ્રી—શરીરને આત્મા માનનાર બહિરાત્મા છે. અંતરાત્મા દેહને દુઃખરૂપ માને છે અને બહિરાત્મા સુખરૂપ માને છે. આત્મા જ્યારે દેહમાંથી જાય છે ત્યારે તેને કોઈ રોકનાર નથી. સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર અને સમ્યક્‌તપ એ ચાર આરાધના સહિત મરણ કરવું. બહિરાત્માને દેહ છૂટે ત્યારે દુઃખ લાગે છે અને અંતરાત્માને સુખ લાગે છે. આત્માથી દેહ ભિન્ન છે, એમ જાણ્યા પછી મોહ ન થાય. ચારે ગતિમાં ભમવાનું મૂળ દેહમાં મોહ છે. રોગનું કારણ

દેહ છે, રોગનું ધામ છે, દુઃખ જ છે, એવું સમજાયું હોય તો દુઃખ ન થાય.

**"મંત્ર તંત્ર ઔષધ નહીં, જેથી પાપ પલાય;**
**વીતરાગ વાણી વિના, અવર ન કોઈ ઉપાય."**

પહેલાં પાપ બાંધ્યું હોય તે મંત્રથી ન જાય. વીતરાગનાં વચનો એવાં છે કે એના ભાવ ફરી જાય તો ઘણો લાભ થઈ જાય. મોટો રોગ મરણ છે. ફરી મરવું ન પડે એવું કરવાનું છે. જ્ઞાનીપુરુષને બધું સવળું છે. એ રોગથી લાભ માને છે. શરીરનો ધર્મ રોગ છે. આત્માનો ધર્મ અવિનાશી છે. કાયરને જરાક દુઃખ હોય તોય વધારે દુઃખ લાગે છે અને આ ભવ પરભવમાં દુઃખી થાય છે. જેટલી સહનશીલતા હોય તેટલાં કર્મ ઓછાં બંધાય. એકવાર સમાધિમરણ કરે તો ફિકર નથી.

સમાધિમરણ કેમ થાય ?

જ્યાં સુધી શ્વાસોશ્વાસ હોય ત્યાં સુધી સ્મરણ કરવું. જ્ઞાનીનો વિશ્વાસ તે જ સમાધિમરણનું કારણ છે. કંઈક સાંભળ્યું હોય તો લક્ષ રહે. ધીરજ રાખી "સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી નિર્ભયપણાને, નિઃખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાએ કહી છે અને અમે પણ એ જ કહીએ છીએ. કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી." (૪૬૦) એટલું થયું હોય તો સમાધિમરણ થાય. એકનું એક કપડું હોય તેનો બહુ પરિચય થાય ત્યારે તેના ઉપર અભાવ આવે છે, પણ આ દેહ તો ઘણા કાળ સુધી ભોગવતાં અભાવ આવતો નથી.

('સમાધિ સોપાન'માંથી સલ્લેખનાના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—શરીરને કૃષ કરવું તે સલ્લેખના. શરીરને લાલન-પાલન કરે તો દોષનું ઘર થઈ જાય. જેને કાયા પરથી વિશ્વાસ ઊઠી ગયો હોય તેને સલ્લેખના છે. કષાય ઓછા થાય તે અંતરસલ્લેખના છે. કાયામાં વૃત્તિ રહી તો આત્માનું હિત થવાનું નથી. ખૂબ ખાય અને પ્રમાદ કરે તો મન બીજે જતું રહે. કાય સલ્લેખના અનુક્રમે થાય છે. મનને જેવું કેળવ્યું હોય તેવું થાય. જ્યારે સમજણ આવે ત્યારે ફરે. ઋષભદેવ ભગવાને પોતાના અઠ્ઠાણું પુત્રોને બોધ કર્યો હતો કે દેવલોકમાં સાગરોપમનાં સુખો ભોગવ્યાં છતાં તૃપ્તિ નથી થઈ. વિચારથી તૃપ્તિ થાય છે.

કાયસલ્લેખનામાં ભગવાનને શરણે ચિત્ત રાખવું. ધર્મ સધાતો હોય તો દેહને પોષવો. જેનાથી ધર્મ થાય તેવાને સલ્લેખના કરવા નથી કહ્યું. સ્યાદ્વાદ માર્ગ છે. શરીરને નાખી દેવું નથી, પણ તેનાથી ધર્મનું કામ લેવું છે. મનુષ્યદેહ વિના ધર્મનું કાર્ય ન થાય. ધર્મમાં જેની કાયા મદદ ન આપતી હોય તો તેણે તેને કૃષ કરવી. ઉપવાસ આદિ, કષાયનો જય કરવા માટે છે. ઉપવાસ કરીને કષાય કરે, એમ નથી કરવાનું. જે કંઈ કરવું તેનો ઉપયોગ રાખવો કે તે શા અર્થે છે ? ઉપયોગ ત્યાં ધર્મ છે. શરીર તો ઘણા સૂકવે પણ કષાય સૂકવે તે ખરું તપ છે. આ લોક, પરલોકની ઇચ્છારહિત તપ કરવું. જન્મમરણ ટાળવા હોય તો ઇચ્છા ન કરવી. પાંચ ઇંદ્રિયના વિષયો, કષાય, નોકષાય બધાને જીતવાના છે. કષાયને લઈને બધાં દુઃખ ઊભા થાય છે. સમાધિમરણ વખતે ઘણા ઉપદેશની જરૂર છે, નહીં તો નરકમાં જાય. જેને સમાધિમરણ કરવું હોય

તેણે, પોતાથી જે વિશેષ વૈરાગ્ય અને જ્ઞાનવાળા હોય તેનો યોગ મેળવવો. વિષમકાળમાં સારો સંગ મળવો બહુ મુશ્કેલ છે. તેમ છતાં બને તેટલો સત્સંગનો યોગ મેળવવો. કર્મ બાંધતાં વાર નથી લાગતી. એક ક્ષણવારમાં સિત્તેર કોડાકોડી સાગરોપમની સ્થિતિ બંધાઈ જાય છે, છતાં એને ભાન નથી. ચેતીને ચાલવાનું છે. ''પગ મૂકતાં પાપ છે; જોતાં ઝેર છે અને માથે મરણ રહ્યું છે, એમ વિચારી આજના દિવસમાં પ્રવેશ કર.'' (૨-૩૫) ભાવથી છૂટે છે. સિત્તેર કોડાકોડી બંધાયુ હોય અને ઉદયમાં ન આવ્યું હોય તો છૂટી જાય. પાછો ફરે તો થાય. આત્મામાં અનંત શક્તિ છે. મનુષ્યભવમાં થાય છે. સત્સંગે જીવ કંઈક કૂણો થાય તો તેને પોતાના કર્મોનો ડર લાગે છે.

૨૫ નાકોડા તીર્થ, ફાગણ સુદ ૧, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—સમ્યક્‌દર્શન સહિત તપ સફળ છે. શરીર ઉપરથી મોહ ઓછો થાય તે માટે તપ કરવાનું છે. શરીરનું સ્વરૂપ વિચારે તો એને વૈરાગ્ય થાય એવું છે. પોતાના સ્વરૂપનું જ્ઞાન તે સમ્યક્‌જ્ઞાન છે. જ્ઞાનથી આત્મા જણાય છે. મારું ખરું સ્વરૂપ આત્મા છે, એવી પ્રતીતિ તે સમ્યક્‌દર્શન છે. જ્ઞાન અને વૈરાગ્ય બન્ને સાથે હોય છે.

**''ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન''**

એ ન હોય ત્યાં સુધી એને શ્રદ્ધા પણ ન થાય. સમ્યક્ત્વ આત્માનો નિર્ણય છે. એ નિર્ણય સત્પુરુષના આશ્રયે થાય તે વ્યવહાર સમકિત છે અને પછી પોતાને અનુભવ થાય તે નિશ્ચય સમકિત છે. મિથ્યાત્વની મંદતા થાય ત્યારે સાચી શ્રદ્ધા થાય છે. સત્પુરુષનું ઓળખાણ જેમ જેમ જીવને થાય છે, તેમ તેમ અનંતાનુબંધી મોળા પડવા લાગે છે. એ તદ્દન દૂર થાય ત્યારે સમ્યક્‌દર્શન છે. જ્ઞાનીપુરુષના આશ્રયે, જ્ઞાનીએ જે માન્યું છે તેવું માને તો સમ્યક્‌દર્શન છે. અર્ધપુદ્‌ગલ પરાવર્તન સંસાર હોય ત્યારે સમ્યક્ત્વ થાય છે. સમીપમુક્તિગામીને જ સમ્યગ્દર્શન થાય છે.

શરીરને લઈને બધાં દુઃખ થાય છે. શરીરથી હું ભિન્ન છું એવી ભાવના કરવી. જેમ મન માને, જ્યાં મન જાય ત્યાં જવા દેવું યોગ્ય નથી, કેમકે તેથી સંસાર ઊભો થાય છે. એનું સ્વરૂપ જાણી લેવું. એનાથી કામ લઈ લેવું. મોહ ન કરવો. શરીરમાં વૃત્તિ રહી તો કુમરણ થાય, પણ એનાથી ધર્મ થઈ શકે છે. ધર્મને માટે દેહનું પોષણ કરવું, દેહને પુષ્ટ ન કરવો. ભગવાને કહ્યું છે તેવું તપ કરવા જેવું છે. તપ એટલે ઇચ્છાનો નિરોધ. વૃત્તિ ઉપર સંયમ કરવાની જરૂર છે. મનથી ત્યાગ કરવો અઘરો છે. જે અઘરું હોય તે જ કરવાનું છે. કામનો નાશ કરવો હોય તો તપની જરૂર છે. તપથી ઇંદ્રિયો વશ થાય. ખૂબ ખાવાથી નિદ્રા બહુ આવે. તપ કરે તો નિદ્રા ઓછી થાય. શરીરને વશ રાખ્યું હોય તો ઠંડીમાં ગરમીમાં બધે કામમાં આવે. તપમાં જીવ સ્વાધીન છે. જેટલું કરવું હોય તેટલું થાય. તપમાં જે દુઃખ આવે છે તે જાય છે. પાપનું ફળ દુઃખ છે, તે તપથી ઉદયમાં જલદી આવે છે. પહેલાંથી દુઃખ સહન કરવું, જેથી સમાધિમરણ થાય. શક્તિને ગોપવ્યા વગર સ્વચ્છંદરહિત તપ કરવું. આજ્ઞા વગર કરે તો લાંઘણ કહેવાય. મિથ્યાત્વ હોય ત્યાં સુધી એને હિતકારી હોય તે ન ગમે. આખરે એને તપ સુખકારી છે. આત્માના દશ ધર્મ છે એને લૂંટી લેનાર વિષય કષાય છે, તપ હોય તો એનું બળ ન

ચાલે. વિષયકષાયમાં મનુષ્યભવ છૂટી જાય તો એકેન્દ્રિય આદિમાં ભટકે. જે તપ કરવાથી રોગ થાય; ઇંદ્રિયો મંદ પડે, ઇંદ્રિયોને હાનિ પહોંચે, એવું તપ ન કરવું. તપ કલ્યાણક ભગવાનનું કહેવાય છે. મોક્ષે જવા માટે કઠણાઈ વેઠવી પડે છે. પોતાનું સ્વરૂપ ભૂલીને પરમાં રાજી થાય છે. તપથી ઘણો લાભ છે. સર્વસંગપરિત્યાગ એ તપ છે. પરિષહ જીતવા એ તપ છે. કોઈ વસ્તુ ન ઇચ્છવી તે તપ છે. ઇચ્છાનો અભાવ તે તપ છે. બાહ્ય અભ્યંતર એ બન્ને પ્રકારના પરિગ્રહમાં મમતા ન રાખે તે તપ છે. જગતના જીવો જ્યાંથી ભય પામે છે, તેનો ત્યાગ કરીને કર્મ ન બંધાય એવું કરવું. કોઈ વસ્તુ ન ઇચ્છવી. ઇચ્છાનો ત્યાગ કરવો. કર્મ ન બંધાય એવું કરવાનું છે. મરણનો ભય ન રાખવો. પહેલાં નિશ્ચિંત થઈ જવું. જે મળ્યું છે તેથી સંતોષ માનવો. સંતોષ છે તે અમૃત છે. જ્યારે મરણકાળ આવે ત્યારે ગભરાવું નહીં. સમભાવ રાખવો એ તપ છે. દુઃખ આવે છે, તેમાં કોઈનો વાંક નથી, પોતાનો જ વાંક છે. પાર્શ્વનાથ ભગવાનને કમઠે એક બાજુ ઉપસર્ગ કર્યા ને બીજી બાજુ ધરણેન્દ્ર અને પદ્માવતીએ આવીને પૂજા કરી. એ બન્નેમાં ભગવાને સમભાવ રાખ્યો, તેથી કેવળજ્ઞાન થયું. જ્યાં ત્યાંથી છૂટવું છે. પુણ્ય સારું અને પાપ ખોટું, એમ ન કરવું. બધુંય છોડવાનું છે.

**"નગ્નભાવ મુંડભાવ સહ અસ્નાનતા, અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો,**
**કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહિ, દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અપૂર્વ૦"**

અભ્યંતર તપ એ છે કે,

**"શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા, માન અમાને વર્તે તે જ સ્વભાવ જો,**
**જીવિત કે મરણે નહિ ન્યૂનાધિકતા, ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. અપૂર્વ૦"**

તપમાં આનંદ આવે છે. તપથી મોક્ષે જવાય છે. તપથી નિર્જરા થાય છે અને નિર્જરાથી મોક્ષ નજીક આવે છે. આગ લાગી હોય તો કિંમતી વસ્તુ કાઢી લે તેમ પરિષહ, દુઃખ આવી પડે ત્યારે સહન કરે તે લાભ છે. સાધુની સેવાદિ કરે તે સાધુ-સમાધિ છે. જે ધર્મમૂર્તિ છે તેની રક્ષા કરે તો તેથી ધર્મ થાય છે. જેટલું મિથ્યાત્વ મંદ પડ્યું હોય તેટલી સારી વસ્તુ સારી લાગે છે. જે ધર્માત્મા હોય, તેને દુઃખ પડતું હોય તો તે દૂર કરવું, તે સાધુ-સમાધિ છે. પોતાના સમ્યક્દર્શનાદિમાં વિઘ્નો આવે તોપણ તેમાં ટકી રહે તે સાધુ-સમાધિ છે. આત્માની સેવા તે પણ સાધુ-સમાધિ છે. દેહ છૂટે પણ આત્મા ન છૂટે. અવસ્થા બદલાય છે. પોતે પોતાને ઉપદેશ આપે એવી દશા કરવાની છે. સમભાવ રાખીને કર્મ ભોગવવાં, બીજી ઇચ્છા ન રાખવી.

પાંચ ઇંદ્રિયો, ત્રણ બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય આ દશ પ્રાણના નાશને મરણ કહે છે. આત્માના ખરા પ્રાણ સમ્યક્દર્શનાદિ છે. મરણથી ડરવા જેવું નથી. ધર્માત્માને મરણનો ભય રાખવા જેવું નથી. દેહાધ્યાસ છે તેટલું દુઃખ લાગે છે. ક્ષણે ક્ષણે જીવ મરી રહ્યો છે. ક્ષણે ક્ષણે આયુષ્ય જાય છે. મરવાનું છે તો શૂરવીરપણે મરવું. હું ભિન્ન છું એમ જાણ્યું છે, તેને ભય ન લાગે. માત્ર પર્યાય ફરે, પણ આત્મા ન ફરે. જ્ઞાનીપુરુષો દેહને ગૂમડું માને છે. જેમ ગૂમડાં ઉપર પાટો બાંધીએ તેમ જ્ઞાનીપુરુષો દેહને કપડાં વગેરે પહેરાવે છે, ખવરાવે છે. કર્મનો ઉદય પૂરો થશે ત્યારે જશે. ખરી દવા સમતા છે. એના જેવી દવા નથી.

*

(બપોરના)

પૂજ્યશ્રી—'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' એ મંત્ર સમાધિમરણ કરાવે તેવો છે. હરતાં ફરતાં ગમે ત્યારે યાદ આવે એવો અભ્યાસ પાડી લેવાનો છે. મરણ વખતે યાદ રહેશે તો સમાધિમરણ કરાવે તેવો છે.

૨૬ ગઢસિવાણા, ફાગણ સુદ ૨, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—જ્ઞાનીના આશ્રયે ભાવ ગાળવો. સત્સંગ એ એનું સાધન છે. સત્સંગ મળવો દુર્લભ છે. સત્સંગથી પ્રાપ્ત થયેલા એક વચનને પણ ગ્રહણ કરે તો તે સત્સંગ જ છે. પહેલાંના જીવો એવા સરળ હતા કે મહાપુરુષનાં વચનો મળતાં તો ગ્રહણ કરી લેતા. જીવ પરમાર્થમાં ઊંઘે છે અને વ્યવહારમાં જાગે છે. પરમાર્થની દૃઢ શ્રદ્ધા કરવાની છે. મરણ સુધી ટકાવી રાખવી. મનુષ્યભવની એક પળ પણ લાખ રૂપિયાની છે. ભગવાન કહે તે ગ્રહણ કરવાનું છે. મારાં એટલાં વર્ષો ગયાં તેમાંની એક પળ પણ પાછી આપે તો આખું રાજ્ય આપું, એમ કોઈ કહે તેથી કંઈ કોઈ આપી શકે? મનુષ્યભવમાં કોઈક ક્ષણે એને સમકિત થઈ જાય; કોઈક ક્ષણે એને કેવળજ્ઞાન થઈ જાય; કોઈક ક્ષણે મોક્ષ થઈ જાય. આવી આવી મનુષ્યભવની ક્ષણો છે. મનુષ્યભવ મળવો, શ્રદ્ધા થવી, પાંચ ઇન્દ્રિયોની પૂર્ણતા મળવી મુશ્કેલ છે. જે મળી છે તેની કિંમત નથી. જીવ તપાસ નથી કરતો. જીવને મનુષ્યભવની કિંમત થાય તો ભરત ચક્રવર્તીની જેમ ચેતાવવા ગુમાસ્તા રાખે. જીવ વ્યાપારનું નામું રાખે છે, પણ મારા કેટલા દિવસો ગયા? એનો હિસાબ નથી. ભગવાને કહ્યું છે, તે લક્ષ ભૂલી જાય છે. સરવાળો કરે તો લાભ થાય. કલ્યાણ કરવા માટે સત્સંગ છે. પોતાના દોષો દેખાય તો કાઢે. જીવને વિચાર આવતો નથી. પાપનો ડર નથી લાગ્યો. કઈ દિશામાં જીવ જાય છે? એ વિચારવાનું છે. સવળું કરે, તો ક્ષણમાં કામ થઈ જાય. [1]અંજન ચોર જેવું થઈ જાય. ક્ષણવારમાં જ્યાં ભાવ પલટાયો તો ત્યાં જ 'ભાવે કેવળજ્ઞાન.' કેવળજ્ઞાન આઘે નથી. જીવ દેખે છે અને ભૂલે છે. ''આત્માથી સૌ હીન.'' આત્મા જેવી એક્કે વસ્તુ નથી. સર્વોત્તમ આત્મા છે. આત્મામાં અનંત સુખ છે. એને માટે મોટા મોટા ચક્રવર્તીઓ રાજ્ય છોડીને ચાલી નીકળ્યા. જીવને, મને શું હિતકારી છે? એવો વિવેક નથી. અનંતકાળ થયા જન્મ મરણ થાય છે, એનું ભાન નથી. ભૂત વળગ્યા જેવું થયું છે. દેહાધ્યાસ ભૂત જેવો છે. ભ્રાંતિ છે તે અપવિત્રને પવિત્ર મનાવે છે. શરીર અપવિત્ર છે, તેને પવિત્ર માને છે, તે ભ્રાંતિ છે, અવિદ્યા છે, મિથ્યાત્વ છે. માથે મરણ છે તેનું ભાન નથી. ભ્રાંતિને લઈને અનિત્યતાનો ખ્યાલ આવતો નથી. એ અવિદ્યાનો પ્રભાવ છે. કુગુરુને સુગુરુ માને એ વિપરીતતા છે, ઊંધું છે.

*

(રાતના)

પૂજ્યશ્રી—ધર્મ આત્માનો સ્વભાવ છે. વિભાવમાં પાપ અને સ્વભાવમાં ધર્મ છે. તેના દસ ભેદ પાડ્યા છે. સમ્યગ્દર્શન સહિત હોય તો મોક્ષનું કારણ થાય છે. ધર્મ એટલે જે વસ્તુનો જેવો

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પ્રવેશિકા શિક્ષાપાઠ ૨૮ અને ૨૯.

સ્વભાવ તે. આત્માનો ધર્મ જાણવાનો છે. પુદ્ગલનો ધર્મ રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ છે. ક્ષમા બગડે ત્યારે ક્રોધ થાય છે. એ વિકાર છે. ક્ષમા જ્યારે હોય ત્યારે આત્મા સ્વભાવમાં હોય છે. ક્ષમા આત્માનો ગુણ છે. એ બગડી જાય ત્યારે ક્રોધ થાય છે. વિકાર ન હોય ત્યારે પોતે જ શુદ્ધ સ્વરૂપમાં રહે છે. કર્મના નિમિત્તે જીવનો સ્વભાવ પલટાય છે. કર્મને લઈને વિકાર થાય છે. કષાય એ વિકાર છે. એ જાય ત્યારે સ્વભાવ પ્રગટે છે. ''સહજસ્વરૂપે જીવની સ્થિતિ થવી તેને શ્રી વીતરાગ મોક્ષ કહે છે.'' (૬૦૯) સ્વભાવમાં રહે તો કર્મ છૂટે.

મોક્ષે જવું હોય તો ક્ષમા જોઈશે માટે ક્ષમા ધારણ કરો. સંસારમાં પરિભ્રમણ કરાવનાર કર્મ છે અને કર્મ કષાયથી બંધાય છે. માણસ શાંત બેઠો હોય અને ક્રોધ આવે ત્યારે ફરી જાય. પરિભ્રમણ કરાવનાર ક્રોધ છે. ક્રોધમાં કંઈ ખબર નથી રહેતી. પછી પશ્ચાત્તાપ થાય. ક્રોધ માણસને તદ્દન બગાડી નાંખે છે. વિવેક ત્યાં આગળ ન રહે. મારું હિત શાથી છે? તે ધ્યાનમાં ન રહે. ક્રોધ શમી જવો મુશ્કેલ છે. ક્રોધનો ઉછાળો આવે, ત્યારે મન વશમાં ન રહે. એનો ઉપાય સત્સંગ છે. સત્સંગે સમજણ ફરે છે. નિમિત્તો ઓછા મળે ત્યારે ક્રોધ સુકાઈ જાય છે. જીવે પોતાના દોષ જોવા. એથી કષાય મંદ થાય છે. દોષવાળો જ જીવ છે, પણ એને જાગૃતિ થાય ત્યારે લાગે કે મારે દોષ નથી કરવા. પાંચમા પદમાં આવે છે ને, કષાયનું તીવ્રપણું હોય, તેનો અભ્યાસ થઈ ગયો હોય તો તેનો પાછો અનભ્યાસ કરે, તેવા નિમિત્તોથી દૂર રહે, કષાયને ઉપશમાવે, પછી ક્ષીણ થઈ જાય છે.

**''ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય;**
**પૂર્વજન્મ સંસ્કાર તે, જીવ નિત્યતા ત્યાંય.''**

જીવ પહેલાંથી જ લઈને આવે છે. સારો કહેવાતો હોય પણ ક્રોધથી ખરાબ થઈ જાય. ક્રોધમાં આવે ત્યારે મારી ય નાંખે છે. ક્રોધ આવે ત્યારે ધર્મ ન થાય. ક્રોધ એવો જ છે. નિમિત્તાધીન છે. નિમિત્ત મળે ત્યારે ભાન નથી રહેતું. અગ્નિ જેવો ક્રોધ છે. દ્વૈપાયન ઋષિએ ક્રોધમાં આવી દ્વારિકા બાળી નાંખી. ક્રોધને નિર્મૂળ કરી નાંખવો. મોક્ષે જનાર જે હોય તેને જ ક્ષમા ગુણ પ્રગટે છે. જેટલી ક્ષમા તેટલું મુનિપણું છે. પૃથ્વી જેમ બધું સહન કરે, તેવી રીતે સહન કરવું તે ક્ષમા છે. એક પણ કષાય જીતે તો બીજા કષાયોને જીતવાનું થાય. દશ ધર્મોમાં ક્ષમા આદિ (પ્રથમ) ધર્મ છે. ધર્મ કરવો હોય તે પહેલો, ક્રોધ ન કરે. બાહ્ય દૃષ્ટિ હોય તો મારું મનાય છે. પરમાં પડવા જેવું નથી. સમજણ ફરી જાય તો લહેર થઈ જાય. બધું ક્ષણિક છે. આત્મા તો ત્રણે કાળ રહે એવો છે. કર્મ બાંધ્યાં હોય તે પોતાને ભોગવવાં પડે છે. પોતાના પરિણામ તપાસીને રહે, તો પોતાના દોષો દેખાય. જાણ્યું હોય તો હર્ષ વિષાદ ન થવો જોઈએ. નહીં તો જાણ્યું જ નહીં! ક્રોધ વખતે સમભાવ રાખવો એ જ મારો ધર્મ છે. જીવની ટૂંકી બુદ્ધિ હોય તેથી કર્મના ફળને નથી જાણતો. જીવ સમજણ વગર પરિભ્રમણ કરે છે.

**''જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;**
**સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત.''**

સદ્ગુરુ વિના જીવને સુખ થાય નહીં. સમજણ વગર દુઃખ થાય છે. સમભાવ એ મોટી વસ્તુ

છે. [1]મહાવીર ભગવાનને કેવા કેવા ઉપસર્ગ થયા હતા, છતાં સમભાવમાં રહ્યા! પોતાના કર્મ ઉદયમાં આવ્યાં છે એમ સમજતા હતા.

(સમાધિસોપાનમાંથી 'પ્રવચન ભક્તિ'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—ભગવાને જે આગમ કહ્યાં છે તે પ્રવચન કહેવાય છે. સત્પુરુષના વચનને આધારે ધર્મ ટકે છે. ભગવાનની જેવી દશા છે તેવી આપણે પ્રાપ્ત કરવાની છે. બધા આગમોનો લક્ષ આ જીવને મોક્ષ માટે શું કરવું, તે કહેવાનો છે. વસ્તુનું સ્વરૂપ સમજાયું નથી તેથી મોહ થાય છે.

પાંચ અસ્તિકાય છે. જેમાં ઘણા પ્રદેશો હોય તે અસ્તિકાય છે. તત્ત્વ એટલે પદાર્થ. પદાર્થ એટલે કોઈ પણ વસ્તુ. તત્ત્વ એટલે સ્વરૂપ. આગમ એ મુનિઓની આંખો છે. તેથી આખા જગતને જાણે છે. ભગવાનનાં વચને રૂપી, અરૂપી પદાર્થો જણાય છે. શાસ્ત્ર ભણવાં તે પ્રવચન-ભક્તિ છે. આખા વિશ્વનું કેવું સ્વરૂપ છે? તેને છ દ્રવ્ય અને નવ તત્ત્વમાં કહ્યું છે. જેમાં ગુણ પર્યાય હોય તે દ્રવ્ય છે. ભગવાને જે કેવળજ્ઞાનથી જોયું તે ટૂંકામાં લોકોને કહ્યું. ભગવાનના આગમનો અભ્યાસ કરવા જેવો છે.

કેમ જીવને કર્મ બંધાય છે, એ 'કર્મગ્રંથ'માં છે. ભગવાને કહેલાં વચનોમાં વૃત્તિ રહે તે માટે શાસ્ત્રો શીખવાનાં છે. મુનિઓ બધાંય શાસ્ત્રો શીખીને રોજ ફેરવે છે, નવરા નથી રહેતા. આગમ સંપૂર્ણપણે જાણે તેને શ્રુતકેવળી કહે છે. મતિ, શ્રુતજ્ઞાન પણ ઘણું જાણી શકે છે. કેવળજ્ઞાનથી આખો લોક પ્રત્યક્ષ દેખાય છે. આગમ છે તે ભગવાનનાં વચનો છે. ગણધરોએ જે શાસ્ત્રો લખ્યાં છે તે ભગવાનનાં વચનને આધારે છે. જ્યાં સુધી શ્રુતકેવળી રહ્યા ત્યાં સુધી અખંડ શ્રુત રહ્યું. જ્ઞાનીનાં વચનો સાંભળે તો કેમ વર્તવું તે સમજાય છે. જેમ જેમ જ્ઞાન ઓછું થાય છે તેમ તેમ અજ્ઞાન વધતું જાય છે. ભગવાનનાં વચનોમાં રાતદિવસ જાય તો સારું. જ્ઞાન એ મોટી વસ્તુ છે. રોજ એક એક શબ્દ નવો જાણવો, એમ કરે તોય કેટલાય શાસ્ત્રો શીખી જાય.

(બપોરના) ૨૭ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૫, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—બધાયનો સાર કૃપાળુદેવે 'આત્મસિદ્ધિ'માં કહી દીધો છે. 'તત્ત્વાર્થસાર' પુસ્તકથી 'આત્મસિદ્ધિ' વધારે સમજી શકાય છે. વિચાર કરવાનો છે. ''વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઈ.'' ''કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ.'' એમ કહ્યું છે. તેનો વિસ્તાર 'તત્ત્વાર્થસાર'થી વધારે સમજી શકાય છે. આ 'તત્ત્વાર્થસાર' શ્રી અમૃતચંદ્રાચાર્યે રચેલ છે. નવ તત્ત્વો ભણી જાય, પણ શા માટે ભણવાં છે? એ લક્ષ ન હોય તો કંઈ કામનું નથી. આ નવ તત્ત્વોની વાત સાંભળી છે તો વિચારવી. આ કાને સાંભળ્યું અને આ કાને કાઢ્યું એવું ન કરવું. મોક્ષમાર્ગમાં કેટલાં તત્ત્વો છે? કેટલાં તત્ત્વો પ્રયોજનભૂત છે? આટલાં જ તત્ત્વો કેમ કહ્યાં? વધારે ઓછાં કેમ ન કહ્યાં? એમ તત્ત્વોનો વારંવાર વિચાર કરવો.

મનના બે ભેદ છેઃ એક દ્રવ્યમન અને બીજું ભાવમન. દ્રવ્યમન એ મનોવર્ગણાની રચના છે. મન એ અંતઃકરણ છે. શ્વાસોચ્છ્વાસ બધું જડ છે. પણ આત્માના પ્રભાવથી હાલે-ચાલે છે, નહીં તો

---

૧. વિસ્તારથી જુઓ પૃષ્ઠ નં. ૬૮૪.

કંઈ ન થાય. આત્મા છે, તે દેહથી ભિન્ન છે. જીવ પોતાને બંધન થાય છે, તે જાણતો નથી. જીવનો સ્વભાવ જાણવાનો છે. વાંચન કરવું હોય તો સત્પુરુષની હાજરીમાં કરવું, નહીં તો ક્યાંય તણાઈ જાય. જેટલો રંગ લાગ્યો હોય તેટલું મહાત્મ્ય લાગે. શાસ્ત્રો વાંચે, પણ મહાત્મ્ય લાગવું દુર્લભ છે. જ્યાં જેટલો રસ પડે તેટલું બંધન થાય. શાસ્ત્રોમાં વૃત્તિ જાય તો આત્મા ભણી વૃત્તિ વળે છે. બધાય શાસ્ત્રો વાંચવાં શા માટે ? એક કૃપાળુદેવને ઓળખવા માટે. શરીરને હલાવનાર, ચલાવનાર આત્મા છે. આ જીવ માયાના આવરણે દિશામૂઢ થયો છે. બોધ પ્રાપ્ત થવાનો યોગ મળ્યે છતે, તેમાં બોધ પ્રવેશ થતો નથી. જગતનો હિસાબ અને જ્ઞાનીનો હિસાબ જુદો છે. કર્મ માત્ર જીવને દુઃખ દેનાર છે. માટે કર્મ છોડવાનાં છે. ''દેહનો સ્વભાવ જીવ પદમાં જણાય છે'' તે ભ્રાંતિ છે.

(સવારના) ૨૮ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૭, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–મુમુક્ષુને સત્પુરુષનો સમાગમ થયા પછી લોભ આદિ ઓછા કરવાની ભાવના વધતી જાય છે, પણ લૌકિક ભાવમાં તણાઈ જાય તો કંઈ ન થાય. જીવને જ્ઞાનીપુરુષનાં વચનો અવલંબનરૂપ છે. જગતમાંથી હિતકારી વસ્તુ હોય તે ગ્રહણ કરી, બીજી નાશવંત વસ્તુઓની ઇચ્છા ન રાખવી. દેહ ને આત્મા બન્ને જુદાં છે. ભેદજ્ઞાન થવા માટે જ્ઞાનીની જરૂર છે. જ્યાં સુધી સંસારની ભાવના હોય ત્યાં સુધી કલ્યાણ ન થાય. કંઈક વૈરાગ્ય જાગે તો પછી આત્મકલ્યાણ થાય. જેને સમ્યક્ત્વ થયું છે, સંસારનું સ્વરૂપ જેણે જાણ્યું છે, એવા જે વિચારવાન તેમને ખેદ થતો નથી. સુખ માન્યું હોય ત્યાં દુઃખ દેખાય ત્યારે વધારે દુઃખ લાગે છે. સંસાર દુઃખનો દરિયો છે.

**''બહુ પુણ્યકેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો''**

ઘણા પુણ્યના યોગે આ મનુષ્યભવ મળ્યો છે, પણ અકસ્માત્ મરણ કોઈને થાય તે દેખતાં જ્ઞાનીને એમ લાગે છે કે આ બિચારાનો મનુષ્યભવ ગયો. મરણનો પ્રસંગ કોઈનો થાય તે વખતે ખેદ કરવા જેવું નથી. તે વખતે જ્ઞાનીપુરુષનાં વચનોનો વિચાર કરવો. સંસારમાં ક્યાંય સુખ નથી. સુખ દેખાય છે, તે ભ્રાંતિ છે. આ સંસારમાં મરણ વખતે કોઈ બચાવે એમ નથી. ઇંદ્રનું મરણ થાય ત્યારે ઘણા દેવતાઓ પાસે ઊભા હોય છે, પણ કોઈ બચાવે નહીં; તો પછી મનુષ્ય તો શું કરી શકે ? આ અનિત્ય સંસારમાં સુખ માનીને, મોક્ષનું સાધન પ્રાપ્ત થયું છે તે વ્યર્થ ન જવા દેવું. ફરી જન્મવું ન પડે એવું કરવાનું છે. ગમે તેટલી માથાકૂટ કરે પણ મૂકીને જવું પડે છે, સાથે ન આવે. મનુષ્યભવ આ સંસારની માથાકૂટમાં નકામો ગાળવા જેવો નથી. વૈરાગ્ય વધે તો મુક્ત થાય. આસક્તિ છૂટે તો વૈરાગ્ય થાય. વૈરાગ્ય એ જ કર્મ છોડવાનો ઉપાય છે. ગમે તેવો પાપનો કે પુણ્યનો ઉદય હોય, પણ આસક્તિ ન કરવી તો મોક્ષ થશે, એમ ભગવાને કહ્યું છે. જેને વૈરાગ્ય હોય તે સંસારથી છૂટે છે. બીજાને ઉપદેશ કરવા જીવ બહુ ડાહ્યો છે, પણ પોતાનો પ્રસંગ આવે ત્યારે ખબર પડે.

સગર ચક્રવર્તીના સાઠ હજાર પુત્રોને દૃષ્ટિવિષ સર્પે મારી નાખ્યા. તે વખતે ઇંદ્ર બ્રાહ્મણનું રૂપ લઈને નગરમાં આવ્યો. પોતાના પુત્રનું મડદું લઈને ફરવા લાગ્યો. પછી રાજ દરબારમાં આવ્યો. ચક્રવર્તીએ કહ્યું કે હે વિપ્ર, તમે શા માટે રડો છો ? બધાનું મરણ તો થવાનું જ છે. તમે

વિદ્વાન છો, માટે ધીરજ રાખવી જોઈએ. ત્યારે બ્રાહ્મણે કહ્યું, ''તમારા પુત્રો જો મરી ગયા હોય તો ન રડો? ધીરજ રાખો?'' રાજાએ કહ્યું ''હા.'' બ્રાહ્મણ બોલ્યો ''તમારા સાઠ હજાર પુત્રોએ અષ્ટાપદ પર્વત ઉપર તીર્થની રક્ષા કરવા માટે ગંગા નદી આણી, તેનું પાણી નીચે ભવનપતિ દેવોના ભવનોમાં ભરાઈ ગયું, તેથી તે નાગકુમાર દેવતાને ભયંકર ક્રોધ વ્યાપ્યો. પછી તે બહાર આવ્યો અને દૃષ્ટિવિષથી તે સર્વને મારી નાખ્યા છે.'' આટલું સાંભળ્યું કે રાજા મૂર્ચ્છા ખાઈને પૃથ્વી પર પડી ગયો.

સંસારનું સ્વરૂપ એવું જ છે, માટે આત્માનું કામ પહેલાં કરી લેવાનું છે. વિચારવાન પુરુષો પહેલેથી જ આ સંસારમાં મારું કોઈ નથી, આમ હૃદયમાં ચોખ્ખું કરી રાખે છે. તેથી મરણનું દુઃખ લાગતું નથી. સંસારમાં ક્યાંય મોહ કરવા જેવું નથી. આ મનુષ્યભવ મળ્યો છે, તો ફરી ન જન્મવું પડે એવું કરી લેવું. વિચારવાન જીવો પોતાના પરિણામ તપાસે છે અને સંસાર પ્રત્યે કંઈક આસક્તિ હોય તો તે છેદી નાંખે છે. સંગમાં જીવને મોહ છે, તેનું ફળ દુઃખ આવશે. મારું નથી એમ જેણે માન્યું તેને ખેદ ન થાય. સંસારનું સ્વરૂપ આસક્તિરૂપ છે. જે પુરુષો અસંગ છે તે પરમ સુખી છે. સંગથી છૂટીને અસંગ થવાનું છે. અસંગ એકદમ થવાતું નથી, સત્સંગથી થવાય છે. આ સંગ છે તેમાં આત્માનું કશુંય નથી, દેહ પણ આત્માનો નથી. જે પુરુષો મોક્ષે ગયા છે, તેઓ સંસારનું તીક્ષ્ણ બંધન છેદીને ગયા છે. સૂક્ષ્મ વિચાર વિના સમજાય એવું નથી.

ભગવાન મહાવીર જેવા પણ ઉપાધિયોગનો ત્યાગ કરી ચાલી નીકળ્યા. આ ભવમાં જ મોક્ષે જવાના હતા, છતાં કેટલો બધો પુરુષાર્થ કર્યો છે! પણ જીવને ભાન નથી. મોહને લઈને જીવ અનંતકાળથી રખડે છે. હું અસંગ છું, એમ આત્મભાવના ભાવે તો ''આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે'' કેવળજ્ઞાન પામે. મરણ આવતાં પહેલાં મોહનો ક્ષય કરી લેવાનો છે. કોઈનું મરણ થાય તો એમ વિચારવું કે 'આનો દેહ છૂટી ગયો. એવી રીતે મારો પણ દેહ છૂટી જવાનો છે. હું પ્રમાદમાં પડ્યો રહ્યો, તો મારી શી વલે થશે?' મરણ સંભારીને ધર્મના કામમાં ઢીલ કરવા જેવું નથી. 'માથે મરણ છે.' એમ લાગે તો ખાવું પીવું કંઈ ન ગમે, પણ મોહને લીધે મરણ ભૂલી જવાય છે. ક્ષણે ક્ષણે આયુષ્ય ક્ષય થાય છે તેની જીવને ખબર નથી. વહેલું ચેતવાનું છે. ક્ષણવારમાં દેહ છૂટી જાય છે. મરણના પ્રસંગે જીવને વિચાર આવે છે કે બધું નાશવંત છે, પણ પાછો ભૂલી જાય છે. ''આત્મા છે, નિત્ય છે, કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે.'' આ છ પદ વિચારવાનને મરણ પ્રસંગે દૃઢ થાય છે. મૃત્યુ આવ્યાં પહેલાં કંઈક કરી લેવું. કોઈને બાળવા જાય ત્યારે જીવને ક્ષણવાર વૈરાગ્ય આવે છે, પણ મટી જાય છે. વિચારવાન જીવો જ એ વૈરાગ્યને ટકાવી રાખે છે અને પોતાનું જીવન પલટાવી દે છે. દેહથી જુદી જરૂર કોઈ વસ્તુ છે. જીવ મરતો નથી. માથે મરણ છે, એમ લાગે તો વિચાર આવે અને ચેતે. મરણનો ડર નથી લાગ્યો. ફરી જન્મવું ન પડે એવો યોગ થયો છે, લાગ આવ્યો છે.

સત્સંગમાં કષાયની મંદતા થાય છે, ત્યાં સુવિચારણા જાગે છે. સત્સંગમાં જે વિચારો આવે તે નિરંતર ચાલુ રહે એવું કરવાનું છે. ગ્રહણ કરવાનું છે. જીવ જો લક્ષ રાખે તો થાય એવું છે. સમયે

સમયે કર્મ બંધાય છે, માટે સમયે સમયે ઉપયોગ રાખવાનો છે. પરમાર્થ વિચારવામાં પ્રમાદ કરવા જેવું નથી. સર્વસંગ જેટલો છે, તે બધું અહિતકારી છે. જેને અસંગ થવું છે, તેણે સંગનો ત્યાગ કરવો. જેટલો સંગ છૂટ્યો તેટલો અસંગ થયો. જગતમાં દુઃખ જ છે, એમ જાણીને મોટા મોટા ચક્રવર્તીઓ આ દુઃખરૂપ સંસારને છોડીને ચાલી નીકળ્યા છે. જગત દુઃખરૂપ છે એમ લાગ્યું ત્યારે છોડીને ચાલી નીકળ્યા અને અસંગ થયા. મારું કશુંય નથી એમ કરવાનું છે. સમજણ વધે તો જ્ઞાન થાય અને જ્ઞાન થાય તો તેનું ફળ વિરતિ આવે છે.

*

(રાતના, પ. પૂ. પ્રભુશ્રીજીના બોધના વાંચન પ્રસંગે)

ચિત્ત એટલે ભાવના. વિત્ત એટલે હિતકારી વસ્તુ આપવી. પાત્ર એટલે દાનને યોગ્ય સત્પુરુષ. એ ત્રણેનો યોગ થાય ત્યારે મહત્પુણ્ય બંધાય છે. મુમુક્ષુ એટલે જેને આત્મહિતની ભાવના છે તે. ગમે તેટલી મુશ્કેલીઓ આવે તો પણ આત્મહિત કદી ન વીસરવું. એથી કલ્યાણ થાય એવું છે, માટે ભૂલવું નહીં. જે મુમુક્ષુ છે તેણે બધું મૂકીને જ્ઞાનીએ કહ્યું તે ગ્રહણ કરવાનું છે. આત્માને માટે મંડી પડવું. 'મેં જાણ્યો નથી,' પણ 'જ્ઞાનીએ જાણ્યો છે', એવો મારો આત્મા છે. વાતો કરવાથી આત્મકલ્યાણ ન થાય. બળ કરવાનું છે. મારે તો કરવું એ છે કે એક આત્માનો ઉદ્ધાર, બીજું કરવું નથી. પૂર્વકર્મનો ઉદય હોય તો પણ ભાવના તો એ જ રાખવી. જેને જેટલી ગરજ હોય તેટલો લાભ થાય. એ લાભ ફરીથી ન મળે. સ્યાદ્‌વાદમાર્ગ છે. બીજું કરવું પડે તો પણ ભાવના તો એ જ રાખવી. લાગ આવ્યો છે, માટે સફળ કરી લેવો. કાનમાં પડે છે તે કામ કરે છે. માર્ગ વિવેકીનો છે. એકલી દોડ કરે તેમાં પણ કલ્યાણ નથી. માર્ગ એકાંતે નથી. ગુણ ગ્રહણ કરે તેને ગુણ મળે છે. એક ગંધાતા કૂતરાથી બધા લડવૈયા દૂર ગયા, પણ શ્રીકૃષ્ણે હાથી ઉપરથી નીચે ઊતરી જોયું કે એના દાંત અને નખ કેવા સુંદર છે! એ ગુણ ગ્રહ્યો.

આ શરીર ગંધાતું છે, પણ એમાં રહેલો જે આત્મા તે ઉત્તમ છે. આત્મા વિના સુંદર કશું છે નહીં. ક્રિયા કરતાં આસ્રવ થાય, પણ ભાવ સંવરમાં રહે તો સંવર થાય. એ બધી ચાવીઓ છે. 'સહજાત્મસ્વરૂપ'નો જાપ જપતાં કાર્ય કર્યે જવાં. આત્મા ઘરડો નથી, યુવાન નથી, બ્રાહ્મણ નથી, વાણિયો નથી.

અજ્ઞાની ક્રિયા કરે છે અને જ્ઞાની પણ ક્રિયા કરે છે. એક વાસના રાખે છે અને બીજો નથી રાખતો. બન્નેમાં ભેદ વાસના-ક્ષયનો છે. જ્ઞાનીએ અંતરથી વાસના ક્ષય કરી છે અને અજ્ઞાનીને તે અંતરમાં છે. સંસારનું મૂળ વાસના છે. જેટલી વાસના વધારે તેટલા ભવ વધારે. વાસના એ સંસારવૃક્ષનું મૂળ છે. જેને નિષ્કામ ભાવ છે, તેનું કલ્યાણ થશે. વાસના રાખે તો સંસાર ઊભો થાય.

આત્મહિત સાધવું છે, તો જેનાથી આપણને વધારે લાભ થયો તેને (કૃપાળુદેવને) ગુરુ માનવા અને એમાં જ વધારે ચિત્ત રાખવું. એ જ લક્ષ રાખવો. વિવેકની જરૂર છે. આત્મહિત કરવાનું છે. સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ રાખવી. ઠેકાણે ઠેકાણે ફરવાથી ન મળે. કોઈ કૂવો ખોદવા માંડે

અને થાકી જાય, પછી બીજા ઠેકાણે કૂવો ખોદવા લાગે, એમ કર કર કરે તો કંઈ પાણી નીકળે નહીં. પુરુષાર્થની જરૂર છે.

જ્ઞાનીના પ્રત્યક્ષ યોગમાં જીવના ઘણાં દોષો સમજાય અને છૂટી જાય છે. પોતાને લાભ શાથી થાય છે, એ લક્ષ રાખવો અને તે જ કરવું. એક ક્ષીરસમુદ્ર મીઠા પાણીનો ભરેલો હોય પણ દૂર હોય, તો શું કામનો? અને જો એક મીઠા પાણીનો કળશો અત્રે હોય તો તેથી તૃષા છીપે. જીવ ભૂલે છે. માર્ગની ખબર નથી. વાછરડાં ગાયને ધાવવા માટે બીજે સ્થાને ડાચાં ઘાલે તેથી કંઈ દૂધ આવે નહીં. સત્પુરુષના આશ્રયે ચાલ્યા વિના ન થાય. જ્ઞાનીપુરુષો જીવના દોષોને કઢાવે છે. જીવની કંઈક વૃત્તિ ઠરે એવું કંઈક કરવાનું છે.

આત્મહિત ન ચૂકવું. શાથી આત્મહિત થાય, તેનો લક્ષ રાખવો. જ્ઞાનીપુરુષનું એક વચન પણ પ્રાપ્ત થયું હોય તો તેની આરાધના કરવાની છે. જગતમાંથી કશું ગ્રહણ કરવું નથી. બધું મૂક્યે મોક્ષ છે. શાશ્વત શ્રદ્ધા એટલે ક્ષાયક સમ્યક્દર્શન. પહેલી શ્રદ્ધા કરવાની છે. એ શ્રદ્ધામાં ખામી રહી તો બધાં સાધન બંધન થઈ જાય. ધર્મનો પાયો શ્રદ્ધા છે. પરમ દુર્લભ વસ્તુ છે. સાચી શ્રદ્ધા આવે તો મોક્ષ પાસે જ છે. આ ભવમાં કંઈક કરી લેવું. એક આત્માને જાણે તો બધું જાણે અને બધું જાણવાનું ફળ એક આત્મા જાણવો, એ છે.

જ્ઞાનીના એક એક વચનમાં અનંત આગમ રહ્યા છે. ભગવાન મહાવીરે ગૌતમસ્વામીને ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણ શબ્દો કહ્યા. એમણે એના ઉપરથી ચૌદપૂર્વની રચના કરી. વડનું બીજ નાનું હોય છે, પણ ઊગે ત્યારે વડ થાય. આત્મા સુધી પહોંચે તો કામનું છે. ક્યારામાં પાણી જાય તો કામનું છે. જીવ મોહનિદ્રામાં ઊંઘે છે, એને જગાડવો છે. જગાડવાનો લાગ આવ્યો છે, પણ જીવ જાગતો નથી. શબ્દોમાં કંઈ આત્મા નથી. હૃદય ઓળખવાનું છે સત્પુરુષનું. ગમે તેટલાં જ્ઞાનીનાં વચનો હોય, પણ જીવ વિષય કષાયમાં પ્રવર્તે તો કંઈ અસર ન થાય. તેથી પાછો હઠે, તો અસર થાય છે. ઇંદ્રિયોથી પાછો ફરે તો આત્મા ભણી વૃત્તિ વળે. સત્સંગે દુઃખરૂપ શું છે? તે સમજાય છે.

પાંચ ઇંદ્રિયો છે તે શત્રુ છે. ભૂલ છે તે કાઢવાની છે. આત્માનું હિત કરવાનું છે. ભુલ-ભુલામણીથી છૂટવાનું છે. જ્ઞાનીનાં વચનો, ઇંદ્રિયોના વિષયથી પાછો હઠે ત્યારે સમજાય છે. ઘણુંય ખાધું; ઘણુંય પીધું; ઘણુંય જોયું; ઘણુંય સાંભળ્યું, પણ આત્માનું કલ્યાણ ન થયું. ઇંદ્રિયોનો વિશ્વાસ કરવા જેવો નથી. જીવ બહારની વસ્તુઓમાં દોડે છે; પણ જ્ઞાની આત્માને ઉદ્દેશીને બોલે છે, તે ધ્યાનમાં નથી લેતો. આત્મા વિભાવમાં રાજી થયો છે, એથી બીજો રસ્તો લેવાનો છે. આત્માનું સ્વરૂપ જાણવું, દેખવું અને અનુભવવું. એ એનું કામ છે. જે આત્મા છે, તેનું કામ જાણવાનું છે એમ જાણ્યા પછી આત્માને માનવાનો છે અને પછી તેમાં સ્થિર થવાનું છે. જાણનારો, દેખનારો હું છું. દેહ જાય છે, પણ હું મરવાનો નથી. એવું થાય તો સમાધિમરણ થાય. જોવાનો છે આત્મા. આખું જગત પલટાતું છે. દેખાતી વસ્તુઓ બધી પલટાતી છે. દુઃખ આવો, સુખ આવો, જે આવવું હોય તે આવો, આત્માનો વાળ વાંકો ન થાય. જાણવું, દેખવું, સ્થિર થવું.

જ્ઞાનીએ કહ્યો છે, તેવો જ આત્મા છે. બધા શાસ્ત્રોનો સાર–

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ;
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ."**

આટલું જો પકડાયું તો તે જ્ઞાન છે, મૂળ જ્ઞાન છે; ચૌદપૂર્વનું જ્ઞાન છે. ઘણા મહાપુરુષોને ઘાણીમાં ઘાલીને પીલ્યા, પણ દેહ તે હું નહીં. જે સંયોગ છે તે છૂટવાનો છે. એક આત્મા જવાનો નથી. સંયોગથી જીવને છોડાવવાનો છે. 'દેહ તે હું' એમ થઈ ગયું છે તે છોડવાનું છે. કોઈનું કોઈ છે નહીં. એકલો આવ્યો અને એકલો જશે. પોતાની સમજણ મૂકી, જ્ઞાનીની સમજણે ચાલવાનું છે. સાચી સમજણ હોય તો ફરે નહીં.

**"એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ"**

સમજી ગયો એમ ન રાખવું. જ્ઞાની જાણે છે, એવી ભાવના રાખવી. 'હું કંઈ જાણતો નથી', એમ થયું તો સાચું કહેવાય, પણ જીવ એનાથી ઊલટું માને છે. નિષ્કામ પુરુષાર્થ કરવાનો છે. આશા રાખીને ન કરવું. મારે આત્મા જોવો છે. જ્ઞાનીએ જાણ્યો તેવો મારો આત્મા છે એવી ભાવના રાખવી. યોગ વગેરેમાં પડવા યોગ્ય નથી. સ્મરણ કરવું, એ નિર્જરાનું કારણ છે.

(બપોરના) ૨૯ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૮, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–શ્રુતજ્ઞાનથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. આત્મામાં અનંત શક્તિઓ છે. પાંચ પ્રકારના જ્ઞાનમાં મતિજ્ઞાન છે તે બધાનો પાયો છે. જ્યાં સુધી સમ્યક્દર્શન ન થાય ત્યાં સુધી કુમતિ અને કુશ્રુત છે. મોક્ષમાર્ગમાં સમ્યક્દર્શનનું મુખ્યપણું છે. સમ્યક્દર્શનથી જ મોક્ષ થાય છે. મોક્ષમાર્ગની શરૂઆતમાં સમ્યક્દર્શન પહેલું જોઈએ. જીવને જ્યારે અશાતાવેદની આવે છે ત્યારે તેને મટાડવા પાછળ પડે છે, પણ અજ્ઞાન જે અનાદિકાળથી આત્માને પીડે છે તેનું દુઃખ નથી લાગતું. જીવ બેભાન છે, ઊંઘે છે. સમજણ આવે ત્યારે ખબર પડે કે મોહનીય કર્મ મને દુઃખ દેવાવાળું છે, માટે તેને હણવાનું છે. મોહનીય કર્મને હણવા માટે "હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ." ઠેઠ બારમા ગુણસ્થાન સુધી સદ્ગુરુનું અવલંબન લેવાનું છે.

જીવ સ્વચ્છંદથી રઝળે છે. "રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ." જ્ઞાનીનાં વચનો જીવને અવલંબનરૂપ છે. પ્રત્યક્ષ સત્પુરુષથી ઘણો લાભ થાય છે. થોડાક કાળમાં જેમ છે તેમ સમજાય છે. સોભાગભાઈને પ્રત્યક્ષ પુરુષનો યોગ થયો તો સમ્યક્ત્વ પામ્યા. પાંચ ઇંદ્રિયોના વિષયો અને મનને લીધે આત્માનો ઉપયોગ બહાર જાય છે, એને વિભાવભાવ કહ્યો છે. એથી કર્મ બંધાય છે. એથી ઉપયોગ પાછો વાળે તો કર્મ ન બંધાય. સદ્ગુરુની આજ્ઞા ઉઠાવવાની છે. જાણનારને જાણવો છે.

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ"**

આત્મા ઉપયોગ સ્વરૂપ છે, દેહથી ભિન્ન છે અને સદા અવિનાશી છે. એવા આત્માને જાણવાનો છે. એને જાણવા માટે બધું કરવાનું છે. 'આ આત્મા' એવું ભાન થાય, તેમ કરવાનું છે.

પાંચ ઇન્દ્રિય અને મન રોકાય ત્યારે ઉપયોગ ખરા સ્વરૂપમાં વળે. એને માટે સદ્ગુરુની જરૂર છે. બધાનું મૂળ તો જાણનારો છે. તેના તરફ વૃત્તિ રાખવાની છે. જીવનો ઉપયોગ પરવસ્તુમાં જાય છે, એ વિભાવ છે; તે કર્મબંધનું કારણ છે. ઉપયોગ પલટે તો બધું થાય. એક ઉપયોગ પલટાવવા માટે જ્ઞાનીની આજ્ઞામાં ઉપયોગ રાખવો. ''आणाए धम्मो, आणाए तवो''। આજ્ઞાનું માહાત્મ્ય લાગવું જોઈએ.

**''ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો ?''**

વિભાવમાં જીવ છે અને રાજી થાય છે. બાહ્ય વસ્તુનું માહાત્મ્ય ઘટે તો આત્મા ભણી વળે.

**''લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?''**

સંસાર વધ્યો. એનો વિચાર એક પળ પણ આવતો નથી. મારે સંસાર વધી રહ્યો છે, એવું જીવને ભાન નથી. આંખો મીંચીને દોડે છે. છૂટવું હોય તો નવો બંધ ન પડે એવું કરવાનું છે.

મુમુક્ષુ—નવો બંધ ન પડે એવું કરવા માટે શું કરવું ?

પૂજ્યશ્રી—જેથી બંધન ન થાય એવા આત્માના ગુણો સમ્યક્દર્શનાદિ પ્રાપ્ત કરવા. પહેલા સદ્ગુરુને શોધવા. ''બીજું કાંઈ શોધ મા, માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા.'' (૭૬) જીવને માટે એ માર્ગ છે.

શુદ્ધભાવ એ મોટી વસ્તુ છે. ''મોક્ષ કહ્યો નિજશુદ્ધતા'' એ થવા માટે ''નથી સર્વ તુજરૂપ'' શુદ્ધ થયાં પહેલાં સર્વ ભાવ જ્ઞાનીને અર્પણ કરી દેવા. ત્યાં બંધન ન થાય. સર્વ ભાવ જ્ઞાની પ્રત્યે વાળવાના છે. જ્ઞાની સમ્મત કરે તે કરવું. છૂટવાના રસ્તા છે. છૂટવું હોય તો કરવું પડશે. પાપમાં પ્રવર્તવાનું જ્ઞાની નિષેધ કરે છે.

બે પ્રકારે ધર્મ છે—(૧) સાધુ ધર્મ અને (૨) ગૃહસ્થ ધર્મ. જે સર્વસંગપરિત્યાગ કરે છે તેને કેમ વર્તવું એ સાધુધર્મ છે અને જે ગૃહસ્થ છે તેને કેમ વર્તવું તે ગૃહસ્થધર્મ. ગૃહસ્થે કેમ વર્તવું તેના કૃપાળુદેવે ભાગ પાડ્યા છે. ૧ પ્રહર—ભક્તિકર્ત્તવ્ય, ૧ પ્રહર—ધર્મકર્ત્તવ્ય, ૧ પ્રહર—આહાર પ્રયોજન, ૧ પ્રહર—વિદ્યા પ્રયોજન, ૨ પ્રહર—નિદ્રા, ૨ પ્રહર—સંસાર પ્રયોજન. (પુષ્પમાળા-૭)

જીવ ઊંઘે છે. મનુષ્યભવ મળ્યો છે તે આરંભપરિગ્રહ વધારવા નથી મળ્યો.

**''નથી ધર્યો દેહ વિષય વધારવા, નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા''**

સત્સંગ એ જીવને જગાડવાનો ઉપાય છે. વિશેષ વિશેષ સત્સંગ કરવાની જરૂર છે. અસંગ થવાનો ઉપાય સત્સંગ છે.

સત્સંગ નિષ્ફળ થયો છે, તેના કારણો કહે છે. : (૧) મિથ્યાઆગ્રહ. (૨) સ્વચ્છંદપણું. (૩) પ્રમાદ. (૪) પાંચ ઇંદ્રિયોના વિષયો. આ ચાર કારણો સત્સંગને નિષ્ફળ કરનારા છે. એ રોકીને સત્સંગ કરવાનો છે. મારે દુઃખ છે એમ લાગે તો બધું કરે.

**''શું કરવાથી પોતે સુખી ? શું કરવાથી પોતે દુઃખી ?''**

ઊંઘથી સુખી થાય છે, કે પાંચ ઇંદ્રિયના વિષયથી, કે પૈસાથી? આત્મા સુખી શાથી થાય એ કરવાનું છે. મોક્ષની રુચિ કરવાની છે. મોક્ષ એને ગમે એવું કરવાનું છે. સત્સંગનો વિશેષ પરિચય કરવાની જરૂર છે. ચેતતા રહેવાની જરૂર છે. આયુષ્ય પૂર્ણ થતાં પહેલાં કંઈક કરી લેવાનું છે. જીવને માથે બોજો બહુ છે. પહેલાંના પુરુષો હળુકર્મી હતા. આ કાળમાં કર્મનો બોજો વધારે છે, પણ જીવ બળ કરે તો થાય એવું છે. મરૂદેવા માતા પૂર્વભવમાં કેળનું ઝાડ હતાં, ત્યાંથી અકામ નિર્જરા કરી મરૂદેવા માતા થયાં અને એ જ ભવે કેવળજ્ઞાન પામ્યાં. આ કાળના જીવો વિરાધક છે, તેથી જ્ઞાનીનો બોધ સાંભળે પણ પરિણામ પામતો નથી. બીજી ઇચ્છાઓ જીવમાં પડી છે તેથી બોધ અંતરમાં પહોંચતો નથી. યોગ્યતાની ઘણી જરૂર છે.

*

(રાતના)

પૂજ્યશ્રી–પ્રભુશ્રીજી કહેતા કે 'બોધમાં શું આવ્યું? એટલો લક્ષ રાખે તો કલ્યાણ થયું.' સંસારથી જીવો બળી રહ્યા છે. શું કરવું? શાંતિનું સ્થાન એક સત્પુરુષ છે, ને તેથી તરાય છે.

**"કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય"**

સદ્‌ગુરુ દીવા જેવા છે. સદ્‌ગુરુથી અજ્ઞાન દૂર થાય છે. ગમે તેવો પાપી જીવ હોય તેને પણ મોક્ષમાર્ગે ચઢાવે એવા સદ્‌ગુરુ છે. હજાર કિરણવાળા સદ્‌ગુરુ છે. ગુરુ હોય તો જોઈ શકે. ગુરુનો યોગ ન થાય ત્યાં સુધી જીવ રખડે છે. સંસાર તાપથી બળતા જીવોને બચાવનાર સદ્‌ગુરુ છે. ગુરુના ગુણગ્રામ કરે તો હિતકારી છે. જ્ઞાની કહે છે એ બહુ ઝીણી વાત છે. એક પણ શાસ્ત્ર ભાવપૂર્વક સાંભળ્યું હોય તો કેવળજ્ઞાન સુધી પહોંચાડે. ભલે સમજાય ન સમજાય પણ બીજ રોપાય છે. જે ભવમાં જીવ જાય ત્યાં 'કાયા તે હું' એમ થઈ જાય છે. તે કાયા જ દુર્જન છે. જીવ દેહ જુએ છે, પણ દેહની સાથે આત્મા છે તેને જોતો નથી. સદ્‌ગુરુના યોગે દૃષ્ટિ ફરે તો છેતરાય નહીં. ગમે તેટલું દુઃખ હોય તો પણ જ્ઞાનીપુરુષો તો સમભાવમાં જ રહે છે. ગુરુ વગર કોઈ ભૂલ કાઢી શકે નહીં. મન જ આખો સંસાર ઊભો કરે છે, એટલું સમજે તો બસ છે. મનુષ્યભવ દુર્લભ છે.

મુમુક્ષુ–ભક્તિકર્ત્તવ્ય અને ધર્મકર્ત્તવ્યમાં ભેદ શું?

પૂજ્યશ્રી–ભક્તિ એટલે સ્મરણ મળ્યું છે, તે રોજ ફેરવવું અને વીશ દોહરા, યમનિયમ, ક્ષમાપનાદિ બોલવાં તે ભક્તિ છે અને સ્વરૂપનું ચિંતવન કરવું તે ધર્મ છે. વાંચવા-વિચારવામાં કાળ ગાળવો. આત્માનો સ્વભાવ છે તે ધર્મ છે. એને રોકનાર વિષય, કષાય, પ્રમાદ અને સ્વચ્છંદ છે. જીવ કર્મ બાંધી રહ્યો છે. ભક્તિ જાગવી મુશ્કેલ છે. જીવ ઊંઘે છે. ભક્તિમાં કર્મ ન બંધાય. તેથી નિર્જરા થાય છે.

અભિનિવેશ એટલે આગ્રહ, હું સમજું છું, જાણું છું, એમ રાખે, જ્ઞાનીનું કહેલું ન માને, ઉત્સૂત્રપ્રરૂપણા કરે, તો તેની નીચ ગતિ થાય છે.

અભિનિવેશના બે ભેદ છે– (૧) શાસ્ત્રીય અભિનિવેશ અને (૨) લૌકિક અભિનિવેશ.

જ્ઞાનીના ગુણગ્રામ કરવા, એ જ કરવા યોગ્ય છે. સિદ્ધાંતની વાત જ્ઞાની જાણે છે. આપણે તો તેની ભક્તિ કરવી. પોતાના દોષ દેખાય તો છૂટે. પોતાના પરિણામ સુધરે એવું કરવાનું છે. સત્સંગ, સત્પુરુષ, તેની વાણી એ શ્રદ્ધા કરવાનાં, જીવના ભાવ ફેરવવાનાં સાધનો છે. ''સદ્ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ.'' આજ્ઞાનું બહુ માહાત્મ્ય છે.

30 શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૯, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–''સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે.'' (૨૫૪) સત્પુરુષથી જ માર્ગ પ્રાપ્ત થાય છે. કુગુરુઓએ મનુષ્યપણું લૂંટી લીધું છે. પોતે મોહમાં પડ્યા છે અને બીજાને પાડે છે. એક પણ બોલ હૃદયમાં રાખે તો ઘણું થાય. સત્પુરુષની શ્રદ્ધા એ કંઈ જેવી તેવી વાત નથી. ''सद्धा परम दुल्लहा'' દુર્લભમાં દુર્લભ વસ્તુ શ્રદ્ધા છે.

આજ્ઞાથી ધર્મ છે. આજ્ઞા આરાધવામાં વિલંબ ન કરવો. જીવે જે નિયમ લીધો હોય તે તોડવો નહીં. પ્રાણ જતાં પણ નિયમ ભંગ ન કરે, એટલી દૃઢતા આવે ત્યારે કલ્યાણ થાય. જગતના આકર્ષણમાંથી બચવા સ્મરણ (સહજાત્મસ્વરૂપ પરમગુરુ) એ એક સાધન છે. માટે સ્મરણ ભૂલવું નહીં. ''સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે.'' (૧૬૬) જ્ઞાનીની આજ્ઞામાં વિશેષતા એ છે કે આખું જીવન પલટાઈ જાય. દુર્લભમાં દુર્લભ વસ્તુ જગતમાં શ્રદ્ધા છે. વિશ્વાસ જોઈએ. ''सद्धा परम दुल्लहा.'' શ્રદ્ધા હોય તો ચોંટી જાય. મંત્ર 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' છે, તે આત્મા છે. ચોંટે તો કામ થઈ જાય. આજ્ઞાથી થાય તો મોક્ષનું કારણ છે. આજ્ઞા વગર કરે તો પુણ્ય બંધાય પણ મોક્ષનું કારણ ન થાય.

''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' એમાં પાંચે પરમેષ્ઠી આવી જાય છે. પાંચેનું સ્વરૂપ 'સહજાત્મસ્વરૂપ' છે. આ મંત્ર છે તે આત્મા છે. હાલતાં, ચાલતાં, કામ કરતાં મંત્રનો જાપ કર્યા કરવો. કામ તો હાથપગથી કરવાનું છે, પણ જીભ તો નવરી છે ને! સ્મરણ ભુલાય નહીં એવી ટેવ પાડવાની જરૂર છે. (તે ઉપર એક દૃષ્ટાંત)–

એક પંડિત હતો. તે બહુ ભણેલો હતો. સ્મરણ શક્તિ એટલી બધી હતી કે સો શ્લોકો કોઈ બીજો માણસ બોલતો હોય તે સાંભળી તે પંડિત સો શ્લોકો બોલી શકતો. તેણે સો શ્લોકની રચના કરી હતી. તે મોઢે યાદ રાખી, પછી મોઢે જ તેની ટીકાની રચના કરી હતી. તે પંડિત છોકરાઓને ભણાવતો. એક દિવસે તે જાત્રા કરવા ગયો. ત્યાં તેને એક મહાપુરુષ મળ્યા. તેઓએ તે પંડિતને એક મંત્ર આપ્યો. પંડિત તે મંત્રમાં મગ્ન થઈ ગયો અને ગાંડા માણસની જેમ બોલ્યા કરે. પછી તે નિશાળમાં આવ્યો. છોકરાઓ આવીને તેને પૂછવા લાગ્યા કે આ શબ્દનો અર્થ શું? પંડિતે કહ્યું 'કૃષ્ણ.' ફરી તે છોકરાઓએ બીજો શબ્દ પૂછ્યો. પંડિતે ફરીથી કહ્યું 'કૃષ્ણ.' એમ ગમે તે શબ્દ પૂછે તો પણ તે પંડિત 'કૃષ્ણ કૃષ્ણ' જ કહે. એવી રટના લગાવવાની છે. સ્મરણની ટેવ પાડી હોય તો મરણ વખતે યાદ આવે અને સમાધિમરણ થઈ જાય એવું છે.

[૧]આજ્ઞાથી ધર્મ થાય છે. મને પ્રભુશ્રીજીએ તેઓનો દેહ છૂટવાના ચાર-પાંચ દિવસ અગાઉ કહેલું કે જેની ભાવના હોય તેને આ વીસ દોહરા, યમનિયમ અને ક્ષમાપના એ ત્રણ પાઠ અને મંત્ર આપવાં તથા સાત વ્યસન અને સાત અભક્ષ્યનો ત્યાગ આપવો. તેથી હું આપું છું. પ્રભુશ્રીજીએ મને મંત્ર આપ્યો ત્યારે કહ્યું હતું કે કોઈને કહીશ નહીં; કારણકે જીવ ડાહ્યો થવા જાય છે, તેથી પોતાનું ચૂકી જાય છે.

પ્રભુશ્રીજી એક દિવસ પાટ ઉપર ચાદર ઓઢીને સૂતા હતા. તે વખતે મને સેવામાં રહ્યા થોડા જ દિવસ થયા હતા. હું પાસે ઊભો હતો. તેઓએ મને કહ્યું 'પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ' એમ બોલતાં બોલતાં સેવા કર, પણ મને તે વખતે બરાબર યાદ ન રહ્યું. પણ મનમાં એમ હતું કે જ્ઞાનીએ કહ્યું છે, તે સાચું છે. પછીથી પ્રભુશ્રીજીએ છત્રીસ માળામાં અઠ્ઠાવીસ માળા 'પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ'ની ફેરવવા કહ્યું.

*

(બપોરના)

પૂજ્યશ્રી—સત્સંગની જરૂર છે. મધ્યસ્થબુદ્ધિ જીવમાં પાત્રતા લાવે છે.

એક ભાઈ—શ્રીમદ્ રાજચંદ્રજીએ દીક્ષા લીધેલી કે નહીં?

પૂજ્યશ્રી—સાધુ નહીં થયેલા, પણ સાધુ કરતાં વિશેષ જ્ઞાનવાળા હતા. એઓને પરભવનું જ્ઞાન હતું, ચારિત્રની ભાવના હતી, પણ ઉદય ન હોવાથી તથા આયુષ્ય ટૂંકુ હોવાથી લઈ શક્યા નહીં.

તે ભાઈ—નવ તત્ત્વમાં જીવ તત્ત્વ કયા કયા અને અજીવ તત્ત્વ કયા કયા?

પૂજ્યશ્રી—દરેક તત્ત્વમાં બે બે ભેદ છે. જેમકે આસ્રવ તત્ત્વમાં જે કર્મ આવવાના ભાવ થાય તે જીવાસ્રવ અને જે કર્મો આવે તે અજીવ આસ્રવ છે. એમ બધા તત્ત્વોનું જાણવું.

મુમુક્ષુ—પ્રતિમાની પૂજા કરીએ છીએ ત્યારે નાહવાથી જીવહિંસા થાય છે, તો પૂજા કરવી કે ન કરવી?

પૂજ્યશ્રી—આપણા ભાવ જેથી નિર્મળ થાય તે કરવાનું છે. પ્રતિમા છે તે ચિત્ત એકાગ્ર થવાનું સાધન છે. તમે જે પૂજાની વાત કહો છો તે તો શ્રાવકને માટે છે. શ્રાવક હોય તેણે ત્રસ જીવોને ન હણવા. સ્થાવર જીવોની યત્ના પાળવી, પણ સાવદ્યનો સર્વથા ત્યાગ નથી.

તે ભાઈ—પૂજાથી કર્મ બંધાય છે?

પૂજ્યશ્રી—હા, શુભ કર્મ બંધાય છે, અશુભ કર્મ અટકે છે. મૂર્તિ એ વીતરાગદશાનું સૂચવન કરે છે.

તે ભાઈ—ગુરુ તો નિર્ગ્રંથને જ માનવા જોઈએ ને?

પૂજ્યશ્રી—હા. બાહ્ય વેષ તો ઠીક છે, પણ અંતરથી જે નિર્ગ્રંથ છે, તે ખરી નિર્ગ્રંથતા છે. જોકે બાહ્ય વેષ અને અભ્યંતર નિર્ગ્રંથતા બન્ને હોય તો બહુ સારું છે, પણ બાહ્ય વેષ ન હોય અને અંતરથી નિર્ગ્રંથ હોય તો તે નિર્ગ્રંથ જ છે.

---

૧. વિસ્તારથી પ્રસંગ માટે જુઓ પૃષ્ઠ નં. ૨૩૬.

તે ભાઈ—શાસ્ત્રોમાં મૂર્તિ, મંદિર છે?

પૂજ્યશ્રી—હા. વર્ણન આવે છે. મંદિર છે તે ભગવાનનું સમવસરણ છે અને તેમાં મૂર્તિની સ્થાપના તે ભગવાન તીર્થંકર છે, એવી ભાવના કરીને નમસ્કારાદિ કરવાના છે.

મુનિને ઉપસર્ગ આવે છે, તે કર્મનો ઉદય છે. તે વખતે મુનિને વિશેષ વીર્ય ફોરવવું પડે છે. તેથી વિશેષ લાભ થાય છે. આ કાળમાં વિશ્રાંતિનું સ્થાન એક સત્સંગ છે. તે મહત્ પુણ્યના યોગે મળે છે, ત્રણે કાળને વિષે દુર્લભ છે.

(સવારના) ૩૧ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૦, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—રાગદ્વેષથી જન્મમરણ થાય છે. તે ક્ષય થવાનો ઉપાય સદ્ગુરુ છે. સંસારથી વિરક્ત થવાય એવો સંગ જ્યાં હોય ત્યાં જ રહેવું. સમ્યક્દૃષ્ટિ હોય તે લોકોને દેખાડવા વ્રતાદિ ન કરે. જ્યાં સુધી વૃત્તિ રોકાય નહીં ત્યાં સુધી સર્વવિરતિ થવાય નહીં. જેને આત્માને માટે જીવવું છે, તે આત્માને સંભારે છે. આત્મા ઉપર આવરણ આવતું ત્યારે કૃપાળુદેવને મરણ કરતાં વધારે દુઃખ લાગતું હતું. આ અંતરંગ વ્રત છે. કૃપાળુદેવ લખે છે કે દેહ છૂટી જાય તો ભલે પણ ઉપયોગ ન ભૂલવો. સંસાર તો ઉપાધિથી જ ભરેલો છે. તેની અમને ચિંતા થતી નથી. પૂર્વે જે બાંધ્યું છે તે આવે છે, પણ વિકલ્પ કરીને નવાં બાંધતા નથી. 'ગમે તે અવસ્થા હોય પણ તેમાં આત્મા ભુલાતો નથી.' અંતર ચોખ્ખું કરવાનું છે. જગતમાં કશું ઇચ્છવા જેવું છે નહીં. એટલી ઉદાસીનતા હોય તો આત્મવૃત્તિ થાય. ''જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે.''

આત્મામાં વિભાવદશા છે તે જ દુઃખનું કારણ છે. આત્મા જો સમભાવમાં હોય તો સઘળું સુખ જ છે. ગમે તેમ કરીને આત્મશાંતિ થાય તેમ કરવાનું છે. લોકસંજ્ઞા જેનો ધ્રુવ-કાંટો છે તે દુઃખી જ છે. ગમે તે હોય પણ સમાધિમરણ થાય તેમ કરવાનું છે. તેનું ફળ સુખ આવે છે.

*

(રાતના)

પૂજ્યશ્રી—દર્શનમોહ દૂર થાય ત્યારે જીવને બહુ આનંદ પ્રાપ્ત થાય છે અને મોક્ષ પાસે લાગે છે.

**''દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે,**
**દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો.''**

ચારિત્રમોહ સ્વરૂપસ્થિત થવામાં બાધા કરે છે. દર્શનમોહ દૂર થાય પછીથી પ્રારબ્ધ ભોગવવા માટે જીવે છે. બધાં કર્મ બંધાવનાર મોહ છે. મોક્ષનું સ્વરૂપ સમ્યક્દર્શન થયે સમજાય છે, જેમ છે તેમ દેખાય છે. કૃપાળુદેવ લખે છે કે ચારિત્રમોહ જ્યાં સુધી દૂર ન થાય ત્યાં સુધી ગુપ્ત રહેવું; કારણ કે ગૃહસ્થાવસ્થામાં ધર્મ પ્રવર્તાવે તો અસર ન થાય. વૈરાગ્ય હશે જીવને, તો સત્‌ને પામશે. ''ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન.'' વૈરાગ્યની વાત કરવી. વૈરાગ્યની વાત જીવને હિતકારી છે.

આપણે કલ્યાણ કરવામાં શું શું નડે છે તે વિચારવું. મિથ્યાત્વ હોય ત્યાં સુધી જ્ઞાન પણ અજ્ઞાન છે. પોતાની વૃત્તિઓ કેવી રહે છે, તે તપાસવાનું છે. પોતાના દોષ જાણે, દોષો કાઢવાનો માર્ગ શોધે, તો દોષો ટળે. પોતાના દોષો દેખાય, તો ખબર પડે કે મારામાં શમ, સંવેગાદિ ગુણો છે કે નહીં? સત્પુરુષના યોગે સાધુપણું લઈને પણ વૃત્તિઓ સારી ન થાય તો, અભવિ જ છે. આત્મા જ્યારે સંસારને તુચ્છ માને ત્યારે પોતાની ભૂલ દેખાય. જગતની વસ્તુઓ અસાર લાગે અને આત્માનું સુખ સાચું છે, એમ લાગે તો તે ભવિ જ છે. પોતાના દોષ જોવાના છે. મોક્ષે જવું હોય તો કાળજી રાખવી પડશે. સત્સંગનો યોગ મળવો બહુ દુર્લભ છે. સત્સંગના યોગે સુલભપણે આત્મસાધન થાય છે. આજ સુધી અનાદિકાળથી જે જાણ્યું છે અને કર્યું છે, તે ભૂલી જવું, બધું અજ્ઞાન છે. જે જાણવા યોગ્ય છે, તેના તરફ લક્ષ નથી.

(રાતના, પ્રભુશ્રીજીના બોધના વાંચન પ્રસંગે) ૩૨ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૨, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–સત્પુરુષનો યોગ એ સ્વરૂપ સ્થિરતાનું કારણ છે. સત્પુરુષના યોગે સ્વરૂપસ્થ થવાય છે. અતિપરિણામીપણું એટલે જે દશા ન આવી હોય તો પણ બતાવે કે મને આ દશા છે. સત્પુરુષનો યોગ થયેલો હોય, મુમુક્ષુતા આવી હોય, પણ હું પામી ગયો એમ થયું તો જીવને માન થાય. સત્પુરુષનો યોગ ન હોય તો જીવ રખડે. સાચી શ્રદ્ધા આવી હોય તો સત્પુરુષનો પ્રભાવ પોતાની ઉપર થાય છે. સાચી શ્રદ્ધા આવે ત્યારે સત્પુરુષ ઓળખાય છે. જેને બોધ પરિણામ પામ્યો હોય તેને સત્પુરુષનું કહેલું મનાય છે. બોધની જીવને જરૂર છે. સત્પુરુષને કદી પણ સંસારી ભાવ હોય જ નહીં. જડ અને ચેતન એ જ્ઞાનીને જુદાં લાગે છે. ખોટું જાણ્યું હોય તો તેમાં ના લુબ્ધાય.

બધા મુમુક્ષુઓને વ્યવહારશુદ્ધિની પણ જરૂર છે. સમાગમ થાય છે તે સમાધિમરણ થવા માટે છે, માટે તેમાં વિક્ષેપ ન થવા દેવો. જેવી ભાવના હોય તેવું ફળ મળે. સત્સંગનો યોગ ન હોય પણ મને સત્સંગ ક્યારે મળે? સત્સંગ મળે તો સારું, એવી ભાવના રહેતી હોય તો સત્સંગના વિરહમાં પણ લાભ છે.

ખેદ, દુઃખ થાય છે તે કોઈ કારણને લઈને છે. વિભાવને લઈને કર્મ બાંધ્યાં છે તેથી ઉદયમાં આવ્યાં છે.

એક વખતે મુંબઈમાં કૃપાળુદેવ અને અંબાલાલભાઈ ફરવા ગયેલા. તે વખતે કૃપાળુદેવે અંબાલાલભાઈને કહ્યું કે દરિયામાં પાણી કેટલું છે? ત્યારે અંબાલાલભાઈ દરિયામાં ઊતરવા લાગ્યા. કૃપાળુદેવે કહ્યું કે એવું નથી કરવાનું.

હું રાજા, હું સ્ત્રી, હું પુત્ર, હું વિદ્વાન એ સર્વ સંસારનું સ્વરૂપ છે. બધાએ જુદા જુદા વેષ પહેર્યા છે. સપના જેવું છે, રામલીલા જેવું છે. નાશવંત વસ્તુઓ માટે જીવ વેર વિરોધ કરી મરે છે. બધું ખોટું છે. સપના જેવું છે. ''સકળ જગત તે એઠવત્, અથવા સ્વપ્ન સમાન.'' બધો એંઠવાડો છે. અનેક જીવો જે વસ્તુને છોડીને ગયા છે તેને આ ગ્રહણ કરે છે, તેથી વાઘરી જેવો છે.

મુમુક્ષુ—સ્ત્રી મરીને સ્ત્રી જ થાય?

પૂજ્યશ્રી—સહુ સહુના કર્મ પ્રમાણે થાય છે. કર્મ જેવું બાંધે તેવું બીજા ભવમાં મળે છે. જેટલી તૃષ્ણા વધારે તેટલા ભવ વધારે. તૃષ્ણાનો નાશ કરે તો મોક્ષ થાય. જેટલી તૃષ્ણા ઓછી હશે તેટલા ઓછા ભવ કરવા પડશે. સદ્ગુરુ એટલે ''આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય.'' જેણે આત્મા પ્રાપ્ત કર્યો છે, તે સદ્ગુરુ છે. સત્દેવ, સત્ગુરુ અને સત્ધર્મ એ ત્રણ તત્ત્વો છે. એમાં જે સદ્ગુરુ છે, તે સત્દેવ અને સત્ધર્મને ઓળખાવે છે.

૩૩ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૩, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—સત્સંગ કરવો. રોજ નવું કંઈક શીખવું. 'આત્મસિદ્ધિશાસ્ત્ર' એ સર્વ શાસ્ત્રોનો સાર છે. છ પદનો લક્ષ રાખવાનો છે. દેહમાં આત્મા રહેલો છે, તે દેહથી ભિન્ન છે. તેને અર્થે ભક્તિ, વાંચન વગેરે કરવાનાં છે. સત્સંગના યોગે જીવને સારા ભાવ રહે છે. એ સત્સંગનો યોગ જ્યારે ન હોય ત્યારે જ્ઞાનીપુરુષનાં વચનો છે, તે વિચારવાં. બીજે વૃત્તિ રહે તો કર્મ બંધાય છે અને જ્ઞાનીનાં વચનોમાં વૃત્તિ રહે તો કર્મ છૂટે છે. કંઈ ન થાય તો સ્મરણ કરવું. જીભને શું કામ છે? એને સ્મરણ સોંપી દેવું. સ્મરણની ટેવ પડી હોય તો મરણ વખતે યાદ આવે અને સમાધિમરણનું કામ થાય.

*

(સાંજના)

પૂજ્યશ્રી—સ્ત્રીઓને જ્ઞાનીપુરુષો જે કહે તે ઝટ માન્ય થાય છે. તીર્થંકર ભગવાનના સમયમાં પણ સાધ્વીઓ અને શ્રાવિકાઓ વધારે હતી. બ્રહ્મચર્ય પાળવા માટે સ્વાદને ઓછો કરવો. 'સહજાત્મસ્વરૂપ' અને 'નવકારમંત્ર'માં ભેદ નથી. જ્ઞાનીની આજ્ઞા જેમ થઈ તેમ કરવાનું છે. હું જાણું છું, સમજું છું, એમ કરવા જાય તો તે ડહાપણ છે. ધર્મધ્યાનમાં ચિત્ત રાખવાનું છે. ભવનો ભય લાગ્યો હોય તો ધર્મ થાય. ''ભવભીત ભવિક જે ભણે ભાવે સુણે સમજે સદ્દહે.'' આત્માના ગુણો પ્રત્યે લક્ષ રાખવાનો છે. ભગવાનનાં માતાપિતા હતાં તે આત્મા હતાં. સંસાર દૃષ્ટિ ન રાખવી.

૩૪ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૪, સં.૨૦૦૮

પૂજ્યશ્રી— **''નહીં બનવાનું નહિ બને, બનવું વ્યર્થ ન થાય;**
**કાં એ ઔષધ ન પીજીએ, જેથી ચિંતા જાય.''**

જે બનવાનું છે તે બને જ, વ્યર્થ ન થાય. આમ કરવું સારું હતું. આ આમ કેમ થયું? એમ ન કરવું. થવાનું હતું તે થયું, એવું ઔષધ કેમ નથી પીતો? વિચાર એ દવા છે. એથી ચિંતા જાય.

*

(બપોરના)

પૂજ્યશ્રી—પરમાત્મસ્વરૂપમાં જેટલી લીનતા થાય તેટલો સંવર થાય છે. ભરતચક્રવર્તી જ્યારે લડાઈ કરતા હતા, તે વખતે પુંડરિક ગણધરે ઋષભદેવ ભગવાનને પ્રશ્ન કર્યો કે ભરતનાં પરિણામ

કેવાં છે? ભગવાને કહ્યું, તારા જેવાં. લક્ષ છૂટવાનો હતો. જેનામાં રાગદ્વેષ નથી, તેનામાં વૃત્તિ રહે તો રાગદ્વેષ ન થાય. એ કામ ભરતચક્રવર્તી કરતા હતા. પૂર્વકર્મ આવે ત્યારે તેમાં રસ લે તો કર્મ બંધાય. ઋષભદેવ ભગવાન એક હજાર વર્ષ છદ્મસ્થ અવસ્થાએ વિચર્યા હતા અને ભરત ચક્રવર્તીને તો ગૃહસ્થાવાસમાં જ કેવળજ્ઞાન થયું હતું. બહુ મોટું કામ છે.

*

મુમુક્ષુ–મોહ ઓછો કરવો હોય તો થાય, લડાઈ ન કરવી હોય તો ન થાય, પણ લડાઈ કરવા છતાં ભરત મહારાજા અકર્તા કહેવાતા એ કેમ?

પૂજ્યશ્રી–ભરત લડાઈ કરતા, પણ તેઓનું ચિત્ત તો ભગવાન ઋષભદેવમાં જ હતું. ઋષભદેવ ભગવાન જ્યારે દીક્ષા લેવા તૈયાર થયા ત્યારે ભરતે કહ્યું- 'હું પણ દીક્ષા લઈશ', પણ ભગવાને કહ્યું, કે 'આ યુગલિયા હમણાં જ પાંસરા થયા છે. અને જો રાજા નહીં થઈશ તો લડી પડશે, માટે તું રાજ્ય કર. તારે એ પ્રારબ્ધ છે અને મારે દીક્ષા લેવાનું પ્રારબ્ધ છે.' એમ પિતાના કહેવાથી ભરત મહારાજા નોકર તરીકે રહ્યા હતા. છ ખંડનું રાજ્ય કરવું અને વૃત્તિ ભગવાનમાં રાખવી, આ કામ કરનારને મુનિ કરતાં પણ વધારે પુરુષાર્થ કરવો પડે છે અને તો જ વૃત્તિ ભગવાનમાં રહી શકે.

(સવારના) ૩૫ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ સુદ ૧૫, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–(૧) પરિગ્રહનો ત્યાગ ક્યારે કરું? (૨) હું પંચ મહાવ્રત ક્યારે ધારણ કરીશ? (૩) સમાધિમરણ ક્યારે કરીશ? આ ત્રણ મનોરથ કહેવાય છે.

(સાંજના) ૩૬ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ વદ ૧, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–આત્માર્થી એટલે

**"જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;**
**ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ."**

આત્મા ગુણી છે. તેના ગુણો જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે. કેવળજ્ઞાન કોને કહેવું?

**"કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન,**
**કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ."**

પોતાના સ્વભાવનું અખંડપણે જ્ઞાન વર્તે તે કેવળજ્ઞાન છે.

મુમુક્ષુ–તે આ કાળમાં થાય?

પૂજ્યશ્રી–પુરુષાર્થ કરે તો બધું થાય.

**"જાતિ વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય;**
**સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય."**

સાધે તેનો મોક્ષ થાય.

મુમુક્ષુ–પ્રભુ! જાતિસ્મરણ થાય ત્યારે કેવી રીતે ભવનું ભાન થાય છે?

પૂજ્યશ્રી— કોઈ જાત્રાએ ગયો હોય ત્યારે તેને દેખે ત્યારે યાદ આવે કે અહીં તો હું આવેલો છું! તેમ પૂર્વભવનું પણ યાદ આવે છે.

*

(રાતના)

પૂજ્યશ્રી—ભાન નથી જીવને, તેથી લીન થાય છે પરમાં. ''સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે.'' (૮૬૬) એ લક્ષ ભૂલવા જેવો નથી. ભલે મરણનો પ્રસંગ હોય, ગમે તેટલું દુઃખ હોય પણ આત્મહિત કદી ન વીસરવું. શ્રદ્ધા થાય તો ચારિત્રમોહ ઘટવા લાગે. શ્રદ્ધા થયા પછી એ પરમાં ફસાઈ જાય, પણ શ્રદ્ધામાં એ માયાનો ફંદ દુઃખરૂપ લાગે. જ્ઞાનીની આજ્ઞા ન વીસરવી.

મરણ આવવાનું છે, માયાસંગ આવવાના છે પણ આત્મહિત ન વીસરવું. જેણે આત્મા જાણીને આત્મા કહ્યો તે સદ્ગુરુ છે. ઘણો પરિચય થાય તો જ્ઞાનીનું કહેવું સમજાય કે ''સર્વભાવથી વિરામ પામવારૂપ સંયમ છે.''

''શ્રી સદ્ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથ માર્ગનો સદાય આશ્રય રહો.'' આટલું થાય ત્યાર પછી શું થાય છે તે કહે છે. ''હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ, સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી.'' એટલું થાય ત્યારે વૈરાગ્ય થાય. પછી શું થાય છે તે કહે છે. ''શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું,'' એમ થાય. પછી શું થાય તો કે ''એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.'' (૬૯૨)

હવે રાગદ્વેષ નથી કરવા. ''ગમે તેમ હો, ગમે તેટલાં દુઃખ વેઠો, ગમે તેટલા પરિષહ સહન કરો, ગમે તેટલાં ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડો, ગમે તેટલી આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમયમાત્ર હો અને દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ. ત્યાં સુધી હે જીવ! છૂટકો નથી. આમ નેપથ્યમાંથી ઉત્તર મળે છે અને તે યથાયોગ્ય લાગે છે.'' (૧૨૮) ગમે તેમ હો પણ રસ્તો તો એ જ છે. ગમે તેવો પ્રતિબંધ હોય, પણ જેમાં આત્મહિત ન હોય ત્યાં મારે ચિત્ત રાખવું નથી. આત્મહિત વિના ક્યાંય ઊભું રહેવું નથી. વેદના એ પ્રતિબંધ છે. મરણ સમયે જે વેદના થાય છે, તે સહન કરે તો સમાધિમરણ છે. પ્રતિબંધમાં આસક્તિ છે.

**''એવાં મૂળ જ્ઞાનાદિ પામવા રે, અને જવા અનાદિ બંધ. મૂળ૦**
**ઉપદેશ સદ્ગુરુનો પામવો રે, ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ. મૂળ૦''**

પોતાની ઇચ્છાએ ન વર્તતાં જ્ઞાનીની આજ્ઞાએ વર્તવું છે અને તેમાં વિઘ્ન જે પ્રતિબંધ, તેને ત્યાગવો. આત્મહિત ન ચૂકવું. જ્ઞાનીએ કહ્યું છે કે આત્મા સિવાય કલ્યાણ નથી. પહેલેથી જ કરી રાખ્યું હોય તો સમાધિમરણ થાય. આ મનુષ્યભવમાં આત્મહિત કરવાનું છે. સત્સંગે સમજણ પડે કે આથી મારું આત્મહિત છે. ગમે તેટલાં દુઃખ હોય પણ મારે સત્સંગ કરવો છે, એવી ભાવના રાખવી. મનુષ્યભવમાં જે કંઈ કરવાનું છે, તે કરી લેવું. પછી ન થાય. જ્ઞાનીએ આત્મહિત થાય એવો માર્ગ કહ્યો છે, એકાંતે નથી. સત્સંગ વિના એનો આશય સમજાતો નથી. જેથી હિત થાય તે કરવું. સમજાય ન સમજાય તોપણ હિતકારી છે.

સત્પુરુષનો બોધ સાંભળવામાં વૃત્તિ રાખે તો કર્મ ખંખેરાય છે. પોતાની ખેંચાખેંચ કરતાં અટકવું. કોઈ વસ્તુ તદ્દન ખરાબ પણ નથી હોતી અને ચોખ્ખી પણ નથી હોતી. ગંધાતા કૂતરા જેવો દેહ છે. દેહમાં કશું સારું નથી, પણ દેહમાં રહેલો આત્મા તે અપૂર્વ છે. તેની ઓળખાણ કરવાની છે. જ્ઞાનીએ કહ્યું છે તેમાં જ મારું હિત છે, એમ કરી તેમાં મંડી રહે તો સમ્યક્ત્વ થશે, બધું થશે. હું કંઈ નથી જાણતો. જ્ઞાની જાણે છે. ''અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય.'' એ કરવાનું છે. જ્ઞાની જાણે છે તે મારે ભૂલવું નહીં.

જ્ઞાનીના આત્માની પવિત્રતા એ સમજવાની છે. મિથ્યાત્વ છે ત્યાં સુધી આત્મા મલિન છે. જ્ઞાની અને અજ્ઞાની બન્નેને કર્મ હોય છે, પણ એકને વાસના નથી અને એક વાસનાવાળો છે. જ્ઞાનીને વાસના નથી, આ લોકની અલ્પ પણ સુખેચ્છા નથી. સત્પુરુષથી કલ્યાણ છે, એ વિના નથી. સ્યાદ્વાદમાર્ગ છે. જેથી આત્મહિત થાય તે કરવાનું છે. બધેથી વૃત્તિ ઉઠાવવી તે ત્યાગ છે. ''ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન.'' એ ન હોય તો કંઈ નહીં. ભલે બાહ્યથી ન થાય પણ ભાવના તો ત્યાગની જ રાખવી. શાશ્વત શ્રદ્ધા એટલે કદી ફરે નહીં એવી શ્રદ્ધા અથવા ક્ષાયિક સમકિત. મનુષ્યભવની કિંમત જ્ઞાનીએ જાણી છે.

**''નિશદિન નૈનમે નીંદ ન આવે, નર તબહિ નારાયન પાવે''** (૬૫૫)

જે કરવું છે, તેમાં જ ચિત્ત લીન રહે એવું કરવાનું છે. આટલો ભવ ભક્તિમાં જ ગાળવો છે. ભક્તિમાં આનંદ આવશે. શ્રી 'આચારાંગ'માં કહ્યું છે કે ''એક આત્માને જાણતાં સમસ્ત લોકાલોકને જાણીશ અને સર્વ જાણવાનું ફળ પણ એક આત્મપ્રાપ્તિ છે.'' (૬૩૧) પાંચ ઇન્દ્રિયના વિષયો જ્ઞાનીની આજ્ઞામાં વૃત્તિ જવા દેતા નથી, એને જીતવાના છે. આત્મસ્વભાવમાં જ રહેવું. જગતમાં ગમે તેવા પ્રસંગે, પૈસા આદિ મળે ત્યારે જીવ દોડી દોડીને જાય છે; પણ જ્ઞાનીપુરુષ આત્માને બોલાવે છે ત્યારે જીવ ઊંઘે છે. નિર્દોષ સુખ લેવાનું જ્ઞાનીએ કહ્યું છે, નિર્દોષ સુખ જ્ઞાનીપુરુષનો માર્ગ છે; તેનું કહેલું આચરવું છે. બધેથી છૂટી આત્મા ભણી વૃત્તિ જાય એવું જ્ઞાનીનું કહેવું છે. આત્મા બધાય શાસ્ત્રોનો સાર છે, જાણનારો છે. તેના તરફ વૃત્તિ લઈ જવી છે. આત્માને જાણવો, માનવો અને સ્થિર કરવો તો મોક્ષ થાય. એ નિરંતર લક્ષમાં રાખવું. જ્ઞાનીનું કહેલું સાચું છે, ચેતવા જેવું છે. ભરત ચક્રવર્તીએ પોતાને ચેતાવવા માટે માણસો રાખ્યા હતા. તેઓ રોજ 'ભરત ચેત, ભરત ચેત' એમ કહેતા અને તોરણમાં ઘંટડીઓ લગડાવી હતી. આત્માની શોભા કરવાની છે. જ્ઞાનીએ મને કહ્યું છે કે જાણવું, દેખવું એ મારો સ્વભાવ છે, એમ જો રહે તો સમાધિમરણ થાય. એ જ ચારિત્ર છે. જે થાય તે જોયા કરવું. ગભરાવું નહીં. આત્મા ત્રણે કાળ રહે એવો છે. મારું કામ જોવાનું છે. દેહને મારો ધર્મ માનવો નથી. આત્મા સિવાય બધી વસ્તુઓ પુદ્‌ગલ છે. એથી જુદા થઈને જોયા કરવું. ગમે તે આવે પણ તે કર્મ છે. જ્ઞાનીનું શરણું હોય તો કશીયે ફિકર નથી. આત્માને ન ભૂલવો. દેહ છે તે હું છું એમ ન કરવું. આત્માનું ઓળખાણ જેને થયું છે, તેને વજ્રની ભીંત આડી પડી. આત્મા તો મરવાનો નથી, તો કશી ફિકર ન થાય.

**''દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે, દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો,**
**તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે, વર્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો.''**

સાચી ઓળખાણ થાય તો બળ મળે. નિત્યને જાણ્યો તો ભૂલી કેમ જવાય? છ પદ મુખ્ય છે. આત્મસિદ્ધિશાસ્ત્ર, છ પદનો પત્ર એ બધાં આત્મા જાણવા માટે લખ્યાં છે. દેહ છે તે હું નહીં, આત્મા છે તે કામનો છે. દેહમાં ગૂંચાયો છે. વિભાવમાં જાય તો મોક્ષ ન થાય. વેદના છે તે ઘાતીકર્મ નથી. મોહના બળથી વેદના વધારે લાગે છે. મોહ જાય તો વેદના વધારે ન લાગે. આત્માનો નાશ કરનાર એ વેદના નથી. જ્યાં સુધી ભાન હોય ત્યાં સુધી આત્માને ન ભૂલવો. સંયોગ થયો છે અને ક્ષણે ક્ષણે છૂટે છે. આત્મા જોવાનો છે. કોઈ કોઈની સાથે ન આવે. આત્મા એકલો જ છે. 'જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું.'

'एगं जाणई से सव्वं जाणई, जे सव्वं जाणई से एगं जाणई' (આચારાંગ)

મારે મોક્ષ જ જોઈએ એવું થાય તો મોક્ષ થાય. જ્ઞાનીઓ કહે છે કે સંસાર જોઈએ કે મોક્ષ? એક નિશ્ચય કરો. જગત ભયંકર છે, પણ સદ્ગુરુનો યોગ છે તેથી સર્વ વાના સવળાં છે. હું સમજી ગયો એમ ન રાખવું. સદા ઊણા રહેવું.

૩૭ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ વદ ૨, સં.૨૦૦૮

(એક મુમુક્ષુને ઘેર ચિત્રપટની સ્થાપના કરવા ગયા તે પ્રસંગે)

પૂજ્યશ્રી—ધર્મનું ફળ શું? ધર્મનું ફળ શાંતિ છે. ''સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે.'' જ્ઞાનીપુરુષ અને જ્ઞાનીપુરુષનો આશ્રિત બન્ને અલૌકિક ભાવમાં વર્તે છે. કૃપાળુદેવ સોભાગભાઈને લખે છે કે અમે અને તમે લૌકિકભાવમાં વર્તશું તો અલૌકિક ભાવમાં કોણ વર્તશે? બીજો રસ્તો તો છે નહીં. બધાય લૌકિક ભાવો છોડી અલૌકિક ભાવમાં આવવાનું છે.

ગમે તેવો પ્રતિબંધ હોય, મરણ સમાન વેદના હોય તો પણ આત્મહિત ન વીસરવું. આ મનુષ્યભવમાં ભક્તિ જ કરવી છે. જીવ ઢીલો પડે છે, ત્યારે કર્મ આવે છે. મારે રાગદ્વેષ નથી જ કરવા એવો નિશ્ચય હોય તો કર્મ બિચારાં શું કરી શકે? ભક્તિમાં વૃત્તિ રાખવી અને મનમાં 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ, સહજાત્મસ્વરૂપ પરમગુરુ, સહજાત્મસ્વરૂપ પરમગુરુ' બોલ્યા કરવું. એક મોક્ષ સિવાય બીજી ઇચ્છા ન રાખવી. ''માત્ર મોક્ષ અભિલાષ'' આ ભવમાં તો એ જ કરવાનું છે. આજ્ઞામાં એકતાન થયા વિના માર્ગની પ્રાપ્તિ ન થાય.

જેને પોતાના કર્મ પ્રમાણે આજીવિકા મળી તેણે તેમાં સંતોષ રાખવો, તેમાં સમભાવે વર્તવું. કોઈ બીજા વિકલ્પ કરવા નહીં. 'એમ થાય તો સારું કે એમ થાય તો સારું' એમ ન કરવું. સત્સંગ કરવાનો છે. બધા વિકલ્પો મૂકી દેવા. અસંગ થવાનું છે.

(સવારના) ૩૮ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ વદ ૪, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—સ્મરણ, ભક્તિ કરવી. 'મોક્ષમાળા' વાંચવાનું રાખવું.

(રાતના, 'પુરુષાર્થસિદ્ધ્યુપાય'ના વાંચન પ્રસંગે) ૩૯ શ્રી રાજ મંદિર, આહોર, ફાગણ વદ ૫, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–આ ગ્રંથ શ્રી અમૃતચંદ્રાચાર્યે રચ્યો છે. જ્ઞાનજ્યોતિમાં પદાર્થો જણાય છે. ગમે તેટલા દૂરના પદાર્થો પણ જ્ઞાનથી જણાય છે. જ્ઞાનથી ભૂતકાળાદિકાળનું પણ જાણવું થાય છે. જેમ અરીસો હોય છે તે એમ નથી ઇચ્છતો, કે હું આ વસ્તુનું પ્રતિબિંબ મારામાં પાડું; તેમ જ્ઞાનમાં સ્વાભાવિકપણે પદાર્થો જણાય છે. જ્ઞાનમાં પદાર્થનો આકાર દેખાય છે. કેવળજ્ઞાનથી કોઈ વસ્તુ અજાણી નથી. આ ભગવાન છે એમ જાણી નમસ્કાર કરે તે આજ્ઞાપ્રધાની છે. કેવળજ્ઞાન આ ભગવાનમાં છે એમ જાણી નમસ્કાર કરે તે પરીક્ષા-પ્રધાની છે. વેષ કે સ્થાનાદિ પૂજ્ય નથી, પણ કેવળજ્ઞાન, 'શુદ્ધ ચૈતન્ય સહજાત્મસ્વરૂપ' તે પૂજ્ય છે.

જેમ કેટલાક જન્માંધ માણસો હાથીને જોવા ગયા, કોઈ હાથીના પગ પર હાથ દઈને કહે, કે 'હાથી થાંભલા જેવો છે', કોઈ દાંત પર હાથ દઈને 'હાથી દાંત જેવો છે', એમ કહે છે. એમ જુદા જુદા પ્રકારે તે બધા માણસો કહે છે, પણ નેત્રવાળો 'બધું મળીને હાથી છે' એમ કહે છે. તેમ આત્માના અનંત ગુણો છે, એક ગુણ નથી. અનંતગુણ મળીને આત્મા છે. આંધળા માણસો એકાંતે લઈ વાદવિવાદ કરે છે, પણ સમ્યક્ત્વી નિર્ણય કરીને કહે છે.

કેટલાક લોકો પદાર્થને નિત્ય જ માને છે. સાંખ્ય કહે છે કે આત્મા નિત્ય, વ્યાપી છે અને કેવળ અસંગ છે. પર્યાય ફેરફાર થતા નથી. આત્મા કેવો પદાર્થ છે, તેનો નિર્ણય કરતાં ભલભલા થાકી જાય છે. સ્યાદ્વાદ છે. દ્રવ્યે તો આત્મા નિત્ય છે, પણ પર્યાયે અનિત્ય છે. એકાંત લેવાનું નથી. પોતાના દ્રવ્ય, ક્ષેત્રાદિથી વસ્તુ છે. જ્યાં પુદ્ગલ છે ત્યાં આત્મા નથી. જ્ઞાન, દર્શન અને ચારિત્ર જ્યાં છે ત્યાં આત્મા છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી વસ્તુ જણાય છે. મૂળ સ્યાદ્વાદ, ગુરુગમ વિના સમજાય નહીં.

કૃપાળુદેવે વેદાંતને તપાસી પછી જૈનને સાચું માન્યું છે. ઉપર ઉપરથી નથી માન્યું, પણ તપાસ કરીને માન્યું છે. ગુણ પર્યાય અનંત છે. દ્રવ્ય એક છે, ગુણ અનંત છે. જોકે દ્રવ્ય અને ગુણ જુદા નથી, પણ સંખ્યાની અપેક્ષાએ જુદા છે. સ્યાદ્વાદમાં નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. પૂર્ણ સ્યાદ્વાદ તો કેવળી જાણે છે. વસ્તુના અનંત ધર્મો છે. સમ્યક્દર્શન વિના સ્યાદ્વાદ ન સમજાય.

જે રાગદ્વેષને જીતે તે જિન કહેવાય છે. જે જે આચાર્યો ધર્મ પ્રવર્તાવે છે, તે કોઈ વસ્તુને વ્યવહારથી કહે અને કોઈને નિશ્ચયથી કહે. જેમ શિષ્યને હિતકારી હોય તેમ કહે. નિશ્ચય અને વ્યવહાર જ્ઞાનવાળા તે આચાર્ય છે. જે વસ્તુ કહેવાની છે તે પોતાના આધારે જ વાત કહે અને ભેદ ન પાડે તે નિશ્ચયનય છે. જેમ કેવળજ્ઞાન નિશ્ચયથી કહેવું હોય તો એમ કહે કે–

**"કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;**
**કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ."**

અને વ્યવહારથી કહેવું હોય તો લોકાલોકને જાણે તે કેવળજ્ઞાન. નિશ્ચયનય છે તે મૂળ વસ્તુ ઉપર જાય છે અને વ્યવહારનય છે તે પરવસ્તુ ઉપર દૃષ્ટિ કરાવે છે. નિશ્ચયનય મુખ્ય છે.

નિશ્ચયનયથી પોતાનો અનુભવ થાય છે. વ્યવહારનયમાં આત્માને આત્મારૂપે ન કહે. જેમ છે તેમ જાણે અને કહે તે નિશ્ચયનય છે. નિશ્ચય વિના આત્માની ઓળખાણ ન થાય. સ્વપરપ્રકાશક, પરદ્રવ્યથી ભિન્ન એવા આત્માનો અનુભવ નિશ્ચયનયથી થાય છે, પછી કેવળજ્ઞાન પામે છે. પોતાનું સ્વરૂપ બધાથી ભિન્ન છે, દેહથી ભિન્ન છે. વ્યવહારથી શુદ્ધોપયોગમાં જવાતું નથી.

**''ગચ્છમતની જે કલ્પના, તે નહિ સદ્‌વ્યવહાર;**
**ભાન નહીં નિજરૂપનું, તે નિશ્ચય નહિ સાર.''**

પોતાનું ભાન નહીં તે નિશ્ચયનય નથી. ગચ્છમતની કલ્પના છે તે વ્યવહાર સાચો નથી. જે શુદ્ધભાવને પામ્યા છે તેનો લક્ષ રાખીને ભક્તિ કરવી. ભક્તિ છે તે શુભભાવ છે, પણ ઠેઠ સુધી એ નથી. શુદ્ધભાવ કરવાનો છે. જ્ઞાનીને શું કરાવવું છે એ લક્ષ રાખવો. મોક્ષનો ઉપાય આત્મજ્ઞાન છે. સમજણ સાચી કરવી પડશે તો સમજાશે.

આપણે શું કરવું છે તો કે ''શ્રી સદ્‌ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથ માર્ગનો સદાય આશ્રય રહો, હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.'' (૬૯૨) જ્ઞાનીએ કહ્યું છે તે જાણવાનું છે. ભક્તિ છે તે રાગ છે, તે મંદ કષાય છે, પણ તેમાંથી સમજણ પ્રગટે એવી છે. સંસારનો રાગ તે તીવ્ર કષાય છે. બધાય કષાયોનો અભાવ થાય તે યથાખ્યાત ચારિત્ર છે. એ લક્ષ રાખીને કરવાનું છે.

**''સાધુને સિદ્ધદશા સમું, બીજનું ચિત્ત પ્રવર્તે રે''**

છઠ્ઠે ગુણસ્થાનકે સંજ્વલન કષાયનો ઉદય હોય છે, તે સામાયિક ચારિત્ર છે. તેમાં મંદ કષાય છે. શુદ્ધ પરિણામ જેનાં થાય, તેને શુદ્ધ સ્વભાવ થાય છે. જેટલો કષાયનો અભાવ તેટલું ચારિત્ર છે. અશુભભાવથી છૂટવા શુભભાવ છે. શુભભાવથી મોક્ષ ન થાય, તે ઉપાદેય નથી. મોક્ષ તો આત્મસ્વરૂપમાં લીનતા થશે ત્યારે થશે. શુભ રાગ છે તે યથાખ્યાત ચારિત્રને મલિન કરનાર છે. અશુભભાવમાં ઉપયોગ જતો અટકાવવો, તે શુભભાવ છે.

કૃપાળુદેવનો ઉપકાર મહાન છે. અનંત દુઃખને ટાળનારા છે. જ્ઞાનીની આજ્ઞા આરાધે તો એની છત્રછાયા નીચે જ છે. ભાવના સત્સંગની રાખવી. સત્સંગના વિયોગમાં ભાવના તો સત્સંગની જ રાખે તો સત્સંગનું ફળ થાય. કંઈ ન થાય તો ભાવના તો થઈ શકે છે. ભાવનાનું ફળ મળી આવે છે. જેવા ભાવ તેવું ફળ મળે. પહેલાં જે ભાવ કર્યા હતા તેનું ફળ મળ્યું ને? અત્યારે જેવા ભાવ હશે તેવું ભવિષ્યમાં ફળ મળશે. આત્મભાવના ભાવવી. ''આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે.''

પહેલાં કરવાનું છે, ''હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈ પણ મારાં નથી. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.'' (૬૯૨) દેહ ઉપરથી ભાવ ઊઠ્યો તો બધું થાય. ''છૂટે દેહાધ્યાસ તો, નહીં કર્તા તું કર્મ.''

ધર્મ ત્રણ પ્રકારે છેઃ (૧) આપણાથી બને તેટલું કરવું. (૨) બીજા પાસે કરાવવું. (૩) આ ધર્મ કરે છે તે સારું છે, એમ માનવું, એવી ભાવના. સારાને સારું જાણે તે સત્યને સ્વીકાર્યું કહેવાય. કોઈને ધર્મ કરતાં વિઘ્ન કરે તો પોતાને અંતરાય કર્મ બંધાય. સરળ ભાવથી ધર્મ કરવાનો છે.

'આત્મસિદ્ધિ'માં બધાં શાસ્ત્રોનો સાર છે, અપૂર્વ ગ્રંથ છે. આ કાળમાં પરમાત્મદશા પામીને કૃપાળુદેવે આ ગ્રંથ રચ્યો છે. એમાં છ દર્શનનો સમાવેશ છે. જેને સદ્‌વિચાર જાગે તેને મોક્ષ સમજાય. સદ્‌વિચાર વિના છૂટકો નથી. ''કર વિચાર તો પામ.''

૪૦ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ વદ ૬, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–મનુષ્યભવની ક્ષણેક્ષણ વહી જાય છે તેનો સદુપયોગ કરે તેટલી સફળ છે. ધર્મમાં કાળ જાય તેટલો લેખે લાગે છે. કંઈ ન થાય તો સ્મરણ તો કરવું જ. ટાઈમ મળે તો વાંચવું. ભક્તિ અને સ્મરણમાં ચિત્ત રાખવું. નકામો વખત ન ગાળવો.

૪૧ શ્રી રાજમંદિર, આહોર, ફાગણ વદ ૭, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–કૃપાળુદેવની આજ્ઞામાં રહેવું. ત્યાંથી આત્મા પ્રગટશે એવી દૃઢ શ્રદ્ધા જોઈએ. એના વચનોના બધાય જ્ઞાની સાક્ષી છે. ત્રણે કાળમાં એ સત્ય છે. ત્યાગ, વૈરાગ્ય જોઈશે. જ્યારે ત્યારે જ્ઞાનીની આજ્ઞા આરાધશે ત્યારે જ કલ્યાણ થશે.

જગતથી ઉદાસ થવું. દેહથી માંડી બધામાં ઉદાસભાવ રાખવો. ખાવાપીવામાં પણ, જ્યાં-ત્યાંથી પેટ ભરવું છે, સ્વાદ ન કરવો. પેટમાં નાંખવું છે, એમ રાખવું. આત્માર્થે બધું કરવાનું છે. અનાદિકાળથી દેહની સંભાળ કરી છે, દેહમાં જ વૃત્તિ રાખી છે. આત્માને નોકર બનાવ્યો છે, પણ આટલો દેહ આત્માર્થે ગળાય તો બધું સાટું વળી જાય. આ દેહ તો આત્માર્થે છે, આને માટે જ મળ્યો છે. સમું કરી લેવું. આ ભવમાં બીજું કશુંય ઇચ્છવું નહીં. જ્ઞાનીની આજ્ઞામાં દેહ ગાળવાનો છે. ન ગાળે તો આવી જોગવાઈ મળવી મુશ્કેલ છે. મનુષ્યભવ દુર્લભ છે. મારું માન્યું છે, તે પોતાનું થવાનું નથી. આટલો ભવ છે તે વ્યર્થ ન જાય. ઘણી સામગ્રી એકઠી કરી મનુષ્યભવ પામ્યો. એમાં કરવા જેવું સમાધિમરણ, એ વિના નકામું. મારે જ્ઞાનીની આજ્ઞામાં જ આટલો ભવ ગાળવો છે, એમ હોય ત્યારે સમાધિમરણ થાય; કહેવા માત્રથી ન થાય. રાત-દિવસ એ અર્થે જ જીવવું છે. અનંતવાર મનુષ્યભવ પામ્યો પણ પોતાની ગરજ એટલે આત્મ-વિચાર જાગ્યો નથી. ''દીઠા નહિ નિજ દોષ તો, તરિએ કોણ ઉપાય.'' પોતાના દોષ ન જુએ તો ન થાય, થવાનો ઉપાય સદ્‌ગુરુ છે. હું ડાહ્યો છું, સમજું છું, એમ કરે; પણ મારામાં દોષ શું છે? જ્ઞાનીએ કહ્યું છે શું? એ વિચારતો નથી. કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની લય લાગી નથી. મોક્ષની ઇચ્છા હોય તો બધું છોડવું પડશે. મૂક્યા વિના છૂટકો નથી. પ્રારબ્ધ ઉપર વાત છે. જેને આજીવિકા જેટલું હોય તેને ઝાઝાં ઝાવાં મારવા જેવાં નથી. શાંતિ થાય એવું કરવાનું છે.

[પૂજ્યશ્રી આજે બપોરના મોટરથી અગાસ આશ્રમ જવા પધાર્યા]

*
* *

## સંગ્રહ ૫

૧ શ્રીમદ્ રા.આ.અગાસ, ચૈત્ર સુદ ૪, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—સવારમાં સાડા ત્રણ વાગે ઊઠવું અને ગોખવુ, ફેરવવું. સૂતી વખતે તપાસવું કે આપણે શું કરવા આવ્યા છીએ? અને શું કર્યું છે? એમ રોજ તપાસવું. તેથી દોષ હોય તે પકડાય કે આજ હું ક્યાં ઊભો રહ્યો હતો? ક્યાં વાતો કરી હતી? એ કામ ન કર્યું હોત તો ચાલત? એમ વિચારવું. એમ કરવાથી બીજે દિવસે દોષ ન થાય. સૂતી વખતે આટલું તો રોજ નામું મેળવવું. દુકાનદાર જેમ સાંજે નામું મેળવે છે, તેમ આપણે એનું નામું મેળવવું.

*

(એક મુમુક્ષુભાઈએ સેવામાં રહેવા અર્પણ-પત્રિકા આપી ત્યારે)

પૂજ્યશ્રી—સર્વ ભાવ કૃપાળુદેવ પ્રત્યે કરવાના છે. આપણે એક બીજાને મદદરૂપ થવાય તો સારું છે.

૨ શ્રીમદ્ રા.આ.અગાસ, ચૈત્ર સુદ ૫, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—સંકલનાબદ્ધ એટલે એકબીજાને સંબંધ તે અથવા અનુક્રમણિકા, ગોઠવવું, રચના, પરસ્પર બાંધેલો સંબંધ. પ્રતિભાશાળી એટલે વિશેષ બુદ્ધિશાળી. સુસંબંધ એટલે સમ્યક્ સંબંધવાળો. કુશાગ્રબુદ્ધિ એટલે બહુ સૂક્ષ્મ બુદ્ધિ. વિશિષ્ટ એટલે વિશિષ્ટ પ્રકારના, અસાધારણ. પ્રખર એટલે બળવાન. વિદ્વદ્જનમનવલ્લભ એટલે વિદ્વાનોના મનને પ્રિય. સુતત્ત્વની રુચિ તે સમ્યક્દર્શન છે. સમ્યક્જ્ઞાનમાં સ્થિરતા તે સમ્યક્ચારિત્ર છે. ચારિત્ર એટલે શુદ્ધ આત્મભાવમાં સ્થિરતા. મંગલમય એટલે મોક્ષસ્વરૂપ. જેમ જેમ વીતરાગતા વધે તેમ તેમ મોક્ષ સધાય છે. યુગપદ્ એટલે એક સાથે. ક્ષયોપશમ એટલે અહીં કર્મનો ક્ષયોપશમ થાય તેનું નામ ક્ષયોપશમ છે. સર્વઘાતિનો ઉદય હોય ત્યારે જીવને કંઈ ખબર ન પડે. ઉદાસીનતા એટલે સમભાવ, આસક્તિ વગરનું, વૈરાગ્યમય. સમ્યક્દર્શનાદિ મોક્ષમાર્ગ છે. તેને જે પ્રગટ કરે છે તેને મોક્ષમાર્ગ પ્રકાશક કહેવાય છે.

**“જે જિનદેહ પ્રમાણ ને, સમવસરણાદિ સિદ્ધિ;**
**વર્ણન સમજે જિનનું, રોકી રહે નિજ બુદ્ધિ.”**

એ તો મતાર્થી કહેવાય, જો એમાં જ અટકી રહે તો. યોગથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય છે. મન વચનાદિની પ્રવૃત્તિ તે કર્મ આવવાનું કારણ છે. કષાયને લઈને સ્થિતિ અને અનુભાગ એટલે રસ પડે છે. કષાય છે તે સ્થિતિ અને અનુભાગ પાડે છે. દશમા ગુણસ્થાન સુધી કષાય ઘટાડવાનું કહ્યું છે. કષાયનું કામ આત્મપરિણામ ચંચળ કરવાનું છે. સ્થિર ન થવા દે. કષાય છે તે શત્રુ છે એવી સમજણ આવે ત્યારે કષાય મંદ પડે. કષાય સારા માને તો કાઢે ક્યારે? ન કાઢે. તીવ્ર કષાય હોય તો અશુભ કર્મ બંધાય છે. સંસાર પ્રત્યે રાગ તે સંક્લેશ પરિણામ છે. દેવ, ગુરુ, ધર્મ પ્રત્યે રાગ તે વિશુદ્ધ રાગ છે. રાગ વિના, તે શુદ્ધ પરિણામ છે. વિશુદ્ધ પરિણામમાં રાગ હોય ત્યાં શુદ્ધનો લક્ષ હોય છે. એ પ્રશસ્ત રાગ છે.

*

(બપોરના)

પૂજ્યશ્રી—પુણ્યનો ઉદય હોય ત્યાં સુધી સત્સંગ મળે છે. સત્સંગથી પ્રાપ્ત આજ્ઞા આરાધે તો કલ્યાણ થાય. માર્ગ મળ્યા પછી ચિત્ત તેમાં રાખવું. પરભવનું ભાતું છે. કર્યું તેટલું સાથે આવશે. રોજ વાંચવું, વિચારવું. ત્રણ પાઠ (વીશ દોહરા, યમનિયમ, ક્ષમાપના) મોઢે કરવા.

સવારમાં કેવું અને સાંજે કેવું! એમ જગત ફરે છે, પણ આત્મા તો એવો ને એવો જ છે. દેહમાં આત્મા છે એને ન ભૂલવો. એનો અભ્યાસ મનુષ્યભવમાં થાય છે. જીવ દેખે છે અને ભૂલે છે. સત્સંગમાં સાંભળે કે દેહની કાળજી ન રાખવી, તે વખતે એને થાય કે ન રાખવી, પણ પછી ભૂલી જાય છે. એમ ભુલાવો થતો આવ્યો છે. આત્માને સંભાળ. વૈરાગ્યની જરૂર છે.

**''ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન''**

બધું નાશવંત, નાટક જેવું છે. આયુષ્ય છે ત્યાં સુધી જુએ છે, પછી નાટક બંધ. લાભ લઈ લેવો સત્સંગનો. પંચપરમેષ્ઠી સમકિત થયા પછી કહ્યા છે, ત્યાં સુધી ન હોય. 'સહજાત્મસ્વરૂપ' પૂજ્ય છે. એ વગરનું સાધુપણું પૂજ્ય નથી.

**''આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય''**

સમ્યક્ત્વ એ ધર્મનો પ્રાણ છે. દીવો ચીતર્યો હોય, પણ તેથી કંઈ અજવાળું ન થાય; નામ માત્ર છે. આખું જગત સોનાનું થાય તો પણ અમને તૃણવત્ છે, એવી સમ્યક્ત્વીની દશા છે. સમ્યગ્દૃષ્ટિને વેપાર પણ કરવો પડે, પણ ચિત્ત ન ચોંટે, ઉદાસીનતા રહે. જ્ઞાનીપુરુષની આજ્ઞા આરાધવાનો જ લક્ષ રહે છે.

કોઈ માણસે મિલ બંધાવી હોય, પછી તે ગમે તે ગતિમાં જાય, પણ જ્યાં સુધી એ મિલ ચાલે ત્યાં સુધી તેને ત્યાં પણ પાપ લાગે છે અને કોઈએ મંદિર બંધાવ્યું હોય તો તેને પુણ્ય બંધાય.

વીશ દોહરા બોલતી વખતે મન બહાર ફરતું હોય તો બોલવું બંધ કરવું ફરીથી મન સ્થિર કરીને બોલવું. ધર્મ ન કરે અને ધર્મ ગણાવે તો તે દંભ છે. સાચું કરવાનું છે. મન સ્થિર કરીને કરવું. જેટલો આત્મા જોડાય તેટલો લાભ છે. ન બને તો ખોટાને તો ખોટું માનવું. મારે સાચું કરવું છે અને સાચું માનવું છે એમ રાખવું.

૩ શ્રીમદ્ રા.આ.અગાસ, ચૈત્ર સુદ ૭,સં. ૨૦૦૮

પૂજ્યશ્રી—મનુષ્યભવમાં આત્માનું કરવું છે. તે પોતાની મેળે ન થાય. કૃપાળુદેવની આજ્ઞાથી કરવું. જગત ઉપર પ્રેમ છે, તેના કરતાં અનંતગણો પ્રેમ કૃપાળુદેવ ઉપર કરવાનો છે.

**''પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ ભેદ સુઉર બસેં;**
**વહ કેવલકો બીજ ગ્યાનિ કહે, નિજકો અનુભૌ બતલાઈ દિયે.''**

મુમુક્ષુ—સંસારમાં અનંત અશરણતા અને અનાથતા છવાઈ રહી છે, તેનો ત્યાગ પરમ તત્ત્વજ્ઞાન અને ઉત્તમ શીલને સેવવાથી જ થાય છે. તો પરમ તત્ત્વજ્ઞાન એટલે શું?

પૂજ્યશ્રી—પરમ તત્ત્વ આત્મા છે. એનું જ્ઞાન તે પરમ તત્ત્વજ્ઞાન છે અને ઉત્તમ શીલ એટલે

સમ્યગ્દર્શન સહિત શીલનું આચરણ. એથી અનાથતા જાય છે. પૂર્વ પ્રારબ્ધ આવી પડ્યું હોય, પણ એક ક્ષણ પણ નકામી ન જવા દેવી. વાંચવા, વિચારવાનું રાખવું. કૃપાળુદેવને મારે જાણવા છે, એવી ભાવના રાખવી. કૃપાળુદેવ મને જ કહે છે એવો લક્ષ રાખીને વાંચવું, વિચારવું. વાંચવાનું વધારે રાખવું. એથી આત્માને શાંતિ થાય છે. એકાંતની જરૂર છે. પાસે પુસ્તક હોય તો લાભ લઈ લેવો. (૧) મોક્ષમાર્ગપ્રકાશક (૨) દ્રવ્યસંગ્રહ (૩) પાર્શ્વનાથ ચરિત્ર (૪) પાંડવ પુરાણ (૫) મહાવીર ચરિત્ર (૬) આત્માનુશાસન. આ પુસ્તકો કૃપાળુદેવની આજ્ઞાથી વાંચવા. ગમે તે ધાર્મિક પુસ્તકો વાંચવાં હોય ત્યારે કૃપાળુદેવની આજ્ઞાથી વાંચવાં.

સંગ એટલે પરિગ્રહ છે. તે બાહ્ય અને અંતર એમ બે પ્રકારે છે. સોનું, રૂપું આદિ તે બાહ્યપરિગ્રહ છે અને રાગદ્વેષાદિ તે અંતરપરિગ્રહ છે. સત્સંગથી અસંગ થવાય છે. સમજણ ન હોય અને આગ્રહ થાય તે મિથ્યાગ્રહ છે. સમ્યગ્દર્શન એ સાચી સમજણ છે, એ વિના મિથ્યા છે. તેનો આગ્રહ તે મિથ્યાગ્રહ છે. જેમ ધન, કુટુંબ એ પોતાનું છે નહીં એને મારું માને છે અને આ માનું છું તે સાચું છે, એમ માને તે મિથ્યાગ્રહ છે. અહંભાવ-મમત્વભાવને લઈને જે ભાવ થાય છે તે મિથ્યાગ્રહ છે. જીવ વસ્તુને દેખીને સારી અને ખોટી એમ કર્યા કરે છે, એવો અભ્યાસ પડી ગયો છે. એ એનો સ્વભાવ નથી પણ દારૂડિયાને જેમ અભ્યાસ પડ્યો હોય, તે પછી છૂટતો નથી તેમ. મનને વસ્તુ ખરાબ લાગે ત્યારે છૂટે. સમજણ યથાર્થ જોઈએ. વસ્તુનો વાંક નથી, પણ પોતાનો છે. વસ્તુ કંઈ કહેતી નથી, કરતી નથી; પણ જીવ રાગદ્વેષ કરે છે તેથી કર્મ બંધાય છે. સમજણનો વાંક છે, વસ્તુનો નથી. વસ્તુ તો વસ્તુનો સ્વભાવ દેખાડે, પણ જીવને હિતકારી શું છે? અહિતકારી શું છે? એમ વિચાર કરે તો સાચો રસ્તો મળે.

**''શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?''**

એવો લક્ષ રહેતો નથી. મને આ કામ કરવાથી નુકસાન છે કે લાભ? એનો વિચાર થતો નથી. ખોટું લાગે તો ખટકે. ''કર વિચાર તો પામ.'' આપણે એવા પ્રકારે વર્તવું કે જેથી બીજા આપણને કંઈ કહે તો તેઓ જ પાછા પસ્તાય; તેઓને એમ લાગે કે આપણે અવર્ણવાદ બોલ્યા, પણ એઓ તો સારા જ રહ્યા છે. આરોગ્યતા સાચવવી તે પણ ધર્મ છે. જેટલી જેટલી સમજણ છે, તે તે પ્રકારે ચારે બાજુ જોઈને વિચક્ષણ પુરુષો પગલું મૂકે છે.

**''પુદ્ગલજ્ઞાન પ્રથમ લે જાણ, નર દેહે પછી પામે ધ્યાન''** (૧૦૭)

પુદ્ગલનો પણ પરિચય જાણવો, વિવેકપૂર્વક ગ્રહણ કરવો તો હિત થાય. વૈરાગ્યની ખામી છે. પુદ્ગલનું જ્ઞાન કરીને પણ વૈરાગ્ય કરવાનો છે. જરૂર પડતું કરવું પડે તો તેમાં બહુ ઉપાધિ ન થાય. જેટલી આસક્તિ તેટલી વધારે ઉપાધિ. વૈરાગ્ય હોય તો આસક્તિ ન થાય. ''કલ્પિતનું આટલું બધું મહાત્મ્ય શું?'' (૫૭૬) પણ જીવને કલ્પિત નથી લાગતું. 'મારું' માને છે. જ્ઞાનીને કલ્પિત લાગે છે. જેમ વિચાર ફરે તેમ આખું જગત ફરે. બધાનો આધાર સમજણ છે.

**''જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત''**

વસ્તુનું સ્વરૂપ સમજાય તો દુઃખમાં પગ ન મૂકે. આત્માર્થીપણું આવે અને સદ્‌ગુરુનો બોધ થાય તો સમજણ ફરે. એ વિના સ્વચ્છંદે વિચાર કરવાથી ન થાય. સદ્‌ગુરુના લક્ષ વિના બધું અવળું છે. એણે કહ્યું તે કરવું છે, એવો લક્ષ રહે તો સવળું થાય. કૃપાળુદેવ ઉપર જેટલો પ્રેમ વધે તેટલો પ્રેમ વધારવાનો છે.

**"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ ભેદ સુઉર બસેં"**

જ્યાં સ્વરૂપ પ્રગટ છે, તે ગમે તો મિથ્યાત્વ ખસે. આપણને કર્મ બંધાય છે તેમાં રુચિ છે અને છૂટવાનું સાધન છે તેમાં અરુચિ છે, તે મિથ્યાત્વ છે. "જીવને જ્ઞાનીપુરુષનું ઓળખાણ થયે તથાપ્રકારે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ મોળાં પડવાનો પ્રકાર બનવા યોગ્ય છે, કે જેમ બની અનુક્રમે તે પરિક્ષીણપણાને પામે છે." (૫૨૨) જીવ લાભ, હાનિ વિચાર્યા વિના દોડ્યો જાય છે. બીજી વસ્તુઓમાં પડે છે, એથી અટકે તો વૈરાગ્ય થાય. ઘણુંય ખાધું, ઘણુંય પીધું, પણ કલ્યાણ થયું નથી.

"અનાદિકાળના પરિભ્રમણમાં અનંતવાર શાસ્ત્રશ્રવણ, અનંતવાર વિદ્યાભ્યાસ, અનંતવાર જિનદીક્ષા, અનંતવાર આચાર્યપણું પ્રાપ્ત થયું છે. માત્ર 'સત્' મળ્યા નથી, 'સત્' સુણ્યું નથી અને 'સત્' શ્રધ્યું નથી અને એ મળ્યે, એ સુણ્યે અને એ શ્રધ્યે જ છૂટવાની વાર્તાનો આત્માથી ભણકાર થશે." (૧૬૬) અનાદિથી જે કામનું છે તે પ્રત્યે ઉપેક્ષા આવે છે અને જે કામનું નથી તેમાં મોહ છે. જ્ઞાનીએ તો મોહથી લડાઈ કરી. એના ઉપરથી જ ગુણસ્થાનકો છે. દિવસે દિવસે આગળ વધાય તેમ કરવાનું છે. કર્મ બંધાવાનું કારણ,

**"રાગ, દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;**
**થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ."**

આટલું ઓછું કરવાનું છે. બીજું થાઓ કે ન પણ થાઓ, પણ આટલું તો કરવું. જે કરવું હોય તે ન કરવા દે એ ઊંધો રસ્તો છે, એ મિથ્યાત્વ છે. તે પલટાવી દેવો.

**"ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો?"**

કેટલું લાગ્યું હશે! ભાવમરણ થાય છે એટલે સ્વરૂપનું વિસ્મરણ થાય છે અને તેમાં રાચે છે. પતંગિયાની જેમ પડે છે. સત્પુરુષ ઉપર પ્રેમની અખંડ લય લાગતી નથી, તેનું કારણ વૈરાગ્ય નથી.

**"ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય, તે ઊપજવા પૂર્વિત ભાગ્ય;**
**તેમ નહીં તો કંઈ સત્સંગ, તેમ નહીં તો કંઈ દુઃખરંગ."** (૧૦૭)

એક રાગથી કુટુંબ ચલાવે છે અને એક વેઠ તરીકે કરે છે, એટલે કરવું પડે છે અને પહેલો રસથી કરે છે. એક વૈરાગ્યથી કરે છે અને એક રસથી કરે છે.

પ્રમાદ ઓછો થાય, આત્માનું હિત થાય તેમ કરવું. રોજ તપાસવું કે પ્રમાદ થાય છે કે નહીં? ધર્મ ગમે નહીં તે પ્રમાદ છે. ધર્મની અનાદરતા એ પણ પ્રમાદ છે. ઉન્માદ એટલે વગર વિચારે વર્તવું, તે પ્રમાદ છે. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં વર્તે તે પણ પ્રમાદ છે. પરવસ્તુમાં જીવને પ્રેમ છે

તે પ્રમાદ છે. આ ભાવમરણનાં કારણો છે. ચાર કષાય છે તે પ્રમાદ છે. વિકથા છે, ઊંઘ છે, એ બધો પ્રમાદ છે. પ્રમાદમાંથી વૃત્તિ પાછી હઠે તો વિચાર આવે. મારો દહાડો શામાં ગયો? એ તપાસે. ભૂલ થઈ હોય તે કાઢે તો પ્રમાદ જાય. દહાડા ઉપર દહાડા જાય છે અને જે કરવાનું છે તે પડ્યું રહે છે. આત્માને જગાડવા ભક્તિ આદિ કરવાની છે. ખોટાને ખરું માનવું નથી. ''દીઠા નહિ નિજ દોષ તો તરીએ કોણ ઉપાય?'' દોષ છુપાવવા નહીં. ભક્તિમાં દોષ સેવે તો નુકસાન કરે. 'હું બોલું છું' એવું મારામાં છે? પોતાને ન ભૂલવો એ પહેલી વસ્તુ છે. મારામાં દોષો છે તે ટાળવા ભક્તિ કરું છું. વિચાર હોય તો જે કરે તે બધું સફળ થાય.

''હે પ્રભુ! હે પ્રભુ! શું કહું?'' એટલું બોલતાં પણ વિચાર આવે કે મારા પ્રભુને બોલાવું છું. હું દુઃખી છું તેથી ભગવાનને બોલાવું છું. સંસાર દુઃખરૂપ લાગે, મારે છૂટવું છે, એવો ભાવ તે વૈરાગ્ય છે. વૈરાગ્ય હોય તો બધું સવળું થાય. ''નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો.'' (૧૭૨) ક્યાંય આત્મા ચોંટે નહીં. ચોંટ્યો છે તે છૂટે કેમ? એનો વિચાર કરવો તો છુટાય. જીવને ધર્મ ગમતો નથી, કુટુંબાદિ ગમે છે. ક્યાંય આસક્તિ કે દ્વેષ કરવા જેવું નથી. કોઈનો વાંક નથી. કર્મ દુઃખ આપે છે.

પોતાના દોષ પોતાને ટાળવાના છે. મુમુક્ષુ હોય તે પોતાના દોષ જુએ ને ટાળે. ''હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ.'' દોષથી રખડવું પડે છે. દોષનો વિચાર આવે, દોષમાં રુચિ ન રહે તો છૂટે. મુમુક્ષુતા ઉત્પન્ન થવાનું કારણ પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા એ છે. જીવ બીજાના દોષો જુએ છે તે કરતાં મારામાં શો દોષ છે તે જુએ; દોષો જણાય, દોષ પ્રત્યે અરુચિ આવે તો કાઢે. રોજ તપાસવું કે આજ શામાં દહાડો ગયો. દોષ થયા હોય તો તેનો પશ્ચાત્તાપ કરવો અને બીજે દિવસે તેવું ન થાય તેની સંભાળ રાખવી.

આત્માર્થીપણું આવે, એટલે કે—

**''કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ.''**

અને સદ્‌ગુરુનો બોધ હોય તો સદ્‌વિચાર આવે. નહીં તો જે વિચાર થાય તે બધું સ્વચ્છંદે છે. ભક્તિ કરીને પણ આત્માર્થીપણું કરવાનું છે. પંચકલ્યાણક બોલીએ ત્યારે વિચારવું કે ભગવાનની ભક્તિ થાય છે કે બીજું થાય છે? ભક્તિ કરીએ ત્યારે વિચાર સહિત કરવી. બડબડ બોલ્યા ન જવું.

મુમુક્ષુ—'સમયસાર' અને 'સમયસારનાટક' એ બે છે?

પૂજ્યશ્રી—'સમયસાર' ગ્રંથ કુંદકુંદાચાર્યે લખ્યો છે. તેના ઉપર અમૃતચંદ્રાચાર્યે સંસ્કૃત ટીકા લખી છે તેને કળશ કહેવાય છે, તેના ઉપરથી હિંદીમાં બનારસીદાસે 'સમયસારનાટક' ગ્રંથ રચ્યો છે.

મુમુક્ષુ—'સમયસાર' એટલે શું?

પૂજ્યશ્રી—સમય એટલે આત્મા. અથવા સમયે સમયે જે સાચું જાણે તે સમય છે. અને સાર એટલે ઘણું કહેવાનું છે, પણ તે ટૂંકામાં કહે તે સાર છે. એના ઉપર આપણે પછી બીજો વિચાર

કરવાનો છે. જ્ઞાનીએ ટૂંકામાં કહ્યું છે. 'પ્રવચનસાર' આદિ એ બધા સારના ગ્રંથો છે.

૪ શ્રીમદ્ રા.આ.અગાસ, ચૈત્ર સુદ ૮, સં.૨૦૦૮

પૂજ્યશ્રી– ભાવથી કર્મ બંધાય છે ને ભાવથી છૂટે છે. જ્યાં શુદ્ધ સ્વરૂપ પ્રગટ હોય ત્યાં લીનતા થાય તો તે સ્વરૂપ પ્રગટ થાય. સંસારમાં આસન જમાવ્યું છે તે ખસેડી ભગવાન પાસે જમાવવાનું છે. શ્રદ્ધા એ આત્માનો ગુણ છે. શ્રદ્ધા એ આત્મા છે. અત્યારે ભૂલવાળો છે. ભૂલ નીકળી જાય તો શ્રદ્ધા ખરી છે. ભગવાનનું શરીર એ ભગવાનને ઓળખવાનું સાધન છે, જગતનો મોહ મટાડવાનું સાધન છે. દૃષ્ટિ ફેરવવાની જરૂર છે.

*

(બપોરના)

પૂજ્યશ્રી–સંકલ્પ વિકલ્પ એ ભાવમન છે. જડ ચેતનનો ભેદ સમજવાની જરૂર છે. જીવ અવળું માને છે તે મટાડવાનું છે. મન એ દ્રવ્ય ઇન્દ્રિય છે. અંદર જે જાણે છે તે ભાવમન છે. ભાવમન એ આત્મા છે. પુદ્ગલવર્ગણા એ દ્રવ્યમન છે.

**''મન વચન કાયા ને કર્મની વર્ગણા,**
**છૂટે જહાં સકળ પુદ્ગલ સંબંધ જો.''**

એ દ્રવ્યમન છે. સંકલ્પ વિકલ્પ તે ભાવમન છે. એ દ્રવ્યમનના નિમિત્તે થાય છે. દ્રવ્યમન છે તે પુદ્ગલ છે. તે જીવને અસર કરે છે. ''પુદ્ગલ રચના કારમીજી, તિહાં જસ ચિત્ત ન લીન'' આવરણવાળું જ્ઞાન તે બાહ્ય ઇન્દ્રિયને આધીન છે. મતિજ્ઞાન તે પરાધીન જ્ઞાન છે, એમાં મદદ લેવી પડે છે. ઇન્દ્રિયો સૂક્ષ્મ પદાર્થોને ન જાણે.

*

(સાંજના)

પૂજ્યશ્રી–સદ્ગુરુ મળે, સમજણ ફેરવે તો જ મનુષ્યભવ સફળ છે. ઘણું પુણ્ય હોય ત્યારે સદ્ગુરુનો યોગ મળે. હું જાણું છું, હું સમજું છું; એ ટાળવા માટે ભક્તિ એ સાધન છે.

૫ શ્રીમદ્ રા.આ.અગાસ, ચૈત્ર સુદ ૯, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–હું સિદ્ધ સ્વરૂપ છું એમ કર્યા કરે અને પોતાના દોષો કાઢે નહીં તે શુષ્કજ્ઞાની છે. પોતાના દોષ દેખે તો મુમુક્ષુતા આવે. સ્વેચ્છાચારીને મોહ પોષાય છે. પોતે કેમ વર્તે છે તે જોતો નથી, તે ગાંડા જેવો છે.

*

(બપોરના)

પૂજ્યશ્રી–પાંચ ઇન્દ્રિય અને મનથી મતિજ્ઞાન થાય છે. મન બીજે જતું હોય તો શું બોલાય છે, તેની ખબર ન પડે. જેમ 'આત્મસિદ્ધિ' બોલતા હોઈએ ત્યારે મન બીજે ભટકતું હોય અને જ્યારે ખબર પડે ત્યારે લાગે કે શું આટલી ગાથા બોલી ગયા!

મુમુક્ષુ–લોકો કોઈ વાત કહે છે તે તો યાદ રહી જાય છે. પણ કોઈ પુસ્તકમાંથી ઘણી વાર

ગોખ્યા છતાં ભૂલી જવાય છે. એનું શું કારણ હશે?

પૂજ્યશ્રી—અનાદિનો એવો જ અભ્યાસ છે. કંઈક શીખ્યો હોય અને પછી તે ન ફેરવે તો જતું રહે. તે કહે છે કે તને, મને સંભાળવાની ગરજ નથી તો મારે પણ તારામાં રહેવાની ગરજ નથી. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બન્ને પરાધીન જ્ઞાન છે. સંસાર અવસ્થા પૂર્ણ થાય ત્યારે કેવળજ્ઞાન થાય છે. કોઈ પદાર્થ આંખથી દીઠો તે ચક્ષુદર્શન છે અને ખળભળાટ સાંભળી જ્ઞાન થાય તે અચક્ષુદર્શન છે.

મુમુક્ષુ—કોઈ અયોગ્ય કાર્ય કરતાં પ્રથમ વિચાર નથી આવતો અને પછીથી વિચાર આવે ત્યારે પશ્ચાત્તાપ થાય છે એનું શું કારણ હશે?

પૂજ્યશ્રી—એટલી વિચારની ખામી છે. કેટલાક જીવોને અયોગ્ય કાર્ય કરતાં પ્રથમ વિચાર નથી આવતો અને પાછળથી પણ પશ્ચાત્તાપ નથી થતો. કેટલાકને પ્રથમ વિચાર નથી આવતો અને પાછળથી પશ્ચાત્તાપ થાય છે. અને કેટલાકને પહેલાં વિચાર થાય કે આ મારે કરવા યોગ્ય નથી, છતાં પરાધીનતાને લીધે કરે પછી પશ્ચાત્તાપ કરે છે. જીવ ભવભીરૂ હોય તેને કષાયભાવ થવા લાગે ત્યારે આ સારા છે એમ ન થાય. તેને મનમાં 'એમ શા માટે થયું?' એટલું થાય, પછી વિચાર કરે કે કોઈનો દોષ નથી, મારા કર્મનો દોષ છે. તેથી આગળ વાદ, પ્રવાદ કે ઝઘડા થતા નથી. કામ, માન અને ઉતાવળ એ ત્રણ મોટા દોષ છે. ઉતાવળ એ મોટો દોષ છે. દરેક કામમાં, બોલતાં ઉતાવળ ન કરવી. વિચાર કરીને બોલવું. આ હું બોલું છું તે હિતકારી છે કે નહીં? એમ વિચાર કરીને બોલવું. થોડુંક થતું હોય તો થોડુંક કામ કરવું, પણ સારું કામ કરવું; ઉતાવળ ન કરવી. વિચારની ખામી છે.

૬ શ્રીમદ્ રા.આ.અગાસ, ચૈત્ર સુદ ૧૦, સં.૨૦૦૮

મુમુક્ષુ—"સમુદ્ર જેમ નાના પ્રકારના ખરાબા અને તોફાનથી નાવ કે વહાણને જોખમ પહોંચાડે છે તેમ સ્ત્રીઓરૂપી ખરાબા અને કામરૂપી તોફાનથી સંસાર આત્માને જોખમ પહોંચાડે છે." (મોક્ષમાળા-૧૯) ખરાબા એટલે શું?

પૂજ્યશ્રી—ખરાબા એટલે ટેકરા. સમુદ્રમાં ટેકરા હોય છે, તેથી નાવ ટકરાઈ જાય છે.

મુમુક્ષુ—મને ઊંઘ બહુ આવે છે.

પૂજ્યશ્રી—જીવને જરૂર પડે તેટલી ઊંઘ આપવી, વધારે ઊંઘ આપે તો વધારે આળસ આવે. વિચાર કરવો કે શા માટે જન્મ્યો છું? ઊંઘવામાં જ મનુષ્યભવ કાઢી નાંખવો છે! આત્માનું કલ્યાણ કરવું હોય અને વૈરાગ્ય હોય તેને ઊંઘ ન આવે. આહાર ઓછો લેવો. ભક્તિમાં ઊંઘ આવે તો બહાર ફરી આવવું કે ત્યાં જ એક બાજુ ઊભા રહેવું. આસન ફેરવવું તો ઊંઘ ન આવે. ઊંઘ ન આવવાના ઉપાય કરવા. મારે ઘણું શીખવાનું છે. 'મોક્ષમાળા' ક્યારે પૂરી થાય એમ જેને ભય હોય તેને ઊંઘ ન આવે.

જંબૂસ્વામીનો જીવ જે પૂર્વભવમાં વિદ્યુન્માલી દેવ હતો તે જ્યારે ભગવાનને વંદન કરવા આવતો હતો ત્યારે શ્રેણિકે ગૌતમસ્વામીને પૂછ્યું કે હે ભગવાન્, આ આટલા તેજવાળો પદાર્થ શું

છે? ગૌતમસ્વામીએ કહ્યું કે એ વિદ્યુન્માલી નામનો દેવ છે અને તે આજથી સાતમે દિવસે આ નગરીમાં જ જન્મ લેશે.

મુમુક્ષુ—દેવને તો છ મહિના પહેલાં હાર કરમાઈ જાય છે અને રૂપ ઝાંખું પડવા લાગે છે, તો આને રૂપ ઝાંખું કેમ ન પડ્યું?

પૂજ્યશ્રી—સમ્યક્દૃષ્ટિ હતા. સમ્યક્દૃષ્ટિને માળા કરમાઈ ન જાય અને એને ચિંતા ન થાય. બીજા જીવોને તો ચિંતા થાય કે મારી આ રિદ્ધિ જતી રહેશે, હાય હાય મરી જઈશ, તેથી અલંકારનું તેજ મંદ પડવા લાગે છે.

મુમુક્ષુ—હું અહીં આપની પાસે એક બાર વર્ષના છોકરાને મંત્ર અપાવી ગયો હતો. તે છોકરાએ આજે દેહ છોડ્યો છે. તે રોજ ત્રણ પાઠ કરતો હતો. ગમે તેવું કામ આવી પડે તો પણ તેને એટલી ટેક હતી કે મારે ત્રણ પાઠ કરવા જ અને પછી જ તે ઊંઘતો. મરણના દિવસે તેને તાવ હતો છતાં તે સવારમાં ઊઠીને સગડી પાસે આવ્યો અને ભક્તિ કરવા લાગ્યો, ત્યારે તેની મા બોલી કે આજે હમણાં ભક્તિ કેમ કરે છે? રોજ તો સાંજે કરે છે. છોકરાએ કહ્યું—હમણાં જ મારે કરવી છે. પછી ભક્તિ કરી તે સૂઈ ગયો અને મંત્ર બોલતાં બોલતાં દેહ છોડ્યો.

પૂજ્યશ્રી—આયુષ્ય જેટલું થવાનું હોય તેટલું થાય. પણ આટલું ભાતું સાથે લઈ ગયો.

*

(બપોરના)

પૂજ્યશ્રી—મનુષ્યભવની સફળતા જ્ઞાનીની આજ્ઞાને આરાધવાથી થાય છે. સદ્ભાવ એટલે પ્રગટ થવું.

મુમુક્ષુ—સમય તો કેવળજ્ઞાની જાણે ને? કષાય રહિત થાય ત્યારે સમયના ભેદો જણાય છે ને?

પૂજ્યશ્રી—રાગદ્વેષ રહિત થયા વિના સમય ન જણાય. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય તેથી બુદ્ધિનો ઉદય થાય છે. બુદ્ધિ સમ્યક્ત્વ વિનાની હોય તો ભવફળ આપે. 'આઠદૃષ્ટિની સજ્ઝાય'માં કહ્યું છે કે—

**"બુદ્ધિ ક્રિયા ભવફળ દિયેજી, જ્ઞાનક્રિયા શિવઅંગ"**

સમ્યગ્જ્ઞાન સહિત હોય તો મોક્ષનું કારણ થાય છે. આત્મા અસંખ્યપ્રદેશી અને અરૂપી છે. તેમાં જ્ઞાનાદિ ગુણો છે, એની બધાને ખબર પડે છે. અનાદિ અનંત એવો જે આત્મા તે પોતે જ છે. આત્મા છે, દેહ છે, બન્ને જુદા છે. છતાં મિથ્યાત્વથી હું મનુષ્ય છું, એમ બન્નેને એક માને છે.

જીવને જે સંયોગો છે તેને જ 'હું' એમ માને છે. જ્ઞાનાદિથી રહિત દેહ છે. "દેહ માત્ર સંયોગ છે, વળી જડ રૂપી દૃશ્ય." દેહ સંયોગ માત્ર છે. મન વચન કાયા બધું પુદ્ગલ છે, આત્મા દેહથી ભિન્ન છે.

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ"**

'દેહ છે તે હું નહીં' એમ થવું જોઈએ તેને બદલે ઊલટું જાણે છે, તે મિથ્યાત્વ છે. જડ ચેતનને

એક માને છે. પુદ્ગલના સંયોગમાં અહંભાવ કરી બેઠો છે, મમતા થઈ ગઈ છે, એ તાદાત્મ્યઅધ્યાસ છે. ''સર્વ વિભાવપર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી ઐક્યતા થઈ છે, તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે.'' (૪૯૩) પુદ્ગલનો સંયોગ થયો છે તેને 'હું'પણે માને છે. મનુષ્ય પર્યાયમાં મારાપણું થઈ ગયું છે. જ્ઞાનાદિ આત્માના ગુણો છે. રાગદ્વેષ એ વિભાવ છે, તે પોતાનું સ્વરૂપ નથી. હું ગોરો છું, કાળો છું એ બધાય પુદ્ગલના પર્યાયો છે. જેવી અવસ્થા થાય તેવો પોતાને માને છે. અનાદિ સ્વપ્નદશા છે તેથી અહંભાવ મમત્વભાવ થઈ ગયો છે. સ્વપરનો વિવેક નથી તે મિથ્યાત્વ છે. પોતાને પોતારૂપે ન માને, અન્યરૂપે માને તે મિથ્યાત્વ છે. મિથ્યાત્વનો તીવ્ર ઉદય હોય ત્યારે બધું ઊલટું થાય છે. સમજણ ફરે તો સમ્યગ્દર્શન થાય. મિથ્યાત્વ મંદ પડે ત્યારે એ થાય છે, અને ત્યારે જ રુચિ થાય છે. જેવો સંગ હોય તેવો રંગ લાગે. પુદ્ગલ ને જીવ જુદા છે.

પરાભક્તિ એટલે ભગવાન અને પોતામાં ભેદ ન રહે. તે જ્ઞાન દશા જ છે. અનંતાનુબંધી જાય ત્યારથી વીતરાગતા પ્રગટે છે. સમ્યગ્દર્શન એ વીતરાગતા છે. સંસારમાંથી વૃત્તિ ઉદાસીન થાય ત્યારે પરમ વીતરાગ એટલે જેણે ચૈતન્ય સ્વરૂપ પ્રાપ્ત કર્યું છે તેમાં જોડાય, લગ્ન થાય. જગતના બધાય પદાર્થોથી વૃત્તિ ઊઠી શુદ્ધ સ્વરૂપમાં પ્રીતિ થાય છે. સ્વયંવરમાં જેમ કન્યા જે વર પોતાને ગમે તેના ગળામાં હાર નાખે છે, તેમ જગતના પદાર્થો ન ગમે ત્યારે ભગવાનમાં પ્રીતિ થાય. આસક્તિ ફેરવવા માટે ભગવાનને પતિ કહ્યા છે.

*

(સાંજના)

પૂજ્યશ્રી—પુદ્ગલ જાણવાનું કામ ન કરે અને જડનું કામ આત્મા ન કરે. બન્ને જુદાં જ છે. જેમ આકાશ અને ઘર બેય જુદાં છે તેમ. જેમ કુંભારે ઘડો બનાવ્યો એમ કહેવાય છે, પણ કુંભારે શું કર્યું? ઘડો બનાવવાની ઇચ્છા કરી, પછી માટી લાવી ઘડો બનાવ્યો, તેમાં ત્રણ યોગ અને ઉપયોગ એ ઘડો બનાવવાનાં નિમિત્ત થયાં. પણ આત્માએ ઘડો ન બનાવ્યો. આત્મા કંઈ પુદ્ગલનું કામ ન કરે, પણ નિમિત્ત માત્ર થાય.

(સાંજના) ૭ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર સુદ ૧૧, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—આઠે કર્મોમાં મોહનીય કર્મ પ્રબળ છે. ચારિત્ર મોહનીય ચેતન કે અચેતન?

મુમુક્ષુ—કર્મ અચેતન છે માટે અચેતન જ કહેવાય.

પૂજ્યશ્રી—ક્રોધ બે પ્રકારના છે. એક તો ક્રોધના પરમાણુ તે અચેતન છે અને બીજા જે ક્રોધના ભાવ તે ચેતન છે. એમ દરેક કર્મમાં જાણવું. સમ્યગ્દર્શન થયા પછી પણ ચારિત્રમોહનો ઉદય હોય છે. સમ્યગ્દર્શનવાળાને મંદ કર્મ બંધાય છે. સંત પુરુષ હોય તેને કોઈ ગાળો ભાંડે તો પણ તેને ખોટું ન લાગે. બુદ્ધ બ્રાહ્મણને ઘેર ગયા ત્યારે તેણે ગાળો ભાંડી, પણ બુદ્ધે સમતા રાખી.

ક્રોધ, માન, માયા, લોભ જીવને વ્યાકુળતા ઉપજાવનાર છે. અનંતાનુબંધી સમ્યગ્દર્શનનો નાશ કરે છે. અલ્પ પણ પ્રત્યાખ્યાન ન લઈ શકે તે અપ્રત્યાખ્યાનાવરણીય છે અને સર્વ ચારિત્ર ન આવવા દે તે પ્રત્યાખ્યાનાવરણીય છે. યથાખ્યાત ચારિત્ર ન આવવા દે તે સંજ્વલન છે. સમ્યક્ત્વનો ઘાત કરે

તે અનંતાનુબંધી છે. ઘણો કષાય હોય તે અનંતાનુબંધી નથી, પણ માન્યતામાં ભૂલ તે અનંતાનુબંધી છે. દર્શનમોહ અને ચારિત્રમોહના ઉદયથી અનંતાનુબંધી કષાયભાવ થાય, એ જ સંસારનું મૂળ છે. વૈરાગ્યની જરૂર છે. ‘‘ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય.’’

*

પૂજ્યશ્રી–જીવે પુરુષાર્થ કરવાનો છે. દેહથી ભિન્ન છું, એમ જાણવા માટે વિચાર અને સત્પુરુષાર્થ કરવાનો છે. આપણો આત્મા છે તેમાં જૈનપણું નથી, વૈષ્ણવપણું નથી, સાંખ્યપણું નથી. ઠેઠ આત્મા સુધી પહોંચવાનું છે. આત્મા સંભાળવાનો છે. કંઈક સારી વસ્તુની ઇચ્છા રાખવી. કલ્પનાથી છૂટવું છે. સાચું હોય તે મારું. જ્ઞાનીએ જાણ્યું તે સાચું છે. ખોટું એ મારું નહીં. ઊંધી ઇંટ છે તે ફેરવવાની છે. ‘‘પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે અને માથે મરણ રહ્યું છે.’’ (૨/૩૫) જીવને ચાલતાં આવડતું નથી. ડગલે ડગલે પાપ છે. માથે મરણ છે, એમ વિચારી આજના દિવસમાં પ્રવેશ કરજે. કોણ જાણે ક્યારે મરણ આવશે? માટે ચેતી લેવું.

ઝેરવાળી વસ્તુઓ જીવ જુએ છે. શરીરમાં કોઈક છે તે જાણનારો છે. ખાય છે, પીએ છે તેથી કોઈ છે ખરો. જીવ આટલા કાળથી છે, તેને પૂછવું કે તું સુખી છે કે દુઃખી? બીજાની દયા ખાય છે, પણ જીવની ખબર નથી. પરભવનો વિચાર આવતો નથી. મનુષ્યભવમાં થાય એવું છે. કાગડા, કૂતરાના ભવમાં કંઈ ન થાય. મનુષ્યભવમાં લાગ આવ્યો છે. જીવ ભટક ભટક કરે છે. ત્યાંથી છૂટવા જ્ઞાનીએ રસ્તો બતાવ્યો છે. કોઈ માહિતગાર હોય તેની શિખામણે ચાલતાં પાર આવે. પોતાની મેળે ન આવે. શું કરવું? એ જીવને ખબર નથી. જાણકારની સલાહથી કરે તો પાર આવે.

સમ્યગ્દર્શન એટલે આત્માનું ભાન. આત્માની સમજણ પડે તો સાચે રસ્તે ચડ્યો કહેવાય. મારે આત્મા પ્રાપ્ત કરવો છે એમ થાય તો એનું ફળ આત્મા આવે. પણ યથાર્થ ભાવના જોઈએ. પુરુષાર્થ કરે તો થાય, કહેવાથી ન થાય. બે પ્રકારનાં સમ્યગ્દર્શન છે. એક વ્યવહાર અને બીજું નિશ્ચય. વ્યવહાર એ નિશ્ચયનું કારણ છે. સમ્યગ્દર્શનનાં સાચાં કારણો મળે ત્યારે પણ સમ્યગ્દર્શન કહેવાય છે. સમ્યગ્દર્શનનો માર્ગ સદ્ગુરુના વચન સાંભળવાં એ છે.

**‘‘છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ;**
**એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ.’’**

દેહથી ભિન્ન છું એમ સદ્ગુરુ મુખે જાણવું તે સમ્યગ્જ્ઞાન છે. સમ્યક્ત્વનું ફળ કેવળજ્ઞાન છે. વચન સાંભળવાં, વિચાર કરવો કે એ જ મારે માનવાં છે. એ આત્મા પામવાનો રસ્તો છે. એ આત્મા પ્રગટવાનો માર્ગ છે. આત્મા ઓળખાય ત્યારે પરમાર્થ સમ્યક્ત્વ થાય છે. જીવને પોતાની દયા આવી નથી. હું દુઃખી છું, જન્મમરણ કરું છું, મનુષ્યભવ મળ્યા તે ગયા પણ હવે કરવું, એવી ચિત્તની કોમળતા જોઈએ.

મુમુક્ષુ–ચિત્તશુદ્ધિ એટલે શું?

પૂજ્યશ્રી–શાંતિ.

**“કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ.”**

હું દુઃખી છું, મારે મોક્ષની જરૂર છે, જ્ઞાની કહે તે મારે કરવું છે, એ ચિત્તશુદ્ધિ છે. લૌકિકભાવ છોડી આત્માને તારવાનો ભાવ તે ચિત્તશુદ્ધિ છે. આત્મહિત કરવું હોય તેણે ‘મને વ્યવહાર સમકિત છે,’ એમ કરી અટકી ન રહેવું. આત્મા કર્મથી અવરાયેલો છે. તેથી પ્રગટ થતો નથી. સદ્ગુરુનું વચન સાંભળવું, પ્રતીતિ કરવી, માનવું, એ વ્યવહાર છે. અંતરંગ કર્મ માર્ગ આપે કે સાત પ્રકૃતિ જાય ત્યારે નિશ્ચય સમકિત થાય છે. સમકિતને આવરણ કરનાર સાત પ્રકૃતિ છે. તે ખસે ત્યારે સમકિત થાય છે.

અનંતાનુબંધી ક્રોધ એટલે સાચા ધર્મ પ્રત્યે અભાવ. અમે સમજીએ છીએ એવા ભાવ તે અનંતાનુબંધી માન છે. તે ધર્મ પામવા ન દે. અનંતાનુબંધી માયા એટલે કંઈ સમજ્યો ન હોય ને કહે કે હા, તમે કહો છો તે જ હું માનું છું. એ આદિ ભાવ તે માયા છે. અંદર દોષો હોય અને ઉપરથી સારું દેખાડે તે માયા છે. જે ધર્મથી મોક્ષ મળે તે ધર્મથી પુત્ર, દેવલોકાદિની ઇચ્છા કરે, તેથી સાચી વસ્તુ પ્રાપ્ત ન થાય. તે અનંતાનુબંધી લોભ છે. મિથ્યાત્વમોહનીય સાવ ઊંધું છે. સંસારમાં નાહવું-ધોવું કરતા હોય તેને જ ધર્મ માને છે. સાચું એને સમજાય નહીં. કલ્યાણ હોય તે એને ગમે નહીં, પણ જેથી કલ્યાણ ન થાય તે કરે, એ આદિ મિથ્યાત્વમોહનીય છે. આ ય ગુરુ સારા છે અને આ ય સારા છે. થોડું સાચું અને થોડું ખોટું, તે મિશ્રમોહનીય છે. સમ્યક્ત્વમોહનીય એટલે ચોવીસ તીર્થંકરોમાં પાર્શ્વનાથ ઉપર વધારે ભાવ રાખે, બીજા તીર્થંકરો ઉપર ઓછો ભાવ રહે. પોતે મંદિર બનાવ્યું હોય તેમાં વધારે આનંદ આવે, બીજા મંદિરમાં એટલો ન આવે. એવા પ્રકારના જે ભાવો, તે સમ્યક્ત્વ મોહનીય છે.

સાચો ધર્મ ન પામવા દે તે અનંતાનુબંધી કષાય છે. સત્પુરુષો કહે કે તને ખાવાનું ગમે તે સારું નથી, પણ જીવને આગ્રહ હોવાથી જ્ઞાનીનું વચન ન માને. એ પણ અનંતાનુબંધી છે. તેથી સાચો માર્ગ પામે નહીં. પોતે કરતો હોય તેનો આગ્રહ તે અનંતાનુબંધી કષાય છે. જેમ મહાપુરુષો મોક્ષે ગયા તે રસ્તો આપણો નહીં એમ માને. બીજા માર્ગને મોક્ષનો રસ્તો માને, તે મિથ્યાત્વ મોહનીય છે. [૧]ખોટાને ખોટું માને અને સાચાની ઇચ્છા રહે તે મિશ્રમોહનીય છે. સમ્યક્ત્વમોહનીય એટલે આ આત્મા હશે કે આ? જાણે તે આત્મા છે? એમ શંકા રહે તે સમ્યક્ત્વમોહનીય છે. આ જ ઘર છે એવું એને નથી થયું. કંઈક ખામી છે. સદ્ગુરુનો યોગ થયા વિના નિશ્ચય થતો નથી. આત્માનો નિર્ણય થાય તે સમ્યક્દર્શન છે. જ્ઞાની સાચા છે તેની પ્રતીતિ થાય છે. “જીવને જ્ઞાનીપુરુષનું ઓળખાણ થયે તથાપ્રકારે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ મોળાં પડવાનો પ્રકાર બનવા યોગ્ય છે, કે જેમ બની અનુક્રમે તે પરિક્ષીણપણાને પામે છે.” (૫૨૨) એક વાર પણ જ્ઞાનીનો યોગ થયો હોય તો પણ રાતદિવસ સાંભર્યા કરે તે ખરી ભક્તિ છે. આત્માને વિચારવો હોય, સાધવો હોય, તો જાણવો જોઈએ.

---

૧. ઉન્માર્ગથી મોક્ષ થાય નહીં, માટે માર્ગ બીજો હોવો જોઈએ, એવો જે ભાવ તે મિશ્રમોહનીય. (વ.પૃ. ૭૦૯)

કોઈ વસ્તુ જાણવી હોય તો દ્રવ્ય ક્ષેત્રાદિથી જણાય છે. એમ 'હું' એક દ્રવ્ય છું, આત્મા. અસંગ છું. બીજા બધા પદાર્થથી મુક્ત છું. 'હું' છું, એક દ્રવ્ય છું. અસંગ છું; પરવસ્તુ મારી નથી. પરભાવથી મુક્ત છું. આત્મા નામની વસ્તુ છે તે ક્યાં છે? તોકે પ્રદેશમાં છે. આત્માના અસંખ્યાત પ્રદેશ છે, તેમાં આત્મા છે. આત્મા કેટલો કાળ રહેશે? તો કે, અજર અમર શાશ્વત છે. સમયે સમયે દરેક દ્રવ્યમાં ફેરફાર થાય છે.

આત્મા આત્મારૂપે પલટાય છે. શુદ્ધ ચૈતન્ય એ જ મારો ભાવ છે. જાણનારો હું છું. વિકલ્પરહિત છું.

*

પૂજ્યશ્રી–સુખદુઃખનું કારણ મોહ છે. કર્મના ઉદયથી શાતા અશાતા થાય છે. આત્માનું કામ ન ભૂલવું. પહેલું કામ એ છે.

મુમુક્ષુ– **"વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;**
**તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ."**

એટલે શું?

પૂજ્યશ્રી–શુભ ભાવ કરે તો પુણ્ય બાંધે. વાંચન, ભક્તિ કરે તે શુભ ભાવ છે. કોઈને દુઃખ થાય એવું કરે, વિષયની ઇચ્છા કરે તે અશુભ ભાવ છે, તેનું ફળ પાપ છે. શુભાશુભ ભાવથી જન્મમરણ થાય છે. શુદ્ધ ભાવની ખબર નથી; એથી જીવ છૂટે છે. તે જ્ઞાની જાણે છે. જ્ઞાનીમાં ચિત્ત જાય તો જન્મમરણ છૂટે.

"જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભકિતને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ થાય." (૪૯૩)

સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, હૃદય ઓળખાય, તો છૂટવાનો માર્ગ હાથ આવે. અપૂર્વ ગુણ સમજાય ત્યારે પોતાની મેળે ચાલવાનું છૂટે અને જ્ઞાનીની આજ્ઞાએ વર્તે. આવી ભક્તિને રસ્તે ચઢે તો કલ્યાણ થાય. આત્મા છે, આત્મા નિત્ય છે; આત્મા કર્તા છે; આત્મા ભોક્તા છે, મોક્ષ છે; મોક્ષનો ઉપાય છે. આ છ પદ છે તે આત્મવિચારમાં કામના છે. આત્મા છે, તે કદી મરતો નથી. દેહ છે તે કપડા જેવો છે. દેહ બદલાય છે, પણ આત્મા મરતો નથી. આયુષ્ય કર્મ છે ત્યાં સુધી દેહમાં જીવ રહે છે. એ વસ્તુ સમજવા જેવી છે.

**"કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ;**
**તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ."**

આટલી ગાથા કૃપાળુદેવે લખી છે. બધા કર્મોમાં મોહનીય કર્મ મુખ્ય છે. જેવો કર્મનો ઉદય હોય તેવો જીવ થાય છે. મોહને લઈને દુઃખ થાય છે. મોહનીય કર્મ છે તે દુઃખ દેનાર છે. જીવને વસ્તુ ઉપર મોહ છે તેથી વસ્તુઓ સાંભરે છે. મોહ ચિંતા કરાવી કર્મ બંધાવે છે. આત્મા ન ખોવાય એટલી સંભાળ રાખવી. પરવસ્તુમાં જેટલી આસક્તિ હોય છે તેટલું દુઃખ લાગે છે. મોહને લઈને

પરવસ્તુમાં ચિત્ત જાય છે, તે મરણ બગાડી નાંખે છે. માટે સાવચેતી રાખવી. ચારે ગતિમાં મોહ છે. આસક્તિને લઈને ભવ ઊભા થાય છે. કશું મારું નથી. ક્યાંય ચિત્ત રાખવું નથી. જગતના પદાર્થો છે, એવો આત્મા પણ એક પદાર્થ છે. તેને જગતની સાથે કંઈ સંબંધ નથી. આસક્તિ ન કરવી. પોતાનું નહીં તેને પોતાનું માને તે મિથ્યાત્વ છે.

''...પણ સ્વપ્નદશામાં જેમ ન બનવા યોગ્ય એવું પોતાનું મૃત્યુ પણ જીવ જુએ છે, તેમ અજ્ઞાનદશારૂપ સ્વપ્નરૂપયોગે આ જીવ પોતાને, પોતાનાં નહીં એવાં બીજાં દ્રવ્યને વિષે સ્વપણે માને છે.'' (૫૩૭)

શરીર પોતાનું નથી. આત્મા શરીર નથી. શરીરમાંથી આસક્તિ છૂટે તો જન્મ મરણ ટળે. દેહ મારો નથી. એ સાધનથી, છૂટવાનું કામ કરવાનું છે. શુભાશુભ ભાવ હવે કરવા નથી. શુદ્ધ ભાવ કરવાનો છે. બધું ભૂલવાનું છે. પુદ્‌ગલ ભાવ છોડવાનો છે.

કૃપાળુદેવ લખે છે કે, ''અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ.'' (૨૫૫) કેટલો અભ્યાસ! આ ભવમાં કેટલાય કપડાં પહેર્યાં તેને હવે કંઈ સંભારતા નથી, તેમ દેહને સંભારવો નથી. શુદ્ધ ભાવમાં રહેવું. જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે વર્તવું, તો કર્મ છૂટે. જેની જરૂર નથી તે જ સાંભર સાંભર કરે છે એ મોહ છે. હું દેહ નથી એવા ભાવ કરવા. ''કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી.'' (૪૬૦)

*

મુમુક્ષુ—મેં પ્રભુશ્રીજીનાં દર્શન કરેલાં છે.

પૂજ્યશ્રી—મહાપુરુષનાં દર્શન કર્યાં છે, તો ઠેકાણું પડશે.

રસ્તામાં ચાલતા હોઈએ ત્યારે મનમાં, આ ખેતર સારું છે, આ ખેતર તો સુકાયેલું છે, એમ કરવું હોય તો એમ થાય અને 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મંત્ર જપતાં જઈએ તો એમેય થાય.

*

પૂજ્યશ્રી—(એક મુમુક્ષુભાઈને ઉદ્દેશીને) આયંબિલ કરો છો?

મુમુક્ષુ—હા જી, કરું છું.

પૂજ્યશ્રી—સારું છે. જેટલું જેટલું ઇન્દ્રિયોનું દમન કરવામાં આવે તેટલો તેટલો આત્મવિચાર કરવાનો અવકાશ મળે. સૂતા પહેલાં અઢાર પાપસ્થાનક વિચારી જવા. સવારથી સાંજ સુધીની બધી ચર્યા તપાસી જવી. જે જે દોષ થયા હોય તેનો પશ્ચાત્તાપ કરી, ફરી તે દોષ ન થાય એવો લક્ષ રાખી વર્તવું. ચોરાસી લાખ જીવયોનિ સાથે, તેને જે જે દુઃખ, ત્રાસ આપ્યો હોય તેની ક્ષમા ઇચ્છવી.

૮ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર સુદ ૧૨, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—કૃપાળુદેવના ગુણગ્રામ, ભક્તિ અને ચિત્તની લીનતા કરવાની જરૂર છે. ભક્તિ કરે તેને સદાચાર રાખવાનો છે. જુગાર ન રમવો, ચોખ્ખો દારૂ ન પીવો, માંસ ન ખાવું, ચોરી ન કરવી. કોઈ જીવને જાણી જોઈને મારવો નહીં, એ શિકાર-ત્યાગ છે. શિકારથી વેર બંધાય છે, તેથી જન્મમરણ થાય છે. પરસ્ત્રીનો ત્યાગ અને વેશ્યાનો ત્યાગ. એ સાત વ્યસનનો દૃઢતાથી ત્યાગ

રાખવો. એ સદાચાર છે. વ્રતની કિંમત છે. આત્મા એથી દૃઢ થાય છે. જેને ધર્મને રસ્તે જવું હોય તેણે સ્વાદનો ત્યાગ કરવો જોઈએ.

શરીરની સંભાળ તો ઘણી વખત લીધી છે, પણ હવે આત્માની સંભાળ લેવાની છે. આત્માની ઘાત કરનારા કર્મો જાય, ત્યારે આત્મા નિરાવરણ થાય છે. અર્હત્ પૂજવા યોગ્ય છે. આત્મા નિર્મળ થાય, તે પૂજ્ય છે. પહેલાં અર્હત્‌ને નમસ્કાર કર્યા છે. તેનું કારણ અરિહંત જ સિદ્ધની ઓળખાણ કરાવે છે, એથી વિશેષ ઉપકારી છે. ભગવાનના શરીરમાં મોહ થાય તો જગતમાંથી વૃત્તિ ઊઠી જાય. તે માટે ભગવાનનો દેહ છે.

મુમુક્ષુ—આજે 'મોક્ષમાળા'ના ૨૧મા પાઠના આધારે એક બાર ભાવનાનું પદ બનાવ્યું છે.

પૂજ્યશ્રી—બોલ. (પછી તે મુમુક્ષુ પદ બોલ્યા). નાના છોકરાં લીટા કરે તેવું છે. આપણે ભક્તિ કરવી છે તેવો લક્ષ રાખીને કરવું. માન ન કરવું, મેં કવિતા બનાવી, મને કવિતા બનાવતાં આવડે છે, એમ ન કરવું. આત્માને માટે કરવાનું છે, કોઈને માટે કરવું નથી. મહાપુરુષનાં વચનો આપણને ચોંટી રહે તે માટે કરવાનું છે.

પૂજ્યશ્રી—(એક ભાઈ મંત્ર લેવા આવ્યા હતા તેમને ઉદ્દેશીને) કૃપાળુદેવે એક મુનિને (પ્રભુશ્રીજીને) પાંચ ઉદંબરફળ, મધ, માખણ અને સાત વ્યસનનો ત્યાગ તથા ત્રણ પાઠ તથા મંત્ર આપવાનું કહેલું. પ્રભુશ્રીજીને શરીરે વા હોવાથી વિહાર કરી શકતા ન હતા. તેથી મુમુક્ષુઓએ કહ્યું કે હવે આપ એક સ્થાને રહો તેથી અમને સમાગમનો લાભ મળે. પછી આ આશ્રમ બંધાવ્યો અને પ્રભુશ્રીજી અહીં રહ્યા. હું પણ તમારી જેમ પ્રભુશ્રીજી પાસે આત્મકલ્યાણ થાય એવું પૂછવા આવ્યો, ત્યારે પ્રભુશ્રીજીએ મને સાત વ્યસનનો ત્યાગ, પાંચ ફળનો ત્યાગ, મધ-માખણનો ત્યાગ અને મંત્ર આપ્યો અને ત્રણ પાઠ કરવાની આજ્ઞા આપી; અને કહ્યું કે કોઈને કહીશ નહીં. પછી હું આરાધના કરતો. થોડા દિવસ પછી પ્રભુશ્રીજીની સેવામાં રહ્યો હતો. પ્રભુશ્રીજીનો દેહ છૂટતાં પહેલાં મને સભામાં અને ખાનગીમાં પણ કહેલું કે જેને આત્મકલ્યાણની ઇચ્છા હોય તેને સાત વ્યસનનો ત્યાગ, પાંચ ફળનો ત્યાગ, મધ, માખણનો ત્યાગ, ત્રણ પાઠ અને મંત્ર તારે આપવાં. તેથી હું આપું છું. તમારી ઇચ્છા હોય તો નિયમ લો. (પછી તે ભાઈએ મંત્ર લીધો હતો).

ભગવાનની સ્તવના કેમ કરવી? તે કૃપાળુદેવે બે સ્તવનના અર્થ કર્યા છે, તે નમૂનારૂપ છે, તે વિચારવા. કૃપાળુદેવે કહ્યું હતું કે અમારે ચોવીસ સ્તવનોના અર્થ કરવા હતા પણ પાછળથી અધૂરું રહ્યું છે.

*

(સાંજના)

પૂજ્યશ્રી—દર્શનમોહથી હું દેહ છું એમ માને છે તેથી આત્માની શ્રદ્ધા ન આવે, દેહની શ્રદ્ધા રહે છે. કર્મને લઈને શરીર મળે છે. આત્માનું શરીર છે નહીં. પોતાનું નહીં તેને પોતાનું માની ખેદખિન્ન થાય છે. કર્મને લઈને શરીર બગડે તેને માટે ખેદ કરે છે. સૌ શરીરાદિ કર્મને આધીન છે. શરીરનું સુખ તે સુખ નથી. સમાધિસુખ સાચું છે. પેલું તો આભાસ માત્ર છે. પાંચ ઇન્દ્રિયના

વિષયની ઇચ્છા તે લોભ કષાય છે. ઇચ્છા એ જ લોભ છે. જેથી આત્મા સુખી થાય એવું જીવ કરતો નથી. એ બધું મિથ્યાદર્શનથી અવળું સૂઝે છે. મિથ્યાદર્શન જાય તો સુખી થાય.

**"જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત"**

અનંત દુઃખ પામ્યો તેનું કારણ સ્વરૂપ ન સમજ્યો. સાપનો ભય લાગે છે, પણ મિથ્યાત્વનો ભય લાગતો નથી. સાપ તો એક વાર મરણ કરાવે, પણ મિથ્યાત્વ તો ભવોભવ જન્મમરણ કરાવે છે. જેવો સંગ મળે તેવું થાય છે. સાચું સુખ આત્માથી થાય છે તેનું ભાન નથી. ખરાબ તો કુસંગ છે. સાચો સંગ હોય તો મિથ્યાદર્શન જાય. ખોટો સંગ હોય તો સાચી વસ્તુ સૂઝે નહીં. મિથ્યાત્વથી અવળું સમજાય છે. આત્માને ભૂલી જાય છે. મોહમાં વખત જાય છે. એવા કુસંગથી છુટવા માટે જ્ઞાનીપુરુષ કહે છે. કોઈ જીવ સમજતો હોય કે મને સારું વાંચતાં વિચારતાં આવડે છે, પણ વિપરીત માર્ગમાં તણાઈ જાય. જગતને પૂંઠ દે ત્યારે આત્મા ભણી વળે. બહારની વસ્તુમાં વૃત્તિ હોય ત્યાં સુધી ન થાય. દેહથી હું જુદો છું. મારે છૂટવું છે. જન્મમરણથી છુટવા માટે સંતપુરુષે આ સંતનું ધામ બનાવ્યું છે. પુણ્યનો ઉદય હોય તો સત્પુરુષ મળે.

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે"**

સદ્‌ગુરુનો ઉપદેશ દેહથી આત્મા ભિન્ન સમજવા માટે છે. જ્ઞાનીનું કહેલું મનાય નહીં ત્યાં સુધી જીવનું કલ્યાણ ન થાય. મિથ્યાદર્શન હોય ત્યાં સુધી ઠગાય છે. પ્રભુશ્રીજી કહેતા કે સેવા કરે અને જીભ ઉપર તો પગ મૂકે એટલે વચન ન માને. કષાય મંદ થાય તો ઇચ્છા ઓછી થાય, તેથી સુખ લાગે; પણ મિથ્યાદર્શન ન ગયું હોય તો, એવો સંગ હોય તો, બીજી ઇચ્છા થઈ જાય છે. કષાય મંદ થાય તો જીવ સુખી થાય પણ સમજણ ન હોય તો પાછા તીવ્ર કષાય થઈ જાય માટે પહેલી સમજણ કરવાની છે.

**"જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત"**

અનંતકાળ દુઃખ પામ્યો. હવે સમજીશ નહીં તો દુઃખ પામીશ. જીવના ધાર્યા પ્રમાણે કંઈ થતું નથી. વસ્તુ જેમ થવાની હોય તેમ થાય છે, માટે કલ્પનાઓ ન કરવી. શરીરને શરીર ને આત્માને આત્મા જાણે તો જીવને દુઃખ ન થાય. પારકી વસ્તુ પોતાની ન થાય. નાશવંતને નાશવંત જાણવું. વસ્તુનું સ્વરૂપ જાણવું. છ પદની શ્રદ્ધા તે સમ્યક્‌દર્શન છે. તેની શ્રદ્ધા થાય તો "કોઈ વિનાશી, અશુદ્ધ અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ, શોક, સંયોગ, ઉત્પન્ન ન થાય. તે વિચારે સ્વસ્વરૂપને વિષે જ શુદ્ધપણું, સંપૂર્ણપણું, અવિનાશીપણું, અત્યંત આનંદપણું, અંતરરહિત તેના અનુભવમાં આવે છે." (૪૯૩) જેમ છે તેમ સમજાય તો દુઃખ ન લાગે. મોહ માણસને ગાંડો કરી દે છે. વાસુદેવ જ્યારે મરી જાય છે ત્યારે બળદેવ તેને લઈને છ મહીના સુધી ફરે છે. દેવતા સમજાવે પછી મોહ જાય ત્યારે બાળે.

એક બાઈને એક છોકરો હતો. તેને સાપ કરડ્યો તેથી તે બાઈ છોકરાને લઈને સંત પાસે ગઈ. તેમણે કહ્યું કે જેને ઘેર કોઈ મર્યું ન હોય, તેના ઘેરથી રાખ લઈ આવ. તે મંત્રીને આપું. તે

બાઈ બધે ફરી પણ જેને ઘેર કોઈ મર્યું ન હોય એવું કોઈ ન મળ્યું. પછી તે સમજી ગઈ.

મિથ્યાદૃષ્ટિ દેહને આત્મા માને છે. દેહ છે તે મારી સાથે આવશે એમ માને છે. જેમ છે તેમ માનવું. દેહને દેહ અને આત્માને આત્મા માનવો. એ જ દુઃખ દૂર કરવાનો ઉપાય છે. શરીર તો દુઃખની ખાણ છે. એમાં વૃત્તિ રહે તો કર્મ બંધાય. કર્મને આધીન એ છે. સડવું, પડવું, વિણસવું એ એનો સ્વભાવ છે. શરીરનો મોહ છોડવો છે.

''આત્મભ્રાંતિ સમ રોગ નહિ'' આત્મભ્રાંતિ એ દુઃખનું મૂળ છે. આત્મભ્રાંતિ જાય તો દુઃખ દૂર થાય. સદ્ગુરુનો ઉપદેશ સાંભળે, વિચારે, કહેલું ભૂલે નહીં, તો દુઃખ જાય. સમ્યક્દર્શન થાય ત્યારે દર્શનમોહ જાય. ચારિત્રમોહનીય જાય ત્યારે વીતરાગતા આવે. પચીસ કષાય છે તે ચારિત્રમોહનીયના વિભાગ છે. એથી જીવ દુઃખી થાય છે.

ક્રોધ મનમાં આવે ત્યારે આને મારી નાંખું, આનું બૂરું કરું, આવા વિચાર કરે છે. ક્રોધ બહુ વધી જાય ત્યારે બીજાને મારી પણ નાંખે કે પોતે જ કૂવામાં પડી મરી જાય. આવું આવું ક્રોધ થાય ત્યારે થાય છે. ક્રોધ થાય ત્યારે મહા પાપ બાંધે છે. કરવું, કરાવવું અને અનુમોદવું તેનું ફળ એક છે. ક્રોધ બહુ ખરાબ છે. ઝેર પીને મરી જાય છે.

હું મોટો છું અને બીજા બધાં નાનાં છે, એ માનથી થાય છે. પોતાનો મહિમા ગાય. બીજાની નિંદા કરે. માનને લઈને જીવ બીજાનું ભૂંડું ઇચ્છે છે. માનની ઇચ્છા હોય તેથી પૈસા ખરચીને પણ માન મેળવે. માનને લઈને પણ જીવ મરી જાય છે.

માયાથી બીજાને છેતરવાની ઇચ્છા થાય છે. ગુરુને પણ છેતરી જાય છે. પોતે મરી પણ જાય છે.

લોભને લીધે જીવ લડાઈમાં મરી પણ જાય છે. લોભી ગમે તેને છેતરે છે. કેટલાક બહુ દૂર કમાવા જાય છે પણ પ્રારબ્ધ હોય તો મળે, ન મળે તો કેટલાક મરી પણ જાય છે.

હાસ્ય કષાયથી જીવ હસ-હસ કરે છે, રોગ હોય તો પણ હસે. કર્મથી જીવ પીડાય છે પણ હર્ષ માને છે. હસવું એ નોકષાય છે. જેટલો કષાય ઓછો થાય તેટલો સુખી થાય. શોક કરીને કેટલાક મરી જાય છે. મારે ક્રોધ ન જ કરવો એમ રાખવું. તો દુઃખી ન થાય. મરણાદિકથી પણ ક્રોધાદિકનું દુઃખ વિશેષ છે. કોઈ ગમે તે બોલે તે સહન કરવું. મારે ગાળ ભાંડવી નથી, બીજા ભલે ભાંડે; એમ કરતાં કરતાં ક્રોધ મટી જાય છે. કલ્પનાથી કરીને પણ જીવ દુઃખી થાય છે. કષાય ભાવથી જીવ કર્મ બાંધે છે.

પરમાત્મા છે તે વીતરાગ છે. તેણે મોહનો ક્ષય કર્યો છે તેથી અરિહંત છે. મરણિયો થાય ત્યારે કામ થાય. જેમ જેમ વૈરાગ્ય વધે તેમ તેમ વૃત્તિ મંદ પડે. ઘણું ખાધું, ઘણું પીધું પણ આત્માનું કલ્યાણ થયું નહીં. જ્ઞાનીની આજ્ઞાથી લાભ છે. મંત્ર વગર ગમે નહીં એવું કરવાનું છે. જે કરવાનું છે તે જીવને સાંભરતું નથી. સંકલ્પ-વિકલ્પ આવે ત્યારે વાંચવા બેસી જવું. અશુભ ભાવથી પાપ બંધાય છે. ખરાબ ભાવ આવે ત્યારે ભડકવું કે આ મારે કરવું નથી. વિકલ્પ વધારે થાય ત્યારે ફરીને આવવું, પછી વિચારવું. સંસારથી ભય પામે એવા વિચાર કરવા.

**''ત્રાસ ધરે ભવભય થકી, મનમોહન મેરે; ભવ માને દુઃખ ખાણ રે. મનમોહન મેરે''**

સંસાર એ ખોટો છે. એથી પાછો હઠે તો થાય. મનને ઠપકો આપવો કે તારે શું કરવું છે? દુઃખી થવું છે કે મોક્ષે જવું છે? એમ પોતાને પૂછવું. સંભાળીને રસ્તે ચાલવાનું છે. સંસારનો ભય લાગે ત્યારે પાછો હઠે. દુઃખી છે પણ દુઃખ લાગતું નથી. મનુષ્યભવ લુંટાઈ જાય છે એ મોટું દુઃખ છે. મરણ પાસે દોડી રહ્યો છે. ફાંસી છે. ચેતતા રહેવાની જરૂર છે. સારી વસ્તુ સાંભળવી.

**''નથી ધર્યો દેહ વિષય વધારવા; નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા''** (૧૫)

છૂટવા માટે જીવવું છે. વિકલ્પ, શોકને સંભારવાં નહીં. ભૂલી જતાં શીખવું. છૂટવાના રસ્તે ચાલવું છે. અંદરથી આત્મા છૂટું છૂટું થાય, એવું કરવાનું છે. જગતમાં ભૂલો પડ્યો છે મારું માનીને; નહીં તો ભગવાન જેવો છે.

''સર્વ જીવ છે સિદ્ધ સમ.'' બધાય જીવ સિદ્ધ જેવા છે. સમજે તો સિદ્ધ થાય. સદ્ગુરુની આજ્ઞા આરાધે તો થાય. સિદ્ધ સ્વરૂપ જેવો આત્મા છે. તેને દેહની સાથે લેવા-દેવા નથી. એકલો આવ્યો છે અને એકલો જવાનો છે. કશાયમાં ચિત્ત ન રાખવું. શરીર સારું છે, ખોટું છે એવા વિકલ્પ ન કરવા, ખસેડી નાંખવાં. કર્મ આગળ આવે ત્યારે ખસેડવાં. જ્ઞાનીને આશરે આશરે ચાલવું છે. જ્ઞાનીએ કોઈનું ભૂડું ઇચ્છયું નથી. જે થાય તે જોયા કરવું. જે થાય છે તે ભલું થાય છે. ગરજ જાગશે તેમ તેમ યાદ રહેશે. જેટલી દેહની કાળજી રાખે છે તેનાથી અનંતગણી કાળજી આત્માની રાખવાની છે. સારી રીતે વિચારણા કરે તો યાદ પણ રહે છે. જેમ જેમ વૈરાગ્ય અને ઉપશમ આવે, પંચેન્દ્રિયની ઇચ્છા ઓછી થાય, ચાર કષાય ઓછા થાય, તેમ તેમ બુદ્ધિ વધે છે. વૈરાગ્ય અને ઉપશમની જરૂર છે. બીજી વસ્તુની ઇચ્છા ન થાય ત્યારે વૈરાગ્ય થાય. મનમાં ખરાબ વિચાર ન પેસવા દેવા, ચોકી રાખવી. ટેવ પાડી લેવી. વિકલ્પમાં પડે તો પાર ન આવે. બધાનો સહેલો ઉપાય મંત્ર છે. મનને મંત્રમાં રોક્યું હોય તો સંકલ્પ-વિકલ્પ જાય.

**''પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ ભેદ સુઉર બસેં''**

કૃપાળુદેવ ઉપર પ્રેમ કરવાનો છે. મંત્ર સ્મરતાં મન કૃપાળુદેવમાં પરોવવું તો આનંદ આવે. મંત્રના ગુણો સાંભરે તો મન બીજે ન જાય. તેના વિચાર રહે તો શાંતિ રહે.

**''અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ''**

જેમ જેમ માહાત્મ્ય વિશેષ લાગે તેમ તેમ મન ત્યાં વિશેષ જાય છે. ''પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં.'' બધાય શાસ્ત્રો હૃદયમાં આવી વસી જાય, પણ પ્રેમ આવે ત્યારે. કૃપાળુદેવ ઉપર પ્રેમ કરવો.

૯ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર સુદ ૧૩, સં.૨૦૦૮
(મહાવીર જયંતિ)

પૂજ્યશ્રી—પુણ્યનો યોગ હોય ત્યારે સુખની સામગ્રી મળે છે પણ તેમાં પાછો જીવ મોહ કરે છે. અનુકૂળ વસ્તુઓમાં જીવ સુખ માને છે. કોઈ સંપૂર્ણ સુખી જગતમાં નથી. એક સુખ હોય તો બીજું દુઃખ. સંસાર એકાંત દુઃખરૂપ છે એમાં સુખ નથી. બધાય 'મને દુઃખ ન આવો' એમ ઇચ્છે

છે, પણ દુઃખ આવે છે. સુખી થવાના પ્રયત્ન જીવ કરે છે પણ દુઃખી થાય છે. જ્યારે શાતાનો ઉદય આવે ત્યારે સુખ લાગે છે, સુખમાં પ્રમાદ થાય છે. અહીંથી કોઈ સમ્યક્ત્વ લઈ નરકમાં જાય તો પાછો લઈ આવે પણ દેવલોકમાં જાય તો ખોઈ પણ આવે, સુખ ભુલાવે છે. મોહ છે ત્યાં સુધી જંપવું નહીં. મોહ છે ત્યાં સુખી ન થાય. [1]સુભૂમ ચક્રવર્તી બાર ખંડ સાધવાની ઇચ્છા કરી મર્યો. ઇચ્છાની હદ નથી. વ્યાકુળતા કરાવે છે. વાગ્યું હોય તેના ઉપર પાટો બાંધ્યો તેમાં સુખ શાનું? તેમ ભૂખ લાગે ત્યારે ખાય તેમાં સુખ શાનું? દુઃખ જ છે. ઇચ્છાઓ છે તેથી શાતામાં પણ સુખ નથી. જીવ જે ઉપાય કરે તે બધા જૂઠા છે. બાહ્ય વસ્તુમાં સુખ માને છે એ ભ્રાંતિ છે. જે નાશવંત છે તે નાશ પામે. જે નાશ પામવાનો છે નહીં એવા આત્માને ઓળખવો.

‘‘આત્માથી સૌ હીન.’’ આત્મા જ સાચો છે. ધન પૈસા પોતાના નથી. પોતાના હોય તો જાય નહીં. ખરું દુઃખ તો મોહ છે. એ ન હોય તો દુઃખમાં પણ સુખ લાગે. શ્રેણિક નરકમાં છે પણ સુખી છે. મોહ નથી. સંસારી જીવનું જ્ઞાન ઇન્દ્રિયાધીન છે. મને તાવ આવ્યો પણ આત્માને કંઈ ન થયું. પણ મોહ છે તેથી ‘શરીર તે હું’ એમ માને છે. જાણનારો હું છું. એ તો જવાનું છે એમ હોય તો તેને દુઃખ લાગે નહીં. ઇન્દ્રિયોથી સારું ખોટું ખબર પડે, એની સાથે મોહ હોય છે તેથી દુઃખી થાય છે. મોહ છે તે વધારે દુઃખ આપે છે. મુનિને ઉપસર્ગ આવે તો પણ દુઃખને ગણતા નથી. શરીર અને આત્મા જુદા છે એવો અભ્યાસ કર્યો છે, તેથી મુનિને દુઃખ નથી લાગતું. જેટલો મોહ તેટલો દુઃખી છે. પાપનો ઉદય હોય ત્યારે શરીરમાં દુઃખ થાય છે પણ સાથે પુણ્યનો ઉદય હોય તેથી ચાકરી કરવાવાળા છે, એમ જાણી સુખ માને છે. મોહ હોય તો સુખદુઃખ થાય. કેવળીને મોહ નથી તેથી દુઃખ નથી લાગતું. બહારથી ઉપાય કરે છે તે જૂઠા છે.

‘‘આત્મભ્રાંતિ સમ રોગ નહિ’’ એ મોટો રોગ છે. વસ્તુ જેમ છે તેમ સમજાય એવો અભ્યાસ થાય, તો સામગ્રીના નિમિત્તે સુખીદુઃખી ન થાય. સમ્યગ્દર્શનની ભાવના કરે તોય લાભ થાય છે. બહારના કારણોથી સુખદુઃખ ન લાગે. સુખી થવું હોય તો આકુળવ્યાકુળ ન થવું. ગજસુકુમારને વ્યાકુળતા ન હતી. ભગવાનનાં વચનોનો લાગ લાગ્યો હતો તેથી મોક્ષ પામ્યા. આત્મા સુખી છે એમ માને તો બાહ્ય કારણથી સુખદુઃખ ન લાગે. આયુષ્યકર્મની સ્થિતિ હોય તેટલું જિવાય છે. મનુષ્યપર્યાયને ‘હું છું’ એમ માને છે. આત્મા છે તે દેહ નથી. ભ્રાંતિને લઈને પર્યાયને પોતાના સ્વરૂપે અનુભવે છે. આત્મા જન્મતો નથી, મરતો નથી; સંયોગને લઈને જન્મ્યો અને મર્યો કહેવાય છે. પણ આત્મા તો જીવતો જ છે. ગમે તેટલું કરે પણ મરવું એક વાર છે, પણ સમજણ નથી તેથી ઘણી વાર ડરે છે. સાપને દેખે તો ડરે કે મરી જવાશે. મરણથી બચવા કોઈ કોઈ કિલ્લા બનાવે છે પણ તેય મરી ગયા. ઇન્દ્ર મોટો કહેવાય છે, તેને પણ કોઈ બચાવી શકે નહીં; મરણ આવ્યા પછી એક સમય પણ ન જિવાય અને આયુષ્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી ઝેર ખાય તોય ન મરે. દેહ તો પડવાનો છે, કંઈ અમર નથી. આત્મા નિત્ય છે, દેહ અનિત્ય છે; દેહને દેહ અને આત્માને આત્મા જાણે તો ભય ન લાગે. આત્મા દેહ નથી, મનુષ્ય નથી, દેવ નથી, નારકી નથી, તિર્યંચ નથી, બ્રાહ્મણ નથી, વાણિયો નથી, કાંઈ નથી. હું તો આત્મા છું. મારો આદિ, અંત નથી. ચૈતન્ય દ્રવ્ય છું. પર્યાય પલટાય છે. મનુષ્યદેહ કપડા જેવો છે. એ છૂટે પણ

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા શિક્ષાપાઠ ૨૫.

આત્માને નુકસાન ન થાય, એમ થાય તો ભય ન લાગે.

**“દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ;**
**સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખભોગ.”**

સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું, સુખી થવું હોય તો. સુખી થવાનો ખરો ઉપાય મોક્ષે જવું એ છે, ખરો સુખી તો ત્યારે જ થાય.

*

(આજે મહાવીર જયંતિને દિવસે પૂજ્યશ્રીએ બે મુમુક્ષુભાઈઓને સંસ્કૃત અભ્યાસ કરવાની આજ્ઞા આપતાં કહ્યું).

પૂજ્યશ્રી—સંસ્કૃતનો અભ્યાસ કરવો. ઘણાંખરાં શાસ્ત્રો મૂળ સંસ્કૃતમાં છે. માટે તે સમજવામાં ઠીક પડે. પરમકૃપાળુદેવનાં વચનો પણ વિશેષ સમજાય. એક વચનમાં અનંત આગમ રહ્યાં છે, તે સમજવા માટે અભ્યાસ કરવાનો છે. કૃપાળુદેવે પ્રભુશ્રીજીને વૃદ્ધાવસ્થામાં પણ સંસ્કૃતનો અભ્યાસ કરવા જણાવેલું.

*

(એક મુમુક્ષુભાઈ ચીકુ, રાયણ વગેરે ન ખાવાની પ્રતિજ્ઞા લેવા આવ્યા હતા તે પ્રસંગે)

પૂજ્યશ્રી—જેમાંથી દૂધ નીકળે તે બધા અભક્ષ્ય છે. ખાવા જેવાં નથી. અનંતકાય છે. ચીકુ, રાયણ, પપૈયા વગેરે બધાં એવાં જ છે. કાજુ પણ ખાવા યોગ્ય નથી, એ પણ એવા જ પ્રકારના છે.

૧૦ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર સુદ ૧૪, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—મનનો વિશ્વાસ રાખવા જેવો નથી. એને નવરું ન મૂકવું. નવરું મૂક્યું તો કંઈનું કંઈ કરી બેસે. માટે એને હંમેશાં કામ સોંપવું. વાંચવું, વિચારવું, શીખવું અને જીવન નિયમિત કરી લેવું. નિમિત્ત સારાં રાખવાં કે જેથી ભાવ સારા રહે.

બધી ઇન્દ્રિયોમાં રસેન્દ્રિય બળવાન છે. એને પોષણ મળે ત્યારે બધી ઇન્દ્રિયોને પોષણ મળે છે. જેમ વૃક્ષને મૂળથી પાણી મળે છે તેમ. બધાથી છૂટવું છે. ક્યાંય પણ રાગ કે આસક્તિ કરવી નથી. વચનનો પણ સંયમ રાખવો. જરૂર પડે તો જ બોલવું. નહીં તો સ્મરણ, વાંચન, સદ્‌ભાવના, ભક્તિમાં રહેવું. વચન બોલવાથી અને સાંભળવાથી આત્મા પર સંસ્કાર પડે છે માટે એની બહુ જ સાવચેતી રાખવી કે જેથી ખરાબ સંસ્કાર ન પડે.

આખા સંસારમાં મુખ્ય વસ્તુ ભોગ છે અને તે જેને નથી જોઈતો, તેને પછી બધું સહેજે પરમાર્થમાં મદદરૂપ થાય છે. આખું જગત ભોગમાં પડ્યું છે. એને અર્થે પૈસા એકઠા કરે, પાપ કરે, ન કરવા યોગ્ય કામ પણ કરે. પણ જેને સંસારનું મૂળ કારણ એવો આ ભોગ નથી જોઈતો તેને તો બીજું સહેજે છૂટી જાય છે. પણ એ બનવું બહુ વિકટ છે, કારણ અનાદિકાળના સંસ્કાર સ્પર્શેન્દ્રિયના, ઠેઠ એકેન્દ્રિયથી જ એની કેડે લાગેલા છે. એને છોડવા માટે વિકટ-સતત

પુરુષાર્થની જરૂર છે. સારાં નિમિત્તોમાં રહી ઉપયોગપૂર્વક વર્તે તો કામ થઈ જાય એવું છે. આળસ અને પ્રમાદ આ જીવના અનાદિકાળના શત્રુ છે. માટે એને વશ ન થવું. તપાસી તપાસીને એને કાઢી મૂકવા છે, એવો દૃઢ નિશ્ચય કરી લેવો.

હવે તો છૂટવું જ છે, કંઈ ગ્રહણ કરવું નથી. મૂકવું, મૂકવું અને મૂકવું જ છે. દેહભાવ જીવને અનાદિકાળથી દૃઢ થઈ ગયો છે, એટલે બીજાના દેહ પ્રત્યે પણ દૃષ્ટિ જાય છે. માટે 'હું દેહ નથી, દેહાદિ કોઈ વસ્તુ મારી નથી' એવો દૃઢ અભ્યાસ કરવાની જરૂર છે. હંમેશાં 'હું દેહ નથી' એવો ઉપયોગ રાખવો. 'હું જ્ઞાનીએ જાણ્યો એવો આત્મા છું.'

જીવ ધારે તે કરી શકે છે. પુરુષાર્થ કરે તો બધું થાય. આપણે વિચાર કરીએ કે આ મન મારું વ્હાલું કેમ વશ થાય? પણ જો પુરુષાર્થ કરીએ તો એ જ મન બરાબર વશ થાય છે અને એને આપણે જેમ વાળવું હોય તેમ વળે છે. માટે સતત પુરુષાર્થની જરૂર છે. પ્રમાદ કર્ત્તવ્ય નથી.

*

(બપોરના)

પૂજ્યશ્રી–ઇચ્છા નિરોધ કરવા માટે તપ કરવું છે.

મુમુક્ષુ–આયંબિલ શા માટે કરવાનું કહે છે?

પૂજ્યશ્રી–રસ ઘટાડવા માટે, ઇચ્છા મટાડવા અને ઇન્દ્રિયોને નિગ્રહ કરવા માટે તપ કરવાનું છે. આયંબિલથી શરીર અને આત્મા બન્નેને લાભ થાય છે. શ્રીપાલ રાજાનો કોઢ મટી ગયો હતો. આયંબિલથી શાતાનો ઉદય થાય, અશાતા મટે તો ભક્તિ થાય. નહીં તો અશાતામાં ખાટલામાં પડ્યા રહેવું પડે છે. ભક્તિ થાય એટલા માટે કરવાનું છે. આત્મા તરફ વૃત્તિ રાખવાની છે. જગતને ભૂલી જવું.

સરળતા એ મુખ્ય છે. મૂળ વસ્તુ સમજવી છે એવો લક્ષ રાખવો. મંત્ર ન ભૂલવો. જગતરૂપ ભૂત એનાથી દૂર થાય છે. લૌકિક ભાવ નથી રાખવો. આત્મા પર વધારે લક્ષ રાખવો. એ આત્મા સ્પષ્ટ થાય એવો લક્ષ રાખવો. જેને જેની ગરજ જાગશે તેનું ત્યારે માહાત્મ્ય લાગશે. સાચી વસ્તુ સરળ ભાષામાં હશે તો જરૂર અસર કરશે. કૃપાળુદેવે 'આત્મસિદ્ધિ' કેટલી સરળ ભાષામાં લખી છે. હરિભદ્રાચાર્યે 'દશવૈકાલિક' સૂત્રની પહેલી ગાથા ઉપર ટીકા એટલે નિર્યુક્તિ લખી છે. તે પહેલી ગાથા ઉપર પચાસ પાના લખ્યાં છે. પણ હમણાં એટલું લાંબું આજના બાળજીવો સમજી ન શકે. લૌકિક ભાવમાં ન જવું, નહીં તો જગતનું ભૂત વળગી જાય તો પાર ન આવે. જગતને ભૂલી જવું. મારે મૂળ વસ્તુ સમજવી છે એવો લક્ષ રાખવો.

મુમુક્ષુ–પ્રભુ, જગતનું ભૂત તો અહીંથી બહાર ગયા કે તરત જ વળગી જાય છે.

પૂજ્યશ્રી–સ્મરણ ન ભૂલવું. એ મંત્ર, ભૂત ન વળગવાનો ઉપાય છે. એક આત્મા ઉપર જ વધારે લક્ષ રાખવો.

મુમુક્ષુ–નિર્યુક્તિ એટલે શું?

પૂજ્યશ્રી–ટીકા. સૂત્રના અર્થ વિસ્તાર સહિત સમજાય તેવી યોજના. યુક્તિ, અનુમાન,

દૃષ્ટાંતાદિકથી સમજાય એવું કરવું તે નિર્યુક્તિ. હરિભદ્રાચાર્યે દશવૈકાલિક સૂત્ર ઉપર નિર્યુક્તિ લખી છે. કૃપાળુદેવના વચનો બહુ કિંમતી છે.

*

(સાંજના)

પૂજ્યશ્રી—વધારે દુઃખ જન્મમરણનું છે. એક શ્વાસમાં નિગોદિયા જીવ સત્તર-અઢાર વાર જન્મે ને મરે છે. દુઃખ ભોગવે છે. જન્મ કરતાં પણ મરણનું દુઃખ વધારે છે. જીવ ઊંચી ગતિમાં થોડીક વાર રહે છે; જેમ આકાશમાં પથરો ફેંકે તે આકાશમાં રહે તેટલી વાર. એકેન્દ્રિય જીવોમાં ઘણું દુઃખ છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિયના પર્યાય, જીવ ધારણ કરે છે. નારકીને પાંચ ઇન્દ્રિયો હોય છે, વિભંગ જ્ઞાન હોય છે તો પણ ઇચ્છા વધારે હોવાથી દુઃખી વધારે છે. એને કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યા હોય છે.

મુમુક્ષુ—પ્રભુ, મેં આશ્રમમાં આવવાનું શરૂ કર્યું, તે દિવસથી મારી એક ભક્તિ સિવાય કંઈ જિજ્ઞાસા નથી. મારે વૈભવ, પૈસા કંઈ ન જોઈએ. હવે એ મારી જિજ્ઞાસા વધે તેમ કરો.

પૂજ્યશ્રી—કૃપાળુદેવને શરણે રહેવું તો વધશે. જેને જેવી ભાવના હોય તેવું ફળ થાય છે. કૃપાળુદેવે લખ્યું છે કે જે સાચો ભક્ત હોય તે હરિ પ્રત્યે તૃણ સરખું પણ યાચે નહીં. જગત બધું ઝેર જેવું છે. એમાં તણાઈ ન જવું. સાચા પુરુષ જેને મળ્યા છે, તેને કશાની જરૂર નથી.

જે જીવોને કૃપાળુદેવનો રંગ લાગે તેઓને કહેવું કે તમે અગાસ જાઓ, ત્યાંથી તમને જ્ઞાનીની આજ્ઞાથી મળશે તો લાભ થશે. હું કંઈ ન જાણું.

આપણી પાસે વધારે 'તત્ત્વજ્ઞાન'નાં પુસ્તકો બીજાને દેવા માટે ન રાખવાં. કોઈ વાંચવા માંગે તો તેઓને કહેવું કે તમે વાંચીને પાછું આપજો. એમ કહેવાથી તેઓ પૂરું વાંચે અને રસ આવે. કેમકે તેઓને લાગે કે પુસ્તક પાછું આપવાનું છે, એટલે પૂરું વાંચું. અને જો મફતમાં મળે તો એમ જાણે કે આપણે ઘેર જ છે ને. આપણે પછી વાંચીશું. પછી તે પૂરું વાંચેય નહીં.

કૃપાળુદેવની શ્રદ્ધા રાખવી. મરતાં સુધી એને શરણે રહેવું. ''ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક.'' હું કંઈ ન જાણું એમ રાખવું.

એક ભાઈ—મારે ઘેર ઋષભદેવ અને કૃપાળુદેવના ચિત્રપટ રાખ્યા છે. સવારમાં પાંચ વાગે ઊઠીને પહેલાં ગુરુભક્તિ કરું છું, પછી ઋષભદેવના ચિત્રપટ આગળ સ્તવનાદિ દેવભક્તિ કરું છું. એમાં કંઈ વાંધો તો નહીં?

પૂજ્યશ્રી—કશો ભેદ ન રાખવો. એક જ છે. કૃપાળુદેવે લખ્યું છે કે વીતરાગમાં અને અમારામાં કશો ભેદ ન રાખશો. આત્માની અનંત શક્તિઓ છે. પ. પૂ. પ્રભુશ્રીજીએ કૃપા કરીને આ ભક્તિનો ક્રમ યોજ્યો છે. તે રોજ કરવો. સ્વચ્છંદે કરવો નહીં. એથી લાભ નથી. કોઈને 'તત્ત્વજ્ઞાન' ન આપવું. તેઓને કહેવું કે અગાસ જાઓ, ત્યાં જ્ઞાનીની આજ્ઞાથી અપાય છે. તમને વધારે લાભ થશે. ભક્તિ તો ઉત્તમ છે. બીજી ઇચ્છા ન કરતાં ''પરમશાંતિપદને ઇચ્છીએ એ જ આપણો સર્વસમ્મત ધર્મ છે.'' (૩૭) પ્રભુશ્રીજી કહેતા કે જેનું મહાપુણ્ય હશે તે જ આ દરવાજામાં પગ મૂકશે.

૧૧ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર સુદ ૧૫, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—ધર્મ વસ્તુ ભાગ્યશાળીને જ ગમે છે. સંસ્કાર હોય તેને ગમે. દુઃખમાં વધારે લાભ થાય છે. દુઃખ આવે ત્યારે ધર્મ સાંભરે, સ્મરણમાં ચિત્ત રહે. જીવને સત્સંગની ઘણી જરૂર છે. સત્સંગ વધારે મળે એવું કરવાની જરૂર છે. માણસનું મન સત્સંગ ન હોય ત્યારે બીજી વસ્તુમાં જઈ પડે છે. બીજા સંસ્કાર પડી જાય તો વ્રત ભંગ થાય. માટે પહેલાં આખો લાડવો મોઢામાં નહીં નાખતાં કકડા કરીને ખાવો તો નુકસાન નહીં કરે. ભાવના ઠેઠની રાખવી. મનને ફેરવવાનું છે. પીંપળપાન જેવું મન છે. મનથી કર્મ બંધાય છે. આત્મા અને દેહ જુદા દેખાય, જ્ઞાનીનું કહેલું સમજાય એટલા માટે વ્રત પાળવું છે. બ્રહ્મચર્ય વ્રત હોય તેણે બે ત્રણ દિવસ પણ અહીં રહેવું. વાંચન-ભક્તિમાં ચિત્ત રાખવું. કંઈક સમજણ આવે ત્યારે બ્રહ્મચર્યથી વધારે લાભ થાય છે.

**“પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;**
**પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.”**

કંઈ સાથે નહીં આવે. ધર્મના ભાવ કરેલા સાથે આવશે. જેમ જેમ ધર્મની ગરજ જાગશે, તેમ તેમ ધર્મ વધારે સમજાશે. જીવને સત્સંગની ખામી છે. આત્માનું કામ કરવું હોય તેને નવરાશ ક્યાં છે? આત્મા માટે જીવવું છે, એવું કરવાની જરૂર છે. કોઈ તો ગર્ભમાં આવતાં જ મરી જાય છે, કોઈ બે વર્ષનો થઈને મરી જાય છે અને કોઈ પચાસ વર્ષનો થઈને પણ મરે છે. એમ આયુષ્યનું ઠેકાણું નથી. જેટલું જીવવું છે તેટલું સારું જીવવું છે. આત્મા માટે જીવવું છે. મને સત્સંગ થાય તો સારું, એવી ગરજ રાખવી. અત્યારે દેહ છૂટે તો જીવ શું લઈ જાય? કંઈક ભક્તિ કરી હોય, વાંચન-વિચાર કર્યાં હોય, તે સાથે આવે. પૈસા-ટકા કંઈ સાથે ન આવે.

મુમુક્ષુ—નવપદજીની પૂજામાં આચાર્યપદમાં પાંચ પ્રસ્થાન આવે છે તે કયાં?

પૂજ્યશ્રી—પાંચ પ્રસ્થાન : ૧. વિદ્યાપીઠ ૨. સૌભાગ્યપીઠ ૩. લક્ષ્મીપીઠ ૪. મંત્રપીઠ ૫. સુમેરુપીઠ.

*

[૧](સાંજના)

પૂજ્યશ્રી—મનુષ્યભવમાં ખાઈએ, લહેર કરીએ એવું ન કરવું. ધર્મથી આત્માનું હિત થાય છે. દેવગતિમાં દેવ ઘણા છે, પણ સમકિતી થોડા છે. હલકા દેવો તો કષાયમાં પ્રવર્તે છે. સમ્યક્ત્વી મંદ કષાયવાળા છે. ઉપરના દેવોમાં મંદ કષાય છે. દ્વેષ ઓછો, પણ રાગ વધારે છે. સર્વાર્થસિદ્ધિના તો મનુષ્યભવમાં આવી મોક્ષે જાય છે. કષાય ઓછો તેટલો દુઃખી થોડો. જેટલો કષાય તેટલું દુઃખ છે. સમ્યગ્દર્શન ત્યારે થાય કે જ્યારે દર્શનમોહ ઉપશમે, ક્ષય થાય કે ક્ષયોપશમ થાય. દેવતાઓમાં એટલું સુખ હોય છે, છતાં પણ તૃપ્તિ નથી. જગતમાં ઇચ્છા છે તેટલું દુઃખ છે. જેટલી ઇચ્છા ઓછી, તેટલો ઓછો દુઃખી.

૧. અહીંથી આંક—૧૬ સુધી મોક્ષમાર્ગ પ્રકાશક (ગુજરાતી)નાં પૃષ્ઠ ૭૩થી૮૯ સુધીના વાંચન પર કરેલું વિવેચન.

"હે જીવ, ક્યા ઇચ્છત હવે? હૈ ઇચ્છા દુઃખમૂલ;
જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ."

દેવતા પણ દુઃખી છે. દુઃખ એટલે મનમાં આકુળતા. એ થવાનું કારણ ઇચ્છા છે. પાંચ ઇન્દ્રિયોના વિષયોની ઇચ્છા સંસારી જીવને થાય છે. એક તો વિષયનું દુઃખ છે અને એક કષાયને લઈને ઇચ્છા થાય છે તેથી દુઃખી થાય છે. કોઈને મારવાનું મન થયું પણ મરાય નહીં, ત્યાં સુધી વ્યાકુળતા થાય.

મુમુક્ષુ—ઈર્ષા એ ક્રોધમાં ગણાય?

પૂજ્યશ્રી—નો-કષાય છે.

વિષય, કષાય, પાપનો ઉદય એ ઇચ્છા થવાનાં કારણો છે. પાપને લઈને પીડા થાય તે મટાડવાની ઇચ્છા, તે પાપનો ઉદય. ભૂખ એય પાપનો ઉદય છે. જીવ ઇચ્છા વગર રહેતો નથી. એક મટે તો બીજી. જેટલી ઇચ્છા થાય તેટલી પૂરી થાય એવું તો કંઈ ન હોય. પુણ્યવાન પણ સુખી નથી. વધારે ઇચ્છા થાય તો દુઃખી જ કહેવાય. લાખ હોય અને બે લાખ કરવાની ઇચ્છા થાય તો દુઃખી જ છે. વધારે ઇચ્છાવાન વધારે દુઃખી. ઓછો ઇચ્છાવાન તેટલો સુખી. [૧]સુભૂમ ચક્રવર્તીને છ ખંડ હતા પણ બાર ખંડ જીતવાની ઇચ્છા હતી, તેથી સુખી ન કહેવાય. મિથ્યાત્વ, અજ્ઞાન અને અસંયમ એ ઇચ્છા થવાનાં કારણો છે. દુઃખી ન થવું હોય તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્સંયમ કરવો, તો ઇચ્છા મટી સુખ થાય. સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું. સમજણ ફરે તો ઇચ્છા જાય. સત્સંગ એનું કારણ છે. સત્સંગ કરે અને ઇચ્છા રોકે તો સુખી થાય. મોહનો ક્ષય કરે ત્યારે સાચું સુખ પ્રગટે. અરિહંત થાય ત્યારપછી અઘાતીકર્મ પણ ક્ષય થાય ત્યારે સંપૂર્ણ સુખી થાય.

૧૨ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૧, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—મોહનો ક્ષય થવાથી ઇચ્છા ઉત્પન્ન થતી નથી. ઇન્દ્રિયોથી અધૂરું જ્ઞાન થાય છે. પણ આત્માથી તો સ્પષ્ટ જ્ઞાન થાય છે. આત્મા ઉપર આવરણ આવે ત્યારે ઇન્દ્રિયોથી જાણે છે. જેવો અભ્યાસ હોય તેવાં સ્વપ્નાં પણ આવે છે. વ્યાકુળતા એ દુઃખ છે. વ્યાકુળતાનું કારણ ઇચ્છા છે અને મોહને લઈને ઇચ્છા થાય છે. તેનો અભાવ થાય તેથી સુખી થાય છે. સંસારનાં કારણો મીઠાં લાગે, મોક્ષનાં કારણો અપ્રિય લાગે અને ઊલટી માન્યતા તે મિથ્યાત્વ છે. કેવળજ્ઞાનમાં જેમ છે તેમ દેહ ને આત્મા જુદા જણાય છે. જે કરે તેનું ફળ મળે છે. મોહને લઈને દુઃખ થાય છે. એ દૂર થાય તો સુખ છે. આત્મા જ પરિપૂર્ણ સુખી છે. નિરાવરણ આત્મા થાય તો સુખી જ છે. દુઃખ દૂર કરવાનો ઉપાય સમ્યગ્દર્શન છે. બધા દુઃખોનું કારણ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર થાય તો સુખી થાય. દર્શનમોહના ઉદયથી તત્ત્વશ્રદ્ધા ન હોય અથવા અશ્રદ્ધાન હોય તે મિથ્યાત્વ છે. જેની આપણે ઓળખાણ કરવી છે, તે છ દ્રવ્ય તદ્ભાવ કહેવાય છે. પદાર્થનું જે સ્વરૂપ તે તત્ત્વ છે. શ્રદ્ધા કરવા યોગ્ય પદાર્થ, તેનું સ્વરૂપ તે તત્ત્વ છે. જેવું પદાર્થનું સ્વરૂપ નથી તેવું માને તે મિથ્યાત્વ છે. શ્રદ્ધાન એટલે પદાર્થ

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા શિક્ષાપાઠ ૨૫.

એવો જ છે; છે એવો માન્યો હોય તે સત્શ્રદ્ધા છે. અને નહીં હોય એવો માને તે મિથ્યાશ્રદ્ધા છે. માન્યતા એનું નામ શ્રદ્ધા છે. મિથ્યાદૃષ્ટિને ધર્મનાં કારણો ન ગમે. વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવું ન માનવું તે મિથ્યાદર્શન છે. માને છે એ અવળું અને કહે છે કે મને બરાબર સમજાયું; એવો આગ્રહ મિથ્યાદર્શનમાં હોય છે. જાણવું, ઓછું જાણવું અથવા ન જાણવું તે ક્ષયોપશમ અનુસાર હોય છે. પ્રયોજનભૂત વસ્તુને અવળી માને તો ગાંડો કહેવાય. જે પ્રયોજનભૂત નથી તેને ન જાણે; તેથી મોક્ષ ન થાય એમ નથી અથવા જાણે તો પણ મોક્ષ તેનાથી થાય એમ નથી. પ્રયોજનભૂત જ્ઞાનમાં જેટલી હીનતા, અધિકતા થાય તે પ્રમાણે બગાડ સુધાર થાય છે. પ્રયોજનભૂતને ન જાણે તે સંસારનું કારણ છે અને પ્રયોજનભૂતને યથાર્થ જાણે તો મોક્ષ થાય. સમ્યગ્દર્શન થાય ત્યારે સુખી થાય છે. દ્રવ્યલિંગી મુનિ અગિયાર અંગ ભણે તો પણ સમ્યગ્દર્શન ન હોય. તિર્યંચને પણ શ્રદ્ધા થાય છે, તેથી સમ્યગ્દર્શન તેને થાય છે. જ્ઞાનના ક્ષયોપશમથી શ્રદ્ધા થતી નથી. દર્શનમોહ હોય ત્યાં સુધી 'દેહ હું છું' એમ મનાય છે, 'દેહથી ભિન્ન છું' એવું મનાતું નથી.

દેહભાવને પોષવા માટે કંઈ ન કરવું. દેહ ભાવ છોડવાનો છે. શરીર પાસે ભક્તિનું કામ કરાવી લેવું. 'મોક્ષમાળા' મોઢે કરવા જેવી છે, મોક્ષનું બીજ છે. જગતના ભાવમાંથી વૃત્તિ ઉઠાડવી. જેને આગ્રહ હોય તેને સાચી વસ્તુ હાથ ન આવે. અંતરંગ જેનું ચોખ્ખું હોય તેને સાચી વસ્તુ પરિણમે છે અને અંતરંગ જેનું ખોટું હોય તેને સાચી વસ્તુ પણ ખોટી રીતે પરિણમે છે. આપણા ભાવ સુધારવા માટે કરવાનું છે. ખરો ત્યાગ તો અંતર્ત્યાગ છે. જે વસ્તુનો મનમાંથી ભાવ ઊઠી ગયો તેટલો ત્યાગ થયો. બાહ્યત્યાગ પણ અંતર્ત્યાગને માટે છે. જ્યાં સુધી ત્યાગ ન થાય ત્યાં સુધી ઇચ્છા રહે છે, તેથી જ્યાં જ્યાં વસ્તુઓ તૈયાર થતી હોય તે બધું પાપ આપણને લાગે. મનુષ્યભવ પણ અનંતવાર મળ્યા છતાં જન્મમરણ મટ્યાં નથી; માટે જ્ઞાનીએ કહ્યું તે સાચું માનવું, તો છુટાશે. આપણી બુદ્ધિ આગળ ન કરવી. જ્ઞાનીએ કહ્યું તે સાચું છે, એમ રાખવું. ગચ્છમતનું કારણ અજ્ઞાન છે. જ્યાં સુધી મિથ્યાત્વ, અજ્ઞાન અને અહંભાવ-મમત્વભાવ છે ત્યાં સુધી સાચું સાધુપણું ન ગણાય. વેષથી કંઈ સાધુ ગણાય નહીં. આ હુંડાવસર્પિણી કાળ છે તેથી ધર્મમાં ઘણાં વિઘ્નો આવે છે. મૂળ વસ્તુ પર જાય તેને કશો ઝઘડો નથી. જોવા જેવો તો એક આત્મા છે. પારકી પંચાતમાં પડે તો પાર ન આવે.

*

(બપોરના)

પૂજ્યશ્રી–જેવા સંસ્કાર હોય તેવાં સ્વપ્નાં આવે છે.

મુમુક્ષુ–ઊંઘ આવે ત્યારે કંઈ ખબર રહેતી નથી. ત્યારે આત્મા ક્યાં જતો હશે?

પૂજ્યશ્રી–આત્મા શરીરમાં રહે છે, ક્યાંય જતો નથી. આવરણ આવે છે, તેથી ખબર નથી રહેતી. ઊંઘ એ સર્વઘાતી પ્રકૃતિ છે. તેથી આત્મા અવરાય છે.

*

(સાંજના)

મુમુક્ષુ—પચખાણ કરવાનો શો હેતુ છે?

પૂજ્યશ્રી—બાહ્યત્યાગ છે તે અંતર્ત્યાગ થવાને અર્થે છે. પચખાણ જ્યાં સુધી ન હોય ત્યાં સુધી વસ્તુની ઇચ્છા રહે છે. તેથી જ્યાં જ્યાં તે વસ્તુ તૈયાર થતી હોય તે બધું પાપ એને લાગે છે. કારણકે ઇચ્છાનો ત્યાગ કર્યો નથી. જેટલી વસ્તુના ત્યાગનો સંકલ્પ કરે તેટલું બંધન ઓછું થાય.

મુમુક્ષુ—હમણાંના અમારા સ્થાનકવાસી સાધુઓ છે, તેઓ વર્તમાનમાં બત્રીસ સૂત્રોને જ માને છે, તેમાં પણ 'ચેઈયાણં' શબ્દ આવે છે, તેનો અર્થ ફેરવી નાંખે છે.

પૂજ્યશ્રી—આ હુંડાવસર્પિણી કાળ છે, તેથી ઘણા વિઘ્નો આવે છે. (પછી પૂજ્યશ્રીએ પત્રાંક ૭૫૪ વંચાવ્યો હતો).

૧૩ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૨, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—"કળિયુગ છે માટે ક્ષણ વાર પણ વસ્તુ વિચાર વિના ન રહેવું, એમ મહાત્માઓની શિક્ષા છે." (૨૫૪) વસ્તુ વિચાર એટલે શું? (પછી હાથનોંધ—૩/૧૧ વંચાવ્યો હતો). ઇન્દ્રિયજનિત સુખ તે સુખ નથી, પણ દુઃખ જ છે.

*

(સાંજના)

પૂજ્યશ્રી—પ્રયોજનભૂત તત્ત્વો એટલે મોક્ષે જવા માટે જે યોગ્ય તત્ત્વો તે. બધાય જીવો મને સુખ થાઓ, દુઃખ ન થાઓ એમ જીવ માત્ર સુખને ઇચ્છે છે. દુઃખ જાય તો સુખ થાય અને સુખ જાય તો દુઃખ થાય. બેયનો અભાવ થાય તે મોક્ષ. દુઃખ જવા માટે જીવાદિ તત્ત્વોની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન સુખનું કારણ છે. હું કોણ છું? શરીર કોણ છે? એ ભેદ પાડે તો સુખ થાય. આત્માને જન્મમરણાદિનું દુઃખ લાગતું નથી. દેહ અને આત્મા એક છે એમ જાણી, ઉપરથી શરીરનો ઉપચાર કરે તેથી દુઃખ દૂર ન થાય. આત્માનું દુઃખ જન્મજરામરણ મટે તો જાય. આત્માથી ભિન્ન એવા દેહ, ઘરને પોતાનું માને છે, તેથી દુઃખ થાય છે. હું કોણ છું? અને આ અન્ય કોણ છે? એ બેયનું જ્ઞાન યથાર્થ થાય ત્યારે દુઃખ દૂર થાય. બેય લક્ષણપણે જુદા છે.

**"દેહ માત્ર સંયોગ છે, વળી જડ રૂપી દૃશ્ય;**
**ચેતનના ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય?"**

દેહ પરમાણુઓથી થયો છે, જડ છે અને દૃશ્ય છે. આત્માનાં એનાથી ઊલટાં લક્ષણ છે. દેહ મડદું છે. એ ન જાણે. આત્મા એને ફેરવે ત્યારે ફરે.

**"દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રી પ્રાણ;**
**આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ."**

આત્મા હોય તો હાલીચાલી શકે. જેમ સર્પની કાંચળીમાં સર્પ હોય ત્યાં સુધી તે સર્પની સમાન ક્રીડા કરે છે; તેમ આ દેહ છે. પણ દેહમાંથી જીવ નીકળ્યો તો કંઈ ન થાય. 'દેહ તે હું' એ ભૂલ છે. દેહ અજીવ વસ્તુ છે.

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ. મૂળ૦"**

આત્મા ચેતન વસ્તુ છે, દેહથી ભિન્ન છે. બેય પદાર્થ જુદા છે. બેયનું ભિન્નપણું ભાસે તો એને લાગે કે દેહ ભિન્ન છે. જીવ ભૂલે છે કે હું દેહથી જોઉં છું. દેહ અને આત્મા એક જ માને છે. દેખાય છે તે બધું જુદું છે. એક પુદ્ગલ છે, બીજું ચેતન છે. અજીવ, જીવને જાણતો નથી. દેહથી દુઃખ ન માનવું. દેહથી ભિન્ન છે. શરીરના દુઃખે જીવ દુઃખી નથી. સુખદુઃખ કલ્પના છે. માત્ર નિર્વિકલ્પ દ્રષ્ટા છું. જ્ઞાનીએ કલ્પના કરવાની ના કહી છે.

કર્મથી દુઃખી થાય છે. કર્મ આવવાનાં કારણો પાંચ આસ્રવ છે– (૧) પાંચ પ્રકારના મિથ્યાત્વ (૨) દ્વાદશ અવિરતિ (૩) પંદર ભેદે પ્રમાદ (૪) ષોડશકષાય અને નવ નોકષાય (૫) પંચદશ યોગ. જીવ ભ્રાંતિને લઈને દુઃખી થાય છે, તેથી કર્મ બંધાય છે. મિથ્યાત્વ જાય એવી દવા જીવ કરતો નથી. બીજી દવા કરે છે. મિથ્યાત્વાદિ દૂર ન થાય તો કર્મબંધ થાય અને તેથી દુઃખ થાય. દેહને આત્મા માને એ જ મિથ્યાત્વ અને એ જ દુઃખનું કારણ છે. દેહને દેહ અને આત્માને આત્મા જાણે તો કર્મ ન બંધાય, તેથી દુઃખ ન થાય. કર્મ કેમ આવે છે તે જાણવું જોઈએ. કર્મ આવે તેને રોકે તો કર્મ ન બંધાય તેથી દુઃખી ન થાય. આસ્રવનું સ્વરૂપ ન જાણે તો સંવર ન થાય. આસ્રવ થવાનું કારણ મિથ્યાત્વ છે. દેહને દેહ જાણે તો આસ્રવ રોકાય. પાંચ આસ્રવમાં મિથ્યાત્વ મોટું છે. એ જાય તો બીજા ચારેય જાય. દેહમાં રહેલો જીવ જુદો છે એમ ભાસ્યા કરે એવું કરવાની જરૂર છે. કરવા માંડે તો થાય. જાણનારો આત્મા છે. દેખાય તે હું નહીં. થોડાં થોડાં કર્મ છૂટે તે નિર્જરા છે. નિર્જરાનું સ્વરૂપ ન જાણે તો કર્મ ન છૂટે. મોક્ષે જવું હોય તેણે નવે તત્ત્વો જાણવાં જોઈએ. મોક્ષનું સ્વરૂપ ન જાણે તો ઉપાય પણ ન કરે. મોક્ષ ન થાય તો સંસારમાં દુઃખ સહન કરે.

પ્રયોજનભૂત એ સાતે તત્ત્વો જાણવાં જેવાં છે. આત્મા સર્વથી ભિન્ન છે, અસંગ છે. સાત તત્ત્વો જાણે તો ત્યાગવા યોગ્ય ત્યાગે અને ગ્રહણ કરવા યોગ્ય ગ્રહણ કરે. સાત તત્ત્વ જાણે, મોઢે કરે પણ પ્રતીતિ ન આવે તો કંઈ ન થાય. સાત તત્ત્વો બોલે પણ પાછી શ્રદ્ધા ન કરે. સાત તત્ત્વની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. શ્રદ્ધા થાય તો ફળ છે. તે પ્રમાણે તે વર્તવા લાગે. શ્રદ્ધા તો છે 'દેહ તે હું'. એ ઊંધી શ્રદ્ધા છે, તે મિથ્યાત્વ છે. દેહથી જુદો જીવ છે, એમ અજીવને ભિન્ન જાણે; તેથી સમ્યગ્દર્શન થાય અને તેથી મોક્ષ થાય છે. બીજા તત્ત્વો ન જાણે તો કંઈ નહીં પણ પ્રયોજનભૂત તત્ત્વો જાણવાં જોઈએ. આની શ્રદ્ધા થાય તો સુખ થાય. જ્યાં સુધી એની શ્રદ્ધા યથાર્થ ન થાય ત્યાં સુધી દુઃખી છે. નવ પદાર્થમાં બધું આવી ગયું. જીવ અને અજીવમાં સાતે તત્ત્વો સમાય છે.

જેથી રાગ-દ્વેષ દૂર થાય એવું જાણવાની જરૂર છે. મિથ્યાદર્શન હોય તો શ્રદ્ધા ન થાય. રાગ-દ્વેષ દૂર કરવા જીવ અને અજીવ એ બેની શ્રદ્ધા કરવાની છે. એની જો શ્રદ્ધા હોય તો દુઃખ ન થાય. જીવ ચૈતન્ય છે. એ મુખ્ય છે. હું સ્ત્રી, હું પુત્ર, હું નાનો, હું મોટો એ બધું રાગ-દ્વેષ થવાનું કારણ છે. હું ચૈતન્ય છું, દેહથી ભિન્ન છું એમ જાણવું પ્રયોજનભૂત છે. મિથ્યાત્વ કેવું છે? એ જાણે તો છૂટે. સંસારમાં જીવ ઘણા દેહ ધારણ કરે છે. શરીરમાં જીવ છે, એને બધી પુદ્ગલની વર્ગણા વળગી છે તેથી આ મનુષ્ય પર્યાય થયો છે. પણ હું મનુષ્ય નહીં. તેમાં રહેલો તે 'હું' છું. ઘણા દેહ

જીવે ધારણ કર્યા છે. એવો આ મનુષ્યદેહ પણ ધારણ કર્યો છે. અહંભાવ, મમત્વભાવ તે મોટું મિથ્યાત્વ છે. અહંભાવ એટલે હું દેહ છું. અને એ મારો છે, એ મમત્વભાવ. દેહ તે 'હું' એ મિથ્યાત્વ છે. દેહમાં જે ચેતન છે તેને દેહ માને તે મિથ્યાત્વ છે. વિભાવ, સ્પર્શ રસાદિને પોતાના માને તે મિથ્યાત્વ છે. પુદ્‌ગલની અવસ્થાને પોતાની માને તે મિથ્યાત્વ છે. શરીર તે હું, વિભાવ, પુદ્‌ગલ, વર્ણ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ તેને પોતાનાં માને છે, તેમાં મમત્વબુદ્ધિ છે. શરીરને પોતાનું માને છે. ક્રોધાદિક વિભાવભાવ થાય તે ભાવકર્મ છે.

**''ભાવકર્મ નિજ કલ્પના, માટે ચેતનરૂપ;**
**જીવવીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધૂપ.''**

એ છોડવા જેવાં છે, એ આત્માનો સ્વભાવ નથી. વિભાવ એ મારો સ્વભાવ નહીં. પોતાનો સ્વભાવ જ્ઞાનદર્શન છે. પાંચ ઇન્દ્રિયો અને મન એ પર છે, પુદ્‌ગલ છે. પુદ્‌ગલમય પોતે બનીને તેને પોતાનું માને છે. એ બધાથી જુદું પાડવાનું છે. એ તો સાધન છે. એથી આત્મા જુદો છે. જીવ બોલવા ઇચ્છે, ત્યારે વીર્ય સ્ફુરે છે, તેથી બોલાય છે. જીવ પુદ્‌ગલવર્ગણાને હલાવે છે. યોગ અને ઉપયોગ એ બે જીવને આધીન છે. શરીરની ક્રિયાને 'હું કરું છું,' એમ માને છે. વિભાવરૂપ ઉપયોગ તે વિભાવ છે. ઇચ્છા છે તે ભાવકર્મ છે. તે અરૂપી છે.

શરીરની ચેષ્ટાને 'હું' કરું છું એમ માને છે. શરીર ઉપર જે મોહ છે તેને લઈને સુખ માને છે. શરીરનો મોહ ઓછો થાય તો દુઃખ ઓછું લાગે. જીવ શરીરને થાય તેને પોતાનું માને છે કે મને તાવ આવ્યો, હું ઠંડો થયો. શરીરમાં પરમાણુ વધારે થાય તો જાડો થાય છે; થોડાં હોય તો પાતળો થાય. શરીર પ્રમાણ આત્મા રહે છે. શરીર કપાય, અંગહીન થાય ત્યારે પ્રદેશ સંકોચાઈ જાય છે. આત્મા બ્રાહ્મણ, વાણિયો કંઈ નથી. શરીરની અપેક્ષાએ છે. 'હું મનુષ્ય છું,' એમ માને તે મિથ્યાત્વ છે. શરીરના ભેદને આત્મા માને તે મિથ્યાત્વ છે. બધાથી છૂટવાનું છે. એ સમજાય તો છૂટે. આત્મા જન્મતો નથી, મરતો નથી. જેવો છે તેવો છે. પણ જીવ હું મર્યો, હું ઊપજ્યો, એમ માને છે. શરીરના વ્યવહારને પોતાનાં માને છે. જેમ કાકા, પિતા, માતા, પુત્ર, મિત્રને પોતાનાં માને છે. આખો વ્યવહાર શરીરને આધારે છે. એ બધાથી છૂટવાનું છે. શરીર તે હું નહીં એમ માનવું. શરીરના સંબંધ તે મારા નહીં. શરીરથી હું ન્યારો છું એમ કરવાનું છે. શરીર સાથે લેવા દેવા નથી. હું તો અસંગ સ્વરૂપ છું એમ કરવાનું છે.

સભામંડપમાં કે અહીં જે કંઈ સાંભળ્યું હોય તેનો વિચાર કરવો. વિચારવું કે એમાં શું આવ્યું? આપણે શું કરવાનું છે? એમ વિચાર કરે તો ઠરે. નહીં તો આ કાને સાંભળ્યું અને આ કાને કાઢ્યું એમ થાય.

મુમુક્ષુ—આશ્રમનું પાણી રોગ કરવાવાળું છે.

પૂજ્યશ્રી—જેને શાતાનો ઉદય હોય તેને દવારૂપ થાય અને અશાતાનો ઉદય હોય તેની તબિયત બગડી જાય. કર્મના ઉપર વાત છે.

૧૪ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૩, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–મિથ્યાત્વનું સ્વરૂપ કહે છે. મિથ્યાત્વ જાણે તો ટળે તેથી તેનું સ્વરૂપ કહે છે. સંસારી જીવો અનાદિકાળથી અનેક દેહ ધારણ કરે છે. પહેલાં કર્મ બાંધ્યાં હોય તે ભોગવવા માટે દેહ ધારણ કરે છે. દેહ ધારણ કરવામાં બે વસ્તુ છે. એક જીવ અને બીજું પુદ્ગલ. કર્મના નિમિત્તે કર્મની વર્ગણા ગ્રહણ કરી 'તે હું છું' એમ માને છે. મિથ્યાત્વનું સ્વરૂપ 'દેહ તે હું' એ છે. આત્મા અને દેહ બે જુદા છે તેને એક માને છે, તે મિથ્યાત્વ છે. બે પદાર્થ છે, ચેતન અને શરીર. આત્મામાં વિભાવ, ક્રોધાદિક અને શરીરમાં રૂપ, રસાદિક, શરીરનો વર્ણ, હું બ્રાહ્મણ, હું વાણિયો તે હું એવા અહંભાવ અને વિભાવને તથા પોતાના શરીરના ધર્મોને પોતાના માને છે. બાળક હોય ત્યારે હું બાળક છું એમ માને છે, શરીરના ફેરફારને પોતાના માને છે, તે મિથ્યાત્વ છે. બે પદાર્થ છે તેને જુદાં માનતો નથી તે મિથ્યાત્વ છે. શરીર વધે ત્યારે પ્રદેશ ફેલાય છે અને શરીર ઘટે તો પ્રદેશ સંકોચાય છે. એમ શરીર પ્રમાણ રહે છે. શરીરની ક્રિયા અને આત્માની ક્રિયાને એક માને છે. બે દ્રવ્યો જુદાં છે પણ જુદાં માનતો નથી. સેળભેળ ખીચડો માને છે; જેમ ભાત-દાળનું ભેગું નામ ખીચડો કહે છે તેમ. આત્માનું જ્ઞાન પરવસ્તુને આધારે પ્રવર્તે છે. ઇન્દ્રિયાધીન જાણે છે, દેખે છે, ચાખે છે ઇત્યાદિ.

દ્રવ્ય મન આઠ પાંખડીનાં કમળ જેવું છે અને ભાવ મન એ આત્મા છે. જેમ દેખવાનો ઉપયોગ તે ભાવ આંખ છે અને જે બાહ્ય આંખ છે તે દ્રવ્ય આંખ છે. એમ પાંચે ઇન્દ્રિયોનું જાણવું. જડ ચેતનની ક્રિયાને એક માને છે. પોતાનું શું છે? એનો વિવેક નથી અને પરનું કેટલું છે? એનો પણ વિવેક નથી. એનું નામ મિથ્યાત્વ છે. ટાઢું, ઊનું એ પુદ્ગલના ગુણ છે અને જાણવું એ આત્માનો ગુણ છે. તેનો ભેદ નથી રહેતો તે મિથ્યાત્વ છે. મિથ્યાત્વની અવસ્થાને, પુદ્ગલની અવસ્થાને પોતાની માને છે. જે જે કુળમાં ઊપજ્યો ત્યાં ત્યાં 'હું' માને છે. શરીર છૂટે તે મરણ અને શરીર ઉત્પન્ન થાય તે જન્મ, તેને પોતાનું જન્મવું, મરવું માને છે. આત્મા શાશ્વત છે તે મનાતું નથી. પર્યાયબુદ્ધિથી હું મનુષ્ય છું, હું હાથી, હું પશુ, એમ માને છે. અંદર આત્મા છે તેનું ધ્યાન નથી. ઉપરથી શરીરને માતા, પિતા, સ્ત્રી આદિ માને છે. શરીરને આધારે બધો સંસાર છે. આત્મા જે મુખ્ય વસ્તુ છે તે પડી રહે છે. બેય દ્રવ્ય જુદાં છે તેનું ભાન નથી. દેહ ન જાણે, ઇન્દ્રિયો ન જાણે, આત્મા જાણનારો છે. તે દેહથી ભિન્ન છે, તે જાણે છે. તેમ છતાં 'હું જાણું છું' એમ માને છે. શરીર છે તે દેખાય છે તેને હુંપણે માને છે. જે દેખાતો નથી એવો અરૂપી આત્મા તેનું સ્વરૂપ ભાસતું નથી. આત્મા અરૂપી છે તેનું ભાન નથી, તેની જગ્યા શરીરે લીધી છે. તેથી હું શરીર છું એમ થયું છે. મનુષ્ય પર્યાય છે તે જ 'હું' એમ થઈ ગયું છે.

આત્મા અને દેહને એક ક્ષેત્રાવગાહી સંબંધ છે. જીવ પોતાને ભૂલી જાય છે. બેય પદાર્થ જુદા છે અને જુદાં કામ કરે છે. આત્મા તો જાણનારો છે. છતાં મિથ્યાત્વને આડે વિચાર જ નથી આવતો. વૃત્તિ ત્યાં નથી જતી. મિથ્યાત્વ મંદ થાય અને સત્સંગ થાય ત્યારે, 'મારું શું? બીજાનું કેટલું?' તે જણાય છે. મિથ્યાદર્શન અવળી સમજણ છે. જે પ્રત્યક્ષ જુદા દેખાય છે; કાકા, પિતા,

છતાં પોતાના માને છે. શરીર નાશ પામવાનું છે તો પણ મરણનો ભય લાગતો નથી. શરીર જે અનિત્ય છે તે અનિત્ય સમજાતું નથી. તેનું કારણ મિથ્યાદર્શન છે. પ્રત્યક્ષ મરતાં જુએ છે તો પણ વિચાર નથી આવતો. કર્મ બંધાય એવા કારણોમાં રાગ થતો હોય તો તેને સુખનાં કારણ માને છે. પૈસા કમાવા જાય તેમાં શરીરને દુઃખ થાય, પરિશ્રમ કરે તોય તેને સુખ માને છે. મિથ્યાદર્શને અવળી સમજણ કરી છે. જીવ-અજીવ ભિન્ન ન લાગે તે અયથાર્થ જ્ઞાન છે અને તેવી શ્રદ્ધા પણ અયથાર્થ છે. જીવ યથાર્થ નથી જાણતો. ઊંધું માને છે. સેળભેળ માને છે. ક્રોધ કરવાનો મારે સ્વભાવ પડી ગયો છે, એમ માને છે. કર્મને લઈને ભાવ થયા તે પોતાનો સ્વભાવ નથી. દર્શન, જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે, અને કર્મનો આસ્રવ છે તે પુદ્‌ગલનો સ્વભાવ છે. તે અચેતન છે. આત્માને આધારે બધું થાય છે. સ્વભાવને સ્વભાવ અને વિભાવને વિભાવ માનતો નથી. મિથ્યાદર્શન બધે નડે છે. એને લઈને એ ભિન્ન ભાસે એવા વિચાર થતા નથી. મિથ્યાદર્શનના બળથી ભિન્ન ભાવ ભાસવાના કારણરૂપ વિચાર આવતા નથી. એથી મને કર્મબંધન થશે એમ સમજાતું નથી. દૃષ્ટિ બાહ્ય છે. તેથી પોતાના ભાવ સુધરે છે કે નહીં? તે જાણતો નથી. બધા દુઃખનું કારણ મિથ્યાત્વ અને કષાય છે.

પોતાને ક્રોધ થયો હોય તેથી પોતાને દુઃખી નથી માનતો, પણ એમ માને છે કે મને એણે ગાળો ભાંડી છે તેથી દુઃખી છું. આવા ભાવ કરું છું એનું ફળ શું આવશે? એ ભાસતું નથી. કષાયની તીવ્રતા હોય તેથી નરકમાં જાય છે અને મંદ કષાય થાય તો દેવલોક પામે છે. ત્યાં પણ એટલે દેવલોકમાં પણ વ્યાકુળતા છે તે ભાસતી નથી. જે ભાવોનું જેવું ફળ છે તે ભાવોનું તેવું ફળ જાણે, તેવું સ્વરૂપ જાણે તો ન બંધાય. કર્મના આવવા રૂપ જે આસ્રવ તેની શ્રદ્ધા નથી. કર્મને લઈને દુઃખી થાઉં છું એમ માનતો નથી. એક વખતે જે કર્મ આવ્યાં તે આઠે ભાગમાં વહેંચાય છે. એને પ્રકૃતિબંધ કહે છે. કર્મ છે તે આપણી આંખોથી ન દેખાય. કેવળી જાણે છે. એ સૂક્ષ્મ છે. બંધ તત્ત્વની શ્રદ્ધા નહીં હોવાથી મિથ્યાશ્રદ્ધા છે. આસ્રવ ન જાણે તો સંવર ખબર ન પડે. જીવે કર્મ રોકાય એવું કર્યું નથી, કરતો નથી. આસ્રવથી દુઃખ થાય છે એની ખબર નથી અને સંવરથી સુખ થાય છે એની પણ ખબર નથી. તેથી બીજા ઉપાય સુખ થવાના કરે છે. પણ તેથી સુખ ન થાય. જીવ તપ કરે ત્યારે વેદનીયને લીધે ભૂખ લાગે, તે કર્મ વહેલું જતું રહે છે. મુનિ જ્યારે નિશ્ચય કરે કે આજ મારે આખી રાત કે દિવસ પ્રતિમાની પેઠે ઊભા રહેવું છે, ત્યારે જે કર્મ પહેલાં બાંધેલાં હોય તે વહેલાં ઉદયમાં આવે તેથી ઉપસર્ગ આદિ આવે છે. તે ઉદીરણા છે.

મુમુક્ષુ— **"ગઈ વસ્તુ સોચે નહીં, આગમ વાંછા નાંહિ;**
**વર્તમાન વર્તે સદા, તે જ્ઞાની જગ માંહિ."** એટલે શું?

પૂજ્યશ્રી—જે વસ્તુ ગઈ તેને માટે શોક ન કરે. ભૂલ થઈ તે થઈ, પણ હવે ન થવા દેવી એમ રાખે. આગળ ઉપર એ મળે તો સારું, એમ ઇચ્છા ન કરે અને વર્તમાનમાં સમભાવ રાખે તે જ્ઞાની છે.

૧૫ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૪, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—સત્પુરુષના બોધે જીવને સમજાય કે 'કર્મ આવે છે.' સત્પુરુષનો બોધ એ

દર્શનમોહ હણવાનો ઉપાય છે.

**“કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;**
**હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ.”**

અહિતકારી વસ્તુ અહિતકારી લાગતી નથી, તેથી છોડવાના ભાવ થતા નથી. આસ્રવ થશે તે મને ભોગવવા પડશે એમ લાગે તો આસ્રવ ન થવા દે. નવાં કર્મ ન આવે એવું તો સમ્યગ્દર્શન થાય ત્યારે થાય છે. કર્મ ન આવે એવો ભાવ થયો નથી. સમ્યગ્દર્શનથી સંવર થાય છે. બંધવૃત્તિઓને ઉપશમાવે તેનું નામ સંવર છે. બંધવૃત્તિઓ ખોટી છે એવું જીવને ભાન નથી, તેથી રોકતો નથી. દુઃખ થાય છે એનું કારણ કર્મ છે. તે મટવાનો ઉપાય કરતો નથી અને ખેદખિન્ન થાય છે. સંવર સુખરૂપ છે એમ મિથ્યાત્વ માનવા દેતું નથી. બંધને ઓળખતો નથી તો નિર્જરા શાથી કરે ? કર્મ દેખાતાં નથી. તેથી જેના નિમિત્તે કર્મ ઉદય આવે ત્યારે એણે મારું ભૂંડું કર્યું એમ કરે છે. એથી કંઈ કર્મ જાય નહીં. નિમિત્ત છોડવાનો ઉપાય કરે છે, પણ કર્મ છોડવાનો ઉપાય કરતો નથી. પોતાને અનુકૂળ ઇષ્ટ વસ્તુ મળી આવે ત્યારે કહે કે મેં કર્યું. પુણ્યથી થયું એમ નથી જાણતો. નિર્જરા તત્ત્વનું ભાન છે નહીં. તેથી શ્રદ્ધા પણ નથી. બંધન દુઃખરૂપ છે એમ ન જાણે તો એનો અભાવ કરવો એમ ક્યાંથી જાણે ? કર્મનાં ફળનું ભાન નથી. ઘણી વસ્તુ એકઠી કરીએ તો સુખ થશે એમ માને છે, પણ ખરું સુખ તો અંતરમાં છે, બહાર નથી. બધાં કર્મ છોડે તો જ મોક્ષ થાય. ચક્રવર્તી ઘણું એકઠું કરે, પણ તેથી સુખી થતો નથી.

મિથ્યાત્વને લઈને સાત તત્ત્વોની શ્રદ્ધા થતી નથી. ‘એમ જ છે’ એમ નિર્ણય નથી. પ્રયોજનભૂત તત્ત્વોની શ્રદ્ધા નથી તે જ મિથ્યાત્વ છે. પુણ્ય, પાપ, બંધ અને આસ્રવમાં વિભાવ છે. જ્ઞાની એમ જાણે છે કે પુણ્યના ઉદયે સમાધિસુખ નથી. તૃષ્ણા છે, એ જ અગ્નિ છે, આત્માને બાળનાર છે. પુણ્યના ફળથી આત્માને શાંતિ ન થાય, પાપથી પણ ન થાય; પણ કર્મરહિત થાય ત્યારે સુખ થાય છે. કોઈ કર્મ સુખ આપતું નથી. મિથ્યાત્વ એ અવળી વસ્તુ છે. જ્ઞાનીઓએ એને ખોટી કહી છે તેથી છોડવા જેવી છે.

મિથ્યાજ્ઞાનથી પણ જીવ દુઃખી થાય છે. સાત તત્ત્વોને અયથાર્થ જાણે તે મિથ્યાજ્ઞાન છે. જ્ઞાનના દોષ કહે છે– (૧) સંશય–નદીના કિનારે ઠૂંઠું હોય તે રાત્રે માણસ જેવું દેખાય, ત્યારે સંશય થાય કે આ શું હશે ? ચોક્કસ ન થાય. એનું નામ સંશય કહેવાય છે. આત્મા વિષે અથવા અજીવ વિષે શંકા હોય, ચોક્કસ ન થાય તે સંશય છે. (૨) વિપર્યય–એટલે ઊંધું જાણવું. દેહને આત્મા અને આત્માને દેહ માને તે વિપર્યય છે. મિથ્યાદર્શનમાં દેહ તે આત્મા છે એમ થઈ જાય છે. (૩) અનધ્યવસાય–દેહમાં કોઈક છે ખરો એમ લાગે, માને, એનું નામ અનધ્યવસાય છે. નિર્ણય નથી. પણ કંઈક છે એમ લાગે. સંશયમાં ડગમગતું હોય છે, વિપર્યયમાં ઊલટું હોય છે અને અનધ્યવસાયમાં કંઈક છે એમ લાગે છે. પ્રયોજનભૂત નવ કે સાત તત્ત્વ કહ્યાં, એ જાણવામાં દોષ હોય તો અજ્ઞાન, મિથ્યાજ્ઞાન કહેવાય છે. અપ્રયોજનભૂતને યથાર્થ જાણે તો પણ કંઈ કામનું નથી પણ પ્રયોજનભૂતમાં ભૂલ ન થવી જોઈએ. સાત તત્ત્વોમાં ભૂલ આવે ત્યાં મોક્ષમાં વાંધો આવે છે.

જેને મોક્ષે જવું છે, તે પ્રયોજનભૂત તત્ત્વ જાણે તો મોક્ષ થાય. એમાં ભૂલ આવે તો મોક્ષ અટકે એવું છે. તેથી એને મિથ્યાજ્ઞાન કહ્યું છે. મોક્ષના પ્રયોજનભૂત જે સાત તત્ત્વો તેને યથાર્થ જાણે તે સમ્યગ્જ્ઞાન છે.

મિથ્યાદૃષ્ટિ શાસ્ત્રો ભણે તોય તે જૂઠો છે અને સમ્યક્દૃષ્ટિ ન જાણે તોય સાચો છે. પ્રયોજનભૂત જાણ્યા પછી બીજું ન જાણે તો કંઈ નહીં. મિથ્યાદૃષ્ટિનું જાણવાપણું છે તેમાં સ્વરૂપવિપરીતતતા છે. વિપરીતતાનું કારણ નથી જાણતો, સ્વરૂપ નથી જાણતો. જાણીને જે કરવું હતું તે કર્યું નથી, તો કંઈ કામનું નથી. પ્રયોજનભૂત તત્ત્વમાં જ્ઞાન વપરાતું નથી, તેથી મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન મોક્ષમાર્ગમાં કંઈ કામનું નથી. મિથ્યાદર્શનને લઈને મિથ્યાજ્ઞાન થાય છે. મિથ્યાત્વનો ઉદય હોય ત્યારે શાસ્ત્રો જાણે તો પણ અજ્ઞાન છે. મોહના ઉદયે વિપરીત જ્ઞાન કહેવાય છે. જે કંઈ ક્ષયોપશમ છે તેને અવળો વાપરીએ છીએ, તેથી એ જ્ઞાન આપણને બંધનરૂપ છે. જીવને મિથ્યાત્વ અવસ્થામાં મતિ, શ્રુત, અવધિજ્ઞાન હોય છે. એ મિથ્યાદર્શનના ઉદયથી કુજ્ઞાન કહેવાય છે. સમ્યક્દૃષ્ટિને હોય તો તેને સમ્યગ્જ્ઞાન કહેવાય છે. જેને સમ્યગ્દર્શન હોય તે જાણે તેને સમ્યગ્જ્ઞાન કહેવાય છે.

સમ્યક્દૃષ્ટિને જ્ઞાનાવરણીયનો વિશેષ ઉદય હોય ત્યારે દોરડીને સર્પ કહે તેથી તે કંઈ જૂઠું કહેવાય નહીં; કેમકે પ્રયોજનભૂત નથી અને મિથ્યાદૃષ્ટિ દોરડીને દોરડી અને સાપને સાપ જાણે તોય મિથ્યા છે. મિથ્યાત્વનો ઉદય હોય ત્યારે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય તેથી જાણે કે આ મોક્ષનાં કારણ છે, તે સુખનાં કારણ છે. એમ જાણતાં છતાં મિથ્યાત્વનો ઉદય એને ખેંચે છે. તેથી સંસારનાં કારણોને સેવે છે.

જેમ કોઈ માણસને અશાતાના ઉદયે માંદગી આવી ત્યારે તે વૈદ્ય પાસે ગયો. તેણે દવા આપી અને કહ્યું કે વાલ ના ખાઈશ પણ તે માણસ જાણતાં છતાં જીભની લોલુપતાથી વાલનું શાક ખાય, તેથી નુકસાન થાય. પાપના ઉદયે એવું થાય છે, તેથી ખાય છે અને તે દુઃખી થાય છે.

મિથ્યાત્વનો ઉદય છે તેથી આત્મામાં વૃત્તિ જાય નહીં. મિથ્યાત્વ છે ત્યાં સુધી આત્મા અસંગ છે, પરમાનંદરૂપ છે, મોક્ષસ્વરૂપ છે એમ માનવા ન દે. જે મોક્ષના કામનાં ન હોય તેને જાણ જાણ કરે. જીવમાં, જીવને જાણવાની, અજીવને જાણવાની શક્તિ છે પણ સંસાર વધવાના કાર્યમાં વાપરે છે. પ્રયોજનભૂત પદાર્થને જાણતો નથી. શક્તિ હોવા છતાં જાણતો નથી. જીવાજીવનો નિર્ણય કરવાની શક્તિ છે પણ બીજામાં વાપરે છે. સંસારનાં કારણો સારાં લાગે છે તેથી તેમાં વાપરે છે, તે મિથ્યાત્વના ઉદયે માને છે. શક્તિ છે તે આત્મા માટે વાપરતો નથી. એ જ કરવા યોગ્ય છે એમ લાગ્યું નથી. મનુષ્યભવ છે ત્યાં સુધી આત્માનું કામ કરી લઈએ એમ સૂઝતું નથી. મિથ્યાત્વ મંદ પડે ત્યારે લાગે કે આ કામ પહેલાં કરવા જેવું છે. બધાય મનુષ્યોને સમ્યક્ત્વ થાય એવી શક્તિ, ક્ષયોપશમ છે, પણ વ્યાપારાદિમાં અવળે વાપરે છે. મિથ્યાદૃષ્ટિ સાપને સાપ કહે તોય ખોટું છે અને સમ્યક્દૃષ્ટિ સાપને સીંદરી કહે તોય સાચું છે. શ્રદ્ધામાં ભેદ છે.

૧૯ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૫, સં.૨૦૦૮
(કૃપાળુદેવની નિર્વાણ તિથિ)

પૂજ્યશ્રી—જીવ યથાતથ્ય ન સમજે એનું કારણ જ્ઞાનાવરણીય કર્મ છે. અશાતાનો ઉદય હોય ત્યારે પવન આવતો હોય તો ખરાબ અથવા દુઃખરૂપ લાગે છે. એનું કારણ અશાતા વેદનીય છે. અશાતાને લઈને ઠંડી વેદી શકતો નથી. કોઈ જીવ પ્રયોજનભૂત જાણે અને અપ્રયોજનભૂત ન જાણે એટલો ક્ષયોપશમ હોય છે. મિથ્યાદૃષ્ટિ તો એંજિન આદિ ચલાવવાની કળાઓ જે અપ્રયોજનભૂત છે તેને જાણે, પણ પ્રયોજનભૂતને ન જાણે. એકેન્દ્રિયને ક્ષયોપશમ નથી. તેને મિથ્યાત્વ અને જ્ઞાનાવરણીય બન્નેનો ઉદય છે. જે વસ્તુ ન જાણે તેની શ્રદ્ધા ન થાય. મિથ્યાત્વ સહિત જ્ઞાન તે સમ્યક્જ્ઞાન ન કહેવાય. મોક્ષમાર્ગમાં મુખ્ય સમ્યગ્દર્શન છે. તેથી સમ્યક્દર્શનને પહેલું કહ્યું છે. મિથ્યાદૃષ્ટિ સોનાને સોનું જાણે અને સમ્યક્દૃષ્ટિ પણ એ જ પ્રમાણે જાણે, એનું સાચું છે અને પહેલાનું મિથ્યા છે.

મુમુક્ષુ—પહેલાનું મિથ્યા કેમ કહેવાય?

પૂજ્યશ્રી—મિથ્યાદૃષ્ટિને મોહ છે. સમ્યક્દૃષ્ટિને એનું માહાત્મ્ય નથી. મોક્ષ ભણી જ તેની રુચિ છે અને વૈરાગ્યનું કારણ છે. મોક્ષમાર્ગમાં સમ્યક્ત્વની મુખ્યતા છે, એનું માહાત્મ્ય છે. એ વગર જ્ઞાન મિથ્યા છે અને ચારિત્ર પણ મિથ્યા છે. સમ્યગ્દર્શન હોય તો સમ્યગ્જ્ઞાન હોય. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન બન્ને સાથે જ હોય છે, જેમ દીવો ને પ્રકાશ સાથે હોય છે; પણ એ હોય, તો એ હોય તેથી દર્શન તેનું કારણ છે અને જ્ઞાન એ કાર્ય છે. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર એ સંસારનાં કારણો છે. મિથ્યાદૃષ્ટિ વા સમ્યક્ત્વીને જ્ઞાનના ક્ષયોપશમમાં ભેદ નથી પણ એક પ્રયોજનભૂત ન જાણે અને બીજો જાણે. મિથ્યાત્વનો ઉદય હોવાથી મિથ્યાદૃષ્ટિ પોતાની શક્તિ સંસાર વધારવામાં વાપરે છે. મિથ્યાદર્શનના ઉદયે અપ્રયોજનભૂતમાં ઉપયોગ રહે છે, પણ પ્રયોજનભૂતમાં દૃષ્ટિ જ ન જાય. પ્રયોજનભૂત ન જાણે તેથી મિથ્યાદૃષ્ટિ કહ્યો છે.

*

(બપોરના)

પૂજ્યશ્રી—રોજ એકાદ કલાક સત્શાસ્ત્ર વાંચવા વિચારવાનો દરેક મુમુક્ષુએ નિત્યનિયમ રાખવાનો છે. કોઈ દિવસે પણ ચૂકવું નહીં. ભલે શાસ્ત્ર વાંચતાં મૂંઝવણ આવતી હોય, ન ગમતું હોય, તો પણ એ વાંચવું, વિચારવું. પછી ટેવ પડી ગયા પછી સહજ થઈ જશે. જેમ બને તેમ આરંભપરિગ્રહનો ત્યાગ કરવો.

મુમુક્ષુ—આ મારા જેવો આરંભપરિગ્રહ ત્યાગ કરી નવરો બેઠો હોય એને આરંભપરિગ્રહ ત્યાગ કર્યો કહેવાય કે નહીં?

પૂજ્યશ્રી—અંતરથી ત્યાગ કરવાનો છે. એ છોડી પાછા આખા ગામનું માથે લેવું હોય તોય લેવાય. અવકાશ મેળવીને વૃત્તિઓને શમાવવી, એવો નિયમ કરવો. આરંભપરિગ્રહ જેમ બને તેમ ઓછા કરવા. નકામા માથાં મારવાં નહીં. અંદરથી વૃત્તિ ઊઠે, આરંભપરિગ્રહ ઝેર જેવાં લાગે ત્યારે

વૃત્તિ સત્શાસ્ત્રમાં રહે. બધેથી રુચિ પલટાવવાની છે. આરંભપરિગ્રહથી વૃત્તિ પાછી વાળવી એ બહુ અઘરી વાત છે.

[૧]એક મુનિ હતા. તેઓએ પાસે એક મહોર રાખી હતી. તેથી તેઓ પરિગ્રહ સંબંધી ઉપદેશ કરી શકતા નહીં. ઘણી વસ્તુ હોય તો જ જીવને ખેંચે છે એમ નથી, થોડી પણ ખેંચે છે. કારણકે નમૂનો એ છે. સંસારમાં વૃત્તિ રહેવા દે એવી જાત છે. પર્વના દિવસે જીવને જે પહેલાં સાંભળ્યું હોય તે તાજું થાય છે. આપણાં અહોભાગ્ય કે ભક્તિ ને સત્સંગનો યોગ મળ્યો. નહીં તો કૃપાળુદેવ લખે છેઃ ભક્તિ અને સત્સંગ એ વિદેશ ગયાં છે. આ કાળમાં કંઈ ન થાય તો સ્મરણમાં રહેવું. શક્તિ છે ત્યાં સુધી એમાં વૃત્તિ રાખવી. જ્ઞાનીએ જાણ્યો છે એવો આત્મા છે, એ ભાવના રાખવી.

*

પૂજ્યશ્રી—'તત્ત્વજ્ઞાન' રોજ વાંચવા જેવું છે. રોજ વધારે ન બને તો પા કલાક તો ભક્તિમાં ગાળવો જ. ભક્તિમાં ચિત્ત રહેશે તો રંગ લાગશે. જ્ઞાનીપુરુષે જે જે આજ્ઞા કરી છે તે જીવને હિતકારી છે. જે કંઈ જ્ઞાનીની આજ્ઞાએ કરીએ તો તે ધર્મ કહેવાય છે. [૨]પ્રભુશ્રીજીનો દેહ છૂટવાનો હતો તેના ચાર પાંચ દિવસ અગાઉ મને કહેલું કે જેને ઇચ્છા હોય તેને આ, જ્ઞાનીની આજ્ઞાથી આટલો ત્યાગ અને મંત્ર આપવો. મને તેઓએ આજ્ઞા આપી છે તેથી જ્ઞાનીની આજ્ઞાથી અહીં મંત્ર અપાય છે. આડે અવળેથી 'તત્ત્વજ્ઞાન' લાવી અને મંત્ર લઈ આવે તેથી લાભ ન થાય, પણ જેને જ્ઞાનીની આજ્ઞાથી મળ્યું છે અને જે જ્ઞાનીની આજ્ઞાથી આપે છે તેથી લાભ છે. આજ્ઞાથી લાભ છે. સાત વ્યસનનો ત્યાગ રાખવો. પ્રાણ જતાં પણ એ ત્યાગ ન છોડવો.

કૃપાળુદેવે પોતે કર્યું તે જ કહે છે. વૃત્તિઓ ઓછી કરવાનું કહે છે. કૃપાળુદેવને બાહ્ય ત્યાગનો ઉદય ન આવ્યો, પણ અંતરથી ત્યાગી હતા. પ્રમાદ અને અનિયમિતપણું એ મોટા દોષ છે. નિયમિતપણું હોય તો પ્રમાદ ન રહે. એ વખતે તે કામ કરવું જ, એવો નિયમ હોય તો પ્રમાદ ન રહે. ઘણો વખત તો પ્રમાદમાં જ જાય છે. નકામી વાતોમાં વખત કાઢી નાંખે છે.

મુમુક્ષુ—જીવ આટલું આટલું સાંભળે છે, છતાં કેમ કંઈ થતું નથી?

પૂજ્યશ્રી—સાચી ઇચ્છા નથી જાગી. સાચી ઇચ્છા જાગશે ત્યારે બધું થશે. જ્ઞાનીપુરુષે મારે માટે જ કહ્યું છે, એમ થાય ત્યારે થાય.

મુમુક્ષુ—પ્રભુ, મારે બે વર્ષની બ્રહ્મચર્યની બાધા લેવી છે.

પૂજ્યશ્રી—આવતી કાલે. સારા ભાવ છે. બ્રહ્મચર્ય એ બહુ દુર્લભ વસ્તુ છે. એને ઝીલી રાખવું બહુ મુશ્કેલ છે. મોટા મોટા ચળી ગયા છે. આ કાળમાં બ્રહ્મચર્ય બહુ દુર્લભ વસ્તુ છે. બાવીસ તીર્થંકરના વખતમાં તો ચાર મહાવ્રત હતા. પણ મહાવીર ભગવાને જાણ્યું કે આ કાળમાં બ્રહ્મચર્ય બહુ દુર્લભ છે અને આ કાળના જીવો એમાં ખામી આણશે એમ જાણીને ભગવાને પાંચ મહાવ્રત કહ્યાં છે. ભગવાનને લાગ્યું કે આ કાળમાં પાંચમું વ્રત ઉમેરવાની જરૂર છે. તેથી પાંચ કર્યાં.

*

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ ઉપદેશામૃત પૃષ્ઠ નં. ૨૯૦. ૨. વિસ્તારથી પ્રસંગ માટે જુઓ પૃષ્ઠ નં. ૨૩૬.

પૂજ્યશ્રી—આજથી કૃપાળુદેવને જ ગુરુ માનવા તો પરિણામ પામશે. કૃપાળુદેવ મને જ કહે છે એવો લક્ષ રાખીને વાંચવું. મારે ઘેર જ કૃપાળુદેવ આવ્યા છે એમ જાણવું. સત્શાસ્ત્ર વાંચવા વિચારવાનો નિયમિત વખત રાખવો.

૧૭ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૬, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—પોતાના રાગદ્વેષ ભાવથી કર્મ બંધાય છે. કર્મથી સુખદુઃખ થાય છે. ભાવને લઈને કર્મ બંધાય છે. સારું કર્મ હોય તો સારું ફળ આવે અને ખોટું હોય તો ખોટું આવે. ઇચ્છા થાય એથી કર્મ બંધાય છે. ઇચ્છા ન કરવી હોય તો ન થાય. ઇચ્છા કરવાની ટેવ પડી છે. કર્મ બંધાયાં હોય અને ભાવ ફરી જાય તો કર્મ પણ ફરી જાય. ઇચ્છા રોકવા તપ કરવાનું છે.

**“ઇચ્છારોધન તપ નમો, બાહ્ય અભ્યંતર ભેદેજી;**
**આતમસત્તા એકતા, પરપરિણતિ ઉચ્છેદેજી.”** (નવપદજીની પૂજા)

સારાં નિમિત્ત રાખવાં. કર્મ ઉપર રાગદ્વેષ કરવો મિથ્યા છે. કારણકે પોતે જ કરેલાં છે. મિથ્યા અથવા ખોટી પ્રવૃત્તિ એનું નામ મિથ્યાચારિત્ર છે. રાગદ્વેષ એ એનો સ્વભાવ નથી અને રાગદ્વેષ કરે છે તે મિથ્યાચારિત્ર છે.

કૃપાળુદેવે લખ્યું છે કે, “ભોગના વખતમાં યોગ સાંભરે, એ હળુકર્મીનું લક્ષણ છે.” (૨૧-૩૯) નકામી ચિંતા જીવને દુઃખી કરે છે. કામને સંકલ્પ કહ્યો. એને લઈને કામ થાય. એ જેણે રોક્યો એથી કર્મ, ઇષ્ટ-અનિષ્ટભાવ ઘણાં રોકાય છે. આત્મા જાણ્યો હોય તો આત્મામાં રમણતા રહે. ન જાણ્યો હોય તો યોગ્યતા આવ્યે વૃત્તિ રોકાય તો વિચાર જાગે. ઠેકાણે ઠેકાણે વૃત્તિ રહે તો વિચાર ન આવે, નવરો પણ ન થવા દે. શારીરિક ફાયદા બ્રહ્મચર્યથી થાય છે,મનની અસર શરીર ઉપર પણ થાય છે.

આત્મા સ્વપરપ્રકાશક છે. પોતાને પણ જાણે, પરને પણ જાણે. આત્મા, જ્ઞાનથી પોતાને જણાય છે, તે વેદન કહેવાય છે. બધાય આત્મા છે એવી શ્રદ્ધા થાય. જાણે તે આત્મા છે એવું માન્ય થાય. યથાર્થ જ્ઞાન જોઈએ. જ્ઞાનનું કામ જાણવાનું છે. પરપદાર્થને જાણે અને સુખ માને, તે યથાર્થ જ્ઞાન નથી. પુરુષાર્થ કરે તેમ તેમ કષાય ઉપશાંત થાય છે. જાણવા યોગ્ય આત્મા છે. આત્માને જાણ્યો તેણે જાણવા જેવું બધું જાણ્યું. મોહ ભૂલ કરાવે છે.

મુમુક્ષુ—ગુણપર્યાય જાય તો દ્રવ્ય રહે?

પૂજ્યશ્રી—ન રહે. સાકરમાંથી મીઠાશ કાઢે તો સાકર ન રહે તેમ. જ્ઞાન અપેક્ષાએ આત્મા સર્વ વ્યાપક છે. અરૂપી એવા આત્મામાં સંકોચ વિકાસ થઈ શકે છે. જેવું શરીર હોય તેના પ્રમાણમાં આત્મા રહે છે. સ્ફટિક રત્નના ઉપર કાળું-ધોળું જેવું મૂકે તેવું દેખાય છે. તેમ આત્માને જેવો સંયોગ થાય તેવો દેખાય છે. રાગ-દ્વેષ થવામાં ઉપાદાન કારણ પોતે છે અને પૂર્વ કર્મ છે તે નિમિત્ત છે.

૧૮ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૭, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી—રાગદ્વેષનું કારણ પર્યાયદૃષ્ટિ છે. પર્યાયદૃષ્ટિ છે તેથી મૂળ દ્રવ્યનું ભાન નથી. ‘શરીર હું છું’ એમ માને છે. જે અવસ્થા એને ગમે તેના કારણ પ્રત્યે રાગ કરે છે. ન ગમે એવી અવસ્થામાં દ્વેષ કરે છે. બાહ્યદૃષ્ટિ છે ત્યાં સુધી બાહ્યમાં રાગદ્વેષ થયા કરે છે. આખો સંસાર રાગ-

દ્વેષરૂપ જ છે. પોતાને કંઈ લેવા દેવા ન હોય, તો પણ રાગદ્વેષ નકામા કરે છે. કલ્પના કરીને સુખદુઃખ ઊભા કરે છે. જેમ ગાય વાછરડા ઉપર રાગ કરે છે પણ વાછરડું તેને કંઈ સુખી ન કરે, તોય તેના ઉપર રાગ કરે છે. એમ બીજા પણ દૃષ્ટાંત જાણવાં. એ ટેવ સમજણ આવ્યે ઘટે. મારે આત્મા સાથે સંબંધ છે. દેહની સાથે મારે લેવા દેવા નથી, તો શા માટે દેહ ઉપર રાગ કરું? સ્મરણ કરવાની ટેવ પાડવી છે. ઘડીએ ઘડીએ મન તપાસવું કે શું કરે છે? તો ખબર પડે. જન્મમરણનો ત્રાસ લાગવો જોઈએ. હઠ કરીને સ્મરણમાં ચિત્ત રાખવું. એમનું એમ ન થાય. જ્યારે ત્યારે પુરુષાર્થ કરશે ત્યારે જ થશે. જીવને બીજામાં રાગદ્વેષ કરવાની ટેવ પડી ગઈ છે. શરીરાદિ સારા ખોટા થતાં રાગદ્વેષ કરે છે. પણ નકામા આકાશ આદિમાં રંગ વગેરે દેખી રાગદ્વેષ કરે છે. એવી એક પ્રકારની ટેવ પડી ગઈ છે. વિચાર કરતો નથી. વિચાર કરે તો ન થાય. શરીર તે હું છું એ મોટી ભૂલ છે. એ ભેદજ્ઞાન નથી. પર્યાયદૃષ્ટિ એ મિથ્યાદૃષ્ટિ છે. શરીર ઉપર રાગ કરે તે અવિચાર છે. વિચારની ખામી છે. અવિચાર એ બધા અજ્ઞાનનું મૂળ છે. ''કર વિચાર તો પામ.'' વિચાર કરતો નથી. શરીર જુદું છે, એમ એને ભાસતું નથી.

ચારિત્રમોહના ઉદયથી રાગ-દ્વેષ થાય છે. જેવાં નિમિત્ત મળે તેવા ભાવ થાય છે. જેવાં નિમિત્ત મળે તેવો ચારિત્રમોહનો ઉદય થાય છે. પદાર્થ એ રાગ-દ્વેષ થવામાં નિમિત્ત છે. ચારિત્રમોહ રહે ત્યાં સુધી રાગ-દ્વેષ રહે છે. સમ્યગ્દર્શન, દર્શનમોહનીય ગયા પછી થાય છે. દર્શનમોહનીય ગયા પછી ચારિત્રમોહનીય રહે છે, પણ તે ઢીલું પડી જાય છે.

**''તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે''**

ચારિત્રમોહના ઉદયે રાગ-દ્વેષ થાય છે, એમ સમ્યક્ત્વી જાણે છે. તેથી તેની રાગ-દ્વેષ વધારવામાં પ્રવૃત્તિ થતી નથી. કોઈ વસ્તુ કોઈને કોઈ કાળે દુઃખરૂપ અને કોઈ કાળે સુખરૂપ થાય છે. જેમ ઉનાળામાં ગરમ વસ્ત્ર ખરાબ લાગે છે અને શિયાળામાં સારાં લાગે છે. રાગ-દ્વેષ થવામાં મૂળ કારણ ચારિત્રમોહ છે. બાહ્ય પદાર્થ કંઈ રાગદ્વેષ ન કરાવે. (પછી ઇલાયચીકુમારનું દૃષ્ટાંત આપ્યું હતું). મહામુનિને બાહ્ય કારણ હોવા છતાં રાગ-દ્વેષ થતા નથી. મોહના ઉદયે ઇષ્ટ-અનિષ્ટપણું થઈ જાય છે. દર્શનમોહના ઉદયે હિતકારીને અહિતકારી માને છે અને અહિતકારીને હિતકારી માને છે. એમ અવળી સમજણ થાય છે. ચારિત્રમોહના પચીશ ભેદ છે. સોળ કષાય અને નવ નોકષાય છે, તે ચારિત્રમોહ છે. સ્વરૂપાચરણ ન થાય ત્યાં સુધી વૈરાગ્ય થતો નથી. અનંતાનુબંધી જાય ત્યારે સ્વરૂપાચરણ કરવાની શક્તિ પ્રગટે છે. એ વિના ચારિત્ર તે મિથ્યાચારિત્ર છે. પાંચ ઇન્દ્રિયોને ન જીતે અને છકાયની રક્ષા ન કરે તથા મનને ન જીતે તે અસંયમ છે. અનાદિકાળથી જીવને મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર છે. અસંજ્ઞી પંચેન્દ્રિયમાં ત્રણે છે. સંજ્ઞીમાં સમ્યક્દૃષ્ટિ વિના મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર હોય છે. એકેન્દ્રિય જીવોને ભાન નથી પણ એને ઠંડું, ઊનું લાગે છે. સદ્‌ગુરુનો યોગ હોય, સાંભળવાનું હોય, તોય જીવ માનતો નથી. ભૂત વળગે ત્યારે તે કહે છે કે હું એનો મામો થાઉં છું, કાકો થાઉં છું, એવું જીવ દેખતાં છતાં આત્મા મરતો નથી એમ એને થતું નથી. સદ્‌ગુરુનો યોગ હોય તો પણ સમજાતું નથી. જીવ મરતો નથી, પણ

એને હું મરી જઈશ એમ થાય છે. જાતિસ્મરણજ્ઞાન કેટલાકને થાય ત્યારે જાણે કે આ મારો પિતા હતો, કાકો હતો, તેમાં મોહ કરે તે અવળું છે. અંદર કર્મ ફરે ત્યારે દશા ફરે. દર્શનમોહ ઓછો થાય ત્યારે એને જ્ઞાન સવળું થાય છે. જેને સાચી શ્રદ્ધા થાય તેને પુણ્યને લીધે દેવભવ મળે છે.

પ્રત્યક્ષ દેખે છે તો પણ સમજતો નથી. ઘડીકમાં નાશ પામતાં ધનાદિને દેખે છે, છતાં મારું માને છે. મરવાનું છે એમ જાણે પણ મનુષ્યભવમાં જે કંઈ કરવા જેવું છે તે ન કરે. કંઈક આત્મહિત કરી લેવું, એવું ભાન નથી. પરભવમાં જવું છે, તેને માટે તો કંઈ કરતો નથી અને છોકરાદિ જે અહીં પડ્યા રહેવાના છે, છતાં તેઓને માટે પૈસા વગેરે કમાય છે. કામ ખોટું જાણે છે, તોપણ ખોટામાં પ્રવર્તે છે. એ બધું મોહના ઉદયે થાય છે.

૧૯ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૯, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી—સહજ સ્વરૂપ એટલે શું?

મુમુક્ષુ—આત્માનું સહજ સ્વરૂપ.

પૂજ્યશ્રી—પણ કેવું સ્વરૂપ?

મુમુક્ષુ—કર્મથી રહિત એવું સ્વરૂપ તે સહજ સ્વરૂપ છે.

પૂજ્યશ્રી—વિભાવથી રહિત એવું સ્વરૂપ તે સહજ સ્વરૂપ છે.

**"ૐકારં બિંદુસંયુક્તં, નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ**
**કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમોનમઃ"**

એનો શો અર્થ હશે? ૐકાર કોને કહે છે?

મુમુક્ષુ—અરિહંતનો પહેલો અક્ષર અ. પછી સિદ્ધ એટલે અશરીરી. એનો પહેલો અક્ષર અ. આચાર્ય શબ્દનો પહેલો અક્ષર આ. ઉપાધ્યાયનો પહેલો અક્ષર ઉ અને સાધુ એટલે મુનિ. તેનો પહેલો અક્ષર મ. એ પાંચે અક્ષરો મળીને ૐકાર શબ્દ થયો.

પૂજ્યશ્રી—ૐકારં બિંદુસંયુક્તં એટલે શું?

મમુક્ષુ—ઉપર મીંડા સહિત.

પૂજ્યશ્રી—મીંડુ (બિંદુ) એટલે શું? બિંદુ એ આજ્ઞા છે. ધર્મની શરૂઆત કરવી હોય તો પહેલા શું કરવું?

મુમુક્ષુ—સત્પુરુષનો યોગ મેળવવો.

પૂજ્યશ્રી—આજ્ઞા આરાધવી. "आणाए धम्मो आणाए तवो." આજ્ઞા એ જ ખરો ધર્મ છે. આજ્ઞા સહિત આરાધે તો ધર્મ છે. નહીં તો સ્વચ્છંદે ગમે તેવા મંત્ર જપે તો પણ પાર ન આવે.

આખા શ્લોકનો શો અર્થ થાય? (પછી પોતે જ આખા શ્લોકનો અર્થ કહી બતાવ્યો). ૐકાર મંત્રને આજ્ઞા સહિત યોગીપુરુષો આરાધે છે, તેથી ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ અને મોક્ષ મળે છે. એવા ૐકારને હું વારંવાર નમસ્કાર કરું છું. ઇચ્છિત વસ્તુ એટલે દેવ, રાજાદિના ભવ મળે; પણ ખરું સુખ તો મોક્ષ થાય ત્યારે થાય છે. ૐકાર છે તે સહજાત્મસ્વરૂપ છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પણ સહજાત્મસ્વરૂપ છે.

**"મહાદેવ્યાઃ કુક્ષિરત્નં, શબ્દજીતરવાત્મજમ્**
**રાજચંદ્રમહં વંદે, તત્ત્વલોચનદાયકમ્"**

એનો શો અર્થ થાય છે? (પછી પૂજ્યશ્રીએ પોતે જ કહ્યું)– દેવાનંદાની કુક્ષિમાં રત્ન સમાન, જેના હૃદયમાં સાક્ષાત્ સરસ્વતીએ વાસ કર્યો હતો, એવા જે રવજીભાઈના પુત્ર શ્રીમદ્ રાજચંદ્રને હું વાંદું છું, તે તત્ત્વલોચનને આપનારા છે.

*

(બપોરના)

પૂજ્યશ્રી–કુદેવ, કુધર્મ અને કુગુરુથી મિથ્યાજ્ઞાનદર્શનાદિ પોષાય છે. અથવા જે દેવ આત્માનું હિત ન કરે તેવાને હિતકર્તા જાણી સેવે તે કુદેવ છે. કુદેવને ભજવાનાં ત્રણ કારણ છે. આ લોકની ઇચ્છાથી, પરલોકની ઇચ્છાથી, અને કોઈ મોક્ષની ઇચ્છાથી કુદેવને ભજે છે. કોઈ મહાદેવને, કોઈ પૈગમ્બરને, કોઈ બ્રહ્માને, કોઈ વિષ્ણુને, કોઈ અગ્નિને, કોઈ સૂર્યને, કોઈ ભવાનીને, કોઈ ઈસુ ખ્રિસ્તને માને છે, એમ 'મોક્ષમાળા'ના તેરમા પાઠમાં આવે છે. તેમને માનવાથી મોક્ષ નથી થતો. કુદેવ પોતે જ મોક્ષે નથી ગયા તો એ બીજાને કેમ કરી આપે? નરકમાં ન જવું પડે, દેવલોક મળે, એવા ભાવથી પણ કુદેવને ભજે છે. યજ્ઞમાં બકરાં હોમે, માતાને પાડા ચઢાવે. તેથી મોક્ષ કે દેવલોક શાથી થાય? જેવા ભાવ તેવા પ્રભુ ફળે. જેવા ભાવ હોય તે પ્રમાણે કામ થાય છે. નામ દેવોનું લે અને પશુઓની હિંસા કરે છે. એથી મોક્ષ તો થતો નથી, પણ પરલોકમાં સુખ પણ નથી થતું. આ લોકની સુખેચ્છાથી કુદેવોને ભજે છે, વ્યંતરાદિ દેવોને પણ પૂજે છે, પણ તેથી સુખ ન થાય. એ દેવોને પૂજવાથી મિથ્યાત્વ રોગ વધે છે.

**"આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ;**
**ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન."**

*

(સાંજના)

મુમુક્ષુ–પ્રભુ, ભક્તિ કરું છું ત્યારે મન તો બીજે જાય છે. અહીં પછી ભક્તિ કોણ બોલે છે? આત્મા બે હશે કે કેમ?

પૂજ્યશ્રી–એક જ છે. બોલવાની ટેવ પડી ગઈ હોય તો બોલાયા કરે. મન બીજે હોય તોય બોલાયા કરે છે. ગ્રામોફોનની જેમ બોલ્યા કરે છે. મન ઝપાટાબંધ કામ કરે છે. એક પ્રકારનો સંચો છે.

મુમુક્ષુ–પણ ભક્તિ બોલવી અને મન બીજે જવું, એ બેય કામ કેવી રીતે થતાં હશે?

પૂજ્યશ્રી–બેય ન થાય. એ તો બોલવા માત્ર જ છે. શાસ્ત્રોમાં આવે છે કે ઉપયોગ એક સમયમાં એક જ કામ કરે છે. સૂંઘે તે વખતે સાંભળે નહીં અને સાંભળે તે વખતે દેખે નહીં. એ બહુ સૂક્ષ્મ છે, તેથી જીવને એમ લાગતું નથી.

મુમુક્ષુ–દેવતાઓને અવધિજ્ઞાન હોય છે એટલે ઉપયોગની ઉજ્જ્વળતા હશે?

પૂજ્યશ્રી–ઉજ્જ્વળતા છે, પણ બીજા નકામા પદાર્થોમાં વાપરે છે; પણ મારે આત્માનું કલ્યાણ કરવું છે, એવું એને ભાસતું નથી. ઘણાને જાતિસ્મરણ થાય ત્યારે આગલા ભવમાં આ મારો કાકો હતો, આ મારું ઘર હતું, આ મારી મા હતી એમ ઊલટો મોહમાં પડી જાય છે. એ જ્ઞાન કંઈ કામનું નથી. જીવ પોતે પોતાને છેતરે છે. કોઈ વસ્તુનો ત્યાગ કરવા તૈયાર થયો હોય, તોય પાછો મનમાં એમ વિચારે કે આથી આપણને વાંધો આવવાનો નથી; આવતી સાલ છોડી દઈશ, પણ કોણ જાણે કે આવતી સાલ આવશે? પણ જીવને ભાન નથી.

મુમુક્ષુ–પણ એને દોષ છેદવાની ભાવના તો છે ને?

પૂજ્યશ્રી–શાના ભાવ છે! ઊલટા સ્વરૂપને છેદવાના ભાવ છે. પોતે હાથે કરીને પોતાના પગ પર કુહાડો મારી રહ્યો છે. આજે પત્રમાં આવ્યું હતું કે "ભોગોપભોગપદાર્થનો અલ્પ પરિચય કરવો ઘટે." (૫૭૨)

મુમુક્ષુ–ભોગોપભોગ એટલે શું? ખાવાનું ઓછું કરવું?

પૂજ્યશ્રી–જોઈએ તેટલું, નકામું નહીં.

મુમુક્ષુ–નકામું તો કોણ ખાય છે. ભૂખ લાગે ત્યારે ખાય છે.

પૂજ્યશ્રી–નકામું ખા ખા કરે છે. અનાજ સાફ કરતો હોય કે કોઈ વસ્તુ હોય, પણ એને હાથમાં આવવી જોઈએ તો મોઢામાં નાખ નાખ કરે. એવું ન કરવું. પ્રભુશ્રીજીએ જે ભક્તિનો ક્રમ બાંધ્યો છે તે એ માટે કે જીવ ટેવાય. નહીં તો થોડીકવાર વાંચી પછી કહે, ચાલો. પછી તડાકા મારે. આપણે આશ્રમમાં રહેવું છે તે આત્માને માટે રહેવું છે. વાતો કરવા બેસી જાય. હમણાં વાતો કરી લઉં. સાંજે ભક્તિ કરીશ એમ કરે છે અથવા પેપરો વાંચવામાં નકામો વખત ગાળે. ઇન્દ્રિયોના વિષય કંઈ જીવને એમના એમ છોડે નહીં, પણ પોતે જ્યારે ઊભો થશે ત્યારે છૂટશે. નહીં તો "અનાદિકાળના પરિભ્રમણમાં અનંતવાર શાસ્ત્રશ્રવણ, અનંતવાર વિદ્યાભ્યાસ, અનંતવાર જિનદીક્ષા, અનંતવાર આચાર્યપણું પ્રાપ્ત થયું છે; માત્ર, 'સત્' મળ્યા નથી, 'સત્' સુણ્યું નથી અને 'સત્' શ્રધ્યું નથી અને એ મળ્યે, એ સુણ્યે, અને એ શ્રધ્યે જ છૂટવાની વાર્તાનો આત્માથી ભણકાર થશે." (૧૬૬)

૨૦ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૧૦, સં.૨૦૦૮

(સવારના શાંતિનાથનું સ્તવન બોલાયા પછી)

પૂજ્યશ્રી–એમાં શું આવ્યું? (પછી પોતે જ વિવેચન કર્યું)

**"શાંતિસ્વરૂપ કિમ જાણીએ, કહો મન કિમ પરખાય રે"**

એવો પ્રશ્ન થયો તે ક્ષયોપશમ લબ્ધિ છે.

**"ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે, કહ્યા જિનવર દેવ રે;**
**તે તેમ અવિતત્થ સદ્દહે, પ્રથમ એ શાંતિપદ સેવ રે."**

એનું ભાન થાય ત્યારે. અથવા આ શુદ્ધ ભાવ છે અને આ અશુદ્ધ ભાવ છે એવો ભેદ થાય

તે બીજી વિશુદ્ધિલબ્ધિ છે.

**“આગમધર ગુરુ સમકિતી, કિરિયા સંવર સાર રે;**
**સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવ આધાર રે.”**

સદ્ગુરુનો યોગ થાય અને દેશના પ્રાપ્ત થાય તે દેશનાલબ્ધિ છે. એ દેશના વિશેષ સમજાય એ પ્રાયોગ્ય લબ્ધિ છે અને પછી કરણલબ્ધિ આવે ત્યારે સમકિત થાય. તે પ્રાપ્ત કરવા માટે

**“દુષ્ટજન સંગતિ પરિહરી, ભજે સુગુરુ સંતાન રે;**
**જોગ સામર્થ્ય ચિત્ત ભાવ જે, ધરે મુક્તિ નિદાન રે.”**

એટલે કુસંગ તજી સત્સંગ કરવો. દર્શનમોહ ગયા પછી ચારિત્રમોહ રહે છે તેને દૂર કરવા માટે પુરુષાર્થ કરવાનો છે.

**“જોગ સામર્થ્ય ચિત્ત ભાવ જે, ધરે મુક્તિ નિદાન રે”**

ચારિત્રમોહ દૂર કરવા માટે જોગ સામર્થ્ય એટલે વીર્ય સ્ફૂરે, તેથી ચારિત્રમોહ દૂર થાય. જોગ સામર્થ્ય એ મુક્તિનું કારણ છે. પછી આગળ દશા વધે છે, ત્યારે સમભાવ આવે છે ત્યારે મોક્ષ અને સંસાર બેઉ સરખા લાગે છે. પહેલાં તો મોક્ષની ઇચ્છા હતી પણ હવે રમણતા થઈ તેથી બેય ઉપર સમભાવ આવ્યો. “જેની મોક્ષ સિવાય કોઈ પણ વસ્તુની ઇચ્છા કે સ્પૃહા નહોતી અને અખંડ સ્વરૂપમાં રમણતા થવાથી મોક્ષની ઇચ્છા પણ નિવૃત્ત થઈ છે તેને હે નાથ! તું તુષ્ટમાન થઈને પણ બીજું શું આપવાનો હતો?” (૬૮૦) સ્વરૂપમાં રમણતા થાય ત્યારે કોઈ પણ વસ્તુની ઇચ્છા રહેતી નથી. પછી પોતે પોતાને કહે છે,

**“અહો! અહો! હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે”**

મને ધન્ય છે કે “વીતરાગનો કહેલો પરમ શાંતરસમય ધર્મ પૂર્ણ સત્ય છે.” તે તરફ મારું વલણ થયું. તેથી મને ધન્ય છે, એમ લાગે છે. “સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે.”(૨૫૪) એ વિના ભક્તિ આવતી નથી.

મુમુક્ષુ—“તાહરી ગતિ તું જાણે હો દેવ, સ્મરણ ભજન તે વાચક યશ કરેજી.” એટલે શું?

પૂજ્યશ્રી—હે ભગવાન્, તારું અદ્ભુત રૂપ દેખીને આત્મા અરૂપી બને છે, મોક્ષ પામે છે. એ શાથી બને છે? તો કે ‘તાહરી ગતિ તું જાણે હો દેવ.’ મને ખબર નથી. પણ તું જાણે છે. હું તો તારું સ્મરણ ભજન કરું છું.

જ્ઞાનીની આજ્ઞાથી લાભ થાય છે. કોઈના કહેવાથી ધર્મ કરવામાં પાછું ન પડવું.

*

પૂજ્યશ્રી—અહિતકારીને હિતકારી માને, પછી વૈરાગ્ય શાનો રહે? સમ્યક્ત્વનું કારણ દેવગુરુધર્મની શ્રદ્ધા છે. એ ન હોય તો થાય નહીં. સમ્યગ્દર્શન હોય તો મોક્ષમાર્ગ છે. બધા દર્શનો તપાસીને જૈનદર્શન કૃપાળુદેવે ગ્રહણ કર્યું છે. આત્મા શું છે? તે કેમ બંધાય છે? કેમ છૂટે? એવાં વચનો, એવાં પુસ્તકો હાથમાં આવવાં, તે પુણ્ય વગર ન આવે, દુર્લભ છે. ધર્મનો અભ્યાસ કરે, પણ મૂળ વસ્તુ તરફ દૃષ્ટિ જવી બહુ મુશ્કેલ છે. જે ધર્મની સ્થાપના કરે તે કેવા હોય તેની પ્રતીતિ

જોઈએ. કૃપાળુદેવે બધું તપાસીને જોયું કે વીતરાગ જેવું કોઈ કહી શક્યું નથી. સાચું હોય તો તે ગ્રહણ કરવું છે, એવા તપાસનારા બહુ ઓછા છે. જૈન સત્‌ને સત્ અને અસત્‌ને અસત્ કહે છે. સત્‌ને સત્, અને કલ્પિતને કલ્પિત જૈનદર્શન માને છે. એક પરમાણુ હોય તે આકાશની જેટલી જગ્યા રોકે તેટલી જગ્યાને પ્રદેશ કહે છે. શ્રુતસાગરનો ઘણો ભાગ વિચ્છેદ ગયો છે, હવે બિન્દુ માત્ર રહ્યું છે. મૂડબિદ્રીમાં મોટા ધવલ, મહાધવલ નામના બે ગ્રંથ છે. તેના દર્શન કરવાના પણ સો રૂપિયા લે છે. એમના એમ પડ્યા છે. કોઈ વાંચે નહીં.

*

(બપોરના)

પૂજ્યશ્રી–લોભ પાપનું મૂળ છે. જગતમાં મોહ છે. અજ્ઞાનથી જીવો કુટાય છે. વ્યંતરાદિકને માનવાથી મોક્ષમાર્ગ હાથમાં આવતો નથી. વીતરાગ ઉપર રાગ તે પ્રશસ્ત રાગ છે. વ્યંતરાદિક પર રાગ તે અપ્રશસ્ત રાગ છે. કુદેવાદિ આપણું હિત કરશે એ માનવું તે મિથ્યાત્વ જ છે. વિષય કષાય મંદ પડે, અને સાધુપણું અથવા શ્રાવકની પ્રતિમા જે આવે તેવું જ માને, તે ધર્માત્મા છે. પણ જે પદ પોતાનામાં ન હોય તેને પોતાનામાં મનાવે તે કુગુરુ છે.

**“બાહ્યત્યાગ પણ જ્ઞાન નહિ, તે માને ગુરુ સત્ય;**
**અથવા નિજકુળધર્મના, તે ગુરુમાં જ મમત્વ.”**

પોતાના કુળના ગુરુ હોય તેને ગુરુ માને તે મતાર્થી છે. વિષયકષાયરહિત જે છે તે સાચું છે. સાધુ, શ્રાવક અને શ્રાવિકા એ ત્રણ વેષ છે. સાધુ એક તાંતણા જેટલું પણ રાખે તો નિગોદમાં જાય અને શ્રાવક ધર્મમાં વર્તે; પ્રમાણ કરીને ઘણો પરિગ્રહ રાખે તો પણ દેવાદિ ગતિ પામે.

ભાવના કરે એવું મળે. દેવતા રત્નાદિની ઇચ્છા કરે, રાખે તો તે રત્નની ખાણમાં ઉત્પન્ન થાય છે. જેવી ભાવના કરે તેવું ફળ મળે. જ્ઞાનીઓ દેવગતિની ઇચ્છા કરતા નથી. જે સુખ પાછળ દુઃખ આવે, તે દુઃખ જ છે. સુખ-દુઃખ જે જગતના લોકો માને છે તે બેય દુઃખ જ છે. ખરું સુખ તો સમાધિ સુખ છે. ભ્રાંતિને લઈને સુખ માને છે. કૃપાળુદેવે કહ્યું છે કે જગતમાં કશું પ્રિય કરવા જેવું છે નહીં, અને જે પ્રિય કરવા જેવું છે, તે જીવે જાણ્યું નથી. કૃપાળુદેવ કહે છે કે પ્રતિમા એ ધ્યાનનું કાર્ય છે અને સ્વરૂપનું કારણ છે. એ જોઈને મિથ્યાત્વ મટી સમ્યક્ત્વ થાય છે. પ્રતિમા ભગવાનની દશા સમજવા માટેનું કારણ છે. અભયકુમારે આર્દ્રકુમારને પ્રતિમા મોકલી હતી તેથી તેને સમ્યગ્દર્શન થયું. આત્માની દશા બતાવવા માટે પ્રતિમા છે.

એવંભૂત એટલે જેવું છે તેવું. આત્મા સિદ્ધ સમાન છે એ જ ખરું સ્વરૂપ છે. એવી દૃષ્ટિ રાખીને તારા પરિણામ સુધાર. સંપૂર્ણ સિદ્ધ સ્વરૂપનો લક્ષ રાખીને વર્તમાનમાં વર્ત્ત. વર્તમાન તપાસીને સિદ્ધ સુધી જવાનું છે એવી દૃષ્ટિ કર. નૈગમનય એ કલ્પના અથવા સંકલ્પ છે. કોઈ અમદાવાદ ગયો હોય અને પહોંચ્યો ન હોય તો પણ ગયો કહે, તે નૈગમનયની અપેક્ષાએ કહ્યું છે. સિદ્ધ સ્વરૂપ દશા પ્રાપ્ત કરવા ઉઠ્યો હોય ત્યારે કહે કે સાધુ થયો છે. પણ સાધુ થયો નથી; ઊઠ્યો છે. પોતાનું મૂળ સ્વરૂપ જેવું છે તેવું વિચારીને સાચી વસ્તુ તરફ જા. જીવને લાભ થાય એ

માટે એ વચનો લખ્યાં છે. સંકલ્પ થયો તો પૂરો કર. જીવ એક છે એમ કહેવાય છે. તે જાતિ અપેક્ષાએ કહેવાય છે. એમ એક જીવ કહે એમાં બધાય આવ્યા. તે સંગ્રહનય છે. એથી પાછો જેવો છે તેવો થા. પોતાના આત્માને વિશુદ્ધ કર. વ્યવહારમાં મુનિ ભગવાન કહેવાય. આચાર્ય ઉપાધ્યાય પણ ભગવાન કહેવાય છે તે વ્યવહારનયથી છે, પણ ખરો ભગવાન તો તે રૂપ થાય ત્યારે થાય. એવંભૂત નય જેવું વર્તમાનમાં હોય તેવું જ કહે. જેમ કોઈ પૂજારી હોય તે નાહવા જાય ત્યારે પૂજારી ન કહેવાય. એટલે જેવો શબ્દથી મુમુક્ષુ કહેવાય છે તેવો સાચો મુમુક્ષુ થા. શુદ્ધના વિકલ્પ ભૂલી જા. આત્મામાં આત્મા એવો શબ્દ જ નથી. ''હું અસંગ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું.'' અસંગ થવાનું છે. જીવે એવી ભાવના કરવાની છે.

**''વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ''**

મારું તારું આભાસ છે, ખરું તો છે નહીં. જેને ભેદ પડ્યો છે તેને આ જુદું લાગે છે. ''કલ્પિતનું આટલું બધું મહાત્મ્ય શું?'' (૫૭૬) જન્મમરણ કરવાનું કારણ મારું તારું છે. આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે. જંગલમાં બેઠા બેઠા મુનિઓ આત્માનું ચિંતન કરે છે. આત્મા પ્રાપ્ત કરવા જેવો છે, પુરુષાર્થ વિના સિદ્ધ થાય એમ નથી; એમ ઉપનિષદમાં વચનો છે. એવાં આ કૃપાળુદેવે પણ છૂટક છૂટક વચનો લખ્યાં છે.

યાજ્ઞવલ્કય નામે બ્રાહ્મણ હતો. તે જનકરાજાના દરબારમાં જતો. એક વખત રાજાએ તેને પૂછ્યું, ત્યાગનું સ્વરૂપ કેવું છે? બ્રાહ્મણે કહ્યું, કાલે કહીશું. પછી તે ઘેર ગયો. તેને મૈત્રેયી અને કાત્યાયિની નામે બે સ્ત્રીઓ હતી. તેમને ધન વહેંચવા લાગ્યો અને કહ્યું કે તમે અર્ધું-અર્ધું વહેંચી લો. હું તો ત્યાગ લઉં છું. મૈત્રેયીએ કહ્યું, ધનથી મોક્ષ મળશે? તે વિચારવાન હતી તેથી કહે, મોક્ષ મળતો હોય તો આપો. પછી તેણે પણ ત્યાગ લીધો અને કાત્યાયિનીને ધન આપ્યું. પછી બીજે દિવસે યાજ્ઞવલ્કય જનકરાજાના દરબારમાં ગયો. રાજાએ જાણી લીધું કે આ ત્યાગનું સ્વરૂપ છે. વગર કહ્યે જાણી લીધું. પછી બ્રાહ્મણને કહેવું ન પડ્યું કે આ ત્યાગનું સ્વરૂપ છે.

કૃપાળુદેવને પરને અનુગ્રહ થાય એવી વૃત્તિ હતી. કૃપાળુદેવ કહે છે કે તું પહેલાં ચૈતન્ય જિનપ્રતિમા થા. તો પછી બીજાના ઉપર અનુગ્રહ થશે. ચૈતન્ય પ્રતિમા થવાનો કાળ છે? તો કે એવી કલ્પનાથી નિર્વિકલ્પ થા; કાળને એક બાજુ મૂક; શૂરવીર થા. જે નડે છે તેને કૃપાળુદેવ કહે છે કે—

''હે કામ! હે માન! હે સંગઉદય! હે વચનવર્ગણા! હે મોહ! હે મોહદયા! હે શિથિલતા! તમે શા માટે અંતરાય કરો છો? પરમ અનુગ્રહ કરીને હવે અનુકૂળ થાઓ, અનુકૂળ થાઓ.'' (હાથનોંધ ૨-૧૯) હવે ચૈતન્ય જિનપ્રતિમા થવું છે અને આ પાછળ પડ્યા છે.

મુમુક્ષુ—મોહદયા એટલે શું?

પૂજ્યશ્રી—મોહ પોષાય અને કહે કે આ છોકરાં છે, તે બિચારાંને કમાઈ આપું. નહીં તો આ છોકરાનું શું થશે? એવી દયા તે મોહદયા છે તે છેતરે છે. બૈરાં, છોકરાંને માટે કરવું પડે છે તે મોહદયા છે. મારી સાથે પહેલાં પેટલાદમાં એક છોકરો ભણતો હતો. હું અહીં આશ્રમમાં રહ્યો

ત્યારપછી તે છોકરો મને મળ્યો ત્યારે તેણે કહ્યું કે તમે ત્યાગ કર્યો અને મેં ત્યાગ ન કર્યો તો શું! મારે કંઈ સાથે આવવાનું નથી અને તમારે પણ સાથે આવવાનું નથી. વ્રતનિયમ લીધાં હોય તો તે મોહદયાથી ઢીલાં પડી જાય.

૨૧ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૧૧, સં. ૨૦૦૮

પૂજ્યશ્રી—આપણો પ્રમાદમાં વખત ન જાય એમ કરવાનું છે. આખું જગત કર્મવર્ગણાથી ભરપૂર છે. જેટલી જાગૃતિ હોય તેટલો આત્મા ઢંકાય નહીં. કર્મ આવ્યા જ કરે છે. રોજ ગોખવું. થોડું ગોખાય કે વધારે ગોખાય એનો ખેદ ન કરવો, પણ આપણી શક્તિ ગોપવવી નહીં.

*

(બપોરના)

પૂજ્યશ્રી—સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન કે ચારિત્ર ન હોય. આ મારું સ્વરૂપ એવો નિર્ણય તે સમ્યગ્દર્શન છે. આત્મા આંખે ન દેખાય. કેવળજ્ઞાનથી જ જણાય છે. આંખોથી દેખે તે ખોટું છે, સાચું નથી. મંદ કષાય ન હોય, સમ્યગ્દર્શન ન હોય તો મતાર્થી છે. ધર્મમાં જીવ ઉદ્યમ કરતો નથી, તેથી ફળ આવતું નથી. સાધુપણું લઈને પાછું ગૃહસ્થ થવું તે કરતાં ગૃહસ્થધર્મી રહેવું સારું છે. જે જીવે જિનવરોનું લિંગ ધાર્યું, રાખ વડે લોચ કર્યો પણ મમતા છોડી નહીં, જે ત્યાગ્યું છે તે પાછું ગ્રહણ કરે, તે ઊલટી કરીને પાછું ખાવા જેવું છે. સમ્યગ્જ્ઞાનદર્શનચારિત્રથી જે પૂર્ણ છે તે દેવ છે. સિદ્ધ પણ દેવ છે અને જે સમ્યગ્જ્ઞાનદર્શનચારિત્રને સાધે છે તે ગુરુ છે. સમ્યગ્દર્શનની પૂર્ણતા ચોથા ગુણસ્થાનકે હોય છે. સમ્યગ્જ્ઞાનની પૂર્ણતા કેવળજ્ઞાન થાય ત્યારે થાય છે અને સમ્યક્ચારિત્રની પૂર્ણતા યથાખ્યાત ચારિત્રે થાય છે.

મોટું પુસ્તક (વચનામૃત) વાંચવું. ઘણા વૈરાગ્યનું કારણ છે. આત્મામાં કંઈ ભેદ નથી. વેદાંત, જૈન એ દેહના ધર્મો છે. આત્મા કંઈ વેદાંતી કે જૈન નથી. આત્મવિચાર કર્તવ્યરૂપ ધર્મ છે. જેમ કૃપાળુદેવે કહ્યું તેમ છે. હું કોણ છું? કેવો થઈ શકું? એનો વિચાર નથી આવતો. ચૈતન્ય છે. આત્માનો સ્વભાવ અચિંત્ય છે. આત્માનો સ્વભાવ તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે.

**''ઘટપટ આદિ જાણ તું, તેથી તેને માન;**
**જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન?''**

આત્મા ન હોય તો મડદું છે. બાળી નાંખે, તેવું છે. સમ્યક્દૃષ્ટિની શ્રદ્ધા સવળી હોય છે. રાગદ્વેષ નથી કરવા એમ ભાવના રહે છે.

એક વાર સમકિત થયું અને ફરી મિથ્યાત્વમાં આવે તે સાદિમિથ્યાત્વ છે. સુખનું કારણ સમ્યક્ત્વ છે. પૈસા ટકા આદિને સુખ માને છે, પણ એ સુખ નથી. સમ્યક્ત્વ આવે ત્યારે એને સુખ પ્રાપ્ત થાય. સમ્યક્ત્વ આવ્યા વિના મોક્ષ થાય નહીં. સમજાય પણ નહીં. એનું માહાત્મ્ય હોય તો એવા મહાત્માને શોધે. જ્યાં સમ્યક્ત્વ પ્રગટ છે એવા મહાત્માને શોધે. ભક્તિનું કારણ એ જ છે. ગુણ છે તે ગુણીથી અળગો રહેતો નથી. મહાપુરુષ પાસે સમ્યગ્દર્શન હોય. બીજે સમ્યક્ત્વ દેખવા જાય તો મળે નહીં. સંસારમાં દુઃખ કેટલું ભોગવ્યું છે, એનો હિસાબ આવે એવું નથી. ''જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો

દુઃખ અનંત'' અનાદિથી ભોગવતો આવ્યો છે. છેડો આવે નહીં. દેખતભૂલી છે.

મુમુક્ષુ—''કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો'' એટલે શું?

પૂજ્યશ્રી—કંઈ કરવાનું રહે નહીં.

સમ્યગ્દર્શન થાય પછી શ્રદ્ધા જાય નહીં. ભગવાન સાચું કહે છે. તેની આરાધના જે કરતા હોય તેની પાસેથી જાણીને ઉપાસના કરવી. મિથ્યાત્વમાં પરિણમ્યો હતો. ત્યાંથી ફરી આત્મામાં પરિણમ્યો. ત્યાં આત્મા જ ફર્યો છે. અનંતાનુબંધી જાય એટલે સ્વરૂપરમણતા થાય છે. સમ્યગ્દર્શન સાથે જ સ્વરૂપ રમણતા શરૂ થાય છે. સમ્યક્ત્વીને મોક્ષની મીઠાશ લાગે છે.

**''ધર્મજનિત પણ ભોગ ઇહાં તેમ, લાગે અનિષ્ટ તે મનને રે''**

૨૨ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૧૨, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—જેને ભલું થવાનું હોય, તેને સારા ભાવ થાય છે.

મુમુક્ષુ— **''તુજ મુદ્રા તુજ વાણીને, આદરે સમ્યક્વંત;**
**નહિ બીજાનો આશરો, એ ગુહ્ય જાણે સંત.''**

એનો શો અર્થ હશે?

પૂજ્યશ્રી—આપની મુખમુદ્રા અને વાણીને સમ્યક્દૃષ્ટિ આદરે છે. બીજાને એ ગમે નહીં. જે સમ્યક્દૃષ્ટિ થવા તરફ વળે તેને સારું લાગે છે. મૂર્તિ એ ભગવાન જ છે, એમ લાગે છે. બીજા જીવોનું એટલું ગજું નથી કે મૂર્તિ જોઈને કેવળજ્ઞાનનું સ્વરૂપ સમજાય. સમ્યક દૃષ્ટિનું એ કારણ છે, ધ્યાનનું કારણ છે. ભગવાન છે તે ચૈતન્યની મૂર્તિ છે.

**''એક પરમાણુ માત્રની મળે ન સ્પર્શતા, પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો;**
**શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય, અગુરુલઘુ અમૂર્ત સહજ પદરૂપ જો. અપૂર્વ૦''**

એવું સ્થિર ભગવાનનું સ્વરૂપ છે. શુક્લધ્યાનથી કેવી દશા થાય છે, તે બતાવવા માટે પ્રતિમા છે. તારી મુખમુદ્રા અને વાણીને સમ્યક્દૃષ્ટિ પુરુષો આદરે છે.

મુમુક્ષુ—બીજા ન આદરે?

પૂજ્યશ્રી—બીજાને એ ગમે નહીં. જેને ભલું થવાનું હોય તેને જ ગમે. સમ્યક્ત્વનું એ કારણ છે. જે સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા તરફ વળ્યો છે, તેને પણ એ ગમે છે. મૂર્તિ એ ભગવાન જ છે.

મુમુક્ષુ—''નહિ બીજાનો આશરો, એ ગુહ્ય જાણે સંત.'' એટલે શું?

પૂજ્યશ્રી—બીજા જીવો મૂર્તિ દેખીને કેવળજ્ઞાનનું સ્વરૂપ ન સમજી શકે. ભગવાનની મૂર્તિ ચૈતન્યસ્વરૂપ છે અને તે અડોલ એટલે અચળ છે અને ''એક પરમાણુ માત્રની મળે ન સ્પર્શતા'' એવું સ્વરૂપ છે.

મુમુક્ષુ—ગુપ્ત દાન એટલે શું?

પૂજ્યશ્રી—કોઈ જાણે નહીં એવી રીતે દાન દેવું કે જેથી પોતાનો લોભ છૂટે અને અભિમાન ન થાય; અને દાન લેનારને પણ પરાધીનતા, દીનતા ન થાય તે ગુપ્તદાન છે. લોભ છોડવા માટે દાન કરવાનું છે. દેવલોકની ઇચ્છા વગર દાન કરવું.

કુદેવને માને તેથી કુધર્મ થવાનું કારણ છે. વિરાધક જીવને સમ્યક્ત્વ થતાં વાર લાગે છે. સમ્યક્ત્વ ગમતાં પણ વાર લાગે છે. પુરુષાર્થ કરવો આપણે હાથ છે. અનંત કર્મો છે. સમયે સમયે જીવના પરિણામ પરિવર્તન થાય છે. સમ્યગ્દર્શન એ બીજ છે. એ આવે તો પાંદડાં ફૂટે, ફળ, ફૂલ આવે. દિવસે દિવસે વૃદ્ધિ પામે છે.

મુમુક્ષુ–સમતા રાખવી છે છતાં કેમ નથી રહેતી?

પૂજ્યશ્રી–સમ્યક્ત્વબીજ રોપાયું નથી, એની જરૂર છે. પછી સહજે થાય; કરવું ન પડે. સહજે સહજે સમભાવ વધતો જાય છે. સાચામાં સમ્યક્ત્વ છે.

**“સમકિતનું મૂળ જાણીયેજી, સત્ય વચન સાક્ષાત્,**
**સાચામાં સમકિત વસેજી, માયામાં મિથ્યાત,**
**રે પ્રાણી, મ કરીશ માયા લગાર.”** (માયાની સજ્ઝાય)

સાચામાં સમકિત વસે છે અને વૈરાગ્ય એ સમ્યગ્દર્શનનું મુખ્ય લક્ષણ છે.

કૃપાળુદેવે કહ્યું છે, “શ્રી સદ્ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથ માર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈ પણ મારાં નથી. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.” (૬૯૨) રાગદ્વેષનો ક્ષય થઈ શકે છે. રાગદ્વેષ જાય કે અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થાય. કર્મ કમાવનાર રાગદ્વેષ છે, એથી જ કર્મ બંધાય છે. બધાને આવરણ કરનાર રાગદ્વેષ છે. રાગદ્વેષરહિત થઈ શકાય છે પણ જ્ઞાનરહિત ન થઈ શકાય. સર્વજ્ઞપણું એ ધ્યેય છે. એ પ્રાપ્ત કરવા માટે રાગદ્વેષનો ક્ષય કરવો.

મુમુક્ષુ–સર્વજ્ઞપદમાં અરિહંત, સિદ્ધ વગેરે બધાય આવી ગયા?

પૂજ્યશ્રી–એ સર્વજ્ઞપદ જેણે પ્રાપ્ત કર્યું છે તેની પાસે સાંભળવા યોગ્ય છે. તે ન હોય તો શાસ્ત્રમાંથી વાંચવું. શું? તો કે સર્વજ્ઞપદ. એક પ્રદેશ, એક સમય અને એક પરમાણુનું જ્ઞાન થાય, તે કેવળજ્ઞાન જાણવું.

(‘લઘુ યોગવાસિષ્ઠસાર’ના વાંચન પ્રસંગે) ૨૩ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૧૩, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–લઘુતા આવ્યા પછી જ્ઞાન થાય.

**“અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય;**
**એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય?”**

લઘુતા જેમાં આવે તેમાં પ્રભુતા આવે છે. તે ભગવાનની કૃપાને યોગ્ય થાય છે. કૃપાળુદેવના યોગથી અયોગી ભગવાનને સ્મરું છું. ક્ષેત્ર અને કાળથી જે અમાપ છે; જે અનંત જ્ઞાનવાળાં છે; સ્વાનુભવ કરવાથી જણાય છે, એવા શાંતિનાથને નમસ્કાર કરું છું. હું બંધાયેલો છું અને કેમ છૂટું? એમ જેને હોય તે આ (યોગવાસિષ્ઠ) ગ્રંથનો અધિકારી છે. જ્ઞાની એના અધિકારી નથી, કારણ કે તેઓને કંઈ કરવું રહ્યું નથી. તેમજ જે અજ્ઞાની છે તે પણ આ ગ્રંથનો અધિકારી નથી. સદ્ગુરુની કૃપા હોય તો સત્શાસ્ત્ર મળે; નહીં તો વિયોગ રહે.

કૃપાળુદેવને દેહ છોડ્યાને પચાસ વર્ષ થયાં અને ‘મોક્ષમાળા’ સોળ વર્ષની વયમાં લખી હતી,

પણ એટલા વર્ષ થયાં લોકો જાણતા પણ નથી કે 'મોક્ષમાળા' શું હશે? સદ્ગુરુની કૃપા વગર સત્શાસ્ત્ર પણ હાથ ન આવે. ભગવાનની કૃપા થાય ત્યારે સદ્ગુરુનો યોગ મળે છે.

*

મુમુક્ષુ—આજે અંતરાય કર્મની પૂજામાં આવ્યું હતું કે ''મિચ્છ, અભવ્ય ન ઓળખે, એક અંધો એક કાણો રે.'' એનો શો અર્થ હશે?

પૂજ્યશ્રી—મિથ્યાદૃષ્ટિ છે તેને તો કોઈ દિવસે પણ વસ્તુ પ્રાપ્ત થશે. પણ અભવ્ય છે તે તો કોઈ દિવસે પણ સિદ્ધ ન થાય. તેથી એને આંધળો કહ્યો છે.

*

(બપોરના)

મુમુક્ષુ—કલ્યાણ શું?

પૂજ્યશ્રી—કષાય ઘટે તેટલું કલ્યાણ છે. રાગ, દ્વેષ, મોહ એ કષાય છે. કષાય છે તે આત્માના સ્વભાવને ઘાત કરનાર છે. કષાય વધે એવું કરે તો પાપ અને ઘટે એવું કરે તો પુણ્ય બંધાય છે. આહાર વગેરે દાન આપે તેથી પુણ્ય વધે, અને સોનું વગેરે આપે તેથી લોભાદિ વધે, તેથી પાપ બંધાય છે. બીજા જીવોને અભયદાન આપવું તે દયા દાન છે. બીજાને દુઃખી જોઈ, દયા લાવી, દાન આપે તે દયાદાન કે અનુકંપા દાન છે. ધર્મના પાત્ર સાધુ કે શ્રાવકને દાન આપે તે પાત્રદાન છે. વિષય-કષાય ઘટાડવા માટે તપાદિ કરવાનાં છે, તે કરતો નથી. અસંગ થવાનું સાધન સત્સંગ છે. સત્ સમજાય તો અસંગ થવાય. જ્યાં ત્યાંથી આત્મલાભ થાય તે કરવું. સત્સંગમાં સાંભળવાનું મળે તે સાંભળવું, વિચારવું, એકાંતમાં વિચાર કરવો. રાગ-દ્વેષ શાથી થાય છે? તે વિચાર કરવાનો છે. કેટલાકને સંગમાં પોતાના દોષ દેખાય છે. એકલો હોય તો દોષો ન દેખાય. અસંગ થવા માટે જેની જેની જરૂર પડે તે કરવું. આત્મપરિણામ, નિર્મળ પરિણામ, સમભાવ દિવસે દિવસે વધતો જાય તેમ કરવું. સત્સંગ એ અસંગ થવાનું સાધન છે.

મુમુક્ષુ—સંગમાં રહેવાથી કલ્યાણ છે કે અસંગમાં રહેવાથી?

પૂજ્યશ્રી—અસંગ એમનું એમ થવાતું નથી, સત્સંગથી થવાય છે. સત્સંગમાં જે કંઈ સાંભળ્યું હોય તેનો વિચાર કરવો. સત્સંગમાં આવ્યું કે રાગ-દ્વેષ ન કરવા. તો મારામાં રાગ-દ્વેષ છે કે નહીં? એમ તપાસવું. પછી કાઢવા. સત્ વસ્તુ સમજાય એવો જે સંગ તે સત્સંગ. ગમે તેવા સંગથી કલ્યાણ નથી. સંગને લઈને તો ભૂલો પડ્યો છે. પણ હવે સત્સંગ કરવાનો છે.

*

(સાંજના)

પૂજ્યશ્રી—સમ્યગ્દર્શન પામવા માટે આઠ ગુણોની જરૂર છે. પહેલી દયા પોતાની સ્થિતિનું ભાન થાય, પછી પોતાની દયા આવે અને પછી સમભાવ આવે. જેવું પોતે આત્માનું સુખ ઇચ્છે છે, તેવું બીજા જીવોને પણ સુખ થાઓ, તે મૈત્રીભાવ છે. ''મોક્ષનો માર્ગ બતાવે તે મૈત્રી.'' (મોક્ષમાળા -૨૪). મૈત્રી એટલે કોઈને દુઃખ ન આપે.

*

પૂજ્યશ્રી—ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ અને ભક્તિ મુમુક્ષુ જીવે સહજ સ્વભાવરૂપ કરી મૂકવા જેવાં છે, એમ કૃપાળુદેવે લખ્યું છે. 'સંસાર સાગર કહેવાય છે પણ, સમ્યગ્દર્શન થયા પછી ગાયના પગની ખરી જેટલો થઈ જાય છે. ભવભય મટી જાય છે; હવે વાર નથી' એમ દેવચંદ્રજીએ કહ્યું છે.

આનંદઘનજી કહે છે કે ''અબ હમ અમર ભયે ન મરેંગે.'' સમ્યક્ત્વ થયા પછી પુદ્ગલનું માહાત્મ્ય લાગે તો સમ્યક્ત્વ જતું પણ રહે છે. જ્યાં સુધી પચીશ દોષ એટલે આઠ શંકાદિ દોષ, આઠ મદ દોષ, છ અનાયતન, ત્રણ મૂઢતાની નિર્મૂળતા ન થઈ ત્યાં સુધી દોષ ઉત્પન્ન થવાનો સંભવ છે. જીવ અગિયારમેથી પડે છે. ત્યાં રિદ્ધિસિદ્ધિ પ્રગટે છે તેથી પડે છે. શંકા, કાંક્ષાદિ દોષો સમ્યક્ત્વને મલિન કરે છે. વિવેકનો નાશ થાય ત્યારે વિષય-કષાય સારા લાગે. શત્રુ છે, છતાં સારા લાગે છે.

**''વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;**
**પરિણામની વિષમતા, તેને યોગ અયોગ.''** (૯૫૪)

યોગ થયો હોય તો પણ અયોગ જેવું થાય. કઠોર વચન બોલવાથી આત્મા ભાન ભૂલી જાય છે. 'હું જાણું છું' એ જ અનંતાનુબંધી છે. બુદ્ધિની હીનતા હોય તો જ્ઞાનીનું કહેલું મનાય નહીં. પોતાનો આગ્રહ થઈ જાય. પછી જ્ઞાની કહે તોય ન માને. મિથ્યાત્વનો ઉદય હોય ત્યાં સુધી વસ્તુ વસ્તુરૂપે સમજાય નહીં. એ વિપરીતતા ટળે તો વસ્તુ વસ્તુરૂપે સમજાય છે. દેહ પરથી વૃત્તિ ઊઠવી મુશ્કેલ છે. દેહભાવ છોડ્યો તે મોક્ષે ગયા છે. આત્માને આત્મા જાણે અને પરને પર જાણે એ ધર્મનું પહેલું પગથિયું છે. પોતાનું પોતે ભૂલી સુખ માને છે. સુખની ઇચ્છા કર્યા કરે છે પણ સુખનું ભાન નથી. પોતાને નથી ગમતું એવું જે દુઃખ, તે જાય એમ સર્વ જીવ ઇચ્છે છે. સિદ્ધ ભગવાને પહેલું એ કર્યું છે કે આત્માને આત્મા જાણ્યો અને પરને પર જાણ્યું. પહેલું કરવા જેવું એ જ છે.

સુખનું ભાન નથી. પાંચ ઇન્દ્રિયના વિષયોમાં સુખ મેળવવા જાય છે, તેથી પાછાં કર્મ બંધાય છે. પતંગિયાની પેઠે દીવામાં પડે છે. ''સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે.'' પતંગિયુ જ્યારે દીવાથી આઘું હોય ત્યારે દીવા તરફ જવાની ઇચ્છા કરે, તેમાં સુખ માને છે. પણ તેની પાસે જતાં સુખ ટળે છે. અનાદિકાળથી કર્મ છે. આત્મા બળવાન થાય તો કર્મને ખાઈ જાય છે. નહીં તો કર્મ એને ખાઈ જાય છે.

મુમુક્ષુ—જીવ અનાદિકાળથી નિગોદમાં હતો, એમ કહેવાય છે, તે કેવી રીતે? એવું તો કોઈ કર્મ છે નહીં કે જે અનંતકાળ સુધી રહે?

પૂજ્યશ્રી—અનાદિથી જીવ નિગોદમાં હતો એમ ભગવાને કહ્યું છે. એક જ કર્મથી, અનાદિકાળથી નિગોદમાં રહ્યો એમ નથી. ત્યાં કર્મો નવાં બાંધે અને ભોગવે છે.

મુમુક્ષુ—મન તો હોતું નથી તો કર્મ કેવી રીતે બંધાય?

પૂજ્યશ્રી—આત્મા તો છે ને. જીવ જ્યારે એક દેહ છોડી બીજો દેહ ધારણ કરવા જતી વખતે ગતિ કરે છે ત્યારે વચ્ચેના સમયમાં પણ જતાં જતાં કર્મ બાંધે છે.

મુમુક્ષુ—અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો કયાં કયાં છે?

પૂજ્યશ્રી—કેટલાક દેડકા સંમૂર્છિમ હોય છે. કેટલાક મચ્છ અસંજ્ઞી પંચેન્દ્રિય હોય છે. કાખમાં અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે. એ બધા અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો છે.

*

(રાતના)

(ભક્તિમાં છ પદનો પત્ર બોલાયા પછી, પૂજ્યશ્રીએ એક મુમુક્ષુને પૂછ્યું)

પૂજ્યશ્રી—આજે શાંતિભવનમાં સમ્યક્ત્વને નાશ કરનારા પાંચ કારણો વંચાયાં હતાં, તે યાદ રહ્યાં ? તે કયાં કયાં છે ?

૧. મુમુક્ષુ—નિષ્ઠુર વચન. (આટલું કહ્યા પછી કહ્યું, યાદ નથી. પછી બીજા મુમુક્ષુને પૂછ્યું).

૨. મુમુક્ષુ—નિષ્ઠુર વચન, અદૈન્યપણું, (આટલું કહ્યા પછી,યાદ નથી. પછી ત્રીજા મુમુક્ષુને પૂછ્યું).

૩. મુમુક્ષુ—બુદ્ધિની મંદતા, નિષ્ઠુર વચન, પ્રમાદ, ક્રોધ પ્રકૃતિ. (આટલું કહ્યા પછી કહ્યું કે પાંચમું યાદ નથી. પછી)

પૂજ્યશ્રી—અહંકાર, બુદ્ધિની મંદતા, કઠોર વચન અથવા ભાષા, પ્રમાદ, અને ક્રોધ પ્રકૃતિ.

પ્રમાદના પાંચ ભેદ છે—(૧) વિષય, (૨) કષાય, (૩) વિકથા, (૪) સ્નેહ અને ( ૫) નિદ્રા.

૨. મુમુક્ષુ—યાદ કેમ નથી રહેતું ?

પૂજ્યશ્રી—જેટલી ગરજ હોય તેટલું યાદ રહે. વંચાતુ હોય ત્યારે ઉપયોગ બહાર હોય, તો યાદ રાખવાની શક્તિ હોવા છતાં યાદ ન રહે.

પૂજ્યશ્રી—(સ્મરણમંત્રની માળા અને આત્મસિદ્ધિ બોલાયા પછી)દુર્ભાગ્ય મતાર્થી કોને કહેવાય ?

૨. મુમુક્ષુ— **“નહિ કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય;**
**સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય.”**

પૂજ્યશ્રી—કષાયની ઉપશાંતતા ન હોય અને અંતર વૈરાગ્ય નહીં એટલે બહારથી વૈરાગ્યનો ડોળ કરે પણ અંતરથી વૈરાગ્યભાવ ન હોય. બીજાને દેખાડવા માટે ડોળ કરે, સરળપણું ન હોય, માયા કરે, મધ્યસ્થભાવ એટલે આગ્રહરહિતપણું, તે ન હોય તે દુર્ભાગ્ય છે. મધ્યસ્થતા આવવી બહુ અઘરી છે. આગ્રહ હોય તેથી જ્ઞાનીનું કહેલું મનાય નહીં. જ્ઞાની કહે ત્યારે મનમાં એમ વિચારે કે એમાં મારો ધર્મ તો આવ્યો નહીં. ‘હું કંઈ જાણતો નથી’ એમ થવું બહુ મુશ્કેલ છે. હું સમજું છું, જાણું છું એમ કરે છે પણ

**“જાણ્યું તો તેનું ખરું, જે મોહે નવિ લેપાય;**
**સુખ દુઃખ આવ્યે જીવને, હર્ષ શોક નવિ થાય.”**

ભવે ખેદ થાય ત્યારે વૈરાગ્ય થાય.

“ઘણું કરીને મનુષ્યાત્મા કોઈ ને કોઈ ધર્મમતમાં હોય છે અને તેથી તે ધર્મમત પ્રમાણે

પ્રવર્તવાનું તે કરે છે, એમ માને છે પણ એનું નામ મુમુક્ષુતા નથી.'' (૨૫૪)

૨૪ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૧૪,સં. ૨૦૦૮

(પૂજ્યશ્રી સમક્ષ એક વિદ્યાર્થીએ આશ્રમમાં રહેવાના ભાવ દર્શાવ્યા તે પ્રસંગે)

પૂજ્યશ્રી—પછી કલ્યાણ કરવાના ભાવ હોય તો વહેલું જ કરવું સારું. મને પણ એવું થયું હતું કે (જ્યારે પ્રભુશ્રીજી મળ્યા હતા ત્યારે) અંગ્રેજી ભણીને આટલાં બધાં વર્ષો ગુમાવી દીધાં. કૃપાળુદેવે પણ લખ્યું છે કે અમે અંગ્રેજી ન ભણ્યા, તે બહુ સારું કર્યું. અંગ્રેજીથી બહુ કુસંસ્કારો પડે છે. તારે તો બહુ અનુકૂળતા છે. તોય આવા વિષયમાં વડીલની સમ્મતિની જરૂર છે. એક આત્માનું જ કલ્યાણ કરવું હોય તો ભણીને ક્યાં જવું છે? ભણવું હોય તો સંસ્કૃત શીખવા જેવું છે, કારણ કે જૈનનાં બધાં શાસ્ત્રો સંસ્કૃતમાં છે.

(પછી વિદ્યાર્થીને સંબોધીને) 'સમાધિ-સોપાન' વાંચ્યું છે?

વિદ્યાર્થી—ના પ્રભુ. હમણાં તો 'મોક્ષમાળા' વાંચું છું. આપે આપેલું 'જંબુસ્વામી ચરિત્ર' પૂરું થઈ ગયું છે.

પૂજ્યશ્રી—બ્રહ્મચર્યમાં જેને પ્રિયતા હોય તેને એ બહુ કલ્યાણકારી થઈ પડે છે અને પછી સદ્ગુરુના ચરણમાં પ્રીતિ હોવી જોઈએ.

*

પૂજ્યશ્રી—તત્ત્વદૃષ્ટિએ શ્વેતાંબર અને દિગંબરમાં ભેદ નથી. જેને ગુણનો ખપ છે, તે સારું સારું બધે જુએ છે. કૃપાળુદેવે ધર્મ સંબંધી બહુ વિચારો કર્યા છે. એવા પણ મત છે કે કહેવરાવે તો જૈન અને હોય નહીં તે જૈનાભાસ છે.

*

(બપોરના)

પૂજ્યશ્રી—ઘણું પુણ્ય હોય અને થોડું પાપ થતું હોય તો તે ઘણા પુણ્યની અપેક્ષાએ પાપ નથી. વીતરાગતા સેવાય તેટલો ધર્મ થાય છે. પ્રભુશ્રીજી કહેતા કે કોઈ છ મહિના ઉપવાસનું તપ કરે અને કોઈ પોતાને ગાળો ભાંડતો હોય તે સમભાવથી સહન કરે; એનું છ મહિનાના ઉપવાસ કરતાં વધારે ફળ થાય છે, કેમકે તપ કરીને પણ કરવાનું તો એ જ છે. સંસાર રાગ-દ્વેષથી વધે છે. માટે રાગ, દ્વેષ, મોહ છોડવા. તત્ત્વની શ્રદ્ધા હોય તેને રાગ, દ્વેષ ઓછા થાય છે. રાગ, દ્વેષ છોડવાનું ભગવાને કહ્યું છે અને રાગ-દ્વેષ કરે તો તે ધર્મ ન કહેવાય. કુદેવ, કુધર્મ અને કુગુરુની માન્યતા છે તે હિંસા કરતાં પણ વધારે દુઃખનું કારણ છે, પાપનું કારણ છે. કુદેવ આદિમાં અનંતાનુબંધી પોષાય છે તેથી અનંતકાળ સુધી રખડવું પડે છે. મિથ્યાત્વશલ્ય એ અઢાર પાપસ્થાનકમાં મોટામાં મોટું પાપ છે. જેમ દેરાસરનો કળશ છે તેમ એ પાપનો કળશ છે. એનું નામ શલ્ય એટલે ખૂંચે એવું છે. જ્યાં કુદેવનાં સ્થાન હોય ત્યાં રહેવાથી તેવા ભાવ થઈ જાય છે.

*

(સાંજના)

પૂજ્યશ્રી—અહંકાર હોય તો સમકિત જતું રહે, મતિની મંદતા એટલે વિશાળબુદ્ધિ ન હોય, કઠોર વચન, ક્રોધ પ્રકૃતિ, અને પ્રમાદ. આ સમકિતને નાશ કરનારાં કારણો છે. ''પ્રમાદને લીધે આત્મા મળેલું સ્વરૂપ ભૂલી જાય છે.'' (૨૫) એ પાંચ કારણો સમ્યક્ત્વનો ઘાત કરનારાં છે. ભગવાનને હૃદયમાં રાખવા હોય તો કચરો કાઢી નાંખવો પડે. શ્રદ્ધા થઈ હોય પણ એવા દોષો આવે તો જતી પણ રહે.

મુમુક્ષુ—અભિમાન થવાનું કારણ શું? બધું છે તો પારકું.

પૂજ્યશ્રી—પારકું નથી માન્યું. મારું નથી એમ જેને હોય તે અભિમાન ન કરે. પોતાનું માન્યું હોય તો અભિમાન થાય.

સમ્યક્ત્વના પાંચ અતિચાર છે. એ દોષો લાગવાથી સમ્યક્ત્વ મલિન થાય છે અને વધારે લાગે તો જતું રહે. (૧) લોકહાસ્ય—એટલે હું ભક્તિ કરવા જાઉં છું, એથી લોકો મને ખોટો કહેશે, હસશે, નામ પાડશે. એમ ભય રાખે તે લોકહાસ્ય. (૨) ભોગ રુચિ. (૩) આગામિક કાળની ચિંતા (૪) કુશાસ્ત્રની ભક્તિ. જેમાંથી આત્મકલ્યાણ ન થાય એવાં કુશાસ્ત્રો વાંચવાથી પણ સમ્યક્ત્વને દોષ લાગે છે. (૫) કુદેવની ભક્તિ.

મુમુક્ષુ—કુદેવ એટલે શું?

પૂજ્યશ્રી—અઢાર દોષથી રહિત ભગવાન છે. એ ન હોય તે કુદેવ છે. કેટલાક સૂર્યને દેવ માને છે કેટલાક અગ્નિને, કેટલાક પવનને અને કેટલાક પાણીને દેવ માને છે. એ બધા કુદેવ છે. માન્યતાની ભૂલ છે.

સમ્યક્ત્વનાં પાંચ ભૂષણ છેઃ— (૧) પ્રભાવના વધવાની ભાવના (૨) હેયને હેય અને ગ્રહણ કરવા યોગ્યને ગ્રહણ કરવા યોગ્ય સમજે (૩) ધીરજ (૪) સમ્યક્ત્વપ્રાપ્તિમાં હર્ષ (૫) પ્રવીણતા એટલે તત્ત્વ વિચારમાં પ્રવીણતા. એ પાંચ ભૂષણ છે.

મુમુક્ષુ—સમ્યક્ત્વ આવે ત્યારે શું થાય?

પૂજ્યશ્રી—જન્મ-મરણ છૂટવાનું થાય. જે જે જીવો મોક્ષે ગયા તે તે સમ્યક્ત્વ પામીને ગયા. એ વિના મોક્ષે ગયા નથી. સમ્યક્ત્વ આવે ત્યારે સુખ થાય. કૃપાળુદેવે કહ્યું છે કે શ્રેણિક રાજા નરકમાં છે પણ દુઃખી નથી. દેહને દુઃખ છે પણ આત્માને નથી. દેવલોકનાં સુખ કરતાં એનું વધારે સુખ માને છે. સમ્યક્ત્વીને ઇન્દ્રિયનું સુખ પણ ન ગમે. જેણે એ માર્ગ ચાખ્યો છે તે કહે છે કે અગ્નિમાં બળવું સારું; પાણીમાં ડૂબી જઉં; પણ સમ્યક્ત્વ વગર ન રહું.

**''ધિંગ ધણી માથે કિયા રે, કુણ ગંજે નર ખેટ, વિમલ જિન દીઠાં લોયણ આજ''**

કોઈ પણ પ્રકારનો ભય ન રહે. નિર્ભય, નિઃશંક થઈ જાય. નિર્વિચિકિત્સા આવે. બીજાના દોષો ઢાંકે; પ્રભાવના કરે એવા ગુણો પ્રગટે છે. કશો એને ભય ન રહે. શંકા પણ ન થાય. આત્મા શું હશે? કેવો હશે? એમ શંકા ન થાય. વિભાવથી છૂટે તો સ્વભાવમાં આવે. વિભાવથી છૂટવું, સ્વભાવમાં રહેવું એ જિનની આજ્ઞા છે, એમ કૃપાળુદેવે લખ્યું છે—

“रत्तो बंधदि कम्मं मुंचदि जीवो विरागसंपत्तो ।
एसो जिणोवदेसो तम्हा कम्मेसु मा रज्ज ।।” (શ્રી સમયસાર)

રાગ થાય એને સારું માને છે. કષાય છોડવા જેવા છે. સમ્યક્ત્વ વિના ભાવકર્મની ઓળખાણ પણ ન થાય. આત્મા શબ્દોથી ન સમજી શકાય. સ્વાનુભવ વગર ન સમજાય. શબ્દો તો બતાવવા માટે છે. શબ્દ એ આત્માથી જુદી વસ્તુ છે. જે જે જ્ઞાનમાં ભાસે છે તે તે ચૈતન્યસ્વરૂપ છે. એ જ્ઞાન પરિણતિ આત્મા જ છે. જ્ઞાનની પરિણતિ છે તે આત્માથી જુદી નથી. જ્ઞાનની પરિણતિ તે ચેતન છે. જ્ઞાનમાં જગત દેખાય છે. તે જ્ઞાનથી ભિન્ન નથી કારણકે જ્ઞાનાકારે થાય છે. વસ્તુ સમજવી બહુ મુશ્કેલ છે. જગત ભિન્ન પણ છે. વિભાવ પરિણતિ છૂટે ત્યારે એ વિચારો આવે. બે વસ્તુ ભિન્ન છે તે સમજવા માટે (હાથનોંધ ૩/૭, વચનામૃતમાં પાન ૮૨૭ ઉપર છે) તે કામનું છે. મૂળ વસ્તુ એમાં બતાવી છે.

મુમુક્ષુ–પ્રભુ, વ્યાકુળતા બહુ આવે છે કે ક્યારે મોક્ષના સુખનો અનુભવ થશે?

પૂજ્યશ્રી–વ્યાકુળતામાં કંઈ માલ નથી. વૈરાગ્ય, ઉપશમ વધારવાં અને કૃપાળુદેવનાં વચનોમાં વૃત્તિ રાખવી અને એના ઉપર પ્રેમ કરવો, એને જ સર્વ અર્પણ કરવું. (પછી પૂજ્યશ્રીએ પત્રાંક ૫૩૭ વંચાવ્યો). મુમુક્ષુને સત્સંગ, સત્પુરુષનો યોગ થયા પછી પણ પૂર્વકર્મના ઉદયે સંસારમાં રહેવું પડતું હોય તો સંસાર કારાગૃહ જેવો છે એમ લાગે છે. ધીરજ રાખવી. ધીરજ રાખવી એમ કહ્યું તેથી પુરુષાર્થહીન ન થવું. પુરુષાર્થ વધારવો, પણ ઉતાવળ ન કરવી. કામ, માન અને ઉતાવળ એ ત્રણ મોટા દોષ છે. કામથી જીવ આંધળો થઈ જાય છે. કંઈ ભાન રહેતું નથી. એવી રીતે માનમાં પણ જીવ ચઢી જાય છે અને ત્રીજી ઉતાવળ. એ ત્રણ મોટા દોષ છે.

મુમુક્ષુ–પ્રભુ, માન તો બહુ આવે છે.

પૂજ્યશ્રી–માન કરવા જેવું કંઈ નથી. આ કાળમાં એવા સંઘયણ નથી કે બાર બાર મહિના ઉપવાસ કરી શકે, એવી શક્તિ નથી કે સારી રીતે સંયમ આરાધી શકે, તો અભિમાન શાનું કરે? બાહુબળજી બાર મહિના સુધી અડોલ આસને કાયોત્સર્ગમાં ઊભા રહ્યા હતા, પણ મનમાં એમ ન આવ્યું કે હું તો તપ કરું છું. મેં બહુ તપ કર્યું. બીજા તો ખાય છે, હું તપ કરું છું, એમ ન થયું. સદ્ગુરુને ભૂલે તેથી માનમાં પેસે છે. સદ્ગુરુને ન ભૂલવા, એ માન દૂર કરવાનો ઉપાય છે. જીવ ઊંચી શ્રેણી ભણી નથી જોતો તેથી માન આવે છે. નહીં તો “અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય” એમ લાગે.

દેહ ક્ષણભંગુર છે એનું ઠેકાણું નથી. પહેલાં તો બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ, સંન્યાસાશ્રમ એમ હતા પણ આ કાળમાં દેહનું કંઈ ઠેકાણું નથી. સંસારના બધા પદાર્થોમાં મોહ છે તે મુખ્ય છે, દુઃખરૂપ છે. તો પછી બીજા પદાર્થોમાં શું પ્રીતિ કરવી! જ્યારે મહાપુરુષોને પરવસ્તુ પરરૂપ લાગે ત્યારે તે છોડી દેવાનું કરે છે. ‘દેહ મારો નહીં’ એમ થાય તેથી દેહ છોડવાનો છે એમ જાણે છે. જેમ વરરાજાને માટે, લગ્ન હોય ત્યારે તેને પહેરવા માટે ઘરેણાં લાવ્યાં હોય તેમાં માન ન થાય, કારણ કે તે જાણે છે કે બે દિવસમાં તે પાછા આપવાના છે, હું ક્યાં કમાઈને લાવ્યો છું એમ લાગે છે, તેથી માન થતું નથી. એમ સત્પુરુષો પરને પર જાણે છે તેથી જરા પણ માન થતું નથી.

સહજ સિદ્ધદશારૂપ કેવળજ્ઞાન પામવું બહુ દુર્લભ આ કાળમાં થઈ ગયું છે.

**"કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;**
**કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ."**

એવું કેવળજ્ઞાન આ કાળમાં બહુ દુર્લભ છે. આત્મા કર્મમળથી રહિત થાય એ જ ખરી સ્વસ્થતા છે એટલે નીરોગિતા છે. કર્મરૂપી રોગથી રહિત તે સ્વસ્થતા છે. જીવ ઘણીવાર યથાપ્રવૃત્તિકરણ સુધી તો આવ્યો છે પણ જે વખતે ગ્રંથિભેદ થવાનો વખત આવે તે વખતે ક્ષોભ પામી જાય છે, અને પાછો સંસારપરિણામી થઈ જાય છે. ગ્રંથિભેદ થવા માટે જીવે નિત્ય સત્સંગ અથવા સત્સમાગમ, સદ્વિચાર અને સદ્ગ્રંથનું સેવન કરવું, એથી જીવને બળ મળે છે. જે જ્ઞાનથી કામ નાશ પામે છે તે જ્ઞાનને નમસ્કાર હો. સર્વ દોષોમાં મોટામાં મોટો દોષ એ છે કે જીવને મુમુક્ષુતા નથી આવી. મોહથી મુઝાવું જોઈએ તેને બદલે મોહમાં રાજી થાય છે. ક્ષણે ક્ષણે મોક્ષમાર્ગમાં પ્રવર્તન તે તીવ્ર મુમુક્ષુતા છે. એ જીવમાં નથી. તે જ મોટામાં મોટો દોષ છે.

આત્મા છે, આત્મા નિત્ય છે, કર્મનો કર્તા છે, કર્મનો ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે. શિષ્ય કહે છે કે આ છ સ્થાનક આત્માનાં નિવાસરૂપ છે, તેનું વર્ણન કરીને આપે મને આત્માનો ઉપદેશ કર્યો અને મ્યાનથી તરવાર જેમ સ્પષ્ટ ભિન્ન દેખાડે તેમ આપે મને આત્મા બતાવ્યો. એ આપનો અપાર ઉપકાર છે.

૨૫ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૦)), સં. ૨૦૦૮

પૂજ્યશ્રી—આત્માનું શુદ્ધ સ્વરૂપ સમજ્યા વિના હું અનંતકાળથી અનંત દુઃખ પામ્યો તે પદ જેણે સમજાવ્યું તે સદ્ગુરુ ભગવંતને નમસ્કાર.

**"જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;**
**સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત."**

દુઃખ પામ્યા કરું છું તે દુઃખ જે પ્રકારે ટળે તે પ્રકારે આપે મને આત્મસ્વરૂપ સમજાવ્યું તે બદલ શ્રી સદ્ગુરુદેવના ચરણકમળમાં નમસ્કાર કરું છું. તે સદ્ગુરુનો જય થાઓ, જય થાઓ. કર્મરહિત સહજાત્મસ્વરૂપ જેણે પ્રગટાવ્યું છે એવા પરમગુરુ, શુદ્ધ આત્મસ્વરૂપના સ્વામી, મારા મનની પણ વાતો જાણનાર, હે ભગવાન! મોક્ષના દરવાજારૂપ જે ક્ષમા છે, તેને ધારણ કરનાર, અને મોક્ષાર્થે પુરુષાર્થ કરનાર હે ક્ષમાશ્રમણ! હું આપને વંદન કરવાને ઇચ્છું છું. મારી શક્તિ પ્રમાણે શુદ્ધભાવથી મસ્તક નમાવીને વંદન કરું છું. ક્ષમાશ્રમણ એટલે મોક્ષ માટે પુરુષાર્થ કરનારા તે. એ પોતાના પરિણામ સુધારી મોક્ષ તરફ વળે તેમ કરે છે.

**"પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમ જ્ઞાન સુખધામ;**
**જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ."**

સદ્ગુરુ પુરુષોત્તમરૂપ પ્રભુ છે. કેવળજ્ઞાન અને અનંતસુખના ધામ છે. તે સદ્ગુરુએ મને આત્માનું ભાન પ્રગટાવ્યું તેથી તેમને સદા નમસ્કાર કરું છું.

**"દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;**
**તે જ્ઞાનીનાં ચરણમાં, હો વંદન અગણિત."**

દેહધારી છતાં જેની દશા વિદેહી છે તે ભગવાનનાં ચરણકમળમાં વારંવાર વંદન હો. હે ભગવાન્! તમને નમસ્કાર હો, નમસ્કાર હો, નમસ્કાર હો. તમારું શરણ મને પ્રાપ્ત થાઓ, પ્રાપ્ત થાઓ, પ્રાપ્ત થાઓ. ત્રણે કાળ મને તે શરણ ટકી રહો. દરેક ભવમાં મને આપનું શરણ હો; સદ્ગુરુનું શરણ સદા હો. મનથી, વચનથી, કાયાથી, કરવું, કરાવવું, અનુમોદવું એ પ્રકારે ત્રિવિધ ત્રિવિધ ભાવ વંદન સર્વ કાળ માટે હો. આપણી વૃત્તિ ભગવાનમાં લીન થાય તે ભાવ વંદન છે. કાયાથી વંદન એ દ્રવ્ય વંદન છે. વચનથી બોલે તે વચન વંદન. તે પણ દ્રવ્ય વંદન છે. વિનય સહિત વંદન હો. સમય સમય વંદન હો. ૐ નમોઽસ્તુ એટલે પંચ પરમેષ્ઠીને નમસ્કાર હો. ગુરુદેવનો જય હો, શાંતિ હો! સંસારસાગર તરવામાં ઉત્તમ, સજ્જનોમાં ઉત્તમ, હિત કરનારાઓમાં ઉત્તમ, પરમ સ્નેહ રાખનાર, એવા તમને નમસ્કાર હો.

*

(બપોરના)

પૂજ્યશ્રી–જીવને સૂક્ષ્મ મિથ્યાત્વ હોય પણ તેની ખબર ન પડે. ઊપરથી જીવને હું સત્દેવને માનું છું એમ હોય, પણ હોય મિથ્યાત્વ. તે સૂક્ષ્મ મિથ્યાત્વ છે. એકલા નિશ્ચયનયને એકાંતે માને, તે નિશ્ચયનય એકાંત મિથ્યાત્વ છે.

''સર્વ જીવ છે સિદ્ધ સમ'' પણ સમજે તો. સંસારી હોય અને માને કે હું સિદ્ધ છું, તે મિથ્યાદૃષ્ટિ છે. દ્રવ્યથી આત્મા સિદ્ધ સમાન છે, પર્યાય અપેક્ષાએ સિદ્ધ નથી. જેમ રાજા અને ગરીબ, માણસની અપેક્ષાએ સમાન છે પણ રાજા અને ગરીબ પર્યાયની અપેક્ષાએ સમાન નથી. સિદ્ધ પર્યાય ન પ્રગટ્યો હોય અને પોતાને સિદ્ધ સમાન માને તે મિથ્યાદૃષ્ટિ છે. દ્રવ્ય કે પર્યાયને એ જાણતો પણ ન હોય અને કહે કે હું સિદ્ધ સમાન છું એ મિથ્યાત્વી જ છે. જેવું નથી તેવું માને તે મિથ્યાદૃષ્ટિ છે.

જીવનું સ્વરૂપ કેવળજ્ઞાનસ્વરૂપ છે. આત્મામાં કેવળજ્ઞાન પ્રગટ છે પણ આવરણથી ઢંકાયેલું છે, એમ માને તે ભ્રમ છે. કારણ કે કેવળજ્ઞાનને કોઈ રોકી શકતું નથી. શક્તિપણે કેવળજ્ઞાન છે, પણ પ્રગટ નથી. કર્મને લઈને સંકોચ પામી જ્ઞાન મતિરૂપ થઈ ગયું છે. કર્મના નિમિત્તે કેવળજ્ઞાનનો અભાવ જ છે. ચાર ઘાતીકર્મ ક્ષય થયે જ પ્રગટે છે. ચૈતન્યપણું છે તે પારિણામિક ભાવ છે. કેવળજ્ઞાનની આત્મામાં શક્તિ છે તેને વ્યક્ત ન થવા દે તે કેવળજ્ઞાનાવરણ છે. પાણીનો સ્વભાવ જેમ ઠંડો છે તેમ આત્માનો સ્વભાવ કેવળજ્ઞાનસ્વરૂપ છે, પણ પ્રગટપણે નથી. કેવળજ્ઞાનનો અભાવ હોય અને છે એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે.

ભાવકર્મ જે રાગાદિ,તે બીજાએ કર્યા નથી પણ પોતે જ કર્યા છે.જીવ અને કર્મ બન્ને મળીને કરે એમ નથી. એમ હોય તો જડને પણ ભોગવવું પડે, પણ તેમ તો નથી. ભાવકર્મ કંઈ પુદ્ગલને થતા નથી પણ પોતાથી જ થાય છે. રાગાદિની ઉત્પત્તિ કોઈ બીજો કરે છે, એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે.

**''ભાવકર્મ નિજ કલ્પના, માટે ચેતનરૂપ;**
**જીવવીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધૂપ.''**

રાગાદિની પોતે કલ્પના કરે છે. પોતે જ ચેતનરૂપ પરિણમાવે છે.

**"નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;**
**એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ."**

એકાંતે ન હોય. વ્યવહારની ગૌણતા અને નિશ્ચયનયથી બોલે તો સાચું છે. રાગાદિ પોતાના નથી એમ માને, કર્મને નિમિત્તે થાય છે. હું રાગાદિનો કર્તા નથી અને પછી રાગાદિ કરે તો પણ માને કે હું નથી કરતો તે મિથ્યાદૃષ્ટિ છે. રાગાદિ એ ઔપાધિક ભાવ છે, આત્માના નથી, પણ કરે છે તો આત્મા જ. રાગદ્વેષ છોડો એવો શ્રી સદ્‌ગુરુનો ઉપદેશ છે. રાગદ્વેષનું કારણ ઉપાદાન એટલે પોતે જ છે. પણ પોતાનો સ્વભાવ નથી.

**"ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ;**
**વર્તે નહિ નિજ ભાનમાં, કર્તા કર્મ પ્રભાવ."**

પોતાના સ્વભાવમાં ન હોય ત્યારે જીવ રાગાદિ કરે છે. પ્રયોજનભૂત સાત તત્ત્વના વિચારથી વિભાવ દૂર થાય છે. વિચારતાં વિચારતાં મોહ માગ આપે ત્યારે કામ થાય, સમ્યક્‌ત્વ થાય. તત્ત્વ-વિચાર કરવાની શક્તિ તો છે, પણ વિચાર કરે તો થાય. રાગાદિ હોય છતાં સિદ્ધ સમાન માને તે મિથ્યાદૃષ્ટિ છે. આત્મા ચૈતન્યસ્વરૂપ છે.

દયા મૂળ ધર્મ કહ્યો છે. આત્મા અને મન જુદાં નથી રહેતાં. મન નિર્મળ થાય તેથી સમકિત થાય છે અને મલિન થાય તો પાછું જતું રહે. કોઈ વસ્તુનો સંકલ્પ કરે કે આ વસ્તુ મારે નથી જ ભોગવવી ત્યારથી નિયમ કર્યો કહેવાય. વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવું કહ્યું છે. જ્ઞાનથી આત્મા અભિન્ન છે.

"વિશ્વમાં જીવ અભેદતા માને છે, એ જ ભ્રાંતિ છે." (૮૩૩) એક પદાર્થનું સંપૂર્ણ જ્ઞાન એક સમયમાં થાય તે કેવળજ્ઞાન છે. એનો સંપૂર્ણ સ્વભાવ પ્રગટે તો કશું અજાણ્યું ન રહે. કેવળજ્ઞાન બધા પદાર્થોને જાણનાર છે.

૨૬ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ સુદ ૧,સં.૨૦૦૮

પૂજ્યશ્રી—પહેલેથી જ કંઈક કરી મૂક્યું હોય તો જ ધીરજ રહે, નહીં તો મરણ સમયે ધીરજ રહેવી મુશ્કેલ છે.

મુમુક્ષુ—[૧]"નિર્મલ તાત્ત્વિક લોભ સમારી" એટલે શું? (મોક્ષમાળા-૪૫)

પૂજ્યશ્રી—બીજો લોભ તો છોડે પણ તત્ત્વનો લોભ એટલે કોઈ શાસ્ત્ર, જે વખતે ભણવાનું હોય તે વખતે ન ભણે અને ગમે તે વખતે ભણે તે. સ્વાધ્યાય કરવાનો લોભ છે તેને સમારી એટલે ઠીક કરવો. કૃપાળુદેવ લખે છે કે જે સૂત્રો મૂળ છે તે અમુક વખતે જ વાંચવા, એવી મર્યાદા છે. અકાળે ન ભણવું. [૨]તે ઉપર શાસ્ત્રમાં એક કથા આવે છે—

આત્મા એ પ્રમાણે જ છે, એવું થયા પછી બીજા વિકલ્પો ન આવે. પણ ક્રોધાદિ આવે તે

---

૧. મોક્ષમાળા વિવેચનમાં 'સામાન્ય મનોરથ' કાવ્યના અર્થ કરતાં પૂજ્યશ્રીજીએ "નિર્મલ તાત્ત્વિક લોભ સમારી" નો અર્થ— નિર્મળ તત્ત્વ જાણવાની અભિલાષા રાખીને લોભને સવળો કરવો (સમારી=સવળો, સમો) આ પ્રમાણે કરેલો છે. ૨. પૃષ્ઠ નં. ૧૮૯

સુખનો ભંગ કરે. ચાર ઘાતી કર્મ જાય ત્યારે સંપૂર્ણ સુખ પ્રગટે છે. મોહનીયકર્મ જાય તો સુખ પ્રગટે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય ને અંતરાય એ ચાર કર્મ અનંત સુખને આવરણ કરે છે. એનો ક્ષય થયે અનંત સુખ પ્રગટે. બાકીનાં ચાર અઘાતી કર્મ તો બળેલી સીંદરીવત્ છે. આત્માને એથી બંધન નથી. વેદનીય કર્મનો ઉદય હોય તો પણ એને અનંત સુખના હિસાબમાં કંઈ નથી. આત્માને ઘાત કરનાર ચાર ઘાતી કર્મો છે. બાકીનાં ચાર કર્મો નામ, ગોત્ર, આયુષ્ય અને વેદનીય એને આત્મા સાથે સંયોગ નથી પણ શરીર સાથે છે. શરીર ઉપર મોહ હોય તો વેદના લાગે. આઠ કર્મમાંથી એક મોહનીયકર્મ મુખ્ય છે ને બધાં કર્મ તેનો પરિવાર છે. ચારિત્રમોહ એ કષાય છે. વેદનીય કર્મનો ઉદય શરીર હોય ત્યાં સુધી રહે પણ જેને મોહ નથી તેને શાતા-અશાતા બધું સરખું લાગે. નામકર્મથી શરીર બંધાય છે. મોહનીય કર્મને લઈને વેદના લાગે છે. દશમે ગુણસ્થાનકે મોહનીય કર્મ ક્ષય થાય છે. પછી બારમાના અંતે બાકીનાં ત્રણ કર્મો ક્ષય થાય છે. પહેલાં મોહનીય જાય છે પછી જ્ઞાનાવરણીયાદિ જાય છે. બધા ગુણસ્થાનક મોહ અને કષાયની અપેક્ષાએ છે. તેરમે યોગની પ્રવૃત્તિ છે અને ચૌદમે નથી. ચૌદમે અયોગી કહેવાય છે. અયોગીકેવળી-ગુણસ્થાનકની સ્થિતિ અ,ઇ,ઉ,ઋ,લૃ એમ પાંચ લઘુ સ્વર બોલે એટલી છે. સિદ્ધનું સુખ કેવળજ્ઞાનમાં ખબર પડે છે.

**“જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;”**

મોક્ષનું સુખ એને અનુભવમાં આવે છે.

મુમુક્ષુ—સમ્યક્ત્વની ઓળખાણ કેમ થાય?

પૂજ્યશ્રી—પોતાને ખબર પડે છે. મને મોહ છે કે નહીં? મને જ્ઞાનગર્વ છે કે નહીં? હોય, તો નથી. કઠોર વચન, ક્રોધની પ્રકૃતિ, પ્રમાદ, મતિની મંદતા ને અહંકાર એ પાંચ કારણો હોય તો સમકિત નથી. એ ન હોય તો છે. સમ્યક્દર્શન હોય ત્યાં દયા હોય છે. તેથી નિષ્ઠુર વચન ન કહે. સમ્યક્ત્વ હોય તોય એ દોષથી જતું રહે છે.

એક શ્રાવક હતો. તેની સ્ત્રી રોજ તેને પજવે. શ્રાવકને અવધિજ્ઞાન હતું. તેથી તેણે જાણ્યું કે સ્ત્રીનું મરણ નજીક છે. તેણે સ્ત્રીને કહ્યું કે તારું મરણ નજીકમાં છે. પછી તે ભગવાન પાસે ગયો. ત્યારે ભગવાને કહ્યું કે કોઈને એવું ન કહેવું. તે સ્ત્રીને શ્રાવકે એવું કહેવાથી તે બહુ દુઃખી થઈ અને અઠવાડિયામાં મરણ પામી. જેમ આપણને દુઃખ થાય છે તેમ બીજાને પણ દુઃખ થાય છે એટલે દયા રાખવી. દુઃખી કરવાની ભાવના હોય ત્યાં સમ્યક્ત્વ નહીં. સમ્યક્ત્વ હોય ત્યાં મૈત્રીભાવ હોય છે.

*

(બપોરના)

પૂજ્યશ્રી—સાત તત્ત્વોની શ્રદ્ધા તે સમ્યક્દર્શન છે. વિચાર વિના આત્મજ્ઞાન ન થાય. જે જીવ મુમુક્ષુ થયા છે તે પોતાને પરમાત્મસ્વરૂપ માને તો તે ભૂલ છે. હું તો પરમાત્મા છું, મારે તો કોઈનો સંબંધ નથી; એ તો બારણા વાસી દેવા જેવું છે. પછી પુરુષાર્થ કરવાનું રહે નહીં. જેમ છે તેમ

માનવું તે સમ્યક્ત્વ છે. અને એમ ન માનવું તે ભ્રમ છે. બે પ્રકારની શુદ્ધતા છે. એક દ્રવ્યશુદ્ધતા અને બીજી પર્યાયશુદ્ધતા. જડ તે ચેતન ન થાય અને ચેતન તે જડ ન થાય; તે દ્રવ્યશુદ્ધતા છે. બીજી પર્યાયશુદ્ધતા એટલે કર્મની ઉપાધિથી જે ભાવો થાય છે તે ઔપાધિક, વિભાવિક ભાવ છે. તેથી છૂટવું તે પર્યાયશુદ્ધતા છે. આત્માની શુદ્ધ ભાવના ભાવવી. હું જડ નથી, ચેતન છું, શુદ્ધ છું, એમ દ્રવ્યથી ભાવના કરવાની છે. દ્રવ્ય અપેક્ષાએ આત્મા શુદ્ધ છે, પરદ્રવ્યોથી ભિન્ન છે. પરદ્રવ્યોથી ભિન્ન રહેવું, પોતાના ભાવથી અભિન્ન રહેવું તે દ્રવ્યશુદ્ધતા છે. દ્રવ્ય એ વસ્તુનું સામાન્ય સ્વરૂપ છે. પર્યાય એ વસ્તુનું વિશેષ સ્વરૂપ છે.

મુનિ જ્યારે ધ્યાનમાં ન જોડાઈ શકે ત્યારે સ્વાધ્યાયમાં રહે છે. કાં તો ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રહે, કાં તો પરમાત્મસ્વરૂપમાં રહે. બીજે ચિત્ત ખસવા દેવા જેવું નથી. નહીં તો અશુભ ભાવ આવી જાય. સમ્યક્‌દૃષ્ટિ જે વાંચે તે સવળું પરિણમે છે. અધ્યાત્મશાસ્ત્ર વાંચી આત્માનો નિર્ણય કરવાનો છે. પછી કષાય મંદ કરવા માટે બીજાં શાસ્ત્રો પણ વાંચવાં. ધર્મકથાનુયોગ, ચરણાનુયોગ, કરણાનુયોગ અથવા ગણિતાનુયોગ બધાં કામનાં શાસ્ત્રો છે. જેને એ શાસ્ત્ર પ્રત્યે અરુચિ છે, તેટલી સમ્યક્ત્વની ખામી છે. ચારે અનુયોગ હિતકારી છે. એ શાસ્ત્રો સમજવા માટે વ્યાકરણ, શબ્દશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર જાણવાં જોઈએ. તેથી શાસ્ત્રો યથાર્થ સમજાય. આત્મામાં વૃત્તિ રાખવી છે, તે છોડી શાસ્ત્રોમાં જાય તે બુદ્ધિ વ્યભિચારિણી છે. આત્મામાં નિરંતર રહેતી હોય તો બહુ સારું. પણ ન રહેતી હોય તો શાસ્ત્રોમાં રાખવી. નહીં તો વિષયકષાયમાં જાય. તેથી અશુભ ભાવ થઈ જાય. નિર્વિકલ્પ દશા ન હોય અને શાસ્ત્રોનો અભ્યાસ પણ ન કરે તો અશુભ ભાવમાં પ્રવર્તે, બીજા વિચારો કરે.

સમ્યક્‌દર્શનજ્ઞાનચારિત્રરૂપ મોક્ષમાર્ગ છે. ત્રણેની ઐક્યતા થાય ત્યારે મોક્ષ થાય. શાસ્ત્રોમાં જે ગુણસ્થાનાદિ કહ્યાં છે, તે પણ વિચારવા જેવાં છે. એથી રાગદ્વેષ થતાં નથી. લોકાદિનું સ્વરૂપ જાણવાથી નુકસાન નથી, રાગાદિ મટાડવાનું કારણ થાય છે. પાપ કારણોથી છૂટે અને પુણ્ય બંધાય એવાં કારણોમાં પ્રવર્તે તો રાગદ્વેષ ઓછા થવાનું કારણ બને છે. વિશેષ જાણવાથી આત્મા નિર્મળ થાય છે. જેને શરીર ઉપર મોહ છે તેને તપાદિથી કષ્ટ લાગે છે, પણ જે મોક્ષમાર્ગે ચઢે છે તેને ''देहदुःखं महाफलम् । લાગે છે. તપ એ નિર્જરાનું કારણ છે. સમ્યક્ત્વીને કોઈ કારણથી તપ ન થતું હોય, તો પણ તે તપને ભલું જાણે છે. ઇચ્છા રોકવી એ તપ છે. સ્વાધ્યાય કરવો, વૃત્તિ રોકે, ગળ્યું ગળ્યું ભાવતું હોય તે ન ખાય, તે પણ તપ છે. જ્ઞાનનું ફળ વિરતિ છે. વચનવર્ગણા છે તે કર્મ આવવાનું કારણ છે. ''વચન નયન યમ નાહીં'' જેટલી વચન કાયા અને મનની પ્રવૃત્તિ ઓછી તેટલો ઓછો આસ્રવ થાય.

*

સાધુના અઠ્ઠાવીસ મૂળ ગુણ કહે છે—પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, પાંચ ઇન્દ્રિયના વિષયનો ત્યાગ, છ આવશ્યક, કેશલોચન, નગ્નપણું, સ્નાનત્યાગ, ભૂમિશયન, દંતધોવન ત્યાગ, ઊભા જમે, એકવાર ભોજન.

પાંચ મહાવ્રત–હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહ એનો સર્વથા ત્યાગ તે પાંચ મહાવ્રત છે.

પાંચ સમિતિ–ઇર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપણ, પ્રતિષ્ઠાપન તે પાંચ સમિતિ છે.

છ આવશ્યક–પ્રતિક્રમણ, પચખાણ, સામાયિક, સ્તવન, વંદન અને કાઉસ્સગ્ગ.

બે પ્રકારનાં સાધુ છેઃ (૧) સ્થવિરકલ્પી અને (૨) જિનકલ્પી.

સ્થવિરકલ્પી મુનિ, મુનિઓ સાથે રહે છે અને જિનકલ્પી એકલ વિહારી હોય છે. બન્ને સમ્યગ્દૃષ્ટિ છે. આવરણ ઘટે, ચારિત્રમોહ ઘટે તે ક્ષયોપશમ ચારિત્ર છે, અને એ વિના જે ચારિત્ર લે તે ઔદયિક ચારિત્ર છે. ચારિત્રમોહનો ક્ષય થવાથી આત્માની શાંતિ થાય છે. એ વિના માત્ર વેષ પહેરે તે ઔદયિક ચારિત્ર છે. પોતાનું સ્વરૂપ ન જાણ્યું ત્યાં સુધી કર્મ જ બાંધે છે. ભાવ વધતાં કર્મ ખસે છે.

સ્થવિરકલ્પી શિષ્યોની સાથે રહે અને ધર્મોપદેશ કરે છે. જિનકલ્પી એકલા વિચરે છે. શિષ્ય પણ ન રાખે. બાવીસ પરિષહ સહન કરે– [૧]ક્ષુધા પરિષહ, [૨]પિપાસા પરિષહ, [૩]શીતમાં ઊભા રહે, [૪]તાપમાં ઊભા રહે, [૫]ડાંસ, મચ્છરનો પરિષહ, [૬]અવસ્ત્રનો પરિષહ, [૭]અરતિ પરિષહ, [૮]સ્ત્રી પરિષહ, [૯]ચર્યા પરિષહ, [૧૦]બેઠક પરિષહ, [૧૧]શય્યા પરિષહ, [૧૨]આક્રોશ વચનનો પરિષહ, [૧૩]વધનો પરિષહ, [૧૪]યાચના પરિષહ, [૧૫]અલાભ પરિષહ [૧૬]રોગ પરિષહ, [૧૭]તૃણસ્પર્શનો પરિષહ, [૧૮]મેલનો પરિષહ, [૧૯]સત્કાર પુરસ્કારનો પરિષહ, [૨૦]પ્રજ્ઞાનો પરિષહ, [૨૧]અજ્ઞાનનો પરિષહ, [૨૨]દર્શન પરિષહ.

આત્મા છે એમ જાણ્યું. આત્માનું અસ્તિત્વ સ્પષ્ટ લાગે તે સમ્યક્ત્વ છે. જ્ઞાન છે તે અનંત છે. જ્ઞાનની હદ નથી. નિરાવરણ જ્ઞાનની સ્થિતિ સાદિ અનંત છે.

*

(સાંજના)

મુમુક્ષુ–ત્રણ વાગે રાત્રે ઊઠવાનું રાખું?

પૂજ્યશ્રી–દિવસે પ્રમાદ તો નથી આવતો ને?

મુમુક્ષુ–ના જી.

પૂજ્યશ્રી–તો સારું. ઊઠીને 'મોક્ષમાળા'ના પાઠ ફેરવીએ. પાઠ ફેરવતી વખતે એ લક્ષ રાખવો કે મારે વિચાર કરવા માટે ફેરવવા છે. એકાગ્ર મનથી ફેરવવા. મારા શીખેલા છે માટે નહીં ફેરવું તો ભૂલી જઈશ, એટલો જ લક્ષ ન રાખવો. વિચાર કરવાનો પણ લક્ષ રાખવો.

૨૭ શ્રીમદ્ રા. આ. અગાસ, વૈશાખ સુદ ૨, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–પાપનું ફળ દુઃખ આવે છે. લોકો માંદા પડે ત્યારે મધ ખાય છે પણ મધથી કંઈ જિવાય નહીં. આયુષ્ય પૂર્ણ થવા આવ્યું હોય તો કોઈ જિવાડે નહીં, માટે મધનો ત્યાગ કરવો.

શુભ ભાવથી વૈરાગ્ય વધે છે. શુભ ભાવમાં ક્ષુધાદિની પણ ખબર પડતી નથી. વૈરાગી હૃદય હોય છે ત્યારે ક્ષુધાદિ ઓછાં લાગે છે. પુરુષાર્થ હીન ન થવું.

એક વખતે પ્રભુશ્રીજી ભક્તિ કરતા હતા તે વખતે સ્તવન બોલાતું હતું, તે બંધ રખાવી પૂછ્યું કે જ્ઞાનીપુરુષ ભક્તિ કરે કે નહીં ? પછી પોતે જ કહ્યું કે અશુભમાં વૃત્તિ જતી હોય તે અટકાવવા માટે ઉલ્લાસપૂર્વક કરે છે, કેમકે અશુભભાવ ખરાબ છે. શુભભાવથી થોડામાં પતી જાય છે.

આત્મા અખંડ છે, અચળ છે, નિત્ય છે. આત્મા જાણ્યો હોય તો જ્ઞાનની સાથે વૈરાગ્ય રહે છે. આત્મજ્ઞાનરહિત મુનિ તે દ્રવ્ય મુનિ છે. પરને પર જાણ્યું તો રાગદ્વેષ ન કરે. તેની પંચાત રહે નહીં. રાગાદિને સમ્યગ્દૃષ્ટિ સારા માનતો નથી. રાગાદિ મને થાય છે અને તે દુઃખરૂપ છે એવી શ્રદ્ધા ન હોય તો પછી કોણ કાઢે ? જીવાજીવને જાણે તો રાગદ્વેષ ન થાય અને ઉદયને લઈને થાય તો સારા ન ગણે. રાગાદિને દૂર કરવા હોય તો પહેલાં તીવ્ર રાગાદિ છોડવાં અને શુભમાં પ્રવર્તવું. પછી મંદ રાગાદિ પણ છોડીને શુદ્ધમાં આવવું એ ક્રમ છે. સંવર-નિર્જરાનું કારણ રાગાદિ ન થવા તે છે. પરદ્રવ્યને જાણવાથી આસ્રવ થતો નથી.

**''છૂટે દેહાધ્યાસ તો નહિ કર્તા તું કર્મ;**
**નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.''**

ધર્મનો મર્મ તો દેહાધ્યાસ છોડવાનો છે. ''એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ.'' બધાયથી છૂટે ત્યારે મોક્ષ થાય. જેને છૂટવું છે તેણે બધાથી છૂટવું. જ્યારે સંસાર દુઃખરૂપ લાગે ત્યારે છૂટે. જો સંસાર સારો લાગે તો છૂટવાની ભાવના મોળી છે.

**''પ્રેરક અવસર જિનવરુ, સખી દેખણ દે; મોહનીય ક્ષય જાય રે, સખી દેખણ દે,**
**કામિત પૂરણ સુરતરુ, સખી દેખણ દે, આનંદઘન પ્રભુ પાય રે, સખી મુને દેખણ દે.''**

બાહ્ય નિમિત્ત પણ સારાં જોઈએ અને આત્માનું બળ પણ જોઈએ.

ચોથે ગુણસ્થાનકે આત્મજ્ઞાન થાય છે. આત્માના બધા ગુણો સ્વાધીન રહે તેથી બળ વધે. આવરણ છે તે પરાધીનતા છે અને આવરણ જાય તો નિરાવરણ થાય છે. ''જ્ઞાનનું ફળ વિરતી છે.'' (૭૪૯) તીર્થંકર નામકર્મ બાંધેલું હોય તેથી ભગવાન ઉપદેશ કરે છે, લોકાનુગ્રહ કરે છે. સ્વાભાવિક થાય છે.

૨૮ શ્રીમદ્ રા.આ. અગાસ, વૈશાખ સુદ ૩, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—તપ, ભક્તિ, વાંચન, વિચાર કરવાની જરૂર છે. વીતરાગભાવથી સંવર થાય છે. કષાય ઘટે તેથી સંવર થાય છે. જેટલા રાગદ્વેષ ઓછા તેટલો બંધ ઓછો. વીતરાગતા વધે તેમ તેમ બંધ મંદ થાય. જેને છૂટવું હોય તેણે કોઈ રાગ કે દ્વેષ કરવાના નથી. વીતરાગદશામાં જેટલી ખામી છે તેટલો બંધ વધારે પડે છે. વીતરાગતા સહિત જે વિચાર થાય તે નિર્વિકલ્પદશા છે. ધર્મધ્યાનમાં વસ્તુને સમજવા માટે વિચાર કરે, એ કંઈ વિકલ્પદશા નથી. વિચાર ન હોય તો જ્ઞાન પણ ન હોય. જ્યાં રાગ-દ્વેષ છે ત્યાં વિકલ્પ છે. રાગદ્વેષ રહિત નિર્વિકલ્પ દશા છે. વિકલ્પમાં રાગદ્વેષની હાજરી હોય છે. રાગ-દ્વેષ રહિત જે વસ્તુનો વિચાર કરે તે વિકલ્પ નથી. ઉપયોગ વારંવાર ફરે તેનું નામ વિકલ્પ છે. એક વસ્તુમાં ઉપયોગ રોકાય, બીજી વસ્તુમાં ઉપયોગ ન હોય તે ધ્યાન છે. જેને નિમિત્તને લઈને રાગદ્વેષ થાય છે તેને આત્મચિંતન રહે તો રાગદ્વેષ ઘટે. એ

નીચી દશાવાળા જીવોને ઉપદેશ કર્યો છે. દશા વધ્યા પછી દેવલોકનું, નરકનું ચિંતન કરે તો કાંઈ રાગદ્વેષ ન થાય.

મુમુક્ષુ–જ્યાં સુધી સ્વરૂપ ન જાણ્યું હોય ત્યાં સુધી શામાં રહેવું?

પૂજ્યશ્રી–જ્ઞાનીપુરુષની આજ્ઞામાં રહેવું.

વસ્તુને જાણવાથી દોષ નથી પણ રાગદ્વેષ કરવાથી દોષ છે. સમ્યક્દર્શન એ વીતરાગતા છે. જેટલા અંશે વીતરાગતા તેટલા અંશે સમ્યક્દર્શન છે. જેટલી વીતરાગતા તેટલું નિર્વિકલ્પપણું છે. મોક્ષ સુખરૂપ છે અને મોક્ષનો માર્ગ પણ સુખરૂપ છે.

મુમુક્ષુ–લોકોને મોક્ષમાર્ગ દુઃખરૂપ કેમ લાગે છે?

પૂજ્યશ્રી–મુમુક્ષુદશા ન આવે ત્યાં સુધી દુઃખ લાગે. મૂકવું પડે છે તેનું દુઃખ લાગે છે.

*

(રાતના-ઉપર, ભક્તિ કર્યા પછી)

મુમુક્ષુ–આજે નવપદજીની પૂજામાં નવપદનાં નામ આવ્યાં હતાં. તેમાં પહેલાં પાંચ પરમેષ્ઠીનાં નામ આવ્યાં હતાં અને પછી દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપના નામો આવ્યાં. એમાં જ્ઞાનની પહેલાં દર્શન કેમ આવ્યું?

પૂજ્યશ્રી–સમ્યગ્દર્શન આવ્યા પછી જ્ઞાન સમ્યક્ થાય છે.

મુમુક્ષુ–પણ જ્ઞાન થયા પહેલાં દર્શન શી રીતે થાય?

પૂજ્યશ્રી–સદ્ગુરુનું સમ્યગ્જ્ઞાન હોય છે, તેથી તેના આધારે આધારે સમ્યક્દર્શન થાય છે. સમ્યક્દર્શન આવ્યા પછી 'હું કંઈ જાણતો નથી' એમ થાય છે. દર્શનમોહ ઘટે ત્યારે સમ્યક્દર્શન થાય છે. એ દર્શનમોહ ઘટવા માટે સત્પુરુષનો બોધ છે. સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાન બન્ને સાથે જ થાય છે. સમ્યક્દર્શન પહેલાં જે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હતો તે કુજ્ઞાન હતું, તે સમ્યક્દર્શન થવાથી સમ્યક્જ્ઞાન થાય છે. બન્નેની શરૂઆત સાથે જ થાય છે. સમ્યક્દર્શન વિના ચારિત્ર તે કુચારિત્ર છે. સમ્યગ્દર્શન થયા પછી અહંભાવ [1]ખળી જાય છે. કંઈ જાણતો નથી અને જાણું છું એમ માને તે જ મિથ્યાત્વ છે. ''હું પામર શું કરી શકું?'' તેને બદલે હું જાણું છું એમ કરે છે. સમ્યક્દર્શન થયા પછી ''હું પામર શું કરી શકું?'' એવા ભાવ આવે છે.

૨૯ શ્રીમદ્ રા.આ. અગાસ, વૈશાખ સુદ ૪, સં.૨૦૦૮

જ્યારે અશાતાવેદનીયનો ઉદય હોય છે ત્યારે ગમે તેટલી દવા કરે તો પણ મટે નહીં, પણ જ્યારે વેદનીય કર્મ જવાનું હોય ત્યારે દવા અસર કરે છે.

મુમુક્ષુ–મારે આ અશાતાવેદનીય ક્યારે મટશે? શા માટે એ ઉદય આવ્યો? એમ થાય છે.

પૂજ્યશ્રી–વિશ્વાસ નથી. ભૂલ છે.

જેને આત્માનું કલ્યાણ કરવું છે એવા મુમુક્ષુ જીવને તો દેહને સાચવવાનું કહ્યું છે. ''જ્યાં

૧ અટકી

સુધી દેહાદિકથી કરી જીવને આત્મકલ્યાણનું સાધન કરવું રહ્યું છે, ત્યાં સુધી તે દેહને વિષે અપારિણામિક એવી મમતા ભજવી યોગ્ય છે.'' (૪૬૦) અને જેણે એ કામ કરી લીધું છે એવા જે મહામુનિઓ, તેઓને ઉપસર્ગ આવે છે ત્યારે તેઓને કંઈ ચિંતા ફિકર રહેતી નથી. કારણ કે જે કામ કરવું હતું તે કરી લીધું. હવે દેહ રહો કે ન રહો, બન્ને એક સરખાં લાગે છે.

(એક ભાઈને ઉદ્દેશીને) 'મોક્ષમાળા' મેટ્રિક થતાં પહેલાં વાંચી લેવા જેવી છે. જીવને ગરજ જાગે ત્યારે વાંચવા શીખવાનું મન થાય છે, નહીં તો ગોખવું ગમે નહીં. કૃપાળુદેવે આ કહ્યું છે તે મારે માટે જ કહ્યું છે, એમ લાગે ત્યારે ગોખવાનું મન થાય. કૃપાળુદેવે લખ્યું છે કે વર્તમાન કાળમાં બાળયુવાનો અવિવેકી વિદ્યા પામી આત્મસિદ્ધિથી ભ્રષ્ટ થાય છે તે અટકાવવા આ 'મોક્ષમાળા' લખી છે. કૉલેજ કે સ્કૂલમાં આત્માની વાતો સાંભળવાની મળે નહીં. બધી દેહની વાતો જ હોય છે પણ દેહમાં સુખ નથી.

કૃપાળુદેવ કહે છે ''અંતરમાં સુખ છે; બહાર શોધવાથી મળશે નહીં.'' (૧૦૮) એમ લાગે તો બહારની વસ્તુઓનું માહાત્મ્ય ન રહે. નહીં તો બહારની વસ્તુઓમાં સુખ શોધવા જાય પણ કંઈ ન મળે, દુઃખ જ મળે. બાહ્ય પદાર્થોને જોવા માટે આ પાંચ ઇન્દ્રિયો છે તે બારીઓ છે, અને અંતરને જોવા માટે વિચાર છે. આત્માને ઓળખવા માટે આ મનુષ્યભવ મળ્યો છે. જો આત્માને ન ઓળખ્યો તો પશુ જેવો જ છે. મનુષ્ય પણ ખાય છે, પશુ પણ ખાય છે. પશુ પણ ચાલે છે, મનુષ્ય પણ ચાલે છે. આત્મા ન ઓળખ્યો તો પશુ જેવો જ છે. જ્યારે મિથ્યાત્વ મંદ પડે ત્યારે જીવને આત્માની ગરજ જાગે છે.

મુમુક્ષુ—પુરુષાર્થ કરે તો મિથ્યાત્વ મંદ પડે?

પૂજ્યશ્રી—હા, પડે. પણ સત્ય પુરુષાર્થ જોઈએ. ''જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ'' કંઈ ને કંઈ પુરુષાર્થ તો જીવ કર્યા જ કરે છે, પણ સત્ય પુરુષાર્થ કરવાનો છે. એ પુરુષાર્થ જાગવાનો ઉપાય સત્સંગ છે. સત્સંગથી વિચાર અને વિચારથી આત્મજ્ઞાન થાય છે. બધા દુઃખને નિર્મૂળ કરવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે. આત્મજ્ઞાન કરવા માટે બધાં સાધનો ગૌણ કરી એક સત્સંગને આરાધવો, ગવેષવો તો સત્સંગનું માહાત્મ્ય લાગે. સત્સંગમાં જે આજ્ઞા મળી હોય તેને ઉપાસે તો સત્સંગ જ છે. જે સત્સંગની આજ્ઞાને ઉપાસે છે તે અવશ્ય આત્માને ઉપાસે છે.

''તીર્થંકર એમ કહે છે કે જે કોઈ તે આજ્ઞા ઉપાસે છે, તે અવશ્ય સત્સંગને ઉપાસે છે. એમ જે સત્સંગને ઉપાસે છે તે અવશ્ય આત્માને ઉપાસે છે અને આત્માને ઉપાસનાર સર્વ દુઃખથી મુક્ત થાય છે.'' (૪૯૧) એમાં બારેય અંગનો સાર કૃપાળુદેવે કહી દીધો છે. સમસ્ત દ્વાદશાંગી એમાં સમાય છે. આત્માનું હિત થાય એ માટે જ સત્પુરુષોનાં બધાં વચનો લખાયાં છે. દુઃખ નથી લાગ્યું. દુઃખ લાગે તો તેથી છૂટવા ઇચ્છે. હું દુઃખી છું એમ એને લાગતું નથી. ''શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?' એનું ભાન નથી. શારીરિક વેદના હોય ત્યારે દુઃખ લાગે છે પણ અનાદિકાળથી જન્મમરણ કરતો આવ્યો છે તેનું દુઃખ લાગતું નથી. કૃપાળુદેવે 'મોક્ષમાળા'માં (શિક્ષાપાઠ ૧૮) ચાર ગતિના પાઠમાં લખ્યું છે કે—

''એક તરુણ સુકુમારને રોમે રોમે લાલચોળ સૂયા ઘોંચવાથી જે અસહ્ય વેદના ઊપજે છે તે કરતાં આઠગુણી વેદના ગર્ભસ્થાનમાં જીવ જ્યારે રહે છે ત્યારે પામે છે. મળ, મૂત્ર, લોહી, પરુમાં

લગભગ નવ મહિના અહોરાત્ર મૂર્છાગત સ્થિતિમાં વેદના ભોગવી ભોગવીને જન્મ પામે છે. જન્મ સમયે ગર્ભસ્થાનની વેદનાથી અનંતગુણી વેદના ઉત્પન્ન થાય છે.''

મરણ સમયે એથી વધારે વેદના થાય છે. મરણ સમયે બધા પ્રદેશો ખેંચાઈને બહાર નીકળે છે ત્યારે અનંતગણી વેદના ઉત્પન્ન થાય છે. મરણ વખતે એને દેહ છોડવો જ ગમતો નથી પણ આયુષ્ય પૂરું થવા આવ્યું હોય છે તેથી દેહ છૂટ્યા વગર રહે નહીં. માટે સમાધિમરણની તૈયારી કરી રાખવી. દેવગતિમાં જ્યારે દેવનું આયુષ્ય પૂરું થવા આવે છે તે વખતે છ મહિના પહેલાંથી દુઃખ લાગે છે, એ બહુ જ દુઃખી થાય છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે જે મિથ્યાદૃષ્ટિ દેવો હોય છે તેઓને મરણ પહેલાં છ મહિનાથી સાતમી નરક જેટલું માનસિક દુઃખ હોય છે. બધાનો સાર સમજણ છે.

**''ઉષ્ણ ઉદક જેવો રે આ સંસાર છે, તેમાં એક તત્ત્વ મોટું રે સમજણ સાર છે''**

દેહ ને આત્મા જુદા સમજાય તો પારકી પંચાતમાં ન પડે. આત્મા અને દેહને એક માને છે, તે દેહાધ્યાસ છે.

**''છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;**
**નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.**

**એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ;**
**અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ.''**

દેહાધ્યાસ છૂટે ત્યારથી ધર્મની શરૂઆત થાય છે.

મુમુક્ષુ–'પંચાસ્તિકાય' ગ્રંથ કોણે રચ્યો છે?

પૂજ્યશ્રી–કુંદકુંદાચાર્યે રચ્યો છે. કૃપાળુદેવે એનો અનુવાદ કર્યો છે. કૃપાળુદેવે ઘણાં પુસ્તકો લખેલાં, તે બધાં ઊધઈ આવવાથી સડી ગયેલાં. નાની અવસ્થામાં ઘણું લખતા. લખી લખીને કોથળા ભર્યા હતા. એક વખતે અંબાલાલભાઈ કૃપાળુદેવના બહેનનાં લગ્ન પ્રસંગે વવાણિયા ગયા હતા તે વખતે તે કોથળા એમણે જોયા, પણ બધાં પુસ્તકોને ઊધઈ લાગેલી હતી. શોધતાં શોધતાં એક 'પુષ્પમાળા'નું પુસ્તક મળ્યું. 'મહાભારત', 'રામાયણ'ના અનુવાદ કૃપાળુદેવે કરેલા પણ હમણાં એ નથી; ઊધઈ ખાઈ ગયેલી લાગે છે.

*

(બપોરના)

પૂજ્યશ્રી–જીવો સાધન કરે છે પણ નિશ્ચયનયને ભૂલી જાય છે. એથી આત્માનું હિત ન થાય, પણ પુણ્ય બંધાય છે. યથાર્થ શ્રદ્ધાન કરી શુભને છોડી શુદ્ધમાં પ્રવર્તે તો મોક્ષ થાય.

**''નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાં નો'ય;**
**નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય.''**

આ શુભ છે તેથી પુણ્ય બંધાય છે, માટે તે છોડી દેવાં એમ ન કરવું. સાધન કરવાં પણ લક્ષ નિશ્ચયનો રાખવો. નિશ્ચયને એકાંતે માને કે વ્યવહારને એકાંતે માને તે બેય મિથ્યાત્વ છે. પુણ્ય એ ધર્મ નથી. ધર્મ તો શુભાશુભ ભાવનો ત્યાગ કરીએ ત્યારે થાય છે.

**“વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;**
**તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ.”**

શુદ્ધભાવની પ્રાપ્તિ કરવી. શુદ્ધનો લક્ષ રાખીને શુભમાં પ્રવર્તે તો શુદ્ધભાવ પ્રાપ્ત થાય. કૃપાળુદેવે કોઈ ક્રિયાનો નિષેધ કર્યો નથી. સમજ કરવાની જરૂર છે.

**“સમજ સાર સંસારમેં, સમજુ ટાલે દોષ;**
**સમજ સમજ કરિ જીવ હી, ગયા અનંતા મોક્ષ.”** (બૃહદ્ આલોચના)

જે સમજશે તે મોક્ષે જશે. કોઈ કુળધર્મને જ ધર્મ માની બેસે છે. અમારા બાપદાદા કરતા હતા તે કરવું, પણ એથી કલ્યાણ નથી. શાસ્ત્રો હોય તે વાંચવાં, વિચારવાં, અને સારું હોય તે ગ્રહણ કરવું. સ્વચ્છંદે વર્તે તેથી કલ્યાણ નથી. ભગવાને જે મૂળમાર્ગ કહ્યો તે પાપી લોકોએ બગાડી નાખ્યો છે, તેને માને તેથી કલ્યાણ ન થાય. એ છોડી ભગવાનનું જે કહેવું છે, તે જ પ્રમાણે પ્રવર્તે તો તેમાં સ્વચ્છંદ ન ગણાય. સમજીને કરવું. મારા બાપદાદા કરતા આવ્યા છે માટે મારે પણ કરવું, એ કુળ પરંપરા છે; એથી કલ્યાણ નથી, પણ મારા બાપદાદા ધર્મ કરે છે તે ધર્મ કેવો છે? એનો યથાર્થ વિચાર કર્યા પછી કરે, તો કલ્યાણ થાય. આત્મવિચારકર્તવ્યરૂપ ધર્મ છે. આત્મા જાગે ત્યારે ધર્મ થાય. ક્રિયા કરવાથી ધર્માત્મા કહેવાય નહીં. સમજનું ખરું ફળ મળે છે. ધર્મમાં કોઈનો અધિકાર નથી. ધર્મ કરે તેના બાપનો છે. ધર્મ, જન્મમરણ છૂટે તે માટે ભગવાને કહ્યો છે. ભગવાને મારા છૂટવા માટે કહ્યું છે. મારે છૂટવું છે, એવું થાય ત્યારે મોક્ષ થાય.

આજ્ઞાનો વિચાર કરવાનો છે. રાગ-દ્વેષ ન કરવા એમ કહ્યું, પણ ના કેમ કહી તેનો વિચાર કરે કે રાગદ્વેષથી બંધ થાય છે તેથી રાગદ્વેષ કરવાની ના કહી છે. ભગવાને સાચું કહ્યું છે, પણ મારી બુદ્ધિથી સમજાતું નથી. બે પ્રકારનાં શાસ્ત્રોમાં વચનો છે. કેટલાંક વચનો અનુમાનથી મનાય છે અને કેટલાંક એવાં છે કે આજ્ઞાથી માન્ય કરવાનાં છે. આપ્ત પુરુષનાં બધાય શાસ્ત્રો સત્ય છે. પ્રયોજનભૂત તત્ત્વોની સમજણ કરવાની છે. બીજું ન થાય તો કંઈ નહીં, પણ એમાં ભૂલ થાય તો મોક્ષ ન થાય. મન, વચન, કાયાની વર્ગણા પૂર્વે બાંધેલી છે તે ખળભળાટ કરે છે. તેને વેદી લેવી અને કાં તો શુદ્ધભાવથી શમાવી દેવી એમ કૃપાળુદેવ લખે છે. જગતની વસ્તુઓની જેને કંઈ પડી નથી તે નિઃસ્પૃહ છે.

૩૦ શ્રીમદ્ રા.આ. અગાસ, વૈશાખ સુદ ૫, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—જીવોએ જેવાં કર્મ બાંધ્યાં છે તેવાં ઉદયમાં આવે છે. પુણ્ય બાંધ્યું હોય તો સારું દેખાય અને પાપ બાંધ્યું હોય તો ખોટું દેખાય. “કર્મ વડે આખો સંસાર ભમવો પડે છે.” (મોક્ષમાળા-૩) એટલે ચાર ગતિમાં ભમવું પડે છે. ચાર ગતિનું ભેગું નામ સંસાર છે. મનુષ્ય થાય ત્યાર પછી કર્મ છોડી મોક્ષે જાય. કોઈ પ્રત્યે સ્નેહ કરવા જેવું નથી. [૧]જડભરતે પૂર્વભવમાં હરણથી સ્નેહ કર્યો તેથી હરણ થવું પડ્યું. મનુષ્યભવ સમ્યક્ત્વ થાય ત્યારે સફળ થાય છે.

*

૧. દૃષ્ટાંત માટે જુઓ વચનામૃત પત્રાંક. ૨૧૭.

(‘લઘુયોગવાસિષ્ઠસાર-ઉત્તરાર્ધ’ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—ભગવાનની કૃપા થાય ત્યારે સત્શાસ્ત્ર હાથમાં આવે છે. મહાપુરુષની સેવાથી સંસારથી તરવાની યુક્તિ પ્રાપ્ત થાય છે. સંસાર એ મોટો રોગ છે. હું કોણ છું? ક્યાંથી થયો છું? એ વિચાર સંસારથી તરવા માટેની દવા છે. એ વિચાર શાથી આવે? તો કે સત્પુરુષથી. સત્પુરુષના સમાગમથી બહુ લાભ થાય છે. જે દેશમાં સત્પુરુષ ન હોય તે દેશમાં રહેવું નહીં. જ્ઞાની કહે એ જ જ્ઞાન, તે જ વિજ્ઞાન છે. વૈરાગી જીવને સત્પુરુષનું કહેલું સમજાય છે. જ્ઞાનનું કારણ શિષ્યની પ્રજ્ઞા છે, બુદ્ધિ હોય તો ગ્રહણ થાય. શિષ્યને ગુરુ કંઈ કહે, તે શિષ્ય શીખે એ મર્યાદા પાલન છે. દેહમાં આત્મા છે તે બ્રહ્મ છે. બુદ્ધિશાળી હોય તો આત્માનું ઓળખાણ કરી લે છે. શિષ્યને બુદ્ધિ ન હોય, તેને ગમે તેટલો ઉપદેશ આપે તો પણ કંઈ કામનો નથી. જીવાત્મા છે એ જ બ્રહ્મ છે. શિષ્યની બુદ્ધિ, તે જ ગુરુના ઉપદેશને ગ્રહણ કરે છે. એની સાથે વૈરાગ્ય હોય તો આત્મજ્ઞાન થાય. વૈરાગ્ય હોય તો એને ગરજ હોય અને બુદ્ધિ હોય તો બરાબર સમજાય છે. આત્મા વડે પોતાનો આત્મા જણાય છે. પોતાનો અનુભવ થાય ત્યારે આત્મા જણાય છે. શાસ્ત્રોથી આત્મા જણાય નહીં, પણ અનુભવથી જણાય. વૈરાગ્ય, બુદ્ધિ અને સત્ત્વગુણ જોઈએ. દયા, શાંતિ આદિ એ સત્ત્વ ગુણ છે. એ હોય તો આત્મજ્ઞાન થાય. ગુરુના ઉપદેશનો વિચાર કરતાં પોતાને પોતાનું ભાન થાય છે. સાત્ત્વિક ગુણ શિષ્યમાં હોય તો પોતાની મેળે જ આત્મા જણાય છે.

*

(બપોરના)

પૂજ્યશ્રી—મોક્ષે જવા માટે પ્રયોજનભૂત સાત તત્ત્વ, એની પરીક્ષા કરી જોવી. જેમાં એ સત્ય ભાસે તે શાસ્ત્ર માન્ય કરવું. દેવ, ગુરુ, ધર્મ અને સાત તત્ત્વોનું જેવું જૈન ધર્મમાં નિરૂપણ કર્યું છે, તેવું બીજા દર્શનમાં નથી. મોક્ષના રસ્તાને સંસારનો રસ્તો બનાવે છે, એ મોટો અન્યાય છે. તરવાની જગ્યાને ડૂબવાની જગ્યા કરે તે મોટું પાપ છે. સંસાર દુઃખરૂપ છે, એથી છૂટવું છે. જન્મવું પડે, મરવું પડે છે, એ સંસારમાં મોટાં દુઃખ છે; ખાવાપીવાનું ન મળે એ દુઃખ નથી. કુળ પ્રમાણે દેખાદેખી, લોભને અર્થે ધર્મક્રિયા કરે તો એ ધર્મ નથી. ‘હું કોણ છું?’ શા અર્થે કરું છું? એમ ન થાય અને ભાવ ન ફરે તો કંઈ નહીં. કોઈ રૂઢિ પ્રમાણે પૂજા કરવા જાય, મન તો બીજે ભટકતું હોય તો તેણે પૂજા કરી ન કહેવાય. તપ આદિ કરવાનાં છે તે પરિણામોને સુધારવા માટે કરવાનાં છે. પૂજા પ્રભાવના કરવાનું કારણ પોતાના ઉલ્લાસ પરિણામ થાય અને બીજાનાં પણ ઉલ્લસિત પરિણામ થાય, એ માટે કરવાનાં છે. શાસ્ત્રઅભ્યાસથી વિષયકષાય મંદ થાય છે. એ માટે વાંચવાનાં છે પણ બીજાને સંભળાવવા વાંચે, પોતે કંઈ સમજે નહીં તે કામનું નથી.

(લઘુયોગવાસિષ્ઠસારના વાંચન પ્રસંગે) ૩૧ શ્રીમદ્ રા.આ. અગાસ, વૈશાખ સુદ ૬, સં.૨૦૦૮

જે જે શીખ્યા હોય તેનો અભ્યાસ ન રાખે તો જતું રહે. અભ્યાસ ન કરે તો નાશ પામે, આવડે નહીં; પણ જ્ઞાનકળા એવી છે કે આત્માનું જ્ઞાન એક વાર પ્રગટ્યું તો વધ વધ કરે, એ જાય નહીં. એક વખત જ્ઞાન પ્રગટ થાય તો પછી વધતું જાય, કેવળજ્ઞાન સુધી લઈ જાય.

ભણવાની કળાઓ છે, તે બધી કળાઓ અભ્યાસ ન રાખે તો નાશ પામે છે.

*

(લઘુયોગવાસિષ્ઠસારના વાંચન પ્રસંગે)

ગળામાં કોઈ ઘરેણું પહેર્યું હોય અને તે પાછળ ગયું હોય ત્યારે એમ થાય કે ક્યાં ગયું? પણ હાથ લાગે ત્યારે તે મળે છે. તેવી રીતે આત્મા પાસે છે, પણ ગુરુના વાક્યથી ભ્રમ દૂર થાય ત્યારે આત્મા પ્રાપ્ત થાય. ધર્મ બહાર શોધે છે પણ પોતાનામાં જ છે. ભ્રમ નાશ થતાં પ્રાપ્ત થાય છે. ગુરુવાક્યથી આત્મા પ્રાપ્ત થાય છે, બીજે ન થાય; માટે સદ્ગુરુને શરણે જવું. સદ્ગુરુ વગર આત્મપ્રાપ્તિ થતી નથી. આત્મા પાસે છે, છતાં ગુરુવાક્ય વગર દેખાતો નથી. માટે સદ્ગુરુના આશ્રયે (શરણે) જવું જોઈએ. પોતાના સ્વરૂપને ન જાણે તે મનુષ્ય સદ્ભાગ્યથી રહિત છે. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં સુખ માને છે પણ પાછળથી એનું પરિણામ આવે ત્યારે પશ્ચાત્તાપ કરે છે. પાંચ ઇન્દ્રિયોના વિષયો ઝેર જેવા છે. પહેલાં સારાં લાગે પણ પછી જન્મમરણ કરાવે છે. પોતાના સ્વરૂપને ન જાણતાં, વિષયોમાં સુખ માને છે; પણ એનું ફળ આવે ત્યારે દુઃખ પ્રાપ્ત થાય છે. વિષ ભળેલું અનાજ તે ખાવામાં મીઠું, પણ એનું ફળ દુઃખ આવે છે. તેમ પાંચ ઇન્દ્રિયોના વિષયોનું પરિણામ દુઃખ આવે છે. પોતાના સ્વરૂપને નથી જાણતો તે દુર્ભાગ્યશાળી છે. શાસ્ત્ર કે ગુરુથી ભગવાન દેખાતા નથી, પણ પોતાને પોતાનું ભાન થાય ત્યારે દેખાય.

કૃપાળુદેવ પોતાની દશા જણાવે છે કે અમે દેહમાં છીએ કે કેમ એની ખબર પડતી નથી. ''દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત'' એવી દશા વર્તે છે. પ્રારબ્ધને લઈને કામકાજ કરીએ છીએ. બધી વૃત્તિઓ પ્રારબ્ધાનુસાર વર્તે છે. મન ભગવાનને આપી દીધું છે. જ્યાં જ્યાં મન જાય છે ત્યાં ત્યાં સમાધિ છે. (એક ભાઈ સામું જોઈ) ''હું તો રાજસ્વામી વાંસે ઘેલી થઈ'' એમ તમે ગાઓ છો, તેવું થયું છે. એ દશા આવ્યા વિના એને (એવી દશાને) સમજવી મુશ્કેલ છે. મોક્ષની આકાંક્ષા હોય ત્યાં સુધી મોક્ષ ન મળે. આગળ જતાં એ ઇચ્છા પણ ત્યાગવાની છે. ''આટલું બધું છતાં મનમાનતી ઉદાસીનતા નથી.'' (૨૫૫) એમ કૃપાળુદેવ માને છે. એટલી દશા છતાં એ ધરાતા નથી.

*

(બપોરના)

પૂજ્યશ્રી—ભગવાન કંઈ મોક્ષ કે સ્વર્ગ આપતા નથી પણ પોતાના જેટલા ભાવ હોય તેટલું સારું થાય. ભક્તિને અર્થે ભગવાનને મોક્ષ દેનાર કહેતો હોય તો ભલે, પણ વીતરાગ છે ભગવાન. એ લક્ષ ન ભૂલવો. ભગવાનની આગળ દીનતા, કષાયની ઉપશાંતતા કરવાની છે. ભગવાન કંઈ કરે નહીં. પોતે કરશે ત્યારે થશે. ગૌતમસ્વામીએ ભગવાનનો દેહ છૂટી ગયો ત્યારે કહ્યું કે હે મહાવીર! મને તમે સંભાર્યોય નહીં, પણ પછી ખ્યાલ આવ્યો કે એ તો વીતરાગ છે, ત્યારે કેવળજ્ઞાન થયું હતું. પોતાનાં પરિણામ ન સુધરે ત્યાં સુધી ન થાય. શ્વાનને કોઈ અરિહંતનું નામ સંભળાવે તેથી સારી ગતિ થઈ એમ માને; પણ એકલા નામથી જ સારી ગતિ ન થાય, પણ ભાવ ફરે ત્યારે થાય. કમઠ જ્યારે પંચાગ્નિ તપ કરતો હતો ત્યારે ભગવાન પાર્શ્વનાથ ત્યાં ગયા અને

નાગને નવકાર મંત્ર સંભળાવ્યો. નાગના ભાવ એથી ફર્યા તેથી સારી ગતિ થઈ. જો સાંભળવાથી થતું હોય તો કમઠની પણ સારી ગતિ થવી જોઈતી હતી. જેવા ભાવ થાય તેવું થાય. ભગવાનનું નામ એ ભાવ ફરવાનું નિમિત્ત છે. એથી કષાય મંદ થાય છે. નિમિત્તથી ભાવ ન ફરે તો કંઈ સારી ગતિ ન થાય. પણ ભાવ ફરે તો થાય.

મને ધન મળો, પુત્ર મળો એવા ભાવથી ભક્તિ કરે તો મિથ્યાત્વ વધે. નિષ્કામ ભક્તિ થાય તો લાભ થાય. રાગનો ઉદય આવતાં સારાં નિમિત્તમાં ન પ્રવર્તે તો પાપ થાય. તે વખતે જો દેવ-ગુરુની ભક્તિ કરે તો પુણ્ય બંધાય. ભક્તિથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે, પરંપરાએ મોક્ષનું કારણ થાય. એથી એને પરમાર્થ સાધન મળે, સત્પુરુષ મળે, એવો બંધ થાય. મોક્ષના કામમાં આવે. રાગ એ બંધનું કારણ છે. ભક્તિ અનુરાગ છે, તેથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. એથી છૂટવાનું થાય છે. અશુભ રાગ ત્યાગવા માટે ભક્તિમાં પ્રવર્તવાનું છે. લક્ષ એ રાખવો કે આથી મોક્ષ નથી પણ મોક્ષનું કારણ છે. રાગનો ઉદય હોય ત્યારે પ્રશસ્તભાવમાં પ્રવર્તે તો પુણ્ય, નહીં તો પાપ બંધાય. જ્ઞાનીઓ પણ ભક્તિ કરે છે અને અજ્ઞાની પણ કરે છે. જ્ઞાની એને બંધ જાણે છે, અજ્ઞાની એને મોક્ષ માને છે. જ્ઞાનીને જ્યારે રાગનો ઉદય હોય ત્યારે ભક્તિ કરે છે. સાચી ભક્તિ જ્ઞાનીને છે. જ્ઞાની પ્રત્યે વિશેષ ભાવ, ભક્તિ થાય તે પ્રશસ્ત રાગ છે. દેવ, ગુરુ, ધર્મ પ્રત્યે રાગ તે પ્રશસ્ત રાગ છે. કોઈ જીવો કુળધર્મ વડે ગુરુની ભક્તિ કરે છે. કોઈ જીવો મુનિના શિયળ, તપ, દયાદિ દેખીને ભક્તિ કરે છે. સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રને આરાધે છે, એવા ભાવથી ભક્તિ તે સાચી ગુરુભક્તિ છે. અરિહંત દેવની સમવસરણ આદિ દેખી ભક્તિ કરે, ગુરુમાં શિયળ, તપ, દયાદિ ભાવ દેખી ભક્તિ કરે, પણ જ્ઞાનદર્શનચારિત્રને એ જાણતો નથી, તેથી એને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. સામાન્ય ગુણો જે ધર્મોમાં હોય છે તે જ ગુણો જૈન શાસ્ત્રોમાં પણ છે, એ પ્રમાણે શાસ્ત્રભક્તિ કરે છે, એ પણ મિથ્યાદૃષ્ટિ છે. દેવગુરુધર્મની શ્રદ્ધા, સાચી પ્રતીતિ, તે વ્યવહાર સમ્યક્ત્વ છે. દેહ અને આત્મા ભિન્ન છે એવા ભાવ થાય તો કેવળજ્ઞાન થાય. [૧](તે ઉપર મા રુષ, મા તુષ મુનિનું દૃષ્ટાંત આપ્યું હતું).

જીવાદિ સ્વરૂપને ન જાણે; બાર અંગ ભણે તો પણ મિથ્યાદૃષ્ટિ રહે છે. દેહ તે દેહ, જીવ તે જીવ એમ સમજાતું નથી. દેહથી ભિન્ન છે એમ નથી ભાસતું, પાછળ પડે તો થાય. આ મારે કરવું જ છે, એમ થાય તો થાય. વ્યાકરણ ભણે, ઉપવાસ કરે ને અભિમાન કરે છે. બીજું પદ ''આત્મા નિત્ય છે'' એમ બોલે, પણ 'હું નિત્ય છું' એમ ભાસતું નથી. 'હું દેહથી ભિન્ન છું' એમ એને થતું નથી. મોઢેથી કહે, પણ એને ભિન્ન લાગે નહીં. ભવિ-અભવિ બન્ને મિથ્યાદૃષ્ટિ હોય પણ ભવિ તો સમ્યક્ત્વ કરીને મોક્ષે જવાનો છે પણ અભવિ ન જાય. બેય દ્રવ્યો જુદાં જાણે. બેય દ્રવ્યો જુદાં છે, ક્રિયાઓ જુદી છે, લક્ષણ જુદાં છે એ જાણીને પોતાના ભાવ ફેરવવાના છે. જે સમભાવ રાખે તેને છૂટવાનું કારણ થાય છે અને જે વિષમભાવ રાખે છે તેને બંધનું કારણ થાય છે. જે કર્મ ઉદયમાં આવે તે સમભાવે ભોગવે તો નવાં કર્મ ન બંધાય. કેવાં કર્મ બંધાય છે? તેની ખબર પડતી નથી, પણ જ્યારે ઉદય આવે ત્યારે ખબર પડે.

ભાવને નાશ કરનાર, શુદ્ધ ચૈતન્યનો નાશ કરનાર ખ્યાતિપૂજા છે. ભગવાનનો ધર્મ આ લોક

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૯૦.

પરલોકની ઇચ્છા કરતો નથી. ભગવાનનો ધર્મ આ લોકમાં ખ્યાતિપૂજા માટે નથી અને પરભવમા દેવલોકાદિ માટે નથી. ધર્મ આ લોક પરલોકની ઇચ્છા નથી રાખતો.

૩૨ શ્રીમદ્ રા.આ. અગાસ, વૈશાખ સુદ ૭,સં.૨૦૦૮

પૂજ્યશ્રી—કોઈ પણ પદાર્થનો સંકલ્પ એટલે નિયાણું કરવાથી મનુષ્ય નરકે જાય છે. કોઈ પણ સંકલ્પ ન કરે તો અક્ષય મોક્ષસુખને પામે; મુક્ત થાય. સંસારી વસ્તુઓની ઇચ્છા કરવા જેવી નથી. અલ્પ પણ સંકલ્પ કરવો નહીં. સંકલ્પ એટલે નિયાણું. કોઈને સ્વપ્ન આવે ત્યારે સો વર્ષની ભ્રાંતિ પણ થઈ જાય છે. તેવી રીતે સંસારમાં જાગતાં ભ્રાંતિ છે. એ જાગતું સ્વપ્ન છે. આત્માનું સ્વરૂપ જાણતો નથી એ ભ્રાંતિ જ છે. બે ઘડીના કાળમાં, સ્વપ્નામાં સો વર્ષનો ભ્રમ પણ એને થાય છે.

**“કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય”**

સંસાર એ ઝાંઝવાનાં પાણી જેવો છે, મૃગતૃષ્ણા જેવો છે. સંસારમાં સુખ છે નહીં, ને દેખાય તે ભ્રાંતિ છે. કટુતા એટલે કડવાશ. સંસારનાં દુઃખોમાં કડવાશ લાગે છે છતાં એને જ ઇચ્છે છે, એની જ ઇચ્છા રહ્યા કરે છે, તે માણસ ગધેડા જેવો છે. સંકલ્પવિકલ્પ જીવને દુઃખમાં દોરનાર છે. સંકલ્પવિકલ્પથી ઊંઘ પણ ન આવે. અલ્પ પણ સંકલ્પ કરે જીવ, તો તે દુઃખમાં લઈ જાય, નરકે પણ લઈ જાય. કંઈ પણ સંકલ્પવિકલ્પ ન કરે તો નિર્વિકલ્પ થાય. મન, ઇન્દ્રિયો રોકે તો આત્મા આત્મારૂપે રહે છે, એને રોકે તો પોતાનું ખરું સ્વરૂપ સમજાય. સંકલ્પવિકલ્પ રોક્યે સિદ્ધસુખનો અનુભવ થાય છે. કષાયની ઉપશાંતતા, સદ્ગુરુનો બોધ હોય ત્યારે સંકલ્પવિકલ્પ રોકાય છે. એ વિચારથી રોકાય છે. કૃપાળુદેવ તરફ મન જાય, તો બીજે ન જાય. તેથી સંકલ્પવિકલ્પ ન થાય.

**“આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ”**

આત્માને આત્મભ્રાંતિરૂપ રોગ થયો છે. સદ્ગુરુ એના વૈદ્ય છે. સંસારનું સ્વરૂપ કેવું દુઃખરૂપ છે, તે જ્ઞાનીએ જણાવ્યું છે. આંટી ઉકેલવાની છે. એની ગરજ રહેતી નથી.

મુમુક્ષુ—આંટી નથી ખૂંચતી એનું શું કારણ?

પૂજ્યશ્રી—પરવસ્તુમાં રાગ છે તેથી આત્માની એને કંઈ પડી નથી. પરવસ્તુમાં રમણતા છે તેથી પોતાનું કરવા વખત નથી મળતો. વૈરાગ્ય હોય તો થાય, ગરજ જાગે ત્યારે થાય. દિશામૂઢ હોય તેને એમ ન લાગે કે હું ભૂલો પડ્યો છું. હું તો સાચે માર્ગે જ છું, એમ માને. ભ્રમ જાય તો આત્મા પ્રત્યે વૃત્તિ જાય. ‘હું દેહ છું’ એમ માને તેથી પોતે દેહ થઈ જાય એમ નથી. પોતે અરૂપી છે, એનો નિર્ણય થયો નથી. અજાણ્યો છે, દેખે તેને માને છે. હું કંઈ ન જાણું, જ્ઞાનીનું કહેલું મને સમજાઓ; એ માન્યતા ખરી છે. હું જાણું છું, એમ કર્યે સદ્ગુરુનાં વચનો ચોંટે નહીં. ભાવ ભાસવો જોઈએ. આંટીઓ ઉકેલવી જોઈએ, તો સમજ્યો કહેવાય. ઘટપટને જાણતો હતો, તે પછી આત્માને જાણે છે. જ્ઞાન એનું એ, પણ આંટી ટળી ગઈ. સાચું જ્ઞાનીએ જાણ્યું તે. મિથ્યાત્વનો પ્રભાવ એવો છે કે જે અર્થે જાણવું છે તે અર્થે ન જાણે. જીવ ઠગાયો છે. યથાર્થ જો એને સમજાય તો એને જેમ છે તેમ ભાસે. મિથ્યાત્વના ઉદયથી વિપરીત ભાસે છે. મિથ્યાત્વ મંદ થાય તો આત્મા તે આત્મા, દેહ તે દેહ ભાસે. મિથ્યાત્વ એ અવળી સમજણ છે. જ્ઞાન મિથ્યાત્વના સંગથી અજ્ઞાન કહેવાય છે.

એ જ્ઞાન તો એનું એ જ છે. મિથ્યાત્વની સોબતનો રંગ લાગ્યો છે તેથી અજ્ઞાન છે. 'હું દેહ નથી', એમ ભ્રાંતિ ટળે તો સમ્યક્‌દર્શન. મિથ્યાત્વ એ આત્માની વિપરીત અવસ્થા છે. મિથ્યાત્વ એ વસ્તુનું સ્વરૂપ નથી, અવસ્થા છે. વસ્તુ હોય તો નાશ ન થાય. મિથ્યાત્વ અવસ્થામાં કર્મ બંધાય છે. સમજણ ફરે ત્યારે કર્મ નથી બાંધતો.

પુદ્‌ગલ તે પુદ્‌ગલરૂપ છે અને ચેતન તે ચેતનરૂપ છે. વિભાવ પરિણતિ એ આત્માની જ છે. સમ્યક્-દર્શન એ ગુણ છે તે બગડી ગયો તેથી મિથ્યાત્વરૂપે થયો. સમ્યક્ત્વ એ રત્ન છે. સમ્યકદર્શન, જ્ઞાન, ચારિત્ર એ ત્રણ રત્નત્રય કહેવાય છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધી મંદ થાય ત્યારે પુરુષપ્રતીતિ આવે છે. પરમ પુરુષનો યોગ થાય, એના ભાવ ફરે તો પ્રતીતિ આવે. કોઈ પૂર્વારાધક હોય તેને ભગવાનના વચનોથી પણ સમ્યક્ત્વ થાય છે અથવા કોઈ આચાર્ય પ્રત્યક્ષ હોય, તે સાચા પુરુષની પ્રતીતિ કરાવે છે. જેમ પ્રભુશ્રીજીએ આપણને કહ્યું કે આ કૃપાળુદેવ સાચા પુરુષ છે. એને તમે માનશો તો તમારું કલ્યાણ થશે; જીવાજીવનું જ્ઞાન થશે. એમ ''કોઈ એક આચાર્ય પ્રત્યક્ષપણે તે વચનના હેતુથી કોઈક જીવને સમકિત પ્રાપ્ત કરાવે છે.'' (૭૭૧)

*

(બપોરના)

પૂજ્યશ્રી—આત્મા ને દેહ જુદા છે; તેને બોલતાં, ચાલતાં, ક્રિયા કરતાં જુદાં રાખી શકતો નથી. પુદ્‌ગલ-પર્યાયને પોતાના માને છે. ક્રિયા કરે તેને પોતાની માને છે. 'મેં ઉપવાસ કર્યો' પણ ભૂખ્યા રહેવું એ તો શરીરની ક્રિયા છે, તેને 'મેં કર્યું' એમ માને છે. પુણ્ય અને પાપ બન્ને બંધ છે. તેને સારું માને તો છુટાય નહીં. જેને છૂટવું છે તે બંધાય છે; બીજાને સુખી કરવાની ભાવના તે પુણ્યબંધનું કારણ છે. અહિંસાદિક પાંચ પુણ્યબંધનાં કારણ છે. એનાથી વિપરીત તે પાપનાં કારણ છે. જેથી બંધ થાય તેને બંધનું કારણ માને, જેમ છે તેમ માનવું તે સમ્યક્‌દર્શન છે.

**''જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;**
**ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.''**

બીજા દેવોને ન માને, પણ અનાદિથી અગૃહિત મિથ્યાત્વ છે તેને માનતો નથી અને સમકિતી કહેવરાવે છે. બાહ્ય ક્રોધાદિ થાય તેને કષાય માને, પણ અંતરંગ ભાવમાં રાગદ્વેષ આદિ છે તેને જીવ જાણતો નથી. જ્યાં સુધી મિથ્યાત્વ છે ત્યાં સુધી આસ્રવ થાય છે. આત્મપરિણામની ચંચળતા તે કર્મબંધનું કારણ છે.

**''રાગ, દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;**
**થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ.''**

એ એને ખબર નથી. નરકાદિનો બંધ તેય બંધ છે અને દેવાદિરૂપ બંધ તે પણ બંધ છે. મનુષ્યભવમાં જીવ રાગદ્વેષ કરે છે. દેવગતિ મળો, એમ ભાવિ પર્યાયોમાં પણ રાગ કરે છે. ઘાતિકર્મ બંધાય તે પાપરૂપ જ છે. જ્યારે વીતરાગભાવ થાય ત્યારે યોગની પ્રવૃત્તિ ન થાય તે ખરી ગુપ્તિ છે. ઇષ્ટ-અનિષ્ટપણું ન થાય ત્યારે કષાય ગયા કહેવાય. પદાર્થનો જેવો ધર્મ છે તેવો માનવો.

કોઈ પદાર્થમાં રાગદ્વેષ કરવાની જરૂર નથી. ઇષ્ટ-અનિષ્ટ નીકળી જાય, રાગદ્વેષ ન કરે તે સાચી અનુપ્રેક્ષા છે અને તે જ સાચી ઉદાસીનતા છે. બધાનું કારણ જ્ઞાન છે; જેટલી જ્ઞાનની તીવ્રતા તેટલો બંધ ઓછો થશે. જે પ્રશસ્ત રાગ છે તેનો પણ ત્યાગ કરવાનો છે. એનો તો ત્યાગ કરતો નથી અને માને છે કે મેં ચારિત્ર લીધું છે. મહાવ્રત, અણુવ્રત એ પણ પુણ્યબંધનાં કારણો છે. જેણે જ્ઞાન-વૈરાગ્યરૂપી દેહ ધર્યો છે, ભક્તિરૂપ આભૂષણ જેણે ધાર્યાં છે, જેણે યોગ્યતા ધારી છે તે જીવ શિવ થાય છે. જે કામ કરવું હોય તેનાં કારણ મેળવવાં પડે. ઊંધે રસ્તે કંઈ ન થાય. એનો જે રસ્તો હોય તે રસ્તે થાય.

૩૩ શ્રીમદ્ રા.આ. અગાસ, વૈશાખ સુદ ૮, સં.૨૦૦૮
(પ્રભુશ્રીજીની નિર્વાણ તિથિ)

પૂજ્યશ્રી—જ્ઞાનીનાં વચનો જ્ઞાનનો ખજાનો છે. કૃપાળુદેવ લખે છે કે વિશુદ્ધ આત્મા છે, એમ માનવાનું છે. શુદ્ધ આત્મા તો જ્યાં છે ત્યાં છે. આત્મા ન હોય તો કોણ સાંભળે? દૃષ્ટિ ફેરવવા કહે છે. બે વસ્તુ છે, એક જડ અને બીજું ચેતન. આત્મા જોવાનો છે, તે જોતો નથી. શાસ્ત્રો ભણે પણ આત્મા ન જાણે. આધ્યાત્મિક સાંભળવું, મનન કરવું. 'છ પદ' અપૂર્વ વસ્તુ છે, પણ જીવ સામાન્યપણું કરે છે કે મને આવડે છે. આત્મા જોવો હોય તો 'છ પદ'નો અભ્યાસ કરવો પડે. ભણી ગયો પણ ભણીને જે કરવું હતું, તે કર્યું નથી. આત્માનું કલ્યાણ તો મનુષ્ય ગતિમાં જ થાય છે, દેવગતિમાં ન થાય. અપૂર્વ વસ્તુ છે 'છ પદ', સમ્યક્ત્વ થાય એવી વસ્તુ છે. સામાન્યમાં કાઢી નાંખવાની નથી.

કોઈ મુનિ હોય, આત્મકલ્યાણ કરી લીધું હોય અને દેહની ગરજ ન હોય તો ભલે દવા ન કરે તો યોગ્ય છે. પણ ગૃહસ્થ હોય તેને હજુ શરીરથી આત્મકલ્યાણ કરવું રહ્યું છે, તેથી દવા લેવાનો નિષેધ નથી. ભગવાને સાધુની વૈયાવૃત્ય (સેવા) કરવાનું કહ્યું છે, જો વૈયાવૃત્ય ન કરે તો ભગવાનના વચનથી વિરુદ્ધ કહેવાય.

**''સત્ય, શીળ ને સઘળાં દાન, દયા હોઈને રહ્યાં પ્રમાણ;**
**દયા નહીં તો એ નહિ એક, વિના સૂર્ય કિરણ નહિ દેખ.''**

પાર્શ્વનાથ ભગવાને સાપને બચાવ્યો હતો, પણ 'એનાં કર્મ પ્રમાણે થશે' એમ કર્યું નહોતું. કર્મનો હિસાબ મોટો છે.

સારા ભાવ થાય તો સારું ફળ મળે. પાપ ભાવ કરે તો ખોટું ફળ આવે છે. પાપથી થયેલી વસ્તુને ભોગવે તો તેનો તેને ભાગ મળે.જેને દેહાધ્યાસ છે તેને બધી પાપની ક્રિયા ચાલી આવે છે.

જ્ઞાનીએ કહેલી કોઈ વસ્તુ આપણા કાનમાં પડે તે ફોગટ ન જવી જોઈએ. જ્ઞાનીની વાણી આપણા કાનમાં પડે એ કેવો જોગ છે! પુણ્યને લીધે મનુષ્યભવ, પાંચ ઇન્દ્રિયોની પૂર્ણતા મળી, પણ સત્સંગ મળે તો એ સફળ થાય. ''समयं गोयम मा पमाए'' એમ આપણે પણ સાંભળ્યું અને ગૌતમસ્વામીએ પણ મહાવીર ભગવાન પાસે સાંભળ્યું, પણ ગૌતમ જેવા ભાવ આવે તો કામ થાય. ભાવ આવવા જોઈએ.

"સદ્‌ગુરુના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન;
નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન."

જ્ઞાનીના શબ્દથી તો અપૂર્વતા પ્રગટે તેવું છે. તને ભાન છે કે કેમ? એમ જ્ઞાની કહે છે. પ્રતીતિ તો જોઈએ ને! એક એક વાક્યમાં અનંત આગમ રહ્યા છે, પણ પ્રતીતિ હોય તો મનાય. આત્માને અર્થે બધાં શાસ્ત્રો લખાયેલાં છે. કોઈ એક વચનથી જાણે, કોઈ ઘણાં વચનોથી જાણે; પણ જાણે ત્યારે થાય. કલ્પનાએ ભૂંડુ કર્યું છે. સત્સંગને સામાન્ય કરી નાખવા જેવો નથી. મહા દુર્લભ વસ્તુ છે. કોટી કર્મ ક્ષય થાય એવો લાગ આવ્યો છે. સત્સંગમાં કાળ જાય તે તો દુર્લભ છે. જ્ઞાનીનું વચન-કૃપાળુદેવનું વચન કેવી રીતે સાંભળવું જોઈએ, તે જાણવું જોઈએ. આત્માનું જેથી હિત થાય તે યુક્તિ ગ્રહણ કરવી જોઈએ. સત્સંગથી લાભ થાય છે. હે પ્રભુ! મને ખબર નથી, પણ સત્પુરુષનાં વચનો કાનમાં પડો, એવા ભાવ કરવાના છે. મને કંઈ ખબર નથી, જ્ઞાનીપુરુષ કહે છે તે સામાન્ય ન કરી નાંખવું. કંઈ સાંભળ્યું હોય તો કરવાની ભાવના કરવી. સમભાવમાં મોક્ષ છે, બધું છે. આત્માને રહેવાનું ઠેકાણું સમભાવ છે.

તપ એ શુદ્ધોપયોગ થવાનું કારણ છે. શુભ કે અશુભ ઇચ્છા ન કરે તે તપ છે. પરિણામ સુધારવા, કષાય ઓછા કરવા, ઇન્દ્રિયોને રોકવા માટે તપ કહ્યાં છે. ધર્મબુદ્ધિથી તપ આદિ કરતાં સમભાવ જેટલો હશે તેટલો જીવ છૂટશે. પ્રભુશ્રીજી કહેતા કે સત્ અને શીલ એ આશ્રમનો પાયો છે. આત્મકલ્યાણ જેને કરવું હોય તેણે સદાચાર પાળવો. આજે પ્રભુશ્રીજીને નિર્વાણ પધાર્યાને સોળ વર્ષ થયાં. આધ્યાત્મિક જ્ઞાન તરફ લક્ષ રાખવો.

કૃપાળુદેવને પૂર્વે કેટલોય રંગ લાગેલો, તેથી સત્સંગ સત્સંગ કરતા હતા. તેમ પ્રભુશ્રીજી પણ કહેતા હતા કે સત્સંગ વિના ગમે નહીં, સત્સંગ કરવો. કૃપાળુદેવે લખ્યું છે, કે જીવને "એક અંશ શાતાથી કરીને પૂર્ણકામતા સુધીની સર્વ સમાધિ, તેનું સત્પુરુષ જ કારણ છે." (૨૧૩) તેને લીધે મનુષ્યભવ મળ્યો છે. સત્પુરુષનું ગમે તેવું વચન હોય તે સાંભળવું, આગળ સમજાશે. આત્મધર્મ અરૂપી છે. જુદા જુદા ધર્મ કહ્યા, પણ ખરો એક આત્મધર્મ છે. સત્સંગમાં કેવા ભાવ કરવા? તો કે મને ખબર નથી, પણ મારા કાનમાં આ પડે છે તો કોઈ દિવસે કામ થશે. સામાન્યપણું કરવાનું નથી, અપૂર્વતા લાવવાની છે. સત્સંગમાં સાંભળીને કરવું જ. માત્ર સાંભળ સાંભળ કરવું નહીં, પણ મારે કરવું જ છે એવો સત્સંગમાં લક્ષ રાખવો. જીવની દૃષ્ટિ બાહ્ય છે, પણ આત્મામાંથી વાત આવે છે.

"આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ"

શબ્દ આત્માથી બોલાય છે. આત્માની ખબર નથી. રોહિણીયા ચોરને બે વચન ભગવાનનાં સાંભળવાં મળ્યાં તો કલ્યાણ થયું. એને એ વચનો પેસી ગયાં હતાં. એમ જાણ્યે-અજાણ્યે સાંભળવાનું મળે તો કલ્યાણ થઈ જાય. અનંતકાળથી ભટકે છે. ચેતવા જેવું છે. અપૂર્વ જગ્યાએ આવ્યો છે, ચેતવા જેવું છે. અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કરવું એ કહેવું છે. આત્મા જોવાતો નથી. ઢંકાયેલો છે. 'મારું મારું' કરે છે, તે આડો પડદો છે. આત્મા જોવાય તો મોક્ષ થાય, એવી વાત છે. કૂંચી છે. આત્મા છે તો ખરો પણ દૃષ્ટિ નથી. '૭ પદ'નો પત્ર મોઢે કર્યો પણ ઊંડો ઊતરે તો થાય.

‘‘આત્મપરિણામની સ્વસ્થતાને શ્રી તીર્થંકર ‘સમાધિ’ કહે છે.’’ (૫૬૮)

જ્યાં ત્યાંથી આત્માનું કલ્યાણ કરવાનું છે, ચેતવાનું છે. સત્સંગ મોટી વસ્તુ છે. દરેકને પોતાનું હિત કરવાનું કહે છે, ક્ષણિક વસ્તુમાં વૃત્તિ ચોંટી રહી છે, તેથી આત્મા ‘મારો’ એમ થતું નથી. ઘણો સત્સંગ થાય, ઘણો બોધ થાય ત્યારે એને લાગે કે શું કરવા જેવું છે?

**‘‘નથી ધર્યો દેહ વિષય વધારવા; નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા’’**

જ્ઞાનીએ જે કરવાની ના કહી તે કરે છે. જ્ઞાનીનું કહેવું તે જીવના સ્વાર્થની વાત છે. જગત દુઃખી છે તે સુખી થાય એવી જ્ઞાનીની ભાવના રહે છે. પોતે સુખી થઈને બોલાવે છે. કોઈ પણ વસ્તુ હારે આવે નહીં, સગાં-વહાલાં કોઈ સાથે ન આવે. આત્માનો ઉદ્ધાર મોટી વસ્તુ છે. આત્માના ઉદ્ધાર માટે જે કંઈ કરશે તે સાથે આવશે. મનુષ્યભવ ફરી ફરી ન મળે, દુર્લભ કહેવાય છે. એમાં સત્સંગ પ્રાપ્ત થવો દુર્લભ છે. એમાં પણ સત્સંગની ગરજ જાગવી, એ કોઈક વખત જાગે છે. સત્સંગમાં મારું હિત છે, એવી પ્રતીતિ હોય તો ગમે તેટલી મુશ્કેલી વેઠી સત્સંગની ભાવના કરે. ભક્તિ એ ધર્મ પામવાનું સાધન છે. વિશાળ બુદ્ધિ, મધ્યસ્થતા ધર્મ પામવાનાં સાધનો છે, એથી હિત થાય છે. વિચાર કરે તો સમજાય કે સત્સંગમાં જેટલા કષાય મંદ થાય છે, તેટલા બીજે નહીં. સહજે વૃત્તિ શાંત થાય. વિશાળ બુદ્ધિવાળા જાણે કે જન્મમરણ એ દુઃખ છે. એ રોગ અનંત કાળથી લાગ્યો છે. હું ક્યાંથી આવ્યો? ક્યાં જવું? તેની, ટૂંકી બુદ્ધિ છે તેથી ખબર નથી. ગાડું ચલાવે છે. પણ શું કરવું છે? તેનું ધ્યેય નથી. સત્સંગમાં સાંભળવાનું, વિચારવાનું, નિર્ણય કરવાનું મળે છે. પુણ્યના યોગે સત્સંગ મળે છે. હે ભગવાન! હું ભૂલી ગયો, એમ લાગે તો વિચાર આવે કે શું ભૂલ્યો? ભૂલ સમજાય ત્યારે ભૂલથી અટકે. મનુષ્યભવ છૂટવા માટે છે. લાગ આવ્યો છે. છૂટ્યો તો છૂટ્યો, નહીં તો લખચોરાશીમાં ભટકવું પડશે. ખાસ કરવાનું છે તે પડી રહ્યું છે. જાગ્યા ત્યારથી સવાર. ચેતે તો થાય. જ્યારે ત્યારે ચેતશે ત્યારે થશે. કોઈ કરી આપશે નહીં. પોતે કરવું પડશે. આ કાળમાં ઢીલ કરવા જેવું નથી. પોતાને જ કરવાનું છે. ઢીલ કરે તેટલો છેતરાય છે. કર્યું એટલું કામ. જ્ઞાનીની આજ્ઞા જેટલી ઉઠાવાય તેટલું કરી ચૂકવું.

‘‘શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?’’ એ બધું કરે છે. પણ મને દુઃખ થાય તે કરું કે સુખ થાય તે? દેહ ક્ષણભંગુર છે. દેહના વિચારો આવે પણ આત્માના વિચારો નથી આવતા. દેહ દેખાય છે તેથી ભૂલે છે. ‘દેહ છે તે હું’ એ ભૂલ છે, તે કાઢવાની છે. આત્મા આત્માને કહે છે. આત્મા સાંભળે, દેહ સાંભળે નહીં. ભીંતની સાથે વાત થાય? દેહમાં આત્મા છે એની સાથે વાત થાય છે.

**‘‘આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ’’**

‘‘હું, હું’’ કરે છે ત્યાં મોહ છે. મોહનિદ્રામાં પડ્યો છે. તે ઓછી થાય ત્યારે વિચાર આવે. ‘‘કર વિચાર તો પામ.’’ જ્યારે ત્યારે જાગશે ત્યારે કામ થશે. ‘‘જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ.’’

કાલે કરીશું, પણ આયુષ્યની કોને ખબર છે? જ્યાં ત્યાંથી ઝટ આત્મહિત કરવાનું છે. દેહના સુખને સુખ અને દેહના દુઃખને દુઃખ માને છે. કંઈક રંગ લાગે તો આગળ વધે. આત્મા આત્માને કહે

છે. ભીંત કંઈ સાંભળે? આત્માને કહેવાનું છે. મનુષ્યભવ છૂટવા માટે છે તેમાં બાંધ બાંધ કરે છે. તો પછી કાગડાકૂતરાના ભવમાં શું કરશે? ન છુટાય. દેહનું કામ તો કોઈ કરી આપે, પણ આત્માનું કામ બીજો ન કરી આપે. એ તો પોતે કરશે ત્યારે થશે. ઢીલ કરવા જેવું નથી. પૈસાટકામાં ચિત્ત રાખે છે, પણ આત્મામાં કંઈ ચિત્ત રાખતો નથી. જ્ઞાનીએ જેની ના કહી છે તે જ જીવ કરે છે.

**''નથી ધર્યો દેહ વિષય વધારવા; નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા''**

કૃપાળુદેવે લખ્યું છે, ''કદાપિ કોઈ રીતે તેમાંનું કંઈ કરીએ તો તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઈને રહીએ અર્થાત્ તેવા સંતો ક્યાં છે, કે જ્યાં જઈને એ દશામાં બેસી તેનું પોષણ પામીએ? ત્યારે હવે કેમ કરવું?'' (૧૨૮) એ મૂંઝવણ પ્રભુશ્રીજીએ ટાળી. એવું સ્થાન બનાવ્યું. આત્મસાધન ક્યાં કરવું? સંત ક્યાં હોય? એ મૂંઝવણ ટાળી. સત્સંગ કરે, આત્મહિત કરે એ માટે આ સ્થાન છે. સત્સંગ થાય એવી જગ્યા બહુ થોડી છે. તીર્થ તો ઘણાં છે. આ સ્થાન તપોવન જેવું છે. પહેલું કામ શ્રવણ કરવાનું. પ્રભુશ્રી કહેતા કે ''सवणे नाणे विन्नाणे।'' સાંભળે તો વિચાર જાગે. શું કરવાનું છે? કોને કહે છે?

આજે પ્રભુશ્રીજીનો નિર્વાણ દિન છે. તેથી અહીં સાંજે [1]છત્રીસ માળા ફેરવાશે. પછી દેરીએ ભક્તિ થશે, ત્યાં ઊંઘવું નહીં. જીવને ખબર નથી, જ્યાં સુધી મનુષ્યભવ છે ત્યાં સુધી સત્સંગ એ શ્રેષ્ઠ સાધન છે. એથી સહેજે લાભ થાય છે. પહેલામાં પહેલું અને છેલ્લામાં છેલ્લું એ સાધન છે.

કોઈને ભૂત વળગ્યું તેને બોલાવે કે તું કોણ છે? તો તે કહે કે ભૂત છું. ક્યાં રહે છે? તો કે પીપળે રહું છું; એમ બોલે છે. તેમ જીવને અજ્ઞાનરૂપી ભૂતડું વળગ્યું છે, તેથી હું દેહ છું, એમ કહે છે. પોતે કોણ? ખબર નથી. કરવાનું એ છે,

**''હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?**
**કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?''**

એ શોધવાનું છે, કરવા જોગ્ય છે, તેનું ભાન નથી. ઊંધે રસ્તે આનંદ આવે નહીં. શું કરવા યોગ્ય છે? શામાં ચિત્ત રાખું? કર્મ બંધાય છે સમયે-સમયે, એવા ભાવ થાય ત્યારે જન્મમરણનાં દુઃખ લાગે અને ત્યારે ઉપાય કરવા લાગે. જગત બધું દુઃખરૂપ છે. જે સુખની પાછળ દુઃખ તે સુખ શું! ''પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં.''

રામ તીર્થયાત્રા કરવા ગયા ત્યારે ઘણો સત્સંગ કર્યો. માથે મરણ છે એમ લાગ્યું અને વિચાર કર્યો કે રાજ્ય કરીને, ખાઈને, પીને મરી જવાનું છે. બસ એટલું જ! માથે મરણ છે, એમ લાગ્યું; ઘણો વૈરાગ્ય વધ્યો. વિચારવા લાગ્યા કે લોકો કહે છે કે માથે મરણ છે, પણ કંઈ કરતા તો નથી. એમ તીવ્ર વૈરાગ્ય વધ્યો. એમ જ્યારે ખરો વૈરાગ્ય આવ્યો ત્યારે વસિષ્ઠે ઉપદેશ કર્યો ત્યારે શાંતિ થઈ. આત્મજ્ઞાન થાય ત્યારે શાંતિ થાય છે. જગતની બધી વસ્તુઓમાં સમજણ મોટી વસ્તુ છે.

**''ઉષ્ણ ઉદક જેવો રે આ સંસાર છે,**
**તેમાં એક તત્ત્વ મોટું રે સમજણ સાર છે.''**

---

૧. વિસ્તારથી સમાધિમરણની માળા માટે જુઓ પૃષ્ઠ નં. ૪૨૯ થી ૪૩૧.

સમજણ આવી નથી. પરિભ્રમણ કરે છે. જગતમાં મોટો સંત કહેવાતો હોય પણ ભાન ન હોય તો! કરવાનું છે. જ્ઞાનીએ આત્મા જાણ્યો તે સમજણ સાચી કહેવાય છે, બીજું બધું નકામું. પોતાનો વિચાર કરે તો ખબર પડે. દેશ-પરદેશ ભટકે, વિદ્યા ભણે. શું કરવા ભટકે છે? તો કે કર્મ બાંધ્યાં છે, તેથી ભટક ભટક કરે છે. પહેલાં કર્મ બાંધ્યા, તેથી જન્મવું પડ્યું. કર્મ ખપાવે તો મોક્ષ થાય.

૩૪ શ્રીમદ્ રા.આ. અગાસ, વૈશાખ સુદ ૯, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—જ્ઞાનીનું કહેલું કરવાનું છે. જીવની અણસમજણને લઈને વિઘ્ન આવે છે. આપણી ખેંચ એ બાજુ રાખવી. કૃપાળુદેવને શરણે શાંતિ છે. માર્ગ સીધો છે તો ફિકર નથી. સત્પુરુષના જોગે પ્રમાદ કરવા જેવું નથી. ફરીથી મનુષ્યભવ મળવો દુર્લભ છે. સંસારમાં રહીને અસંગ રહ્યા, એ તો કૃપાળુદેવે જ કર્યું છે. મોહિનીથી ઘેરાયો છે તેથી પાછો હઠી આત્મહિત કરવું જ છે, એમ રાખવું અને બને તેટલું કરી ચૂકવું.

મુમુક્ષુ—સમયે સમયે આત્મામાં પરિણમવું એ શું હશે?

પૂજ્યશ્રી—આ જીવને સમયની ખબર નથી. કેવળજ્ઞાનીને જણાય. આપણું કામ પુરુષાર્થ કરવાનું છે. ગણતરી જ્ઞાનીપુરુષોએ કરી છે તે જાણી, આપણે મોહથી ડરતા રહેવું અને બને તેટલું કરી ચૂકવું. વૈરાગ્ય, ઉપશમ વધે એવું વાંચન રાખવું. વૈરાગ્ય, ઉપશમ વધે તો વચનોનો વધારે વિચાર આવે, સમજાય.

**''પ્રભુ ભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન, પ્રભુ મેળવવા ગુરુ ભગવાન.**
**ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય, તે ઊપજવા પૂર્વિત ભાગ્ય;**
**તેમ નહીં તો કંઈ સત્સંગ, તેમ નહીં તો કંઈ દુઃખરંગ.''** (૧૦૭)

પૂર્વની કમાણી હોય તો સહેજે વૈરાગ્ય રહે, તે ન હોય તો સત્સંગથી પણ વૈરાગ્ય થાય છે. એ પણ ન હોય તો કંઈક દુઃખને લીધે પણ વૈરાગ્ય થાય છે. અનુકૂળતામાં વૈરાગ્ય ન રહે. બધી છેતરામણી છે. 'ફૂ' કરીને દેહ છૂટી જાય. મરતાં વાર લાગે નહીં. એક લાંબું સ્વપ્નું છે. જન્મમરણની વચ્ચેનું સ્વપ્ના જેવું છે. સંસાર શોકરૂપ છે, દુઃખરૂપ છે. જન્મમરણથી બળે છે, એ જીવને સ્થિર થાય તો દૃષ્ટિ અંદર રહે, નહીં તો છેતરાય. ઉપરથી સારું લાગે પણ પાછળથી દુઃખ. ''પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં.'' રોજ બોલીએ છીએ—

''હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ'' દોષ હોવા છતાં મારામાં દોષ નથી એમ માને, એ મોટી ભૂલ છે. ભાવના ઉત્તમ રાખવી. આપણાથી ના બને તો પણ ભાવના તો ઉત્તમ રાખવી. ધ્યેય નક્કી કરવાનો છે. મનુષ્યભવમાં શું કરવાનું છે? તે ધ્યેય નક્કી કરવાનો છે. સાચો ધ્યેય હોય તો પછી કેમ પ્રાપ્ત થાય? એનો માર્ગ શોધવાનો છે.

**''દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય?''**

પોતાના દોષ ન જુએ ત્યાં સુધી તરવાનો રસ્તો નથી. એ દોષો દેખાય એવો સત્સંગ છે. એથી દોષ મટે. દોષ દેખી ટાળવા માંડે તો શુદ્ધ થાય. સત્સંગની જરૂર છે.

૩૫ શ્રીમદ્ રા.આ. અગાસ, વૈશાખ સુદ ૧૦, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–ઇન્દ્રાદિકને સુખ છે તે કષાયવાળું છે. સ્વર્ગ પામવાનું કારણ પ્રશસ્તરાગ–દેવગુરુધર્મ ઉપર રાગ છે. તેથી પુણ્ય બંધાય છે. અભવિને ઇચ્છા હોય છે કે હું જે કરું તેનું ફળ મને મળો. આ આત્માનું સુખ અને આ પુદ્ગલનું સુખ એવો ભેદ એને પડતો નથી.

**''પરમનિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય, જિનેસર''** (આ૦ ૧૫)

આત્માનું જ્ઞાન છે તેમાં બીજી વસ્તુઓ ભાસે છે, તે તો જ્ઞાનસ્વરૂપ છે. આત્માની માન્યતા થાય તો કર્મ ક્ષય થાય. શુભ કર્મને જીવ ધર્મ માને છે. અભવ્યને ઓળખાણ થતું નથી, ભેદજ્ઞાન થતું નથી, વિવેક નથી. બધાય જીવો શાસ્ત્રો ભણે, ગોખે, પણ શાસ્ત્ર વીતરાગભાવને અર્થે ભણવાના છે, તે નથી. અભવ્યને અતીન્દ્રિય સુખનું ભાન, જ્ઞાન થતું નથી. અંતરંગમાં પ્રતીતિ થતી નથી. અતીન્દ્રિય સુખ અને જ્ઞાનની એને ખબર નથી. પુદ્ગલનું સુખ માને છે. અભવિને વીતરાગભાવ નથી આવતો. દયા પાળે, દીક્ષા પાળે, શાસ્ત્રો ભણે, પણ ભેદજ્ઞાન થતું નથી. અભવિ ઠેઠ નવગ્રૈવેયક સુધી જાય છે. એને તત્ત્વશ્રદ્ધા થાય, પણ મારું સ્વરૂપ એવું છે, એવું એને ભાસતું નથી. આત્મજ્ઞાન ન હોય તો તત્ત્વસ્વરૂપ માને, ઉપદેશે, તે બધુંય ખોટું છે. અભવિ સમ્યગ્દર્શનના આઠ અંગ પણ પાળે છે, બીજ વાવ્યા વગર વાડ કરે છે, પણ બીજ વગર પાકે શું? આત્મજ્ઞાન નથી. સમ્યક્ત્વના દોષો, અતિચારો બધા ટાળે. વાડ કરે છે, પણ બીજ વાવે નહીં. દેખાદેખી જેટલું થાય તેટલું બધું કરે. વાંચે, ચર્ચા કરે, શાસ્ત્ર શીખે, પણ બીજ નથી વાવતો. શું કામ શીખું છું? ભણીને શું કરું છું? એ લક્ષ એને હોતો નથી. મોઢે કરી જાય, પણ મારે શું શીખવું? એ એને લક્ષ નથી. બીજાનું ભલું થાય તેથી જીવ રાજી થાય, પણ પોતાનું ભલું ન કરે.

શાસ્ત્રો પોતાને માટે વાંચવાનાં છે. વ્યાકરણ, કાવ્ય બધું છે, તે જ્ઞાનીનાં વચનો સમજાય એ માટે શીખવાનું છે, પણ પછી આખી જિંદગી એમાં ગાળે તો આત્મજ્ઞાન કરવું રહી જાય. મહાપુરુષનાં વચનો સમજાય એ માટે વ્યાકરણ આદિ શીખવાં જોઈએ, પણ પાછું એમાં જ ન પડી જવું. મહાપુરુષનાં વચનો સમજાય તેટલા પૂરતુ શીખવું. પછી ધર્મ શું છે? તે જાણવાનો અભ્યાસ કરવો. શું કરવા શીખું છું? એ લક્ષ ન હોય તો પોપટ જેવું છે. લોકોને કહેવરાવવા કરે તેમાં આત્માને કંઈ લાભ નથી. તત્ત્વજ્ઞાન થયું હોય તો પુણ્ય ને પાપ સંસાર છે એમ જાણે. તત્ત્વજ્ઞાન થવા માટે દ્રવ્યાનુયોગ, 'આત્મસિદ્ધિશાસ્ત્ર', 'છ પદ', 'પંચાસ્તિકાય' આદિ શાસ્ત્રો છે.

પોતાને પરરૂપ અને પરને પોતારૂપ માને છે, આસ્રવને આસ્રવ માનતો નથી. શું કરવા ભણું છું? એનું ઠેકાણું નથી, લક્ષ નથી. તેથી સમ્યક્જ્ઞાન થતું નથી. આત્માને માટે કરું છું એવો લક્ષ ન હોય તો અગિયાર અંગ ભણે તો પણ ઠેકાણું ન પડે. આત્મા સુખરૂપ છે એમ એને લાગતું નથી. ભગવાને કહ્યું તે સાચું, એ પ્રમાણે વર્તું, એવા ભાવ હોય પણ આત્મા તરફ લક્ષ હોતો નથી. સામાન્ય હોય છે, પણ વિશેષ 'હું દેહથી ભિન્ન છું,' એમ યથાર્થ નથી હોતું. બધા દોષ જાણવાનું કારણ ''દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય?'' પોતાની શ્રદ્ધામાં, જ્ઞાનમાં, અભ્યાસમાં

શું દોષ રહી જાય છે? એ વિચારવા માટે એ બધું કહ્યું છે.

સંસારનું સ્વરૂપ વિચારે ત્યારે વૈરાગ્ય થાય. ચારે ગતિમાં દુઃખ છે. ચિંતા થવાનું કારણ અજ્ઞાન છે. શું કરવા મનુષ્યભવ મળ્યો છે, એની ખબર નથી—એ ભાવનિદ્રા છે.

**"અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ"**

જે વસ્તુ ન હોય તેને માની લીધી. એથી અનાદિકાળથી રખડ્યો છે. આત્મદૃષ્ટિ થયે આ જીવને સમજાય, કે શુદ્ધ આત્મા જ વાંદવા યોગ્ય છે.

મુમુક્ષુ—વંદન યોગ્ય શું?

પૂજ્યશ્રી—શુદ્ધ આત્મા જ વંદન યોગ્ય છે. અરિહંત તે શુદ્ધ આત્મા છે; સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ બધાનું શુદ્ધ સ્વરૂપ છે. દરેકમાં વિવેકની જરૂર છે. ભગવાનનાં વચનો છે તેમાં વીતરાગતા છે, એ વિનય સહિત ગ્રહણ કરવાં જેથી આત્મજ્ઞાન થાય. એવાં જે શાસ્ત્ર છે તેને નમસ્કાર કરવાના છે. ગુણગ્રાહી જીવ જે હોય તે ગમે ત્યાંથી પોતાનું હિત થાય એવા ગુણો ગ્રહણ કરે છે અને જેને દોષદૃષ્ટિ હોય તેને બધે દોષ દેખાય. જેવી પોતાની દૃષ્ટિ તેવી સૃષ્ટિ છે. આપ ભલા તો જગ ભલા.

(ઉપર— 'લઘુયોગવાસિષ્ઠસાર'ના વાંચન પ્રસંગે) ૩૬ શ્રીમદ્ રા.આ.અગાસ,વૈશાખ સુદ ૧૧, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—આત્મા એક છે, શાંત છે, ભાવાભાવ રહિત છે, આદિ મધ્ય રહિત છે, એટલે બ્રહ્મ છે; એટલું જાણી તું સુખી થા. કશો ક્લેશ ન કર. ચંડાળને ઘેર ભીખ માંગવી એ સારું છે પણ મૂર્ખ (આત્મજ્ઞાન વગર) રહેવું ખોટું છે. આત્મજ્ઞાન વગર બધું જીવન વ્યર્થ છે. આત્મજ્ઞાન વગર જીવવું સારું નથી. જેમ બને તેમ ધર્મના કામમાં ઢીલ ન કરવી. આત્મજ્ઞાન કરી લેવું. આત્મજ્ઞાન વગર રહેવું એ અત્યંત ખરાબ છે. વ્યાધિ, ઝેર, આપદા અથવા બીજા શારીરિક દુઃખ તે દુઃખ નથી. વાત, પિત્ત, કફથી ઉત્પન્ન થતી વ્યાધિ, ઝેર અથવા વ્યથા તે દુઃખ આપનાર નથી. આત્મા અજર છે એવો વિવેક ન થાય, તેનું નામ મૂર્ખતા છે. બહિર્મુખ અવસ્થા, અજ્ઞાન જેટલું દુઃખકારી છે તેટલું શારીરિક દુઃખ દુઃખકારી નથી. અજ્ઞાનનું દુઃખ નથી લાગતું એ જ અજ્ઞાન છે. મિથ્યાત્વ એવું છે કે આ અજ્ઞાન દુઃખરૂપ છે એમ લાગવા ન દે. આત્મજ્ઞાન કરવા માટે તૈયાર થાય એ માટે કહેવાનું છે. વિષયોથી આત્માનું હિત નથી એમ જાણે. જીવે વિષયનું ફળ દુઃખ ઘણા ભવમાં દીઠું છે, છતાં પાછો વિષયની ઇચ્છા કરે છે; તે માણસ નહીં, પણ ગધેડા જેવો છે. રાગ, દ્વેષ, મોહ કરવા જાય તો બંધાય, પણ સાક્ષી ભાવે જેના અંતરમાં કષાયની બળતરા નથી તેનું જીવન સુંદર થાય. પાંચ ઇન્દ્રિયો અને મનને જીતે ત્યારે પરમાત્મસ્વરૂપ સમજાય. કોઈનો દેહ છૂટી જાય તેનો ક્લેશ કરવાનો નથી. તે તો સંયોગ છે. આત્મા કદી મરતો નથી, નિત્ય છે. જેમ ઘડો ફૂટી જાય પણ આકાશ ફૂટે નહીં, તેમ આત્મા કદી મરતો નથી, જન્મતો નથી, પણ પર્યાય પલટાય છે. આત્મા તો "સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય."

આત્મા નિત્ય છે, શુદ્ધ છે, મોક્ષસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે. પોતાનો આત્મા એક છે, અસંગ

છે. શાંત અને અમાપ એવો આત્મા છે. સંકલ્પવિકલ્પ છોડી, નિર્વિકલ્પ થઈ હે રામ! તું રહે. અજ્ઞાન દશામાં રહેવું એ ઠીક નથી. અજ્ઞાની બહિરાત્માને જે દુઃખ છે, તેવું ઝેરનું, મરણનું, કોઈનું દુઃખ નથી.

(બપોરના) ૩૭ શ્રીમદ્ રા.આ.અગાસ,વૈશાખ સુદ ૧૪, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–પ્રતિજ્ઞા લેતી વખતે વિચાર કરીને લેવી. પહેલી સમજણ કરવી. આ મને નુકસાન કરે છે, એમ જાણી તેનો ત્યાગ કરે. પરિણામ આપણા દૃઢ રહે છે કે કેમ? એ તપાસવું. વ્રત લેવું હોય તો થોડું થોડું પણ લેવાય છે.

*

(સાંજના)

પૂજ્યશ્રી–કોઈના પણ ગુણ જોઈને રાજી થવું. અધ્યાત્મમાં આવ્યા પછી ઉદાસીનતા રહે છે. ઉદાસીનતા એ ચારિત્ર છે.

કેવા પરિણામ થાય છે? વારંવાર વૃત્તિ ક્યાં જાય છે? એની તપાસ નથી. સમ્યક્દર્શન વિના અવળું થાય છે. ગમે તેટલું ભણ્યો હોય તો તે અજ્ઞાન છે, માટે પહેલું તત્ત્વાર્થ શ્રદ્ધાન કરવું. પહેલાં સમ્યક્દર્શન માટે પુરુષાર્થ કરવો. એ વિના જે કરે તે મોક્ષના કામમાં ન આવે. માટે પહેલું સમ્યક્દર્શન કરવાનું કહે છે. આત્મા અંદરથી ફર્યો હોય તો સરખા ભાવ રહે છે. સમ્યક્દૃષ્ટિને સવળા વિચાર આવે છે, તે મિથ્યા દૃષ્ટિનો સમજણપૂર્વક ત્યાગ કરે છે, તેથી વિવેક જે ધર્મનું મૂળ છે તે પ્રગટ થાય છે. પહેલો વિવેક. વિવેક ન હોય તો અવળું થાય. ઇચ્છે છે મોક્ષ, પણ સાધન એવું કરે કે સ્વર્ગ મળે.

મુમુક્ષુ–''રાત્રિભોજનને માટે વિશેષ વિચાર મુનિ સમાગમથી કે શાસ્ત્રથી જાણવો. એ સંબંધી બહુ સૂક્ષ્મ ભેદો જાણવા અવશ્યના છે.'' એમ 'મોક્ષમાળા'ના રાત્રિભોજનના અઠ્ઠાવીસમા પાઠમાં છે. રાત્રિભોજન માટે વિશેષ વિચાર શું હશે?

પૂજ્યશ્રી–રાત્રિભોજન એ આગળની પ્રતિમાઓમાં ત્યાગ કરાય એમ છે. માટે પહેલાં રાત્રિભોજનનો ત્યાગ ન કરવો એમ નથી, પણ સામાન્યપણે પળાય છે, પણ જ્યારે પ્રતિમારૂપે રાત્રિભોજનનો ત્યાગ કરે છે ત્યારે બહુ કડકપણે પાળે છે. રાત્રિભોજન ત્યાગની જે પ્રતિમા ધારણ કરે છે તે રાત્રે રાંધેલું હોય, પીસેલું હોય, વલોવેલું હોય તે ન ખાય. તેઓ રાત્રિ સંબંધી આરંભ લેતા નથી.

મુમુક્ષુ–કાલે આણંદ ગયો ત્યારે મારી સો રૂપિયાની નોટ ક્યાંક ચોરાઈ ગઈ. તેના સંકલ્પવિકલ્પમાં ઘણો વખત ગયો. તેના વિચાર નથી કરવા તેમ કરવા છતાં વારંવાર તેના વિચાર આવ્યા કર્યા.

પૂજ્યશ્રી–ઘણો વિચાર કરવાની જરૂર છે કે જે વસ્તુ શરીરથી પણ જુદી છે તેનો વિયોગ થતાં આ જીવને તેના વિચાર છૂટતા નથી, તો જ્યારે વેદનીનો ઉદય થશે ત્યારે સમભાવ કેવી રીતે

રહેશે? આ જીવ માને છે કે મને બીજા કરતાં મમત્વભાવ ઓછો છે, પણ અંદર મૂર્ચ્છાભાવનાં મૂળિયાં કેટલાં મજબૂત છે! પરવસ્તુ ઉપર કેટલી મૂર્ચ્છા છે, તે આવા પ્રસંગોથી જીવને ખબર પડે છે. આવા પ્રસંગોમાં બહુ વિચાર કરવા યોગ્ય છે. આવા પ્રસંગોમાં જીવને યથાર્થ વિચાર કરવાનો અવસર મળે છે. ઘણો દીર્ઘ વિચાર કરે તો આવા પ્રસંગોમાં સમકિત પણ થઈ જાય. [૧]અનાથી મુનિને વેદનીના વખતમાં સંસારનું સ્વરૂપ વિચારવાનો અવસર મળ્યો અને સમકિત પ્રાપ્ત થયું. [૨]કપિલને તૃષ્ણાનો વિચાર કરતાં કરતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. આપણને પણ વિચાર કરવાનો અવસર મળ્યો છે કે આવી નજેવી વસ્તુ, પ્રત્યક્ષ પોતાથી ભિન્ન અને ત્યાગ કરવા યોગ્ય, પાપનો બાપ, આર્ત્તધ્યાન કરાવે એવી, ભવોભવ અધોગતિમાં લઈ જાય એવી વસ્તુનો સહેજે ત્યાગ થયો, તો હર્ષનું કારણ છે. હળાહળ ખાવાથી એક જ ભવ હારી જવાય, પણ પરિગ્રહની મૂર્ચ્છાથી તો જીવને અનંતભવ સુધી નરક તિર્યંચ ગતિઓમાં રખડવાનું થાય. આવી વિષથી પણ અધિક ખરાબ વસ્તુ તો ત્યાગવા યોગ્ય છે, તેનો સહેજે ત્યાગ થયો તો હર્ષ માનવો. શોક કરવો નહીં.

રામકૃષ્ણના કોઈ એક શિષ્યને જ્ઞાનીના ઉપદેશથી વિચાર આવ્યો કે 'પરિગ્રહ એ તો પાપનું મૂળ છે, તો એનો ત્યાગ અવશ્ય કરવો. પણ મને એના ઉપર મોહ ઘણો છે, તો પછી એનો ઇલાજ શું?' તેણે એક હાથમાં એક રૂપિયો લીધો અને વિચાર કરવા લાગ્યો કે આ રૂપિયો છે, એનાથી ખાવા-પીવાની વસ્તુઓ મળે છે. ખાધા પછી તે વસ્તુઓની વિષ્ટા થાય છે. તો પછી એનામાં અને વિષ્ટામાં શું ફરક છે? એમ વિચાર કરીને તેણે બધા પરિગ્રહનો ત્યાગ કર્યો. પછી તે જ્યારે રૂપિયાને દેખતો ત્યારે તેને વિષ્ટા કરતાં પણ વધારે ગ્લાનિ થતી.

એક વખતે કોઈએ તેની પરીક્ષા કરી. એક બેઆની લઈને તેની પથારી હતી તેની નીચે મૂકી દીધી. જ્યારે સાંજે તે પથારી ઉપર સૂતો તો આખી રાત ઊંઘ આવી નહીં. સવારમાં ઊઠીને તેણે પથારીને તપાસી તો નીચેથી બે આની નીકળી. તેણે નિશ્ચય કર્યો કે ઊંઘ નહીં આવવાનું કારણ આ અલ્પ પરિગ્રહ હતો. અલ્પ પરિગ્રહ પણ જીવને કેટલી અશાંતિ પમાડે છે! આ વસ્તુને જોતાં ઝેર કરતાં પણ વધારે ભય લાગવો જોઈએ. જેમ સર્પને જોતાં ભય લાગે છે તેમ પરિગ્રહને જોતાં જીવને ભય અને ત્રાસ લાગવો જોઈએ.

૩૮ શ્રીમદ્ રા.આ.અગાસ, વૈશાખ સુદ ૧૫, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—અનંતકાળ થયાં સિદ્ધિ થઈ નથી એટલા માટે બધાં શાસ્ત્રો લખાયેલાં છે. જન્મમરણનું દુઃખ લાગે એટલા માટે બધાં શાસ્ત્રો છે. ગર્ભમાં અનંત દુઃખ છે. જન્મે ત્યારે પણ બેભાન અવસ્થા જેવું છે. પછી ગડમથલ કરતાં કરતાં નિશાળે જાય છે. ત્યાં પણ નહીં ભણવા જેવું ભણાવે. આત્માના કામમાં આવે એવું ભણાવે નહીં. મોટો થાય ત્યારે મારું-તારું કરવા માંડે. એમ સંકલ્પ-વિકલ્પ કરતાં કરતાં શાંતિ ન થાય. પછી વૃદ્ધાવસ્થામાં પરાણે ચાલે છે. આ કાળમાં જીવન મળ્યું છે, તેમાં ભક્તિ કરે તો બીજા ભવમાં બધી મોક્ષની અનુકૂળતા મળી આવશે. મોજશોખમાં દહાડા ગયા તો બધું નકામું છે. મનુષ્યભવની મૂડી મોટી છે. તે કેમ સાચવવી? તેની ખબર નથી. મનુષ્યભવ છે તેમાં શું કરવાથી લાભ થાય છે? શાથી જીવન સફળ થાય? એના

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા શિક્ષાપાઠ. ૫ થી ૭. / ૨. મોક્ષમાળા શિક્ષાપાઠ ૪૬ થી ૪૮.

વિચાર નથી આવતા. પોતાનું જીવન કેમ જીવવું? એ દરેકને વિચારવા જેવું છે. ‘‘શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?’’ એ વિચાર કરવાનો છે.

દયા એ ધર્મનું મૂળ છે. એ ન હોય તો ધર્મ ન રહે. ‘‘ભાખ્યું ભાષણમાં ભગવાન, ધર્મ ન બીજો દયા સમાન.’’ દયા સમાન કોઈ ધર્મ નથી. પ્રમાદ છે તે આપણને લૂંટી ન જાય તે માટે સાવચેતી રાખવી. આગળ એક ક્ષણ પણ પાછી મળવાની નથી. મારે જીવન કેમ ગાળવું? એ બધાને વિચારવા જેવું છે.

*

(બપોરના)

પૂજ્યશ્રી—રાજપાટ છોડી દ્રવ્યલિંગી સાધુ થાય, ઉપવાસાદિક ખૂબ કરે, શરીરના કટકા કરી નાંખે તો પણ એને ક્રોધ ન થાય, પણ આત્મજ્ઞાન ન હોય. સમભાવ રાખે છે છતાં એ સમભાવમાં સુખદુઃખ સરખું છે, એમ એને નથી હોતું. આવું કરતા છતાં અભિમાન પણ ન કરે. એ નવગ્રૈવેયક સુધી જાય છે. એમ છતાં સમ્યક્ત્વ ન હોય એમ બને છે. કષાયની મંદતાથી પુણ્ય બંધાય છે. કષાયને એટલા પાતળા કર્યા છે કે કોઈ ઉપસર્ગ કરે તો પણ સમભાવ રાખે, છતાં એને પદાર્થનો યથાર્થ નિર્ણય નથી હોતો. ઇન્દ્રનાં સુખ પણ દુઃખરૂપ લાગે, પુદ્‌ગલનાં સુખ જુદાં અને આત્માનાં સુખ જુદાં, એમ ભેદ પાડે તે સમ્યક્‌દૃષ્ટિ છે. અહંભાવ, મમત્વભાવ જાય ત્યારે સમ્યક્ત્વ થાય, પણ એ તો એમનાં એમ રાખે છે. દ્રવ્યલિંગીએ ચારિત્રમોહ ઓછો કર્યો છે પણ દર્શનમોહ ઓછો કર્યો નથી. પુણ્ય બંધાય એને સારું જાણે છે. જેમ વધારે પુણ્ય બંધાય એમ કરે છે. કષાયને ઉપાદેય માન્યો છે. પુણ્યબંધનું કારણ કષાય છે તેને ઉપાદેય (સારું) માને છે. પરદ્રવ્યોની અનુકૂળતા-પ્રતિકૂળતામાં સમભાવ ન રહ્યો. બેયની શ્રદ્ધામાં ફેર છે. બન્ને ક્રિયા કરે. સમ્યક્ત્વીની શ્રદ્ધામાં પુણ્ય હેય હોય છે. જેમ કોઈને ઘણો દંડ થતો હોય તેનાથી થોડો થાય, તેથી હર્ષ પણ માને, પણ શ્રદ્ધાનમાં કષાયરૂપી દંડને હેયરૂપ માને છે.

‘‘રાગ કરવો નહીં, કરવો તો સત્પુરુષ પર કરવો.’’ (૨૧-૨૦) બીજે રાગ ન કરતાં, કરવો પડતો હોય તો સત્પુરુષ ઉપર કરવો, પણ એ ઉપાદેય નથી. સંસારમાં રાગ કરે તો બંધાય, પણ સત્પુરુષ ઉપર કરે તો છૂટે. ‘હું દુઃખી છું’ એમ લાગે છે પણ સાધુ થયા એટલે સહન કરવું પડે છે, એમ માને છે. જાણનારો રહી જાય છે. વીતરાગભાવ હોય ત્યાં કોઈ ચંદન વિલેપન કરે કે કોઈ કુહાડાથી કાપે, તે બન્નેને એક સરખાં જાણે છે, પણ એને એવું નથી હોતું. સહન તો કરે છે પણ આ ચંદન વિલેપન તે સારું છે અને આ કાપે છે તે ખોટું છે, એમ માનીને સહન કરે છે. અભિપ્રાયમાં કેવી ભૂલો થાય છે, એનું સૂક્ષ્મ વર્ણન ‘મોક્ષમાર્ગ પ્રકાશક’માં કર્યું છે. ‘હું કરું છું,’ ‘ભોગવું છું’ એ એને છૂટતું નથી. શરીરથી મારું સ્વરૂપ ભિન્ન છે એવું સમ્યક્‌દૃષ્ટિને હોય છે, પણ મિથ્યાદૃષ્ટિને એવું નથી હોતું. સમજણમાં ભૂલ છે. એવું તો જીવે અનાદિકાળથી કર્યું છે. અંદરથી વિષયો સારા છે એમ રહે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. અંદરથી એનો અભિપ્રાય ફર્યો નથી. રાગદ્વેષ એને રહે છે.

એકેન્દ્રિયાદિ પાંચ પ્રકારના જીવો વ્યવહારથી કહેવાય છે, પણ જીવ કંઈ ઇન્દ્રિયરૂપ નથી. આત્મામાં સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર એવા ત્રણ ભેદ છે, એમ નથી. અખંડ દ્રવ્ય છે, સમજવા માટે ભેદ પાડ્યા છે, પણ અખંડ છે એ ભૂલવા જેવું નથી. 'મૂળમાર્ગ'માં—

**''તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ''**

એમ કહ્યું છે. સમ્યક્‌દર્શન વગેરે ભેદ પાડ્યા, પણ સમ્યક્‌દર્શન એ આત્મા જ છે, સમ્યક્‌જ્ઞાન એ આત્મા જ છે, સમ્યક્‌ચારિત્ર એ આત્મા જ છે. કર્મને લઈને બધા ભેદો પાડ્યા છે, પણ નિશ્ચયથી એક જ છે. બાહ્યત્યાગ છે તે છૂટવાને અર્થે છે, પણ વ્રત, નિયમ આત્મામાં છે નહીં. કોઈ પણ પ્રકારે લાભ જાણીને વ્રતાદિ કહ્યાં છે, પણ આત્મામાં એવા ભેદ છે નહીં.

**''સર્વ જીવ છે સિદ્ધ સમ''**

નિશ્ચયથી તો રાગ, દ્વેષ, પોતાના ખરાબ ભાવ, છોડવાના છે. બાહ્યત્યાગ તો નિમિત્ત માત્ર છે. રાગાદિ છૂટ્યે બધું છૂટે. જે વ્યવહાર, પરમાર્થને પ્રેરે તે કામનો છે.

**''પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત''**

વસ્તુના સાચા સ્વરૂપને કહેનાર નિશ્ચયનય છે. વ્યવહાર એ તો સાધન છે. એને સાધ્ય માને તો અવળે રસ્તે જાય. એ તો દાદરો છે. એને પકડી બેસી રહે તો ઉપર ન જવાય.

આટલો મનુષ્યભવ ધર્મ ખાતે જ ગાળવો છે. ખરો લાગ આવ્યો છે. ''ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે.'' પણ એને ભયંકર લાગતું નથી. જ્ઞાનીને લાગે છે માટે કહે છે. ધર્મનું ફળ શાંતિ છે. ધર્મથી આ ભવમાં પણ તત્કાળ શાંતિ થાય છે. મનુષ્યભવ જાય છે. કંઈ કરી લેવા જેવું છે.

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ. આ પાંચ આસ્રવનાં કારણો છે. રાગદ્વેષનો એમાં સમાવેશ થાય છે. ''રાગ, દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ'' જ્યાં સુધી જીવને મિથ્યાત્વ હોય છે ત્યાં સુધી રાગદ્વેષની ખબર પડતી નથી. જ્યારે જીવને સમ્યક્‌દર્શન થાય છે ત્યારથી જ સુખનો અનુભવ થાય છે. સમ્યક્‌દર્શન થયા પછી દેવલોક અને નરક બન્ને સમાન લાગે છે. સમ્યક્‌દૃષ્ટિ નરકમાં જાય તો પણ સુખી છે. સમ્યક્‌દર્શન થયા પછી બધા ભોગો અનિષ્ટ લાગે છે.

**''શીતળ ચંદનથી પણ ઉપન્યો, અગ્નિ દહે જેમ વનને રે,**
**ધર્મજનિત પણ ભોગ ઇહાં તેમ, લાગે અનિષ્ટ તે મનને રે.''** (પાંચમી દૃષ્ટિ)

સમ્યક્‌દર્શન એ જ સુખનું કારણ છે.

૩૯ શ્રીમદ્ રા.આ.અગાસ, વૈશાખ વદ ૧, સં.૨૦૦૮

જેવા ભાવ હોય તેવું ફળ મળે. રોજ કંઈક વાંચવાનું રાખીએ. સાંજે ભક્તિ કર્યા પછી 'મોક્ષમાળા'માંથી વાંચવું. 'મોક્ષમાળા' છે તે મોક્ષનું બીજ છે. માટે આપણે એ ઘણી કામની છે. કૃપાળુદેવને જે જે કહેવું હતું તે તે બધું 'મોક્ષમાળા'માં કહી દીધું છે. પછી પત્રોમાં કહ્યું છે.

કોઈ ધર્મ કરતો હોય તેને કરવા દેવો, સારું માનવું. કરવું, કરાવવું, અનુમોદવું; મન વચન અને કાયાથી. મનથી, જે ધર્મ કરતો હોય તેને સારું માનવું. વચનથી, આ સારું કરે છે એમ કહેવું

અને કાયાથી તેને સહાયતા આપવી, પણ ઊલટા વિઘ્નરૂપ ન થવું. કૃત, કારિત અને અનુમોદન, તેને મન, વચન, કાયાથી કરે એવા નવ ભેદ શાસ્ત્રોમાં કહ્યાં છે. રોજ અર્ધો-પોણો કલાક કાઢી વાંચવું. મંદિરમાં ભક્તિ કરવા સાંજે જવું. ભક્તિ કર્યા પછી કોઈ ન હોય તો પણ આપણે એકાદ પાઠ વાંચવો અને એકાંતમાં બેસી વિચાર કરવો. આખો દિવસ ખળભળાટ કરે છે, તેને આત્માની શાંતિ થતી નથી. માટે અવકાશ લઈ, એકાંતમાં બેસી વિચાર કરવો.

પહેલામાં પહેલાં તો સત્સંગ કરવો. પછી સત્સંગમાં જે કમાણી થઈ હોય તેને એકાંતમાં બેસી વિચારવી. બાર મહિનામાં ઓછામાં ઓછું એક બે મહિના અવકાશ લઈ અહીં આવવું. લોક મૂકે પોક. લોક કંઈ રાજી થાય નહીં. આખું જગત કંઈ રાજી થવાનું છે?

ગોશાળો જ્યારે મહાવીર ભગવાનને ગુરુ માનીને સાથે ફરતો ત્યારે તો ભગવાનને સારા માનતો, પણ જ્યારે મહાવીર ભગવાનને કેવળજ્ઞાન થયું અને ભગવાન સમવસરણમાં બિરાજતા ત્યારે કહેવા લાગ્યો; ભગવાન તો સમવસરણમાં બેસે છે; રાજલક્ષ્મી ભોગવે છે. એમ આખું જગત રાજી થતું નથી. લૌકિકભાવમાં ન તણાવું. આપણને હિત થાય તે કરવું. ''જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યું; તેથી રૂડું થયું નથી.'' (૩૭) લોકો પૈસા ખર્ચીને અંગ્રેજી ભણાવે છે તે કરતાં આ સંસ્કૃત તો ધર્મનું છે, સારું છે. મનમાં શાંતિ રાખવી. મનુષ્યભવની એક ક્ષણ પણ મળવી બહુ દુર્લભ છે. જે ક્ષણ ગઈ તે કોઈ લાખ રૂપિયા આપે તો પણ આપી શકે? ગઈ તે ગઈ. માટે દરેક કામ કરતાં ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' કર્યા કરવું. અહીં રહીને પ્રમાદ ન કરીએ. ખાવાપીવા માટે અહીં રહેવાનું નથી. આપણને પ્રમાદ ન થાય એ લક્ષ રાખવો.

આપણું હિત શામાં છે? એનો સૂક્ષ્મ વિચાર કરીને કરવાનું છે. કોઈ ધર્મ કરતો હોય તો સારું માનવું. આપણે પણ એવી ભાવના રાખવી કે સત્સંગ મળો. મારે સંસારથી છૂટવું છે. પૂર્વને લઈને કરવું પડતું હોય, પણ ભાવના તો છૂટવાની રાખવી. આ મનુષ્યભવ છે ત્યાં સુધી કંઈક કરી લેવાનું છે. પછી કંઈ ન થાય. કૃપાળુદેવે 'મોક્ષમાળા' રચી ત્યારે રામ જેવો વૈરાગ્ય હતો. કશું ખાવું ગમે નહીં, પીવું ગમે નહીં. એવો વૈરાગ્ય સોળ વર્ષની ઉમ્મરે હતો. સાંજે ભક્તિ કર્યા પછી કંઈક વાંચવું. જેટલો ઘરથી આઘો જાય તેટલી વિશેષ સ્થિરતા થાય છે અને તેથી શાંતિ થાય છે. પૂર્વના સંસ્કારે જીવને વૈરાગ્ય ભાવના જાગે છે. મારાથી ધર્મ નથી થતો પણ આ કરે છે તે સારું કરે છે, એમ રાખવું. લોકો કહે તેમ કરવાનું નથી. આપણું હિત થાય તેમ કરવાનું છે.

૪૦ શ્રીમદ્ રા.આ.અગાસ, વૈશાખ વદ ૨, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—પાંચ સ્થાવર એટલે પૃથ્વી, અપ્, તેજ, વાયુ, વનસ્પતિ અને છઠ્ઠા ત્રસ જીવ એટલે હાલતા ચાલતા જીવો છે. એ છકાયના જીવો કહેવાય છે. પૃથ્વીકાય એટલે પૃથ્વી જેની કાયા છે તે. પાણી જેની કાયા છે તે અપ્કાય. અગ્નિ જેની કાયા છે તે તેજકાય. વાયુ જેની કાયા છે તે વાયુકાય. વનસ્પતિ જેની કાયા છે તે વનસ્પતિકાય. આત્માને ઓળખવા માટે એ બધું વર્ણન કર્યું છે. સત્પુરુષને આત્માનું માહાત્મ્ય છે. આત્માનું માહાત્મ્ય સત્પુરુષ વિના ન લાગે. એ બધા જીવોનું વર્ણન કરવાનું કારણ પોતાના આત્માને ઓળખવા માટે છે. પોતાનું ભૂલીને બીજું કરે છે.

**"ઘટ, પટ આદિ જાણ તું, તેથી તેને માન;**
**જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન?"**

જાણનારો કોણ છે? ક્યાંથી આવ્યો છે? ક્યાં જવાનો છે? તેનો વિચાર આવતો નથી. પોતાનું ઓળખાણ કરવા માટે બધાં વાક્યો લખાયાં છે.

"સત્પુરુષના એકેક વાક્યમાં એકેક શબ્દમાં અનંત આગમ રહ્યાં છે." (૧૬૬) હું કંઈ ન જાણું, એમ જો એને થાય તો દ્વાદશાંગી શીખી ગયો. ગુરુ વિના જ્ઞાન નહીં. નવ પૂર્વ ભણે તો પણ જંગલના રોઝ જેવો રહે છે. સમયે સમયે જીવ કર્મ બાંધે છે. જે પોતામાં ગુણ ન હોય તે નવો ઉત્પન્ન થતો નથી. આત્મામાં વેદક નામનો ગુણ છે. એક વૈભાવિક નામનો આત્મામાં ગુણ છે. સુખ-દુઃખની પોતે જ કલ્પના કરે છે અને વેદે છે. સુખ-દુઃખ એ કલ્પના થવાનાં નિમિત્ત છે. વેદનાને શારીરિક ધર્મ માનીને વેદે, એમ કરવું હોય તો થાય, એથી કર્મ ન બંધાય. ગજસુકુમારને બહુ વેદના હતી, પણ તેઓએ નેમિનાથ ભગવાન પાસે સાંભળ્યું હતું કે આત્મા પરમાનંદરૂપ છે. એવી માન્યતા બહુ દુર્લભ છે. 'सद्धा परम दुल्लहा' દેહમાં થાય તેને મારું માનવું નથી. મારો સ્વભાવ જાણવાનો, વેદવાનો છે. જ્ઞાનમાં વીર્ય જોઈએ. શ્રદ્ધામાં પણ વીર્ય ગુણ જોઈએ છે. ચોથે ગુણસ્થાનકે સમ્યક્ત્વની પૂર્ણતા થઈ શકે છે. સમ્યક્દર્શન પામ્યો ત્યાં ધર્મ પામ્યો, આત્માનું ઓળખાણ થયું.

**"તેહ મારગ જિનનો પામિયો રે, કિંવા પામ્યો તે નિજસ્વરૂપ"**

કર્મ છે તે તેનું ફળ આપે છે. એને જીવ વેદે છે. વેદવાની કળા પણ છે. સુખદુઃખ એ કલ્પના છે. કલ્પના કરે તે વેદવી પડે છે. એક પ્રદેશમાં અનંત પરમાણુ સમાઈ શકે, એવી શક્તિ છે. પ્રદેશે પ્રદેશે અનંત કર્મની વર્ગણા છે. જ્ઞાનીનાં વચનો સાંભળવાથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. અલ્પ સુખથી કરીને પૂર્ણકામતા સુધીની સર્વ શાતાનું કારણ એક સત્પુરુષ છે.

કંઈક જીવને ધર્મના સંસ્કારો હોય તો એને ધર્મ ગમે. મોક્ષમાર્ગમાં વિશ્વાસ કરવા યોગ્ય તે આપ્તપુરુષ છે. આપ્ત એટલે વિશ્વાસ કરવા યોગ્ય. સંપૂર્ણ આપ્ત તો કેવળજ્ઞાની છે. જીવને સારી વસ્તુ ગમે તે વિશુદ્ધિ લબ્ધિ છે.

*

(બપોરના)

પૂજ્યશ્રી—વીતરાગભાવ છે તેટલો મોક્ષમાર્ગ છે. એ વીતરાગભાવ શાથી આવે? તો કે વ્રત, શીલ આદિથી. એ નિમિત્તમાત્ર છે. એ હોય અને વીતરાગતા ન પણ હોય. વીતરાગભાવ રાખવો પોતાને આધીન છે. વ્રત, શીલ આદિ શરીરને આધીન છે. વીતરાગભાવ રાખશે તો મોક્ષ થશે. વ્રત, નિયમ ઉપાદેય નહીં પણ વીતરાગભાવ એક જ ઉપાદેય છે. નિશ્ચયથી હું સિદ્ધ સમાન છું, એમ માને. નિશ્ચયથી તે સાચી વસ્તુ છે, કલ્પિત નથી. જે બંધનનું કારણ હોય તે મોક્ષનું કારણ ન હોય.

*

(સાંજના)

પૂજ્યશ્રી–સમ્યક્ત્વ થવાનાં સાધનો મળ્યાં, સદ્ગુરુ મળ્યા, શ્રદ્ધા થઈ. બધી સામગ્રી મળી, પણ હવે તો મારી જ ખામી છે. સમ્યક્દર્શનનું પહેલું અંગ નિઃશંકિત ગુણ છે. કોઈ પણ પ્રકારની શંકા પ્રયોજનભૂતમાં ન રહે. જ્યાં સુધી નિર્ધાર ન થાય ત્યાં સુધી પ્રશ્નોત્તર કરે, પછી તત્ત્વચર્ચા કરે. સમ્યક્ત્વ થાય ત્યારે મુખ્ય નિર્ધાર તત્ત્વનો છે. પુરુષાર્થ કરે ત્યારે એને સમજાય કે જિન ભગવાનનો ઉપદેશ સર્વોપરી છે. પોતાને દૃઢ થવાને, ભગવાને કહ્યું તે ભાવ ભાસવા માટે ચર્ચા કરવાની છે. ગડમથલ કરતાં કરતાં મોહ મંદ થાય ત્યારે સમજાય. વિષયને માની લીધો પણ દૃઢ ન કરે તો જતો રહે. સ્પષ્ટ સમજાય કે આ દેહ અને આ આત્મા, તો પછી બીજાને માન્ય ન કરે. શું હેય અને શું ઉપાદેય એમ પહેલાં જાણી લેવું. એમાં જ ભૂલ આવી તો બધે ભૂલ થશે.

૪૧ શ્રીમદ્ રા.આ.અગાસ, વૈશાખ વદ ૩, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–રાગદ્વેષ નુકસાન કરનારા છે. નુકસાન કરનાર છે એમ લાગે તો સમજણ ફરે, તો રાગદ્વેષ ન કરે. પ્રભુશ્રીજી કહેતા કે ઓળખાણ ખાણ છે. ઓળખાણ થાય તો પલટાઈ જાય છે. અજાણ્યો ને આંધળો બરાબર છે. રાગથી જીવ આંધળો થાય છે. અજ્ઞાન અંદર બેઠું છે તેનો ભય નથી. હમણાં અહીંયાં સાપ નીકળે તો ઊઠી જાય, પણ મોહ છે તેનો કંઈ ભય લાગતો નથી. જડ તે જડ અને ચેતન તે ચેતન છે.

૪૨ શ્રીમદ્ રા.આ.અગાસ, વૈશાખ વદ ૫, સં.૨૦૦૮

પૂજ્યશ્રી– **"શાસ્ત્ર ઘણાં મતિ થોડલી મનમોહન મેરે,**
**શિષ્ટ કહે તે પ્રમાણ રે મનમોહન મેરે."** (બીજી દૃષ્ટિ)

બધાં શાસ્ત્રો ભણે તો પાર ન આવે. માટે જેથી આત્મહિત થાય તે લક્ષમાં રાખવું. પરોક્ષ પદાર્થ છે તે ભગવાનની આજ્ઞાથી માન્ય કરવા જેવા છે. આત્મા છે તે સમજવો મુશ્કેલ છે, પણ જ્ઞાનીનાં વચનો સ્વીકારતાં સ્વીકારતાં એને ભાન થાય કે આ મારું સ્વરૂપ છે. બાહ્ય આડંબરને છોડીને આત્માની સંભાળ લો.

*

(બપોરના)

મુમુક્ષુ– **"બંધના હેતુ જે છે પાપસ્થાન જો;**
**તે તુજ ભગતે પામ્યા પુષ્ટ પ્રશસ્તતા રે લો."** (દે.ગત ચોવીશી-૧૬)

એ કેમ?

પૂજ્યશ્રી–ભાવ ફરી ગયો તેથી પુણ્યનું કારણ થાય છે. પૂજા કરવા માટે ફૂલ તોડે પણ હિંસા કરવાના ભાવ નથી, તેથી પ્રશસ્ત પુણ્ય બંધાય છે. હું કંઈ ન જાણું. કંઈ કલ્પના ન કરવી. જ્ઞાનીએ નિર્ણય કર્યો તે માન્ય કરવો. વિચાર કરવાનો છે. મારે કલ્પના કરવી નથી. જ્ઞાન અપાર અનંત છે. તેની આગળ આપણું જ્ઞાન શું છે? જ્ઞાનીએ જાણ્યું છે. તેના બોધના આધારે વિચાર કરવાનો છે. "કર વિચાર તો પામ." એમ જ છે, મને સમજાયું, એમ નિર્ણય ન કરવો. વિકલ્પો બને તેટલા

શમાવવા. આપણાથી થાય એટલો વિચાર કરવાનો છે.

*

(સાંજના)

પૂજ્યશ્રી—સંસારનું સ્વરૂપ વિચારે તો વૈરાગ્ય થાય. ઇન્દ્રિયના વિષયોમાં લીન થઈ પોતે પોતાને નહીં ઓળખ્યો.

૪૩ શ્રીમદ્ રા.આ.અગાસ, વૈશાખ વદ ૬, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—આત્માને આત્મારૂપે જાણ્યો અને પરને પરરૂપે જાણ્યું, તે સિદ્ધ ભગવાન છે. એ 'સમાધિશતક'માં પહેલી જ ગાથા છે. પોતાના દોષ જોવાના છે. દોષને દોષ જાણે તો પાછો હઠે, પણ દોષને ગુણ જાણે છે. આ મને બંધનકારક છે એમ એને લાગતું નથી. જીવને સંસારના પદાર્થો મીઠાં લાગે તેમાં રાગ કરે, પણ મોક્ષમાર્ગે જતાં એ એને પકડે છે; આડાં આવે છે.

''रत्तो बंधदि कम्मं मुंचदि जीवो विरागसंपत्तो ।
एसो जिणोवदेसो तम्हा कम्मेसु मा रज्ज ।।'' (શ્રી સમયસાર)

રાગી જીવ કર્મ બાંધે છે અને વૈરાગી જીવ હોય તે મુકાય છે, એ જિનનો ઉપદેશ છે. તેટલા માટે રાગ ન કર. તારે વાંકે તને બંધન છે, એમ કહ્યું છે.

મુમુક્ષુ—પત્ર અને 'મોક્ષમાળા'ના પાઠ ફેરવું છું, તે વખતે વિચાર નથી આવતા.

પૂજ્યશ્રી—રોજ કંઈ બધા પાઠો ઉતાવળથી ફેરવી નાંખવા એમ નથી કરવાનું. અઠવાડિયામાં બધું પૂરું કરી દેવાનું. અનાથી મુનિના પાઠમાં આવે છે કે ''એમ આત્મપ્રકાશક બોધ શ્રેણિકને અનાથી મુનિએ આપ્યો.'' તે આત્મપ્રકાશક બોધ શું હશે?

મુમુક્ષુ—''નિશ્ચય માનજે કે, આપણો આત્મા જ દુઃખની ભરેલી વૈતરણીનો કરનાર છે; આપણો આત્મા જ ક્રૂર શાલ્મલિ વૃક્ષના દુઃખનો ઉપજાવનાર છે. આપણો આત્મા જ વાંછિત વસ્તુરૂપી દૂધની દેવાવાળી કામધેનુ ગાય સુખનો ઉપજાવનાર છે; આપણો આત્મા જ નંદનવનની પેઠે આનંદકારી છે; આપણો આત્મા જ કર્મનો કરનાર છે, આપણો આત્મા જ તે કર્મનો ટાળનાર છે. આપણો આત્મા જ દુઃખોપાર્જન કરનાર છે. આપણો આત્મા જ સુખોપાર્જન કરનાર છે. આપણો આત્મા જ મિત્ર અને આપણો આત્મા જ વૈરી છે. આપણો આત્મા જ કનિષ્ઠ આચારે સ્થિત અને આપણો આત્મા જ નિર્મળ આચારે સ્થિત રહે છે.'' (મોક્ષમાળા-૭)

પૂજ્યશ્રી—આપણો આત્મા છે, એ જ મિત્ર અને એ જ વૈરી છે. બધાય શાસ્ત્રોનો સાર એટલામાં કૃપાળુદેવે કહી દીધો છે. પાઠ ફેરવીએ ત્યારે વિચારવું કે એમાં શું કહ્યું? એ મને સમજાયું કે નહીં? જેટલો વિચારમાં વખત જાય તેટલો સારો. બધું કરીને એ જ કરવાનું છે.

*

(બપોરના)

પૂજ્યશ્રી—તપ કરીને ઇન્દ્રિયો વશ કરવાની છે. ઇન્દ્રિયોના વિષયોમાં મન રહે અને બાહ્ય તપ કરે તો કંઈ કામનું નથી. હું દેખું છું, તે મારા જ્ઞાનને જ દેખું છું. જીવ પોતાના જ્ઞાનને ઓળંગી બીજે જાય છે.

**''ઘટ પટ આદિ જાણ તું, તેથી તેને માન;**
**જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન?''**

ઘડો જોયો પણ આત્મામાં પ્રતિબિંબ પડ્યું ત્યાર પછી દેખાયો. આત્માને ભૂલીને પરવસ્તુમાં જાય છે ત્યાં રાગદ્વેષ કરી બંધ કરે છે. માટે આત્મા જોવાનો છે. આત્માનો અનુભવ વચનમાં આવે એવો નથી. અનુભવમાં આવે એવી વસ્તુ છે. આત્મા એમ નામ પાડ્યું પણ કોઈ સમજે નહીં ત્યારે ભેદ પાડ્યા કે જાણવાવાળો, દેખવાવાળો તે અશુદ્ધનય છે. કેમકે આત્મા તો અખંડ છે. શુદ્ધનય છે તે નિશ્ચયનય છે. સમ્યક્જ્ઞાનદર્શનચારિત્ર એ ભેદ કહ્યા તે અશુદ્ધનયથી ભેદ કહ્યા છે.

**''તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ''** (૭૧૫)

એવા ભેદ આત્મામાં નથી. આત્મા અખંડ દ્રવ્ય છે, પણ સમજવા માટે ભેદ પાડ્યા છે. શબ્દો ત્યાં પહોંચતા નથી. એ તો જાણવા માટે નિશાની છે. આત્મા એમ બે અક્ષર છે તે આત્મા નથી પણ વચનને આધારે જ્યાં જવાનું છે ત્યાં એનો લક્ષ થાય, આત્મા ભણી. શુદ્ધનય છે તે આત્માના શુદ્ધ ગુણોને કહે છે. સમ્યક્દર્શન પ્રાપ્ત થવાથી જે પ્રાપ્ત થાય છે, તે શુદ્ધ સ્વરૂપ છે. ચોથે ગુણસ્થાનકે સમ્યક્દર્શન થયે, તે સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપ હોતું નથી. સંપૂર્ણ શુદ્ધ તો કેવળજ્ઞાન થયે થાય છે. આત્માના ગુણોને આત્માના કહે તે નિશ્ચયનય છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય, એને જીવ કહે તે વ્યવહારનય છે. પૃથ્વી એ તો કાયા છે તેને જીવ કહે તે વ્યવહારનય છે. જે અપેક્ષાએ કહ્યું તે અપેક્ષાએ સમજવું. આત્માનું અભેદ સ્વરૂપ પણ છે અને વચનને લઈને ભેદ સ્વરૂપ પણ છે. ભેદ અને અભેદ બેય રૂપે જાણે, ''તે મારગ જિનનો પામિયો રે'' કહેવાય.

**''તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ મૂ૦**
**તેહ મારગ જિનનો પામિયો રે, કિંવા પામ્યો તે નિજસ્વરૂપ મૂ૦''** (૭૧૫)

જે પોતાનું ખરું સ્વરૂપ છે તેને જાણ્યું તો બધું જાણ્યું.

''एगं जाणई से सव्वं जाणई । जे सव्वं जाणई से एगं जाणई ।।'' (આચારાંગ)

એક આત્માને જાણ્યો તો બધું જાણ્યું. ચૈતન્યપણું જાણવું હોય તેને બધું જાણવું પડે. જડ અને ચેતન જાણવાં જોઈએ. પોતાનું ખરું સ્વરૂપ છે તેમાં જ સુખ છે. ''સુખ અંતરમાં છે; તે બહાર શોધવાથી નહીં મળે.'' (૧૦૮) બીજે ન મળે. જ્યાં સુખ નથી, ત્યાં શોધે તો ન મળે. આત્મા જણાય, ત્યારે જણાય કે આત્માનું સુખ આત્મામાં છે.

એક ડોશી હતી. તે રોજ ભરત ભરવાનું કામ કરતી હતી. એક દિવસે સાંજે, દહાડો આથમવા આવ્યો હતો તે વખતે, ભરત ભરવાનું અધૂરું રહી ગયું હતું, તેથી તે ભરત ભરવા બેઠી. એટલામાં તેના હાથમાંથી સોય નીચે પડી ગઈ. ઘરમાં અંધારું હતું. તેથી ડોશી બહાર જઈને જ્યાં અજવાળું

હતું ત્યાં સોય શોધવા લાગી. લોકોએ પૂછ્યું કે શું શોધો છો? ડોશીમાએ કહ્યું કે સોય ખોવાઈ ગઈ છે, તે શોધું છું. બધાએ પૂછ્યુંઃ ક્યાં ખોવાઈ ગઈ હતી? ડોશીમાએ કહ્યુંઃ ઘરમાં. ત્યારે તેઓએ કહ્યુંઃ તો બહાર ક્યાંથી મળે? ન મળે.

માટે આત્મજ્ઞાન કરવાનું કહ્યું છે. આત્મજ્ઞાન વિના કોઈ મોક્ષે ગયા નથી. બીજું પડી મૂકી આત્માને જાણ. દેહદૃષ્ટિ છે ત્યાં સુધી રાગદ્વેષ થાય. અંતરદૃષ્ટિ થાય તો પ્રમોદ થાય. બાહ્યદૃષ્ટિ કરે તો રાગદ્વેષ થાય. આત્મા અંદર નથી, બહાર નથી, જ્યાં છે ત્યાં છે; જ્ઞાનમાં છે. જે જાણનારો છે, જ્ઞાનવાળો છે, તે આત્મા છે. આત્મા આત્મામાં છે. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ ચારે દિશામાં નથી. એના લક્ષણથી ઓળખાય છે. પોતાને અને પરને જાણે, તે વસ્તુ હું છું. તે દેહની બહાર કે અંદર નથી. પણ જ્યાં જ્ઞાન છે ત્યાં આત્મા છે. જેવડું જ્ઞાન છે તેવડો આત્મા છે; પણ સ્ત્રી, પુરુષ, નપુંસક દેહ તે આત્મા નથી. આત્મા સ્ત્રી નથી, પુરુષ નથી, નપુંસક નથી, ભારે નથી, હલકો નથી. સંખ્યાથી રહિત છે. આત્માનો રંગ નથી. જ્ઞાનદર્શનની મૂર્તિ તે આત્મા છે. દેખાય છે દેહ, તે હું નથી. જોવા જેવો તો આત્મા છે. બીજું જોવા જેવું નથી.

૪૪ શ્રીમદ્ રા.આ.અગાસ, વૈશાખ વદ ૭, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—રાગથી કર્મ બંધાય અને વૈરાગ્યથી કર્મ છૂટે છે. જ્યારે સમજણ આવે ત્યારે થાય કે ‘‘અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય’’ નહીં તો બધા કરતાં હું સમજું છું, એમ જ રહે. આખું જગત એવું જ છે, દોષ દેખનારું છે. કોઈ સંતપુરુષો પોતાના દોષ દેખે છે. પરમાત્મામાં ચિત્તને રોકવું તે મહાન ધ્યાન છે. જે ધ્યાન છૂટે નહીં તે ઉત્તમ મહાન ધ્યાન છે. એ શુક્લધ્યાન કહેવાય છે એટલે મોક્ષ આપે એવું ધ્યાન. જ્યાં એકાગ્રતા હોય ત્યાં ધ્યાન છે. કેવળી ભગવાનની વૃત્તિ અખંડપણે આત્મામાં રહે છે. ઉપદેશ આપે તો પણ વૃત્તિ આત્મામાં જ રહે છે.

**‘‘કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;**
**કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ.’’**

મોક્ષનાં કારણો યાદ આવે તો મોક્ષ થાય છે. મોહનાં કારણો યાદ આવે તો મોહ થાય છે. મોટામાં મોટો લાભ મોક્ષ થાય એ છે. પૂજવા યોગ્ય વસ્તુ ‘સહજાત્મસ્વરૂપ’ છે. પાંચે પરમગુરુ સહજાત્મસ્વરૂપ છે. અરિહંત સહજાત્મસ્વરૂપ છે, સિદ્ધ પણ સહજાત્મસ્વરૂપ છે, આચાર્ય પણ સહજાત્મસ્વરૂપ છે, ઉપાધ્યાય પણ સહજાત્મસ્વરૂપ છે અને સાધુ સર્વે સહજાત્મસ્વરૂપ છે. બધાનું સ્વરૂપ સહજાત્મસ્વરૂપ છે. હવે તો આત્માનું કલ્યાણ કરવા માટે આ દેહ ગાળવાનો છે. હવે મોહમાં રહેવું નથી. ભક્તિ કર્યા વગર એક્કે દહાડો જાય નહીં, તે અવશ્યભક્તિ છે.

૪૫ શ્રીમદ્ રા.આ.અગાસ, વૈશાખ વદ ૮, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ એ જ પરમાર્થ છે.

મુમુક્ષુ—પરમાર્થ એટલે શું?

પૂજ્યશ્રી—આત્મા.

જે વ્યવહાર પરમાર્થને પ્રેરે તે સાચો વ્યવહાર છે. "પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત."

સાચું સુખ શું છે? એનું ભાન નથી. સત્પુરુષના યોગે જ પ્રગટે છે. મોક્ષ જોઈએ છે, મોક્ષ જોઈએ છે એમ કહે, પણ મોક્ષ શું? તેની ખબર નથી. સત્પુરુષના યોગે જ ખબર પડે. મુખ્ય ભાવના તો સત્પુરુષના યોગની રાખવી. એ ન હોય તો ભાવના એની રાખીને સત્શાસ્ત્રનો પરિચય રાખવો.

*

(બપોરના)

પૂજ્યશ્રી–મનુષ્યભવ દુર્લભ છે. આજીવિકા જેટલું સાધન જેને હોય તેણે પરભવ માટે કરવાનું છે. પૈસા આદિ તો એક પાઈ પણ સાથે ન આવે. સત્સંગમાં ઘણો લાભ થાય છે, પણ એ ન હોય તો સત્શાસ્ત્રનું વાંચન કરવું. ક્યારે મરણ આવશે? ખબર નથી. માટે આત્માનું હિત થાય તેવું કરવાનું છે. બીજા ભવમાં કંઈ થાય? સાચા પુરુષનું શરણ રાખવું. કામનું છે તે કરવાનું છે.

*

(સાંજના)

પૂજ્યશ્રી–પૂર્વે જે જે ભાવ કર્યા છે, કર્મ બાંધ્યાં છે, તે ફૂટ્યાં છે, તે ફળરૂપે દેખાય છે. આત્માનું હિત કરવું છે, એ લક્ષ હોય તો પછી લોકો ભલે ગમે તેમ બોલે. 'લોક મૂકે પોક' એ દૃષ્ટિ રાખવી. "જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યું, તેથી રૂડું થયું નથી." (૩૭) તેનો હર્ષ-શોક ન કરવો. ચેતવા જેવું છે. સંસારી જીવો ખાડામાં પડ્યા છે, તેમાંથી નીકળવાનું છે. હું ક્યારે મોક્ષે જાઉં? એ ભાવના કરવાની છે.

પાંડવો હતા તે મુનિ થયા. આકરા ઉપસર્ગ આવ્યા. ત્રણ ભાઈઓએ પરમાત્મામાં વૃત્તિ રાખી તો પરમાત્મા થયા અને બે તે વિચારમાં પડ્યા કે ધર્મરાજા કોમળ છે, તેમને શું થતું હશે? પારકું કરવા જાય તો પોતાનું પડ્યું રહે. ત્રણ ભાઈ સમભાવ રાખીને મોક્ષે ગયા અને બે દેવલોકે ગયા.

*

પૂજ્યશ્રી–શ્રીમદ્‌નાં વચનો અલૌકિક છે. સમજાય તો અનંત આગમ આવી ઊભા રહે. જેને આત્મજ્ઞાન ન હોય તેને દેહના દુઃખથી દુઃખ લાગે છે, પણ પ્રભુશ્રીજી આત્મજ્ઞાની હતા તેથી તેમને આત્મા પરમાનંદરૂપ છે એમ લાગતું. આત્માની સંભાળ નથી લીધી. દેહમાં ને દેહમાં રહ્યો છે. મરણ આવે તો કંઈ આત્મા મરવાનો છે? પોતાની બુદ્ધિ કામ આવે એવી નથી એટલે કોઈ જ્ઞાનીની આજ્ઞાએ વર્તે તો થાય. સત્સંગનો યોગ દુર્લભ છે. સત્સંગનું એક વચન ચોંટી ગયું તો કામ થઈ જાય. દેખાય તે જોવાનું નથી, નથી દેખાતો તે આત્મા જોવા જેવો છે, આ દૃષ્ટિ કરવાની છે. આત્માને સંબંધ છે તે સંયોગ છે. તે વિખરાઈ જશે. આત્મા ત્રણે કાળ રહે એવો છે. સંબંધ એ તો આવે અને જાય. જીવ જુએ છે, આસક્તિ પામે છે, મારું તારું કરે છે; એથી બંધન છે. જેમ છે તેમ જાણવું. બીજામાં ફસાઈ ન જવું. આ કાળમાં વિકથા બહુ વધી પડી છે. એમાંથી બચવું મુશ્કેલ થઈ પડ્યું છે. દુર્લભ વસ્તુ આત્મજ્ઞાન છે. કોઈક વખતે જ્ઞાનીનાં વચનોમાં ચિત્ત જાય તો બહુ લાભ છે. એને લાગે કે આ જ કર્ત્તવ્ય છે, તો પછી એને રસ આવે.

મનુષ્યભવની ક્ષણો છે તે અમૂલ્ય છે. કોઈક વખતે એને સમકિત થઈ જાય, કોઈ વખતે કેવળજ્ઞાન થઈ જાય, કોઈક વખતે મોક્ષ થઈ જાય આવી અમૂલ્ય મનુષ્યભવની પળો છે. પાસે છે પણ ઓળખતો નથી. માટે ઓળખાણ કરી લે, એવું કહે છે. અબુધ અને અશક્તને પણ એવો આશ્રય મળે તો તરી જાય. તરતાં ન આવડતું હોય તો પણ આશ્રયથી તરાય. સંસારી વાતોથી સંસાર વધે. સત્સંગમાં જે વાતો થાય છે તેમાં લક્ષ રાખવો કે જ્ઞાની શું કહે છે? બીજું બધું સત્સંગમાં ભૂલી જવું. આજનો દિવસ સારો ગાળવો. પછી કાલે જિવાશે તો કાલનો દહાડો સારો ગાળજો.

**''આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે''**

એક ક્ષણ પણ નકામી ન જાય, એ સાચવવાનું છે. પહેલાં ભાવના કરી તેથી આ મળ્યું છે. હવે છૂટવાની ભાવના કરે તો છુટાશે, છૂટે. ધર્મનો પાયો સમ્યગ્દર્શન છે. ભલે છૂટે નહીં, પણ મનમાં તો 'જેવું છે તેવું માનવું.' લાખો રૂપિયા દીધે ન મળે એવી શિખામણ છે. સમકિત પમાડે એવી છે. કેવી શિખામણ છે! હિતની વાતો છે. માબાપ જેમ છોકરાને કહે, તેમ કહે છે. સાચી વાત માનવાની છે.

સમભાવમાં રાગદ્વેષ હોય નહીં. જગત ભણી જુએ તો રાગદ્વેષ જ થાય. એને જોતાં આવડતું નથી. આત્મા જોયો નથી. સત્સંગમાં જગતને ભૂલી જવું છે અને એક સમભાવને આદર આપવાનો છે. સંસાર શું છે? મોહના વિકલ્પો છે. હવે અંતર્મુખ દૃષ્ટિ કરવી, એના ખપી થવું. આત્મામાં દૃષ્ટિ કરે તો આત્મા દેખાય.

''અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર.'' (૯૫૪) મારી અંતર્મુખ દૃષ્ટિ ક્યારે થશે? એવી ભાવના થાય તો કોઈક વખતે એવું થાય.

૪૬ શ્રીમદ્ રા.આ.અગાસ, વૈશાખ વદ ૯, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—સમ્યગ્દર્શન સહિત હોય તે સાચું જ્ઞાન છે, એ જ્ઞાનીની આજ્ઞાનું ફળ છે.

*

(બપોરના)

પૂજ્યશ્રી—મનુષ્યભવ મળ્યો છે, તેમાં અવસ્થાઓ પલટાય છે. મરતી વખતે કોઈ સાથે ન આવે, બધું પડ્યું રહે, એક ધર્મ સાથે આવે. કૂતરાં, બિલાડાં આપણા જેવા જીવો છે. તેઓએ સારાં કર્મ ન કર્યાં તેથી એવો ભવ અને આપણે સારાં કર્મો કર્યાં તેથી મનુષ્યભવ મળ્યો છે. પુણ્યના ઉદયે ધર્મ કરવાની ભાવના થાય છે. કંઈક સાંભળવાનું, વિચારવાનું, ધર્મ કરવાનું થાય, કંઈક ભક્તિ કરીએ અને થોડું વાંચવાનું રાખવું. એથી સંસ્કાર પડે.

૪૭ શ્રીમદ્ રા.આ.અગાસ, વૈશાખ વદ ૧૦, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—''ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન.'' બાહ્યથી ન થાય તો પણ અંતરથી થયા વિના જ્ઞાન થાય નહીં. કુટુંબમાં રહેવું પડે તે ભાલા જેવું લાગે, પુણ્ય વિષ્ટા જેવું લાગે.

સંસારના દુઃખથી કંટાળશે ત્યારે જ્ઞાનીનો માર્ગ મળશે. રસ્તો જુદો છે. ભાવના ઉપર બધાનો આધાર છે.

(બપોરના) ૪૮ શ્રીમદ્ રા.આ.અગાસ, વૈશાખ વદ ૧૧, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–દેહથી આત્મા ભિન્ન છે એમ સાંભળ્યું. તેનો વિચાર કરે કે આ દેહ આત્માથી ભિન્ન છે. પછી નિર્ણય થાય કે આ જ છે. એમ શ્રવણ, મનન અને નિદિધ્યાસન કહેવાય છે. ત્યાગવૈરાગ્ય એ ચિત્તની શુદ્ધિ છે. આત્મા મલિન હોય ત્યાં સુધી બોધ ટકતો નથી. મળ, વિક્ષેપ અને અજ્ઞાન એ ત્રણને લઈને જીવને મલિનતા થાય છે. એ ત્રણ દોષ મટે તો આત્મજ્ઞાન થાય. વાસનાથી જન્મમરણ થાય છે. એ મટી જાય તો ન થાય. શુદ્ધની વાસના થાય તો મોક્ષ થાય. સદ્ગુરુના શરણ સિવાય જગતની નિવૃત્તિ થતી નથી.

મુમુક્ષુ–પ્રભુ, મને નિરંતર વિકલ્પ આવ્યા કરે છે. જ્યારે જોઈએ ત્યારે દેવલોક કેવો હશે? ચાર ગતિ કેવી હશે? એમ થઈ આવે છે. આટલું આટલું સાંભળીએ છીએ, છતાં કાંઈ ભાવમાં ફેરફાર થતો નથી, તો પછી આ અભવિનાં લક્ષણો તો નથી? એમ વિચાર આવે છે.

પૂજ્યશ્રી–'વિદ્યુત લક્ષ્મી' આદિ બાર ભાવનાઓ આવડે છે?

(પછી તે મુમુક્ષુભાઈ બાર ભાવના બોલ્યા અને પૂજ્યશ્રીએ વ. પત્રાંક ૫૩૪નું વાંચન, વિવેચન કર્યું).

*

('લઘુયોગવાસિષ્ઠસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–બધો સંસાર દુઃખથી ભરેલો છે. દેવ, મનુષ્ય, નરક કે તિર્યંચ કોઈમાં સુખ નથી. એ ચાર ગતિમાં જીવ ભટક ભટક કરે છે, પણ સુખ ક્યાંય નથી. સંસારમાં ક્યાંય સુખ નથી. સંસારમાં ગમે તેટલી માથાકૂટ કરે તો પણ સુખ મળે એમ નથી. સુખ છે જ નહીં. સંસારમાં કોઈ સુખી નથી. બધાને માથે મરણ છે. કોઈ સાથે આવે નહીં. સગાં, મિત્ર, મા, બાપ કોઈ સાથે આવે નહીં. સંસારમાં સુખ શું છે? દુઃખ જ છે. સાથે કશું આવવાનું નથી. જે જન્મ્યા છે તે બધા મરવાના છે. સંસારમાં જ્યાં જુએ ત્યાં પગલે પગલે દુઃખ, દુઃખ અને દુઃખ જ છે.

**"ઘટ, પટ આદિ જાણ તું, તેથી તેને માન;**
**જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન."** (૧૮)

આત્માને જાણતો નથી તો આત્માનું સુખ ક્યાંથી લાગે? એકલું મરવું જ હોય તોય કંઈ નહીં, પણ ફરી જન્મવું ફરી મરવું એમ જન્મ-મરણ, જન્મ-મરણ થયા કરે છે. લક્ષ ચોરાશીમાં ભટકતાં ભટકતાં કોઈક વાર મનુષ્યભવ મળે તેમાં પણ દુઃખ છે. અવસર્પિણીકાળના આ જીવોનું થોડું આયુષ્ય છે. તેમાં બાલ્ય અવસ્થામાં તો કશું સમજે પણ નહીં. પછી ભણે, પછી પરણે, દ્રવ્ય ઉપાર્જન કરે. એમ કરતાં કરતાં વૃદ્ધાવસ્થા આવી જાય છે. છેવટે મરણ આવે છે. બે દિવસ ધર્મમાં વખત ગાળે તો સારો જન્મ મળે. સત્સંગ પ્રાપ્ત થયો છે, તેને મોક્ષ થાય એવું છે. આ મનુષ્યદેહ નકામો જવા દેવા જેવો નથી. મરણ એવું કરવું કે પાછું જન્મવું જ ન પડે. એક વાર

સમાધિમરણ થાય તો ભવોભવ સમાધિમરણ થાય. મરીને ફરી જન્મવું પડે, તેનું મરવું પણ નકામું છે, જીવે તેમાં પણ સાર નથી. એને જે ભોગ પ્રાપ્ત થયા છે તે દુઃખરૂપ છે. કોઈમાં સુખ નથી. જગતમાં પગલે પગલે દુઃખ છે અને પાપ કરે છે, પોતાનો શત્રુ થઈને વર્તે છે. જગતમાં ક્યારે પણ એકધારું સુખ કે દુઃખ રહેતું નથી. જ્ઞાનીપુરુષો તો આખા જગતને દુઃખરૂપ જ દેખે છે. જીવે મારું મારું માન્યું છે, તેથી દુઃખ થાય છે અને પાછું તેને સુખ માને છે.

જગત બધું ઇન્દ્રજાળ જેવું છે. ઇન્દ્રજાળીયો જ્યારે ખેલ કરે ત્યારે રૂપિયા બતાવે. ખેલ પૂરો થઈ રહ્યા પછી ટુવાલ લઈને લોકો પાસે પૈસા માગે છે, એટલે સાચું નથી. જગતના જીવો હૈયા ફૂટેલા છે. હું શું કરવા જન્મ્યો છું? શું કરવાનું છે? અને શું કરી રહ્યો છું? તેનું ભાન નથી. મારું ઘર છે એમ માન્યું. તેથી તેમાં કામ કરે છે અને સુખ માને છે. કંટાળતો નથી. ગુલામ જેવી અવસ્થા થઈ ગઈ છે છતાં ત્રાસ લાગતો નથી. હરણ તૃષાતુર થઈને જેમ ગંધાતા પાણીમાં જાય છે, ત્યાં કાદવમાં પગ ખસી જવાથી પડી જાય છે, તેનો પગ ભાંગી જાય છે. તેમ આ જીવ મોહને વશ થઈને સંસારરૂપી ગંધાતા ખાડામાં સુખરૂપી તૃષા છિપાવવા જાય છે અને ત્યાં જ સુખ માની બેઠો રહે છે. આ બહુ દુર્લભ મનુષ્યભવ મળ્યો છે તેમાં કીડી-મંકોડીના ભવની કમાણી કરે છે. માથે મરણ છે અને હું શું કરી રહ્યો છું? એવું એને ભાસતું નથી. જેની પાછળ દુઃખ આવવાનું હોય તે સુખ શાનું? ''પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં.''

સંસાર બધો નાશવંત છે, અસાર છે. જેમ જેમ જીવ ભોગ ભોગવે છે તેમ તેમ શરીર ક્ષીણ અને જર્જરિત થતું જાય છે. મોઢેથી બોલે કે મનુષ્યભવ દુર્લભ છે, સારો છે, પણ કંઈ કરે નહીં. એવા જગતના જીવો છે. પુરુષાર્થ કરે તો થાય. શું કરવા હું જન્મ્યો છું? શું કરું છું? શાથી આત્મકલ્યાણ થાય? એમ રામ વિચાર કરતા હતા. મનુષ્યભવમાં પણ માથે મરણ છે. માટે વિચાર કરીને પગલું મૂકવાનું છે. ધન-વૈભવ, પૈસા-ટકા એ બધા આત્માને લૂંટી લેનારા છે. દેહમાં જીવ પડ્યો છે. એનો ગુલામ થઈને વર્તે છે. મારું મારું કરી રહ્યો છે. પંચેન્દ્રિયના વિષયો અત્યારે સારા લાગે છે પણ પરિણામે ઝેર જેવા છે, કિંપાક ફળની સમાન છે. આત્માને લૂંટનારા ચોરો છે. ઉપર ઉપરથી સારા લાગે પણ મનુષ્યભવને લૂંટી લેનાર ચોર જેવા છે. પંચેન્દ્રિયના વિષયોમાં પડ્યો હોય તેને મારું હિત શામાં છે, તેનો વિચાર આવે નહીં. જ્ઞાન વગર કોઈ પંચેન્દ્રિયને વશ કરી શકતું નથી.

લક્ષ્મીને અડ્યો તો દુઃખ થાય એવું છે. લક્ષ્મી હંમેશાં રહેતી નથી. થોડો કાળ રહીને જતી રહે છે, ચંચળ છે. ''વિદ્યુત લક્ષ્મી'' એમ કહ્યું છે. લક્ષ્મી કંઈ સાથે આવવાની નથી. જે મૂર્ખ હોય તે પૈસામાં સુખ માને છે. જેને પ્રાપ્ત કરતાં દુઃખ, ભોગવતાં દુઃખ અને નાશ થતાં પણ દુઃખ, એવી લક્ષ્મીમાં જે મૂર્ખ હોય તે જ સુખ માને છે. લક્ષ્મી છે તે મનુષ્યના સર્વ ગુણોને ઢાંકી દેનારી છે. ઉદાર હોય, શૂરવીર હોય, કૃતજ્ઞી હોય, તે ગુણો પણ લક્ષ્મી પ્રાપ્ત થતાં નાશ પામવા લાગે છે. લક્ષ્મી કલંક લગાડનારી છે. પૈસાદારની કોઈ નિંદા ન કરે, એવો કોઈક જ હશે. પોતાની બડાઈ ન કરે એવા શૂરવીર તો કોઈક જ હશે. સમર્થ હોવા છતાં સમતા રાખનાર કોઈક જ હશે. લક્ષ્મીમાં કંઈ પણ ગુણ

નથી. જેનાથી સત્પુરુષાર્થ થઈ શકે, જીવતાં પણ મોક્ષ જેવું સુખ મળે, જીવતાં પણ મુક્ત હોય, તેનું જીવવું ધન્ય કહેવાય છે. બધા જીવો જીવે છે, પણ ખરું જીવવું તો તત્ત્વજ્ઞાનીનું છે. મનુષ્ય થઈને ફરી જન્મે, ફરી મરે તે મનુષ્ય નથી, ગધેડો છે. ફરીથી જન્મે નહીં, તેનું મનુષ્યપણું સફળ છે. જ્યાં સુધી વિવેક ન હોય ત્યાં સુધી શાસ્ત્રો શીખે તોપણ ભારરૂપ જ છે. જેના મનમાં અશાંતિ છે તેને મન પણ ભારરૂપ છે અને જેને દેહદૃષ્ટિ છે, તેને શરીર પણ ભારરૂપ છે.

(લઘુયોગવાસિષ્ઠસારના વાંચન પ્રસંગે) ૪૯ શ્રીમદ્ રા.આ.અગાસ, વૈશાખ વદ ૧૨, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—આત્માને લઈને બધું જ્ઞાન થાય છે.

**''આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ''**

એક આત્મા જ સત્ય છે. બીજું બધું મિથ્યા છે. આત્માને આધારે બધું જ્ઞાન થાય છે. આત્મા ન હોય તો કોણ જાણે? કોઈ ન જાણી શકે. આત્માના અજ્ઞાનને લઈને જગત સાચું લાગે છે. પણ બધું મિથ્યા છે. જીવ સત્-અસત્ વસ્તુઓની કલ્પના કરે તે મિથ્યા છે. જ્યારે આત્માનું જ્ઞાન થાય ત્યારે બધું અજ્ઞાન ટળી જાય છે.

*

(બપોરના, 'લઘુયોગવાસિષ્ઠસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—આ જન્મ શા અર્થે મળ્યો છે? તેની જીવને ખબર નથી. મોહમાં વધી રહ્યો છે. અહંકાર થયા કરે છે એ શત્રુ છે. અનેક પ્રકારનાં ભય જીવને લાગે છે તે મિથ્યાત્વ છે. એને લઈને આખો સંસાર છે. સંસારમાં વિપદાઓ ઘણી છે. અહંકાર ઘણો છે. મેં કર્યું, હું કરું છું, એવા પ્રકારનો જે અહંકાર છે તે મોટામાં મોટો રોગ છે. એ અહંભાવથી રહિત થવાનું છે.

**''અહંભાવથી રહિત નહિ''**

અહંકાર ન થાય એટલા માટે સાવધાનીપૂર્વક વર્તવાનું છે. ચંદ્રને જેમ રાહુ ઢાંકી દે છે, તેમ આત્માની શાંતિને અહંકાર ઢાંકી દે છે. અહંકાર એ આત્મગુણરૂપી કમળને બાળી નાંખવામાં હિમ જેવો છે, આત્માના ગુણોને બાળી નાંખનાર છે. અહંકાર હોય ત્યાં સુધી સમભાવ આવે નહીં. માટે અહંકાર છોડવાનો છે. મને આત્માની શાંતિ મળો, આટલું જ ઇચ્છવાનું છે. બીજું કશું ઇચ્છવું નહીં. અહંકાર એ મોટો દોષ છે, અહંકાર એ જ મોટો શત્રુ છે, માટે અહંકારરહિત થવાનો પુરુષાર્થ કરવો. વીતરાગ ભગવાનમાં અહંકાર નથી. તેથી વીતરાગ થવાની ઇચ્છા વૈરાગ્ય સહિત રાખવી. અહંકાર જ્યાં થાય છે ત્યાં દુઃખ છે અને અહંકાર કાઢી નાંખે તો સત્ય સુખ પ્રાપ્ત થાય. અહંકારથી આપદા, પીડા, ફિકર બધું એથી જ થાય છે. ચિત્ત જે અહંકારવાળું છે, તે સંસારસાગર તરવામાં આત્માને રોકી રાખે છે. હું આત્મા છું, દેહ નથી એમ ઘણા વખત સુધી અભ્યાસ કર્યો હોય; પણ મન જો વિષયમાં ગયું તો બધો અભ્યાસ ભૂલી જાય. ભૂલ ટાળવી દુર્લભ છે. અનાદિકાળની ભૂલ છે. અનાદિકાળથી અભ્યાસ થઈ ગયો છે; તેથી હું સુખી છું, દુઃખી છું એમ કર્યા કરે છે. મન વશ થઈ જાય તો બધા ગુણો પ્રગટે, માટે મન વશ કરવાનું છે.

તૃષ્ણા એ જ જીવને આંધળો કરે છે. ધૈર્યવાન માણસ પણ તૃષ્ણામાં ડરી જાય છે. આનંદી હોય, એને જો તૃષ્ણા પેઠી તો ઉદાસ થઈ જાય. તૃષ્ણા આવે ત્યારે ધીરપુરુષો ડરી જાય છે. બુદ્ધિમાન પુરુષો છે તેઓ તૃષ્ણાને છેદી નાંખે છે. વિવેકની જરૂર છે. સમજુ માણસો તૃષ્ણાની ગાંઠને છેદી નાંખે છે, એમ વેદમાં કહ્યું છે. ગમે તેટલો શૂરવીર હોય પણ જો તૃષ્ણા આવી તો તૃણ જેવો નિર્બળ થઈ જાય. દેહાધ્યાસ છે ત્યાં સુધી 'દેહ તે જ હું' એમ થયા કરે છે. દેહ જ આગળ પડે છે. આ મનુષ્યદેહ છે તે મોક્ષના કામમાં વાપરે તો ઉત્તમ ગતિ એટલે મોક્ષ પામે, સંસારના કામમાં વાપરે તો અધોગતિમાં લઈ જાય. જ્યાં 'દેહ તે હું' એમ છે ત્યાં અહંકાર છે. અહંકારરૂપી ઘર છે તેને સંભાળનારી તૃષ્ણારૂપી સ્ત્રી છે. એ રાગરંગથી દેહને શોભાવે છે. ચિત્ત છે તે સેવક છે. એ દેહરૂપી ઘરની સંભાળ રાખે છે. એ ઘરમાં જે દુઃખ આવે છે તે બાળકો છે.

લક્ષ્મી મળી તોય શું? તેથી શું આત્માનું કલ્યાણ થવાનું છે? ન જ થાય. કાયા છે તે નાશવંત છે, થોડા વખતમાં નાશ પામી જશે, રક્ત-માંસનું પૂતળું છે. કાયા એ અગ્નિ છે તેમાં પતંગ બનીને પડીશ નહીં, એમ રામ પોતાને સંબોધતા હતા. દેહમાં બુદ્ધિ કરીશ નહીં, આ મનુષ્યદેહમાં ભૂલ કરીશ નહીં, એમ રામ વારંવાર પોતાને સંબોધતા હતા. આ શરીર છે તેને ગમે તેટલું પાળે પણ સાથે આવવાનું નથી. અહીં જ પડ્યું રહેવાનું છે, સાથે ન આવે. દેહનો વિશ્વાસ રાખવા જેવો નથી. આ શરીર ક્યારે છૂટશે તેની ખબર નથી. હાથીના કાન જેવું ચંચળ છે. તરણાને છેડે પાણીનું ટીપું હોય તેને પડતાં વાર લાગતી નથી, તેમ આ શરીર પડતાં વાર લાગતી નથી, માટે એમાં આસક્તિ ન કરવી. દેહ છોડતાં પહેલાં દેહાધ્યાસ છોડી દેવો. મારો દેહ, મારો દેહ એમ ન કરવું. વારંવાર ભોગવે છે પણ થાકતો નથી. સુખ-દુઃખ મારે ગણવું જ નથી એમ એને થતું નથી. સંસારરૂપી સમુદ્રમાં આ મનુષ્યદેહ છે તે લાકડા જેવો છે. મોહરૂપી મદિરા પીને જગતના જીવો ગાંડા થઈ ગયા છે. આત્માનો વિશ્વાસ છોડી જગતનો અને દેહનો વિશ્વાસ કરે છે. દેહ મારો નથી અને હું તેનો નથી, એમ જેને થયું છે તે વિવેકી છે, ઉત્તમ છે. 'શરીર તે હું' એમ થયું, તો માર પડે એવું છે. 'શરીર હું છું' એમ થવાથી જીવ અંતરમાં દુઃખી થાય છે. કોઈ ગાળો ભાંડે, અપમાન કરે તો જીવ દુઃખી થાય છે. બધા દુઃખનું મૂળ કારણ, 'દેહ તે હું' એમ થઈ ગયું છે, તે છે. જે જે દેખાય છે તે બધું નાશવંત છે. આખું જગત નાશ ભણી જ ચાલે છે. એક મોટા સ્વપ્ના જેવું આ જગત છે. દેહમાં વિશ્વાસ રાખી જીવ ઠગાઈ રહ્યો છે. આ દેહમાં વૃત્તિ રાખવા જેવું નથી. આ શરીર છે તે ક્ષણિક વસ્તુઓમાં શિરોમણી જેવું છે. દેહનું થવું હોય તેમ થાઓ પણ હવે તો આત્માનું જ કરવાનું છે. વિવેક નથી. વિવેક અસ્ત પામી ગયો છે. ચિત્ત એ બહુ ચંચળ વસ્તુ છે. બાલ્યાવસ્થા છે તે અણસમજણનો કાળ (સમય) છે. ત્યાં બહુ દુઃખ છે.

*

(સાંજના– પૂજ્યશ્રી એક ભાઈને ઘેર તેમનાં બા માંદાં હતા, ત્યાં ગયા હતા. ત્યાં થયેલો બોધ)

પૂજ્યશ્રી–સ્મરણ કરવું. ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ,'' ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' એમ બોલ્યા કરવું. પહેલાં જે કામ નથી થયું તે કરવાનો વખત આવ્યો છે. પ્રભુશ્રીજીએ છેલ્લું એ જ કહ્યું

છે કે જ્યાં સુધી ભાન હોય ત્યાં સુધી ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' મંત્રનું સ્મરણ કરવું. ઘણા ભવોમાં સમાધિમરણ થયું નથી, તે આ ભવમાં થાય એવું છે. પ્રભુશ્રીજીએ કહ્યું હતું, આ આશ્રમમાં જેનો દેહ છૂટશે તેનું સમાધિમરણ થાય એવું છે. બધાને જ્યારે ત્યારે દેહ તો છોડવાનો જ છે. આપણે ચિત્રપટનાં દર્શન કરી વીશ દોહરા, યમનિયમ, ક્ષમાપના વારંવાર બોલવાં અને ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ''નું વારંવાર સ્મરણ કરવું. જગતને તો ઘણું જોયું છે. હવે આ જગત ભણી ન જોવું. ભાવના પ્રમાણે બધું થાય છે. આટલો ભવ સંભાળીને સ્મરણમાં ગાળવો. ''સહજાત્મસ્વરૂપ'' એ જ સદ્ગુરુનું ખરું સ્વરૂપ છે, એ જ ઇચ્છવું. બીજું કશું ઇચ્છવું નહીં. મનુષ્યભવમાં ઘણું કામ થાય એવું છે. મોતની ઇચ્છા ન કરવી અને જીવવાની ઇચ્છા પણ ન કરવી. જે થવાનું હોય તે થાઓ, આપણે તો સ્મરણ કર્યા કરવું. બીજા ભવમાં એ ન થાય. આ તો મનુષ્યદેહ છે, આમાં બધું થાય. મરવું તો બધાને છે જ, પણ જીવીશું ત્યાં સુધી ભક્તિ કરીશું એમ રાખવું. જે થવાનું હોય તે થાઓ. આપણે તો જે વેદના આવે, દુઃખ આવે તે બધું ખમી ખૂંદવાનું છે, સહન કરવાનું છે.

કોઈનો ભાવ આશ્રમ પ્રત્યે થાય એમ કરીએ તો આપણને પણ લાભ થાય. કૃપાળુદેવ ઉપર જેને શ્રદ્ધા હોય તેની સેવા આપણને મળે તો ઘણો લાભ થાય, આપણું પણ સમાધિમરણ થાય, એવું થાય. જેટલું થાય તેટલું ભક્તિ, સ્મરણ કરવું. પ્રભુશ્રીજીને યાદ કરવા. જ્યાં આપણને મંત્ર મળ્યો હોય, પ્રભુશ્રીજીને જ્યાં દીઠા હોય તે બધું સૂતાં સૂતાં યાદ કરીએ. મનુષ્યભવની એક એક ક્ષણ બહુ દુર્લભ છે. કોઈક ક્ષણમાં સમકિત થઈ જાય, કોઈ સમયે કેવળજ્ઞાન થઈ જાય. આવી આવી મનુષ્યભવની અમૂલ્ય ક્ષણો છે. આપણે તો સ્મરણમાં ચિત્ત રાખવું. દુઃખથી ગભરાવું નહીં. જે થવાનું હશે તે થશે, હું તો કૃપાળુદેવને શરણે છું, એમ રાખવું. પહેલાં જે ભક્તિ કરી હતી, ભાવના કરી હતી, તેથી આ વખતે આશ્રમમાં અવાયું, ભક્તિનું ફળ મળ્યું છે. આખરે આ જ કામનું છે. જેટલું ધર્મમાં ચિત્ત રહેશે તેટલો લાભ થશે. દર્શન કરવાની ભાવના કરવી. ભાવનાથી જ ફળ છે. જે આપણને મંત્ર મળ્યો છે, પ્રભુશ્રીજીએ આજ્ઞા કરી છે એમાં અહીં સૂતાં સૂતાં પણ વૃત્તિ રહે તો એ સત્સંગ જ છે, આત્માને હિતકારી છે. મંત્રમાં વૃત્તિ રહે તો હિતકારી થાય. આત્મામાં શાંતિ રાખવી. આપણું ધાર્યું થાય કે ન થાય, તેમાં શાંતિ રાખવી. મનમાં કૃપાળુદેવનું શરણું હોય તો કલ્યાણ થાય. સારા ભાવ કર્યા હોય તો સારા સંયોગ મળી આવે. મનમાં આપણે ભાવના કરવી. જેટલી ભાવના થાય છે, તે બધું કૃપાળુદેવ જાણે છે. ભાવ પ્રમાણે ફળ થાય છે. ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ,'' ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ,'' ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' (એમ ત્રણ વાર બોલી ઊઠી ગયા હતા).

૫૦ શ્રીમદ્ રા.આ.અગાસ, વૈશાખ વદ ૧૪, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–જુદા જુદા મુમુક્ષુઓ હોય, તેઓએ જે વાંચ્યુ હોય તે આવીને બીજા મુમુક્ષુઓને કહે તો તે એને મદદરૂપ થાય છે. સત્સંગથી પોતાના દોષ દેખાય, દોષો ટળે, સ્વચ્છંદ ટળે, બધા દોષ સત્સંગમાં ટળે.

''સત્પુરુષના એકેક વાક્યમાં એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે.'' (૧૬) વિચાર કરે તો

સમજાય. વિચાર કરે તો સત્સંગથી શાંતિ થાય છે, તેનો અનુભવ થાય. માયાવી હોય તે સત્સંગમાં આવે વિશ્રામ લેવા, પણ કોઈ વચન સાંભળવામાં આવે તો રંગ લાગી જાય અને નહીં લાગે તો બીજી વખત આવે પણ નહીં. સાંભળ સાંભળ કર, પડ્યો રહે સત્સંગમાં; કોઈ દિવસે થશે, એમ પ્રભુશ્રીજી કહેતા. સત્સંગમાં માયાવી હોતા નથી. અને આવે તો ત્યાં સ્વાર્થ સધાય નહીં. તેથી રહે પણ નહીં. ટકી શકે નહીં.

*

(રાતના)

મુમુક્ષુ—મરણનો વિચાર આવે છે, પણ વધારે વાર ટકતો નથી. એટલે પ્રવાહરૂપે રહેતો નથી. તે શાથી રહે?

પૂજ્યશ્રી—જે વસ્તુનો અભ્યાસ હોય તે યાદ રહે છે, યાદ આવે છે. કોઈ વસ્તુ દેખાય ત્યારે વિચાર કરવો કે આ નાશ પામવાની છે. લાકડું દેખાય ત્યારે વિચાર કરે કે ઝાડ હતું તે મરી લાકડું થયું છે. એમ દરેક વસ્તુનો વિચાર કરવો. અનિત્ય ભાવના વિચારે તો મરણ યાદ રહે. જગતની બધી વસ્તુ નાશવંત છે. એક આત્મા જ ત્રણે કાળ રહે એવો છે. બીજું બધું ફરતું છે. વૈરાગ્યની ખામી છે. અવિચાર અને મોહને લઈને એને સદ્‌વિચાર આવતા નથી. જગતની બધી વસ્તુઓ પલટાતી છે. ઘડો હોય તે ફૂટીને માટીમાં મળી જાય. માટી હોય તે કાદવરૂપ થઈ જાય. એમ બધી વસ્તુઓ નાશવંત છે અને પલટાતી છે.''ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે'' ક્ષણે ક્ષણે મરણ છે.

(બપોરના) ૫૧ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ સુદ ૧, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—મનમાં આકુળતા એ જ દુઃખ છે. નરકથી સ્વર્ગ સુધી ક્રમશઃ કષાય ઓછા, તેમ વધારે સુખી છે. દેવલોકમાં ઇચ્છા ઓછી છે તેથી સુખી છે અને નરકમાં વધારે છે તેથી દુઃખી છે. ઇચ્છા એ જ દુઃખ છે. સાંભળ્યું હોય તેનો વિચાર કરવો. મુનિને ઉપસર્ગ આવે છે, પણ તેઓને ઉપસર્ગ દૂર કરવાની ઇચ્છા નથી, તેથી સુખી છે. જીવ જેવા ભાવ કરે તેવું ફળ મળે છે. મોહનીય કર્મને લઈને દુઃખી થાય છે. મિથ્યાત્વને લઈને ઇચ્છા થાય છે. દેવલોકમાં જે ઇચ્છે તે મળે, પણ એ કરતાં મુનિને સુખી કહ્યા છે. ઇચ્છા છે ત્યાં સુધી દુઃખી છે. જ્યાં સુધી ઉપાધિ છે ત્યાં સુધી અનાથપણું છે. હાથી, ઘોડા બધું હોય પણ અનાથપણું છે. મિથ્યાત્વ હોય ત્યાં સુધી ઉપાધિ છે, અનાથતા છે. ''સર્વસંગપરિત્યાગ કરીને ચાલી નીકળ્યાથી પણ જીવ ઉપાધિરહિત થતો નથી.'' (૬૭૭)

ખરો પુરુષાર્થ આત્મા જાગે એવો કરવાનો છે. એ જ ખરો પુરુષાર્થ છે. બીજો પુરુષાર્થ તો જીવ કરે છે, પણ એ ખરો પુરુષાર્થ નથી. પુણ્ય બાંધે એટલું જ.

*

(સાંજના)

પૂજ્યશ્રી—જ્ઞાનીપુરુષ અને જ્ઞાનીપુરુષનો આશ્રિત બેય મોક્ષમાર્ગમાં છે. જ્યાં સત્ નથી ત્યાં કલ્પના છે.

**"પરમનિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય જિનેસર"** (આ. ૧૫)

આત્માને જાણવાનો છે તેને જાણતો નથી. એને મૂકી પુદ્ગલમાં જાય છે. આત્મા પાસે જ છે. આત્મા તો સન્મુખ છે પણ પોતે પૂઠ કરીને ઊભો છે તેથી દૂર લાગે છે. સત્ છે તે દૂર નથી. જીવને દૂર લાગે છે, પણ જ્ઞાની કહે છે કે નજીક જ છે. જીવ ખોજ કરતો નથી.

(સાંજના) ૫૨ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ સુદ ૩, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–પ્રાણ જતાં પણ પ્રતિજ્ઞાભંગ ન કરું, એવી ટેક રાખવી. પાપનાં કારણો છોડે તો સારો ભવ મળે, નહીં તો કાગડા-કૂતરાના ભવ મળે. તેમાં ભક્તિ આદિ કંઈ ન થાય. જેનાં ભાગ્ય હોય તેને સારી વસ્તુ સૂઝે. સરળ જીવ હોય, કુળધર્મનો આગ્રહ ન હોય, તેને સારી વસ્તુ ગમે છે. ધર્મમાં પણ 'મારો ધર્મ' એમ થઈ જાય છે, પણ જેથી કલ્યાણ થાય તે ધર્મ છે. પુણ્ય હોય તો સત્સંગમાં રહેવાય. ઘણું પુણ્ય ચઢે ત્યારે અહીં અવાય, રહેવાય. જેમ બીજા સાહિત્યને માટે વાતો કરીએ છીએ, એવું આ દેહમાં રહેલા આત્માને માટે કંઈક કરવાનું છે. જેને છૂટવાની ઇચ્છા જાગી છે તેણે પોતાનાં પરિણામ તપાસવાં. જગતમાં બધે દુઃખ છે. વૃત્તિઓ બહાર ભટકે છે. અહીં સુખ મળશે, ત્યાં સુખ મળશે, એમ શોધે છે. જ્યાં ત્યાં દહાડા પૂરા કરે છે. સાચા અવલંબનમાં મન સ્થિર થાય છે.

કૃપાળુદેવનાં વચનો આ કાળમાં તીર્થંકરનાં વચનો જેવાં છે. એક વચન વાંચે તો આનંદ આવે. "ક્ષણ ક્ષણ જતાં અનંત કાળ વ્યતીત થયો, છતાં સિદ્ધિ થઈ નહીં." (૨-૪) જીવ અનંતભવથી ભટક ભટક કરે છે તેનું શું કારણ?

**"સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;**
**સત્સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય?"**

જે ઘણું કરીને થાક્યા છે તેનાં આ વચનો છે. ઘણુંયે કર્યું તોય જન્મ-મરણ છૂટ્યાં નહીં. પોતાનો અનુભવ જ કૃપાળુદેવે કહ્યો છે. કરુણા આવવાથી કહ્યું છે. જીવનો સ્વભાવ એવો છે કે દેખવા માટે કલ્પના કરે છે. સાચી વસ્તુ કલ્પનામાં આવે એમ નથી. જ્ઞાનીએ જે જોયું છે તેને આધારે વિચાર કરવો. પહેલું કરવાનું, 'હું કંઈ જાણતો નથી, સાચું જ્ઞાનીએ જાણ્યું છે.' જ્ઞાનીએ યથાર્થ જાણ્યું છે, કલ્પના હશે ત્યાં સુધી સાચું બેસશે નહીં. આત્માની કલ્પના ન કરવી. જ્ઞાનીએ આત્મા જાણ્યો છે તેવો છે. મારે તે જાણવો છે, એમ રાખવું. મધ્યસ્થ રહેવું. જ્ઞાનીએ જાણ્યું છે તે યથાર્થ છે. જ્ઞાનીએ જાણ્યો છે. આત્મભાવના કઈ? તો કે જ્ઞાનીએ ભાવી તે. જ્ઞાનીના આશ્રયે ભાવના કરવાની છે. કલ્પનાથી જીવ છેતરાય છે. એટલા માટે જ પહેલું કૃપાળુદેવે એ જ કહ્યુંઃ

"બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા." (૭૬) મોક્ષે જવું હોય તેણે જ્ઞાનીને શોધી તેની આજ્ઞામાં વર્તવું. જ્ઞાની જાણે છે એમ રાખવું. સારા ખોટાની કલ્પના ન કરવી. મંત્ર મળ્યો છે તે કલ્પના ટાળવા માટે છે. મંત્રમાં મન ન રહે તો કલ્પના થાય, નહીં તો નહીં.

કંઈક વિચાર થાય એ માટે ઘણા વાંચનની જરૂર છે. કૃપાળુદેવને એક શ્લોક વાંચતાં હજાર

શ્લોકો યાદ આવતા. મન માંકડા જેવું છે તેને શ્રુતરૂપી ઝાડ ઉપર ચઢવા દો; નહીં તો કપડાં ફાડે, મારી નાંખે. વાંચવું, વિચારવું. જ્ઞાનીએ કહ્યું છે તે સાચું છે. બધું સત્ સમજવા માટે કરવાનું છે. આપણું કામ પુરુષાર્થ કરવાનું છે. ફળની ઉતાવળ ન કરવી. કેમ કશું થતું નથી? એટલા દિવસ થયા, એમ ન કરવું. પ્રભુશ્રીજીએ કૃપાળુદેવને પૂછ્યું—મંત્રનું સ્મરણ ખૂબ કર્યું, પણ કશું દેખાતું નથી. કૃપાળુદેવે કહ્યું—દેખવા કરવાની ઇચ્છા ન રાખવી. શું દેખવું છે?

મુમુક્ષુ—વાંચું છું, પણ વિચાર નથી આવતા.

પૂજ્યશ્રી—આવશે. મનને રોકવું. પહેલાં મૂડી હોય તો વેપાર થાય ને? તેમ પહેલાં તો જ્ઞાનીનાં વચનોનો સંગ્રહ કરવાનો છે. આત્માર્થે બધું કરવું છે એ લક્ષ રાખવો. આપણે સારા થવું છે. સારી સારી વસ્તુ, ગુણકારી વસ્તુ ગ્રહણ કરવી. કોઈને દુઃખી કરવો નથી. ઉત્તમતા, ઉદારતા કોઈની સાંભળવામાં આવે તો મારે એવું થવું છે, એવી ભાવના કરવી. વિશાળદૃષ્ટિ રાખવી. વારંવાર સાંભળ્યું હોય, વિચાર્યું હોય તો એને યાદ આવે અને સારા ભાવ થાય. લાગણી જેમ જેમ વધારે થશે તેમ તેમ પછી કેમ વર્તવું? શું કરવું? શા માટે કરવું છે? એવા વિચારો આવશે. જ્યારે ઇચ્છા જાગશે ત્યારે લાગશે કે આત્માના હિત માટે કરવું છે. એ લક્ષ થશે.

**''સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો''**

સ્વરૂપનો લક્ષ રાખીને ભગવાનની આજ્ઞાએ વર્તવું. શું કરવાથી પાપ, પુણ્ય, નિર્જરા, આસ્રવ, બંધ થાય છે? કેમ જીવવું? એ બધાય વિચાર કરવાના છે. આ મનુષ્યભવમાં ઉત્તમમાં ઉત્તમ લાભ થાય એવું કરવાનું છે. કામ કરવા બેસે તો ખબર પડે. જે જાણ્યું છે તેને આધારે પોતાને વિચાર કરવાનો છે. કરતાં કરતાં ખબર પડે, આગળ વધે. પોતાનું જીવન કેમ ગાળવું, એનો વિચાર બધાએ કરવાનો છે. સત્સંગ, સત્શાસ્ત્રનો પરિચય રાખી, એમાંથી મારે કેમ જીવવું છે? એમ વિચારવું. મોહ હોય ત્યાં સુધી મારે શું કરવું, એ વિચારવું.

**''નથી ધર્યો દેહ વિષય વધારવા, નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા''** (૧૫)

પહેલાં એ તો ખસેડી નાંખવાં છે. પંચેન્દ્રિયમાં તણાવું નથી. પરિગ્રહમાં તણાવું નથી. એમાં નથી જવું. ખોટી નથી થવું. એની એ ગડમથલમાં જિંદગી ગાળવી નથી. મનુષ્યભવની દુર્લભ ક્ષણો છે માટે કોઈ ક્ષણ આપણને લાભ દઈ જાય તેમ કરવાનું છે. કંઈ નહીં તો સ્મરણ કરવું, વાંચવું, વિચારવું. ખોટી ટેવમાં મન ન જાય, એવું કરવાનું છે. ચેતતા રહેવાની જરૂર છે. કોઈ વસ્તુ પ્રત્યે આસક્તિ થાય તો પછી એના એ વિચારો આવે. આ જગત બધું એવું જ છે. મનમાં ઘર કરી જાય એમ ન કરવું. જેને મોક્ષે જવું છે તેણે બીજા વિચારો કરવા નથી. મોઢે કર્યું હોય તેને ફેરવવું, વિચારવું, તેના અર્થ સમજવા. એ ન સમજાય તો બીજાને પૂછવા. શ્રવણ પછી ધારણ થાય, પછી સમજાય. ન સમજાય તેને સમજવાનો પુરુષાર્થ કરે. સમજાયું હોય તેને વિશેષ વિશેષ સમજવાનો પુરુષાર્થ કરે. એ બધા વિચારના ભેદો છે. બધાનો સહેલો ઉપાય સત્સંગ છે. સત્સંગમાં દોષ દેખાય, દોષ કાઢવાનો પુરુષાર્થ થાય, વિચાર જાગે. પ્રમાદમાં ન રહેવું. ગમે તેટલી

હોશિયારી હોય તોય પ્રમાદમાં ખોઈ બેસે.

૫૩ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ સુદ ૪, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–'આઠદૃષ્ટિની સજ્ઝાય'ના અર્થ વાંચવા જેવા છે. પરવસ્તુની મૂર્ચ્છા તે પરિગ્રહ છે. ''આત્માથી સૌ હીન'' એમ છે તેને બદલે ધન કમાવામાં મહત્તા માને છે.

''આત્મપરિણામની સ્વસ્થતાને શ્રી તીર્થંકર 'સમાધિ' કહે છે.'' (૫૬૮) આત્મપરિણામની સ્વસ્થતા તે સમાધિ છે. આત્મપરિણામની સ્થિરતા તે આત્મસમાધિ છે, સાચી સમાધિ છે. જ્ઞાનાવસ્થા, વીતરાગ અવસ્થા અને સમભાવ અવસ્થા એમ ત્રણ અવસ્થા છે. દેહથી આત્મા ભિન્ન પ્રતીત થાય ત્યાંથી કેવળજ્ઞાન સુધી જ્ઞાન અવસ્થા, વીતરાગ અવસ્થા અને સમભાવ અવસ્થા એ એની સાથે જ છે. કેવળજ્ઞાન થાય ત્યારે વીતરાગતા પૂર્ણ થાય છે. સમભાવ આવ્યા વિના સમ્યક્જ્ઞાનની યથાર્થતા થતી નથી. બારમે ગુણસ્થાનકે સંપૂર્ણ સમતા થાય છે. જ્યાં વીતરાગતા હોય ત્યાં સમભાવ હોય જ. આત્મપ્રતીતિનું કારણ વિચાર છે. મુમુક્ષુ વિચારદશાને મૂકીને અવિચારમાં જાય તો પડી જાય. સુવિચાર વગર જ્ઞાન થાય નહીં.

**''કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષઅભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ.**
**આવે જ્યાં એવી દશા, સદ્ગુરુબોધ સુહાય;**
**તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય.**
**જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન.''**

સુવિચારણા પ્રગટે ત્યારે જ્ઞાન થાય. મનને આધારે બધી પ્રવૃત્તિ થાય છે. મન સુધરે તો બધું સુધરે. મનના બે ભેદ છે– એક દ્રવ્યમન અને બીજું ભાવમન. દ્રવ્યમન પુદ્ગલ છે અને ભાવમન આત્મા છે. કેવળીને દ્રવ્યમન રહે છે, ભાવમન નથી રહેતું. વિચારનું કારણ મન છે. કેવળજ્ઞાનીને મનથી જાણવું પડતું નથી. કેવળજ્ઞાનીને શરીર છે, ત્રણ યોગ છે. કર્મ બાંધ્યું છે તે ભોગવવા પ્રવૃત્તિ કરે છે. કર્મના ઉદયે ઉપદેશ આપે છે. ન હોય તો બોલેય નહીં. આત્માને જાણે તો બધું જાણે. એ વિના સર્વજ્ઞ કેવી રીતે થાય ? સર્વજ્ઞતા એ પૂર્ણતા છે. ચોથે ગુણસ્થાનકે આત્મજ્ઞાનની શરૂઆત છે. ચેતન તે જડ ન થાય અને જડ તે ચેતન ન થાય. જડ તે જડ છે, ચેતન તે ચેતન છે. ચૈતન્ય પદાર્થ અરૂપી છે. આંખથી દેખાય નહીં. જાણવાવાળો આત્મા છે. શુક્લધ્યાનનું અવલંબન શ્રુતજ્ઞાન છે. જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી શ્રુતનું અવલંબન છે. કેવળજ્ઞાન થયા પછી અવલંબન નથી. બારમા ગુણસ્થાનક સુધી જ્ઞાનીના વચનોનું અવલંબન છે.

પ્રમાદના પાંચ પ્રકાર છે. પાંચ ઇન્દ્રિયો, ચાર કષાય, ચાર વિકથા, સ્નેહ અને નિદ્રા એ પાંચ પ્રકારના પ્રમાદ છે.

ચિત્તની એકાગ્રતા તે ધ્યાન છે. (૧) આર્ત્તધ્યાન એટલે દુઃખિત પરિણામ. (૨) ભૂંડાં કામ કરીને આનંદ માનવો તે રૌદ્રધ્યાન છે. (૩) જ્ઞાનીનાં વચનોને અનુસારે વૃત્તિઓને જોડવી. મુખપાઠે કરવું, વાંચવું, વિચારવું, ચર્ચા કરવી તે ધર્મધ્યાન છે. એ સાતમા ગુણસ્થાનકે પૂર્ણતા પામે છે. (૪) પછી

શ્રેણી માંડે ત્યારે શુક્લધ્યાન છે.

આહાર લઈએ છીએ તે વેદનીય કર્મના ઉદયે ભૂખ લાગે છે, તેથી ખાવાની ઇચ્છા થાય ત્યારે લઈએ છીએ.

નિદ્રા એ દર્શનાવરણીય કર્મ છે. એથી બધી ઇન્દ્રિયો શિથિલ અને મન શિથિલ થઈ જાય છે. એ ઘાતિકર્મ છે. અચેતન જેવો થઈ જાય છે. ચેતનનો સ્વભાવ જાણવું, દેખવું છે. એને ઉપયોગ કહે છે. ચેતન અને ઉપયોગ એ એક જ છે. ચૈતન્યનો સ્વભાવ દેખવું જાણવું છે. સુખદુઃખને જાણે છે. પોતાને અને પરને જાણનારો તે ચેતન છે. સ્વપરપ્રકાશક આત્મા છે. એ આત્માનાં લક્ષણો છે. જ્યાં સુધી અનંતાનુબંધી રહે ત્યાં સુધી આત્માનું જ્ઞાન થાય નહીં. ''જીવને જ્ઞાનીપુરુષનું ઓળખાણ થયે તથાપ્રકારે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ મોળાં પડવાનો પ્રકાર બનવા યોગ્ય છે.'' (૫૨૨) એ માટે જ ભક્તિ કહી છે.

''જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય.'' (૪૯૩) પછી પોતાનું જ્ઞાન થાય. પહેલાં ભક્તિની જરૂર છે. શાસ્ત્ર એ સુપાત્ર જીવને માર્ગદર્શક છે, બીજાને નહીં. જે પાપથી ડરતો હોય તેને શાસ્ત્ર માર્ગદર્શક છે.

**''મુખથી જ્ઞાન કથે અને, અંતર્ છૂટ્યો ન મોહ''**

ઉપરથી શાસ્ત્રોની વાતો કરે અને આચરણ ન હોય. શાસ્ત્ર એ સદ્‌ગુરુનાં વચનો છે. ધારણા એ જ્ઞાનની પ્રથમ અવસ્થા છે. મતિજ્ઞાનનો ભેદ છે. મનમાં ધારી રાખવું તે ધારણા છે. પહેલી અવસ્થામાં પ્રત્યાહાર છે. વિષયવિકારમાં ઇન્દ્રિયોને રક્ત ન કરે તે પ્રત્યાહાર છે.

**''વિષય વિકારે ન ઇન્દ્રિય જોડે, તે ઇહાં પ્રત્યાહારો રે''** (પાંચમી દૃષ્ટિ)

મધ્યસ્થ ભાવ એ આત્મસ્વરૂપ જ છે. રાગ પણ ન થાય અને દ્વેષ પણ ન થાય. દેહ પ્રત્યેથી દેહદૃષ્ટિ ઊઠી આત્મા પ્રત્યે થાય ત્યારે મધ્યસ્થભાવ થાય. રતિ એ રાગનું કારણ છે. રતિ વર્ધમાન થાય ત્યારે રાગ થાય. એ કોઈ વસ્તુની હાજરીમાં થાય છે. પછી મનથી પણ સાંભરે તે રાગ છે. રાગ બળવાન કહેવાય છે. રતિભાવ બધો એકઠો થઈ રાગ થાય છે.

૫૪ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ સુદ ૫, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—પાળવાની તો ગુપ્તિ છે, પણ એમાં ન રહી શકે ત્યારે સમિતિમાં વર્તે છે; પણ ગુપ્તિમાં રહેવાનું છે. બે પ્રકારે સંયમ છે. એક બાહ્ય સંયમ અને બીજો ભાવ સંયમ.

**''નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા, અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;**
**કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહિ, દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો.'' અપૂર્વ૦**

એ બાહ્ય સંયમ છે.

**“શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા, માન અમાને વર્તે તે જ સ્વભાવ જો;**
**જીવિત કે મરણે નહિ ન્યૂનાધિકતા, ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો.” અપૂર્વ૦**

એ ભાવસંયમ છે.

અપૂર્વ અવસરની દરેક કડી મોક્ષે લઈ જાય એવી છે. ઘણી જગ્યાએ જીવ ભટક્યો છે, પણ સર્વાર્થસિદ્ધિમાં નથી ગયો. નિગોદમાં, દેવગતિમાં, નારકીમાં બધામાં ઘણો ભટક્યો છે.

મુમુક્ષુ–“કહું શાંતિ પ્રતિભાસ રે” (આ૦ ૧૬) એટલે શું?

પૂજ્યશ્રી–તમને શાંતિનો કંઈ ભાસ થાય એવું કહું છું. જે ભગવાને સુવિશુદ્ધ, અવિશુદ્ધ ભાવો કહ્યા છે, તેને યથાર્થ શ્રદ્ધે, એ પહેલું શાંતિનું સ્વરૂપ છે. સંસારની શ્રદ્ધા છૂટે તો ભગવાનની શ્રદ્ધા થાય. ભગવાને કહ્યું તેવું જ માને. પુદ્ગલનું સ્વરૂપ કેવળજ્ઞાનીએ કહ્યું તે પ્રકારે શ્રદ્ધે. પહેલી શ્રદ્ધા છે. પછી જે જ્ઞાન હોય તે સમ્યક્જ્ઞાન થઈ જાય. સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાન બેય સાથે જ થાય છે. સમ્યક્દર્શન સહિતનું જ્ઞાન તે સમ્યક્જ્ઞાન છે. અજ્ઞાન હોય તે સમ્યક્જ્ઞાન થાય. ધર્મનો મૂળ પાયો સમ્યક્ત્વ છે. સંસારની શ્રદ્ધા છૂટી આત્માની શ્રદ્ધા થાય એ સમ્યક્દર્શન છે. એ થવા, જેણે આત્મસ્વરૂપ પ્રગટ કર્યું છે તેની ભક્તિ છે. કૃપાળુદેવનાં વચનોથી સમ્યક્દર્શન થાય. જેટલી ભક્તિ હોય તેટલો રસ આવે. એમનો આત્મા ઓળખાય તો આપણો પણ ઓળખાય.

**“એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા, પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો;**
**શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય, અગુરુલઘુ, અમૂર્ત્ત સહજપદરૂપ જો.” અપૂર્વ૦**

પરવસ્તુને લઈને આત્મા કલંકી રહે છે, પણ છૂટી જાય ત્યારે “કલંક રહિત અડોલ સ્વરૂપ જો;” સહજ સ્વરૂપે સ્થિત રહે છે. જ્યારે મનવચનાદિ દૂર થાય ત્યારે પોતાના સ્વભાવમાં રહે છે. પછી આત્મપ્રદેશ બહુ સ્થિર થાય છે. આત્માનું અચિંત્ય માહાત્મ્ય છે. પહેલો વિશ્વાસ કરવાનો છે. જેમ બને તેમ વિશ્વાસ આવવો જોઈએ.

*

(બપોરના)

પૂજ્યશ્રી–જે અર્થે મનુષ્યદેહ મળ્યો છે, તે સમજણ કરવાની છે. સત્સંગ પહેલામાં પહેલો કરવાનો છે. સત્સંગ તો પુણ્ય હોય તો મળે, તો પણ જ્યારે સત્સંગ ન હોય ત્યારે સત્સંગથી જે આજ્ઞા પ્રાપ્ત થઈ હોય તે આરાધે. જેમ જેમ ભક્તિ થશે તેમ તેમ આત્મા નિર્મળ થશે.

“જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય.” (૪૯૩)

સત્પુરુષના આધારે આત્મસ્વરૂપ જણાય છે. આ કાળમાં એક અપૂર્વ પુરુષ પાક્યો છે. એમના ઉત્તમ ગુણો આપણા હૃદયમાં વસે, તેથી એ કહે તેમ મનાય અને તેથી આત્મજ્ઞાન થાય છે. એ ટૂંકો રસ્તો છે. જ્ઞાનીની આજ્ઞાએ વૃત્તિ રહે તો ભક્તિ થાય. ભક્તિનો પાયો સદાચાર છે. એ વિના ભક્તિ ન થાય. જેને સાત વ્યસનનો ત્યાગ હોય તેને અધોગતિ ન થાય. “સહજાત્મસ્વરૂપ

પરમગુરુ'' મંત્રમાં વૃત્તિ રાખવી. એ અભ્યાસ પાડી દેવાનો છે. મરતી વખતે પણ જ્યાં સુધી ભાન હોય ત્યાં સુધી સ્મરણ કરવું.

*

(સાંજના, 'પ્રભુશ્રીજીનો બોધ'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—લક્ષ રાખીને આપણે હિતકારી હોય તે ગ્રહણ કરવું. સ્વાધ્યાય, દાન બધું આત્માર્થે કરવું. સંસારની ઇચ્છા ન હોય તો આત્માનો ઉદ્ધાર કરે એવો ધર્મ છે. જે કંઈ ક્રિયા કરવી તે અસંગ થવા, છૂટવા માટે કરવી. દિવસે દિવસે મને જ્ઞાનની વૃદ્ધિ થાય, કૃપાળુદેવનું કહેવું મને વિશેષ સમજાઓ, એમ ભાવના કરવી. મારે જ્ઞાનની વૃદ્ધિ કરવી છે. જ્ઞાનની વૃદ્ધિ થાય એવું રોજ કંઈ કરવું. જ્ઞાન એ આપણું ધન છે. એ બધું સાથે આવે છે. કૃપાળુદેવે પહેલાં જ્ઞાનની કમાણી કરેલી, તેથી જાતિસ્મરણ થયું. જ્ઞાનનો લક્ષ ન રહે તો પ્રમાદ સેવાય. ઘણી વખત સાધુ થયા પણ કલ્યાણ થયું નથી. જે કંઈ કરવું તે આત્માને માટે, એ લક્ષ રાખવો. શ્રદ્ધા એવી કરવી કે જ્ઞાનીએ આત્મા જાણ્યો છે, તે મારે માનવો છે. કૃપાળુદેવનો આશ્રય કરશે તેનું કલ્યાણ થશે. જ્ઞાનીપુરુષ અને જ્ઞાનીપુરુષનો આશ્રિત બેય મોક્ષમાર્ગમાં છે. હવેથી બીજા ગુરુ કરવા નથી. એક કૃપાળુદેવને માનવા. બધાની સાથે મૈત્રીભાવ રાખવો. તપી ન જવું. કોઈ કડવું વચન કહે તેમાં ક્ષમા રાખે, તો છ મહિનાના ઉપવાસ કરે તેટલું ફળ થાય. આત્માને અસર થાય એવું છે. જગતમાં બધાનું કારણ ઇચ્છા છે. એ કર્મબંધનું કારણ છે. આત્મા એથી આકુળવ્યાકુળ થાય છે. જેની ઇચ્છા વધારે તેના ભવ વધારે થશે અને જેની ઇચ્છા ઓછી તેના ઓછા ભવ થશે. આત્મા જાણવો અને માનવો.

આત્મજ્ઞાની ગુરુની મૂર્તિ તે ધ્યાનનું મૂળ છે, તેથી તેમની દશાની સ્મૃતિ થાય. જે આત્માને પામ્યા છે તેના ધ્યાનથી આત્મા પમાય છે. ધન વગેરે બધું સ્વપ્ના જેવું છે, મોટું સ્વપ્નું છે. એમાં વૃત્તિ ન રાખવી. આત્મા સાચી વસ્તુ છે. સાંભળનાર આત્મા છે. ભીંત કંઈ સાંભળે? આત્મા જાગૃત થાય તો સાંભળ્યું કહેવાય. મારે આત્માનું કામ કરવું છે. આખા દિવસનો સાંજે વિચાર કરવો કે મેં આજે જ્ઞાનીની આજ્ઞા કેટલી આરાધી? કંઈ સફળ થાય એવું કર્યું કે નહીં? એમ વિચારવું. મનુષ્યભવ છે તેમાં સમજાય, બીજામાં નહીં. આ કાળના જગતના જીવોનાં આયુષ્ય થોડાં છે. કોઈ પ્રત્યે દ્વેષ કે ભૂંડુ કરવાનું નથી.

શ્રદ્ધા છે તે ધર્મનો પાયો છે. કૃપાળુદેવે કહ્યો એવો આત્મા છે, તે સાચો છે, એમ માને તો મિથ્યાત્વ મંદ થયું કહેવાય. કલ્પના ન કરવી. જીવો કલ્પનામાં ફસાઈ જાય છે. સાચી વસ્તુ હાથ આવવી મુશ્કેલ છે. જગતમાં કશું ઇચ્છવા જેવું નથી. જ્ઞાનીએ આત્મા જાણ્યો તેવો આપણે જાણવો. આપણો ધ્યેય એ કે કૃપાળુદેવ જેવા થવું છે. સારા થવું, એ એના હાથની વાત છે. જગતમાં બહાર જોવા જાય તો બંધન થાય. આત્માને આંચ ન આવે એવું કરવું છે. આત્માનું કામ કરી લેવું. પ્રભુશ્રીજી આ છેલ્લી વાત કહે છે, તે પકડવા જેવી છે. આત્મા છે, દેહ છે; બે વસ્તુ દરેકની પાસે છે. દેહને જુએ છે પણ સુંદર આત્માને જોતો નથી. અશુચિ પદાર્થમાં વૃત્તિ જાય છે. જ્ઞાનીનું વચન સાંભળ્યું, ગ્રહણ કર્યું તે બાપનું. જગતમાં ઘણી ઇચ્છાઓ કરે પણ આત્માનું કલ્યાણ

થાય એવું કરવાનું છે.

**“જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ;**
**તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ.”**

જેવા ભાવ તેવું ફળ થાય. પૂર્વે ભણવા આદિની ઇચ્છા કરી તો એ મળ્યું. મારે મોક્ષે જવું છે, તો એ પણ થાય. જગતમાં પ્રીતિ કરે છે, તે ઉઠાડવાની છે. જગતમાં એની વૃત્તિ જાય છે. સંસારથી પ્રીતિ ઊઠશે ત્યારે પ્રભુ પ્રત્યે થશે. “પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં” સત્પુરુષ ઉપર પ્રેમ છે, તેટલો ધર્મ છે. છોકરાં છૈયાં બધાં કર્મ ફૂટી નીકળ્યાં છે, આપણાં નહીં. આત્માનું સ્વરૂપ તો જ્ઞાનીએ જાણ્યું, એવો આત્મા છે.

**“સમકિત સાથે સગાઈ કીધી, સપરિવારશું ગાઢી;**
**મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી.” હો મલ્લિજિન૦**

લક્ષ રાખીને કરવું છે. કોઈ પ્રત્યે રાગ-દ્વેષ નથી કરવા. હું તો અસંગ છું. સહજાત્મસ્વરૂપ એ પોતાનું ખરું સ્વરૂપ છે. સંયોગ-વિયોગ થવાનો છે. મારું કશું થવાનું નથી. ‘દેહ મારો’ એમ કરે છે, પણ છોડવાનો છે. દેહથી આત્મા ભિન્ન છે. “છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ.”

જાણે તે આત્મા છે. પુસ્તકો જ્ઞાન નથી. દેહમાં રહેલો જીવ તે શરીરઘરથી જુદો છે. શરીર જાણે નહીં, આત્મા જાણે. આત્માને આત્મા જાણે તે જ્ઞાન છે. જાણનારમાં લક્ષ રાખવો.

**“ઘટ, પટ આદિ જાણ તું, તેથી તેને માન;**
**જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન?”**

એ અજ્ઞાન છે. જાણનારને જાણે તો જ્ઞાન છે. આટલો મનુષ્યભવ, સત્સંગ, જ્ઞાનીનો યોગ મળ્યો, હવે તો સમજો! જ્ઞાન કહ્યું ત્યાં આત્મા છે. જ્ઞાન છે તે આત્મા છે. સ્વભાવ, વિભાવ બધું આત્મા છે. બધે આત્મા છે, એ ભૂલવા જેવું નથી. જ્ઞાન એ આત્મા છે. તે જ્ઞાન જ્ઞાની જાણે છે તેવું. આપણી કલ્પના તે નહીં. જ્ઞાનીએ જે પ્રગટ કર્યું છે, તે જ્ઞાન છે. “જ્ઞાન જ્ઞાનીમાં કળો” જ્ઞાની છે ત્યાં જ્ઞાન છે. જ્ઞાનીપુરુષનો જેને માટે ઉપદેશ છે, તે સમજ્યે છૂટકો છે. એ સમજ્યા વિના મોક્ષ ન થાય. જીવે ઘણું કર્યું છે.

“અનાદિકાળના પરિભ્રમણમાં અનંત વાર શાસ્ત્રશ્રવણ, અનંત વાર વિદ્યાભ્યાસ, અનંત વાર જિનદીક્ષા, અનંત વાર આચાર્યપણું પ્રાપ્ત થયું છે. માત્ર ‘સત્’ મળ્યા નથી, ‘સત્’ સુણ્યું નથી અને ‘સત્’ શ્રધ્ધ્યું નથી અને એ મળ્યે, એ સુણ્યે અને એ શ્રધ્ધ્યે જ છૂટવાની વાર્ત્તાનો આત્માથી ભણકાર થશે.” (૧૬૬) આ શ્રદ્ધા થશે ત્યારે છૂટવું થશે. સંસાર પછી ગમશે નહીં. બધું કેદખાના જેવું લાગશે. સંસારી લોકોની વાત નથી. આત્માને જાણવા તૈયાર થયા છે, તેની વાત છે.

કૃપાળુદેવનું કહેલું મારે માનવું છે, એટલી શ્રદ્ધા કરવી. “આત્માથી સૌ હીન.” ગમે તેટલા ચમત્કાર જોઈએ, પણ કૃપાળુદેવને જ માનવા. એથી ચઢિયાતું આ કાળમાં કોઈ નથી. શ્રદ્ધા એ પહેલી છે, ધર્મનો પાયો છે. પછી મોક્ષમકાન ચણાશે, બધું થશે. આત્મા તારો છે એ ભૂલીશ

નહીં. એકલો આવ્યો અને એકલો જવાનો. સાથે કશું ન આવે.

એક એક વચન જેમ જેમ દૃઢ થાય તેમ કામ આવે. મંત્ર મળ્યો છે, તે ગાડીમાં કે ગમે ત્યાં ફેરવવો, શુચિ-અશુચિ ગણવાની નથી. બધી વખત બોલાય એવો મંત્ર છે. કોઈ સાચી વસ્તુ કહે છે, તે સાથે લઈ જવાની છે. જન્મ થયો તેથી સુખદુઃખ થયાં છે, પણ બધાથી સ્નાનસૂતક કરીને ચાલી જવાનું છે. અવિનાશી આત્મા છે. મરે એવો નથી. 'હું તો નહીં જ મરું,' એમ દૃઢ કરવાનું છે. આ પકડવાનું કહ્યું છે કે જ્યાં સુધી ભાન હોય, શ્વાસ હોય, ત્યાં સુધી "સહજાત્મસ્વરૂપ પરમગુરુ" જપવું. ગમે તેટલું દુઃખ હોય પણ એમાં વૃત્તિ રાખવી. ભાન હોય ત્યાં સુધી એમાં જ ચિત્ત રાખવું. પૈસા-ટકા કોઈમાં ચિત્ત નહીં. ખરેખરી ઉપયોગી વસ્તુ છે. મરતાં સુધી યાદ રાખવાનું છે. મારે એ જ કરવું છે. અત્યારે ભાન છે તો આત્માનું કલ્યાણ થાય તેમાં વૃત્તિ રાખવી. સમાધિમરણ થાય એવું છે. જ્ઞાનીનું કહેલું કાનમાં પડે તો પણ મહાભાગ્ય છે. સાંભળતાં પણ જીવને ભાવ થાય છે. જ્ઞાનીએ કહ્યું તે સાંભળવું.

'સહજાત્મસ્વરૂપ' એ ઓળખવું છે. બીજું તો ઘણુંય જોયું, ઓળખ્યું. આટલી વસ્તુ માન્ય કરી તો સમાધિમરણ થાય. મરતી વખતે એક સ્મરણમાં ચિત્ત રાખવું એ નક્કી કરી દેવું. શ્રદ્ધા હશે તેટલું રહેશે. બધાનો આધાર શ્રદ્ધા છે. એક કૃપાળુદેવને માનવા. સાચી વસ્તુ માન્ય થઈ તો કલ્યાણ થઈ જાય. અત્યારે જીવ ભૂલેલો છે, પણ એવો યોગ થાય તો ભૂલ નીકળે. કલ્પના વડે પાર આવે એમ નથી. જ્યાં સત્ છે ત્યાં દૃષ્ટિ રાખવાની છે. આટલા વર્ષોનો સરવાળો કાઢે કે જીવન શામાં ગાળ્યું? તો કે પ્રમાદ, વ્યાપાર-ધંધામાં. પણ હવે બાકી રહ્યું તે સારું જીવવું છે, તો આખી જિંદગી સફળ થશે. જે કંઈ સાંભળવા મળ્યું તે સંઘરી રાખજો. લક્ષ રાખવો. વારંવાર સાંભળે તો વધારે દૃઢ થાય. આટલો કાળ જે કર્યું તે બધું બીજું, પણ હવે પરવસ્તુ છે, તે ખંખેરી આત્માને નિર્મળ કરવો. આત્માનું કશું નથી. જ્યાં જ્યાં બંધાય તે બધાથી છૂટવું છે.

૫૫ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ સુદ ૬,સં. ૨૦૦૮

પૂજ્યશ્રી—'આત્મસિદ્ધિશાસ્ત્ર' છે તે સત્શાસ્ત્ર છે. સર્વસંગથી રહિતપણું તે અસંગપણું છે, એટલે મોક્ષ જ છે. ગમે તેટલી મુશ્કેલી હોય તોય ભક્તિ કરવી. આપણે જો કૃપાળુદેવ પાસે હાથ જોડી ભક્તિ કરવાનો નિયમ લીધો તો ગમે તેટલી મુશ્કેલી વેઠીને પણ ભક્તિ કરવી. હરિશ્ચંદ્રરાજાએ દાન આપવાની પ્રતિજ્ઞા કરી હતી તે મુશ્કેલી વેઠીને, રાણીને વેચીને, છોકરાને વેચીને પણ પૂરી કરી. એના પછી રાજાઓ ઘણા થયા, તે આજ સુધી એની ટેકને સંભારે છે. ગમે તેટલા પૈસા-ટકા હોય પણ સાથે આવે નહીં. મોક્ષે જવું હોય તો બધું છોડવું પડશે. (પછી રોહિણીયા ચોરનું દૃષ્ટાંત આપ્યું હતું).

*

(સાંજના)

મુમુક્ષુ— **"ઊર્ધ્વમૂળ તરુવર અધ શાખા રે, છંદ પુરાણે એહવી છે ભાખા રે;**
**અચરિજવાળે અચરિજ કીધું રે, ભક્તે સેવક કારજ સીધું રે."** (યશો૦ ૯)

એટલે શું?

પૂજ્યશ્રી—આશ્ચર્યકારક વાતો મહાપુરુષો જીવને વિચાર કરવા માટે કહે છે. ઉપર મૂળ અને નીચે ડાળો. એવા વચનો વિચાર કરવા માટે કહે છે. શરીરની રચના એવી જ છે. જેનાથી શરીરનું પોષણ થાય છે તે જીભ છે તે ઊંચી છે. બીજું બધું નીચે છે. બધાનું મૂળ શું? તે વિચાર કરવા કહ્યું છે. દેહ તે હું એમ થઈ ગયું છે, તે સંસારનું મૂળ છે. એનો બધો વિસ્તાર તે સંસાર છે. એ ભ્રાંતિ થઈ છે. એ ભૂલ નીકળ્યે થાય. પોતાનું સ્વરૂપ છે તે અદૃશ્ય છે. તે બધાનો આધાર છે.

(સાંજના, 'પ્રવચનસાર'ના વાંચન પ્રસંગે) ૫૬ શ્રીમદ્ રા.આ. અગાસ, જેઠ સુદ ૭,સં. ૨૦૦૮

પૂજ્યશ્રી—આત્મા પોતાના ભાવનો ભોક્તા છે.

**"અથવા નિજપરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;**
**કર્ત્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ."**

શુદ્ધ પરિણામનો આત્મા કર્ત્તા-ભોક્તા છે. પોતાના સ્વભાવનો કર્ત્તા છે. પોતાના પરિણામ પ્રમાણે પરિણમે છે. પોતાના પરિણામનું ફળ પોતે જ આપે છે. પોતાથી પોતાનો આત્મા સ્થિર કરે છે. આત્મા પોતે જ અધિકરણ છે. આત્મા પરબ્રહ્મ છે, અજરઅમર છે. પરમાત્મા નવે તત્ત્વોમાં મહાન છે. પૂજવા યોગ્ય જેનું તેજ છે, અત્યંત પ્રકાશવાળા, ગુણના ધામ એવા સચ્ચિદાનંદ પરમાત્મા છે. પોતાની પરિણતિમાં રમતા એવા પરમાત્માને નમસ્કાર. જિનવાણી મિથ્યાનયને ખંડન કરનારી, સુવચનની ભૂમિ છે, સ્યાદ્વાદમાં રમણ કરનારી છે. તે જિનવાણી મારા ઘટમાં સુબુદ્ધિ કરો. પંચપરમેષ્ઠીને નમસ્કાર કરી ગુરુના ગુણને વંદી બાલજીવોને સમજાય એવી ભાષામાં આ 'પ્રવચનસાર' કહું છું. સ્વપરને હિતકારી, ભવ્ય જીવોને આનંદનો વિસ્તાર કરનાર તે છે.

શાસ્ત્ર છે તે સમુદ્ર જેવું છે. આ સમુદ્રમાંથી જેટલી જેની મતિ હોય તેટલું પ્રવચનરૂપ પાણી લે છે. માપ ન કઢાય, પણ જેની જેટલી મતિ હોય, તેટલું લઈ શકે. આ ગ્રંથના મૂળ કર્ત્તા 'કુંદકુંદાચાર્ય' છે અને ભાષા માગધી છે. અમૃતચંદ્રાચાર્યે તેની સંસ્કૃત ટીકા લખી છે.

શ્રી કુંદકુંદ કહે છે કે 'હું જ્ઞાનસ્વરૂપ છું; દર્શનસ્વરૂપ છું; અનુભવ-ગોચર જ્ઞાનદર્શનસ્વરૂપ હું છું. લોકો મને કુંદકુંદ કહે છે. વર્ધમાન ભગવાનને નમસ્કાર કરું છું. તે ત્રણ લોકના સ્વામી છે. ચાર ઘાતીકર્મ ક્ષય થવાથી અનંત ચતુષ્ટય પ્રગટ થયાં છે. શુદ્ધાત્માનો ઉપદેશ દેનારા છે. એવા મહાવીર ભગવાનને હું નમસ્કાર કરું છું. શેષ ત્રેવીસને નમસ્કાર કરું છું. શુદ્ધ નિર્મળ સ્વભાવવાળા તે તીર્થંકર છે, તેઓને નમસ્કાર. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્યાચારના પાળનાર એવા આચાર્યાદિ પંચપરમેષ્ઠીને નમસ્કાર કરું છું. પછી હું અઢીદ્વીપમાં જે તીર્થંકર છે તેઓ બધાને નમસ્કાર કરું છું.

નમસ્કાર બે પ્રકારે છે. એક દ્વૈત એટલે અષ્ટાંગ નમસ્કાર. બીજો અદ્વૈત એટલે અભેદભાવે એટલે પોતામાં અને એમાં (ભગવાનમાં) ભેદ ન રહે તેવી ભાવનાએ નમસ્કાર તે. જે મારું શુદ્ધ સ્વરૂપ છે તેવું જ ભગવાનનું શુદ્ધ સ્વરૂપ છે. એ જ મારું ખરું સ્વરૂપ છે. એનાથી જુદાઈ ન રહે તે અદ્વૈત નમસ્કાર. બેય એમાં એક જ થઈ જાય છે એટલે અભેદભાવે નમસ્કાર તે અદ્વૈત નમસ્કાર

છે. જેનાથી ભાવ વધે એવાં સાધન તે ભાવક છે અને જેવા ભાવ તે ભાવ છે. બધાય સાધુઓને નમસ્કાર કરે છે કારણ કે બધાય ઉત્તમ છે, આત્મા છે. બધી ઉપાધિથી આત્માને જુદો જાણવો અને તેની શ્રદ્ધા કરી પંચપરમેષ્ઠીને નમસ્કાર કરે છે. ચારિત્ર મોહનો મંદ ઉદય હોય ત્યારે સરાગતા છે તે આવી જાય છે પણ તેને હું દૂરથી જ દૂર કરું છું. ગુણસ્થાન ચઢે ત્યારે બધાય ચારિત્રમોહને દૂરથી જ છોડે છે. જ્યાં સુધી મોહ હોય ત્યાં સુધી સરાગતા છે. તેથી હું ચારિત્રમોહને છોડીને વીતરાગ ચારિત્રને ધારણ કરું છું.

*

(સાંજના, 'પ્રવચનસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—સરાગચારિત્ર તે મલિન છે, કષાયનો ભેદ છે, જેથી બીજી ગતિમાં જવું પડે છે અને વીતરાગચારિત્ર તે નિર્મળ છે. જ્યાં સુધી વ્રત નિયમ છે ત્યાં સુધી સરાગચારિત્ર છે. દેવ-ગુરુ-ધર્મ-પુસ્તકાદિ પ્રત્યે જે પ્રશસ્ત રાગ છે તે સરાગચારિત્ર છે. વ્યવહારચારિત્રમાં ભક્તિ આદિ હોય છે. નિશ્ચયચારિત્ર એટલે પોતાના સ્વભાવમાં રહેવું. ધર્મ એટલે સમભાવ; રાગદ્વેષ ન થાય. સમભાવ, ધર્મ કે શમ બધા એક જ છે.

**"જેમ આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ,**
**તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે, નામ ચારિત્ર તે અણલિંગ."**

ચારિત્ર કહો કે આત્મા કહો, બેય એક જ છે.

**"તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ;**
**તેહ મારગ જિનનો પામિયો રે, કિંવા પામ્યો તે નિજસ્વરૂપ."**

જેવા ભાવ આવે તેમાં આત્મા પરિણમી જાય છે. શુભભાવમાં શુભ જેવો; શુદ્ધમાં શુદ્ધ જેવો, અશુદ્ધમાં અશુદ્ધ જેવો પરિણમી જાય છે. વીતરાગચારિત્ર, સમતા એ જ ચારિત્ર છે. સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર બધાય આત્મા છે.

અનંતકાળથી શુભાશુભ ભાવ કરે છે. "વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ" 'આત્મસિદ્ધિ' ભણ્યો તો બધાય શાસ્ત્રો ભણી ગયો, એવું છે. અશુભભાવમાં જીવ આવે ત્યારે અશુભ જેવો જ થઈ જાય છે. સ્ફટિકની પેઠે જેવો સંયોગ મળે તેવો થઈ જાય છે. શુભ સંયોગ અને અશુભ સંયોગ એ બન્નેથી રહિત આત્મા થાય ત્યારે શુદ્ધ આત્મા થાય. સમયે સમયે દરેક વસ્તુ પલટાય છે. જો ન પલટાય, પર્યાય ન થતા હોય તો વસ્તુની ખબર પણ ન પડે. પર્યાય વિના દ્રવ્ય હોય નહીં. દરેક દ્રવ્ય પોતપોતાના સ્વભાવરૂપે પરિણમે છે. દ્રવ્ય હોય ત્યાં કોઈ અવસ્થા હોય. આત્મા દ્રવ્ય છે તેની અવસ્થા હોવી જોઈએ—સંસારી કે સિદ્ધ. નહીં તો આત્મા પણ ન હોય. દ્રવ્ય હોય તો પર્યાય થાય. પદાર્થ છે એમ ક્યારે કહેવાય? તો કે દ્રવ્યમાં પર્યાય છે તો દ્રવ્ય છે. દરેક દ્રવ્યમાં ઉત્પાદ, વ્યય, ધ્રુવ હોય છે. દરેક દ્રવ્યમાં ગુણપર્યાય હોય છે. દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે સાથે હોય છે. એમાંનું એક પણ ન હોય તો દ્રવ્ય પણ ન હોય. પર્યાય એ દ્રવ્યની અવસ્થા છે. શુદ્ધ દ્રવ્ય હોય તો શુદ્ધ દ્રવ્ય, ગુણ, પર્યાય હોય. અશુદ્ધ હોય તો અશુદ્ધ દ્રવ્ય, ગુણ, પર્યાય હોય. શુભ

જો અશુભરૂપ થાય તો એના દ્રવ્યગુણ પર્યાય બધાય અશુભરૂપે પરિણમે છે. અશુભ ભાવ છોડે તો શુભભાવ આવે અને પછી શુદ્ધભાવ આવે છે.

શુભભાવ અને શુદ્ધભાવ બન્નેમાં ચારિત્ર હોય છે. અશુભમાં ન હોય. ચારિત્ર તે આત્મા છે. શુભભાવમાં પરિણમે તે સરાગ ચારિત્ર અને શુદ્ધભાવમાં પરિણમે તે વીતરાગ ચારિત્ર છે. કષાયભાવ હોય ત્યાં ચારિત્ર નથી. આત્મા શુભાશુભ ભાવ ન કરે અને શુદ્ધ ભાવમાં રહે તો કર્મનું જોર ચાલતું નથી. કર્મનો ઉદય હોય તો પણ શુભ-અશુભમાં ન જાય. ઉદય આવીને જતો રહે. ક્રોધનો ઉદય આવે પણ સત્સંગમાં બેઠો હોય, તો આવીને જતો રહે. કર્મના ઉદયમાં બીજા ભાવ કરવા હોય તો થઈ શકે છે. ત્યાં ઉપયોગ હોય તો કર્મ વેદાય છે. જ્યાં આત્મા બળવાન થાય ત્યાં કર્મ એને ન રોકી શકે. ત્યાં આગળ મોક્ષનું કારણ કરવા સમર્થ થાય છે. મોક્ષ કરવો હોય તો શુદ્ધ ભાવમાં રહેવું જોઈએ. સમ્યક્ત્વ એ તત્ત્વવિચારથી થાય છે. શુભ, અશુભ ભાવ કેવા છે? શુદ્ધભાવ કેવા છે? એનો વિચાર કરે તો એને એ ભાવ ભાસે, કષાયની મંદતા થાય. જેમ જેમ મન નિર્મળ થાય તેમ તેમ ભાવોની પરીક્ષા થતી જાય છે. ચેતતા રહેવું. ચેતતા નર સદા સુખી. સ્વભાવમાં રહે તો પોતાનું અખંડ અવિનાશી જે શાશ્વત સુખ છે તે એને પ્રાપ્ત થાય છે. શુભભાવમાં જાય ત્યારે કર્મનું જોર ચાલે છે. શુદ્ધ ભાવમાં ન ચાલે. શુભ ઉપયોગ હોય તો પુણ્ય બંધાય, તેથી સ્વર્ગ મળે. એ પરાધીન સુખ છે. દેવલોક વગેરેનું સુખ પરાધીન છે, દુઃખ છે, પુણ્યને આધીન છે.

**''સઘળું પરવશ તે દુઃખલક્ષણ''**

આત્માનું સુખ છે, તેનાથી દેવલોકનું સુખ ઊલટું છે. દેવનું સુખ પરને આધીન છે. પોતાનું સુખ સ્વાધીન છે. દેવાદિનું પરાધીન સુખ છે તે પુણ્યને આધીન સંસારી સુખ છે. પ્રશસ્ત રાગ છે તે પુણ્યનું કારણ છે. ઇન્દ્રિયથી ઉત્પન્ન થતું સુખ તે દુઃખ જ છે. ઇન્દ્રિયનાં સુખ તે સુખ નથી પણ દુઃખ જ છે. પાંચમી દૃષ્ટિમાં કહ્યું છે કેઃ

**''શીતળ ચંદનથી પણ ઉપન્યો, અગ્નિ દહે જેમ વનને રે''**

ચંદન છે તે શીતળ છે, પણ ઘસે તો અગ્નિ પ્રગટ થાય. એમ ઇન્દ્રિયનાં સુખ અગ્નિ જેવાં છે. આત્માને ભૂલાવે એવાં છે. દેવલોકનાં સુખ છે તે આત્માને ભૂલાવનારાં છે. દેવલોકનાં સુખ બાળનારાં છે, અંતરદાહવાળાં છે. ઊના ઘી જેવાં છે. વ્રત નિયમ એ ઇન્દ્રિયજનિત સુખ આપે છે, પણ એ અગ્નિ જેવાં છે. જેને આત્માનું સુખ જોઈતું હોય તેને એ અગ્નિ જેવાં લાગે. ઇન્દ્રિયના સુખમાં વ્યાકુળતા છે. પહેલાં ઇચ્છા થાય, એ જ દુઃખરૂપ છે, પછી તેની પ્રાપ્તિ થાય. તેથી આત્માને ભૂલે એ જ મરણ છે. ''ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે.'' જ્યારે શુદ્ધ ઉપયોગ થાય ત્યારે શાંતિ થાય.

જે કંઈ સાંભળ્યું હોય એનો વિચાર કરવો. સાંભળ્યું કે દેવાદિમાં ઇન્દ્રિય સુખ તે બળતરાવાળું છે, તો તેનો વિચાર કરવો કે મને બળતરાવાળું લાગે છે કે નહીં? નહીં તો ''સાંભળી સાંભળીને ફૂટ્યા કાન, તોયે ન આવ્યું બ્રહ્મજ્ઞાન.''

('પ્રવચનસાર'ના વાંચન પ્રસંગે) ૫૭ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ સુદ દ્વિતીય ૭, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—વાંચીને વિચારવાની કાળજી રાખવી. લક્ષ્મી કોઈ વખતે આવે અને કોઈ વખતે જાય. દુઃખ છે તે સુખ મનાય છે, એ દુઃખ છે. ખોટી માન્યતા એ જ દુઃખ છે. વિપરીત ભાવો જગતમાં છે. 'હું દેહ છું, દેહ પવિત્ર છે,' એ વિપરીતતા છે. વિષ્ટાનો ઘડો હોય તેને ધોવે તો કંઈ પવિત્ર થાય? દેહને સારો ગણે, સ્નાન કરાવે, આત્માને ભૂલી દેહની સંભાળમાં ખોટી થાય છે, દેહમાં આનંદ નથી, છતાં જીવ દેહથી આનંદ માને છે એ બધી વિપરીતતા છે. જગતને સારું દેખાડવા આખી જિંદગી ગાળે છે, પણ લોકોના કહેવાથી કંઈ ન થાય. જગતને રૂડું દેખાડવાથી રૂડું થતું નથી. એથી ભૂલો પડે છે. પોતાને માટે કરવું છે. લોક મૂકે પોક. પોતાના આત્માને માટે કરવું છે.

મનઃપર્યવજ્ઞાન સર્વવિરતિને જ હોય છે. ખાસ જરૂરી તો શ્રુતજ્ઞાન છે. જેમ જેમ નિર્મળતા વધે તેમ તેમ અવધિ, મનઃપર્યવ આદિ જ્ઞાન થાય છે. ક્ષયોપશમ ભાવ છે ત્યાં સુધી ભય છે. જ્ઞાનાવરણીય કર્મની અનેક પ્રકારની વિચિત્રતા છે. તેમાં ચિત્ત દેવાની હાલ જરૂર નથી. પહેલાં દર્શનમોહ મંદ કરવાનો છે, પછી સમકિત થાય છે. એ વિના બધું અવળું છે. મોહનીય કર્મના બે ભેદ છે, એક દર્શનમોહનીય અને બીજું ચારિત્રમોહનીય. પહેલામાં પહેલા વિપરીતતા ટાળવી. જીવ અનિત્યને નિત્ય માને છે. દેખાય છે તે એમનું એમ રહેવાનું નથી. ક્ષણે ક્ષણે આયુષ્ય જાય છે અને હું તો મોટો થાઉં છું એમ માને છે! જેમ છે તેમ માનવાનું છે. આત્માને આત્મા, શરીરને શરીર, નિત્યને નિત્ય, પોતાનું નહીં તેને પર માનવું અને પોતાનું તેને પોતાનું માનવું. એટલું થાય તો સમ્યક્દર્શન છે.

મુમુક્ષુ—એ સમ્યક્ત્વ તાકીદથી કેમ થાય?

પૂજ્યશ્રી—સાવધાન થવું. ગાફેલ ન રહેવું. શું કરવા આવ્યો છું? જેમ છે તેમ માનવું, તેમ જોવું. "મુખ્ય અંતરાય હોય તો તે જીવનો અનિશ્ચય છે." (૮૨૬) નિશ્ચય કરે તો પછી એના ઉપાય શોધે. કેમ થતું નથી? એમ શોધે. કામ કરવું હોય તેની કાળજી રાખે તો વહેલું થાય. કોઈ કરી આપશે એમ કરે તો ન થાય. કેડ બાંધી સચેત થાય તો થાય. 'વ્યાપારાદિમાં કાળજી રાખો છો, પણ ધર્મમાં કાળજી કેમ નથી રાખતા? કેમ તમારા દહાડા ઊઠ્યા છે?' એમ પ્રભુશ્રીજી વારંવાર ઠપકો આપતા. સંસારી કામની નકામી ચિંતા કરે છે. કાલે ગાડીમાં જવું હોય તો આજથી જ વિચાર કરે કે ટિકિટના કેટલા પૈસા થશે? એમ બધું કરે. એવી એવી ચિંતા જીવ કરે છે. આખો દિવસ એમાં જ ગાળે છે. જે કામ પછી કરવાનું છે તેની પહેલાં ફિકર કરે તે અનવસર આર્ત્તધ્યાન છે અને જે કામ જે વખતે જરૂર પડે તે વખતે તેની ચિંતા કરે તે અવસર આર્ત્તધ્યાન છે.

કોઈ નિંદા કરે તે સહન કરવું એ આપણો ધર્મ છે. ક્ષમા આપણો ધર્મ છે. મુનિ હોય છે, તેઓ જે થાય છે તે બધું સહન કરે છે. પરિષહ સહન કરવા એ મુનિનો ધર્મ છે. વિષમપણું ન થવા દેવું. મનુષ્યભવ મળ્યો અને જ્ઞાની પણ મળ્યા. તેથી કેટલાકને એમ થાય કે એટલું થયા છતાં કંઈ થતું નથી, એમ કરીને નિરાશ થવાનું નથી. યોગ થયો છે તે કંઈ જેવી તેવી વાત નથી. યોગ્યતા વધારવી. મૂંઝાવું નહીં. વીર્ય ગોપવે નહીં અને નિશ્ચય ફરે નહીં તો વિષમકાળમાં પણ

પરમશાંતિનો માર્ગ પામી શકે છે. સત્પુરુષની આજ્ઞામાં વૃત્તિ દૃઢ કરે, અચળ કરે.

**"નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં"**

અગુપ્ત વીર્યથી એટલે જેટલી શક્તિ હોય તેટલી બધી વાપરે તો શાંતિ મળે. આ કાળમાં શાંતિ મળે પણ આટલી તૈયારી જોઈએ. પરમશાંતિનો માર્ગ છે.

મુમુક્ષુ–પરમશાંતિનો માર્ગ કયો છે?

પૂજ્યશ્રી– સમ્યક્જ્ઞાનદર્શનચારિત્ર એ પરમ શાંતિનો માર્ગ છે. ચંદ્રને રાહુ ગળી જાય છે તેથી ચંદ્ર નિસ્તેજ થઈ જાય; તેમ ચંદ્રરૂપ આત્મા પ્રત્યે રાહુ જેવો પરિગ્રહ છે તે આત્માને ગળી જાય એવો છે, નિસ્તેજ કરી નાંખે છે.

*

(બપોરના, 'પ્રવચનસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–સરાગ ચારિત્રથી પુણ્ય બંધાય છે તેથી સ્વર્ગાદિ ગતિ પામે છે. આ સુખ ઇન્દ્રિયજનિત છે. એ આત્માના સુખથી ઊલટું છે. એ ખરું સુખ નથી. શુદ્ધ ઉપયોગ ઉપાદેય છે. જે પાપમાં પ્રવર્તે તે અશુભ ઉપયોગ છે. વિષય, કષાય, મોજશોખ બધા અશુભ ઉપયોગ છે. જીવને અનાદિકાળનો અભ્યાસ છે. જે શુભ ઉપયોગ છે તેથી પુણ્ય બંધાય છે પણ અશુભ ઉપયોગમાં પ્રવર્તે તે તો અધર્મ જ છે. શુભભાવમાંથી શુદ્ધમાં જવાનો સંભવ છે. શુભને છોડી આગળ વધે તો શુદ્ધભાવ આવે. ભક્તિ આદિ શુભભાવ છે, પણ લક્ષ કૃપાળુદેવની દશા પ્રત્યે જેટલો રહે તેટલો ઉપયોગ શુદ્ધ થવાનું કારણ થાય છે. જેમ જેમ સુવિચાર જાગે, આ સંસારસુખ ખોટું છે, એમ અંતરથી ગેડ બેસે ત્યારે થાય. ત્યારે એ વિચાર ટકી રહે. અશુભ ઉપયોગનું ફળ દેવાદિ ગતિ પણ નથી. ત્રણે ગતિઓમાં હલકો જ થાય. પાપનું ફળ દુઃખ જ આવે. શુભ ઉપયોગ તે ઉપાદેય એટલા માટે કે તેમાંથી શુદ્ધ ભાવમાં જવાનો સંભવ છે. અશુભ તો અત્યંત હેય છે. આત્માનું સુખ કદી નાશ ન પામે. એ જ ખરું સુખ છે. એ સુખ બાધારહિત છે. મોહનો નાશ કરી જે વીતરાગ ચારિત્રી થયા છે, તેઓને અત્યંત સુખ છે. સ્વપરનું જ્ઞાન જેને થયું છે તે પોતાના સ્વરૂપમાં રહે છે, તે મુનિ છે. આત્મા જાણીને તેમાં રહે છે તે મુનિ છે. વિભાવથી વિરામ પામવું અને સ્વભાવમાં રહેવું એ જ્ઞાનીની આજ્ઞા છે અને એ જ સંયમ છે. સ્મરણ કરવું. આપણને સત્સાધન, સ્મરણ મળ્યું છે તેમાં જ વૃત્તિ રાખવી.

વ્યવહાર છે તે પરવસ્તુને સાથે લઈને કહેનાર છે. નિશ્ચયમાં જેવી વસ્તુ હોય તેવી જ કહે છે. નિશ્ચયમાં સ્વદ્રવ્યની મુખ્યતા છે. અને વ્યવહારમાં પરવસ્તુની મુખ્યતા છે. આત્મા કર્ત્તા છે. આત્માના પરિણામથી કર્મ છે. કરણ પણ પોતે જ છે. સંપ્રદાન, અપાદાન, અધિકરણ વગેરે છ કારક છે તે પોતાને માટે પોતાને આધારે આ કાર્ય કરે છે. આત્મા કર્ત્તા છે, શાનો? તો કે પોતાના શુદ્ધ જ્ઞાયક સ્વભાવનો કર્ત્તા છે. જ્ઞાયક સ્વભાવને કરે છે તે પોતે જ છે. પોતાના જ્ઞાન વડે અનંતજ્ઞાનને પ્રગટાવે છે, એમ પોતે જ કરે છે. શુદ્ધજ્ઞાન પ્રગટ થયું તે પોતાને માટે છે તેથી સંપ્રદાન પણ પોતે જ છે. મતિજ્ઞાનાદિ અશુદ્ધજ્ઞાનથી બદલાઈ શુદ્ધજ્ઞાન પ્રગટ થયું તે અપાદાન

છે. કોઈની મદદ લીધા વગર પોતાના સ્વભાવને પ્રગટ કરે છે તે સ્વયંભૂ કહેવાય છે. જે પરવશ છે તે બધું દુઃખ છે.

**''સઘળું પરવશ તે દુઃખલક્ષણ''**

સંપૂર્ણ સ્વરૂપ પ્રગટ થાય ત્યારે કોઈનો આધાર નથી રહેતો. સમ્યક્દર્શન થયા પછી પણ બારમા ગુણસ્થાન સુધી આલંબન હોય છે. સંપૂર્ણ જ્ઞાન પ્રગટે ત્યારે આલંબન નહીં.

**''આલંબન સાધન જે ત્યાગે, પર પરિણતિને ભાગે રે''**

ઊંચી દશાની વાત છે. પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું છે તેને બીજાની મદદની જરૂર નથી. ઉત્પાદ એટલે ઉત્પન્ન થવું. કેવળજ્ઞાન ઉત્પાદ છે. તે ઉત્પન્ન થયું છે. નાશ પામવાનું નથી. વ્યય એટલે સંસાર નાશ પામ્યો તે ફરીથી ઉત્પન્ન થાય નહીં, ફરી વિભાવ ન થાય. વિભાવ ગયો એટલે ફરી તેની ઉત્પત્તિ ન થાય. એવા ઉત્પાદ, વ્યય, ધ્રુવરૂપ સિદ્ધ ભગવાન છે. ઉત્પાદ, વ્યય, ધ્રુવ એક સમયે જ થાય છે. કેવળજ્ઞાન થયું તે ઉત્પાદ, તેની સાથે વિભાવ વ્યય પામ્યો તે વ્યય અને આત્મામાં નિત્ય રહેવું તે ધ્રુવપણું. એમ ત્રણે એક જ સમયે થયા. દ્રવ્યને કહેનાર તે દ્રવ્યાર્થિકનય છે અને પર્યાયને કહેનાર તે પર્યાયાર્થિકનય છે.

**''આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય''**

આત્મા ધ્રુવ છે પણ પર્યાય પલટાય છે. દ્રવ્ય અપેક્ષાએ છ દ્રવ્યો ધ્રુવ છે અને પર્યાય અવસ્થાએ ઉત્પાદ, વ્યયરૂપ છે. દરેક દ્રવ્યમાં ઉત્પાદ, વ્યય, ધ્રુવ હોય છે. કોઈ પણ વસ્તુ હોય, તો તેના પર્યાય હોય છે. પર્યાય સહિત દ્રવ્ય હોય છે. તેની સાથે ઉત્પાદ, વ્યય, ધ્રુવ પણ હોય છે. જ્ઞાન છે તે જ્ઞેયરૂપે પરિણમે છે. જ્ઞાન જ્ઞેયરૂપ થતું નથી પણ તેનો આકાર લે છે. જગત જે જ્ઞાનમાં ભાસે છે તે ચેતન છે. આત્માને કેવળજ્ઞાન થયું એટલે ઇન્દ્રિયોની જરૂર રહેતી નથી. કોઈની મદદ વગર જ જાણે છે. પરવસ્તુથી આનંદ આવતો હતો તેને બદલે આત્માથી જ આનંદ આવે છે, પરની જરૂર રહેતી નથી. ઇન્દ્રિયોનું જ્ઞાન તો અસ્પષ્ટ છે પણ કેવળજ્ઞાન સ્પષ્ટ જાણે છે તેથી ઇન્દ્રિયની જરૂર રહેતી નથી; ઇન્દ્રિય, મન વગર જાણે છે. ઇન્દ્રિયોનું જ્ઞાન મર્યાદાવાળું છે પણ કેવળજ્ઞાન અમર્યાદિત છે. મોહનીય કર્મનો ક્ષય કરી સ્વરૂપમાં સ્થિત થાય છે, એવું કેવળજ્ઞાન છે. અતીન્દ્રિય જ્ઞાન છે તેનું સુખ પણ અતીન્દ્રિય છે. બાહ્ય વસ્તુમાં સુખ કે દુઃખ નથી.

(બપોરના) ૫૮ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ સુદ ૮, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—સંસારના ભાવો છોડી અહીં રહેવું મુશ્કેલ છે. ભાગ્યશાળી હોય તેને અહીં ગમે છે. અહીં ઘણા આવે છે પણ કોઈકને ગમે છે. પેલું બંધનું કારણ છે અને ભક્તિ મોક્ષનું કારણ છે. મોજશોખથી ઉદાસ થાય ત્યારે એ ગમે.

**''પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ, પરમપુરુષથી રાગતા''** (દેવચંદ્રજી. ૧)

સંસારનો મોહ છોડવો મોટી વાત છે. બે રસ્તા છે. મનોરથનો ખાડો પૂરવા જાય તો પુરાય નહીં. યોગ્ય જીવ હોય તેને લાગે કે મારા માટે એ કહે છે. સત્પુરુષ મળે ત્યારે કંઈક થાય. સત્પુરુષ

મળે ત્યારે ફરે છે. જીવો વિરાધક છે. કર્મભાવ દૃઢ થઈ ગયો છે. આ કાળમાં આરાધક જીવો થોડાક હોય છે. વિરાધના કરે છે, પણ આરાધનાની ખબર નથી. કાળ પડતો આવ્યો છે. આયુષ્ય, ધર્મભાવના, પરમાર્થભાવના ઓછી થતી જાય છે. કંઈક પરમાર્થની જિજ્ઞાસાય નથી. ઘણો સત્સંગ થાય ત્યારે લાગે કે આ પરમાર્થ છે.

પ્રથમાનુયોગમાં બધી કથાઓ છે. જીવને શું કરવું છે? તે આવે છે. તેથી રસ આવે છે. રસ તો ચારે અનુયોગમાં આવે, પણ થોડો આવે. કથાનુયોગમાં વધારે મહાપુરુષનાં ચરિત્રો છે. કથાનુયોગ બહુ મોટો છે. કરણાનુયોગ, ચરણાનુયોગ બધું ત્રુટક થઈ ગયું છે. આ કાળમાં આયુષ્ય થોડું, શક્તિ ઓછી તેથી ઘણાં શાસ્ત્રો વિચ્છેદ ગયાં છે.

મુમુક્ષુ– ''સત્પુરુષ વિદુરના કહ્યા પ્રમાણે આજે એવું કૃત્ય કરજે કે રાત્રે સુખે સુવાય'' (૨-૮૩) એટલે શું?

પૂજ્યશ્રી–'વિદુરનીતિ' નામનું પુસ્તક તેમણે રચ્યું છે. તે વાંચી લેજો એટલે ખબર પડશે.

મુમુક્ષુ–''દેશ, કાળ, મિત્ર એ સઘળાંનો વિચાર સર્વ મનુષ્યે આ પ્રભાતમાં સ્વશક્તિ સમાન કરવો ઉચિત છે.'' (૨-૮૮) એટલે શું?

પૂજ્યશ્રી–કયો દેશ છે, કયો કાળ છે, કયું ક્ષેત્ર છે? તેનો વિચાર કરીને કામ કરવાનું છે. સવારમાં ઊઠી વિચારવું કે આ પંચમકાળમાં શું શું કરવા યોગ્ય છે? કામ કરવાની શક્તિ આદિનો, કામ કરવામાં સહાયક મિત્રનો, બધાનો વિચાર કરવો. વિચાર કરીને કામ કરે તો હિતકારી થાય. પ્રભુશ્રીજીએ મને કહેલું કે નીચેના બોલ આત્માને હિતકારી છે.

અવશ્ય કરવા યોગ્ય કાર્યો– ધીરજ, શમ, સત્ય, પરબ્રહ્મની પ્રાપ્તિ કરાવનારા ધ્યાન, ધારણા અને સમાધિ વગેરેને અનુસરવું, હૃદયની અહંતા-મમતારૂપ ગાંઠને દૂર કરવી. સારું નરતું તે અંતઃકરણના ધર્મ જાણવા. એ આત્માના નથી. (પછી શિક્ષાપાઠ-૩૮ પ્રવેશિકામાંથી વંચાવ્યો હતો).

પોતામાં ગુણ હોય તેનું અભિમાન ન કરવું. સદાચારથી ભ્રષ્ટ થવાના પ્રસંગો આવે, ગમે તેમ હો, પણ અનાર્ય જેવા મનુષ્યોની જેમ વર્તવું નહીં. કોઈને ખરાબ લાગે એવાં વચન બોલવાં નહીં. એ સંયમ છે. તીક્ષ્ણ વાણી બોલવાથી તીવ્ર કર્મ બંધાય છે. ક્રોધથી, તીવ્ર ભાવથી જે બોલે છે, તેનો તીવ્ર રસ પડી ભવોભવ વેર બંધાય છે. એની અસર બહુ લાંબી થાય છે. બીજાને દુઃખ થાય, આખી જિન્દગી સુધી ભુલાય નહીં એવી કઠોર વાણી કદી પણ બોલવી નહીં. એવી વાણીથી બીજાને ક્રોધ ચઢે છે. સજ્જન પુરુષો તો ક્ષમાશીલ જ હોય છે. ગમે તે કરે, તોપણ સજ્જન પુરુષો તો ક્ષમાશીલ જ રહે છે. આ મનુષ્ય મને પુણ્યમાં વધારો કરે છે, એમ લાગે. જેટલો વચનનો સંયમ રાખે તેટલો લાભ છે. જેટલા વિષય છોડે તેટલા દુઃખથી છૂટે. વિષયનું ફળ દુઃખ જ છે. એ અશુભ ઉપયોગ છે. એથી પાપ બંધાય છે. વિષયથી દૂર થાય તો દુઃખનું કારણ ન રહે. અનાદિકાળથી પંચેન્દ્રિયના વિષયોમાં પડ્યો છે. આખો દિવસ એમાં જ ગાળે છે. નવરો જ થતો નથી. હું કોણ છું? મારે શું કરવું છે? એના વિચાર જ નથી આવતા. વિષયને જીતનારાનો કોઈ

પરાજય કરે નહીં. પાંચ ઇન્દ્રિયો જીતે તો મન પણ સારું થાય. કોઈ નિંદા કરે તો ખેદ ન પામે. પ્રશંસા કરે તો હર્ષ ન પામે. જે પુરુષ બધાનું કલ્યાણ થાય એમ ઇચ્છે અને જે કોમળ અને જિતેન્દ્રિય છે તે જ ઉત્તમ પુરુષ છે. પ્રતિજ્ઞા કરે તે આખી જિંદગી પાળે, એ ઉત્તમ પુરુષ છે. જ્ઞાન, તપ અને ઇન્દ્રિયનો જય તથા લોભના ત્યાગ વગર શાંતિ ન થાય. અંતરાત્મા થઈ પરમાત્મા સાથે જોડાણ કરવું, તે શાંતિનો માર્ગ છે. બહુ આશા હોય તે ધૈર્યનો નાશ કરે છે. ઇર્ષ્યા ધર્માચરણનો નાશ કરે છે. કામ જો વશ ન થાય તો લજ્જા પણ ન રહે. નીચની સેવા કરે તો પાપ બંધાય. અભિમાન બધાનો નાશ કરે છે.

*

(સાંજના)

પૂજ્યશ્રી—કૃપાળુદેવનાં વચનો અગાધ છે. મોઢે કર્યા હોય તો કોઈ દિવસ સ્ફુરી આવે. પરમાર્થ એનો ગહન છે. બધાય શાસ્ત્રોનો સાર એમાં છે. કલ્પના કર્યે પાર ન આવે. કલ્પના છોડવાની છે. વચનોની ઉપાસના કરે તો હાથમાં આવે. બધાંય શાસ્ત્રો—દ્વાદશાંગી એમાં સમાય છે. 'હું કંઈ જાણતો નથી' એ અઘરામાં અઘરું છે. જ્યાં સુધી મિથ્યાત્વ છે, ત્યાં સુધી 'હું જાણું છું' એમ રહે છે. જ્ઞાનનું અગાધપણું ખબર પડે ત્યારે 'હું કંઈ ન જાણું' એમ થાય. અનંતજ્ઞાનની આગળ મેં શું જાણ્યું છે? સત્ વસ્તુ વિના બધું કલ્પિત છે. સત્ અને કલ્પના બેય જુદાં છે. જગત બધું કલ્પિત છે. જે કલ્પિત તેનું માહાત્મ્ય શું? કલ્પિતનું માહાત્મ્ય છે, તેથી સત્ સમજાતું નથી. જ્ઞાની જાણે છે, હું કંઈ ન જાણું; ત્યારે સમજાશે. થોડુંક હોય તો અભિમાન બહુ દેખાડે છે. જ્યાં સુધી અભિમાનનો કાંટો છે, ત્યાં સુધી વિનય ન આવે. એ આવ્યા વિના સમકિત ન થાય.

(પ્રવચનસારના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—પરપદાર્થની સાથે આત્માનો જ્ઞેય-જ્ઞાયકનો સંબંધ તે વ્યવહારથી કહેવાય છે, પણ નિશ્ચયથી આત્મા અસંગ છે. પરપરિણામ સાથે કેવળી પરિણમતા નથી, તેને ગ્રહણ કરતા નથી. નિશ્ચયથી આત્મા તો અસંગ છે. કોઈનો સંગ નથી. પદાર્થને કેવળી સંપૂર્ણ દેખે છે, જાણે છે.

મુમુક્ષુ—વેદવું, જાણવું એટલે શું?

પૂજ્યશ્રી—વેદવું એટલે વેદકપણું. તેને લઈને પદાર્થના સુખ-દુઃખને વેદે છે. તે અનુભવ કહેવાય છે. સુખને જાણે, પણ વેદે તો સુખી થાય. આત્મા પોતાના અનંત સુખને વેદે છે. જાણવું એટલે જ્ઞાન. પરપદાર્થને જાણે છે, દેખે છે, તે વ્યવહાર છે. નિશ્ચયથી પોતે પોતાને જાણે છે, દેખે છે. કેવળજ્ઞાની અને શ્રુતકેવળી બે જુદા છે. શ્રુતકેવળી શ્રુતજ્ઞાનથી બધા દ્રવ્યોને જાણે છે, પણ કેવળી પ્રત્યક્ષ જાણે છે અને શ્રુતકેવળી શ્રુતને આધારે જાણે છે. શ્રુતના બે ભેદ છે—એક ભાવશ્રુત અને બીજું દ્રવ્યશ્રુત. શાસ્ત્રો પરથી પોતાના જ્ઞાનની વૃદ્ધિ તે ભાવશ્રુત અને શાસ્ત્ર છે તે દ્રવ્યશ્રુત છે. સમ્યક્દૃષ્ટિ છે તેને સંપૂર્ણ સ્વરૂપ પ્રગટ્યું નથી, તોય આત્માને જાણે છે. કેવળી સંપૂર્ણપણે જાણે છે. સમ્યક્ત્વીને શ્રુતજ્ઞાન હોય છે. તેથી ભાવશ્રુત વડે તે આત્માને જાણે છે, વેદે છે. તેથી એ શ્રુતકેવળી કહેવાય છે. કેવળીને પ્રત્યક્ષપણે વેદન છે અને શ્રુતકેવળી ભાવશ્રુતના આધારે જાણે છે. બન્ને

આત્માને જાણે છે. શ્રુતકેવળી જેટલી શક્તિ પ્રગટ થઈ છે તેટલી શક્તિથી વેદે છે. જેમ કોઈ દીવાથી બધી વસ્તુઓને દેખે છે અને કોઈ દિવસે બધી વસ્તુઓને દેખે છે, પણ બન્ને દેખે છે. કેવળજ્ઞાની અનંત શક્તિથી જાણે છે. સમ્યક્‌દૃષ્ટિને જેટલી શક્તિ પ્રગટ થઈ છે તે પ્રમાણે જાણે છે, પણ જાત એક જ છે. આત્માનું સંપૂર્ણ સ્વરૂપ કેવળી જાણે છે. ભગવાનનાં વચનો છે તે પુદ્‌ગલ-દ્રવ્યશ્રુત છે, એના ઉપરથી ભાવ થાય, જ્ઞાન થાય તે ભાવશ્રુત છે. દ્રવ્યશ્રુત જ્ઞાનને મદદ કરે છે. એ જ્ઞાન નથી પણ વ્યવહારથી કહેવાય છે.

"જ્ઞાન જ્ઞાનીમાં કળો"

એ દ્રવ્યશ્રુત જે જ્ઞાન વડે જણાય છે તે ભાવશ્રુત છે. શ્રુતજ્ઞાન એમ કહેવું એ જ્ઞાનની ઉપાધિ છે કારણ કે જ્ઞાન તો જ્ઞાનરૂપ જ છે. જડમાંથી ચેતન ઉત્પન્ન ન થાય. આત્મામાંથી જ્ઞાન ઉત્પન્ન થાય છે. જ્ઞાનાવરણીય કર્મ ખસવાથી જ્ઞાન પ્રગટે છે, પણ કર્મ જડ છે તેમાંથી જ્ઞાન થતું નથી.

"જડથી ચેતન ઊપજે, ચેતનથી જડ થાય;
એવો અનુભવ કોઈને, ક્યારે કદી ન થાય."

કેટલાક જ્ઞાનને ઉપાધિ કહે છે. એમ કહે છે કે મોક્ષે જાય ત્યારે જ્ઞાન છૂટી જાય, નિર્ગુણ બ્રહ્મ છે. પણ જ્ઞાન એ છૂટી જાય એવો પદાર્થ નથી. જ્ઞાનગુણ વડે આત્મા જાણે છે એમ નથી, આત્મા જ જ્ઞાન છે, અભેદ છે. આત્માના પ્રદેશ છે ત્યાં જ જ્ઞાન છે. આત્માનું જ્ઞાન અને આત્મા જુદાં નથી. નામથી જુદાં કહેવાય છે. જ્ઞાન અને આત્મા કોઈ પ્રયોજન અર્થે વ્યવહારમાં ભિન્ન કહેવાય છે પણ બન્ને વસ્તુ એક જ છે; ભિન્ન છે એમ નથી. જ્ઞાન-ભાવરૂપ પરિણમેલો આત્મા જ જ્ઞાન છે. આત્મા જાણે છે અને જ્ઞાન વડે જણાય છે, એમ વ્યવહારથી ભેદ પડે છે. આત્મા છે ત્યાં જ્ઞાન છે. બન્ને એક જ છે. જ્ઞાન વડે જાણે છે તેથી જ્ઞાન જુદું છે એમ નથી. આત્મા જાણનાર છે, તે જ્ઞાતા છે. પરપદાર્થ તે જ્ઞેય છે. દરેક દ્રવ્ય પરિણામી છે. સમયે સમયે પરિણામ પામે તે દ્રવ્ય કહેવાય છે. આત્મા પોતે જાણે છે, તેથી જાણનારો છે અને પોતાને જાણે છે તેથી જ્ઞેય પણ છે. પરને અને પોતાને જાણવાની આત્મામાં સ્વપરપ્રકાશક શક્તિ છે. જ્ઞાન છે તે જ્ઞેયરૂપે પરિણમે છે. જેવું જ્ઞેય છે તેવું જ્ઞાન પરિણમે છે. જ્ઞેયાકારે પરિણમે છે. જ્ઞાતા અને જ્ઞેયને અનાદિકાળથી સંબંધ છે.

૫૯ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ સુદ ૯, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—જેની ભાવના હોય કે મારે ભણવું છે, તો ઉતાવળ ન કરવી. ભાવ જો ન હોય ભણવાના, તો ભણવાની પણ કંઈ જરૂર નથી. એ ભણવાથી મોક્ષ થાય કે વ્યાપાર થાય એમ નથી. ભણીને જે કરવું છે, તે જ કરવું છે તો ભણવાની કંઈ જરૂર નથી. મનમાં જો રહેતું હોય, તો ભણવું. ભણવાથી કંઈ વધારે ધર્મ કે વ્યાપાર થાય એવું નથી. પોતાને શું પ્રિય છે તેનો વિચાર કરવાનો છે. પોતાને વિચારવાનું છે, મને આશ્રમમાં ગમે છે કે નહીં? આપણે ધર્મ કરવો છે કે શું? તે સત્સંગે ખબર પડે. સત્સંગ થયે યથાર્થ રુચિ જાગે છે. પોતાને અંદરથી ભૂખ લાગે તેવું થાય. સત્સંગે સાંભળવાનું મળે ત્યારે લાગે કે મને હિતકારી શું છે?

*

(સાંજના, 'પ્રવચનસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—પાંચ ઇન્દ્રિયોમાંથી એક જ ઇન્દ્રિય એક સમયે કામ કરે છે. બે ક્રિયા ન થાય. જે સમયે સાંભળે તે સમયે દેખી શકે નહીં. જે વખતે ચાખે તે વખતે સૂંઘી શકે નહીં. જેમ કાગડાને આંખનાં કાણાં તો બે હોય છે, પણ આંખમાં કીકી એક છે. લોકોને લાગે કે બે છે, પણ એ જ કીકી ઝટ ઝટ ફરી જાય છે. જે જાણે નહીં એની મદદ આત્માને લેવી પડે છે, એ પરાધીનતા છે. ચશ્મા જેવી આંખ છે. બીજી વસ્તુઓની મદદ હોય તો દેખે, નહીં તો દેખાય નહીં, કારણ કે ઇન્દ્રિયજ્ઞાન પરાધીન છે. અક્ષ એટલે આત્મા. આત્માથી જાણે તે પ્રત્યક્ષ છે. જે પ્રત્યક્ષ ન જાણે તે પરોક્ષ છે. જે છે તેમાં જીવ સંતોષ માને છે. મને ખાવાનું, ચાખવાનું મળે તેથી સુખ માને છે, પણ એ સુખ નથી. જે વિભાવ છે તે જ દુઃખરૂપ છે. ક્રોધ કરવો એ જ દુઃખ છે. ક્રોધ કર્યા વિના બેસી રહેવું એમાં કંઈ દુઃખ નથી. જેમ જેમ જ્ઞાનની વૃદ્ધિ થાય તેમ તેમ સુખી થાય. જેમ જેમ જ્ઞાન વધે તેમ તેમ સુખની માત્રા પણ વધે છે. એકેન્દ્રિય કરતાં બેઇન્દ્રિય વધારે સુખી છે. એમ અનુક્રમે પંચેન્દ્રિય સુધી જેમ જેમ જ્ઞાન વધારે, તેમ તેમ વધારે સુખી થાય છે. સુખનું કારણ જ્ઞાન છે. અભવ્ય જીવને કદી અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય સુખની ખબર જ નથી. જેને અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય સુખની શ્રદ્ધા નથી તે જીવ ભવ્ય નથી. અભવ્ય જીવને કદી અતીન્દ્રિય જ્ઞાન-સુખની વાત સાંભળે તોય શ્રદ્ધા ન થાય. એને એમ લાગે કે ઇન્દ્રિયો વિના સુખ ક્યાં હોય? એને આત્માની શ્રદ્ધા ન થાય. ખરા સુખી તો કેવળી જ છે એમ સમ્યક્દૃષ્ટિને લાગે છે. ઇન્દ્રિયોનાં સુખ તે પણ દુઃખ જ છે. ઇન્દ્રિયનાં સુખ તો દુઃખરૂપ જ છે, સાચાં નથી. ઇન્દ્રિયસુખ જે આભાસ માત્ર છે તેને સુખ માને છે. પાંચ ઇન્દ્રિયો છે તે દુઃખ દેનારી છે. એની ઇચ્છા તે જ દુઃખનું મૂળ છે. પાંચ ઇન્દ્રિયોથી પીડિત જીવો છે, તે દુઃખી થાય છે.

**"હે જીવ! ક્યા ઇચ્છત હવે? હૈ ઇચ્છા દુઃખ મૂલ"** (હાથનોંધ ૧–૧૨)

ઇન્દ્રિયનાં સુખ છે તે દવા જેવાં છે. એનાથી ઇન્દ્રિયનાં દુઃખ સહન ન થાય ત્યારે ઇન્દ્રિયના સુખની દવા કરે છે, પણ એ ખરી દવા નથી. ઇચ્છાનું કારણ અજ્ઞાન છે. સમ્યકદૃષ્ટિને ઇચ્છા ન થાય. અજ્ઞાન એટલે મિથ્યાત્વ. વિપરીતતાથી જ દુઃખ છે. ઇચ્છાથી જ દુઃખી થાય છે.

ઇન્દ્રિયોથી જીવ દુઃખી થાય છે. જીવ ઇન્દ્રિય-વિષયોની ઇચ્છા કરે છે અને તેથી દુઃખી થાય છે. ઇચ્છા એ રોગ જેવી છે. શરીર, ઇન્દ્રિય સુખરૂપ નથી. કલ્પના કરીને, શરીરથી સુખ છે એમ માને છે. જડ વસ્તુ છે એ કંઈ સુખનું કારણ નથી. ભીંતથી કંઈ સુખ થાય નહીં તેમ. સુખ-દુઃખ બેય કલ્પના છે. કલ્પના દુઃખની કરે તો દુઃખ થાય અને સુખની કરે તો સુખ થાય.

મુમુક્ષુ—કૃપાળુદેવને ૧૯૪૪માં સમ્યક્દર્શન હતું?

પૂજ્યશ્રી—'મોક્ષમાળા'માં કેટલો જૈન ધર્મનો મહિમા છે! કૃપાળુદેવે લખ્યું છે કે આ દેહ ધર્યો ત્યારથી જ સમ્યક્દર્શન છે. સમ્યક્ત્વ વિના એવી 'મોક્ષમાળા' લખાય જ નહીં.

ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એ ત્રિપદી છે. મહાવીર ભગવાને ગૌતમને એ કહી હતી. એ સ્યાદ્વાદ છે. આત્મા પણ વસ્તુ છે. પર્યાયદૃષ્ટિએ આત્માનો ઉત્પાદ છે. કોઈ મનુષ્ય મરી દેવમાં જાય તો

મનુષ્યદેહનો વ્યય, દેવદેહની ઉત્પત્તિ અને જીવ જીવરૂપે સ્થિર રહ્યો. દ્રવ્ય દૃષ્ટિથી વસ્તુ સ્થિર છે. પર્યાયદૃષ્ટિથી અસ્થિર છે. ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એનો વિચાર કરે તો છ પદની શ્રદ્ધા થાય. વસ્તુ જવા-આવવાથી હર્ષ-શોક ન કરવો. હર્ષ-શોક કરવો એ જ જન્મમરણનું કારણ છે.

મુમુક્ષુ–'ત્રિગુણરહિતં' એટલે શું?

પૂજ્યશ્રી–સત્ત્વ, રજો અને તમ એ ત્રણ ગુણો કહેવાય છે. બીજાને દુઃખ દેવાના ભાવ તે તમોગુણ છે, પોતાને સુખી કરવાના ભાવ તે રજોગુણ એટલે કે મોજશોખ કરવાની વૃત્તિ અને સત્ત્વગુણ એટલે એવા ભાવો જે મોક્ષના કામમાં આવે. સાધુતા, સજ્જનતા તે સત્ત્વગુણ છે. એ બધા સંસારી ભાવો છે. સારી ખોટી ગતિનાં કારણ છે. એ ત્રણેથી આત્મા રહિત છે. શુદ્ધભાવ એ નથી. તામસી વૃત્તિ અને રાજસીવૃત્તિ બેય અશુભ છે, પાપનાં કારણ છે. સાત્ત્વિક ગુણ એ શુભભાવ છે.

આત્મામાં સુખ છે, પણ જડ પદાર્થોમાં નથી. સુખગુણ આત્માનો છે. આત્માનો સ્વભાવ સુખરૂપ છે. પરવસ્તુને ગ્રહણ કરે એ જ પોતાના સુખનો નાશ કરવો છે. બીજી વસ્તુઓથી જીવ સુખી નથી. આત્મા પોતે જ સુખસ્વરૂપ છે. અજ્ઞાની જીવો ઇન્દ્રિયોમાં કલ્પના કરી સુખ માને છે પણ ઇન્દ્રિયોમાં સુખ નથી. સુખ તો આત્માનું છે. બધાનો આધાર મન છે. મન જો ફર્યું તો બધું ફર્યું. મુનિને ઉપસર્ગ, પરિષહ આદિ સુખરૂપ લાગે છે, કારણકે મને સુખનાં કારણ છે એમ એ જાણે છે. [1]ગજસુકુમારને માથે અંગારા ભર્યા ત્યારે લાગ્યું કે મને પાઘડી બંધાવી છે. સારું થયું, એમ માન્યું. કલ્પનામાં સુખ નથી. સુખ તો અંતરમાં છે. બહાર શોધવાથી નહીં મળે. શરીરથી સુખ થતું હોય તો મડદું હોય તોય સુખ આપે, પણ એમ નથી. આત્મા સ્વપર-પ્રકાશક પદાર્થ છે. સમકિતીના મનમાં આત્મા સુખસ્વરૂપ છે. પથ્થરમાં જેમ મૂર્તિ કોતરાયેલી હોય, તેમ એને આત્મા સુખસ્વરૂપ છે તે કોતરાઈ ગયું છે. મોહ હોય તેને લઈને ઇચ્છા થાય છે. વેદનીય કર્મથી ભૂખ લાગી, મોહનીય કર્મથી ખાવાની ઇચ્છા થાય છે.

મુમુક્ષુ–પ્રભુ, આજે જવું છે.

પૂજ્યશ્રી–સબકા સુનના ઔર અપના કરના. એટલું ધ્યાનમાં રાખજે. (એમ પ્રભુએ ઉલ્લાસમાં આવી હસતાં હસતાં કહ્યું હતું).

ચક્રવર્તી, ઇન્દ્ર, કોઈ સુખી નથી. એ સુખ મળવાથી સુખી થતા નથી. કારણકે તૃષ્ણા છે. તૃષ્ણા છે ત્યાં દુઃખ જ છે. તૃષ્ણા થવાનું કારણ પુણ્ય છે. દેવગતિમાં જાય તો ત્યાં તૃષ્ણા છે. જ્યાં જ્યાં પુણ્ય છે ત્યાં ત્યાં ઇચ્છા થાય છે. મૃગતૃષ્ણાની જેમ આ જીવને પુણ્યના યોગે વિષય મળે છે તો પણ દુઃખી થાય છે. ઇન્દ્રિયનાં સુખ છે તે સુખાભાસ છે, સુખ નથી. ખરું સુખ તો આત્માનું છે.

૬૦ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ સુદ ૧૧, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–જાગ્યા ત્યારથી સવાર. જે આપણે શીખ્યા નથી તે શીખવાનું છે. સત્સંગ હોય તો દરેકને પોતાનું હિત કરવું છે, એમ લાગે. 'આત્મવિચારકર્ત્તવ્યરૂપધર્મ' છે. એમ લાગે ત્યારથી ધર્મ પામ્યો કહેવાય. એ કર્ત્તવ્ય લાગ્યું નથી. પૈસા કમાવા એ કર્ત્તવ્ય લાગે છે, પણ મારે

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા શિક્ષાપાઠ ૪૩.

'આત્મવિચારકર્ત્તવ્યરૂપધર્મ' કરવો છે, એમ નથી લાગતું. પુણ્ય હોય ત્યારે સાચી વસ્તુ હાથમાં આવે છે. સર્વ જીવ પ્રત્યે સમાન દૃષ્ટિ રાખવી એ કંઈ જેવી તેવી વાત નથી, બહુ મુશ્કેલ છે. આત્મા ઓળખાય ત્યારે સમદૃષ્ટિ રહે.

*

(બપોરના)

પૂજ્યશ્રી—જ્ઞાનીપુરુષોએ જગતના કલ્યાણને અર્થે અનેક ઉપાયો કહ્યા છે. [૧]પ. પૂ. પ્રભુશ્રીજીએ અંત વખતે મને કહેલું કે જેની આત્મકલ્યાણ કરવાની ભાવના હોય તેને આ ત્રણ પાઠ, મંત્ર, સાત વ્યસનનો ત્યાગ વગેરે તારે આપવાં. જ્ઞાનીની આજ્ઞાએ થોડું કરે તો પણ ઘણું થાય. સામાન્ય ન કરી નાંખવું. જ્ઞાનીએ કહ્યું છે તે માહાત્મ્યવાળું છે. ભક્તિ કરવી હોય તેને સદાચારની જરૂર છે. નહીં તો એકલું બોલે અને સદાચાર ન હોય તો ભક્તિ ન થાય. આ મંત્ર છે તે મરણ સુધારવાની દવા છે. સમાધિમરણ થાય એવું છે. મનુષ્યભવ સફળ થાય એવું કંઈક કરવું છે.

*

(સાંજના)

પૂજ્યશ્રી—સત્સંગ, સત્શાસ્ત્ર આધારભૂત છે. જેની મધ્યસ્થ બુદ્ધિ હોય તેને લાભ થાય. આગ્રહ ન હોય તો વિશેષ લાભ થાય. મારું તારું કર્યા વગર, મારા આત્માનું હિત શાથી થાય? એમ સત્પુરુષ ન મળે ત્યાં સુધી મધ્યસ્થ રહેવું. ઘણા પુણ્યના યોગે સાચો ધર્મ પ્રાપ્ત થાય છે. ન દેખાય એવો આત્મા છે. ઊર્ધ્વતા ગુણ આત્માનો છે. પહેલાં જે જે ભાવના કરી છે તે તે ફૂટી નીકળી છે. ચિંતામણી જેવો આત્મા છે. સંસારના વિકલ્પથી મોહ ઉત્પન્ન થાય છે. બાહ્યદૃષ્ટિ છે તે છોડી અંતરદૃષ્ટિ થાય ત્યારે સાચું શું, તે સમજાશે. સર્વોપરી આત્મા છે. સંસાર ઊભો થયો છે તે બધો દુઃખસ્વરૂપ છે. એ જ્યારે વૈરાગ્ય-ઉપશમ વધશે ત્યારે શમાઈ જશે. એક ભક્તિભાવ જાગે તો વિચારણા જાગે. જ્ઞાનીએ કહ્યું તે કરવું છે. મનુષ્યભવ દુર્લભ છે. ઝટ છૂટી જશે. માટે જેટલું કરીએ તેટલું કામનું. જીવવાની કોને ખબર છે?

"સત્પુરુષના એકેક વાક્યમાં એકેક શબ્દમાં અનંત આગમ રહ્યાં છે." (૧૬૬) એક વચન પણ હૃદયમાં ચોંટી જાય તો મોક્ષ થાય. મંત્ર મળ્યો છે તે જેવો તેવો નથી. મંત્રની ટેવ પાડી લેવી. આગળ વખત મળવો બહુ મુશ્કેલ છે. એક આત્માનું કામ કરવા માટે જીવતા રહ્યા છીએ એ લક્ષ રાખવો. કોઈને મારવાની ભાવના થાય તેથી ઘણું પાપ બંધાય છે. આત્માનું કામ કોઈ કરી આપી શકે એમ નથી. જન્મમરણ કેમ ટળે એ વિચારવું. વાંચન કરીને વિચાર કરવો. મને સત્પુરુષ ઘેર આવીને કહે છે, એ લક્ષ રાખીને વાંચીએ. દાન-ઉપવાસ આદિ કરતાં પહેલાં કૃપાળુદેવને સંભારીએ, આજ્ઞા લઈને કરવું. 'મોક્ષમાળા' એ મોક્ષનો માર્ગ છે. મહાપુરુષનાં વચનો જેટલાં ભણે તેટલાં હિતકારી છે. 'મોક્ષમાળા'ના કાવ્યો બહુ ઉપયોગી છે. 'આત્મસિદ્ધિશાસ્ત્ર' પણ બહુ સુંદર છે. છે નાનું પણ આખી જિંદગી સુધી ચાલે એવું છે. મન નવરું પડે ત્યારે ભટકે છે. કંઈક મનને કામ સોંપવું. મહાપુરુષના વચનોમાં વૃત્તિ રહે તેટલી હિતકારી છે.

---

૧. વિસ્તારથી પ્રસંગ માટે જુઓ પૃષ્ઠ નં. ૨૩૬.

પ્રભુશ્રીજીએ કૃપાળુદેવને પૂછ્યું કે આ 'મોક્ષમાળા'માં કહ્યું તે જ કરવાનું છે? કૃપાળુદેવે કહ્યુંઃ 'મોક્ષમાળા'માં આખો મોક્ષમાર્ગ છે. સમજાવું જોઈએ. આત્માનું ઓળખાણ થાય, આરાધન થાય, તે માટે 'મોક્ષમાળા' છે. પુરુષાર્થ કરશે તો બધું થશે.

('પ્રવચનસાર'ના વાંચન પ્રસંગે) ૬૧ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ સુદ ૧૨, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–ઇન્દ્રિયસુખ પરાધીન અને બાધાયુક્ત છે. ઇન્દ્રિયસુખમાં સમભાવ હોતો નથી. અશાતાના ઉદયે તે નાશ પામે છે, ચંચળ છે. ઇન્દ્રિયસુખ અને દુઃખ બન્ને દુઃખ જ છે. પુણ્ય, પાપ બેય સરખાં છે. બંધનરૂપ છે. આત્માને મુક્ત કરવા માટે બધું કરવાનું છે. આત્માર્થથી ચૂક્યો તો પડી જશે. અશુદ્ધ ભાવમાંથી જેની પ્રીતિ ઊઠે તેને શુદ્ધ ઉપયોગ પ્રત્યે પ્રીતિ થાય છે. શુદ્ધ ઉપયોગથી સંવર, નિર્જરા, મોક્ષ બધું થાય છે. શુદ્ધ ઉપયોગ ન રહેતો હોય તો મારે શુદ્ધ ઉપયોગ માટે કરવું છે, એ લક્ષ રાખવો. સમ્યક્દર્શનનો લક્ષ રાખીને કરે તો શુદ્ધ ઉપયોગ પ્રાપ્ત થાય.

**"નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નો'ય;**
**નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય."**

પુણ્ય પાપ બન્નેની હોળી કરી મોક્ષે જવાનું છે. કંઈ રાખવું નથી. જે જીવ દ્રવ્ય, ગુણ, પર્યાયથી અરિહંતનું સ્વરૂપ જાણે છે, તે જીવ પોતાના આત્માને જાણે છે.

**"સેવે સદ્ગુરુ ચરણને, ત્યાગી દઈ નિજપક્ષ;**
**પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ."**

ગુણપર્યાય જ્યાં વસે છે તે દ્રવ્ય છે. જ્ઞાનાદિની વિશેષતાને ગુણ કહે છે. એક સમયની અવસ્થા તે પર્યાય છે. મોહ ક્ષય કરવા અરિહંતને દ્રવ્ય, ગુણ, પર્યાયથી જાણે તો મોહ ક્ષય થાય.

"જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ થાય." (૪૯૩) સદ્ગુરુનો આત્મા ઓળખાય ત્યારે પોતાનો આત્મા ઓળખાય છે. પ્રમાદથી મળેલું સ્વરૂપ પણ ભૂલી જાય છે. પ્રમાદ એવો છે કે આત્મજ્ઞાન થયા પછી પણ જીવ પડી જાય.

મુમુક્ષુ–મુનિ સાતમેથી છઠ્ઠે અને છઠ્ઠેથી સાતમે, એમ શા માટે કરે છે? સાતમે કેમ નથી ટકી શકતા?

પૂજ્યશ્રી–કર્મને લઈને. પ્રમત્તમાં આવવું છે, એવો ભાવ નથી. અપ્રમત્ત હોય ત્યારે આહાર, વિહાર, નિહાર ન હોય. આત્મા સિવાય કંઈ ન હોય. પ્રમત્તમાં આવે ત્યારે આહારાદિ કરે. પ્રમત્તમાં આવે ત્યારે સ્વાધ્યાયમાં રહે છે. શ્રેણિ ન માંડે ત્યાં સુધી પ્રમાદ છે. સાતમેથી આગળ જાય અને જો ક્ષપકશ્રેણિ હોય તો ન પડે. પછી પ્રમાદનો ક્ષય કરે જ.

('દશવૈકાલિક'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–ઇચ્છા ન રોકે ત્યાં સુધી સાધુપણું ન પળાય. જે સ્ત્રી, શય્યા આદિને પરાધીનપણે તજે તે ખરો ત્યાગી નથી. સાધુપણું પાળે તોપણ તે ખરો ત્યાગી નથી. જેને સ્વાધીન ભોગો છે, તે

ભોગોને પણ તજીને જે સાધુ થયા છે, તે ખરા સાધુ છે. મુનિધર્મ પાળતા હોય, તોય કર્મને લઈને મન ભમે છે. પૂર્વની સ્ત્રીનું સ્મરણ થઈ આવે ત્યારે મુનિ ઠપકો આપી મનને સ્થિર કરે છે.

(‘પ્રવચનસાર’ના વાંચન પ્રસંગે) ૬૨ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ સુદ ૧૩, સં.૨૦૦૮

**પૂજ્યશ્રી—સમ્યક્દર્શન થયા પછી ચારિત્રમોહ રહે છે તે એને ખેંચે છે. સૂક્ષ્મ પ્રશસ્ત મોહ રહે છે.**

દ્રવ્ય, ગુણ, પર્યાયથી વીતરાગ ભગવાનને જાણ્યા નથી. વીતરાગ ભગવાનને પૂજનારા હોય તેમાં પણ મતાર્થી હોય છે.

**“જે જિનદેહ પ્રમાણ ને, સમવસરણાદિ સિદ્ધિ;**
**વર્ણન સમજે જિનનું, રોકી રહે નિજ બુદ્ધિ.”**

બહારની વસ્તુઓ જોઈને આશ્ચર્ય થાય છે, આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે નહીં, એ બધા ભૂલાવા છે. રાગ, દ્વેષ, મોહ દેખાય છે તે મારું સ્વરૂપ નથી. વીતરાગ ભગવાનનું સ્વરૂપ છે તેવું જ મારું સ્વરૂપ છે, જેવા વીતરાગ સુખી છે તેવો જ હું સુખી છું, એમ અભેદ થઈ જાય. અરિહંતનું જેવું સ્વરૂપ છે તેવું જ મારું સ્વરૂપ છે, ભેદ નથી એ પરાભક્તિ છે. શુદ્ધ સ્વરૂપમાં મોહ નથી. શુદ્ધ સ્વરૂપમાં અભેદભાવ કરવો એ મોહ ક્ષય થવાનો ઉપાય છે. પ્રમાદ છે તે મળેલું સ્વરૂપ પણ લૂંટી લે એવો છે. મિથ્યાત્વ ગયા પછી પણ પ્રમાદ ટાળવાનો છે. પ્રમાદને વશ થાય તો મળેલું ન મળ્યા જેવું અને જો પ્રમાદ ટાળે તો અપ્રમત્ત થાય.

**“આવી અપૂર્વ વૃત્તિ અહો, થશે અપ્રમત્ત યોગ રે;**
**કેવળ લગભગ ભૂમિકા, સ્પર્શીને દેહ વિયોગ રે.” ધન્ય રે દિવસ૦**

સમ્યક્દર્શન થયું છે તેથી મોક્ષ તો થાય, પણ પ્રમાદ કરે તો વધારે વાર લાગે.

એક વાણિયાનો છોકરો હતો. તે રોજ ઝવેરીની દુકાને બેસતો અને રત્નોની પરીક્ષા કરતો. એમ કરતાં કરતાં તેણે ચિંતામણી રત્નનું નામ સાંભળ્યું. તેથી તેને લાગ્યું કે એથી જે ઇચ્છે તે મળે છે તો પછી ધંધો બધો કરવો મટી જાય, માટે એ રત્ન આપણે મેળવવું. પછી બધાને પૂછ્યું કે ક્યાં મળે છે? કોઈએ કહ્યું કે રત્નદ્વીપમાં મળે છે. વાણિયાના છોકરાએ કહ્યું કે રત્નદ્વીપ ક્યાં છે? તેણે કહ્યું મેં જોયો છે. છોકરાએ કહ્યું— મને લઈ જાઓ. તેણે કહ્યું કે લાખ રૂપિયા આપો તો હું લઈ જાઉં. છોકરાએ તેને એક લાખ રૂપિયા આપ્યા. પછી ત્યાં ગયો અને પૂછ્યું કે અહીં ચિંતામણિ રત્ન મળશે? લોકોએ કહ્યું કે અહીં કંઈ રખડતાં નથી. એક પહાડ ઉપર દેવી છે તેની ઉપાસના કરો તો મળે. તે પહાડ ઉપર ગયો અને ખાધા પીધા વગર વીસ દિવસ સુધી રહ્યો. એકવીસમા દિવસે દેવી પ્રસન્ન થઈ અને કહ્યું કે તારા ભાગ્યમાં નથી. તેણે કહ્યું; ‘મારા ભાગ્યમાં નથી, એટલું જ સાંભળવા હું અહીં નથી આવ્યો.’ ત્યારે દેવીએ ‘લે આ રત્ન’ કહીને આપ્યું. છોકરો રત્ન લઈને નીચે આવ્યો અને પારણું કર્યું. જે માગ્યું તે થયું. પછી તે નાવમાં બેસી ઘર તરફ રવાના થયો. શરદપૂર્ણિમા હતી. તેથી રસ્તામાં પાણીમાં ચંદ્ર ચળકતો દેખાતો હતો. તે જોઈને તેણે કહ્યુંઃ ‘આ ચંદ્ર બહુ ચળકે છે. મારી પાસે આ ચિંતામણિ રત્ન છે

તે પણ બહુ ચળકે છે.' એમ હાથમાં લઈ સરખામણી કરતાં તે પડી ગયું. એવો આ મનુષ્યભવ ચિંતામણિ જેવો મળ્યો છે, તેમાં આય સારું ને આય સારું એમ કરે તો પડી જાય. પ્રમાદથી મળેલું પણ ખોવાઈ જાય છે. બધાનો આધાર જ્ઞાન છે.

જીવ માથું મૂકે પણ માન ન મૂકે. પ્રિય કરવા જેવું કંઈ નથી અને જે પ્રિય કરવા જેવું છે તે તો જીવે જાણ્યું નથી. ''તેનાં મન, વચન, કાયાની પ્રત્યેક ચેષ્ટાનાં અદ્ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવાં.'' (૧૭૨) અનાદિકાળથી જે ભવમાં જાય ત્યાં 'દેહ તે હું' એમ થઈ ગયું છે. જે આત્મા અને શરીરને, વસ્ત્રની સમાન જુદાં દેખે છે તે મહાપુરુષ છે. આત્મામાં જેટલી વૃત્તિ રહે તેટલો મોક્ષ છે. ''તું છો મોક્ષસ્વરૂપ.''

પરાભક્તિમાં અભેદભાવ હોય છે. જેવું ભગવાનનું સ્વરૂપ છે તેવું જ પોતાનું સ્વરૂપ છે, એમ લાગે છે. માન્યતાથી અનુભવ થાય છે. જડમાં ચેતનબુદ્ધિ તે જ ભ્રાંતિ છે. જેણે ઠેઠનો અનુભવ કર્યો છે એવો પુરુષ મળવો દુર્લભ છે; એ ન હોય તો ભ્રાંતિ થઈ જાય. આત્મા કેવળી થાય છે ત્યારે આખા જગતને પ્રકાશે છે, પણ જગતરૂપ થઈ જતો નથી. ચૈતન્ય તે ચૈતન્ય જ રહે છે.

**''જડથી ચેતન ઊપજે, ચેતનથી જડ થાય;**
**એવો અનુભવ કોઈને, ક્યારે કદી ન થાય.''**

શુદ્ધાત્માની વાત કહેવી છે. શુદ્ધાત્મા જેવો છે તેવો જ રહે છે. સર્વ વિશ્વને પ્રકાશનાર આત્મા છે. 'હું કંઈ જાણતો નથી' એમ થશે, ત્યારપછી આત્મા જણાશે. માન્યતા થવાનું કારણ શ્રવણ છે. નાનો હોય ત્યારે કંઈ ન સમજે, પણ કાનમાં શબ્દ પડ પડ કરે ત્યારે સમજવા લાગે છે. તેમ જ્ઞાનીપુરુષનાં વચનો જેમ જેમ કાનમાં પડશે તેમ તેમ સમજ આવશે.''सवणे नाणे विन्नाणे ।''

શ્રવણભક્તિ પહેલી કહી. પછી ભ્રાંતિ ટાળવી તો સમ્યક્ત્વ થશે. પ્રમાદ ટાળવો તો અપ્રમત્ત થવાશે. પ્રમાદથી જીવ મળેલું સ્વરૂપ પણ ભૂલી જાય છે. પોતાનું સ્વરૂપ સમજાય; તેમાં મારું, તારું, મોહ કંઈ નથી. જેવું જ્ઞાનીએ અનુભવ્યું તેવું જ સ્વરૂપ જીવોનું છે. મિથ્યાત્વનો ઉદય થાય તો એ સમજણ ન રહે. અવકાશ મળે ત્યાં મોહ પેસે છે. બીજેથી વૃત્તિ ખસેડી, અનુભવ થવાથી તેમાં લીન થાય છે.

*

(સાંજના, 'પ્રભુશ્રીજીના બોધ'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—સાત્વિક ગુણ હોય તો મહાપુરુષનાં વચનો પરિણામ પામે. 'હું સમજું છું' એમ જેને હોય તેને પ્રાપ્ત થાય નહીં. ખરું સ્વરૂપ છે તેમાં વૃત્તિ જાય તો કોટી કર્મ ખપી જાય. જ્ઞાનીએ કહ્યું, તો પછી મંડી પડવાનું છે, પુરુષાર્થ કરવાનો છે. બીજાના વિચાર આવે છે, 'પણ હું કોણ છું? મારું સ્વરૂપ શું છે?' એના વિચાર નથી આવતા. પોતાને પોતાનું ભાન નથી. એ આશ્ચર્યની વાત છે. આવરણથી પોતાના સ્વરૂપને ભૂલી ગયો છે. જ્ઞાનીએ આવરણને ધક્કો માર્યો તો કેવળજ્ઞાન થયું. નિશ્ચયથી પોતાનો શુદ્ધ આત્મા જ પરમાત્મસ્વરૂપ છે. પ્રતીતિની ખામી છે. ઓળખાણ થાય તો થાય. જગત સાંભળ સાંભળ કર્યું છે, તેથી દૃઢ થયું છે. આ કાળમાં આત્મા પ્રગટ ન થાય એમ

નથી. સત્સંગ અને બોધ એ બેની જરૂર છે. સત્સંગ, સત્પુરુષનો યોગ એ કામનું છે. આતમ-ભાવના કરવાની છે. પ્રભુશ્રીજીને કૃપાળુદેવે ''આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે'' સમાધિશતક ઉપર લખી આપ્યું હતું. તે ભાવના કરવાની છે. આત્મા જાણ્યો નથી, તે જાણવાનો છે. જ્ઞાનીના યોગે વચનોનું માહાત્મ્ય લાગે છે. સત્પુરુષો કહે છે કે જીવને ભક્તિ કર્યા વિના છૂટકો નથી, અને ભક્તિ કરે ત્યારે લજ્જા આવે છે.

**''આત્મભ્રાંતિસમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;**
**ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.''**

અમૃત જેવું હોય તોય ન ભાવે. આત્મા છે, તે દેહમાં છે ત્યાં સુધી ખાવું પીવું કરે છે. એ ન હોય તો વર્ણ, રસ, ગંધ ફરી જાય. તેરમે ગુણસ્થાનકે યોગી (યોગ સહિત) છે અને ચૌદમે સ્થિર થાય ત્યારે અયોગી થાય. બીજી ઇચ્છા છોડી એક આત્મા પ્રાપ્ત કરવા સદ્‌ગુરુ પાસે જવું. પોતાને તૈયાર થવાનું છે. પ્રમાદમાં પડે તો તણાઈ જાય, માટે પુરુષાર્થ કરવો. જેને આત્મા અને દેહ જુદા છે, એમ માન્યતા થઈ, તે ન ફરે. જીવ લૌકિકમાં પ્રવર્તે છે. આત્મા તરફ દૃષ્ટિ નથી. મરણ છે તે લુંટારો છે, માટે તારાથી બને તે કરી લે. 'વચનામૃત' છે તે સિદ્ધાંતનો સાર છે. મહેમાન જેવું જીવન છે. આખો લોક ત્રિવિધ તાપથી બળે છે. સત્પુરુષના વચનથી શાંતિ પમાય છે. જેનાથી શાંતિ પમાય તે સંત છે. જીવ ધર્મમાં ઢીલ કરે છે. બીજાં કામ ઝટ ઝટ કરે છે. ધર્મનું માહાત્મ્ય નથી. તેથી આ તો થશે એમ કરે છે. પ્રમાદ, આળસ છે તે જિંદગી લૂંટી લેનાર છે. અનાદિથી ભટકતાં ભટકતાં મનુષ્યભવમાં આવ્યો; સત્પુરુષનો યોગ થયો. માટે હવે કરી લેવું. જેટલો બીજાથી છૂટે તેટલી પોતાની સંપત્તિ મળે. જ્યારથી ખબર પડી ત્યારથી કરવા માંડવું. જાગ્યા ત્યારથી સવાર.

**''પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;**
**પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.''**

જેટલી જીવની બ્રહ્મચર્ય ભણી દૃષ્ટિ હશે, તેટલું કલ્યાણ થશે. આત્માની કાળજી, તો આત્મા થશે. સંસારની કાળજી, તો સંસાર થશે. આળસમાં વખત ન ગુમાવવો. બધાય વ્રતો વૃત્તિઓ રોકવા માટે છે.

મુમુક્ષુ—પહેલી દૃષ્ટિમાં યમ અને બીજી દૃષ્ટિમાં નિયમ, એમ કેમ?

પૂજ્યશ્રી—નિયમ થોડોક વખત હોય છે, પણ આકરો છે. જેમ દેશાવકાશિક તે દિગ્વ્રત કરતાં આકરું છે. દિગ્પરિમાણમાં તો બસો ગામની છૂટ હોય, પણ દેશાવકાશિક એ તો આકરું છે, માટે પહેલી દૃષ્ટિમાં યમ કહે છે.

૬૩ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ સુદ ૧૪, સં.૨૦૦૮

મુમુક્ષુ—અહિંસા એટલે શું?

પૂજ્યશ્રી—એક તો પ્રમાદને લીધે બીજા જીવની હિંસા કરે. એ હિંસા ટાળે તો અહિંસા છે. બીજાને દુઃખ આપવાના ભાવ તે હિંસા છે. પોતાના પરિણામ બગડવાં તે ભાવહિંસા છે. તે ન થાય તે ભાવ-અહિંસા છે. આખું જગત ખરાબ નિમિત્તોથી ભરેલું છે.

૬૪ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ સુદ ૧૫, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–ઉન્માદ એટલે ધર્મનું અભિમાન, તે પણ પ્રમાદ છે. આળસ, અભિમાન બધા પ્રમાદ છે. બધે સાચવવાનું છે. ધર્મ ન કરે તોય ખોટું અને ધર્મ કરી અભિમાન કરે એય ખોટું છે. ધર્મમાં ઢીલ કરવા જેવું નથી. ધર્મમાં આદર રાખવા જેવો છે. ધર્મમાં અભિમાન કરવા જેવું નથી.

**''જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;**
**ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.''**

રોટલી તવા ઉપર બળી ન જવા દેવી અને કાચી પણ ન રાખવી. ધર્મ કરીને, તપ કરીને પાછું અભિમાન કરે કે મેં તપ કર્યું, હું તપસ્વી છું તો ખોટું છે અને ધર્મ ન કરે તોય ખોટું છે. કૃપાળુદેવનાં વચનો મોઢે કરીએ, આગળ ગુણ કરશે. આત્માના વિચારની ગરજ જાગે તો પછી મોઢે કરેલું કામ આવે. 'આત્મસિદ્ધિ', 'છ પદ'નો પત્ર, એને આધારે આત્મવિચાર થાય. પૂર્વના સંસ્કારી હોય તેને તો વારંવાર એમાં વૃત્તિ જાય અને વિચારણા જાગે. જીવને મદદ મળે તો પોતે ચાલતાં શીખી જાય. બાર ભાવના વાંચી, પણ મોહ ન જાય ત્યાં સુધી વિચાર જાગે નહીં. બીજી વસ્તુઓમાં મોહ હોય ત્યાં સુધી આત્મા ન સમજાય. વૈરાગ્યની બહુ જરૂર છે. બીજી ગતિમાં ન બને. આ મનુષ્યભવમાં થાય એવું છે. મહાપુરુષના જીવનમાંથી ઘણું શીખવાનું હોય છે. કૃપાળુદેવને આઠમા વર્ષે જાતિસ્મરણ થયું. તેથી આગળ જે મહાપુરુષો મળેલા, બોધ સાંભળેલો તેનું સ્મરણ થયું અને તેથી કરીને જીવન પવિત્ર બનાવ્યું. કૃપાળુદેવનો એક પત્ર પણ વાંચીએ તો નવું નવું લાગે, નવા વિચારો સ્ફુરે.

''સત્પુરુષના એકેક વાક્યમાં એકેક શબ્દમાં અનંત આગમ રહ્યાં છે.'' (૧૬૬) જેમ જેમ અર્થ કરે, વિચારે તેમ તેમ અનંત અર્થ, ભાવ સમજાય છે. વીશ દોહરા રોજ ભક્તિપૂર્વક ભણે તો કેટલાંય પાપ ખસી જાય. હું મોટો એમ અભિમાન થાય છે, પણ આ વીશ દોહરામાં અધમાધમ કહ્યું છે. લઘુતા આવે એવું છે.

*

(સાંજના)

પૂજ્યશ્રી–જ્ઞાન અનંત છે. 'હું કંઈ જાણતો નથી' એવું રાખવું. સાગરમાંથી ટીપા જેટલું પણ જ્ઞાન નથી. આત્મસિદ્ધિમાં બહુ સુંદર ભાવ છે. કંઈક વૈરાગ્ય હોય, જન્મમરણનો ત્રાસ લાગ્યો હોય, સંસારમાં સુખ નથી, સાચી વસ્તુ આત્મા છે, આત્મા જાણવો છે, આત્મા જાણ્યા વિના કોઈનો મોક્ષ ન થાય એમ લાગે, ત્યારે એ સિદ્ધાંતબોધ પરિણમે.

(સાંજના) ૬૫ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૧, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–બધું સ્વપ્ના જેવું છે. આજે છે તે કાલે નહીં. જ્યાં સુધી જીવવું છે ત્યાં સુધી આત્માનું કામ કરી લેવું. કૃપાળુદેવનું શું કહેવું છે, તે સમજી લેવું. સત્પુરુષનો યોગ એ લહાવો મળ્યો છે તેને વારંવાર સંભારવો. આ ભવમાં એ યોગ મળ્યો છે, તે જેવો તેવો નથી. લક્ષ રાખવાનો છે. જ્ઞાનીનો યોગ થયો તે સફળ થાય એવું કરવાનું છે. મંત્ર એ આત્મા છે. જેવું તેવું

નથી, બીજ છે. એ આપણે પોષવાનું છે. ભૂલ્યા ત્યારથી ફેર ગણ. ધર્મનાં ફળ બહુ મીઠાં છે. આગળ મરતી વખતે મંત્ર ઘણો કામ આવશે, માટે આરાધના કરવી. જ્ઞાનીની આજ્ઞા આરાધન કરતાં દેહ છોડવો છે.

ખંભાતમાં ત્રિભુવનભાઈનું શરીર બરાબર નહોતું. ત્યારે મનમાં તેઓને થવા લાગ્યું કે આ દેહ છૂટી જશે. માટે મારે શું કરવું? મારે સત્સંગ નથી, એમ થવા લાગ્યું. ત્યારે હું ત્યાં ગયો. તેમણે મને કહ્યું કે હું શું કરું? ''પરમગુરુ નિર્ગ્રંથ'' જપું કે ''આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે'' જપું? છેવટે મારે શું કરવું? તેમને કૃપાળુદેવ પાસેથી મંત્ર નહીં મળેલો. પછી મેં પ્રભુશ્રીજીનું કહેલું ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' જપવાનું કહ્યું. ત્યારે તેમણે કહ્યું કે આ તો કૃપાળુદેવ મારા માટે જ લખી ગયા છે. મરતાં સુધી તેઓની વૃત્તિ તેમાં જ રહી હતી.

૬૬ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ વદ ૨, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—મોહભાવ, અજ્ઞાનભાવરૂપી ધંતૂરો પીધો છે, તેથી જગત સોના જેવું લાગે છે. રાગ કરે છે તે એને મીઠો લાગે છે. જીવની સાથે ભાવ એવો બંધાઈ જાય છે કે જીવ તે ભાવ જેવો જ થઈ જાય છે. દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વિપરીતતા છે. પરદ્રવ્યને પોતાનું દ્રવ્ય, પરપર્યાયને પોતાનો પર્યાય, પરગુણને પોતાનો ગુણ એમ દ્રવ્ય, ગુણ, પર્યાયને વિપરીત માને છે. દેહ છે તે પુદ્ગલ છે, પરદ્રવ્ય છે, તેમાં એને મમત્વ થયું છે. શરીરના પર્યાય, બાળક-યુવાનને પોતાની અવસ્થા માની રહ્યો છે. પુદ્ગલના ગુણો જે વર્ણાદિ છે તેને પોતાના માને છે. ઇષ્ટ પદાર્થ અને અનિષ્ટ પદાર્થના સંયોગે આત્મા રાગ-દ્વેષ એમ બે રૂપ થઈ ગયો છે. જીવનું કામ તો જાણવા-જોવાનું છે, પણ જ્યારે પરવસ્તુમાં ઇષ્ટ અનિષ્ટ કરે છે, ત્યારે બે રૂપ થઈ જાય છે. કર્મની ગાંઠ પડવાનું કારણ રાગ, દ્વેષ અને અજ્ઞાન એ ત્રણ છે.

**''રાગ, દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ''**

મમતાભાવ થાય છે તે વિપરીતભાવ છે. મોહદયા છે એ એક મિથ્યાત્વનો ભેદ છે. મોહદયા એટલે મારે લઈને બધા જીવે છે, અને જો હું ન હોઉં તો એમને કોણ પોષે? એવા પ્રકારની જે દયા તે મોહદયા છે. દયા પાળતાં જડભરત જેવું થઈ જાય (અહીં જડભરતનું દૃષ્ટાંત આપ્યું હતું).

*

(બપોરના)

પૂજ્યશ્રી—બીજા કામ તો જીવ કરે છે, પણ જરૂરનું સાથે આવે એવું ભક્તિનું કામ નથી કરતો. ભક્તિના સંસ્કાર છે તે જેવા તેવા નથી. સાચું બીજ હોય તો પલટે નહીં.

**''ભક્ત બીજ પલટે નહીં, જો જુગ જાયે અનંત;**
**ઊંચનીચ ઘર અવતરે, આખર સંત કો સંત.''**

મહાપુરુષનું ઓળખાણ થાય તો કોઈ દિવસે ઠેકાણું પડે. યથાતથ્ય ઓળખે તો સમ્યક્ત્વ થાય છે. સાચી વસ્તુ પ્રત્યે અનાદિકાળથી જીવ દ્વેષ કરતો આવ્યો છે. કર્મ બંધાય છે, દેહ ધારણ કરે છે, ભટક ભટક કરે છે; પણ મોક્ષનો માર્ગ હિતકારી છે એમ નથી લાગતું. આ ભક્તિનો માર્ગ

સારો છે. મારાથી નથી થતું, પણ આ છે સારું. આટલો ભાવ થયો તો મોડે વહેલે એ ભણી વલણ થશે. વહેતી ગંગામાં હાથ ધોયા તો કામ થઈ જાય. સદ્દૃષ્ટિ ધર્મ પ્રત્યે થાય તે હિતકારી છે. સંસ્કાર પડેલા હોય તે વહેલા મોડા ઊગે. ભક્તિના સંસ્કાર તે જેવા તેવા નથી. સારી વસ્તુ સારી લાગે તો એને લાભ થાય. મહાપુણ્યનો ઉદય હોય ત્યારે સાચા ધર્મ પ્રત્યે રુચિ થાય છે. કોઈને કશું હાથમાં રહેવાનું નથી. બધું મૂકીને જવાનું છે.

*

(સાંજના, 'પ્રવચનસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણે તો મોહ નાશ પામે, પણ એ જણાય શાથી? તે કહે છે. જેણે દર્શનમોહનો નાશ કર્યો છે, તે તો આગમના વચનો બરાબર સમજે છે. જિનાગમ એ દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણવાનું સાધન છે. જેનો દર્શનમોહ દૂર થયો છે તે જિનાગમથી મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, કેવળને જાણે છે. કેવળજ્ઞાન સર્વપ્રત્યક્ષ છે. અવધિ, મનઃપર્યય દેશપ્રત્યક્ષ છે, પણ પરોક્ષ નથી. દર્શન-ચારિત્રમોહ નાશ કરવામાં જ્ઞાનીનાં વચનો મદદરૂપ છે. એનાથી અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય જણાય છે. આત્મજ્ઞાનમાં મદદ કરે તે શબ્દો જડ છે, પુદ્ગલ છે, પણ એ દ્વારા આત્મા જાગૃત થાય છે. આગમમાં જે કહ્યું છે તેનો જે ભાવ અથવા તેથી થતો ક્ષયોપશમ તે ભાવશ્રુત છે. એ ભાવશ્રુતને ગ્રહણ કરીને આગળ વધવાનું છે. જીવની ચોતરફ વૃત્તિઓ ફરે છે તે રોકવાની છે. મારે શાસ્ત્ર શીખવું છે તે દ્રવ્યશ્રુત અને પછી તેમાં વૃત્તિ રાખે તે ભાવશ્રુત છે. મોહના નાશનો ઉપાય શ્રુતજ્ઞાન છે. ભાવશ્રુતથી દૃઢતા વધારવી. પરિણામ દૃઢ કરવા. દ્રવ્યશ્રુતની સેવા એટલે જે સમજણ થઈ તે ગ્રહણ કરવી. પછીથી આગમમાં મંડી પડવું. પૂછવું, ગોખવું, વિચારવું, નિર્ણય કરવો, આ બધું કરવું. કૃપાળુદેવ રાતદિવસ શ્રુત વચનમાં જ તલ્લીન રહેતા. ઊંઘ ન લેતા. એમાં ચિત્ત રાખતા. જ્ઞાનીનાં વચનો પોષવાનાં છે. શેરડીનો સાંઠો દબાવે તો રસ આવે, નહીં તો રસ ન આવે. એમ એમાં પરિણામ દૃઢ કરી વિચારવું.

**"જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;**
**જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ."**

એથી સુવિચારણા પ્રગટે છે. સર્વજ્ઞના વચનોમાં બધું આવી જાય છે. "સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં અનંત આગમ રહ્યાં છે." (૧૬૬)

દ્રવ્ય એટલે જેમાં ગુણ પર્યાય વસે છે. ગુણ એટલે તેને ઓળખાવનાર, વિશિષ્ટપણું તે ગુણ અને પર્યાય છે તે પલટાતું છે. ગુણ છે તે સહભાવી છે. દ્રવ્ય, ગુણ, પર્યાય અખંડ વસ્તુ છે. આત્મા અખંડ દ્રવ્ય છે. સમજાવવા માટે બધા જ્ઞાન દર્શન વગેરે ભેદ પાડ્યા છે, પણ આત્મામાં કંઈ ત્રણ ઓરડા નથી કે એકમાં જ્ઞાન, બીજામાં દર્શન, ત્રીજામાં ચારિત્ર, એમ નથી. દર્શનમોહ જવા બોધ છે. "હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ" એકલા બોધથી નહીં પણ પુરુષાર્થ કરવાનો છે. વિચારણા જાગૃત થાય એવું કરવું એ જ ખરો પુરુષાર્થ છે. "કર વિચાર તો પામ."

પોતાને જ કરવું પડશે. પુરુષાર્થ કરે તો મોહ હણે. ન કરે તો સત્પુરુષનો બોધ મળ્યો હોય,

તોય પાછો મતાર્થી થઈ જાય.

**''નહિ કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય;**
**સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય.''**

અંતરંગ શત્રુઓને હણવાના છે. આત્માનું હિત થાય એવું કરે તો આત્માર્થી છે. સદ્ગુરુનો યોગ થયા પછી કષાય ઓછા ન કરે તો એમાં જ પડ્યો રહે, મતાર્થી રહે. મોટા તપસ્વી હોય અને બે ઘડી ક્રોધ કરે તો બધું મટી જાય અને આત્માર્થી કષાય જરા વાર કરે તો મતાર્થી થઈ જાય. ખરી લડાઈ લડવાની છે. સત્પુરુષનાં વચનો એ તો હથિયાર, પણ વાપરે કોણ? કષાય બધા કૂતરા જેવા છે. જ્ઞાનીએ જે હથિયાર આપ્યું તે વાપરે નહીં તો ખાઈ જાય. 'દેહ હું નહીં, જાણનાર તે હું છું' એવો ભેદ પડે તો દર્શનમોહ દૂર થાય. બધું વાંચીને, ભણીને એ કરવાનું છે. પરમાત્માનું સ્વરૂપ જેવું છે તેવું બધાનું સ્વરૂપ છે. જ્ઞાનદર્શનચારિત્રરૂપ એવું જ મારું સ્વરૂપ છે, નિશ્ચયથી ભેદ નથી. આત્માથી ભિન્ન દેહાદિ પદાર્થ તે ભિન્ન છે, તદ્દન જુદાં છે. દેહનો સંયોગ હોવા છતાં જીવ તેનાથી ભિન્ન છે. જડ તે જડ છે.

૬૭ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ વદ ૩, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—પુરુષાર્થ કરીએ તો બધું થાય. જ્ઞાનીનાં વચનો વાંચવા, વિચારવા, મુખપાઠ કરવા યોગ્ય છે. આપણને એ આધારરૂપ છે. એનો પરિચય વધારવો. પૂર્વે જીવે જે કંઈ કર્યું હશે તેનું આ ફળ છે. સાચી સમજણ થયે છૂટકો છે. હમણાં કરશે તેનું ફળ મળશે. પૈસા ટકા કંઈ સાથે નહીં આવે.

*

(સાંજના-ઉપર, 'પ્રવચનસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયનું સ્વરૂપ જાણવા માટે આગમની જરૂર છે. એથી મોહ નાશ પામે છે. શરીરમાં છ દ્રવ્ય છે. એમાંથી પોતાનું સ્વરૂપ ઓળખી લેવાનું છે. પોતાનું સ્વરૂપ લક્ષણથી ઓળખે, પછી વિચાર કરે. હું એક છું, અસંગ છું, એમ દૃઢ કરી પોતાને ભિન્ન માને છે. એ બુદ્ધિથી કરવા જાય તો ન થાય. જ્યાં બુદ્ધિ ન પહોંચે ત્યાં એને આગમ આધારરૂપ થાય છે. મુનિ એટલે ભગવાનના કહ્યા પ્રમાણે જાણે, ચાલે. જેને ભગવાનના વચનોની શ્રદ્ધા છે તે મુનિ છે. શ્રદ્ધા ન હોય તો મુનિ નહીં.

''जं समंति पासहा तं मोणंति पासहा'' (આચારાંગ)

જેને શ્રદ્ધા નથી, તેનાથી શ્રદ્ધા પમાય નહીં. જેનામાં શ્રદ્ધા ન હોય તેની ગમે તેટલી સેવા કરે, પુરુષાર્થ કરે તો પણ શ્રદ્ધા પામે નહીં, કારણ કે એની પાસે નથી, ઓળખાણ નથી. સમ્યક્ત્વ વિના મુનિપણું એને કષ્ટરૂપ લાગે, આત્માનો આનંદ આવે નહીં, માત્ર કાયાકષ્ટ સહન કરે છે. મુનિપણામાં જે કરવાનું છે તે સમજાય નહીં તો આનંદ ન આવે. સામ્યભાવ ધારણ કરે તો શુદ્ધભાવ થાય, મોક્ષ થાય.

**''આત્મા છે,' 'તે નિત્ય છે,' 'છે કર્તા નિજકર્મ';**
**'છે ભોક્તા' વળી 'મોક્ષ છે,' 'મોક્ષ ઉપાય સુધર્મ.''**

સુધર્મ છે તે મોક્ષનો ઉપાય છે પણ ધર્મ ધર્મીમાં રહે છે.

(૭૫૨) ૬૮ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ વદ ૫, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–મન જીતવા માટે ઇન્દ્રિયો જીતવી. ઇન્દ્રિયો જીતવા માટે સ્વાદેન્દ્રિય પહેલાં જીતવી.

('પ્રવચનસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–ભેદજ્ઞાન થવા માટે દ્રવ્ય, ગુણ, પર્યાય જાણવા જોઈએ. અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણે તો મોહનો નાશ થાય. અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણવા માટે જિનાગમની જરૂર છે.

*

પૂજ્યશ્રી–લક્ષ રાખીને અલ્પ પણ આજ્ઞા આરાધે તો આગળ વધે. પોતાની મેળે જીવે ઘણું કર્યું છે, પણ જ્ઞાનીની આજ્ઞાએ કરે તો કામ આવે. જ્ઞાન તો અનંત અપાર છે. એમાંથી જેટલું કરે તેટલું ઓછું છે. ધ્યેય વગરનું કામ કરવું તે નકામું છે. શું કરવું છે તે જીવને ખબર નથી. દહાડા કાઢે છે. આ જ કરવું છે, જન્મમરણ છોડવા માટે કરવું છે, એવું એને થતું નથી. જે જે મહાપુરુષો થઈ ગયા છે તેઓએ પહેલો નિશ્ચય એ કર્યો કે જગતમાંથી ઉત્તમ વસ્તુ હોય તે પ્રાપ્ત કરવી છે. એને માટે બળ જોઈએ છે. પુરુષાર્થ કરે તો થાય. જીવને ઉત્તમ દશા પ્રાપ્ત કરવી છે, એમ એને થાય તો આગળ વધે. બધાનું કારણ સત્સંગ છે. સત્સંગમાં સાંભળવા મળે, તેથી રુચિ જાગે, તો વહેલું મોડું કરે. દાન કરી ધર્મ માને છે, પણ જ્ઞાની કહે છે કે પહેલો સત્સંગ કર. તેમાં સાંભળવું, નક્કી કરવું. સત્સંગમાં પોતાને જે કરવું છે તે જ સાંભળવાનું મળે છે. ધર્મના સ્થાનમાં આત્માની વાત સાંભળવાની મળે છે. ઘણાં શાસ્ત્રો વાંચવા કરતાં સત્સંગથી ઘણો લાભ છે. સત્સંગ એ પહેલામાં પહેલો અને સહેલામાં સહેલો છે. પોતાના દોષ સત્સંગમાં જણાય છે. જીવથી દોષ જોવાનું બનતું નથી. બીજાના દેખે પણ પોતાના દેખે નહીં. જ્ઞાનીની આજ્ઞા ઉઠાવે તો લાભ થાય.

''જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય.'' (૪૯૩) આત્મજ્ઞાનનું કારણ ભક્તિ છે.

આ કાળમાં કૃપાળુદેવ અલૌકિક પુરુષ થઈ ગયા છે. આજ સુધી ગમે તેટલું કર્યું હોય તે ભૂલી જઈ, હવે મારે જ્ઞાનીની આજ્ઞા આરાધવી છે તો ઘણું કામ થાય એવું છે. (એક ભાઈને મંત્ર આપીને કહ્યું) કોઈને કહેવું નહીં. કહેવાથી લાભ ન થાય. આપણો અધિકાર નથી.

*

(બપોરના- ૩-૩૦ વાગે, સભામંડપમાં)

પૂજ્યશ્રી–શરીરનું ઠેકાણું નથી માટે જેમ બને તેમ વહેલું આત્મસાધન કરી લેવું. મરણની તૈયારી કરવાની છે. મંત્રની ટેવ પાડી નાખવી. બીજા કામ કરીએ એવું સમાધિમરણ કરવાનું છે. જ્યાં સુધી ભાન હોય ત્યાં સુધી સ્મરણમાં ચિત્ત રાખવું. કરેલું કશું જતું નથી. ત્યાગ વૈરાગ્યની

જેટલી ભૂમિકા હશે, તે પ્રમાણે થશે. સાચું શરણ મળ્યું છે, સદ્‌ગુરુની પ્રાપ્તિ થઈ છે, તો હવે આજ્ઞા આરાધવાની છે એ લક્ષ રાખવો. શોધવા જવાનું કામ નથી. કામનું નથી તેમાં જીવ ઘણો કાળ ગાળે છે. બધું સ્વપ્ના જેવું છે. જ્ઞાનીનો ઉપદેશ, આજ્ઞા આધારરૂપ છે. ''સકળ જગત તે એઠવત્, અથવા સ્વપ્ન સમાન'' એટલું કરવાનું છે. જગતમાં કશું ઇચ્છવા જેવું કે પ્રિય કરવા જેવું નથી અને જે પ્રિય કરવા જેવું છે તે જીવે જાણ્યું નથી. મનને મનાવવાનું છે. તોફાની છે, જ્ઞાનીને શરણે રાખવું.

**''માત્ર મોક્ષ અભિલાષ''**

મન પસંદ કરે એવું ન માનવું, માનવું મનનું એ જ સ્વચ્છંદ છે. ''રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ'' જ્ઞાનીનું કહેલું માનવું છે. મન ઉપર જીવ બેઠો છે, તે ગમે ત્યાં એને તાણી જાય. અશ્વ જેવું છે, તેને થકાવવાનું છે.

**''વસ્તુ વિચારત ધ્યાવતેં, મન પાવે વિશ્રામ;**
**રસ સ્વાદત સુખ ઊપજે, અનુભવ યાકો નામ.''** (નાટક સમયસાર)

એમાં લીન થાય તે અનુભવ છે. મન જ્ઞાનીનાં વચનોમાં રોકાય તો દોડાદોડ કરવી છોડી દે. એમાં ને એમાં જ ચિત્ત રાખવું.

એક વાણીયો હતો. તેને લાગ્યું કે કામ તો ઘણું છે અને ગુમાસ્તા થોડા છે, માટે કોઈ દેવને વશ કરું. પછી તેણે આરાધના કરી. તેની આરાધનાથી દેવ પ્રસન્ન થયો અને કહ્યું કે કામ બતાવ, નહીં તો ખાઈ જઉં. તેણે કહ્યું, હિમાલયથી વાંસ લઈ આવ. તે લઈ આવ્યો. પછી નવરો હોય ત્યારે ચઢવા ઊતરવાનું કામ બતાવ્યું. એવું આ મન છે. તેને 'સહજાત્મસ્વરૂપ' મંત્રમાં રાખવું તો થાકે, નહીં તો નહીં થાકે.

*

(સાંજના-૫-૦૦ વાગે–ઉપર, 'પ્રવચનસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–જે વસ્તુ જાણે છે તે આત્મા છે. આત્મા દ્રવ્યગુણાદિવાળો છે. તેમ બીજી વસ્તુઓ પણ દ્રવ્યગુણપર્યાયવાળી છે. પરદ્રવ્યગુણપર્યાયને પોતાના માને તે મિથ્યાદૃષ્ટિ છે.

(સવારના- ૯-૦૦ વાગે–ઉપર) ૬૯ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ વદ ૬, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–ઇચ્છા એ જ જગત છે. ઇચ્છાનો નાશ થાય તો પરમપદપ્રાપ્તિ થાય. દેહની ચિંતા કરવાથી કંઈ ન થાય.

**''સુંદર ચિંતા મત કર, તું કર બ્રહ્મવિચાર;**
**શરીર સોંપ પ્રારબ્ધકું, જ્યું લોહા કૂટે લુહાર.''**

શરીરનું જેમ થવું હોય તેમ થાઓ. આપણું કામ આત્મવિચાર કરવાનું છે. પ્રારબ્ધને આધીન શરીર છે. પુરુષાર્થને આધીન આત્મવિચાર છે. ન કરે તો એ આત્મવિચાર પડ્યો રહે. જગતની મોહિનીમાં ફસાવું નહીં. જાગૃત જાગૃત રહેવાની જરૂર છે.

*

(બપોરના-૨-૦૦ વાગે–ઉપર, 'પ્રવચનસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–એક દ્રવ્ય બીજામાંથી ઉત્પન્ન થતું નથી અને નાશ પણ પામતું નથી. ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય જેમાં છે તે દ્રવ્ય છે. ગુણ પર્યાય જેમાં હોય તે દ્રવ્ય છે. સંસારનાં સુખ તે સુખ નહીં, પણ દુઃખ જ છે. પાછળ દુઃખ આવે તે સુખ નથી. જ્ઞાનીઓ સંસારના સુખને દુઃખ માને છે અને લોકો એ દુઃખને સુખ માને છે. જીવે જ્ઞાનવિચારે કરી ભાવ ગાળ્યા નથી. ક્ષાયક ન થાય ત્યાં સુધી ગમે ત્યાં ગબડી પડે, માટે મોહ ઓછો થાય તેવું કરવાની જરૂર છે. સંસારમાં દુઃખ છે એમ એને સમજાતું નથી. સંસારના ભાવો ભૂલવા મુશ્કેલ છે. આ જગત અસાર છે, એ માટે બાર ભાવના ભાવવાનું કહ્યું છે. વારંવાર જ્ઞાનીનાં વચનો સાંભળવાં, વિચારવાં. બધું મારે મોહ નાશ કરવા માટે કરવું છે, એ લક્ષ રાખવો. આશા-તૃષ્ણા તે અગ્નિ જેવી છે. ચક્રવર્તીને ભૂંડ જેવો કહ્યો છે. ભૂંડ પણ સંસારી અને ચક્રવર્તી પણ સંસારી છે. જે સુખની પાછળ દુઃખ તે સુખ નથી. ઇન્દ્રિયોનું સુખ બાધાવાળું, પરાધીન અને સમભાવ ન રહેવા દે તેવું છે. તેને આ જીવ ઇચ્છે છે. શરીર એ જ દુઃખરૂપ પોટલું છે, તો પછી બીજાનું તો કહેવું જ શું?

**''ખાણ મૂત્ર ને મળની, રોગ જરાનું નિવાસનું ધામ''**

ઉકરડા જેવું આ શરીર છે. તેના કરતાંય ખરાબ–હાડકાં, મળમૂત્રવાળું છે. તેમાં સુખ નથી. સુખ અંતરમાં છે. ચક્રવર્તીએ છ ખંડ સાધ્યા, પણ સુખ ન મળ્યું. ભરતને બહારથી વૃત્તિ ઊઠી ત્યારે કેવળજ્ઞાન થયું. જ્ઞાનીએ સંમત કરેલું સંમત થશે ત્યારે જીવનું કલ્યાણ થશે અને ત્યારે જ અભેદભાવ જ્ઞાનીમાં થશે. જીવ બીજી વસ્તુઓમાં કલ્પના કરી અહંભાવ કરે છે.

પ્રભુશ્રીજી કહેતા કે તારી સમજણ ઉપર મૂક મીંડું અને તાણ ચોકડી. એનો વિશ્વાસ છોડી દે. કુમતિને આધારે જીવ વર્તે છે. જ્ઞાની કહે તે મારે માનવું છે. જ્ઞાનીઓને કંઈ સ્વાર્થ નથી, પણ દયાથી કહે છે કે આ સંસારથી બચો. શરીર અને આત્મા બન્ને એકરૂપ માને છે. હું બધાથી ભિન્ન છું, એમ કરવાનું છે.

જ્ઞાનીની સમજણે પોતાની વિચારણા જાય, તો જ્ઞાનીની વિચારણા જાગે. પોતાની મતિનું દેવાળું કાઢવાનું છે. જેટલું વહેલું કાઢશે તેટલું વહેલું કલ્યાણ. જેટલો ડાહ્યો થશે, તેટલું વધારે રખડવું પડશે.

(બપોરના) ૭૦ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ વદ ૭, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે એક સમયમાં જ થાય છે. (તે ઉપર આંગળીનું દૃષ્ટાંત આપ્યું હતું). સ્ત્રીમાં મોહિત થયો તો પછી વિવેક આવવો મુશ્કેલ છે. કામીજનો દુઃખી છે, સંતો સુખી છે. સંતોષરૂપી ઝાડને ઊખેડનારી તૃષ્ણા છે. તૃષ્ણા વધી તો સંતોષ રહે નહીં, ઊખડી જાય. રણને જીતે તે શૂરવીર નહીં, પણ મનને જીતે તે શૂરવીર છે. મનની સાથે લડવાનું છે. મરતી વખતે કોઈ કુટુંબીઓ કામ નહીં આવે. ઝેર જેવાં છે, મરણને બગાડી નાંખે. કોઈ હંમેશાં રહે એવો પદાર્થ નથી, તો કોને આધારે આ જીવ પડી રહ્યો છે? વૈરાગ્ય જોઈતો હોય તો મરણને

સંભારવું. સંસારી અવસ્થા, દેહની અવસ્થા વધે છે, ઘટે છે. પુનર્જન્મ થાય છે. શાંત મન હોય ત્યાં સુખ છે. યૌવનવય પુરુષાર્થને યોગ્ય છે, પછી પુરુષાર્થ બનશે નહીં. ઝેર ખાધું હોય તો એક ભવ મરે પરંતુ વિષયો તો ભવોભવ મારે છે.

૭૧ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ વદ ૮, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—પુરુષાર્થ કરવો. મનુષ્યભવ ગયો તે પાછો મળે? ગાડીમાં બેઠા હોઈએ ત્યારે સ્મરણ કરીએ. એ કરવું બહુ મુશ્કેલ છે, પણ એક વખત થાય પછી સહેજે થાય.

હું કાનપુર ગયો ત્યારે ગાડીમાં બહુ ગડબડ હતી. બધાય સાથે હતા તે તો ઊંઘી ગયા. પછી હું પદ્માસન વાળીને બેઠો અને ભક્તિ કરી. બાર મહીનામાં એક બે મહીના મળે તે વાંચવામાં ગાળવા અને 'સમાધિ સોપાન'માંથી પત્રો શીખવાં. જગતના સુખદુઃખમાં જ્ઞાનીઓ લપટાતા નથી. 'યોગવાસિષ્ઠ'માં રામ કહે છે કે હે ઋષિ, મને એવો બોધ આપો. ચંદ્ર ઊગે તો અંધારું ન રહે, તેવી રીતે મહાત્માના યોગે બધા તાપ શાંત થઈ જાય છે. દેહને કાપે તો સહન કરું, પણ તૃષ્ણાનાં દુઃખ સહન થતાં નથી, એમ રામ કહે છે.

*

(સાંજના, 'પ્રવચનસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—કષાયની મંદતા હોય ત્યારે સિદ્ધાંતજ્ઞાનમાં પ્રવેશ કરાય. મહાભાગ્ય હોય ત્યારે સિદ્ધાંતજ્ઞાન હાથમાં આવે; પણ કષાયની મંદતા ન હોય તો સમજાય નહીં, કંઈ કામનું નથી એમ લાગે. સત્પુરુષના યોગથી, સત્સંગથી, પોતાના દોષો જોવાથી કષાય મંદ પડે છે. દોષ દેખાય એવું સત્સંગનું ફળ છે. સત્સંગમાં પોતાના દોષની ખબર પડે છે.

કહેનાર અને સાંભળનાર નગ્ન, ત્યાગી મુનિઓ હતા. તેઓને માટે આ 'પ્રવચનસાર' લખાયું હતું. દ્રવ્યગુણપર્યાયથી અરિહંતનું સ્વરૂપ ઓળખે તો મોહ ઘટે. એને માટે આગમની જરૂર છે. દ્રવ્યાનુયોગમાં દ્રવ્યની પરીક્ષા હોય છે. જ્યાં સુધી એની ગરજ ન હોય ત્યાં સુધી એમાં પ્રવેશ ન થાય. સેળભેળ થઈ જાય. દ્રવ્યનું ઓળખાણ થવા માટે આ 'પ્રવચનસાર' છે. 'મોક્ષમાળા'માં કૃપાળુદેવે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યની વાનગી મૂકી છે. સૂક્ષ્મ વિચારમાં જીવને દોરવા માટે કહ્યું છે. 'મોક્ષમાળા'માં પ્રવેશ થાય તો પછી બીજાં શાસ્ત્રોમાં પણ પ્રવેશ થાય. પહેલાં મુનિઓ રોજ 'પ્રવચનસાર' શીખતા, વાંચતા, વિચારતા અને પછી તેની ટીકા લખી છે. એકદમ નથી લખી. ટીકા લખવાવાળા આચાર્ય હતા. રાત્રિદિવસ એમાં જ વખત ગાળતા હતા. બીજા જીવોને સમજાય, એ માટે ટીકા લખી છે. ઘણાં શાસ્ત્રો વિચ્છેદ ગયાં છે. કૃપાળુદેવના વખતમાં 'પંચાસ્તિકાય' વગેરે છપાયેલાં નહોતાં. હાથનાં લખેલાં, એ પણ મળવાં મુશ્કેલ હતાં. હાથ આવતાં ત્યારે અંબાલાલભાઈ પાસે નકલ કરાવતા. અંબાલાલભાઈ સામાયિક લઈ બેસતા ત્યારે એ જ કામ કરતા.

મિથ્યાત્વના તીવ્ર ઉદયે જીવ સાચાને ખોટું કહે છે.

૭૨ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ વદ ૯, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—વાંચન કરવું હોય તે વખતે સદ્‌ગુરુને સંભારીને કરવું. દરેક કામ કરતાં, ખાતાં,

પીતાં, ઊઠતાં, બેસતાં સદ્‌ગુરુને સંભારવા. અલ્પ પણ કામ કરતાં સત્પુરુષને સંભારવા. કશું ઇચ્છવું નથી. જેને છૂટવું છે તેણે રાગ-દ્વેષ ન કરવા. નવાં ન બાંધવાં, જૂના ભોગવી લઈ ચાલ્યા જવું. ઇચ્છા ન કરીએ તો નવાં કર્મ ન બંધાય. ઉદાસીનભાવે ભોગવી નાંખવાં. જ્ઞાનવિચારથી જ્ઞાન થાય છે. જેને આત્મા પ્રગટ થયો છે તેની આગળ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર દયા ખાવા જેવા છે, કેમકે તેમને હજુ રખડવાનું છે.

આત્મવિચાર વડે આત્મસ્વભાવને જેણે જાણ્યો છે એવા ઉદિત (જાગ્રત) આત્માને બ્રહ્મા આદિ દેખીને દયા આવે છે. આત્માનું માહાત્મ્ય જેને લાગ્યું તેને જગત ગમે નહીં. જે દૃશ્ય છે તે બધું એમનું એમ રહેતું નથી, પલટાતું છે. સારો સંગ હોય તો સારા ભાવ થાય, ખોટો હોય તો ખોટા ભાવ થાય. બહુ વિચાર કરીને સત્સંગ કરવાનો છે. જેવો સંગ કરે તેવો જીવ થઈ જાય છે. આત્મભાવના થાય તો મોહ ક્ષય થાય. પછી મોહ ફરીથી ન થાય. માથે મરણ રહ્યું છે.

*

(બપોરના)

પૂજ્યશ્રી—જે જીવને શ્રદ્ધા છે કે આટલું જીવન આત્મકલ્યાણમાં ગાળવું છે, તેને બોધ પરિણામ પામવા સુધી પહોંચે છે. એવું ન હોય તો ક્યારા સુધી પાણી ન પહોંચે. ઘણી વખત દેહને અર્થે આત્મા ગાળ્યો છે. હવે આ આટલો દેહ આત્માને અર્થે ગાળવો છે, એવું જેને થાય તેને બોધ પરિણામ પામે. શબ્દો કામ ન કરે, આત્મા કામ કરે છે. [૧]શિયાળને મુનિએ ઉપદેશ આપ્યો તેથી શિયાળે રાત્રિભોજનનો ત્યાગ કર્યો. ત્યાંથી સારા ભાવે દેહત્યાગ કરી પ્રીતિંકર શેઠ થઈ, મોક્ષે ગયા. અંદરથી આત્મા ફરે ત્યારે થાય. મોટા મોટા ભાષણો આપે પણ પોતે અંદરથી કોરો રહી જાય છે.

(પ્રવચનસારના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—દ્રવ્યગુણપર્યાયની આ વાત છે, તે કોઈ વખતે સાંભળી નથી તેથી સમજવી મુશ્કેલ છે. ઘણી વાર સાંભળ સાંભળ થાય ત્યારે કોઈક વખતે સમજાય. જગતની વાતો ઘણી સાંભળી છે પણ આ તો કોઈ દિવસે સાંભળ્યું નથી. દ્રવ્યની અપેક્ષાએ, સિદ્ધ અને સંસારી જીવમાં ભેદ નથી. બીજા દ્રવ્યથી મોક્ષ થાય છે એમ નથી. એનો એ જીવ છે. શુદ્ધ અવસ્થા છે તે સિદ્ધ છે અને મલિન અવસ્થા તે સંસાર છે. પરનો સંગ હતો ત્યારે મલિન પર્યાય હતો. અસંગ થયો ત્યારે શુદ્ધ પર્યાય થયો. બધાય જીવો સિદ્ધ સમાન છે. કર્મને લઈને ફેરફાર દેખાય છે.

**“નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;**
**એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ.”**

બન્ને સાથે રાખે છે તે સ્યાદ્વાદ છે.

(બપોરના) ૭૩ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ વદ ૧૧, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—જ્ઞાનીની આજ્ઞાથી વાંચે તો લાભ થાય. કોઈ ‘તત્ત્વજ્ઞાન’ માગે તો કહેવું કે અગાસ જાઓ. ત્યાં જ્ઞાનીની આજ્ઞાથી મળશે.

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પ્રવેશિકા શિક્ષાપાઠ ૪૪ થી ૪૬.

જ્ઞાનીની આજ્ઞાથી લાભ છે. આપણું હિત થાય તેવું કરવું છે. જ્ઞાનીની આજ્ઞા કોઈ પણ જીવ પામે એ લક્ષ રાખવો, નહીં તો આપણે વચ્ચે પથરા જેવા થયા. જ્ઞાનીની આજ્ઞાથી વિશેષ લાભ છે. ગમે તે ગોખવાનું હોય, તેના અર્થ પહેલા વિચારવા, પછી ગોખવું; તો આપણને ગોખતાં વિચાર આવે. જેમ આપણને વિચાર ઊગે તેમ કરવું. [1]અંજનચોર આદિ સાત વ્યસનના સેવનારા પણ કેવળજ્ઞાન પામ્યા છે. ફરી જાય તો ફરી જાય. સ્થૂલિભદ્ર બાર વર્ષ વેશ્યાને ઘેર રહ્યા, પણ ફરી ગયા તો ફરી ગયા. પછી ચોમાસું ત્યાં જ રહ્યા પણ કોઈ દિવસે સામું જોયું નહીં. સજ્જન હોય છે તે જન્મથી જ નિર્દોષ હોય છે, દોષો ભણી વૃત્તિ જાય જ નહીં.

જેનું મન શાંત થયું છે તેને ઇચ્છા થતી નથી. દેખે એટલું જ. સંસારમાં ચાર ગતિમાં ક્યાંય સુખ નથી. ફરી જન્મવું નથી. બધે દુઃખ ને દુઃખ જ છે. ફરી જન્મવા જેવું નથી, એમ જેને વૈરાગ્ય થાય, આસક્તિ છૂટે તે ભાગ્યશાળી છે. ચૌદે રાજલોકમાંની કોઈ વસ્તુ આકર્ષી શકે નહીં, તેને ભવ વૈરાગ્ય કહે છે. જ્ઞાની કહે છે કે અમે નવરા નથી, કરવું હોય તો પૂછો, નકામા ખોટી ન કરો. બીજા કામ જેમ કાળજીપૂર્વક કરે તેમ ધર્મ પણ કરવો. ધર્મ કરવો હોય તો ધર્મના વિચાર કરવા. વિચાર ન કરે તો ધર્મ ન થાય. બીજાં કામ તનતોડથી કરે છે તેમ આ ધર્મ પણ કરવાનો છે. 'બીજા કામમાં કાળજી રાખો છો અને આ ધર્મના કામમાં આમ કરો છો? તમારા દી ઊઠ્યા છે?' એમ પ્રભુશ્રીજી વઢતા. આસક્તિ ન થાય તે ભાગ્યશાળી છે. એથી ઊલટો છે તે દુર્ભાગ્યશાળી છે. જે કંઈ જાણતો નથી તેને ગુરુ કરે તો,

**"જ્ઞાનદશા પામે નહીં, સાધનદશા ન કાંઈ,**
**પામે તેનો સંગ જે, તે બૂડે ભવમાંહીં."**

મતાર્થી છે તે દુર્ભાગ્યશાળી છે.

**"નહીં કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય;**
**સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય."**

જેને સત્પુરુષનો યોગ નથી મળ્યો તે તો બીજી વસ્તુની ઇચ્છા કરે, પણ યોગ થયા છતાં પકડ ન કરે તે તો ઊલટો દુર્ભાગ્યશાળી છે.

**"અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય;**
**એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય?"**

એથી વધારે લાગે ત્યારે પુરુષાર્થ જાગે. શમ, વિચાર, સત્સંગ અને સંતોષ એ મોક્ષમાર્ગના દ્વારપાળ છે. મુમુક્ષુ હોય તેણે એ વસ્તુઓ સંગ્રહવી જોઈએ. સાંભળવા યોગ્ય એક આત્મા છે. બીજી વસ્તુ શું સાંભળવી? બીજું એને કાને પણ ગમે નહીં એમ કરવાનું છે. આત્મા સંબંધી સાંભળ્યું હોય તે મનન કરવું, ધ્યાનમાં રાખવું. આત્મા સાંભળે, મનન કરે અને કર્મ બંધાય એવું ન કરે તો મોક્ષે જાય. નિરંતર આત્માનો અભ્યાસ ચાલુ રહે એવો અભ્યાસ જોઈએ, અવિચ્છિન્ન અભ્યાસ જોઈએ. જે અભ્યાસ વચ્ચે તૂટે નહીં એવો અભ્યાસ કરવાનો છે. પોતે યોગ્યતા મેળવી પછી સદ્ગુરુને મેળવીને અને શાસ્ત્રને મેળવીને તપાસવું, એ બધા એમાં સાક્ષી પૂરે તો એમાં ભૂલ

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પ્રવેશિકા શિક્ષાપાઠ ૨૮ તથા ૨૯.

ન રહે. સંસારી જીવોનો સમાગમ હોય, એ પ્રિય લાગે; શાસ્ત્ર ઉપર જેને રુચિ નહીં હોય તેણે સઘળું ખોયું, તદ્દન ખોયું. સંસાર દુઃખરૂપ છે તેમાં માત્ર અનંત દુઃખ જ છે.

**"અનંત દુઃખ નામ સૌખ્ય પ્રેમ ત્યાં વિચિત્રતા!!"**

દુઃખને સુખ કહે છે. જે સુખ કહેવાય છે, પણ દુઃખ જ છે. ત્યાં દૃષ્ટિ કરવા જેવું નથી. જ્યાં આકુળવ્યાકુળતા હોય ત્યાં સુખ ક્યાંથી હોય? દુઃખ જ છે. આત્મા બીજી વસ્તુઓથી અસંગ છે. પોતાનું જ્ઞાન તે વિવેકજ્ઞાન છે. વિવેકમાં બે જણાય છે—સત્ય અને અસત્ય, પછી અભ્યાસ કરવાનો છે. બે વસ્તુ જુદી જણાય તેમાં એક ગ્રહણ કરવાની અને એક ત્યાગવાની હોય છે. સ્વપ્નામાં પણ બેય એક ન મનાય એવું કરવાનું છે. હિતકારીનો અભ્યાસ કરવો. જે વસ્તુઓ સત્ય નથી તે તરફ વૈરાગ્ય રાખવો. જે સત્ છે તેનો અભ્યાસ કરવો. સુખ જોઈતું હોય તો પહેલાં મહેનત કરવી જોઈએ. સમજવું એ કંઈ વિકટ વાત નથી.

"સમજે તો સહજ મોક્ષ છે, નહીં તો અનંત ઉપાયે પણ નથી." (૫૩૭) "સમજ, પિછેં સબ સરલ હૈ, બિનૂ સમજ મુશકીલ" (હાથનોંધ ૧–૧૨) પણ સમજણ પહેલી કરવાની છે. પછી એમાં સુખ એવું મળશે કે પરની જરૂર ન પડે. આત્માનું સુખ શાશ્વત છે. આત્મા શાશ્વત છે, તો સુખ પણ શાશ્વત છે. પહેલાં કષાય મંદ કરવાના છે. સંતોષ આવે તો લોભ જાય. બધા પૂર્વના સંસ્કાર બાળી નાંખવા. 'હું કંઈ જાણતો નથી' એ કરવાનું છે. બધાનું મૂળ વિશ્વાસ છે. "सद्धा परम दुल्लहा ।"

શમ હોય તો એની ઇચ્છા શમાઈ જાય. ત્રિવિધ તાપ લાગે નહીં. આધિ, વ્યાધિ, ઉપાધિ ન રહે. આધિ એટલે મન સંબંધી, વ્યાધિ એટલે શરીર સંબંધી અને ઉપાધિ એટલે પ્રવૃત્તિ છે. એ ત્રણે દુઃખ દેનાર છે. સમદૃષ્ટિ થઈ જાય તો ખરું સ્વરૂપ પ્રગટ થાય. "સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો" શમ ઉપાય છે, દવા છે. શમનો અભ્યાસ પાડે તો આધિ, વ્યાધિ, ઉપાધિ ત્રણે જાય. મોક્ષનો માર્ગ સુખરૂપ છે. મુમુક્ષુતા આવે ત્યારથી સુખ પ્રાપ્ત થવા લાગે છે. શમ કવચ પહેરે તો વજ્ર જેવું બાણ આવે તોય લાગે નહીં. જગતમાં ગમે તેવા તોફાન હોય પણ એનું અંતર શીતળીભૂત રહે છે, એવો શમ છે. જેને સર્વત્ર શમ છે; બાહ્યાભ્યંતર ક્ષોભ ન હોય તેને શાંતિ છે. શમ થવા માટે નિર્મળ બુદ્ધિ જોઈએ. કર્મની મલિનતા દૂર કરી આત્માને જોતો આવે તો નિર્મળ બુદ્ધિ થાય. શમ તેની પાસે છે કે જેને ગમે તેવા પ્રસંગોમાં રાગદ્વેષ ન થાય. ગમે તેવી આપત્તિ આવે, લાંબી હોય, તેમાં ધીરજ રાખે તે શાંતિને વરનાર છે. તે જ શાંત રહી શકે. થોડું થોડું તો સહન કરનારા ઘણા છે, પણ ઠેઠ સુધી રહેવું મુશ્કેલ છે. (દ્વૈપાયન મુનિનું દૃષ્ટાંત આપ્યું હતું).

ગમે તેવો ઉદય હોય તો પણ હલકો વિચાર ન કરવો, તો શાંતિ રહી શકે. ઉદયમાં જીવ જુદો રહી શકે છે. ધીરજ રાખવી જોઈએ. વ્યવહારમાં રહેવું અને શાંતિ રાખવી એ મુશ્કેલ છે. અંદરમાં શાંત નિર્ગ્રંથ, બહારમાં ગૃહસ્થ વેષે રહેવું બહુ મુશ્કેલ છે. એનામાં જો શાંતિ હોય તો બીજા જીવોને પણ શાંતિ થાય અને થોડીકવાર આધિ, વ્યાધિ, ઉપાધિ ભૂલી જાય છે. આર્યપુરુષો શમને સાચવે છે. એ જ કામ લઈ મંડો, એ જ કામનું છે.

૭૪ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૧૨, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—વિભાવથી કર્મ બંધાય તે કર્મચેતના છે. વિભાવથી જે કંઈ કર્મ બાંધ્યાં તેને ભોગવે અથવા તેનું ફળ આવે તે કર્મફળચેતના છે. એ મુખ્યપણે એકેન્દ્રિય જીવોને હોય છે.

*

(સાંજના, 'લઘુયોગવાસિષ્ઠસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—પ્રજ્ઞાને છીણી જેવી કહી છે. લાકડું ફાડે ત્યારે પહેલાં વળ જોઈને પછી છીણી મારે તો બે ભેદ થઈ જાય. તેમ આત્માનાં લક્ષણ અને જડના લક્ષણ તપાસી વચ્ચે પ્રજ્ઞા (વિચાર) છીણી મારે તો ભેદજ્ઞાન થાય, બે ભેદ પડી જાય. મોહ છે તે શાતા, દુઃખ, સકળ એટલે બધામાં મૂંઝવે છે. સદ્વિચાર એને દૂર કરે છે. અશાતામાં ખેદ ન કરે, શાતામાં હર્ષ ન કરે એવો સદ્‌વિચાર છે. જ્યારે વિચાર જાગ્યો ત્યારે મોક્ષ પામ્યા. 'મા રુષ મા તુષ' કરતાં મુનિને જ્યારે વિચાર જાગ્યો ત્યારે કેવળજ્ઞાન પામ્યા. જ્યારે ત્યારે વિચાર કરશે ત્યારે ઠેકાણે પડશે. અવિચાર દશા છે તે નિદ્રા જેવી છે, મિથ્યાત્વ છે. અવિચારને લઈને મન ભમે છે. વિચાર નથી જાગ્યો ત્યાં સુધી જીવ અનિત્ય વસ્તુઓમાં મોહ કરે છે. રાતદિવસ ચેતવાનું છે કે અવિચારમાં ન જવાય. રાતદિવસ ચોકી રાખવી. અવિચારમાં જાય તો એવું લાંબું કરમ બાંધે કે તેથી રખડવું પડે. આત્મવિચાર મૂકે તો અવિચાર આવે. ભેદજ્ઞાન થવાનું કારણ સદ્વિચાર છે.

દુર્જન છે તે દુઃખની કોઠી છે. દુર્જનનો સંગ કરે તો જીવ આફતમાં પડી જાય. માટે એથી દૂર રહેવું. દોષો થઈ જાય એના કરતાં દોષીનો સંગ કરવો એ વધારે ખરાબ છે. અસત્સંગ છે તે દુર્જનનો સંગ છે. એટલે અસત્સંગ છે તે દુઃખરૂપ છે. જીવન્મુક્તનો સંગ તે સત્સંગ છે. એના સંગથી નિર્ભય થાય છે. ''જે આત્મસ્વરૂપ પ્રગટવાથી સર્વકાળ જીવ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઈ, નિર્ભય થાય છે.'' (૪૯૩) બધાનું મૂળ વિચાર છે. એ વિચારથી બધું પમાય છે. જ્ઞાનાવરણીય આદિ જે આવરણ છે તે વિચારથી ટળે છે. વિચાર જાગે તો આખું જગત અસાર લાગે, તેથી વીતરાગતા આવે છે. નિષ્કામ સ્થિતિ થાય. જીવન્મુક્તનું મન છે તે પૂર્ણપદને ઇચ્છે છે, પૂર્ણપદની છાયા તેમાં દેખાય છે. એ રાગદ્વેષ કરતો નથી. ત્યાં આગળ મનને અવલંબન પૂર્ણપદનું છે. ધ્યાનમાં મન પૂર્ણપદમાં રહે છે. એને રાગાદિ થાય નહીં, ઇચ્છાય થતી નથી. માત્ર પૂર્ણપદમાં એનું મન લીન થયું છે. તૃષ્ણા રહી નથી. આ જગત ચંચળ, હાલતું ચાલતું દેખાતું નથી, પણ એને કાષ્ઠતૃણવત્ આખું જગત લાગે છે. વિષયોની ઉત્સુકતા નથી. મનમાંથી એ ઉત્સુકતા નીકળી ગઈ છે. 'આ સારું છે, આ ખોટું છે.' એ મનમાંથી નીકળી ગયું છે. મન શાંત થયું છે.

ઊંઘમાં મન મૂઢ છે. વિચાર કરી શકતું નથી. સ્વપ્નમાં મોહ હોય છે. જાગૃતિમાં મૂંઝવણ, ઇષ્ટ-અનિષ્ટ રહે છે. નિદ્રા, સ્વપ્ન, જાગૃત એ ત્રણેથી એની જુદી અવસ્થા છે. ભવ કોને કરવા પડે છે? હું કોણ છું? એ વિચારો. બધું કરીને એ કરવું છે. શ્રવણ, મનન, વાંચન કરીને ભવભ્રમણ કરનાર કોણ છે? એનો વિચાર કરો, એમ જ્ઞાની કહે છે. વિચાર છે તે બધે પ્રવેશ કરે છે. કોઈથી

ખળે નહીં. સદ્વિચાર તે પરમાનંદનું મૂળ છે. વિચાર છે એ જ આત્મા છે. પ્રમાદ છોડીને એને સેવો, વિચાર કરો.

૭૫ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ વદ ૧૩,સં. ૨૦૦૮

પૂજ્યશ્રી—આજે સ્તવનમાં આવ્યું હતું કે જપ તપ ક્રિયા સફળ ક્યારે ? તો કે ભગવાનનાં ગુણનું ધ્યાન હોય ત્યારે. સંસાર પ્રત્યેથી વૃત્તિ પાછી વાળી ભગવાનના ગુણોમાં વૃત્તિ જોડે તો કામનું છે, નહીં તો કંઈ નહીં. આત્માર્થે ઉપવાસ કરવાના છે. જેણે આત્મા જાણ્યો છે એના ગુણો પ્રત્યે વૃત્તિ રહે, એમ કરતાં જ્ઞાની પ્રત્યે વૃત્તિ થાય. જ્ઞાની ઓળખાય ત્યારે બધું આત્માર્થે થાય. જિહ્વાન્દ્રિયમાં લોલુપતા હોય તો તેમાં ખોટી થાય, કરવાનું હોય તે પડ્યું રહે. એ વશ થાય તો અવકાશ મળે, ભક્તિ કરવાનું મળે. ઉપવાસ કર્યા પછી પણ એની અસર રહે. લોલુપતા ન થાય તો તે ઉપવાસનું ફળ છે. આ શરીર છે તે ઊંધા ઝાડ જેવું છે. એના મૂળ બધાં ઊંચાં છે. જીભ છે તે મૂળ છે, તે ઉપર છે. એ વશ કરે તો બધી ઇન્દ્રિયો વશ થાય. ઘણા વિકલ્પો થવાનું કારણ જીભ વશ નથી. એ વશ થાય તો પછી બધી ઇન્દ્રિયો વશ થાય. માનને અર્થે ઉપવાસ કરવાનો નથી. બીજા ઉપવાસ કરતા નથી, 'હું કરું છું' એમ ન કરવું. ભગવાનના ગુણગ્રામ કરવા માટે ઉપવાસ છે, બીજાની નિંદા કરવા માટે નથી. તપથી શું લાભ છે ? એ લક્ષ જીવે રાખવો.

**"નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય"**

આત્મા ભણી વૃત્તિ જાય, પરમાત્મા પ્રત્યે વૃત્તિ થાય તો તે તપ છે, તપનું ફળ છે. ઇચ્છા રોકાય, બહાર વૃત્તિ ન જાય તો તપ છે. વિષયકષાય એ બેય છોડવા માટે તપ કહ્યું છે. તે વખતે ઇન્દ્રિયો જીતવાની છે, કષાયો પણ મટાડવાના છે. લોકો સારું કહે એટલા માટે કરવાનું નથી. સામાયિક કરે તે વખતે કોઈનું ભૂંડું ઇચ્છે નહીં. કોઈને ગાળ ભાંડે નહીં, કોઈને મારે નહીં, એમ વ્યવહારથી સમતા રાખીને કહે છે કે મેં મનવચનકાયાથી સમતા રાખી. સમકિત વિના ખરી સમતા આવે નહીં. બાર વ્રત કહ્યાં છે તે સમ્યક્ત્વ-મૂળ કહ્યાં છે. સમકિત હોય તો બાર વ્રત કહેવાય, નહીં તો બાર વ્રત પણ ન કહેવાય. વ્યવહાર સમતાને સામાયિક કહે તો ઊંઘમાં ઊંઘે તે પણ સામાયિક છે. છ કલાક ઊંઘે તો છ કલાક સામાયિક થાય, પણ તે સામાયિક નથી.

પીપળના પાન જેવું મન છે. ફડફડ થઈ જાય છે. દ્રવ્યમનની વાત છે. મનોયોગ તો કેવળીએ જીત્યો છે, પણ શરીર છે ત્યાં સુધી દ્રવ્યમન છે તે ચપળ છે, પણ આત્મા ચપળ નથી. ભાવમન છે તે જીત્યું છે. ચોથે ગુણસ્થાનકે પણ આત્મા અચપળ છે. સંપૂર્ણ નથી. જેટલો અનંતાનુબંધી ગયો છે તેટલું અચળપણું એટલે સ્થિરપણું છે. દેહથી ભિન્ન આત્મા છે એવું સદ્ગુરુના ઉપદેશથી આત્માનું સ્વરૂપ જાણે, તે જ્ઞાન છે. તે આત્માનું ઓળખાણ, તેની પ્રતીતિ, રુચિ થવી તે સમ્યક્દર્શન છે.

**"જે જ્ઞાને કરીને જાણિયું રે, તેની વર્તે છે શુદ્ધ પ્રતીત; મૂળ૦**
**કહ્યું ભગવંતે દર્શન તેહને રે, જેનું બીજું નામ સમકિત. મૂળ૦"**

જાણ્યા પછી રુચિ વધે, એ જ ગમે. એ શુદ્ધ કરવામાં જ પુરુષાર્થ તે દર્શન છે. દેવચંદ્રજીએ સમ્યક્ત્વનું સ્વરૂપ આ પ્રમાણે કહ્યું છે કે આત્મા શબ્દ સાંભળતાં જ રોમાંચ થાય. જેમ કામીને સ્ત્રી

સાંભળતાં જ પ્રેમ ઉભરાઈ આવે છે તેમ. ઓળખાણ ઉપરાંત પ્રેમ તે પ્રતીતિ કહી છે. જીવે સદ્ગુરુને જોયા નથી. "સંસાર સ્પષ્ટ પ્રીતિથી કરવાની ઇચ્છા થતી હોય તો તે પુરુષે જ્ઞાનીનાં વચન સાંભળ્યાં નથી અથવા જ્ઞાનીપુરુષનાં દર્શન પણ તેણે કર્યાં નથી, એમ તીર્થંકર કહે છે." (૪૫૪) તે જીવે જ્ઞાનીને જોયા નથી. વચનો સાંભળ્યાં નથી, એમ કહે છે.

મુમુક્ષુ—ઓળખાણ થવા માટે, સદ્ગુરુને આત્મારૂપે ઓળખવા માટે શું કરવું?

પૂજ્યશ્રી—"જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય." (૪૯૩) એની ભક્તિથી એનું મન (હૃદય) નિર્મળ થાય તો સમજાય. લક્ષણ એ મુખ્ય ગુણ છે, જે વસ્તુને વિષે ત્રણે કાળ રહે છે. આત્માનું લક્ષણ ઉપયોગ છે. જે બીજા કોઈમાં ન મળે એનું નામ લક્ષણ છે. એ ઉપરાંત ઘણા ગુણો આત્માના છે. વસ્તુને યથાર્થ ઓળખવી હોય ત્યારે ચારેબાજુથી ઓળખવી. એને ગુણોથી ઓળખવી, લક્ષણથી ઓળખવી અને એનો અનુભવ કરવો કે આ મારું સ્વરૂપ છે. લક્ષણ, ગુણ અને અનુભવ એમ ત્રણ કહ્યાં છે. જે આત્મારૂપ થયા છે તે લક્ષણ, ગુણ અને વેદનથી થયા છે. જેને એ બધાનો અનુભવ થયો છે એવા જે સદ્ગુરુ તે આત્મા છે. આત્મા કે સદ્ગુરુ એક જ છે. પૂર્વના જે અજ્ઞાન આગ્રહો છે તેથી જ્ઞાનીનો બોધ સમજાતો નથી. આત્માનું ભાન ન હોય ત્યાં સુધી બીજી કલ્પનાઓ કરે છે. સાચો ખ્યાલ આવતો નથી. જેને આત્મા જાણવો હોય તેણે 'હું કંઈ જાણતો નથી' એમ કરી પછી જ્ઞાનીને શરણે જવું. પહેલાં ખાલી થવું. વિચાર હોય તો ઇન્દ્રિયોનું સ્વરૂપ સમજાય અને વિષયનું સ્વરૂપ પણ સમજાય. પરિણામ શું આવશે? તે પણ સમજાય.

મોક્ષના ચાર દ્વારપાળ કહ્યા છે. શમ, વિચાર, સંતોષ અને સત્સંગ. મોક્ષે જવું હોય તો ચાર દ્વારપાળને લઈ જવું પડે. કષાય હોય તો પેસવા ન દે. કહે કે શમ કરીને આવો. સદ્વિચાર આવે ત્યારે જગત દુઃખરૂપ લાગે. બીજો દ્વારપાળ સદ્વિચાર છે. એ સદ્વિચાર ન કર્યો હોય તો દ્વારમાં પેસતાં રોકે કે જાઓ, આત્મવિચાર કરી આવો. ત્રીજો દ્વારપાળ સંતોષ છે. લોભ ન જાય ત્યાં સુધી મોક્ષ ન થાય. અને ચોથો દ્વારપાળ સત્સંગ છે. સત્સંગ ન કર્યો હોય તો પણ મોક્ષે જવાય નહીં. એ ચારે હોય ત્યારે મોક્ષમાં જવાય.

પ્રમાદ રહે ત્યાં સુધી ઉપવાસ નથી. પ્રમાદ તજવા માટે ઉપવાસ છે. આત્મા પોષાય તો પૌષધ કહેવાય. આત્મા લુંટાય તો ઉપવાસ નહીં પણ લાંઘણ કહેવાય. કૃપાળુદેવે લખ્યું છે—

"સર્વ ભૂમિઓ, સર્વ માણસો, સર્વ કામો, સર્વ વાતચીતાદિ પ્રસંગો અજાણ્યા જેવાં, સાવ પરનાં, ઉદાસીન જેવાં, અરમણીય, અમોહકર અને રસરહિત સ્વાભાવિકપણે ભાસે છે." (૪૯૧) ત્યારે સામાયિક કહેવાય. આત્મા પોતાનો લાગે તો બીજું પર લાગે. પ્રભુશ્રીજી કહેતા, 'કે તારું શું? તારો એક આત્મા; સગાવહાલાં તારાં નહીં.' સામાયિક મોક્ષનો માર્ગ છે. સામાયિક એ આત્મા છે. પૃથ્વીકાય આદિ છકાયના જીવોને, કોઈને પીડા આપે નહીં. મનથી, વચનથી અને કાયાથી, કરે

નહીં, કરાવે નહીં અને કરતા પ્રત્યે અનુમોદે નહીં, એમ સામાયિકમાં પચ્ચખાણ કરાય છે.

''करेमि भंते सामाईयं सावज्जं जोगं पच्चक्खामि
जावनियमं पज्जुवासामी दुविहेणं तिविहेणं मणेणं वायाए
कायेणं न करेमि न कारवेमि तस्स भंते पडिक्कमामि
निंदामि गरिहामि अप्पाणं वोसिरामि.''

જ્ઞાનીનાં વચનો અતિ શમ હોય છે. એ વચનો સાંભળતાં મન એકાગ્ર થાય છે. મારે માટે કહે છે, એમ થાય છે. પછી એમાં સ્થિરતા થાય. કષાય મંદ પડે તેથી નિર્મળ થાય છે.

આહોરમાં મને એક આચાર્ય મળ્યા હતા. તેમણે મને પૂછ્યું કે તમારો ધ્યેય શું છે? મેં કહ્યું–મોક્ષ. તેમણે કહ્યું–મોક્ષ તો આ કાળમાં છે નહીં. મેં કહ્યું–તો આપે દીક્ષા શા માટે લીધી? તેમણે કહ્યું–''બીજા જીવોને દેવગતિએ મોકલવા માટે. મોક્ષ નથી આ કાળમાં, માટે પુરુષાર્થ શા માટે કરવો?

પુરુષાર્થ કરવો નથી, તેથી એમ કહે છે. મોટા પુરુષોએ જે જે દુઃખ આવ્યાં તે તે સમતા રાખી સહન કર્યાં છે. સમકિત છોડ્યું નથી. એવી વાતો વિચારવી, સાંભળવી. વાસના જાય તો જન્મમરણ જાય. સદ્‌ગુરુની આજ્ઞાએ વર્તે તો આ કાળમાં મોક્ષ થાય, પણ એને પ્રમાદ કરવો છે; તેથી આ કાળમાં મોક્ષ નથી, એમ કહે છે.

*

(બપોરના, 'લઘુયોગવાસિષ્ઠસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–વિચાર ચમત્કારી છે. પરમાનંદ આપે એવો છે. વિચાર એ આત્મા છે. એ વિચારને સેવો. મંદ ન રાખો. જે વિચારે કરીને વૈરાગ્ય, જે વિચારે કરીને સમ્યક્ત્વ થાય, એમ અનેક પ્રકારના વિચાર છે. વિચારશીલને સંત પ્રિય ગણે છે. અવિચારથી જીવ નાશ પામે છે. આફત આવી પડે અને વિચાર ન આવે તો નાશ પામે, રડે, મરી જાય. વિચારવાન તે વખતે ધીરજ રાખે છે. અવિચારદશાથી શું પરિણામ આવશે એનો વિચાર અવિચારવાનને ન આવે. અવિચારદશામાં અત્યારે પાંચ ઇન્દ્રિયનાં સુખ ભોગવું છું પણ પાછળથી નરકનાં દુઃખ આવશે, એનો વિચાર ન આવે. અવિચારદશાથી અનાદિકાળથી રખડે છે. એનો અંત લાવવાનો છે. સત્પુરુષે જે વિચાર કર્યા હોય તે સત્સંગે સમજાય છે. અશાંત દશા વિચારથી ટળે છે. પછી એને પોતાનું ભાન થાય. આત્મશાંતિ આવી તો બધાં દુઃખ ટળી જાય. પછી ભલે નરકમાં જાય તોય સુખી છે. શ્રેણિક નરકમાં છે તોય સુખી છે કારણકે સમ્યક્ત્વ છે. સુખ કરતાં દુઃખ સારું છે. દુઃખ હોય તો સંસારથી પાછો હઠે.

**''પ્રભુભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન, પ્રભુ મેળવવા ગુરુ ભગવાન,**
**ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય, તે ઊપજવા પૂર્વિત ભાગ્ય;**
**તેમ નહીં તો કંઈ સત્સંગ, તેમ નહીં તો કંઈ દુઃખરંગ.''** (૧૦૭)

નરકમાં અહીંથી સમ્યક્ત્વ લઈ જાય તો પાછું લઈ આવે અને દેવલોકમાં જાય તો ખોઈ પણ

આવે. નરકમાં આટલો લાભ છે. નરકમાં ભોગવ ભોગવ કરે છે તેથી અકામ નિર્જરા થાય છે. કેટલાકને અહીં સમ્યક્ત્વ ન થયું હોય તો નરકમાં પણ સમ્યક્ત્વ થાય છે. પહેલાં અહીં સત્પુરુષનો યોગ થયો હોય અને કંઈ ન કર્યું હોય, તો કેટલાકને નરકમાં સાંભરી આવે કે મેં કંઈ ન કર્યું, આવો સત્પુરુષનો યોગ મળ્યા છતાં મેં કંઈ ન કર્યું, એમ પશ્ચાત્તાપ કરતાં સમ્યક્ત્વ થાય છે. દેવલોકમાં કંઈ ધર્મ કરવાનો વિચાર ન આવે. વિચારદશા આવે તો જે પુરુષાર્થ કરે છે તે સફળ થાય. વિચારદશા આવ્યા પછી કુવિચાર ન આવે. આત્મા આમ-તેમ ભમે નહીં. વિચાર એ ભૂમિકા છે. સ્થિરતા છે તે વિચારદશા છે.

સંતોષે સુખ થાય. સંતોષ હોય તો પોતાના (કર્મરૂપી) શત્રુઓને હણવાનો પુરુષાર્થ કરે છે; ત્રણ લોકનું રાજ તૃણ જેવું લાગે છે; ચક્રવર્તીએ છાંડેલું છે એમ લાગે. સંતોષ પદમાં આવે તો સુખી રહે. ''સંતોષી નર સદા સુખી'' સ્થિર મનવાળો સદા શાંત હોય છે. ત્રણ લોકનું રાજ્ય એને તૃણ જેવું લાગે છે.

**''સકળ જગત તે એઠવત્ અથવા સ્વપ્ન સમાન''**

સંતોષરૂપી અમૃતપાન કરનારને જગત અને જગતના સુખો ઝેર જેવાં લાગે છે. જે પ્રાપ્ત નથી થયું તેની ઇચ્છા ન કરે, મળેલું છે તે રહેવાનું નથી, એમ જાણે; હર્ષ-શોક ન થાય તે સંતોષી છે. ચંદ્રમાના પ્રકાશથી બધા કમળ સંકોચાય, પણ સૂર્યના કિરણો અડે ત્યારે ખીલી જાય; તેમ સંતોષથી એનું મન શીતળ થાય અને જ્ઞાન થાય ત્યારે વધારે શાંતિ થાય. જેના મનમાં આશા રહ્યા કરે છે તેને જ્ઞાન ન થાય.

''ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન'' ત્યાગવૈરાગ્ય ન હોય તેને જ્ઞાન ન થાય. સત્પુરુષાર્થ કરે તો પૂર્ણ આત્મા થાય. [૧]આત્મામાં ચાર જ્ઞાનાદિ છે, એ ઘણુંય છે. પૈસા-ટકાની જરૂર નથી. આત્મતૃપ્ત હોય તેને આત્માની બધી સંપત્તિ મળે છે. ગુણવાન પુરુષોએ સંમત કરેલી સમતા છે તેને સંતો નમે છે.

*

(સાંજના)

પૂજ્યશ્રી—પચખાણ કરવાના નવ પ્રકાર છે. ન કરે, ન કરાવે, કરતાં પ્રત્યે અનુમોદે નહીં, મન, વચન અને કાયાથી, એમ નવ પ્રકાર છે.

મુમુક્ષુ—મનથી પાપ ચિંતવે, પણ વચન અને કાયાથી ન કરે તો એટલું પાપ ઓછું લાગે ને?

પૂજ્યશ્રી—હા. કર્મ બાંધવામાં જેટલો ઉલ્લાસ ઓછો, તેટલું ઓછું કર્મ બંધાય. ભરતે મરીચિને કહ્યું, કે 'તમે તીર્થંકર થશો.' તેથી મરીચિ ખૂબ નાચ્યા, કૂદ્યા, ત્રણે યોગથી અહંકારની વૃદ્ધિ કરી. તેથી ઘણાં કર્મ બાંધ્યાં. પચખાણના નવ ભેદ થાય છે. એના પાછા ઘણા ભાંગા છે. એકસો સુડતાળીસ (૧૪૭) ભેદ થાય છે. જુદી જુદી રીતનાં પાપ કરે છે. તેથી પચખાણ પણ જુદા જુદા ભેદથી કરાય છે.

---

૧. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય

૭૬ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ વદ ૧૪, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–વેપાર કરવો અને સ્વરૂપમાં રહેવું બહુ મુશ્કેલ છે. પ્રવૃત્તિ સારી છે, છો રહી એમ ન કરવું. કરવી પડતી હોય તો એવા ભાવપૂર્વક ન કરવી. છૂટે તો છોડી દેવી. ન છૂટે એવી હોય તો સાવધાન રહેવું. જેને છૂટવું છે તેને પ્રવૃત્તિ મુશ્કેલીરૂપ લાગે છે. જેને છૂટવું નથી તેને તો આનંદ આવે. અંતરથી પ્રવૃત્તિ ન છૂટી તો ઉપાધિરહિત થવાતું નથી. સર્વસંગપરિત્યાગ કરવાથી પણ જીવ ઉપાધિરહિત થતો નથી. પાછું બીજું ઊભું કરવું હોય તો થાય. નવરો બેઠો નખ્ખોદ વાળે. જેને છૂટવાની ભાવના જાગી છે તેને નિવૃત્તિ ઉપયોગી છે. જ્ઞાનીપુરુષો પણ ઉપાધિમાં દુર્ઘટતાથી સ્વરૂપસ્થિરતામાં રહે છે. ભરત ચક્રવર્તીને છ ખંડનું રાજ્ય હતું પણ વિચાર કરવા બેઠા તો એ પડ્યું રહ્યું. એવા પ્રસંગોમાં દુર્ઘટપણે સ્વરૂપમાં રહેવાય છે. બધું છોડવાનું છે, છોડ્યા વિના છૂટકો નથી. મોક્ષનો માર્ગ તો એક જ છે. ''એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ'' મોક્ષે જાય ત્યારે સાધુ કે શ્રાવકપણું કંઈ ન રહે, બધાને પાંસરું થવું પડે. એક પણ વિકલ્પ લઈને સિદ્ધલોકમાં ન જવાય. બધા વિકલ્પોનો ક્ષય કરે ત્યારે કેવળજ્ઞાન થાય.

''સર્વસંગપરિત્યાગ કરીને ચાલી નીકળ્યાથી પણ જીવ ઉપાધિરહિત થતો નથી.'' (૬૭૭) વેષથી કેવળજ્ઞાન નથી. તાપસો હતા તે એમના એમ જટા લઈને જ તાપસ વેષે ભગવાન પાસે ગયા હતા અને કેવળજ્ઞાન પામ્યા. કંઈ બીજો વેષ લીધો નહોતો. સંસારરૂપી રણ છે, તેમાં કળિકાળનો ગ્રીષ્મઋતુ જેવો તાપ છે. તાપ ન લાગે એવો પુરુષાર્થ કરનારા થોડા છે. આપણે કોઈથી દ્વેષ ન કરવો. બીજા ભલે રાખે, તોપણ આપણે ન રાખવો; એથી શાંતિ મળે છે. જગત છે ત્યાં આગળ વિષય અને વિક્ષેપ છે અને સ્વરૂપભ્રાંતિ છે. બેય મળેલાં છે. તે બન્ને ખેદકારક છે. પાંચ ઇન્દ્રિયના વિષય અને અજ્ઞાન એ બેયનું દુઃખ છે. પાંચ ઇન્દ્રિયના વિષયોમાં રાગ-દ્વેષ ન થાય અને સ્વરૂપભ્રાંતિ ટાળવાની છે. જગત આખું પંચેન્દ્રિયના વિષયમાં પડ્યું છે. પંચેન્દ્રિયના વિષયને લીધે અને અજ્ઞાનને લીધે જીવને ભ્રાંતિ થઈ છે.

*

(સાંજના, 'લઘુયોગવાસિષ્ઠસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–આ ભવમાં અને પરભવમાં મને સત્સંગ મળો. સત્સંગથી વિવેક એટલે ભેદજ્ઞાન થાય. આ આત્મા અને આ દેહ એવો ભેદ પડે તો એનો મોક્ષ થાય. ઉજ્જડ જગ્યા પણ સંતોને શહેર કરતાં વધારે સારી લાગે છે. વિપદ સંપદરૂપ લાગે છે. મોહરૂપી ઝાકળને ઉડાવવામાં સત્સંગ પવન જેવો છે. ગમે તેવું દુઃખ, મુશ્કેલી પડે, તો પણ સત્સંગ તજવો નહીં. સત્સંગ કર્યો હોય તેને તીર્થાદિ કંઈ કરવાની જરૂર નથી. જિતેન્દ્રિય, સંશયરહિત, દેહાધ્યાસરહિત સંત મળે તો પછી તપ, તીર્થનું કંઈ માહાત્મ્ય રહેતું નથી. સંત સમાગમ જેને મળ્યો છે તેને ધ્યેય નિર્મળ થાય છે. આત્મા ઉપાદેય લાગે એ એનો ધ્યેય છે. ભ્રાંતિરહિતપણું છે.

શમ, વિચાર, સંતોષ અને સત્સંગ એ ચાર મોક્ષદ્વારના દ્વારપાળ છે. સંતોષ આવ્યો તો પરમ લાભ એને થયો. સત્સંગ હોય તો ઉત્તમ ગતિ થાય. વિચારથી જ્ઞાન થાય છે. શમથી અભંગ સુખ

પ્રાપ્ત થાય છે. એ ચારમાંથી એક પણ આવે તો બાકીનાં ત્રણ પણ આવી જાય. શમ એ વહાણ જેવો છે, સંસાર તરવા માટે. એ આવે તો ત્રણે આવે. મનરૂપી હાથી જીતીને એ ચારેમાંથી એક પણ પ્રાપ્ત કરવો. એ ચારેમાં સારામાં સારો સત્સંગ છે. એ કરે તો બધાય આવી જાય. ખરેખરો પુરુષાર્થ કરી ચારેમાંથી એક પણ સાધ્ય કરો. જે કામ કરવું તે પૂરું પાડવું. એક શમ આવે તો ત્રણે આવે, સત્સંગ આવે તો ત્રણેય આવે, એક આવે તો બધાય આવે. સત્સંગ કરવો હોય તો અસત્સંગ ટાળવો જોઈએ. સત્સંગ સેવવો, અસત્સંગ તજવો. મનરૂપી મોહવન છે, તેમાં વાસનારૂપી નદી છે, તેને શુભાશુભ બે તટ છે, એનાથી વાસનામાં જીવ તણાય છે. પુરુષાર્થ કરે તો એ વાસનારૂપી નદીને ઉલ્લંઘી જવાય. સારા વિચાર આવ્યા પછી અશુભ તટ મૂકીને શુભ તટમાં જવાય છે.

**‘‘વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;**
**તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ.’’**

શુભાશુભ ભાવ છૂટે તો શુદ્ધ ભાવ આવે. લઘુતા આવે તો જીવમાં પ્રભુતા આવે છે. લઘુતા આવે તો જીવ કૃપાપાત્ર થાય છે. કૃપાળુદેવના યોગથી અંતે અયોગી ગુણસ્થાન પ્રાપ્ત થાય છે.

દિશાકાળથી જેનું માપ નીકળતું નથી એવા અનંતજ્ઞાનવાળા સિદ્ધને નમસ્કાર. આ ગ્રંથ તેને માટે છે કે હું બંધાયેલો છું અને કેમ છૂટું? એમ જે વિચારે છે તે આ ગ્રંથનો અધિકારી છે. જ્ઞાનીને, અજ્ઞાનીને એ ગ્રંથ યોગ્ય નથી. પ્રભુની સાક્ષાત્ કૃપા થાય ત્યારે જીવને સત્સંગ કે સત્શાસ્ત્રયોગ મળે. આ ભવરૂપી સાગર ઓળંગવાને સદ્ગુરુ નાવિકરૂપ છે. અનાદિકાળના આ ભવરૂપી રોગને મટાડવા સુવિચાર છે. ‘‘ઔષધ વિચાર ધ્યાન’’ હું શાથી જન્મમરણ કરું છું? પોતાનો જીવ દુઃખ સહન કરે છે; એ કોણ છે? એનું સ્વરૂપ જાણવાના વિચાર કરે તો–

**‘‘જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;**
**જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ.’’**

ઝાડને જેમ ફળ અને છાયા છે તેમ સંત એ ઝાડરૂપ છે. એ સંત ન હોય ત્યાં દિનભર રહેવું નહીં. બોધ છે એ છાયા છે. એનું ફળ આવે તે ફળ છે. જીવને સદ્ગુરુના યોગે કષાય શમી જાય છે. મનુષ્યભવ મળ્યો છે તે માત્ર આજીવિકા માટે જાય એ ઠીક નથી. કંઈક કરવાનું છે. દેહમાં મહેમાન જેવા આવ્યા છીએ. આયુષ્ય છે ત્યાં સુધી અહીં અને પછી બીજી દુકાનમાં. મનુષ્યભવ બધાય ભવોમાં ઉત્તમ કહ્યો છે. એ છૂટ્યો તો પછી લક્ષચોરાસીમાં ભટકતાં મળવો દુર્લભ છે. ઘણું પુણ્ય ચઢ્યું ત્યારે મનુષ્યભવ મળ્યો છે.

**‘‘બહુ પુણ્યકેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો’’**

એ મળ્યો તો ખરો, પણ–

**‘‘તોયે અરે! ભવચક્રનો, આંટો નહીં એક્કે ટળ્યો’’**

આંટા માર માર કરે છે. માટે ચેતાવે છે. દિવસો ઉપર દિવસો જાય છે. આ આયુષ્ય જાય છે. ચાલ ચાલ કરે છે પણ ક્યાં જવું તેની ખબર નથી. શું કરવા જન્મ્યા છીએ? અને આ

મનુષ્યભવ શા અર્થે જાય છે? એ બહુ વિચારવા જેવું છે. સત્સંગ કે સત્શાસ્ત્ર હાથમાં આવે ત્યારે આત્માની વાત સાંભળવા મળે છે. શું કરવા આવ્યો છું? શું કરું છું? એ રોજ સાંજે તપાસવા જેવું છે. આજનો દિવસ શામાં ગાળ્યો? આ મનુષ્યભવ સફળ થાય એવું કંઈ કર્યું? ન કર્યું હોય તો પશ્ચાત્તાપ કરવો.

**"એક ઘડી, આધી ઘડી, આધીમેં પુનિ આધ;**
**તુલસી સંગત સાધુકી, હરે કોટી અપરાધ."**

સત્સંગનો યોગ મળ્યો તો પણ નિષ્ફળ થયો છે. કર્મ જ્યાં તાણી જાય ત્યાં જવું પડે છે. સારાં કર્મ હોય તો દેવલોકમાં જાય, ખોટાં હોય તો નરકમાં જાય. સમતોલ આવે ત્યારે મનુષ્યભવ મળે.

મુમુક્ષુ—એવો મનુષ્યભવ ફરી ન મળે?

પૂજ્યશ્રી—આઠ વખત મળે, પણ મુશ્કેલ છે. તેમાં પણ પૂર્વનું તો કોઈકને જ સાંભરી આવે છે. કૃપાળુદેવને પૂર્વભવ સાંભરી આવ્યા.

એક આંધળો હતો, તે દરવાજામાંથી બહાર નીકળવા શોધતો હતો. ઘણું શોધતાં બહાર નીકળવા મળ્યું. એવો આ મનુષ્યભવ આવ્યો છે તે વ્યર્થ ગયો તો પાછો લક્ષચોરાશીમાં ન મળે. માટે ચેતવા જેવું છે. કંઈ ન બને તો સત્સંગ કરવો, તેથી ચેતવાનું બને છે. જીવે પોતાની મેળે ઘણું કર્યું છે, પણ જ્ઞાનીની આજ્ઞાએ કરે તો છૂટવાના ક્રમમાં આવે. ધર્મનો એકડો થાય. ધર્મનો એકડો જ્ઞાનીની આજ્ઞા છે. જ્ઞાનીનો એક બોલ પણ મરતી વખતે યાદ આવે તો મરણ સુધરી જાય. "સત્પુરુષના એકેક વાક્યમાં એકેક શબ્દમાં અનંત આગમ રહ્યાં છે." (૧૬૬) એવું ચમત્કારી છે. આખા સાગરને ગાગરમાં ભરી દે એવાં વચનો હોય છે.

મહાવીર ભગવાનને કેવળજ્ઞાન થયું પણ ઉપદેશ ન આપ્યો. ઇન્દ્રે અવધિજ્ઞાનથી જોયું તો બ્રાહ્મણો નગરમાં યજ્ઞ કરે છે. ઇન્દ્ર બ્રાહ્મણનું રૂપ લઈને યજ્ઞકુંડની પાસે આવ્યો ને કહ્યું કે મારા ગુરુએ આ એક શ્લોક મને શીખવ્યો છે પણ હવે તે મૌન થઈ ગયા છે. આપ તેનો અર્થ કરો. યાજ્ઞિકે કહ્યું—જો અર્થ કરું તો તમે શું કરો? ઇન્દ્રે કહ્યું—હું તમારો શિષ્ય થઉં. જો તમે અર્થ ન કર્યો તો તમને મારા ગુરુના શિષ્ય થવું પડશે, પછી ઇન્દ્ર શ્લોક બોલ્યો. તેમાં નવતત્ત્વ, લેશ્યા આદિની વાતો હતી. તેનો અર્થ તે યાજ્ઞિક ન કરી શક્યો. તેથી તેણે અભિમાનથી કહ્યું કે ચાલ, તારા ગુરુ પાસે, ત્યાં અર્થ કરીશું. પછી સમવસરણમાં આવ્યા. સમવસરણને દેખતાં જ લાગ્યું કે આ મહાપુરુષ છે. ભગવાન બોલ્યા કે હે ગૌતમ! તને સ્વાગત છે. ગૌતમને લાગ્યું કે મારું નામ ક્યાંથી જાણ્યું? મનમાં વિચાર્યું કે મારું નામ કોણ ન જાણે? હું તો મોટો છું. મને કોણ ન જાણે? જો એ મારા મનની શંકા કહે તો જાણું કે આ સત્પુરુષ છે. ભગવાને કહ્યું કે હે ગૌતમ! તને જીવને વિષે શંકા છે. પછી ગૌતમને લાગ્યું કે આ સત્પુરુષ છે, આથી મારું કલ્યાણ થશે. તેથી ભગવાનને નમ્યા. ભગવાને તેમને ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એમ ત્રિપદી કહી. એ ઉપરથી ચૌદપૂર્વની રચના કરી. ગમે તેવાં જ્ઞાનીનાં વચનો કામ આવે છે. જ્યાં જ્યાં જીવને વાસના છે ત્યાં ત્યાં જન્મવું પડે છે. માટે જ્ઞાનીનાં વચનોમાં ચિત્ત રહે તો એની વાસના જાય.

(બપોરના) ૭૭ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૦)), સં.૨૦૦૮

પૂજ્યશ્રી—આત્માના હિતને માટે કંઈ કરવા જેવું છે. જેને કંઈક પૂર્વના સંસ્કાર હોય તેને ધર્મ વસ્તુ ગમે. બધાનું કારણ સત્સંગ છે. સત્સંગ જોઈએ. આ યુગમાં શ્રીમદ્ રાજચંદ્રે આ ભવમાં તો ઘણું કર્યું છે, પણ પૂર્વભવની કમાણી બહુ હતી. આઠમા વર્ષમાં એમને જાતિસ્મરણજ્ઞાન થયું હતું. પહેલાં સાંભળેલું, આરાધેલું યાદ આવી ગયું. તેત્રીસ વર્ષમાં ઘણું કામ કર્યું છે. છ દર્શનનો અભ્યાસ કર્યો હતો. બધામાં સારો ધર્મ કયો છે એ તપાસ કરી. શ્રીમદ્ રાજચંદ્રે આજથી અડસઠ વર્ષ પહેલાં એક 'મોક્ષમાળા' પુસ્તક રચ્યું છે. તે વખતે એમણે એમ જાણ્યું કે આ કાળમાં લોકો ભણી ભણીને ધર્મની ગરજ રાખે એમ નથી. એ માટે આ પુસ્તક લખ્યું છે, તે હાઈસ્કૂલમાં રાખવા જેવું છે. ધર્મ સંબંધી શું શું જાણવું જોઈએ તે એમાં છે. મનુષ્યભવમાં સત્પુરુષનો યોગ થાય એ બહુ દુર્લભમાં દુર્લભ વસ્તુ છે. જ્ઞાનીની આજ્ઞા આરાધાય તેટલી મનુષ્યભવની સફળતા છે. રખડતાં રખડતાં કોઈક વાર મનુષ્યભવ મળે છે. તેમાં પણ સત્પુરુષ મળવા, આજ્ઞા મળવી, રુચિ થવી દુર્લભ છે. જ્ઞાનીની અલ્પ આજ્ઞા આરાધે તો સાથે આવે, બહુ લાભ થાય. પૈસાટકા બધું અહીં જ પડ્યું રહે. જીવને આ નાશવંત વસ્તુઓમાં એટલો મોહ છે કે એમાં જ ચિત્ત ચોંટી રહે છે. પાંચ-પચાસ વર્ષ જીવવાનું હોય, પછી છેવટે પશ્ચાત્તાપ કરે.

સિકંદરે ઘણી લડાઈઓ કરી, દેશો જીત્યા. છેવટે રોગ થયો. ઘણા વૈદ્યો આવ્યા. પણ મટાડી ન શક્યા. પછી તેણે પશ્ચાત્તાપ કર્યો કે આવું થવાનું હોત તો હું આટલું બધું શા માટે કરત? સાથે આવે એવું કંઈ ન કર્યું! પછી ભંડારીને બોલાવી હીરા માણેક બધું કઢાવ્યું. સિકંદરની આંખોમાંથી આંસુ આવવા લાગ્યાં. પછી તેણે વિચાર્યું કે મારે તો એવું થયું, પણ હવે બીજા જીવો ન ભૂલે એવું કરવું. તે માટે તેણે રાજ્યના માણસોને કહ્યું કે હું મરું ત્યારે મને સ્મશાને લઈ જતી વખતે મારા હાથ બહાર રાખજો. જેથી લોકોને લાગે કે બાદશાહ ખાલી હાથે આવ્યો અને ખાલી હાથે ગયો. વળી કહ્યું કે વૈદ્યો હોય તેમના ખભા ઉપર મારા શરીરને મૂકજો, જેથી લોકોને લાગે કે આટલા બધા વૈદ્યો હોવા છતાં મરી ગયો, વૈદ્યો કંઈ ન કરી શક્યા. એથી વૈરાગ્ય થશે, પણ અનાર્ય દેશ એટલે કોઈને એવું ન લાગ્યું. એવું આપણું ન થાય, એ સાચવવું.

લક્ષ થઈ જાય કે આ જ કરવું છે, તો ભલે આજીવિકા માટે કરવું પડે, પણ નવરાશ મળે ત્યારે સત્સંગ કરે. મારે મોક્ષે જવું છે, એવો ધ્યેય હોય તો એવું થાય. જેને જેવો સંગ થાય તેને તેવો રંગ લાગે. બધાને માટે નિવૃત્તિની જરૂર છે. મરણની ખબર નથી કે ક્યારે આવશે? તેમ છતાં જીવ ધારે કે આ મારે કરવું છે તો કરી શકે. જીવનમાં શું કામ કરવું છે? એ પહેલેથી નક્કી કર્યું હોય તો સારું થાય, ચોક્કસ થાય. જેને સત્પુરુષનો યોગ થયો છે, તેણે કંઈ કરતા રહેવું. પ્રભુશ્રીજીનો સમાગમ આપણને મળ્યો છે એ મહાભાગ્ય છે. માટે એમણે આપણને સ્મરણ મંત્ર આપ્યો હોય તે રોજ કરતા રહેવું.

*

(સાંજના, 'પ્રવચનસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–આત્મા ભાવકર્મને લીધે વિભાવરૂપ પરિણમે છે. "ભાવકર્મ નિજ કલ્પના, માટે ચેતનરૂપ" જ્ઞાનચેતના એ સ્વાભાવિક છે. હું શુભ કરું, અશુભ કરું, એમ કર્ત્તવ્ય સમજીને કરે તે કર્મ-ચેતના છે. જ્ઞાનચેતનામાં એટલે જેને ભેદજ્ઞાન છે તે કર્મના ઉદયે તેમાં ભળી જતો નથી. કર્મનો ઉદય આવે ત્યારે સુખસામગ્રી મળે. પુણ્યથી મળે છે ત્યારે જીવ સુખ માને છે. એથી વિપરીત થાય ત્યારે દુઃખ માને છે. પોતાના ભાવ શુભાશુભ કરે તે કર્મચેતના છે. જ્યાં સુધી સમ્યક્ત્વ થયું નથી, ઇષ્ટ અનિષ્ટ કરે છે, ત્યાં સુધી કર્મચેતના છે. જ્યાં જીવને ભાન નથી એવા એકેન્દ્રિયમાં કર્મફળચેતના છે. મુખ્યપણે કહેવું છે કે ત્રણે ચેતનામાં ચેતન છે. કર્મચેતનામાં પણ ચેતન, કર્મફળચેતનામાં પણ ચેતન અને જ્ઞાનચેતનામાં પણ ચેતન છે. કર્મચેતના અને કર્મફળચેતનામાં આત્મા અશુદ્ધ છે.

૭૮ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ સુદ ૨, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–જગતમાં તો દુઃખ જ છે. જીવ દુઃખને સુખ માને છે. વિવાહમાં કામ કરવું પડતું હોય અને થાક લાગતો હોય તોય સુખ માને છે. બધાય દુઃખી છે અને હું પણ દુઃખી છું એમ લાગવાથી દુઃખ નથી લાગતું. હું એકલો જ દુઃખી છું એમ લાગે તો દુઃખ લાગે. દેહ હોય ત્યાં સુધી શાતા અશાતા હોય જ. શાતા બહારથી દેખાય છે, પણ અંતરમાં તો બળ્યા જ કરે છે. એકાંત સુખી એક મુનિ વીતરાગ છે.

જીવ ભૂલી ગયો છે. આ ભવમાંય ગર્ભનાં દુઃખ ઘણાં ભોગવ્યાં છે. તે બધું ભૂલી ગયો છે. "જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત" એ દુઃખનું કારણ છે. નિરાંત વાળી બેસવા જેવું નથી. ભગવાનની આજ્ઞા આરાધે તો આત્મકલ્યાણ થાય. જેણે રાજાની આજ્ઞા ન માની તે દુઃખી થયા અને જેણે માની તે સુખી થયા, એવું દૃષ્ટાંત 'વેદનીયકર્મની પૂજા'માં આવે છે. મોક્ષ જોઈતો હોય તો શાતા-અશાતા બન્ને છોડવી પડે છે. મહાપુરુષોને જ્યારે કેવળ અશાતા હોય ત્યારે પોતાનું વીર્યબળ વિશેષ ફોરવે છે. કેવળજ્ઞાન પામી જાય છે. વીર્યની વૃદ્ધિ થાય છે. આત્માને લાભ થાય છે. જેમાં આત્માના ગુણ વિશેષ પ્રગટે તે કલ્યાણકારી છે. આત્મગુણ જેને પ્રગટ થયો છે તે જિન છે. બે પ્રકારના ઉપદેશ છે. એક વૈરાગ્ય થાય, જગત અસાર લાગે તે ઉપદેશબોધ અને બીજો સિદ્ધાંતબોધ, તેમાં યોગ્યતાની જરૂર છે. આત્માર્થી એટલે–

**"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ-અભિલાષ;**
**ભવે ખેદ પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ."**

૭૯ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ સુદ ૩, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–જે વસ્તુની જીવને લાગણી હોય તે યાદ રહે છે. તાત્કાલિક વસ્તુઓમાં મોહ હોય છે તેમાં જીવ ભૂલી જાય છે. નવા દેહમાં આસક્તિને લીધે પૂર્વભવ ભૂલી જાય છે. જેને આસક્તિ ન હોય તેને પૂર્વ ભવ યાદ આવે. દેહદૃષ્ટિ હોય ત્યાં દુઃખ છે. આત્મદૃષ્ટિ છે ત્યાં આત્માને શું નુકશાન થાય છે? એ ઉપર લક્ષ હોય છે. દૃષ્ટિ ફરી જાય છે. જ્યાં સુધી અયોગી એટલે ચૌદમે ગુણસ્થાનકે

ન આવે ત્યાં સુધી શાતા-અશાતાનો ઉદય વેદ્યા જ કરશે. જિનભાવના ભાવે તો સુખ પ્રાપ્ત થાય. સારી ભાવના કરે તો છૂટે અને મોક્ષ થાય, એવી આત્મભાવના છે.

**"જે જે કારણ બંધનાં, તેહ બંધનો પંથ;**
**તે કારણ છેદક દશા, મોક્ષ પંથ ભવઅંત."**

શાથી મોક્ષ છે અને શાથી બંધ છે જ્ઞાનીઓ એનો વિચાર કરે છે અને સમભાવમાં રહે છે.

*

(સાંજના, 'લઘુયોગવાસિષ્ઠસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—સત્પુરુષનું કહેલું વચન આરાધે તો તેથી પુણ્ય બંધાય છે. બધાનું કારણ સત્પુરુષ છે. ભવ કરવા પડે છે તે કોને કરવા પડે છે? હું કોણ છું? એનો વિચાર જાગે તે સંસારરોગ મટાડવાનું ઔષધ છે. જીવને સુવિચારણા જાગે તો થોડુંક કહ્યું હોય તો પણ ઘણા વિચાર જાગે. સંસારથી થાક્યો હોય તેને વિચાર આવે કે મને પરિભ્રમણ થાય છે, એનો વિચાર થાય તો છ પદની શ્રદ્ધા થાય. સત્પુરુષ વ્યાખ્યાન ન આપતા હોય તો પણ તેઓની પાસેથી એક વચન પણ સાંભળવા મળે તો અનંત આગમ તેમાં આવી જાય. "સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં અનંત આગમ રહ્યાં છે.' (૧૬૬)

સત્સંગના યોગે જીવ હિંમતવાળો થાય અને કશી ઇચ્છા ન રહે. મરણના પ્રસંગે હું મરતો નથી એમ થઈ જાય. સત્સંગે જીવને આપદ તે સંપદધામ લાગે. ઘણો લાભ થાય છે. સત્પુરુષો મૌન થઈ જાય તો પછી ભવતાપથી તપતા જીવો કોનું શરણ લે? યોગ્ય જીવ હોય અને જ્ઞાનીનો યોગ થાય તો તેમાં બધાં શાસ્ત્રો આવી જાય છે. ખરું કામ શિષ્યે કરવાનું છે. સત્પુરુષ એક નિમિત્તરૂપ છે. શિષ્યની પ્રજ્ઞા જ સત્પુરુષને શોધી કાઢે છે. તીર્થંકર હતા તે પણ પકડીને આત્મા બતાવતા નહોતા, તેમ શાસ્ત્રોથી આત્મા હાથ આવે એમ નથી. પોતાને પોતાનું વેદન થાય ત્યારે ઓળખાણ થાય એવું છે. સ્વસંવેદનગોચર પદાર્થ છે, અરૂપી પદાર્થ છે. બીજી કળાઓ તો ન સંભારે તો ભૂલી જાય છે, પણ જેને આત્માનું ઓળખાણ થયું હોય તેને દિવસે દિવસે વૃદ્ધિ થતી જાય છે. જ્ઞાનકળા વધ્યા કરે છે. "શ્રુત અનુભવ વધતી દશા, નિજ સ્વરૂપ અવભાસ્યું રે" ચંદ્રકળાની જેમ જ્ઞાનકળા વધતી જાય છે. આત્મા પાસે જ છે પણ દેખાતો નથી. અનંતકાળથી ભટક ભટક કરે છે. ગુરુના વચનથી ભ્રાંતિ ટળે તો આત્માની પ્રાપ્તિ થઈ જાય.

પાંચ ઇન્દ્રિયના વિષયો વિષમિશ્રિત ખોરાક જેવાં છે. વિષયોનું દુઃખ લાગે છે તો પણ એમાં ને એમાં વૃત્તિ રાખે છે. તે માણસ ન કહેવાય પણ ગધેડા જેવો છે. કડવાશ લાગ્યા છતાં જીવ કડવાશ ઉપર પગ મૂકીને ચાલ્યો જાય છે. દુઃખ ઉપરથી શિખામણ લેવાની છે તે લેતો નથી.

**"ઊપજે મોહ-વિકલ્પથી, સમસ્ત આ સંસાર"** (૯૫૪)

જગત છે તે લાંબા સ્વપ્ના જેવું છે. રાગદ્વેષ ન કરે, સાક્ષીભાવે રહે તો આખું જીવન એનું સુંદર થાય. મન અને ઇન્દ્રિયોને રોકે, ઇષ્ટ-અનિષ્ટ ન કરે, પંચેન્દ્રિયોના વિષય રોકે અને મન સ્થિર થાય તે વખતની દશા તે પરમાત્મદશા છે. જીવ ગમે ત્યાં જાય પણ મરતો નથી, છતાં જીવો

તેને રડે છે. તે કોને રડે છે? તો કે ભ્રાંતિને. આત્મા અને દેહ જુદાં છે, જેમ ઘડો અને આકાશ જુદાં છે. ઘડો ફૂટે તેથી આકાશ નાશ ન થાય, તેમ આત્મા કદી નાશ ન થાય. આત્મા અત્યારે અશુદ્ધ છે તેને લઈને કર્મ બંધાય છે અને તેથી પરિભ્રમણ થાય છે. આકાશ આદિ સર્વ પદાર્થને જાણનારો છે તે કદી મરે એવો નથી. નિત્ય છે. ભીખ માગવી સારી પણ અજ્ઞાનમાં રહેવું સારું નથી. વ્યાધિ, પીડા એ બધાં કરતાં અજ્ઞાનનો ઘણો ભય છે, એનો ભય લાગતો નથી. ''વિચારવાન જીવને આ સંસારને વિષે અજ્ઞાન સિવાય બીજો કોઈ ભય હોય નહીં.'' (૫૩૭)

૮૦ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ સુદ ૪, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–મેરુ જેવું મન સ્થિર થાય તો બધું થાય, સંયમ આવે અને ભ્રાંતિ ટળે. ચિત્તને લીધે ભવ ઊભા થાય છે અને ક્ષય પણ કરાય છે. બાહ્ય વસ્તુઓની ઇચ્છા છોડવી તે રેચક પ્રાણાયામ, અંતરમાં ગુણ પ્રગટાવવા તે પૂરક પ્રાણાયામ અને સ્થિરતા થાય તે કુંભક પ્રાણાયામ. એ ભાવ પ્રાણાયામ છે.

**''બાહ્ય ભાવ રેચક ઇહાંજી, પૂરક અંતર ભાવ;**
**કુંભક થિરતા ગુણે કરીજી, પ્રાણાયામ સ્વભાવ.''**

રાગદ્વેષ છોડી જ્ઞાનભાવ કરવાના છે. 'હું દેહ નહીં, આત્મા છું' તો રાગદ્વેષ ન થાય. 'હું દેહ છું' એમ કરે તો રાગદ્વેષ થયા વિના ન રહે. પોતે વિકલ્પ કરે છે તેથી મોહ થાય છે. એનો ક્ષય કરે તો મોહ ટળે. સંસારનો ભય અજ્ઞાની જીવોને છે. અજ્ઞાન છે ત્યાં સુધી સંસારનો ભય છે. મોહના તરંગથી સંસાર ઊભો થયો છે. ભૂત જેવો આ સંસાર છે, તે દુઃખ દે છે. તેનો વિચાર કરે તો ટળે. માયાનું સ્વરૂપ અકળ છે. સંસાર માયા છે પણ સાચું લાગે છે. કલ્પનાઓ કરી એ દૃઢ કર્યું છે. માયા છે એમ દેખે તો દેખતાં નાસી જાય, પણ લાગતું નથી. દેખાય છે તે બધી માયા છે. માયા લાગવી મુશ્કેલ છે. મૂળ બે દ્રવ્ય છે. જડ અને ચેતન. દર્શનમોહ એવો છે કે વસ્તુનું સ્વરૂપ ઊલટું સમજાવે. સાચી માન્યતા થવા ઘણા બોધની જરૂર છે.

**''હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ''**

એ બોધ સિવાય એનો ઉપાય નથી. પોતાની બુદ્ધિ પરથી વિશ્વાસ ખસે તો સાચું સમજાય એવું છે. પોતાની બુદ્ધિ પર મીંડું મૂકી, ચોકડી મૂકી, જ્ઞાની કહે તે માનવું. એટલું થાય તો એ ટૂંકો રસ્તો છે. પ્રભુશ્રીજી કહેતા કે તારી બુદ્ધિ ઉપર મૂક મીંડું અને તાણ ચોકડી. ખોટાને સાચું માની જીવ ફરે છે. મૂળ વસ્તુ એના હાથમાં આવી જાય તો ખોટું તે ખોટું લાગે. સત્સંગ જેવું બીજું આત્માના કલ્યાણનું કારણ છે નહીં. સત્સંગમાં રહે, પ્રવૃત્તિ એમાં જ રહે તો સત્ય પરીક્ષા કરતાં આવડી જાય. જગતમાંથી કોઈ વસ્તુ આત્માને હિતકારી હોય એવી વસ્તુ લેવી. હનુમાન જેવી ભક્તિ જાગે તો કામ થાય.

**''સૂક્ષ્મબોધ તોપણ ઇહાંજી, સમકિત વિણ નહિ હોય''**

સમકિત વગર સૂક્ષ્મ બોધ પ્રગટે નહીં. આખા શરીરમાં વ્યાપેલો એવો આત્મા છે તેને

જાણતો નથી. એવી આ અકળ માયા છે. જગતમાં માયાના ખેલ છે. આજ છે અને બીજા દિવસે નહીં. સાચું નથી, નાશવંત છે તે પ્રત્યે પ્રેમ ન કરવો. "વિનાશી અથવા અન્ય પદાર્થના સંયોગને વિષે તેને ઇષ્ટ-અનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી." (૪૯૩) પોતાનું સ્વરૂપ છે તે અવિનાશી છે પાસે જ છે. દૂર લાગે છે એ જ જીવનો મોહ છે. આત્મા આત્મારૂપે ત્રણે કાળ રહે એવો છે. બીજા પદાર્થો ભાંગીને ભૂકો થાય પણ આત્મા ત્રણે કાળ રહે એવો છે. જ્ઞાનમાં આખું જગત દેખાય છે. જગત છે તે આત્મારૂપ લાગે છે પણ જ્ઞાન થાય તો તે આત્મારૂપ ન લાગે, ભિન્ન લાગે, ભ્રાંતિ ટળે. ભવભ્રમણ પણ જાય.

ભોગની વાસનાથી જે બંધ થાય છે તે પ્રબળ બંધ થાય છે. ભોગની વાસના ટળી જાય તો એને ઉપશમભાવ આવે. હું દેહ નથી, દેહના ભોગ બંધનરૂપ છે, એમ લાગે તો વાસનામાં તણાય નહીં. વાસના ટળે તેથી ઉપશમભાવ આવે છે, તેથી મોક્ષ થાય. બ્રહ્મચર્યવ્રત જીવનો ઉદ્ધાર કરે એવું છે. આખો મોહ ભોગની વાસનાને લઈને ટકે છે. "જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યું, તેથી રૂડું થયું નથી." (૩૭)

આત્મામાં અનંતજ્ઞાનાદિ ચતુષ્ટય છે. તે માયાને લીધે અવરાઈ ગયાં છે. મોહના કલ્લોલ દેખાય છે. આત્મા તો અસંગ છે. તે એક મિથ્યાત્વને લીધે 'હું દેહ છું' એમ માને છે, પણ એવો થઈ જતો નથી. સંયોગને લીધે આત્મા દેખાતો નથી. અહીં પણ આત્મા અનંત જ્ઞાનનો ધણી છે. મન છે તે જગતને ઊભું કરે છે. સંકલ્પ વિકલ્પ કરી સંસાર ઊભો કરે છે પણ બધું સ્વપ્ના જેવું છે. મન ફરે તો બધું ફરી જાય, મોહ દૂર થાય. આત્મા ને દેહ જુદા ભાસે તો ભિન્ન લાગે. આત્મા અસંગ છે, સર્વ પરભાવથી રહિત છે, એક છે. જે મોહને આધીન છે તેને કદી જગતનો અંત આવે નહીં. મોહ જીવને વળગ્યો છે તેથી મારું-તારું કરે છે. અજ્ઞાનીને મૂળ વસ્તુનો ખ્યાલ આવતો નથી. શરીર બધાં છે તે જુદાં દેખાય છે, તે બધાં માંસનાં પોટલાં છે. તેમાં મોહ કરવા જેવું નથી. જીવને મૂળ વસ્તુ તરફ દૃષ્ટિ જતી નથી. આ મારું ઘર, આ મારું ગામ, પણ તારું શું છે? કંઈ નહીં. બધી પરવસ્તુ છે. આત્મા ઓળખવાની દૃષ્ટિ એને આવી નથી. ખરી વસ્તુ તો આત્મા છે. એ ન હોય તો અહીં બેસવા પણ ન દે. જ્ઞાનીને જ્યાં જાય ત્યાં આનંદ છે. દુઃખ આવે, મારે, બાળે તો પણ આનંદ છે. જેવી જેની દૃષ્ટિ તેવી તેની સૃષ્ટિ. અજ્ઞાનીને એથી ઊલટું લાગે છે. જ્યાં જ્ઞાન છે ત્યાં આત્મા છે. જ્ઞાનમાં જે દેખાય છે તે જ્ઞાનમાં શમાય છે. અજ્ઞાનને લઈને આખું વિશ્વ ઊભું થયું છે. અરૂપી આત્માનું ભાન નથી. એની ભ્રાંતિને લીધે મોહ થાય છે. જે બધું કલ્પિત છે, તેને સાચું માને છે. એ ભ્રાંતિનો જ પ્રભાવ છે. જ્યારે આત્માનો અનુભવ થાય ત્યારે બધું ખોટું લાગે.

**"સકળ જગત તે એઠવત્"**

૮૧ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ સુદ ૫, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—આત્મહિત થાય તે કરવું. જીવને સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન, સમ્યક્ચારિત્ર સત્પુરુષના બોધથી પ્રગટે છે. ભગવાનનું કહેવું હોય કંઈ અને કરે કંઈ, એવો આ જીવ છે. "જિન થઈ જિનને જે આરાધે, તે સહી જિનવર હોવે રે."

**“જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;**
**અવલંબન શ્રી સદ્‌ગુરુ, સુગમ અને સુખખાણ.”** (૯૫૪)

પ્રત્યક્ષ અવલંબનની જરૂર છે.–

**“જાણ્યું તો તેનું ખરું, જે મોહે નવિ લેપાય;**
**સુખ દુઃખ આવ્યે જીવને, હર્ષ-શોક નવિ થાય.”**

તે જાણ્યું કહેવાય. સમ્યક્‌દર્શન વગર ચારિત્ર ન આવે. સમ્યક્‌દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપથી નિર્જરા થાય છે. તે અવિરોધપણે પ્રાપ્ત થાય તો મોક્ષ થાય. નિશ્ચયથી તો સમ્યક્‌દર્શન છે તે જ આત્મા, સમ્યક્‌જ્ઞાન તે જ આત્મા, સમ્યક્‌ચારિત્ર તે પણ આત્મા અને સમ્યક્‌તપ તે પણ આત્મા છે.

*

(બપોરના, ‘લઘુયોગવાસિષ્ઠસાર’ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–આશા સર્વને બાળી નાંખે. આત્માનું જ્ઞાન થાય, તો “આત્માથી સૌ હીન” લાગે. આત્માને મૂકી બીજે વૃત્તિ ન જાય તે સમાધિ છે. “જગત આત્મરૂપ માનવામાં આવે.” (૩૦૧) જ્ઞાનમાં બધું ભાસે છે. જ્ઞાન છે, તેમાં ગમે તે વસ્તુ દેખાય, પણ જ્ઞાન જ્ઞાનસ્વરૂપ જ છે. પોતાના સ્વભાવને મૂકીને જડના ભાવ પ્રત્યે જાય તે વિભાવભાવ છે. જ્ઞાનમાં જે ભાસે છે તે જ્ઞાનસ્વરૂપ જ છે, એમ લાગે તો રાગ-દ્વેષ ન થાય. જેણે આત્મા જાણ્યો છે તે પરમાત્મસ્વરૂપના અવલંબને જીવન ગાળે છે. જે વીતરાગને ધ્યાવે છે તે પરમાત્મા થાય છે.

**“આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે”**

ભગવાને જે આગમ કહ્યાં છે તેનું જે રહસ્ય છે, તેનો જે ભાવ છે, તે શ્રુતના આશ્રયથી કેવળજ્ઞાન પમાય છે. જે રાગદ્વેષ નથી કરતો તેને સંસાર સ્પર્શતો નથી. જ્ઞાનીના વચનમાં વૃત્તિ રહે તો રાગદ્વેષ છોડે. આત્મજ્ઞાન હોય ત્યાં દોષ સ્પર્શી શકે નહીં. બ્રહ્મજ્ઞાન છે તેની પાસે દોષો આવતા નથી. અગ્નિ જેવું બ્રહ્મજ્ઞાન છે. તે દોષોને બાળી નાંખે છે. આત્માનું ભાન જેને થયું છે તેને ચારિત્રમોહ તો છે, તેમાં વર્તે છે, પણ ભ્રાંતિ નીકળી ગઈ છે. ચારિત્રમોહને લઈને કષાયની પ્રવૃત્તિ થાય છે, પણ શ્રદ્ધામાં એણે સાચું છે તે સાચું જાણ્યું છે. સ્ફટિક સફેદ છે પણ જેવો સંગ થાય તેવું દેખાય, પણ તેવું ન થાય. તેમ જ્ઞાની કર્મોદયના વશે રહે, પણ રાગદ્વેષ કરતા નથી, તેમાં રંગાઈ જતા નથી. વ્યવહારમાં વર્તે પણ વૃત્તિ અંતરમાં રહે છે. થાકેલો જેમ માંડ માંડ કામ કરે છે તેમ જ્ઞાનીને કરવું પડે છે, પણ એમાં રંગાતા નથી. આત્મામાં એ જાગૃત રહે છે. બીજા કામોમાં એ ઊંઘે છે. એક આત્માને સંભાળે છે. હૃદય છે તે સ્વરૂપમાં લીન થાય છે. જગતમાં તો માંડ માંડ રહે છે. સોનું ગમે તેટલો કાળ કાદવમાં રહે તોપણ કાટ ન આવે, તેમ આત્મજ્ઞાન થયા પછી કોટી વર્ષ રહેવું પડતું હોય તો પણ મલિન ન થાય. જ્ઞાન થવાથી મોક્ષમાં આનંદ આવે છે. એને પરવસ્તુનું માહાત્મ્ય નથી. જ્ઞાનીમાં જગત નથી, જગતથી રહિત છે. એનું અંતઃકરણ જોઈએ તો જ્ઞાનથી ભરપૂર છે, બીજું કશું નથી. આખું જગત જુએ પણ સારું-ખોટું ન લાગે. જાગતો હોય પણ જાણે

ઊંઘે છે એમ લાગે તે નર મુક્ત છે. સિદ્ધ ભગવાન જુએ છે પણ તેઓને કંઈ લેવા દેવા નથી. જેને શંકાગ્રંથિ, કર્મગ્રંથિ ભેદાઈ છે, ''દેહ છતાં નિર્વાણ'' જેવા છે, એનું નામ જીવન્મુક્ત છે.

અહંભાવ છે તેને લીધે આ બધી વાસના થાય છે. એ અહંભાવ ટળી જાય તો કોઈ વાસના રહેતી નથી. હું દેહ નથી, તો વાસના શાની? વાસના જાય તો ચિત્ત સ્થિર થાય. બંધુ આદિકને જે તજે છે, ભોગની વાસના જેનામાં નથી, સ્ત્રી પ્રત્યે જેને અભાવ, દુગંછા, ઘૃણા હોય છે, જેને શત્રુ-મિત્ર સમાન છે, તેને ગમે તે હોય તેના પ્રત્યે સમભાવ વર્તે છે. સમભાવ છે તેને આ ભવમાંય દુઃખ નથી, પરભવમાં પણ નથી. સમભાવ છે તો મોક્ષ છે. હેમચંદ્રાચાર્ય કહે છે, કે 'દેવલોક તો અહીંથી આઘો છે અને મોક્ષ એથી પણ વધારે દૂર છે, માટે મોક્ષની વાનગી જોઈતી હોય તો સમભાવમાં રહો તો અહીં જ મોક્ષ છે.'

જે રાગદ્વેષ રહિત રહે છે તે પરમેશ્વર છે. જેને કોઈ વસ્તુની તૃષ્ણા નથી તેથી ઉપાધિમાં પણ સમાધિ છે. જેને તૃષ્ણા નથી તે સિદ્ધ જેવો છે. દેહ છે તે મારો છે એમ થાય તેથી બધી ઉપાધિ થાય અને બંધનો ક્ષય થયો તો મોક્ષ થાય. પરવસ્તુને પોતાની માની બેસે ત્યાં એને બંધ થાય છે. મનને આ દૃશ્ય પદાર્થથી વિમુખ કરી નાંખે, અદૃશ્ય જે આત્મા છે તેને દૃશ્ય કરે, એટલે તેમાં જ વૃત્તિ રાખે તે મોક્ષ (નિર્વાણ)ની સમીપ છે. એ ગુરુગમ પામીને મોક્ષે જાય છે. લોકાંતે મોક્ષ નથી કે ભૂતલ ઉપર કે જમીન ઉપર મોક્ષ નથી; જ્યાં તૃષ્ણા મનમાંથી ખસી ત્યાં મોક્ષ છે. જેટલી તૃષ્ણા વધારે તેટલા ભવ વધારે. આ બધા આભાસ મનથી ખસી જાય ત્યાં મન લય પામે, ત્યાં આગળ મન શાંત થાય. મન લય થાય તો પરમાત્મસ્વરૂપ પ્રકાશે છે. તે અડોલ દીવા જેવું છે. મનની ચંચળતા એ જ બંધ, અને મનનો લય તે જ મોક્ષ. નિર્મળ સ્વભાવમાં કોઈ દોષ પેસી શકતા નથી.

('લઘુયોગવાસિષ્ઠસાર'ના વાંચન પ્રસંગે) ૮૨ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ સુદ ૬, સં.૨૦૦૮

બધાય સત્સમાગમ ઇચ્છે છે. રસાયણ ખાય અને તેથી પુષ્ટ થાય તેમ સત્સંગમાં ઉલ્લાસભાવ આવે છે. [૧]પ્રભુશ્રીજી નોળિયા અને સર્પનું દૃષ્ટાંત આપતા કે જેમ સર્પ અને નોળિયો લડે છે, નોળિયાને સર્પ કરડે છે, ત્યારે ઝેર ચઢવા લાગે કે તરત દરમાં જઈ બૂટ્ટી સૂંઘી આવે છે અને પાછો લડે છે, તેમ આપણે સંસારમાં કામ આદિ કરતાં ભક્તિનો રસ ન લાગે ત્યારે તરત સત્સંગ કરવા આવવું. એવી રીતે મુમુક્ષુ જીવ હોય તેને સત્પુરુષનો યોગ, ભક્તિ વગેરે સાધન મળ્યું હોય, તે કરતો હોય, પણ જ્યારે સંસારના કામોમાં એ જાય છે ત્યારે પેલું લૂખું થાય છે. ફરી ફરી સત્સંગ કરે તો ક્રમે કરી સંસારનો નાશ થાય. આત્મા છે તે મનમાં જ્યારે કામ કરે ત્યારે સંકલ્પ-વિકલ્પ કરે છે. આત્મા મનરૂપ થઈ સંકલ્પ-વિકલ્પ કરે છે. કલ્પનારૂપી પાંખો કરી આંખો મીંચી પોતે પોતાને જાણ્યા વગર ફર ફર કરે છે. વિભાવની અચિંત્ય શક્તિ છે. સમુદ્રમાં જેમ મોજાં ઊછળે તેમ આ સંસાર ઊભો થયો છે. સંકલ્પથી ભવ ઉત્પન્ન થાય છે. એ સંકલ્પ શમાઈ જાય, મન જો અંતરમાં વળે તો લય થઈ જાય. ધનની ઇચ્છાથી ભવ વધે છે. આત્મવિચારમાં રહે તો ભવ છૂટી જાય.

''કર વિચાર તો પામ''

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૬૧૭.

આત્મવિચારમાં જાય તો આત્માનું કામ થાય, અને સંસારમાં જાય તો સંસાર ઊભો થાય. અવિચારમાં હોય ત્યારે જગતમાં મન ભમે છે. સ્વપ્નામાં જેમ મરી ગયો એમ દેખે, પણ જાગે ત્યારે બધું ખોટું પડે તેમ આત્મવિચારમાં જાગતાં પણ જગત ખોટું લાગે છે. દેહમાં આત્મબુદ્ધિ તે મિથ્યાત્વ છે. મનમાં જેવું હોય તેવું થાય. મનને સવળું વાળે તો સવળું થાય; અવળું વાળે તો સંસાર ઊભો થાય. 'હું અને મારું' પરવસ્તુમાં છે તે અજ્ઞાન છે. એ આત્મવિચારથી ટાળે તો જ્ઞાન પામે. મનને જ્યાં ગમે ત્યાં જાય છે. એ મન ભમે છે ત્યારે બંધન થાય છે. એ આત્મવિચારમાં આવે તો લય થાય. મનથી બધા ભવ ઊભા થાય છે. જેવું મન હોય તેવો પુરુષાર્થ થાય. મનને વિચારમાં રોકવાનું છે. મન દઈને પાપ કર્યું હોય તેથી ઘણું પાપ બંધાય. મન જેવું છે તેવું જગત છે. આપ ભલા તો જગ ભલા. મન જો પ્રફુલ્લિત હોય તો બધું સારું લાગે. એને વશ કરવું હોય તો જ્ઞાનીનો બોધ સાંભળો. મનની વાસના, આસક્તિ એ જ બંધ છે. જ્યાં મોહ નીકળ્યો ત્યાં આગળ મોક્ષ છે. વિવેક, વૈરાગ્ય હોય તો વાસના જાય. ચંદ્રને વાદળાં ઢાંકે છે તેથી કાળો દેખાય છે, તેમ અંતરને કાળું કરનાર આશા છે. અંતર્મુખ વૃત્તિ થાય તો આખું જગત શૂન્ય લાગે, ભ્રાંતિ જાય અને ઇન્દ્રિયો પણ રોકાય. "વિષય વિકારે ન ઇન્દ્રિય જોડે, તે ઇહાં પ્રત્યાહારો રે."

આત્મામાં વૃત્તિ રહે તો એને પ્રત્યાહાર થાય. આ સારું છે, આ ખોટું છે, આ મારું છે, એમાંથી મન પાછું હઠે, એ સ્મૃતિ ભુલાય તો નિર્વિકલ્પ સમાધિ થાય; ત્યાં આગળ મન લય થઈ જાય. જાગતો હોય ત્યારે એ મન ભટકે છે. સ્વપ્નાવસ્થામાં એ મૂઢ જેવું છે અને જે નિરાંતે ઊંઘે છે તે મડદા જેવું છે. એ સિવાય ચોથી ઉજાગર અવસ્થા તે જ્ઞાન છે. કતક ફળ જેમ પાણીમાં નાંખવાથી પાણી ઉજ્જ્વળ થાય, તેમ મનની અશુદ્ધતા ક્ષય થઈ જાય તો મન નિર્મળ થાય. ક્લેશ હોય ત્યાં સંસાર છે, ત્યાં જ બંધ છે. ચિત્તને આશ્રયે બધી પ્રવૃત્તિ થાય છે. જેટલો પુરુષાર્થ થાય તેટલો કરીને મનને પ્રથમ જીતો. દાંત પીસી, પુરુષાર્થ કરો. મન તો સ્વચ્છંદે વર્તતું હોય અને બહારથી મોટી મોટી વાતો કરે, તેની તેને શરમ કેમ નથી આવતી? પહેલાં પોતાને તો જીતતો નથી. મન વશ ન થયું તો બધાં સાધનો નિષ્ફળ થાય.

**"સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય,**
**સત્‌સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય?"**

મોક્ષ પ્રત્યે રુચિ થાય તો મોક્ષમાર્ગમાં મન ચોંટે.

**"કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;**
**હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ."**

સત્પુરુષના બોધથી એને મોક્ષની રુચિ થાય, અથવા સમકિત થાય. મનુષ્યભવમાં મોક્ષનું કામ કરવું છે. જ્ઞાનીની આજ્ઞામાં જ મારું હિત છે, તો પછી સંસાર પોતાનો ન લાગે. જ્ઞાનીની આજ્ઞામાં જેટલું જીવન જાય તેટલું સફળ છે. મનમાં ઉદ્વેગ, રાગદ્વેષનાં મોજાં ઊછળે નહીં તો મોક્ષ થાય. મોક્ષનું કારણ કષાયનો અભાવ છે. ત્રણ લોકને જીતે, પણ મન ન જીતે તો કંઈ નહીં. સત્સંગ, આશાનો નાશ, અધ્યાત્મ શાસ્ત્ર અને સુવિચાર આ મનને જીતવાનાં સાધનો છે. બાહ્ય

વસ્તુને દૂર કરે, અંતર્વિચારમાં રહે, આત્માની સ્થિરતા થાય, તે ભાવ પ્રાણાયામ છે.

**''બાહ્ય ભાવ રેચક ઇહાંજી, પૂરક અંતર ભાવ;**
**કુંભક થિરતા ગુણે કરીજી, પ્રાણાયામ સ્વભાવ.''** (ચોથી દૃષ્ટિ)

મન સંતોષમાં જાય ત્યાં શાંતિ થાય. બંધન કશું ન થાય. 'દેહ તે હું નથી' હું આત્મા છું' એ ભાવ થાય તો મોક્ષ થાય. ''આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે'' મન વશ થાય તો મોક્ષ થાય, વીતરાગ થાય. આત્મા શાંત છે. પરવસ્તુને લીધે આત્મામાં રાગદ્વેષરૂપી મોજાં ઊછળે છે. આત્મસુખ જેવું કોઈ સુખ નથી.

૮૩ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ સુદ ૭, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—'હું દેહ છું' એમ થાય છે તે જ મિથ્યાત્વ છે. શાતા ભોગવે તે વખતે જીવને તૃષ્ણા હોય છે તેથી દુઃખી થાય છે. શરીરનાં દુઃખ જ્ઞાની-અજ્ઞાની બન્નેને હોય છે, પણ અજ્ઞાનીને શાતા ભોગવતાં તૃષ્ણા હોય છે. તેથી જીવ કેટલો દુઃખી થાય છે, તે તો સમ્યક્ત્વી જ જાણે છે. સુખ ભોગવતાં જીવ પાપ બાંધે છે, એની ખબર નથી. ''સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે'' એમ કહ્યું છે. જે વસ્તુ મળી છે તે નાશવંત છે. જીવ તેની ઇચ્છા કરે છે. પરવસ્તુ તો છૂટી જાય. પુદ્ગલના સુખમાં સમાધિસુખ હોતું નથી. એ જ ખરું દુઃખ છે.

**''ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો ?''**

પાપ બંધાવનારું, વ્યાકુળતા કરનારું અને તૃષ્ણા વધારનારું જગતનું સુખ છે. શાતાના ઉદયમાં જે આત્માનું સુખ ભુલાય છે તે જ ખરું દુઃખ છે.

**''શીતળ ચંદનથી પણ ઉપન્યો, અગ્નિ દહે જેમ વનને રે,**
**ધર્મજનિત પણ ભોગ ઇહાં તેમ, લાગે અનિષ્ટ તે મનને રે.''**

પૂર્વે પુણ્ય બાંધ્યું છે, તેને લીધે શાતા સમ્યક્ત્વીને આવે, ભોગો મળે, તો પણ એને એ અનિષ્ટ લાગે છે. જે કર્મ બાંધ્યાં હોય તે ભોગવ્યે જ છૂટકો થાય છે. ભગવાન તીર્થંકરને પણ ભોગવવાં પડે છે.

બે પ્રકારે નિર્જરા છે. જે તપાદિકથી નિર્જરા કરે છે તે સકામ નિર્જરા છે. બીજો પ્રકાર જે દુઃખ આવે તે સહન કરે તે અકામ નિર્જરા છે.

*

(બપોરના, 'લઘુયોગવાસિષ્ઠસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—આત્મા સંબંધી વિચાર રહ્યા કરે એવું કરવાનું છે. મન છે તે ઝેરી ઝાડ જેવું છે. તેને બાળી નાંખવાનું છે. 'હું દેહ નથી' એમ થાય તો ઝેર જતું રહે. અધ્યાત્મશાસ્ત્રો વિચારે તો એને બીજા પદાર્થો અસાર લાગે. જ્ઞાનમાં જ્ઞેય પ્રતિબિંબિત થાય છે. આત્માનો વિચાર એને આવે તો બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર એની આગળ રંક જેવા છે. મુખ્ય વિચાર એ કરવાનો છે કે વિશ્વ શું છે ? અને હું કોણ છું ? એ વિચારે ચઢે તો બધું કલ્પિત લાગે, જગતની કંઈ ઇચ્છા ન રહે. આતમ

ભાવના ભાવે તો મોહદશા ન રહે. એ મોહ ન હોય તો વાસના ન રહે, નકામી તુચ્છ વસ્તુઓની ઇચ્છા ન રહે. નકામી વસ્તુઓથી જીવને ખેદ થાય છે. કલ્પના કરીને દુઃખ ઊભું કરે છે.

**"બાહ્ય ભાવ રેચક ઇહાંજી, પૂરક અંતર ભાવ;**
**કુંભક થિરતા ગુણે કરીજી, પ્રાણાયામ સ્વભાવ."**

એને ભાવ પ્રાણાયામ કહે છે. જગતના બધા ભાવો છૂટી જાય તો વાસના ક્ષય થાય. એ ક્ષય થાય તો મન નિર્મળ થાય. વાસનાથી મનમાં ક્ષોભ થાય છે. સત્સંગ અને સત્શાસ્ત્રમાં તત્પર રહેવું. 'સત્સંગ, સત્શાસ્ત્રને સેવીશ, તો એક માસમાં આત્મજ્ઞાન થશે,' એમ શ્રી વસિષ્ઠ રામ પ્રત્યે કહેતા હતા. સત્સંગ, સદ્વ્યવહાર, ઉદાસીનતા, ભવભય અને દેહ નાશવંત છે એવી જે ભાવના તેથી વાસના ક્ષય થાય છે. આત્મભાવના દૃઢભાવે ભાવો. મૂઢ હોય, અભાગી હોય, પણ આત્મભાવના ભાવે તો આત્મામૃત પામે અને તેને વૈભવ વિષ જેવા લાગે, એવો વૈરાગ્ય થાય છે. દેહદૃષ્ટિ હોય તો વારંવાર એને દેહ મળ્યા કરે. શરીરથી હું ભિન્ન છું એમ થાય તો મોક્ષ થાય. વિદેહી થાય તો ફરી દેહ ન મળે. આત્મભાવનાએ મોક્ષ થાય. દેહ ભાવનાએ દેહ મળે. સ્વપ્ના જેવો દેહ છે. 'હું દેહ છું' એમ કદી થવા દેવું નહીં, તે અહંભાવ છે; તેથી ગુરુની ભક્તિ દ્રોહપૂર્વક અને ભાવરહિતપણે કરતો જાય છે. આત્મા એ જ શાંતિ છે. આત્મદૃષ્ટિ થાય તો અંતરમાં શીતળીભૂત થાય. મારું કશું નથી એમ એને થઈ જાય છે. જે સ્વરૂપને ભજે તેનું મન નિર્મળ રહે છે. દેહદૃષ્ટિ છે તે વિષદૃષ્ટિ છે. આપ ભલા તો જગ ભલા. જેનું અંતઃકરણ શીતળ છે તેને આખું જગત શીતળ લાગે અને અંતર તાપે બળતો હોય તો બધું જગત બળતું લાગે.

૮૪ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ સુદ ૮, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—દેહધારીપણું જીવ ભૂલી જાય તો શાંત થાય, કષાય જાય. જગતની કોઈ વસ્તુની ઇચ્છા ન થાય તો શાંતિ થાય. આત્માને લઈને જણાય છે. જે જાણે છે તેમાં ઉપયોગ પરોવાય તો પોતાના સ્વરૂપનું ભાન થાય. આત્મા પરમેશ્વર સ્વરૂપ છે. રૂપ, રસ, ગંધ, બધું જુદું છે. જાણનાર છે એ એથી જુદો છે. આત્મભાવના ભાવે તો પરમાનંદ પદ પ્રાપ્ત થાય.

**"આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે"**

આખું વિશ્વ જેમાં દેખાય છે, એવો આત્મા છે. આ નહીં, આ નહીં, આય નહીં એમ કરતાં કરતાં જે રહે તે આત્મા છે. તે દૂર થઈ શકે નહીં.

**"જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;**
**અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ."**

જડને બાદ કરતાં કરતાં જે રહે છે તે ચૈતન્યરૂપ છે. તેની ભાવના કરતાં કરતાં તે રૂપે થવાય છે. જ્ઞાન આત્માથી જુદું નથી. બધી વસ્તુઓ બાદ કરે પણ જ્ઞાન બાદ ન થાય. પ્રભુ પ્રભુ લય લગાડવાની છે. એ લાગે તો અવિનાશી પોતે છે તે પદ પામે. એક અસંગ આત્મા સમજાય. ચૈતન્યમય છું, એક છું, અખંડ છું એવી આત્મભાવના એક લક્ષથી કરો. હું દેહ છું, સ્ત્રી છું,

પૈસાદાર છું, ગરીબ છું, એવો અહંભાવ ટાળે, શરીરના ધર્મને પોતાના ન માને, એમ પરિપૂર્ણપણે ઉપાસતાં આત્મસ્વરૂપ પ્રગટ થાય. શરીર તે હું નથી. જેને આત્મા અસંગ છે, એક છે, અખંડ છે, એમ આત્મભાવના થાય, તેને પરિપૂર્ણ સ્વરૂપ પ્રગટ થાય. ગ્રાહ્ય-ગ્રાહકભાવ બધા છોડી દેવાના છે. આત્મામાં સાવધાન રહે તે યોગ્ય છે.

૮૫ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ સુદ ૯,સં. ૨૦૦૮

પૂજ્યશ્રી– **"શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય, તે કોઈ અન્યે લઈ ના શકાય;**
**એ ભોગવે એક સ્વ આત્મ પોતે, એકત્વ એથી નયસુજ્ઞ ગોતે."**

કોઈનું દુઃખ કોઈ લઈ શકે એમ નથી. બાંધ્યાં હોય તે ભોગવવાં પડે છે. જ્ઞાનીપુરુષોનાં વચનોમાં વૃત્તિ રહે તે હિતકારી છે.

૮૬ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ સુદ ૧૦, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–દેહ છે, ઇન્દ્રિયો છે તેમાં 'આ હું છું' એવું જીવને થાય છે. આત્મા અને દેહ જુદાં છે, ભિન્ન છે. આત્માનું ઘર દેહ છે, તેથી આત્મા ભિન્ન છે. દેહ, ઇન્દ્રિયો, આત્મા વિના જાણી ન શકે. આપણું સ્વરૂપ દેહથી જુદું છે. દેહસ્વરૂપ આપણે નથી. એથી ભિન્ન છીએ. પુદ્ગલ છે તે આત્માથી જુદું છે.

સંસારી જીવ હોય તેને કંઈ ભાન નથી. 'હું દેહ છું' એમ જ્યાં જન્મે ત્યાં થઈ જાય છે. અનાદિકાળથી મિથ્યાત્વમાં જીવ છે તેના બે પ્રકાર છેઃ એક ગૃહીત અને બીજું અગૃહીત. અગૃહીત એટલે જે અનાદિકાળથી વિપરીતતા છે તે. ગૃહીત એટલે કુગુરુ, કુધર્મને ગ્રહણ કરે તે.

દેહમાં આત્મા છે તે જાણનારો છે, તે દેહથી ભિન્ન છે. ચૈતન્ય જુદું અને દેહ જુદો છે. 'હું અને મારું' એમ થાય ત્યાં આખો સંસાર ઊભો થાય. કોઈ બ્રાહ્મણ પોતાના મહત્વને ન જાણતો હોય અને ગમે ત્યાં નોકરી કરે, તો નીચની સેવા કરતાં એ શૂદ્ર જેવો બની જાય છે; તેમ દેહની સેવા કરતાં આત્મા દેહરૂપ થઈ ગયો છે. નાશવંત વસ્તુ છે તેને લઈને સુખ માને છે પણ એ તો ક્ષણે ક્ષણે પલટાય છે. મિથ્યા મોહ કરીને જીવ, નિત્ય હોવા છતાં મરણથી પોતે ડરે છે. દેહમાં મમતા જીવે કરી છે પણ એ તો માટીના રમકડા જેવો છે. જીવ છે તે શિવસ્વરૂપ છે એમ થાય તો દુઃખ ન થાય. સાચું સ્વરૂપ જ્ઞાનીએ પ્રગટ કર્યું છે તે જ આપણું સ્વરૂપ છે. કલ્પના કરીને જીવ દુઃખી થાય. આત્માને આત્મા જાણે તો દુઃખ ન થાય. દેહમાં આત્મબુદ્ધિ છે, તે આત્માને ઓળખે ત્યારે આત્મામાં આત્મબુદ્ધિ થાય. કોઈક વખત હાથી થયો, કોઈક વખત નારકી થયો, કોઈ વખત દેવ, કોઈ વખત માણસ થયો, પણ જીવ તો તેનો તે જ છે. જડ નથી થઈ ગયો. આકાશ તો જેવું છે તેવું જ છે, તથાપિ જેવો સંયોગ હોય તેવું દેખાય. તેમ આત્માને જેવા દેહનો સંયોગ થાય તેવા રૂપે તે જણાય છે. આત્મા ઇન્દ્રિયોમાં ભળી ગયો છે તેથી ઇન્દ્રિયરૂપ દેખાય છે. બેય વસ્તુ જુદી છે, એ તો સંયોગને લીધે એક દેખાય છે. આ દેહ છે ત્યાં સુધી મોક્ષનું કામ કરી લેવાનું છે. શરીરમાં આત્મા છે તે દેખાતો નથી. પણ જાણે તો આત્મા છે. આત્મા અદૃશ્ય છે પણ એનું અનુમાન થઈ શકે છે, અનુભવ થઈ શકે છે. આત્માને દેહનો સંયોગ થઈ ગયો છે, તેથી જીવમાં જડતા એને

ભાસે છે, પણ બેય વસ્તુ જુદી છે. મહામુનિઓ જે શાંત હોય છે, તે બીજાની પંચાતમાં પડતા નથી; બધા વિકલ્પો ટાળી આત્મામાં લીન થાય છે.

દ્રવ્યમન છે તે સંકલ્પ-વિકલ્પ કરવામાં સહકાર એટલે મદદ આપે છે. આત્મામાં એકાગ્રતારૂપ એવું જે શુક્લધ્યાન તે આવે તો મોક્ષ થાય. આ મનુષ્યદેહથી મોક્ષનું કામ થાય. આ મનુષ્યભવનો કાળજી રાખી સદુપયોગ કરે તો મોક્ષ થાય. પૂર્ણજ્ઞાન જ્યાં હોય ત્યાં બધા જગતના પદાર્થો દેખાય છે. એવું પૂર્ણજ્ઞાન તે કેવળજ્ઞાન છે. દીવાની પેઠે આત્મા સ્વપરપ્રકાશક છે. નિર્મળ હૃદય હોય તેમાં આત્મજ્ઞાનનો પ્રકાશ થાય. અજ્ઞાનદશામાં આ બધું જગત સુંદર લાગે છે. જગત બધું જણાય છે તે જ્ઞાનથી જણાય છે. આત્મા પરમાનંદરૂપ છે પણ આ જીવ બીજી વસ્તુઓથી રાજી થાય છે.

સદ્ગુરુનો બોધ થાય તો ભ્રાંતિ ટળે અને આત્મા નિત્ય લાગે. મિથ્યાભાસ ભૂલી જાય. ''આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત'' આત્મામાં આ બધું ભાસે છે તે મિથ્યાભાસ છે. આત્મા આદિ-અંતના વિકલ્પથી રહિત છે. જ્ઞાનથી બધું જણાય છે, એ જ અધિષ્ઠાન છે. આત્મા સ્વપરપ્રકાશક છે, સૂર્ય સમાન છે. કેવળજ્ઞાનમાં કોઈ પણ પ્રકારનો વિકલ્પ નથી, વિકાર નથી, આવરણ નથી. અનુભવસ્વરૂપ આત્મા છે, તેને સર્વજ્ઞ પુરુષો જાણે છે. જ્ઞાનસ્વરૂપ હોય તે આત્મા છે. સંકલ્પ-વિકલ્પરહિત માત્ર ચૈતન્યસ્વરૂપ આત્મા છે. મન, ઇન્દ્રિયો રોકાય તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ થાય. ચૈતન્યના આધારે બધું જણાય છે. આત્મા નિર્મળ છે, અસંગ છે, હેય-ગ્રહણ જેનામાં કંઈ નથી; અખંડરૂપ છે. જ્ઞાનાદિ ભેદો કહ્યાં છે તે માત્ર સમજવા માટે કહ્યાં છે.

આત્મા છે, તે ગમે તે દેહમાં રહ્યો હોય પણ આત્મા તો શરીરરહિત અને અભંગરૂપ છે. ચૈતન્યરૂપ જેનું વસ્ત્ર છે એ આત્મા અસંખ્યપ્રદેશી છે. આત્મામાં દૃષ્ટિ જાય તો આત્મા આત્મારૂપે જ છે. આત્માને મોક્ષ નથી, બંધ નથી, કલ્પના નથી, કલ્પનારહિત આત્મા છે. આત્માનું કામ માત્ર જાણવાનું છે. આત્મદૃષ્ટિ થયા પછી 'હું, તું' બધું સરખું છે. બધા વિકલ્પો છૂટી જાય તો પછી મોક્ષ થાય. 'હું—તું' ગણે છે તે બધું ચૈતન્યસ્વરૂપ જ છે. હું-તું એવા ભેદ આત્મામાં નથી. આત્મા જ જોવા જેવો છે. આત્મદૃષ્ટિ થાય તો અભિમાન ન થાય, બધાં સરખાં લાગે. ''સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો.''

જે આત્મસ્વરૂપ છે તે જ્ઞાન વડે જણાય છે. પરરૂપે આત્મા નાસ્તિ છે, જડરૂપ નથી. બધાય શાસ્ત્રનો સાર આ છે. બધાય મનના વિકલ્પ તજી દેવા. આત્મસ્વરૂપે પોતાની શુદ્ધતા થઈ તો મોક્ષ. ''તું છો મોક્ષસ્વરૂપ'' એ ક્યારે થાય? તો કે સંકલ્પ-વિકલ્પ જાય ત્યારે.

*

(બપોરના, 'લઘુયોગવાસિષ્ઠસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—વૈરાગ્ય હોય તો 'હું આત્મા છું' એમ થાય. વિષયોથી સુખ મળશે એવી શ્રદ્ધા છે, એ એને મોક્ષ ભણી વળવા દેતી નથી. સંસાર સારો લાગે છે. સમ્યક્દર્શન થાય ત્યારે એને ઇન્દ્રિયસુખ ગમે નહીં.

**"શીતળ ચંદનથી પણ ઉપન્યો, અગ્નિ દહે જેમ વનને રે;**
**ધર્મજનિત પણ ભોગ ઇહાં તેમ, લાગે અનિષ્ટ તે મનને રે."** (પાંચમી દૃષ્ટિ)

**"વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;**
**તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ."**

મોક્ષે જવું હોય તો શુભાશુભ ભાવ છોડવા પડશે. કંઈ નહીં થાય તો મારે શુદ્ધ ભાવ કરવા યોગ્ય છે, એટલું જ થાય તોપણ ઘણું છે. સત્ તરફ લક્ષ જીવનો થવો જોઈએ, તો એ મળે. વિષયસુખથી કંટાળે ત્યારે એને બીજી ભાવના થાય. હું દેહ નથી, પણ દ્રષ્ટા છું, મારે આ દૃશ્યનો મોહ કરવો નથી એમ જો થાય તો મોહ ક્ષય થઈ મોક્ષ થાય. બધા વિકલ્પો છોડવાના છે. કોઈ વસ્તુને જાણે, પછી રાગદ્વેષ કરે છે તે મોહ, બંધનું કારણ છે. જ્ઞાન એ બંધનું કારણ નથી. જાગૃત, નિદ્રા અને સ્વપ્ન એ ત્રણે અવસ્થા રહિત ચેતન છે. જે આંખે દેખાતો નથી એવો ચેતન તેની ચોથી અવસ્થા છે. જ્યાં સુધી જ્ઞેય વસ્તુ છે ત્યાં સુધી જ્ઞાન છે. કેવળજ્ઞાન અનંત છે. આકાશ અનંત છે, ત્યાં સુધી એ જ્ઞાન પહોંચે છે. આકાશ અરૂપી છે અને આત્મા પણ અરૂપી છે. જ્ઞાન પણ અનંત છે અને આકાશ પણ અનંત છે, પણ ફેર એટલો જ છે કે એક જાણે અને એક ન જાણે. સંસાર બધો વિકલ્પરૂપ જ છે. "ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર" વિકલ્પથી થયો છે. "અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર" તો ક્ષય થાય.

૮૭ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ સુદ ૧૧, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—પ્રમાદ જેવો કોઈ શત્રુ નથી, પણ શત્રુ છે એવું એને સમજાતું નથી.

*

(બપોરના)

પૂજ્યશ્રી—જે અરૂપી આત્મા છે, તેને 'હું, મારું' કરી અશુદ્ધ કરવા જેવો નથી. શુદ્ધ આત્મભાવના ભાવે તો કેવળજ્ઞાન થાય.

**"આતમભાવના ભાવતાં, જીવ લહે કેવળજ્ઞાન રે"**

આખા સંસારનો બોજો છૂટી જાય. શિવ થઈ જાય. આત્મામાં જ મસ્ત રહે છે. આત્માના વિચાર કરે તો જગતના વિચાર આવે નહીં. અભિમાન છોડવા માટે શાસ્ત્રો છે, અભિમાન કરવા માટે નથી. બાદ ન થાય એવો જે આત્મા તે 'હું' છું. જે દેખાય છે, સંભળાય છે, સ્ત્રી, કુટુંબ, ઘર વગેરે તે મારાં નહીં. એ બધાને બાદ કરતાં કરતાં જે રહે છે તે 'હું' છું. જ્ઞાનીએ જાણ્યો છે તેવો શુદ્ધ આત્મા 'હું' છું, એનું નામ 'સોહમ્' છે. આત્મપરિણામની સ્વસ્થતા, શુદ્ધતા તે સમાધિ છે. મન છે તે સંકલ્પ કરનાર છે. મન લય થાય તો આત્મા શાંત થાય. પહેલો આત્મા અને પછી બીજું છે.

*

(બપોરના, 'સમાધિશતક'ના વાંચન પ્રસંગે.)

પૂજ્યશ્રી–બોધિ છે તે જ્ઞાનાદિ ત્રણની પ્રાપ્તિ છે અને સમાધિ એટલે એ ત્રણે ટકી રહે. એ ટકી રહે તો સમાધિમરણ થાય. આ કાળમાં ઉપદેશને ઝીલનારા રહ્યા નથી તેથી ઉપદેશ દેવાવાળા પણ મંદ થતા ગયા. પહેલાંના જીવો એવા સરળ હતા કે જ્ઞાનીપુરુષનાં વચનોને ધારણ કરતા. આજના જીવો જે સરળ કહેવાય છે તે એવા કે માયા કપટ ન કરે, પણ એ બેયમાં આભ-જમીનનો ફેર છે. જ્ઞાનીની આજ્ઞા લઈને અખંડપણે પાળે એવા જીવો પૂર્વે હતા, પણ આજના જીવોને તો કૃપાળુદેવ કહે છે કે આજ્ઞા કરવી, તે ભયંકર છે. ''જ્યાં સુધી આત્મા સુદૃઢ પ્રતિજ્ઞાથી વર્તે નહીં ત્યાં સુધી આજ્ઞા કરવી ભયંકર છે.'' (૯૪૧) મુનદાસ, અંબાલાલ, જૂઠાભાઈ વગેરે શક્તિવાળા હતા, પણ આયુષ્ય ટૂંકાં હતાં, કારણકે આ કાળ જ એવો છે. એક પ્રભુશ્રીજી લાંબા આયુષ્યવાળા નીકળ્યા તેથી આ માર્ગ મળ્યો.

૮૮ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ વદ ૧, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–જેમ જેમ વિષયને ભોગવે છે તેમ તેમ તૃષ્ણા વધે છે. એ નવયૌવના છે. વૈરાગ્ય જોઈશે.

**''ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન''**

અનંતકાળથી રખડાવનાર પાંચ ઇન્દ્રિયના વિષયો છે. એમાં સુખની કલ્પના કરે છે એનાથી શત્રુપણું કરવું. મારે વિષયોમાં નથી તણાવું; તો થઈ શકે એટલું જીવનું વીર્ય છે. વૈરાગ્યની વાત સાંભળે, વિચારે તો કંઈ અસર થાય. ''સકળ જગત તે એઠવત્'' આખું જગત એંઠવાડા જેવું છે. ''રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ'' આજ્ઞા એ જ મોક્ષનું કારણ છે.

૮૯ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ વદ ૮, સં.૨૦૦૮

પૂજ્યશ્રી– સ્મરણ છે તે સમાધિમરણ થવાનું કારણ છે. મરતી વખતે મન સ્મરણમાં રહે તો સમાધિમરણ થાય. પરભવને માટે એ ભાતું છે. પૈસાટકા બધા અહીં પડ્યા રહેશે. પાંચ ઇન્દ્રિયોના વિષયથી જીવને વૈરાગ્ય થાય ત્યારે સદ્ગુરુ બોધ કરે છે.

(બપોરના) ૯૦ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ વદ ૧૩, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–જ્ઞાનીની આજ્ઞાએ લક્ષ રાખીને વર્તવાનું છે. કર્મ છોડવાનાં છે. કર્મ બંધાય એવું ન કરવું. જ્ઞાનીનાં વચનમાં વૃત્તિ રહે તો કર્મ ન બંધાય. ગાડીમાં હો કે મંદિરમાં હો કે ઘેર હો, પણ વખત નકામો ન ગાળવો. પ્રભુશ્રીજી કહેતા કે કેટલું પુણ્ય ચઢ્યું હશે ત્યારે આ દરવાજામાં પગ મુકાય છે. રોજ કંઈક શીખવું. કંઈ ન થાય તો સ્મરણ કરવું. સત્પુરુષના એક વચનમાં બધું આવી જાય છે. કૃપાળુદેવે કહ્યું છે–

''દેહાદિ સંબંધી જે પુરુષો હર્ષ વિષાદ કરતા નથી તે પુરુષો પૂર્ણ દ્વાદશાંગને સંક્ષેપમાં સમજ્યા છે.'' (૮૪૩) એક આત્મા જાણવા માટે કહ્યાં છે.

"હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?"

એનો વિચાર જો શાંત ભાવે કરે તો સર્વ શાસ્ત્રો અનુભવી લીધાં. કંઈ બાકી ન રહે. પણ શાંત ભાવે વિવેકપૂર્વક વિચાર કરવો જોઈએ.

મનુષ્યભવ દુર્લભ છે. લક્ષ ચોરાસીમાં ભટકતાં ભટકતાં કોઈક વાર મળે છે. આપણી પાસે મૂડી છે તે કેમ વાપરવી, એ પહેલાં વિચારવાનું છે. જીવ પુરુષાર્થ કરે તો બધું થાય. સમજ્યો ત્યારથી સવાર. ભૂલ્યો ત્યાંથી ફેર ગણ. ગયું તે ગયું, પણ હવેનું જીવન સાચવીને ગાળવું છે, એમ રાખે તો કલ્યાણ થાય. ક્ષણવારમાં કેટલો ફેરફાર થઈ જાય છે ! પાર્શ્વનાથ ભગવાને નાગ પાસે જઈને તેને મંત્ર સંભળાવ્યો. તેથી તેના ભાવ પણ ફર્યા અને માહાત્મ્ય પણ લાગ્યું, તેથી મરીને ધરણેન્દ્ર થયો. નહીં તો સર્પ મરીને નરકે જ જાય. સારો યોગ મળે પણ સફળ કરે તો કામ થાય. મનુષ્યભવની ક્ષણો દુર્લભ છે. કોઈક ક્ષણમાં એને સમકિત થઈ જાય, કોઈક ક્ષણમાં ચારિત્ર ઉદય આવી જાય, કોઈક ક્ષણમાં શ્રેણી માંડી નાખે, કોઈક ક્ષણમાં કેવળજ્ઞાન પામી જાય, એવી એવી દુર્લભ મનુષ્યભવની ક્ષણો છે. જ્ઞાનીની આજ્ઞાએ ચાલવાનું છે. જ્યારે જીવને એમ થશે કે મને દુઃખ છે, ત્યારે છૂટવાની ઇચ્છા થશે. જન્મમરણ કેટલા કાળથી કરતો આવે છે ! સમ્યક્ત્વ ન થાય ત્યાં સુધી સંસારનો પાર આવે એમ નથી, ચાલ્યા કરે છે. દરેકે પોતાની સ્થિતિનો વિચાર કરવાનો છે કે મેં શું કર્યું ? શું કરવા જેવું છે ? એ વિચાર સત્સંગે આવે. બીજે તો બીજી વાતો. શું કરવા જન્મ્યા છીએ ? અને શું કરીએ છીએ ? એ વિચારે તો ખબર પડે કે કરવાનું છે તે તો બધું પડ્યું રહ્યું છે. ભક્તિ જેવી કોઈ વસ્તુ નથી. પ્રમાદમાં વખત ન જાય. એકલો આવ્યો છે અને એકલો જવાનો છે. કોઈ કોઈનું નથી. સત્સંગ શોધતાં રહેવું. એ ન હોય તો જ્ઞાનીનાં વચનો સત્સંગરૂપ જ છે. કૃપાળુદેવ મને જ કહે છે એમ માનીને વિચારવું. ભાવના સત્સંગની રાખીએ. [૧](આ મનુષ્યભવ કેવી રીતે ગાળવો તે પર શેરડીનું દૃષ્ટાંત આપ્યું હતું.)

પ્રભુશ્રીજીએ આટલું તપોવન જેવું કરી મૂક્યું છે. કેટલું પુણ્ય હશે ત્યારે આ દરવાજામાં આવશે, એમ પ્રભુશ્રીજી કહેતા. ચૌદ ચોમાસા પ્રભુશ્રીજીના અહીં થયાં છે. શરીરને માટે જેમ હવા આદિની જરૂર છે, તેમ આત્માને માટે સત્સંગની જરૂર છે. જેને નાનપણથી ધર્મનો લક્ષ હોય તેને વહેલું કામ થાય. હેમચંદ્રાચાર્યે આઠમે વર્ષે દીક્ષા લીધી અને નિશ્ચય કર્યો હતો કે મારે આત્માનું જ કામ કરવું છે અને શાસનનો ઉદ્ધાર કરવો છે, તો થયું. પુરુષાર્થની જરૂર છે. જીવ ધારે તે કરી શકે છે.

૯૧ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ સુદ ૨, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—દેખાય છે તે બધું નાશવંત છે. આત્મા જાણવાથી કોટી કર્મ નાશ થાય છે. છ પદમાં સમ્યક્દર્શન રહેલું છે. છ પદની શ્રદ્ધા થઈ તો મોક્ષ થાય. સમ્યક્દર્શન એ મોક્ષનો પાયો છે, તે તૂટી જાય તો મકાન પડી જાય.

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૫૧.

'આત્મસિદ્ધિ' રોજ ભણાય તો ઘણો લાભ છે. બધાય શાસ્ત્રોનો સાર છે. સમકિત કહે છે, મને વિચાર કરીને ગ્રહણ કરજો. મોક્ષે નહીં જવું હોય તો પણ મને જો ગ્રહણ કર્યું તો હું પરાણે લઈ જઈશ. એવું સમકિતનું બળ છે. જે નથી દેખાતો એવો આત્મા તેને દેખવાનો છે.

જીવના અનંત દોષો છે પણ તેથી ગભરાવું નહીં. દોષ ટાળવા છે એ લક્ષ રાખવો. ભગવાનનાં ગુણોમાં પ્રીતિ તે ભક્તિ છે. કૃપાળુદેવની ભક્તિ કરતાં એમના ગુણો વારંવાર સાંભરે. એમનું જ્ઞાન કેવું હતું! સ્મૃતિ કેવી હતી! ભૂલા પડેલા જગતને આત્મા સંબંધી બતાવ્યું. એ ગુણો વિચારે, યાદ કરે તો ઉપકાર વિશેષ લાગે.

મુમુક્ષુ–મુમુક્ષુતા ઉત્પન્ન થવાનું લક્ષણ પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા એ છે, તો અપક્ષપાતતા એટલે શું?

પૂજ્યશ્રી–દોષ જોઈને પક્ષપાત ન કરે. જેમ પોતે જૂઠું બોલતો હોય અને મનમાં એમ રાખે કે હું એકલો ક્યાં જૂઠું બોલું છું, સંસારમાં બધાય બોલે છે. જૂઠું બોલ્યા વિના કંઈ વ્યાપાર થાય? એમ પક્ષપાત ન કરે તે અપક્ષપાતતા છે. પોતાનો અલ્પ દોષ પણ દેખે તો અત્યંત ખેદ થાય કે આ અલ્પ દોષો છે, પણ મને ક્યાંય પાડી નાંખશે. જેમ ઘડાને થોડુંક કાણું હોય, પણ પાણી જતું રહે છે, તેમ મારા બધા ગુણો જતા રહેશે.

૯૨ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ સુદ ૩, સં.૨૦૦૮

મુમુક્ષુ–શીખવાનું તો વધારે બને છે પણ વિચારવાનું થોડું થાય છે.

પૂજ્યશ્રી–બહારગામ જવાનું થાય ત્યારે પુસ્તક ન હોય, ત્યારે આપણે શીખેલું હોય તે કામ આવે, એને માટે શીખવાનું છે. શીખીને પાછું વિચારવાનું છે. શીખતાં શીખતાં પણ વિચાર કરવો હોય તો થાય.

૯૩ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ સુદ ૪, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–મનુષ્યભવ મળ્યો છે પણ સારી વસ્તુ હાથ આવવી, શ્રદ્ધા થવી મહા દુર્લભ છે. શું કરવાથી મનુષ્યભવ સફળ થાય એ લક્ષ રાખવાનો છે. મનુષ્યભવરૂપી મૂડી કેમ વાપરવી તે વિચારવાનું છે. આપણી ભાવના વધે, આત્મલાભ થાય એવું આ ભવમાં કરવું છે. ગમે તે કુળમાં જન્મ્યા હોઈએ પણ વિશાળ દૃષ્ટિ રાખવાની છે; તો ગમે ત્યાંથી હિતની વસ્તુ જાણવા મળે. સત્સંગની ભાવના રાખવી. મહાપુરુષોએ જીવન કેવી રીતે ગાળ્યું છે! તેમ આપણે પણ ગાળવાનું છે.

૯૪ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ સુદ ૮, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–મારે આત્માનું કલ્યાણ કરવું છે એ લક્ષ રાખવો. બીજો કોઈ પણ પ્રકારનો આગ્રહ રાખવો નહીં, તો આત્મકલ્યાણ થશે. નવરા ન રહેવું.

મુમુક્ષુ–સમ્યક્દૃષ્ટિ દેહની વેદના વખતે જુદા કેમ રહેતા હશે?

પૂજ્યશ્રી–કૃપાળુદેવે લખ્યું છે–"વ્યાધિરહિત શરીર હોય તેવા સમયમાં જીવે જો તેનાથી પોતાનું જુદાપણું જાણી, તેનું અનિત્યાદિ સ્વરૂપ જાણી, તે પ્રત્યેથી મોહ-મમત્વાદિ ત્યાગ્યાં હોય, તો તે મોટું શ્રેય છે."

મુમુક્ષુ—પણ એ કેમ થતું હશે? થોડુંક માથું દુઃખવા લાગે કે વૃત્તિ તેમાં ને તેમાં જાય છે. વાંચન વિચારમાં રાખવા ધારીએ તો પણ તેમાં ને તેમાં જતી રહે છે.

પૂજ્યશ્રી—ખેડૂત હોય છે તે બીજ વાવવાની મોસમ આવે ત્યારે કામ કરવા લાગે છે. ગમે તેટલો તડકો પડતો હોય તો પણ કામ કરે છે. થોડું કરે વા ઘણું કરે, પણ નવરો ન રહે, કારણકે તે જાણે છે કે જો મોસમમાં ખેતી ન કરી તો પછી ખાવાનું મળશે નહીં. તેમ જીવને આ કામ મારે કરવું જ છે એમ થાય તો પછી અભ્યાસ કરવા માંડે. એ અભ્યાસ કરવાનો છે.

મુમુક્ષુ—વેદના ન આવે ત્યાં સુધી દેહથી ભિન્ન છું, ભિન્ન છું, એમ કરીએ પણ એ આવે તે વખતે પાછી વૃત્તિ જતી રહે છે.

પૂજ્યશ્રી—એ ખરી રીતે અભ્યાસ નથી. વેદના આવે ત્યારે ખબર પડે. અભ્યાસ કરવાનો હોય છે ત્યારે અનુકૂળતા હોય છે. અભ્યાસ થઈ ગયા પછી ગમે તેવી પ્રતિકૂળતા આવે તો પણ કંઈ અસર ન થાય. [1]કામદેવ વગેરે શ્રાવકો એ અભ્યાસ કરવા માટે સ્મશાનમાં કાયોત્સર્ગ ધ્યાનમાં રહેતા હતા. ગમે તેવું કષ્ટ આવે પણ મારે કાયોત્સર્ગથી ચૂકવું નથી. અભ્યાસ કરવા અનુકૂળતા જોઈએ છે. પહેલાં સામાયિક કરે ત્યારે સારું સ્થાન જોઈએ પણ અભ્યાસ થઈ ગયા પછી ગમે ત્યાં બેસે તો પણ તે સ્થિર રહી શકે.

બધાનો આધાર મન ઉપર છે. વૃત્તિ એક ઠેકાણે રહી શકે છે. કેટલાક કોઈ કામ માટે ચાલતા જતા હોય અને રસ્તામાં ક્યાંય હાથને ઝપાટો લાગ્યો હોય અને લોહી આવ્યું હોય, તો પણ તેને તે વખતે ખબર ન પડે. પછી જુએ ત્યારે ખબર પડે કે અરે! આ ક્યાંથી વાગ્યું? કેટલાક બીડી પીએ છે ત્યારે વાતો કરે છે. વાતો વાતોમાં બીડી બળતી બળતી આંગળી પાસે આવે અને આંગળી દાઝવા લાગે, તો પણ ખબર પડતી નથી. પછી જુએ ત્યારે ખબર પડે કે આ શું થયું?

મનુષ્યભવ બહુ દુર્લભ મળ્યો છે. ત્યાં આત્મકલ્યાણનો લક્ષ રાખે કે મારે કર્મો છોડીને જવું છે. તેને માટે સત્‌શાસ્ત્ર, સત્સંગ કરે, નહીં તો મન માંકડા જેવું છે. બીજા કામના તરંગે ચઢી આકાશ પાતાળે ચઢી જાય એવું છે. મન, વચન, કાયા બધાં કર્મબંધનાં કારણો છે. એ વશ થયું તો કર્મનો ભૂકો નીકળી જાય. જ્ઞાનીનું શરણું રાખ્યું તો કલ્યાણ, પણ મૂક્યું તો અનંતકાળ સુધી રખડવું પડશે. સાચી સમજણ જીવને આવી નથી. આ જ મારે કરવું છે એવું નથી થતું. બાથોડિયાં મારે છે. 'મંત્ર' એ મનને જીતવાનું સાધન છે. 'સ્મરણ'માં ચિત્ત રહે તો કર્મ બંધાય નહીં. મન સીધું રાખવું. મન દોડ કરે એવું છે. એને સીધું કરવાનો રસ્તો 'મંત્ર' છે. ટેવ પડી જાય તો મોક્ષે લઈ જાય. જ્ઞાનીની આજ્ઞામાં મન જોડી દેવું તો મોક્ષમાર્ગે ચલાય.

મુમુક્ષુ—મેં સાત પદ લખ્યાં છે.

પૂજ્યશ્રી—બોલ (પછી મુમુક્ષુએ તે પદો બોલ્યા).

લખવા કરતાં વિચારવામાં વધારે રહેવું. જ્ઞાનીનાં વચનો શીખવાં, વિચારવાં. પહેલાં તો મારે સમજવું છે એમ રાખવું. આત્મજ્ઞાન થવા દે, પછી કહીશું. કહેવા કરતાં વિચારવાનું છે. કહેવામાં અહંકાર આવી જાય, એમાં શક્તિનો વ્યય થાય છે; અહંકાર વધે છે. પરાણે કોઈ કહે કે તમે આ

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા શિક્ષાપાઠ ૨૨.

લખો, રચો; તો પણ આપણને લખવા, રચવાની વૃત્તિ ન ઊગે એવું કરવાનું છે. આ તો ઉદીરણા છે. સમજ્યા તે શમાઈ ગયા. આત્મજ્ઞાન થયા પછી સહેજે લખાય છે તે ઉદય છે. આત્મજ્ઞાન થયા પહેલાં મારે કલમ ચલાવવી નથી. પછી ઉદય હોય એ જુદી વાત છે, પણ તે પહેલાં લાવો લખી લઈએ કે રચી લઈએ એમ કરવું નથી. જ્ઞાનીનાં વચનો વિચારવાનાં છે.

મુમુક્ષુ–આ પદ લખ્યાં પણ હવે બહુ ખેદ થાય છે, ન લખ્યાં હોત તો ઠીક થાત. આટલો વખત વિચારમાં ગાળ્યો હોત તો કેવું થાત! એટલી શક્તિ એમાં વ્યય થઈ. એમ મનમાં બહુ ખેદ થાય છે.

પૂજ્યશ્રી–કંઈ નહીં. હવેથી એમાં વૃત્તિ રાખવી નથી. 'જાગ્યા ત્યારથી સવાર.'

૯૫ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ સુદ ૧૨, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–આજ કરતાં કાલે સારો દિવસ ગાળવો છે, એમ કરે તો ધીરે ધીરે મોક્ષ થાય. મહાપુરુષો જે નિયમ લે તે પ્રાણ જાય તો પણ ન તોડે. ખરો પુરુષાર્થ કરવાનો લાગ આવ્યો છે. મનુષ્યભવમાં આત્મકલ્યાણ કરવાની મોસમ આવી છે, માટે લક્ષ રાખવાનો છે. ક્યાંથી જીવ આવ્યો છે, ખબર છે? નથી. કૃપાળુદેવનાં વચનો વિચારવાનાં છે. ''શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?'' (૧૦૭) એ બધાં વચનો વિચારવાનાં છે. એકલું મોઢે કરીને મૂકી દેવાનું નથી. ગરજ હોય તેટલું ગ્રહણ થાય. ધર્મનાં કામમાં શરમ ન રાખવી.

જીવને મનુષ્યભવની કિંમત નથી. એક લાખ રૂપિયા દીધે પણ ગયેલા દિવસ પાછા આવે નહીં. કોઈ ક્ષણમાં એને સમ્યક્ત્વ થઈ જાય, કોઈ ક્ષણમાં શ્રેણી માંડી દે, કોઈ ક્ષણમાં કેવળજ્ઞાન થઈ જાય, એવી એવી ક્ષણો છે. જીવની પાસે ખરી મૂડી તો મનુષ્યભવ છે. કોઈ ગર્ભમાં આવતાં મરી જાય છે, કોઈ બાલ્ય અવસ્થામાં મરી જાય છે અને કોઈ વૃદ્ધાવસ્થામાં. માટે ધર્મના કામમાં ઢીલ ન કરવી.

૯૬ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ સુદ ૧૩, સં.૨૦૦૮

મુમુક્ષુ–ઊંઘ શાથી મટે?

પૂજ્યશ્રી–ઓછું ખાય, સંસારનો વારંવાર વિચાર કરે. આ ભવમાં પ્રમાદ કરવા જેવું નથી. ફિકર લાગે તો ઊંઘ ન આવે. કાળજી રાખવી. ભક્તિમાં ઊંઘ આવે તો ઊભા થઈ જવું. પ્રભુશ્રીજી આંખમાં છીંકણી નાખતા. જ્ઞાનીનાં એવાં એવાં વચનો સાંભળ્યાં છતાં કેમ અસર થતી નથી? (એમ પૂજ્યશ્રીએ બધાને પૂછ્યું–બધાએ જુદા જુદા જવાબો આપ્યા).

માહાત્મ્ય લાગ્યું નથી. એ ક્યારે લાગે? તો કે પૂર્વના સંસ્કાર હોય તો એના તરફ ખેંચાય છે. પૂર્વનું આરાધકપણું હોય તો સ્વાભાવિકપણે એમાં ઢળે અને માહાત્મ્ય લાગે. અધિકારીપણું નથી. જીવને ગરજ નથી. એક પ્રારબ્ધનો ઉદય એવો હોય છે કે એ વચનો સાંભળે તોય ચિત્ત ન લાગે. ઊંડા ન ઉતરાય. વિચાર કરે તો સમજાય એવું છે કે કોઈ કોઈનું નથી.

જે સમજ્યા તે તો શમાયા. આત્મામાં મારા-તારાપણું નથી. આત્માનો સ્વભાવ જાણ્યો તો પછી એમાં જ લીન થઈ જાય. આત્મામાં એમ ન થાય કે આ 'મારું' છે. જીવને એમ રહે છે કે 'હું

સમજું છું.' જ્યારે યથાર્થ સમજણ થાય ત્યારે 'હું કંઈ નથી જાણતો' એમ થાય. જ્યાં સુધી યથાર્થ સમજણ ન થાય ત્યાં સુધી 'હું સમજું છું, જાણું છું, ભણ્યો છું' એમ રહ્યા કરે. સમજવું અને શમાવું બેય એક જ છે. જેટલું સમજે તેટલું શમાય તે સમજ્યું કહેવાય. અંદરથી ગરજ જાગે તો થાય. જેવું વાતાવરણ હોય તેવો જીવ થઈ જાય છે. નિમિત્તાધીન જીવ છે. સમજવું અને શમાવું કેમ નથી થતું? તેનું કારણ કહે છે. સદ્‌ગુરુની આજ્ઞા પામ્યો નથી, વિચારી નથી. તેમાં પ્રતિબંધ કરનારાં કારણો અસત્સંગ, અવિચાર અને સ્વચ્છંદ છે. અસત્સંગના સંસ્કારો હોય અને સત્સંગમાં હોય, તોય અસત્સંગના વિચારો આવે. સ્વચ્છંદે વર્તે છે, પોતાનું કહેલું ઘટાવે, જ્ઞાનીનું ન માને.

અવિચાર એટલે વિચાર ન કરે. એક કાને સાંભળે અને બીજા કાને કાઢી નાખે. ગમે તો મિથ્યાત્વમાં ઊભો હોય, પણ સમજવાનું કરવા માંડે તો શમાય. સત્સંગ, સદ્વિચાર, આજ્ઞા એ શમાવાનાં સાચાં સાધન છે.

૯૭ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ વદ ૮, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—આપણે શું કરી રહ્યા છીએ અને શું કરવા જેવું છે? તે જ્ઞાનીપુરુષો કહે છે. શરીરના દુઃખે દુઃખી અને શરીરના સુખે સુખી, જીવ પોતાને માને છે.

**"ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;**
**પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન."**

આત્મા શરીરથી ભિન્ન છતાં એકરૂપે માને છે. એ ભૂલ ઊંડે પહોંચી છે, સમજાતી નથી. હું શરીર નથી, એવું જીવને થતું નથી. એ ભૂલની વાત કરી. હવે એ ભૂલ કેમ ટળે? તે કહે છે. પાંચ ઇન્દ્રિયના વિષયો ગંધસ્પર્શાદિ સેવ્યાં, પણ એનાથી આત્માનું હિત શું થયું? પાંચ ઇન્દ્રિયના વિષયોમાં કોઈ પ્રકારનું આત્મહિત નથી. ભ્રાંતિથી 'દેહ તે હું' એમ માને છે. પાંચ ઇન્દ્રિયના વિષયો દેહ સુધી છે. આત્માનું કંઈ હિત નથી. ઘણું ખાધું, ઘણું પીધું, એવો એને વિચાર આવતો નથી. ઇન્દ્રિયના સુખો પરાધીન, પુણ્યને આધીન છે, બાધા સહિત છે, કર્મબંધનું કારણ છે, સમભાવ ન રહેવા દે એવાં છે.

૯૮ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ વદ ૯, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—ઇન્દ્રિય સુખના ભોગો જીવે ભોગવ્યા છે. ઇન્દ્રિયના સુખના ફળની ઇચ્છા રહ્યા કરે છે. દેહાદિકમાં 'હું-મારું' કરતો કરતો મનુષ્યભવમાં આવે, તો પણ એના એ ભાવ ફરી ફરી કરે છે. ભૂતકાળને જીવ ભૂલી ગયો છે, બહુ દુઃખો ભોગવ્યાં છે. ગર્ભનાં દુઃખો ભોગવ્યાં છે પણ એને યાદ નથી. જાતિસ્મરણજ્ઞાન જેને થાય છે તેને ત્રાસ લાગે છે. મનુષ્યભવ ન હોય ત્યાં સુધી આડા અવળી ભટકે. મનુષ્યભવ મળ્યો તે પ્રભાત થયું. પાંચ ઇન્દ્રિય, ક્ષયોપશમ મળ્યો તે ઊંઘમાંથી જાગવા જેવું થયું છે. મિથ્યાત્વ અજ્ઞાનભાવ એ ભાવનિદ્રા છે. એ ભાવનિદ્રા ટાળવાનો પુરુષાર્થ કરવાનું કહે છે. જ્યાં સુધી પોતાના સ્વચ્છંદે કરે છે ત્યાં સુધી કલ્યાણ ન થાય. સત્ વસ્તુ ભણી વૃત્તિ જાય, જેણે આત્મા જાણ્યો છે એવા પુરુષના અવલંબને જે કંઈ કરે તે દવા જેવું છે. જેવા ભાવ તેવા પ્રભુ ફળે.

૯૯ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ વદ ૧૧, સં.૨૦૦૮

મુમુક્ષુ–પ્રભુ, અમને બન્નેને ઈડર જવાના ભાવ છે. પર્યુષણમાં અહીં માણસો બહુ આવશે. અમને એથી કંટાળો આવે છે. આપની આજ્ઞા હોય તો આઠ દસ દિવસ માટે ઈડર જઈએ.

પૂજ્યશ્રી–તમને અહીં પર્યુષણમાં નથી ગમતું? એ તો પ્રભાવના છે. આટલા બધા મુમુક્ષુઓ ક્યાંથી જોવા મળે! પ્રભાવના જોઈને સમ્યક્દૃષ્ટિને હર્ષ થાય છે. એથી કંટાળવા જેવું નથી. ભક્તિ, સેવા એ મુખ્ય વસ્તુ છે. ભણવાનું છે તે તો ઠીક છે, પણ મુખ્ય ભક્તિ છે. સમૂહમાં ભક્તિ કરવાથી વિશેષ આનંદ આવે છે. પહેલાં હું અહીં આવતો ત્યારે 'આત્મસિદ્ધિ' વાંચતો પણ ખબર વિશેષ પડતી નહોતી, પણ જ્યારે ભક્તિમાં બેસતો ત્યારે બધું સમજાતું અને આનંદ આવતો. કંટાળવું નહીં. અરતિ થવાથી કર્મ બંધાય છે. જે થાય તે જોયા કરવું, પણ લપટાવું નહીં.

*

(બપોરના)

પૂજ્યશ્રી–આખું જગત દેહની ચિંતામાં પડ્યું છે. બધો વ્યવહાર દેહનો છે. મન માંકડા જેવું છે. તોફાન થાય છે મનથી. મન, વચન અને કાયાને પોતાના માને છે ત્યાં સુધી સંસાર છે. એ ભિન્ન ભાસે ત્યારે મોક્ષ થાય. ''મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજાં કામ કરંત'' હાથ પગે કામ કરે પણ મન બીજે રાખવું હોય તો રાખી શકાય છે.

૧૦૦ શ્રીમદ્ રા. આ. અગાસ, શ્રાવણ વદ ০)), સં.૨૦૦૮

પૂજ્યશ્રી–જ્ઞાનીપુરુષનાં વચનો વાંચવાં, વિચારવાં, સત્સંગ કરવો; એની જરૂર છે. સત્સંગમાં કંઈક સાંભળીને વિચારીએ. સત્સંગનો યોગ ન હોય ત્યારે સત્શાસ્ત્ર વાંચવું, વિચારવું. જ્ઞાનીનાં વચનો એકદમ સમજાઈ જાય એમ નથી. નવલકથાની પેઠે વાંચી જવાનું નથી. બીજું બધું નાશવંત છે. એ પ્રત્યે રાગ કરવાનો નથી અને દ્વેષ કરવાનો નથી. મનુષ્યભવ બહુ દુર્લભ છે એથી આત્માનું હિત કરી લેવાનું છે. દિવસો ઉપર દિવસો જાય છે. રાત છે તેય કાળ છે અને દિવસ છે તે પણ કાળ છે; માત્ર અવસ્થા ફેર છે. બીજાં કામ જીવે ઘણાં કર્યાં છે અને કરે છે, પણ આ કામ પડ્યું રહ્યું છે. મનુષ્યભવ મળ્યો છે તે ખાવાપીવા કે કમાવા માટે નથી મળ્યો, બહુ દુર્લભ છે. લક્ષચોરાશીમાં ભટકતાં ભટકતાં કોઈક વાર મળે છે. મનુષ્યભવ એક હોડી જેવો છે તે સંસારસાગર તરવા માટે મળ્યો છે, તરીને પેલી પાર જવાનું છે. પછી હોડીનું થવું હોય તે થાઓ. આપણું કામ કરી લેવું. ત્રણ જ્ઞાનના ધારક શ્રી તીર્થંકર જેવા પણ રાજપાટ બધું છોડીને ચાલી નીકળ્યા અને નિદ્રા, આહાર બધું ગૌણ કરી આત્માને શુદ્ધ કરવા માટે પુરુષાર્થ કરવા માંડ્યો. અનેક ઉપસર્ગો આવ્યા પણ દેહદૃષ્ટિ કરી નહીં. એમ કરતાં કરતાં આત્માને શુદ્ધ કરી કેવળજ્ઞાન પામ્યા.

''જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી.'' (વ. ૫૦૫)

કોઈક વાર જીવને સદ્‌ગુરુનો યોગ થયો પણ પોતે જાગ્યો નહીં અને આ જ મારે કરવા જેવું છે એવી ગરજ ન જાગી. કોઈક વખતે પોતે અધિકારી થયો તો સત્પુરુષનો યોગ ન થયો. એમ અનાદિકાળથી થતું આવ્યું છે. સત્પુરુષનો યોગ થયા પછી પણ જીવ જો જાગે નહીં, ગરજ જગાડે નહીં તો યોગ થયો તે પણ સફળ ન થાય.

આ મનુષ્યભવમાં કંઈક કરી લેવાનું છે. જીવનમાં કરવા યોગ્ય એક સત્સંગ છે. ત્યાં સાંભળવાનું મળે છે. પ્રભુશ્રીજી કહેતા કે મરી જજો, પણ સત્સંગ કરજો. સમ્યક્‌દર્શન એને રુચે, સંસાર અસાર છે એમ લાગે, મોક્ષ શાશ્વત છે એ રુચ્યો તો સમ્યક્‌દર્શન થયું. જ્યારથી મોક્ષની રુચિ થઈ ત્યારથી સમ્યક્‌દર્શન છે. રોજ સંભારવું કે હું શું કરવા આવ્યો છું? શું કરું છું? એમ જો જીવ વિચાર કરે તો પ્રતિક્રમણ થાય. પ્રતિક્રમણથી પણ વધારે લાભ છે, કરે તો થાય. દરેકને વૃદ્ધાવસ્થા આવવાની છે માટે જ્ઞાનીઓ ચેતાવે છે. કૃપાળુદેવે કહ્યું છે કે સત્પુરુષ અને તેનો આશ્રિત બેયને આધારે ધર્મ છે, બેય લૌકિકભાવમાં વર્તે તો પછી અલૌકિક ભાવમાં કોણ વર્તશે? લૌકિકભાવમાં ન તણાવા માટે કહે છે.

૧૦૧ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદ્રપદ સુદ ૧, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—સિદ્ધાંતિક વાત સમજવા માટે વૈરાગ્ય-ઉપશમની જરૂર છે. વૈરાગ્ય-ઉપશમ વિશેષ હોય તો એને ખોટી વસ્તુઓમાં શ્રદ્ધા ન થાય. વિશાળ બુદ્ધિની જરૂર છે. મોટા મોટા આચાર્યો પણ ભૂલી જાય છે. બીજાને ઉપદેશ દેવા માટે આખી જિંદગી ગાળે પણ પોતાનું રહી જાય છે. આત્મામાંથી ભ્રાંતિ ટળી જાય તો પછી એને જન્મમરણ થતાં અટકી જાય. આત્મશુદ્ધિ કરવાની છે. "મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા" આત્મશુદ્ધિ થાય તો અહીં જ મોક્ષ છે.

ૠષભદેવ ભગવાને જ્યારે દીક્ષા લીધી ત્યારે ભરત, બાહુબળને રાજ્ય આપ્યું. બીજા અઠ્ઠાણું પુત્રોને પણ રાજ્ય વહેંચી આપ્યું. એક વખતે ભરતની આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું. તેનાથી છ ખંડનો અધિપતિ થયો, પણ ચક્ર આયુધશાળામાં જાય નહીં. પછી તપાસતાં ભરતને ખબર પડી કે 'મારા ભાઈઓને આણ મનાવી નથી.' તેથી ભાઈઓને આણ માનવા કહ્યું. ત્યારે અઠ્ઠાણું ભાઈઓ ભગવાન પાસે ગયા અને કહ્યું કે આપે તો રાજ્ય છોડી દીક્ષા લીધી. અમને આપે રાજ્ય આપ્યું હતું, પણ ભરત અમારા ઉપર આણ મનાવવા મથે છે, તો અમારે શું કરવું? ભગવાન બોલ્યાઃ મનુષ્યભવ બહુ દુર્લભ છે. આત્માનું આ ભવમાં કંઈક કામ કરી લેવું; આખો લોક રાગદ્વેષથી બળે છે. એમ ભગવાને ઉપદેશ આપ્યો કે તરત જ ત્યાં જ અઠ્ઠાણું પુત્રોએ દીક્ષા લીધી. સમજણની ખામી છે.

*

(બપોરના)

પૂજ્યશ્રી—દયા હૃદયમાંથી જવા ન દેવી. "दया धर्मको मूल है" દયા એ ધર્મ છે. તરવાનું સાધન એક મન છે. એ જો સંસાર ભણી વળ્યું તો સંસાર; પરમાર્થ ભણી જાય તો મોક્ષ થાય. મન

વશ કરવાનું છે. ઠેકાણા વગરનું મન છે. પીપળ પાન સમાન છે. ભાવના કરવી હોય તોય થાય નહીં. ક્યાંય ને ક્યાંય જતું રહે છે. કપડા ઉપર રંગ ચઢાવે છે તે કેટલોક રંગ પતંગિયો હોય છે, તે ઊડી જાય. પાકો રંગ હોય તે કપડું ફાટી જાય, પણ જાય નહીં. તેમ મન ઉપર દૃઢ સંસ્કાર પડ્યા હોય તો પરભવમાં સાથે જાય. સત્સંગે સંસ્કાર પડે છે. સત્સંગના રંગે જીવને રંગી નાખવાનો છે. કૃપાળુદેવે જે કંઈ આજ્ઞા કરી છે તે આપણા માટે કરી છે. આ મનુષ્યભવ કેમ સફળ થાય, તે કરવાનું છે. નદીના પ્રવાહની પેઠે આયુષ્ય જાય છે. ગયું તે ગયું, પણ હવેનું સારું ગાળવું. અનાદિના સંસ્કારે જીવ તણાઈ જાય છે. આખા જગતને મોહ મીઠો લાગે છે. મોહની સાથે દુશ્મનાવટ કરવાની છે. બાળી નાંખવો છે. આ મનુષ્યભવમાં મોહનો ક્ષય કરી મોક્ષે જાય એટલી બધી આની શક્તિ છે. ધારે તે કરી શકે. કંટાળવું નહીં. ખરાબ વસ્તુ એને ગમે નહીં તેમ કરવાનું છે. ચેતતા રહેવાની જરૂર છે. આ કાળ એવો છે કે સંયોગો વિપરીત છે. કંઈક પુરુષાર્થ કરે ત્યારે ધર્મ ભણી વળે. આડાઅવળું ચિત્ત જાય એવા સંયોગો ઘણા છે. વિવેકથી આત્માનું હિત થાય તેવું કરવાનું છે. ગમે તેવા સંયોગો હોય પણ ધર્મ ન ભૂલવો. જીવ ગમે તેમ વર્તે છે પણ શું ફળ થશે, એનો ખ્યાલ નથી.

('પ્રભુશ્રીજીનો બોધ'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–મનુષ્યભવ તો મળ્યો છે તેમાં સત્‌પુરુષનો યોગ મળે, પુરુષાર્થ જાગે તો કામ થઈ જાય. મારો શો સ્વભાવ છે? તે તો એને સાંભરતુંય નથી. આ જીવ જંગલના રોઝ જેવો છે. જ્ઞાની વિના ઠેકાણું પડે એમ નથી. જીવ તો પવિત્ર છે પણ યોગ્યતાની ખામી છે, માન્યતાની ભૂલ છે. એ ફરી જાય તો મોક્ષમાર્ગે ચઢી જાય.

૧૦૨ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદ્રપદ સુદ ૨, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–સમ્યક્‌દર્શન આવ્યા વિના સમભાવ-વીતરાગભાવની ઓળખાણ ન થાય. સમ્યક્ત્વ થયે એ ભાવો ઓળખાય છે. ક્ષમાપનામાં આવે છે કે–"તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં." સમભાવ, શાંતિ એ બધા વીતરાગભાવ છે. જ્ઞાન એટલે શું?

મુમુક્ષુ–આત્માને દેહથી ભિન્ન જાણવો તે જ્ઞાન.

પૂજ્યશ્રી–દેહથી ભિન્ન અવિનાશી આત્મા છે, એવું સદ્‌ગુરુ દ્વારા જાણે તે જ્ઞાન છે. જ્ઞાન એ આત્માનું લક્ષણ છે. આત્માનો દેહ જ્ઞાન છે. આ દેહ છે તે પોતાનો નથી, પુદ્‌ગલનો છે. આત્મજ્ઞાન હોય તો ઓળખાય. આ દેહ છે તે આત્માનો નથી. આત્માનો હોય તો સાથે રહે અને આ તો અહીં જ પડ્યો રહે છે. યશોવિજયજીએ મહાવીરસ્વામીના સ્તવનમાં લખ્યું છે કે–

**"ગિરુઆ રે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જિનરાયા રે;**
**સુણતાં શ્રવણે અમી ઝરે, મારી નિર્મલ થાયે કાયા રે."**

આ કાયા નહીં, પણ આત્માની જ્ઞાનરૂપી કાયા છે તે નિર્મળ થાય છે. બધા જીવ કર્માધીન છે. જે મોહમાંથી જાગ્યા અને પોતાનું સ્વરૂપ જાણ્યું તેઓને આનંદ છે.

૧૦૩ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદ્રપદ સુદ ૩, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—શું કરવા આવ્યો છે? તેની ખબર નથી. જ્ઞાનીને માથે રાખી અધ્યાત્મ વિચારે તો શુષ્કતા ન આવે. બધે દુઃખ છે. દેવમાં પણ દુઃખ છે. ક્યાંય જન્મવા જેવું નથી. સત્સંગ, સત્પુરુષનો યોગ મળ્યો છે, પણ એને અપૂર્વતા નથી. સામાન્ય કરી નાખ્યું છે. સત્સંગનું માહાત્મ્ય છે, સત્સંગની ભાવના છે, તેને સત્સંગ ન મળતો હોય તો પણ લાભ થાય. સત્સમાગમ કરવા આવ્યો હોય પણ કંઈ સાંભળવાનું ન મળે, તો પણ સાંભળવાની ભાવના છે, તેથી કામ થાય.

મુમુક્ષુ—પકડ એટલે શું?

પૂજ્યશ્રી—જ્ઞાની પાસેથી જે કંઈ સાંભળ્યું હોય, તે છૂટી ન જાય અને તેમાં રુચિ થાય. રુચિ હોય તો જ પકડ થાય. જેને આગ્રહ હોય તેને 'હું મૂઢ છું' એમ ભાન નથી આવતું. તારો આત્મા છે. તે આત્મા જ્ઞાનીએ પ્રગટ કર્યો છે, ત્યાં વિશ્વાસ રાખ. વિશ્વાસે વહાણ ચાલે છે એમ કહેવાય છે. એ વચનો છે તે ચિંતામણિ રત્ન છે. સમ્યક્ત્વ થવાનો રસ્તો બતાવે છે.

૧૦૪ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદ્રપદ સુદ ૪, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—આત્માની કાળજી રાખવી એમ પ્રભુશ્રીજી કહેતા. સાંભળતાં સાંભળતાં જીવને શુદ્ધ ભાવ થાય છે, માટે સત્સંગ કરવાનું કહ્યું છે. જ્ઞાનીએ કહ્યો છે એવો શુદ્ધભાવ, તેનો લક્ષ રહે તો છૂટે. અશુભ અને શુભ નહીં, લક્ષ એક શુદ્ધનો રાખવો. ભલે અશુભ આવે, પણ એ તો જવાનો છે. જ્ઞાનીએ જે કહ્યો છે તે શુદ્ધભાવ છે. જ્ઞાનીનો આશ્રિત હોય તેને એ લક્ષ રહે છે. સમભાવ આત્માનું ઘર છે.

આ કૃપાળુદેવની શ્રદ્ધા કરશો, એમ પ્રભુશ્રીજીએ કહ્યું. એની ભક્તિ કરશો તો કલ્યાણ થશે, એમ પણ કહ્યું હતું.

૧૦૫ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદ્રપદ સુદ ૫, સં.૨૦૦૮

(સમાધિ સોપાનમાંથી 'એકત્વ ભાવના'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—બધા સ્વાર્થી છે. પોતાનો સ્વાર્થ ન સધાય તો પ્રીતિ ન રાખે. રેતીના કણની પેઠે બધા જીવો છૂટા છૂટા છે. આ જગતમાં વસ્તુનો સ્વભાવ કેવો છે? તે કહે છે. આ લોકમાં જે સંબંધ થાય છે તે કષાયથી હોય, વિષયથી હોય કે લોકલજ્જાથી હોય છે. સમજણ કરવા માટે બધું કહે છે. સમજણ હોય તો કર્મબંધ ન થવા દે. પારકી વસ્તુમાં જીવ રાગદ્વેષ કરે, તેથી કર્મ બાંધે અને પછી નરકમાં જાય. સમજણ જો આવે તો એવું કરે નહીં. જીવ તો અજાણ્યો છે. પુદ્ગલની પાછળ દોડે છે. તેને બોધ લાગે તો લાગે કે આ તો મારું નહીં. સદ્ગુરુના પગલે પગલે ચાલવાનું છે. કૃપાળુદેવે કહ્યું હતું, તેમ કહું છું, એમ પ્રભુશ્રીજી કહેતા. એક વખતે પર્યુષણમાં છેલ્લા દિવસે કહેલું કે આજે પર્યુષણનો છેલ્લો દિવસ છે. હવે ફરીથી પાછા પર્યુષણ આવે ત્યાં સુધી એક બોલ કહું છું, તેનો બાર મહિનામાં વિચાર કરીને લાવજો. તે એ કે—

**"सद्धा परम दुल्लहा."**

૧૦૬ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદ્રપદ સુદ ૮, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–મોક્ષનો અચૂક ઉપાય શું હશે? (એમ બધાને પૂછ્યું, પછી પોતે કહ્યું) રોજ બોલીએ છીએ–

**"રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ"**

ક્ષાયક ન થાય ત્યાં સુધી સમ્યક્ત્વ મટી મિથ્યાત્વનો ઉદય થઈ જાય. અનંતાનુબંધી અને દર્શનમોહના ક્ષયથી ક્ષાયક સમ્યક્ત્વ પ્રગટે છે. ક્ષાયિક સમ્યક્ત્વ કરવું હોય ત્યારે ત્રણ કરણ કરવા શ્રેણી માંડવી પડે છે. ભય એક અજ્ઞાનનો જ છે. એ અજ્ઞાન ટાળવાની જ ઇચ્છા કરવાની છે. પ્રબળ અવલંબન જીવને મળે તો સ્થિરતા આવે છે. જેને જ્ઞાનીપુરુષ અને તેમના વચનનું અવલંબન મળ્યું તેને સ્થિરતા થવી દુર્લભ નથી. જ્ઞાનીના આશ્રયે દેહ છૂટે એને મોક્ષ છે. એને બીજા ભવમાં પણ મોક્ષનાં સાધન મળે. પછી લાંબો સંસાર ન રહે, પણ બીજી ઇચ્છા ન થાય ત્યારે. જ્ઞાનીના આશ્રયે જ આખી જિંદગી ગાળવી છે, એવું હોય તો થાય. "જે આશ્રયને પામીને જીવ તે ભવે અથવા ભાવિ એવા થોડા કાળે પણ સ્વસ્વરૂપમાં સ્થિતિ કરે." (૬૯૨) જ્ઞાનીના આશ્રયે મોક્ષ સુલભ છે. જ્ઞાનીના યોગ વગર દૃઢતા રહેવી અઘરી છે. માથું માગે તો માથું આપવા તૈયાર હોય, એવી દૃઢ ઇચ્છા છે તે તરવાનો કામી છે.

ચિલાતીપુત્ર હાથમાં સ્ત્રીનું માથું લઈ એક મુનિ પાસે આવી કહે છેઃ મને મોક્ષ આપ, નહીં તો તારું માથું કાપી નાખીશ. મુનિએ કહ્યું : સાચું કહે છે કે? તેણે કહ્યું– હા. ત્યારે મુનિએ તેને ઉપશમ, વિવેક, સંવર એમ ત્રણ શબ્દો કહ્યા અને ત્યાંથી આકાશ માર્ગે ચાલી ગયા. ચિલાતીપુત્ર પછી ત્યાં જ ઊભો રહ્યો અને ત્રણ શબ્દોના વિચારમાં લીન થયો. પછી તેને ઘણા ઉપસર્ગો પડ્યા. આખું શરીર કીડીઓએ કરડી ખાધું. લોહી ઝરવા લાગ્યું. તો પણ તેમાં લીન રહ્યા. તેથી કેવળજ્ઞાન પામ્યા.

આપણે કોઈ પુસ્તક વાંચતા હોઈએ ત્યારે તેમાંથી આપણને ખબર ન પડે તેવું હોય તે એક નોટમાં લખી રાખવું અને અવકાશ મળે ત્યારે પૂછવું. આપણે વિચારવા માટે લખ્યું છે એમ લક્ષ રાખવો. વાંચતાં વાંચતાં કોઈ એવું વાક્ય આવે કે– "ક્ષણ ક્ષણ જતાં અનંતકાળ વ્યતીત થયો, છતાં સિદ્ધિ થઈ નહીં." (૨/૪) તો વિચારવું કે કેમ સિદ્ધિ ન થઈ? આજ્ઞા પાળવી એ મુખ્ય માર્ગ છે. ગમે તેટલું અઘરું કામ હોય તોપણ મુમુક્ષુ કરે છે. આમ હોય તો કરું, આમ હોય તો ન કરું, એમ કરે તો કલ્યાણ ન થાય. જ્ઞાનીની આજ્ઞા આરાધે તો જ્ઞાની પણ એના વશમાં રહે અને એના કલ્યાણની ચિંતા ફિકર કરે. વધારે વાંચવા કરતાં, વધારે વિચારવાનું રાખવું. એથી વિશેષ લાભ છે. આત્મસ્વરૂપનો નિર્ણય થવામાં જીવની અનાદિકાળથી ભૂલ થતી આવી છે. માટે જ્ઞાનીપુરુષ ચેતાવે છે કે મને થયું એમ પોતાની મેળે માની ન બેસીશ.

૧૦૭ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદ્રપદ સુદ ૯, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–[૧](જડભરતનું દૃષ્ટાંત કહી જણાવ્યું) સંગ છે તે જીવને પ્રિય લાગે છે, પણ જ્ઞાનીપુરુષ

૧. દૃષ્ટાંત માટે જુઓ વચનામૃત પત્રાંક ૨૧૭.

કહે છે કે સંગ અમને મરણ કરતાં વધારે દુઃખદાયી લાગે છે.

રામ અને સીતા વખણાય છે તેનું કારણ શીલ છે. શીલવાનની હલકી ગતિ થાય નહીં. નરકગતિ થાય નહીં. જેવી શ્રદ્ધા હોય તેવું પ્રવર્તન થાય, એટલે ખરો ગુરુ તો શ્રદ્ધા છે. આજ્ઞાનું આરાધન કરે તો કલ્યાણ જ થાય. આત્માનો નિશ્ચય થવામાં અનાદિકાળથી ભૂલ થતી આવી છે. જ્ઞાનીએ પ્રગટ કર્યો છે તેવો મારો આત્મા છે. તે હું નથી જાણતો. જ્ઞાનીએ જાણ્યો. એક આ શરણા સિવાય બધું છોડી દેવું. જ્ઞાનીપુરુષ અને જ્ઞાનીપુરુષનો આશ્રિત બન્ને મોક્ષમાર્ગમાં છે. હું આત્મા નથી જાણતો પણ જ્ઞાનીએ જાણ્યો છે. એટલું જો થયું તો જેમ એંજિનની પાછળ ડબ્બામાં કળ નહીં હોવા છતાં પાછળ ચાલ્યો જાય છે, તેમ એનું કામ થઈ જાય. વેદના તો મોડી વહેલી આવવાની છે. રાજી થવું કે વધારે આવે તો સારું. ઝટ પતી ગયું. જ્ઞાનીનું કહેલું તેની એક પકડ થઈ જાય તો કામ થઈ જાય. આત્મા જ જોવો.

૧૦૮ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદ્રપદ સુદ ૧૧, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—બધાંય શાસ્ત્રોનો સાર 'મોક્ષમાળા' છે. જીવે ત્યાગ મોળો ન રાખવો. ત્યાગ કરવો છે તે દેહાધ્યાસ છોડવા માટે કરવો છે. કોઈને અર્થે કરવો નથી, પણ આત્માને અર્થે કરવો છે. ઘણુંય ખાધું, ઘણુંય પીધું, પણ કલ્યાણ ન થયું. જીવ ઢીલો પડે તો જ્ઞાનીનાં વચનોમાં ઓછો રસ લાગે. શું કરવું છે? એનો હિસાબ ન કાઢે તો કંઈ ખબર ન પડે. [1]બહુ પાપી, દૃઢપ્રહારી જેવા એકદમ બળિયા આ સંસારથી તરી ગયા. પ્રત્યક્ષ સત્પુરુષનો યોગ થયા પછી બીજું એને ગમે નહીં. આજ્ઞામાં જ વર્તવું છે. સ્વચ્છંદે વર્તવું તે કંઈ કામનું નથી. આત્માને અસર ન થઈ તો પછી આમ કર્યું કે આમ કર્યું, બધું સરખું. ક્ષણે ક્ષણે આયુષ્ય ઓછું થાય છે, તેમાં સત્સંગ ભક્તિ જેટલી કરે તેટલી સાથે આવે. બીજું બધું નકામું જાય. આપણું હિત થાય તેમ વર્તવાનું છે. જ્ઞાનીનાં વચનો વાંચે, વિચારે, મોઢે કરે તેટલું ધર્મધ્યાન થાય છે.

૧૦૯ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદ્રપદ સુદ ૧૩, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—પહેલો આત્મા છે તો બીજું છે. જ્ઞાન છે ત્યાં અનંત ગુણવાળો આત્મા છે, એમ ખાતરી આ કરાવે છે કારણકે આત્મા છે તો જણાય છે.

('પ્રભુશ્રીજીના બોધ'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—જીવને ઉપદેશની જરૂર છે. વૈરાગ્યઉપશમ વધે ત્યારે બોધ પરિણામ પામે. મનનથી નિર્ણય થાય કે આ જ કરવા જેવું છે. પછી ભાવના થાય તે નિદિધ્યાસન છે.

**"જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;**
**ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ."**

આત્માર્થી છે તે જ્યાં જેવું જોઈએ તેવું સમજે અને તે પ્રમાણે વર્તે. અંતરવૃત્તિ થવાની જરૂર છે. નહીં તો જ્ઞાની બોધ કરતા હોય તો લાગે કે આ તો બીજાને બોધ કરે છે, પણ મને કહે છે એવું ન લાગે. જીવને ભાન નથી. અહંભાવને પોષ્યા કરે છે. "અહંભાવથી રહિત નહિ" પણ

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ ભાવનાબોધ નિર્જરાભાવના વચનામૃત પૃષ્ઠ નં. ૫૫.

અહંભાવને મૂકતો નથી. જીવ આંધળો છે. એને ખબર નથી. સંસારનો પ્રપંચ છોડી આત્મા ભણી વળવું તે મધ્યસ્થભાવ છે.

૧૧૦ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદ્રપદ સુદ ૧૪, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–સત્સંગના યોગમાં જેટલી યોગ્યતા હોય તેટલો લાભ થાય છે. વાસના રાખ્યા વિના સદાચાર સેવે તો હૃદય કોમળ થાય. જ્ઞાનીનાં વચનોમાં ભાવ લાવવા. જે કંઈ કરવું તે આત્માર્થે કરવું. આત્માને માટે કરવાનું છે. પરિગ્રહની મર્યાદા કરવી. મર્યાદા કરવાથી સંતોષ આવે છે. [1]આનંદ શ્રાવકને ઘરે કેટલી ગાયો અને ખેતર હતાં! પણ જ્યારે ભગવાન મળ્યા અને પરિગ્રહની મર્યાદા કરી, ત્યારથી ઓછું કરવા માંડ્યા. ઓછું કરતાં કરતાં પૌષધ શાળામાં બેસી ગયા.

જ્ઞાનીપુરુષનું બે પ્રકારે વર્તવું છેઃ એક તો પોતાનું પ્રારબ્ધ ભોગવવા અને બીજું લોકોના કલ્યાણ અર્થે. સદ્‌ગુરુ પ્રત્યે, જ્ઞાની પ્રત્યે જે ભાવ થયો તે કામનો છે. વાત છે માન્યાની. કૃપાળુદેવ જ્ઞાની છે, માને તો કામ થઈ જાય. અનાદિકાળથી જીવ ભૂલ્યો ભટકે છે, પણ સત્પુરુષનો યોગ મળે તો જાગે અને જાગ્યા ત્યારથી સવાર.

૧૧૧ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદ્રપદ સુદ ૧૫, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–જીવને સુખની ખબર નથી. બીજે સુખની કલ્પના કરે છે. સમભાવમાં સુખ છે. સમભાવથી છૂટે. સુખી થવાનો રસ્તો ચિત્તને જ્ઞાનીપુરુષના ચરણમાં રાખવું એ છે. રાગ ન કરવો, દ્વેષ ન કરવો. છૂટવાનો માર્ગ હૃદયમાં રહેલો છે. સમભાવ રાખવો કઠણ છે. આખું જગત ઇન્દ્રિયોને વશ છે. ઇન્દ્રિયોને જીતો તો સુખ પ્રાપ્ત થશે. જેમ જેમ દશા વધે તેમ તેમ એ શાંત થાય છે, પછી જગત એને કાષ્ઠવત્ લાગે છે. અભ્યાસ કરીને ભૂમિકા પ્રાપ્ત કરી હોય તો સાચું છે. વાતો કરવાથી કંઈ ન થાય. વાતે વડાં ન થાય. જેવો સંગ હોય તેવા ભાવ થાય છે. વચન કરતાં ચારિત્રની છાપ વિશેષ પડે છે. મહાપુરુષોએ અભ્યાસ કરીને કહેલું છે, માટે અભ્યાસ કરવાની જરૂર છે. વાતો કરવાથી કંઈ વળે એમ નથી 'હું દેહથી ભિન્ન છું' એ વારંવાર ભાવના કરવાની છે. દેહનો રંગ કાળો, ધોળો જે છે તે આત્માનો રંગ નથી. કોઈ ઝાડની છાયાએ ઊભો હોય તે ઝાડને પોતાનું માનતો નથી. ભ્રાંતિને લઈને દેહને પોતાનો માને છે.

૧૧૨ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદ્રપદ વદ ૧, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–પોતે આત્મારૂપ થાય ત્યારે સામાયિક છે. પાંચ ઇન્દ્રિયો જિતાય તો ચાર કષાય ને મન જિતાય. મોક્ષે જવું હોય તો પુણ્ય-પાપ બધાથી છૂટવું પડે. જ્યારે મોક્ષે જાય ત્યારે પુણ્ય, પાપ કશું ન રહે. દરેક પોતાનું જીવન તપાસે તો ખબર પડે કે મિથ્યાત્વના ઉદયે કેવું હોય છે? મિથ્યાત્વ અવસ્થામાં શુભ ક્રિયા કરે છે, પણ એની રુચિ તો બીજી જ હોય. ધર્મ કરવાથી મને પુણ્ય બંધાશે, એમ ઇન્દ્રિયસુખની જ ઇચ્છા હોય છે.

૧૧૩ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદ્રપદ વદ ૨, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–મોક્ષપદની રુચિ તે સમ્યક્ત્વ છે. મોક્ષ અને મોક્ષનાં કારણો એને ગમે. મહાપુરુષો

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૮૦.

વગર મોક્ષમાર્ગ નથી. મહાપુરુષનું માહાત્મ્ય, અપૂર્વતા લાગે તો જીવ જગતથી ફરે. પોતે જડથી જુદો છે છતાં ભ્રાંતિથી એકરૂપ માને છે. તે તાદાત્મ્યઅધ્યાસ છે. એ અધ્યાસનો ત્યાગ તે ખરો અંતર્ત્યાગ છે. અભ્યાસ અને અધ્યાસ એક નથી. અધ્યાસ એટલે વિપરીતતા છે. અભ્યાસ એટલે વારંવાર એનું એ કરવું. પ્રથમ અવસ્થામાં સંયમની સાધના કરનારને રહેવાનું, ખાવાપીવાનું, પહેરવાનું બરાબર ન મળે. એમ પહેલી દશા એ કાળકૂટ વિષની પેઠે મૂંઝવે છે. એનું પરિણામ અમૃત છે. આત્મહિત એ વખાણવા લાયક છે. જેથી આત્માર્થ સધાય તે કરવાની જરૂર છે.

**"જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;**
**ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ."**

વીશ દોહરા બોલતી વખતે આત્મભાવ રહે, બીજા ભાવ છૂટે અને કૃપાળુદેવ હાજર છે, એમ જાણી કાલાવાલા થાય તો તે ભક્તિ છે. અલ્પ પણ આજ્ઞા જીવ જો આરાધન કરે તો પાર પડે.

શ્રેણિક રાજાએ ભગવાન મહાવીરને પૂછ્યું, કે હે ભગવાન! હું પૂર્વભવમાં કોણ હતો? ભગવાન બોલ્યાઃ હે શ્રેણિક, એક જંગલ હતું. તેમાં એક ભીલ રહેતો હતો. તે એક દિવસે શિકાર કરવા ગયો. હરણની પાછળ પડ્યો તેથી થાકી ગયો. અને ત્યાં જ ઊભો રહ્યો. ત્યાં એક મુનિ કાયોત્સર્ગમાં ઊભા હતા. થોડીકવાર પછી મુનિએ કાયોત્સર્ગ પારી જોયું, તો ભીલ જોવામાં આવ્યો. મુનિએ ભવ્ય જીવ જાણી ઉપદેશ કર્યો અને કહ્યું કે તું માંસનો ત્યાગ કરે તો તને દેવલોક મળે. ભીલે કહ્યું—એ તો મારાથી ન બને. પછી મુનિએ અવધિજ્ઞાનથી જોયું તો તેણે કોઈ દિવસે કાગડાનું માંસ ખાધેલું નહીં. મુનિએ તેને કહ્યું—કાગડાના માંસ વગર ચાલે કે? ભીલે કહ્યું—એ તો મેં ખાધું જ નથી અને ખાવાનો પણ નથી. મુનિએ પછી પ્રતિજ્ઞા આપી, પછી ભીલ ઘેર ગયો. પાપના ઉદયથી તે ભીલને મહા રોગ ઉત્પન્ન થયો. આખા શરીરમાં દાહજ્વર વ્યાપી ગયો. રાતદિવસ ચેન પડે નહીં. પછી બધાં સગાંવહાલાં ભેગાં થયાં. તેમાંથી કોઈએ કહ્યું કે મારા ભાઈને આવું જ થયું હતું. તેને કાગડાનું માંસ આપ્યું હતું તેથી મટ્યું હતું. તે વખતે ભીલને પેલા મુનિ સાંભરી આવ્યા અને પ્રતિજ્ઞાનો ખ્યાલ આવ્યો. બધા લોકો બહુ આગ્રહ કરવા માંડ્યા ત્યારે તેણે ક્રોધ કરીને કહ્યું કે બધા જતા રહો, મારે દવા નથી કરવી; મને તો એક રોગનું દુઃખ અને બીજું તમે બધા ખળભળાટ કરો છો તેનું દુઃખ, જતા રહો, નથી કરવી દવા. પછી ગામમાં બધા લોકો વાતો કરે કે ફલાણા ભાઈ દવા કરાવતા નથી. તે વાત તેના સાળાના સાંભળવામાં આવી. તેને થયું કે દવા કેમ નહીં કરે? જાઉં, જોઈ તો આવું. પછી તે જતો હતો ત્યાં રસ્તામાં એક બાઈ રડતી હતી. તેણે પૂછ્યું—કેમ રડે છે? બાઈએ કહ્યું—હું દેવી છું અને તું જેને માંસ ખવરાવવા જાય છે તેણે એટલું બધું પુણ્ય બાંધ્યું છે કે તે મારો પતિ થવાનો છે. અને જો તું માંસ ખવરાવીશ તો નરકે જશે. તેણે કહ્યું—તે (ભીલ) મારો સગો છે. તેનું ખોટું થાય તેમ તો નહીં કરું. પછી તે ભીલ પાસે આવ્યો અને પૂછ્યુંઃ—કેમ દવા નથી કરતા? ત્યારે ભીલે પાસે બેસાડીને મુનિ મળ્યા આદિની બધી વાત કહી. પછી સાળાએ પોતાને દેવી મળી હતી તેની વાત કહી અને કહ્યું કે તમે દેવલોકમાં જવાના છો. તે ભીલને મુનિનું વચન પૂર્ણ સત્ય લાગ્યું અને વિચારવા લાગ્યો કે મુનિના કહેવાથી એક કાગડાનું

માંસ ત્યાગ્યું, તેથી દેવલોક થશે; તો સર્વથા ત્યાગ્યું હોત તો કેટલો લાભ થાત? આવો લાભ કોણ ચૂકે? તેણે મનમાં નિશ્ચય કર્યો કે હવે જો જીવું તો મારે માંસ ખાવું નહીં, ભલે ફળ-ફૂલ ખાઈને પેટ ભરીશ, પણ માંસ ખાઉં નહીં. આ વિચારમાં તેનો દેહ છૂટી ગયો.

પછી તેનો સાળો પાછો પોતાના ગામે જતો હતો. ત્યારે પાછી તે દેવીને ત્યાં બેઠેલી જોઈ, તેને થયું કે પૂછું તો ખરો કે બનેવીનો દેવલોક થયો કે નહીં? તેથી તેણે પૂછ્યું–તે તારો પતિ થયો? દેવી બોલી–તે તો મારાથી ઊંચા દેવલોકમાં ગયો છે. મારા જેવી ઘણી દેવીઓ મળી છે. સાળાએ કહ્યું–હું પાસે જ બેઠો હતો. તેણે ન તો દાન કર્યું છે કે ન કંઈ બીજું પુણ્ય કર્યું છે. ત્યારે દેવીએ કહ્યું–મરતી વખતે તે કંઈ બોલ્યો હતો? સાળાએ કહ્યું–તેણે તો એટલું જ કહ્યું હતું કે મારે હવે કોઈ જીવને મારવો નથી; હું તો ફળફૂલ ખાઈને રહીશ. દેવી બોલી–એથી જ તે ઊંચા દેવલોકમાં ગયો છે. ત્યાંથી ચ્યવીને હે શ્રેણિક! તું અહીં રાજાને ત્યાં જન્મ્યો. પછી તને અનાથી મુનિ મળ્યા ત્યારે સમકિત થયું અને વધારે પુણ્ય ચઢ્યું ત્યારે અહીં સુધી આવ્યો અને તીર્થંકરગોત્ર પણ બાંધ્યું અને ત્રીજા ભવે ઘણા જીવોને તારીને મોક્ષે જઈશ.

સાચી વસ્તુ એને પ્રાપ્ત થાય અને તેમાં ટકી રહે તો કામ થાય. જ્ઞાનીપુરુષની એક નાની આજ્ઞા આરાધવાથી તે ભીલ દેવલોકે ગયો, પછી શ્રેણિક થયો, અનાથી મુનિ મળ્યા ત્યારે સમકિત પામ્યો; પછી ભગવાન મળ્યા ત્યારે તીર્થંકરગોત્ર બાંધ્યું. ત્રીજા ભવે ઘણા જીવોને તારીને તે મોક્ષે જશે.

ભવમાં રઝળવાનું જેને હવે થોડું રહ્યું છે, મોક્ષે જવાને થોડો કાળ રહ્યો છે, તેને સત્પુરુષનો સત્સંગ ગમે છે. ભવસ્થિતિ એટલે આટલા સુધી સંસાર છે. જ્યારે છેલ્લું પુદ્ગલ પરાવર્તન હોય ત્યારે એને સત્પુરુષનો યોગ, સત્સંગ ગમે છે. આખી જિંદગીમાં જેવા ભાવ કર્યા હોય તે છેવટે આવીને ઊભા રહે છે. એ રહસ્યભૂત મતિ છે, તે આવીને ઊભી રહે છે અને જેવી મતિ હોય તેવી ગતિ થાય. માટે સત્પુરુષોએ આપેલા સ્મરણમંત્રમાં ચિત્ત રાખવું. આ મનુષ્યભવમાં કંઈક થાય એવું છે. કાગડા, કીડી, મંકોડીના ભવમાં ન થાય. જ્ઞાની કહે છે કે તું મારું, મારું કરે છે, તે તારું પડ્યું રહેશે. છેતરે છે. બીજા કામોની દાઝ છે તેવી આત્માની દાઝ નથી. સત્પુરુષની દાઝ નથી. આ બધું કહે છે તે થપ્પડ મારે છે. જેને ઓછાં કર્મ હોય તેને લાગે. વાત છે માન્યાની. ''કર વિચાર તો પામ'' આખી 'આત્મસિદ્ધિ' લખી છેવટે આમ કહ્યું છે.

''જહાં કલપના જલપના, તહાં માનું દુઃખ છાંઈ'' કલ્પના છે ત્યાં દુઃખ જ છે. કલ્પના ન ઊઠે એવું કરવાનું છે. કૃપાળુદેવ લખે છે– ''અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઈ નથી જોઈતું.'' (૧૨૮) કંઈક મનને ખોરાક જોઈએ. કલ્પના મૂકે તો દુઃખ જાય. કલ્પનાથી કંઈ કામ ન થાય. પરિગ્રહ મારો છે એમ ન માનવું. દેહ છે તે મારો નથી, તો પરિગ્રહ ક્યાંથી હોય? જ્ઞાનીપુરુષો પોકાર કરે છે કે છૂટો, છૂટો. પ્રભુશ્રીજી એક દૃષ્ટાંત આપતા હતા કે–

એક પાંચ સાત વર્ષનો છોકરો હતો. એક દિવસે વરઘોડો હતો. છોકરાએ માને કહ્યું કે મને વહેલો જગાડજે. પછી વરઘોડો આવ્યો. મા જગાડવા લાગી ત્યારે જાગ્યો નહીં. પછી માએ ચૂંટી

ખણી એટલે તરત જાગ્યો. તેમ જ્ઞાનીપુરુષો ચૂંટીઓ ભરીને જગાડે છે.

૧૧૪ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદ્રપદ વદ ૫, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—સદાચાર સેવવો અને કષાયની મંદતા, બન્ને હોય તો કામ થાય. પ્રભુશ્રીજી કહેતા કે આશ્રમનો પાયો સત્ અને શીલ છે. જેને અહીં આવવું હોય તેણે સત્ અને શીલ રાખવાં. સત્ અને શીલ પાયો છે. સાત વ્યસનનો પ્રભુશ્રીજીએ જે ત્યાગ કરાવ્યો છે તે કંઈ જેવો તેવો નથી. એનું પણ ઠેકાણું ન હોય તો પછી શું થાય? કૃપાળુદેવે વવાણિયામાં એક ડોસાને કહ્યું કે તમે છેતરાયા. તેમણે વિચાર્યું કે હું ક્યાં છેતરાયો છું? પછી તેને આખી રાત ઊંઘ ન આવી. સવાર થઈ ત્યારે કૃપાળુદેવને પૂછવા આવ્યા કે હું ક્યાં છેતરાયો? કૃપાળુદેવે કહ્યુંઃ તમે બીજાને છેતરો છો, ખોટું બોલો છો, એ તમે જ તમને છેતરો છો.

મોક્ષને માટે મનુષ્યભવ છે, તે લુંટાયો જાય છે. આત્મા દઈને પૈસા લે છે. ઉપદેશને યોગ્ય જે ન હોય તેને જ્ઞાની ઉપદેશ પણ ન કરે. આગ્રહ વધે એવાં પુસ્તકો વાંચે તો આગ્રહ વધે અને તેથી સત્પુરુષ પ્રત્યે પ્રેમ ન આવે. મિથ્યાત્વીની વાણી મિથ્યાદૃષ્ટિને મીઠી લાગે છે અને સત્પુરુષની ન લાગે. પ્રત્યક્ષે કે પરોક્ષે નિઃશંકતા કર્યા વિના છૂટકો નથી. નિઃશંકતા આવે તો નિર્ભયતા આવે. સાપ કરડે તોય ભય નહીં થાય ત્યારે નિર્ભયતા આવી કહેવાય. ઉલ્લાસભાવ જીવને આવશે ત્યારે કામ થશે. આ તો બધું મોળું મોળું ચાલે છે. ભાવથી જ પાપ બંધાય છે. જ્ઞાનીપુરુષ પ્રત્યે દૃષ્ટિ રાખે, હું અધમમાં અધમ છું અને જ્ઞાની કરતાં કોઈ પવિત્ર નથી, પૂર્ણ પવિત્ર જ્ઞાની છે, એમ રાખે તો તે આત્મભાવ છે. ઉત્તમ નિમિત્તે ઉત્તમ ભાવ થાય છે. અહીં બેઠા તો આ સાંભળવાનું મળે છે. સ્ટેશન ઉપર જાઓ તો બીજું સાંભળવા મળે. જેમ ઢોકળી દાળમાં નાંખી હોય તો સાથે સીઝી જાય તેમ જ્ઞાની પોતાનું કલ્યાણ કરે, તેમની સાથે આપણા ભાવ થશે તો આપણું પણ કલ્યાણ થશે, પણ વૃત્તિ ત્યાં રહેવી જોઈએ. આંટી બહુ આવી છે. આમળ આમળ કરે છે, પણ ઉખેડતો નથી. જેવા નિમિત્તો તેવા ભાવ થાય છે. નિરંતર ભાવ રહે ત્યારે પરિણમ્યું કહેવાય. આ બધું પરિણમવાનું સાધન છે. ભાવ સારા રહ્યા કરે તો એ પરિણામ પામે. જીવે દર્શન કર્યાં નથી, નમસ્કાર કર્યો નથી.

જીવ માને છે, પણ જ્ઞાની સ્વીકારતા નથી. પ્રભુશ્રીજી, બધા સેવા કરવા આવે ત્યારે કહે કે પગ દાબે અને જીભ ઉપર તો પગ મૂકે છે. કાનમાં સાંભળ્યું કે પેઠું એથી શું? અંતરમાં ઊતરે ત્યારે કામ થાય. દવા અંદર જાય ત્યારે પરિણમે ને? નામ લઈને કોઈ ઊંઘમાં સૂતો હોય તેને બોલાવે તો કે 'હું' પણ આત્મા કહીને બોલાવે તો કોઈ ઊઠે છે? એ નામ જેવો આત્મા પરિણમ્યો નથી. કોઈ અગમ વાત છે. સમજણ ફરે એવું કરવાનું છે.

**"સમજ સાર સંસારમેં, સમજુ ટાલે દોષ;**
**સમજ સમજ કરિ જીવ હી, ગયા અનંતા મોક્ષ."**

સમજ એ જ સાર વસ્તુ છે. સમજ સાચી છે. એ જ રસ્તે બધા મોક્ષે ગયા છે. સમજણ એ જ સમ્યક્ત્વ. જ્ઞાનીનું હૃદય ઓળખાય તો સમ્યક્ત્વ થાય. સમજણ હોય તેટલા ભાવ થાય.

વિચારદશાથી સ્થિરદશા થાય છે. ક્રમે ક્રમે જ્યાં છે ત્યાંથી આગળ વધે તો જ્ઞાનીને રસ્તે આવે. પોતાના સ્વચ્છંદે કંઈ પાર નહીં આવે. આત્માની પરીક્ષા કરવી અને કેવા ભાવ રહે છે તેની પરીક્ષા કરવી. કૃપાળુદેવના રસ્તે જ ચાલવું છે. કૃપાળુદેવે આપણા માટે કહ્યું છે. આત્મા નિર્મળ થાય તો ગમે તેટલું હોય તોય સમજાય. દેહને મારો મારો કરીને વર્તે છે પણ તેથી પોતાનું સ્વરૂપ ભિન્ન છે. દેહનો વિશ્વાસ રાખવો નથી. ખોટી વસ્તુ છોડી દેવાની છે. બીજી કમાણી કરીએ છીએ, એવી આ પણ કમાણી કરવાની છે. જગતમાં ઝેર છે. મનુષ્યભવ લુંટાતો જાય છે. મનુષ્યભવમાં લૌકિકભાવ છોડી જ્ઞાનીનું કહેલું કરવું છે. ભલે અઘરું લાગે તોપણ કરવું છે.

*

પૂજ્યશ્રી—રુક્મિણી રાણીએ ભગવાન નેમિનાથને પૂછ્યું—હે ભગવન્! મારે પ્રદ્યુમ્ન નામના પુત્રનો વિયોગ થયો એનું કારણ શું? ભગવાને પૂર્વભવની વાત કરી કે તું આગલા ભવમાં રાણી હતી. એક દિવસે સખીઓ સાથે વનમાં રમવા ગઈ હતી. ત્યાં તને મોરડીના ઇંડા જોવામાં આવ્યા. તે ઇંડાં બહુ સુંદર હતાં. તેં હાથમાં લીધાં અને થોડીવાર હાથમાં રાખી પાછાં મૂકી દીધાં, પણ તારા હાથમાં રહેલા ગુલાબી રંગથી તે ઇંડાં રંગાઈ ગયાં. તેથી મોરડી જ્યારે ઇંડા પાસે આવી ત્યારે ઇંડાંનો રંગ જુદો લાગવાથી, બીજાનાં છે એમ જાણી સેવ્યાં નહીં. સોળ ઘડી પછી વરસાદ આવ્યો ત્યારે તે રંગ ધોવાઈ જવાથી પાછાં હતાં તેવાં થઈ ગયાં. પછી મોરડી પોતાનાં જાણી સેવવા લાગી. આ પ્રમાણે મોરડી અને ઇંડાને સોળ ઘડી વિયોગ તારા નિમિત્તથી થવાથી તને પ્રદ્યુમ્નનો સોળ વર્ષ સુધી વિયોગ રહ્યો. એક નજીવી વસ્તુથી એવું કર્મ બાંધ્યું, તેથી સોળ વર્ષ સુધી ભોગવવું પડ્યું. એવાં જીવ કેટલાંય કર્મો બાંધે છે. એક કર્મ બાંધ્યું હોય તે પાછું વધતું જાય છે. સારું કામ કર્યું હોય તો સારું ફળ આવે.

[૧]શ્રેણિકે પૂર્વભવમાં સારું કામ કર્યું તો દેવગતિ થઈ. શ્રેણિક રાજા થયો, સમ્યક્ત્વ પામ્યો અને તીર્થંકર ગોત્ર સુધીનું પુણ્ય બાંધ્યું. થોડાં પણ સારાં કામથી એવો જીવ રંગાય કે મોક્ષે લઈ જાય. માટે સારા કામમાં ઉલ્લાસ રાખવો. વૃત્તિઓ ઉપર કાબૂ રાખવાનો છે. સારી ઇચ્છા છે તેટલી રાખવી. બીજી નથી રાખવી. આડાઅવળી બધી ઇચ્છાઓ છોડી દેવી. આ ભવમાં એક આત્મા જ પોષવો છે. એ કરે તો એ થાય. નિમિત્ત ગમે તેવું હોય, પણ જીવે મુમુક્ષુ જ રહેવું. મુમુક્ષુપણું વર્ધમાન થાય એવું કરવાનું છે. સારી વાત ગમે તેની હોય તે ગ્રહણ કરવી.

એક અમલદાર હતો. તે પાલખીમાં બેસી બજારમાં થઈ રાજ્યમાં જતો હતો. એક છોકરી પોતાની માને બોલી કે સાંજ પડી છે, દીવો કર્યો નથી? તે અમલદાર સમજદાર હતો. તેણે વિચાર્યું કે મેં દીવો તો કર્યો નથી. ધોળા વાળ આવી ગયા છે; એ સાંજ થઈ છે અને મેં દીવો તો કર્યો નથી! એમ ચિંતવી પાલખી પાછી વાળવાનું કહ્યું અને રાજાને જણાવ્યું કે મારે હવે તીર્થયાત્રા કરવા માટે જવું છે, મારે જરૂરનું કામ છે. માટે આ તમારા રાજ્યનું કામ સંભાળો, એમ કહી તે તીર્થયાત્રા કરવા ગયો. ત્યાં શોધ કરતાં કરતાં કોઈ સત્પુરુષ મળી આવ્યા અને તેનું કામ થયું, માટે સારી વાત ગમે તે કહે તે ગાંઠે બાંધવી.

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૩૮૩.

જીવે સત્સંગ કરવા જેવો છે. જીવ અજાણ્યો છે. પરમાર્થની જીવને કંઈ ખબર નથી. સત્સંગ હોય તો સાંભળતાં સાંભળતાં થાય. મનુષ્યભવ ખાવાપીવા માટે નથી. જીવને સારી સોબત હોય તો સારું કામ થાય. ખામી જીવને બોધની છે. ગરજ જોઈએ. કાગડા-કૂતરામાંથી ભટકતો ભટકતો આ મનુષ્યભવ મળ્યો છે, માટે મરણ આવે ત્યાં સુધી જ્ઞાનીની આજ્ઞા આરાધવી. જ્યાં સુધી આત્મજ્ઞાન નથી ત્યાં સુધી બધું આંધળા જેવું છે. સંસારનો ભય રાખવો. સંસાર કારાગૃહ છે. સત્સંગની જરૂર છે. ઘણા સત્સંગની જરૂર છે. હરાયા ઢોર જેવું મન છે. પરાયા ખેતરમાં ખાવા પેસે છે ત્યાં માર ખાય છે. મનને સારું કામ આપે તો સારું કરે. અભ્યાસ હોય તેવું કરે. સત્પુરુષના શરણે જીવનું કલ્યાણ થાય છે. જ્ઞાનીનું શરણું હોય તો જીવને એનાં વચનોથી, ભક્તિથી, બધાથી જાગવાનું થાય. બધાથી જાગવું છે. જાગે ત્યારે થાય. જ્યાં સુધી મોહમાં જીવ પડ્યો છે ત્યાં સુધી શું કરે છે, એની ખબર પડતી નથી. આ ભવમાં જે કરવાનું છે તે પડ્યું રહે છે. જેટલું થાય તેટલું કરી લેવું. જીવ બીજું કરે છે પણ જે કરવાનું છે તે રહી જાય છે. સવારમાં ઊઠી દાતણ કરે, નહાય, કમાય વગેરે કરે છે. કામ ન કરવું એમ નથી કહેવું પણ કંઈક રહી જાય છે, તે કહેવાનું છે. જ્ઞાનીનું કહેલું સમજવું છે. ગમે તેટલું અઘરું હોય, પણ સમજવું છે. જેમ કડવી દવા હોય તે પહેલાં તો કડવી લાગે પણ એનું પરિણામ સારું આવવાનું છે; તેવું આ છે.

મુમુક્ષુ—હું જે વાંચું છું, શીખું છું તેનો લક્ષ શો રાખવો?

પૂજ્યશ્રી—સમ્યક્દર્શન થવા માટે બધું કરવાનું છે. પંડિત થવા કશું ભણવું નથી.

મુમુક્ષુ—આ જીવ તો માનમાં તણાઈ જાય છે તે કેમ મટે?

પૂજ્યશ્રી—કશું માન કરવા જેવું નથી. ક્યાં આગળનો ઋષભદેવનો કાળ અને ક્યાં આ કાળ! ક્યાં આ કાળના સંઘયણ અને ક્યાં પેલા કાળના સંઘયણ! કશુંય નથી.

''કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદા ધર્મ; તોય નહીં વ્યાકુળતા'' રોજ બોલીએ છીએ. જીવને વ્યાકુળતા થવી જોઈએ કે કેમ થતું નથી. કૃપાળુદેવને રસ્તે ચાલવાનું છે. એ શું કહે છે અને આપણે કેમ વર્તીએ છીએ? હું એથી બીજે રસ્તે તો વર્તતો નથી? બીજો રસ્તો હોય તો મારે બદલવો છે.

(બપોરના) ૧૧૫ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદ્રપદ વદ ૬, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—સત્સંગનો યોગ ન મળે ત્યારે જીવ પાછો પડી જાય છે. સત્સંગનો યોગ ન હોય ત્યારે વાંચે, વિચારે તો ભાવના વધે. માથે મરણ છે તેની ખબર નથી. કોણ જાણે ક્યારે આવશે? કેટલું જીવવાનું છે? પ્રભુશ્રીજી કહેતા કે મહેમાન છો. મનુષ્યભવ લુંટાય છે માટે સાથે આવે એવું કરવાનું છે. જ્ઞાનીની આજ્ઞા આરાધવી. વૃત્તિ સ્થિર રાખવી બહુ મુશ્કેલ છે. જગતમાં જીવે ઝેરદૃષ્ટિ કરીને વર્તવાનું છે. જ્યાં સુધી એ દૃષ્ટિ નથી ત્યાં સુધી વૃત્તિ ડામાડોળ થાય છે. કર્મ કેવાં બંધાય છે તેની ખબર નથી. સત્સંગના વિયોગે જીવને ડાઘ એવા પડે છે કે પછી જાય નહીં, માટે ડાઘ ન પડે એવું કરવાનું છે. એક કહેવત છે કે ચકલી માથા ઉપર થઈને જાય તો કાંઈ નહીં, પણ માળો ન કરવા દેવો. તેમ બીજા વિચારો મનમાંથી આવી આવીને જાય તો કંઈ નુકસાન કરે નહીં,

પણ એકનો એક વિચાર જો રહ્યો તો એ ઘર કરી બેસે. માટે ચેતતા રહેવું. ડાહ્યા ન થવું.

કૃપાળુદેવનું શરણું છે. કૃપાળુદેવની આજ્ઞા વગર એક પગલું પણ ભરવું નહીં. કોઈ અયોગ્ય રસ્તે ચાલે અને ટેવ પડી જાય તો પછી ગમે તેવાં શાસ્ત્રો વાંચે તોય એ ડાઘ ન જાય. માટે જ્ઞાનીપુરુષો કહે છે કે મન નિર્મળ રાખવું. વિચારો ઘર કરી બેસે તો એ માણસને ઢોર કે બળદ જેવો બનાવી દે. માટે ચેતતા રહેવાનું છે. આ કળિકાળમાં તો જ્ઞાનીનું શરણું રાખવું. હે ભગવાન! 'હું તો અધમાધમ છું' આ કળિકાળમાં મારે એક તારું જ શરણું છે. ગમે તેમ કરીને મને શરણે રાખો. એવી ભાવના નિત્ય કરવાની છે. કેટલીક વાર સમૂહમાં પ્રાર્થના કરવાની હોય છે અને એકાંતમાં પણ કરવાની હોય છે. સાંજે સૂતી વખતે રોજ વીશ દોહરા, યમનિયમ, ક્ષમાપના બોલી કૃપાળુદેવનું શરણું લઈ સૂએ તો કંઈ મોડું ન થાય. એ કરવા જેવું છે. બોલતી વખતે આપણને ભાવ સ્ફૂરે એવું કરવાનું છે. કૃપાળુદેવ હાજરાહજૂર જ ઊભા છે, એવું જાણીને ભક્તિ કરવી. એનું જ શરણું લેવું.

આ કળિકાળમાં કૃપાળુદેવ જેવા આપણે માટે આવી ચડ્યા છે, વળી પ્રભુશ્રીજી ચોથા આરાના મુનિ જેવા આ કાળમાં થઈ ગયા. જીવને અભિમાન પેસી જાય છે. માન હોય ત્યારે ગમે ત્યારે લુંટાય છે. માન આવે તો ભગવાન ખસી જાય. 'અધમાધમ છું' એ ટકવું આ કાળમાં બહુ મુશ્કેલ છે. આ કાળનું ઝેર ઉતારવા જેવું કૃપાળુદેવે બધું લખ્યું છે. એક ક્ષમાપના બોલે તો બધું ઝેર ઊતરી જાય. આ જીવની સમજણનું ઠેકાણું નથી, માટે કૃપાળુદેવનું શરણું રાખવું. જે ભૂલ થઈ તે થઈ. જાગ્યા ત્યારથી સવાર. પ્રમાદમાં કેટલોય કાળ ગયો, હવે ન કરવો. હવે તો ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'', ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'', ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' હાલતાં ચાલતાં એ ધૂન લગાવવી છે. પ્રભુ પ્રભુ લય લગાડ્યા વિના છૂટકો નથી. હાલતા ચાલતાં ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' કર્યા કરવું.

૧૧૬ શ્રીમદ્ રા. આ. અગાસ, ભાદ્રપદ વદ ૧૧, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—એક ક્ષણ પણ નકામી ન જવા દેવી. સ્મરણ ભક્તિ કરવી. રોજ શીખવા, ગોખવાનું રાખવું. જેને બ્રહ્મચર્ય વ્રત આવ્યું છે તેણે તો ખૂબ ગોખવું, શીખવું, એમાં જ કાળ ગાળવો. પ્રમાદ ન કરવો. ગાડીમાં બેઠા હોઈએ ત્યારે બીજા વાતો કરતા હોય તે સાંભળવા ખોટી ન થવું, પણ સ્મરણ કરવું. બીજું ગોખ ગોખ કરે છે તેને બદલે આ ગોખ ને, તો લાભ થશે.

આત્મા છે પણ જીવને ભાન નથી. સમ્યક્દૃષ્ટિને આત્માની શ્રદ્ધા છે, અનુભવ છે, તેથી કંઈ આત્મા આંખે તેને દેખાય છે એમ નથી, પણ અનુભવ, પ્રતીત છે. મિથ્યાત્વનો ક્લેશ મટે ત્યારે તો ખબર પડેને! તેમ સમકિત આવ્યું હોય તો પોતાને ખબર પડે. કોઈ પશુને પણ સમકિત થાય છે, પણ તેને 'સમકિત મને છે' એવી ખબર નથી, પણ એ જાણે છે કે મારું સ્વરૂપ દેહથી ભિન્ન છે. જેટલી એને સમજણ હોય, જેટલો દૃઢ રંગ લાગ્યો હોય તે ન મટે. (તેના ઉપર નાભા ભગતનું દૃષ્ટાંત 'વચનામૃત'માં છે તે આપ્યું હતું).

અનાદિકાળથી જીવને મોહભાવ છે. મનુષ્યભવ પહેલી વાર મળ્યો છે એમ નથી. કેટલીય વાર મળ્યા છે! શાસ્ત્ર શીખ્યાં છે, દીક્ષા લીધી છે, પણ મોહ મટ્યો નહીં. આપણામાં જે વસ્તુ નથી તેને પોતાની માનવી નથી. તો પછી મોહ ન થાય. આત્મામાં સગાંવહાલાં કોઈ નથી. બધાથી છૂટવાનું છે. પ્રભુશ્રીજીએ ચોખ્ખું કહી દીધું કે 'ગુરુગમ' આત્મામાં છે, બહાર શોધવાથી ન મળે. બીજી વસ્તુઓ એટલે ઘરડો, જુવાન, પૈસાદાર એમ જુએ છે, પર્યાયદૃષ્ટિ છે પણ આત્મા જોવાતો નથી. આત્મા એ જ ગુરુગમ છે. ભાવની વાત છે. જેટલો ગોળ નાંખે તેટલું ગળ્યું થાય. ગુરુનો બોધ સાંભળીને, દર્શન કરીને જે કરવું હતું તે ન કર્યું તો બોધેય સાંભળ્યો નથી અને દર્શનેય કર્યાં નથી. જ્ઞાનીથી કેટલો લાભ થાય છે! તેની જીવને ખબર નથી.

**"સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;**
**સમજ્યા વણ ઉપકાર શો? સમજ્યે જિનસ્વરૂપ."**

સમજે તો ઉપકાર લાગે.

૧૧૭ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદ્રપદ વદ ૧૨, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—આત્માનું કલ્યાણ ગમે તે અવસ્થા— જુવાન, બાળક કે વૃદ્ધ અવસ્થામાં પણ કરી શકે છે. હવે બધેથી મોહ છોડવાનો છે.

**"સમજ, પિછેં સબ સરલ હૈ, બિનૂ સમજ મુશકીલ"** (હાથનોંધ ૧-૧૨)

જીવ જો પુરુષાર્થ કરે તો અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાય. સમ્યક્‌દર્શન કરતી વખતે ઘણો પુરુષાર્થ કરવો પડે છે. જગતના બધા પદાર્થોમાં જ્યાં એને મન જાય છે ત્યાં બધે આનંદ આવે છે, પણ મહાત્મા પ્રત્યે એટલી લીનતા થતી નથી. જેણે શુદ્ધ સ્વરૂપ જાણ્યું, તે કેવી રીતે રહે છે? નિર્લેપ રહે છે. આખું જગત ભલે સારું થાય તો પણ એને ગમે નહીં. જેણે વસ્તુને જાણી છે તે નિર્લેપ રહે છે. એ સિવાય એનું ચિત્ત બીજે જતું નથી. બીજાં કામ કરે તોય એ લક્ષ ચૂકે નહીં.

**"મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજાં કામ કરંત"**

એવી રીતે ભોજો ભગત, નિરાંત કોળી વર્તતા હતા.

('પ્રભુશ્રીજીના બોધ'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—જાગ્યા ત્યારથી સવાર. સવાર થઈ છતાં જીવ જાગતો નથી. એક વર્ષ, બે વર્ષ એમ જીવે વર્ષો ભોગવ્યાં, પણ કશું કર્યું નથી. વૈરાગ્ય જ એક અભય છે. આત્મા સિવાય ક્યાંય આનંદ આવે નહીં, એ જ ખરો વૈરાગ્ય છે. જ્યાં સુધી શ્વાસોચ્છ્‌વાસ રહે ત્યાં સુધી આ છેલ્લી વાત પકડજો. "સહજાત્મસ્વરૂપ પરમગુરુ" એમ પ્રભુશ્રીજીએ કહ્યું છે. પ્રભુશ્રીજી કહેતા કે મંત્ર આપીએ છીએ તે આત્મા જ આપીએ છીએ. પોતાની મેળે કશું ન થાય. જ્ઞાનીની આજ્ઞાથી ધર્મ છે.

પ્રભુશ્રીજી કહેતા કે સાંભળ સાંભળ કર. આવો જોગ ફરી મળવો મુશ્કેલ છે. કોઈક વખત સત્પુરુષનો જોગ મળે તો એને કલ્યાણ કરવાની ઇચ્છા ન હોય અને કોઈ વખત ઇચ્છા હોય તો સત્પુરુષ ન મળે. અનાદિકાળથી આમ થતું આવ્યું છે. માન મૂકવાનું છે. માનને લઈને અટકવું થાય

છે. પાણીમાં જેવો રંગ નાંખે તેવું થાય. લાલ નાંખે તો લાલ, પીળો નાંખે તો પીળો પાણીનો રંગ થાય, પણ એને કંઈ આગ્રહ ન થાય કે મારામાં આ કેમ નાંખ્યો? તેમ માન મૂકવાનું છે.

૧૧૮ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદ્રપદ વદ ૧૩, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–'આત્મસિદ્ધિ'નો (આસો વદ ૧નો) દિવસ મોટો છે. બે ઘડી ધર્મધ્યાન થાય. આ મનુષ્યભવ કેમ સફળ થાય? જીવે શું કરવા જેવું છે? તે અહીં થોડા દહાડા રહે તો ખબર પડે. જીવને સંજોગો તો પુણ્ય બાંધ્યું હોય તે પ્રમાણે હોય છે, પાપ બાંધ્યું હોય તો તે પ્રમાણે હોય, પરંતુ પુરુષાર્થ કરવો હોય તેટલો કરાય. મોટામાં મોટી મૂડી મનુષ્યભવ છે. જ્યાં સુધી આ મનુષ્યભવ છે ત્યાં સુધી જીવ ધારે તે કરી શકે. બીજા ભવોમાં એટલી સમજણ ન હોય. આપણને લાગ આવ્યો છે, માટે ચેતવા જેવું છે. ક્ષણ પણ નકામી ન ગાળવી. જેને આજ્ઞા મળી નથી તે તો શું કરે? પણ જેને આજ્ઞા મળી છે તે કામ કરી શકે છે.

મંત્ર છે તે જેવી તેવી વસ્તુ નથી. એ બીજ કહેવાય છે. એમાંથી વૃક્ષ થાય. વડનું બીજ જેમ નાનું હોય, તોપણ તેમાંથી મોટો વડ થાય છે; તેમ આ મંત્ર છે તે વડના બીજ જેવું છે. એની આરાધના કરે તો આત્માના ગુણો પ્રગટે. એક સમ્યક્દર્શન ગુણ પ્રગટે તો બધા ગુણ પ્રગટે. પરભવમાં આ સાથે આવે એવું છે. અત્યારે તો જેટલું કરવું હોય તેટલું થાય. આટલી સામગ્રી ફરી ન મળે. અનેક પ્રકારની જ્યાં ખામીઓ હોય ત્યાં ધારેલું કામ ન થાય. કોઈક વખત એને સત્પુરુષ મળે તો એની યોગ્યતા ન હોય, તેથી એનું કામ ન થાય અને કોઈ વખત યોગ્યતા હોય તો સત્પુરુષનો જોગ ન હોય. આમ અનાદિકાળથી ખાંડુંબાંડું થતું આવ્યું છે. હવે જન્મમરણ ટાળવા મંડી પડવું. મંત્રથી જે કામ થાય છે તેવું બીજાથી ન થાય. ક્રોધ, માન, માયા, લોભ ઓછા થાય; વૈરાગ્યઉપશમ વધવા માટે જ્ઞાનીનાં વચનો છે. પ્રભુશ્રીજીના બોધમાં આવે છે કે શું કરવા આવ્યો છે? શું કરે છે? એનો વારંવાર વિચાર કરવો. ધર્મના કામમાં ઢીલ ન કરવી. કરી લેવું.

'આત્મસિદ્ધિ', 'છ પદ'નો પત્ર મોઢે કરવા, આપણા આત્માના હિત માટે. માથે મરણ બધાને છે. કાળનો ભરોસો નથી માટે ચેતતા રહેવું. ઘરડા થઈશું ત્યારે ભક્તિ કરીશું, પણ આ કાળમાં તો નાના પ્રકારના રોગો, મરણ વગેરે ઘડપણ આવે તે પહેલાં થાય છે. જીવને સમજણ પ્રાપ્ત થાય, જ્ઞાનીનો યોગ મળે, સાધન મળે પછી પ્રમાદ કરવા જેવું નથી. ઘણો વખત પ્રમાદમાં ગયો. ખોદ ખોદ કરે તો પાણી નીકળે. દસ દસ હાથ, ઠેકાણે ઠેકાણે ખોદે તો પાણી ન નીકળે. એક ઠેકાણે સો દોઢસો હાથ ખોદે તો પાણી નીકળે.

મધ્યસ્થદૃષ્ટિ રાખવી. જેમ બને તેમ વહેલું કરી લેવું. જીવને કોઈ પુણ્યના યોગે સાચી વસ્તુ હાથમાં આવે છે, પણ ટકાવી રાખે તો કામ થાય. પૂર્વનું પુણ્ય સારી વસ્તુ સુધી લઈ જાય, પણ પુરુષાર્થ કરવો એ વર્તમાનના આધારે છે. તેનું સાધન સત્સંગ છે. જેમ જેમ વિશેષ સત્સંગ કરે તેમ તેમ બળ વધતું જાય. અગમ્ય વસ્તુ છે તેથી માહાત્મ્ય લાગતું નથી. એ તો કંઈ સાંભળે ત્યારે કરવા જાય. ગુણો પ્રગટ થતાં સુધી પુરુષાર્થની જરૂર છે. સત્સંગ વારંવાર કરવાની જરૂર છે. ભાવ વર્ધમાન કરવાના છે. આજ કરતાં કાલે સારા ભાવ વધે તેમ કરવાનું છે. જ્ઞાનીપુરુષોને

સમયે સમયે અનંત ગુણ વિશિષ્ટ ભાવ વધે છે. ભાવ વધે ત્યારે સમકિત થાય. જેમ જેમ સદ્ગુરુનું માહાત્મ્ય લાગે તેમ તેમ વિશેષ ભક્તિ થાય.

"જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય." (૪૯૩) એ વચનો પરથી એની દશા કેવી હતી? તે ખબર પડે છે. અપૂર્વતા લાગે ત્યારે સ્વચ્છંદ રોકાય. જ્યારે અપૂર્વતા લાગે ત્યારે 'હું કરું છું' તે બધું ખોટું, એમ લાગે છે. જેટલી થાય તેટલી જ્ઞાનીની આજ્ઞા આરાધવી. સ્વચ્છંદ રોકાય તો કેવળજ્ઞાન, મોક્ષ બધું થાય. જીવની પાસે પ્રેમની મૂડી છે, તે ઠેકાણે ઠેકાણે વેરી નાંખી છે. તે સદ્ગુરુ પ્રત્યે કરવાની છે.

બધાનો આધાર ભાવ ઉપર છે. ભાવ વર્ધમાન થવાનું કારણ સારાં નિમિત્ત છે. પોતાની વૈરાગ્ય ઉપશમવાળી દશા, સત્પુરુષનો યોગ એ બેય કામ કરે છે. કારણ મળે તો કાર્ય થાય.

**"ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત;**
**પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત."**

અહંભાવે ચઢી ગયો, સ્વચ્છંદે ગયો તો ગમે તેવાં શાસ્ત્ર ભણે તોય પાર ન આવે. વિનય ગુણ મોટો છે. વિનય, સદાચાર વારંવાર સેવવાં. આ કાળમાં સદ્વિવેક, વિનય, આજ્ઞા-આરાધન એ બધાં ઘટતાં જાય છે. આત્માર્થીનાં લક્ષણ કેવાં છે!

**"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ."**

જ્યાં સુધી ક્રોધમાનાદિમાં તણાય ત્યાં સુધી આત્મા ભણી ક્યાંથી વળાય? આત્માર્થી કેમ કહેવાય? આત્માર્થી થવું હોય તો ઇન્દ્રિયોને જીતવી પડશે, કષાય શમાવવા પડશે. શું કરવા આવ્યો છું? તેની ખબર નથી. મેળો છે. ખાલી હાથે આવ્યો ને ખાલી હાથે જવાનો છે. આ કાળમાં આયુષ્ય, શક્તિ ઓછાં છે. ભલે કળિકાળ છે, પણ જ્ઞાનીપુરુષનું કહેલું પકડ્યું તો આગળ વધાય. ડહાપણ કરવું નથી. એની પાછળ પડવું પડે છે. 'વીશ દોહરા', 'યમનિયમ' કરે તો બધાય ગુણ પ્રાપ્ત થઈ સમ્યક્ત્વ પ્રગટે.

આ તો મેં સાંભળ્યું છે, આ ભણ્યો છું, એમ જીવે સામાન્ય કરી નાંખ્યું છે. જાગ્યા ત્યારથી સવાર. મંડી પડવું. જે દેખાય છે તે બધું સ્વપ્ના જેવું છે. બધું ફરતું છે. આવું ને આવું રહેવાનું નથી. વિચાર કરે તો આ જગતમાં કાંઈ વિશ્વાસ કરવા લાયક નથી. લાગ આવ્યો છે માટે કરી લેવું. મનુષ્યભવ છૂટ્યો તો પછી લક્ષચોરાશીમાં ભટક ભટક કરશે. એટલી સામગ્રી ફરી મળવી મુશ્કેલ છે. ક્યાંથી મળે? પ્રભુશ્રીજી કહેતા, કે 'તારી વારે વાર', તું ઢીલ કરીશ તો વાર લાગશે. ઢીલ કરવી તે એને હાથ છે અને ઢીલ ન કરવી એય એને હાથ છે. કાલે શું થશે? એની ખબર નથી. વસ્તુનો સ્વભાવ સમજાતો નથી. બધું પલટાઈ જશે. કોઈ ઢોર, કોઈ દેવ, કોઈ મનુષ્ય થઈ જશે. કેટલાય કાળથી ભટક ભટક કરતો આવ્યો છે. ભવ ઓછા થાય તેમ કરવાનું છે. તૃષ્ણા

વધારી વધે અને ઘટાડી ઘટે. બળતરા જીવને ઇચ્છા-તૃષ્ણાની છે. તે બહાર દેખાય નહીં. અંતરની શાંતિ સમજાઈ નથી.

આત્મા તે મરે નહીં. દેહ છૂટે, પણ આત્મા ન મરે. નિર્ભયપણું થયા વિના મોક્ષ થાય નહીં. અત્યારે જીવ બીજી વસ્તુઓમાં તણાય છે. જીવ વિચાર કરે તો સમજાય કે જેણે કર્યું હોય તેને ભોગવવું પડે છે. દેહ છૂટી જાય તો બધું પડ્યું રહે. આ ઘર કે સ્ત્રી મને સુખી કરશે એવું નથી. આત્મામાં સુખ છે. ''સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે.'' (૫૬૯) ખરી મૂંઝવણ જીવને મોહની છે. મોહ જીવને મૂંઝવે છે, દુઃખી કરે છે. કર્મની પરાધીનતા સમજણથી ટળે છે.

**''સમજ, પિછેં સબ સરલ હૈ, બિનૂ સમજ મુશકીલ''** (હાથનોંધ ૧-૧૨)

*

(બપોરના)

પૂજ્યશ્રી—જ્ઞાનીએ કહ્યું છે તેનો આશય સમજાતો હોય એટલે અતિશય જ્ઞાન હોય તે શ્રુતજ્ઞાન છે. મને સમ્યક્દર્શન છે એમ પોતાની મેળે કલ્પના ન કરવી પણ શાસ્ત્રમાં કહ્યું છે તે પ્રમાણે હોય, તો છે. સમ્યક્દર્શન થયા વિના એક પણ પ્રકૃતિ ક્ષય થતી નથી. મિથ્યાત્વ જાય તો સમ્યક્ત્વ થાય. મિથ્યાત્વની પ્રકૃતિ જ એવી છે કે એને ઊંધા પાટા બંધાવે છે. 'હું સમજું છું' એમ જીવને રહ્યા કરે છે. સમ્યક્ત્વ થાય ત્યારે એ મટે. અનેક પ્રકારના ભુલાવા છે. કૃપાળુદેવે ''નિઃશંકતાથી નિર્ભયતા ઉત્પન્ન હોય છે અને તેથી નિઃસંગતા પ્રાપ્ત હોય છે.'' તે પત્રમાં લખ્યું છે— ''સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ, એને જ્ઞાનીઓએ પરમધર્મ કહ્યો છે.'' (૨૫૪) સત્પુરુષમાં પરમેશ્વર બુદ્ધિ ન થાય, પદાર્થનો નિર્ણય ન થાય તો એની જોગ્યતા રોકાઈ જાય છે. મિથ્યાત્વ અવસ્થામાં બધું ખોટું જ હોય છે. સાચી જિજ્ઞાસા એને ન હોય.

**''કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ.''**

**''આવે જ્યાં એવી દશા, સદ્ગુરુબોધ સુહાય;**
**તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય.''**

જીવને કષાય મંદ થાય, એવી યોગ્યતા હોય અને બોધ હોય તો સદ્વિચાર જાગે. અનાદિકાળથી ભ્રાંતિ ખા ખા કરે છે, તેથી અજીર્ણ થાય છે. તપ કરે તો તપનું પણ એ અવસ્થામાં અજીર્ણ થાય છે. મુનિપણું લીધું, તપ પણ બહુ કર્યાં. તપ તો ઇચ્છારોધન છે તેને બદલે 'હું તપ કરું છું, મને લોકો વાંદવા આવે' એ માટે કરે છે.

સમ્યક્દર્શન સુલભ છે, પ્રત્યક્ષ છે. આત્મા ઓળખાય અને તેની પ્રતીતિ થાય ત્યારે સમ્યક્દર્શન થાય. સત્પુરુષને ઓળખે તો સમ્યગ્દર્શન થાય, પણ એ સહેલું નથી. એટલે ભક્તિ જોઈએ.

''જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ

દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય.'' (૪૯૩) સત્પુરુષના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે એવું થાય, ચિત્રપટ ઉપરથી આત્મદૃષ્ટિ થાય, શુદ્ધ આત્મા પ્રત્યે દૃષ્ટિ જાય, પછી એની અપૂર્વતા લાગે કે એવું તો કોઈ કાળે જોયું નથી. એવું જ્યારે થશે; ત્યારપછી પોતાની ઇચ્છાએ વર્તવાનું ન થાય, સ્વચ્છંદ રોકાય. સ્વચ્છંદ જાય તો આત્મજ્ઞાન થાય. કેવળજ્ઞાન, મોક્ષ બધું થાય.

**''રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ''**

બહુ અઘરું છે એ તો. સદ્‌ગુરુનો આત્મા સદ્‌ગુરુ છે.

કૃપાળુદેવ ખંભાત આવ્યા ત્યારે ત્યાંના લોકોને લાગ્યું કે આ સત્પુરુષ છે. પછી કૃપાળુદેવને ખમીસ પહેરતા જોયા. એટલે બધાએ કૃપાળુદેવના ખમીસ જેવું કાપડ લાવી ખમીસ સીવડાવ્યાં. આત્મા ન ઓળખાય તો જીવ કપડા આદિમાં જ તણાઈ જાય. મોટી વસ્તુ છે. સત્પુરુષના જોગે સ્વચ્છંદ રોકાય છે. આત્મા છે-ગુરુગમ છે. બધું કહ્યું પણ યોગ્યતાની કચાશ છે. સત્પુરુષનો યોગ થયો, તેમનો બોધ મળ્યો, પછી આત્મા જ થાય.

એક ક્ષણ પણ નકામી ન ગાળવી. મનુષ્યભવની એક ક્ષણ પણ પાછી ન મળે. એ લક્ષ રાખવો કે આત્માને શાંત કરવો છે. અત્યારે રાગદ્વેષથી જીવ બળે છે. તેને જ્ઞાનીના વચનોથી શાંત કરવાનો છે. શીતળીભૂત થઈ જાય એવું કરવાનું છે. જ્ઞાનીએ જાણ્યું છે તે આપણે જાણવું છે. વાંચીને, ગમે તેમ કરીને જ્ઞાનીનું કહેલું જાણવું છે. સત્સંગની ભાવના રાખવી. ગમે તેમ થાય પણ સત્સંગ કરવો. મારે આત્માને માટે આ કરવું છે. જેમ જેમ સત્સંગની ભાવના જાગશે, અપૂર્વતા લાગશે, તેમ તેમ જીવનું કલ્યાણ થશે. સત્સંગને માટે એક પગલું ભરે તો એક યજ્ઞ જેટલું ફળ થાય.

જે કંઈ કરીએ તે આત્માને માટે કરવું છે. આત્માનું કલ્યાણ કરવાની ભાવના હોય તો કલ્યાણ થાય. મને પુણ્ય બંધાય એ ઇચ્છાએ તપ વગેરે કરવું નહીં. આત્માને માટે કરે તો શરીરનું પણ થાય. દુઃખ આવે, કષ્ટ પડે, કોઈ ભૂંડું કરે તો સમભાવ રાખવો. કોઈનું એક વચન સહન કરે તો છ મહિનાના ઉપવાસ જેટલું ફળ થાય, કારણકે ક્ષમાથી ધર્મ થાય છે. ઉપવાસથી તો થાય કે ન પણ થાય. ઉપવાસ ક્રોધ માનાદિ જીતવાં; રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ ઇન્દ્રિયોના વિષયો જીતવા કરવાના છે. પહેલાં સમજણ કરવાની છે. સમજણ વગર બધું આંધળા જેવું છે. એ આવ્યે બધું સવળું થાય.

જ્યારે વાંચવું હોય ત્યારે કૃપાળુદેવની આજ્ઞા લઈ વાંચવું, પછી જ્ઞાની જાણે છે એમ રાખવું. હું સમજી ગયો, એમ ન રાખવું. જ્ઞાની જાણે છે એટલો લક્ષ રાખવો. 'પંચાસ્તિકાય' શાંતિ આપે એવું છે, માટે વાંચવું.

૧૧૯ શ્રીમદ્ રા.આ.અગાસ,ભાદ્રપદ વદ દ્વિ.૧૩, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—કૃપાળુદેવ કહે છે કે વિવેક ઉપર આવરણ આવે ત્યારે અમને ગમતું નથી. તે કરતાં મરવું સારું છે એમ લાગે છે. દેહત્યાગ કરવા જેવી સ્થિતિ થઈ જાય છે. ઝાઝો વખત અસમાધિમાં રહેવું પડે તો દેહ છોડી દેવો, એવી એમણે પ્રતિજ્ઞા લીધી હતી.

લોભ એ આત્માને મલિન કરનાર છે. જે ક્રમ હોય તે ક્રમ ન લે તો પડી જાય. પોતાની શક્તિ ઉપરાંત કામ કરે તો પોતાની દશા જે હોય તે પણ ખોઈ બેસે અને ઊંચી દશા તો પ્રાપ્ત થાય નહીં, એટલે બેયમાં નહીં, એવી થઈ જાય.

પાત્રતાની બહુ ખામી છે. પોતે પોતાના અંતરમાં પૂછવાનું છે કે લોકો કહે છે તેવો હું છું કે બીજો છું? દેહ છું કે આત્મા છું? એ નિર્ણય કરવાનો છે. એ જ્ઞાનમાર્ગ છે. એ ગુરુ પાસે જઈને પૂછવા યોગ્ય છે. ગુરુ એને કહે કે આ કર, ફલાણું કર. તે જો જીવ કરે તો એને સ્વરૂપનો અનુભવ થાય. બહુ અભ્યાસ કરવાનો છે. જેને જિજ્ઞાસા ઉત્પન્ન થઈ છે તે શોધ કરતાં કરતાં 'હું કોણ છું?' વગેરે વિચારમાં પહોંચે છે, એનો નીવેડો સદ્‌ગુરુની ભક્તિથી આવે છે.

'હું કોણ છું?' તો કે સત્પુરુષનો શિષ્ય છું. ક્યાંથી આવ્યો છું? અત્યારે જીવ ક્યાંથી આવ્યો છે? પોતાનો ઇતિહાસ છે. નરક, નિગોદમાં ભમતાં ભમતાં આ મનુષ્યભવમાં આવ્યો અને સત્પુરુષનો યોગ થયો. શું કરવા આવ્યો છું? તો કે છૂટવા આવ્યો છું. આપણી આજુબાજુ જે વસ્તુઓ છે તેમાંથી આપણે માટે શું શું કામનું છે? ત્યાગવા યોગ્ય શું છે? તેનો વિચાર કરવો. હું કોણ છું? મારું સ્વરૂપ શું છે? એ પોતે પોતાને પૂછે તો પ્રતીતિ થાય.

[૧]મહાવીર ભગવાન વિહાર કરતા કરતા એક ગામમાં આવ્યા. ત્યાં એક બ્રાહ્મણની યજ્ઞશાળા હતી. તેમાં યજ્ઞ થતા નહોતાં. એમ જ પડી હતી. ભગવાને બ્રાહ્મણને પૂછ્યું કે આ યજ્ઞશાળા ખાલી પડી છે તો હું અહીં ચોમાસું રહું? બ્રાહ્મણે કહ્યું– ભલે, ખાલી જ પડી છે ને. પછી ભગવાન ત્યાં ચોમાસુ રહ્યા. બ્રાહ્મણ પંડિત હતો. શાસ્ત્રો વગેરે ભણેલો, પણ આત્મા છે કે નહીં? એ વિષે એને શંકા રહ્યા કરતી. એક દિવસે એને વિચાર થયો કે આપણી યજ્ઞશાળામાં સાધુ આવ્યા છે તેમને જઈને પૂછું તો ખરો કે આત્મા શું છે? બ્રાહ્મણ ભગવાન પાસે ગયો અને પૂછ્યું કે આત્મા શું હશે? ભગવાન બોલ્યા કે હે વિપ્ર! તને આમ થાય છે કે 'હું' છું? બ્રાહ્મણે કહ્યું– હા, એ તો થાય છે. ત્યારે ભગવાને કહ્યું– 'એ જ આત્મા છે.' બ્રાહ્મણને તે બેસી ગયું.

પહેલો આત્મા છે. ત્રણે કાળ રહે એવો છે એમ જો શ્રદ્ધા થાય તો આત્મા અવિનાશી છે એવી દૃઢતા થાય, બીજા પદની દૃઢતા થાય. પર્યાય છે તે અનિત્ય છે, દ્રવ્ય છે તે નિત્ય છે. સ્યાદ્વાદપદે આત્મા અવિનાશી છે અને વિનાશી છે.

*

મુમુક્ષુ–'ઉત્તરાધ્યયન'નું હજુ સુધી પહેલું જ અધ્યયન વાંચ્યું છે.

પૂજ્યશ્રી–થોડું વંચાય તો કંઈ નહીં, પણ શા અર્થે વાંચવું છે? એ લક્ષ રાખવો.

૧૨૦ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદ્રપદ વદ ૧૪, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–આપણે જ્યાં મોહ કર્યો હોય ત્યાં ઉત્પન્ન થવું પડશે. જો ઘરેણાં ગાંઠામાં મોહ હોય તો સોનાની ખાણમાં ઉત્પન્ન થવું પડે. જગતના બધા સ્થાનો સાંભળીને, થાકે તો જાણ્યું કહેવાય. મારાપણું ક્યાંય કરવાનું નથી. અહંભાવથી રહિત થવાનું છે. પોતે પોતાના દોષ જોઈને મૂકવાના છે. કૃપાળુદેવે કહ્યું છે કે એક બોલ કહેતાં મોક્ષ થાય તેવા બોલ અનેકવાર કહ્યા છતાં જીવો

૧. આ જ દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૩૩ અને ૫૦૩.

જાગતા નથી. જીવનું પોતાનું કશું નથી. મન, વચન, કાયા પણ એનાં નથી, તો પછી બહારનું જે બધું દેખાય છે તે એનું શાથી થાય? જ્ઞાની આગ્રહ છોડવાનું કહે છે. ભવ્ય જીવ હોય તે સાંભળીને આગ્રહ મૂકે છે. પ્રભુશ્રીજી કહેતા કે લોક મૂકે પોક, તારું કર. એ તો લોકોને સારું દેખાડવા કરે છે, તો વૈરાગ્ય ક્યાંથી થાય?

**''ધિંગ ધણી માથે કિયા રે, કુણ ગંજે નર ખેટ; વિમલ જિન દીઠાં લોયણ આજ''** (આ.૧૩)

એને માથે કરે તો કંઈ વાંધો નથી. બીજાં કામ કરે ત્યારે તપાસે છે તેમ અત્યારે કેવી દશા થઈ છે, તે તપાસ. દશા સારી હોય તો ઠીક છે. કચાશ હોય તો કચાશ માનવી. આપણે શું કરવા જેવું છે? તે સાંભળતાં સાંભળતાં દોષ દેખાય. દોષો દેખી ટાળવાના છે. કંઈક ગાંઠે બાંધીએ. એક બોલ તો એક બોલ.

માન જીવનું ભૂંડું કરે છે. માન ન કરવું. કોઈ વખાણ કરે તો સારું ન માનવું. મહાપુરુષનાં કોઈ વખાણ કરે તો તેઓ તે તરફ દૃષ્ટિ પણ ન કરે. ઈશ્વરને માનની સાથે વેર છે.

[1]ૠષભદેવ ભગવાનને ભરત, બાહુબળ નામના બે પુત્રો હતા. બેય બળવાન હતા. તેમાંથી એક મોટો ચક્રવર્તી થયો અને એક સામાન્ય રાજા થયો. ભરતેશ્વર જે ચક્રવર્તી હતો તેણે બાહુબળને કહ્યું કે તમે મારી સેવામાં આવો. બાહુબળ બહુ બળવાન હતા, તેથી સેવા સ્વીકારી નહીં અને લડાઈની તૈયારી કરવા લાગ્યા, પછી યુદ્ધ થવા લાગ્યું. ભરતે બાહુબળ પર ચક્ર મૂક્યું ત્યારે બાહુબળ ક્રોધમાં આવી મૂઠી ઉપાડી મારવા જાય છે, ત્યાં વિચાર ફર્યો. તેથી લોચ કરી, બળ્યું આ રાજ્ય, એમ કરી ચાલી નીકળ્યા. વિચાર આવ્યો કે ભગવાન પાસે જઉં, પણ ત્યાં જઈશ તો નાના ભાઈઓને વંદન કરવું પડશે એમ વિચારી બાર મહિના સુધી ત્યાં જ ઊભા રહ્યા. બાર મહિના સુધી ઘોર તપ કર્યું. ટાઢ, તાપ, વરસાદ બધું સહન કર્યું, પણ મનમાં માન હોવાથી કેવળજ્ઞાન ન પામ્યા, પણ જ્યારે બ્રાહ્મી અને સુંદરીએ આવીને ઉપદેશ કર્યો, તો માન ગળી ગયું. તેથી ત્યાં જ કેવળજ્ઞાન પામ્યા. આત્મા મોહના પાંજરામાંથી ખસી ગયો.

બધાનું કારણ, એક સત્સંગ હોય તો પોતાના દોષ દેખાય. જીવ પોતાના દોષ દેખી શકતો નથી. બીજાના દોષ દેખે છે. હું જાણું છું, એ દોષ નીકળવો બહુ મુશ્કેલ છે. એ તો જેમ ભૂત વળગ્યું હોય અને કોઈ મંત્રવાદી મળે ત્યારે નીકળે, તેમ સદ્ગુરુરૂપી મંત્રવાદી મળ્યે, માન ભૂતડું નીકળે. જગતને સુધારવું નથી. આપણો આત્મા સુધારવાનો છે. પારકી પંચાત મૂકી પોતાનું સુધારવું. વૈરાગ્યની જરૂર છે. વૈરાગ્ય, ઉપશમ હશે તો કામ થશે.

**''ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન''**

સંસાર ભોગવવો અને મોક્ષ મેળવવો, બેય ન બને. કાળ એવો છે કે જીવને ધર્મ ગમવો મુશ્કેલ છે. હું દુઃખી છું અને મારે છૂટવું છે, એવા જીવો થોડા છે. મનુષ્યભવ દુર્લભ છે માટે એક ક્ષણ પણ નકામી ન ગાળવી. જેમ ગરજ જાગશે તેમ જીવ કરશે. સ્મરણમાં ચિત્ત રાખવું. ગમે તેમ થાય તોપણ આપણને સત્સાધન મળ્યું છે તે ન ચૂકવું. મારું મન વારંવાર ભટકે છે તે ક્યાં જાય છે? તે તપાસવું. હિતકારીમાં જાય છે કે અહિતકારીમાં જાય છે? જો અહિતકારીમાં જતું હોય

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા શિક્ષાપાઠ ૧૮.

તો પાછું વાળવું. વારંવાર મનને સંભાળવું. અત્યારે દેહ છૂટી જાય તો કેવું થાય? દેહ અને આત્મા બન્ને જુદી વસ્તુઓ છે. આ શરીર છે તેના વિચારો છે તે આત્માને મારી નાંખનાર છે. માત્ર આ દેહથી ધર્મ થાય છે તેથી તેને પોષવો. દેહ સાથે પ્રીતિ કરવા યોગ્ય નથી. માત્ર એ દેહ ભક્તિને માટે કામમાં આવે તે માટે એને આહાર આપવો, ઊંઘાડવો, નવરાવવો વગેરે કરવું પડે છે.

૧૨૧ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદ્રપદ વદ ૦)), સં.૨૦૦૮

પૂજ્યશ્રી–જીવને સંસારમાં રુચિ થાય છે. સંસારના કારણોમાં રુચિ છે તે પલટાઈ મોક્ષમાં રુચિ થાય તે સમ્યગ્દર્શન છે. મારે શું કરવાનું છે? એ લક્ષ રાખવો. આ લોકની અલ્પ પણ સુખેચ્છા, (૨૫૪) તે ખામી છે, તે મટાડવી. ''હૈ ઇચ્છા દુઃખ મૂલ.'' (હા.નોં.૧/૧૨) દુઃખી થવું હોય તો ઇચ્છા વધારે કરવી. સુખી થવું હોય તો ઇચ્છાઓ ઓછી કરવી. ઇચ્છાઓ થાય એવા નિમિત્તથી દૂર રહેવું. નિમિત્તવાસી જીવ છે. દેખાદેખી ઘણી ટેવો પડે છે અને ઇચ્છાઓ થાય છે. પાપની પ્રવૃત્તિઓ રોકવી. પાપથી ડરતા રહેવું. પાપ બાંધવા ઇન્દ્રિયો મળી નથી. કોઈના બે વચન સાંભળીને ક્રોધ થતો હોય તો કાન પર હાથ દેવા, એમ કહેવાય છે. ખાવું તો સ્વાદ માટે નહીં, પણ જીવન ટકાવવા. પાંચ ઇન્દ્રિયોને પોષવી નથી. આંખ મળી છે તે ભગવાનના દર્શન માટે છે. કાન મળ્યા છે તે ભગવાનનાં વચન શ્રવણ કરવા માટે. એમ દરેક ઇન્દ્રિયોને સવળી કરી નાંખવી. ઇન્દ્રિયો છે તે જ્ઞાનદશાને રોકનારી છે. જ્ઞાનદશા થયા પછી એ જ ઇન્દ્રિયો મોક્ષના કામમાં આવે છે.

પત્રો શીખ્યા હોઈએ તે ફેરવીએ અને વિચાર કરીએ.

૧૨૨ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો સુદ ૧, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–પંચમકાળમાં વ્યાધિ, પીડા વધારે છે. ધર્મધ્યાન થાય એવું નથી. કાળજી રાખે તો થાય, નહીં તો આજીવિકા માટે આખો મનુષ્યભવ લુંટાઈ જાય. જ્યાં હોઈએ ત્યાં સત્સંગ, સત્શાસ્ત્રનું વાંચન રાખવું. ગરજ નથી, તેથી બીજા નિમિત્તો મળે તેમાં ભળી જાય છે. અસ્થિરતા બહુ છે. અસ્થિરતા વધે એવા નિમિત્તો બહુ છે. પૂર્વનું આરાધકપણું નથી તેથી એમ થયું છે. જન્મમરણ માથે ફરે છે. જીવને મરવાનું સાંભરતું નથી. અંદરમાં એને જ્ઞાનીનાં વચન ચોંટતાં નથી. સાંભળ્યું હોય તે ન સાંભળ્યું થઈ જાય. કિંમતી વસ્તુ જે લાગી હોય તેની સંભાળ રાખે. મનુષ્યભવ કિંમતી વસ્તુ છે. આ મનુષ્યભવની એક ક્ષણ પણ મળવી મુશ્કેલ છે. ક્ષણ ક્ષણ જતાં બહુ વખત ગયો, પણ હવેનું સારું જીવવું છે. હવે તો કંઈક ગાંઠે બાંધવું. જીવને સમજણ નથી. બીજામાં તણાઈ જાય છે. તુચ્છ વસ્તુનું જીવ માહાત્મ્ય માની તેમાં ને તેમાં રાચ્યો રહે છે. તુચ્છ વસ્તુઓથી જીવ ઘેરાઈ ગયો છે, તેથી આત્માનું માહાત્મ્ય લાગતું નથી. નાશવંત વસ્તુઓ તો ગમે ત્યારે નાશ થવાની છે, એવી ને એવી ન રહે. પારકી પંચાતમાં ખોટી ન થવું. પોતાનું ખરું સ્વરૂપ છે તે જાણ્યું હોય તો ભવોભવમાં કામ આવે, પરભવમાં પણ સાથે આવે; પણ જીવને માહાત્મ્ય નથી. પોતાને કામની વસ્તુઓ સાંભળવા ઓછી મળે છે. સત્સંગમાં બહુ મળે છે, માટે સત્સંગ કહ્યો છે. સત્સંગમાં કંઈક સાંભળવાનું મળે. જે જરૂરની વસ્તુઓ છે તે વારંવાર કાનમાં આવે તો માહાત્મ્ય લાગે. એ માટે ઘણા બોધની જરૂર છે. કેટલાય ભવની કમાણીરૂપ આ મનુષ્યભવ છે, તે

પણ આ કળિકાળમાં ટૂંકા આયુષ્યવાળો. કૂતરા કાગડાના ભવમાં ભટકતાં ભટકતાં આ મનુષ્યભવ ઘણા પુણ્યના યોગે મળ્યો છે.

૧૨૩ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો સુદ ૪, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—મનુષ્યભવમાં પણ જીવ મતમતાંતરમાં ક્યાંય ખળી રહે છે. મધ્યસ્થબુદ્ધિ બહુ દુષ્કર છે. આગ્રહ થઈ ગયા પછી મટવો બહુ મુશ્કેલ છે. બાંધેલું છે તે ભોગવવું પડે છે. પોતે કરે છે અને પોતાને ભોગવવું પડે છે.

કૃપાળુદેવ દેવના દેવ છે. નિસ્પૃહ થઈ જવું. આ જગતમાંથી કશું જોઈતું નથી. થવું હોય તે થાઓ, રૂડા રાજને ભજીએ. કૃપાળુદેવનું શરણું મળ્યું છે તે મોટી વાત છે. વાંચવામાં કાળ ગાળવો. બીજું બધું ભૂલી જવાનું છે. જગતની બધી વસ્તુઓ ભૂલી એક મંત્રમાં ચિત્ત રાખવું. શ્રદ્ધા એક ભગવાનની રાખવી.

**''ધિંગ ધણી માથે કિયા રે, કુણ ગંજે નર ખેટ''** (આ. ૧૩)

સંકલ્પ-વિકલ્પ આવે તો મંત્રમાં ચિત્ત રાખવું. એમ છતાં ન મટે તો ઉતાવળે મંત્રની ધુન લગાવવી. ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ,'' ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ,'' ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ.'' જીવ જો બળવાન થાય તો સંકલ્પ-વિકલ્પ નહીં આવે. સંસારનું સ્વરૂપ જ એવું છે. ચારે ગતિમાં દુઃખ છે. કેટલું ભટકતાં ભટકતાં મનુષ્યભવ મળે છે. આ મનુષ્યભવમાં આ ભૂમિ, આવો યોગ, તેમ છતાં સંસાર એવો છે કે એને જંપવા ન દે.

ધર્મ છે તે જીવને સુખનું કારણ છે. ધર્મમાં વૃત્તિ રહે તેટલું જગત ભુલાય છે. સત્પુરુષના યોગે કંઈક સમજણ કરી લેવાની છે. દેખાય છે તે બધું નાશવંત છે. તેમાં જીવ મમતા કરે છે, કલ્પના કરે છે. કલ્પના કર્યા વગર રહેતો નથી. સંકલ્પ-વિકલ્પથી કર્મો બંધાય છે. તેનું કારણ વૈરાગ્ય નથી જીવને. કેટલાંય દુઃખ ભોગવ્યાં છે, પણ તેનો ખ્યાલ નથી. આ મનુષ્યભવમાં કર્મ છોડવાનો લાગ છે, ચેતે તો થાય. સારું અવલંબન હોય તો ફિકર ન થાય. સહજ સ્વભાવે જે થાય તે જોયા કરવું. ભાવના કરવી કે સમભાવ મને રહો. સમભાવ રહે તો મારા આત્માનું કલ્યાણ થાય. ભાવના કરે તેવું થાય. પહેલાં ભાવના કરી હતી તેથી આ સત્સંગ મળ્યો છે. હવે ભાવના સારી કરશે તો સારું મળશે.

પહેલામાં પહેલાં કરવાનું સમ્યગ્દર્શન, તો મોક્ષ થાય જ. જીવ સમજે તો સહજ છે, નહીં તો અનંત ઉપાયે પણ નથી. ''સમજ, પિછે સબ સરલ હૈ, બિનૂ સમજ મુશકીલ'' (હા.નોં.૧/૧૨) હું દેહ નથી એટલું કરવાનું છે. આખા સંસારનું કારણ 'હું દેહ છું' એ છે. આ દેહ મારો નથી. જેમ છે તેમ મનાય તો સમ્યગ્દર્શન છે.

**''છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ. મૂળ૦**
**એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ૦''**

આ જ્ઞાન છોડી મારે અજ્ઞાનદશામાં પેસવું નથી. સડી, પડી જાય એવો આ દેહ છે. મળ-મૂત્રથી અપવિત્ર છે. તેમાં કર્મના સંયોગે રહેવું પડે છે. આ દેહથી હું ભિન્ન છું એવી ભાવના કરવાની છે. સાંભળીને ભાવના કરવી. સૂતી વખતે ભાવના કરે, સવારમાં ભાવના કરે, એમ

અભ્યાસ કર્યે દેહથી આત્મા ભિન્ન લાગે. સાચા ભાવ કરવાના છે.

કથાઓમાં આવે છે કે કેટલાક ભક્તો દિવસમાં ભગવાનને એક વખત સંભારતા, ત્યારે એવા ભાવ થતા કે દેહનું ભાન ભૂલી જતા. કેટલાક ભક્તો બે વખત ભગવાનને સંભારતા. કેટલાક ત્રણ વખત, એમ અભ્યાસ કરતા. આમ ટેવ પડી જાય તો ભુલાય? આ બધા રસ્તા અભ્યાસ પાડવા માટે છે. એમ કરતાં કરતાં જીવને બળ આવે છે. અભ્યાસ કરે તો જડ જેવો હોય તે પણ વિદ્વાન થઈ જાય. 'હું આત્મસ્વરૂપ છું, દેહ નથી' એમ અભ્યાસ કરે તો એ દશા આવે; 'હું દેહ નહીં' એમ થાય. દેહ મડદું છે. સત્સંગની જીવને જરૂર છે, ઘણા સત્સંગની જરૂર છે. સમભાવ રાખવો.

મુમુક્ષુ–સમભાવ રહેતો નથી.

પૂજ્યશ્રી–સમભાવ ન રહે, પણ ભાવના તો કરાય ને કે હે ભગવન્! મને સમભાવ રહો. સવારમાં ઊઠી ભાવના કરવી, પછી ફરી સાંજે ભાવના કરવી. ફરી સૂતી વખતે ભાવના કરવી. એમ અભ્યાસ પાડે તો વારંવાર આપણને સાંભરે. "છે દેહાદિથી ભિન્ન આતમા રે" એમ સાંભળ્યું, તો 'હું દેહ નથી' એમ કરવું. કશું આડા અવળી કરવું નહીં.

જીવ સંકલ્પ-વિકલ્પ કરે છે. 'મારું કપડું' એમ કરે છે, પણ કપડું તો ફાટી જવાનું છે. છતાં જીવ સંકલ્પ-વિકલ્પ કરી કર્મ બાંધ બાંધ કરે છે. આ દેહ છે, તે અપવિત્ર છે. મળ-મૂત્ર, લોહીથી ભરેલો છે. તેમાં કર્મના સંયોગે રહેવું પડે છે, પણ એથી 'હું ભિન્ન છું' એવી ભાવના રાખવી.

મુમુક્ષુ–કુંદકુંદાચાર્ય વિદેહ ક્ષેત્રમાં કેવી રીતે ગયા હતા?

પૂજ્યશ્રી–કુંદકુંદાચાર્યે અહીં ઊભા રહી સીમંધરસ્વામીને નમસ્કાર કર્યા. ત્યાં સીમંધરસ્વામીએ 'ધર્મવૃદ્ધિરસ્તુ' એમ કહ્યું. તે વેળા ત્યાં કુંદકુંદાચાર્યનો ઓળખીતો દેવ હતો. તેણે ભગવાનને પૂછ્યુંઃ હે ભગવન્! આપે કોને કહ્યું? ભગવાન બોલ્યાઃ ભરતક્ષેત્રમાં એક કુંદકુંદ મુનિ છે. તેમણે મને નમસ્કાર કર્યા છે, તેમને કહ્યું છે. ત્યારે તે દેવને થયું કે મુનિની ભાવના હોય તો હું અહીં લઈ આવું. પછી તે દેવ કુંદકુંદાચાર્ય પાસે આવ્યો, પણ તે વખતે મુનિ કાઉસ્સગ્ગમાં હતા. તેથી દેવ પાછો ચાલ્યો ગયો. પછી ફરી મુનિએ નમસ્કાર કર્યા, તેથી ભગવાને 'ધર્મવૃદ્ધિરસ્તુ' એમ કહ્યું; ત્યારે તે દેવે ફરી પૂછ્યું કે હે ભગવન્, આ તમે કોને ધર્મવૃદ્ધિ કરવાનું કહ્યું? ભગવાન બોલ્યા– તે મુનિને. પછી તે દેવ ફરીથી મુનિ પાસે આવ્યો. તે વખતે મુનિ કાઉસગ્ગમાં નહોતા, તેથી વિમાનમાં બેસાડી ભગવાન પાસે લઈ આવ્યો. એવી રીતે સ્થૂલિભદ્રની બહેનને પણ શાસનદેવી ત્યાં લઈ ગઈ હતી. ત્યાંથી બે ચૂલિકાઓ શીખી આવી હતી.

સમકિત કહે છે કે મને ગ્રહણ કર્યા પછી મોક્ષે ન જવું હશે તો પરાણે લઈ જઈશ. જ્યાં ચોંટ્યો છે ત્યાંથી ઊઠ, એમ જ્ઞાની કહે છે. અપ્રતિબંધ અને અસંગ એ પુરુષાર્થ છે. જ્યાં જ્યાં જીવ રાગ કરે છે તે બધું કલ્યાણના માર્ગને પ્રતિબંધ છે, તે છોડવાનું છે. અને જ્યાં જ્યાં સંગ કર્યો છે તે છોડવાનો છે. પ્રતિબંધ દૂર કરવો અને અસંગ થવું, એ કર્મ જીતવાનો રસ્તો છે. એક પરમાણુ પણ મારું નથી. જેમ જેમ મમતા છૂટશે તેમ તેમ બધું છૂટશે.

૧૨૪ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો સુદ ૫,સં. ૨૦૦૮

પૂજ્યશ્રી—સમ્યગ્દૃષ્ટિને પુણ્ય હોય તે ગમે નહીં. ''લાગે અનિષ્ટ તે મનને રે'' દેવલોક પણ એને અનિષ્ટ લાગે. સમ્યગ્દર્શનનું માહાત્મ્ય છે. પુણ્યના યોગ એને જંપવા ન દે. જીવ બળિયો થાય તો નવ સમયમાં મોક્ષ થઈ જાય. મને ખબર નથી, પણ જ્ઞાનીએ જાણ્યું છે તે સાચું છે. આત્માનો સ્વભાવ જેવો છે તેવો સમજાય તો થોડી પૃથ્વીમાં ઘણા જીવો છે એમ સમજાય. જ્ઞાનીની આજ્ઞાએ વર્તવું, તો બધું પાંશરું થશે. સાથે શ્વાસોચ્છ્વાસ લે, સાથે આહાર લે, સાથે જન્મે અને સાથે મરે એવા સાધારણ વનસ્પતિકાયના જીવો હોય છે. કર્મ છે તે પુદ્ગલ છે. ચેતનમાં અનંત શક્તિ છે, એવી જડની અનંત અચિંત્ય શક્તિ છે.

**''વસ્તુ વિચારત ધ્યાવતેં, મન પાવે વિશ્રામ;**
**રસ સ્વાદત સુખ ઊપજે, અનુભૌ યાકો નામ.''** (સમયસાર નાટક)

વૃત્તિ બીજે ભટકે છે તે રોકાય અને આ ભગવાને કહેલાં વચનોનો વિચાર કરે તો અંતરંગ વૃત્તિ થાય. ભગવાનના કેવળજ્ઞાનનું માહાત્મ્ય લાગે તે માટે પર વસ્તુઓનું વર્ણન કર્યું છે. મોહ ઓછો કરવો. બીજા કામમાં જીવ કુશળ છે, પણ એમાં કંઈ કરતો નથી. જે કંઈ સાંભળીએ તે વિચારીએ. જે વચન જ્ઞાની બોલે છે અને બીજા પણ એના એ વચન બોલે છે, પણ જ્ઞાનીનાં વચનો જીવને મોક્ષ ભણી વાળે છે અને બીજાઓનાં વચનો સંસાર ભણી વાળે છે. જ્ઞાનીનાં વચનો જીવને મોક્ષ ભણી પ્રેરે છે.

૧૨૫ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો સુદ ૬, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—મન છે તે પીંપળના પાન જેવું છે. તેને રોકવા આ (સુદૃષ્ટિતરંગિણિ) શાસ્ત્ર છે. નહીં તો જીવ સંકલ્પ-વિકલ્પ કરીને કર્મ બાંધે છે. અભવ્યને તીર્થંકરની ખરી ઓળખાણ થાય નહીં. તીર્થંકર પાસે જાય, પણ એ પોતે ફરે નહીં. નવ પૂર્વ સુધી ભણે છે. જે ભવિ હોય તેને ચિંતા થાય કે હું ભવિ છું કે અભવિ? અભવ્યને એવું થાય જ નહીં. શું કામ એમ વિચારે? તેને છૂટવું નથી. અભવ્યને એમ લાગે છે કે હું કરું છું તે સારું છે અને હું ભવિ જ છું. પ્રારબ્ધ અને પુરુષાર્થ બેય જોઈએ. પુરુષાર્થ કરવાનો છે. વૃદ્ધમાંથી યુવાન થવાનું છે.

*

(બપોરના)

પૂજ્યશ્રી—વૃત્તિઓને રોકવા આયંબિલ કહ્યું છે. આયંબિલ છે તે શરીર સારું હોય તો કરવા જેવું છે. એમનું એમ કરે નહીં, પણ પર્વના દિવસે કરવાના ભાવ થાય છે. પાંચ ઇન્દ્રિયો જીભથી પોષાય છે. રસને જીતે તે તપ કહેવાય છે. એ જીતે તો બધી ઇન્દ્રિયો વશ થાય. નીરસ ભોજન કરે તો ઘણાં ઓછાં કર્મ બંધાય. જીવને કર્મ છે તે બધાં કર્મથી ગભરાવા જેવું નથી. જીવે જેવા રસે કર્મ બાંધ્યાં હોય તે પ્રમાણે ઉદયમાં આવે છે.

જ્ઞાનીની આજ્ઞાથી જે સ્મરણ મળ્યું છે, તે સ્મરણમાં ચિત્ત રાખવું. કર્મથી છૂટવાનો રસ્તો આ છે. સમાધિમરણનું કારણ આ છે. પહેલાંથી અભ્યાસ કરી મૂક્યો હોય તો થાય. પરમાર્થની કાળજી

રાખે તો એની ગમ પણ પડે. જીવને વિવેકબુદ્ધિ આવે તો મોહ ન થાય. ‘‘શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?’’ એ લક્ષ રાખવાનો છે. શરીરના સુખની તો કાળજી રાખવા કંઈ કહેવું ન પડે, પણ આત્માને શું દુઃખ છે? તે કેમ મટે? એ લક્ષ રાખવાનું કહેવું પડે છે. પોતાની મેળે તો ઘણું કર્યું છે, પણ જ્ઞાનીની આજ્ઞામાં જેટલો કાળ જાય તેટલો લેખામાં છે. આ મનુષ્યભવ સફળ કરવાનું કારણ જ્ઞાનીની આજ્ઞાનું આરાધન છે. રસ્તામાં જતાં આવતાં પણ સ્મરણ કરે તો ઘણો લાભ થાય, એક ક્ષણ પણ નકામી ન જાય એવું થાય. ‘વીશ દોહરા’ તો પા કલાક મળે ત્યારે બોલાય, પણ આ તો ઊઠતાં-બેસતાં પણ કરાય.

*

(બપોરના–ઉપર)

પૂજ્યશ્રી–નરકગતિમાં સમ્યગ્દર્શન લઈને જાય તો પાછું લઈને આવે અને દેવલોકમાં જાય તો ખોઈને પણ આવે, માટે દુઃખ સારું છે. જીવને ઉત્તમ સત્સંગ પણ ઘણી વાર થઈ ગયો છે, પણ સફળ કેમ નથી થયો? તે વિચારવાનું છે. જ્ઞાનીપુરુષ છે તે કશું ઇચ્છતા નથી. દૃષ્ટિ સવળી કરવાનું કહે છે. ગમે તો થોડું ભણેલો હોય, પણ જો જ્ઞાનીનું કહેલું એને માન્ય થયું તો કામ થઈ જાય. દેહ કંઈ કર્મ બંધાવે એમ નથી, દેહ તો કેવળીને પણ હોય છે. સમજણ ફેરવવાની છે. જે જે મહાપુરુષો મુક્ત થયા તે બધાને દેહ તો હતો ને! તો શું કરવું? જ્ઞાનીનું કહેલું માનવું. તેણે આત્મા જાણ્યો છે તેવો મારો આત્મા છે. આત્મા ભણી લક્ષ રહે તો ઠીક છે, પણ પાછું બીજું માન્ય કરવા જાય છે. પહેલાં આ ખોટું છે એટલું તો શીખવું, ને એટલો વૈરાગ્ય હશે ત્યારે આત્મા ગમશે.

જીવ પોતાપણું મૂકતો નથી. હું સાંભળું છું, હું કરું છું, એમ કર્યા કરે છે. પરભાવમાં રહે તેટલાં કર્મ બંધાય છે. જેટલી કર્મ છોડવાની દાઝ વધશે, પોતાના દોષ જોશે તેટલો પરભાવથી છૂટશે. જીવ સાંભળે છે કે રાગ-દ્વેષથી બંધ થાય છે. રાગ-દ્વેષ ન કરે અને સમભાવ રહે તો છૂટે. પુરુષાર્થ કરે તો બધું થાય. લૌકિકભાવ છે ત્યાં સુધી કર્મ બાંધ્યા કરે છે. જ્ઞાનીપુરુષને અલૌકિક ભાવે જુએ, તો એ કર્મ નથી બાંધતા એમ સમજાય.

મિથ્યાત્વી હોય તે રાગ-દ્વેષને સારા ગણે. મિથ્યાત્વીની દશા જ એવી છે. કોઈ એનાથી રાગ રાખે એને સારા માને છે. કષાયની મંદતા થાય, તો પછી એમ કરતાં કરતાં કષાય ઓછા થાય. સત્પુરુષનાં વચનની પકડ થાય કે આ જ્ઞાનીએ મને કહ્યું છે તે ભૂલવું નથી. તો સમજણેય થાય, બધું થાય. આત્મભાવમાં હોય તો બંધ ન થાય. અહંભાવ-મમત્વભાવ એ સ્વપ્નદશા છે. એ જાય તો જ્ઞાન થાય. અજ્ઞાને બધું લૂંટી લીધું છે.

૧૨૬ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૭, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–ચોથે ગુણસ્થાનકે આત્માનુભવ થાય અને તેરમે થાય તેમાં ફેર પડે છે. આત્મા છે એવો અનુભવ થાય છે. સમજણ પ્રમાણે થાય છે. કર્મની વિચિત્રતા છે.

*

(બપોરના)

મુમુક્ષુ—આયંબિલ કર્યું હોય અને રસવાળા પદાર્થોમાં મન જતું હોય તો શું વિચાર કરવો કે જે વિચારથી મન ત્યાં ન જાય?

પૂજ્યશ્રી—ઘણું ખાધું છે. ખાધેલું શું થાય છે? વિષ્ટા. જગત એંઠવાડા જેવું છે. ''સકળ જગત તે એઠવત્'' આત્માનું હિત થાય એવું વિચારવું. ઘીથી હિત છે કે જ્ઞાનીનાં વચનોથી? જ્ઞાનીનાં વચનોથી આત્માનું હિત છે, તો મારે ઘી નથી ખાવું. શું કરવા આવ્યો છું અને શું કરું છું? એ વિચારવું. જીવને ટેવ પડી ગઈ છે, પણ એનું ફળ શું આવશે એની ખબર નથી. પોતાની કલ્પનાએ કે લોકોના કહેતા-કહેતી રસમાં લુબ્ધાય છે. રસને જીતે તો જ્ઞાનીના વચનોમાં રસ આવે. અભયદેવસૂરીને આયંબિલ કરવું ઠીક પડ્યું. બાર અંગની ટીકા લખતાં સુધી આયંબિલ જ કર્યાં. આત્મા ભણી જાય તો લાભ જ થાય. ભારે ખાધું હોય તો પચાવવા મહેનત કરવી પડે. આ (આયંબિલનું ભોજન) તો વહેલું ઠેકાણે પડી જાય. લોલુપતા છે એ જીવને નીચે લઈ જાય છે, અધોગતિ થાય છે.

કુમારપાળ રાજાને ઘેબર ખાતાં, 'માંસનો આવો સ્વાદ આવતો' એમ વિચાર આવ્યો. પછી હેમચંદ્રાચાર્યને પૂછ્યું કે મને એવો વિચાર આવ્યો. ગુરુએ કહ્યું કે આખી જિંદગી તમારે ઘેબર ન ખાવું. કહેવાનું કે તેમના ભાવ ફેરવી નાંખ્યા, એથી છોડાવ્યો.

'દેહની જેટલી કાળજી રાખે છે, તેથી અનંતગણી કાળજી આત્માની રાખવાની છે,' એમ પરમકૃપાળુદેવે કહ્યું છે, પણ એના ચિત્તમાં દેહ પેસી ગયો છે. દેહના જ બધા વિચારો આવે છે. એ ઓછું થાય, એનાથી નવરો પડે તો વિચાર આવે. નવરાશ લાવ, જરા નવરાશ. નવરાશ લાવે ત્યારે જ્ઞાની કહે ને? આ તો બીજું લઈને બેઠો છે. કેવી જોગવાઈ! મનુષ્યભવમાં પાંચ ઇન્દ્રિયો, સત્પુરુષનો યોગ અને સત્સાધન મળ્યું છે. તો ખામી શાની છે? પુરુષાર્થની ખામી છે. પ્રમાદ કાઢે તો ઘણું કામ થાય.

કૃપાળુદેવે આખા દિવસમાં કેમ વર્તવું તેના ભાગ પાડ્યા છે— ૧ પ્રહર ભક્તિકર્ત્તવ્ય, ૧ પ્રહર ધર્મ કર્ત્તવ્ય, ૧ પ્રહર આહારપ્રયોજન, ૧ પ્રહર વિદ્યાપ્રયોજન, ૨ પ્રહર નિદ્રા, ૨ પ્રહર સંસારપ્રયોજન. 'પુષ્પમાળા'માં હિત થાય એવું કહ્યું છે. એને પૂછવા જવું ન પડે. કૃપાળુદેવનાં વચન વાંચે તો બધું હાથમાં આવે. વાંચે, વિચારે, છૂટવાનો લક્ષ રાખે તો કામ થાય. સાંભળ સાંભળ કરવાથી જીવ ઢીલો પડી જાય છે. આ તો મેં સાંભળ્યું છે, પણ કોઈ નવો જીવ આવે તેને લાગે કે આ તો કાંઈ જુદું જ કહે છે; એવું તો મેં કોઈ દિવસ સાંભળ્યું નથી. પત્ર મોઢે કર્યા હોય તે વિચારવાં. બોલતાં બોલતાં વિચાર જાગે એવું કરવું, તો આનંદ આવે, એ વધારે કામ કરે છે. થોડો પણ વિચાર કરવો. દુર્લભ વસ્તુઓ છે. જ્ઞાનીના વચનોનો વિચાર થાય તો કમાણી કરતાં વધારે આનંદ આવે. કેટલા અનુભવનો સાર બધા પત્રોમાં કહી ગયા છે! બધું હિતકારી છે. અવકાશ હોય તો જીવે વીશ દોહરા, યમનિયમ, ક્ષમાપના, બાર ભાવના કે છ પદ ગમે તે વિચારવામાં રહેવાનું છે. જીવને બંધવૃત્તિઓ રોકવામાં રસ આવતો નથી.

જ્ઞાનીપુરુષનો બોધ સાંભળવો, વિચાર કરવો અને સત્સંગ કરવો. વ્રત લેવાનું નથી કહેવું, ભણવાનુંય નથી કહેવું. આ તો સહેલું કહેવું છે. સત્સંગ કરે, બોધ સાંભળે અને વિચારે તો પરને પોતાનું ન માને. મોહને મંદ કરીને આવ એમ જ્ઞાનીનું કહેવું છે. આ તો મોહ વધારીને આવે છે. જેને કંઈ આત્માની ગરજ જાગી છે અને શોધ કરતો હોય તેને જ્ઞાની કહે તે પકડાઈ જાય. ગરજ ન હોય તો શું થાય? કર્મને લઈને બધું ચિત્રવિચિત્ર દેખાય છે.

૧૨૭ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો સુદ ૮, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–દેખાય છે તે માનવાનું નથી, આત્મા માનવાનો છે. દૃષ્ટિ ફેરવવાની છે. જાણવા યોગ્ય તો આત્મા છે. દેખાય છે તે તો કર્મ છે. આત્મા દેખાય નહીં. સત્પુરુષ અને સત્પુરુષની વાણી બન્ને જીવને હિતકારી છે. પોતાનેય જાણે અને પરનેય જાણે એવો સ્વપરપ્રકાશક આત્મા છે.

"પ્રથમ પદ–'આત્મા છે.' જેમ ઘટપટ આદિ પદાર્થો છે, તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટપટ આદિ હોવાનું પ્રમાણ છે; તેમ સ્વપરપ્રકાશક એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે." (૪૯૩) દેહાદિથી આત્મા ભિન્ન છે. જેવું છે તેવા દ્રવ્યની વાત કરે, તે જ લક્ષ રાખીને સાંભળે તો જુદું છે તે જુદું લાગે.

મુમુક્ષુ–બંધનથી કેમ મુકાય?

પૂજ્યશ્રી–સમકિતની વાત છે. એ આવે તો પછી બંધનથી મુક્ત થવાય. નિર્જરા થાય એવું કરવું. મુકાય એવું કરવું. રાગ, દ્વેષ અને અજ્ઞાન એ સંસારનું કારણ છે, માટે સમકિત કરવાનું કહે છે. એ આવે તો પ્રભુશ્રીજી કહેતા કે– 'ચાંલ્લો થયો.' પછી મોક્ષે જાય. ભક્તિ કરો કે ગમે તે કરો, પણ સમકિત માટે. જગતના રૂડા કહેવાથી રૂડા થઈ જવાય નહીં અને ભૂંડા કહેવાથી ભૂંડા ન થાય. જેવા ભાવ થાય તેવું થાય. જગતને રૂડું દેખાડવા ઘણું કર્યું છે. બંધન થાય તે ન કરવું, છુટાય તે કરવું. બધાના ભાવ સરખા રહેતા નથી. પરગામ જાય ત્યારે સૌ પોતપોતાના પોટકાં બાંધીને જાય. લાડવા બાંધ્યા હોય તો લાડવા ખાય અને ઢેબરાં બાંધ્યાં હોય તો ઢેબરાં ખાય. તેમ જેવાં કર્મ બાંધ્યાં હોય તે પ્રમાણે ફળ મળે છે.

(ઉપર) ૧૨૮ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો સુદ ૯, સં.૨૦૦૮

મુમુક્ષુ–સ્તવનમાં આવે છે કે

**"બંધના હેતુ જે છે પાપસ્થાન જો;**
**તે તુજ ભગતે પામ્યા પુષ્ટ પ્રશસ્તતા રે લો."** (દે૦ ગતચોવીશી–૧૬)

એટલે શું?

પૂજ્યશ્રી–ભગવાનની ભક્તિ જેના હૃદયમાં છે તેને પાપ પણ પુણ્યરૂપ થાય છે એટલે પ્રશસ્તતાને પામે છે. જૂઠું બોલીએ તે પાપ છે. જેમ કોઈ શિકારી પૂછે કે આ બાજુ થઈને હરણ ગયાં છે તે કઈ બાજુ ગયાં છે? તો પેલો પુરુષ કહે કે આ બાજુ ગયાં છે.આ બાજુ ન ગયાં હોય છતાં કહે, પણ એનો લક્ષ અહિંસાનો છે તેથી જૂઠ નથી. લક્ષ બીજો હોવાથી પાપ પણ પુણ્યરૂપ થાય છે. ભગવાન પ્રત્યે પ્રેમ છે તેને પાપ પણ સવળું થાય. કોઈ ફૂલ તોડતો હોય પણ એને

ભક્તિ કરવી છે, તેથી પાપ પણ પ્રશસ્ત થાય છે. જેની ભગવાન પ્રત્યે વૃત્તિ છે તેનું સઘળું સવળું થાય છે. જેનો ભાવ ફરી ગયો તેનું બધું સવળું થાય છે. તે જે કરે છે તે જાણીને કરે છે, સારું કરે છે. પ્રભુશ્રીજીનું ઉદય પ્રમાણે વર્તન હતું. ઘણાં પૂછે પણ ઉદય ન હોય તો ન બોલે.

આવો જોગ મળ્યા છતાં આમ કરું, તેમ કરું, કરે છે. મોક્ષનો માર્ગ ગમવો બહુ દુર્લભ છે. મિથ્યાત્વ મંદ થાય ત્યારે કંઈક ગમે. ઘણો સત્સંગ હોય તો ધર્મની ગરજ જાગે. ગમે તે રીતે જાગવું જોઈએ. પોતે જાગવો જોઈએ. મારે આ કરવું છે એમ જો હૃદયમાં થાય તો થાય. સારાં નિમિત્ત રાખવાં. ઘણાં વિઘ્નો આડાં આવે છે. જેને નિવૃત્તિ હોય તેને યોગ ન હોય, જેને યોગ હોય તેને નિવૃત્તિ ન હોય કે યોગ્યતા ન હોય. નિવૃત્તિ હોય અને યોગ હોય તો ગૌતમસ્વામી જેવું થઈ જાય. ભગવાનથી લડવા આવતાં પહેલાં ગણધરની લબ્ધિ પ્રાપ્ત કરી આવ્યા હતા, તેથી જેમ પારસને લોઢું અડે તો સોનું થાય, તેમ આ થયું. જ્ઞાનીનાં વચનો કાનમાં પડે, રુચે તો જાગે. આ વચનો મારે માટે કહે છે, હું ઊંઘું છું, મને જાગ્રત કરવા કહે છે, એમ થાય તો જાગવાનું થાય.

વાસુદેવને તીર્થંકરનો યોગ થાય અને પછી નરકમાં જાય, ત્યાં પસ્તાય કે મને તીર્થંકરનો યોગ થયો છતાં મેં કંઈ કર્યું નહીં. પસ્તાવાથી જીવને જાતિસ્મરણ થઈ જાય. દુઃખ દેખે ત્યારે જીવને પ્રત્યક્ષ ખબર પડે કે મારી માન્યતાનું ફળ ખોટું છે. જ્ઞાનીના કહેલાનું ફળ સારું છે. દિગંબરમાં કેટલાક માને છે કે ક્ષાયિક સમકિત હોય છતાં નરકગતિ બંધાઈ હોય તો પહેલી નરકે જાય, કેટલાક ત્રીજી નરકે જઈ શકે એમ માને છે. તીર્થંકર નામકર્મ બાંધ્યું હોય તો ક્ષાયિક સમકિત હોય જ એમ નથી, ક્ષયોપશમ સમકિત પણ હોય. શ્રીકૃષ્ણ ત્રીજી નરકમાંથી નીકળશે અને મનુષ્યભવમાં કોઈ યોગ ન મળ્યા છતાં ક્ષાયિક સમકિત પામશે. તીર્થંકર ક્ષાયિક સમકિત સહિત જ જન્મે, એમ કંઈ નક્કી નથી. ક્ષાયિક પછી પણ થાય. એકાંતે ભગવાને કશું કહ્યું નથી. અપવાદ હોય છે તેની જીવોને ખબર નથી. કશાયનો આગ્રહ રાખવા જેવો નથી. ભગવાન કહે તે સાચું, કારણકે શાસ્ત્રો સમુદ્ર જેવાં છે. કંઈ ખબર પડે એવું નથી. 'હું કંઈ જાણતો નથી' એમ રાખવું.

પ્રભુશ્રીજી કહેતા કે રિદ્ધિસિદ્ધિને તો લાત મારીને કાઢી મૂકી છે. રોગ જેવી જાણતા હતા. ગાંડા જેવા ફરતા. ઘણી વખત હું આણંદથી પ્રભુશ્રીજીને પ્રશ્નો પૂછવા માટે આવતો, પણ પછી સેવામાં લાગતો કે બધું ભૂલી જવાતું. વિકલ્પો શાંત થતા. ત્યાં બેસતા ત્યારે કશું જોઈતું નથી એમ થતું. બધું જગત ભૂલી જવાતું. મહાપુરુષના યોગે જીવને વગર ઉપદેશે શાંતિ પ્રાપ્ત થાય છે. કંઈ કહે નહીં, કરે નહીં તોય. પ્રભુશ્રીજી સ્ટેશને જતા ત્યાં લોકો મિઠાઈ ખાઈને પેપર અને તેને વીંટાળેલા દોરા નાંખે તે પ્રભુશ્રીજી લઈ આવતા. પછી બેઠા બેઠા દોરાની આંટી કાઢે અને વીંટાળે. અમે કહેતા કે અમને આપો, અમે વીંટાળીએ. ત્યારે કહે કે ના, તમારાથી ન થાય. બહુ અભ્યાસ થઈ ગયો હતો. હું આણંદથી અહીં આવતો ત્યારે એક [1]કિસ્તકર કરીને હતો. તે પણ એક દિવસે અહીં પ્રભુશ્રીજી પાસે આવેલો. જતી વખતે તેણે કહ્યું કે આવા મહાત્મા તો મેં કોઈ ઠેકાણે નથી દીઠા. બિલકુલ શમાઈ ગયેલા છે, ઠરી ગયેલા છે.

આત્મા જ પરમાનંદરૂપ છે. બીજી વસ્તુઓમાં આનંદ ન આવે. આત્મા જોવાનો છે. કર્મ છે

---

૧. કિસ્ત=મહેસૂલ

તેને જુએ છે. એનું જોવાનું રાગ-દ્વેષ સહિત હોય છે, તે મૂકી આત્મા જુએ તો ધર્મ છે.

વિકથા અને ધર્મકથામાં ફેર છે. સમકિતની પાછળ પડે ત્યારે કામ થાય. મોહના પડખામાં જાય ત્યાં ભૂલી જાય. પરમાત્મા બંધાવાના કામીને છોડતા નથી. છોકરાને નવરાવી ધૂળમાં બેસાડે તો મેલો થાય. તેમ અહીં સાંભળે અને ઘેર જાય ત્યારે 'મારું મારું' કરે. ''બાલ ધૂલિ ઘર લીલા સરખી'' જેવું છે. આપણે શું કરવું? તો કે આત્મભાવના. કાયાથી કંઈ ચેષ્ટા ન કર, વચનથી કંઈ ઉચ્ચાર ન કર, મનથી કંઈ ચિંતવન ન કર, એથી સ્થિર થવાય. આત્મા આત્મામાં રહે એ જ પરમ ધ્યાન છે.

૧૨૯ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો સુદ ૧૦, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–કંઈક વાંચવું, કંઈક વિચારવું અને કંઈક ગોખવું. પ્રમાદમાં વખત ન જાય એ સાચવવું. જે કંઈ કરવાનું છે તેનો અભ્યાસ થાય એટલા માટે પુસ્તકો વાંચવાનાં છે. જાણેલું હોય, અભ્યાસ થયેલો હોય તો ટકી રહે, એમાં વૃત્તિ રોકાય. નહીં તો જીવને કર્મના ઉદય વખતે કશી સંભાળ ન રહે. ઘણા અભ્યાસની જરૂર છે. 'પરમાત્મપ્રકાશ'માં પણ એ જ વારંવાર કહ્યું છે.

જીવને નવરો રાખવો નથી. કંઈક કંઈક કામ સોંપવું. પ્રમાદમાં જીવને રતિ છે. પ્રમાદ જીવને સારો લાગે છે, મીઠો લાગે છે; ઊભો હોય તો બેસવાનું મન થાય. પ્રમાદમાં રતિ છે તે કાઢવાની છે. સહનશીલતા વધે એ કર્ત્તવ્ય છે. જીવને દેહ મળ્યો, તેમાં ઇન્દ્રિયો મળી તેથી તે વસ્તુઓને જાણે છે, દેખે છે, તેમાં રાગ-દ્વેષ કરે છે. તેથી કર્મ બંધાય, તેથી નવો દેહ મળે તેમાં ઇન્દ્રિયો મળે. વળી પાછો વિષયમાં પ્રવર્તે ત્યારે ફરી રાગ દ્વેષ કરી કર્મ બાંધે, તેથી ફરી દેહ મળે. એમ અનાદિકાળથી થતું આવ્યું છે. છૂટવાનો રસ્તો એ છે કે રાગદ્વેષ મંદ કરવા. રાગદ્વેષ ગયા વિના છૂટકો નથી. અજ્ઞાનથી જીવ લુંટાય છે. મિથ્યાત્વ સહિતનું જ્ઞાન તે અજ્ઞાન. એ જ્ઞાનના નિર્ણય બધા ઊંધા હોય છે. મિથ્યાત્વ દશામાં જે જાણે છે તે બધું અજ્ઞાન છે.

**''રાગ, દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ''**

અજ્ઞાન અને રાગદ્વેષ થયા કરે છે અને તે હિતકારી લાગે છે. માન કરતો હોય, મોહ કરતો હોય તો સારું કરું છું એમ લાગે. મિથ્યાત્વ મંદ હોય ત્યારે સારાને સારું અને ખોટાને ખોટું માને છે. વિવેકજ્ઞાન કે ભેદજ્ઞાન આવે તો અજ્ઞાન જાય, સમ્યક્ત્વ થાય. જ્ઞાનીપુરુષોનાં વચનોનો પરિચય થઈ જાય એવું કરવું. જ્ઞાની કેમ વર્તે છે? તે લક્ષ રાખવો. જ્ઞાનીએ જેને હિતકારી માન્યું છે તેને હિતકારી માનવું. તો સારું થાય. જીવ સારું જાણીને કરે અને તેનું ફળ કર્મ આવે એ ભુલવણી કાઢવાની છે.

'મોક્ષમાળા' આખી વાંચવા જેવી છે. એક પાઠ પાંચ-સાત વખત વાંચી એમાં શું કહ્યું તે લક્ષ રાખવો, પછી વિચારવું કે આ પાઠમાં શું આવ્યું? એમાં હેય શું છે? જ્ઞેય શું છે? ઉપાદેય શું છે? એમ આખી 'મોક્ષમાળા' વાંચી જવી. ભાવના રાખવી કે આટલું પૂરતું નથી. પૈસા વધારે મળે એવી ઇચ્છા રહે છે ને? તેમ માત્ર માળા ફેરવવાથી સંતોષ ન માનવો. કંઈક વાંચવાની, ગોખવાની, વિચારવાની, સ્મરણ કરવાની કોશિશ કરવાની છે. પછી વૃદ્ધાવસ્થામાં ન થાય. આ પરભવમાં સાથે આવે એવું છે. વાંચીએ ત્યારે એમાં શું કહ્યું છે, એ લક્ષ રાખવો. કંઈક કંઈક નવું

શીખવું. ફરતું ફરતું વાંચવાનું હોય ત્યારે જીવને રસ આવે. જોકે એકનું એક પુસ્તક વધારે વંચાય તો વધારે લાભ થાય, પણ જીવને ધીરજ નથી રહેતી. નહીં તો ઘણો લાભ છે. પ્રભુશ્રીજી ઉપર ‘છ પદ’નો પત્ર આવ્યો ત્યારે કૃપાળુદેવે મોઢે કરવાનું કહેલું તેથી મોઢે કર્યો. છ પદ સુધી મોઢે કર્યો. પછી કૃપાળુદેવ મળ્યા ત્યારે પૂછ્યું કે ‘છ પદ’નો પત્ર મોઢે કર્યો? પ્રભુશ્રીજીએ કહ્યું—છ પદ સુધી કર્યો છે. કૃપાળુદેવે આખોય મોઢે કરવા કહ્યું. છ પદની પાછળ ઘણી વસ્તુ સારી છે, અગાધ અર્થ છે. જ્ઞાનીનાં વચનમાં ઊંડો ઊતરે તો બધાં શાસ્ત્રો સમજાય. એ છ પદ છ દર્શનનો સાર છે. એ વિચારે તો કોઈ દર્શનનો આગ્રહ ન રહે. આત્મા છે એમ થાય તો પછી વેદાંત, વૈષ્ણવ કંઈ ન રહે. આત્માને માને તો સમકિત થાય. આત્મામાં કેવળજ્ઞાન, આત્મામાં મોક્ષ, બધું આત્મામાં છે.

મુમુક્ષુ—રુચિ વગર ચિત્ત ઠરતું નથી.

પૂજ્યશ્રી—પુદ્ગલમાં જ્યાં સુધી આનંદ માને છે ત્યાં સુધી એને આત્મામાં રુચિ જાગતી નથી. જુએ, સાંભળે, સૂંઘે તેમાં આનંદ આવે છે. કંઈક ઊંડો ઊતરે તો લાગે કે અનાદિકાળથી આ કરું છું, તેનાથી રસ્તો કોઈ જુદો હોવો જોઈએ.

**“ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન”**

ત્યાગ-વૈરાગ્યની ભાવના ન હોય ત્યાં સુધી આત્મરુચિ કે આત્મજ્ઞાન ન થાય. જો વસ્તુ જાણે તો તેની કિંમત થાય કે બીજાની અપેક્ષાએ આ કેટલી કિંમતી છે! કિંમત લાગે ત્યારે રુચિ જાગે. કિંમત ન લાગે ત્યાં સુધી રુચિ ન જાગે. ભગવાનનાં વચનોથી વિરુદ્ધ વર્તે તે કુગુરુ છે. જેને તરવું હોય તે સદ્ગુરુને શોધે. જે સદ્ગુરુને શોધવા નીકળે તેને આ શિખામણ છે. કુળમાર્ગે ચાલે છે તે મૂકી મૂળમાર્ગમાં આવવાનું છે. દેવ, ગુરુ, ધર્મ તો બધા ધર્મમાં હોય છે.હવે સદ્ગુરુ શોધવાના છે. વાત છે માન્યાની. દેખાય એને માને અને અરૂપીને માને નહીં.

૧૩૦ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો સુદ ૧૨, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—આત્માને માટે કરવું છે, એ લક્ષ ન ચૂકવો. કૃપાળુદેવનાં વચનો સમજાય એટલા માટે સંસ્કૃત શીખવાનું છે. વિસ્તાર કરતાં શીખવા માટે બધો પુરુષાર્થ છે. જીવને અવકાશ હોય તો ‘આત્મસિદ્ધિ’નો દિવસ બહુ ઉત્સાહનો છે. ‘આત્મસિદ્ધિ’ એ દિવસે[1] લખી હતી. ‘આત્મસિદ્ધિ’નો વધારે વિચાર કરવા માટે બધી યોજના છે. સત્સંગે રંગ લાગે કે આ મારે કામનું છે. પૈસા વગેરે તો પુણ્યથી મળે, પણ ધર્મ તો કર્યા વગર થાય જ નહીં. પુરુષાર્થ કરે તો જ થાય. પુણ્ય પ્રમાણે થવાનું છે તેમાં જીવ વધારે કાળ ગાળે છે અને જે કર્યા વિના પડ્યું રહેવાનું છે તે કરતો નથી. જ્યાં સુધી જીવને વાત બેસે નહીં ત્યાં સુધી વારંવાર વાંચવું, વિચારવું. મનુષ્યભવ મળ્યો છે તે કોઈ સારા કામમાં વાપરે તો સારું થાય, નહીં તો એમનો એમ જતો રહે. જેમ વાપરવો હોય તેમ વપરાય. કંઈક સારું વાંચવાનું, વિચારવાનું હોય તો સારા ભાવ રહે. પુરુષાર્થ કરી સારી વસ્તુ ઉત્તમ મનાય એવું કરવાનું છે. મહાપુરુષોએ આ જગતની બધી વસ્તુઓ તપાસી સારરૂપ એક આત્મા કાઢ્યો.

---

૧. આસો વદ ૧, સં.૧૯૫૨

"આત્માથી સૌ હીન"

આત્માથી કોઈ ચઢિયાતી વસ્તુ નથી. ત્રણ જગતના સારરૂપ આત્મા છે. તેને ઓળખવો. બીજાં કામ તો કરવાં પડે તેમ કરવાં, પણ ધર્મનું કામ તો ઉલ્લાસપૂર્વક કરવાનું છે. ભક્તિમાં ઉલ્લાસ ન રહે તો અબહુમાન દોષ થાય. પરિગ્રહ છોડે ત્યારે કલ્યાણ થાય એમ કહ્યું છે. તેના બદલે પરિગ્રહ વધાર વધાર કરે તો પરિગ્રહાનંદી રૌદ્રધ્યાન થાય. પરિગ્રહથી નરકાયુ બંધાય છે. કર્મને લઈને આ શરીરરૂપી કેદખાનામાં પુરાયો છે, તેમાં આનંદ માને છે. કેદખાનું છે, જેમ છે તેમ જાણવું. ચક્રવર્તી જેવાએ રાજ્ય છોડી આત્મકલ્યાણ માટે વનવાસ સેવ્યો છે. સંસારરુચિ છૂટી, મોક્ષરુચિ થાય તેમ કરવાનું છે. જે કંઈ થાય તે આત્માર્થે કરવું. જગત બધું અસાર છે. અનંતકાળથી રખડે છે, પણ આત્માનો એક પ્રદેશ પણ વધ્યો નથી કે ઘટ્યો નથી. નરકમાં ગયો તો પણ એક પ્રદેશમાત્ર ઘટ્યો નહીં.

મોક્ષના પુરુષાર્થ માટે મનુષ્યભવ છે. મનુષ્યભવમાં સત્સંગ છે; તેમાં સત્સંગની મહત્તા લાગે એ રુચિ પલટાવાનું કારણ છે. હું મનુષ્યભવમાં શા માટે આવ્યો છું? ખાવા ને કમાવા? એમ પોતાના આત્માને પૂછવું. સત્સંગે રંગ લાગ્યો હોય તો ગાડીમાં હોય કે ગમે ત્યાં હોય તોય ભુલાય નહીં. કંઈક વાંચવા-વિચારવાનું રાખવું. મનુષ્યભવ પામી છેતરાવું નથી, એટલું રાખવું. કષાય, પ્રમાદ, પાંચ ઇન્દ્રિયના વિષયો એ મનુષ્યભવ લૂંટી ન જાય. જેટલી અન્યાયની પ્રવૃત્તિ છે, તેટલો આપણો મનુષ્યભવ લૂંટાય છે. નકામી ચિંતા કરે છે. 'હું દેહ નથી' એમ થાય તેને બધું દુઃખ મટી ગયું છે. બધું માહાત્મ્ય જ્ઞાનીપુરુષનું છે. માર્ગ સાચો એ કે દેહથી ભિન્ન આત્મા છે.

૧૩૧ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો સુદ ૧૩, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–જેવું અન્ન તેવું મન થાય. તેથી મુનિને આહાર શુદ્ધ લેવાનું કહ્યું છે.

પ્રત્યક્ષ પુરુષ મળ્યા છે, તેમનું કહેલું માને તો કલ્યાણ થાય. મને મળ્યા નથી, પણ જેને મળ્યા છે તેનું કહેલું માને તોય કલ્યાણ થાય.

૧૩૨ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો સુદ ૧૫, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–'વચનામૃત' છે તે 'ભગવતીસૂત્ર' કરતાં પણ વધારે, સિદ્ધાન્તના સાર જેવું છે, પણ ચેતતો નથી. કોઈને કૃપાળુદેવનો એક પત્ર મળતો, કોઈને બે પત્ર મળતા, પણ આપણને તો આખું 'વચનામૃત' મળ્યા છતાં ચેતાતું નથી. કળિકાળમાં પ્રગટ જ્ઞાનીનો આ બોધ છે, તે પીએ તો તરસ છીપે. સત્સંગનો આ કાળમાં દુષ્કાળ પડ્યો છે. પહેલાં જેવી ભાવના કરી તે મળ્યું છે. અત્યારે ભાવના સારી કરે તો સારું થાય. ત્યાગે તેની આગે આવે છે. ભૂલો પડ્યો છે તે સવળું કરવાનું છે. જાગ્યા ત્યારથી સવાર. છેવટે જવાનું છે, તો મૂકી દે.

૧૩૩ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો વદ ૨, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–કંઈક સમજણ વધે, વિચારદશા વધે તે માટે આ સંસ્કૃત શીખવાનું છે. મમતા છોડવા બધું કરવાનું છે. પુસ્તક વગેરે મમતા છોડવા રાખવું. પુસ્તક ઉપર નામ પણ ન લખવું. આપણું શું છે જગતમાં? ગાડીમાં પણ સ્મરણ, ભક્તિ કરીએ. ગાડીમાં શ્વાસોચ્છ્વાસ લે છે, ખાય

છે, તો ભક્તિ શા માટે ન કરીએ? કરવી. જેમ બને તેમ સત્પુરુષના વચનનું માહાત્મ્ય રાખવું. ઘણી ઊંચી દશા પામીને આ (પત્રશતક) પુસ્તક લખેલું છે. સંસારથી જેને તરવું છે તેણે સંસાર વધવાનાં કારણો ન સેવવાં. એમ કરે તો કદી છૂટે નહીં. જન્મમરણ થયા જ કરે. બળ્યો આ સંસાર. આ ભવ નકામો ન જાય. કેટલીય વાર જન્મ્યા, મોટા થયા. ગર્ભાવાસનાં દુઃખ કેવાં છે! કૃપાળુદેવે લખ્યું છે કે નાના બાળકને રોમે રોમે લાલચોળ સુયા ઘોંચવાથી જે દુઃખ થાય છે, તેનાથી આઠ ગણું દુઃખ ગર્ભાવાસમાં છે. તેથી જન્મનું દુઃખ અનંતગણું છે. દુઃખરૂપ સંસાર છે. કેટલાય જન્મે છે, કેટલાય મરે છે, કેટલાય દવાખાનામાં પડ્યા છે. વિચાર કરીને આવા દુઃખરૂપ સંસારથી છૂટી એમાં ફરી જન્મવું ન પડે એવું કરવું.

**"શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?"**

એ વારંવાર વિચારવું. ઊંઘવાથી કે પૈસાથી, શાથી સુખ થાય છે? આવું તો જગતમાં ઘણા કરે છે અને સુખ તો થતું નથી. 'એકાંત સુખી મુનિ વીતરાગ' છે; એકલું સુખ છે. બીજાને તો દુઃખ છે. બીજાનાં સુખ, દુઃખ સાથે ભળે એવાં છે. શરીરથી આપણે ભિન્ન છીએ, તેની અવસ્થાથી આપણે ભિન્ન છીએ, એવું જેને થયું તેને પછી દુઃખ ન થાય. ગજસુકુમારને એવું થયું હતું, કેવળજ્ઞાન પામ્યા અને મોક્ષ થયો. મને સુખ થાય છે, મને દુઃખ થાય છે એ અહંભાવ છોડવાનો છે. જાણવું એમાં દોષ નથી. જ્ઞાતાદ્રષ્ટા રહેવું. અંદર મોહ કરે છે તેથી દુઃખ થાય છે. મોહ છે તે જ્ઞાનને બગાડનાર છે. સમજણ મોટી વસ્તુ છે.

**"સમજ સાર સંસારમેં, સમજુ ટાલે દોષ;**
**સમજ સમજ કરિ જીવ હી, ગયા અનંતા મોક્ષ."** (બૃ.આ.)

કેમ બંધાય છે? કેમ છુટાય છે? એ સમજાય તો છુટાય. કૃપાળુદેવના આખા પુસ્તકના પાને પાના ઉપર સત્સંગ, સત્સંગ છે. એથી જ કલ્યાણ છે. મોટામાં મોટો નિશ્ચય એ કરવો કે સત્સંગ જેવું બીજું કોઈ કલ્યાણનું સાધન નથી. એ ન હોય તો સત્સંગે સાંભળ્યું હોય તેનો વિચાર કરવો, એની જ ભાવના કરવી. યોગ ન હોય તો વચનોનો વિચાર કરવો. પ્રભુશ્રીજીના બોધમાં કેટલી બધી વસ્તુઓ છે. જીવને જાગૃતિ જોઈએ તો સમકિત સુધી લઈ જાય. સત્સંગે સમજણ ફરે અને તે સમજણ એને છોડાવે છે. કેમ છુટાય? કેમ બંધાય? એ સત્સંગે જણાય છે. સંસારમાં આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ દુઃખ છે.

*

(સભામાં)

પૂજ્યશ્રી—ભગવાને જે કહ્યું છે તે બધું સાચું છે. મુનિઓ, શરીર છે તે મડદું છે એમ જાણી વિહાર કરે છે. ભગવાને જે ઉપદેશ કર્યો છે તેનો વિચાર કરવાનો છે. ઊંડા ઊતરવું જોઈએ. પ્રભુશ્રીજીને કૃપાળુદેવે કહ્યું—ઊંડા ઊતરો, મુનિ. ગરજ હશે તો છુટાશે. છૂટવાના કામીને પરમાત્મા પણ બાંધતા નથી. કરોડો પાપ કર્યાં હોય પણ છૂટવાની તૈયારી થઈ તો તેને કોઈ બાંધતું નથી. આત્માના જ્ઞાનને માટે છ પદ જરૂરનાં છે. એમાં શંકા હોય તો જ્ઞાન ન થાય. પછી બીજી

શંકા થાય તો તે આશંકા કહેવાય. મરણ સુધી છપદ ટકાવી રાખવાં મુશ્કેલ છે. કંટાળે ત્યારે લાગે કે કલ્યાણ થવું હોય તો થાઓ; પણ આ દુઃખ તો મટો એમ જીવને થઈ જાય. ચેતી જાય ત્યારે કામ થાય. સાચા પુરુષનાં વચન હવે સાચાં આપણે કરવાનાં છે.

**"ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક"**

મરણ વખતે ભાવ ફેરવી નાંખે. પ્રભુશ્રીજી 'સમાધિમરણ' એમ લખી આપતા. આ બધું ભ્રમ છે, ભ્રાંતિ છે, ખોટું છે, એવો પ્રભુશ્રીજીને વૈરાગ્ય હતો; ત્યારપછી કૃપાળુદેવે કહ્યુંઃ 'મુનિ, આત્મા જુઓ.'

૧૩૪ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો વદ ૩, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–આ મનુષ્યભવ મળ્યો છે તે કાચની શીશીની જેમ ફૂટી જાય એવો છે. આધિ, વ્યાધિ, ઉપાધિ માથે પડ્યાં છે. જે કંઈ ઉદયમાં આવે તે જવા આવે છે. દેહ પણ જવાનો છે. જ્ઞાનીની આજ્ઞાએ વર્તવું. મંત્રમાં ચિત્ત રાખવું. મનુષ્યભવની અમૂલ્ય ક્ષણો છે. કોઈક ક્ષણમાં એને સમકિત થઈ જાય, કોઈક ક્ષણમાં કેવળજ્ઞાન થઈ જાય, કોઈક ક્ષણમાં મોક્ષ થઈ જાય એવી એવી મનુષ્યભવની ક્ષણો છે. એમના એમ પ્રમાદમાં દિવસો જાય છે. પહેલેથી સાચવીને આયુષ્ય ગાળવું. બાળક તે બાળક ન રહે, યુવાન તે યુવાન ન રહે. બધાય કાળની સન્મુખ જાય છે. મનુષ્યભવમાં પ્રમાદ કરવા જેવું નથી. વિચાર કરીને પગલું ભરવું. કૃપાળુદેવ સંમત કરે એવું જ મારે પગલું ભરવું, એમ રાખવું. ધર્મ વગોવાય નહીં એ સાચવવાનું છે. મુમુક્ષુ થયો તો મુમુક્ષુપણું સાચવવું. "માત્ર મોક્ષ અભિલાષ." સંસાર ભોગવવો ને મોક્ષ મેળવવો એ તો ત્રણે કાળમાં ન બને. ઝેર જેવો સંસાર છે. ડરતા રહેવાની જરૂર છે. અનંતભવનું સાટું વળી રહે એવો મનુષ્યભવ, આજ્ઞા, સાચું શરણું મળ્યું, હવે પ્રમાદ કરીએ તો આપણો વાંક. જેટલું જીવવા મળ્યું તે છૂટવા માટે જીવવું. છૂટવાના કામીને પરમાત્મા પણ બાંધતા નથી અને બંધાવાના કામીને પરમાત્મા પણ છોડતા નથી. સારા સંગમાં રહેવું. સત્સંગ કે સત્શાસ્ત્રમાં રહેવું. એ પણ જેટલી ઇન્દ્રિયો વશમાં રાખે તેટલું સફળ થાય છે. જેની ઇન્દ્રિયો રોકાઈ છે, તેને એ સફળ થાય છે. સત્શાસ્ત્ર, બોધ સાંભળવાનો છે.

**"ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન"**

ન છૂટાય તો પણ ભાવના તો એ કે 'મારું' નથી. અનંતભવથી 'હું' ને 'મારું' કરે છે. સારું કરવું હોય તેને સારું સૂઝે. બીજા જીવોને સારા સ્થાનમાં ખોટું સૂઝે. "કર્મ અનંત પ્રકારનાં" એ શાથી જાય? એવી ફિકર મુમુક્ષુને લાગવી જોઈએ. સત્પુરુષનું શરણ એ જ જીવને આધાર છે, આશ્રય છે. સાચું શરણું મળ્યું હોય તો મોક્ષ થાય. આ ભવ છૂટવા માટે મળ્યો છે. લોકો ગમે તેમ કહે પણ મારે છૂટવું છે. ભરતચક્રીને કેટલા પુત્રો હતા! તે બધાને જાતિસ્મરણ થયું તેથી સંસારથી ભય પામ્યા અને બોલે પણ નહીં. લોકો કહે કે બધા ગાંડા છે. પછી ભગવાન પાસે દીક્ષા લીધી અને મોક્ષે ગયા. વધારે ડાહ્યો વધારે લુંટાય. હું કંઈ જાણતો નથી એવું કરવાનું છે. જ્ઞાનીની સામે આ જીવની પાસે શું છે?

**"અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ"**

કૃપાળુદેવે 'મોક્ષમાળા' સોળમા વર્ષમાં લખી. તે મોટા વિદ્વાનોને ચકરાવી નાંખે તેવી છે. 'તત્ત્વાવબોધ'ના પાઠ એવા છે. કૃપાળુદેવે લખ્યું છે કે વીસ લાખ જૈનની વસ્તી છે, તેમાં નવ તત્ત્વને બે હજાર પુરુષો પણ માંડ જાણતા હશે અને વિચાર કરનારા તો બહુ જ થોડા છે. મુનિઓ કેટલાક નવ તત્ત્વને જાણતા નથી, તો સમ્યક્ત્વની તો વાત જ ક્યાંથી? આવી જૈનની દશા થઈ છે. એનો ઉદ્ધાર કરવા કૃપાળુદેવે બીડું ઝડપ્યું. ક્રમે ક્રમે કરી બધું ભૂલી જવું. એક જ્ઞાનીપુરુષ સાચા છે. તેના પગલે પગલે ચાલવું. આ કળિકાળમાં જ્ઞાનીનું શરણ ન રાખે તો ક્યાંય ચઢી જાય. મરતાં સુધી સાચું શરણું મળ્યું છે તે છોડવું નહીં.

(પ્રભુશ્રીજીના બોધના વાંચન પ્રસંગે) ૧૩૫ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો વદ ૪, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—ક્ષણે ક્ષણે બધું પલટાય છે. બાળક તે બાળક ન રહે. આપણે જ્યાં છીએ ત્યાંથી આગળ વધીશું તો બધું સમજાશે.

**"હું-મારું હૃદયેથી ટાળ, પરમારથમાં પિંડ જ ગાળ"** (પ્રીતમ)

'હું, મારું' કાઢી નાંખવું. જાગૃતિ રાખે તો ખસે એવું છે. ક્રોધ, માન, માયા, લોભનું ફળ શું આવે? નરક આવે અને એનો નાશ, અપરિચય કરે તો થાય. જીવ ધારે તે કરી શકે. ક્રોધ આત્માને બાળી નાંખનાર છે. સ્ત્રી, કુટુંબ વગેરેમાં માથું કુટાય એવું છે. ત્યાં શાંતિ ન મળે. જ્યાં સત્પુરુષ હોય ત્યાં કળિકાળ નથી. આ જગ્યા અપૂર્વ છે. તીર્થસ્થાન છે, તરવાનું સ્થાન છે. જીવ ઉદ્યત થાય તો બધું સમજાય. મહાપુરુષો જ્યાં પગલું ભરે ત્યાં તીર્થ છે. ત્યાગ, ત્યાગ ને ત્યાગ એ કહેવું છે. એક વખતે પ્રભુશ્રીજીએ ત્યાગ, ત્યાગ ને ત્યાગ, એમ બંદુક ફૂટે એવો અવાજ કરી કહ્યું હતું. આખરે મોક્ષે જશે ત્યારે કંઈ બૈરી છોકરાં સાથે લઈને જશે? મૂકવું પડશે. મરણ આવે ત્યારે મૂકવું પડે છે. ત્યાગને ભૂલે, મૂકે, ત્યાં સંસાર છે. ચક્રવર્તી જેવા છ ખંડનું રાજ્ય કરતા, પણ દુઃખ લાગ્યું કે આ તો ક્લેશ છે, ખેદકારક છે, ત્યારે છોડીને ચાલી નીકળ્યા; પણ એમ ન વિચાર્યું કે રાજ્ય કોણ કરશે?

ત્યાગ અવસ્થામાં જ્ઞાનીનો યોગ હોય તો વધારે લાભ થાય. સંસારની વાસનાનું નિર્મૂળપણું થઈ જાય, એટલી એમાં યોગ્યતા છે. સારું હોત તો છોડવા ન કહેત, પણ સારું નથી. અજ્ઞાનને લઈને સારું લાગે છે પણ સારું નથી. જેટલી પોતાની શક્તિ હોય તેટલો ત્યાગ કરવો. ત્યાગવાનું કહ્યું તે મોળો મોળો નહીં. મર્મની વાત છે. ત્યાગમાં સુખ છે એ જીવને સમજાયું નથી. ગ્રહણ કરવામાં સુખ માને છે. ત્યાગમાં સુખ છે તેનો મર્મ સમજાયો નથી. ત્યાગ કરે તો સુખ લાગે, પણ ત્યાગનું નામ લેતાં જ એને દુઃખ લાગે છે. ધર્મ નહીં કરે તો લક્ષચોરાશીમાં ભટકવાનું અને ધર્મ કરે તો કર્મ ક્ષય કરે તેવું છે. હસું છું, મશ્કરી કરું છું, એમાં શું? પણ એમ કરતાં કરતાં તો કંઈનું કંઈ થઈ જાય. બહુ સમજવા જેવી વાત છે.

આ (નીરખીને નવયૌવના) પદનો અર્થ બહુ સારો કર્યો છે. પોતાની સમજણ ખોટી છે. ઇન્દ્રિયોમાં સુખ માને તે ઊંધું છે. બંધનું કારણ છે, તે છોડવા કહે છે. દેહ તે હું એમ શાને માને?

ચામડાને માને. પ્રભુશ્રીજી એને ચામડિયો કહેતા. ચામડા જુએ તે ચામડિયો. અજ્ઞાન છે. આત્મા જુએ તો બાઈ, ભાઈ કંઈ ન થાય. બાઈ, ભાઈ જુએ તે અજ્ઞાન છે, કર્મ છે. તે જુએ છે એ અજ્ઞાન છે. આત્મા છે, એ કેટલાય ભવના અભ્યાસે સિદ્ધ થાય છે. આ તો થોડું વાંચે, તો માની બેસે કે બસ મને થયું. આ દેહની સમજણ છે. 'હું દેહ અને બીજા દેહ છે' એમ દેખે, તે ત્યાગે તો સાચી સમજણ છે. આખો સંસાર વિકારને વશ છે તે છોડવા કહ્યું. જ્યાં જ્યાં જીવ રમણતા કરે છે તે છોડી આત્મામાં રમણતા કરવાની છે. તારી સમજણને બાળી નાંખ. પાંચ ઇન્દ્રિયના વિષયો દુઃખરૂપ છે એમ લાગશે ત્યારે વૈરાગ્ય ભણી વળશે. વૈરાગ્ય વિના તો કંઈ પત્તો લાગે એમ નથી. એક વિષયને જીત્યે બધું જીત્યું. મહાપુરુષોએ શરીરને ગૂમડાં જેવું કહ્યું છે. એના પર કપડાં રાખે તે પાટા જેવાં છે. તેને બદલે આ જીવ સારું કપડું લાવે; આ સારું છે, આ સારું નથી, ખોટું છે આ તો; એમ કરે છે. જીવ આખો વિષયમાં ડૂબી રહ્યો છે. વિષયથી દારૂડિયા જેવું થઈ જાય. હું ધ્યાન કરું, જ્ઞાન કરું, પણ બધું ખોટું છે. જ્ઞાનીના યોગે જ્ઞાન ધ્યાન બધું સાચું થાય છે, નહીં તો ધ્યાન કરું છું એમ માને પણ તરંગે ચઢતો હોય. ગાંડું બોલે છે. ચીપી ચીપીને શાસ્ત્રનાં વચન અજ્ઞાની બોલે તે બધું ગાંડપણ છે. સ્ત્રી સાથે વાત કરે તે જીવને મારે છે, પણ આ તો માને કે એમાં શું? આ બહેન, આ ભાઈ એમ બધા પ્રતિબંધ થયા છે, તે બધા નરકે લઈ જનાર છે. તે છોડવા જ્ઞાની કહે છે. એનું બધું ખોટું છે. જ્યાં આત્મા નથી ત્યાં આત્મા કલ્પી લીધો છે. કલ્પનાથી આત્મા દૂર છે. 'હું કંઈ જાણતો નથી' એમ થશે અને પછી જ્ઞાનીનો યોગ થશે ત્યારે કલ્પના જશે. સાચું નથી, તેને સાચું માને છે. હું કંઈ જાણતો નથી, મારે તો જ્ઞાનીની આજ્ઞા આરાધવી છે, એમ થાય તો કલ્પના જાય. જ્ઞાનીનો યોગ થયો તો હવે એ કહે તે મારે માનવું. એ કહે રાત તો રાત. પછી ભલે દિવસ હોય. હું જાણું છું, સમજું છું, એમ કરે તો ક્યાંનો ક્યાંય તણાઈ જાય.

૧૩૬ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો વદ ૫,સં. ૨૦૦૮

પૂજ્યશ્રી—સર્વાર્થસિદ્ધિ દેવલોકમાં બધા એકાવતારી હોય છે. તેની આજુબાજુ ચાર વિમાનો છે. તેમાંનાં દેવો એકાવતારી હોય કે ન પણ હોય, નક્કી નથી. બે અવતાર પણ કરવા પડે.

*

(પ્રભુશ્રીજીના બોધના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—જે શરીરને જીવ પોષે છે તે શરીરને જ્ઞાનીઓ ઝેર કહે છે, કેદખાનું કહે છે, મળમૂત્રની ખાણ કહે છે. કૃપાળુદેવે કહ્યું છે કે— ''પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે, અને માથે મરણ રહ્યું છે; એ વિચારી આજના દિવસમાં પ્રવેશ કર.'' (૨-૩૫) દૃષ્ટિ ફેરવવાની છે. જે દૃષ્ટિ અત્યારે છે તે ઝેર દૃષ્ટિ છે. એ ફેરવે તો જગત આખું એને પરમાત્મા જેવું લાગે. જ્ઞાની કહે તે જ દૃષ્ટિ કરવી છે. એ કર્યા વિના છૂટકો નથી. જીવ પોતાને ગમે તે કરે છે તેને બદલે જ્ઞાનીને સારું લાગે તે કરવાનું છે. સત્સંગ પણ ઘણી વાર થયો છે, પણ ભૂલ રહી ગઈ છે; તે કાઢવાની છે. બ્રહ્મચર્ય લેવું તો બરાબર પાળવું. જેટલો પુરુષાર્થ થાય તેટલો કરવો. મન નિર્બળ થાય તેવા સંયોગો ન મેળવવા. પ્રભુશ્રીજી કહેતા કે અમને એ (બ્રહ્મચર્ય) બહુ પ્રિય છે. વ્રત વૃત્તિ રોકવા માટે

છે. ''લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન'' વૃત્તિને રોકે નહીં તો મતાર્થી થઈ જાય. આત્માર્થ ચૂકી જાય.

સત્સંગ ઘણો કર્યો, પણ બોધ અંદર ઊતર્યો નહીં. એ જો ઊતર્યો હોત તો કામ થાત. સાંભળે, રુચિ કરે, ફરી ફરી ત્યાં વૃત્તિ લાવે, આ મારે કરવું જ છે એમ થાય, તો પછી એની રુચિ પલટાઈ જાય. બોધ સાંભળીને કરવાનું એ છે. આત્મા તો પાસે જ છે, પણ યોગ્યતા વગર શું કહીએ? ઓળખાણ કરાવવાવાળા, આ જીવમાં યોગ્યતા દેખતા નથી. કૃપાળુદેવે કહ્યું છે– ''વિચારની નિર્મળતાએ કરી જો આ જીવ અન્ય પરિચયથી પાછો વળે તો સહજમાં હમણાં જ તેને આત્મજોગ પ્રગટે.'' (૫૬૯) વૈરાગ્ય વગર નિર્મળતા આવે નહીં. સમજણની કચાશ છે. આ જીવને સત્સંગની જરૂર છે અને એ સત્સંગનો અત્યારે દુકાળ છે. મન, વચન, કાયાને ઝેર કહ્યાં છે, તેને જ પાછા આ કાળના સાધુઓ પોષે તો ઝેર છે એમ ક્યાંથી લાગે? આજે વાત સારી થઈ. તમારું કામ થઈ જાય તેવી વાત છે. કોઈએ આત્માની વાત કહી હોય અને ગ્રહણ કરે તો એનું કામ થઈ જાય. શુકદેવજીને ખબર પડી કે શાથી ચોખ્ખા થવાય ત્યારે ચોખ્ખા થયા; નહીં તો નાહી નાહીને આવતા.

ભાલાનો વરસાદ વરસે તોપણ સત્સંગમાંથી ન ખસે ત્યારે કામ થાય. સત્સંગે લાભ છે. સત્સંગ વિના કલ્યાણનું બીજું કોઈ સાધન નથી, એવો મુમુક્ષુએ નિશ્ચય કરવા જેવો છે. કષાયની રમત છે. જગત બધું એમાં જ ખોટી થાય છે. અને સત્સંગે સાંભળવા મળે તે કાનમાંથી થઈને જતું રહે છે, પણ એવું ક્યાંથી મળશે? મરી ગયા પછી એવો સત્સંગ મળશે? સાંભળે છે, પણ ટકતું નથી જીવને. પ્રમાદમાં જીવનો કેટલો બધો વખત ગયો અને જાય છે! પ્રમાદ છૂટશે ત્યારે કામ થશે.

એક પણ શબ્દ પકડાય તો મોક્ષે લઈ જાય. જીવને નિશ્ચય જોઈએ. ભુલકણો જીવ છે. જીવનો સ્વભાવ ગહન છે તે ભૂલી જાય છે. શું કરવાનું છે તેની જ્ઞાની શિખામણ આપે છે તે ભૂલી જાય છે. અહીંથી નીચે ઊતર્યો કે ભૂલી જાય છે.

૧૩૭ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો વદ ૬, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–જીવથી ક્રોધ, માન, માયા, લોભ રોકાતા નથી તેનું કારણ વૃત્તિ બહાર ભટકે છે. વૃત્તિને સૂકવી નાંખવી. માગે તોય ન આપવું. પોતાના દોષ વિચારી ટાળવાના છે. જેના લક્ષમાં ભોગ છે તે સંસારી છે. બધું કરીને મારે આત્મશાંતિ મેળવવી છે એમ જેને હોય તે સાધુ છે. એ ખાતો પીતો હોય તોય ત્યાગી છે અને પેલો કષ્ટ વેઠે તોય સંસારી.

**''ભવતન ભોગ વિરત્ત કદાચિત ચિંતએ,**
**ધન જોબન પિય પુત્ત કલત્ત અનિત્ત એ.''** (જિનેન્દ્ર પંચકલ્યાણક)

ભગવાને ચિંતવ્યું કે ભોગ રોગ જેવા છે. બધાનું ફળ દુઃખ છે. ધન અનિત્ય છે. જુવાની અનિત્ય છે. જોતજોતામાં ઘરડો થઈ જાય. જગત બધું બોજારૂપ છે. જગતને સારું માનીને ખોટું

કરે છે. ઉપરથી સારું લાગે પણ બધે ઝેર ઝેર છે. માત્ર આત્મા એક અમૃત છે. એ ધારે તે કરી શકે. એ જે માગે તે મળે. શાંતિ જોઈતી હોય તો શાંતિ પણ મળે. જગત બધાથી છૂટવું છે. આજથી જ જાણે જન્મ્યા છીએ એવું વિચારી આત્માનું કરવું છે. મોક્ષનો દરવાજો બંધ નથી. પુરુષાર્થ કરે તે જાય.

"સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય"

આહારની ઇચ્છા એ દુઃખ છે. જેમ જેમ ઊંચા દેવલોકમાં જાય તેમ તેમ ઓછું દુઃખ છે. "હૈ ઇચ્છા દુઃખ મૂલ." ઇચ્છા માત્ર દુઃખ જ છે. જેમ જેમ સમજણ વધે તેમ તેમ ઇચ્છા ઓછી થાય. જેમ જેમ ઉપરના દેવલોકમાં જાય તેમ તેમ સંતોષ આવે છે. ઉપરના દેવલોકમાં સ્ત્રીની ઇચ્છા હોતી નથી. જેટલો ત્યાગનો અભ્યાસ આ ભવમાં કર્યો હોય છે ત્યાં તે કાયમ રહે છે. તેથી ઇચ્છા બહુ થતી નથી. મોહનીય કર્મનો ક્ષય થાય ત્યારે ઇચ્છાનો નાશ થાય છે. દશમા ગુણસ્થાનકને અંતે મોહનીય ક્ષય થાય છે. સમકિતીને ઇચ્છાઓ રોકાઈ ગઈ છે. જેમ જેમ સમજણ વધે અને આગળ જાય છે તેમ તેમ ઇચ્છાઓ મંદ પડે છે. જેટલો દેહાધ્યાસ મટે તેટલી ઇચ્છાઓ ઓછી થાય. પરવસ્તુનો આધાર એ જ દુઃખ છે. મુનિઓ જંગલમાં રહે છે. ભૂખ લાગે ત્યારે વિચારે કે કાલે આહાર માટે જઈશું, એમ કરીને ચલાવી લે. પછી બીજે દિવસે જેટલું મોહનીય કર્મ હોય છે તેટલી આહારની ઇચ્છા થાય છે. તેથી આહાર લેવા જાય છે.

દેવલોકના મુગટ, અલંકાર શાશ્વત નથી. બધા પુદ્ગલો વિખરાઈ જાય છે. દેવલોક, ચક્રવર્તીપણું બધું પુણ્યનું ફળ છે. બધું મૂકવાનું છે. કૃષ્ણ, નીલ અને કાપોત એ ત્રણ લેશ્યા જેને હોય તે દેવલોકમાં ન જઈ શકે. કષાયની મંદતા કરી ન હોય તો ત્યાં ન જવાય. કૃષ્ણ લેશ્યાના ઘણા ભેદ છે.

મુમુક્ષુ–ખાય, પીએ, બધું કરે, પણ રાગદ્વેષ ન કરે તો કર્મ બંધાય?

પૂજ્યશ્રી–રાગદ્વેષ ન કરવા એ મોઢાની વાત નથી, મુશ્કેલ છે. ચારે ગતિમાં દુઃખ છે. દેવલોકનું સુખ કંઈ હિસાબમાં નથી. એક વચન પણ સહન કરવું તે ભાલા સહન કરવા જેવું છે. ભાલો સહન કરવો સહેલો છે, પણ વચન સહન કરવું અઘરું છે, મુશ્કેલ છે. જેટલું માહાત્મ્ય લાગે તેટલું અંદર રુચે. આ દેખાય છે તે બધું નહીં. કર્મ જુએ છે, તેને બદલે આત્મા જોવાનું કહે છે. દૃષ્ટિ ફરે તો જ મોહ ઓછો થાય. નહીં તો મોહ ન મરે. ઉપર ઉપરથી જોવું નહીં. ઉપરથી જોવું તે છેતરામણી છે. હું આત્મા છું અને બધાને આત્મદૃષ્ટિએ જોવા.

કૃપાળુદેવના 'વચનામૃત'ના પાને પાના ઉપર સત્સંગ, સત્સંગ છે. સત્સંગના જ વખાણ છે. જેટલું માહાત્મ્ય હોય તેટલું અંદર વસે છે. સત્સંગ જરૂરનો છે. સત્સંગમાં શું આડું આવે છે? સત્સંગ કરે છે, પણ આ મને આડું આવે છે એનું એને ભાન નથી. આ જ મને નડે છે, એમ લાગે તો ખસેડે. સત્સંગે સમજવા જેવું એ જ છે. વિચાર કરે તો ખબર પડે. દોષ દેખાય તો જ દોષ કાઢવાનો પુરુષાર્થ કરે. "જો ઇચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરુષાર્થ" મરતાં સુધી કર્યા કરજો;

ભૂલશો નહીં, એમ પ્રભુશ્રીજી કહેતા. જેથી આત્માનું હિત થાય તેવું જ્ઞાનીના આશ્રયે કરવું છે. સત્પુરુષાર્થ એ જ સમજવાનો છે. "સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં અનંત આગમ રહ્યાં છે." (૧૬૬) જીવ પોતે કરે છે તેને સત્પુરુષાર્થ માને છે. સત્પુરુષાર્થ સમજવો પડશે અને પાછો કરવો પડશે. સત્પુરુષાર્થ કરવો હોય તો એની પાછળ પડવું. આજે કરે અને કાલે પડી મૂકે તો ન થાય. જે જેને વિઘ્ન કરે, તે તેને દેખાય ત્યારે કાઢેને? જીવનું કેટલું બેભાનપણું છે! બાહ્યદૃષ્ટિ છે ત્યાં સુધી ભૂલ છે. આત્મા જ શોધવાનો છે. આ ભવ આત્માના હિતમાં ગાળવો. વારંવાર સત્સંગમાં સાંભળીને વિચારે તો શું આડું આવે છે? તે ખબર પડે.

૧૩૮ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો વદ ૭, સં.૨૦૦૮

પૂજ્યશ્રી– મુખ્યપણે આજ્ઞામાં ધર્મ છે. આજ્ઞાથી સવળું થાય છે, પોતાની ઇચ્છા રોકાય છે.

*

(સભામાં-પ્રભુશ્રીજીના બોધના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–વિભાવ વાંકો છે. ત્યાગ પૂર્વના કર્મથી પણ હોય અને વૈરાગ્ય ન પણ હોય. કોઈ પૂર્વના સંસ્કાર હોય તો વૈરાગ્ય થાય છે.

**"ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય, તે ઊપજવા પૂર્વિત ભાગ્ય;**
**તેમ નહીં તો કંઈ સત્સંગ, તેમ નહીં તો કંઈ દુઃખરંગ."** (૧૦૭)

વૈરાગ્ય હોય તો ત્યાગ આવે. દુઃખગર્ભિત વૈરાગ્ય હોય છે અને મોહગર્ભિત વૈરાગ્ય પણ હોય છે. સત્પુરુષનો યોગ થાય તો કંઈક જ્ઞાનગર્ભિત વૈરાગ્ય થાય છે અને એ થાય તો આત્માની સમજણ થાય છે. સારો સંગ હોય તો સારા ભાવ થાય. સારા ભાવ થાય તો કર્મ પણ માર્ગ આપે અને તેથી સમકિત પણ થાય. કલ્પનાથી કંઈ જીવને લાભ નથી. સત્સંગનું નિમિત્ત ગોઠવ્યું હોય તો થાય. સાંભળવું છે એવી ભાવના કરવી અને અલૌકિક દૃષ્ટિ રાખવી કે મારા અહોભાગ્ય! કે આ મને સાંભળવા મળે છે. એમ ન કરે કે આ તો મેં સાંભળ્યું છે, ઘણું સાંભળ્યું છે. જીવને લૌકિક દૃષ્ટિ જતી નથી. મારે તો એક જ્ઞાનીના વચનનો ખપ છે એવી ભાવના કરવી. વચન ગ્રહણ કરે તો કલ્યાણ થાય. સત્પુરુષાર્થ હોય તો પ્રમાદ રહે નહીં. આડાઅવળા વિકલ્પ તેને ન થાય. મરતાં સુધી પુરુષાર્થ કરવાનો છે. મનુષ્યભવ છે તો ચેતવું. કાગડા-કૂતરાના ભવમાં કંઈ ન થાય. અધિકારીપણું મેળવવું. કોઈક વખતે સત્પુરુષનો યોગ થયો તો અધિકારીપણું આવ્યું નહીં અને કોઈ વખતે અધિકારીપણું આવ્યું તો સત્પુરુષનો યોગ થયો નહીં. એમ અનંતકાળથી થતું આવ્યું છે, માટે બન્ને મેળવીને કામ કરી લેવું. અનધિકારીપણું ટાળ. ભાલુડો (?) ઘસીને પી જા; એ વચનો પી જવાનાં છે એવું સમજાતું નથી. એ જ મોટા વિષ જેવું છે. જીવને સમજાય તો બધું સવળું.

**"સમજ પિછે સબ સરલ હૈ"**

પોતાને શું કરવાનું છે તે સમજાતું નથી. પુરુષાર્થ શું છે તે સમજાતું નથી. 'હું જાણું છું' એ પડી મૂકવું. જ્ઞાનીનાં વચનમાં અગાધ અર્થ છે. સત્પુરુષનાં કયા કયા વચનો લાભકારી છે તેની

ખબર નથી. આવો સત્પુરુષનો યોગ છે, તો હવે ગમે તેમ થાય તો પણ અધિકારીપણું પ્રાપ્ત કરવું. જ્ઞાનીપુરુષને પૈસા ધૂળ લાગે છે. જ્ઞાનીપુરુષની દૃષ્ટિએ રહે તો લાભ છે. એની સમજણમાં ધૂળ પડી. સત્સંગની કેટલી કિંમત છે? તેની ખબર નથી. સમજણ કેટલી બધી જીવની અવળી છે! જીવને મરણ સાંભરતું નથી. મારે માથે મરણ છે એવું સાંભરતું નથી. કેવા ભાવે મરી જઈશું, તેનો ભય લાગતો નથી.

*

(ઉપર)

પૂજ્યશ્રી–સંસારનું સ્વરૂપ અસાર છે. ''જગત જીવ હૈ કર્માધીના.'' અનાદિકાળથી જીવ કર્મને લઈને નાચે છે, પણ એ કર્મનો ક્ષય થઈ શકે છે, એ ધર્મનો મર્મ છે. કૃપાળુદેવ નાના હતા ત્યારે પોતાનો હાથ જોતા. કૃપાળુદેવને સાત સ્ત્રીઓની રેખા હતી, પણ કૃપાળુદેવે નક્કી કર્યું કે એકથી ચલાવીશ. એમ કર્મને માથે મેખ મારનારા એવા પણ હોય છે. જીવ જો બળવાન થાય તો બધું થઈ જાય. જીવને સમજણ હોય તો સહજ છે, ન હોય તો સંસારમાં તણાય. મારે કરવું જ છે એમ વિચારે તો કર્મેય ફરે અને બીજું બધુંય થાય.

આર્દ્રકુમારે કર્મ ભોગવવાનાં હોવા છતાં દીક્ષા લીધી અને પાછા પડ્યા, તોપણ ત્યાંના ત્યાં ન રહ્યા કે લો હવે સંસારી થયા, માટે હવે અહીં જ રહી જઈએ. છોકરો થયો હતો. તેણે બાર આંટા માર્યા, એથી બાર વર્ષ પૂરાં થયાં કે છોડીને જતા રહ્યા. થોડે થોડે પુરુષાર્થ કરે તો બધું થાય. જીવ જાણે તો ત્યાંથી ખસે. પુરુષાર્થ કરે તો બધું થાય.

''ઘણી વાર શારીરિક વેદનાનું બળ વિશેષ વર્તતું હોય છે, ત્યારે ઉપર જે કહ્યો છે તે સમ્યક્પ્રકાર રૂડા જીવોને પણ સ્થિર રહેવો કઠણ થાય છે.'' (૪૬૦) પણ એનો ઉપાય છે.

''તથાપિ હૃદયને વિષે વારંવાર તે વાતનો વિચાર કરતાં, અને આત્માને નિત્ય, અછેદ્ય, અભેદ્ય, જરા, મરણાદિ ધર્મથી રહિત ભાવતાં, વિચારતાં કેટલીક રીતે તે સમ્યક્પ્રકારનો નિશ્ચય આવે છે. મોટા પુરુષોએ અહિયાસેલા એવા ઉપસર્ગ, તથા પરિષહના પ્રસંગોની જીવમાં સ્મૃતિ કરી, તે વિષે તેમનો રહેલો અખંડ નિશ્ચય તે ફરી ફરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય જાણવાથી જીવને તે સમ્યક્પરિણામ ફળીભૂત થાય છે.''(૪૬૦) રૂડા જીવોને પણ સમાધિમરણ કરવું હોય ત્યારે રહેવાય નહીં, પણ વિચાર કરે કે આત્મા નથી મરતો; આત્મા કંઈ મરવાનો નથી. દેહ છૂટી જાય, પણ આત્મા ન મરે. મહાપુરુષોએ એ જ કર્યું છે અને મારે પણ એ જ કરવાનું છે. જીવને ભ્રાંતિ છે, પણ ભ્રાંતિરહિત પુરુષનો યોગ થાય તો ભ્રાંતિ નીકળી જાય. મહાપુરુષો બધા પહેલાં તો ભ્રાંતિવાળા હતા ને? પણ પછી યોગ થયો ત્યારે ભ્રાંતિમાંથી નીકળી ગયા.

[૧]લક્ષ્મણ આગલા ભવમાં એક રાજાના પુત્ર હતા. તેને એક પ્રધાનના છોકરા સાથે મિત્રતા હતી. તે બન્ને બહુ તોફાની હતા. એક દિવસ એક શેઠની છોકરીને જોઈને તેઓના મનમાં એમ થયું કે આ છોકરી સારી છે, માટે આપણે ઉપાડી લાવવી. પ્રધાનના છોકરાએ કહ્યું, લઈ આવીશું.

---

૧. પ્રજ્ઞાવબોધ-૪૨

પછી બીજે દિવસે છોકરીને ઉપાડી લાવ્યા. તે વાતની શેઠને ખબર પડી, ત્યારે રાજા પાસે આવ્યો અને બધી વાત કહી. રાજાએ બન્ને છોકરાઓને ફાંસીનો હુકમ આપ્યો, પણ પ્રધાને વિચાર્યું કે આમ ન થવું જોઈએ. પ્રધાને રાજાને કહ્યું કે હું એક માંગણી કરું છું કે આપ અમને એક રાજા આપો. આપ તો હવે વૃદ્ધ થવા આવ્યા છો, તો પછી રાજ કોણ સંભાળશે? માટે અમને કોઈ એક રાજા આપો. બહુ કહ્યાં છતાં રાજાએ ન માન્યું અને કહ્યું કે આ છોકરાઓને તો મારી જ નાંખો. પ્રધાને કહ્યું કે એ કામ મને સોંપો, હું મારીશ. રાજાએ કહ્યું: ભલે. પ્રધાન બન્ને છોકરાઓને જંગલમાં લઈ ગયો. ત્યાં એક ઝાડ નીચે બન્નેને બેસાડીને એક પર્વત ઉપર ગયો ને તપાસ કરી આવ્યો. છોકરાઓને કહ્યું કે હવે હું તમને સિંહની ઊંડી ગુફામાં લઈ જવાનો છું, માટે મરવા તૈયાર થઈ જાઓ. જે તમારે સંભારવું હોય તે સંભારી લો; ઇષ્ટદેવનું સ્મરણ કરી લો, મરવા તૈયાર થઈ જાઓ; ડરશો નહીં. છોકરા બોલ્યા—આર્યો શાના ડરે? પ્રધાન તે બન્નેને પર્વત ઉપર લઈ ગયો. ત્યાં પર્વત ઉપર ગણધર પધારેલા હતા. ત્યાં જઈને ઉપદેશ સંભળાવ્યો અને બેય છોકરાઓને ગણધરદેવને સોંપી દીધા. ગણધર ભગવાને બન્ને જણને દીક્ષા આપી. પ્રધાન ઘેર આવ્યો. ત્યારે રાજાએ પૂછ્યું કે છોકરાઓને ક્યાં મારી આવ્યો? પ્રધાને કહ્યું—એક ઊંડી ગુફા હતી, તેમાં હું નાંખી આવ્યો છું. આપે કહ્યું તે પ્રમાણે જ કર્યું છે. પછી રાજાને પશ્ચાત્તાપ થવા લાગ્યો. ત્યારે પ્રધાને કહ્યું—સિંહની સમાન આચાર પાળનારાઓને આપ્યા છે અને તેઓ સાધુ થયા છે. રાજાએ કહ્યું—સારું. રાજા પણ પછી વંદન કરવા ગયા.

(સભામાં) ૧૩૯ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો વદ ૮, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—ભગવાનની ભક્તિ એવી છે કે એથી સુખ મળે જ. એને પછી વધારે સંસાર રહે નહીં. સંસારસ્વરૂપ અગાધ છે. સંસારનાં દુઃખોનો પાર નથી. ક્યાં લઈ જાય એનું ઠેકાણું નથી. ભગવાનનું શરણ આવે તો તરવાનો માર્ગ છે. જે કોઈ વીતરાગ છે તેને શરણે મારે રહેવું છે. જે કરશે તે ભોગવશે. કોઈ કોઈનું કશું લે કે દે એમ નથી. સારા નિમિત્તે સારા ભાવ થાય છે. માટે સારા નિમિત્તની જરૂર છે. ખરો કાયોત્સર્ગ એ છે કે—

**"કેવળ કરુણા-મૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;**
**પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ."**

એમ થાય તે. ભગવાન આગળ પોતાનાં પાપ કહે તે ખરો કાયોત્સર્ગ છે. કાઉસગ્ગમાં ભાવ કેવા હોય! ભગવાન પવિત્ર છે, હું પાપી છું. કાયોત્સર્ગ, ગ્રંથ વાંચતાં વાંચતાં બે ઘડી થઈ જાય ત્યારે કરવાનો કહ્યો છે. આત્માને ભૂલ્યો હોય તેને ઠેકાણે લાવવા આ કાયોત્સર્ગ છે. પાપને તો છોડવું જ છે. જ્યાં-ત્યાંથી આત્માને પવિત્ર કરવો છે. દોષ લાગે તે ખંખેરી નાંખવો. નિષ્પાપી ગુરુ હોય તે વંદન યોગ્ય છે. સંસારનો ત્યાગ કરીને જે મુનિ થયા છે તેમને થાય કે શરીરનું થવું હોય તે થાઓ, મારે આત્માને બચાવવો છે. પાંચ ઇન્દ્રિયના વિષયો ઝેર છે એમ લાગતા હોય, જેને જ્ઞાનીના વચનમાં આનંદ આવતો હોય અને જે જ્ઞાનીના વચનો વાંચવામાં, વિચારવામાં,

ગોખવામાં રહેતો હોય તે મુનિ છે. એને મોજશોખમાં આનંદ ન આવે. આત્મામાં જ આનંદ આવે. આવી વસ્તુ સાંભળવા મળે તો મહાભાગ્ય. મહાપુરુષોએ કેટલો વિચાર કરીને આ ગ્રંથ લખ્યો છે! એવું આપણા સાંભળવામાં આવે તો મહાભાગ્ય છે, નહીં તો મનુષ્યભવ એમનો એમ લૂંટાઈ જાય છે. જ્ઞાનથી જીવ પોતાના ભાનમાં આવે એમ છે, આત્માના પરિણામ નિર્મળ થાય છે. દયા ન આવે તેની અધોગતિ થાય. કેવળજ્ઞાનીનાં વચન જેમાં ન હોય તે કુધર્મ છે. પરમાર્થ ભૂલી જવાય, તેથી જે સાધનો છે તેનો લક્ષ ભૂલી જાય છે.

હિંસાના ભાવ આવે તોય નરકે લઈ જાય. તંદુલમસ્ત્ય હોય છે તે હિંસા નથી કરતો છતાં હિંસાના ભાવ હોય છે, તેથી સાતમી નરકે જાય છે. ડરતા રહેવાની જરૂર છે. નહીં તો આવા ભાવ આવે કે નીચે લઈ જાય. સારા ભાવ હોય તેનું અવલંબન લેવું. ''શુદ્ધ ભાવ મુજમાં નથી.'' પણ શુદ્ધભાવ કેવો છે, તે તો સમજવું જોઈએ.

[૧]વસુરાજા અજ શબ્દનો અર્થ બોકડો બોલ્યો હતો. તેનો અર્થ ડાંગર થતો હતો અને તે એણે ગુરુ પાસે સાંભળેલું પણ હતું. છતાં એણે બ્રાહ્મણીના કહેવાથી હિંસક વચનને પોષ્યું. તેથી એક વચન એને નરકે લઈ ગયું. ગુરુનું અવલંબન મૂકી પોતાની કલ્પનાએ અર્થ કર્યો તેથી નરકે ગયો.

કૃપાળુદેવનું એક એક વચન કાઢે તો આત્મા સિવાય કંઈ ન મળે. ''જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે.'' (૯૦૨) મોહ થાય એવાં જે શાસ્ત્રો તે બધાં કુશાસ્ત્રો છે. વૈરાગ્ય થાય એવા ગ્રંથો તે સત્શાસ્ત્ર છે. કેવળજ્ઞાનીના કહેલાં શાસ્ત્રોમાં ભૂલ ન હોય. બીજાના કહેલાં શાસ્ત્રોમાં તો ભૂલ પણ હોય છે.

મુમુક્ષુ—નૈગમનય એટલે શું?

પૂજ્યશ્રી—અમદાવાદ જવા નીકળ્યા, પણ ગાડીમાં હોય અને અમદાવાદ ન પહોંચ્યા હોય, છતાં અમદાવાદ ગયા એમ કહેવું તે નૈગમનય છે.

*

ગમે તેમ બોલ, ગમે તેમ કર, પણ કર્મ કહે છે કે ન છોડું. જેવા ભાવ હશે તેવું થશે. કરેલાં કર્મ ભોગવવાં પડશે, જેમ દેવું આપવું પડે છે તેમ. આત્મા સિવાય જે બધી વાતો કરે તે બધું બંધન છે. ગમે તો મંદિરમાં બેસીને, ગમે તો બહાર બેસીને, કે ગમે ત્યાં આત્માને મૂકીને જે વાત કરે તે બધું બંધન છે. આશ્રમ શું કરે? આશ્રમમાં રહી ખરાબ ભાવ કરે તો નરકે જાય. ખરો આશ્રમ તો પોતાના ભાવ છે. અવળી પ્રવૃત્તિ જ્યાં છે તે બધું જગત છે. મનુષ્યભવ છે ત્યાં સુધી લાગ છે. ધારે તે કરી શકે. અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થઈ જાય એવો લાગ છે. છ ખંડના રાજા ભરત જેવા પણ, 'ભરત ચેત, ભરત ચેત' એમ કહેવરાવવા માટે માણસો રાખતા અને આ તો કંઈ ચેતતો જ નથી. જીવ લક્ષમાં લેતો નથી. જ્ઞાની પોકારી પોકારીને કહે છે, પણ જીવ બહેરો થઈને બેઠો છે. 'ચેતો ચેતો' એમ કહે છે.

કૃપાળુદેવને પ્રભુશ્રીજીએ કોઈ એક પ્રશ્ન પૂછ્યો, ત્યારે કૃપાળુદેવે કહ્યું કે 'મુનિ, અંતરમાં

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પ્રવેશિકા શિક્ષાપાઠ ૩૧ થી ૩૭.

પૂછજો, તો ઉત્તર મળશે.' કૃપાળુદેવની દયા અનંતી છે. "જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે." (૯૦૨) ત્યાંથી ઊઠે તેને આત્મવૃત્તિ થાય છે. આત્મા કેવળજ્ઞાનસ્વરૂપ છે; પણ થોડું સાંભળવા મળ્યું કે લાવો હું જાણી ગયો, મને સમજાયું, એમ ભિખારીની પેઠે જેમ થોડું ખાવાને મળે ત્યારે રાજી થાય છે તેમ આ કરે છે. આત્મા કંઈ જેવો તેવો છે? અનંત રિદ્ધિનો ધણી છે. આ જીવમાંથી કાઢે તો કલ્પના જ નીકળે. સાચી વસ્તુ નીકળે જ નહીં. જગતના પ્રસંગો એવા છે કે ગમે ત્યાં જીવ તણાય છે. જેમ વંટોળિયો આવે ત્યારે તરણાં તણાય છે તેમ.

૧૪૦ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો વદ ૯, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—મનુષ્યભવ છે તેમાં ધારે તે પુરુષાર્થ કરી શકે. જીવ વિશાળ દૃષ્ટિ રાખે તો ગમે ત્યાં જાય; જ્યાં જાય ત્યાં શીખવા મળે. જગતમાં ઘણાં તીર્થ છે પણ સત્સંગ નથી. સત્સંગ એ આત્માને સ્પર્શ કરે છે, એથી ગ્રહણ કરાય છે. જગતમાં જગતની વાત સાંભળે. અહીં વાત સાંભળીએ તે ગ્રહણ કરીએ. આ વાત તો મેં કોઈ દિવસે સાંભળી નથી, એમ અપૂર્વતા લાગે તો મરતાં સુધી સાંભરે. જીવે સામાન્યપણામાં કાઢી નાંખ્યું છે. જ્ઞાનીનાં વચન અપૂર્વ ભાવવાળાં છે, એમ થશે તો ગ્રહણ થશે; નહીં તો કંઈ નહીં. મનુષ્યભવ દુર્લભ છે. તે જેવો તેવો નથી. કોઈ પળ એવી આવે કે એને સમકિત થઈ જાય, કોઈ પળ એવી આવે કે શ્રેણી મંડાય, કોઈ પળ એવી આવે કે એને કેવળજ્ઞાન થઈ જાય, કોઈ પળ એવી આવે કે એનો મોક્ષ થઈ જાય. એવી એવી મનુષ્યભવની ક્ષણો છે, માટે "समयं गोयम मा पमाए" એક સમયનો પણ પ્રમાદ ન કરવો. એ આયુષ્ય પહેલેથી સાચવીને વાપરવું.

ભગવાનના બે ઉપકાર છે. (૧) દર્શન અને (૨) વાણી. પ્રત્યક્ષ ભગવાન હોય તો દર્શન અને વાણી બેય થાય, પણ એ તો નથી. માટે રોજ સત્શાસ્ત્રનું વાંચન કરવું. શું કરવા આવ્યો છું ને શું કર્યું? એટલું રોજ વિચારવું. એ વિચારે તો ચેતવા મળે. કંઈક મારે આત્માનું હિત થાય એવું રોજ કરવું. શ્રીમદ્ રાજચંદ્રની ભાવના એવી છે કે ગચ્છભેદ બધા પડ્યા છે તે એક કરી દેવા. આખો માર્ગ ભાવ ઉપર રહ્યો છે.

**"ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન;**
**ભાવે ભાવના ભાવિયે, ભાવે કેવળજ્ઞાન."**

એ ભાવની ઓળખાણ કરવાની છે. એ સંબંધી વિચાર કરવાનો છે. આત્મભાવના ન જાણે ત્યાં સુધી બીજા ભાવ થવાનાં નિમિત્ત હોય છે. જેવાં નિમિત્ત તેવા ભાવ થઈ જાય છે. માટે સારા નિમિત્તની જરૂર છે. જીવને તરવું હોય તો સત્સંગ જેવું એકે સાધન નથી. આ કાળના જીવો અનારાધક છે, માટે સત્સંગે કંઈક સાંભળવા, પોતાના દોષ જોવા મળે અને જુએ તો ટળે. એ દોષો કેમ જાય એની શોધ કરે. જ્યાં સુધી લક્ષમાં ન આવે ત્યાં સુધી ન જાય. આપણું જીવન કલંકરહિત બનાવવું છે.

જન્મમરણ જન્મમરણ થયા જ કરે છે. સત્સંગ નથી મળ્યો એમ નથી. ચારિત્ર, તપ ન કર્યું

એવું નથી, પણ કંઈક ભૂલ રહી છે; નહીં તો મોક્ષ થાત. એ ભૂલ કાઢવાની છે. કૃપાળુદેવે લખ્યું છે કે મહાવીર ભગવાનને જન્મથી ત્રણ જ્ઞાન હતાં. ત્રીસ વર્ષ તેઓ ઘરમાં રહ્યા. પછી દીક્ષા લઈને વનમાં ચાલી નીકળ્યા. રાતદિવસ ઊંઘ્યાય નહીં. ચેલા કર્યા નહીં. બોલતા નહોતા. તો એ રાતદિવસ શું કરતા હશે? એ જાણવું જોઈએ. એટલી શક્તિ હતી, ત્યાગ હતો, છતાં એટલો પુરુષાર્થ! રાતદિવસ મોહની સાથે લડાઈ કરી. મોહ કેમ જાય એ વિચાર કરી કરી મોહને કાઢ્યો. બધાનું સ્વરૂપ વિચારી એ કેમ જાય એમ વિચાર્યા વિના કેવળજ્ઞાન ન થાય. રાતદિવસ ભગવાન જંપ્યા નહીં. ઉપસર્ગ આવ્યા તેય સહન કર્યા. કાનમાં સળિયા ઠોક્યા તેય બધું સહન કર્યું, પણ મોહ મારી નાંખવો છે એમ એમને હતું. આપણને તો એ સાંભરતુંય નથી. ક્યાં ક્યાં વૃત્તિઓ ફરે છે, કર્મ બંધાય છે, તે બધું જાણવું પડશે. કર્મ છોડવા માટે શીખવાનું છે. માટે કોઈ મહાપુરુષનું અવલંબન લઈ ચેતવાનું છે. એવો લાગ આવ્યો છે માટે ચેતવું. જેટલો સત્સંગમાં, સારી વાત સાંભળવામાં કાળ જાય તે લેખામાં છે. સંસ્કાર પડે તે ઊગી નીકળે. પુરુષાર્થ ઘણો કરવાનો છે અને જીવ ઊંઘે છે. મોક્ષે જવા માટે કેટલું કરવું જોઈએ તે ખ્યાલમાં જ નથી. રસ્તો જ હાથમાં નથી આવ્યો. સંસારમાં જન્મ મરણ કરે છે અને લહેર માને છે, પણ શું થશે? તે ખ્યાલમાં નથી. 'पूछता नर पंडिता'

જિજ્ઞાસા હોય તો માર્ગ હાથમાં આવે, નહીં તો ફરે. પહેલાંના જીવોને સંસ્કાર ચાલતા આવતા. મનુષ્યભવ મોક્ષ અર્થે જ છે એવું તેમના લક્ષમાં રહેતું. ચેતવું એમ લાગતું. હવેના જીવોને જિજ્ઞાસા નથી. પૈસા વગેરે પાઈ પણ સાથે ન આવે. ક્યાં ગામ હતું? ક્યાં જન્મ્યો હતો? કંઈ યાદ ન રહે. જીવ ગૂંચવાઈ ગયો છે. મનુષ્યભવમાંથી શું સાથે લઈ જઈશ? તેનો વિચાર આવતો નથી. એવા વિચારો પોતાને માટે કરવાના છે. લક્ષ રાખીને એક બોલ પણ પકડી લેવો. બધું સાંભળેલું જવા ન દેવું. વધારે ન થાય તો એક વચન પણ પકડી લેવું. આપણને તે વચન યાદ રહે તેવું કરવાનું છે.

*

(સભામાં)

પૂજ્યશ્રી—જીવને મોક્ષની ખબર નથી. મોક્ષ મોક્ષ એમ કહે છે, પણ એની ખબર નથી. નય સાંભળીને પંડિત થવાનું નથી, પણ ભૂલ કાઢવાની છે. પર્યાયાર્થિકનય સાંભળ્યો તો પર્યાયદૃષ્ટિ ઓછી કરવી. આત્મદ્રવ્ય પર લક્ષ થાય તો ''સર્વ જીવ છે સિદ્ધ સમ'' એમ થાય. પર્યાયાર્થિકનય જાણીને પર્યાયદૃષ્ટિ ઓછી કરવાની છે. જ્ઞાનની દૃષ્ટિએ આત્મા છે. પરવસ્તુની અપેક્ષાએ આત્મા નથી. જ્ઞાનાપેક્ષાએ આત્મા અસ્તિત્વરૂપ છે. ભગવાનનો કહેલો રસ્તો નયોનો છે, તે રૂપે આત્માને માને, પછી ભલે આખું જગત કહે કે આત્મા નથી, તોપણ એની શ્રદ્ધા ન ફરે. સદ્ગુરુ વગર ચાલે એવું નથી. એમને એમ નય ચોપડીથી શીખે, તેથી કંઈ ન થાય. સત્પુરુષનો યોગ થાય, આત્મભાવના જાગે, આત્મા નિર્મળ થાય, ત્યારે એ સાધનો કામમાં આવે. આત્માને અને દેહને બન્નેને જુદા તપાસે તો ખબર પડે કે,

**“ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;**
**પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન.”**

આત્માનાં કેવાં લક્ષણો છે? અને દેહનાં કેવાં છે? એ બધાં જાણી શકાય અને બુદ્ધિમાં ઊતરી શકે તેવી ભગવાને વાત કહી છે. કૃપાળુદેવે ‘આત્મસિદ્ધિ’માં બધું ભરી દીધું છે. “કર વિચાર તો પામ” મર્મ બતાવી દીધો છે.

**“છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;**
**નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.”**

જીવ જો શોધે તો એક ગાથામાં મર્મ પણ કહી દીધો છે. વિચારે તો કંઈ શોધવું ન પડે. આત્માનાં લક્ષણ દેહથી જુદાં છે. “દેહ માત્ર સંયોગ છે, વળી જડ રૂપી દૃશ્ય” આત્મા સંયોગી નથી, જડ નથી, રૂપી નથી, દૃશ્ય નથી. ‘તત્ત્વાવબોધ’ના પાઠ સમજવા મુશ્કેલ છે, બધાનો સાર ‘મોક્ષમાળા’ છે, પણ સાર સમજાવો જોઈએ. સાંભળ્યું હોય તો ‘મોક્ષમાળા’ સમજાય, જીવને ગમ પડે. બધી વસ્તુની જરૂર છે. વસ્તુ સમજવી હોય તો બધી વસ્તુની જરૂર પડે.

*

(‘પ્રભુશ્રીજીનો બોધ’ના વાંચન પ્રસંગે)

**પૂજ્યશ્રી**—અલૌકિક ભાવ આવશે ત્યારે કામ થશે. બીજે ગરજ છે. જીવને ડાહ્યા થવાની ગરજ છે. પોતાનું ડહાપણ કાઢી મૂકે તો સમજાય. એક સત્પુરુષની જરૂર છે. જીવે પુરુષાર્થ કરવામાં બાકી નથી રાખ્યું, પણ સત્પુરુષના યોગે સત્પુરુષાર્થ કરાય છે. બધી વાત પુરુષાર્થ ઉપર છે. જીવ ધારે તે કરી શકે. હું સમજ્યો છું, એમ જીવ પોતાને ડાહ્યો માને છે. જ્ઞાની કહે છે કે જીવ સમજ્યો નથી. સંસાર અપેક્ષા છોડીને જ્ઞાની કહે તે અપેક્ષા સાચવવી. જ્ઞાનીની અપેક્ષા કામની છે. સંસાર આપણે રાખવો નથી.

૧૪૧ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો વદ ૧૦, સં.૨૦૦૮

(સવારે શ્રી આનંદઘનજી કૃત શીતલનાથજીના સ્તવનમાં આવ્યું કે “ઇત્યાદિક બહુભંગ ત્રિભંગી, ચમત્કાર ચિત્ત દેતી રે.” ત્યારે પૂજ્યશ્રીએ સ્તવન બોલતાં બંધ રખાવી કહ્યું)

**પૂજ્યશ્રી**—એમાં ચમત્કાર કહ્યો છે તે આપણને કેમ લાગતો નથી? પ્રભુશ્રીજી કહેતા કે અજબ ગજબ છે, ચમત્કાર છે, પણ આપણને તો કંઈ લાગતું નથી. આપણને એવું લાગે તે માટે ભક્તિ કરવાની છે. આનંદઘનજીને આ ભગવાનની ત્રિભંગી સાંભરી આવી અને લાગ્યું કે ભગવાનનાં કેવાં કેવાં વચનો છે! ક્યાંય પણ વિરોધ આવતો નથી. ભગવાને તો ઘણાય ભંગ કહ્યા છે, સપ્તભંગી કહી છે, ત્રિભંગી કહી છે. એમ અનેક પ્રકારના ભંગ કહ્યા છે, પણ આનંદઘનજીને આ ત્રિભંગી સાંભરી આવી. તેથી આ સ્તવન લખ્યું છે.

**પૂજ્યશ્રી** (એક મુમુક્ષુભાઈને ઉદ્દેશીને)—સ્તવનમાં શું કહ્યું છે?

**મુમુક્ષુ**— **“શીતલ જિનપતિ લલિત ત્રિભંગી, વિવિધ ભંગી મન મોહે રે”**

હે શીતલનાથ! આપની જે ત્રિભંગી છે તે લલિત એટલે સુંદર છે.

પૂજ્યશ્રી–ભગવાને અનેક પ્રકારની ભંગીઓ કહી છે. આમાં ત્રિભંગી કેવી છે તે કહે છે.

**"કરુણા કોમલતા તીક્ષણતા, ઉદાસીનતા સોહે રે"**

મુમુક્ષુ–હે ભગવન્! આપનામાં કરુણા, કોમળતા, તીક્ષ્ણતા અને ઉદાસીનતા છે.

પૂજ્યશ્રી–તે કેવી રીતે છે? તે હવે કહે છે–

**"સર્વજંતુ હિતકરણી કરુણા, કર્મવિદારણ તીક્ષણ રે;**
**હાનાદાન રહિત પરિણામી, ઉદાસીનતા વીક્ષણ રે."**

ભગવાનની કરુણા કેવી છે! સર્વ જીવોનું હિત કરવાની ભાવના છે. "સવિ જીવ કરું શાસનરસી" (દે. સ્નાત્ર પૂજા) એવી ભાવના છે. બધા જીવો મોક્ષે જાઓ એવી ભાવના છે, તે કરુણા છે. અને આપ કર્મને પાસે રહેવા દેતા નથી, એ કર્મ પર તીક્ષ્ણતા છે. પ્રભુશ્રીજી કહેતા કે કર્મ આવે છે તે માથું કપાવા જ આવે છે અને કપાય છે. કર્મ માથું ઊંચું કરે કે કાપી જ નાંખવું. એમ ભગવાન કર્મને પાસે રહેવા દેતા નથી અને પાછી બન્નેમાં ઉદાસીનતા છે. આ જીવોનું હિત કરવું કે કર્મ ઉપર તીક્ષ્ણ ભાવ રાખવો એવું પણ તેમને નથી. એ તો સહજ સ્વભાવે થયા જ કરે છે. કરવું છે એવું નથી. હવે ફરીથી બીજી કરુણા કેવી છે, તે કહે છે.

**"પરદુઃખ છેદન ઇચ્છા કરુણા, તીક્ષણ પરદુઃખ રીઝે રે,**
**ઉદાસીનતા ઉભય વિલક્ષણ, એક ઠામે કેમ સીઝે રે."**

બીજા જીવોનું દુઃખ છેદાય, બધાય વહેલા મોક્ષે જાય એવી ઇચ્છા છે તે કરુણા છે. અને બીજાનું દુઃખ દેખી જે રાજી થતા હોય તેના ઊપર તીક્ષ્ણતા વર્તે છે. મનમાં એમ થાય કે એને દુઃખ થાય છે તે સારું છે, તો તેના ઉપર તીક્ષ્ણતા વર્તે છે. એ બેયમાં પણ ઉદાસીનતા છે. બીજાનાં દુઃખ છેદવાની ઇચ્છા પણ ભગવાનને નથી. સહજ સ્વભાવે જ થાય છે.

**"અભયદાન તે મલક્ષય કરુણા, તીક્ષણતા ગુણ ભાવે રે;**
**પ્રેરણવિણ કૃત ઉદાસીનતા, ઇમ વિરોધ મતિ નાવે રે."**

કોઈ જીવને આપણાથી ભય પણ ઉત્પન્ન ન થાય તે અભયદાન છે. એ અભયદાન પોતાના દોષ ક્ષય થવાનો ઉપાય છે. આત્માની દયા ખાવી એ ખરી કરુણા છે. મોક્ષમાં પ્રીતિ થવી એ પણ આત્માની કરુણા છે. સંસારથી છૂટવું એ પણ આત્માની જ દયા છે.

**"તીક્ષણતા ગુણ ભાવે રે"**

ગુણો પ્રગટ કરવામાં તીક્ષ્ણતા રાખે. શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા અને અનુકંપા સમ્યક્દર્શનના ગુણો છે, તે પ્રગટ કરવામાં તીક્ષ્ણતા છે. કૃપાળુદેવે શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા લખી પછી બાજુમાં એક લીટી દોરી અનુકંપા એમ લખ્યું છે. એટલે બધાનું ફળ અનુકંપા આવવું જોઈએ. જેટલો ક્રોધ ઓછો કરે તેટલી આત્માની જ દયા ખાધી કહેવાય. જેટલું માન ઓછું કરે, માયા ઓછી કરે, લોભ ઓછો કરે, સંસારથી ભય લાગે, શ્રદ્ધા થાય, મોક્ષની રુચિ થાય, બધાનું ફળ અનુકંપા છે. કૃપાળુદેવે

લખ્યું છે કે 'મને કોઈ બરછી ભાલા મારે તો સહન કરું, પણ જગતને જે કુગુરુઓ લૂંટી રહ્યા છે, તે સહન થતું નથી.' એ બધામાં ઉદાસીનતા છે. પ્રેરણા કર્યા વગર બધું થયા જ કરે છે. એમ આ ત્રિભંગીમાં ક્યાંય વિરોધ આવતો નથી. પછી શક્તિ-વ્યક્તિ, ત્રિભુવનપ્રભુતા-નિર્ગ્રંથતા, યોગી-ભોગી, વક્તા-મૌની, અનુપયોગી-ઉપયોગી એમ બધા ઉપર ત્રિભંગી ઉતારતાં વિરોધ આવતો નથી. ભગવાનની આ ત્રિભંગી ચિત્તને ચમત્કાર આપે છે.

*

(૯૫૨)

પૂજ્યશ્રી—કંઈક નવું શીખતા રહેવું અને કંઈક વાંચવું, વિચારવું; નહીં તો મન ક્યાંય જતું રહે. નવરાશ હોય તે વખતે શીખવું અને વિચારવું. કરે કશું નહીં અને આશ્રમ જઈ આવ્યો એમ કહે. પછી ત્યાં જૂઠું બોલે ત્યારે લોકો કહે કે આશ્રમ જાઓ છો અને જૂઠું બોલો છો? એમ આશ્રમ વગોવાય. કંઈક આત્મહિત કરી લેવું. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થવો સહેલો છે, પણ મોહનો ક્ષય થવો અઘરો છે. મોહથી એ જ્ઞાન પણ આવરણ પામે છે. ગાંડો થઈ જાય. કર્મના ઉદયે જીવને સારા પ્રસંગો પણ ગમતા નથી. મોહ જીવને ઘસેડતાં ઘસેડતાં ક્યાંય લઈ જાય. નિગોદમાં લઈ જાય. માટે મોહ ઓછો કરવા જ્ઞાનીપુરુષો કહે છે.

**"કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ;**
**તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ."**

એ મોહને જીતવા બધા ગુણસ્થાનક કહ્યાં છે. ખરી લડાઈ મોહ સાથે કરવાની છે.

મુમુક્ષુ—દર્શનમોહ બોધથી જાય એમ કહ્યું, તો બોધ તો રોજ સાંભળીએ છીએ અને દર્શનમોહ તો જતો નથી?

પૂજ્યશ્રી—બોધથી જીવને જાગવું જોઈએ ને? બોધથી જીવને ખરી જાગૃતિ થાય છે.

**"દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે,**
**દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો."**

એ દર્શનમોહ વ્યતીત થતાં આવે તે ખરો બોધ છે, એટલે સમજણ છે. એથી એની સમજણ ફરે છે. પ્રભુશ્રીજી કહેતા કે ભાવ અને પરિણામ. ભાવ હોય અને પછી પરિણામ પામે તો ટકી રહે. પરિણામ પામે તો એ એનું કહેવાય.

"જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી." (વ.૫૦૫) અધિકારીપણું આવવા વૈરાગ્યની જરૂર છે. પાંચ ઇન્દ્રિયના વિષય પ્રત્યે વૈરાગ્યભાવ થાય તો અધિકારીપણું આવે.

**"ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન"**

બોધ સાંભળીને વિચારે તો થાય, એમનેમ એમ બોધ ફળવાન થતો નથી. વિચારે કે શું કરવા જન્મ્યો છું? અઢાર પાપસ્થાનક વિચારે, મારે દોષ કાઢવા છે એમ વિચારે, તો મુમુક્ષુ થાય. દોષ

દેખાય તો કાઢવા પ્રયત્ન કરે. ખેડેલી જમીનમાં ઊગે. ગરજ પહેલી જોઈએ. કૉલેજમાં ભણતા પણ કંઈ આત્માની ગરજ નહીં, સત્સંગથી એ જાગે છે. સત્સંગ હોય તો આત્માની વાત સાંભળવા મળે.

૧૪૨ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો વદ ૧૧, સં.૨૦૦૮

પૂજ્યશ્રી—જ્ઞાનીપુરુષ કહે છે કે જીવને આત્માનું ભાન નથી. આત્મા સિવાય બીજી બધી વસ્તુઓ કર્મ બંધાવનાર છે. ઉપયોગ જો બીજામાં રહ્યો તો કર્મ બંધાય. અંદરથી ગરજ જોઈએ. જીવ ઉપાય કરે તો થાય. કોઈ પણ વસ્તુ જ્ઞાની માને તે માનવી. જ્ઞાની કહે, સંસાર દુઃખરૂપ છે અને એને સારો લાગે તો કેમ છૂટે? એનો ઉપાય, જ્ઞાનીપુરુષે સંસારનો નાશ કર્યો છે, તેમની પાસે છે. ગરજ હોય તો અંદર ચોંટે. કોઈ સત્પુરુષનો યોગ થાય અને લાગે કે આ સારું છે, મારે એ જ કરવું છે એવું થાય, પછી પુરુષાર્થ કરે તો કામ થાય. પણ પાછો મિથ્યા અભ્યાસમાં તણાઈ જાય તો બસ, થઈ રહ્યું.

ઘણી વાર તપ કર્યાં, જપ કર્યાં, પણ વાસના અંદરથી ઘસાઈ નહીં. વાસના છે ત્યાં દુઃખ જ છે. દુઃખ એને જોઈએ એવું લાગતું નથી. શરીર સારું ન હોય ત્યારે દુઃખ લાગે, પણ પાછું મટી જાય, તો બધું ભૂલી જાય. એનો એ જીવ છે. બીજા નિમિત્તે બીજો થઈ જાય છે. અંદરથી વાસના ટાળે તો સમ્યગ્દર્શન થાય. પછી દેવલોકમાં જાય તોપણ વાસના ન જાગે. સર્વાર્થસિદ્ધિમાં જાય ત્યાં વધારે સુખ હોય છે, પણ એ સમ્યગ્દૃષ્ટિ દેવો સુખમાં લીન થતા નથી. જીવને દુઃખ લાગતું નથી. કોઈ પુણ્યોદયે આવા આશ્રમમાં આવવાનું થયું તો પૈસા વગેરે ઝેર છે એમ લાગવું જોઈએ. 'આત્મસિદ્ધિ' બોલતો હોય અને કોઈ વાત કરતો હોય તો ત્યાં એનું મન જાય છે. ક્યાં 'આત્મસિદ્ધિ' અને ક્યાં લોકોની વાતો! હું શા માટે આશ્રમમાં આવ્યો છું? એ ભૂલી જાય છે. આયંબિલ છે તે રસત્યાગ કરવા માટે છે. મારામાં દોષ છે તે કાઢવા આયંબિલ કરું છું, તો કામ આવશે. "શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ છે." (૮૧૯) શૂરવીર થાય તો કશું દુઃખ ઊભું ન રહે. માત્ર એક આત્માનું કલ્યાણ કરવા આ દેહ મળ્યો છે, એ મુમુક્ષુ જીવે લક્ષમાં રાખવું. ભલે માંદો હોય, પણ આત્માનું હિત થતું હોય તો સારું છે. એમની એમ યોગ્યતા વિના 'આત્મસિદ્ધિ' ધ્યાનમાં આવતી નથી.

"જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી." (૫૦૫) સત્પુરુષનો યોગ હોય તો સમજાય. મન છે એને ચોખ્ખું રાખવા કાળજી નથી. મારા મનને ડાઘ પડ્યા છે તે કેમ જશે? એની ફિકર થતી નથી. અસત્ વાસનાનું બળ છે, તેથી પુરુષાર્થ ન રાખે તો કંઈનું કંઈ થઈ જાય. માટે ચેતતા રહેવું. સારા નિમિત્તો રહે ત્યારે જીવ ઉપર સારા સંસ્કાર પડે છે, પણ એ પાછું ભૂલી, જે સ્વપ્ના જેવું છે તે સાચું લાગે છે. ખાવા બેસે ત્યારે અહો! આ ખાવાનું કેવું સારું છે! વૈરાગ્યની વૃદ્ધિ થવાને બદલે જીવ વૈરાગ્યને ખોઈ બેસે છે. તેથી કંઈક વૈરાગ્ય હોય તો તે પણ ભુંસાઈ જાય. આમ સત્સંગ નકામો ન જાય તેને માટે કહે છે. લોકો તો બીજી બીજી વાતો કરે. એ લોકોથી દબાઈ ન જતાં આત્માનું કલ્યાણ કરવું છે, એમ કરી સત્સંગ કરવા જવું.

લોકો એમ કહે કે સત્સંગમાં કેમ જવાય? 'લોક મૂકે પોક, તારું તું કરી લે,' એમ પ્રભુશ્રીજી કહેતા. સત્સંગથી મારા આત્માનું કલ્યાણ થશે એવું માહાત્મ્ય જોઈએ. તરવાના કામી ઘણા છે પણ સત્પુરુષનો યોગ નથી એમ [1]કૃપાળુદેવને સોભાગ્યભાઈએ લખ્યું હતું. જ્ઞાનીપુરુષો એમ માને છે કે ''હું પામર શું કરી શકું?'' અહંભાવ છોડવાનો છે. આ જીવ 'હું કરું છું' એમ અહંભાવ કરે છે.

*

(સભામાં, 'સુદૃષ્ટિતરંગિણી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—કૃપાળુદેવ કહે છે કે દેહ કરતાં આત્મા વધારે સ્પષ્ટ જણાય છે. નિંદવા યોગ્ય સંગ ત્યાગવો. શુભાશુભ સંગ જ્ઞેય કરવારૂપ વિચારીને આત્મઅહિત થાય એવી સંગતિ ન કરવી. એવો સંગ કરવાથી બહુ દોષો થાય છે. પાપ બંધાય એવો સંગ ન કરવો. કુસંગ શાને કહેવો તે કહે છે—ચોરી કરનાર, માયા કરનાર, વેષ લઈ બીજાને ઠગનાર એવા જીવોનો તથા [2]ફાંસિયા ચોર હોય એવાનો સંગ ન કરવો. ખાસ તો વિચારોનો લક્ષ રાખવો. વિચાર બગડે ત્યારે ખરાબ સંગ થાય છે. કર્મની વાત જુદી છે. જેટલી શક્તિ હોય તેટલું કરવું. વ્યવહારમાં હોય તેણે વ્યવહાર પ્રમાણે વર્તવું. સદાચારી હોય તેણે સદ્વિચાર કરવા. પરમાર્થમાં જે હોય તેણે પરમાર્થ પ્રમાણે વર્તવું. સારા-ખોટા વિચારોના વિચાર કરવા તે જ્ઞેય છે. ધ્યાન છે એ વિચાર જ છે. વિચારની પરંપરાથી ધ્યાન થાય છે. આર્ત્ત અને રૌદ્ર ધ્યાન બન્ને આત્માને બગાડનાર છે. ''આત્માથી સૌ હીન'' આત્માને મુખ્ય કરવાનો છે તેને બદલે બીજાને મુખ્ય કરે છે. મનુષ્યભવનો અવસર મળ્યો, સત્સંગનો યોગ મળ્યો અને જે કરવા જેવું છે તે ન કર્યું, તો મરતી વખતે પશ્ચાત્તાપ થાય. ગુરુનું કહેલું સાંભળ તો તારું કલ્યાણ થશે, એમ પ્રભુશ્રીજી કહેતા.

*

('પ્રભુશ્રીજીના બોધ'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—આટલો આ (પ્રભુશ્રીજીનો બોધ) લખી લીધો, ટાંકા ભરી રાખ્યા તો કામ આવે છે. સાંભળવાને મળે છે. આજે સવારે 'આત્મસિદ્ધિ'નો પત્ર વાંચ્યો હતો. 'આત્મસિદ્ધિ'નું માહાત્મ્ય કૃપાળુદેવે જેવું ગાયું છે તેવું લાગે, તો લાભ થાય. જ્ઞાનીના મુખથી નીકળેલાં વચનો છે. મઘાનાં પાણી છે. આ મને બહુ ઉપયોગી છે, મારી યોગ્યતા નથી પણ હિતકારી છે એમ લાગે તો માહાત્મ્ય લાગે. આ સાંભળતાં ધર્મધ્યાન થાય. કોટી કર્મ ખપી જાય. મને જ કહે છે, આ મારા માટે જ છે, મારે જ કરવાનું છે, એમ માનશે તેનું કલ્યાણ થશે.

પ્રભુશ્રીજીના શબ્દોમાં ઘણું રહસ્ય છે. ફક્ત એક ભાવ તે આત્મભાવ છે. આત્મા ભણી ભાવ વળે તો કલ્યાણ. શરીરને જ્ઞાની કહેતા નથી, મને કહે છે એમ થાય તો કલ્યાણ થાય. જ્ઞાનીને જે વાત કહેવી છે તેનું માહાત્મ્ય તેઓને છે. જ્ઞાનીએ જે વાત કહી તે સંસારસાગર તરવામાં નૌકા સમાન છે. જીવને હૃદયમાં ઊતરવું જોઈએ. અસંગ એમ કહ્યું એ ચૌદપૂર્વનો સાર છે. એક શબ્દ જ્ઞાની કહે તે ચોંટી જાય તો ચાલ્યો જાય મોક્ષે. જિનવરને ઘણાય પૂજે છે, પણ 'ભાવે જિનવર

---

૧. વચનામૃત પત્રાંક-૨૩૦, ૨. ફસાવે એવા, કપટી

પૂજીએ' એમ કેમ કહ્યું ? કંઈક રહી જાય છે. ''જિનસ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે'' કોની પૂજા કરું છું ? તેની ખબર નથી. આત્મભાવે કરવાનું છે. એ વગર તો ઘણુંયે કર્યું છે, પણ કંઈ નહીં. ''ભાવે દીજે દાન'' પણ બધું દ્રવ્યે થાય છે. મારો આત્મા લોભથી રઝળે છે માટે પરવસ્તુને છોડું, પરવસ્તુને છોડવા માટે દાન કરું તો સફળ થાય. ''ભાવે ભાવના ભાવિયે, ભાવે કેવળજ્ઞાન'' બાર ભાવનાના પાઠ, પુસ્તકો વાંચે, પણ કંઈક રહી જાય છે. ભાવ તપાસે તો કંઈ કર્યું નથી. આત્મામાં કંઈક ચોંટે તો સ્વાધ્યાય, ભાવના કરી કહેવાય. ભાવનાઓ પણ દ્રવ્યે જીવ કરે છે. ''ભાવે કેવળજ્ઞાન'' રોજ બોલીએ છીએ–

''આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે'' ''શ્રી સદ્‌ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથ માર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું; એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.'' (૬૯૨) એ વિચારની જાગૃતિ રહેવી જોઈએ, જાગૃતિ આવવી જોઈએ. આ મારે કરવા જેવું છે. કૃપાળુદેવનું કહેવું નહીં માનશો તો કોનું માનશો ? થોડે થોડે પોતાનો વિચાર કરવો. 'હું દેહાદિ સ્વરૂપ નથી' એમ કહ્યું, પછી આત્મભાવના કરવી. દેહ ઉપરથી જીવને ઊઠવું પડશે. 'હું દેહથી ભિન્ન છું' એમ કરવું જ પડશે. પછી ''અને દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈ પણ મારાં નથી.'' એમ થાય. પછી આત્મભાવના થાય, સમજણ થાય, પકડ થાય. પછી એ જ અભ્યાસ રહ્યા કરે. જેમ જેમ ગરજ જાગે તેમ તેમ આ બોધ ખજાના નિધાન સમાન છે એમ લાગે.

(ઉપર) ૧૪૩ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો વદ ૧૨, સં.૨૦૦૮

પૂજ્યશ્રી–ગોખીએ પછી વિચારીએ. કૃપાળુદેવે કરવાનું કહ્યું તો કરવું. છોકરવાદમાં ન જાય. પ્રસંગ આવે ત્યારે થાય. કસોટીમાં નપાસ થાય તો નાલાયક ગણાય. પશ્ચાત્તાપ કરીને પાછો વળે તો સુધરી જાય. વ્યસનમાં પડી ગયો તો પછી એને હાથ નથી. જીવને ટેવ પડી જાય છે અને પછી મનુષ્યભવ ખોઈ બેસે છે. મનુષ્યભવ મળ્યો, સત્પુરુષનો યોગ મળ્યો, બધો નકામો જાય. પશ્ચાત્તાપ કરી ઝૂરણા કરી સારો માણસ થઈ શકે છે, પણ એવો બોધ જોઈએ. છૂટવાની કામના જોઈએ. અનાદિકાળના સંસ્કાર છે. સંસાર-વાસના ન જાય તો ભવ્ય શાનો ? છૂટવું છે, એવી ભાવના હોય તે ભવ્ય છે. ભૂલ્યો ત્યાંથી ફેર ગણ. જાગ્યા ત્યારથી સવાર. જેટલું જીવવું છે તેટલું સારું જીવવું છે. સમાધિમરણ કરવું છે. ભોગવવું પડશે પોતાને. આ કાળમાં સત્સંગનો યોગ તે દિવાળીના દહાડા જેવો છે. સુધરી જવાના દિવસો છે. આજથી જાણે જન્મ્યો. જાગ્યા ત્યાંથી સવાર. આજથી મારે એવું જીવવું કે ડાઘ ન પડે. આખો લોક દુઃખથી ભર્યો છે અને માને છે સુખ. જીવ કચરાય છે, દયા નથી. આત્માનો શત્રુ થઈને જીવ ફરે છે. સત્સંગ મળ્યો તેની કિંમત નથી. સત્સંગ કેમ સફળ થાય તે વિચાર કરવો. પકડ થશે તો થોડો સત્સંગ થયો તો પણ લાભ થશે.

*

(સભામાં, 'સુદૃષ્ટિતરંગિણીમાંથી ધ્યાન' સંબંધી વંચાતાં)

પૂજ્યશ્રી—હેય વિચારો તજવા યોગ્ય છે. મરણ વખતે, વેદના વખતે સ્મરણમંત્રમાં ચિત્ત રાખે તો ધર્મધ્યાન થાય. વેદના વખતે જીવ ભગવાનને સંભારવા મૂકી ડૉક્ટરને સંભારે છે. કયા ડૉક્ટર પાસે જવું, એમ વિચાર કરે. હું માંદો છું, દુઃખી છું, એ બધું આર્ત્તધ્યાન છે. આત્માને ભૂલી જઈ, 'હું દેહ છું' એમ થાય ત્યારે 'હું દુઃખી છું, હું માંદો છું' એમ થાય છે. આત્માને ભુલાવવાના આ પ્રકારો છે. ધર્મ કરીને તેનું ફળ ઇચ્છે તે નિદાન નામનું આર્ત્તધ્યાન છે. માયા કપટ વગેરે બધું આર્ત્તધ્યાન છે. 'હું દુઃખી છું, હું દુઃખી છું' એમ થયા કરે તે બધું આર્ત્તધ્યાન છે. આર્ત્તધ્યાનથી ઢોર, કીડી થઈને ભટકે છે. હું આત્મા છું એમ થાય તો બધું છૂટી જાય. સમ્યગ્દૃષ્ટિને કંઈ જોઈતું નથી, બધું છોડવું છે અને પેલાને તો આખું જગત મળે તોપણ ઓછું છે. પરિગ્રહ પાપ છે, છોડવા યોગ્ય છે. એમાં રાજી થાય તો એ પાપમાં જ રાજી થાય છે. પરિગ્રહથી પાપ છે એ લક્ષ એને નથી. ઉદાસીનતા, વૈરાગ્ય ન આવે ત્યાં સુધી બંધાય છે. વિવેક નથી. જે મળ્યું છે તે પુણ્યને લઈને મળ્યું છે અને પરિગ્રહના વખાણ કરે છે. ધર્મને લઈને આ મળ્યું છે એમ લાગે તો આર્ત્તધ્યાન ન થાય.

મુનિઓ જે ચક્રવર્તી આદિનાં ચરિત્રો લખતા તે સમ્યગ્દૃષ્ટિ હતા, વૈરાગ્ય સહિત હતા. આ શાસ્ત્રમાં કઈ દૃષ્ટિએ લખ્યું છે, એ લક્ષમાં આવે તો લાભ થાય. ચરિત્રોમાં જે વર્ણન કર્યું છે તે ધર્મના અર્થે છે, તેથી તે આર્ત્તધ્યાન નથી. ભગવાને કહ્યું તે સાચું છે એમ માને તે આજ્ઞાવિચય ધર્મધ્યાન છે. અપાય એટલે દુઃખ. ધર્મ કરવામાં જે દુઃખ આવે તે દૂર કરવાં. હું ક્યાં ક્યાં ભટક્યો છું? એ બધું વિચારવું. સંસાર દુઃખરૂપ જ છે. પુણ્ય છે તેય દુઃખરૂપ છે. છૂટવું છે તેને દુઃખરૂપ જ છે. લોકો એને સુખ માને છે. આ જો ન હોય તો હું સુખે ધર્મ કરું, એવી ભાવના છૂટનારને હોય છે. સપના જેવું છે. સુખમાં આસક્ત ન થાય અને દુઃખમાં દીન ન થાય; જે આવવું હોય તે આવો એમ રહે. દુઃખોય ઘણાં ભોગવ્યાં છે અને સુખ પણ ઘણાંય ભોગવ્યાં છે. દુઃખ સ્વપ્નું છે, એવું સુખ પણ સ્વપ્નું છે. નરકનો વિચાર કરે, તિર્યંચના દુઃખનો વિચાર કરે, મનુષ્યના દુઃખનો વિચાર કરે, તે બધું વૈરાગ્ય થવાનું કારણ છે.

*

('પ્રભુશ્રીજીનો બોધ'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—મનુષ્યભવ દુર્લભ છે. મનુષ્યભવની જીવને કંઈ કિંમત નથી. કેટલાય ભવ રઝળ્યો ત્યારે મનુષ્યભવ મળ્યો છે તેની ખબર નથી. ''બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો'' આ મનુષ્યભવ પાપમાં ન વાપરવો, સદ્ઉપયોગ કરવો. સાંભળીને પકડ્યું, મનમાં ગાંઠ વાળે, તો મારે એની તલવાર થઈ. નહીં તો મોઢે કરે, પણ શું? તલવારને બાંધી ફરે તેથી શું? આત્માનો શત્રુ થઈને જીવ ફરે છે.

સત્પુરુષની કૃપાથી મનુષ્યભવ મળ્યો. ફરીથી તો કરોડો ભવે પણ મનુષ્યભવ ન મળે. પૈસા

સાચવે છે પણ મનુષ્યભવને સાચવતો નથી. પૈસા ખોવાઈ જાય તો આખી રાત ફિકર કરે. આ કાળ જાય છે તે રત્નચિંતામણિ જેવો છે, તેની કંઈ કિંમત નથી. ક્ષણ લાખેણી જાય છે. જ્ઞાનીપુરુષો એક એક વચન મોક્ષે લઈ જાય એવું કહે છે. વહેલો ચેતી જા કરવું છે તો. અંતર ફરશે એટલો જીવને લાભ થશે. હે ભગવાન, મારા દોષો ક્યારે જશે? એમ ભાવના થાય તો કાઉસગ્ગ થાય. કેવળજ્ઞાન સુધી લઈ જાય તેવી વસ્તુ બતાવી. તે વસ્તુ બધાની પાસે છે, ભાવ. મહાપુરુષોએ જે ઉપકાર કર્યા તે સંભારે તો આત્મકલ્યાણ થાય તેવો લાભ થાય. બીજું ગમે તે હો કે ન હો પણ મનુષ્યભવ મારો નકામો ન જાઓ, એવી સાવચેતી રાખવી. મનુષ્યભવમાં થાય એવું છે. બાંધેય આત્મા, છોડેય આત્મા. મોક્ષેય જાય એ અને નરકે પણ જાય એ. કોઈ કહે કે મારે સાતમી નરકે જવું છે, તો ભગવાન પણ ન રોકે.

આત્મા જેવી વસ્તુની ગણતરી નથી. તુચ્છ વસ્તુની ગણતરી છે. પૈસા જેવી તુચ્છ વસ્તુની ગણતરી છે. ઘણા જીવો બહુ પાપ કરતા પણ આલોચના કરીને બધા છૂટી જતા. ચેતવા જેવું છે. એ વચન જેવું તેવું નથી. આમાં બધાંય શાસ્ત્રો સમાય છે. જ્ઞાનીને ચમત્કાર લાગે છે. અમૂલ્યતા લાગે છે. આપણને તો કંઈ લાગતું નથી. ભણ્યા પણ ગણ્યા નહીં. અર્થમાં એને વસ્તુનો સ્વભાવ ભાસતો નથી. જીવ-અજીવ એમ કહે, પણ એનો ભાવ ભાસે નહીં. સત્સંગ મળ્યો તેની કિંમત નથી. સત્સંગ કેમ સફળ થાય તે વિચાર કરવો. જેને રસ્તો નથી મળ્યો તેને જગાડવા માટે કહે છે. ગુરુના વચનમાં કેટલો પરમાર્થ છે! એ જીવને ક્યાં ભાસે છે? સત્સંગ તો નવરા હોય તે કરે, મારે તો બહુ કામ છે એમ કરે છે.

ભાવમાં કંઈ પૈસા બેસતા નથી. જીવને ભાવ કરતાંય આવડતું નથી. બીજા બીજા ભાવ કરે છે. એક આધાર છે, ત્યાંથી મરેલો જીવતો થાય છે અને તે સત્સંગ છે. પકડ થશે તો થોડો સત્સંગ થયો તો પણ લાભ થશે.

પ્રભુશ્રીજીએ કહ્યું, એમાંથી એક શબ્દ પણ પકડ કર્યો હોય તો કલ્યાણ થાય. સાર લેવો, પણ સાર લેતાં જીવને આવડતું નથી. અહીંથી બહાર જાય, પછી શું સાંભળ્યું? કંઈ યાદ ન રહે. પ્રભુશ્રીજીએ છેલ્લું નાસિકથી પધાર્યા તે વખતે એ જ કહ્યું કે સત્સંગ કરજો. સામાન્ય ન થઈ જાય માટે ચેતાવે છે. સત્સંગ તો રોજ કરીએ છીએ, એમાં શું કરવા જેવું છે? એમ જીવને થઈ જાય છે. કેટલાય પુણ્યથી મનુષ્યભવ મળ્યો છે. તિર્યંચમાં, દેવમાં, નરકમાં ભટકતાં ભટકતાં. અનંતકાળથી ભટકતાં ભટકતાં ઘણું પુણ્ય થયું ત્યારે આ મનુષ્યભવ મળ્યો છે; તેની કિંમત નથી.

૧૪૪ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો વદ ૧૩, સં.૨૦૦૮

(સવારે સ્તવન બોલાઈ રહ્યા પછી) (દીપાવલી મહોત્સવનો પ્રારંભ- સમાધિમરણ પર્વ)

પૂજ્યશ્રી—આજથી આ ચાર દિવસો સમાધિમરણના છે. આ દિવસોમાં જેને તપ કરવું હોય, સ્વાધ્યાય કરવો હોય, વિનય આરાધવો હોય, ક્રોધ ઓછો કરવો હોય, માન ઓછું કરવું હોય, માયા ઓછી કરવી હોય, લોભ ઓછો કરવો હોય, અંતરંગ તપ, બાહ્ય તપ કરવું હોય તો આ દિવસોમાં

કરવા જેવું છે. બીજા ઘણા દિવસો છે, પણ આ ચાર (આસો વદ ૧૩, ૧૪, ૦)), કાર્તિક સુદ ૧) દિવસો સમાધિમરણને માટે જ છે. એ દિવસોમાં જાણે માથે મરણ છે એમ જાણીને આરાધના કરવી. લોકો જેમ દિવાળી આવે ત્યારે ઘર વગેરે સાફ કરે છે, દીવા કરે છે; તેવી રીતે આપણે અંતરથી કચરો કાઢી, આત્માને નિર્મળ કરી, અંતરંગ દીવો પ્રગટાવવાનો છે.

શ્રીપાલ રાજાનો રાસ વંચાતો હતો. તે વખતે પ્રભુશ્રીજીને સહેજે સ્ફૂરી આવ્યું કે કોઈ પૂછે કે સમાધિમરણ શાથી થાય? પછી આ ચાર દિવસોમાં છત્રીસ, છત્રીસ માળાની યોજના કરી. ભગવાને આ દિવસોમાં સમાધિમરણ કર્યું છે, માટે આપણે પણ સમાધિમરણ કરવાનું છે.

અહીં સાંજે છત્રીસ માળા ફેરવાશે. પહેલી ત્રણ માળા 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મંત્રની ફેરવાશે. પહેલી માળા સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે ફેરવાશે. સહજાત્મસ્વરૂપમાં અનંત ગુણ છે, પણ તેમાંથી એક સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે આ એક માળા ફેરવું છું એવો લક્ષ રાખી ફેરવવી. પછી બીજી માળા સમ્યગ્જ્ઞાન પ્રાપ્તિ અર્થે ફેરવાશે. હે ભગવાન! સમ્યગ્જ્ઞાન અર્થે આ માળા ફેરવું છું, એમ ભાવના રાખી ફેરવવી. પછી સમ્યક્ચારિત્ર પ્રાપ્તિ અર્થે ત્રીજી માળા ફેરવાશે. આ માળા સ્થિરતા થવા માટે છે. સ્વરૂપમાં સ્થિર થવા માટે આ માળા ફેરવું છું, એવો લક્ષ રાખી ફેરવવી. રોજ માળા તો અહીં ફેરવાય છે પણ એકમાં ને એકમાં મન રહેતું નથી, તેથી જ્ઞાનીપુરુષોએ આ યોજના કરી છે.

પછી અઠ્ઠાવીસ માળા મોહનીય કર્મ ક્ષય કરવા માટે 'પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ' એ મંત્રની ફેરવાશે. તેમાં પહેલી માળા મિથ્યાત્વ-મોહનીય ક્ષય કરવા માટે ફેરવાશે. મિથ્યાત્વ ક્ષય થવા માટે આ માળા ફેરવું છું, એ લક્ષ રાખીને ફેરવવી. પછી બીજી માળા મિશ્ર-મોહનીય ક્ષય થવા માટે ફેરવાશે. ત્રીજી માળા સમ્યક્ત્વ-મોહનીય ક્ષય થવા માટે ફેરવાશે. પછી ચોથી માળા અનંતાનુબંધી ક્રોધ ક્ષય કરવા માટે ફેરવાશે. પાંચમી માળા અનંતાનુબંધી માન ક્ષય થવા માટે ફેરવાશે. છઠ્ઠી માળા અનંતાનુબંધી માયા ક્ષય થવા માટે ફેરવાશે. સાતમી માળા અનંતાનુબંધી લોભ ક્ષય થવા માટે ફેરવાશે. પછી અપ્રત્યાખ્યાનાવરણીય કષાય ક્ષય થવા માટે ચાર માળા ફેરવાશે. અપ્રત્યાખ્યાનાવરણીય એટલે અલ્પ પણ વ્રત આવવા ન દે. પછી ચાર માળા પ્રત્યાખ્યાનાવરણીય કષાય ક્ષય થવા અર્થે ફેરવાશે. પ્રત્યાખ્યાનાવરણીય એટલે મુનિપણું ન આવવા દે. પછી ચાર માળા સંજ્વલન કષાય ક્ષય થવા માટે ફેરવાશે. સંજ્વલન કષાય હોય ત્યાં સુધી સંપૂર્ણ ચારિત્ર (યથાખ્યાત ચારિત્ર) ન આવવા દે. નોકષાય ક્ષય થવા માટે નવ માળા ફેરવાશે. પહેલી માળા હાસ્ય નોકષાય ક્ષય થવા માટે ફેરવાશે. બીજી માળા રતિ નોકષાય ક્ષય થવા માટે ફેરવાશે. ત્રીજી માળા અરતિ નોકષાય ક્ષય થવા માટે ફેરવાશે. ચોથી માળા ભય નોકષાય ક્ષય થવા માટે ફેરવાશે. પાંચમી માળા શોક નોકષાય ક્ષય થવા માટે ફેરવાશે. છઠ્ઠી માળા જુગુપ્સા નોકષાય ક્ષય થવા માટે ફેરવાશે. છેલ્લી ત્રણ માળા પુરુષ વેદ, સ્ત્રી વેદ અને નપુંસક વેદનો ક્ષય થવા માટે ફેરવાશે. એ નવ નોકષાય, કષાય થવાનાં કારણો છે. જેને લીધે કષાય ઉત્પન્ન થાય તે નોકષાય

છે. દરેક માળા ફેરવતી વખતે તેના પ્રતિપક્ષી ગુણની ભાવના રાખવી. હાસ્ય ક્ષય થવા માટે માળા ફેરવે તે વખતે ગંભીર થવા માટે આ માળા ફેરવું છું; રતિ ક્ષય થવા માટે માળા ફેરવતી વખતે વૈરાગ્ય થવા માટે આ માળા ફેરવું છું, એમ દરેક માળા ફેરવવાનું આવે ત્યારે ગુણ પ્રગટાવવા માટે ફેરવું છું એ લક્ષ રાખવો.

પછી પાંચ જ્ઞાનાવરણીય ક્ષય કરવા પાંચ માળા 'આતમ ભાવના ભાવતાં, જીવ લહે કેવળજ્ઞાન રે' એ મંત્રની ફેરવાશે. પહેલી માળા મતિજ્ઞાનાવરણીય ક્ષય કરવા માટે ફેરવાશે. બીજી માળા શ્રુતજ્ઞાનાવરણીય ક્ષય કરવા માટે ફેરવાશે. ત્રીજી માળા અવધિજ્ઞાનાવરણીય ક્ષય થવા માટે ફેરવાશે. ચોથી માળા મનઃપર્યવજ્ઞાનાવરણીય ક્ષય થવા માટે ફેરવાશે અને પાંચમી માળા કેવળજ્ઞાનાવરણીય ક્ષય કરવા માટે ફેરવાશે. રોજ લક્ષ રાખીને માળાઓ ફેરવવી. જાણે માથે મરણ જ રહ્યું છે, એમ જાણીને સમાધિમરણ કરવા તૈયારી કરવી. પછી મરણ થાય તો ભલે થાય, જિવાય તોય ભલે જિવાય.

*

(ઉપર, 'સુદૃષ્ટિતરંગિણી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–સ્વચ્છંદ છોડવા માટે સત્સંગ કરવાનો છે. જ્ઞાનીપુરુષનાં વચનોનો વિચાર કરે તો સદ્વિચાર થાય. હું સારું બોલું છું, ભક્તિ કરું છું, એમ પાછું અભિમાન કરે તે મોહ છે. અભિમાન છે તે છોડવાનું છે. આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન તજવા યોગ્ય છે અને ધર્મધ્યાન કરવા યોગ્ય છે.

મુમુક્ષુ–ભક્તિમાં કોઈ આગળ પાછળ બોલે અને બીજા જીવોને ભંગ પડે તો તે બોલનારને કર્મ બંધાય?

પૂજ્યશ્રી–સ્વચ્છંદ છોડવા સત્સંગ છે. બોલતી વખતે બધાની સાથે ભક્તિમાં બોલવું જોઈએ, નહીં તો કર્મ બંધાય. બીજાને એના નિમિત્તે કષાય થાય તો બીજાને પણ કર્મ બંધાય.

વિષય કષાયમાં મોહમાં જીવ પડ્યો છે; તેથી શુદ્ધ વિચાર પણ આવતા નથી. તળાવમાં નાહવા જાય, તરવા પડે, કેટલા બધા જીવો મરી જાય! દયા નથી. એ જાણે છે કે હું આનંદ કરું છું, પણ પાપ બાંધે છે. હિંસા કરી આનંદ માને તો રૌદ્રધ્યાન થાય. રસોડું પણ ધોઈએ ત્યારે કીડી મકોડી વગેરે જીવો ન મરે એવી રીતે યત્નાથી રસોડું ધોવું જોઈએ. ધોવું હોય, રાંધવું હોય તો દિવસ ઊગ્યા પછી કરવું. નહીં તો અંદર જીવો હોય છે તે દેખાય નહીં. આપણને કોઈ દુઃખ દે તો ગમતું નથી, તો એ જીવોને ગમે?

વેષ વગેરે એવા ન પહેરે કે જેથી લોકોમાં નિંદા થાય. જે દેશમાં જેવું પહેરતા હોય તેવું પહેરવું, એ સદાચાર છે. ધમ ધમ ચાલવું નહીં.

*

('પ્રભુશ્રીજીનો બોધ'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—કાગડા-કૂતરાના ભવ બધા કરીને આવ્યો છે, હવે જો ન કર્યું તો ફરી એવું થશે. સત્પુરુષનો બોધ સાંભળવા મળ્યો તો ચેતી જવું. વહેલું મોક્ષે કેમ જવાય? એવું જીવને ગમવું મુશ્કેલ છે. જ્ઞાનીની આજ્ઞા આરાધે તો થાય.

કૃપાળુદેવને ખાવું નથી ગમતું, પીવું નથી ગમતું. એક આત્મપરિણતિ કરવાની વૃત્તિ રહે છે. દરેકે વિચારવા જેવું છે. સંસારમાં કડાકૂટ છે. કાજળની કોટડી જેવો સંસાર છે. ડાઘ લાગ્યા વગર ન રહે. પ્રમાદ લૂંટી જાય એવો છે.

શ્રવણ કરે એય ભક્તિ છે. સાંભળીને જે હિતકારી હોય તે ગ્રહણ કરવું. હેય શું? ઉપાદેય શું? એ સાંભળવાથી જણાય. મારું કંઈ નથી તે અસંગપણું છે, અપ્રતિબંધપણું છે. સાંભળ્યા વગર શું વિચાર આવે? ત્યાગવાનું શું, છોડવાનું શું તે કેમ જણાય? સાંભળ્યું હોય, પછી ભાવ જાગે કે આ મારું નહીં. મારું નહીં એવું કરે તો મોક્ષ થાય. મારું છે એમ કરે તો બંધન થાય. ''હું મારું હૃદયેથી ટાળ, પરમારથમાં પિંડ જ ગાળ'' તાળવું ફોડી નાંખે તેવું કાળકૂટ વિષ છે. 'મારું મારું' કરે છે તે કાળકૂટ વિષ છે. એ કાળકૂટ વિષને ઉતારે એવા 'વીશ દોહરા' છે, 'ક્ષમાપના' છે. અભિમાનથી જીવ ભટકે છે. જન્મમરણ મટી જાય એવા 'વીશ દોહરા' છે.

**''અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય;**
**એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય?''**

''હું પામર શું કરી શકું? એવો નથી વિવેક'' એવા ભાવ દૃઢ થઈ જાય તો જન્મમરણ મટી જાય.

**''सवणे नाणे विन्नाणे ।''**

અજાણ્યો ને આંધળો છે જીવ. ખબર નથી તેથી અવળે રસ્તે જાય છે. ખબર પડે તો મોક્ષે જાય. દૃષ્ટિ ફેરવવાની છે. મનુષ્યભવ પામીને દૃષ્ટિ ફેરવવાની હતી, તે ફેરવી નથી. જ્ઞાનીની દૃષ્ટિએ જગતને જુએ તો કર્મ ન બંધાય. કર્મ છે તે ભૂત જેવાં છે. આત્મા સ્ત્રી નથી, પુરુષ નથી, પણ કર્મને લઈને માને છે. જેમ કોઈને ભૂત વળગ્યું હોય અને તેને કોઈ પૂછે કે તું કોણ છે? તો કહે કે ફલાણો છું, અને હોય બાયડી. ક્યાં રહે છે? તો કહે કે પીપળામાં. એમ જે નથી તેને બતાવે છે. તેવું કર્મને લઈને જીવ જે પોતાનું નથી તેને પોતાનું માને છે.

*

(સભામાં-રાતના)

પૂજ્યશ્રી—આજે સવારે કહ્યું હતું અને હવે ફરી કહું છું. પ્રભુશ્રીજીએ આ કાળના જીવોને માટે આ છત્રીસ માળાની ગોઠવણ કરી છે. સમાધિમરણ કેમ થાય? તે માટે આ દિવસોમાં છત્રીસ છત્રીસ માળાઓ ફેરવવાની છે. આપણું કલ્યાણ થવાનું છે માટે આપણે રહ્યા અને આ છત્રીસ માળા ગણવાનું મળ્યું, નહીં તો આયુષ્ય પૂરું થઈ ગયું હોત.

દરેક માળા ગણતાં ગુણપ્રાપ્તિની ભાવના કરવી. પ્રમાદ ન કરવો. જાગૃતિ રાખવી. પ્રમાદથી કંઈ સુખ નથી. પ્રમાદ તો મરણ છે. મનુષ્યભવ મળ્યો છે અને સત્પુરુષનો યોગ થયો છે, માટે પ્રમાદ ન કરવો; જાગૃતિ રાખવી. પ્રભુશ્રીજી કહેતા, કે લૂંટમલૂંટ લેવા જેવું છે. એવું આ દિવાળીના દિવસોમાં લૂંટમલૂંટ લેવાનો લાગ આવ્યો છે.

(પછી પૂજ્યશ્રીએ 'મહાદેવ્યાઃ ......તત્ત્વલોચનદાયકમ્ થી 'તીન ભુવન.....બંધ નશાય.' ગાથા સુધી મંગળાચરણ કર્યું.)

હવે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ માટે ત્રણ માળા ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' એ મંત્રની ગણવાની છે. દરેકે માળા બોલાવનારે જ્યારે અરધી માળા થાય ત્યારે ઉતાવળું બોલવું. પહેલી માળા સમ્યગ્દર્શન પ્રાપ્તિ અર્થે ગણવાની છે. સમ્યગ્દર્શન પ્રાપ્તિ અર્થે આ માળા ગણું છું એ લક્ષ રાખવો. (પોતે જ એક માળા ગણી રહ્યા પછી બોલ્યા) સમ્યગ્દર્શન પ્રાપ્તિની એક માળા પૂરી થઈ. હવે સમ્યગ્જ્ઞાન પ્રાપ્તિ અર્થે બીજી માળા ગણવાની છે. આ માળા ગણતી વખતે સમ્યક્જ્ઞાન પ્રાપ્તિ અર્થે આ માળા ગણું છું એવો લક્ષ રાખવો. (બીજી માળા ફેરવીને બોલ્યા) સમ્યગ્જ્ઞાન પ્રાપ્તિની બીજી માળા પૂરી થઈ. હવે સ્વરૂપમાં સ્થિર થવા ''તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે'' માટે ત્રીજી માળા ગણવાની છે. સમ્યક્ચારિત્ર અર્થે આ માળા ફેરવું છું એવો લક્ષ રાખવો. (માળા ફેરવ્યા પછી)

મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીય ક્ષય થવા અર્થે ત્રણ માળા 'પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ' એ મંત્રની ફેરવવાની છે. મિથ્યાત્વમોહનીય એટલે વિપરીત માન્યતા. મિશ્ર મોહનીય એટલે અજવાળું નહીં અને અંધારુંય નહીં એવું અને સમ્યક્ત્વમોહનીય એ બહુ સૂક્ષ્મ છે. એ સમ્યક્ત્વને જરા મલિન કરે છે (એ ત્રણ માળાઓ ફેરવાયા પછી પૂજ્યશ્રી બોલ્યા).

હવે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ ક્ષય થવા અર્થે 'પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ' એ મંત્રની ચાર માળા ફેરવાશે. અનંતાનુબંધી ક્રોધ એટલે સત્પુરુષ પ્રત્યે, સત્પુરુષના માર્ગ પ્રત્યે, તેમના વચન પ્રત્યે કષાયભાવ તે અનંતાનુબંધી ક્રોધ છે. અનંતાનુબંધી માન એટલે હું ધર્મી છું, ધર્મ કરું છું, ભક્તિ કરું છું, લોકો મને વખાણે છે એમ માને; અને લોકો તો કશુંય વખાણતા ન હોય. તે અનંતાનુબંધી માન છે. અનંતાનુબંધી માયા એટલે મને સમ્યગ્દર્શન થયું, હું મોટો છું, એમ માને અને હોય કશું નહીં. બહારથી ડોળ કરે તે અનંતાનુબંધી માયા છે. અને અનંતાનુબંધી લોભ એટલે હું ભગવાનની ભક્તિ કરું છું, એથી મને પૈસા મળો, દીકરા મળો એમ ઇચ્છે, બાધા રાખે, તેમજ અલૌકિક માર્ગમાં લૌકિકની ઇચ્છા તે બધો અનંતાનુબંધી લોભ છે. અનંતાનુબંધી કષાય સમકિત ન થવા દે. થયું હોય તેને ઘાત કરે. દરેક માળા ફેરવતી વખતે તેના પ્રતિપક્ષીની ભાવના કરવી. ક્ષમાની ભાવના કરવી. માર્દવ એટલે વિનયની ભાવના કરવી. આર્જવ એટલે સરળપણાની ભાવના કરવી અને શૌચ એટલે સંતોષની ભાવના કરવી.

(ઉપરોક્ત ચાર માળા બોલી રહ્યા પછી પૂજ્યશ્રી બોલ્યા)

હવે અપ્રત્યાખ્યાની ક્રોધ-માન-માયા-લોભ ક્ષય થવા અર્થે ચાર માળા ગણવાની છે.

અપ્રત્યાખ્યાની એટલે અલ્પ પણ વ્રત, નિયમ વગેરે ન આવવા દે અથવા વ્રત આવ્યું હોય તો પાડી નાંખે.

(અપ્રત્યાખ્યાની કષાય ક્ષય થવા અર્થે ચાર માળા ગણ્યા પછી)

પૂજ્યશ્રી— હવે પ્રત્યાખ્યાની ક્રોધ-માન-માયા-લોભ ક્ષય થવા અર્થે ચાર માળા ગણવાની છે. પ્રત્યાખ્યાની એટલે સર્વ વિરતિપણું ન આવવા દે તે.

(પ્રત્યાખ્યાની કષાય ક્ષય થવા અર્થે ચાર માળા ગણી રહ્યા પછી)

પૂજ્યશ્રી— આળસ ન કરશો. જાગતા ચોર માથે ફરે છે એમ જાણીને સાવચેતી રાખવી, જાગૃતિ રાખવી. હવે ચાર માળા સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ ક્ષય થવા અર્થે ફેરવવાની છે. સંજ્વલન કષાય એટલે એને કેવળજ્ઞાન ન થવા દે. એ સૂક્ષ્મ કષાય છે.

(ઉપર પ્રમાણે બાવીસ માળા ગણી રહ્યા પછી બધા લઘુશંકા નિવારણાર્થે ઊઠ્યા. દસ મિનિટ પછી પાછા આવ્યા ત્યારે)

પૂજ્યશ્રી—હવે હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, એ છ નોકષાય ક્ષય થવા અર્થે છ માળા ગણવાની છે. હાસ્ય ક્ષય કરવાની માળા આવે ત્યારે ગંભીરતાની ભાવના કરવી. રતિની માળા આવે ત્યારે વૈરાગ્યની ભાવના કરવી. અરતિની માળા આવે ત્યારે મધ્યસ્થતાની ભાવના કરવી. એમ દરેકના પ્રતિપક્ષીની ભાવના કરવી.

(છ માળા ગણી રહ્યા પછી)

પૂજ્યશ્રી—હવે સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ ક્ષય થવા અર્થે ત્રણ માળા ગણવાની છે. (ત્રણ માળા ગણી રહ્યા પછી)

પૂજ્યશ્રી—હવે મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય, મનઃપર્યવ-જ્ઞાનાવરણીય અને કેવળજ્ઞાનાવરણીય ક્ષય થવા અર્થે પાંચ માળા 'આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે.' એ મંત્રની ગણવાની છે (૩૬ માળા ગણી રહ્યા પછી બધા ઉઠ્યા).

૧૪૫ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો વદ ૧૪, સં.૨૦૦૮

(સભામાં, 'પ્રભુશ્રીજીનો બોધ'ના વાંચન પ્રસંગે) (દીપાવલી મહોત્સવનો બીજો દિવસ)

પૂજ્યશ્રી—જીવને આ જગતમાં ભમવાનું મોટું કારણ અભિમાન છે. એ અભિમાન ઊતરી જાય એવા 'વીશ દોહરા' છે. અનંતાનુબંધી માનથી જીવને રખડવાનું થાય છે. અભિમાન દૂર થાય તો વિનય ગુણ પ્રગટે. પછી સત્પુરુષ ઓળખાય. ''સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ, એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે.'' (૨૫૪) સત્પુરુષમાં પરમેશ્વર બુદ્ધિ થાય તો એને જ્ઞાનીના વચનો ચોંટે. એ માટે 'વીશ દોહરા' છે. માન જાય તો વિનયગુણ આવે. એટલો બધો પ્રભાવ વીશ દોહરામાં છે. કંઈક ગરજ જોઈએ. વિજ્ઞાનપણું જોઈએ.

**''ઘટ,પટ આદિ જાણ તું, તેથી તેને માન;**
**જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન ?''**

એ જાણનાર પ્રત્યે દૃષ્ટિ થાય તો વિજ્ઞાનપણું આવે. આત્મજ્ઞાની પુરુષ તે ભેદી છે.

**"મળ્યા છે એક ભેદી રે"**

સાચી વસ્તુ સાંભળવાની છે. જ્ઞાનીનો બોધ પરિણમે, એક વચન પણ પરિણામ પામે તો બહુ છે. આખા જગતમાં મારું-તારું, પક્ષાપક્ષીપણું થઈ ગયું છે. તે જીવને ખાળે છે. જ્યાં મારું થયું ત્યાં સાચું રહે નહીં. સત્ય જાણવા માટે 'મારું' એ મૂકવાનું છે. મારું તે સાચું નહીં, પણ જે સાચું તે મારું છે. આત્માને અપમાન કરે એવું સ્ત્રી-પુરુષપણું છે, પિતા-પુત્રપણું છે. એ આત્માનું અપમાન કરનાર છે. જ્ઞાનીપુરુષને દયા આવે છે, તેથી શિખામણ આપે છે કે તારું તને ભાન ક્યાં છે? અમે કહીએ તે શિખામણ માન, એમ કહે છે. ઠપકો આપે તો ભૂલ નાસી જાય. કૃપાળુદેવે જ્યારે પ્રભુશ્રીજીની ભૂલ જોયેલી ત્યારે કહ્યું કે વીશ દોહરાનું બહુમાનપણું કરો તો ગુણ પ્રગટશે. આઠ ત્રોટક છંદ પણ તેવા જ છે. જો જીવ વિચારે તો આત્મા પ્રગટ થાય એવું છે. એમને કેટલી બધી કિંમત લાગી હશે ત્યારે એટલું બધું 'વીશ દોહરા'નું માહાત્મ્ય કહે છે. પોતાને એથી આત્મા પ્રગટ થયો છે, તેથી કહે છે. 'આત્મા સત્, જગત મિથ્યા.' આભાસથી આત્મા રહિત છે. જીવથી ગ્રહણ થતું નથી. આ સર્વ આભાસ છે. તે બધું ભૂલી જવાનું છે. સત્ પકડવાનું છે. પોતાના દોષ છે. સંતની પહેલી શિખામણ એ કે 'તારે દોષે તને બંધન છે. તારો જ વાંક છે.' કોઈના દોષ જોઈશ નહીં.

"દ્રવ્યે દ્રવ્ય મિલે નહીં" પણ એ ક્યારે? સમજણ આવે ત્યારે. સમજણ નથી. બધું ગોળ-ખોળ ભેગું કરી નાંખ્યું છે. કૃપાળુદેવે કહ્યું છે–

**"કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ?**
**અસંગ છે પરમાર્થથી, પણ નિજ ભાને તેમ."**

**"મુખથી જ્ઞાન કથે અને, અંતર્ છૂટ્યો ન મોહ;**
**તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ."**

એમ મોઢે કહ્યા કરે તો શું થાય? આટલો વિશ્વાસ આવવો જોઈએ કે જ્ઞાનીએ અસંગપણું કહ્યું છે તે મારે માનવું છે.

મુમુક્ષુ–અસંગ એટલે શું?

પૂજ્યશ્રી–સર્વ પરભાવથી મુક્ત થવું. પરભાવથી મુક્ત થાય ત્યારે અસંગ કહેવાય. જડમાં જાણવાની શક્તિ આવે નહીં.

મુમુક્ષુ–ભેદનો ભેદ એટલે શું? પ્રભુ!

પૂજ્યશ્રી–ભેદનો ભેદ તો આ બધું ભિન્ન ભિન્ન દેખાય છે તે આત્મારૂપે જુએ તો ભેદનો ભેદ કહેવાય.

(સભામાં) ૧૪૬ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો વદ ૦)), સં.૨૦૦૮
('સુદૃષ્ટિતરંગિણી'ના વાંચન પ્રસંગે) (દીપાવલી મહોત્સવનો ત્રીજો દિવસ)

પૂજ્યશ્રી–ભાષા વર્ગણામાં પુણ્ય અને પાપ પ્રકૃતિ બેય હોય છે. પાપ પ્રકૃતિ હોય અને સારું

બોલતો હોય- તોય ખોટું લાગે અને પુણ્ય પ્રકૃતિનો ઉદય હોય ત્યારે ખોટું બોલતો હોય તોપણ સારું લાગે.

આત્માના કલ્યાણ માટે કંઈક કરવાનું છે. સમ્યક્‌દર્શન સહિત બધું કરવાનું છે. કુગુરુના આશ્રયે કરે તો કંઈ આત્માનું હિત થાય નહીં, જન્મમરણ છૂટે નહીં. જ્ઞાનીપુરુષનાં વચનો જે હોય તે મંત્ર કહેવાય, આત્મા કહેવાય. જે વચનથી આત્મા ઉપર જવાય તે વચન પણ આત્મા છે. સત્પુરુષની કાયા છે તેથી આપણું કલ્યાણ થાય છે, તેથી તે પણ એક અપેક્ષાએ આત્મા છે. સત્પુરુષના યોગે જીવને કેમ વર્તવું તે સમજાય છે. પછી જેમ જેમ સમાગમ વિશેષ થાય તેમ તેમ એને વિશેષ સમજાય છે. ગરજ જોઈએ. સત્પુરુષ મળ્યા નથી, ઓળખ્યા નથી. સત્પુરુષને મળ્યાથી સત્પુરુષ ઓળખાય નહીં. કૃપાળુદેવને ઘણા મળતા. ઘણા ગ્રાહકો આવતા, પણ કંઈ ઓળખ્યા?

*

(બપોરના-ઉપર, કોઈ કલકત્તાના વેપારી સાથેનો પ્રસંગ)

लक्ष एक सत्संगका रखना। चाहे जहां फिरो, परंतु लक्ष तो एक सत्संगका रखना। आत्महित कैसे हो? ये विचार करना। मनुष्यभव मिला है, तो सच्ची वस्तुको प्राप्त करना। आत्मा जैसी कोई वस्तु नहीं है! रत्न जैसी वस्तु है, परंतु मुफ्तमें नहीं मिलती।

(રાતના-સભામાં) ૧૪૭ શ્રીમદ્‌ રા.આ.અગાસ, કારતક સુદ ૧, સં.૨૦૦૯
(માળા ફેરવતી વખતે) (દીપાવલી મહોત્સવનો ચતુર્થ દિવસ)

પૂજ્યશ્રી—છેલ્લો દિવસ છે, પ્રમાદ ન કરશો. ક્ષમાની ભાવના કરવી. માર્દવની ભાવના કરવી. આર્જવની ભાવના કરવી. હાસ્યની માળા આવે ત્યારે ગંભીરતા રાખવી છે. રતિ આવે ત્યારે વૈરાગ્યની ભાવના કરવી. એમ દરેક માળા ફેરવતી વખતે ગુણ પ્રાપ્તિની ભાવના કરવી.

(દીપાવલીનો ચાર દિવસનો મહોત્સવ પૂર્ણ થયો).

(બપોરના-સભામાં) ૧૪૮ શ્રીમદ્‌ રા.આ.અગાસ, કારતક સુદ ૨, સં.૨૦૦૯
('સુદૃષ્ટિતરંગિણી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—રાત્રે રાંધેલું ભોજન દિવસે મુનિ લે નહીં. સાધુ થવું એ સહેલું નથી. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ બધામાં જોવાનાં છે. આહારમાં, સ્વાધ્યાય આદિમાં બધામાં જોવાનાં છે. વિષયકષાય જીતવા સહેલા નથી. તે જીતવા માટે મહાપુરુષોએ તેના ઉપાય બતાવ્યા છે. ધર્મની ગરજ રહી નથી. મોટો દોષ અજ્ઞાનનો છે. તરવા માટે, મોક્ષે જવા માટે મનુષ્યભવ મળ્યો છે, તેની ખબર નથી. સ્વપ્નામાં પણ ખબર નથી. તરવાની ભાવના નથી.

રસગારવલુબ્ધતા મટાડવાની છે. મનને જીતવું હોય તેણે રસગારવ દોષ ત્યાગવો. એ દોષ હોય તો મન જિતાય નહીં. જીભનાં બે કામ છે. (૧) ખાવું અને (૨) વચન બોલવું. એ બે કામ છે.

કેવું વચન બોલવું? કૃપાળુદેવે લખ્યું છે કે હિત, મિત અને પ્રિય વચન બોલવું. અસત્ય વચન જાણીને તજવાનાં છે.

અસત્યના ચાર પ્રકાર છે. (૧) વસ્તુ હોય છતાં તેને 'નથી' કહેવી. (૨) વસ્તુ ન હોય અને છે એમ કહેવું. (૩) હોય કંઈ અને કહે કંઈ. (૪) પરમાર્થ જેમાં ન હોય એવું બડબડ અર્થ વગરનું બોલવું, તે પણ અસત્ય છે. જેનાથી પાપ બંધાય તેવાં વચન સમ્યગ્દૃષ્ટિ ન બોલે. આત્મા સિવાયની બધી કથાઓ વિકથાઓ છે. ધનકથામાં આખું જગત પડ્યું છે.

*

('પ્રભુશ્રીજીનો બોધ'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી– **''ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ;**
**વર્તે નહિ નિજ ભાનમાં, કર્તા કર્મ-પ્રભાવ.''**

સ્વભાવ પરિણતિનો કર્તા હોય ત્યાં સુધી હાનિ નથી. સત્સંગેય બહુ વાર કર્યો પણ બાકી રહ્યું છે કંઈ.

કૃપાળુદેવ ઈડર હતા ત્યારે પોતે પહાડની શિલા ઉપર બેઠા હતા, તે વખતે કહ્યું હતું કે આ ઉપર બેઠા તો દેખાય છે, નીચેવાળાને કંઈ એ સ્થાન દેખાય તેવું નથી.

મોક્ષમાર્ગ છે. મરણિયા થવાનું છે. ''સમીપમુક્તિગામી જીવને સહજ વિચારમાં તે સપ્રમાણ થવા યોગ્ય છે, પરમ નિશ્ચયરૂપ જણાવા યોગ્ય છે, તેનો સર્વ વિભાગે વિસ્તાર થઈ તેના આત્મામાં વિવેક થવા યોગ્ય છે.'' (૪૯૩) જે સમીપમુક્તિગામી છે તેને આ છ પદની શ્રદ્ધા છે. સમ્યક્ત્વ લાવવું પડશે. એમાં કંઈ ચાલવાનું નથી, પણ માન્યતા કરવાની છે. આત્મા સિવાય ક્યાંય દૃષ્ટિ રાખવા જેવી નથી. કર્મ પ્રત્યેથી વૃત્તિ અટકાવી ધર્મ પ્રત્યે વૃત્તિ કરવી. એટલું કરવાનું છે, તો ધર્માત્મા થઈ જાય. સમીપમુક્તિગામી થાય તો મોક્ષ એની પાસે આવે. પગ મૂકતાં પાપ છે, તેને બદલે પગ મૂકતાં અમૃત થાય. દૃષ્ટિ ન ફરે તો સમ્યક્ત્વ શાનું? દેહદૃષ્ટિ છૂટી આત્મદૃષ્ટિ થાય તો સમ્યક્ત્વ કહેવાય. સમકિતીને જડ અને ચેતન સેળભેળ ન થઈ જાય. વચ્ચે વજની ભીંત પડી છે, તેથી આ બાજુનું આ બાજુ અને પેલી બાજુનું પેલી બાજુ થઈ જાય. તૈયાર થઈ જવાનું છે. બધાય મરી જવાના છે. એક ધર્મ સાથે આવે છે. માયાથી રાજી ન થવું. આત્મા જાગશે ત્યારે કરશે.

**''જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ''** (હા.નોં. ૧-૧૪)

(ઉપર) ૧૪૯ શ્રીમદ્ રા.આ.અગાસ, કારતક સુદ ૩, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–આત્મહિત કરવું હોય તો ગમે તેટલું દુઃખ પડે, અપમાન થાય, ખર્ચ થાય, પણ આત્મહિત કરવું અને તે આ મનુષ્યભવમાં થાય એવું છે. કાગડા-કૂતરાના ભવમાં કંઈ થાય? મનુષ્યભવમાં શું કરવા જેવું છે તેનો વિચાર નથી. આ કળિકાળ કહેવાય છે. એમાંથી આપણે

બચવાનું છે, નહીં તો બુરા હાલ થાય. આત્માનું હિત કરવું હોય તો કંઈ સાંભળે ત્યારે થાય ને?

સુદૃષ્ટિતરંગિણી સદાચાર માટે બહુ ઉપયોગી છે. અગત્યના વિષયો એમાં લીધા છે. સારા-ખોટાની ખબર નથી. શી વલે થશે? તેની ખબર નથી. જ્ઞાનીને આશ્રયે ચાલે તો કામ થાય, નહીં તો ક્યાંય ખાડામાં પડી જાય. જીવ સ્વતંત્રતાને યોગ્ય નથી. શ્રદ્ધા મોટી વસ્તુ છે. કંઈક સમજાય તેટલા માટે સત્પુરુષોએ કહ્યું છે, પણ જીવ ઊંધું સમજે છે.

*

(બપોરના–૩-૦૦ વાગે, સભામાં, 'સુદૃષ્ટિતરંગિણી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–આત્માની વાત પડી મૂકી બીજી વાતોમાં રસ લે છે તે વિકથા છે. બીજાની નિંદા કરવી તે પણ વિકથા છે. એનું નામ પરપરિવાદ વિકથા છે. પાપથી છૂટવું હોય તો કેટલી સંભાળ રાખવાની જરૂર છે? જોતાં ઝેર છે, પગ મૂકતાં પાપ છે, માથે મરણ રહેલું છે.

સારું ખોટું બધું જાણવાનું છે, પછી ખોટું છોડવું અને સારું ગ્રહણ કરવું. પર જ્ઞેય તજવા યોગ્ય છે. અજીવ તો હેય છે જ, પણ પોતાના આત્મા સિવાય બધા બીજા જીવો છે તે પણ હેય છે. આત્મા એકલો જ ઉપાદેય છે. જ્ઞાની હેય નથી. જેની ઉપાસના કરવાની છે તે હેય નથી. અહીં મુખ્ય વસ્તુની વાત કહેવી છે. જે અપેક્ષાએ કહ્યું હોય તે અપેક્ષા સમજવી. અજીવ પદાર્થો બધા હેય છે. પુદ્ગલ પર છે. એના ગુણ પણ જુદા છે.

જે કરે તે ભોગવે. દીકરો કરે તો દીકરો ભોગવે, બાપ કરે તો બાપ ભોગવે. સર્વ જીવોની સત્તા જુદી જુદી છે. આખા જગતમાં ત્રણ ગતિમાં જીવો ઘણા છે, પણ મનુષ્ય ગતિમાં તો થોડા છે. અને તે પણ અઢી દ્વીપમાં જ છે. પૃથ્વી પાણી, વાયુ, અગ્નિ, વનસ્પતિમાં વધારે જીવો છે. સોયની અણીના આગલા ભાગ જેટલી જગાના સાધારણ વનસ્પતિકાયમાં અસંખ્યાતા શરીરો છે. અકેકા શરીરમાં અનંત જીવો છે. નિગોદી જીવોમાં કેટલા સૂક્ષ્મ જીવો હોય છે! એ જીવો આયુષ્ય પૂર્ણ થયે જ મરે.

(બપોરના-ઉપર) ૧૫૦ શ્રીમદ્ રા.આ.અગાસ, કારતક સુદ ૪, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–જે આપણે મોઢે કર્યું હોય તે વિચારવું, એને પાછું ફેરવવું. સત્સંગનો યોગ ન હોય ત્યારે મુખપાઠ કરેલું વિચારવું, તે સત્સંગ જેવું થાય. મુખપાઠ કર્યું હોય તો કામ આવે. એ પોતાનું ધન કહેવાય છે. પહેલાં ચૌદપૂર્વ મોઢે કરતા અને પછી ફેરવતા. ઘણીવાર ફેરવે ત્યારે વિચાર જાગે છે. સાધનો છે તે બગડતાં વાર ન લાગે. કાને સંભળાય નહીં, આંખે દેખાય નહીં એવું થઈ જાય. મોઢે કર્યું હોય તો કામ આવે.

મહાપુરુષો આખા જીવનના સારરૂપ કંઈક લખે છે. કૃપાળુદેવે બધા શાસ્ત્રોના સારરૂપ 'આત્મસિદ્ધિ' લખી. મહાપુરુષો બીજાને કામ આવે એવું કંઈક કરતા જાય છે.

એક વખતે એક મુમુક્ષુને તાવ આવ્યો ત્યારે પ્રભુશ્રીજીએ તેઓની પાસે સૂવા મને મોકલ્યો. હું

ત્યાં ગયો. તેમની પાસે એક નોટમાં 'સમાધિશતક' ઉતારેલું જોયું. તે મેં વાંચ્યું, તો સારું લાગ્યું અને તેમાંથી થોડીક ગાથાઓ ચૈત્યવંદન ચોવીશીના છેલ્લા બે પાને ઉતારી લીધી. સવારમાં પ્રભુશ્રીજીને તે ગાથાઓ બતાવી, પણ પેન્સિલથી લખેલું હોવાથી કંઈ ઊકલ્યું નહીં. પછી પ્રભુશ્રીજીએ મને 'સમાધિશતક' મોઢે કરવાની આજ્ઞા કરી. હું રોજ થોડું ગોખતો. તે વખતે મને બહુ ચઢે નહીં, એટલે થોડું થોડું ગોખતો. એક વખતે પ્રભુશ્રીજીએ કહ્યું કે 'સમાધિશતક' કર્યું ? મેં કહ્યું હા. ત્યારે પ્રભુશ્રીજીએ કહ્યું, બોલ. પછી મેં બોલવું શરૂ કર્યું પણ પાંચ ગાથા સુધી બોલીને અટકી ગયો. આગળ ચાલ્યો નહીં. પછી હું ફેરવતો. એમ કરતાં કરતાં મોઢે થયું. થોડાક દિવસ પછી એની સંસ્કૃત ટીકા પ્રભાચંદ્ર મુનિએ લખી છે તે મારા જોવામાં આવી અને હિન્દી ટીકા પણ મળી. મને એનાથી એ પુસ્તક સમજાયું.

ગાયકવાડ મહારાજા હતા. તેમને પાટણના ભંડારમાંથી 'સમાધિશતક' અને 'ષડ્દર્શનસમુચ્ચય' એ પુસ્તકો ભેટમાં મળ્યાં. મહારાજા તે લઈને આવ્યા અને કહ્યું કે જે કોઈ આ પુસ્તકની ગુજરાતી ટીકા લખશે તેને એક હજાર રૂપિયા ઇનામ આપવામાં આવશે. પછી મણિભાઈ નભુભાઈ કરીને એક પંડિત હતા. તેમણે આ બેય પુસ્તકોની ટીકા ગુજરાતી ભાષામાં કરી અને અભિપ્રાયાર્થે કૃપાળુદેવ પાસે મોકલી હતી.

પંડિત લાલન કહેતા હતા કે એક છોકરાએ 'સમાધિશતક'ની કોઈ એક ગાથાનો અર્થ પૂછ્યો. લાલને પૂછ્યું કે એ ગાથા શામાં છે ? છોકરાએ કહ્યું કે એ ગાથા 'સમાધિશતક'માં છે. લાલને કૃપાળુદેવને એનો અર્થ પૂછ્યો. કૃપાળુદેવે તે સમજાવ્યો અને કહ્યું કે એ ગાથા શામાં છે ? લાલને કહ્યું—'સમાધિશતક'માં છે. કૃપાળુદેવે કહ્યું, આ પુસ્તક ક્યાં મળશે ? પછી લાલને તે માટે તપાસ કરી. તપાસ કરતાં કરતાં પૂનામાં એક લાયબ્રેરી છે, ત્યાં એક મોટા પ્રિન્સિપાલ હતા. તે સંસ્કૃત ભણેલા હતા. ત્યાં લાલન ગયા. પણ તે વખતે વેકેશનના દિવસો હતા, તેથી પુસ્તક મળવાનું ન બન્યું. વેકેશનના દિવસો પૂરા થયા ત્યારે ફરીથી લાલન પૂના ગયા, ત્યારે પુસ્તક મળ્યું. કૃપાળુદેવને આપ્યું. કૃપાળુદેવે પછી થોડાંક પુસ્તકો મંગાવ્યાં અને મુનિઓને વાંચવા મોકલતા. પ્રભુશ્રીજીએ મુંબઈ ચોમાસું કર્યું હતું, ત્યારે એક દિવસે પ્રભુશ્રીજી કૃપાળુદેવની બેસવાની જે ઓરડી હતી ત્યાં જઈને બેઠા. કૃપાળુદેવના ટેબલ ઉપર પુસ્તકો પડ્યાં હતાં. તેમાંથી ભર્તૃહરિનું 'શ્રૃંગારશતક' પ્રભુશ્રીજીએ લીધું અને જોવા લાગ્યા. એટલામાં કૃપાળુદેવ આવ્યા અને પુસ્તક હાથમાંથી લઈ લીધું. 'સમાધિશતક' દઈને કહ્યું, આ તમારે વાંચવા જેવું છે. પ્રભુશ્રીજી પુસ્તક લઈને દાદરો ઊતરતા હતા ત્યારે કૃપાળુદેવે પાછા બોલાવ્યા અને પાછું પુસ્તક લીધું. પુસ્તકના પહેલા પાને, મુખપૃષ્ઠ ઉપર 'આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે'' લખી આપ્યું. પ્રભુશ્રીજીને થયું કે ગામડામાં રહીશું ત્યારે આ પુસ્તક વાંચીશું. આ ધમાલમાં તો વાંચવું ઠીક નથી. એમ કરી પુસ્તક બાંધીને મૂકી રાખ્યું. પછી કૃપાળુદેવે પૂછ્યું કે પુસ્તક વાંચ્યું ? પ્રભુશ્રીજીએ કહ્યું, બાંધી રાખ્યું છે. ગામડામાં જઈશું ત્યારે વાંચીશું. કૃપાળુદેવે પ્રભુશ્રીજીને 'एवं त्यक्त्वा बहिर्वाचं.' એટલા સુધીની સત્તર ગાથા સમજાવી હતી. પ્રભુશ્રીજી વાત કરતા કે કૃપાળુદેવની હાજરીમાં વાંચ્યું હોત તો ઘણો

લાભ થાત.

મુમુક્ષુ—'પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ' એ મંત્ર કૃપાળુદેવે કહેલો છે?

પૂજ્યશ્રી—કૃપાળુદેવે 'પરમગુરુ,' 'નિર્ગ્રંથ,' 'સર્વજ્ઞદેવ' એમ જુદા જુદા મંત્ર કહ્યા છે. તેનું પ્રભુશ્રીજીએ 'પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ' બધું એક કર્યું.

એક વખતે પ્રભુશ્રીજી લિફ્ટવાળી ઓરડીમાં સૂતા હતા. તે વખતે મને સેવામાં રહ્યાં થોડાક દિવસો થયા હતા. પ્રભુશ્રીજીએ કહ્યું, 'પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ' એમ બોલતાં બોલતાં સેવા કર. તે વખતે મને આ નવું જ કહ્યું હતું અને આટલો મોટો મંત્ર હોવાથી બરોબર આવડ્યું નહીં. પરમગુરુ સર્વજ્ઞદેવ એમ આડાઅવળી બોલાતું. પછી પ્રભુશ્રીજીએ સભામંડપમાં બોલવાનું કહેલું.

મુમુક્ષુ—'આત્મસિદ્ધિ' કૃપાળુદેવે પ્રભુશ્રીજીને વિચારવા મોકલી અને દેવકરણજીને તો બહુ ભાર મૂકીને લખ્યું હતું કે આટલું હોય તો વાંચવું. પ્રભુશ્રીજીએ તો બધાને 'આત્મસિદ્ધિ'ની આજ્ઞા કરી છે, એ કેમ?

પૂજ્યશ્રી—રોજ રોજ બોલશે તો કોઈક દિવસે વિચાર જાગશે. એથી બધાને આજ્ઞા કરી છે. જગતની મોહિનીમાં ખોટી થવાનું નથી. જગતની માયામાં ઘણો વખત ગયો. માથે મરણ છે. ખબર નથી પડતી કે કેવાં કર્મ બંધાય છે. દુઃખ આવે ત્યારે હાય હાય કરે છે. પ્રભુશ્રીજી મળ્યા ત્યારે લોકો કહેતા કે અમને આ મળ્યા છે, તેથી એ કરી આપશે; પણ પ્રભુશ્રીજી તો કહેતા કે કરશે તારો ભા. જીવ મોહ નીંદમાં ઊંઘે છે, પણ એને ખબર નથી. દુઃખનાં કારણો મેળવી સુખ માને છે. પરિગ્રહ પાપ છે તેમાં રાજી થાય છે. ક્યારે હું એ પરિગ્રહથી છૂટીશ? મારે એથી છૂટવું જ છે એમ કર્યા વિના મરણ સુધરશે નહીં. કાળ આવી ઊભો રહેશે. એક અક્ષર બોલે તેટલી વાર પણ કાળ ઊભો ન રહે.

"શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?" એ વારંવાર વિચારવું. શું કરવાથી આત્મા સુખી થાય? શું કરવાથી આત્મા દુઃખી થાય? એનો નિર્ણય કરી વર્તવું. પોતે પોતાનો શત્રુ થઈને વર્તે છે. તેને બદલે પોતે પોતાનો મિત્ર થવું હોય તોય થવાય. તે મનુષ્યભવમાં થવાય એવું છે. સારા નિમિત્તોમાં સારા ભાવ રહે, નહીં તો કંઈ ખબર ન રહે. જગતના તંબૂરા વાગતા હોય ત્યાં આત્મા ક્યાંથી સાંભરે?

*

(સાંજના-સભામાં, 'સુદૃષ્ટિતરંગિણી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—શાસ્ત્રો સાંભળીને વૈરાગ્ય કરવાનો છે. "સકળ જગત તે એઠવત્" કોઈની નિંદા કરવી, મશ્કરી કરવી વગેરે આત્માને કર્મ બંધાય તેવું કરે તે બધું માઠું છે. સમજીને મોહ ઓછો કરવાનો છે.

**"જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ"**

મોહ ઓછો થાય ત્યારે જાણ્યું કહેવાય. આ મનુષ્યભવ મળ્યો છે તે જેવો તેવો નથી!

મનુષ્યભવ દુર્લભ છે, શ્રદ્ધા દુર્લભ છે. સત્પુરુષનાં વચન સાંભળવાં દુર્લભ છે. ચારિત્ર એટલે સ્વરૂપમાં સ્થિર થવું એ તો બહુ દુર્લભ છે. પૂર્વે કંઈ દાનપુણ્ય કર્યું તેથી મનુષ્યભવ પામ્યો છે. હવે કરશે તો ફરી મનુષ્યભવ પામશે. જે અત્યારે કરતો નથી તેને ભવિષ્યમાં મળવાનું નથી. અત્યારે કરશે તો ભવિષ્યમાં પામશે. મરી જાય ત્યારે બાળી મૂકે છે. સ્મશાનમાં તો ભાઈઓ મૂકી આવે છે; પણ ધર્મ તો એને મૂકતો નથી, એ તો સાથે જ આવે છે. નાશવંત છે એમ જાણ્યું તો એના ઉપર મોહ શા માટે રાખવો? મોહ રાખે તો નાશવંત ન મનાય. નાશવંત છે એમ જાણ્યું અને તેમાં મોહ કરે પાછો, તો એ મૂર્ખાઈ છે. અજ્ઞાન મોહ કરાવે છે. એની મૂર્ખાઈ છે તે મોહ કરાવે છે. અજ્ઞાન અને મૂર્ખતા એક જ છે. જે નાશવંત છે તેમાં મોહ કરે છે તેમાં ઘણી મૂર્ખાઈ છે. મોહ કરે છે એ મૂર્ખાઈ છે. સંસાર અસાર છે એવું જાણે છે છતાં કેમ જીવ મોહ કરે છે? અસાર સંસાર છે તો તુચ્છ વસ્તુઓમાં મોહ શા માટે કરે છે? અસાર એને લાગ્યું નથી. સંસારમાં સુખ નથી. સુખ જોઈતું હોય તો મોક્ષમાં જ છે. કંઈ સારું નથી અને થવાનું નથી, એમ તેં જાણ્યું છે? એમ કહે છે; પણ

**"જાણ્યું તો તેનું ખરું, જે મોહે નવિ લેપાય;**
**સુખદુઃખ આવ્યે જીવને, હર્ષ-શોક નવિ થાય."**

"અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે." (૪૯૩) એ છ પદ ભણ્યો હોય તો અહંભાવ મમત્વભાવ ન થાય. જો થાય તો છ પદ ભણ્યો નથી. દેહ છે તે આપણાથી જુદો છે. આપણા સિવાય બધા જીવો પણ જુદા છે. પાપ-પુણ્ય પણ જુદા છે. "શું સ્વરૂપ છે મારું ખરું?" એક શુદ્ધ સ્વરૂપ આપણું છે. બીજું બધુંય જુદું છે. મારાપણું કરવું એ જ ખોટું છે. આત્માને મલિન કરે તે બધી અશુચિ છે. જગતમાં જે આત્માને મલિન કરે તે બધી અશુચિ છે. શાતા પણ ભોગવવાની છે અને અશાતા પણ ભોગવવાની છે, પણ ભોગવતાં આવડવી જોઈએ. પચીસ વર્ષની આજુબાજુની ઉંમર છે તે ગધ્ધાપચીસી જેવી છે. લક્ષ્મીમાં જો આસક્ત હોય તો એને જિંદગી સુધી છોડે નહીં.

પાંચ ઇન્દ્રિયના વિષય દવાથી કંઈ મટે નહીં. સામા વધે. સમજણ આવે તો એ મટે. જે જાણતો નથી તે ખોટી વસ્તુને સાચી માને છે. એ બધું અજ્ઞાન છે. વૈરાગ્ય થવા માટે પૃથ્વીકાય આદિ જીવોનું વર્ણન છે. સમ્યગ્દર્શન થયા પછી બે ગતિઓ જ રહે છે, મનુષ્ય અને દેવ. નરકમાં ન જાય. મનઃપર્યવજ્ઞાન પામેલા કેટલાય જીવો એકેન્દ્રિય નિગોદમાં પડ્યા છે. સમ્યક્ત્વ થયા વિના મનઃપર્યવજ્ઞાન ન થાય, પણ સમ્યક્ત્વ વમી જાય તો એટલો નીચો પણ પડી શકે છે, માટે ભડકતા રહેવાની જરૂર છે. આખા લોકમાં કાજળના કૂંપાની પેઠે જીવો ઠાંસી ઠાંસીને ભરેલા છે; આખો લોક ઘડાના પાણીની પેઠે ભરેલો છે. કોઈ જગ્યા ખાલી નથી. જે નિગોદી જીવો હજુ અનંતકાળથી બેઇન્દ્રિયી થયા નથી તે નિત્યનિગોદી છે અને જે જીવો એક વાર નિગોદમાંથી નીકળી ફરી નિગોદમાં ગયા હોય તે ઇતરનિગોદી છે. જન્મમરણનાં દુઃખ મોટા છે.

(સાંજના-સભામાં) ૧૫૧ શ્રીમદ્ રા.આ.અગાસ, કારતક સુદ ૬, સં.૨૦૦૯
('સુદૃષ્ટિતરંગિણી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—જીવ અહંભાવ મમત્વભાવમાં પડ્યો છે. તારું છે નહીં અને તારું માને છે. તે મુકાવવા જ્ઞાનીપુરુષો કહે છે.

આખા ઝાડમાં એક જીવ તે પ્રત્યેક વનસ્પતિકાય અને એક ઝાડમાં અનંત જીવો હોય તે સાધારણ વનસ્પતિકાય છે. વૈરાગ્ય થવા માટે આ બધી વાત કહી છે. આ મધ્યલોકમાં ૪૫ લાખ યોજન સુધી જ મનુષ્યો છે. મનુષ્યની ગણતરી આવે છે, એના ક્ષેત્રની ગણતરી આવે છે. મનુષ્ય થાય એવા ભાવ તો કોઈક વખતે ઉત્પન્ન થાય છે. જે સરળ હોય, મંદ કષાયી હોય, વ્રત અને સમ્યગ્દર્શનથી રહિત હોય તે મનુષ્ય થાય છે.

સમ્યગ્દૃષ્ટિને દેવનું આયુષ્ય બંધાઈ જાય છે. મનુષ્ય થવાય એવા ભાવ કોઈક જ વખત થાય છે. મનુષ્યભવમાં એવા ભાવ પાછા ટકવા બહુ મુશ્કેલ છે. સમ્યગ્દૃષ્ટિ મનુષ્યભવમાંથી દેવમાં જાય છે. જેવા ભાવ હોય તેવી ગતિ થાય. એક સાથે બધા સંથારો કરે તેથી કંઈ બધા મોક્ષે જાય એમ નથી. આખું જૈન દર્શન ભાવ ઉપર છે. મનુષ્યભવ થયા વિના મોક્ષ થાય નહીં. સૌ સૌના ભાવ ઉપર આધાર છે. સૌ સૌના ભાવ પ્રમાણે ગતિ થાય છે. વાતાવરણની કંઈક અસર થાય છે. ઝાડ નીચે આપણે કંઈક સારી વાત કરીએ તો એને પણ કંઈક અસર થાય છે. પ્રભુશ્રીજી કહેતા કે આ રાયણ તળે ભક્તિ કરીએ છીએ તે રાયણના જીવને પણ લાભ થાય છે.

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના, હેય-જ્ઞેયના, બધાના સમ્યગ્દૃષ્ટિ વિચાર કરે છે. કષાયી જીવો જેમાં રહેતા હોય તે ક્ષેત્ર કષાયી છે. ક્ષેત્રને બગાડનાર આ ક્રોધ-માન-માયા-લોભ કષાય છે. વિકારનાં સ્થાનો બધાં તજવાં યોગ્ય છે. મહાત્માઓને લઈને ક્ષેત્ર પણ પવિત્ર થાય છે અને કષાયી જીવોને લઈને ક્ષેત્ર પણ કષાયવાળું થાય છે.

તરાય તે તીર્થ. જ્યાં મહાત્માઓ રહેતા હોય અને જેથી તરાય તે તીર્થ. અસંખ્યાત પ્રદેશ આત્માના છે, તે આત્માનું ક્ષેત્ર છે. બીજાં ક્ષેત્ર તો હેય છે. શુદ્ધાત્માના પ્રદેશ છે તે ઉપાદેય છે. જ્યાં સિદ્ધ ભગવાન પુરુષાકારે રહ્યા છે તે જ નિશ્ચયથી ઉપાદેય છે.

પાપનાં કારણો ત્યાગવાં યોગ્ય છે. જે કાળમાં પાપના ભાવો છે તે કાળ હેય છે. પાંચમા અને છઠ્ઠા આરામાં બધી પાપની પ્રવૃત્તિ થાય છે, તે કાળ હેય છે. એવું સાંભળવાનું મળે તોય જીવ પાછો હઠે. આપણા ભાવ ન બગાડવા. મધ્યસ્થ રહેવું. સમ્યગ્દૃષ્ટિ સારા ભાવ જ કરે છે.

*

(ઉપર)

મુમુક્ષુ— **"કદી એકલો પામતો, વિવિધ અન્ન કે પાન;**
**સારું સારું ખાઈ લે, લાવે નીરસ માન."** (દશવૈકાલિક,અ.૫)

સારું સારું ખાઈ લે એટલે રસ્તામાં ખાઈ લે?

પૂજ્યશ્રી—હા. એક શિષ્ય ભિક્ષા લેવા માટે નગરમાં ગયો. ફરતો ફરતો કોઈ એક ગૃહસ્થને ઘેર ગયો. તે ગૃહસ્થે તેને ૩૨ વડાં વહોરાવ્યાં. ત્યાંથી તે ભિક્ષા સંપૂર્ણ મળવાથી ઉપાશ્રય ભણી આવતો હતો. રસ્તામાં એને ભૂખ લાગી. વડાં જોઈને ખાવાનું એને મન થઈ ગયું. તેથી તેમાંથી પહેલાં બે વડાં ખાધાં. થોડો આગળ ચાલ્યો, મનમાં એમ થયું કે બે બીજાં પણ ખાઈ લઉં, એમ કરતાં કરતાં ઉપાશ્રયની થોડો પાસે આવ્યો. ત્યાં એના મનમાં એમ થયું કે હવે ચાર વડાં રહ્યાં છે. બે તો ખાઈ લઉં બાકીનાં બે ગુરુની પાસે લઈ જઈશ. એમ કરીને બે ખાઈ ગયો. પછી ઉપાશ્રયમાં આવ્યો. ગુરુને બધી ભિક્ષા બતાવી. ગુરુએ બે વડાં જોઈને કહ્યું કે તને બે જ વડાં વહોરાવવાવાળો કોણ મળ્યો ? કે રસ્તામાં ખાઈ ગયો છે ? શિષ્યે કહ્યું, હા, ખાઈ ગયો છું. ગુરુએ કહ્યું, કેવી રીતે ખાઈ ગયો ? બે વડાં જે બાકી હતાં તે મોઢામાં નાંખીને કહ્યું કે આમ ખાધાં. ગુરુ હસ્યા.

મુમુક્ષુ—''નિર્મલ તાત્ત્વિક લોભ સમારી'' એટલે શું ?

પૂજ્યશ્રી—તાત્ત્વિક લોભ છે તે પણ સમારવાનો છે. તાત્ત્વિક લોભ એટલે શાસ્ત્ર નવાં નવાં ભણવાનો લોભ. જેમકે, કોઈ એક શાસ્ત્ર શીખતો હોય અને થોડુંક બાકી રહ્યું હોય, તો લો, હવે પૂરું કરી દઉં, બીજું કામ પછી કરીશું.

અકાળે સ્વાધ્યાય કરવા ન બેસવું.

મુમુક્ષુ—અકાળે શાસ્ત્ર ન વાંચવું ?

પૂજ્યશ્રી—આ તો આગમોને માટે નિયમ છે કે અમુક સૂત્ર અમુક કાળે વાંચવું ને અમુક કાળે ન વાંચવું. શાસ્ત્રો કેટલાંક કાલિક હોય છે અને કેટલાંક અકાલિક હોય છે.

મુમુક્ષુ—શાસ્ત્રો કાલિક અને અકાલિક હોય છે ?

પૂજ્યશ્રી—હા.

મુમુક્ષુ—અકાળે શાસ્ત્ર ભણવાની ના કહી, તેનું શું કારણ છે ?

પૂજ્યશ્રી—કેટલાક કાળ એવા છે કે તે વખતે શ્વાસોચ્છ્વાસ અશુદ્ધ આવે છે. તેથી મન સ્થિર રહેતું નથી. એનો અમુક કાળ છે કે બાર વાગે કે રાત્રે શાસ્ત્ર ન વાંચવું. એવા કંઈક કાળો શાસ્ત્રોમાં કહેલા છે.

મુમુક્ષુ—કાળે શાસ્ત્ર વાંચવાનું કહ્યું છે. તે વખતે મન સ્થિર ન હોય અને વાંચે તો ?

પૂજ્યશ્રી—વાંચી જવાનું નથી, પણ ઊંડા ઊતરવાનું છે. ''જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે.''

અકાળ વખતે શાસ્ત્ર ભણે તો વ્યંતર વગેરે પણ વિઘ્ન કરે. [૧](અહીં અકાળે સ્વાધ્યાય કરનાર મુનિનું દૃષ્ટાંત આપ્યું હતું). પડવાને દિવસે મુનિઓ વ્યાખ્યાન નથી આપતા. પણ હવે તો ઘણું રૂઢિ આધીન થઈ ગયું છે.

---

૧. પૃષ્ઠ. ૧૮૯

મુમુક્ષુ—"ધાર, થશે અપવર્ગ-ઉતારુ" એટલે શું?

પૂજ્યશ્રી—તું આ મનોરથને ધારણ કર તો અપવર્ગ એટલે મોક્ષનો ઉતારુ એટલે મુસાફર થઈશ. અપવર્ગ એટલે મોક્ષ. ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વર્ગ કહેવાય છે. એ ત્રણ વર્ગથી રહિત મોક્ષ છે.

(બપોરના) **૧૫૨** શ્રીમદ્ રા.આ.અગાસ, કારતક સુદ ૭, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—ઇચ્છારોધન તે તપ છે. જીભ જિતાય તો પાંચે ઇન્દ્રિયો જિતાય. દેહાધ્યાસ છોડવા માટે કાયક્લેશ તપ કરવાનું છે. આત્મા ન ભુલાય તે માટે તપ છે. સુખમાં આત્માને ભૂલી જાય છે તેથી આ તપ કરવાનું કહ્યું છે. આત્માની શુદ્ધિ કરવા માટે તપ છે.

(બપોરના-ઉપર) **૧૫૩** શ્રીમદ્ રા.આ.અગાસ, કારતક સુદ ૮, સં.૨૦૦૯

પૂજ્યશ્રી— **"શાસ્ત્ર ઘણાં મતિ થોડલી મનમોહન મેરે; શિષ્ટ કહે તે પ્રમાણ રે, મનમોહન મેરે;**
**સુયશ લહે એ ભાવથી, મનમોહન મેરે; ન કરે જૂઠ ડફાણ રે. મનમોહન મેરે."**

એ શું કહ્યું?

સમ્યગ્દર્શન ન થયું હોય તેમ છતાં બીજી દૃષ્ટિમાં આવે, ત્યારે એવું થાય કે શાસ્ત્ર ઘણાં છે અને મારી બુદ્ધિ તો અલ્પ છે. પોતાની મેળે કરે તેથી પામે નહીં, પણ એનો બીજો રસ્તો હોય છે.

**"શિષ્ટ કહે તે પ્રમાણ"**

બીજી દૃષ્ટિમાં આવે ત્યારે એવું હોય છે. બીજી દૃષ્ટિમાં સ્વચ્છંદ રોકાય છે અને એવું થાય છે.

પૂજ્યશ્રી—(એક મુમુક્ષુને ઉદ્દેશીને) શું શીખે છે?

મુમુક્ષુ—"પાર્શ્વનાથ પરમાત્માને નમસ્કાર" એ પત્ર શીખું છું. (૩૭)

પૂજ્યશ્રી—અહીંથી પૂછી ગયો હતો?

મુમુક્ષુ—ના.

પૂજ્યશ્રી—તારી મેળે જ કરવા માંડ્યો? કોઈ દવાખાનામાં ઘણી દવાઓની શીશીઓ પડી હોય, તેમાંથી સારી હોય, બાટલી સારી હોય, ઉપરનો કાગળ સારો હોય તે જોઈને પીએ તો શું થાય? તેવું આ છે.

કૃપાળુદેવનાં વચનો શીખવામાં નુકસાન નથી, પણ પોતાની મેળે જીવને લાભ ન થાય. બીજા બોલે છે, માટે લો હું પણ બોલું, એમ માન પોષાય. બહુ અઘરું છે જીવને.

**"શાસ્ત્ર ઘણાં મતિ થોડલી, શિષ્ટ કહે તે પ્રમાણ"**

એ સમજવું જીવને બહુ અઘરું છે. જ્યાં સુધી પૂછવાનું સાધન હોય ત્યાં સુધી પૂછીને કરવું.

*

(સાંજના-સભામાં, ‘સુદૃષ્ટિતરંગિણી’ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—પોતાનું જીવન વિચારીને પોતાના દોષો કાઢવા માટે આ બધું વાંચવાનું છે. ભણવાનું છે તે અભિમાન કરવા માટે નથી, પણ વિનય કરવા માટે ભણવાનું છે. જેમ ફળ આવવાથી ઝાડ નીચે નમે છે, તેમ જેમ જેમ ભણે તેમ તેમ વિનય ગુણ આવે. અભિમાન જાય તો ભણ્યો કહેવાય.

જ્ઞાનીપુરુષ કહે તે એને દૃઢ થઈ જાય તો પછી ભૂત, દેવ, વ્યંતર ગમે તે કહે, આત્મા નથી એમ કહે, પણ ના, જ્ઞાનીએ કહ્યું તે સાચું છે, એમ રહે તે દર્શન-વિનય છે. સાચી સમજણ કરવા માટે બધું કરવાનું છે. જગત બધું ખોટું છે.

સ્વાધ્યાયમાં એકાગ્રતા થાય છે. જો વિચારમાં ચોંટે તો આખા જગતને ભૂલી જવાય. માહાત્મ્ય જોઈએ. જ્ઞાનીપુરુષ પાસે જ હું બેઠો છું, એમ જાણીને સ્વાધ્યાય કરવો. ન સમજાતું હોય તો ગમે તો સ્ત્રી હો કે પુરુષ હો, ગમે તે હો, પણ ન સમજાય તો પૂછવું. શરમ ન રાખવી.

ગરજ નથી જીવને. ગરજ હોય તો જ્ઞાનીપુરુષે આ કહ્યું છે તે મને સમજાતું નથી, પણ તે મારે સમજવું છે એમ લાગે. પોતાની નિર્જરા અર્થે પ્રશ્ન પૂછવો. પોતાને નિર્જરા થાય તે માટે સમજવાની ભાવનાથી, આથી મને લાભ થશે એવા ભાવથી વિનય સહિત પ્રશ્ન પૂછવો જોઈએ.

કૃપાળુદેવે ‘મોક્ષમાળા’માં ‘ધર્મધ્યાન’ના પાઠમાં સ્વાધ્યાય અને ધર્મધ્યાનના સોળ ભેદ લખ્યા છે તે બધા શાસ્ત્રોનો સાર છે.

**‘‘સમજ સાર સંસારમેં, સમજુ ટાલે દોષ’’**

સમજણ કરવા માટે સ્વાધ્યાય કરવાનો છે.

જગત નાશવંત છે, અશાશ્વત છે, એમ સાંભળ્યું હોય તો વારંવાર તે વિચારવું. ‘હું અને મારું’ એ સંસાર છે. એકલો જન્મ્યો છે અને એકલો મરવાનો છે, એકલો જ ભોગવે છે. શરીરમાં રહેવું એ કંઈ જીવની શોભા નથી, આત્માની મહત્તા નથી. આ ગંદી વસ્તુમાં રહેવું પડે છે તે કર્મને લઈને છે.

‘દેહ તે હું’ એ છોડાવવા અશુચિ ભાવના કરવાનું કહે છે.

**‘‘ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન’’**

એવું થયું છે અને પાછો સવારથી સાંજ સુધી એને જ નવરાવવામાં, ખવડાવવામાં કાળ ગાળે છે. એથી મિથ્યાત્વ પોષાય છે. શરીર ઉપરથી ભાવ ઊઠે, તો જ આત્મા ઉપર ભાવ આવે; નહીં તો આત્મા દેખાય નહીં. આત્માને નોકર બનાવ્યો છે. શરીર ગંદું છે, તે રૂપ હું નથી એમ લાગશે ત્યારે આત્મા જુદો ભાસશે. બધા મહાપુરુષોએ દેહથી ભિન્ન આત્મા જાણવા માટે કહ્યું છે. તેને માટે આ અમે પણ કહીએ છીએ. જીવને વૈરાગ્ય આવે તો આ અમારો કહેલો ઉપાય સિદ્ધ થાય, એમ આચાર્ય કહે છે.

અવિરતિ, પ્રમાદ, વિષય, કષાય એ કર્મ આવવાનાં કારણ છે. કષાય ઘટે તો જીવનું કલ્યાણ થાય. જેટલા કષાય ઘટે તેટલી વીતરાગતા આવે. અકામ નિર્જરા તો બધા જીવોને થાય છે જ, પણ તપ આદિથી કર્મ ઉદયમાં આવીને ખરે તો મોક્ષના કામમાં આવે છે. સ્વભાવમાં રહેવું સહેલું છે, પરભાવમાં રહેવું દુર્લભ છે. સ્વભાવમાં બીજાં નિમિત્તની જરૂર નથી અને પરભાવમાં તો નિમિત્ત જોઈએ. આત્મા આત્મભાવમાં રહે તો ખેદ ન થાય. વિભાવમાં આવે ત્યારે દુઃખી થાય છે. ક્રોધમાં આવે ત્યારે દુઃખી થાય છે. સ્વભાવમાં નથી રહેવાતું એવી જીવને ટેવ પડી ગઈ છે. જેમ કોઈ દારૂડિયો દારૂ પીએ અને ટેવ પડી જવાથી દારૂ છોડવા માટેનો પુરુષાર્થ કરવો પડે છે. દારૂ નહીં પીતો હોય તો સારું છે.

સ્વપરનો ભેદ તેનું નામ ધ્યાન છે. સમ્યક્‌વ્રત અને મિથ્યાવ્રત, જાણવા યોગ્ય તો બન્નેય છે. કુવ્રત એ જ્ઞાનીપુરુષે કહેલાં નથી. ક્રોધ, માન, માયા, લોભ એને પોષવા વ્રત ન કરવાં. એને નાશ કરવા માટે કરવાનાં છે. નિયાણું કરતો હોય તો પાપ બાંધે છે. નિષ્કામ ભાવે તપ કરે તો ફળે, નહીં તો કુતપ છે. બધાંય શાસ્ત્રો સદ્‌ગુરુ દ્વારા સમજવાનાં કહ્યાં છે, નહીં તો પાપ બાંધે. સદ્‌ગુરુ હોય તો એના દોષ કઢાવી નાંખે.

(બપોરના—ઉપર) ૧૫૪ શ્રીમદ્‌ રા.આ.અગાસ, કારતક સુદ ૯, સં.૨૦૦૯

મુમુક્ષુ—પુસ્તક ફાટી ગયું હોય તો શું કરવું?

પૂજ્યશ્રી—એક પડીકું બાંધી સંગ્રહી રાખીએ. પુસ્તક તો શું, પણ કૃપાળુદેવ કૂંચી ઉપર એકડો બગડો એવા અક્ષર હોય, તો તે પણ દિશાએ જતા ત્યારે મૂકીને જતા. એ જ્ઞાનની સ્થાપના કહેવાય છે. આ વખતે તો કાળ એવો થયો છે કે જ્ઞાનને આવરણ કરે છે. પહેલાં કેટલી ગરજ હતી? કોઈ શાસ્ત્ર શીખવું હોય તો લાંબો વિહાર કરતાં કરતાં કોઈ પ્રસિદ્ધ મુનિ પાસે જતા અને શાસ્ત્ર લાવતા. પછી તેની પૂજા કરી મોઢે જ કરતા અને રોજ ફેરવતા અને હમણાં તો સામાન્યપણું થઈ ગયું છે.

*

(સાંજના—સભામાં)

પૂજ્યશ્રી—''બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા.'' (૭૬) બીજું શોધવા જાય તો ભૂલો પડે છે, છેતરાય છે.

(સવારના—સભામાં) ૧૫૫ શ્રીમદ્‌ રા.આ.અગાસ, કારતક સુદ ૧૦, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—પાપના વિકલ્પો રોકવા વ્રત કરવાનાં છે. સમભાવ રહે તો સુવ્રત છે.

'જેવા ભાવ તેવા પ્રભુ ફળે' વ્રતાદિ કરવાં તે આત્માને અર્થે કરવાં. લોકોને દેખાડવા ન કરવાં. પોતાના આત્માને અર્થે કરવાનાં છે. સદ્‌વ્રતો કરતો હોય તો તેની અસર બીજા ઉપર પણ પડે છે. સારી વસ્તુનો બધાય આદર કરે. ઉપવાસ કરે તો મારે આત્માને અર્થે કરવો છે એવો લક્ષ

જીવને રહેતો નથી. બીજા દિવસો કરતાં ઉપવાસના દિવસે જુદું પડવું જોઈએ. તે પ્રમાણે જીવ જુદો પડતો નથી. એક ન ખાય એટલું જ. એ જાણે છે હું ધર્મ કરું છું, વ્રત કરું છું અને ચિત્તવૃત્તિ તો ક્યાંય હોય છે.

**''લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;**
**ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન.''**

પોતાની વૃત્તિઓ જીવને છેતરે છે. એક વસ્તુ છોડે તો પાછી બીજી વસ્તુ વધારે ખાય. વૃત્તિનું સ્વરૂપ સમજી વૃત્તિ રોકે તો લાભ છે. જ્ઞાનીપુરુષનો કહેવાનો આશય બહુ ગંભીર છે. તે સમજવો બહુ મુશ્કેલ છે. જ્ઞાનીપુરુષનાં વચનો બહુ ગંભીર છે એ લક્ષ રાખવો. ''સત્પુરુષને વિષે, તેનાં વચનને વિષે, તે વચનના આશયને વિષે, પ્રીતિ ભક્તિ થાય નહીં ત્યાં સુધી આત્મવિચાર પણ જીવમાં ઉદય આવવા યોગ્ય નથી.'' (૫૨૨) ઉત્તરાધ્યયનમાં કથાઓ છે, પણ બહુ ગંભીર છે. સમજણ હોય તેટલું સમજાય. સત્‌નું ઓળખાણ સદ્‌ગુરુથી થાય છે. જ્યાં સત્ પ્રગટ થયું છે ત્યાંથી જ સત્ પ્રાપ્ત થાય છે.

**''ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય''**

વૈરાગ્ય વિના ગુરુ ઓળખાય નહીં. ઓળખાય તો ભક્તિ થાય. ખરી ભક્તિ તો ઓળખાણ છે. કેવળજ્ઞાની માને તેવું માનવું. એ મનાવનાર સદ્‌ગુરુ હશે તો મનાશે. ''બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા.'' (૭૬) એમ કહ્યું છે. અસદ્‌ગુરુ હોય ત્યાં સુધી એ અસત્ જ પોષે. જેમ જેમ અપૂર્વતા આવે તેમ તેમ આત્મા નિર્મળ થાય. દૃઢ શ્રદ્ધા થાય. ગુરુમાં સત્ છે. તેની ઓળખાણ કરવી. સત્પુરુષ ઓળખાય, તો સત્પુરુષ આખા જગતના શિષ્ય થઈને વર્તે છે તે સમજાય અને પછી હું તો અધમાધમ છું, એમ થાય.

**''જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ''**

કોઈને કહેવું પડે તો લોકોને દેખાડવા, રાજી કરવા ન કહેવું. અહંકારથી પણ ન કહેવું. ''ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે.'' (૮૧૯) બીજા કામોમાં વીર્યની જરૂર છે, એવી મોક્ષના કામમાં પણ વીર્યની જરૂર છે. શૂરવીર હોય તે લીધેલી વાત છોડે નહીં. પ્રાણ જાય તો પણ નિયમ તોડે નહીં. નિયમમાં છૂટ રાખી હોય અને કામ પડે તો જ્ઞાનીપુરુષને પૂછી, પછી તેઓ કહે તો વાપરે. નિયમમાં જે આગાર છે, તે વસ્તુઓ ભોગવવા માટે નથી. સત્‌પુરુષનો યોગ થયા પછી, તેમને ગુરુ તરીકે સ્વીકાર્યા પછી તેના પર જવાબદારી છે. સત્પુરુષ વગોવાય તેમ તે વર્તે નહીં. વર્તે તો એને કર્મ બંધાય.

ક્રોધથી, માનથી, માયાથી, લોભથી વ્રત કરવાં તે બધાં હેય છે. ધર્મ તો જીવને મોક્ષમાર્ગે ચઢાવે તે છે. મોક્ષમાર્ગમાં જે જે ક્રિયાઓ હોય, વ્રત વગેરે જે જે હોય તે કલ્યાણને માટે જ હોય છે. ભગવાને જે કહ્યું હોય તે બધું ધર્મ છે. એને માટે સદ્‌ગુરુ જોઈએ. આ હેય છે, આ કરવા યોગ્ય છે, એમ સદ્‌ગુરુ બતાવે છે. ગુરુ કહે કે કેવી દશા હોય તો ધર્મ કહેવાય? એ બધું સદ્‌ગુરુ પાસે

મળે છે. “ ‘સત્’ મળ્યા નથી, ‘સત્’ સુણ્યું નથી, અને ‘સત્’ શ્રદ્ધ્યું નથી અને એ મળ્યે, એ સુણ્યે, અને એ શ્રદ્ધ્યે જ છૂટવાની વાર્તાનો આત્માથી ભણકાર થશે.” (૧૬૬) સત્પુરુષ મળ્યા હોય તો લાગે કે

**“કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય?”**

એ ક્યારે જશે? એમ લાગે. મુમુક્ષુએ પોતાની મુમુક્ષુદશા પ્રાપ્ત કરી લેવી જોઈએ. લોકોને દેખાડવા કરવું નથી. સત્સંગથી મારા આત્માનું કલ્યાણ કરવું છે. મારા દોષ દેખી કાઢવા છે. એ માટે મારે સત્સંગ કરવો છે, એવો લક્ષ રાખવો. લોકોને દેખાડવા અર્થે નહીં. સત્સંગના યોગની વધારે ભાવના રાખવી. સત્સંગના વિયોગે પણ સત્સંગમાં જે બોધ સાંભળ્યો હોય તે વિચારવો.

*

(બપોરના—સભામાં, ‘સુદૃષ્ટિતરંગિણી’ વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—કુપાત્રને દાન આપે તો તેનું ફળ કુભોગભૂમિમાં જન્મ લેવાનું આવે, પણ છૂટવાનું કારણ ન થાય.

(બપોરના—ઉપર) **૧૫૬** શ્રીમદ્ રા.આ.અગાસ, કારતક સુદ ૧૧,સં. ૨૦૦૯

પૂજ્યશ્રી—આત્મા જાણ્યા વગર મોહ ઓછો ન થાય. કોઈ પણ પ્રકૃતિ ક્ષય ન થાય. મોહ જેટલો મંદ થાય તે તરવાનું સાધન છે. બધાં ગુણસ્થાનકો જેમ જેમ મોહ ઘટે છે તેમ તેમ વધે છે. એમ કહ્યું નથી કે અવધિજ્ઞાન થાય કે ફલાણું જ્ઞાન થાય ત્યારે ફલાણું ગુણસ્થાનક હોય. ભક્તિ વગરનું એકલું જ્ઞાન શા કામનું?

જગતના ભાવ ખાવુંપીવું, મોજશોખ ન ગમે ત્યારે ભગવાન ગમે. વૈરાગ્ય આવે ત્યારે મોહ ઓછો થાય. સમ્યગ્જ્ઞાન હોય તો સહેજે વૈરાગ્ય રહે. મિથ્યાત્વ હોય તો વૈરાગ્ય ઊલટો સંસાર વધારે. સમજ્યા તે શમાયા. કૃપાળુદેવને કેટલું જ્ઞાન હતું! પણ કોઈ જાણે નહીં. સમજે તે શમાય. વાતચીત કરવાનું એને ગમે નહીં. આત્મભાવ રાખે તો કર્મ ન બંધાય.

(સવારના—સભામાં) **૧૫૭** શ્રીમદ્ રા.આ.અગાસ, કારતક સુદ ૧૨, સં.૨૦૦૯

પૂજ્યશ્રી— **“કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ;**
**તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ.”**

બધામાં મોહનીય કર્મ મુખ્ય છે. મોહને જીતતાં જીતતાં બધાંય ગુણસ્થાન થયાં છે.

જ્ઞાનીની સમજણે સમજણ કરવાની છે. કશું કરતો નથી. જીવની પાસે અહંકાર કરવા જેવું કશું છે નહીં અને અહંકારમાં માથાં મારે છે. કંઈ વાંચતો હોય અને આવડતું ન હોય, તોય અહંકાર કરે. કોઈ દ્વેષ કરતો હોય તો તેના સામું દ્વેષ કરવાનું જીવને થઈ આવે છે. પ્રભુશ્રીજી કહેતા કે તારું ભૂંડું કરે તેનું ભલું કર. માર્ગ એવો છે કે કોઈનું ભૂંડું કરવું નહીં. આપણું કોઈ ભૂંડું ઇચ્છે તો

આપણે તેનું ભલું ઇચ્છવું. મોહ ઓળખાયો નથી તેથી તેનો સંગ કરે છે. મોહ છેતરે છે માટે ક્ષણે ક્ષણે ચેતવું એમ જ્ઞાનીપુરુષો કહે છે. મોહ હશે ત્યાં સુધી મોક્ષ નહીં થશે.

શરીર છે તે મોહની ખાણ છે. મોહમાં ડૂબી રહ્યો છે. અનાદિકાળથી મોહમાં ડૂબે છે. માટે ક્ષણે ક્ષણે એનાથી છૂટવું. કર્મથી જે મળ્યું તે આત્માથી જુદું છે. તેના ઉપર મોહ ન કરવો. મોહ કરે એ મમત્વ છે. દેહ પણ પોતાનો નથી તો પછી દેહથી પર છે તે તો પોતાનું ક્યાંથી હોય? સિદ્ધદશાની ભાવના કરવાની છે, સિદ્ધને યાદ કરવાના છે. સિદ્ધદશામાં મોહ નથી. એ માટે 'અપૂર્વ અવસર' પદ રચ્યું છે.

જેની સાથે રહે તે કુટુંબ છે. ક્રોધ, માન, માયા, લોભ એની સાથે રહે છે માટે એ પણ કુટુંબ છે. ''ગોકુળ ગાંવ કો પૈંડો હી ન્યારો.''

પોતાનું ખરું સ્વરૂપ છે તે ભૂલી ગયો છે. આત્મામાં રાગ-દ્વેષ, મારું-તારું કશું છે નહીં. ઈશ્વર બાંધે કે સ્વર્ગે કે નરકે લઈ જાય એમ નથી. કોઈ બાંધનાર નથી, કોઈ છોડાવનાર નથી. પોતાનો જ વાંક છે એટલું થાય તો એને કોઈ કહે તો દ્વેષ ન થાય. એ તો મારો વાંક છે, એમ લાગે. જેણે આત્મા પ્રગટ કર્યો છે તેનામાં વૃત્તિ જાય તો રાગ-દ્વેષ ન થાય. જ્ઞાનીપુરુષોમાં વૃત્તિ જાય તો રાગ-દ્વેષ ન થાય.

ઘરેણાં એ ભારરૂપ છે. ગીત એ વિલાપ જેવાં છે. અપ્રમત્તને ભય શો? મુનિઓ તો સદા અપ્રમત્ત રહે છે. તેમને ભય શાનો હોય?

મુમુક્ષુ—પ્રમાદ એટલે શું?

પૂજ્યશ્રી—પાંચ ઇન્દ્રિયના વિષયો, ચાર કષાય, ચાર વિકથા, સ્નેહ અને નિદ્રા એમ પંદર પ્રકારે પ્રમાદ છે.

**''આવી અપૂર્વ વૃત્તિ અહો, થશે અપ્રમત્ત યોગ રે;**
**કેવળ લગભગ ભૂમિકા, સ્પર્શીને દેહ વિયોગ રે.''**

એવી અપૂર્વ વૃત્તિ આવશે ત્યારે અપ્રમત્ત યોગ થશે. ચાલતાં કોઈ જીવ કચરાઈ જાય ત્યારે લાગે કે આ બિચારો કચરાઈ ગયો, પણ ક્ષણે ક્ષણે કર્મ બાંધીને આત્માને કચરે છે, તેની દયા નથી.

**''કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય?''**

કર્મનો ભાર છે તે લાગતો નથી. અપ્રમત્ત દશા ન આવે ત્યાં સુધી કર્મ બંધાય છે. ધર્મમાં ઉપયોગ હોય તો શુભ કર્મ બંધાય. ક્ષણે ક્ષણે આઠે કર્મ ઉદય આવે છે. એની વૃત્તિ ત્યાં ન જાય, સત્સંગ વગેરેમાં હોય તો કર્મ આવીને એમનાં એમ જતાં રહે.

માન રાખે તો ભટકે. પ્રભુશ્રીજી કહેતા કે ખા ગોદા.

(બપોરના—ઉપર) **૧૫૮** શ્રીમદ્ રા.આ.અગાસ, કારતક સુદ ૧૩, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—સંસારના રસથી તૃષ્ણા ન જાય. વૈરાગ્યથી જાય. પશુના ભવમાં પણ એને

આત્મજ્ઞાન થાય તો બધું થયું અને ત્યાગી મુનિ હોય, નવપૂર્વ ભણેલો હોય, તોય એ આત્મજ્ઞાન વિના અજ્ઞાની છે. તીર્થંકર પાસે પણ જીવ કોરો રહી ગયો છે.

મુમુક્ષુ—મોક્ષ એટલે શું?

પૂજ્યશ્રી—''મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા''

મિથ્યાત્વ જાય તેટલો મોક્ષ. આઠે કર્મથી મુકાય ત્યારે સંપૂર્ણ મોક્ષ. આત્મજ્ઞાન થાય તો આત્મા જ મોક્ષસ્વરૂપ છે. આત્મા જ મોક્ષ છે પણ જીવને ભાન નથી. ભ્રાંતિનું ફળ જગતમાં જન્મમરણ થાય.

**''આત્મભ્રાંતિ સમ રોગ નહિ''**

એ ભ્રાંતિ જાય તો મોક્ષ જ છે. અનાદિકાળથી જીવ છે. એ સુખ, દુઃખને જાણે છે, પણ જાણનારને અત્યારે આ જીવ જાણતો નથી.

**''ઘટ, પટ આદિ જાણ તું, તેથી તેને માન;<br>જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન?''**

અનાદિકાળથી પોતાને પોતાના આત્માનું ભાન નથી. મન પણ ત્યાં પહોંચી શકે એવું નથી. પુદ્‌ગલથી આત્મા જણાય એવો નથી. આત્મા મન, વચન અને કાયાથી જુદો છે. કલ્પનાથી આઘો છે. કલ્પના મૂકે તો સમજાય. એ કલ્પના મૂકવા સત્પુરુષને સેવવાનાં છે. સત્પુરુષને શરણે મન, વચન અને કાયા અર્પણ કરવાનાં છે. એ વિના પાંસરું પડે એવું નથી. આત્માનો સ્વભાવ જાણવાનો છે. એને આ જીવ ભૂલી જાય છે. એટલે જે કરવું છે તે ભૂલી જાય છે. એવું વિપરીતપણું ક્યાંથી આવ્યું? જ્ઞાનીપુરુષને આશ્ચર્ય લાગે છે. પોતાને ભૂલી કેમ જાય છે? એનું કારણ, ખરું જાણપણું નથી. પોતાને જાણતો નથી તો શું જાણ્યું? પારકી પંચાતમાં, પુદ્‌ગલમાં, ચાખવા, દેખવા, સૂંઘવા, સાંભળવા, સ્પર્શ કરવામાં જીવ પડ્યો છે. તેથી એને પોતાનું સ્વરૂપ જાણવાની નવરાશ નથી. જાણીને કર્યું શું? ભણ્યો પણ ગણ્યો નહીં. એ ભૂલ કેમ નીકળે? કોણ જાણે છે? [1]એને પકડે. જાણે છે તેને ભૂલે નહીં. એ છે તો બધું છે. એ કિંમતી વસ્તુ છે. એને જ્ઞાનીએ રત્ન કહ્યું છે. આત્મા ન હોય તો ખોખું છે. જાણનારો છે તેના પ્રત્યે વારંવાર ઉપયોગ જાય. એને અનાદિકાળથી ભૂલ્યો પણ હવે ભૂલવો નથી, એમ જો રહે તો એ ન્યૂનતા મટે અને તેથી ભૂલ મટે. જાણવાનો સ્વભાવ આત્માનો છે એ ભૂલવું નહીં. એ છે તો બીજાને દેખે છે. આત્માને ભૂલવો નથી એવો અભ્યાસ કરવો.

**''છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ'' મૂળ૦**

એ ભૂલવું નહીં. જ્ઞાનમાં ન્યૂનતા છે તેથી જીવ યથાર્થ જાણતો નથી. દેહ છે, વચન છે, મન છે અથવા જે પરવસ્તુ છે, તે બધાથી આત્મા ભિન્ન છે.

**''ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન,<br>પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન.''**

---

૧. આત્માને.

ઉપયોગી અને અવિનાશી આત્મા છે. એ ગુરુના વિશ્વાસથી જાણવો. જે જાણે છે તેને ભૂલવો નહીં. આત્મા ત્રણે કાળ રહે એવો છે. કલ્પનાથી આત્માને માનવો નથી. જેવો અધિકારી હોય તેને તેવું સાધન જ્ઞાની આપે. તે આરાધે અને તે જો મરતાં સુધી ટકાવી રાખે તો કામ થાય. [1]ભીલે જ્ઞાનીની નાની પણ આજ્ઞા આરાધી અને ઠેઠ મરતાં સુધી ટકાવી રાખી તો દેવ થયો, ત્યાંથી શ્રેણિક રાજા થયો, અનાથી મુનિ મળ્યા ત્યારે સમકિત પામ્યો અને ભગવાન મળ્યા ત્યારે તીર્થંકર ગોત્ર બાંધ્યું. તીર્થંકર થઈ ઘણા જીવોને તારી તે મોક્ષે જશે. થોડો પણ આંકડો ભરાયો તો બીજા ભવમાં પણ કામ થયું.

જ્ઞાનીનાં વચનો છે તે અવલંબન છે. જ્ઞાનીએ જે વચન આપ્યું તે સાધન છે. જેવું અધિકારીપણું હોય, તેવું તેનું ફળ ઉઠાવે. સાપ હતો એને જ્ઞાનીનું વચન મળ્યું તો ધરણેન્દ્ર થયો. સત્પુરુષના આશ્રયે સાધન કરે તો સાચું થાય, નહીં તો સાચું સાધન પણ એને અસત્ થાય. રામ રામ કહે; એક તુલસીદાસ પણ રામ રામ કહે અને એક બીજા પણ રામ રામ કહે, તેમાં મોટો ભેદ છે. સત્પુરુષે જે કંઈ કહ્યું તેથી લાભ થાય. 'મા રુષ; મા તુષ' એટલું કહ્યું અને તે પણ આડાઅવળી થઈ ગયું. પણ આંકડો ભરાયો તો 'માસ તુષ, માસ તુષ' કરતાં પણ કામ થયું. હું સમજું તે નહીં પણ જ્ઞાની જાણે તે સાચું. પોતાનો સ્વચ્છંદ રોકે તો કલ્યાણ થાય.

''રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ'' સ્વચ્છંદ પોષ્યા કરે તો સત્પુરુષ પણ શું કરે? યથાર્થ જાણપણું નથી પણ સત્પુરુષનો બોધ પરિણમે તો બધાય દોષો જાય. મોક્ષ શું? એ પ્રશ્ન હતો. તેના પર આ બધું કહ્યું. કર્મથી છૂટે તો મોક્ષ, એમ કહે તો કંઈ સમજાય નહીં. પણ વિશેષપણે કહે ત્યારે સમજાય છે. જ્ઞાનીની આજ્ઞાએ જ વર્તવું છે, એનામાં જ દેહ ગાળવો છે; તો સત્પુરુષનું વચન પરિણામ પામે. જ્ઞાનીની આજ્ઞા માટે જ જીવતો હોય તો થાય. એની આજ્ઞા છે, એ જ જીવન છે. બીજું બધું વોસિરે વોસિરે, એમ થાય તો મિથ્યાત્વ જાય અને જ્ઞાન થાય. જ્ઞાનીનાં વચનો પરિણામ પામે ત્યારે એ મિથ્યાત્વ, અંધારું જાય. જ્ઞાનીની આજ્ઞાનું આરાધન કરવું એ સહેલી વાત નથી, અઘરું છે. પરમાર્થ માર્ગ પામવો હોય તો આજ્ઞામાં એકતાન થવું પડશે. એ વિના બોધ પરિણામ પામે નહીં. પરમાર્થ માર્ગ પમાય નહીં. આજ્ઞામાં એકતાન થવું એ સહેલું નથી. પરમાર્થ માર્ગ પ્રાપ્ત કરવો હોય તો આજ્ઞામાં એકતાન થયા વિના પ્રાપ્ત ન થાય. તો તેનો શો ઉપાય કરવો? તે વિચારવાનું છે. કોઈ તો મંત્ર લઈને જાય અને પાછો આવેય નહીં અને કોઈને ચટકી લાગે તેથી અહીં આવ્યા વિના ગમે નહીં.

(બપોરના–ઉપર) ૧૫૯ શ્રીમદ્ રા.આ.અગાસ, કારતક સુદ ૧૪, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–શાંતિ જોઈતી હોય તો સહનશીલતા જોઈશે.

**''જીવની ઉત્પત્તિ અને રોગ, શોક, દુઃખ, મૃત્યુ,**
**દેહનો સ્વભાવ જીવ પદમાં જણાય છે.''**

દેહને થાય તે મને થયું એમ લાગે છે.

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૩૮૩

**"એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વભાવ,**
**જ્ઞાનીનાં વચન વડે દૂર થઈ જાય છે."**

ગજસુકુમાર જેવું થાય. આત્માની વાત છે. આત્માનું કરવું હોય તો વિકાર કાઢવા પડશે. વિકારનાં, બહારનાં, મનનાં કારણો દૂર કરવાં. તપાસે તો ખબર પડે. સત્પુરુષના સમાગમની ભાવના કરવી. કુટુંબીઓની સંભાળ કરવી પડે તો પૂર્વનું બાંધેલું કર્મ છે એમ ગણી વેઠપૂર્વક કરવી. જેને કંઈ સાધન ન મળ્યું હોય તે તો શું કરે ? ઊંઘે, ગપ્પાં મારે, ખાય, પણ જેને સ્મરણનું સાધન મળ્યું છે તે કરે તો સારું થાય. સંસારથી નિવૃત્તિ શોધવી. સંસાર કેમ નાશ પામે ? તેનો વિચાર કરવો. જે કામ કરવાનું છે, જેને માટે આપણે જન્મ્યા છીએ, તો ક્યાં સુધી આપણે આવ્યા છીએ તે વિચારવું. સમ્યગ્દર્શન ન થયું હોય તોય—

**"ધર્મ અર્થે ઇહાં પ્રાણનેજી, છાંડે પણ નહિ ધર્મ;**
**પ્રાણ અર્થે સંકટ પડેજી, જુઓ એ દૃષ્ટિનો મર્મ. મન૦"** (ચોથી દૃષ્ટિ)

ચોથી દૃષ્ટિમાં આવું થાય છે. પ્રાણ તો મળશે પણ ધર્મ ફરીથી મળશે નહીં. અમૂલ્ય વસ્તુ છે. ધર્મરાજાને પાઠશાળાએ ગયા ત્યારે 'સત્ય બોલવું' એ પહેલો પાઠ આપ્યો. તેઓ જ્યાં સુધી સત્ય બોલવાનો અભ્યાસ ન થયો ત્યાં સુધી પાઠશાળા ન ગયા, પંદર દિવસ સુધી ન ગયા. જ્યારે મારી જૂઠની ટેવ મટશે ત્યારે જ પાઠ શીખ્યો કહેવાઉં, એમ આચરણમાં મૂકતા હતા.

સારા નિમિત્તે સારું થાય. ખરાબ નિમિત્ત હોય તો ખરાબ થાય. આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન માઠી ગતિએ લઈ જાય. માટે એમાં ને એમાં ન તણાવું. શરીરને લઈને બધાં પાપ થાય છે. શરીરનું ઠેકાણું નથી, પણ આત્મદશા તો નિત્ય છે.

**"રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,**
**સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો."**

એવું કંઈક હૃદયમાં ચોંટે તો કંઈક આત્મસાધન થાય. મારું શું થશે ? મારી શી વલે થશે ? તેનો વિચાર આવતો નથી. સ્મરણ કરવાનું મૂકી પાપ બાંધે છે. ચૌમાસી પાખીનો દિવસ ખમાવવાનો છે. ખમાવ્યા પછી વેર ન રાખવું. ખમાવવું એ માટે કે હવે વેર નથી કરવું. પહેલાં થયું તે ખમાવવું. હવે જાણે આજથી જન્મ્યા હતા એવું કરવું.

**"દ્વેષ નહીં વળી અવરશું, એ ગુણ અંગ વિરાજે રે"** (પહેલી દૃષ્ટિ)

દ્વેષ પહેલો કાઢવાનો છે. 'આઠ યોગદૃષ્ટિ'ની પહેલી દૃષ્ટિમાં દ્વેષ જાય છે. જ્યારે ક્ષમાપનાનો પાઠ બોલે ત્યારે યાદ આવે કે 'હું બહુ પાપી છું' એવા બીજા પણ મારામાં ઘણા દોષો છે એમ થાય. તારા પ્રત્યે કોઈ દ્વેષ કરે, તોપણ તું કોઈ પ્રત્યે દ્વેષ કરીશ નહીં. એ અઘરું છે. તારું ભૂંડું કરે તો તેનું ભલું કર. એવી વાત સાંભળવા ક્યાંથી મળે !

**"જગત જીવ હૈ કર્માધીના"**

બધાય જીવો કર્માધીન છે. પોતાની સંભાળ પહેલાં લેવી, પરોપકાર પછી કરવો. જ્ઞાનીપુરુષો

કહે છે એવો સ્વભાવ થઈ જાય એવું કરવાનું છે. પોતાનું નહીં કર્યું તો રઝળવું પડશે. વિચાર કરી, મંથન કરી બધાનો સાર કાઢવો.

આત્માનું ખરું સ્વરૂપ જોવાનું છે. શરીર વગેરે બધું નાશવંત છે. પાંચ ઇન્દ્રિયોનો પુદ્‌ગલથી સંબંધ છે. વૈરાગ્ય આવે તો આત્માનું સ્વરૂપ દેખાય.

''સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે.'' (૧૨૮)

સત્સંગથી ધ્યાન ન ઓળખ્યું હોય અને ધ્યાન કરવા બેસે તો મન ક્યાંય તરંગમાં ચઢી જાય. ધ્યાન કરવાની ઇચ્છા હોય તો પ્રથમ ધ્યાન સમજવું જોઈએ. આત્મસ્વરૂપ ઓળખી અને બધા આત્માને સમાન દૃષ્ટિથી જોઈ, પછી ધ્યાન કરશો તો જે ધ્યાનની ઇચ્છા છે તે પૂરી થશે. કોઈના દોષ જોવા નથી. સમજણપૂર્વક ધ્યાન થાય તો શુક્લધ્યાન થાય એવું છે.

(સવારના–સભામાં) ૧૬૦ શ્રીમદ્ રા.આ.અગાસ, કારતક વદ ૧, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–પોતાના દોષો જોવા, દોષો કાઢવા. દોષો જાય તો ગુણ પ્રગટે. પોતાના ગુણો પ્રગટાવવા; બીજાના દોષો ન જોવા.

સંસાર હોય ત્યાં સુધી કર્મ જ હોય. સંસારમાં કર્મ જ દેખાય છે. પોતાના અવગુણ જોઈ ટાળવાના છે, ગોપવવાના નથી. ગુણની કમાણી કરવી. અવગુણની કમાણી કરવી નથી.

**''જે જે કારણ બંધનાં, તેહ બંધનો પંથ''**

પરમાર્થ જિજ્ઞાસા જોઈશે. બસો વર્ષ પહેલાંના જીવોમાં પરમાર્થની જિજ્ઞાસા હતી. એ જિજ્ઞાસા ઘસાતી ઘસાતી હમણાં તો કંઈ ન મળે.

દુઃખનું દુઃખ લાગતું નથી. વૈરાગ્યની ખામી છે. જ્ઞાનીપુરુષની આજ્ઞા આરાધવી.

**''નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહી''**

રોજ બોલીએ છીએ તો લક્ષ રાખવો. ક્યારે દેહ છૂટી જશે? ખબર નથી. શ્વાસ લીધેલો મુકાશે કે નહીં? માટે આત્માને ત્વરાથી આરાધવો. સહનશીલતાની સમાધિમરણમાં ખાસ જરૂર છે. એ હોય તો સમાધિમરણ થાય. એ ન હોય તો મરણ બગાડી નાંખે. કોઈ સેવા કરતું નથી, પાણી આપતા નથી, કોઈ પૂછવાય આવતું નથી, એવું થઈ જાય. તેથી અધોગતિ થાય. માટે સહનશીલતાની જરૂર છે.

પોતાનું મૂળ સ્વરૂપ શું છે, તેનો લક્ષ રાખવો. 'પોતાનામાં તપવું તે તપ.' જ્ઞાન-દર્શન-ચારિત્રમાં ટકવું તે તપ. આત્માના સ્વરૂપમાં રહેવું, એ જ ખરો પુરુષાર્થ અને એ જ તપ છે. પોતાની વૃત્તિ કેમ રહે છે, તે તપાસવું.

**''સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો''**

સુખ લેવા જતાં તો સુખ ટળે છે. પોતાના પ્રદેશરૂપે પોતાનું ભાન નથી, તેથી જીવ બીજે

વ્યાપે છે. કર્મ નચાવે છે. કર્મથી કીડીમાં જાય છે અને કર્મથી મનુષ્ય થાય છે.

*

(બપોરના—ઉપર)

પૂજ્યશ્રી—પરિગ્રહ છે તે પાપ છે. ધર્મ વસ્તુ છે તે પ્રાણ જતાં પણ ન છોડવી. નિયમ લીધો હોય તો જીવતાં સુધી પાળવો. જીવતાં સુધી પાળે તો ઘણો લાભ થાય. હરતાં-ફરતાં, ગાડીમાં કે ગમે ત્યાં મંત્રમાં ચિત્ત રાખવું. જેને સાધન નથી મળ્યું તે તો શું કરે ? પણ જેને સાધન મળ્યું છે તે ન વાપરે તો મૂર્ખો ગણાય. જ્ઞાનીની આજ્ઞા મળી તો એની પાછળ મંડી પડવું. ધર્મ અર્થે પ્રાણ પણ છોડી દેવા.

**"ધર્મ અર્થે ઇહાં પ્રાણનેજી, છાંડે પણ નહીં ધર્મ;**
**પ્રાણ અર્થે સંકટ પડેજી, જુઓ એ દૃષ્ટિનો મર્મ."**

દેહ તો ઘણી વખત મળ્યો પણ ધર્મ ન મળે, એવી દૃઢતા આવે ત્યારે સમ્યગ્દર્શન થાય. ત્યાગમાં આનંદ છે એવો ગ્રહણમાં આનંદ નથી.

(સવારના—સભામાં) ૧૬૧ શ્રીમદ્ રા.આ.અગાસ, કારતક વદ ૨, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—પડ્યો છે ત્યાંથી ઊભો થા. છૂટવાના કામીને પરમાત્માય બાંધતા નથી. જે છૂટવા તૈયાર થયો તેને કોઈ બાંધતું નથી. કૃપાળુદેવે રસ્તો બતાવ્યો તો તેની પકડ કરી આપણે વર્તવું.

**"જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;**
**ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ."**

ક્યાં કેમ વર્તવું ? કેમ બોલવું ? કેમ વિચારવું ? તે સમજુ જન વિચાર કરીને કરે છે. કહ્યું તેની પકડ થઈ તો 'મારે એની તલવાર' થાય. પકડાયું નથી જીવને. પ્રાણ જાય તો પણ મારે જ્ઞાનીની આજ્ઞાથી વિરુદ્ધ વર્તવું નથી, એવી દૃઢતાની જરૂર છે. સત્સંગ ન થાય તો ભલે, પણ કુસંગ તો કરવો જ નથી.

**"શું કરવાથી પોતે સુખી ? શું કરવાથી પોતે દુઃખી ?"**

એટલા બોલને હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં આરાધી રહે તો વિવેક પ્રગટે.

*

(સાંજના—સભામાં)

પૂજ્યશ્રી—શંકા હોય ત્યાં ભય હોય છે.

**"જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ"**

પોતાના સ્વરૂપનું ભાન થાય ત્યારે ખરો પ્રેમ આવે છે. પ્રેમ કહો, રુચિ કહો કે શ્રદ્ધાન કહો, તે સમકિત છે. પ્રેમ ન હોય, રુચિ ન હોય અને શ્રદ્ધાન ન હોય તો સમકિત શાનું હોય ? મોક્ષમાં ઇન્દ્રિયનાં સુખ હોય નહીં. જ્યાં ઇન્દ્રિયનાં સુખ છે ત્યાં મોક્ષ નથી.

(સવારના–સભામાં) ૧૬૨ શ્રીમદ્ રા.આ.અગાસ, કારતક વદ ૩, સં.૨૦૦૯

(દ્વાદશાનુપ્રેક્ષામાંથી 'અનિત્યભાવના'ના વાંચન પ્રસંગે)

**પૂજ્યશ્રી**–વૈરાગ્યપોષક બાર ભાવનાઓ છે. જગતમાં જીવ તાકી રહ્યો છે તેને રોકવા જ્ઞાનીપુરુષો કહે છે, જોતાં ઝેર છે. જુએ છે છતાં, પણ જીવ આંધળો જ છે. જે આંખથી છૂટવું હતું તેનાથી કર્મ બાંધે છે. તો પછી આંધળો જ કે? જ્યાં જુએ ત્યાં શત્રુ, મિત્ર જુએ છે. દેહનો દાસ, આત્માને કર્યો છે. સવારથી સાંજ સુધી દેહના જ વિચારો કરે છે અને એનું જ કામ કરે છે. તો દાસ જ છે ને?

**"શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?"**

પોતાને ભૂલીને કરે તો ક્યાંથી સુખ થાય? શરીર કૃતઘ્ની છે. સાચવીએ તો પણ વૃદ્ધાવસ્થા કે રોગ આવે, ત્યારે એ કહે કે હું નહીં ઊઠું. જગત આખું ભૂલમાં પડ્યું છે.

**"ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;**
**પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન."**

જ્ઞાનીને ભિન્ન લાગ્યો છે તેથી તેનાં કારણો સમજાવે છે. શરીર તો કૃતઘ્ની છે. એ એનો સ્વભાવ ભજ્યા વિના ન રહે. વધારે લાલનપાલન કરે તો એ વધારે દુઃખ આપે. બધાનો આધાર મન ઉપર છે. પોતાના શરીર પર રાગ કરે તો બીજાના શરીર પર પણ કરે.

*

(બપોરના–ઉપર)

**પૂજ્યશ્રી**–જેમ સ્વચ્છંદ રોકાશે તેમ આગળ વધાશે. બધી વસ્તુઓ છોડી એક પર આવવું. બધા વિકલ્પો છોડી 'હું કંઈ જાણતો નથી' એવું કરવું. જ્ઞાની જાણે છે. એની આજ્ઞા મળી તો બીજા વિકલ્પો ન કરવાં.

**"आणाए धम्मो, आणाए तवो"**

સાચી વસ્તુ મળી તો બીજા વિકલ્પો ન કરવા. 'મંત્ર' છે તે આત્મા જ મળ્યો છે, એમ માનવું. બીજા વિકલ્પો ન કરવા. જેટલું 'મંત્ર'માં રહેવાય તેટલું આત્મામાં જ રહેવાય છે. જડ, ચેતન એને જ્ઞાની જાણે છે. જ્યારે આવરણ ખસશે ત્યારે સમજાશે. ડાહ્યા થવું નથી. વધારે ડાહ્યો વધારે ખરડાય. 'મંત્ર' મળ્યો છે તે આખા જીવનનું ભાતું છે. 'મંત્ર' મળ્યો છે તેથી હવે દેહ છૂટી જાય તોય કંઈ વાંધો નથી.

(બપોરના–ઉપર) ૧૬૩ શ્રીમદ્ રા.આ.અગાસ, કારતક વદ ૪, સં.૨૦૦૯

**પૂજ્યશ્રી**–'પરિગ્રહ એ પાપનું મૂળ છે; પાપનો પિતા છે; અન્ય એકાદશવ્રતને મહા દોષ દે એવો એનો સ્વભાવ છે." (મો.માળા શિક્ષા. ૨૫)

બીજાં એકાદશ વ્રત એટલે અગિયાર વ્રત કયાં હશે? પાંચ અણુવ્રત છે. તેમાં (૧) પ્રાણાતિપાત

વિરમણ એટલે મોટી હિંસા ન કરે (૨) મોટું જૂઠું ન બોલે (૩) મોટી ચોરી ન કરે. સરકારની, રાજની કે જેથી શિક્ષા થાય એવી ચોરી ન કરે. (૪) પરસ્ત્રીનો ત્યાગ અને સ્ત્રીને પરપુરુષનો ત્યાગ અને (૫) પરિગ્રહ પરિમાણ વ્રત છે. એ પાંચમું વ્રત જો ન હોય તો બધા વ્રતોને તોડી નાંખે. પરિગ્રહ એ પાપનો બાપ છે.

ત્રણ ગુણવ્રત છે. જેથી ગુણની પ્રાપ્તિ થાય તે ગુણવ્રત કહેવાય છે. (૧) દિક્-પરિમાણવ્રત છે, એટલે અમુક દિશામાં એટલું જવું, એમ દશે દિશાઓમાં મર્યાદા કરે તે. (૨) ભોગોપભોગ પરિમાણ એટલે બધી વસ્તુઓની મર્યાદા કરવી. (૩) અનર્થદંડપરિત્યાગ એટલે નકામી નિંદા વગેરે ન કરે.

પછી ચાર શિક્ષાવ્રત છે. જેથી આપણને શીખવાનું મળે તે શિક્ષાવ્રત કહેવાય છે. (૧) સામાયિક (૨) દેશાવકાશિક (૩) પૌષધોપવાસ અને (૪) અતિથિસંવિભાગ એમ એ ચાર શિક્ષાવ્રતો છે. એ શીખેલો હોય તો મુનિ થાય ત્યારે કામ આવે. તેથી મુનિપણા સંબંધી શીખવા મળે છે, તેથી એ શિક્ષાવ્રતો કહેવાય છે.

અગિયાર વ્રતો હોય અને જો પરિગ્રહપરિમાણ ન હોય તો એકે વ્રત રહે નહીં. પછી એનાથી સામાયિક પણ ન થાય. પૈસા કમાવા છે, આખો દિવસ પૌષધમાં કોણ ખોટી થાય, એમ લાગે. મુનિને આહાર આપવાનું પણ એનાથી ન થાય. સાધુને કેમ દેવાય? સાધુ કેમ ખાઈ જાય, એમ લાગે. એવો આ પરિગ્રહ પાપનું મૂળ છે, પાપનો બાપ છે.

મુમુક્ષુ— **"સાવદ્ય સત્ય વદો નહીં, મિશ્ર તેમ જ અસત્ય;**
**બુધજનો જે ના વદે, પ્રજ્ઞને નહીં અગત્ય."** (દશવૈકાલિક,અ.૭)

એટલે શું?

પૂજ્યશ્રી—સાવદ્ય એટલે પાપવાળું વચન ન બોલે. જેથી જીવ દુભાય એવું ન બોલે. જેમ કાણાને કાણો કહે અને માને કે હું તો સાચું કહું છું ને? પણ સામાનો જીવ દુભાય છે, તેથી એ અસત્ય જ છે. જેમ આ બાજુ હરણાં ગયાં હોય અને કોઈ શિકારી તેની પાછળ દોડતો હોય; તે પૂછે કે હરણાં ક્યાં ગયાં છે? તમે કહો કે આ બાજુ ગયાં છે. તમે તો એમ માનો કે આ સત્ય છે, પણ હિંસા થાય તેથી અસત્ય જ છે. એવું વચન બોલવું નહીં. ઉતાવળી ચાલે ચાલવું એ અયત્ના છે.

(બપોરના—ઉપર) ૧૬૪ શ્રીમદ્ રા.આ.અગાસ, કારતક વદ ૫, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—જેટલું મોઢે કર્યું હોય તેટલું ફેરવીએ. ભૂલી ન જઈએ. પછી વખત મળે ત્યારે ગોખવું. થોડુંક શીખાય તો કંઈ વાંધો નથી, પણ વાંરવાર વિચારવું. મોઢે કરેલું જતું ન કરવું, ફેરવવું. પ્રમાદ ન કરવો. પૈસા કરતાં એમાં વધારે કાળજી રાખવી. આત્માનું ધન જ્ઞાન છે. જ્ઞાનથી મોહ દૂર થાય છે.

સત્પુરુષનું ચિત્રપટ હૃદયમાં દેખાયા કરતાં તેઓના ગુણોની સ્મૃતિ કરવી. એથી વધારે લાભ

છે. જગતના જીવો જે જુએ છે તેમાં આંધળા થઈ જાય છે. જ્ઞાનીપુરુષો આત્મા જુએ છે. અગત્યની વસ્તુ આત્મા છે. ગમે તો ઢેડ હોય, પણ આત્મા છે એ ન ભુલાય. જ્ઞાનીને બધાય જીવો સરખા ભાસે.

**"સર્વ જીવ છે સિદ્ધ સમ"**

સમભાવ છે. બાહ્ય ઉદય સિવાય બીજો ભાવ નથી. દેહાદિ સંયોગનો આત્યંતિક અભાવ થયો છે. ફરીથી 'હું દેહ છું' એમ કોઈ કાળે ન મનાય તે આત્યંતિક વિયોગ છે. સંસારભાવ બિલકુલ ન રહે એવું કરવાનું છે.

**"પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ; પરમપુરુષથી રાગતા"** (દે. ૧)

*

(સાંજના-સભામાં, 'સુદૃષ્ટિતરંગિણી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—સારા નિમિત્તે સારા ભાવ થાય છે અને ખોટા નિમિત્તે ખોટા ભાવ થાય છે અને તે જગતવાસી જીવોને થાય છે. નિમિત્ત તો સારું જ રાખવું. સારું નિમિત્ત હોય તો ઉપાદાન પણ સારું થાય.

પ્રભુશ્રીજી કહેતા કે સાંભળ સાંભળ કર ને! જેવો સંગ હોય તેવો જીવ થાય છે. માટે સારું નિમિત્ત ગોઠવવું. અશુભ નિમિત્તો છે તે ત્યાગવાં. સંસાર એ અશુભ નિમિત્તરૂપ અને અનંત કુસંગરૂપ છે.

શ્રી ઋષભદેવ ભગવાન ત્યાશી (૮૩) લાખ પૂર્વ ઘરમાં રહ્યા અને છતાં સંયમના ભાવ ન થયા. પછી ઇન્દ્રે જેનું આયુષ્ય ક્ષીણ થવા આવ્યું છે એવી કોઈ નીલાંજના નામની અપ્સરાને ભગવાનની સન્મુખ નાચ કરવા મોકલી. નાચતાં નાચતાં તેનું આયુષ્ય પૂરું થઈ ગયું, તેથી તે અપ્સરાનાં બધા પરમાણુ વીખરાઈ ગયા, પણ ઇન્દ્રે વિક્રિયાથી કોઈને ખબર ન પડે તેમ પાછી તેવી ને તેવી અપ્સરા દેખાડી. સભાસદોને ખબર ન પડી કે આ અપ્સરાનું મૃત્યુ થયું છે, પણ ઋષભદેવ ભગવાન અવધિજ્ઞાનવાળા હતા. તેથી ઉપયોગ દઈ જોયું તો મરેલી જાણી. તે જોઈને ભગવાનને વૈરાગ્ય ઉત્પન્ન થયો.

ઉપાદાન બળવાન હતું, છતાં નિમિત્ત સારું મળ્યું ત્યારે જાગ્યા. સારાં નિમિત્તોમાં રહેવું. સત્સંગ કરવો. ખોટાં નિમિત્તો ન મેળવવાં. ઉપાદાન કારણ બળવાન ન હોય અને ખોટા પુરુષોનો સંગ કરે તો ખોટો થઈ જાય છે.

(સવારના—ઉપર) ૧૬૫ શ્રીમદ્ રા.આ.અગાસ, માગસર સુદ ૨, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—મનથી, વચનથી, કાયાથી ભગવાનની આજ્ઞાએ વર્તે તો છૂટવાનું થાય. ભગવાનને રસ્તે ચાલે તો તે સારે રસ્તે દોરે.

*

(સાંજના—સભામાં)

પૂજ્યશ્રી—દુઃખની ખબર નથી અને તે ટાળવાની પણ ખબર નથી. લૌકિકમાં જે કરાય છે તેને ધર્મ માને છે. રસ્તો ઊંધો હોય તો ફળ તેવું જ આવે. જેવો સંગ કરે તેવું તેનું ફળ મળે. સાચી વસ્તુ હોય નહીં અને પછી તેની નકલ કરે, પણ નકલથી કામ થાય નહીં. કૂંચી ખોવાઈ ગઈ હોય અને પછી બીજી કૂંચી તે તાળાને લગાડે, પણ પેલી કૂંચી જેવી ન હોય તો તાળુ ઊઘડે નહીં. મનુષ્યભવ મળ્યો છે તો ધર્મ કરવો.

(બપોરના—ઉપર) ૧૬૬ શ્રીમદ્ રા.આ.અગાસ, માગસર સુદ ૮, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—સ્મરણની ટેવ પાડવી. કોઈ પણ પ્રકારે ઇચ્છા ઓછી કરવી.

**"હે જીવ! ક્યા ઇચ્છત હવે? હૈ ઇચ્છા દુઃખ મૂલ,**
**જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ."** (હા.નોં.૧-૧૨)

ઉકરડામાં રત્ન પડ્યું હોય તો સમજુ જન રત્ન પર દૃષ્ટિ કરે, પણ વિષ્ટા પર ન કરે. તેમ દેહરૂપી ઉકરડામાં આત્મારૂપી રત્ન છે તે પર દૃષ્ટિ કરવી. દેહ વિષ્ટારૂપ છે. જીવ, પુત્રાદિ પર મોહ કરે છે, કરાવે છે. તે સામાસામી ઝેર પીએ છે ને પાય છે. એવો ધંધો કરે છે.

મુમુક્ષુ—જીવને માતા પિતા હોય?

પૂજ્યશ્રી—ના હોય. જીવે પિતાપણું, પુત્રપણું માની માઠું કરવામાં મણા રાખી નથી. જીવે મંડ્યા રહેવું તો આઠ દિવસમાં પણ કામ થઈ શકે છે. [1]અંજનચોરે માળીને વિદ્યા સાધતો જોયો અને તેને પૂછ્યું કે તું શું કરે છે? તેણે કહ્યું કે આકાશગામિની વિદ્યાની સાધના કરું છું પણ હિંમત ચાલતી નથી, ડર લાગે છે. અંજને પૂછ્યું કે મંત્ર સાચો છે? ગપ્પા તો નથી? માળીએ કહ્યું, મેં મંત્ર આપનારને આકાશમાં ચાલતાં નજરે જોયો છે અને તે સાચેસાચું છે. અંજને રાજમહેલમાંથી જે હાર લાવ્યો હતો તે માળીને આપી ઉપર ચડ્યો. નીચે શસ્ત્ર, ભાલા વગેરે ખોસીને ડાળે દોરડાં બાંધી સીકા પર બેસી મંત્રનો જાપ કરી બધાં દોરડાં કાપી નાંખ્યાં કે વિદ્યાએ આવીને કહ્યું કે શું કામ છે? અંજને કહ્યું— જે આ મંત્રનો આપનાર છે તેની પાસે મને લઈ જા. વિદ્યાએ તેને વિમાનમાં બેસાડી જિનદત્તશેઠ મેરુ પર્વત ઉપર જ્યાં ચૈત્યાલયોની પૂજા કરતા હતા ત્યાં લાવીને ઊભો રાખ્યો. પછી એણે પણ શેઠની સાથે પૂજા કરી. એ પર્વત ઉપર કોઈ બે ચારણ મુનિઓ આવેલા હતા. તેમની પાસે એ બન્ને ગયા અને ધર્મોપદેશ સાંભળી વૈરાગ્ય પામી દીક્ષા લીધી. અંજનચોરનું આયુષ્ય થોડું જ હતું તેથી તેણે અનશન ગ્રહણ કર્યું અને બધા કર્મ ખપાવી મોક્ષે જતો રહ્યો.

વિચાર બહુ કરવો. દિવસમાં પા કલાક પણ વિચાર કરવો. દિવસમાં ગમે તે વખતમાં એકાંતમાં બેસી વિચાર કરવો. 'સ્મરણ'ની ટેવ રાખવી. હરતાં ફરતાં સ્મરણ કરવું. સમાધિમરણ કરવું હોય તેણે રોમેરોમે પરમ પ્રેમ કરવાનો છે.

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પ્રવેશિકા શિક્ષાપાઠ ૨૮ તથા ૨૯.

"પર પ્રેમ પ્રવાહ બઢૈ પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં"

રોજ બોલીએ છીએ પણ પરમ પ્રેમ કેવો હશે? કેવો કરવાનો છે? તે ઉપર એક દૃષ્ટાંત છે. વૈષ્ણવનું છે, પણ સમજવા જેવું છે.

અર્જુન એક વખતે દ્વારિકામાં આવ્યા હતા. કૃષ્ણની બહેન સુભદ્રા હતી, તેની સાથે એ પરણ્યા અને ત્યાં રહેવા લાગ્યા. શ્રીકૃષ્ણ તો રોજ ખાધું ન ખાધું કરીને અર્જુન પાસે જઈને બેસે. રાણીઓએ વિચાર કર્યો કે અર્જુન આવ્યા પછી આપણા ઉપર એમનો પ્રેમ ઓછો થઈ ગયો છે. આખો દિવસ ત્યાં જઈને શું કરે છે, તે જોવું. શ્રી અર્જુન વનક્રીડા કરી ઘેર આવ્યા. સ્નાન કરી, થાક લાગેલો હતો તેથી થોડીવાર માટે સૂઈ ગયા, તેથી ઊંઘ આવી ગઈ. શ્રીકૃષ્ણ અને સુભદ્રા બન્ને બેઠા બેઠા અર્જુનના વાળ ભીના થઈ ગયા હતા તે કોરા કરતા હતા. એટલામાં ત્યાં રુક્મિણી આવી. કૃષ્ણે તેને જોઈને ઇશારાથી કહ્યું– બેસ, તું પણ વાળ કોરા કર. પછી રુક્મિણી વાળ કોરા કરવા બેઠી. શ્રીકૃષ્ણે વાળ કોરા થયા કે કેમ તે જોવા માટે વાળ પોતાના ગાલે અડાડ્યા અને રુક્મિણીને ઇશારાથી કહ્યું, 'તું પણ આમ કર.' રુક્મિણી વાળ કાનની પાસે જરાક લાવ્યાં તો એકેક તારમાંથી કૃષ્ણ, કૃષ્ણ એવો શબ્દ થતો સાંભળ્યો. શ્રીકૃષ્ણે કહ્યું કે અર્જુન વનમાં જાય કે નગરમાં જાય પણ એનું ચિત્ત મારામાં જ છે. ઊંઘમાં પણ એને એ જ છે, ભુલાતું નથી.

એવો કૃપાળુદેવ પર પરમપ્રેમ કરવાનો છે. રોમેરોમે કૃપાળુદેવ સાંભરે એવું કરવાનું છે, ભુલાય નહીં એવું કરવાનું છે. રોમે રોમે ભક્તિ કરવાની છે. અભ્યાસ કરે તો બધું થાય છે. ભગવાન વગર આપણને ગમે નહીં, એવું કરવાનું છે. સ્મરણમાં વારંવાર ચિત્ત રાખવું. જગતમાં કોઈ વસ્તુ આપણે કામની નથી. સ્મરણમાં રહેવું. કોઈક વખત વાંચવું, કોઈક વખત વિચારવું, કોઈક વખત ગોખવું એમ ભગવાન વિના ગમે નહીં, એવું કરવાનું છે.

૧૬૭ શ્રીમદ્ રા.આ.અગાસ, માગસર વદ ૭, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–કોઈ પુણ્યનો ઉદય થાય ત્યારે સત્સંગનો યોગ થાય છે. દુર્લભમાં દુર્લભ વસ્તુ સમકિત છે. આ દેખાય છે તે માયા છે. મનુષ્યભવ બહુ દુર્લભ છે. પ્રમાદ ન કરવો. હરતાં ફરતાં જ્ઞાનીની આજ્ઞામાં પ્રવર્તાય તો લાભ થાય. આ જીવ રઝળતો રઝળતો ક્યાંથી અહીં આવ્યો છે? સત્પુરુષની ભક્તિ એ બહુ દુર્લભ વસ્તુ છે. પીંપળપાન જેવું આ મન છે, ફડ-ફડ થયા જ કરે છે. કોઈ સત્પુરુષનો યોગ થાય અને જેનું મન અડોલ છે એવામાં વૃત્તિ જાય તો મન સ્થિર થાય. એ એકદમ ન થાય, ક્રમે ક્રમે થાય છે. સત્સંગે જીવને લાભ થાય છે. સત્સંગના યોગે કલ્પનાઓ બેસી જાય છે. સત્સંગે સાંભળવાનું મળે છે. જે બનવાનું હોય તે બને. ચિંતા કરે તો ઊલટું બીજું બગાડે.

*

(સાંજના–સભામાં)

પૂજ્યશ્રી–બધાનું કારણ ભાવ છે. જેવા જેવા ભાવ કર્યા હોય તેવાં તેવાં કર્મ બંધાય અને

તેવાં તેવાં તેનાં ફળ થાય છે. સુખ દીધું હોય તો સુખ મળે અને દુઃખ દીધું હોય તો દુઃખ મળે.

**“સુખ દીયે સુખ હોત હૈ, દુઃખ દીધાં દુઃખ હોય;**
**આપ હણે નહિ અવરકું, (તો) અપને હણે ન કોય.”** (બૃહદ્ આલોચના)

(સભામાં) ૧૬૮ શ્રીમદ્ રા.આ.અગાસ, માગસર વદ ૮, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—ભગવાન જિન આખા જગતને છોડી, એક આત્મામાં શમાયા છે. મનુષ્યભવમાં ફરી શકાય છે. સત્સંગે જીવ ફરી જાય છે. ધર્મના સંસ્કાર હોય તો ધર્માત્મા થાય. સમ્યક્દૃષ્ટિને જોઈને અનુમોદના કરી હોય તો સમ્યક્દર્શન થાય. સારાનું સારું ફળ અને ખોટાનું ખોટું ફળ થાય છે. ધર્મ પામવા વિશાળબુદ્ધિ જોઈએ. કરવું, કરાવવું અને અનુમોદવું એમ ત્રણ પ્રકારે ધર્મ થાય છે. જેવી સમજણ હશે તેવું ફળ થશે. સુખ જોઈતું હોય તો બીજાને સુખ આપવું. સૌએ સમજીને કરવાનું છે. ખરું સુખ તો ત્યાગ-વૈરાગ્યમાં છે અને એ જ ઇચ્છવા જેવું છે. એ સત્સંગથી મળે અને સત્સંગથી જ બધું થાય છે. જીવ સમજતો નથી. ક્રોધને લઈને બીજાને ડરાવે તો બીજા ભવમાં એને ભયની પ્રકૃતિ થાય. આગલા ભવમાં જેવું કર્યું હોય તેવું આ ભવમાં સૂઝે છે.

(સાંજના—સભામાં) ૧૬૯ શ્રીમદ્ રા.આ.અગાસ, માગસર વદ ૯, સં.૨૦૦૯
(‘સુદૃષ્ટિતરંગિણી’ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—જીવ માનને માટે મરી જાય છે. લડાઈમાં મરે છે, તે માનને અર્થે જ ને? ધર્મ પામવો બહુ દુર્લભ છે. કંઈ ધર્મ કરવા જાય તો કષાયથી વચ્ચે લુંટાઈ જાય છે.

(સવારના—સભામાં) ૧૭૦ શ્રીમદ્ રા.આ.અગાસ, માગસર વદ ૧૦, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—આજે કેટલા સત્પુરુષોનો સમાગમ થયો? આજે નવું શું સાંભળવા મળ્યું? આજે કેટલું વાંચ્યું, તેમાં શું આવ્યું? એનો વિચાર ઉત્તમ ગૃહસ્થ હોય તે કરે છે. ઉત્તમ ગૃહસ્થ કોને કહેવાય? તે ઉપર કૃપાળુદેવે ‘મોક્ષમાળા’માં શિક્ષાપાઠ ૧૨મો લખ્યો છે. ભગવાને બે પ્રકારના ધર્મ કહ્યા છે— (૧) ગૃહસ્થધર્મ અને (૨) મુનિધર્મ. મુનિધર્મ ન પળાય જેનાથી, તે ગૃહસ્થધર્મને આરાધે છે. મોહના સુખથી જે મુઝાય અને મોક્ષના માર્ગમાં પ્રવર્તે તે મુમુક્ષુ છે, અને ક્ષણેક્ષણે અનન્ય પ્રેમે મોક્ષના માર્ગમાં પ્રવર્તે તે તીવ્ર મુમુક્ષુ છે. પારકી પંચાત તેને છુટી જાય છે.

*

(સાંજના—સભામાં)

પૂજ્યશ્રી—ક્ષણે ક્ષણે જે ભાવ થયા કરે છે તેનું ફળ આવશે, માટે સારા નિમિત્તોનો લક્ષ રાખવો. સાંભળવાનો હેતુ એ જ છે. પુણ્ય અને પાપ બન્નેથી નિવૃત્ત થશે ત્યારે મોક્ષ થશે. સારા નિમિત્તોમાં રહેવું, નહીં તો મન ક્યાંય જતું રહે એવું છે. પ્રમાદથી હિંસા થાય છે. જે આત્મઉપયોગમાં વર્તે છે તેનાથી હિંસા થતી નથી. છૂટવાનો ભાવ જાગે કે મારે છૂટવું છે, ત્યારે પાપથી ડરે. હિંસા છોડવા તૈયાર થાય તો પછી છોડતાં છોડતાં મુનિપણું આવે, પછી છકાયની દયા પળાય.

*

પૂજ્યશ્રી–ભગવાનની બધી અવસ્થાઓ પૂજ્ય છે. ''તેનાં મન, વચન, કાયાની પ્રત્યેક ચેષ્ટાનાં અદ્‌ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવાં.'' (૧૭૨) આપણું ખરું સ્વરૂપ કયું છે? તે પોતાની મેળે ન સમજાય. સાંભળે તો ભાવ થાય. ભગવાનનું જેવું નિરાવરણ સ્વરૂપ છે તેવું જ આપણું ખરું સ્વરૂપ છે. તે પ્રગટ થવા માટે બધાં શાસ્ત્રો કહ્યાં છે.

**''જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ;**
**લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ.''** (૯૫૪)

ભગવાનનું માહાત્મ્ય જીવને નથી.

**''અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;**
**અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ.''**

ભગવાનનું સ્વરૂપ સાંભળીને માહાત્મ્ય લાગે કે અહો! મારી કલ્પનામાં ન આવે એવું સ્વરૂપ ભગવાને પ્રાપ્ત કર્યું છે. આ જીવ પોતાને સ્ત્રી, પુત્ર, પુરુષ, ધનવાન, ગરીબ, નપુંસક, બ્રાહ્મણ, વાણિયો એમ માને છે; પણ પોતાનું ખરું સ્વરૂપ તો ભગવાનનું જેવું નિરાવરણ સ્વરૂપ છે, તેવું જ છે. તેને આ જીવ જાણતો નથી. જગતમાં બીજી વાતો સાંભળવા મળે પણ ભક્તિની વાત, શાસ્ત્રની વાત સાંભળવા મળતી નથી. નામનિક્ષેપ વગેરે ચાર નિક્ષેપો તે વસ્તુ ઓળખવાના પ્રકાર છે. નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ એ ચાર નિક્ષેપો છે. ખરું સ્વરૂપ ભાવનિક્ષેપ છે. સમજણની જરૂર છે. કોઈ કાવ્ય આપણે બોલીએ તે વખતે તેનો અર્થ સમજાય તો વિશેષભાવ આવે. ભગવાનની ભક્તિ કરવાની છે. ભગવાનની ભક્તિનું માહાત્મ્ય સમજાય તો ભક્તિ જાગે. ભગવાનની ભક્તિ કલ્પવૃક્ષ છે. ભક્તિ કરે તો પુણ્ય બાંધે અને પુણ્ય બાંધે તેથી મનવાંછિત ફળ મળે છે. જે જે ઇચ્છે તે તે મળે. ભક્તિને કલ્પવૃક્ષ જેવી સમજો. ભક્તિથી મુક્તિ થાય. ભક્તિ હોય તો મુક્તિને તાણી લાવે. પરાણે મુક્તિ મળે. ''ભજીને ભગવંત ભવંત લહો'' એમ કહ્યું છે. તે સ્વરૂપ પ્રગટ્યા વિના તો મોક્ષ થાય નહીં, માટે ભક્તિથી પોતાનું સ્વરૂપ પ્રગટે છે. સંસારથી બળ્યો જળ્યો ભક્તિમાં બેસે તો ઠરે. વગર પૈસા ખર્ચ્યે ભક્તિથી નિર્જરા થાય. જીવને સમયે સમયે કર્મ બંધાય છે, તે સમયે સમયે ઉદય આવે છે. અશુભ કર્મ પણ સમયે સમયે ઉદય આવે, પણ ભગવાનની ભક્તિમાં લક્ષ હોય તો રસ આપ્યા વિના ચાલ્યાં જાય. સંસારનો રોગ છૂટી સમભાવ થાય. ભક્તિથી ભગવાનના નિઃસ્પૃહ ભાવ સમજાય છે. આપણને પણ ભક્તિ કરવાથી એવા ભાવ થઈ જાય. જેથી જીવ ડરે છે, તે બધાય ભય ભક્તિથી છૂટી જાય. ભક્તિમાં રહે તો અધોગતિમાં જાય એવાં કર્મ ન બંધાય. ભગવાનની ભક્તિ એ ભગવાન થવાનું કારણ છે. અશુભ છોડી શુભભાવમાં આવે તો પછી શુદ્ધભાવમાં આવે. ભક્તિ કરી કશુ ઇચ્છવા જેવું નથી. વગર ઇચ્છે મળે છે.

*

પૂજ્યશ્રી–અવિરતિ સમ્યગ્દૃષ્ટિ અને શ્રાવકમાં ફેર છે. આમ સામાન્યપણે તો અવિરતિ સમ્યગ્દૃષ્ટિ પણ શ્રાવક કહેવાય, પણ એને વ્રત નથી. જેમ શ્રેણિક રાજા હતા તેમને સમ્યક્ત્વ હતું,

પણ વ્રત નહોતું, તેથી અવિરતિ સમ્યગ્દૃષ્ટિ કહેવાતા. કૃપાળુદેવે લખ્યું છે કે ‘‘કોણ ભાગ્યશાળી? અવિરતિ સમ્યગ્દૃષ્ટિ કે વિરતિ?’’ (૨૧-૧૨૫)

આ બધું સાંભળીને વૈરાગ્ય કરવાનો છે. વિકાર કાઢવાના છે. વિકાર કાઢવા છે એવા ભાવ કરવા. પણ મને તો વિકાર નથી, મારા તો સારા સંસ્કાર છે, એમ કરવા જેવું નથી.

(સવારના) ૧૭૧ શ્રીમદ્ રા.આ.અગાસ, માગસર વદ ૧૧, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—સ્મરણનો અભ્યાસ વધારવો. મોઢે કર્યું હોય, તે રોજ ફેરવીએ અને પછી વિચારીએ, નહીં તો સમજાય નહીં. ‘‘મૂળમાર્ગ’’ બોલીએ ત્યારે વિચાર કરવો કે સમ્યગ્દર્શન કોને કહ્યું? સમ્યક્જ્ઞાન કોને કહ્યું? સમ્યક્ચારિત્ર શાને કહ્યું? એમ બધાનો વિચાર કરવો, તો આપણને સમજાય. સમજ્યા પછી ભાવના કરવાની છે કે મને સમ્યક્દર્શન ક્યારે પ્રાપ્ત થશે? સમ્યક્જ્ઞાન ક્યારે પ્રાપ્ત થશે? સમ્યક્ચારિત્ર ક્યારે પ્રાપ્ત થશે? એવી ભાવના કરવી. એમ શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવાનું છે.

મુમુક્ષુ—પ્રભુ! વાંચીએ ત્યારે મનન કરવાનું નથી થતું, એનું શું કારણ છે?

પૂજ્યશ્રી—ગરજ નથી તેથી એ પડ્યું રહે છે. ગરજ જાગે તો થાય. જેમ દુકાનદાર રોજમેળમાં લખે અને પછી ખાતાવહીમાં લખે છેને? પડ્યું રાખતો નથી, તેનું કારણ ગરજ છે. તેમ એમાં પણ ગરજ જોઈએ તો થાય એવું છે.

*

(સવારના—સભામાં)

પૂજ્યશ્રી—પાપ વધારવાના બધા ધંધા છે. મતાર્થીપણું જાય તો પછી આત્માર્થીપણું આવે, તેમ ખોટી મહત્તા જાય તો આ ખરી મહત્તા આવે. પુત્ર વડે કરીને ખરી મહત્તા નથી. છતાં પુણ્યને લઈને થયો હોય તો તેને ઘરનો ભાર સોંપી પોતે ધર્મમાર્ગમાં પ્રવેશ કરે. મોક્ષે જવું હોય તો પૈસા કમાઈને જ મોક્ષે જવું એવું કંઈ નથી. પૈસા વધે ત્યારે વિવેક જતો રહે છે. બધાયનો આધાર ભાવ ઉપર છે.

પૂરણ શેઠે ભગવાનને આહાર વહોરાવ્યો અને જીરણ શેઠે ભાવના ભાવી છતાં એ (જીરણ શેઠ) વધી ગયો. માયા સહિત તપ કરે તો કશું કામનું નથી. માયાસહિત વ્રત પણ કંઈ ફળ ન આપે. ‘મોક્ષમાળા’માં જે બધા પાઠો છે તે મોક્ષને અર્થે છે. ખોટી મહત્તા છોડવી. દયા, ક્ષમા, બ્રહ્મચર્ય એ મોટી વસ્તુ છે. ભાવના કરે તો એને મળે.

*

(સાંજના—સભામાં)

પૂજ્યશ્રી—કપિલા દાસીને શ્રેણિકે દાન આપવાનું કહ્યું પણ તેનાથી તેમ ન બન્યું. કોઈ કોઈ જીવોની પ્રકૃતિ જ એવી હોય છે કે પોતાનું નહીં આપવું પડતાં છતાં આપી શકતા નથી. કપિલાને

હાથે ચાટવા બાંધી દાન આપવા કહ્યું, તોપણ એણે કહ્યું કે આ ચાટવા દાન આપે છે, હું નથી આપતી. કેટલાક જીવોની એવી જ પ્રકૃતિ હોય છે.

(સાંજના–સભામાં) ૧૭૨ શ્રીમદ્ રા.આ.અગાસ, માગસર વદ ૧૨, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–નિર્ગ્રંથનો આત્મા સુખી છે, તેના જેવો ચક્રવર્તીનો આત્મા પણ સુખી નથી. ઉપાધિ છે, માથે બોજો છે, છતાં માને છે કે હું સુખી છું, એ સુખ નથી. આત્મા એનો નિરાકુળ નથી. અહમિંદ્રોને મંદ કષાય હોય છે, તેથી સુખી છે. જીવને ઇચ્છાઓ થયા કરે છે.

**"ક્યા ઇચ્છત ? ખોવત સબે ! હૈ ઇચ્છા દુઃખમૂલ"**

સુખ લાગે છે તેની પાછળ પાછું દુઃખ દેખાય છે. સંસારના સુખ છે તે રોગ છે.

(સવારના–સભામાં) ૧૭૩ શ્રીમદ્ રા.આ.અગાસ, માગસર વદ૧૩-૧૪, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–સંસારી ભાવ ગયા વિના મોક્ષ થાય નહીં. એ જાય ત્યારે મોક્ષ થાય છે.

મુમુક્ષુ–આરંભ-પરિગ્રહનાં કાર્ય કરી જીવ બીજી ગતિમાં જાય, ત્યાં પણ એ પાપક્રિયા એની સાથે જાય છે અને જેઓ આરંભ-પરિગ્રહ કરી છોડી દે છે તેઓ મોક્ષે જાય છે. તેઓની સાથે આરંભ-પરિગ્રહની પાપક્રિયા કેમ જતી નથી ? પેલાને તો સાથે જાય છે. એ કેમ ?

પૂજ્યશ્રી–પેલાને આરંભ-પરિગ્રહની ઇચ્છા છે, તેથી તેની પાપક્રિયા તેની સાથે જાય છે અને બીજાને ઇચ્છા રહી નથી, તેથી તેની સાથે પાપક્રિયા જતી નથી. જો સાથે જાય તો મોક્ષ ન થાય. સંસારી ભાવ જાય ત્યારે મોક્ષ થાય. સમકિત હોય તો નરકમાં પણ સુખી છે. ગર્ભનો ત્રાસ જેને લાગ્યો હોય તે મોક્ષને માટે ખરો પુરુષાર્થ કરે છે. ફરીથી મરવું, ફરી જન્મવું એમ અનંત દુઃખ જીવ ભોગવે છે.

*

(બપોરના)

પૂજ્યશ્રી–'સમાધિશતક' નાનું પુસ્તક છે, પણ જો ભાવના કરે તો કામ થઈ જાય એવું છે. 'આત્મસિદ્ધિ'થી પણ નાનું છે. બધું ભણીને, શીખીને ભાવના કરવાની છે. જો ભાવના કરે નહીં તો બધું નકામું છે. ભાવના કરવા માટે બધું શીખવું છે.

*

(સાંજના–સભામાં, સુદૃષ્ટિતરંગિણીના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–દયાના ઘણા પ્રકાર છે. જીવને આત્માની દયા નથી. કષાય ઓછા થાય તો ખરી દયા છે. હું તો અધમાધમ છું. કષાય ટાળવા માટે હું દયા પાળું છું. એવો ભાવ આવવો બહુ મુશ્કેલ છે. "તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં. તમારાં પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહીં. તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં."

ઓળખ્યા વગર દયા શું પાળે ? કૃપાળુદેવે શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા લખી, એક બાજુ

અનુકંપા લખ્યું છે. પહેલાં શમ, સંવેગ આદિ આવ્યા વગર અનુકંપા ક્યાંથી આવે? જીવ છે, એમ જાણે ત્યારે દયા પાળેને? પૃથ્વીમાં, પાણીમાં, અગ્નિમાં, વાયુમાં, વનસ્પતિમાં જીવ છે એમ જાણે ત્યારે દયા પાળેને? એટલા માટે શાસ્ત્રમાં કહ્યું છે કે પહેલું જ્ઞાન છે અને પછી દયા છે. મોક્ષને અર્થે કરે તો સારું છે, નહીં તો

**"વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ"**

પ્રમાદ ત્યાગે તો અહિંસા પળાય. પ્રમાદ છે ત્યાં સુધી હિંસા છે. પ્રમાદ ન કરે તો દયા પળે.

જીવને ખબર નથી. માટે કહ્યું છે કે—

"બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે." (૭૬)

દયા ત્યાં છે, એ વિના નથી.

**"सद्धा परम दुल्लहा"**

દુર્લભ વસ્તુ છે. શ્રદ્ધા થાય ત્યારે કામ થાય. સંસારમાં સુખ નથી. મોક્ષમાં સુખ છે. "પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે, અને માથે મરણ રહ્યું છે." (૧૨-૩૫) સત્પુરુષ શોધવા. આ કાળમાં સદ્ગુરુ પ્રાપ્ત થવા તો બહુ દુર્લભ છે.

ભોગ ભોગવવાથી કદી તૃપ્તિ થતી નથી. ઇચ્છા નામનો રોગ છે. સંસારનાં સુખ મરણ જેવાં ભયંકર લાગે ત્યારે બીજું શોધે, નહીં તો સંસારનાં સુખ જ શોધે. મોક્ષમાં સુખ છે એમ એને થાય ત્યારે સદ્ગુરુને શોધે. સંસારમાં સુખ નથી. એથી તું જેટલો કંટાળ્યો તેટલો સાચો થયો. ભોગ એ રોગનું મૂળ છે. રોગ જોઈતો હોય તો ભોગ ભોગવવા. એથી ઉદાસ થયા વિના છૂટકો નથી. પંચેન્દ્રિયના વિષયો દુઃખકારી છે અને જ્ઞાની સુખ ભોગવે છે તે સાચું છે, એવું થાય ત્યારે છૂટે. શરીર સુખનું પૂતળું લાગે છે, પણ સુખ છે નહીં.

(સવારના—સભામાં) ૧૭૪ શ્રીમદ્ રા.આ.અગાસ, માગસર વદ ૦)), સં.૨૦૦૯

પૂજ્યશ્રી—વિશાળબુદ્ધિ હોય તો ધર્મ પામે. જીવને વિશાળબુદ્ધિ નથી. સમુદ્ર જેવો ભયંકર આ સંસાર છે. સંસારમાં આપણી પાસે પૈસા છે માટે વાંધો નથી એમ જીવ માને છે, પણ એની પાછળ કેટલી ચિંતા છે તેની ખબર નથી.

કર્મ બાંધવામાં મોહનીય બળવાન છે. બધાય કર્મમાં મોહનીય કર્મ બળવાન છે. એને જીતવા પુરુષાર્થ કરવાનો છે. હું શું કરવા આવ્યો છું? મનુષ્યભવ શા માટે છે? એ જીવને સાંભરતુંય નથી. કૃપાળુદેવે કહ્યું છે કે—

"નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો." (૧૭૨)

સ્ત્રીઓ ઉપરથી સુંદર લાગે છે, તેમાં મીઠાશ લાગે છે, પણ આત્માને તે હાનિ કરે છે.

સંસારમાં સુખ છે એમ મનાય છે, તે માયા છે. તે ઉપરથી શીતળ દેખાય છે, પણ અંદરથી આત્માને બાળે છે. ''પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે, અને માથે મરણ રહ્યું છે.'' (૨/૩૫)

આખો લોક ત્રિવિધ તાપથી બળે છે. સંસારના બધા જીવો દુઃખી છે. ત્યાગમાં સુખ હજુ ભાસ્યું નથી. ગ્રહણ કરીને સુખ માને છે. જીવ ક્ષણે ક્ષણે દુઃખી થઈ રહ્યો છે, એની દયા આવતી નથી. મારો આ જીવ બળે છે, તેને બહાર કાઢું એવી ભાવના થતી નથી. દયા આવતી નથી. દયા આવે તો બહાર કાઢવાનું થાય. જેમ જેમ ઇન્દ્રિયના વિષયો ભોગવે તેમ તેમ તે વધે છે. મોહ છે તે શત્રુ છે, એ જીવને સમજાયું નથી. મોહને શત્રુ માને તો એથી મૂંઝાય અને મુમુક્ષુ થાય. જીવ બીજાની દયા ખાય છે પણ પોતાની દયા એને આવતી નથી. જીવ સંસારમાં દુઃખી થાય છે. રસ્તો ખરો હાથમાં નથી આવ્યો.

(સવારના–સભામાં) **૧૭૫** શ્રીમદ્ રા.આ.અગાસ, પોષ સુદ ૧, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–જે સમજે છે તેણે પોતાનાં પરિણામ ફેરવવાનાં છે. જડને કંઈ સમજણ નથી. દેહમાં ઉદાસીનતા આવ્યા વગર તો આત્મજ્ઞાન થાય નહીં.

**''જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે''** (૯૦૨)

પોતાને એકાગ્ર થવું હોય તો બાહ્ય જગત નથી, એમ કરવું. એ ઉપશમ થવાનું કારણ છે. જેને આત્મામાં લીનતા કરવી છે, તેણે જગતની વિસ્મૃતિ કરવાની છે. આત્મામાં જડ વસ્તુ છે નહીં. આખું જગત એને ભીંત જેવું ન લાગે ત્યાં સુધી જીવને શાંતિ આવે એવું નથી.

**''यस्य सस्पन्दमाभाति निःस्पंदेन समं जगत् ।**
**अप्रज्ञमक्रियाभोगं स शमं याति नेतरः ॥''** (समाधिशतक–६७)

એમ 'સમાધિશતક'માં કહ્યું છે.

શંકા, પ્રમાદ એ આત્માને દુઃખ આપનાર છે.

**''જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ''** (૧૦૭)

આત્માને સંસાર દુઃખકારી છે, એ સમજાવા માટે સમુદ્ર, અગ્નિ, અંધકાર અને શકટચક્ર એમ ચાર ઉપમા આપી છે. આ સંસારને જેટલી નીચ ઉપમા આપો તેટલી થોડી છે.

ભગવાને કહેલો ધર્મ અને એ ધર્મને પમાડનાર સદ્ગુરુ એ બન્નેની જરૂર છે. ભગવાનનું તત્ત્વજ્ઞાન છે તે અનેક પડવાના સ્થાનોથી બચાવી રાખનાર છે. વૈરાગ્યને મોક્ષનો ભોમિયો કહ્યો.

**''આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ,**
**ગુરુઆજ્ઞાસમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.''**

આ ટૂંકામાં કૃપાળુદેવે બધું લખ્યું છે. તેનો (મોક્ષમાળા) શિક્ષાપાઠ ૧૯ અને ૨૦માં વિસ્તાર કર્યો છે. સંસાર ટાળવાનો ઉપાય સાંભળ્યો, એટલાથી પતે એવું નથી, પણ એથી છૂટવાની ભાવના કરે તો છુટાય. સંસારરૂપી અગ્નિને ઓલવનાર વૈરાગ્ય જળ છે. વૈરાગ્ય પામવા માટે બાર ભાવના લખી છે.

આત્મા આત્મારૂપે ત્રણે કાળ રહે અને જગતના બધા પદાર્થો, સ્ત્રી સ્ત્રીરૂપે રહે નહીં, ધન ધનરૂપે રહે નહીં, શરીર શરીરરૂપે રહે નહીં, પુત્ર પુત્રરૂપે રહે નહીં, એમ અનિત્યભાવના ભાવવી. માથે મરણ છે એમ વિચારે તો અનિત્યભાવના દૃઢ થાય અને અશરણભાવના પણ દૃઢ થાય. ધર્મ એક શરણ છે, બીજું બધું મેળા જેવું છે. અશરણભાવનામાં આ જ ભવમાં મરણ છે એમ વિચારવાનું છે. સંસારભાવનામાં અનંતકાળમાં જે અનંત જન્મ-મરણ કર્યાં છે, તેનો વિચાર કરવાનો છે. પછી એકત્વભાવનામાં બધાં સ્વાર્થનાં સગાં છે, હું કરીશ તો બધું મારે જ ભોગવવું પડશે, માટે ચેતી જવું, એમ વિચારવાનું હોય છે. બધું આત્માથી ભિન્ન છે.

**"આત્માથી સૌ હીન"**

આખો સંસાર શરીરને લઈને છે. શરીર ઉપરથી મોહ છૂટે તો બધો સંસાર છૂટે. શરીર ઉપર મોહ છે ત્યાં સુધી આસ્રવ થયા જ કરે. છોડવા યોગ્ય બધી વાત કહી છે તે છોડવા જેવી છે.

*

(બપોરના—ઉપર)

પૂજ્યશ્રી—સંસાર અસાર છે, અનિત્ય છે, એમ લાગ્યું નથી.

આત્મા સર્વને જાણે છે તેથી જ્ઞાનાપેક્ષાએ આત્મા સર્વ વ્યાપક છે. પ્રદેશ અપેક્ષાએ આત્મા દેહ વ્યાપક છે.

(બપોરના—ઉપર) ૧૭૬ શ્રીમદ્ રા.આ.અગાસ,પોષ સુદ ૨,સં. ૨૦૦૯

પૂજ્યશ્રી—રોજ સભામાં સ્તવનો બોલવા જવું. ઘણીવાર સાંભળે ત્યારે સમજાય એવું છે. દેવચંદ્રજીના સ્તવનોના અર્થ ગહન છે, માટે જ રોજ બોલવાનું છે.

મુમુક્ષુ—કૃપાળુદેવે લખ્યું છે "વૈતાલીય અધ્યયન જેવાં વચનો વૈરાગ્યની વૃદ્ધિ કરે છે." (૨૦૭) વૈતાલીય અધ્યયન શામાં છે?

પૂજ્યશ્રી—'સૂયગડાંગસૂત્ર'માં વૈતાલીય નામે બીજું અધ્યયન છે. વૈતાલીય એટલે કર્મને તોડવાં.

મુમુક્ષુ—એમાં શાની વાત આવે છે?

પૂજ્યશ્રી—મનુષ્યભવ દુર્લભ છે. તે ફરી ફરી મળતો નથી. માટે પ્રમાદ છોડી મોક્ષ માટે ત્વરાથી પુરુષાર્થ કરવો. આયુષ્ય સંધાય એવું નથી. શરીર આદિ બધું અનિત્ય છે. એવી એવી વૈરાગ્યની વાતો એમાં આવે છે. સાધુને નિરંતર સિદ્ધ દશાનો લક્ષ હોય છે.

**"સાધુને સિદ્ધદશા સમું, બીજનું ચિત્ત પ્રવર્તે રે"** (પહેલી દૃષ્ટિ)

ક્યારે સિદ્ધ થઉં, ક્યારે સિદ્ધ થઉં, એમ એને થાય છે અને શ્રાવકને ક્યારે સાધુ થઉં, ક્યારે સાધુ થઉં, એવી ભાવના હોય છે. સત્સંગનો યોગ વધારે બનતો હોય તો જીવને ચેતવણી મળે. બીજાં કામ છે એવું આય એક આત્માનું કામ છે. ક્યારે દેહ છૂટશે એની ખબર નથી. દિવસો ઉપર દિવસો જઈ રહ્યા છે, અને આયુષ્ય પૂરું થાય છે. કેટલું કેટલું પુણ્ય ભેગું થયું હશે, ત્યારે આ મનુષ્યભવ મળ્યો છે.

**"બહુ પુણ્યકેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો"**

એવું પદ હોય તે મોઢે પણ કરીએ. આ ભવમાં સમાધિમરણ થાય એવું કરવાનું છે. સત્સંગને માટે જે કંઈ કરશે, તેથી લાભ થશે. અત્યારે ન દેખાય પણ લાભ થાય છે. દહાડા ઉપર દહાડા જાય છે. ધર્મ છે તે જીવને ધીરજ આપનાર છે, શાંતિ આપનાર છે. ધર્મની કાળજી ન રાખે તો બહુ મુશ્કેલી પડે. આ ભવમાં એક કૃપાળુદેવ ઉપર શ્રદ્ધા રાખી ધર્મનું આરાધન કરવું. મંત્રનું સ્મરણ કે ભક્તિ ન કરે તો આર્ત્તધ્યાન કરી કર્મ બાંધે અને જો ધર્મધ્યાન કરે તો પહેલાં જે કર્મ બાંધ્યાં છે તે ઉદયમાં આવી જતાં રહેશે અને નવાં બંધાશે નહીં.

આપણામાં શું શું દોષો છે એનો વિચાર કરવો. જગત તો બધું પુણ્ય-પાપની રમત છે. એમાં ચિત્ત દેવાનું નથી. પણ આ મનુષ્યભવ સફળ કેમ થાય? ક્રોધ, માન, માયા, લોભ અને અજ્ઞાન શાથી જાય? એનો વિચાર કરવો. જ્યાં લોકો માન આપે, ઘણું ધન હોય ત્યાં જીવને ડૂબવાનું છે અને જેને મુશ્કેલી હોય તેને ધર્મ સાંભરે છે. તેથી ઘણા ભક્તોએ ભગવાન પાસે પ્રતિકૂળ પ્રસંગોની માગણી કરી છે. મહાપુરુષ તીર્થંકર જેવા, પુણ્યથી પ્રાપ્ત થયેલા આ સંસારના વૈભવને છોડીને ચાલી નીકળ્યા.

સમભાવ રાખવો. પોતાના આત્માને શિખામણ દઈ સમભાવ રખાવવાનો છે. મુશ્કેલીમાં ઘણી પરીક્ષા થાય છે. જગતમાં સુખ છે, એવું માનવું જ નથી. એથી છૂટવું છે. જગતમાં સારું-ખોટું કરવું જ નથી. જે થાય તે સારું માનવામાં આવે એવું કરવાનું છે. જ્ઞાનીપુરુષના વચનમાં જેટલો લક્ષ રાખશે તેટલો વધારે લાભ થશે. આપણે તરવું છે અને આ મુશ્કેલીઓ આવી છે, તો તરવાનો અવસર છે. આપણું ધાર્યું ન થાય ત્યારે આપણને ક્રોધ આવે, તે વખતે સમભાવ રાખવાનો છે. જેને પોતાનો સ્વભાવ સુધારવો હોય તેને બધા પ્રસંગો લાભકારી છે. સમભાવ જેટલો રહેશે તેટલું તરવાનું સાધન છે. જેમ આપણે માનવું હોય તેમ મનાય છે. જેવી કલ્પના કરે તેવી થાય. આ સારું છે, અનુકૂળ છે અને આ પ્રતિકૂળ છે, સારું નથી એવું કશું કરવા જેવું નથી. સારુ ન માનવું અને ખોટું પણ ન માનવું. પુણ્ય પણ આપણું નથી અને પાપ પણ આપણું નથી. બધું જવાનું છે. બધું જશે ત્યારે મોક્ષ થશે. આપણું કશું નથી. કશું ઇચ્છવું નથી.

**"ક્યા ઇચ્છત ખોવત સબે, હૈ ઇચ્છા દુઃખ મૂલ"** (હા. નોં. ૧-૧૨)

બીજી ચિંતા ફિકરમાં કર્મ બંધાય અને આ જ્ઞાનીપુરુષનાં વચનો વિચારવામાં ચિત્ત રહે તો કર્મ છૂટે.

મુમુક્ષુ—રહેણી ઉપર ધ્યાન આપવું એટલે શું?

પૂજ્યશ્રી—રહેણી એટલે વર્તન કેમ રાખવું તે. રહેણી કહેણી એમ બેય સાથે વપરાય છે. કહેણી સહેલી છે અને રહેણી મુશ્કેલ છે. રહેણી વિષે કબીરે ક્યાંક ગાયું છે—

**"કહેણી મિશ્રી ખાંડ હૈ, રહેણી વિષકી વેલ"**

(સાંજના–સભામાં) ૧૭૭ શ્રીમદ્ રા.આ.અગાસ,પોષ સુદ ૩, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–બધાને સ્વાધ્યાય કરવાનો છે. મોક્ષનો માર્ગ સુખરૂપ છે.

(સવારના–સભામાં) ૧૭૮ શ્રીમદ્ રા.આ.અગાસ,પોષ સુદ ૪, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–મોટામાં મોટું પાપ, પાપ કરીને સારું મનાવનાર તે મિથ્યાત્વ છે. ખોટાને સારું માને તો છોડે ક્યારે? સત્સંગ જો યથાર્થ સેવાય તો તેનું ફળ અસંગપણું આવે. પછી બીજી ઇચ્છા ન રહે. સત્સંગમાં 'માત્ર મોક્ષ અભિલાષ' મોક્ષ સિવાય બીજું ઇચ્છે નહીં, મળે તોય ઇચ્છે નહીં.

**"શીતળ ચંદનથી પણ ઉપન્યો, અગ્નિ દહે જેમ વનને રે;**
**ધર્મજનિત પણ ભોગ ઇહાં તેમ, લાગે અનિષ્ટ તે મનને રે."** (પાંચમી દૃષ્ટિ)

મળ્યું હોય તોય અનિષ્ટ લાગે. સત્સંગે મન ફરે છે. અસંગતા સત્સંગ સિવાય થતી નથી. અસંગતા એ જ મોક્ષ છે. સત્સંગ એવો છે કે બધાય સંગથી જીવને છોડાવે. જ્યાં સત્સંગ ન મળતો હોય, ત્યાંથી નાસી છૂટવું જોઈએ. સંસાર અનંત કુસંગરૂપ છે. કૃપાળુદેવને સોળ વરસની નાની વયમાં કેટલો વૈરાગ્ય હતો! મિથ્યાત્વનું કામ વિપરીતતા કરાવવાનું છે. સાંભળ સાંભળ કરે તો ખોટા ભાવ હોય તે ખોટા લાગે. ખોટા ભાવ એ ન ટળતા હોય તોય ટાળવાની ઇચ્છા, ભાવના રહે છે. કોઈક વખતે કર્મ બળવાન હોય છે અને કોઈક વખતે જીવ બળિયો હોય છે. સત્સંગે જીવને સાંભળતાં સાંભળતાં બધું સમજાય છે, એમ કરતાં કરતાં જીવ બળવાન થાય છે. ગર્ભમાં કેટલું દુઃખ છે! કૃપાળુદેવે લખ્યું છે કે "એક તરુણ સુકુમારને રોમે રોમે લાલચોળ સૂયા ઘોંચવાથી જે અસહ્ય વેદના ઊપજે છે તે કરતાં આઠગુણી વેદના ગર્ભસ્થાનમાં જીવ જ્યારે રહે છે, ત્યારે પામે છે." (મોક્ષમાળા–૧૮)

એવું દુઃખ તને ગમે છે? એમ જીવને પૂછવું. જીવ કહે કે ના, મને નથી ગમતું, મારે એવાં દુઃખમાં નથી જવું. તો કહેવું કે એ દુઃખનાં કારણોમાં ન પડ. ઇન્દ્રિયોના વિષયોને સારા ન માન. વિષયનાં સુખ પરાધીન, દુઃખસહિત, વ્યાકુળતા કરાવનાર છે. પુણ્યને આધીન એ સુખ છે. મળે તોય એ બાધિત છે. એ સુખ નિરંતર ન રહે, પરાધીન છે, બાધાસહિત છે, નાશ પામવા યોગ્ય છે, નવાં કર્મ બંધાવનાર છે અને વિષમ એટલે સમભાવ ન રહેવા દે એવાં ઇન્દ્રિયના સુખ છે. જગતના જીવો પાસેથી જે જે સાંભળ્યું છે તે વમી નાખ્યા વગર છૂટકો નથી. જે જે જગતમાંથી સાંભળ્યું છે, જગતનું ઝેર ચઢ્યું છે તે વમી ગયા વગર જ્ઞાનીનું કહેવું ન સમજાય. દુર્ગંધમાં જેમ રહેવા જેવું નથી તેમ કુસંગમાં રહેવા જેવું નથી. વાંચે, વિચાર કરે, ત્યારે જીવને પોતાના દોષ સમજાય. વિકારોથી પણ છૂટે ત્યારે ખરો સત્સંગ છે. એકલા બાહ્ય સર્વસંગથી રહિત થવાથી પણ કંઈ થતું નથી, પણ વિકારોથી છૂટવું એ જ ખરો સત્સંગ છે. સત્સંગનું ફળ અસંગપણું જ છે.

*

(બપોરના–ઉપર)

પૂજ્યશ્રી–વાંચવું, વિચારવું, ગોખવું. ભાવના સમ્યક્દર્શનની રાખીએ. જીવ ભૂલો પડ્યો છે તેની ખબર નથી. આ જગત આપણને ગમે નહીં એવું કરવું.

(બપોરના) ૧૭૯ શ્રીમદ્ રા.આ.અગાસ,પોષ સુદ ૫, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–માથે મરણ છે એ વારંવાર સંભારવું. ઘણાનો તો બેઠા બેઠા દેહ છૂટી જાય છે. મરણ સાંભરે તો વૈરાગ્ય રહે. એ ન સાંભરે તો સંસાર સાંભરે. છૂટવા માટે જીવવું છે એ લક્ષ રાખવો. મનને લઈને બધું છે. મન સારામાં રહે તો છૂટે. મન ઉપર ચોકી રાખવાની છે. મન બીજે ભટકતું હોય તો સ્મરણમાં જોડીએ. ખેંચ રાખવી. એ સિવાય બીજું આપણને ગમે નહીં એવું કરવું. ખરી કમાણી આ છે. કૃપાળુદેવનો ઉપકાર વારંવાર સંભારવો. વૈરાગ્ય એ મોક્ષનો ભોમિયો છે. વૈરાગ્ય હોય તેને ખાવું ન ગમે, પીવું ન ગમે. જે કંઈ કરવું તે આત્માર્થે કરવું. ઉપવાસ કરવો હોય કે ગમે તે કરવું હોય, તે બધું એક આત્માર્થે કરવું. પ્રભુશ્રીજી કહેતા કે જે કંઈ કરવું તે આત્માર્થે કરવું. જેને છૂટવું છે, તેને પરમાત્મા પણ બાંધતા નથી. કૃપાળુદેવ આપણને જ કહેવા આવ્યા છે એવો લક્ષ રાખીને વાંચીએ.

(સવારના–સભામાં) ૧૮૦ શ્રીમદ્ રા.આ.અગાસ,પોષ સુદ ૬, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–જ્ઞાનીની આજ્ઞાથી કલ્યાણ છે, એથી જ મોક્ષ છે. જ્યાં સુધી અજ્ઞાન હોય ત્યાં સુધી સંસાર પરિભ્રમણ હોય છે.

*

(સાંજના–સભામાં)

પૂજ્યશ્રી–આજ્ઞા સિવાય કલ્યાણ થાય નહીં. મોક્ષે જવું હોય તો સંસારને વિષે ઉદાસીનતા રાખ્યા સિવાય કોઈ ઉપાય નથી.

''નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો.'' (૧૭૨) નહીં તો રાગ-દ્વેષ થાય. તેથી ત્યાં જન્મવું પડે છે.

(સવારના–સભામાં) ૧૮૧ શ્રીમદ્ રા.આ.અગાસ,પોષ સુદ ૭, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–સત્સંગમાં જ્ઞાનીનો બોધ સાંભળવાની યોગ્યતા જોઈએ છે. યોગવાસિષ્ઠ ગ્રંથ ત્યાગ- વૈરાગ્ય માટે વાંચવા યોગ્ય છે, પણ સિધ્ધાંત માન્ય કરવા યોગ્ય નથી.

જીવમાં મિથ્યાત્વ છે. આજ સુધી જાણ્યું તે બધું ખોટું, એમ થશે ત્યારે મોક્ષ થશે. પોતાની કલ્પના મૂકીને સિધ્ધાંતકારનું શું કહેવું છે, તે સમજવું તો બહુ મુશ્કેલ છે. અનાદિકાળથી સિધ્ધાંત જાણવામાં ભૂલ થતી આવે છે. વિષયકષાય ખોટા છે, એમ બધા કહે છે અને પાછા તેમાં જ વર્તે છે. અંદરથી મીઠાશ લાગે છે. અંદરમાં વિપરીતતા કરાવનાર કર્મ છે. ગમે તે વિચાર કરી પોતાનું યથાર્થ સ્વરૂપ જાણવાનું છે. પોતાને ન જાણે, પોતાનો નિર્ણય ન થયો હોય તો ગમે તેટલાં શાસ્ત્ર વાંચે તે બધાં નકામાં છે. વીતરાગનાં વચનો મુખપાઠ કરે તેથી સત્ફળ ઉપાર્જન કરે છે. એમ તો

કૃપાળુદેવ કહે છે, પણ જો એને અર્થ ન સમજાય તો આનંદ ન આવે. યથાર્થ અર્થ કરે તો લાભ થાય. જેને એની ખબર ન હોય, તેની પાસે જાય તો યથાર્થ અર્થ સમજાય નહીં. એટલા માટે પહેલાં સદ્‌ગુરુને શોધવા એમ કહેવું છે. સાવધાન રહે તો યત્ના બરાબર પાળી શકાય. આજ્ઞા એ ધર્મ છે. કેમ વર્તવું? તે ભગવાને કહ્યું છે. કેમ બોલવું? કેમ ચાલવું? કેમ સૂવું? કેમ બેસવું? કેમ આહાર લેવો? તે બધું ભગવાનની આજ્ઞા પ્રમાણે કરવું. પોતાના હિતને માટે યત્ના પાળવાની છે. બીજાને સુખ આપે તો એનેય સુખ મળે અને બીજાને દુઃખ આપે તો એનેય દુઃખ મળે.

પાંચ શૂના છે, તેથી ઘણા પાપ થાય છે.

પાંચ શૂના—(૧) ચૂલો (૨) ઘંટી (૩) વાહન (૪) ખાંડણી (૫) પાણિયારું.

એ પાંચેયમાં યત્નાપૂર્વક વર્તે તો ઘણું પાપ થતું અટકે.

*

(બપોરના—ઉપર)

પૂજ્યશ્રી—જીવ ધારે તે કરી શકે છે. મારાથી આ ન થઈ શકે એમ ન કરવું.

મોહનીયકર્મ જ્ઞાનાવરણીયથી જબરું છે. પુરુષાર્થ કરવો, તો એ જાય એવું છે. નાનપણમાં એટલે દોઢ વરસની અવસ્થામાં જેટલો પુરુષાર્થ કરે છે, તેટલો હમણાં નથી કરતો. કૃપાળુદેવનો બોધ વિદ્વાનોને પાંશરા કરવા માટે છે. પ્રભુશ્રીજીનો બોધ બાળાભોળા બધા સમજી શકે એવો છે. મૂંઝવણ થતી હોય કે શું કરવું? કેમ થતું નથી? તેને પ્રભુશ્રીજીના બોધમાંથી મળી આવે છે. પ્રભુશ્રીજીનો બોધ સરળ છે.

“ઉપયોગ શુદ્ધ કરવા જગતના સંકલ્પ-વિકલ્પને ભૂલી જજો.” (૩૭) એમ કૃપાળુદેવે કહ્યું છે.

(સભામાં)

પૂજ્યશ્રી—[૧]દૃઢપ્રહારી બહુ પાપ કરતો હતો, પણ ફરી ગયો તો ફરી જ ગયો.

**“સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ; સમજ્યા વણ ઉપકાર શો?”**

સમજ્યા વગર ઉપકાર શું માને? જેને સંસારમાં ઘણો કાળ ભટકવાનું છે તેને સત્સંગ ગમેય નહીં, સત્સંગની વાત પણ ગમે નહીં.

*

(સાંજના—ઉપર)

મુમુક્ષુ—પ્રભુ! વિચાર નથી આવતો.

પૂજ્યશ્રી—વિચાર કરવાનો વખત કાઢે તો આવે. પત્ર શીખી રહ્યા પછી વિચારીએ કે એમાં શું કહ્યું છે? મારે શું કરવા જેવું છે?

જીવ મોઢે કરીને સંતોષ માને છે. વિચાર કરવાનો વખત કાઢી વિચારીએ. વિશેષ

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ ભાવનાબોધ નિર્જરાભાવના વચનામૃત પૃષ્ઠ નં. ૫૫.

સમજવાનો જીવ પુરુષાર્થ કરે તો સમજાય.

કંદમૂળમાં બહુ પાપ છે. એક સોયની અણીના ઉપરના ભાગ જેટલા કંદમૂળના ભાગમાં ગણી ન શકાય તેટલાં સાધારણ જીવોનાં શરીરો છે. તે એક એક શરીરમાં અનંત જીવો છે, તે બધાં એક સાથે શ્વાસ લે, એક સાથે આહાર લે અને એક સાથે મરે છે.

(સવારના–ઉપર) ૧૮૨ શ્રીમદ્ રા.આ.અગાસ,પોષ સુદ ૮, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–સાંભળવાથી સંસ્કાર પડે છે. એકવાર પણ 'ભક્તામર' બોલે તોય ઘણો લાભ છે એમ શાસ્ત્રોમાં કહ્યું છે.

*

(સવારના–સભામાં)

પૂજ્યશ્રી–'મોક્ષમાળા'ની શરૂઆત દયા ધર્મથી થાય છે. ઠેકાણે ઠેકાણે દયાના પાઠ લખ્યા છે. યત્ના ઉપર ૨૭મો પાઠ લખ્યો, સર્વ જીવની રક્ષા ઉપર પાઠ લખ્યો અને સર્વમાન્ય ધર્મના પાઠમાં દયાની વાત કરી છે. તેનું કારણ દયા અંતરમાં ઊતરે એ છે. દયા હોય તો બધું હોય. ક્રોધ ન કરે, માન ન કરે, માયા ન કરે, લોભ ન કરે, વૈરાગ્ય પામે, જ્ઞાનીપુરુષના વચનોમાં રહે, તે બધી દયા છે. સત્પુરુષના વચનમાં મીઠાશ આવે, આત્મા આત્મામાં રહે એ જ ખરી દયા છે. દયાધર્મ બીજા ધર્મોમાં પણ કહ્યો છે, પણ જેવો તીર્થંકર ભગવાને કહ્યો છે, તેવો બીજા ધર્મોમાં નથી. ક્રોધ ન કરવો એય દયા છે, માન ન કરવું તેય દયા છે, માયા ન કરે તેય દયા છે, લોભ ન કરે તેય દયા છે, જ્ઞાનીનાં વચનોમાં રહેવું તેય દયા છે, સંસારથી વૈરાગ્ય થાય એય દયા છે.

**"દયા ધર્મકો મૂલ હૈ, પાપમૂલ અભિમાન"**

અભિમાનને લઈને જ બધાં પાપ થાય છે. કુમારપાળ રાજાના વખતમાં ઘોડાઓને પણ પાણી ગાળીને પીવડાવતાં. ધર્મ સાંભળવા મળે તેય મહાભાગ્ય છે. પછી એની શ્રદ્ધા, આચરણ તો બહુ દુર્લભ છે.

*

(બપોરના–ઉપર)

પૂજ્યશ્રી–એક પ્રત્યક્ષ પુરુષની પ્રતીતિરૂપ સમકિત કહ્યું છે. સત્પુરુષ સાચા છે, એઓ જેમ કહે છે તેમ જ મોક્ષમાર્ગ છે, એવી દૃઢ શ્રદ્ધા તે પહેલું સમકિત છે, પછી એને અંશે અનુભવ થાય તે બીજું સમકિત છે અને છેલ્લું, નિર્વિકલ્પ દશા થાય તે ત્રીજું સમકિત છે.

કોઈ તીર્થસ્થાનમાં આવવાનું થાય તે જીવનું મહાભાગ્ય છે. જ્યાં ભક્તિ થતી હોય, સત્સંગ હોય તેવા સ્થાનોમાં કોઈ દિવસે ન સાંભળ્યું હોય તે સાંભળવા મળે છે. આ દેહમાં આત્મા છે તેને લઈને માણસ રૂપાળો દેખાય છે. બધી શોભા આત્માની છે. જેમ ઝાડમાંથી જીવ નીકળી જાય ત્યારે ઝાડની કંઈ શોભા રહે નહીં, તેમ આ દેહમાંથી આત્મા નીકળી જાય, તો શરીર મડદું, ગંધાવા

લાગે. જગતમાં જે કંઈ રમણીયતા છે તે આત્માની છે. આત્મા અરૂપી પદાર્થ છે તેને જાણવાનો છે. ધર્મનું મૂળ દયા છે. જન્મવું, મરવું થયા કરે છે. તેથી કેમ છૂટવું થાય? એ વિચાર જેને જાગે તેને છૂટવું થાય છે. છ પદની વાત આત્મસિદ્ધિમાં છે. તેનો બધાને અભ્યાસ કરવાનો છે.

(બપોરના) ૧૮૩ શ્રીમદ્ રા.આ.અગાસ,પોષ સુદ ૯,સં. ૨૦૦૯

પૂજ્યશ્રી—સત્પુરુષનાં વચનો વારંવાર વિચારવા યોગ્ય છે. અંતર્દૃષ્ટિ જેટલી થાય તેટલી જ્ઞાનીની ઓળખાણ થાય. કૃપાળુદેવને ગમે તેવાં વચન ઉપરથી દશાની ખબર પડતી. કેવી દશામાં રહી એ વચનો લખ્યાં છે એ જાણી શકતા.

**"ભિન્ન ભિન્ન મત દેખીએ, ભેદ દૃષ્ટિનો એહ;**
**એક તત્વના મૂળમાં, વ્યાપ્યા માનો તેહ.**
**તેહ તત્વરૂપ વૃક્ષનું, આત્મધર્મ છે મૂળ;**
**સ્વભાવની સિદ્ધિ કરે, ધર્મ તે જ અનુકૂળ."** (૭૯)

જે સાધનથી આત્માનો ઉદ્ધાર થાય તે ધર્મ છે. મહાપુરુષોના વચનમાં તલ્લીનતા તે ભક્તિ છે.

**"પ્રભુભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન, પ્રભુ મેળવવા ગુરુ ભગવાન;**
**ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય, તે ઊપજવા પૂર્વિત ભાગ્ય.**
**તેમ નહીં તો કંઈ સત્સંગ, તેમ નહીં તો કંઈ દુઃખરંગ."** (૧૦૭)

પોતાનામાં વૈરાગ્ય હોય તો ગુરુ ઓળખાય. જેને સત્સંગ ન હોય અને દુઃખ હોય તો દુઃખમાં એને થાય કે એ દુઃખ કેમ જશે? સંસાર દુઃખરૂપ છે એમ લાગે ત્યારે જીવને વૈરાગ્ય થાય છે. નરકમાં પણ સમકિત કેટલાકને થાય છે. મને મનુષ્યભવ મળ્યા છતાં કંઈ ન કર્યું, એમ વિચાર થતાં નરકમાં પણ સમકિત થાય છે. સત્સંગમાં જીવને સાંભળવા મળે તેથી વૈરાગ્ય થાય છે. તે સત્સંગ ન હોય તો દુઃખથી પણ વૈરાગ્ય થાય છે.

શરૂઆતમાં બધી શંકાઓ થાય છે, પણ ધીરજ રાખી વિશેષ સત્સંગ કરે તો સમાધાન થાય. ધીરજ રાખી જ્ઞાનીપુરુષની આજ્ઞા આરાધે તો આપોઆપ બધી શંકાઓનું સમાધાન થઈ જાય. કંઈક માણસ ઊંચો આવે તો ખબર પડે. મહાપુરુષની પરીક્ષા કરવામાં પણ યોગ્યતા જોઈએ છે. મધ્યસ્થ દૃષ્ટિ રાખે અને વૈરાગ્ય હોય તો સત્પુરુષ ઓળખાય.

(બપોરના—ઉપર) ૧૮૪ શ્રીમદ્ રા.આ.અગાસ,પોષ સુદ ૧૦, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—ઘણાં વર્ષ નકામાં ગયાં, હવે કોઈ જ્ઞાનીની આજ્ઞા આરાધવી. પોતાની મેળે કરવા કરતાં જ્ઞાનીની આજ્ઞાએ કરવામાં લાભ છે. ભક્તિ કરવી હોય તેણે સદાચાર સેવવાનો છે. હવે આપણે આત્માનું કલ્યાણ કરવું છે. સાત વ્યસન છે તે બધા નરકનાં દ્વાર છે. ધર્મ કરવો હોય તો ઇન્દ્રિયોને વશ કરવી. પાપનું ફળ દુઃખ આવે છે.

(સવારના—ઉપર) ૧૮૫ શ્રીમદ્ રા.આ.અગાસ,પોષ સુદ ૧૧, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—ગર્ભમાં તો સુખ હોતું નથી અને જન્મ વખતે પણ ઘણું દુઃખ હોય છે, તે વખતે

બેભાન છે. એ અવસ્થામાં તો આત્માનો કંઈ વિચાર આવી શકે નહીં. પછી યુવાવસ્થા છે તેમાં સમજણ હોય છે, પણ એ પાછી બીજા કામોમાં વાપરે છે; સ્ત્રીમાં, ધનમાં વાપરે છે. પછી વૃદ્ધાવસ્થા આવે છે, ત્યાં પણ કંઈ ન થાય. જન્મ અને વૃદ્ધાવસ્થા વચ્ચેનો જે થોડો કાળ છે, તેમાં આત્માનું હિત થઈ શકે છે. પોતાને માટે કરવાનું છે. પહેલી વાત વૈરાગ્યની છે. ખાવા પીવા માટે આ મનુષ્યભવ નથી. ગમે તે ધર્મ કરે પણ તેથી મોહ છૂટે તો તે સાચું છે. આત્માનું હિત કરવાનું છે. જ્યાં ત્યાંથી જીવને જન્મ-મરણથી છોડાવવાનો છે. મોહ કરે તો છુટાય નહીં. હું, મારું ભૂલશે ત્યારે કલ્યાણ થશે. આ વાત જીવે ઘણીવાર સાંભળી છે, પણ આ કાને સાંભળીને આ કાને કાઢી નાખી છે. પોતાનું નહીં, તેને પોતાનું માની તેમાં તન્મય થયો છે. દેખાય તે એનું છે નહીં. માટે મોટા પુરુષોએ કહ્યું છે કે સત્સંગ કરવો. સત્સંગમાં ભૂલો નીકળે છે. સાચનો રંગ ચઢાવે તે સત્સંગ છે. પુણ્યનો ઉદય હોય ત્યારે જીવને તીર્થયાત્રા, સારા સ્થાનમાં જવાનું બને છે. આ જીવે આયુષ્ય બધું આડાઅવળી બીજામાં વેરી નાખ્યું છે. એટલા બધા વર્ષ પાણીમાં ગયાં. હવે કોઈ જ્ઞાનીની આજ્ઞા આરાધાય તો કલ્યાણ થાય. કરવાનું એ છે કે 'હું કંઈ જાણતો નથી.' એ વિના જીવ ઘણું રખડ્યો છે.

**"અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;**
**સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન."**

સંતનો યોગ જીવને થયો નથી. કોઈક વખતે થયો તો અભિમાન મૂક્યું નહીં. અભિમાનથી બધો જોગ નકામો જાય છે. પૂર્વ પુણ્યને લઈને કંઈક સારા જોગો મળી આવે છે, પણ તેને સફળ કરવા દુર્લભ છે. સત્પુરુષને ઓળખ્યા નથી, ઓળખ્યા હોત તો જીવ મોક્ષમાર્ગે જતો રહ્યો હોત માટે–

"બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વ ભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે" (૭૬)

કોઈ સાચા પુરુષને શોધી કાઢવા. સાચું જ મારે શોધવું છે, એથી જ કલ્યાણ છે. મારે સત્પુરુષને શોધવા છે, એમ શોધકબુદ્ધિ હોય તો જીવનું કલ્યાણ થાય.

જીવને જ્યારે કંઈક પુણ્ય જાગશે ત્યારે ભાવના થશે કે મને કોઈ સાચા પુરુષનું શરણ, આજ્ઞા મળે તો મારું હિત થશે. આ ભવમાં ન થશે તો આગલા ભવમાં. [૧]ભીલે જ્ઞાનીની આજ્ઞા આરાધી અને કસોટીમાં દૃઢ રહ્યો તો દેવગતિ પામ્યો. ત્યાં સુખ ભોગવી આયુષ્ય પૂરું કરી શ્રેણિક રાજા થયો. અનાથીમુનિ મળ્યા ત્યારે સમકિત પામ્યો. મહાવીર ભગવાન મળ્યા ત્યારે તીર્થંકર ગોત્ર બાંધ્યું. ઘણા જીવોને તારી મોક્ષે જશે. જીવ ઘણીવાર સારે રસ્તે આવી પાછો વળી જાય છે. કર્મ પૂરાં થવા આવે ત્યારે સારો થાય છે. હું દુઃખી છું, મારે એથી છૂટવું છે, એમ જીવને થતું નથી. આ આખો લોક ત્રિવિધ તાપથી બળે છે એમ જ્ઞાનીપુરુષ કહે છે, પણ જીવને લાગતું નથી. ઘર બળતું હોય તો ગમે તેમ કરી નીકળવા માટે ઉપાય કરે, પણ આ બળતરા લાગતી નથી. જ્ઞાનીપુરુષનાં વચનો સમજવા મુશ્કેલ છે. શ્રદ્ધા થવી મુશ્કેલ છે. શ્રદ્ધા થાય તો કામ થઈ જાય.

**"सद्धा परम दुल्लहा"**

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૩૮૩

મનુષ્યભવ દુર્લભ છે. શ્રદ્ધા તો બહુ દુર્લભ છે. સત્સંગને અર્થે જેટલાં ડગલા ભરે તેટલા યજ્ઞનું ફળ થાય, એમ કહ્યું છે. ખાવા પીવા માટે મનુષ્યભવ નથી મળ્યો. 'હું કંઈ જાણતો નથી' એ કરવાનું છે. જીવ અનંતકાળથી રખડતો આવ્યો છે.

**"અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન"**

ભગવાનનું ભાન ન થયું તેથી રખડ્યો.

**"સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન"**

સંત મળ્યા પણ સેવા ન કરી અને અભિમાન પણ ન મૂક્યું. અભિમાન બધું બગાડી નાખે છે. રસોઈ બધી તૈયાર કરી હોય પણ થોડું ઝેર પડે તો બધું બગડી જાય તેવું આ અભિમાન છે. સત્સંગ ઓળખવામાં પણ ભૂલ થાય છે. સત્‌નો રંગ ચઢાવે તે સત્સંગ, નહીં તો મોહમાં વર્તે અને માને કે હું સત્સંગ કરું છું. અનાદિકાળથી જીવ 'મારું મારું' કરતો આવ્યો છે. 'હું ને મારું' મૂકે તો કલ્યાણ થાય. એ વાત જીવે ઘણીવાર સાંભળી છે, પણ આ કાને સાંભળી ને આ કાને કાઢી નાખી છે.

*

(બપોરના)

પૂજ્યશ્રી—આ 'વચનામૃત' છે, તે નિસ્પૃહ પુરુષનાં વચનો છે. અશરીરી ભાવ પામીને આ વચનો કૃપાળુદેવે લખ્યાં છે. આશાતના ન કરવી. લોકોના કહેવાથી આડાઅવળી પુસ્તક નાંખી ન દઈએ. પુસ્તક કોઈ જ્ઞાનીની આજ્ઞાથી વાંચે તો લાભ થાય.

પ્રાણ જાય તો પણ સાત વ્યસન સેવવાં નહીં. જ્ઞાનીપુરુષે કંઈક કરવાનું કહ્યું તો કરવું, પણ ભૂલવું નહીં. રોજ કંઈ શીખીને ખાવું, એમ રાખવું.

(સવારના—સભામાં) ૧૮૯ શ્રીમદ્ રા.આ.અગાસ,પોષ સુદ ૧૨, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—બીજાની દશા સમજવી એ જેવી તેવી વાત નથી. આ કાળમાં ચારિત્રમોહનું બળ વિશેષ હોય છે, તેથી મનઃપર્યવ જ્ઞાન થતું નથી. મતિ-શ્રુતવાળો ઉત્કૃષ્ટપણે કેવળી જાણે તેટલું જાણે.

મુમુક્ષુ—આ કાળમાં સમ્યક્દર્શન હોય?

પૂજ્યશ્રી—હા, હોય છે.

*

(બપોરના—ઉપર—સમાધિ સોપાનમાંથી ઉત્તમ ક્ષમાનું વાંચન)

પૂજ્યશ્રી—પહેલું સમ્યક્દર્શન છે, એ પ્રગટે ત્યાર પછી મોક્ષ થાય. શ્રદ્ધા છે તે આત્માનો ગુણ છે. મેરુ પર્વત જેટલા ઓઘા મુહપત્તિના ઢગલા કરે તેવું ચારિત્ર તો અનંતવાર આવ્યું છે.

[૧]પુણિયો શ્રાવક હતો તે રોજ સામાયિક કરતો. એને ભગવાન પણ વખાણતા. રોજ બે આના જેટલું કમાય અને બન્નેનું ગુજરાન કરતો, પછી સામાયિક કરતો.

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પ્રવેશિકા શિક્ષાપાઠ ૬૪.

આત્માના પરિણામ કેમ સારા થાય તે વિચાર કરવો. ક્રોધ દારૂ જેવો છે. જેમ દારૂ પીવાથી ગાંડો થઈ જાય, તેમ ક્રોધથી જીવ ગાંડો થઈ જાય છે. ક્રોધને વશ જીવ ગમે તેવું વચન બોલે. ક્રોધનો સ્પર્શ પણ ન કરવો. ચંડાલને જેમ સ્પર્શ નથી કરતા તેમ. ક્રોધ ચંડાલ જેવો છે. ક્રોધ ચઢે ત્યારે હું મરું કે મારી નાંખુ એવું થાય છે. ક્રોધ ચઢે ત્યારે ગમે તેવા અનિષ્ટ કામ કરે. [૧]કુંડરિકને એક રાતમાં જ કેવા ભાવ થયા? બધાને ફાંસીએ ચઢાવું એવો ભાવ કરી મરી ગયો, નરકે ગયો. બીજા શત્રુ તો આપણો પાપનો ઉદય હોય તો લાગ મળ્યે નુકસાન કરે, પણ આ ક્રોધ તો આપણા હૃદયમાં રહી બુદ્ધિ બગાડે છે. ક્રોધને છોડી ક્ષમાધર્મ ધારે તે જ ભવ્ય કહેવાય. સત્સંગમાં રહી ફરે નહીં તો ભવ્ય શાનો? પૃથ્વીને જેમ ખોદે, મારે, ગુંદે તો પણ તે બધું સહન કરે છે, તેમ ગમે તેટલું દુઃખ આવે તે ક્ષમાવાન સહન કરે. ક્ષમા રાખે તો જીવને કર્મ ન બંધાય. 'હું દેહ નથી' એમ સમજાય ત્યારે ક્ષમાગુણ પ્રગટે છે. 'હું દેહથી ભિન્ન છું' એમ સમજાય ત્યારે ખરી રીતે બધા ગુણો પ્રગટે છે. કેટલાકને વીંછી કરડે ત્યારે તે તેને મારી નાખે છે, તેથી તેની સાથે વેર બંધાય છે. સમ્યક્દર્શન સહિત ક્ષમા હોય તે ઉત્તમ ક્ષમા છે. બધા ગુણ પણ સમ્યક્ત્વ આવે ત્યારે ગુણ કહેવાય, ત્યાં સુધી યથાર્થ ગુણો નથી. ઉત્તમ ક્ષમાવાળાને ખરાબ ગતિ ન થાય. જેટલા કષાય મંદ હોય તેટલું સુખ થાય, નિર્જરા થાય, નિર્મળતા થાય. મહાવીર ભગવાન અનાર્ય દેશમાં ગયા ત્યાં બધું સહન કર્યું. પૂર્વ કર્મ ખપાવવા જ ત્યાં ગયા હતા. ક્ષમા રાખી તો વહેલાં કર્મ પતી ગયાં.

કોઈ આપણને ચોર કહે તો આપણે વિચારવું કે મારામાં વાંક છે? મારો વાંક ન હોય તો હું કંઈ ચોર થવાનો છું? મેં કોઈને દુભવ્યો હોય તેથી મને ચોર કહે તો વાજબી છે. નરકે દુઃખ ભોગવવું પડશે તે કરતાં તો અહીં ભોગવી લઉં તો કેવું સારું? એમ જ્ઞાનીપુરુષ વિચારે છે. જે બહુ ક્રોધી ન હોય તેમને આપણે દુભવ્યા હોય, તો ક્ષમા માગવી કે હવેથી એવી ભૂલ નહીં કરું. જે વખતે વધારે ક્રોધ હોય તે વખતે ક્ષમા ન માગવી. માંગે તો તેને વધારે ક્રોધ થાય. ક્રોધથી ઠંડો પડી જાય ત્યારે ક્ષમા માગવી. જેણે અપરાધ કર્યો નથી તેનું બધું સવળું પડે છે.

કોઈ ગાળ ભાંડે તો વિચારવું કે દેહ પણ મારો નથી, તો આ સંબંધો મારા ક્યાંથી હોય? હું દેહ નથી, આત્મા છું. એ તો દેહને ગાળ ભાંડે છે. મને તો એ દેખતો નથી. દેહને ગાળ ભાંડે છે. મને ક્યાં ભાંડે છે? એમ વિચારવાન વિચારે છે. ખોટું લગાડવા કરતાં સમભાવ રાખે તો છૂટે. સમભાવ રાખે તો પહેલાં બાંધેલા પાપો જાય અને નવાં ન બંધાય. આપણું ભૂંડું કરે તેનું ભલું જ કરવું છે. જે થયું તે ભલું જ માનવું. એવા ભાવ થાય તો સમાધિમરણ થાય. ધર્મ ધાર્યા પછી કેટલી જવાબદારી છે, તે વિચારવા જેવું છે. કોઈ ધન ચોરી જાય, મારી નાંખે, તોય ક્રોધ ન થાય એવું દૃઢ થવાનું છે. ક્રોધ થાય એવા નિમિત્તોથી દૂર રહેવું, નહીં તો જેવું નિમિત્ત મળે તેવો થઈ જાય છે. કોઈ ક્રોધ કરે તો એય ક્રોધ કરવા લાગી જાય. કોઈ હસે તો એય હસવા માંડે, એવો જીવ નિમિત્તાધીન છે. જ્ઞાની કોઈને ઉપદેશ આપે કે તું સદાચાર સેવ, ક્રોધ મૂક; છતાં તે સામો જીવ ગ્રહણ ન કરે તો જ્ઞાની ક્રોધ કરે નહીં. જે જરૂર પડ્યે કામ ન આવે તે વાંચેલું, કરેલું કામનું શું? જ્ઞાનીપુરુષ તો મનમાં એમ રાખે કે બધાનું ભલું થાઓ.

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ ભાવનાબોધ આસ્રવભાવના વચનામૃત પૃષ્ઠ નં. ૫૪.

સંસારમાં જીવ આવી પડ્યો છે, તો દુઃખ પડે જ. બાવળ નીચે જાય ત્યાં કાંટા લાગે જ. ત્યાં ગયો શા માટે? જાય તો દુઃખ લાગે જ. તીર્થંકર જેવા મહાપુણ્યને ભોગવનારા હતા, છતાં બધું છોડીને ચાલી નીકળ્યા અને ક્ષમા ધર્મને ધારણ કર્યો. મારું કશું નથી એમ જેને થયું હોય તેને એમ થાય કે 'મારું નથી' તે ધન વગેરે ભલે લોકો લઈ જાઓ, એવી જ્ઞાનીની ભાવના હોય છે. મમતા નથી હોતી. આત્મામાં કશો દોષ નથી. આ તો બધાં કર્મ ફૂટી નીકળ્યાં છે.

ક્રમે ક્રમે સારા થવું છે. આપ ભલા તો જગ ભલા. દેહ ઉપરથી મમતા ઓછી કરવાની છે. મનુષ્યભવ મળ્યો છે તો આત્માનું હિત થાય એવું કરવું. ધમણની પેઠે શ્વાસોચ્છવાસ લે તે કંઈ મનુષ્યભવની સફળતા નથી. કંઈક જ્ઞાનીની આજ્ઞા આરાધે તો સફળતા થાય. ઘરમાં રહેનારો ઘરથી જુદો છે; તેમ આત્મા દેહરૂપી ઘરમાં રહ્યો છે, પણ તે દેહથી જુદો છે. આત્માને માનવો એ જ ખરો ધર્મ છે. વિષયવિકાર બધું દેહને લઈને છે. પાંચ ઇન્દ્રિયો છે તે બારીઓ જેવી છે. જીવની જો કે અનંત શક્તિ છે; પણ કર્મને લઈને આંખ હોય તો દેખાય, કાન હોય તો સંભળાય, નાક હોય તો સૂંઘાય, જીભ હોય તો ચખાય, એવું થયું છે. આ બારીઓમાં રહીને જીવ દેખે છે, જાણે છે, નહીં તો આત્મા તો અનંત શક્તિનો ધણી છે. અંદરમાં રહેનાર સુખી છે કે દુઃખી? તે વિચારવું.

**"શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?"** (૧૦૭)

એનો વિચાર કરવો. 'આત્મસિદ્ધિ'માં પહેલું એ જ કહ્યું છે.

**"જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત"**

અનંત દુઃખ પામ્યો તેનું કારણ પોતાનું સ્વરૂપ ન સમજ્યો. દેહ છે તે એક સાધન છે એથી મોક્ષનું કામ કરી લેવાનું છે. જે આજ સુધી બધું સાંભળ્યું છે, જાણ્યું છે તે બધું ભૂલી જવું. તારું કશું નથી. તું તો મહેમાન છે. મહેમાન જેવો છે. ખાશે, પીશે, સુખ દુઃખ માનશે ને મરી જશે. દેહમાં જે છે તે દેહથી જુદો છે. એ જીવથી મનાતું નથી. એ મનાય ત્યારે જ ખરો ધર્મ છે.

**"છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;**
**નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ."**

હું દેહથી ભિન્ન છું. દેહથી ધર્મનું કામ કરી લેવું. વૈરાગ્યની જરૂર છે. ક્યારે દેહ છૂટશે તેની ખબર નથી. કોઈને બેઠાં બેઠાં, વાત કરતાં કરતાં હૃદય બંધ થઈ જાય. માથે મરણ છે, માટે જ્યાં સુધી જીવવાનું છે ત્યાં સુધી સારા ભાવ કરવા. કૃપાળુદેવને કોઈએ પૂછ્યું કે તમારું શરીર કેમ સુકાઈ ગયું છે? કૃપાળુદેવે કહ્યું કે અમારે બે બાગ છે, તેમાંથી એકમાં વધારે પાણી ગયું તેથી બીજો બાગ સુકાઈ ગયો. દેહને દુઃખે દુઃખી અને દેહને સુખે સુખી થવું નથી. બધું મૂકીને જવાનું છે. આ મારું છે, મારી પાસે રહેશે એવું ન માનવું. કશું રહેવાનું નથી. ઘડીએ ઘડીએ બધું પલટાઈ જવાનું છે. શરીર છે તે બધું ચીંથરા જેવું છે. ગમે તેવું હોય તો પણ નાખીને જવાનું છે. પરમાં મોહ ન કરવો. મોહમાં જીવ મૂંઝાઈ જાય છે, નહીં તો કૃપાળુદેવે એક જ કડી કહી છે, તે કરે તો કામ થઈ જાય.

**" હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?"**

આખો સિદ્ધાંત બધો એમાં આવી ગયો. એટલું થાય તો બધાં શાસ્ત્રો એના હૃદયમાં વસી જાય. બોલીએ ત્યારે વિચાર કરવાનો છે. શરૂઆતમાં જીવને અપૂર્વતા, નવાઈ લાગે ત્યારે બળવાન થાય છે, પણ પછી ઢીલો પડી જાય છે. જેમ દૂધનો ઊભરો આવે અને બેસી જાય તેમ જ્ઞાનીપુરુષના યોગે જીવને વીર્ય સ્ફૂરે છે, પણ પાછો પડી જાય છે. જીવ ઢીલો પડી જાય છે. કર્મનો વાંક નથી. નવું નવું હોય ત્યારે ઉત્સાહ આવે કે અહો! આ તો અપૂર્વ ધર્મ છે. પછી સામાન્યપણું થઈ જાય છે. અપૂર્વતા લાગે તેટલો લાભ થાય. જ્ઞાનીપુરુષની અપૂર્વતા એના ખ્યાલમાં આવે, ઓળખાણ પડે તો પાછો ન પડે.

"જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય." (૪૯૩)

સાચનો રંગ લાગ્યો હોય તો એ એમનું એમ ટકે.

**"કર વિચાર તો પામ"**

એમ કૃપાળુદેવે આખી 'આત્મસિદ્ધિ' લખી છ પદની વાત કરી કહ્યું છે.

રોજ વીશ દોહરા બોલે ત્યારે વિચાર આવે તો નવું નવું લાગે. 'હું કંઈ જાણતો નથી' એવું દૃઢ થયું હોય તો વિચાર સહિત સાચી પ્રાર્થના થાય.

**" હે પ્રભુ! હે પ્રભુ! શું કહું"**

એમ બોલતાં જ તે વખતે કૃપાળુદેવ યાદ આવે કે 'તે મારા પ્રભુ છે, એથી મારું કલ્યાણ થશે.' વૈરાગ્ય સહિત પ્રેમ આવે તે ખરો પ્રેમ છે.

**"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં;
વહ કેવલકો બીજ ગ્યાનિ કહે, નિજકો અનુભૌ બતલાઈ દિયે."**

પરમ પ્રેમ એટલે દેહ, ઘર, પુત્ર, વગેરેમાં ક્યાંય પ્રેમ ન રહે, તે ખરો પ્રેમ છે. ઠેકાણે ઠેકાણે જીવે પ્રેમ વેરી નાંખ્યો છે.

વ્રત લીધેલું તોડવું નહીં. દિવસે જે કંઈ વાંચ્યું હોય તેનો રાત્રે સૂતી વખતે વિચાર કરવો કે આજે શું વાંચ્યું? તેમાં મારે કરવા જેવું શું હતું? મારા દોષો જાય એવો કોઈ ઉપાય જડ્યો? મારામાં શું શું દોષો છે? એમ વિચાર કરવો.

(સવારના–ઉપર) ૧૮૭ શ્રીમદ્ રા.આ.અગાસ,પોષ સુદ ૧૩, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–દેહથી આપણે જુદા છીએ. જેમ ઘરમાં રહેનાર ઘરથી જુદો છે તેમ. દેહમાં રહેનાર છે તે દેહથી જુદો છે. કોઈ પણ જીવને મારવો નથી. જન્મવાનું વારંવાર થાય છે તેનું કારણ

બીજાની સાથે વેર બાંધે છે તે છે. આપણને કોઈ ગાળ ભાંડે તો સામી ગાળ ન ભાંડવી, એ સજ્જનનું લક્ષણ છે. આત્મા ઓળખવો કંઈ સહેલો નથી. આપણે બધા સાત વ્યસનનો ત્યાગ પાળીએ છીએ, પણ કોઈ જ્ઞાનીની આજ્ઞાથી પળાય તો વિશેષ લાભ છે. [1]જરાક જ્ઞાનીની આજ્ઞા આરાધવાથી ભીલને દેવલોક મળ્યો, પછી શ્રેણિક રાજા થયો, અનાથીમુનિ મળ્યા ત્યારે સમકિત પામ્યો અને મહાવીર ભગવાન મળ્યા ત્યારે તીર્થંકર ગોત્ર બાંધ્યું. ઘણા જીવોને તારી તે મોક્ષે જશે. એક જરાક આજ્ઞા આરાધવાથી કેટલું બધું થયું!

ધર્મ કરવો હોય તેણે ઇન્દ્રિયોને વશ કરવી. જીવે ઘણા પાપ કર્યાં છે પણ હવે એથી છૂટવું છે. જ્ઞાનીપુરુષની આજ્ઞા જ્યારથી મળી ત્યારથી આપણા દિવસો ધન્ય છે. આજથી જ જાણે જન્મ્યા એમ જાણવું. હાલતાં ફરતાં ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'', ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'', ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' એમ સ્મરણ કરવું. પૈસા ટકા અહીં પડ્યા રહે, પણ જ્ઞાનીની આજ્ઞા આરાધી હોય તે સાથે જાય. બોલીએ ત્યારે વિચાર સહિત બોલવું. 'હે પ્રભુ' બોલીએ ત્યારે કૃપાળુદેવ સાંભરે. આપણે ઘેર કૃપાળુદેવ આવ્યા છે એમ સમજવું. હરતાં ફરતાં ગાડીમાં કે બહાર ગમે ત્યાં એ મંત્ર બોલી શકાય છે.

*

(બપોરના—ઉપર)

પૂજ્યશ્રી—રોજ ભક્તિ કરવી હોય તેણે સદાચાર રાખવાનો છે. સાત વ્યસનનો ત્યાગ રાખી એટલી (ત્રણ પાઠ) ભક્તિ કરે તો જ્ઞાનીની આજ્ઞા આરાધી કહેવાય. કૃપાળુદેવની ભક્તિમાં રહેવું છે. મારે તો એક આત્મા ઓળખવાનો છે, એ લક્ષ રાખવો. પુણ્યનો યોગ હતો તો અહીં આવી ચઢાયું. પૈસાટકા મળવા એ જુદું પુણ્ય છે અને ધર્મ પામવો એ એક બીજું પુણ્ય, એટલે પુણ્યાનુબંધી પુણ્ય છે. એથી પછી આ ભવમાં કે બીજા ભવમાં સમ્યક્‌દર્શન પામે, કેવળજ્ઞાન પામે, મોક્ષ થાય.

અભયકુમાર આગલા ભવમાં બ્રાહ્મણ હતા. તે એક દિવસે એક શ્રાવક મિત્ર સાથે ફરવા ગયા. રસ્તે જતાં પીપળાનું ઝાડ આવ્યું તે વખતે અભયકુમારના જીવે પીપળાને નમસ્કાર કર્યા. શ્રાવકને વિચાર આવ્યો કે આ બિચારો એકેન્દ્રિયને દેવ માની નમસ્કાર કરે છે, તે બરાબર નથી. એમ વિચારી પીપળાનું એક પાંદડું તોડી પગ નીચે કચરી નાખ્યું. તે જોઈ બ્રાહ્મણે કહ્યું—શા માટે મારા દેવને પગ નીચે કચરો છો? શ્રાવકે કહ્યું—તમારા દેવમાં કંઈ શક્તિ નથી, મારા દેવ જોજો. પછી આગળ ચાલ્યા ત્યાં રસ્તામાં એક કુશનું ઝાડ આવ્યું. તે જોઈને શ્રાવકે હાથ જોડ્યા. બ્રાહ્મણે કુશના ઝાડને શ્રાવકના દેવ જાણીને તેને તોડી હાથમાં લઈ કચર્યું. તેથી તેના હાથ બહુ બળવા લાગ્યા. તે દુઃખી થવા લાગ્યો. ત્યારે શ્રાવકે કહ્યું કે મારા દેવ કેવા છે, જોયા? પછી તેઓ ગંગા કિનારે આવ્યા. ત્યારે બ્રાહ્મણ નાહીને મંત્ર જપવા બેઠો. શ્રાવક પોતાનું ભાથું લઈ ખાવા બેઠો. પછી બ્રાહ્મણ પણ ખાવા બેઠો. તે વખતે શ્રાવક એંઠો રોટલો લઈ ગંગામાં ઝબોળી તેને આપવા લાગ્યો. ત્યારે બ્રાહ્મણે કહ્યું કે એંઠો રોટલો અમારાથી ન ખવાય. શ્રાવકે કહ્યું કે ગંગામાં બોળીને આપ્યો છે ને? એ તો પવિત્ર થયો છે ને! પછી અભયકુમારનો જીવ સમજી ગયો.

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૩૮૩

આપણે પણ કેટલાય ભવથી રખડતા રખડતા કૃપાળુદેવને શરણે આવ્યા છીએ. શુદ્ધ આત્માની જેને રુચિ થઈ તેને બીજું ગમે નહીં. તે કાયાને તપાદિમાં જોડી મનુષ્યભવ સફળ કરે છે. જગત ગમે તે કહે પણ આપણે તો ભક્તિ કરવી. સત્શાસ્ત્ર વાંચવું, વિચારવું. ભાવના કૃપાળુદેવની કરીએ. ચિત્રપટના વારંવાર દર્શન કરી ભાવના કરવી કે કૃપાળુદેવ દેહથી ભિન્ન છે, મારે એવા થવું છે.

(સાંજના–સભામાં) ૧૮૮ શ્રીમદ્ રા.આ.અગાસ,પોષ સુદ ૧૪,સં. ૨૦૦૯

પૂજ્યશ્રી–પશુગતિમાં કંઈ પાપાપાપનો વિચાર નથી. મનુષ્ય, જ્ઞાનમાં વિશેષ છે. એ જો વિચાર કરે તો કેવળજ્ઞાન કરી શકે અને પશુને આટલી વિચાર શક્તિ હોતી નથી, તેથી એને થતું નથી.

(બપોરના–ઉપર) ૧૮૯ શ્રીમદ્ રા.આ.અગાસ,પોષ વદ ૨,સં. ૨૦૦૯

પૂજ્યશ્રી–લોભ છે તે બધા પાપનું મૂળ છે. કોઈ પ્રાણીના પ્રાણ લેવા જેટલું ક્રૂર ન થવું.

**''દયા ધર્મકો મૂલ હૈ, પાપમૂલ અભિમાન''**

ખાવું પીવું, એટલા માટે જ જીવવું નથી. મનનો વિષય બહુ અઘરો છે.

(સવારના–સભામાં) ૧૯૦ શ્રીમદ્ રા.આ.અગાસ,પોષ વદ ૪, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–પરિગ્રહ જેટલો છે, તેટલું પાપ છે. જેટલા પૈસા વધે તેટલું પાપ વધે છે. છૂટવાની ભાવના છતાં એ એને ખાળી રાખે છે. મહાત્મા પ્રત્યે પરમ દીનતા થાય તો બધાય દોષના કારણો ટળે. બધાનું મૂળ 'સત્પુરુષ પ્રત્યે પરમેશ્વરબુદ્ધિ અથવા મહાત્મા પ્રત્યે પરમ પ્રેમ' એ છે. સંસારનો મોહ છે તે સંસાર વધારે છે અને જે પ્રશસ્ત મોહ છે તે મોક્ષનું કારણ થાય છે. એની પાસે જે મૂડી છે તે મોક્ષના કામમાં વાપરે તો મોક્ષ થાય.

**''પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં''**

પરમાર્થ પ્રત્યે પ્રેમ થાય તો પછી એને શરીર પણ ન ગમે, ખાવું પીવું કંઈ ન ગમે, માથું માગે તો માથું પણ આપે એવો અત્યંત પુરુષાર્થ કરે. પદાર્થનો નિર્ણય થાય તો પછી સુખ થાય. વસ્તુ જેમ છે તેમ ખબર પડે કે આ જગતમાંની કોઈ વસ્તુ મારી નથી તો પછી એને કંઈ જરૂર ન રહે. સિદ્ધ ભગવાનની પાસે કંઈ નથી. ખાવાનું નથી, પીવાનું નથી, એકલા છે. એવું સુખ પ્રાપ્ત કરવું હોય તો બીજે જે સુખ કલ્પ્યું છે તે છોડવું પડે. જેમ જેમ મુમુક્ષુતા વધે તેમ તેમ મોક્ષમાર્ગ સમજાય.

''કળિયુગ છે માટે ક્ષણવાર પણ વસ્તુ વિચાર વિના ન રહેવું.'' (૨૫૪) કળિયુગનો ભય કેમ બતાવ્યો ? મનુષ્યભવ લુંટાઈ જાય એવો કાળ છે. જીવ આંખો મીંચીને દોડ્યો જાય છે.

*

(બપોરના—ઉપર)

પૂજ્યશ્રી—હાલનું જીવન બધું જડ વસ્તુના સંશોધનમાં જાય છે. 'હું કોણ છું?' એની ખબર નથી. કૃપાળુદેવે 'આત્મસિદ્ધિ'માં કહ્યું છે કે—

**"ઘટ, પટ આદિ જાણ તું, તેથી તેને માન;**
**જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન?"**

જેને આધારે બધું થાય છે એવો આત્મા, તે નીકળી ગયો તો પછી સંભળાય નહીં, બોલાય નહીં, ચલાય નહીં, દેખાય નહીં, કંઈ ન થાય. જીવને એની ખબર નથી.

શ્રીમદ્ રાજચંદ્રે સોળ વર્ષની ઉંમરમાં એક 'મોક્ષમાળા' નામનું પુસ્તક લખ્યું છે. એ પુસ્તકમાં જે પ્રસ્તાવના લખી છે, તે પ્રસ્તાવનાનું નામ 'શિક્ષણપદ્ધતિ અને મુખમુદ્રા' છે. શિક્ષણપદ્ધતિ એટલે એ પુસ્તક કેમ શીખવું તેની પદ્ધતિ લખી છે અને મુખમુદ્રા એટલે જેમ કોઈનું મોઢું જોઈને લાગે કે આ શાંત છે, આ ક્રોધી છે, તેમ આ પુસ્તકમાં શું કહેવું છે, તે આમાં કહ્યું છે. સ્યાદ્વાદ એટલે જેવું છે તેવું કહેવું. પદાર્થને ચારે બાજુથી જોઈ બરાબર કહેવું તે સ્યાદ્વાદ છે. આ પુસ્તક સ્યાદ્વાદ વૃક્ષનું બીજ છે. આ પુસ્તક નોવેલની પેઠે વાંચી જવાનું નથી, પણ મનન કરવાનું છે.

મુમુક્ષુ—તત્ત્વજ્ઞાન એટલે શું?

પૂજ્યશ્રી—પદાર્થનું જે સ્વરૂપ છે, તેનું નામ તત્ત્વજ્ઞાન છે. તત્ત્વ એટલે વસ્તુ અને તેનું જે જ્ઞાન તે તત્ત્વજ્ઞાન છે.

ધર્મરાજા એટલે યુધિષ્ઠિર નિશાળે ગયા ત્યારે માસ્તરે 'સત્યં વદ' એટલો પાઠ આપ્યો. પંદર દિવસ સુધી ધર્મરાજા નિશાળે ન ગયા. પછી જ્યારે સત્ય બોલવાનો અભ્યાસ થયો ત્યારે ગયા અને બીજો પાઠ લીધો. તેમ આ પુસ્તક વાંચીને તેનું તાત્પર્ય અનુભવવું. જ્યારે મોક્ષે જવું હશે ત્યારે સીધું થવું પડશે. કૉલેજમાં ચાલી શકે એવું કૃપાળુદેવે આ પુસ્તક લખ્યું છે. એમણે જાણ્યું કે કૉલેજમાં કંઈ ધર્મ સંબંધી શિક્ષણ છે નહીં, તેથી એમણે સોળ વર્ષની ઉંમરે આ પુસ્તક લખ્યું હતું. આ પુસ્તક મુખ્ય તો મુનિઓ પાસે સમજવું, પણ એવો યોગ ન હોય તો પાંચ-સાત વાર તે પાઠ વાંચી જવો. પછી અર્ધી ઘડી એટલે બાર મિનિટમાં જે વાંચ્યું હોય તેનો વિચાર કરવો કે એમાં શું કહ્યું? એમાં હેય એટલે તજવા યોગ્ય શું છે? એમાં જ્ઞેય એટલે મને જાણવા યોગ્ય શું મળ્યું? ઉપાદેય એટલે એમાં ગ્રહણ યોગ્ય શું આવ્યું? એમ તપાસવું.

રાગ દ્વેષને જેણે જીત્યા તેને જિન અથવા વીતરાગ કહેવાય છે. જેણે રાગ દ્વેષને જીતીને તત્ત્વો કહ્યાં છે, તે તત્ત્વો પર આ પુસ્તકથી રૂડી શ્રદ્ધા થશે. 'બાલાવબોધ,' 'પ્રજ્ઞાવબોધ' અને 'વિવેચન' એમ ત્રણે પુસ્તકો એમણે લખવાં હતાં, પણ તેમાંથી આ એક જ પુસ્તક લખી શકાયું. જીવને રસ આવે એવી રીતે આ પુસ્તક વાંચવું. જેને આત્મકલ્યાણ કરવાની ઇચ્છા છે, જે જ્ઞાનશાળાના વિદ્યાર્થી છે, તેમને આના પાઠો મુખપાઠ કરાવવા. આ પુસ્તક બધાને કામનું છે. આ

પુસ્તકમાં મધ્યસ્થતાથી આત્મજ્ઞાન અને શીલ એટલે આચાર સંબંધી કહ્યું છે. ધર્મ વગરનું જીવન હોય તે સફળ ન કહેવાય. તેની ખોટ પૂરવા માટે આ 'મોક્ષમાળા' પુસ્તક લખ્યું છે. આત્મા જાણવા માટે સદાચારની જરૂર છે. આ પુસ્તક ૧૯૪૦ની સાલમાં એટલે લગભગ સિત્તેર વર્ષ પહેલાં લખાયેલું છે. કૃપાળુદેવ એ પુસ્તક છપાવવા અમદાવાદ ગયા હતા.

જેના હૃદયમાં વૈરાગ્ય હોય, તે ગમે તેવી વાતો કરતો હોય તોય વૈરાગ્યમાં જ હોય છે. જે વૈરાગી છે તે વૈરાગ્યમાં જ રહે છે. સંસારમાં રહ્યા છતાં જળમાં જેમ કમળ રહે છે તેમ રહે છે. આખું જગત સુખને ઇચ્છે છે પણ વિવેક ન હોય તો સુખ શું? અને દુઃખ શું? તે ન સમજાય. જે જીવ ભ્રાંતિમાં હોય તેને સંસારમાં સુખ અને દુઃખ લાગે છે. વહેલાં મોડાં બધાને મૂકીને જવાનું છે. આ સંસારનાં સુખ બધાં ક્ષણિક છે. સુખ જીવે સાંભળ્યું નથી તો પછી અનુભવ્યું તો ક્યાંથી હોય? આ સંસારમાં દુઃખ જ છે. જેનો આત્મા શાંત થાય તે સુખી થાય છે. જ્યાં સુધી મનમાં ફિકર છે ત્યાં સુધી દુઃખ જ છે. જે વસ્તુ ક્ષણિક છે તેમાં સુખ નથી. સંસારમાં બધે દુઃખ છે એમ ભર્તૃહરિ ઉપદેશે છે. જે ઘણા ભોગમાં પડ્યા હોય તે ઘણા રોગી હોય છે. જે વસ્તુઓને લોકો સારી ગણે છે તે બધી વસ્તુઓ ભયવાળી છે. જેને વૈરાગ્ય થઈ ગયો હોય, માત્ર એક તેને ભય નથી. જે વસ્તુ ઉપર રાગ હોય તે વસ્તુ ભયવાળી છે, ભયનું કારણ છે. ભર્તૃહરિએ જેમાં ભય બતાવ્યો છે તેને જ લોકો ઇચ્છે છે. જેની પાછળ દુઃખ આવે તે સુખ શાનું? વિચારવાન પુરુષોનાં વચનોથી ગેરલાભ ન થાય. જ્યાં ધર્મ છે ત્યાં જય છે. સંસારના વિકારોને જીતવા હોય તો ધર્મની જરૂર છે. એટલા માટે કૃપાળુદેવે 'મોક્ષમાળા' લખી છે. 'મોક્ષમાળા' કૃપાળુદેવે ત્રણ દિવસમાં જ લખી છે.

(બપોરના–ઉપર) ૧૯૧ શ્રીમદ્ રા.આ.અગાસ,પોષ વદ ૫,સં. ૨૦૦૯

પૂજ્યશ્રી–પ્રમાદ છે, એ તો દોષ છે જ, પણ જીવને પ્રમાદમાં રતિ રહી છે, એ મોટો દોષ છે. પ્રમાદ મારે ઓછો કરવો છે, એમ કરી જ્ઞાનીની આજ્ઞામાં કાળ ગાળશે ત્યારે મુમુક્ષુતાની શરૂઆત થશે. સંસાર કેદખાના જેવો છે, બંધન છે. જીવને એમ થતું નથી કે હું એથી ક્યારે છૂટું? જીવ જેવું નિમિત્ત મળે તેવો થઈ જાય છે. પોતાનું નથી તેને પોતાનું ગણી કાળ ગુમાવે છે. એમ મનુષ્યભવની મૂડી જીવ ઉડાડી દે છે, એ કુટેવ છે. સત્સંગમાં સાંભળવાનું મળે, તે વિચારે, તો એને કામનું છે; નહીં તો આ કાને સાંભળ્યું ને આ કાને કાઢ્યું. ઘાસમાં, પાણીમાં, અગ્નિમાં, પૃથ્વીમાં, વાયુમાં જીવ ભટક્યો છે. ત્યાંથી ખસીને ઘણું પુણ્ય થયું ત્યારે આ મનુષ્યભવમાં આવ્યો છે. 'હું દેહ છું' એ ભાવ છોડવાનો છે. તેને બદલે દેહમાં ને દેહમાં આખી જિંદગી ગાળે છે. મનુષ્યભવ દુર્લભ કહ્યો છે. મનુષ્યભવ ઉત્તમ કહ્યો છે, તેનું કારણ એથી મોક્ષ થઈ શકે છે; નહીં તો એક ફૂટી બદામ જેટલી કિંમતનો પણ નથી. કામ, ક્રોધાદિ મટાડવા આ મનુષ્યભવ મળ્યો છે. જીવને સંસારમાં રુચિ થાય છે. માટે સત્સંગે રુચિ ફેરવવી.

**"નથી ધર્યો દેહ વિષય વધારવા; નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા"** (૧૫)

જ્ઞાનીનું કહેલું ન માને તો કોનું જીવ માનશે? વિષયને કાઢી નાંખવાનો છે. પરિગ્રહમાં મમતા

ન રાખવી. [1]પુણિયા શ્રાવકે એવું કર્યું હતું. રોજ બે આના કમાઈને સામાયિક કરતા, ત્યારે બધું ભૂલી જતા. તેથી ભગવાને એમને વખાણ્યા. એક ભવ જો જ્ઞાનીને રાજી કરવામાં જાય તો પંદર ભવમાં મોક્ષ થાય. જ્ઞાની તો કશું ઇચ્છતા નથી, પણ જીવે એવું કર્યા વિના મોક્ષ ન થાય. કેવો ઉત્તમ લાગ આવ્યો છે! પણ જીવને ભાન નથી. બધા જીવોનું કલ્યાણ થાઓ, એમ જ્ઞાનીપુરુષ ઇચ્છે છે. શુભાશુભ ભાવ ન થાય તો નિવૃત્તિ છે.

**''જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ;**
**તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ.''**

ઊંઘમાં કંઈ નિવૃત્તિ નથી. જ્ઞાનીપુરુષે ઊંઘને કંઈ નિવૃત્તિ કહી નથી. ઊંઘમાં પણ જીવ ક્યાં જંપે છે? પરભવનું કામ અગત્યનું છે. બહુ અઘરું કામ છે. ક્રિયા તો કરે પણ રુચિ ફરવી બહુ અઘરી છે. મનુષ્યભવમાં શું કરવું છે, તેનો ધ્યેય જીવને નથી હોતો. જે રસ્તે ચાલ્યો તે જ રસ્તે ચાલ ચાલ કરે છે. જ્ઞાનીપુરુષો કહે છે કે ચીલો બદલવાનો છે. તારો રસ્તો છે તેમાં ભય છે. જીવને ભય નથી લાગતો તેનું કારણ વિચારની ખામી છે.

''કળિયુગ છે માટે ક્ષણવાર પણ વસ્તુ વિચાર વિના ન રહેવું.'' (૨૫૪) એમ કહ્યું છે. જીવને વિચારશક્તિ છે પણ તે બીજામાં વાપરે છે. નકામી જરૂરિયાત બહુ વધી ગઈ છે. પુણિયો શ્રાવક બે આનામાં ચલાવતો અને ફૂલોથી ભગવાનની પૂજા ભક્તિ કરતો. એને ભગવાને વખાણ્યો. શ્રેણિકને કહ્યું કે તું એની એક પણ સામાયિક ખરીદે તો નરકે ન જાય. જીવને મનુષ્યભવ દુર્લભ સમજાયો નથી. એક માણસની પાસે એક અમૃતનો પ્યાલો હતો. તેમાંનું એક ટીપું પણ મરેલા મનુષ્યના મોઢામાં નાખે તો મરેલો જીવતો થાય. તેને પગ ધોવા માટે વાપરી નાખ્યું. તેમ આ મનુષ્યભવથી મરવાનું છૂટી મોક્ષ થાય એવું છે, તેને આ જીવ ખાવાપીવામાં, મોજશોખમાં, કમાવામાં, એવી નજીવી વસ્તુઓમાં વાપરે છે.

''એક તરુણ સુકુમારને રોમે રોમે લાલ ચોળ સૂયા ઘોંચવાથી જે અસહ્ય વેદના ઊપજે છે તે કરતાં આઠગુણી વેદના ગર્ભસ્થાનમાં જીવ જ્યારે રહે છે ત્યારે પામે છે.'' (મોક્ષમાળા–૧૮) એટલું ગર્ભનું દુઃખ છે, પણ જીવને લાગતું નથી. કોઈ વિચારવાન હોય તેને માંદગીમાં વિચાર જાગે છે. [2]અનાથીમુનિ જેવા હોય તેમને એવા વિચાર જાગે છે. જીવ પ્રસંગોમાંથી શીખે તો દરેકનું જીવન એવું હોય છે, પણ વિચાર જાગતો નથી. કંઈક સંસ્કાર હોય તો જાગે. બીજા લોકો આપણને ઉપસર્ગ કરે તેથી દુઃખ લાગે છે. જીવને અધઃપતનનાં પણ ઘણાં નિમિત્તો બને છે. જગતમાં એક જગ્યાએ ભય છે એમ નથી, બધે ભય છે. એક તલ જેટલી જગ્યા પણ ભય વગરની નથી. માથે મરણ છે, વિચાર નથી. ક્ષણે ક્ષણે બંધન થાય છે તે કોણ ભોગવશે? તેનો વિચાર નથી. પ્રભુશ્રીજી કહેતા કે જીવ મકાન ચણ ચણ કરે છે, પછી દેહ છોડીને ત્યાં જશે. જેવું કરશે તેવું મળશે. મોક્ષમાર્ગમાં પ્રવર્તતો હોય તેને પણ કેટલાં વિઘ્નો અને ભય હોય છે? તો પછી જે એ દિશામાં ચાલ્યો જ નથી તેને તો કેટલાય ભય છે. વિશાળબુદ્ધિ એ તત્ત્વ પામવાનું કારણ છે. પુસ્તકો, નિવેદનો લખવાં એને વિશાળબુદ્ધિ કહી નથી. આત્માનો વિચાર કરે તે વિશાળબુદ્ધિ છે.

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પ્રવેશિકા શિક્ષાપાઠ ૬૪. / ૨. મોક્ષમાળા શિક્ષાપાઠ ૫ થી ૭.

નાનપણમાં જીવ કંઈ કરી શકે નહીં, પછી કંઈક સમજણ આવે ત્યારે ભણવા માંડે, ત્યારે પણ વિચાર આવે નહીં, પછી કમાવા લાગે ત્યારે તો કંઈ ભાન ન રહે અને પછી પાંજરામાં પુરાય ત્યારે કરવાની ઇચ્છા થાય તો પણ કરી શકે નહીં. યૌવનાવસ્થામાં જીવને દારૂડિયા જેવું જીવન હોય છે. પાછળ પસ્તાવું ન પડે એવું જીવવું. શું લેવા આવ્યો હતો અને શું લઈ જઈશ?

*

(સાંજના–સભામાં)

પૂજ્યશ્રી–સમ્યગ્દર્શન હોય અને વ્રત ન હોય તો શ્રાવક ન કહેવાય. સામાન્યપણે તો કહેવાય છે. શ્રેણિકરાજાને સમ્યગ્દર્શન હતું પણ વ્રત ન હતું, છતાં તેમને શ્રાવકોત્તમ કહ્યા છે એટલે કે ઉત્તમ શ્રાવક કહ્યા છે.

(સવારના–સભામાં) ૧૯૨ શ્રીમદ્ રા.આ.અગાસ,પોષ વદ ૭,સં. ૨૦૦૯

પૂજ્યશ્રી–આત્મા જાણ્યો હોય તો જ અસંગપણાવાળી ક્રિયા કરી શકે. નહીં તો સાધુપણું પાળતો હોય તો પણ દેવલોકની ઇચ્છા કરે. એ ક્રિયા તો અસંગપણું કરાવે એવી છે, પણ તે આત્માર્થે કરતો નથી. આત્માર્થે કરવા માટે સમજણ જોઈએ છે.

**"વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો;**
**અબ ક્યોં ન બિચારત હૈ મનસેં, કછુ ઔર રહા ઉન સાધનસેં?**
**બિન સદ્ગુરુ કોય ન ભેદ લહે, મુખ આગલ હૈં કહ બાત કહે?"**

જ્યાં સુધી સદ્ગુરુ ન મળ્યા હોય ત્યાં સુધી આત્માર્થ ન થાય. આત્માર્થ જાણ્યો હોય તેનાથી અસંગપણાવાળી ક્રિયા થાય છે અથવા આત્માર્થની ઇચ્છા રાખીને કરે તોય અસંગપણાવાળી ક્રિયા કહેવાય. અસંગપણાવાળી ક્રિયા હોય, આત્મા સિવાય બીજી ઇચ્છા ન હોય અને જ્ઞાનનો લક્ષ હોય તો કલ્યાણ થાય. જ્ઞાન અને ક્રિયા બન્ને જોઈએ. પોતે તપાસવાની જરૂર છે કે હું ક્રિયા આત્માર્થે કરું છું કે બીજા અર્થે કરું છું? એક તો આત્માર્થ ભુલાય નહીં, બીજી વસ્તુની ઇચ્છા ન રહે, અસંગપણા અને જ્ઞાનનો લક્ષ હોય તો કલ્યાણ થાય. ધર્મ છે તે કોઈના કરાવ્યાથી થતો નથી. પોતે કરે તો જ થાય.

(બપોરના) ૧૯૩ શ્રીમદ્ રા.આ.અગાસ,પોષ વદ ૮,સં. ૨૦૦૯

મુમુક્ષુ–સહજાત્મસ્વરૂપ એટલે શું?

પૂજ્યશ્રી–આત્મસ્વરૂપ જેવું છે તેવું. પોતાના સ્વભાવમાં રહેવું અથવા કર્મમળરહિત જે સ્વરૂપ તે સહજાત્મસ્વરૂપ. જેમ સ્ફટિકરત્ન અન્ય પદાર્થના સંયોગે લીલું, પીળું, લાલ આદિ જેવો સંયોગ થાય તેવું દેખાય છે તે તેનું સહજસ્વરૂપ નથી, પણ જ્યારે એકલું નિર્મળ સ્ફટિક રત્ન રહે ત્યારે તે તેનું સહજસ્વરૂપ છે. ગરજ હોય તેટલું થાય. જેટલી આળસ તેટલો મોક્ષ મોડો થશે. બીજાં કામ તો ઘણાં ભવમાં કર્યાં, પણ હવે ભગવાનનું નામ લઈ ઊઠવું અને ભગવાનનું નામ લઈ સૂવું. જેટલો ભાવ હોય તેટલું થાય. ગોળ નાખે તેટલું ગળ્યું થાય. સાત વ્યસનમાં દોષ ન લાગે

એવું કરવું. જેટલું સદાચરણ હશે તેટલાં વધારે જ્ઞાનીપુરુષનાં વચનો સમજાશે. વૈરાગ્યની જરૂર છે. અંતઃકરણ જેમ જેમ નિર્મળ થશે તેમ તેમ વધારે સમજાશે. કૃપાળુદેવે લખ્યું છે કે-

''શુક્લ અંતઃકરણ વિના મારા કથનને કોણ દાદ આપશે?'' (૨૧–૪૭)

[૧]કપિલનાં બધાં આવરણ ખસ્યાં તો કેવળજ્ઞાન પામ્યો. ઢીલા ન પડી જવું. શરૂઆતમાં જીવ બળ કરે પણ પાછો ઢીલો પડી જાય તો કંઈ ન થાય. કાયામાંથી શું કાઢવાનું છે? આખો દિવસ-રાત કાયાની સંભાળ રાખે છે. ટાપટીપ કરે છે અને જે અંદર રહેનારો આત્મા તેની સંભાળ નથી.

**''શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?**
**પોતે શું? ક્યાંથી છે આપ? એનો માગો શીઘ્ર જવાપ.''** (૧૦૭)

એ વિચારો જીવને આવતા નથી. કરવાનું છે તે પડ્યું રહે છે. પોતાનું ભૂલીને જે કરે છે એ જ મોટી ભૂલ છે. પરવસ્તુમાં ચિત્ત છે.

મુમુક્ષુ—શુક્લ અંતઃકરણ એટલે શું?

પૂજ્યશ્રી—પાપ વિનાનું અંતઃકરણ તે શુક્લ અંતઃકરણ. ત્યાગ-વૈરાગ્યવાળું ચિત્ત તે શુક્લ અંતઃકરણ છે.

(બપોરના—ઉપર) ૧૯૪ શ્રીમદ્ રા.આ.અગાસ,પોષ વદ ૯, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—સ્મરણનું વધારે જોર રાખવું. સ્મરણ હરતાં ફરતાં પણ કરવું. વીસ દોહરા આદિ ત્રણ પાઠ વારંવાર ભાવપૂર્વક બોલવાનું રાખવું. જીવે ઘણું કર્યું છે પણ ભાવ વિના બધું લૂખું થયું છે. સત્પુરુષનો બહુ ઉપકાર છે.

**''જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;**
**સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત.''**

આત્માને ઉન્નત બનાવે એવા જ્ઞાનીપુરુષોના વચનો છે. એમાં જેટલા ખોટી થઈશું તેટલું કલ્યાણ થશે. છ પદમાં સમ્યગ્દર્શન રહ્યું છે. જ્યાં સુધી એ સમકિત પ્રગટ ન થાય ત્યાં સુધી એ છ પદ ભણ્યો જ નથી. આ ભવમાં શું કરવાનું છે? ગમે તેમ કરી આ ભવમાં છેવટે સમાધિમરણ કરવાનું છે. એ કરવા માટે જ્ઞાનીનાં વચનોમાં વૃત્તિ રાખવી. દેહ ઘડીકમાં છૂટી જાય એવો છે. માથે મરણ નક્કી છે પણ આ વાત જીવ ભૂલી જાય છે, એ આશ્ચર્ય છે. અત્યાર સુધી દેહમાં વૃત્તિ રાખી છે.

''શ્રી સદ્ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથ માર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું; એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.'' (૬૯૨)

રાગદ્વેષ ઓછા કરવા હોય તેને એ જ રસ્તો છે, બીજો નથી.

''સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે.'' (૫૬૯)

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા શિક્ષાપાઠ ૪૬ થી ૪૮.

માથે મરણ છે માટે સમાધિમરણની તૈયારી કરવા દે, એમ જીવ કરતો નથી. સત્સંગ એટલા માટે કહ્યો છે કે જીવને જાગૃતિ રહે કે મારે શું કરવું છે? ચામડામાં જીવ વૃત્તિ રાખે છે પણ આત્મામાં વૃત્તિ નથી. શું કરવા મનુષ્યભવ મળ્યો છે તે વિચાર કરવાનો છે.

**''નથી ધર્યો દેહ વિષય વધારવા; નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા''** (૧૫)

જે કરવાની ના કહી છે તે જ જીવ કરે છે. જ્ઞાનીપુરુષનું અવલંબન લેવાનું છે. જીવ ભૂલ્યો છે. એ ભૂલ જ્ઞાનીના વચન વિના નીકળે નહીં. ભૂલ છે તેની સરત નથી રહેતી. અમૂલ્ય વચનો છે જ્ઞાનીપુરુષનાં, એવું લાગતું નથી. પૈસા ફેરવે પણ મંત્ર ન ફેરવે. કોઈ ટોકનાર જોઈએ છે. મુમુક્ષુને સારું તો કરવું છે, પણ પ્રમાદ નડે છે. આત્માને ભૂલે છે. આત્માનું કરવાનું છે, તેમાં જીવ ભૂલે છે તે જ પ્રમાદ છે. વિકથા કરવી હોય તો આખી રાત જાગે, સ્મરણમાં ઊંઘે. પોતાની ભૂલો તપાસી, કાઢવી; નહીં તો મનુષ્યભવ એમનો એમ જતો રહે. જ્ઞાનીએ મંત્ર આપ્યો તે જ મારો છે. એ આત્મા જ આપ્યો છે. મોક્ષમાર્ગે જવું હોય તો એ મંત્રનું સ્મરણ કરવાનું છે. હવે જેટલું જીવવું છે તેટલો એમાં જ કાળ ગાળવો છે. એ નથી થતું એનું કારણ પારકી પંચાતમાં જીવ પડ્યો છે.

**''મંત્રે મંત્ર્યો, સ્મરણ કરતો, કાળ કાઢું હવે આ,**
**જ્યાં ત્યાં જોવું પર ભણી ભૂલી, બોલ ભૂલું પરાયા;**
**આત્મા માટે જીવન જીવવું, લક્ષ રાખી સદાએ,**
**પામું સાચો જીવન-પલટો, મોક્ષમાર્ગી થવાને.''** (પ્રજ્ઞાવબોધ–૭૪)

મંત્રથી મંત્રાઈ જવું. એ વિના છૂટકો નથી. પારકા બોલ ભૂલી, જ્ઞાનીના બોલમાં ચિત્ત રાખવું. જગતનાં કામોનું ગમે તેમ થાઓ, પણ આપણે તો જ્ઞાની કૃપાળુદેવનું કહેવું છે તેમાં જ રહેવું છે. પ્રભુશ્રીજી કહેતા કે ગાંડા થઈ જવું, સ્મરણમાં રહેવું.

મુમુક્ષુ–સંકલ્પ-વિકલ્પો બહુ આવે છે.

પૂજ્યશ્રી–વૈરાગ્ય હોય તો સંકલ્પવિકલ્પ ન થાય. સંકલ્પવિકલ્પ આવે તો એનાથી હું જુદો છું, એવો ભાવ રાખવો. સંકલ્પ-વિકલ્પ આવે ત્યારે ગભરાવું નહીં. ઉપાય કરવો. સંકલ્પ-વિકલ્પને લંબાવવા નહીં. ઝટ સ્મરણમાં જવું. સંકલ્પ-વિકલ્પ રોકવા માટે જ મંત્ર મળ્યો છે. ગભરાવે એવા સંકલ્પ-વિકલ્પ આવે તો ઉતાવળે સ્મરણ કરવું. ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'', ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'', ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' એમ ઉતાવળે બોલવું, તો ખસી જાય. આખી જિંદગીમાં આજ સુધી કેટલાય સંકલ્પ-વિકલ્પ આવ્યા હશે, તે કંઈ રહ્યા છે? સંકલ્પ-વિકલ્પ મટાડવાનો ઉપાય સ્મરણ છે. સંકલ્પ-વિકલ્પ આવે તેથી ગભરાવું નહીં. 'હું એનાથી જુદો છું' એવી ભાવના કરવી. ઉપાય કરવા, પણ ગભરાવું નહીં. ગભરાવું નહીં એટલે પ્રમાદ કરી બેસી રહેવું એમ નથી. જે શીખ્યા હોય તે ફેરવવું. પ્રમાદ ન કરવો.

મુમુક્ષુ–વિચક્ષણતા એટલે શું?

પૂજ્યશ્રી–હોંશિયારી, સમજણ. કૃપાળુદેવે 'પુષ્પમાળા'માં લખ્યું છે કે–

"આજના દિવસમાં આટલી વસ્તુને બાધ ન અણાય તો જ વાસ્તવિક વિચક્ષણતા ગણાય : (૧) આરોગ્યતા. (૨) મહત્તા. (૩) પવિત્રતા. (૪) ફરજ." (૨–૭૩)

(સવારના–સભામાં) ૧૯૫ શ્રીમદ્ રા.આ.અગાસ,પોષ વદ ૧૦, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–ક્ષણે ક્ષણે ભાવ પલટાય છે. પાપનો ઉદય આવે ત્યારે ગમે ત્યાંથી દુઃખ આવે. મારું કંઈ નથી, એવું જીવને થતું નથી. સંસાર દુઃખરૂપ લાગતો નથી.

*

(બપોરના)

પૂજ્યશ્રી–આ ભવમાં સમાધિમરણ કરવું. એમના એમ બીજા ભવ જતા રહ્યા એવું આ ભવમાં નથી કરવું. મરણ પાસે જ છે એમ જાણવું.

મુમુક્ષુ–દ્વાદશાવિરતિ એટલે શું?

પૂજ્યશ્રી–પાંચ ઇન્દ્રિયો અને મનને ન જીતે તથા છકાય જીવોની રક્ષા ન કરે તે બાર અવિરતિ એટલે અસંયમ છે.

મુમુક્ષુ–પંચદશયોગ એટલે શું?

પૂજ્યશ્રી–મનના ચાર યોગ, વચનના ચાર યોગ અને કાયાના સાત યોગ મળી પંદર યોગ કહેવાય છે.

મુમુક્ષુ–પંચ મિથ્યાત્વ એટલે શું?

પૂજ્યશ્રી–રોજ બોલીએ છીએ–

**"વિપરીત એકાંત વિનય કે, સંશય અજ્ઞાન કુનયકે"**

(બપોરના–ઉપર) ૧૯૬ શ્રીમદ્ રા.આ.અગાસ,પોષ વદ ૧૨, સં.૨૦૦૯

મુમુક્ષુ–"જેઓને કૈવલ્યજ્ઞાન અને કૈવલ્યદર્શન પ્રાપ્ત થાય છે" (મોક્ષમાળા–૮) એમ કૃપાળુદેવે સત્‌દેવતત્ત્વના પાઠમાં કહ્યું છે, તો કૈવલ્યજ્ઞાન અને કૈવલ્યદર્શન એ બે છે?

પૂજ્યશ્રી–કૈવલ્યજ્ઞાન અને કૈવલ્યદર્શનમાં એક સમયનો ફેર છે, એમ શ્વેતામ્બર આચાર્યો માને છે. સમયાંતર કેવળજ્ઞાન કહે છે. દરેક વસ્તુમાં વિશેષતા અને સામાન્યપણું હોય છે. જેમ કે તું ૐકારચંદ્ર છે, તે વિશેષપણું છે અને મનુષ્ય પર્યાય છે તે સામાન્યપણું છે. વિશેષ ઉપયોગ તે જ્ઞાન છે અને સામાન્ય ઉપયોગ તે દર્શન છે. કૈવલ્યજ્ઞાન અને કૈવલ્યદર્શનમાં એક સમયનું અંતર છે એમ કેટલાક આચાર્યો માને છે. આચાર્ય સિદ્ધસેન દિવાકર જે બન્ને પક્ષને માન્ય છે, તે તો એમ કહે છે કે કર્મનાં આવરણ હતાં ત્યાં સુધી સામાન્ય ઉપયોગ હતો પણ કેવળજ્ઞાન થતાં કર્મનાં આવરણ રહ્યાં નથી, તેથી એક જ્ઞાન જ છે. હરિભદ્રાચાર્ય એમ કહે છે કે કેવળજ્ઞાન અને

કેવળદર્શન એ બન્ને હોય તોય અમને કંઈ વાંધો નથી.

મુમુક્ષુ–''મનરૂપ યોગમાં તારતમ્યસહિત જે કોઈ ચારિત્ર આરાધે તે સિદ્ધિ પામે છે. અને જે સ્વરૂપસ્થિરતા ભજે તે સ્વભાવસ્થિતિ પામે છે.'' એટલે શું? (૭૧૦)

પૂજ્યશ્રી–મન, વચન અને કાયા એ ત્રણે યોગ મંદ થતાં થતાં ક્રમે ક્રમે આત્મામાં સ્થિર થાય તે ચારિત્ર છે. જ્યારે સંપૂર્ણ સ્થિર થાય ત્યારે મોક્ષ થાય છે. શ્રેણીમાં, મનોયોગમાં ઉપયોગ હોય છે. કેવળજ્ઞાન થતાં સુધી જ્ઞાનીપુરુષનાં વચનોનું જીવને અવલંબન છે. બાહ્યચારિત્રની વાત નથી. આત્મામાં સ્થિર થવું તે ચારિત્ર છે. બાહ્યચારિત્ર તો અનંતવાર જીવને આવ્યું છે.

નિયમ લીધો હોય તે તોડવો નહીં.

(સવારના–સભામાં) ૧૯૭ શ્રીમદ્ રા.આ.અગાસ,પોષ વદ ૧૩, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–'હું દેહ છું' એમ કલ્પના કરી, તેથી એવી ભ્રાંતિ પડી. પછી હું કાળો છું, ધોળો છું, સ્ત્રી છું, પુરુષ છું, એમ દેહાભિમાન થયું. પરવસ્તુમાં પોતાપણું મનાયું, તેથી અભિમાન થયું. એ અભિમાનને પોષવા માટે માયા કરે, લોભ કરે, આખી જિંદગી એમાં જ ગાળે છે.

મુમુક્ષુ–મિથ્યાત્વ અને અભિમાનમાં ફેર શો છે?

પૂજ્યશ્રી–મિથ્યાત્વ એ કારણ છે. અભિમાન એ એનું ફળ છે. કંઈક ગુણો પ્રગટ્યા હોય તો હું 'મોટો' એમ જીવને થઈ જાય છે. જેમ જેમ ઊંચો આવે તેમ તેમ પડવાનાં સ્થાનક ઘણાં છે.

**''અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય;**
**એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય?''**

એવો નિશ્ચય ન આવે ત્યાં સુધી સાધન ન થાય, અભિમાન થાય. અહંભાવ બધી ક્રિયામાં આગળ થાય છે. જેમ જેમ ઊંચો જાય તેમ તેમ વધારે અહંભાવ થવાનો ભય છે. મુનિપણામાં અભિમાન બિલકુલ ન થવું જોઈએ. લોકો તો વિશ્વાસ રાખે કે આ આશ્રમમાં જાય છે, માટે ખોટું ન બોલે; પણ એ છેતરતો હોય તો બધા કરતાં એને વધારે પાપ બંધાય. પોતાના દોષ જોઈ કૃપાળુદેવે ટાળવાનું કહ્યું છે. દોષ જોયા વગર જાય નહીં. કૃપાળુદેવમાં કેટલા બધા ગુણો હતા! જેમ જેમ ગુણ વૃદ્ધિ પામે તેમ તેમ નમ્રતા આવે છે. સદ્ગુરુ છે તે મહાગંભીર છે અને પોતે એટલે આ જીવ અનંત દોષનું ભાજન છે. પોતાના ગુણોને વિષે અમાહાત્મ્યપણું રાખવું. મારે જ્ઞાની પાસે શીખવું છે, જાણવું છે, હું કંઈ જાણતો નથી, એમ દૃઢ કરી જ્ઞાનીને શરણે જવું તો અધિકારીપણું આવે. જ્યાં સુધી જીવને સમ્યક્દર્શન ન થાય ત્યાં સુધી હું કંઈ જાણતો નથી, એમ નથી થતું. 'હું જાણું છું' એમ રહ્યા કરે છે. ભલે મોઢે કહેતો હોય કે હું કંઈ જાણતો નથી, પણ મનમાં તો એમ હોય કે હું જાણું છું. અજ્ઞાનને લઈને રઝળ્યા કરું છું એમ થતું નથી. લઘુતા નથી ત્યાં સુધી સંસાર ભયંકર છે, એમ સમજાયું નથી. ભય નથી લાગ્યો.

*

(બપોરના)

મુમુક્ષુ—મારે શું વાંચવું?

પૂજ્યશ્રી—તમારે સારા થવું. એટલા મોટા થયા, બહુ વાંચ્યું, હવે સારા થવું. જેમ ભાવ વધે એમ કરવું. સત્સંગ વધારે સેવવો એથી લાભ છે. ભક્તિ કરવી. સંસારથી પાછું વળવું છે, છૂટવું છે. અનંતકાળથી પરિભ્રમણ થયા છતાં સફળપણું થયું નથી. પરિભ્રમણનું દુઃખ લાગે એવું કરવાનું છે. જ્યાં જાય ત્યાં દુઃખ છે. દેવલોકમાં જાય, નરકમાં જાય, તિર્યંચમાં જાય કે મનુષ્યમાં, ગમે ત્યાં જાય બધે દુઃખ છે. દુઃખ ન લાગે ત્યાં સુધી ધર્મ ન સાંભરે.

**"નથી ધર્યો દેહ વિષય વધારવા; નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા"** (૧૫)

આટલું ગાડીમાં બેઠા બેઠા મંત્રની જેમ બોલજો. હૃદયમાં કોતરાય એવું કરજો.

પૈસાટકા, સગાવહાલાં, બધો પરિગ્રહ છે. એને એકઠો કરવા માટે જન્મ્યા નથી. પાંચ ઇન્દ્રિયોના વિષયો વધારવા માટે આ દેહ ધર્યો નથી, એની વૃદ્ધિ કરવી નથી. સંયમભાવથી હિત થાય છે. વિષયભાવ, ક્રોધ, માન, માયા, લોભ એ બધાં નરકે લઈ જાય એવાં છે. વિષય-કષાયનું તો માથું કાપી નાખવું. ઘણો કાળ ભટકાવ્યા છે. સારું સાંભળવા, સારું જોવા, સારું ચાખવા, સારું સૂંઘવા, સારું સ્પર્શ કરવા મળે ત્યાં મોહ ન કરવો. સંસાર સારો છે, એવો ભાવ જ્યાં સુધી છે ત્યાં સુધી સંસાર છોડવાનો ભાવ ન થાય. જ્ઞાનીપુરુષનો વિશ્વાસ રાખવો કે આપણે માટે જ બધું કહ્યું છે. જો નહીં કરીશું તો હિત થશે નહીં. વિષય-કષાય શત્રુ સમાન છે. અનંતકાળથી રઝળાવ્યા છે. વિષય-કષાયનું તો માથું કાપી નાખવાનું છે. જ્ઞાની પ્રત્યે વિશ્વાસ રાખવો એ મોટી વસ્તુ છે. વિષય-કષાય જીવને નરકે લઈ જનાર છે.

(બપોરના—ઉપર) ૧૯૮ શ્રીમદ્ રા.આ.અગાસ,પોષ વદ ૧૪, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—સત્સંગની બહુ જરૂર છે. શાસ્ત્રમાં કોઈ વાત કહી હોય, તે પોતાથી ન થતી હોય તો પણ સારી છે એમ સ્વીકારવું. કરવાની ભાવના રાખવી. જેટલું બને તેટલું કરવું. ન થાય તેની ભાવના કરવી. કૃપાળુદેવ કહે છે કે 'હું જે કામ કરું છું, એનું ફળ કેવું આવશે?' એનો વિચાર કરી દરેક કામ કર. ધ્યેય ઉત્તમ રાખવો. ઉત્તમ ધ્યેય રાખીને વર્તવું.

(સવારના—ઉપર) ૧૯૯ શ્રીમદ્ રા.આ.અગાસ,પોષ વદ ૦)), સં.૨૦૦૯

પૂજ્યશ્રી—જીવને સત્સંગની જરૂર છે. આ મનુષ્યભવની સફળતા કરવા વાંચવા, સાંભળવા, વિચારવાની જરૂર છે. પહેલાં કંઈ કર્યું તો આ મનુષ્યભવ મળ્યો છે. પેટનું કામ કરીએ છીએ તેવું એક આત્માનું કામ પણ કરવાનું છે. જેને સત્સંગ ન હોય, તે સત્સંગે જે આજ્ઞા મળી તે ઉપાસે તો સત્સંગ જેવું જ છે. આળસ ન કરવી. સદાચાર હોય તો અધોગતિમાં ન જાય અને ભક્તિમાં ચિત્ત રહે. અલ્પ પણ જ્ઞાનીની આજ્ઞા મળી તો પછી અત્યારે પણ આ દેહ છૂટી જાય તોય ફિકર નહીં.

મને જ્ઞાનીની આજ્ઞા મળી છે, એ લક્ષ રાખવો. મનુષ્યભવની સફળતા સદાચાર પાળવાથી અને જ્ઞાનીની આજ્ઞા આરાધવાથી છે. જ્ઞાનીની આજ્ઞા આરાધે તો મનુષ્યભવ સફળ થાય. મનુષ્યભવ મોક્ષને માટે છે. લક્ષચોરાશીમાં ભટકતાં કોઈક વાર મનુષ્યભવ મળે છે, માટે જન્મ-મરણ છૂટી જાય એવું કરવાનું છે. બીજા ભવમાં એ ન થાય. જન્મ-મરણ છૂટી જાય એવું કરવું એ જ મનુષ્યભવની સફળતા છે. મનુષ્યભવ મોક્ષને માટે છે, એવી થોડાકને જ ખબર છે. આફ્રિકા એ અનાર્ય દેશ કહેવાય છે. સદાચારવાળા લોકો ઓછા હોય છે. સોબત સારી રાખજો. કૃપાળુદેવની 'જીવનકળા' પહેલી વાંચવી. જેની આપણે ભક્તિ કરીએ છીએ, તેનું જીવન જાણીએ તો આપણને ભાવ થાય.

*

(સવારના–સભામાં)

પૂજ્યશ્રી–એકવીસ હજાર વર્ષ સુધી ભગવાન મહાવીરનું શાસન ચાલશે. આવો કાળ હોવા છતાં સારા પુરુષો મતમતાંતરમાં ન પડતાં ભગવાનનું શું કહેવું છે? ભગવાને તરવાનો માર્ગ બતાવ્યો તેની ઓળખાણ કરે છે. બારમું અંગ દૃષ્ટિવાદ છે, તે આ કાળમાં વિચ્છેદ ગયું.

*

(બપોરના–ઉપર)

પૂજ્યશ્રી–પ્રારબ્ધ હોય તેથી જ્યાં ત્યાં આવવું જવું પડે. મનુષ્યભવ દુર્લભ છે એ લક્ષ ન ચૂકવો. આત્મજ્ઞાની હોય તે ગુરુ કહેવાય છે. શ્રીમદ્ રાજચંદ્ર આપણા ગુરુ છે. એમનાં વચનો વાંચી, વિચારીને આત્મા શોધવો છે. આપણે આત્મા છીએ. 'હું દેહથી ભિન્ન છું' શરીર જાણે નહીં અને આત્મા જાણે, આટલો ભેદ છે. એ મૂળ ધર્મનો પાયો છે. ઇન્દ્રિયો છે તે બારીઓ જેવી છે. આંખમાં જીવ લક્ષ રાખે ત્યારે દેખવાનું કામ કરે છે, કાનમાં ઉપયોગ રાખે ત્યારે સાંભળવાનું કામ કરે છે, નાકમાં ઉપયોગ હોય ત્યારે સૂંઘવાનું કામ કરે છે, જીભમાં ઉપયોગ હોય ત્યારે ચાખવાનું કામ કરે છે અને સ્પર્શેન્દ્રિયમાં ઉપયોગ હોય ત્યારે સ્પર્શ કરવાનું કામ કરે છે. એ બધા સંચા છે તે જાણે નહીં, પણ આત્મા જાણે છે. શરીર છે તે આપણે નહીં. આપણે આત્મા છીએ. આત્માનો આકાર નથી. જે દેહ મળ્યો તેમાં રહે અને તેવો દેખાય છે. આત્મા અને દેહ જુદા છે, એ સમજાયું નથી તેથી મોહ થાય છે. દેહથી પોતાનું સ્વરૂપ ભિન્ન છે, તે સમજનાર વિરલા છે. આત્માથી દેહ તદ્દન ભિન્ન છે, તે સમજવા સત્સંગની જરૂર છે. આત્માના ખપી થવું. આત્માનું સફળપણું કેમ થાય, તે લક્ષ રાખવો. આત્માનું હિત કરનાર સદ્ગુરુ, સત્સંગ, સત્શાસ્ત્ર અને સદ્વિચાર છે.

**"શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?"** (૧૦૭)

એ વારંવાર વિચારવું. મોટામાં મોટું દુઃખ શું છે? જન્મવું, ઘરડા થવું, મરણ પામવું એ મોટામાં મોટાં દુઃખ છે. મનુષ્યભવમાં આપણને ખરેખરો લાગ મળ્યો છે. આ કાળમાં શ્રીમદ્ રાજચંદ્રે બધા દર્શનોનો અભ્યાસ કરી જે ઉત્તમ ધર્મ છે, તેનો બોધ કર્યો છે. રાગદ્વેષ કરે તેથી

જન્મવું પડે. ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કર્મ બાંધવાનાં કારણો છે. કર્મ ન બાંધે તો ફરી દેહ ન મળે, મોક્ષ થાય. નહીં તો કેદખાનામાં પડવું પડે. આત્માને શાંતિ થાય એવું કરવાનું છે. એ શાંતિનું કારણ સત્સંગ, સત્શાસ્ત્ર છે. જગતમાં ઘણાં પુસ્તકો, છાપાં, માસિકો નીકળે છે તેમાં બધો કાળ ગાળે છે; પણ આત્મજ્ઞાનીના એક વચનથી પણ ઘણો લાભ થાય છે તેનો ખ્યાલ નથી. તેથી નકામો કાળ ગાળે છે. દેહ તો કપડા જેવો છે. જેમ ખાવા જાય ત્યારે જુદાં કપડાં પહેરે, બજારમાં જાય ત્યારે જુદાં પહેરે, રાત્રે સૂએ ત્યારે જુદાં પહેરે; તેમ આ જીવે અનેક દેહ ધારણ કર્યા છે. આત્મા દેહથી ભિન્ન છે. આજ્ઞાથી જે થાય તે મોક્ષનું કારણ થાય. આજ્ઞા વગર કરે તો પુણ્યનું કારણ થાય, પણ મોક્ષનું કારણ જ્ઞાનીની આજ્ઞા છે. મન એવું છે કે હજારો ગાઉ દૂર હોય તે બધું યાદ આવે. મન છે તે બધાનું ચિત્રપટ ઉતારી નાંખે તેવું છે. એક સ્મરણ મળ્યું છે, તે જ્યાં જઈએ ત્યાં એ જ કરવું, તો આત્માનું કલ્યાણ થાય તેવું છે.

*
* *

## સંગ્રહ ૬

(મહા સુદ ૧, ૨૦૦૯ના દિવસે સાંજની ટ્રેનમાં પૂજ્યશ્રી બ્રહ્મચારીજી અગાસથી નાસિક રોડ પધાર્યા. ત્યાંથી પાછા આવતાં મુંબઈ છ દિવસ રોકાઈ ચૈત્ર વદી ૨ના સવારે અગાસ આશ્રમ પધાર્યા. પછી ચૈત્ર વદ ૮ના રોજ પૂજ્યશ્રી, આશ્રમથી સંઘ સાથે પથરાડિયા, સરભાણ, ખરવાસા, બારડોલી, ખોજ, પારડી, શામપુરા, ભુવાસણ, આસ્તા, ધામણ, દેરોદ, રૂઢી, કામરેજ, નનસાડ થઈને સડોદરા પધાર્યા. ત્યાંથી કુચેદ, અંભેટી થઈ ધામણ પધાર્યા. ત્યાં ત્રણ દિવસ રહી પ્રથમ વૈશાખ સુદ ૧૩, ૨૦૦૯ના દિવસે ડુમસ પધાર્યા. પંદર દિવસ ત્યાં રોકાઈ જીથરડી થઈ આશ્રમ પધાર્યા.
બીજા વૈશાખ સુદ ૧૩, ૨૦૦૯ના દિવસે પૂજ્યશ્રી આશ્રમથી સીધા ડુમસ પધાર્યા. ત્યાં લગભગ ૨૫ દિવસ રોકાઈ આશ્રમ પરત આવવું થયું હતું. બહારગામ થયેલ બોધની નોંધ ઘણુંખરું લખાઈ ન હોવાથી થોડી મળી તે સંગ્રહ-૨માં આંક- ૧૪ થી આંક ૧૬ તથા આંક ૨૮માં આપી છે).

(સવારના—ઉપર) ૧ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૨,સં.૨૦૦૯

પૂજ્યશ્રી—વેદનામાં વૃત્તિ જતી અટકાવી સ્મરણમાં જોડવી. વેદનામાં વધારે બળ કરવાનું છે. ક્ષણે ક્ષણે આત્માની સંભાળ જીવ વધારશે, તેમ તેમ કલ્યાણ થશે. સ્મરણ છે તે કૃપાળુદેવનું સ્વરૂપ છે. વેદનામાં [1]ગજસુકુમાર જેવા મહાપુરુષોનાં ચરિત્રો વિચારવાં. કૃપાળુદેવે આપણને સ્મરણ આપ્યું છે તે કૃપાળુદેવનું જ સ્વરૂપ છે, એવો લક્ષ રાખીને આત્મભાવના કરવી.

*

(બપોરના)

પૂજ્યશ્રી—કૃપાળુદેવની ભક્તિ કરવી. મનુષ્યભવ સફળ કરવા માટે સાત વ્યસનનો ત્યાગ એ પહેલું પગથિયું છે. એ ન હોય તો ભક્તિ ન થાય. જીવ મોહને આધીન થઈ જાય છે, પણ એનું ફળ કેવું આવશે તેનો ખ્યાલ નથી. પાપ છોડવાનું જ્ઞાનીપુરુષે પહેલું કહ્યું છે. પાંચ ઉદંબર ફળ અભક્ષ્ય છે, ઘણી જીવાતવાળા છે, માટે એનો ત્યાગ કરવો. જ્ઞાનીપુરુષે એનો નિષેધ કર્યો છે. માખણ છે તે ઇન્દ્રિયોને ઉન્મત્ત કરનાર છે. ભક્તિ કરવી હોય તો ઇન્દ્રિયો વશ કરવાની છે. મધ પણ એવું છે, એમાં ઘણા જીવો હોય છે. આ સાત અભક્ષ્ય વસ્તુઓ છે, તે પાપમાં લઈ જાય છે; માટે એનો ત્યાગ કરવો.

(બપોરના—ઉપર) ૨ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૩, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—પ્રાણ જાય તોય વ્રત તોડવું નહીં. છોકરાંની રમત નથી. વ્રત તોડે તો નરકે જવું પડે.

સંસારભાવ જેમ જેમ મોળો પડે અને સમાધિમરણની તૈયારી કરી હોય, તેમ તેમ કૃપાળુદેવનાં વચનો વિશેષ વિશેષ સમજાય. કૃપાળુદેવે કહ્યું છે કે—''શુક્લ અંતઃકરણ વિના મારાં કથનને કોણ દાદ આપશે?'' (૨૧-૪૭)

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા શિક્ષાપાઠ ૪૩.

નિવૃત્તિક્ષેત્રમાં વિશેષ લાભ થાય છે. જેને મતમતાંતરની વૃત્તિ ન હોય તેને જ્ઞાનીપુરુષનાં વચનો વિશેષ સમજાય છે. ગમે તેમ કરી મારે આત્માનું કલ્યાણ કરવાનું છે, એમ જેને હોય તેને વધારે સમજાય છે. કૃપાળુદેવનું સાહિત્ય ગુજરાતી ભાષામાં છે તેથી સરળ છે, પણ ભાવ તો બહુ ગહન છે. આટલું છે કે ભાષાની મુશ્કેલી નહીં.

*

(સાંજના–સભામાં)

પૂજ્યશ્રી–આત્માને કોઈ પણ પ્રકારનો ક્લેશ ન થાય એવું કરવું. ભરત ચક્રવર્તીને ઋષભદેવની ભક્તિથી ક્ષાયિક સમકિત તથા અવધિજ્ઞાન પ્રાપ્ત થયું હતું. 'યથા રાજા તથા પ્રજા' એમ કહેવાય છે તે સત્ય છે. આ જીવ વિષયોને વશ થઈ આનંદ માને છે. શરૂઆતમાં યોગીને દુઃખ લાગે છે. યોગની શરૂઆતમાં વૃત્તિઓ રોકવી પડે ત્યારે દુઃખ લાગે છે. અંતરાત્માને પણ અભ્યાસે ધ્યાન થાય છે. અભ્યાસની શરૂઆતમાં દુઃખ લાગે છે. જેમ છોકરાંને શરૂઆતમાં નિશાળે જવું દુઃખ લાગે છે અને રજા પડે ત્યારે રાજી થાય છે, પણ અભ્યાસ વધારે થાય ત્યારે અભ્યાસમાં આનંદ આવે છે. પ્રભુશ્રીજી એક દૃષ્ટાંત આપતા કે નાનું છોકરું હોય તેને ધાવણ વડે ઉછેરે છે પણ પછી તો આંગળી મોઢામાં ઘાલે તો ચાવી નાંખે. અભ્યાસે એવું થાય છે.

રાત્રિ દિવસ અત્યંત પુરુષાર્થ મહામુનિઓ કરે છે. પ્રમત્તમાં આવે ત્યારે ફરી પાછા સ્વાધ્યાય કરીને અપ્રમત્તમાં જાય, ફરી પાછા પ્રમત્તમાં આવી જાય, ફરી પુરુષાર્થ કરી અપ્રમત્તમાં જાય એમ કરતાં કરતાં કર્મનો ક્ષય કરી નાખે છે. જ્ઞાન અને સદાચાર–શીલ વગેરે કેવા સુખરૂપ છે? એમ કૃપાળુદેવે સોળ વર્ષની વયે 'ભાવનાબોધ'માં લખ્યું છે.

(સવારના–ઉપર) ૩ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૪, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–શ્રેણી માંડે તેમાં અનિવૃત્તિકરણ ગુણસ્થાનક નવમું કહેવાય છે. ગમે ત્યાંથી આત્માનું હિત કરવાનું છે.

(એક હિંદીભાષી મુમુક્ષુને ઉદ્દેશીને)–

पेटके कामके लिए सब करते हैं, परंतु आत्माका काम नहीं करते है । अब अपनेको क्या करना चाहिए; यह विचारनेका है । मनुष्यभवमें कुछ भक्ति करनेकी जरूरत है; नहीं तो पीछे लक्षचोरासीमें भटकना पडता है । मरण सुधारनेके लिए कुछ जरूरत है ।

ભગવાનની ભક્તિ કરવી છે, એ લક્ષ રાખજો. એ કર્યા વિના છૂટકો નથી.

નિયમ લીધો હોય અને તેમાં છૂટ રાખી હોય કે મંદવાડમાં મારે છૂટ છે, તો પણ પૂછીને વસ્તુ વાપરવી. માંદગી વખતે કસોટી થાય છે માટે તે વખતે વિશેષ ધીરજ રાખવી. મરણ સમયે કેટલી વેદના હોય છે, તે વખતે ગમે તે વસ્તુ વાપરે તો પણ કંઈ તે વેદના મટે? માંદગીમાં, નિયમ લીધો હોય તેની પરીક્ષા થાય છે. આર્તધ્યાન થતું હોય, સ્મરણમાં ચિત્ત ન રહેતું હોય તો, છૂટ

રાખી હોય તો પણ પૂછીને પ્રવર્તવું.

“કળિયુગ છે માટે ક્ષણવાર પણ વસ્તુ વિચાર વિના ન રહેવું” (૨૫૪) એટલે શું? બીજા વિચાર આવે તે પડી મૂકી આત્મવિચારમાં રહેવું. ક્યારે મરણ થશે તેની ખબર નથી. કળિયુગ છે તેમાં નીચે રસ્તે જવાના ઘણા પ્રસંગો હોય છે. એથી બચવા જ્ઞાનીપુરુષે જે મંત્ર આપ્યો હોય તેમાં ચિત્ત રાખવું. શરીર છે તે બધો કચરો છે. તેમાં આત્મા એ એક સુંદર વસ્તુ છે. ધ્યાન કરવાથી આત્મા નિર્મળ થાય છે. સદ્‌વિચાર કરવાથી આત્મધ્યાન થાય છે અને આત્મધ્યાન થાય તો નિર્મળતા થાય. હરતાં ફરતાં “સહજાત્મસ્વરૂપ પરમગુરુ” મંત્રમાં ચિત્ત રાખવું. પરમગુરુએ એ સ્વરૂપ પ્રગટ કર્યું છે. બધાં કર્મ ક્ષય કરે એવી આ વસ્તુ છે. બીજી વસ્તુઓ દેખાય, સંભળાય, તેના વિચાર આવે તે બધું કર્મ બંધાય. સમયે સમયે કર્મ બંધાય છે, માટે પુરુષાર્થ પણ સમયે સમયે કરવાનો છે.

“સહજાત્મસ્વરૂપ પરમગુરુ” એ મંત્રનું સ્મરણ પ્રવાહ રીતે ચાલુ રાખવું. વાંચવું, વિચારવું, ફેરવવું. જીવને અનાદિકાળથી ભૂલાવો છે. દેહ છે એ જ મારું સ્વરૂપ છે એમ જીવ માને છે. આત્મભાવના વગર ક્ષણ પણ રહેવા જેવું નથી. પોતાના દેહને પોતાનું સ્વરૂપ અને પરના દેહને પરનું સ્વરૂપ એમ માને છે. બાહુબલી દીક્ષા લઈને ગયા ત્યારે ભરત મહારાજા બહુ દુઃખી થયા. તે ક્લેશ મટાડવા ત્રણ દિવસ ધ્યાનમાં રહ્યા. તેમાં એમ દેખાયું કે માટીમાં નીચે મૂર્તિ દબાયેલી છે. આત્મા છે તે મૂર્તિ છે. માટી એ દેહ છે. સાંભળીને ભાવના કરવી.“સહજાત્મસ્વરૂપ પરમગુરુ”, “સહજાત્મસ્વરૂપ પરમગુરુ”, “સહજાત્મસ્વરૂપ પરમગુરુ” એમ પ્રવાહ રૂપે ચાલુ રાખવું. થોડી વાર કરીને મૂકી દેવાનું નથી.

*

(બપોરના—ઉપર)

પૂજ્યશ્રી—શ્રીમદ્ રાજચંદ્ર સં.૧૯૨૪માં જન્મેલા. એમને સાત વર્ષની વયે જાતિસ્મરણજ્ઞાન થયેલું, તેથી એમને ઘણા આગલા ભવ દેખાયા. પછી એમણે બધા ધર્મોની તપાસ કરી, ત્યાર પછી મહાવીર ભગવાને જે ધર્મ કહ્યો છે તેવો કોઈએ કહ્યો નથી; એવો નિશ્ચય કર્યો. ઘણી ભાવનાઓ કરી હતી, પણ તેત્રીશ વર્ષની વયે એમનો દેહ છૂટી ગયેલો. મુમુક્ષુઓને મદદ મળે તે માટે એમણે થોડાક પત્રો લખ્યા છે.

(સાંજના—સભામાં, ‘સમાધિશતક’ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—યોગની શરૂઆતમાં દુઃખ લાગે છે પણ પછી આનંદ આવે છે. મિથ્યાત્વ જાય અને જ્ઞાનદશા પ્રાપ્ત થાય એવાં કારણો મેળવો, ચર્ચા કરો, પૂછો, કહો, તેની ઇચ્છા કરો, તેમાં જ તન્મયતા કરો કે જેથી મિથ્યાત્વ જાય અને જ્ઞાનદશા પ્રાપ્ત થાય. મિથ્યાત્વ કેવું આકરું છે? તે જ્ઞાનીપુરુષોને કેવું લાગે છે? તો કે અગ્નિમાં બળવું સારું, દરિયામાં ડૂબવું સારું, સિંહ પાસે વનમાં રહેવું સારું, પણ અજ્ઞાન ન સેવવું. સિંહ મારે તો એક ભવમાં મારે, પણ મિથ્યાત્વ તો ભવોભવ

પાછળ આવે છે અને અનંત જન્મમરણ કરાવે છે. સિંહ પાછળ ન આવે.

મુમુક્ષુ–ક્રોધ, માન, માયા, લોભ કે અયોગ્ય કાર્ય થયા પછી પશ્ચાત્તાપ થાય છે; પણ તે કરતાં પહેલાં વિચાર રહે એવી કોઈ કળા હોય તો બતાવો.

પૂજ્યશ્રી–અભ્યાસે થાય છે. અભ્યાસ કરે કે મારે આ રૂપી પદાર્થથી સંબંધ નથી, તો પછી જે થાય તે બધું પર લાગે, દોષને પોતાના ન જાણે, કાયા, વાણીને ભિન્ન જાણે.

(સવારના–ઉપર) ૪ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૫, સં.૨૦૦૯
(પરમકૃપાળુદેવની નિર્વાણતિથિ)

૧ મુમુક્ષુ–પ્રભુ! મારાથી જે જે દોષ થયા હોય તે આલોચું છું. ક્ષમા આપો.

પૂજ્યશ્રી–એમ કંઈ આલોચના થતી નથી. એકાંતમાં આવી પોતાનાથી જે જે દોષ થયા હોય તે કહેવા જોઈએ. ત્યાર પછી પ્રાયશ્ચિત્ત અપાય એવો ક્રમ છે. માફ કરો, એટલું જ કહેવાથી કંઈ આલોચના થતી નથી. નાના છોકરાંની રમત નથી. ક્ષણે ક્ષણે કર્મ બંધાય છે. મરતી વખતે આખી જિંદગીમાં જે જે દોષ થયા હોય તે યાદ રાખી આલોચના કરાય છે. જેને જ્યારે પાપથી છૂટવાની ગરજ જાગે છે ત્યારે તે દોષની આલોચના કરે છે.

૨ મુમુક્ષુ–પ્રભુ! મારે બ્રહ્મચર્ય વ્રત લેવું છે.

પૂજ્યશ્રી–પ્રાણ જાય પણ વ્રત ન તોડવું. છોકરાંની રમત નથી. વ્રત તોડે તો નરકે જવું પડે.

*

(સવારના–સભામાં)

મુમુક્ષુ–સ્વદોષ દર્શનમાં આવે છે કે–

**"પ્રમાદરૂપ નિદ્રા વશે, ખોયાં એ ત્રણ રત્ન,**
**કોને કહું તે હે! પ્રભુ, કેવો કરું પ્રયત્ન?"** (ગાથા-૧૮)

એ ત્રણ રત્ન ક્યાં?

પૂજ્યશ્રી–સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણ રત્નો કહેવાય છે. રત્નત્રય પણ કહેવાય છે. ભગવાનની કૃપાથી શ્રદ્ધા થઈ જ્ઞાન થયું અને ચારિત્ર આવ્યું પણ પ્રમાદથી બધું જતું રહ્યું.

મુમુક્ષુ–એ ત્રણેમાં પહેલું ક્યું છે?

પૂજ્યશ્રી–સમ્યક્દર્શન. સમ્યક્દર્શન થાય ત્યારથી ધર્મની શરૂઆત થાય છે. રાગદ્વેષ મારે કાઢવા યોગ્ય છે એવી શ્રદ્ધા તે સમ્યક્દર્શન. પછી રાગદ્વેષ કાઢવાના ઉપાયોને જાણે તે સમ્યક્જ્ઞાન છે અને રાગદ્વેષ કાઢવા માંડે તે સમ્યક્ચારિત્ર છે.

*

પૂજ્યશ્રી—પુણ્યનો ઉદય હોય ત્યારે બધું થાય છે. આપણા આત્મા માટે ભક્તિ કરવાની છે. આ પુરુષનાં વચનો રામબાણ છે. ઉપાસના કરે તો હિત થાય એવું છે. સત્સંગની ઘણી જરૂર છે. જ્ઞાનીપુરુષનો હું દાસ છું એમ રાખવું. વૈરાગ્ય વધશે તો બધું સમજાશે. હવે જ્ઞાનીની આજ્ઞામાં રહેવું છે. આત્માનો ઉદ્ધાર થાય એવું કરવું છે. મૂળ તો આત્મા સુધી પહોંચવાનું છે. આત્મા વેદાંતી નથી, વૈષ્ણવ નથી, જૈન નથી, બૌદ્ધ નથી, શૈવ નથી, નિર્વિકલ્પ વસ્તુ છે. શબ્દમાં આવે એવી વસ્તુ નથી. આત્માનું કામ કરવું જોઈએ. કૃપાળુદેવની આજ્ઞાથી કરીએ તો વિશેષ લાભ છે. મનુષ્યભવમાં એવો જોગ કોઈ થાય કે સાચી વસ્તુ મળી જાય તો સમાધિમરણ થઈ જાય.કોઈ પુણ્યના યોગે એવો જોગ પ્રાપ્ત થાય છે, પણ પછી પુરુષાર્થ કરવાનો છે. પ્રતિબંધ એટલે આપણે જે કામ કરવું હોય તેમાં આડું આવે તે. આત્માનું હિત મારે કરવું છે એ કદી ન ભૂલવું. કશું ન થાય તો પણ એ લક્ષ રાખવો. વિવેકની જરૂર છે.

જેથી આત્મહિત થાય તે કરવું. જે સંયોગોમાં આપણે રહેતા હોઈએ, તેમાંથી સાર ગ્રહણ કરવો. તે ઉપર શ્રીકૃષ્ણનું દૃષ્ટાંત છે કે એક ગંધાતા કૂતરાથી બધા લડવૈયા દૂર ગયા પણ શ્રીકૃષ્ણે હાથી ઉપરથી નીચે ઊતરી જોયું કે એના દાંત અને નખ કેવા સુંદર છે! એ ગુણ ગ્રહ્યો. આ દેહ ગંધાતા કૂતરા જેવો છે. આ દેહમાં આત્મા છે તે ગ્રહણ કરવો. આત્મા નિત્ય છે. કામ કરવાં પડે તો પણ ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ''નો જાપ જપતાં કાર્ય કર્યે જવું; એથી કર્મ અટકશે. જ્ઞાનીને કશી ઇચ્છા નથી, વાસના નથી. ગુરુની ભાવના ગૌણ ન કરવી કે બધા સત્પુરુષ સરખા છે, એમ ન કરવું. એમ કરે તો ઢીલ થાય. સત્પુરુષ મળ્યા હોય, સાધન મળ્યું હોય તે ફાંફાં મારવામાં વ્યર્થ ન જાય એ લક્ષ રાખવો. આત્મા જાણે છે, દેખે છે અને સ્થિર થાય છે, એ નિત્ય સ્મરણમાં રાખવું. જે વસ્તુ ત્રણે કાળ રહે છે તેમાં ચિત્ત રાખવું. હું જાણું છું, હું દેખું છું, બીજું બધું પર છે, એમ જો થાય તો પછી એને કંઈ લાગે વળગે નહીં. દૃશ્ય વસ્તુ પુદ્‌ગલ છે. દેખાય તેમાં તણાઈ ન જવું. આત્માનું લક્ષણ જાણ્યું તો પછી કેમ ભુલાય? આત્માથી બધું પર છે, એમ જો થયું તો પછી ગમે તેમ થાય, તોય કંઈ નહીં. સાચના પક્ષમાં જવું હોય તો એવા થવું જોઈએ. જેને જ્ઞાનીપુરુષનો યોગ થયો છે તેને ફિકર નથી. જ્ઞાની જાણે છે તે મારે જાણવું છે, એવી ભાવના રાખવી.

પ્રભુશ્રીજીને મંત્ર મળ્યો ત્યારે તેની રાત દિવસ ધુન લગાવી. પછી કૃપાળુદેવને પૂછ્યું કે કેમ કંઈ દેખાતું નથી? કૃપાળુદેવે કહ્યું કે કર્યા જવું અને દેખવા કરવાની ઇચ્છા પણ ન કરવી. જ્ઞાનીએ આત્મા જાણ્યો છે તે મારે જાણવો છે અને આજ્ઞા મળી તેનો પુરુષાર્થ કરવો. મંત્ર મળ્યો છે તેનો જાપ કરવો. એથી કર્મ જાય છે. ખરો દેવ તો આત્મા છે. સમ્યગ્દર્શનનું માહાત્મ્ય લાગ્યું હોય, સમ્યગ્દર્શન થયું હોય પછી શ્રદ્ધા છૂટી જાય તો પણ એને વહેલે મોડે મોક્ષે લઈ જાય છે. ગાયના શીંગડા ઉપર રાઈનો દાણો રહે એટલી વાર પણ એને જો સમ્યગ્દર્શનની સ્પર્શના થઈ તો વહેલે મોડે મોક્ષે લઈ જાય છે. આત્મા આત્મારૂપે રહે તો મોક્ષ છે. ''મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા'' બધા કર્મથી રહિત થવું, શરીરથી રહિત થવું તે મોક્ષ છે. કાયા એ જ દુર્જન છે. મોહ કર્યો હોય તે બધો મરણ વખતે ખડો થાય છે. ગમે તેટલું દુઃખ હોય પણ જ્ઞાનીને સમભાવ રહે છે.

(સવારના–ઉપર) ૫ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૬, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–ગગનસદૃશ આત્મા કહેવાય છે, અરૂપી પદાર્થ છે. શરીરને પોતાનું માને છે તેથી દુઃખી થાય છે. લક્ષ એક આત્માનો રાખવો. ''ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક'' મરણ સુધી એ શરણું રાખવું.

શ્રુતજ્ઞાનની પૂજા કરે તો જીવ પુણ્ય બાંધે. વાંચવું, પછી તેનો અર્થ કરવો. વાંચવાનું, શીખવાનું બધું સારા થવા માટે કરવું છે.

*

(બપોરના)

પૂજ્યશ્રી–મુક્ત થવાની સાચી જિજ્ઞાસા બહુ દુર્લભ છે. મોટામાં મોટી ભૂલ જીવમાં મુમુક્ષુતા નથી તે છે. એ જ કૃપાળુદેવે કહ્યું.

''સર્વથી મોટો દોષ એ છે કે જેથી 'તીવ્ર મુમુક્ષુતા' ઉત્પન્ન ન જ હોય, અથવા 'મુમુક્ષુતા' જ ઉત્પન્ન ન હોય'' (૨૫૪)

આજ્ઞામાં એકતાન થયા વિના માર્ગ મળે એમ નથી. આજ્ઞામાં એકતાન થવું એ સુલભ નથી. સુલભબોધિ હોય તેને એ ઝટ બેસે છે, માન્ય થાય છે. સદ્ગુરુ કહે છે એ જ મારે હિતનું કારણ છે; નહીં તો ઇન્દ્રિયના વિષયો ચાખવા, સૂંઘવા, સ્પર્શવા, સાંભળવા, દેખવામાં પ્રવર્તે.

(સવારના– ઉપર) ૬ શ્રીમદ્ રા. આ. અગાસ, ચૈત્ર વદ ૭, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–મનુષ્યભવમાં જ્ઞાનીની આજ્ઞા બને તેટલી આરાધવી. હાથે પગે કામ કરીએ, પણ જીભને શું કામ છે? સ્મરણ કર્યા કરવું. કામ કરતાં ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' માં ચિત્ત રાખવું. સાધન મળ્યું હોય તેથી નિર્જરા કરવી. જેટલો વિશ્વાસ હશે તેટલો જીવને લાભ થશે. જે આજ્ઞા મળી છે તે જીવન સુધી ટકાવવી. એક બોલ જે ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' તે કર્યા કરવું. પ્રભુશ્રીજી કહેતા કે કૃપાળુદેવે અમને વિરહમાં રાખી કલ્યાણ કર્યું છે. ક્યારે દર્શન થાય? ક્યારે દર્શન થાય? એવી રોજ ભાવના કરતા. ન બને તો ભાવના તો એ જ રાખવી. પ્રભુશ્રીજી હતા ત્યારે જીવને ગરજ નહોતી. ગરજ છે તો હવે યોગ નથી. સત્પુરુષનો યોગ થયો તો પોતાની યોગ્યતા નહીં. કોઈ વાર યોગ્યતા આવી તો યોગ ન થયો. એમ અનાદિકાળથી ખાંડુંબાંડું થતું આવ્યું છે.

(સવારના–ઉપર) ૭ શ્રીમદ્ રા.આ.અગાસ, દ્વિ. વૈશાખ સુદ ૬, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–સાચું હોય તે મારે કરવું છે એ લક્ષ રાખવો. સાચું હોય તે આપણું, એવું કરવાની જરૂર છે. જેથી આત્માને લાભ થાય એવું કરવાનું છે. જન્મમરણ છૂટે એવો ધર્મ કરવાનો છે. જન્મમરણ ન છૂટે તો ધર્મ શા કામનો? હવે જેટલું જીવવાનું મળે તે ભક્તિમાં ગાળવું. થાય તેટલી ભક્તિ કરવી. એ જ સાથે આવવાનું છે. બીજી ચિંતા ફિકર કરે તો પાપકર્મ બંધાય.

મુમુક્ષુ–સાત અભક્ષ્યનો ત્યાગ શા માટે કહ્યો હશે?

પૂજ્યશ્રી–જીવને એથી પાપ બંધાય છે. અનાદિકાળથી જીવ પાપ કરતો આવ્યો છે, તેથી છૂટે તો ભક્તિ થાય. એ ખાય તો ઘણું પાપ થાય છે અને ન ખાય તો એના વિના ચાલે એવું છે. જ્યારથી નિયમ કરે કે મારે આ નથી વાપરવું, ત્યારથી વ્રત કહેવાય. એથી જીવ આગળ વધે છે. [1](તે ઉપર કાગડાનું માંસ ત્યાગ કરનાર ભીલનું દૃષ્ટાંત આપ્યું હતું.) સ્વાદનો જય કરવાનો છે. માખણને માંસનો અતિચાર કહ્યો છે. એ ખાતાં ખાતાં પછી માંસાહારી થઈ જાય. આ [2]સાત વ્યસન અને પાંચ ઉદંબર ફળ તથા મધ અને માખણ એ [3]સાત અભક્ષ્ય તેના ત્યાગમાં પાંચ અણુવ્રત આવી જાય છે. વિચાર કરે તો સમજાય એવું છે.

(બપોરના–ઉપર) ૮ શ્રીમદ્ રા.આ.અગાસ, દ્વિ. વૈશાખ સુદ ૮, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–વસ્તુના અનંત ધર્મો છે, તેને સંપૂર્ણપણે કહેવાની પદ્ધતિ તે સ્યાદ્વાદ છે. ખરું શાસ્ત્રજ્ઞાન છે તે શ્રુત છે. એવો સત્સંગ કરવો કે જેથી પોતાનો આત્મા ફરે, આત્માને લાભ થાય. પોતાના દોષો દેખાય એવી રીતે વાંચવું. અત્યારે આપણને જે પ્રાપ્ત થયું છે તેનું મૂળ કારણ શોધે તો ભાવના જ છે. આત્મજ્ઞાની પુરુષે કહેલી જે કંઈ વાત છે તે કરવાની છે. બધું મૂકે ત્યારે મોક્ષ થાય. અરિહંતનું ખરું સ્વરૂપ શું છે? તે સમજનારા બહુ ઓછા છે. પોતાના આત્માની શોધ અંતરમાં કરવાનો પ્રયત્ન કરવો. વૈરાગ્યદશા જેમ જેમ વધશે તેમ તેમ એને આપોઆપ ઉકેલ આવશે.

(બપોરના–ઉપર) ૯ શ્રીમદ્ રા.આ.અગાસ, દ્વિ. વૈશાખ સુદ ૧૦, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–જુગારથી જીવ બધું ખોઈ બેસે છે. ધર્મરાજા જુગાર રમવા બેઠા તો દ્રૌપદી હારી બેઠા. જગતમાં ઘણી વાતો સાંભળવા મળે પણ આપણે તો બેઠા બેઠા સ્મરણ કરવું. જ્ઞાનીપુરુષનાં વચનોમાં ચિત્ત રહે તો જીવનું કામ થઈ જાય. આપણે જે એક રસ્તો લીધો તે માર્ગે જ હવે ચાલવું છે. લાવો! આ કરીએ, પેલું કરીએ, ફલાણું કરીએ એમ કરતાં જીવના ઘણાં વર્ષ ગયાં. ચાર પાંચ ઠેકાણે ચાર પાંચ હાથ, ચાર પાંચ હાથ ખોદે તો પાણી ન નીકળે, પણ એક જગ્યાએ પચાસ હાથ ખોદે તો પાણી નીકળે. એક લક્ષ રાખવો કે કામ એક આત્માનું કરવું છે. દેહનું ઘણું કર્યું પણ હવે આત્માનું કરી લેવું. મરણનું ઠેકાણું નથી માટે ધર્મમાં ઢીલ ન કરવી. કરી લીધું તે કામ. કાંકરે કાંકરે પાળ બંધાય એમ કહેવાય છે. થોડું બપોરે થોડું સાંજે એમ નિયમિત કામ કરે તો ઘણું થાય એવું છે. આસક્તિ ન થવા દેવી. આ કાળના આયુષ્ય ટૂંકાં છે. જેવું પ્રારબ્ધ હોય તે પ્રમાણે અહીં આવવાનું જવાનું થાય છે. આત્માનું હિત કરવું છે. અલ્પ પણ નિયમ લીધો હોય તે તોડવો નહીં. ઠંડા પાણી કરતાં ગરમ પાણી પીવાથી વિકાર ન થાય. સાધુઓ હોય તેઓ ઉકાળેલું પાણી પીએ છે. એથી બ્રહ્મચર્યને મદદ મળે છે. સંસાર અસાર છે. વિરક્તભાવ રાખવો. અશુભ નિમિત્તોમાં ન જવું.

*

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૩૮૩

૨. સાત વ્યસન– જુગાર, મોટી ચોરી, માંસ, દારૂ, પરસ્ત્રીગમન, વેશ્યાગમન, શિકાર.

૩. સાત અભક્ષ્ય– વડના ટેટા, પીપળાના ટેટા, પીપળના ટેટા, ઉમરડાં, અંજીર, મધ, માખણ.

(રાતના–સભામાં ભક્તિ પછી)

**પૂજ્યશ્રી–રોજ રાત્રે ભક્તિ કર્યા પછી કૃપાળુદેવના ‘વચનામૃત’માંથી પ્રભુશ્રીજી ઉપરના પત્રોમાંથી ક્રમસર રોજ એકેક પત્ર વાંચવો. એવો નિત્યનિયમ કરી લેવો.**

(સવારના–ઉપર) ૧૦ શ્રીમદ્ રા.આ.અગાસ, દ્વિ. વૈશાખ સુદ ૧૧, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–કૃપાળુદેવનાં વચનો વિચારવામાં, સમજવામાં મદદગાર થાય એટલા માટે બીજાં પુસ્તકો વાંચવાનાં છે. રોજ નિયમિત વાંચવાનું રાખવું તો આનંદ આવે. કૃપાળુદેવ જેવા ઉચ્ચ કોટીના ઘણા થોડા પુરુષો થયા છે. એક વચનમાં અનંત આગમ સમાવી દીધાં છે. જ્ઞાનીપુરુષોનાં વચનોમાં વૃત્તિ રહે તો ધ્યાન થાય. જેમ વધારે વિચાર થાય તેમ કરવાની જરૂર છે.

**‘‘જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે.’’**

સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરે કે કૃપાળુદેવ તે ચિત્રપટ નહીં, પણ સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ કૃપાળુદેવ છે. મારે કૃપાળુદેવ જેવા થવું છે. ભગવાનનું જેવું સ્વરૂપ છે તેવું જ મારું સ્વરૂપ છે. કર્મને લઈને જુદું જુદું દેખાય છે. બધા જીવો સિદ્ધ જેવા છે, એ સમજાતું નથી. છૂટવાના કામીને ભગવાન પણ બાંધતા નથી અને બંધાવાના કામીને ભગવાન પણ છોડતા નથી. સાચી રુચિ જીવને પ્રગટવી જોઈએ. ખરું સુખ જીવને નથી, સુખાભાસ છે. ખરા સુખની જીવને ખબર નથી.

શાસ્ત્રો વાદ કરવા માટે ભણે તો કંઈ કામ ન આવે. બધું નકામું જાય. આત્મા નિર્મળ થાય એટલા માટે શાસ્ત્રો ભણવાનાં છે, વાદવિવાદ કરવા માટે નહીં. વિશાળ દૃષ્ટિ હોય તેને ધર્મની વાત સમજાય છે. પોતાની મેળે તો જીવે ઘણું કર્યું છે.

**‘‘યમનિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;<br>વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો.<br>મનપૌન નિરોધ સ્વબોધ કિયો, હઠજોગ પ્રયોગ સુ તાર ભયો;<br>જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે, ઉરસેંહિ ઉદાસી લહી સબપેં.<br>સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;<br>વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.’’**

જ્યારે જ્યારે મનુષ્યભવ મળ્યો ત્યારે ત્યારે ધર્મ તો કર્યો, પણ પોતાની મેળે. ખરું તો કરવાનું એ છે કે જ્ઞાનીપુરુષની દશાને સમજવી. જ્યાં સુધી મારે જાણવું છે એવી ભાવના હોય ત્યાં સુધી આગળ વધે છે અને હું તો બધું કરું છું, મને ધર્મ સમજાયો છે એમ સંતોષ માની બેસે તો અટકી જાય.

[1]મને પ્રભુશ્રીજીએ મંત્ર આપ્યો ત્યારે કહ્યું કે કોઈને કહીશ નહીં. પછી હું એ સાધન કરતો. તે વખતે હું આણંદમાં હેડમાસ્તર હતો. રજા પડતી ત્યારે અહીં આવતો. પછી એમ થયું કે હવે બે કામ ન થાય. તેથી હું પ્રભુશ્રીજીની સેવામાં રહ્યો. પ્રભુશ્રીજીએ દેહ છૂટતા પહેલાં મને કહેલું કે જેને આત્મકલ્યાણ કરવાની ભાવના હોય તેને આ સાધન તારે બતાવવું. જ્ઞાનીની આજ્ઞાથી લાભ છે.

૧. વિસ્તારથી પ્રસંગ માટે જુઓ પૃષ્ઠ નં. ૨૩૯

ક્યારે મરણ આવશે તેની ખબર નથી. કંઈક ભલું થવાનું હોય ત્યારે જ જીવને સારા સંયોગ મળી આવે છે. આત્મહિત થાય તે કરવું. મારું તારું ન કરવું. આ (તત્ત્વજ્ઞાન) પુસ્તક વાંચતાં જ્યાં ‘જિન’ શબ્દ આવે ત્યાં ઈશ્વર એમ સમજવું અથવા જેણે રાગદ્વેષ જીત્યા તે જિન. ‘જિ’ ધાતુ પરથી જિન શબ્દ બન્યો છે.

પહેલાં પાપ કરેલું હોય તેથી માંદો પડે અને પાછી દવા પાપની કરે તેથી ફરી માંદો પડે. પાપનું ફળ તો દુઃખ જ આવે ને? તેથી રોગ મટ્યો હોય તોય મટ્યો ન કહેવાય. વિચાર નથી જીવને, તેથી જ્ઞાનીપુરુષ કહે છે કે જેમાં પાપ ન હોય એવી દવા કરવી. જેને આત્માની દયા હોય તેને વિચાર આવે. હું દેહથી ભિન્ન છું એવો ભાવ માંદગીમાં રાખવો. આત્માના હિતનું જીવને ભાન નથી હોતું, તેથી પાપની દવા કરે છે. જ્ઞાનીપુરુષને બધા જીવો સરખા છે. બધાનું હિત થાઓ એમ ઇચ્છે છે. ધર્મ કરાવે તોય ધર્મ થાય. પોતે કરે તોય ધર્મ થાય. કરે તેને સારું માને તેથી પણ ધર્મ થાય છે. મેરુ પર્વત એક લાખ યોજનનો છે અને સિદ્ધશિલા તો અહીંથી સાત રાજ ઊંચે છે. મેરુ પર્વત ઉપર પાંડુક શિલા છે અને લોકના અગ્ર ભાગ ઉપર સિદ્ધશિલા છે.

જેવું પદાર્થનું સ્વરૂપ છે તેનાથી વિપરીત એને કલ્પનામાં આવે છે. જ્ઞાનીપુરુષ આત્મા સંબંધી કહેતા હોય; ત્યારે આ, દેહ સંબંધી કલ્પના કરે. કાયોત્સર્ગમાં સ્થિર કાયાએ બેસે એ આત્મસ્થિરતા; એમ બાહ્ય ચેષ્ટાથી જીવ આત્માની કલ્પના કરે છે. કેવળજ્ઞાનીનું શાસ્ત્ર હોય તે પણ એને પોતાની કલ્પના હોય તેમ સમજાય કે આપણે જે કરીએ છીએ તે જ કહે છે. મોઢેથી વાતો કર્યાથી મિથ્યાત્વ જાય નહીં. સંસાર અસાર લાગે ત્યારે મોક્ષની રુચિ થાય. વૈરાગ્યઉપશમ વિના વાત બેસે નહીં. એનું માનેલું કામ આવે નહીં. વિપર્યાસબુદ્ધિ જેટલી ઘટી હોય તેટલો સિદ્ધાંતનો યથાયોગ્ય વિચાર થાય. મહાભાગ્ય હોય તો જ જીવને સાચી વસ્તુ પરિણામ પામે. કપડાં ફેરવી નાખ્યાથી કંઈ થાય નહીં, ઊલટું અભિમાન થાય. જેટલો વૈરાગ્યઉપશમ હોય તેટલી વિપર્યાસબુદ્ધિ ઓછી થાય. મોહ મંદ પડે, ત્યારે જ્ઞાન પ્રગટે છે. મોહ સંપૂર્ણ ક્ષય થાય ત્યારે કેવળજ્ઞાન પ્રગટે છે. આરંભ અને પરિગ્રહ અવૈરાગ્ય અને અનુપશમના મૂળ છે, વૈરાગ્યઉપશમના કાળ છે.

(સવારના—ઉપર) ૧૧ શ્રીમદ્ રા.આ.અગાસ, દ્વિ. વૈશાખ સુદ ૧૨,સં. ૨૦૦૯

પૂજ્યશ્રી—યથાપ્રવૃત્તિકરણ, અધઃપ્રવૃત્તિકરણ, અથઃપ્રવૃત્તિકરણ એ બધાં એક જ છે. અથઃપ્રવૃત્તિકરણ એટલે શરૂઆતની પ્રવૃત્તિ કરવી તે. અધઃપ્રવૃત્તિકરણ એટલે શ્રેણી માંડવાની છે, તેનાથી એ નીચે છે. યથાપ્રવૃત્તિકરણ એટલે જેવી જોઈએ તેવી પ્રવૃત્તિ અહીંથી શરૂ થાય છે, તેથી યથાપ્રવૃત્તિકરણ એમ કહ્યું. જે કર્મ ઉદયમાં આવે તે રસ આપે, એ રસ આપવાની શક્તિ, તેનો જે ઓછામાં ઓછો ભાગ તે અવિભાગ પ્રતિચ્છેદ કહેવાય છે.

*

(બપોરના)

પૂજ્યશ્રી—આપણે કરીએ છીએ તેની કંઈ અસર થાય છે કે કેમ? એની તપાસ જ જીવને

નથી. નિરંકુશ થઈ જાય ત્યારપછી જીવને કંઈ સમજાતું નથી. કળિકાળનું સ્વરૂપ પરમકૃપાળુદેવે કહ્યું છે તેવું જ છે. માટે આપણે સાચવીને ચાલવાનું છે. કાળ બળ એવું છે કે પોતાનું કલ્યાણ કરવાની ભાવનાવાળા બહુ થોડા જીવો છે.

*

(સાંજના)

મુમુક્ષુ–આજે આહોરથી એક મુમુક્ષુનો કાગળ આવ્યો છે તેમાં આપને નમસ્કાર જણાવ્યા છે.

પૂજ્યશ્રી–કાગળ લખે ત્યારે જય સદ્‌ગુરુવંદન લખજે.

મુમુક્ષુ–તેમાં મને પાછો કાગળ લખવાનું લખ્યું છે, તો કાગળમાં અહીં સાંભળેલું કંઈક લખું?

પૂજ્યશ્રી–લખવું હોય તો લખજે. તેણે કાગળમાં એમ લખ્યું છે કે અહીં સાંભળેલું લખજે?

મુમુક્ષુ–ના જી.

પૂજ્યશ્રી–ડાહ્યા થવું નહીં. 'હું કંઈ જાણતો નથી' એવું કરવાનું છે. આશ્રમમાં રહી એક આત્માનું હિત કરવાનું છે, એ લક્ષ રાખવો છે. આ કરું, તે કરું, એમ આડાઅવળી ખોટી ન થવું. મન ક્લેશિત ન થવા દેવું. ''ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશરહિત મન તે ભવપાર.'' (યશોવિજયજી. ૧૨)

સત્સંગ એ હિતકારી વસ્તુ છે. ''क्षणमपि सज्जनसंगतिरेका, भवति भवार्णवतरणे नौका ।''

એક ક્ષણવારનો પણ સત્સંગ હોય તો તે સંસાર સમુદ્રને તરવામાં હોડી જેવો છે.

[દ્વિ. વૈશાખ સુદ ૧૩ના સવારે પ. પૂ. બ્રહ્મચારીજી ડુમસ તરફ પધાર્યા. આ દિવસથી જેઠ સુદ-૮ ૨૦૦૯ સુધીના બોધની નોંધ નથી. જેઠ સુદ-૮, ૨૦૦૯ની રાત્રે ૧૦।। વાગે પૂજ્યશ્રી બ્રહ્મચારીજી ડુમસથી આશ્રમ પધાર્યા.]

(બપોરના–ઉપર) **૧૨** શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ સુદ ૯,સં. ૨૦૦૯

પૂજ્યશ્રી–ભોજરાજાએ ચમત્કાર જોવા માનતુંગસૂરિને એક ઓરડામાં પૂરી, અડતાળીસ તાળાં માર્યાં. બધા લોકો ત્યાં એકઠાં થયા. તે વખતે આ 'ભક્તામર'ની એક એક ગાથા સૂરિ બોલતા ગયા, તેમ તેમ એક એક તાળું તૂટતું ગયું. એમ બધાં તાળાં તોડીને બહાર આવ્યા. ગમે તેમ હો, પણ ભગવાનનું શુદ્ધભાવથી કરેલું આ સ્તોત્ર છે. પ્રભુશ્રીજી કહેતા 'આત્મસિદ્ધિ' અનેક લબ્ધિ સિદ્ધિઓથી ભરપૂર છે, એવું આ 'ભક્તામર' પણ અનેક લબ્ધિ સિદ્ધિઓથી ભરપૂર છે. ભગવાનની સુંદર કવિતારૂપ સ્તુતિ છે.

યશોવિજયજીનાં દાદી રોજ 'ભક્તામર' એક મુનિ પાસે જઈને સાંભળીને પછી જમતાં, એવો તેમને નિયમ હતો. એટલામાં ચોમાસાના દિવસો આવ્યા. આઠ દિવસ સુધી લગાતાર વરસાદ વરસ્યો તેથી તે 'ભક્તામર' સાંભળવા જઈ ન શક્યાં. જ્યારે મુનિ પાસે 'ભક્તામર' સાંભળવા જતા

ત્યારે યશોવિજયજી પણ સાથે જતા. યશોવિજયજી તે વખતે પાંચ વર્ષના હતા. યશોવિજયજીએ દાદીને પૂછ્યું કે કેમ નથી ખાતાં ? ડોશીમાએ કહ્યું કે 'ભક્તામર' સાંભળ્યા વગર ખાવું નહીં એવો મારે નિયમ છે. વરસાદ બહુ પડે છે તેથી સાંભળવા જવાતું નથી, તેથી ઉપવાસ કરું છું. યશોવિજયજીએ કહ્યું : લો, હું સંભળાવું. ડોશીમાએ કહ્યું, ત્યારે તો સારું, સંભળાવ. યશોવિજયજીએ કહ્યું, મને ઊંચે આસને બેસાડો. ડોશીમાએ યશોવિજયજીને તાકામાં બેસાડ્યા અને પછી બોલવા કહ્યું; ત્યારે યશોવિજયજી 'ભક્તામર સ્તોત્ર' પૂરું બોલી ગયા. વરસાદ બંધ થયો ત્યારે ડોશીમા યશોવિજયજીને સાથે લઈ મુનિ પાસે ગયાં. મુનિએ પૂછ્યું કે આટલા દિવસ કેમ નહીં આવ્યાં ? ડોશીમાએ કહ્યું કે આ મારો જસીયો છે તે રોજ મને સંભળાવતો હતો. મુનિને લાગ્યું કે એ છોકરો ગૃહસ્થને ત્યાં શોભે એવો નથી. મુનિ થાય તો શાસનનો ઉદ્ધાર થાય. એમ વિચારી ડોશીમાને કહ્યું, આ છોકરો અમને આપી દો. ડોશીમાએ હા કહી. ત્યારે મુનિએ તેમને દીક્ષા આપી કાશી મોકલ્યા.

ત્યાં યશોવિજયજી બહુ ભણ્યા. ભણીને પાછા પોતાના ગામમાં જ આવ્યા. બે પાટ ઉપર બેસીને વ્યાખ્યાન કરતા અને ઉપર ઘણી ધજાઓ લગાવરાવતા. એ મનમાં એમ માનતા હતા કે મારા જેવો કોઈ નથી. એ વાતની ડોશીમાને ખબર પડી. તેમને લાગ્યું કે કાશી ભણી આવ્યો તેથી આવડો ડોળ શું કરે છે ? અભિમાનમાં ચઢી ગયો છે, તેથી એને કંઈ શિખામણ આપું. એમ કરી તે ઉપાશ્રયે ગયાં. ત્યાં યશોવિજયજી વ્યાખ્યાન કરતા હતા. ડોશીમાએ પૂછ્યું કે પહેલાના ગણધરોને કેટલાં જ્ઞાન હતાં ? યશોવિજયજીએ કહ્યું, ચાર. ડોશીમાએ પૂછ્યું કે હવે વર્તમાનમાં કેટલાં છે ? ત્યારે યશોવિજયજીએ કહ્યું કે મતિ, શ્રુત બે. ડોશીમાએ કહ્યું કે ગણધરો કેટલી ધજાઓ રાખતા હતા ? ત્યારે યશોવિજયજી સમજી ગયા અને બધી ધજાઓ ઉતારી લીધી. એમના ગુરુને પણ લાગ્યું કે અભિમાનમાં એ ચઢી ગયો છે, તેથી બોલાવીને કહ્યું કે તમે આનંદઘનજીને મળજો. ગુરુના વચન ઉપર વિશ્વાસ, તેથી મનમાં રહેતું કે આનંદઘનજીને મારે મળવું. એક દિવસે જંગલમાં ગયા ત્યાં આનંદઘનજી મળ્યા. નમસ્કાર કરીને યશોવિજયજી ત્યાં બેઠા. આનંદઘનજીએ પૂછ્યું કે તમને 'દશવૈકાલિક' સૂત્ર આવડે છે ? યશોવિજયજીએ કહ્યું કે હા, આવડે છે. ત્યારે આનંદઘનજીએ કહ્યું કે એની પહેલી ગાથાનો અર્થ કરો. યશોવિજયજીએ—

''धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो ।<br>
देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो ।।''

એ આખી ગાથાના દશ-બાર અર્થ કર્યા. આનંદઘનજીએ કહ્યું, બસ આટલું જ આવડે છે ? ત્યારે યશોવિજયજીએ ફરી દશ-બાર અર્થ કર્યા. આનંદઘનજીએ કહ્યું, બસ આટલું જ આવડે છે ? ત્યારે યશોવિજયજીએ કહ્યું કે તમે અર્થ કરો. આનંદઘનજીએ ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી એ ગાથાના અર્થ કર્યા, તેથી યશોવિજયજીને લાગ્યું કે આ તો બહુ ભણ્યા નથી છતાં મારા કરતાં વધારે જાણે છે. હું કાશી ભણી આવ્યો છું છતાં આટલું જાણતો નથી. બધું અભિમાન ગળી ગયું. આ પાંડિત્યમાં તો કાંઈ નથી. આત્માનું હિત એનાથી થાય એવું નથી. તેથી આનંદઘનજીને કહ્યું કે

મારું આત્મહિત થાય એમ કરો. પછી આનંદઘનજીએ બોધ કર્યો. એ વખતે યશોવિજયજીને બહુ પ્રસન્નતા થઈ તેથી આનંદઘનજીના ઉપકારવાળાં ચાર પાંચ પદો પણ રચ્યાં. પછી યશોવિજયજીએ 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથમાંથી સંક્ષેપમાં 'આઠદૃષ્ટિની સજ્ઝાય' લખી અને આનંદઘનજીને બતાવી. આનંદઘનજીએ કહ્યું કે 'સમજ્યા તે શમાયા.' સમજીને બીજાને કહેવાનું નથી. બહાર ફેંકી દેવાનું નથી.

*

(સાંજના–સભામાં, 'સમયસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–જીવ પરના અવલંબને રાગદ્વેષમાં પ્રવર્તે છે, તે છોડાવવા નિશ્ચયને મુખ્ય કરી આ 'સમયસાર'માં કહે છે.

(સવારના–ઉપર) ૧૩ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ સુદ ૧૦, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–જીવ નાનપણમાં એટલે ચાર પાંચ વર્ષની ઉંમરમાં જેટલી મહેનત કરે છે તેટલી પછી નથી કરતો. બહારની વસ્તુઓ તો દેખાદેખી શીખાય, પણ પોતાનું ભાન થવું મુશ્કેલ છે. ગરજ જાગે, ત્યાગવૈરાગ્ય વધારે, તો જ્ઞાનીપુરુષનાં વચનો હૃદયમાં ઉતરે.

**''ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન''**

મનુષ્યભવ દુર્લભ છે. કૃપાળુદેવ નાના હતા પણ સંસ્કારી હતા. તેથી જન્મમરણ ટળે તેમ કર્યું. આત્માને ઉંમર ક્યાં છે? એ તો અનંતકાળનો છે. જીવે કેટલાંય દુઃખ ભોગવ્યાં છે, તપ કર્યાં છે, દેવલોકમાં ગયો છે, પણ બધું ભૂલી ગયો છે. તાવ આવે તો મરણનો ભય લાગે છે પણ આત્મા તો નિત્ય છે. છપદની શ્રદ્ધા દૃઢ થાય તો બધાં શાસ્ત્રો વાંચી ગયો કહેવાય. આત્મા પલટાય એવો નથી. શાશ્વત વસ્તુને મારવા જાય તોય મરે નહીં.

**''ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન,**
**પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન.''**

બેયનાં લક્ષણો સમજાય કે રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ લક્ષણવાળો દેહ છે. આત્મામાં એવું નથી.

**''પુદ્ગલ રચના કારમીજી''** (ચોથી દૃષ્ટિ)

હું દેહ નથી. ''હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું.'' (૬૯૨)

જીવ દેખે છે ને ભૂલો પડે છે. જે દેખવા જેવું છે તેને દેખતો નથી. શરીર છે, તે એક આત્માને રહેવાનું ઠેકાણું છે. જેમ દવાનું પડીકું હોય તેનો કાગળ સારો હોય, રંગવાળો હોય તેની કિંમત નથી; પણ દવાની કિંમત છે. તેમ આ શરીર દવાના પડીકા જેવું છે, તેની કંઈ કિંમત નથી. આત્મા ઉત્તમ વસ્તુ છે.

''દેહની જેટલી ચિંતા રાખે છે તેટલી નહીં પણ એથી અનંત ગણી ચિંતા આત્માની રાખ.''

(૮૪) દેહની જેટલી કાળજી રાખે છે તેટલી આત્માની રાખતો નથી. આત્માને સંભારવાથી, આત્મામાં સ્થિર થવાથી સુખ થાય છે; એ સમજાતું નથી. કર્મ બધાં ફરતાં છે. કર્મના ઉદયે શાતા-અશાતા દેખાય. ગમે તેવાં કર્મ આવે પણ આત્મા તેવો નથી. ગમે તેમ થાય પણ આત્મા મરવાનો નથી.

**"જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોય,**
**જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય."** (૧૫)

સંસાર, શરીર છે ત્યાં સુધી કર્મ છે. તેથી બધાને સુખ દુઃખ તો આવે જ. બહુ લાંબુ ચાલશે તો દેહ સુધી ચાલશે. નવાં કર્મ નથી બાંધવાં એમ કરવું હોય તો થાય એવું છે. છૂટવું છે તો નવાં કર્મ ન બંધાય એવું કરવાનું છે. સ્મરણ મળ્યું છે તે કર્યા કરવું. દુઃખ નથી, કલ્પના છે. જે આ બધું સુખ દુઃખ દેખાય છે, તે બધું સ્વપ્ના જેવું છે.

જનકરાજાને રાત્રે સ્વપ્નું આવ્યું કે હું ભિખારી થયો છું. માગવા જાઉં તોય ખાવાનું આપે નહીં. એટલામાં કોઈએ આવી 'ખમા મહારાજ' એમ કહ્યું, તેથી જનકરાજા જાગી ગયા. વિચાર આવ્યો કે આ શું ? ક્યાં મારું ભિખારી થવાપણું અને ક્યાં આ રાજ ? મારા રાજ્યમાં લગભગ પાંચસો પંડિતો છે. તો બધાને બોલાવીને પૂછું કે આ ખરું કે તે ખરું ? પછી રાજાએ બધા પંડિતોને રાજ દરબારમાં બોલાવી કહ્યું કે આ ખરું કે તે ખરું ? એનો ઉત્તર આપો. બધા પંડિતો વિચાર કરવા લાગ્યા પણ કંઈ જવાબ મળ્યો નહીં. તેથી રાજાએ કહ્યું કે છ મહિના સુધી વિચાર કરીને જવાબ આપજો, નહીં તો બધાને કેદ કરવામાં આવશે. બધા પંડિતો ઘેર ગયા. વિચાર કરતાં કરતાં છ મહિના પૂરા થવા આવ્યા પણ કોઈને જવાબ ન મળ્યો. છેલ્લે દિવસે રાજા જનક પાસે જવાનું હતું તેથી એક પંડિત ચિંતામાં હતા ત્યારે તેના પુત્ર અષ્ટાવક્રે પિતાને કહ્યું કે પિતાશ્રી, આજે આપ ચિંતાતુર કેમ છો ? પંડિતે કહ્યું કે તું શું સમજે ? રાજાનું કહેવું એમ છે કે આ ખરું કે તે ખરું ? એનો જવાબ આપવાનો છે પણ કંઈ જવાબ જડતો નથી. તેથી રાજા આજે કેદ કરશે. જેનાં આઠે અંગ વાંકા છે એવા અષ્ટાવક્રે કહ્યું કે આપ ચિંતા કરો નહીં, એનો જવાબ હું આપીશ.

અષ્ટાવક્ર જેનાં આઠેય અંગ વાંકા હતાં, આઠેય અંગ વળે ત્યારે એક ડગલું ભરાય, તેને જોઈને દરબારના લોકો હસ્યા, તેથી તે પાછો જવા લાગ્યો. રાજાએ નોકરોને કહ્યું કે આ છોકરો કેમ પાછો જાય છે ? પછી પોતે જાતે ઊઠીને અષ્ટાવક્રની પાસે જઈને કહ્યું કે કેમ મહારાજ, પાછા જતા રહો છો ? અષ્ટાવક્રે કહ્યું કે બધા ચામડીયા છે, ચામડાં જોનારા છે, તેથી હસે છે. રાજાએ કહ્યું, મહારાજ અપરાધ ક્ષમા કરો. તમે શા માટે આવ્યા હતા ? અષ્ટાવક્રે કહ્યું કે તમારા પ્રશ્નનો ઉત્તર આપવા આવ્યો છું. રાજાએ કહ્યું કે ત્યારે આપો. અષ્ટાવક્રે કહ્યું કે તમારો પ્રશ્ન શું છે ? રાજાએ કહ્યું કે આ ખરું કે તે ખરું ? આ મારો પ્રશ્ન છે. અષ્ટાવક્રે કહ્યું કે તે ખરું તો આય ખરું અને આ ખોટું તો તેય ખોટું. રાજાને લાગ્યું કે બરાબર છે. એ અષ્ટાવક્રે પછી કહ્યું કે 'આ મારા પ્રશ્નનો ઉત્તર આપે તેને હું તન, મન, ધન સર્વસ્વ અર્પણ કરું' એવો તમે સંકલ્પ કર્યો હતો, તે પ્રગટ કરો. બીજા પંડિતો પાસે હતા તે બોલ્યા કે ઉત્તર શું આપ્યો તેની અમને ખબર પડી નથી.

શું ઉત્તર આપ્યો તે કહો. રાજાએ કહ્યું કે મને સ્વપ્નું આવ્યું હતું કે હું ભિખારી થયો. ભીખ માંગવા જઉં તોય કોઈ આપે નહીં, તેથી મેં પૂછ્યું કે આ રાજ્ય છે તે ખરું કે પેલું સ્વપ્નું ખરું? તેનો ઉત્તર એમણે એમ આપ્યો છે કે આ ખરું તો પેલુંય ખરું અને આ ખોટું તો પેલુંય ખોટું.

પછી રાજાએ અષ્ટાવક્રને રાજ આપવા માટે અંજલિમાં પાણી ભરી મૂકવા માંડ્યું અને કહ્યું કે લો, આ રાજ આજથી તમારું છે. પછી સેવકને બોલાવીને કહ્યું કે ઘોડો લઈ આવ. સેવક ઘોડો લઈ આવ્યો. રાજાએ ઘોડાના પેંગડા ઉપર એક પગ મૂક્યો એટલામાં અષ્ટાવક્ર બોલ્યા કે ક્યાં જાઓ છો? તન, મન, ધન બધું મને સોંપ્યું છે; તો મને પૂછીને જવું જોઈએ કે નહીં? રાજાએ કહ્યું કે આપની વાત ખરી છે. પછી રાજા તેવી સ્થિતિમાં ત્યાં ઊભા રહ્યા. ત્યાં તેમને વૈરાગ્ય થયો. ત્યારે અષ્ટાવક્રે કહ્યું કે આ રાજપાટ તમારું નથી. તમારો એક આત્મા છે એને ભૂલશો નહીં. મારે રાજપાટ જોઈતું નથી, તમે રાજ્ય કરો. રાજાએ રાજ્ય સ્વીકાર્યું અને ગુરુનું રાજ્ય છે એમ ગણી રાજ્ય કરતા. જ્યારે મુશ્કેલી પડતી ત્યારે અષ્ટાવક્ર ગુરુને બોલાવતા. એ આત્માને ભૂલતા નહોતા, તેથી એ જનક વિદેહી કહેવાતા; દેહ છતાં વિદેહી દશાએ વર્તતા હતા.

મહાપુણ્યના જોગે આ સત્સમાગમનો જોગ મળ્યો છે, માટે પ્રમાદ ન કરવો. કંઈ ન સંભળાય તો સ્મરણ કરવું. સ્મરણમાં એકતાર થઈ જવાય એવું કરવાનું છે.

*

(સભામાં)

અહિંસા વ્રત સાચવવા બધાં વ્રત છે.

(સાંજના–સભામાં) ૧૪ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ સુદ ૧૧, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–જે સંબંધ છૂટી શકે તે સંયોગ સંબંધ છે અને જે છૂટી શકે નહીં તે તાદાત્મ્ય સંબંધ છે. આત્મા અને આત્માના ગુણો વ્યવહારથી જુદા ગણાય છે, પણ નિશ્ચયથી બન્ને એક જ છે. જેમ સાકર અને ગળપણ બેય જુદાં નથી, પણ વ્યવહારમાં બેય શબ્દો જુદા કહેવાય છે. આત્મા કહો કે જીવ કહો એક જ છે. સિદ્ધ પણ જીવ કહેવાય અને સંસારી પણ જીવ કહેવાય. આત્મા અને જીવ બે વસ્તુ નથી. વેદાંતમાં આત્મા અને જીવ એમ બે માને છે. એકેંદ્રિય જીવ કહેવાય છે તે વ્યવહારથી કહેવાય છે.

*

(સાંજના–ઉપર)

મુમુક્ષુ–અષાઢાભૂતિ નામના એક મુનિ નટડીને વશ થઈ ગયા તેમાં મોહ પામ્યા એ કેમ થયું?

પૂજ્યશ્રી–કર્મ છે. કર્મ નચાવે છે. આમથી તેમ અને તેમથી આમ કર્મ નચાવે છે. જીવનો દોષ નથી. જીવ તો બે ઘડીમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરે એવો છે.

એક રાજાએ પર્યુષણના દિવસો આવ્યા તે વખતે આઠ દિવસ સુધી કોઈએ હિંસા ન કરવી;

જે હિંસા કરશે તેને ફાંસીએ ચઢાવવામાં આવશે, એવો પડહ વગડાવ્યો. એ રાજાનો જ એક છોકરો હતો. તેણે એક પાડાના પગ કાપી નાખ્યા તે વાત રાજાના જાણવામાં આવી. રાજાએ છોકરાને ફાંસીએ ચઢાવવાની આજ્ઞા કરી. એ વાત પ્રધાને જાણી. તેને વિચાર આવ્યો કે આ ઠીક નથી. એક હિંસા તો થઈ અને આ બીજી હિંસા થાય. આમ ન થવું જોઈએ. તેથી તેણે રાજાને કહ્યું કે છોકરાને ફાંસીએ ચઢાવવાનું કામ મારી મારફતે કરાવો, મને એ કામ સોંપો. રાજાએ કહ્યું, ભલે તેમ કરો.

પછી પ્રધાને છોકરાને એકાંતમાં બોલાવીને કહ્યું કે તેં આ દિવસોમાં હિંસા કરી તેથી તને રાજાએ ફાંસીએ ચઢાવવાની આજ્ઞા કરી છે, મરી જવાનું છે. પછી મા બાપ કોઈ રહેશે નહીં. માટે હું એક વાત કહું તે તું માન ને. છોકરાએ કહ્યું કે શું? પ્રધાને કહ્યું કે આ મનુષ્યભવ છે ત્યાં સુધી આત્માનું કામ કરી લેવા માટે તું દીક્ષા લે. પછી પ્રધાન તેને એક જ્ઞાની મુનિ પાસે લઈ ગયો અને દીક્ષા અપાવી, તેથી તે છોકરો મુનિ થયો. પછી તે મુનિ રાજા પાસે આવ્યા ત્યારે રાજાએ નમસ્કાર કર્યા અને પછી પૂછ્યું કે એવું તને ક્યાંથી સૂઝ્યું? મુનિએ કહ્યું કે પ્રધાનની બુદ્ધિથી આ કામ થયું છે. પ્રધાને મને ઉપદેશ આપ્યો કે મનુષ્યભવમાં જીવવાનું છે ત્યાં સુધી આત્માનું કામ કરી લેવું. હવે મરી જવાનું છે તેથી મને દીક્ષા લેવાના ભાવ થયા. પછી તે મુનિ જ્ઞાની મુનિ પાસે ગયા. ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કર્યો અને પછી કેવળજ્ઞાન પામ્યા. પછી રાજા ત્યાં ગયા ત્યારે પૂછ્યું કે તમે હિંસા કરી તેનું કારણ શું હતું? મુનિએ કહ્યું કે અમારે એની સાથે ઘણા ભવોથી વેર ચાલ્યું આવતું હતું તેથી. મરણ પાસે જ છે એમ જાણીને વર્તવાનું છે. ક્યારે આવશે તેની ખબર નથી.

(સવારના—સભામાં) ૧૫ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ સુદ ૧૨, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—જીવને જગતના ભોગમાં વૃત્તિ છે. વૈરાગ્યની ખામી છે.

બીજાને નુકસાન કરવાના ભાવ તે તમોગુણ છે, પોતાને મોજશોખના ભાવ તે રજોગુણ છે અને પોતાનું તથા પરનું ભલું કરવાના ભાવ તે સત્ત્વગુણ છે; એ સત્ત્વગુણની ખામી છે.

આધિ, વ્યાધિ અને ઉપાધિ એ ત્રણ તાપ આત્મા ભણી ન વળવા દે તેવા છે. સત્સંગની ખામી છે. શું કરવા આવ્યો છે? અને શું કરે છે? એ સત્સંગે ખબર પડે. સત્સંગ ન હોય તો કંઈ ન થાય. અભિમાન વર્તે છે. પૈસાનું, ધનનું અભિમાન છે. આ કારણોથી પુનર્ભવ સંબંધી નિઃશંકતા થતી નથી. સત્પુરુષના ચરિત્ર પોતાને માટે વાંચવાનાં છે.

(બપોરના—ઉપર) ૧૬ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ સુદ ૧૩, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—ક્રોધ કરે તો પાપ બંધાય. ક્રોધથી ભોગનો નાશ થાય છે અને ધર્મનો પણ નાશ થાય છે. ધર્મ કરતાં વેઠ જેવું ન થાય એ લક્ષ રાખવો. આનંદરસ આવે તેમ કરવું. મહાપુણ્યના જોગે મનુષ્યભવ મળ્યો અને તેમાં વળી જ્ઞાનીની આજ્ઞા! અહોભાગ્ય છે, તેથી આ જોગ મળ્યો છે. તેમાં પ્રમાદ કરવા જેવું નથી. જેટલું વધારે આરાધન કરશો તેટલો વધારે લાભ થશે. સંસાર ક્લેશનું ઘર છે.

"ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશ રહિત મન તે ભવપાર" (યશોવિજયજી. ૧૨)

ક્લેશ તે સંસાર છે, ક્લેશરહિતપણું તે અસંસાર છે; એટલી સમજણ કરવાની છે. કર્મ આવી આવીને જાય છે. છૂટવા માટે જીવવું છે, કર્મ બાંધવાં નથી જીવવું. રાગદ્વેષ બહુ સૂક્ષ્મ છે. ઉપરથી હું ધર્મ કરું છું એમ લાગે અને અંદર રાગદ્વેષ થતા હોય. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એ ભાવ ફેરવવા માટે છે. ભાવ ન ફર્યા તો શું કામનાં? [1]ગજસુકુમારને માથે અંગારા મૂક્યા તો પણ ક્લેશિત ન થયા.

"જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ;
તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ."

શુભાશુભ કર્મ છૂટે તો મોક્ષ થાય. જ્ઞાનીપુરુષો જે સહજ સ્વભાવે રહ્યા છે તે ભાવ મને હો, એવી ભાવના છે તે પણ ઉત્તમ છે. ગમે તેવાં દુઃખનાં નિમિત્ત હો પણ ક્લેશિત ન થવું.

(સવારના–સભામાં) ૧૭ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ સુદ ૧૪, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–બીજા ખાવા પીવાના વિચાર આવે, પણ આ આત્માના વિચાર આવવા મુશ્કેલ છે. "હું કોણ છું?" એ વિચારવા કૃપાળુદેવે 'બહુ પુણ્ય કેરા' કાવ્ય લખ્યું છે. નિગોદમાં જીવ હોય તે એક શ્વાસમાં કેટલીય વાર મરે છે! એમ અનંતકાળ ત્યાં રહે છે. પછી પૃથ્વી, પાણીમાં આવે અને ફરી નિગોદમાં જાય એમ ઘણો કાળ તો જીવ નિગોદમાં જ રહે છે. એમ અકામ નિર્જરા કરતાં મનુષ્યભવ મળ્યો. તેવા મનુષ્યભવ પણ અનંતવાર મળ્યા પણ નકામા ગયા. પણ આ મનુષ્યભવ નકામો ન જાય એવો લક્ષ રાખવો. "દુર્લભ એવો મનુષ્યદેહ પણ પૂર્વે અનંત વાર પ્રાપ્ત થયા છતાં કંઈ પણ સફળપણું થયું નહીં; પણ આ મનુષ્યદેહને કૃતાર્થતા છે, કે જે મનુષ્યદેહે આ જીવે જ્ઞાનીપુરુષને ઓળખ્યા તથા તે મહાભાગ્યનો આશ્રય કર્યો." (૬૯૨) ઘણી વાર મનુષ્યદેહ મળ્યા પણ નિષ્ફળ ગયા છે. અનેક પ્રકારે જીવ કલ્પના કરે છે. શાસ્ત્રો વાંચે, હું ધર્મ કરું છું એમ માને પણ આત્માનો નિર્ણય થવો બહુ મુશ્કેલ છે. કોઈક મહાપુરુષને શરણે જાય ત્યારે કામ થાય.

[2]મહાવીર ભગવાન વિહાર કરતા કરતા એક ગામમાં આવ્યા. ત્યાં એક બ્રાહ્મણની યજ્ઞશાળા ખાલી પડી હતી. ભગવાને બ્રાહ્મણને પૂછ્યું કે આ યજ્ઞશાળા ખાલી પડી છે, તો હું અહીં ચોમાસું રહું? બ્રાહ્મણે કહ્યું કે ભલે. પછી ભગવાન ત્યાં ચોમાસું રહ્યા. બ્રાહ્મણ પંડિત હતો. શાસ્ત્ર વગેરે ભણેલો, પણ આત્મા છે કે નહીં એવી એને શંકા રહ્યા કરતી. એને વિચાર થયો કે આપણી યજ્ઞશાળામાં સાધુ આવ્યા છે તેમને પૂછું તો ખરો કે આત્મા શું છે? પછી બ્રાહ્મણ ભગવાન પાસે ગયો અને પૂછ્યું કે આત્મા શું હશે? ભગવાન બોલ્યા કે હે વિપ્ર! તને એમ થાય છે કે 'હું છું?' બ્રાહ્મણે કહ્યું કે હા, એ તો થાય છે, ત્યારે ભગવાને કહ્યું કે એ જ આત્મા છે. બ્રાહ્મણને તે બેસી ગયું.

જીવને નિર્ણય થયો નથી. જ્યારે જ્ઞાનીનો યોગ થાય ત્યારે યથાર્થ નિર્ણય થાય છે અને પછી એની ઉપાસના કરે છે. 'હું' જીવ કહે છે પણ શાને જીવ 'હું' કહે છે તેની ખબર નથી. કોઈ વખતે ક્રોધ ને હું, કોઈ વખતે દેહ ને હું, એમ માને છે. કોઈ વખતે કહે કે હું મરી જઈશ. કોઈ વખતે કહે

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા શિક્ષાપાઠ ૪૩. ૨. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં.૩૩ તથા ૩૯૪

કે હું અવિનાશી છું. જ્યારે ગરજ જાગશે ત્યારે પોતાનો વિચાર આવશે. ગરજ જાગવા સત્સંગ કરવાનો છે. વિવેક આવે તો ભેદ પડે અને તો જ મોક્ષ થાય. જીવને થાય કે આજ ને આજ નિર્ણય કરી નાંખું, પણ એમનો એમ નિર્ણય ન થાય. કોઈ મહાપુરુષને શોધીને નિર્ણય કર ને! મહાપુરુષને શોધ્યા વિના પોતાની મેળે નિર્ણય કરે કે આ, આ જ છે, એમ જ છે તો તેમાંથી ઝેર નીકળે. આત્મા જેવો છે તેવો વિચાર ન આવે તેનું કારણ અયોગ્યતા છે. યોગ્યતા આવ્યા વિના નિર્ણય થાય એવો નથી. યોગ્યતા આવ્યા વિના નિર્ણય કરવા જાય તો થાય એવો નથી. ઘણા વખત સુધી અભ્યાસની જરૂર છે. એને આત્માનો ખપ ન હોય તોય આત્માનો વિચાર કરે તો સુખી થાય. બીજે રસ્તે જાય તો દુઃખી થાય. જીવને યોગ્યતા આવવા માટે અનેક શાસ્ત્રો રચ્યાં છે, નિયમો બાંધ્યા છે.

ગૃહસ્થ કોને કહેવો? તો કે જેને સમ્યક્દર્શન થયું છે અને વ્રત પાળે છે, પણ મુનિ થવાની શક્તિ નથી તે ગૃહસ્થ છે, બીજા ગૃહસ્થ ન કહેવાય. આ દુષમકાળમાં આત્મા સંબંધીમાં ઘણા વિઘ્નો આવ્યા કરે છે. અત્યારે સંતો મળવા મુશ્કેલ છે. પહેલા તો મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની વિચરતા, પણ હવે તો સત્સંગ મળવો બહુ મુશ્કેલ છે. નિઃશંકતા થાય તો નિર્ભયપણું આવે. સમ્યક્દર્શન નથી મળ્યું ત્યાં સુધી પૈસાટકા શા કામના? પાણીમાં ડૂબી મરવું સારું, અગ્નિમાં બળી મરવું સારું, પણ મિથ્યાત્વમાં રહેવું સારું નથી, એમ મહાવીરસ્વામીના ચરિત્રમાં કોઈ આચાર્યે કહ્યું છે. સમ્યક્દર્શન એ જ એક કરવા યોગ્ય છે. બધાને સમ્યક્દર્શન થઈ જાય એવું નથી. ધર્મ વસ્તુ ગમવી જ મુશ્કેલ છે. મહાભાગ્યશાળી હોય તેને આવા વિચારો જાગે છે, બીજું એને ગમે નહીં. કૃપાળુદેવ લખે છે કે અમને સમ્યક્દર્શન થયું છે, ઓર જ અનુભવ થયો છે. આ વચનો છે તે પાતાળનું પાણી છે. મરણ ક્યારે આવશે? તેની ખબર નથી, માટે ચેતવાનું છે. જીવે ખરું જાણ્યું નથી.

**"જાણ્યું તો તેનું ખરું, જે મોહે નવિ લેપાય;**
**સુખ દુઃખ આવે જીવને, હર્ષ શોક નવિ થાય."**

નહીં તો ઊંઘમાં બકે એવું. મોહમાં જીવને રુચિ છે. વિચારવાન જીવો મરણને પાસે જ સમજે છે. [૧]પ્રભુશ્રીજી મુંબઈ હતા ત્યારે કૃપાળુદેવે 'સમાધિશતક' વાંચવા આપ્યું. પ્રભુશ્રીજીને વિચાર થયો કે કોઈ નિવૃત્તિ ક્ષેત્રે રહીશું ત્યારે વાંચીશું, એમ કરીને બાંધી મૂક્યું. પછી કૃપાળુદેવે પૂછ્યું કે 'સમાધિશતક' વાંચો છો? પ્રભુશ્રીજીએ કહ્યું કે બાંધી મૂક્યું છે. જ્યારે નિવૃત્તિ ક્ષેત્રે રહીશું ત્યારે વાંચીશું. પ્રભુશ્રીજી કહેતા કે તે વખતે અમે વાંચ્યું હોત તો પૂછીને ઘણું સમજવાનું મળત. 'સમાધિશતક' સારો ગ્રંથ છે. જૈનની ગીતા છે.

*

(સાંજના—સભામાં)

પૂજ્યશ્રી—લાકડામાં અગ્નિ છે, પણ એ પ્રગટ થાય તો બાળી નાંખે; તેમ આત્મામાં કેવળજ્ઞાનની શક્તિ છે, પણ પ્રગટ કરવી જોઈએ.

---

૧. વિસ્તારથી પ્રસંગ માટે જુઓ પૃષ્ઠ નં. ૪૩૬.

મુમુક્ષુ–દર્શનમોહમાં ચારિત્રમોહ આવી જાય છે?

પૂજ્યશ્રી–બે ભેદ પાડ્યા છે. એક દર્શનમોહ અને બીજો ચારિત્રમોહ. દર્શનમોહ એ યથાર્થ સમજણ ન થવા દે; આત્મા જેવો છે તેવી શ્રદ્ધા ન થવા દે અને આત્મામાં સ્થિર ન થવા દે તે ચારિત્રમોહ છે. દર્શનમોહ જાય તો પછી ચારિત્રમોહ પણ ક્ષય થાય.

**"દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે, દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;**
**તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે, વર્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો."**

(સવારના –ઉપર) ૧૮ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ વદ ૧, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–જ્યાં સુધી કુસંગ રહ્યા કરે ત્યાં સુધી એવું ને એવું જ રહેવું. સત્સંગ ન થાય તો પણ કુસંગ તો ન જ કરવો. મોટા મોટા ભલભલા બુદ્ધિશાળીઓ ભૂલી જાય છે.

એક જણ અહીં આવ્યો હતો. તે વાત કરતો હતો કે કોઈ એક જણને એક સંન્યાસી મળ્યો. તેણે સંન્યાસીને નમસ્કાર કર્યા. તે સંન્યાસીને લાગ્યું કે એનો ઉપકાર કરું, તેથી તે તેને દૂર નદી કિનારે લઈ ગયો. પછી તે સંન્યાસીએ તેને પૂછ્યું કે તારે અંદર રહેવું છે કે બહાર આવવું છે? તેણે કહ્યું–તમે શું કહો છો? તેની ખબર પડતી નથી. સંન્યાસીએ એક મંત્ર આપ્યો અને કહ્યું કે તેનો જાપ કરજે. પછી તેણે જાપ કર્યો, તો તેને ઊભો રહે તો ઊભા રહેવું ગમે નહીં, સૂએ તો સૂવું ગમે નહીં, ખાય તો ખાવું ગમે નહીં, બોલે તો બોલવું ગમે નહીં. તેથી તે પાછો સંન્યાસી પાસે ગયો અને કહ્યું કે મને તો આવું થાય છે. સંન્યાસીએ બીજો મંત્ર આપ્યો અને જાપ કરવાનું કહ્યું. તેના જાપથી તેના કાનમાં ઘંટડી જેવો અવાજ થવા લાગ્યો.

કુગુરુના યોગથી જીવને એવું થાય છે. કુસંગના યોગે દયા કરે તો શું કરે? એવી જ દયા કરે! આ જગતમાં અનેક પ્રકારની ક્રિયાઓ છે તે સફળ છે. સત્પુરુષતા, વીતરાગતા ક્યાંય નહીં મળે. મહાપુરુષનાં દર્શન થયાં છે, આજ્ઞા મળી છે તે મોક્ષનું કારણ છે. બીજું બધું કરે તો પુણ્ય બંધાય. કરવાનું છે તે બધું પડ્યું રહે છે. સત્સંગના અભાવે એવું થાય છે.

ટોડરમલજીએ 'મોક્ષમાર્ગપ્રકાશક' ગ્રંથ લખ્યો છે. તેમાં પ્રશ્ન કર્યો છે કે સત્સંગનો યોગ ન હોય તે વખતે કોઈ શાસ્ત્ર અમારી પાસે હોય તે કોઈ અન્યમતી બ્રાહ્મણ પાસે વંચાવી સાંભળીએ તો કંઈ વાંધો છે? તેનો ઉત્તર એમ આપ્યો છે કે એમ કરવાથી નુકસાન થાય છે; કારણકે બ્રાહ્મણ વાંચે, તેને એની શ્રદ્ધા નથી તેથી પોતાનું પણ ભેગું ઘાલે. તે કરતાં ઘેર બેઠા બેઠા માળા ફેરવવી સારી છે. કુસંગમાં આડાઅવળી બીજું અંદર પેસી જાય. થોડું હોય પણ સાચું હોય તે કામનું છે. સો મણ રૂના ઢગલામાં 'સો મણ અગ્નિ' લખી કાગળ તેમાં નાંખે તો કંઈ બળે? અને એક દિવાસળી સળગાવી નાંખી હોય તો બધું રૂ બળી જાય.

સત્સંગની ભાવના રાખવી. કોઈ જ્ઞાનીપુરુષનાં વચનો જાણે અજાણે કાનમાં પડે તો સંસ્કાર પડે. જ્ઞાનીપુરુષનાં વચનો ભાવપૂર્વક સાંભળ્યાં હોય, તો તે આ ભવમાં યોગ ન હોય તો બીજા ભવમાં ઊગી નીકળે. કૃપાળુદેવને બધું ઊગી નીકળ્યું. જે જે શાસ્ત્રો વાંચ્યાં હતાં તે બધાં ઊગી

નીકળ્યાં. સન્માર્ગે વળાય તેવું કરવું. જ્ઞાનીપુરુષની આજ્ઞા છે તેમાં વર્તાય તેટલો લાભ છે. પુણ્યનો ઉદય હોય ત્યારે સારો વિચાર સૂઝે. સત્પુરુષ વગર આત્મા સમજાય કે મળે એવો નથી. આત્મા પાસે જ છે, પણ સત્પુરુષ વિના મળે એવો નથી. જાણે અજાણે પણ જીવને લાભ થાય છે. પ્રભુશ્રીજી કહેતા કે આ રાયણનો જીવ ભવ્ય છે, એનું કલ્યાણ થવાનું છે. સત્પુરુષ એની નીચે બેસે તો એની છાયા સત્પુરુષ ઉપર પડે, તેથી તેને પુણ્ય બંધાય. એમ કરતાં કરતાં જીવ મનુષ્યભવ પામે છે; એટલે જાણે અજાણે પણ જીવને લાભ થાય છે, સંસ્કાર પડે છે.

(બપોરના) ૧૯ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ વદ ૨, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—મન દૃઢ કરીને આટલા (સાત વ્યસન ત્યાગના) વ્રતમાં દૃઢ રહેવું તો મોક્ષમાર્ગ ખુલ્લો થાય એવો છે.

મુમુક્ષુ—ચારિત્ર વગર મોક્ષ થાય?

પૂજ્યશ્રી—આત્માની સ્થિરતા તે ચારિત્ર છે. આત્માની સ્થિરતા વગર મોક્ષ થાય નહીં. અત્યારે ચારિત્ર તે કપડાં બદલવાનું કરે છે, તે ચારિત્ર નહીં પણ આત્માની સ્થિરતા તે ચારિત્ર છે.

'કેવલી સમુદ્‌ઘાત' સંબંધી કહે છે. પહેલાં આત્માના પ્રદેશોને લોકના છેલ્લા ભાગ સુધી દંડાકારે કરે છે. એ દંડાકાર ઔદારિક શરીરથી ત્રણ ગણો જાડો હોય છે, પછી કપાટરૂપે પ્રદેશો થાય છે. ત્યારપછી ચારે બાજુ લોકમાં પ્રદેશો પ્રસરે છે. એ બધી ક્રિયા આઠ સમયમાં થાય છે. એમ કરવાથી બાકીના બધાં કર્મો એક સરખા થાય છે. આત્માના અસંખ્યાત પ્રદેશ છે. ભલે કીડી હોય કે હાથી, સર્વને અસંખ્યાત પ્રદેશ છે અને અસંખ્યાત પ્રદેશથી જ જીવ કામ કરે છે. આખા દેહમાં પ્રદેશો વ્યાપ્ત છે. સમુદ્‌ઘાત આઠ સમયમાં પૂરો થાય છે. અ ઇ ઉ ઋ લૃ બોલે એટલા સમયમાં ચૌદમું ગુણસ્થાન પૂરું થઈ જાય. અહીં આઠે કર્મ પૂરાં થાય. તેના બીજા સમયમાં સિદ્ધશિલામાં પહોંચે, પછી સિદ્ધ ભગવાનનું ત્યાં નામ નથી. જેને ક્ષમા, વૈરાગ્ય, વિરક્તિ હોય તેનો મોક્ષ થાય. "ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે." (૮-૩)

બધા ગુણો સિદ્ધ ભગવાનમાં પ્રગટ છે. મોક્ષના સુખનું વર્ણન કરી શકાય એવું નથી. મુનિએ મુનિના આચાર પ્રમાણે વર્તવા યોગ્ય છે અને ગૃહસ્થે ગૃહસ્થના આચાર પ્રમાણે વર્તવા યોગ્ય છે. ગૃહસ્થ મલિન રહે એ યોગ્ય નથી. મુનિએ તો સર્વ સાવદ્યનો ત્યાગ કર્યો છે તેથી તેઓ સ્નાન કરતા નથી.

*

(સાંજના—સભામાં, 'સમયસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—મિથ્યાત્વભાવ છે તે ચેતનરૂપ છે. કષાયના પરમાણુઓ ઉદય થાય તે અજીવ છે અને જીવના કષાય ભાવ તે જીવરૂપ છે.

*

(સાંજના–ઉપર)

[1]સહજમાં કર્મ બંધાઈ જાય પણ લાંબા કાળ સુધી ભોગવવાં પડે છે. રુક્મિણીએ મોરનીને સોળ પહોર સુધી ઇંડાઓનો વિયોગ કરાવ્યો તેથી એને પ્રદ્યુમ્ન નામના પુત્રનો સોળ વર્ષ સુધી વિયોગ રહ્યો.

(સવારના–સભામાં) ૨૦ શ્રીમદ્ રા. આ. અગાસ, જેઠ વદ ૬, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–જીવને સત્સંગની જરૂર છે. કોઈ જીવને મરવાની ઇચ્છા નથી. આપણે કોઈ જીવને મારીએ તો તે વેર બાંધી મરી જાય તેથી આગલા ભવમાં વેર લે.

વ્યસનમાં ચિત્ત ચોંટે તો ભક્તિ ન થાય. માટે જ્ઞાનીપુરુષે આ સાત વ્યસનના ત્યાગની વાડ કરી છે. એ વાડ તોડી નાંખે તો ભક્તિને બગાડી નાંખે. કાળ દુષમ નથી, પણ પરમાર્થને પામે એવા પુણ્યવાળા જીવો નથી; તેથી કાળને પણ દુષમ એવું કલંક લાગ્યું છે.

મુમુક્ષુ–આયુષ્યકર્મ છે તે તૂટે?

પૂજ્યશ્રી–તૂટે એવું આયુષ્ય બાંધ્યું હોય તો તૂટી જાય. કોઈને અશાતાવેદનીનો ઉદય આવ્યો હોય અને તે કૂવામાં પડી મરી જાય તો તેથી કંઈ વેદનીકર્મ તેને પરભવમાં ન ભોગવવું પડે એમ નથી. આયુષ્ય કર્મ પૂરું થઈ જાય છે, પણ બાકી જે કર્મ છે તે પરભવમાં ભોગવવાં પડે છે. પ્રારબ્ધને જીવ પુરુષાર્થ કરે તો ફેરવી નાંખે છે.

મુમુક્ષુ–ફેરવી નાંખે છે? ભોગવવાં ન પડે?

પૂજ્યશ્રી–પોતે જ બાંધ્યાં છે અને પોતે જ પુરુષાર્થ કરે તો ફેરવી નાંખે, ક્ષય કરી નાંખે. જો એમ ન થતું હોય તો પછી કોઈનો મોક્ષ પણ થાય નહીં. પૂર્વે પુરુષાર્થ કર્યો તેના પ્રારબ્ધરૂપ આ મનુષ્યભવ મળ્યો છે.

**"બહુ પુણ્યકેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો,**
**તોયે અરે! ભવચક્રનો, આંટો નહીં એક્કે ટળ્યો."**

ત્યાં પુરુષાર્થની ખામી આવી. મનુષ્યભવ મળ્યો પણ ભવ ઓછા થયા નથી.

મુમુક્ષુ–પુણ્યને લીધે મનુષ્યભવ મળ્યો, તો હવે આ જીવ ધર્મ કેમ નથી કરતો? પૂર્વભવમાં પુણ્ય કર્યું હતું તેથી મનુષ્યભવ મળ્યો છે, આ વાત ભૂલી કેમ ગયો છે?

પૂજ્યશ્રી–મનુષ્યભવ મળ્યો પણ તેમાં પાછો સત્સંગ, સત્પુરુષનો યોગ મેળવવો જોઈએ તો કામ થાય એવું છે. બધા મનુષ્યભવવાળા મોક્ષે જશે એમ નથી. પુરુષાર્થ કરશે તે જશે. મોહ છોડવા માટે એ બધો ઉપદેશ છે. જીવ મોહમાં ચોંટ્યો છે તેને છોડાવવા માટે છે.

(સવારના) ૨૧ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ વદ ૭, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–બધા તીર્થંકરો ક્ષત્રિયો જ હોય છે. ક્ષત્રિયનાં ગુણો હોય તેને જ ક્ષત્રિય કહેવાય.

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૩૮૬

૨૨ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ વદ ૮, ૨૦૦૯

પૂજ્યશ્રી—અનાદિકાળથી સિદ્ધ એટલે નિર્મળ આત્મા કોઈ નથી. કર્મોનો ક્ષય કરે ત્યારે સિદ્ધ થાય.

(સવારના—સભામાં) ૨૩ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ વદ ૯, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—મોક્ષનું સુખ ઇંદ્રિયોથી અતિક્રાંત છે, ઉપમારહિત છે. કર્મના ઉદયે જે સુખ થાય તે કૃત્રિમ કહેવાય છે, તે નહીં પણ સ્વાભાવિક અને કદી નાશ ન થાય એવું પારમાર્થિક સુખ એટલે ખરું સુખ, તેનું નામ મોક્ષ છે. પછી કંઈ કરવાનું ન રહે. ચૈતન્યમય આત્મા છે તેનું ધ્યાન કરવું. ગૃહસ્થાવસ્થા હોય છતાં નિર્ગ્રંથ દશા રહે તો ઘણી નિર્જરા થાય. ગૃહસ્થાવસ્થામાં વૈરાગ્ય રહેવો મુશ્કેલ છે. સંસાર અનંત કુસંગરૂપ છે. ગૃહસ્થાવસ્થામાં બધા શ્રાવકો જ હોય એમ નથી. પુરુષાર્થ કરે તો શ્રાવકનાં વ્રતો સુધી આવી શકે. ગૃહસ્થાવસ્થામાં ડાહ્યો થવા જાય તો પકડાય. પોપટ મીઠું બોલવા જાય છે તેથી પાંજરામાં પુરાય છે. મોટા થવા ન જવું નહીં તો ઉપાધિ વધે. પછી લોકો એને પૂછવા આવે અને કહે કે તમે તો ડાહ્યા છો. શાંતિસાગર (દિગંબર) મુનિના ચરિત્રમાં આવે છે કે સુમેરુચંદ્ર દિવાકર શાંતિસાગરને પૂછે છે કે તમે મોટા ચારિત્ર ચક્રવર્તી કહેવાઓ છો, માટે તમારું જીવનચરિત્ર મારે લખવું છે; તો તમારા જીવન પ્રસંગો મને કહો. શાંતિસાગર મુનિ કહે છે કે શું કહું? હું તો બધા સાધુઓમાં અધમાધમ છું; મારું જીવન લખીને તમે શું કરશો?

ઉપનિષત્ એટલે ગુરુ પાસે જઈને બેસવું.

બધું સ્વપ્ના જેવું છે. દિવસે દિવસે ભાવ બદલાય છે. એમાંથી આત્માને બચાવવાનો છે. આંખ, કાન વગેરે બધી ઇંદ્રિયો ચંચળ છે. એ ક્યારે બગડશે તેની ખબર નથી, માટે દેહ ન છૂટે ત્યાં સુધીમાં આત્માનું કામ કરી લેવું. આત્મા નિત્ય છે. જીવ નાશવંત વસ્તુઓ માટે માથાકૂટ કરે છે અને નાશ પામે એવી જગતની વસ્તુઓ છે. આવી જગતની ભૂલવણીમાંથી છૂટીને 'આત્મા છે, નિત્ય છે, કર્ત્તા છે, ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે.' આ છપદની શ્રદ્ધા કરી લેવી. રોજ સૂતી વખતે સંભારવું કે આપણે શું કરવા આવ્યા છીએ? શું કર્યું છે? જો નિત્યનિયમ ન કર્યો હોય તો કરી લેવો, પછી સૂવું. પ્રમાદ ન કરવો. આત્માનું કામ કોઈ કરી આપે એમ નથી, પોતે કરશે ત્યારે થશે.

**"જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ"** (હા.નોં.૧-૧૪)

મનુષ્યભવ હશે ત્યાં સુધી આત્માનું કામ થશે. આત્માને માટે જ જીવવું છે. એ જ ભાવના રાખવાની છે. પછી જેટલું બને તેટલું કરવું. વખત મળે ત્યારે વાંચીએ, વિચારીએ, મોઢે કરીએ. 'આત્મસિદ્ધિ', 'છ પદ', અપૂર્વ અવસર બધું મોઢે કરવાનું છે. મૂળમાર્ગમાં જ્ઞાન શાને કહ્યું છે?

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ,**
**એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ."**

હું દેહથી ભિન્ન છું એવું સદ્ગુરુ દ્વારા જાણે તે જ્ઞાન છે. 'શ્રીમદ્ રાજચંદ્ર' (વચનામૃત) ગ્રંથનું

વાંચન પરમશાંતિ આપે એવું છે. બીજા કશામાં ચિત્ત ન જાય એવું છે. મનુષ્યભવ મળ્યો છે તે ફાંફાં મારવામાં ન જાય. કીર્તિ, સગાવહાલાં એમ બધામાં મનુષ્યભવ લુંટાય છે. એ બધું મૂકીને–

**"શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?"**

દેહને માટે કશું કરવાની જરૂર નથી. એ તો વગર કહે કર્યા જ કરે છે. મારી શી દશા થશે? એનો વિચાર આવતો નથી. આજે સવારથી સાંજ સુધીમાં શું વિચાર કર્યો? એ વિચારનારા બહુ જ થોડા હોય છે. સાધુ હોય તોય એવા વિચાર કરનારા બહુ જ થોડા હોય છે. બાહ્ય વસ્તુઓમાં રાચે છે, બીજાને રચાવે છે. પરિણતિ સુધારવી એ જ ધર્મ છે. મનુષ્યભવ મળ્યો છે; તેમાં વાંચી શકે, સમજી શકે, કંઈ પુરુષાર્થ કરી શકે એવું છે. તેમાં પુરુષાર્થ ન કરે તો થઈ રહ્યું, નિષ્ફળ ગયો. દેહને માટે ચિંતા ફિકરના વિચાર કરે છે.

**"દોડ દવા કરવા કરું, ઢીલ ધર્મમાં થાય,**
**મહા મોહ મુઝવે મને, સ્વામી! કરો સહાય."** (સ્વદોષ દર્શન ગાથા-૩૦)

એમ રત્નાકર સૂરિએ કહ્યું છે.

જીવને અવળી બુદ્ધિ હોય ત્યાં સુધી અવળી દોડ છે, તે પલટાવી આત્મા સુખી થાય તેમ કરવું. શાંતિ થાય તેમ કરવું. એમ થાય તો એનાં સાધનો શોધે. જો મનુષ્યભવમાં ન કર્યું તો પછી લક્ષચોરાસીમાં ભટકતાં ફરી મનુષ્યભવ મળવો બહુ દુર્લભ છે. બીજા ભવમાં કંઈ ન થઈ શકે. જ્યાં ઊભો છે ત્યાંથી જીવ આગળ ચાલતો નથી. જ્યાં છીએ ત્યાંથી આગળ વધવાનું છે. આ ભવમાં આપણે પાછળ પડ્યા કે આગળ વધ્યા, એનો સરવાળો કાઢતો નથી. કરવાનું પડ્યું રહે છે, નહીં કરવા યોગ્યમાં કાળ જાય છે. પહેલાંથી જાગ્યો હોય તો મરણ વખતે મારે કરવાનું હતું તે કર્યું એમ થાય; તેથી પશ્ચાત્તાપ ન થાય, સંતોષ થાય. પ્રમાદ છે તે આખો ભવ લૂંટે છે. આળસ અને પ્રમાદ વેરી છે. ધર્મના કામમાં નિરુત્સાહ તેને પ્રમાદ કહ્યો છે. જે કરવાનું છે તે ન કરે, તે ગાંડપણ છે.

**"ચેતન જો નિજભાનમાં, કર્તા આપ સ્વભાવ;**
**વર્તે નહિ નિજ ભાનમાં, કર્તા કર્મ-પ્રભાવ."**

પોતાના ભાનમાં ન હોય ત્યારે જીવ પરનો કર્તા છે. કોઈ કહે કે આત્મા નથી, તેથી કંઈ આત્મા મટી જાય એમ નથી. જીવ ધર્મમાં ઢીલ કરે છે. જો શરીર થોડું માંદું થયું હોય તો તરત દવા કરવા જાય, ડૉક્ટરોને બોલાવે; પણ ધર્મમાં જીવ ઢીલ કરે છે.

(બપોરના–ઉપર) ૨૪ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ વદ ૧૦, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–ભગવાનનાં વચનો છે તે કોઈ મોઢે બોલે અને કોઈ પૂર્વનો સંસ્કારી હોય તેને લાગે કે આ ઉપદેશ કરે છે, તે પોતે જાણતો નથી. એનાથી માર્ગ કોઈ બીજો હોવો જોઈએ, એમ વિચાર થાય તેથી પૂર્વ સંસ્કાર જાગૃત થાય, તેથી સમ્યક્દર્શન થાય છે. કૃપાળુદેવે લખ્યું છે કે અભવ્યના તાર્યા તરે, એમ કહી શકાતું નથી. પણ એ ભગવાનના વચનોનો ઉપદેશ કરે તેથી સામા જીવને

પૂર્વ સંસ્કાર જાગૃત થાય અને તેથી તરે છે. એક મત એમ માને છે કે અભવ્યના તાર્યા તરે, પણ એમ થતું નથી. જો એમ હોય તો પછી પુસ્તકથી પણ તરાય.

જ્ઞાનીપુરુષના ઉપદેશ વગર કલ્યાણ થતું નથી. કોઈ મહાપુણ્ય હોય ત્યારે જ્ઞાનીપુરુષની આજ્ઞા મળે છે. મળે તો એ સારી ન લાગે. એનું કલ્યાણ થવાનું હોય ત્યારે નિમિત્ત મળી આવે છે, પણ ત્યાં જાગૃત ન થાય તો કલ્યાણ થાય નહીં. ઘણી વખત જીવને ઊભરા આવે છે કે ચાલો સાધુ થઈ જઈએ. એથી કંઈ કલ્યાણ થાય નહીં. ઘણા આપઘાત કરી નાંખે છે. કંકાસ કરીને ઘેરથી નાસી સાધુ થઈ જાય છે, પણ ત્યાં જઈને કરે શું? ત્યાં પણ ડંડે ડંડે લડે. સત્સંગે જીવના કષાય મંદ થાય છે. મંદ કષાયમાં કલ્યાણની ભાવના જાગે છે. જે આપણી સાથે આવે તે કામનું છે. આ જગત બધું નાટક જેવું છે. કોઈ જ્ઞાનીપુરુષની આજ્ઞા આરાધે તો કલ્યાણ થાય. મુશ્કેલી વેઠીને પણ આજ્ઞા આરાધે તો મનુષ્યભવ સફળ થાય. અવળી સમજણ હોય ત્યાં સુધી અવળું સૂઝે. મોજ-શોખમાં જીવ પડી જાય તો બધું ભૂલી જાય. [૧]મિથ્યાત્વને લઈને સ્ત્રીવેદ કર્મ બંધાય છે.

(સવારના—સભામાં) ૨૫ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ વદ ૧૧, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—મનની પ્રવૃત્તિ તે ભાવકર્મ છે.

*

(બપોરના—ઉપર)

મુમુક્ષુ—આપણે પાઠ વગેરે મોટેથી બોલતા હોઈએ અને કોઈને અડચણ પડતી હોય તો?

પૂજ્યશ્રી—કોઈ કહે છે કે મને અડચણ પડે છે?

મુમુક્ષુ—કહેતા તો નથી.

પૂજ્યશ્રી—ધીમેથી બોલવાની ટેવ પાડવી. આપણે મોટા અવાજથી બોલતા હોઈએ અને કોઈ બીજો પણ પાઠ બોલતો હોય તો તેને તેનામાં ભંગ પડે છે, ભૂલી જવાય. માટે ધીમેથી બોલવું એ સારું છે. ધીમેથી બોલવાની ટેવ પાડવી. પ્રભુશ્રીજીના વખતમાં એક જણ સવારમાં વહેલો ઊઠીને ભજનિયાં ગાય. પ્રભુશ્રીજીએ બોલાવીને કહ્યું કે તારે ગાવું હોય તો જા, બહાર ચરામાં જઈને ગા. રાત્રે તો ઉતાવળે બોલવાની શાસ્ત્રમાં પણ ના કહી છે. કારણ કે રાત્રે ઉતાવળે બોલવાથી ઘરોળી, ઘુવડ, બિલાડી વગેરે હિંસક પ્રાણીઓ જાગી જાય, તેથી હિંસા કરે. મનમાં બોલવાની ટેવ પાડવી એ સારી છે. હાલ શરૂઆતમાં ન બને તો ધીમે ધીમે ટેવ પાડવી. અહીં બોલીએ તે ઠેઠ ચરામાં સંભળાય એટલું મોટેથી ન બોલીએ. મોટા અવાજે બોલવાથી શક્તિનો વ્યય થાય છે.

(સવારના—ઉપર) ૨૬ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ વદ ૧૩, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—કશું વિચારવાનું રાખે છે?

મુમુક્ષુ—ના જી.

---

૧. સમ્યક્ત્વીને સ્ત્રીવેદ કર્મ ન બંધાય.

પૂજ્યશ્રી–દિવસમાં ગમે તે ટાઈમમાં ગમે તે પદ, પત્ર કે પાઠનો વિચાર કરવો. આપણે આમાં શું કરવા જેવું છે? એમ વિચારવું. ઊંડા ઊતરવાની જરૂર છે. ઊંડા ઊતરવા માટે વિચારની જરૂર છે. વિચારથી ઊંડા ઊતરતાં શિખાય છે. વિચાર ન કરે અને એકલું શીખ શીખ કરે તો ઊંડું ન ઊતરાય.

મુમુક્ષુ–પહેલાં આપ નાસિક હતા તે વખતે રોજ એક પત્ર વિચારવાનું રાખ્યું હતું, પણ પછી વિચારવા જતાં વિકલ્પો બહુ આવતા, તેથી બંધ રાખ્યું હતું.

પૂજ્યશ્રી–વિચારતો વિચારતો બીજા વિકલ્પોમાં ચઢી જતો?

મુમુક્ષુ–હાજી.

પૂજ્યશ્રી–વિકલ્પો આવે ત્યારે લખવાનું રાખવું તો તેમાં મન રોકાય, કેમકે લખવામાં બરાબર ધ્યાન રાખવું પડે છે. દિવસમાં પા-અર્ધો કલાક વિચારવા માટે કાઢવો. જે વસ્તુ પાકી મોઢે થઈ ગઈ હોય, ભુલાય નહીં એવી થઈ હોય, તેનો વિચાર કરવાનું રાખવું. 'આત્મસિદ્ધિ', છ પદ કે 'મોક્ષમાળા'માંથી રોજ એકાદ પાઠ વિચારવાનું રાખવું. વધુ ન બને તો કંઈ નહીં. જેટલો વિચારવાનો ટાઈમ રાખ્યો હોય તેટલા સુધીમાં જેટલું વિચારાય તેટલું વિચારવું. સવારમાં ત્રણ વાગે ઊઠીને શું કરે છે?

મુમુક્ષુ–મોક્ષમાળા, પત્રો, યોગવાસિષ્ઠ, દશવૈકાલિક વગેરે શીખેલું ફેરવું છું.

પૂજ્યશ્રી–શીખવાનું ક્યારે રાખ્યું છે?

મુમુક્ષુ–બપોરે ખાધા પછી.

પૂજ્યશ્રી–'તત્ત્વાર્થસૂત્ર' વાંચવા યોગ્ય છે. 'તત્ત્વાર્થસાર' પછી 'તત્ત્વાર્થસૂત્ર' વાંચવા જેવું છે. ટીકા સહિત વાંચવું. નહીં તો સૂત્રો બધાં સંક્ષેપમાં છે, તેથી સમજાય નહીં. 'તત્ત્વાર્થસૂત્ર' ઉપર ઘણી ટીકાઓ લખાયેલી છે. 'શ્લોકવાર્તિક' ટીકા બહુ લાંબી છે. એમાં ન્યાયનો બહુ વિસ્તાર કર્યો છે. પૂજ્યપાદસ્વામીની 'સર્વાર્થસિદ્ધિ' નામની ટીકા સારી છે. તે વાંચવા જેવી છે. 'તત્ત્વાર્થસૂત્ર'ના સૂત્રો સંક્ષેપમાં છે. તે એમ ને એમ એટલે ટીકા વગર સમજાય નહીં. મોઢે કરવાં હોય તો થાય.

*

(સવારના–સભામાં)

પૂજ્યશ્રી–દેહ જૂઠો જ છે. જેસીંગભાઈ કહેતા હતા કે જૂઠાભાઈએ છેવટે પોતાને જે લાભ થયેલો તે જણાવવા, રાત્રે તેઓએ કહ્યું કે મારે લાડવો ખાવો છે. પાસે રહેનારાઓએ કહ્યું કે હજુ રાત છે. થોડી વાર થઈ ને ફરી કહ્યું કે મારે લાડવો ખાવો છે. કોઈ લાડવો લેવા નહીં ગયેલો, છતાં પાસે રહેનારાઓએ કહ્યું કે બજારમાં લેવા મોકલ્યો છે. જૂઠાભાઈએ કહ્યું–ક્યાં મોકલ્યા છે? આ મારી પાસે જ બેઠા છે. અને કહ્યું કે લાડવા બજારમાંથી ન લાવો, પણ આ પાડોશમાં ઘર છે તેમને ત્યાં શીકામાં કોઈને ત્યાંથી આવેલા પડ્યા છે, તે લઈ આવો. પછી તે લઈ આવ્યો. ત્યારે

જૂઠાભાઈએ કહ્યું કે મારે નથી ખાવા. વેદના વેદવાની જૂઠાભાઈમાં અદ્‌ભુત શક્તિ હતી, પણ તે વખતે બીજાને સમજાવું મુશ્કેલ છે. એમનું જે કહેવું હતું તે કોણ સમજી શકે? પાડોશીના ઘરમાં શીકામાંના લાડવાની એમને ક્યાંથી ખબર પડી હશે? નિર્મળતા થવાથી અવધિજ્ઞાન થઈ શકે છે.

ભગવાનનાં વચનો વાંચે, વિચારે, મુખપાઠ કરે તે ભક્તિ છે. કૃપાળુદેવે કહ્યું છે કે ધર્મની વાતો કરી સ્વાર્થ સાધવો એવું અમે કરતા નથી. પ્રારબ્ધવશાત્ દેહ ગાળવો છે, એમ એમની ઇચ્છા છે. કોઈ પણ પ્રકારે મુક્તભાવ થાય તો મોક્ષ થાય.

*

(બપોરના—ઉપર)

મુમુક્ષુ—ક્ષુલ્લક એટલે શું?

પૂજ્યશ્રી—ઘરબાર બધું છોડીને એક લંગોટી અને એક ટૂંકું વસ્ત્ર રાખી મુનિની સાથે રહે તે ક્ષુલ્લક છે.

મુમુક્ષુ—ક્ષુલ્લક અને એલકમાં શું ફેર છે?

પૂજ્યશ્રી—ક્ષુલ્લક છે તે લંગોટી રાખે છે અને માથા પર ઓઢે તો પગ ઉઘાડા રહે એવું એક ટૂંકું વસ્ત્ર રાખે છે. અને એલક છે તે એક લંગોટી જ રાખે છે.

મુમુક્ષુ—મુનિ અને એલકમાં એટલો જ ફેર છે? બસ!

પૂજ્યશ્રી—એટલો ફેર છે તે પણ બહુ છે. નગ્ન વિચરવું સહેલું નથી. લંગોટી છોડી દે તો મનમાં કેવા ભાવ છે તેની બધી ખબર પડે. બહુ મુશ્કેલ છે.

મિથ્યાત્વ એ મોટો રોગ છે. એના જેવો કોઈ રોગ નથી, એના જેવો કોઈ શત્રુ નથી. એ જો હોય તો દુર્ગતિમાં લઈ જાય. મિથ્યાત્વ બે પ્રકારનાં છે. એક અગૃહિત મિથ્યાત્વ અને બીજું ગૃહિત મિથ્યાત્વ. અનાદિકાળથી દેહને આત્મા માને છે, તે 'અગૃહિત મિથ્યાત્વ' છે અને આ ભવમાં જે કુદેવ, કુધર્મ અને કુગુરુને માને છે તે 'ગૃહિત' એટલે આ ભવમાં ગ્રહણ કરેલું ગૃહિત મિથ્યાત્વ છે. મિથ્યાત્વરૂપી વાદળાંથી સમ્યક્‌દર્શનરૂપ સૂર્ય ઢંકાઈ ગયો છે. મિથ્યાત્વરૂપી અંધકાર વ્યાપ્ત થયો છે; તેથી અવધિજ્ઞાની, મનઃપર્યયજ્ઞાની, કેવળજ્ઞાની જોવામાં આવતા નથી.

વિકલ્પો દૂર કરવા સ્મરણ ઉત્તમ સાધન છે. વિકલ્પો આવે ત્યારે સ્મરણની ધુન લગાવવી. વિકલ્પોમાં તણાઈ ન જવું. હઠ કરીને સ્મરણમાં મનને લગાડવું. જગતના બધા ભાવો ભૂલી જઈને સ્મરણની ધુન લગાવવી.

મુમુક્ષુ—લૌકિકભાવના શાથી દૂર થાય?

પૂજ્યશ્રી—વીશ દોહરાનો અભ્યાસ કરે તો બધી લૌકિકભાવના દૂર થઈ જાય.

**''અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય''**

તો પછી શું રહે? વીશ દોહરામાં શું છે તે જીવને સમજાયુંયે નથી. સત્સંગ હોય નહીં અને કુસંગ મળે ત્યાં કંઈ ઠેકાણું ન પડે. તેવા વખતમાં પુસ્તકનો પરિચય કરવો. સદાચાર અને સત્સંગની જરૂર છે.

*

(સાંજના–સભામાં, 'સમયસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–ઉપાદાન કારણ બળવાન હોય તો ગમે તેવું નિમિત્ત હોય તો પણ તેને અવગણી શકે છે. મુનિને જ્યારે ઉપસર્ગ આવે છે ત્યારે ક્રોધનું નિમિત્ત છે, છતાં મુનિ ક્રોધ કરતા નથી. મૂળસ્થિતિ બતાવવા માટે આ 'સમયસાર' છે. પહેલાં તો જેમ છે તેમ જાણે, પછી મેલ દૂર કરવા ઉપાય કરે તો મેલ જાય.

(બપોરના–ઉપર) ૨૭ શ્રીમદ્ રા.આ.અગાસ, જેઠ વદ ૧૪, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–જે મુખપાઠ કરીએ તે અર્થ સાથે કરવું.

જુદાં જુદાં દર્શનો થવાનું કારણ ઓઘ નજર છે.

**''દર્શન જે થયાં જુજુઆ, તે ઓઘ નજરને ફેરે રે''** (પહેલી દૃષ્ટિ)

*

(સાંજના–સભામાં, 'સમયસાર'ના વાંચન પ્રસંગે)

મુમુક્ષુ–અજ્ઞાનદશામાં ધર્મ કરે તે બધું અજ્ઞાન જ?

પૂજ્યશ્રી–બધું અજ્ઞાન. લોઢા ઉપર ભાત પાડે તોય લોઢું જ ને! કંઈ સોનું ન થાય.

મુમુક્ષુ–અજ્ઞાન છે તેથી બધું અજ્ઞાન જ થાય? એ શાથી મટે?

પૂજ્યશ્રી–જ્ઞાનીથી મટે. કૃપાળુદેવે લખ્યું છે કે ''આત્માને ઓળખવો હોય તો આત્માના પરિચયી થવું.'' પછી સમ્યક્દર્શન થાય ત્યારે બધું સવળું. સમ્યક્દર્શન થયે બધુ પાંસરું છે.

કોઈ બધાં સૂત્રો વાંચીને અભિમાન કરે છે કે અમે તો બધા સૂત્રો વાંચી લીધા છે, બીજા તો વાંચતાય નથી એમ અભિમાન કરે છે.

મુમુક્ષુ–બધાં શાસ્ત્રો વાંચતાં એમને જ્ઞાન ન થાય?

પૂજ્યશ્રી–કેવી રીતે થાય? એમ હોય તો પુસ્તક પણ જ્ઞાનવાળું થઈ જાય! આખી લાયબ્રેરી જ્ઞાનવાળી થઈ જાય. સમ્યક્દર્શન વગર જ્ઞાન અજ્ઞાનરૂપ કહેવાય. ચારિત્ર પણ કુચારિત્ર કહેવાય. મિથ્યાજ્ઞાન, મિથ્યાદર્શન, મિથ્યાચારિત્ર અજ્ઞાનદશામાં અનુભવાય છે.

(બપોરના–ઉપર) ૨૮ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ સુદ ૧, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–કરવાનું છે આત્માના હિત માટે. પ્રભુશ્રીજી કહેતા કે જે કંઈ કરવું તે આત્માર્થે.

આત્માને ભૂલ્યો તો બધું નકામું જાય. લોકોને દેખાડવા કરે તે કંઈ કામનું નથી. પ્રભુશ્રીજી કહેતા કે આત્મા જુઓ, બેટ્ટો હોય તે બીજું જુએ. આત્માને ન ભૂલવો. પ્રભુશ્રીજી દૃષ્ટાંત આપતા કે દૂધ આખરે ત્યારે મેળવણ નાંખે છે, તો દહીં થાય; નહીં તો દૂધ બગડી જાય. તેમ જે કંઈ કરવું તેમાં 'આત્માર્થે કરવું છે' એ મેળવણ નાંખવું, તો કામ બગડે નહીં.

જયકુમારને જાતિસ્મરણજ્ઞાન જ્યારે થયું ત્યારે લાગ્યું કે જીવે કેટલાય ભવોમાં દુઃખ ભોગવ્યાં છે! જીવ ક્યારે દેહમાંથી નીકળી જશે તેની ખબર નથી.

"છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ"

લાંબું આયુષ્ય હોય તો વધારે દુઃખ આવે. કેદખાનામાં રહેવું વધારે સારું લાગતું નથી. વૈરાગ્ય હોય તેને દેહમાં રહેવું ગમતું નથી. જેને વૈરાગ્ય નથી તેને દેહમાં રહેવું સારું લાગે છે. મિથ્યાત્વ હોય ત્યાં સુધી બંધનાં કારણોનું વધારે આશ્ચર્ય લાગે છે. મિથ્યાત્વ કહો કે વિપરીતતા કહો કે અવળી સમજણ કહો, એક જ છે. જેને સાચી સમજણ છે તેને બંધનાં બધાં કારણો દુઃખરૂપ લાગે છે. સમ્યક્જ્ઞાન, સમતા આવે તો મોક્ષ ક્યાં દૂર છે! પરિગ્રહ ભૂત જેવો છે.

અપ્રમત્ત અનુભવદશામાં આત્મા એવો છે કે તેવો છે, એવા વિકલ્પો હોય નહીં. અનુભવદશામાં કંઈ લખાય નહીં, બોલાય નહીં. કૃપાળુદેવે લખ્યું છે કે અમે દેહધારી છીએ કે કેમ તે પણ સંભારીએ ત્યારે માંડ ખબર પડે છે, પણ જ્યારે તેઓ એમ લખતા હતા ત્યારે એવું હોય એમ નથી. અનુભવ દશામાં કંઈ કલ્પના કે વિકલ્પો નથી. જગતમાં જ્યાં જાઓ ત્યાં દુઃખ. એમાંથી પાછા હઠી જ્ઞાનીનું કહેલું કરવું છે. જ્યાં સુધી મનુષ્યભવ છે ત્યાં સુધી ધર્મ કરી લેવો.

આખું જગત પાગલ જેવું છે. પાગલ જેમ આવે તેમ બોલે છે. કોઈ વખતે લૂગડાં ફાડી નાંખે છે, કોઈ વખતે બડબડ કરવા લાગી જાય છે. તેમ જગતમાં પણ કોઈ લૂગડાં ફાડીને વેચે છે, કોઈ બોલે છે, કોઈ ચાલે છે એમ બધું પાગલ જેવું છે. 'મારું' માને તેથી મન ચંચળ થાય છે. 'મારું' ન માન્યું હોય તો પછી મન ક્યાં જાય? જેમ કોઈ પોપટ વહાણના થાંભલા ઉપર બેઠો હોય અને વહાણ સમુદ્રમાં ચાલે. પછી પોપટ ઊડીને જાય ક્યાં? ફરી ફરીને ત્યાં જ પાછો આવીને બેસે, તેમ બીજું બધું છોડી દીધું હોય તો મન આત્મામાં જ જાય, બીજે ક્યાં જાય? પુદ્ગલમાં જીવ મમતા કરે છે.

મુમુક્ષુ—પુદ્ગલ વગર ચાલે કેમ?

પૂજ્યશ્રી—સિદ્ધ ભગવાનને પુદ્ગલ છે? આ તો કર્મને લઈને એવું થયું છે કે આંખ હોય તો દેખાય, કાન હોય તો સંભળાય. આવરણ ખસે તો જીવ તો અનંતજ્ઞાનવાળો છે. પછી અહીં દેખાય અને અહીં ન દેખાય એવું કંઈ નથી.

(બપોરના—ઉપર) **૨૯** શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ સુદ ૨, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—બીજી બધી ઉત્સર્પિણી-અવસર્પિણી કાળમાં બધા તીર્થંકરો સમ્મેતશિખર ઉપરથી મોક્ષે જાય છે એમ કહેવાય છે, પણ આ હુંડા-અવસર્પિણી કાળ હોવાથી ચાર તીર્થંકરો બીજા

ક્ષેત્રોથી મોક્ષે ગયા છે; નહીં તો સામાન્ય નિયમ એવો છે કે બધા તીર્થંકરો અયોધ્યામાં જન્મે અને સમ્મેતશિખર ઉપરથી મોક્ષે જાય એમ કહેવાય છે. ઋષભદેવને મહાદેવ પણ કહેવાય છે, શિવ છે, એમ પણ કહેવાય છે. શિવરાત્રીને દિવસે એમનો મોક્ષ થયેલો છે. શિવનું સ્થાન કૈલાસને કહે છે. તેમ ઋષભદેવનું પણ કૈલાસ (અષ્ટાપદ) પર્વત ઉપર નિર્વાણ થયું છે. અતિશય એ પુણ્યનું ફળ છે. જ્યાં તીર્થંકરનું પવિત્ર શરીર [1]વિખરી જાય તે ઉત્કૃષ્ટ સ્થાન છે. ભરતને જે ભવનમાં કેવળજ્ઞાન થયું હતું તે જ ભવનમાં ઘણા રાજાઓને કેવળજ્ઞાન થયું. પુદ્‌ગલોમાં પણ એવા ફેરફારો હોય છે. મેરુ પર્વત પવિત્ર મનાય છે ત્યાં તીર્થંકરોના જન્માભિષેક થાય છે. એવું આ સમ્મેતશિખર પણ ભગવાનનું નિર્વાણ થવાથી પવિત્ર મનાય છે.

**"સાધુને સિદ્ધદશા સમું, બીજનું ચિત્ત પ્રવર્ત્તે રે"**

સાધુ હોય તેને સિદ્ધદશાનું લક્ષ હોય છે. મન પવિત્ર ન થયું તો પછી તીર્થે જાઓ કે બીજે જાઓ, કંઈ નહીં. ફરી આવ્યા એટલું જ. કૃપાળુદેવે "મહાવીરના બોધને પાત્ર કોણ?" (૧૦૫) તેમાં લખ્યું છે કે "તીર્થાદિ પ્રવાસનો ઉછરંગી."

(બપોરના–ઉપર) ૩૦ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ સુદ ૩, સં.૨૦૦૯
('ચારિત્ર ચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–વાસનાને લીધે જીવ મોક્ષમાર્ગથી પડી જાય છે. વાસનાને વશ કરે તો હિતકારી છે, નહીં તો એને નરકે લઈ જાય. વિષયોને વશ કરવા જે મુનિ થયા છે તેમની પરીક્ષા કરવાને વિષયી જીવ યોગ્ય નથી. હિંસા કરતો હોય તે ગમે તેવો નિઃસ્પૃહી રહેતો હોય, પણ તે નકામો છે. ગૃહસ્થધર્મમાં સંકલ્પી હિંસાનો ત્યાગ હોય છે. સાતિશય પુણ્ય એટલે પુણ્યાનુબંધી પુણ્ય. જે પુણ્યથી પાપ ન બંધાય તે સાતિશય એટલે અતિશય પુણ્ય છે.

*

(સાંજના–સભામાં)

પૂજ્યશ્રી–આત્મા કે જ્ઞાન-દર્શન એક જ છે. વ્યવહારનયમાં આખું જગત ડૂબેલું છે. અનાદિકાળથી જીવ વ્યવહારમાં પડ્યો છે તેને છોડાવવા નિશ્ચયનયને કહે છે. વસ્તુને ઓળખવા માટે નયો છે.

(બપોરના–ઉપર) ૩૧ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ સુદ ૪, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–વિષયને વશ થવું એ નરક જેવું છે. નરક કરતાં ભયંકર છે. જેને મોક્ષે જવું છે તે સંસારમાં ક્યાં માથાં મારે? જે ભોગ ભોગવનારા છે તે મુનિઓને સમજતા નથી. આખો લોક બળતો જ છે. જ્વાળામુખી પર્વત ઉપર બધા બેઠા છે. આખો લોક ત્રિવિધ તાપથી આકુળવ્યાકુળ છે.

---

૧. નિર્વાણ થાય.

જડવાદને યમાલય કહેવા જેવું છે. ક્ષમા, દયા, શાંતિ રાખે; ત્યાં લડાઈ, બોંબ કંઈ જરૂરનાં નથી. પૈસા એકઠા કરીને જીવને ભોગ જોઈએ છે પણ એ તો મોટી વિકૃતિ છે. જન્મમરણનું કારણ વાસના છે. વાસના ક્ષય થાય તેનો મોક્ષ થાય છે. મુનિઓ પરપદાર્થોનો ત્યાગ કરે છે અને પરપદાર્થનો જે મોહ છે તે દૂર કરવા તપ કરે છે. મુનિ થઈ ગયા એટલે કંઈ ન કરે એમ નથી. વાસના ઘટે તેટલો મહાત્મા થાય. વાસના ઓછી કરવી હોય તેને દોડાદોડ કરવાની કંઈ જરૂર નથી.

કૃપાળુદેવ જ્યારે દુકાનનું કામ કરી એકલા શાંત બેસતા ત્યારે લોકો કહેતા કે નકામા બેઠા છે. સંચાનું પૈડું જ્યારે વધારે જોશથી ચાલે ત્યારે પૈડું ચાલતું નથી એમ દેખાય છે, તેમ આત્મામાં પુરુષાર્થ વિશેષ થતો હોય ત્યારે લોકોને જડ જેવું દેખાય છે. અંતઃકરણમાં પુરુષાર્થ બહુ હોય છે પણ બહારથી આંખો મીંચેલી દેખાય; જાણે કંઈ પુરુષાર્થ કરતા નથી એમ દેખાય છે, નકામા બેઠા દેખાય છે. ઘાંચીનો બળદ જેમ આખો દિવસ ફર ફર કરે છે, તેમ જેને પૈસા જોઈતા હોય તે ઘાંચીના બળદની પેઠે રાત્રિદિવસ ફર ફર કરે છે. કૃપાળુદેવે લખ્યું છે કે ઘાંચીનો બળદ જેમ ગોળ ગોળ ફરે છે, આંખે પાટા બાંધે છે, સાંકડા માર્ગમાં ચાલે છે, ભૂખ્યા-તરસ્યાનું, થાક્યાનું કોઈને કહેવાય નહીં, તેમ સંસારમાં જીવ ફરે છે. એવાં દુઃખો જીવે સહન કર્યાં છે. ઘણું પાપ કર્યું હોય ત્યારે એવું થાય છે. કોઈએ વિશેષ પુણ્ય કર્યું હોય તે રાજાને ઘેર બળદરૂપે જન્મે છે, જેથી તેની સેવા માણસો કરે છે.

*

(સાંજના—સભામાં)

વૈરાગ્ય એ મોક્ષે લઈ જનાર ભોમિયો છે. આટલા વર્ષ ભોગ ભોગવ્યાં તો પણ તૃપ્તિ થઈ નથી. આશાનો ખાડો પુરાય એવો નથી. જ્યાં રાગ છે ત્યાં દ્વેષ છે. જો બુદ્ધિમાંથી વિપર્યાસપણું મટી જાય તો બુદ્ધિ સીધી થાય તેથી વૈરાગ્ય ઉપશમ થાય છે. આત્મા જ પરમાનંદરૂપ છે એવો નિશ્ચય કરવો. તે જ પુરુષાર્થ છે. 'કર્મે શૂરા તે ધર્મે શૂરા' છોડવા બેઠા ત્યારે બધું છોડ્યું. વિભાવ છે તે સ્વભાવ નથી અને સ્વભાવ છે તે વિભાવ નથી. અહંભાવ, મમત્વભાવ જ્યાં સુધી છે; ત્યાં સુધી ખરેખર જાણતો નથી.

(સાંજના—સભામાં) ૩૨ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ સુદ ૫, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—સમ્યગ્દર્શન થયા પછી ધર્મમાં શૂરવીર થવાય. ગૌતમસ્વામીને પહેલી અવસ્થામાં પાંચસો શિષ્યો હતા. પછી ગૌતમસ્વામી પલટાઈને ગણધર થઈ ગયા. જ્યારે ઉપદેશ સાંભળવા મળે છે ત્યારે વિશેષ વિશેષ દૃઢતા થાય છે. પુણ્ય હો કે પાપ હો, બન્ને બંધ જ છે. શુભ હોય તોય વિભાવ છે અને અશુભ હોય તોય વિભાવ છે. બન્નેનું કારણ એક જ છે. બન્નેથી મોક્ષ નથી. પુણ્યથી મોક્ષ નથી. પુણ્ય પાપ બેયની હોળી કરવાની છે. ભગવાને દેશનામાં કહ્યું હતું કે તમે મુનિ થયા છો, હવે વ્યવહાર અને નિશ્ચયમાર્ગને આરાધો.

(બપોરના– ઉપર) ૩૩ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ સુદ ૬, ૨૦૦૯

પૂજ્યશ્રી–શાસ્ત્ર પ્રમાણે જેનું જીવન છે તેની પાસે શાસ્ત્ર સમજે તો સમજાય. પોતાની યોગ્યતા વિના શાસ્ત્ર વાંચે તો સમજાય નહીં. યોગ્યતા આવવા વિવેકની જરૂર છે. એ વિવેક સદ્ગુરુથી આવે છે.

*

(સાંજના–સભામાં)

પૂજ્યશ્રી–પુણ્ય થાય ત્યાંય વિભાવ અને પાપ થાય ત્યાં પણ વિભાવ હોય છે. પુણ્ય, પાપ બન્ને સંસારનો આશ્રય કરે છે. એથી મોક્ષ થાય નહીં.

**"વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;**
**તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ."**

શુભાશુભ કર્મમાં અનંતકાળ ગયો. એને છેદતાં મોક્ષ થાય છે. પુણ્ય ઉપાદેય છે એમ જીવોને લાગે છે, તે મિથ્યાત્વને છોડાવવા માટે કહે છે. એ ઉપાદેય નથી. ઉપાદેય તો મોક્ષ છે. જે નિશ્ચય કારણ થાય તેને જ નિશ્ચયનય કારણ કહે છે. પુણ્યથી જીવને સત્પુરુષનો યોગ મળે, ઉપદેશ મળે, મનુષ્યભવ મળે, સારું સંહનન મળે, એ બધું પુણ્યથી થાય છે. એ પુણ્ય મોક્ષનું કારણ થાય છે. મનુષ્યભવ હોય તો મોક્ષ થાય એમ કહ્યું, પણ બધા મનુષ્યોનો મોક્ષ થતો નથી; તેથી એ નિશ્ચય કારણ નથી. નિશ્ચયનયની માન્યતા કરવાની છે. નિશ્ચયનયમાં જે પરંપરાએ કારણ થાય તે કારણ ગણાતું નથી. સમભાવ એ આત્માનું ઘર છે. જ્ઞાનમાં કર્મ બંધાતાં નથી. તેથી જ્ઞાન એ શરણ છે. આત્મા જાણે છે તે વખતે જ પરિણમે છે. જાણવાનું અને પરિણમવાનું એક જ છે, બન્ને જુદા નથી. આત્મજ્ઞાની, સદ્ગુરુ, જ્ઞાની કે મુનિ એ બધા એક જ છે. તીવ્રજ્ઞાન હોય ત્યાં અનન્ય દશા છે. આત્માર્થે તપ કરું છું એમ લક્ષ હોય તો આત્માર્થનું કારણ થાય અને આત્માર્થ ભૂલી જાય તો માનમાં તણાઈ જાય.

મુમુક્ષુ–એટલું એટલું તપ કરે છે તો દેહાધ્યાસ તો છૂટ્યો ને?

પૂજ્યશ્રી–એવું કશું જ નથી. દેહાધ્યાસ છોડવા માટે કરે તો દેહાધ્યાસ છૂટે. આ હું છોડું છું, તેના કરતાં મને વિશેષ સુખ મળશે એમ જાણીને અજ્ઞાની તપ કરે છે. ઘણા સાધુઓ થઈને સમાજની સેવા કરવા લાગી જાય છે. લોકોને સારું દેખાડવા કરે છે. જે કરવાનું છે તે પડ્યું રહે છે. સાધુ થયા પછી હવે બસ! આપણે જે કરવાનું હતું તે થઈ ગયું. હવે શું કરવું રહ્યું છે? એમ થઈ જાય છે. પરિણામ કેવાં વર્તે છે તે લક્ષ રાખવો. સૂક્ષ્મ દૃષ્ટિ રાખવી. મારી દૃષ્ટિ શુદ્ધમાં છે કે અશુદ્ધમાં? એવો જીવને લક્ષે આવતો નથી.

(સવારના–સભામાં) ૩૪ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ સુદ ૭, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–કૃપાળુદેવે લખ્યું છે કે–

**"ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર,**
**અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર."** (૯૫૪)

મોહના વિકલ્પો શાંત થાય ત્યારે જીવ પોતાના સ્વરૂપે થાય છે. આત્માની વિચારણા ગમે ત્યાંથી કરવાની છે. કૃપાળુદેવને ગાંધીજીએ લખ્યું કે રામ, કૃષ્ણ એ ભગવાનના અંશ છે? એના ઉત્તરમાં કૃપાળુદેવે લખ્યું કે એ ભગવાનના અંશ છે એમ મારી બુદ્ધિ નથી. ભગવાનના કોઈ અંશ નથી.

સત્ એટલે અસ્તિત્વ. અસ્તિત્વવાળા પદાર્થ જડ કે ચેતન, સત્ કહેવાય. અત્યારે જીવ આનંદસ્વરૂપ નથી. જ્યારે આનંદસ્વરૂપ થશે ત્યારે તે ખરું સ્વરૂપ છે. એક જ છે, બીજું કશું છે નહીં; એવું કર્યા વિના વિકલ્પો જાય નહીં. વિશિષ્ટાદ્વૈત અને શુદ્ધાદ્વૈત એમ વેદાંતમાં બે ભેદ છે. વિશિષ્ટાદ્વૈતમાં ભક્તિ છે અને શુદ્ધાદ્વૈતમાં કંઈ ન મળે. વલ્લભાચાર્ય વિશિષ્ટાદ્વૈતમાં હતા અને શંકરાચાર્ય શુદ્ધાદ્વૈતમાં હતા.

જીવ જ્યાં સુધી મોહના વિકલ્પવાળો છે ત્યાં સુધી વિષમ છે. પરમાત્મા એથી રહિત છે.

મુમુક્ષુ—સમ્યક્દર્શન થયા પછી દર્શનપરિષહ હોય છે?

પૂજ્યશ્રી—સમ્યક્દર્શન થયા પહેલાં હોય છે.

*

(બપોરના—ઉપર)

સમ્યક્દર્શન સહિત મુનિ હોય, તપ સહિત હોય, તે લૌકાંતિક દેવ થાય છે. લૌકાંતિક દેવ એટલે એકાવતારી. એક ભવ કરીને મોક્ષે જવાના છે, એટલા એમના કષાય મંદ હોય છે.

*

(સાંજના—સભામાં, 'સમયસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—પુણ્ય એ મોક્ષનું કારણ નથી.

મુમુક્ષુ—પુણ્ય જ્યારે હેયરૂપ છે, કામનું નથી, છોડવાનું છે, તો પછી વચમાં પુણ્ય કરવાનું કહી લલચાવ્યાં કેમ?

પૂજ્યશ્રી—પરંપરાએ સાધનરૂપ થાય છે તેથી કોઈ પ્રકારે ઉપાદેય પણ છે. પુણ્યથી એને મનુષ્યભવ મળે, સદ્ગુરુનો યોગ થાય, સારું સંહનન મળે; પણ પાછો એમાં જ ખળી ન રહે તે માટે કહે છે કે પુણ્યનો વિશ્વાસ ન રાખશો. આખું જગત ભ્રમાય છે તે દૂર કરવા સાચી વસ્તુ કહે છે. જેને મુનિપણું આવ્યું છે, તે પણ પુણ્ય બાંધવાનું કરે તો તેમને કહે છે કે હવે મોક્ષને માટે પ્રયત્ન કરો. ''સાધુને સિદ્ધદશા સમું, બીજનું ચિત્ત પ્રવર્ત્તે રે'' સાધુ થયા પછી પુણ્ય બાંધ બાંધ કરે છે, તેમને આ ઉપદેશ કર્યો. વ્રતોથી પુણ્ય બંધાય છે, માટે વ્રત વગેરે મૂકી દેવાં એમ નથી કહેવું.

**''ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;**
**અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજભાન.''**

ત્યાગ-વૈરાગ્યમાં અટકી રહે તો આગળ ન વધાય. જે કંઈ કરવું તે આત્માર્થે. બીજાને બતાવવા ન કરવું.

(સવારના–સભામાં) ૩૫ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ સુદ ૮, ૨૦૦૯

કેટલાક જીવો જ્ઞાનને ઉપાધિ કહે છે, નિર્ગુણ મોક્ષ કહે છે પણ એવું નથી. સત્સંગમાં આનંદ છે. ઘડીકમાં કંઈ અને ઘડીકમાં કંઈ, ભાવ ફરતાં વાર લાગતી નથી. કેશીસ્વામીએ પરદેશી રાજાને જડ જેવો કહ્યો, તેથી કંઈ જડ ન હતો. સ્યાદ્વાદ સમજવો બહુ મુશ્કેલ છે.

ક્ષણવારમાં સમકિત જતું રહે. જતાં વાર ન લાગે. સમ્યગ્દર્શન થાય ત્યારે જ વસ્તુ પ્રાપ્ત થાય છે. સમ્યગ્દર્શન થયું તેને કેવળજ્ઞાન થાય છે; કેવળજ્ઞાન, મોક્ષ બધું થાય.

*

(સાંજના–સભામાં, 'સમયસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–આયુષ્યકર્મ એ જ યમરાજ છે.

જ્ઞાન કહો કે આત્મા કહો, એ એક જ છે. જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર આત્મા જ છે. મોક્ષનાં કારણોનો નિષેધ નથી. સંસારનાં બધાં કારણોનો નિષેધ છે. જેને મોક્ષે જવું છે, તેને તો નિમિત્તો વગેરે બધું ભૂલી જવાનું છે. આત્મા જ મોક્ષનું કારણ છે. આત્માને જ જ્ઞાન કહ્યું છે.

(સભામાં–સાંજના) ૩૬ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ સુદ ૯, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–બારમા અંગના એક ભાગમાં ચૌદ પૂર્વ છે. આ અગિયાર અંગની એક ચૂલિકારૂપ છે.

મુમુક્ષુ–ભગવાનની સભામાં વાદી અને પ્રતિવાદીની સંખ્યા કહી છે. તો વાદી પ્રતિવાદીમાં શો ફેર છે?

પૂજ્યશ્રી–કોઈ કહે કે ભગવાન ખોટા છે, આવા છે, તેવા છે, તો તેનાથી વાદ કરે તે વાદી મુનિઓ છે અને જે ઉત્તર આપનાર છે તે પ્રતિવાદી છે. ભગવાન પાસે કંઈ વાદ-વિવાદ થતો નથી. ત્યાં આવતાં જ જીવોના કષાયોની શાંતિ થઈ જાય છે. કોઈને પૂછવું હોય તોય કોઈક જ પૂછી શકે છે. ગૌતમસ્વામીને માનસ્તંભ જોતાં જ કષાય શાંત થઈ ગયા.

મુમુક્ષુ–ભગવાનના સમવસરણમાં સર્પ અને નોળિયા જેવા પ્રાણીઓ વેર વિરોધ ભૂલીને ભગવાનની પાસે દેશના સાંભળે છે, તો સમવસરણથી બહાર આવ્યા પછી તે જીવોને વેર પાછું જાગતું હશે કે નહીં?

પૂજ્યશ્રી–ભગવાન પાસે હોય ત્યાં સુધી કષાય શાંત રહે છે. ત્યાંથી બહાર આવતાં એકબીજાને મારી પણ નાંખે. જેમ સગડીની પાસે બેઠા હોઈએ ત્યાં સુધી ટાઢ નથી લાગતી અને ત્યાંથી ખસી ગયા પછી ટાઢ લાગે છે, તેવું આ છે.

જેમ જેમ ઊંચા દેવલોકમાં જાય તેમ તેમ શરીર નાનું થતું જાય. એક રજ્જુપ્રમાણ લોકનાડી (ત્રસનાડી) છે. એટલામાં જ ત્રસ જીવો છે.

અજ્ઞાન એ મિથ્યાત્વ છે. રાગ, દ્વેષ, અજ્ઞાન કહો કે રાગ, દ્વેષ, મોહ કહો એ એક જ છે.

(બપોરના—ઉપર) ૩૭ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ સુદ ૧૦, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—ઇચ્છા એ જ દુઃખ છે. રાગદ્વેષ ન થવા દેવાં એ જ ખરો પુરુષાર્થ છે. ઇચ્છા થાય ત્યારે દુઃખ થાય છે.

(બપોરના—ઉપર) ૩૮ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ સુદ ૧૧, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—ભક્તિ કરે અને એમ ઇચ્છે કે મને ધન મળો, નોકરી મળો, પુત્ર મળો. એવી ઇચ્છા ન કરવી. વીતરાગ ભગવાન પાસે આવવું શા માટે? વીતરાગતા માટે. જન્મમરણ ઘટે એ માટે ભગવાન પાસે જવાનું છે. ભગવાન પાસે માગે તેથી કંઈ મળે નહીં, પુણ્ય હોય તો મળે. ભગવાન પાસે જઈને માગવું એ અલૌકિક મિથ્યાત્વ છે. વીતરાગદેવ અલૌકિક છે. તેમની પાસે માગે તેથી મિથ્યાત્વ દૃઢ થાય છે. ભગવાન પાસે જઈને માગવું એ તીવ્ર લોભ છે, તેથી પાપ બંધાય છે. ભગવાન તો વીતરાગ છે. મહાવીરજી તીર્થક્ષેત્ર છે. ત્યાં લોકો જાય છે અને બાધા રાખે છે કે મારે પુત્ર થશે તો હું છત્ર ચઢાવીશ, ધન મળશે તો અમુક ચઢાવીશ. એને બદલે વીતરાગતાની માગણી કરવી. રોગ આવે કે ધન ન મળે ત્યારે લોકો અંતરાયકર્મની પૂજા ભણાવે છે, એથી મિથ્યાત્વ દૃઢ થાય છે. (પછી પોતે જ પ્રશ્ન પૂછ્યો.) ભગવાન પાસે સ્ત્રી, પુત્ર વગેરે ન માગવાં એમ કહ્યું તો એમાં આપણે શું શીખવા જેવું આવ્યું?

મુમુક્ષુ—એવું આપણે ન માગવું.

પૂજ્યશ્રી—એને બદલે વીતરાગતાની માગણી કરવી. ટોડરમલજી લખે છે કે જગતમાં મા બાપ કહેવાય છે, પણ હું આત્મા છું. દેહ અને આત્મા થઈને આ હું થયો છું. પુદ્ગલની જાતિ જુદી છે અને આત્માની જાતિ જુદી છે, એ બે વસ્તુ મળીને મનુષ્ય પર્યાય થયો. માતાના ગર્ભથી પર્યાપ્તિ પૂર્ણ થતાં જન્મ્યો, પછી કાળ વ્યતીત થયો. ફલાણા ગામનો એમ કહેવાઉં છું; પણ હું તો આત્મા છું, હું એક છું, અનાદિકાળનો છું અને કદી મરવાનો નથી. કર્મના ઉદયે રાગદ્વેષ થાય છે તે દુઃખ આપનાર છે. રાગદ્વેષ થાય છે તે ન થાય તો મોક્ષ થાય. પાણીમાં કમળ રહેતાં છતાં પાણીને સ્પર્શ કરતું નથી તેમ આત્મા દેહમાં રહે છે.

જ્ઞાન-ધ્યાનરૂપ ધનમાં જે લીન છે તેમને માન મૂકીને નમસ્કાર કરું છું. માન, દાન, ધન એ બધાથી મુનિ રહિત છે. મુનિને દાન, ધન કંઈ નથી હોતું, તેવા મુનિને નમસ્કાર કરું છું, એમ ટૉડરમલજી કહે છે. ટૉડરમલજી જયપુરના વતની હતા. એમના ઉપર રાજા વિશેષ પ્રસન્ન હતા પણ બ્રાહ્મણોથી તે સહન ન થઈ શક્યું. બ્રાહ્મણોએ શિવલિંગ તોડીને વાતો કરતાં ટૉડરમલજીના ગજવામાં નાંખી દીધું. પછી બ્રાહ્મણોએ રાજાને જઈને કહ્યું કે ટૉડરમલ છે તે શિવની અવગણના કરે છે. મહાદેવને કંઈ ગણતો નથી. શિવલિંગ તોડીને ગજવામાં રાખે છે. રાજાએ ટૉડરમલજીને રાજ્ય દરબારમાં બોલાવીને કહ્યું કે તમે શિવની અવગણના કરો છો? ટૉડરમલજીએ કહ્યું, ના. રાજાએ કહ્યું—તમે શિવલિંગને ગજવામાં રાખો છો? ટૉડરમલજીને ગજવામાં શિવલિંગ છે એની ખબર નહીં; પણ તપાસ કરી તો ગજવામાંથી નીકળ્યું. તેથી રાજાએ એમને હાથીના પગ નીચે

કચરાવી મારી નંખાવ્યા. બધા શ્રાવકોને પણ કેદમાં પૂર્યા હતા. રાજમલ પંડિત એમના સાથીદાર હતા. તેરાપંથનો અર્થ તો એવો છે કે હે ભગવાન્! તમારો પંથ છે, તેને બદલે એકડે ત્રગડે તેર (૧૩) થઈ ગયા. પછી વીશ પંથ થયા. સાત વધારે ઉમેરાયા.

**"ગચ્છમતની જે કલ્પના, તે નહિ સદ્વ્યવહાર,**
**ભાન નહીં નિજરૂપનું, તે નિશ્ચય નહિ સાર."**

*

(સાંજના–સભામાં)

પૂજ્યશ્રી–સમ્યગ્દર્શન દર્શનમોહ જવાથી થાય, તેથી સમજણ અવળી હોય તે ફરે છે. અને દર્શનાવરણીય કર્મ દૂર થવાથી પદાર્થનું જે સામાન્ય સ્વરૂપ છે તે ભાસે છે. અહીં દર્શન એટલે દેખવું થાય છે અને સમ્યક્દર્શન એટલે સાચી માન્યતા એવો અર્થ છે. કર્મની પ્રકૃતિઓ અનેક પ્રકારની છે, તેમ ભાવ પણ અનંત પ્રકારના થાય છે, તેથી નવાં કર્મ બંધાય છે. મિથ્યાત્વ એ જ સંસારનું મૂળ છે. સમ્યક્દર્શન થાય ત્યારે મિથ્યાત્વ જાય જ. મિથ્યાત્વ ગયા પછી જ સમ્યક્દર્શન થાય છે. દર્શનમોહ ગયા પછી રાગદ્વેષ ક્ષીણ થાય છે.

**"દર્શનમોહ વ્યતીત થઈ, ઊપજ્યો બોધ જે, દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;**
**તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે, વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો."**

(સવારના–ઉપર) ૩૯ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ સુદ ૧૨, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–દૃષ્ટિ ઉપર બધો આધાર છે.

મુમુક્ષુ–વિચાર નથી આવતો.

પૂજ્યશ્રી–વિચાર ન આવે તો વારંવાર 'હું દેહાદિ સ્વરૂપ નથી, હું દેહાદિ સ્વરૂપ નથી' એમ ગોખ ગોખ કરવું. એની મેળે આવશે.

*

(સાંજના–સભામાં)

પૂજ્યશ્રી–અનંતકાળથી જીવ ભટક ભટક કરે છે.

(સવારના–સભામાં) ૪૦ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ સુદ ૧૩, સં.૨૦૦૯

આજ્ઞાએ વર્તવું એ જ મોક્ષ છે. આજ્ઞાએ વર્તે તો મોક્ષ થાય જ. ચૈતન્યપણું એ ઉપયોગ છે. જ્ઞાનદર્શન બન્નેને ભેગું કહેવું હોય તો ચૈતન્યપણું કહેવાય. જ્યારે વિશેષ ભેદ પાડે ત્યારે જ્ઞાન જુદું અને દર્શન જુદું. ઉપયોગ કહો કે ચૈતન્યપણું કહો એ જ એક આત્માનું લક્ષણ છે. લક્ષણ એટલે જેથી વસ્તુ ઓળખાય. અસ્તિત્વપણું છે તે તો જડમાં પણ હોય છે, પણ ચૈતન્યપણું તો આત્મામાં જ છે.

મુમુક્ષુ—સત્પુરુષના ચરણનું ધ્યાન કરવું એટલે શું?

પૂજ્યશ્રી—ચરણના અર્થ અનેક છે. સામાન્ય રીતે તો સત્પુરુષના ચરણનું ધ્યાન કરવું એટલે તેમના ચરણના દર્શન કર્યાં હોય તે ન ભૂલે. એ પ્રેમ ઉપરથી સામાન્ય અર્થ છે. પછી ચરણનો અર્થ ચારિત્ર છે. સત્પુરુષની આજ્ઞા એ પણ ચરણ છે. સત્પુરુષના સમીપે રહેવું એ પણ ચરણ છે. કોઈ પણ વચન સત્પુરુષ પાસેથી મળ્યું તો તેમાં જ ચિત્ત રાખવું તે સત્પુરુષના ચરણનું ધ્યાન છે.

*

(સાંજના—સભામાં)

પૂજ્યશ્રી—અત્યારે ક્ષયોપશમભાવે જ્ઞાન છે, ક્ષાયિકજ્ઞાન નથી. કેવળજ્ઞાન થાય ત્યારે ક્ષાયિકજ્ઞાન કહેવાય છે. તીવ્રજ્ઞાન છે તેને ક્ષાયિકજ્ઞાન કહેવાય છે. સમ્યક્દર્શન થાય ત્યારથી જ એને મોક્ષની ઇચ્છા થાય છે. ગૌતમસ્વામીને કહ્યું કે 'समयं गोयम मा पमाए' સમય માત્રનો પ્રમાદ કરવાની ના કહી. શ્રેણીમાં પણ બંધ થાય છે, ત્યાં અબુદ્ધિપૂર્વક રાગ-ભાવ થયા કરે છે તે કેવળી જાણે છે. સમ્યક્દૃષ્ટિ એટલો બધો પુરુષાર્થ કરે છે તો આપણે તો કેટલી ભયંકર સ્થિતિમાં ઊભા છીએ તે વિચારવાનું છે.

(સાંજના —ઉપર) ૪૧ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ સુદ ૧૪, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—પહેલાં શિષ્યો ભણી રહેતા ત્યારે સ્નાન કરાવી તેમની પૂજા કરવામાં આવતી. એને સ્નાતક કહેવાય છે, પણ જૈનમાં તો કેવળજ્ઞાન થાય ત્યારે સ્નાતક કહેવાય છે.

(બપોરના) ૪૨ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ વદ ૧, સં.૨૦૦૯

(એક મુમુક્ષુએ પૂછાવેલ પ્રશ્નના ઉત્તરમાં પૂજ્યશ્રીએ લખવા જણાવ્યું હતું તેની નોંધ)

પૂજ્યશ્રી—જેમ તમને પહેલાં મરણનો ભય રહેતો હતો કે અમુક વર્ષ પછી મારું મરણ છે, એવો ભય હમણાં પણ રાખવાનો છે. મરણ કંઈ જતું રહ્યું નથી, અમર થઈ ગયા છીએ એવું કંઈ નથી. મરણનો વિચાર કરવાથી વૈરાગ્ય વધે છે, તેથી ભક્તિમાં રસ પડે છે. આડાઅવળી છોકરાં-છૈયામાં મન જાય ત્યારે વિચારવું કે કાલે સવારે ઊઠીને મરી જવાનું છે. સાથે શું આવશે? એમ વિચારે તો વૈરાગ્ય વધે. સમયે સમયે મરણનો વિચાર કરવો. હમણાં તો ભક્તિ થાય એવું છે. આગળ થાય કે ન પણ થાય. માંદો પડે ત્યારે જીભ બંધ થઈ જાય, હાથ-પગ ચાલે નહીં, ત્યારે ક્યાંથી ભક્તિ થાય? ઘડપણ સમયે સમયે આવે છે, માટે હવેથી કરી લેવું, ભાતું છે; નહીં તો પછી ભાવ હોય તો પણ થાય નહીં. ઊલટું આર્ત્તધ્યાન થાય. વૈરાગ્ય વધે એવું કરવાનું છે, તો પછી વૃદ્ધાવસ્થામાં કામ આવશે. વૈરાગ્ય થાય તો દુઃખને પણ ન ગણે, કારણ કે મરણ આવવાનું છે, તો પછી મરણ કરતાં મામૂલી દુઃખની ગણતરી ન થાય. બધા ભેગા થઈને ભક્તિ કરવી. ભક્તિ કર્યા પછી કંઈક વાંચવાનું રાખવું. બૈરાંને વાંચતાં ન આવડતું હોય તો રોજ 'મોક્ષમાળા' કે કોઈ પત્ર નિયમાનુસાર વાંચવો, તેથી તેઓ સાંભળે. છોકરાં-છૈયામાં વૃત્તિ રાખવાની નથી. કોઈ સાથે

આવવાનું નથી. હમણાં તો વખત મળે છે. હમણાં જો નહીં થાય તો પછી કામ હોય, વ્યાધિ, પીડા આવે ત્યારે ક્યાંથી થાય? ભક્તિ કરવા માટે જીવ્યો છું, એમ રાખવું. એવો અવસર ક્યાંથી મળે? જેમ તમને મરણનો ભય હતો તેથી વધારે ભય રાખવાનો છે. ભક્તિ માટે જ જિવાયું છે એમ રાખવું. પ્રમાદ કરવા જેવું નથી.

પૂજ્યશ્રી (એક વિદ્યાર્થીને ઉદ્દેશીને)–એકલા બેસીને વાંચીએ, વિચારીએ, શીખીએ. જે કંઈ શીખીએ છીએ તે બધા આત્મા ઉપર સંસ્કાર પડે છે. વૈરાગ્ય વધે એવું કરવાનું છે, નહીં તો વૃદ્ધાવસ્થામાં આર્ત્તધ્યાન થાય. હમણાં એવું કંઈ થયું હોય તો આગળ ઉપર ભાથાનું કામ કરે. સારું થયું, કૉલેજમાં હોત તો આમ તેમ ભટકત અને બધો વખત જતો રહેત.

*

(સાંજના–સભામાં)

પૂજ્યશ્રી–દુઃખનાં કારણોને સુખનાં કારણો માને છે. દુઃખ હોય અને માને સુખ. હોય દુઃખી અને માને કે હું સુખી છું. એ બધો મોહનો જ પ્રભાવ છે. કર્મ હોય ત્યાં સુધી સુખ ક્યાંથી હોય? મોહ હોય ત્યાં સુધી ઉદાસીનતા રહે નહીં.

સમ્યગ્દૃષ્ટિને વ્યવહારથી એમ કહેવાય છે કે એમને કર્મ બંધાતાં નથી. સાતમા ગુણસ્થાનકમાં પરમાત્મસ્વરૂપમાં લીનતા હોય છે, પણ ત્યાં વધારે વાર ટકી શકાતું નથી. સ્થૂળ ભાવની આપણને ખબર પડે છે.

(બપોરના) ૪૩ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ વદ ૨, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–અહીં આવે તો સત્સંગ, ભક્તિ થાય; સાંભળવાનું મળે. રાત્રે પાણી પીવાનું ઓછું કરી નાંખે તો લાભ ઘણો થાય. એમ કરતાં કરતાં પાણી રાત્રે ન પીવું તો વિશેષ લાભ છે. રાતે પાણી પીવું તે લોહી પીએ એવું છે. આપણને ચાલે એવું હોય તો રાત્રે પાણી પીવું નહીં. દિવસે રોજ 'આત્મસિદ્ધિ' બોલવી. 'આત્મસિદ્ધિ' રોજ વિચારાય તો આ દેહમાં આત્મા રહ્યો છે તે સમજાય.

'નવકારમંત્ર' અને 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' એ એક જ છે. નવકારમાં પહેલું 'णमो अरिहंताणं' એમ આવે છે. અરિહંત છે તે સહજાત્મસ્વરૂપ છે. પછી 'णमो सिद्धाणं', સિદ્ધ છે તે પણ સહજાત્મસ્વરૂપ છે. 'णमो आयरिआणं', આચાર્ય છે તે પણ સહજાત્મસ્વરૂપ છે. 'णमो उवज्झायाणं', ઉપાધ્યાય છે તે પણ સહજાત્મસ્વરૂપ છે. 'णमो लोए सव्वसाहूणं', સાધુ છે તે પણ સહજાત્મસ્વરૂપ છે. આ બધામાં પૂજવા યોગ્ય વસ્તુ 'સહજાત્મસ્વરૂપ' છે અને પાંચે પરમેષ્ઠી પરમગુરુ છે. કૃપાળુદેવે આપણને ટૂંકામાં 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' માં બધું કહી દીધું છે.

મુમુક્ષુભાઈ–ધ્યાનમાં શું કરવું?

પૂજ્યશ્રી–"ઔષધ વિચાર ધ્યાન" એમ કહ્યું છે. 'આત્મસિદ્ધિ'માં 'છ પદ' છે તેનો વિચાર

કરવો. 'આત્મા' છે, 'નિત્ય' છે, 'કર્ત્તા' છે, 'ભોક્તા' છે, 'મોક્ષ' છે, 'મોક્ષનો ઉપાય' છે, એ છ પદને વિચારી છઠ્ઠા પદમાં પ્રવર્તવાનું છે. જેટલો આપણાથી બને તેટલો પુરુષાર્થ કરવો, પછી બને નહીં. 'છ પદ'નો પત્ર બોલતાં વિચારવું કે પ્રથમ પદ આત્મા છે એમ કહ્યું, તો મને આ દેહથી આત્મા ભિન્ન લાગે છે કે નહીં? એમ દરેક પદને વિચારવું, એ ધ્યાન છે. વિચારધ્યાન થયા પછી નિર્વિકલ્પધ્યાન થાય છે; નહીં તો ધ્યાન ન થાય, કલ્પના થાય.

*

(સાંજના—સભામાં)

પૂજ્યશ્રી—કર્મના ઉદયમાં તણાઈ જાય તો સમકિત હોય તેય જતું રહે. નિયાણું બાંધે તો સમકિત જતું રહે.

(બપોરના) ૪૪ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ વદ ૩, સં.૨૦૦૯

મુમુક્ષુ— **"વૃથા જન્મી મોહે વધું, વૃથા રિપુ અહંકાર;**
**મિથ્યા ભય મુજ મન વસે, તે કારણ સંસાર."** (લઘુયોગવાસિષ્ઠ)

આનો અર્થ સમજાવો.

પૂજ્યશ્રી—રામ કહે છે, નકામો જન્મ્યો, નકામો મોટો થાઉં છું. અહંકારરૂપી શત્રુ છે તે નકામો છે. ભય છે તે પણ મિથ્યા છે, પણ એ મારામાં વસવાથી સંસાર થયો છે.

મુમુક્ષુ— **"બાળ દીર્ઘ અભ્યાસને, તજે રમકડે જેમ;**
**વિષયે તજે સુકાર્ય મન, દીર્ઘ કાળનું તેમ."** (લઘુયોગવાસિષ્ઠ)

પૂજ્યશ્રી—ઘણા વખતથી કોઈ બાળક વાંચતો હોય પણ કોઈ રમકડું આપે તો અભ્યાસ કરવાનું મૂકી દે છે; તેમ લાંબા કાળનું સારું કાર્ય હોય તો પણ વિષયને લઈને છોડી દે છે.

મુમુક્ષુ— **"અનુભવથી આ હું કહું, તૃષ્ણા કરતી અંધ;**
**ધીર ડરે આનંદી પણ, ઉદાસ ફરે અફંદ."** (લઘુયોગવાસિષ્ઠ)

પૂજ્યશ્રી—રામ કહે છે કે મને અનુભવ થયો છે કે તૃષ્ણા છે તે અંધ કરનાર છે. તૃષ્ણા આવે તો કંઈ સૂઝે નહીં. મોટા ધીરપુરુષો તે પણ તૃષ્ણાથી ડરે, આનંદી હોય તે પણ તૃષ્ણાથી ઉદાસ થઈ જાય છે. અફંદ એટલે નિરંકુશ થઈ ફરે છે.

('ચારિત્ર ચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—નર, તિર્યંચ, દેવ અને નરક એ ચારે ગતિમાં સમકિત થઈ શકે છે. એક તો ભવ્ય હોય, જેને મન પ્રાપ્ત થયું હોય, જેને વિશુદ્ધિલબ્ધિ એટલે સારા કામ કરવામાં ઉત્સાહ, તે પ્રાપ્ત થઈ હોય; ઊંઘમાં કે સ્વપ્નામાં સમકિત ન થાય તેથી જાગૃત હોય. જેને પર્યાપ્તિ પૂરી થઈ હોય અને જેને અર્ધપુદ્ગલપરાવર્તન સંસાર બાકી રહ્યો હોય એટલી યોગ્યતા હોય ત્યારે તે જીવને સમકિત પ્રાપ્ત થાય છે. મરીચિને ઋષભદેવ ભગવાન પાસે હોવા છતાં સમ્યક્ત્વ ન થયું, કારણકે એને હજુ

સંસાર ઘણો બાકી હતો અને જ્યારે સંસારનો અંત નિકટ આવ્યો ત્યારે સિંહના ભવમાં પણ સમકિત પામ્યા.

દિગંબર એમ માને છે કે ક્ષયોપશમ અને ઉપશમ સમકિત અસંખ્યવાર આવે છે. જીવે અનંતવાર દેશવ્રત લીધાં છે એટલે અનંતવાર શ્રાવક થયો છે. પણ ભાવલિંગી થયા વિના મોક્ષ થતો નથી. કોઈ એમ કહે કે મારે આજે જ સમકિત પ્રાપ્ત કરવું છે; મરી જઉં પણ સમકિત તો પ્રાપ્ત કરવું જ, એમ કર્યાથી ન થાય. એ પોતાના હાથની વાત નથી. એને માટે યોગ્યતાની જરૂર છે. ઘણી યોગ્યતા વધે ત્યારે થાય છે. એ યોગ્યતા વધવા માટે ઘણા કાળની જરૂર છે. પુરુષાર્થથી જ મુખ્યપણે થાય છે, પણ એ એકદમ થતું નથી. કર્મોની સ્થિતિ ઓછી થાય ત્યારે થાય છે. દ્રવ્યલિંગી મુનિઓનો આખી જિંદગી સુધી ચારિત્ર પાળવા છતાં મોક્ષ થતો નથી અને કોઈ જીવ નિત્ય નિગોદમાંથી નીકળી મનુષ્યભવમાં આવી આઠમે વર્ષે સમકિત પામે, દીક્ષા લઈને કેવળજ્ઞાની થઈ મોક્ષે જતો રહે છે; કારણકે એને ખોટા સંસ્કાર પડેલા હોતા નથી, કોરા કાગળ જેવો હોય છે, તેથી એને કોઈ સાચી વસ્તુ મળે કે ઝટ પકડાઈ જાય.

મુમુક્ષુ—નિગોદમાં પણ નિકટભવિ હોય છે?

પૂજ્યશ્રી—હા. નિગોદમાં પણ હોય છે. પહેલેથી જીવ નિગોદમાં છે. ત્યાંથી આવીને મનુષ્યભવ પામી મોક્ષે જઈ શકે છે.

આસન્નભવ્યપણું, મનસહિતપણું, કર્મની વિશેષ નિર્જરા અને વિશુદ્ધ પરિણામ એ સમ્યક્ત્વનાં અંતરંગ કારણ છે. મરુદેવામાતા કેળના વૃક્ષમાંથી આવી, મનુષ્યભવ પામી કેવળજ્ઞાની થઈ મોક્ષે જતા રહ્યાં. અર્ધપુદ્ગલપરાવર્તન કાળ સંસાર જેને બાકી હોય તેને સમકિત થાય છે. અર્ધપુદ્ગલ-પરાવર્તન કાળ પણ કંઈ જેવો તેવો નથી, અનંતકાળ જેવો છે. ગમે તે સમકિત આવ્યું હોય તો પણ અર્ધપુદ્ગલપરાવર્તન કાળમાં મોક્ષે જાય જ. કોઈ જીવો અર્ધપુદ્ગલપરાવર્તન કાળ પૂરો થવામાં અંતર્મુહૂર્ત બાકી હોય તેટલામાં સમકિત પ્રાપ્ત કરી લે છે, મુનિપણું આવી જાય છે અને કેવળજ્ઞાન પામી મોક્ષે પણ જતા રહે છે. જેને આગામી કાળમાં બંધાવાવાળાં કર્મ અંતઃ કોટાકોટી સાગરથી વધારે બંધાતાં નથી અને પૂર્વે બાંધેલાં કર્મોની સ્થિતિ અંતઃકોટાકોટી સાગર પ્રમાણ હોય છે, તેને જ સમકિત થાય છે. સાતમી નરકમાં પણ કોઈ જીવ ત્યાં ઘણું દુઃખ હોવાથી સમકિત પામે છે. બળ્યું આ દુઃખ, હવે એવું દુઃખ ન ભોગવવું પડે એવું કરું, એમ થાય તેથી સમકિત થાય છે. હવે ત્યાં તો કોઈ ઉપદેશ દેનાર કે સંભળાવનાર નથી, છતાં સમકિત થાય છે.

*

(સાંજના—સભામાં)

પૂજ્યશ્રી—આખી જિંદગીમાં જે કર્યું હોય તેનો સરવાળો છેલ્લી વખતે આવે છે.

સમકિત આવીને પણ ચાલ્યું જાય છે. સમ્યગ્દર્શન જતું રહે એટલે માન થવા લાગે.

શુદ્ધનયનો વિષય શુદ્ધાત્મા છે. છદ્મસ્થને આત્મશુદ્ધતા અંતર્મુહૂર્તથી વિશેષ રહી શકતી

નથી. શુદ્ધનય શુદ્ધાત્માનો લક્ષ કરાવે છે. નય છે ત્યાં સુધી વિકલ્પ છે. શુદ્ધનયનો વિષય શુદ્ધાત્મા છે, તેને ન છોડવો. અશુદ્ધતા તરફ નજર જ ન કરવી. શુદ્ધાત્મા જ જોવો; તેને દ્રવ્યદૃષ્ટિ થાય છે.

(સવારના—સભામાં) ૪૫ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ વદ ૫, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—કૃપાળુદેવે પોતાને અમૃતની નાળિયેરી કહી છે. કૃપાળુદેવનું ગમે તે વચન હોય, તે અમૃત જ છે. વખત મળે તે જ્ઞાનીપુરુષનાં વચન વાંચવામાં, વિચારવામાં ગાળવો. ઇન્દ્રિયોના સંચા ક્યારે ખરાબ થઈ જશે, તેની ખબર નથી. કૃપાળુદેવે લખ્યું છે કે ''જો તું વૃદ્ધ હોય તો મોત ભણી દૃષ્ટિ કરી આજના દિવસમાં પ્રવેશ કર.'' (૨-૨૮) કેમ સમાધિમરણ થાય, તે લક્ષ રાખવાનો છે. ઘણા કૂતરા-કાગડાના ભવ મળ્યા, ત્યાં સમાધિમરણ થયું નહીં, પણ હવે આ ભવમાં સમાધિમરણ કરવાનું છે.

મુમુક્ષુ—અત્યારે અહીંથી આણંદ જતાં રસ્તામાં દેહ છૂટી જાય તો જેટલું ધર્મનું કામ, ભક્તિ વગેરે કર્યું છે, તે બધું સાથે આવે કે?

પૂજ્યશ્રી—બધું સાથે નથી આવતું. એના ઉપર પડદો આવી જાય છે. જેટલા પ્રમાણમાં દેહાધ્યાસ હોય તેટલા પ્રમાણમાં તેનું વિસ્મરણ થાય છે. વેદનામાં તન્મય થઈ જાય છે. એક આંગળી ચગદાઈ જાય ત્યારે ત્યાંનું ત્યાં મન જાય છે, તો પછી બધા પ્રદેશો શરીરમાંથી નીકળી જાય ત્યારે કેવું દુઃખ થતું હશે? દેહનું ભાન જેટલું ઓછું હોય તેટલું ધર્મનું વિસ્મરણ ઓછું થાય. યાદ રાખવાનું કામ મનનું છે, તે મનના સંચા અહીં પડ્યા રહે છે. કર્મનો ક્ષયોપશમ થયો હોય પણ તેનાં સાધન ન હોય તો કામ ન આવે. દેહ છોડીને બીજા દેહમાં જતાં વચ્ચેના ટાઈમમાં ભાન નથી હોતું. તીર્થંકર પણ જ્યારે દેવલોકમાંથી ગર્ભમાં આવે, તેના વચ્ચેના ટાઈમમાં તેમને ખબર ન પડે કે હું દેવલોકથી ચ્યવીને જઉં છું; પણ ગર્ભમાં આવે ત્યારે ખબર પડે. પહેલાં જેટલો અભ્યાસ કરેલો હોય તેટલું આ ભવમાં સહેલું પડે. આ બધું કહ્યું તે જ્ઞાનાવરણીય છે અને મોક્ષને માટે મોહનીયનો ક્ષય કરવાનો છે અને તે સમકિત થાય ત્યારે થાય છે. ક્ષાયિક સમકિત થયું હોય અને તે પહેલાં નરકનું આયુષ્ય બંધાઈ ગયું હોય તો તે જીવ નરકમાં પણ જાય છે.

દર્શનમોહનીયના ત્રણ ભેદ છે. મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યક્ત્વ-મોહનીય. અનંતાનુબંધી કષાય છે તે ચાર છે— ક્રોધ, માન, માયા, લોભ. એનો જે ઉપશમ કે ક્ષય કરે તેને સમકિત થાય છે. સાચી સમજણને વિઘ્ન કરનાર એ સાત પ્રકૃતિ છે. એનો ક્ષય થાય તો ક્ષાયિક સમ્યક્ત્વ થાય, ઉપશમ થાય તો ઉપશમ સમ્યક્ત્વ થાય અને કેટલાકનો ક્ષય અને કેટલાકનો ઉપશમ થાય તો ક્ષયોપશમ સમ્યક્ત્વ થાય છે. મોહ મંદ કરવા માટે સત્સંગ છે, બોધ છે. કષાય મંદ કરવા ચારિત્ર છે. સમ્યગ્દર્શન ગમે તે ગતિમાં સાથે જાય, પણ ચારિત્ર સાથે ન જાય. ગમે તેટલું સાધુપણું હોય, અગિયારમે દેહ છોડે તોય ચોથે આવી જાય. સર્વાર્થસિદ્ધિથી નિયમા મનુષ્યભવ પામીને મોક્ષે જાય. જ્ઞાનાવરણીય કરતાં મોહનો ક્ષય કરવાનો છે. ક્ષયોપશમજ્ઞાનને ખસતાં વાર ન લાગે; સાચું

સમકિત ન જાય. માન્યતા મૂકી દે તો જતું પણ રહે. ક્ષાયિક ન જાય. મોટામાં મોટી કસોટી મરણ છે. અંબાલાલભાઈએ સોભાગભાઈને મરતી વખતે સ્મરણ સંભળાવવા માંડ્યું ત્યારે સોભાગભાઈએ કહ્યું કે 'અંબાલાલ, સોભાગને બીજું હોય નહીં.' મોટા મુનિઓને પણ દુર્લભ એવી દશા સોભાગભાઈએ પ્રાપ્ત કરી હતી. કૃપાળુદેવે એમને પહેલાં બહુ ચેતાવ્યા હતા. પરમપુરુષદશાનો લક્ષ રાખવા કહેલું. મહાપુરુષના યોગે સંસ્કાર પડ્યા હોય છે, તેની ભાવના થાય છે. કૃપાળુદેવે લખ્યું છે કે આ કાળમાં કોઈનું કલ્યાણ થવાનું હશે તે તો તેમ થશે, પણ તે બીજેથી નહીં પણ અમ થકી. જે ગરજવાળા હોય તેનું કામ થાય છે. કલ્યાણ શાથી થાય? પ્રત્યક્ષ સત્પુરુષની આજ્ઞાથી. એમાં રુચિ થશે ત્યારે કલ્યાણ થશે. એને ગરજ, રુચિ જાગે તો કલ્યાણ થાય.

**"બહુ પુણ્યકેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો;**
**તોયે અરે! ભવચક્રનો આંટો નહીં એક્કે ટળ્યો."**

માર્ગ જુદો છે. કૃપાળુદેવ આત્મજ્ઞાની પુરુષ છે. એમની આજ્ઞાથી આત્મજ્ઞાન થાય એવું છે. કોઈ સાચી વસ્તુનું અવલંબન મળે તો કામ થાય. હવે સાચું જ કરવું છે. નવરા પડીએ કે સ્મરણ, વાંચન, વિચાર કરવાનું રાખવું.

મુમુક્ષુ–'બહુ પુણ્યકેરા'ની રેકોર્ડ કરાવી હોય તો જીવોને રુચિ જાગે અને એ તરફ વળે.

પૂજ્યશ્રી–ઠીક છે એ તો. એથી કંઈ કલ્યાણ થઈ જાય એવું નથી. રુચિ જાગે ત્યારે કલ્યાણ થાય છે. પ્રત્યક્ષ પુરુષની આજ્ઞાથી કલ્યાણ થાય છે. ઊલટું એમ તો સામાન્યપણું થઈ જાય. તેથી પછી કોઈ વેળા અહીં આવે ત્યારે એને સામાન્યપણું થઈ ગયેલું હોવાથી માહાત્મ્ય ન લાગે. આ તો સાંભળ્યું છે, હું ગાઉં છું ને! એમ થઈ જાય. ગાયન ગાય તેવું એ પણ થઈ જાય.

પ્રભુશ્રીજી 'બહુ પુણ્યકેરા'ની વાત કહેતા કે ખંભાતમાં એક છોટાભાઈ કરીને હતા, તે અંબાલાલભાઈની દુકાનમાં ભેગા હતા. અંબાલાલભાઈ તેમને કહેતા કે મુંબઈમાં એક મહાપુરુષ છે, ત્યાં હું જાઉં છું. તમે પણ તેમના કહ્યા પ્રમાણે કરો તો કલ્યાણ થાય તેવું છે. એમ વારંવાર ટોક ટોક કરતા, પણ પેલાને કંઈ ગરજ નહીં પણ મનમાં તો એને એમ રહેતું કે એ વારંવાર કહે-કહે કરે છે તો એક દિવસ જાઉં. એક વખતે પ્રભુશ્રીજી એમના ઘરે આવેલા. એને એમ થયું કે આ આપણા સ્થાનકવાસી સાધુ આવ્યા છે, તો પૂછું તો ખરો કે આ અંબાલાલ કહે છે તે સાચું છે કે કેમ? પછી પ્રભુશ્રીજીને પૂછ્યું કે મહારાજ, આ અંબાલાલ છે તે મને વારંવાર કહે છે કે મુંબઈમાં એક સત્પુરુષ છે, તેમના કહ્યા પ્રમાણે કરવાથી કલ્યાણ થાય એવું છે, એ ખરું છે?

પ્રભુશ્રીજીએ કહ્યું એ ખરું કહે છે. ભાઈ, આપણે ભૂલ્યા છીએ. તેણે કહ્યું, કેમ મહારાજ, તમે તો સાધુ છોને, કેમ ભૂલ્યા કહેવાઓ? તમે તો પરમેષ્ઠી છો. પછી તેને પણ લાગ્યું કે આપણે ભૂલ્યા છીએ. તેથી પ્રભુશ્રીજીને કહ્યું કે, તો હવે શું કરું? પ્રભુશ્રીજીએ કૃપાળુદેવને પહેલાં પૂછેલું કે કોઈ મોક્ષને માટે પૂછે તો 'મોક્ષમાળા'માંથી બતાવું? કૃપાળુદેવે કહ્યું હતું કે 'મોક્ષમાળા'માં મોક્ષનું જ કહેવું છે. પછી પ્રભુશ્રીજીએ એને 'બહુ પુણ્ય કેરા' પદ આપ્યું. તે રોજ બોલતો, અભ્યાસ કરતો.

એટલો અભ્યાસ કર્યો કે ગમે તે વખતે 'બહુ પુણ્યકેરા' પદ બોલતો જ હોય. એથી એને સમાધિ-મરણ કરવાના ભાવ થયા. વિચાર આવ્યો કે આપણે હવે મરણ સુધારવાનું છે, તો કોણ સુધારશે? અહીં આ અંબાલાલ વગેરે મુમુક્ષુઓ સત્સંગ કરે છે, તો તેમની પાસે સમાધિમરણ કરાવવાનું વચન માગી લઉં. પછી સવારમાં બધા સત્સંગી બેઠા હતા ત્યાં તે ગયા અને બધાને ત્રણ પ્રદક્ષિણા કરી નમસ્કાર કરી બેઠા. અંબાલાલભાઈએ કહ્યું, છોટાલાલભાઈ આજે આમ કેમ કરો છો? તેમણે કહ્યું, મને પહેલાં વચન આપો તો હું કહું. અંબાલાલભાઈએ કહ્યું, હા, કહો. પછી તેમણે કહ્યું કે મને સમાધિમરણ કરાવશો? અંબાલાલભાઈએ કહ્યું કે અમારાથી બનશે તેટલું કરીશું. એમાં તો અમને તમને બધાને લાભ છે. ચાર-પાંચ દિવસમાં જ એને પ્લેગની ગાંઠ નીકળી. અંબાલાલભાઈ ત્યાં એમની પાસે જઈ બેસતા. રોજ ભક્તિ, સ્મરણ, વાંચન કરતા. ચાર જણ નક્કી કર્યા હતા. એક જણ ખાવા માટે જાય તો બીજો બેસે. બીજો જાય તો, ગમે તે એક ત્યાં બેઠો રહે; એમ નિરંતર રાતદિવસ પાસે બેસી રહેતા. ચાર-પાંચ દિવસમાં એનો દેહ છૂટી ગયો. સમાધિમરણ થયું. મહાપુરુષનું એક વચન લઈને ઘસી નાંખ્યું તો કામ થઈ ગયું. ચાર જણ જે સેવામાં હતા તે એમને બાળવા ગયા. તે ચારે જણને તે જ દિવસે ગાંઠ નીકળી, તેથી તેઓનો પણ દેહ છૂટી ગયો.

અંબાલાલભાઈ પહેલાં પ્રભુશ્રીજીને કહી આવ્યા હતા કે તમે વટામણ જાઓ. કૃપાળુદેવે મને જે વાત તમને કહેવા કહ્યું છે, તે કહેવા માટે હું વટામણ એક બે દિવસમાં આવું છું. એટલામાં અંબાલાલભાઈના દેહ છૂટવાના ખબર મળ્યા, તેથી પ્રભુશ્રીજીને એમ થયું કે શું! મને કાલે તો કહેતા હતા કે હું આવું છું, તમે જાઓ, વાત મનાઈ નહીં.

૪૬ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ વદ ૬, સં.૨૦૦૯

મુમુક્ષુ— **"શાંત છતાં ન સુષુપ્ત તે, સ્વપ્ન સમ નહીં મોહ;**
**મુઝવણ ના જાગ્રત તણી, લીન ન કર્મે દ્રોહ."** (લઘુયોગવાસિષ્ઠ)

એટલે શું?

પૂજ્યશ્રી—જાગૃત અવસ્થામાં જીવને મૂંઝવણ હોય છે. લેવાની, દેવાની, ઊંઘવાની, એવી મૂંઝવણ રામમાં જણાતી નથી. કર્મમાં લીન થઈ જતા નથી અને કર્મ પ્રત્યે દ્રોહ પણ થતો નથી કે ક્યાંથી આ કર્મ આવ્યા? એમ વસિષ્ઠઋષિ કહે છે.

*

('ચારિત્ર ચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—પૂર્વકર્મની કેટલી બધી સામગ્રી હોય ત્યારે સમ્યગ્દર્શન થાય છે. જાગૃત અવસ્થા જોઈએ, પર્યાપ્તિ જોઈએ, સંજ્ઞીપણું જોઈએ, તો સમકિત થાય. મનુષ્યભવ હોય, પણ અપર્યાપ્ત હોય તો સમ્યક્ત્વ ન થાય. આઠ વર્ષના થયા પછી સમ્યગ્દર્શન થાય છે. બહારના પુરુષાર્થ સિવાય પણ

કર્મની સ્થિતિ વગેરે કારણ હોવાં જોઈએ. એકલા પુરુષાર્થથી સમ્યગ્દર્શન ન થાય. જો કે પુરુષાર્થ નિષ્ફળ જતો નથી, પણ પૂર્વકર્મ, પાંચ ઇન્દ્રિયો વગેરે હોય અને પુરુષાર્થ કરે તો સમ્યગ્દર્શન થાય છે. પૂર્વકર્મથી કાળલબ્ધિ પ્રાપ્ત થઈ હોય, કાળલબ્ધિ એટલે અર્ધપુદ્ગલપરાવર્તનથી વધારે સંસાર ન હોય તેને સમ્યગ્દર્શન થાય છે. છેલ્લું પુદ્ગલપરાવર્તન જેને હોય તેને સમ્યક્ત્વ થાય. અંતઃકોડાકોડીથી વધારે કર્મ ન હોય, ભવ્યપણું પરિપક્વ થયું હોય, દુર્ભવ્યપણું ન હોય, આસન્નભવ્ય થયો હોય એટલે સમીપમુક્તિગામી હોય તેને સમ્યગ્દર્શન થાય છે. પ્રયત્ન વગર પણ દર્શનમોહનો ઉપશમ થાય છે. પુરુષાર્થ વગર, જેને ભવસ્થિતિ પાકી ગઈ હોય તેને થાય છે. જો કે પહેલાં પુરુષાર્થ કરેલો હોય છે, પણ આ ભવમાં ન હોય, તોય થાય છે. એ અપવાદરૂપ છે. પુરુષાર્થ તો કર્ત્તવ્ય છે પણ એકલા પુરુષાર્થથી થતું નથી. પૂર્વનું હોય તો થાય છે. પુરુષાર્થ એ જ એકલો માર્ગ છે એમ નથી. સ્યાદ્વાદ છે. મુખ્યમાર્ગ એ છે કે પહેલાં એની સમજણ ફરે, પછી પાપથી ડરી વ્રત લે, શ્રાવકનાં વ્રત લે, પછી મહાવ્રત લે એટલે મુનિ થાય. જગતમાં કહેનારા ઘણા મળે, પણ આપણે વિચાર કરીને કરવું.

આત્માની કથા સાંભળતાં સાંભળતાં એને સમ્યગ્દર્શન થાય. સાંભળે, વિચારે, વારંવાર વિચારે ત્યારે એને લાગે કે કંઈક એમાં લાભ થાય છે.

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ; મૂળ૦**
**એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ૦"**

સદ્ગુરુનો યોગ મળે ત્યારે એને એ વધારે દૃઢ થાય છે ત્યારે દૃઢતા આવે છે. એ બાહ્ય નિમિત્ત છે. કર્મ માર્ગ આપે, દર્શનમોહ ઓછો થાય તે અંતરંગ સાધન છે. મનવાળા સંસારી જીવો છે, તે બધાને સમકિત થાય છે એમ નથી. જેને સંસાર પરિભ્રમણ પૂરું થવા આવ્યું હોય તેને સમકિત થાય છે. સમ્યગ્દર્શન થયા પછી પણ કર્મ માર્ગ આપે ત્યારે આગળ વધે છે. સમ્યગ્દર્શન પામ્યો હોય, પણ પુરુષ હોય તેને મહાવ્રત ઉદય આવે.[૧] અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની કષાય જાય ત્યારે મહાવ્રત ઉદય આવે છે; એકલાં કપડાં ફેરવી નાંખ્યાથી આવતાં નથી. દ્રવ્યથી પુરુષ હોવો જોઈએ. સ્ત્રીને મુનિપણું આવતું નથી. એણે વ્રત લીધા હોય તો એને આર્યા કહેવાય, સાધ્વી ન કહેવાય. જ્યાં સુધી વસ્ત્રનો સંસર્ગ હોય ત્યાં સુધી એને સાધુ નથી કહેતા. પછી ઉચ્ચકુળ જોઈએ, તો દીક્ષા આપે. એને માટે પ્રારબ્ધ જોઈએ. પ્રારબ્ધ એટલે ભૂતકાળનો પુરુષાર્થ. સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં પૂર્વકર્મની વધારે જરૂર છે. ચારિત્ર પ્રાપ્ત કરવામાં એકલો પુરુષાર્થ હોય તોય ચાલે. પોતાની શક્તિ ગોપવવી નહીં. શક્તિ હોય તેણે વ્રત, નિયમ વગેરે કરવાં. શક્તિને ગોપવીને, સમ્યગ્દર્શનને માટે પુરુષાર્થ કરું છું એમ કરીને પ્રમાદ સેવે તો પાપ બાંધે. સ્યાદ્વાદ છે. પોતાની શક્તિ હોય તેટલું કરી છૂટવું.

**"લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;**
**ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન."**

---

૧. દિગંબર આમ્નાય પ્રમાણે સ્ત્રીને મહાવ્રત હોતા નથી.

એકલું મુનિપણું લઈને પછી સમ્યગ્દર્શન થવાનો લક્ષ ન રાખે, મુનિપણું લઈ લીધું, હવે સમ્યગ્દર્શન થવાનું હશે તો થશે; નહીં થાય તોય કંઈ નહીં, તો કંઈ કામનું નથી. મનુષ્યભવમાં જેટલો પુરુષાર્થ સમ્યગ્દર્શન માટે વધારે કરશે તેટલું વધારે કામ થશે. આત્મકલ્યાણની જિજ્ઞાસા જાગે એની પહેલી જરૂર છે. જિજ્ઞાસા જાગ્યા વગર દેખાદેખી વ્રત નિયમ કરવા લાગે, પણ વાસના બીજી વસ્તુઓમાં હોય તોય કંઈ કામ ન થાય.

**"નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય"**

વ્રતનિયમ બધું કરવાનું છે; પણ નિશ્ચય ચૂક્યો તો કંઈ ન થાય, સંસારનો સંસાર રહે. પુરુષાર્થ કરશે તો સારો કાળ, સારું સંહનન બધું મળશે. અનાદિકાળથી એમ ચાલ્યું આવે છે. કોઈ ક્રિયાઓને સ્થાપે છે, કોઈ જ્ઞાનને જ મોક્ષ કહે છે, પણ બેય જોઈએ. પક્ષીને બે પાંખ હોય તો ઊડે. એક પાંખ તૂટી જાય તો ઊડી શકે નહીં તેમ એકલા જ્ઞાનથી મોક્ષ ન થાય, એકલી ક્રિયાથી પણ મોક્ષ ન થાય.

ડીગ્રી મેળવવા જેવું સમકિત નથી કે અમુક પુસ્તકો વાંચવાથી થઈ જાય. સમ્યગ્દર્શન અપૂર્વ વસ્તુ છે. પુસ્તકથી મળતું નથી. એકલા પુસ્તકો વાંચે અને સમકિત થાય એવું હોત તો ઘણા સમકિતી થઈ જાત. અગિયાર અંગ સુધી ભણે તોયે ન થાય એવું દુર્લભ છે અને ઝટ પણ થઈ શકે છે, પણ એને માટે ઘણી તૈયારી જોઈએ. જ્ઞાનાવરણીય એવું છે કે થોડું ગોખે તો મોઢે થઈ જાય, પણ જ્ઞાનીપુરુષો મુખ્ય દર્શનમોહને કાઢવાનું કહે છે. દર્શનમોહ જવા બોધની જરૂર છે. "હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ" આટલા કાળ સુધી હું અધર્મમાં જ રહ્યો! મારો કંઈ વિચાર કર્યો જ નહીં! એ વિચારમાં એને પોતાનું અસ્તિત્વ ભાસે, તેથી પહેલું પોતાનું સ્વરૂપ દેખાય. ઉપર માટી પડી ગઈ છે તે ઊખડી જાય તો આત્મા પ્રગટ થાય અને એને લાગે કે આત્મા જ પહેલો છે. પહેલું પાપથી છૂટવું અને શુભ માર્ગમાં રહેવું. એથી પાપના વિચારો છૂટી જાય.

**"अव्रती व्रतमादाय, व्रती ज्ञानपरायणः ।**
**परात्मज्ञानसंपन्नः स्वयमेव परो भवेत् ।।८६।।"** (સમાધિશતક)

પાપના સંકલ્પવિકલ્પ છૂટવા માટે વ્રતનિયમ એને આપ્યાં. વ્રત મળ્યાં છતાં એણે જ્ઞાનમાં વૃત્તિ રાખવાની છે અને સંપૂર્ણ જ્ઞાન થાય ત્યારે પોતે જ પરમાત્મા થાય છે. કેટલાકને નિમિત્ત વગર પણ ભાવ થાય છે, પણ એ મુખ્ય માર્ગ નથી. એકલા પાછા નિમિત્તને જ વળગી રહેવાનું નથી. જ્યાં સારાં નિમિત્તો ન હોય ત્યાં ન જવું.

શ્રેણિક રાજાનો પટ્ટ હાથી હતો. તેને સાધુના ઉપાશ્રય પાસે બાંધેલો. ત્યાં વાતો થતી કે લીલોતરી ન ખાવી. એથી બહુ પાપ થાય છે. એ સાંભળી હાથીને થયું કે મારે તો બહુ લીલોતરી ખાવી પડે છે તો કેટલું બધું પાપ થતું હશે! બળ્યું આ પેટ, એમ કરીને ઘાસ ખાવાનું બંધ કરી દીધું. શ્રેણિક રાજાનો એ પટ્ટ હાથી હતો તેથી રાજાને ખબર પડી ત્યારે થયું કે હાથી ઘાસ કેમ નથી ખાતો? પછી અભયકુમારને કહ્યું. તેમણે વિચાર્યું ત્યારે લાગ્યું કે મુનિના ઉપાશ્રયની પાસે બાંધ્યો છે, તેથી ત્યાંના વાતાવરણથી એણે ઘાસ ખાવાનું બંધ કરી દીધું છે. પછી અભયકુમારે હાથીને

કસાઈખાનાની પાસે બંધાવ્યો. ત્યાં લોકો બધા માંસ ખાનારા એટલે જીવોને ચીરે, મારે, ખાય, નાના હરણોને મારી નાંખે. તે જોઈ હાથીને થયું કે આ લોકો તો બહુ પાપ કરે છે. હું તો લીલોતરી જ ખાઉં છું, એમાં એટલું બધું પાપ નથી. આ લોકો પાપ કરે છે તેટલું પાપ ઘાસમાં નથી, તેથી ઘાસ ખાવાનું શરૂ કર્યું.

તીર્થંકરની હાજરીમાં સમ્યક્ત્વી જીવ તીર્થંકર નામકર્મ બાંધે છે. મનુષ્યપણું હોય તો જ તીર્થંકર નામકર્મ બંધાય છે. બીજી ગતિમાં ન બંધાય, એટલે નિમિત્તની જરૂર છે. એકલા પુરુષાર્થથી થતું નથી. સારો સંગ મળે તો જીવ સારો થઈ જાય અને ખોટો મળે તો ખોટો થઈ જાય છે. કાર્ય થવામાં બેની જરૂર છે. નિમિત્ત કારણ અને ઉપાદાન એ બેયની જરૂર છે. રોટલી કરવી હોય તો લોટેય જોઈએ અને વેલણ વગેરે નિમિત્ત પણ જોઈએ. ઉપાદાન કે નિમિત્તને એકાંતે ગ્રહણ કરવાનું નથી, સ્યાદ્વાદ છે. એથી અધ્યાત્મવાદમાં વાંધો આવતો નથી. સ્યાદ્વાદ ન હોય તો 'अहं ब्रह्मास्मि' એમ થઈ જાય.

જીવ આખો દિવસ પાપના સંકલ્પવિકલ્પ કર્યા કરે છે, તે અશુભ વિકલ્પો છોડાવવા માટે એને વ્રત નિયમ કરવાનાં આપ્યાં. જેમ બાળક તોડફોડ કરતો હોય, તેને જો રમકડું હાથમાં આપે તો એ તોફાન કરવું મૂકી દે અને પેલામાં રહે; પણ પાછું રમકડું જ રાખવાનું નથી, ચોપડી આપવાની છે. વ્રત નિયમ હોય તો બીજા વિચારો ન આવે. રાત્રિભોજનનો ત્યાગ કર્યો હોય તો આજ રાત્રે ખાવાનું કરવું છે, શાનું શાક કરીશું? ક્યારે બનાવીશું? શું કરીશું? એવા બધા વિકલ્પો ન આવે, પણ વહેલું ખાવાનું કરી લઉં, દિવસ આથમી જશે, માટે પાણી પહેલાં પી લઉં એવા જ વિચારો આવે. મારું વ્રત ભંગ ન થાય એનું જ એને ધ્યાન રહે. પાપના વિકલ્પો છૂટી જાય તે માટે વ્રતનિયમ કહ્યાં છે, પણ પાછું એમાં જ રહેવાનું નથી. પછી જ્ઞાનમાં વૃત્તિ રાખવાની છે અને જ્યારે સંપૂર્ણ દશા થાય છે ત્યારે પોતે જ પરમાત્મા થાય છે. પ્રભુશ્રીજી પહેલા આત્મા જોતા. ગમે તે વસ્તુ જુએ તો કહે કે આ મારો સાક્ષાત્ આત્મા છે, સાક્ષાત્ આત્મા છે એમ કહેતા. દર્શનમોહનો પહેલો ક્ષય કરવાનો છે.

(સાંજના–સભામાં) ૪૭ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ વદ ૭, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–પ્રભુશ્રીજીના વખતમાં 'સમયસાર' વંચાતો હતો. તે વખતે શીતલપ્રસાદજી અહીં હતા. સમયસારમાં આવ્યું કે રાગ-દ્વેષથી કર્મો બંધાય છે. શીતલપ્રસાદજીએ પ્રભુશ્રીજીને પૂછ્યું કે રાગદ્વેષ શાથી ન થાય? પ્રભુશ્રીજીએ કહ્યું, જ્યાં રાગ-દ્વેષ નથી ત્યાં દૃષ્ટિ રાખે તો રાગ-દ્વેષ ન થાય.

સંવરમાં શુદ્ધ આત્મા જ છે.

(બપોરના) ૪૮ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ વદ ૮, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–પુરુષાર્થ કરવાની જરૂર છે. બધા જીવો વાસનાઓને આધીન છે. વાસનાઓ જેમ કહે તેમ કરે છે અથવા વાસનાઓ જેમ ઉપદેશ કરે તેમ જીવ કરે છે. જીવ પંચેન્દ્રિયના વિષયમાં

પડી પોતે પોતાને બાંધવા માટે જાળ રચે છે. આત્માની સંભાળ લેવાની પણ એને ઇચ્છા થતી નથી. જેણે વાસનાઓ જીતી છે એવા કોઈ પુરુષનો સંગ હોય તો વાસનાઓ નાશ થાય. એવા સંગની જરૂર છે. અનુશાસન એટલે ઉપદેશ કરવો.

મુમુક્ષુ—પરિશીલન એટલે શું?

પૂજ્યશ્રી—પરિશીલન એટલે નિદિધ્યાસન. શીલ એટલે અભ્યાસ અને પરિશીલન એટલે વારંવાર અભ્યાસ કરવો કે તે ફરીથી ભુલાય નહીં. હરતાં-ફરતાં એમાં જ મન જાય. એમાં શું કહેવું છે, એવા જ વિચારમાં વારંવાર મન જાય. પ્રભુશ્રીજીને કૃપાળુદેવે વીશ દોહરાની અનુપ્રેક્ષા કરવાનું લખ્યું, ત્યારે લખ્યું હતું કે 'તે દોહરાની વિશેષ અનુપ્રેક્ષા થાય તેમ કરશો તો વિશેષ ગુણાવૃત્તિનો હેતુ છે.' વારંવાર એવી ભાવના કરવાથી ગુણાવૃત્તિ એટલે આત્માના ગુણો છે તે પ્રગટશે. વારંવાર વીશ દોહરામાં જ ચિત્ત જાય, એની એ ભાવના રહે, એ વિના મન બીજે જાય નહીં એવું કરવાનું છે.

('ચારિત્ર ચક્રવર્તી'માંથી આત્માનુશાસન નામનો અધ્યાય વંચાતાં)

પૂજ્યશ્રી—'આત્માનુશાસન' નામનો ગ્રંથ છે, તે ગુણભદ્રાચાર્યે રચ્યો છે. તે સ્વપરના સંપૂર્ણ કલ્યાણરૂપ છે. એ જ ગુણભદ્રાચાર્યે 'મહાપુરાણ' ગ્રંથ લખ્યો છે. જે જીવો પાંચ ઇન્દ્રિયના વિષયમાં પડ્યા છે તેમને પણ આ હિતકારી છે. એ ગ્રંથનો ઉપદેશ સુખકારી અને દુઃખને હરણ કરનાર છે. એ ગ્રંથનો ઉપદેશ સાચો છે. આચાર્ય કહે છે કે આ ગ્રંથને સાંભળીને ડરશો નહીં. જેમ બાળકને દવા પાવા જાય ત્યારે તે ડરે છે, તેમ અમારાં સુખો છોડાવી દેશે એમ માની ભય પામશો નહીં. તમે બધા સુખને જ ઇચ્છો છો અને અમે પણ તમને સુખ થાય એવો જ ઉપદેશ આપીએ છીએ. ગમે તેટલાં શાસ્ત્રો શીખેલો હોય, તપ કરતો હોય, સંયમ પાળતો હોય, પણ સમ્યગ્દર્શન ન હોય તો બધું પથરાના ભાર જેવું છે અને જો સમ્યગ્દર્શન હોય તો એ રત્ન જેવાં છે. જેમ કોઈ મોટો પથરો લઈને વેચવા જાય તો બે ચાર આના મળે અને કોઈ એક નાનું સરખું રત્ન લઈને જાય તો કરોડો રૂપિયા મળે; તેમ સમ્યક્ત્વ હોય તો બધાં વ્રતો રત્ન જેવાં છે, નહીં તો ભારરૂપ જ છે.

સંસારમાં સુખી છે એવાને પણ ધર્મ કરવાની જરૂર છે. ગરીબ હોય તે ભક્તિ કરે, આપણે તો પૈસા છે, તેથી સુખી છીએ. દુઃખી હોય તે ધર્મ કરે, પણ સંસારના સુખ કે દુઃખ બધાં દુઃખ જ છે. 'આત્માનુશાસન' ગ્રંથ વૈરાગ્ય વધે એવો છે, પણ પાછું એવું વાતાવરણ જોઈએ.

પહેલાં હું આણંદથી અહીં પ્રભુશ્રીજી પાસે આવતો ત્યારે પ્રભુશ્રીજીએ મને 'આત્માનુશાસન' ગ્રંથ વાંચવા આપેલો. પછી આણંદ ગયો. બધું કામ પૂરું થઈ ગયા પછી થાક લાગતો તેથી સાંજે વિશ્રામ લેવા બેસતો. તે વખતે 'આત્માનુશાસન' ગ્રંથ વાંચતો, પણ ત્યારે ઊંઘ આવતી અને પુસ્તક હિંદી ભાષામાં હતું, તેથી એમ લાગતું કે આ પુસ્તકમાં કંઈ રસ જ નથી. આ પુસ્તકમાં કંઈ સારું નથી. વાતાવરણ એવું હોવાથી એવું લાગતું. પણ અહીં આવ્યા પછી જ્યારે વાંચવા મળ્યું, ત્યારે લાગ્યું કે અહો! આ તો કોઈ અદ્ભુત ગ્રંથ છે.

સ્મરણ કરતા રહેવું. એના વિના ગમે નહીં એવું કરવાનું છે. ગાડીમાં લોકો બીજી વાતો કરતા હોય, વરસાદ વગેરેની વાતો કરતા હોય, તેમાં ચિત્ત ન દેતાં સ્મરણમાં ચિત્ત રાખવું. ગાડીમાં સ્મરણ કરતા કરતા જઈએ.

*

(સાંજના–સભામાં)

પૂજ્યશ્રી–કથા ઘણી વખત જીવે સાંભળી છે, પણ વિચાર કર્યો નથી. 'કથા સૂણી સૂણી ફૂટ્યા કાન, તોયે ન આવ્યું બ્રહ્મજ્ઞાન.'

ઇન્દ્રિયો નાશ પામે તો વિષયો અહીં પડ્યા રહે છે અને વિષયો નાશ પામે તો ઇન્દ્રિયો એકલી અહીં પડી રહે છે. આત્મા ત્રણે કાળ રહેવાનો છે. ઇન્દ્રિયના વિષયો તો નાશવંત છે, એ લક્ષ રાખીને અનિત્ય ભાવના કરવાની છે. ભગવાનનાં વચન સાંભળ્યાં, એનો સંગ થયો અને પાછો ઇન્દ્રિયોમાં જ પડું છું, હવે તો મારે વિષયોમાં પડવું જ નથી. આખો લોક ત્રિવિધ તાપથી આકુળવ્યાકુળ છે એમ જેને લાગ્યું તે લાયમાં પેસે નહીં.

(સાંજના–સભામાં, 'સમયસાર'ના વાંચન પ્રસંગે) ૪૯ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ વદ ૧૦, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–સમ્યગ્દૃષ્ટિ આત્માને શુદ્ધ માને છે. સમ્યગ્દર્શન કહો કે સમ્યગ્જ્ઞાન કહો, બધું આત્મા છે. મિથ્યાત્વ છે એ જ મોટું પાપ છે. ભલે મુનિ હોય પણ મિથ્યાત્વી હોય તો પાપી જ છે.

(સવારના–સભામાં) ૫૦ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ વદ ૧૧, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–વારંવાર મરણને સંભારવું, પાપથી ડરવું. સહનશીલતા હોય તેટલું સહન થાય.

"સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી નિર્ભયપણાને, નિઃખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાએ કહી છે. (૪૬૦)

કશો ભય ન રાખવો. શું થશે? એ તો થવાનું હશે તે થશે. આપણે તો સ્મરણ કર્યા કરવું. ખેદ કરવો નહીં. શૂરવીર થઈને કષાય ઘટાડવા. કષાય છે તે શત્રુ છે. કશા વિકલ્પો ન કરવા. નવરા પડ્યા કે સ્મરણ કરવું, એ જ કરવું. જ્યાં હોઈએ ત્યાં એ જ કરવાનું છે. આ મને ક્રોધ કરાવે છે, દુઃખ દે છે, એમ જે કરે છે તે અજ્ઞાન છે. કોઈ કંઈ કરાવતું નથી. ક્રોધ કરવો કે ન કરવો એ તો એના હાથની વાત છે. ક્રોધ હોય ત્યારે વિચાર રહેતો નથી કે મારો વાંક છે કે પેલાનો? એ બધી કર્મની પ્રેરણા છે. કર્મના ઉદયે સંભાળ રાખવી, એ સાચવવું. ક્ષમા એ આદિ (પ્રથમ) ધર્મ છે, મોક્ષનો દરવાજો છે. મિથ્યાત્વના ઉદયે અંધબુદ્ધિ હોય છે. તેથી સંસારથી તે તરે નહીં. કાં તો બીજાનો વાંક કાઢે અથવા રાગ-દ્વેષથી મારે શું? હું તો રાગ-દ્વેષથી રહિત છું એમ કરીને રાગ-દ્વેષને રોકે નહીં, એ બેયને સંસાર થાય છે. મોક્ષમાર્ગ મળે નહીં, બેય ભૂલ્યા છે.

**"કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ,**
**માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ."**

એ માને છે કે મોક્ષ થશે, પણ જ્ઞાનીને દયા આવે છે કે એકેયનો મોક્ષ થશે નહીં. નિશ્ચયનયથી આત્મામાં રાગદ્વેષ છે નહીં. પરદ્રવ્યના નિમિત્તે ઔપાધિક ભાવ થાય છે તેથી તે આત્માના નથી. આ જીવ તેને સ્વભાવ માને છે, તો નાશ ક્યાંથી કરે? આત્મા સ્પર્શ, રસ, ગંધ, વર્ણથી રહિત છે. કર્મના ઉદયે જે રાગાદિક ભાવ થાય તે ઔપાધિક ભાવ છે, તેને સ્વભાવ જાણે છે. કર્મના નિમિત્તે ભાવ થયા, તેને પોતાનો સ્વભાવ જાણે તો છોડે નહીં. તે સ્વભાવ નથી, સ્વભાવથી ભિન્ન છે. શુદ્ધ આત્માથી રાગદ્વેષ ભિન્ન છે. એ કર્મને લઈને થાય છે તેથી કર્મના સંતાન કહ્યાં છે. ગમે તે રીતે રાગદ્વેષ છોડવાના છે. રાગદ્વેષ મારો સ્વભાવ છે એમ માનતો હોય, ત્યારે જ્ઞાની કહે કે તારો સ્વભાવ સિદ્ધ સમાન છે. રાગદ્વેષ થાય તે જડને થતા નથી, જીવ કરે તો થાય; એ ઉપાદાનની અપેક્ષાએ વાત છે. કહેવું એ છે કે રાગદ્વેષને છોડો. વ્યવહારનય પરદ્રવ્ય તરફ દૃષ્ટિ કરે છે. જીવને કર્મની સાથે સંબંધ છે એમ કહેવું તે વ્યવહારનયથી છે. શુદ્ધનય તો પરના સંગથી રહિત જ આત્મા માને છે, અસંગ આત્મા છે એમ માને છે. જ્યાં આત્માનો અનુભવ છે ત્યાં કોઈ કલ્પનાને અવકાશ નથી, માત્ર જ્ઞાનસ્વરૂપ આત્મા છે.

(બપોરના,'ચારિત્ર ચક્રવર્તી'ના વાંચન પ્રસંગે) ૫૧ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ વદ ૧૨, સં.૨૦૦૯

'આત્માનુશાસન' અને 'સમયસાર' એ ગ્રંથ મને વધારે પ્રિય છે. એ બેની મારા પર વધારે અસર થઈ છે, એમ શાંતિસાગર મહારાજ લખે છે. ભગવાન છે તે આત્માનું સ્વરૂપ જાણે છે, તે બન્ને નયથી કહેવાય છે. આત્મસ્વરૂપમાં ભગવાન તો લીન છે. આખા જગતને ભગવાન જાણે છે પણ પોતે આત્મારૂપે રહે છે. ભગવાન આત્માને જાણે છે, તેમ ગણધરદેવ છદ્મસ્થ છે છતાં આત્મસ્વરૂપને જાણે છે. જ્યારે અનુભવમાં હોય ત્યારે ત્યાં કોઈ નયનો પક્ષપાત હોતો નથી, નયનિક્ષેપરહિત હોય છે. આ જગતના જીવોને સુખ ગમે છે અને સુખનું કારણ પુણ્ય તે પણ ગમે છે; પણ પુણ્ય-પાપ બેય બંધન છે. એ બેય કલ્પનાને છોડી જ્ઞાની અનુભવમાં રહે છે. શાતાનો કે અશાતાનો ઉદય હોય, કોઈમાં રાગદ્વેષ કરવા જેવું નથી. કર્મના ઉદયે રાગ દ્વેષ કરવા નહીં. વૈરાગ્યમાં રહેવું. વૈરાગ્ય એ મોક્ષનો ભોમિયો છે. વૈરાગ્ય હોય તો બંધાય નહીં. જ્યાં તીવ્રજ્ઞાન હોય ત્યાં અબંધદશા હોય છે. જ્યાં સુધી તીવ્રજ્ઞાન ન હોય ત્યાં સુધી જઘન્ય કે ઉત્કૃષ્ટ બંધ થાય છે. જ્ઞાન એ કર્મબંધનું કારણ નથી, પણ મોહ સહિત જ્ઞાન તે કર્મબંધનું કારણ છે. ઇષ્ટ-અનિષ્ટપણું થઈ જાય છે અને એ જ કર્મબંધનું કારણ છે.

**''मा मुज्झह मा रज्जह मा दुस्सह इट्ठणिट्ठअट्ठेसु ।**
**थिरमिच्छह जइ चित्तं विचित्तझाणप्पसिद्धीए ।।''** (બૃહદ્ દ્રવ્યસંગ્રહ)

એમ 'દ્રવ્યસંગ્રહ'માં કહ્યું છે. કર્મ ન બાંધવા હોય તો રાગદ્વેષ ન કરવા. આત્મજ્ઞાન ન થાય ત્યાં સુધી અનુકૂળતામાં રાગ અને પ્રતિકૂળતામાં દ્વેષ થાય છે. તેથી કર્મબંધ થાય છે. જ્ઞાનદશા હોય તો એમ લાગે કે અનુકૂળતા હોય તોય શું અને પ્રતિકૂળતા હોય તોય શું? આત્માનું હિત થાય તે અનુકૂળતા છે. ભગવાન ભુલાય તે અનુકૂળતા નહીં. સમકિતી અને મિથ્યાત્વીની અનુકૂળતામાં ફેર છે. સમકિતીને ''ભાલસૌ ભુવનવાસ'' ભાલા ઉપર બેસાડ્યો હોય એવું લાગે. આરંભપરિગ્રહમાં

સમકિતીને અનુકૂળતા ન લાગે. આ આરંભપરિગ્રહ તો મારા આત્માના કાળ છે એમ લાગે. જ્યાં સુધી મોહ જીવતો હોય ત્યાં સુધી કર્મ બંધાય છે અને મોહ ક્ષય થાય ત્યાં યથાખ્યાતચારિત્ર છે, કેવળજ્ઞાનની લગભગ છે. જ્યાં સુધી જઘન્ય જ્ઞાન અને મોહ છે ત્યાં સુધી ચેતતા રહેવાનું છે. ક્યારે પાડી નાખશે તેની ખબર નથી. જેમ જેમ મોહ ઓછો થાય તેમ તેમ કર્મબંધ ઓછો થાય. જ્યારે મોહ ક્ષય થાય ત્યારે એક શાતાવેદનીયનો બંધ થાય છે. છેદાય, ભેદાય પરદ્રવ્ય, પણ મારું કંઈ થતું નથી. આત્માને જેણે સંભાર્યો તેને એવું રહે કે બીજું ભલે છેદાઓ, ભેદાઓ, પણ મારું નથી. [૧]નમિરાજાને ઇન્દ્રે કહ્યું કે તમારું અંતઃપુર બળે છે. નમિરાજાએ કહ્યું કે મારું કંઈ બળતું નથી. સમ્યગ્દર્શન થાય ત્યારે એવું થાય છે.

મુનિને હિંસા ન કરવી એવું વ્રત લીધેલું હોય અને સમિતિપૂર્વક ચાલતા હોય તેમ છતાં કોઈ જીવ પગ નીચે દબાઈ મરી જાય, તો પણ તેમને હિંસા થતી નથી. એમને હિંસક કહ્યા નથી. આખો જૈનધર્મ ભાવ ઉપર છે. બધું છોડીને સાધુ થયા હોય, પરિષહ સહન કરતા હોય, પણ અંદર વાસના હોય તો સંસારી જ છે, મુનિ નથી. ભાવ ઉપર બધો આધાર છે. પરવસ્તુના નિમિત્તે બંધ થાય એવા પરિણામ થાય છે. નિમિત્તાધીન છે, ત્યાં સુધી જેવાં નિમિત્ત મળે તેવા ભાવ થાય છે. એ માટે મુનિઓ જંગલમાં રહે છે. સામાયિક કરવી હોય તો જ્યાં સ્ત્રી આદિ ન હોય એવા સ્થાનમાં બેસે છે, કારણકે નિમિત્તથી ભાવ ફરે છે. જ્યારે મુનિ ધ્યાનમાં હોય ત્યારે દેવ ઉપસર્ગ કરે, નાના પ્રકારના રૂપ દેખાડે, પણ મુનિને કંઈ ભાવ થતા નથી.

કેટલાક ભાવ બુદ્ધિપૂર્વક થાય છે અને કેટલાક ભાવ અબુદ્ધિપૂર્વક થાય છે. શ્રેણિમાં હોય ત્યારે અમુક પ્રકારનો સૂક્ષ્મ રાગભાવ અબુદ્ધિપૂર્વક થાય છે. તેની તેને ખબર ન પડે, પણ કેવળી જાણે છે. જેમ જેમ આગળ વધે તેમ તેમ એ મટે છે. અગિયારમે મોહનો ઉદય થવાથી ત્યાંથી પડે છે. નિમિત્તાધીન ભાવ હોવાથી અશુદ્ધ નિમિત્તોનો ત્યાગ કરવાનું કહે છે. નિમિત્તાધીન ભાવ થાય છે. નિમિત્ત ન હોય તો થતાં નથી. જેમ કોઈ દેખાતો હોય તો કહે કે આ ફલાણાના છોકરાને હું મારું છું, પણ વંધ્યાના છોકરાને હું મારું છું એવા ભાવ થતા નથી, તેમ નિમિત્ત હોય તો ભાવ થાય છે. જેમ બને તેમ આત્માના પરિણામ સુધારવા અને એ સુધારવા નિમિત્ત છે. જેને પાપ કરવાના અધ્યવસાય નથી થતા તેને બંધ થતો નથી. પરિણામ થાય નહીં તો પરવસ્તુ બંધ કરાવતી નથી. કોઈને બાંધ્યો હોય અને દોરડું કાપી નાંખ્યું હોય તો મુક્ત થાય. તેમ કર્મથી બંધાયો છે, તે કાપી નાંખે તો મોક્ષ થાય છે. મોક્ષ ક્યારે થાય? તો કે આત્માનો સ્વભાવ જાણે, બંધનો સ્વભાવ જાણે અને બંધ પ્રત્યે ઉદાસ થાય ત્યારે. સમ્યગ્દૃષ્ટિને એવું થાય છે. જેટલો વૈરાગ્ય તેટલો છૂટવાનો માર્ગ તથા જેટલો રાગ તેટલો બંધ થાય છે. આ જીવ છે અને આ બંધ છે એમ જાણે તેનું નામ જ ભેદજ્ઞાન છે. એ ભેદજ્ઞાન થયું, તે ભેદજ્ઞાનરૂપ છીણી છે, તે જીવ અને બંધની વચ્ચે મારે તો છૂટી જાય.

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે; ઉપયોગી સદા અવિનાશ; મૂળ૦**
**એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ૦ "**

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ ભાવનાબોધ એકત્વભાવના વચનામૃત પૃષ્ઠ નં. ૪૦.

ભેદજ્ઞાન કહો કે જ્ઞાન કહો. એ ભેદજ્ઞાન દ્વારા મોક્ષ થાય છે. જેવો જ્ઞાનીએ આત્મા જાણ્યો તેવું મારા આત્માનું સ્વરૂપ છે. એ નિશ્ચય રત્નત્રયસ્વરૂપ છે. બે પદાર્થો ભેદજ્ઞાનથી ભિન્ન જાણ્યાં, ત્યારપછી જીવને ગ્રહણ કેમ કરવો તે કહે છે.

પ્રજ્ઞા એટલે સદ્ગુરુના બોધથી જે સમજણ આવી તે; એથી આત્મા ભિન્ન ઓળખાય છે અને એની જ ભાવના કરવાથી આત્મા ગ્રહણ થાય છે.

**''આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે''**

આત્માને ભિન્ન કરવો હોય તો એ ભેદજ્ઞાનથી થાય છે. હું શરીર છું, હું શરીર છું એમ કરતો હતો; પણ સદ્ગુરુ મળ્યા ત્યારે જાણ્યું કે દેહ જુદો છે, દેહ છે તે ભાર છે. એને સત્સંગનો રંગ લાગે, એ આત્માને માટે જ જીવે છે. આત્માનું હિત થાય તેમ જ એ જીવે છે. પછી એ ગમે ત્યાં જગતને છેડે જાય, તોય ભુલાય નહીં. ''આત્માથી સૌ હીન'' આત્માની ઓળખાણ થાય તો બધી વસ્તુઓ એનાથી ઊતરતી લાગે. આત્મા જાણનારો છે, તે સર્વથી ઉત્તમ અને જુદો છે, એમ જાણ્યું ત્યારથી ભેદજ્ઞાન થયું કહેવાય. ત્રણે લોકમાં આત્મા સાર વસ્તુ છે. બધું જે દેખાય છે અને આત્મા છે, તે બેય જુદાં છે. જેમ અરીસામાં વસ્તુ દેખાય છે તે જુદી છે અને અરીસો જુદો છે, તેમ આત્માના જ્ઞાનમાં બધા પદાર્થો જણાય છે પણ તે આત્માથી ભિન્ન છે. પરનો અર્થ ભિન્ન પણ થાય છે અને શત્રુ પણ થાય છે. એ પરનો વિશ્વાસ ન રાખવો. મોક્ષની રુચિ જેને નથી તે શાસ્ત્ર સાંભળે, તેથી પણ તેને વિષય વધે છે. એ શાસ્ત્રો વાંચે, તપ કરે, પણ સંસારની રુચિ એની ગઈ નથી, તેથી એનું ચિત્ત દેવલોકમાં જાય. જેમ સર્પને દૂધ પાવાથી ઝેર વધે છે, તેમ એને શાસ્ત્ર વગેરેથી પણ વિષય-કષાયરૂપ ઝેર વધે છે.

**''વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ;**
**ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ.''** (૧૫)

કષાય શાંત થાય એવાં ભગવાનનાં વચનો છે, છતાં અભવ્યને એથી અસર થતી નથી. દ્રવ્યશ્રુત ભણે પણ ભાવશ્રુતરૂપે પરિણમતું નથી.

આંખના જેવો સ્વભાવ આત્માનો છે. આંખથી ઘડો દેખે પણ આંખ ઘડો કરતી નથી. તેમ આત્મા, કર્મ છૂટે-બંધાય તેને જાણે છે પણ એનો એ કર્તા નથી. આ નિશ્ચયનયની વાત છે. વ્યવહારથી લોકો કહે કે આ એનો કાકો, આ એનો મામો, આ એનો પુત્ર, પણ સમજુ હોય તેને લાગે કે મારું કાંઈ નથી. બધું અહીં જ પડ્યું રહેવાનું છે. હું તો અસંગ છું. પરમાણુ માત્ર પણ મારું નથી, એમ માને. પરમાણુ માત્રને પણ મારું માને તે અજ્ઞાન છે, તે એનું થઈ જવાનું નથી. લોકોમાં જે કહેવાય છે તેની કિંમત નથી. સાચું જાણવું તો છુટાય. હું દેહ છું, હું રૂપાળો છું, હું જાડો છું, હું પાતળો છું એમ ગણે, પણ દેહ એનો થાય નહીં. જેમ છે તેમ જાણે તો છુટાય, નહીં તો મનુષ્યભવ લુંટાઈ જાય.

*

(સાંજના-સભામાં)

પૂજ્યશ્રી—સંસારમાં બધે રાગદ્વેષ છે.

(સવારના—ઉપર) ૫૨ શ્રીમદ્ રા.આ.અગાસ, અષાઢ વદ ૦)), સં.૨૦૦૯

પૂજ્યશ્રી—માંદગી વખતે માંદગીમાં મન ન રહે તે માટે સ્મરણમાં મન રાખવાનું છે.

મુમુક્ષુ—શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન થયા પછી પરણ્યા કેમ?

પૂજ્યશ્રી—એવો ઉદય હતો. એમણે પ્રયત્ન તો બહુ કર્યો હતો. વેપાર કરવો પડ્યો. એ જાણતા હતા કે ઉપાધિ છે, પણ મનસુખને કમાવી દઈ દેવું પતાવવું હતું તેથી કરવું પડ્યું.

તીર્થંકરની સભામાં શત્રુ, મિત્ર થાય છે. વાઘ, બકરી પાસે બેસે છે. સત્સંગમાં કષાય મંદ થાય છે. કૃપાળુદેવે આખી જિંદગી સત્સંગની શોધ કરી છે. કૃપાળુદેવે પોકાર કર્યો કે ''તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઈને રહીએ?'' (૧૨૮) તે પ્રભુશ્રીજીએ કરી આપ્યું. જગત બધું ભૂલી જવાય એવું સ્થાન કર્યું.

*

પૂજ્યશ્રી—(પોતાના પૌત્ર 'અશ્વિન'ને ઉદ્દેશીને)'મોક્ષમાળા' બહુ સુંદર છે. વારંવાર વાંચવાની છે. આ મનુષ્યભવ એક હોડી જેવો મળ્યો છે, તે અહીં જ પડી રહેવાનો છે. એથી જો પેલી પાર જતો રહે તો સંસારસાગર તરી ગયો ગણાય.

(સવારના—ઉપર, ૯-૦૦ વાગે) ૫૩ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ સુદ ૧, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—વિચાર ન આવતો હોય તો નિશાળમાં જેમ છોકરાઓ નિબંધ લખે છે તેમ લખવાનું રાખવું. આશ્રમ ઉપર નિબંધ લખવો કે આશ્રમમાં શું શું છે? કોણ ક્યાં રહે છે? અમુક ઝાડ ઉપર નિબંધ લખવો. ચારે બાજુ ધ્યાન દઈને જેટલું આપણે જાણ્યું હોય તેટલું લખવું. એમ કરતાં કરતાં ટેવાઈ જવાય. ત્યારપછી વિચાર આવે. પહેલાં તો જ્ઞાનીપુરુષોનાં વચનોને આધારે આધારે જ વિચાર આવે છે, પછી પોતાને ગરજ જાગે છે કે આ બધું લખું છું, પણ મારે શું કરવાનું છે? મારામાં શું શું દોષો છે? એમ પોતાનો વિચાર કરે તો કોઈક વખતે જાગે.

જ્ઞાન ઉપર એક નિબંધ લખવો કે જ્ઞાનના કેટલા ભેદ છે? એ જ્ઞાન શાથી પ્રાપ્ત થાય? એ જ્ઞાનનું પરિણામ શું છે? એ જ્ઞાનથી કોણ કોણ મોક્ષે ગયા? એમ આપણે જેટલું જ્ઞાન સંબંધી જાણ્યું હોય તેટલું બધું લખવું, વિચારવું. પછી એમ લાગે કે હવે આપણને યાદ નથી ત્યારે પડી મૂકીને બીજું વિચારવું. ધ્યાન ઉપર નિબંધ લખવો. વિચાર કરવો કે એ ધ્યાનના કેટલા ભેદ છે? એ શાથી પ્રાપ્ત થાય? એમ જેટલું આપણે ધ્યાન સંબંધી જાણ્યું હોય તેટલું લખવું.

મુમુક્ષુ—વાંચના જે સ્વાધ્યાયનો ભેદ છે તે વાંચના એટલે વાંચવું જ કે?

પૂજ્યશ્રી—ખરી રીતે તો વાંચના એટલે જ્ઞાનીપુરુષ પાસે આજ્ઞા લઈ શીખવું. પહેલાં જેને કંઈ

શીખવું હોય તેઓ જ્ઞાનીગુરુ પાસે જતા અને ત્યારે જ્ઞાની તેમને શીખવતા, તે વાંચના આપી કહેવાય. આજ્ઞા મુખ્ય ધર્મ છે.

મુમુક્ષુ—તો વાંચવું એ કયા ભેદમાં ગણાય?

પૂજ્યશ્રી—જ્ઞાનીપુરુષ પાસેથી આજ્ઞા લઈ વાંચવું તે વાંચનામાં જ ગણાય છે. કૃપાળુદેવે લખ્યું છે—

''વાચના—એટલે વિનય સહિત નિર્જરા તથા જ્ઞાન પામવાને માટે સૂત્રસિદ્ધાંતના મર્મના જાણનાર ગુરુ કે સત્પુરુષ સમીપે સૂત્રતત્ત્વનું વાંચન લઈએ, તેનું નામ વાચનાલંબન.

પૃચ્છના—અપૂર્વ જ્ઞાન પામવા માટે, જિનેશ્વર ભગવંતનો માર્ગ દીપાવવાને તથા શંકાશલ્ય નિવારણને માટે તેમ જ અન્યના તત્ત્વની મધ્યસ્થ પરીક્ષાને માટે યથાયોગ્ય વિનયસહિત ગુર્વાદિકને પ્રશ્ન પૂછીએ તેને પૃચ્છના કહીએ.'' (મોક્ષમાળા શિ.પા.—૭૫)

સ્વાધ્યાય એટલે 'આત્માર્થે કરવું.' સ્વાધ્યાય એટલે સ્વ+અધ્યાય પોતાના આત્મા માટે કરવાનું છે. એવી જ રીતે આત્માર્થે પ્રશ્ન કરે તો તેથી સ્વાધ્યાય થાય છે. જ્ઞાન વધારવા માટે, શંકા ટાળવા માટે પૂછે તો એ પણ સ્વાધ્યાય છે. નહીં તો અમથું પૂછ પૂછ કરે તો કંઈ સ્વાધ્યાય થાય નહીં. આત્માર્થના લક્ષ સહિત હોય તો સ્વાધ્યાય થાય.

*

(સવારના—સભામાં, ૧૧-૦૦ વાગે)

પૂજ્યશ્રી—સત્પુરુષની ભકિત જીવને પ્રાપ્ત થાય ત્યારે અપૂર્વતા લાગવી જોઈએ.

''જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે. (૪૯૩) એટલું ફળ આવવું જોઈએ ત્યારે ''સહેજે આત્મબોધ થાય.''

હરિ પ્રત્યે અખંડ પ્રેમ એ જ વૈરાગ્ય છે. એટલો વૈરાગ્ય જોઈએ. યોગ્યતામાં મુખ્ય વૈરાગ્ય છે. હરિ પ્રત્યે અખંડ લય લાગવી જોઈએ. બીજા જે વિચારો આવે છે, તેટલી વૈરાગ્યની ખામી છે. મારી શી વલે થશે? એનો વિચાર આવવો જોઈએ. મનમાં કઈ કઈ વૃત્તિઓ કામ કરી જાય છે તે તપાસવાનું છે. માથે સત્પુરુષ હોય તો જે વાંચે તે સવળું પરિણમે.

*

(બપોરના—ઉપર)

પૂજ્યશ્રી—સત્સંગના વિયોગમાં જીવને બાહ્ય તપ ઉપર વિશેષ લક્ષ રહે છે. બાર પ્રકારના તપમાંથી સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ આદિ કરી શકાય. જે શીખ્યા હોઈએ તેના વિચાર, ભાવનામાં રહેવાથી તપ કરતાં પણ વધારે લાભ છે. તપથી પુણ્ય સંચય થશે તે એક ભવમાં

સુખનું કારણ છે. જો સમ્યક્ત્વ થવા અર્થે, આત્માની યોગ્યતા વધવા તથા પરમકૃપાળુદેવનું કહેલું સમજવા અર્થે તપ થાય તો લેખાનું છે, પણ કુગુરુઓના સંગમાં કંઈ તો કરવું જ પડે એમ કરીને કરે તો આત્માના ગુણો, સમ્યક્ત્વ આદિ પ્રગટવાનું કારણ ન બને. ઇન્દ્રિયોને અને મનને જીતવાથી સંયમ થાય છે. તપ એ કડવી ઔષધિ છે પણ એનું ફળ સારું છે. દવા તો કડવી જ હોય છે. થોડું થોડું તપ કરવા માંડે, યથાશક્તિ તપ કરે તો થઈ શકે છે. કોઈ દિવસ કંઈ કર્યું જ ન હોય અને પર્યુષણ આવે ત્યારે લાવો હું અઠ્ઠાઈ કરી નાંખું એમ એકદમ બોજો માથે ઉપાડે તો તેથી દુઃખી થાય છે. ઉપવાસ કરવો એ સુખ છે. જ્યારે પેટમાં પડે છે ત્યારે ભાર લાગે છે, માટે ઉપવાસથી આનંદ રહે છે.

ગરીબોના દુઃખને દૂર કરવું હોય તો અહિંસા, શીલ, વ્રત, નિયમનું પાલન કરાવવું અને દયામય જીવન રખાવવું.

મુમુક્ષુ–વૈયાવૃત્ત્યને અભ્યંતર તપ શા માટે કહ્યું? આમ દેખાય તો બાહ્ય જેવું જ છે?

પૂજ્યશ્રી–વૈયાવૃત્ત્ય કરે ત્યારે લોકોને એમ નથી લાગતું કે આ તપ કરે છે. વૈયાવૃત્ત્ય કરવાથી એની ઇચ્છા રોકાય છે, વૃત્તિઓ બહાર ભમતી અટકે છે. જ્ઞાનીપુરુષ પાસે વૈયાવૃત્ત્ય કરવા આવે ત્યારે બધી વૃત્તિઓ શાંત થઈ જાય છે. ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' જેવી ભાવના થઈ જાય છે. ખરી રીતે તો ઇચ્છાઓનો નિરોધ તે તપ છે. વૈયાવૃત્ત્યથી ઇચ્છાઓ રોકાય છે. ભાવપૂર્વક જ્ઞાનીપુરુષની વૈયાવૃત્ત્ય કરવામાં આવે ત્યારે એ તપ થાય છે.

વસુદેવ આગલા ભવમાં એક બ્રાહ્મણને ત્યાં નંદિષેણ નામનો પુત્ર હતો. એના માબાપ મરી ગયેલા. પછી એ ફરતો ફરતો એના મામાને ત્યાં ગયો. એના મામાને સાત કન્યાઓ હતી. એણે મામા પાસે એક કન્યાની માગણી કરી. મામાએ કહ્યું, સાતે કન્યાઓમાંથી જે કન્યા તારી સાથે પરણવાનું કહેશે તેને પરણાવીશું, પણ સાતે કન્યાઓમાંથી એકે કન્યા એને પરણી નહીં. તેથી એના મનમાં થયું કે મામાની કન્યા પણ મને પરણતી નથી, તો પછી બીજી કોણ મને પરણશે! તેથી મરી જવું સારું છે. એમ કરીને તે એક જંગલમાં પહાડ ઉપરથી પડતું મૂકવા જતો હતો. જેવો એ પડવા જતો હતો, તેવામાં કોઈ એક મુનિએ એને કહ્યું કે એવું ના કરીશ. પડતું ના મૂકીશ. પછી મુનિએ એને ધર્મોપદેશ આપ્યો કે મનુષ્યભવ દુર્લભ છે, કોઈક જ વખત મળે છે, માટે તું ધર્મ કરી લે. મુનિ પાસે એણે દીક્ષા લીધી અને પછી મુનિઓની ખૂબ વૈયાવૃત્ત્ય કરતો. ઇન્દ્રે પણ એની દેવલોકમાં પ્રશંસા કરી પણ કોઈ એક દેવને એનો વિશ્વાસ ના આવ્યો. તેથી તે રોગી સાધુનું રૂપ લઈ નંદીષેણ મુનિ પાસે આવ્યો. એનું શરીર જર્જરિત થઈ ગયેલું હતું. મોઢામાંથી લાળો પડતી હતી. બહુ ખાંસી આવતી હતી. ઝાડા થતા હતા, પણ તે જોઈને નંદિષેણને સેવા કરતાં જરા પણ મનમાં આવ્યું નહીં. તેથી દેવતાએ પ્રસન્ન થઈ પોતાનું સ્વરૂપ પ્રગટ કરી કહ્યું કે તમને ધન્ય છે. દેવ ત્યાંથી જતો રહ્યો. છેવટે જ્યારે સમાધિમરણ કરવાનો વખત આવ્યો ત્યારે પેલી કન્યાની વાત એને સાંભરી આવી. એણે નિયાણું કર્યું કે આ તપના પ્રભાવથી હું બધી સ્ત્રીઓને પ્રિય થાઉં. બધી

સ્ત્રીઓ મને ઇચ્છે એવો થાઉં. પછી ત્યાંથી મરીને વસુદેવ થયા. એવું નિયાણું કર્યું હતું તેથી ક્યાંના ક્યાંય એમને સ્ત્રીઓ ઉપાડી ગઈ. આમથી આમ અને આમથી આમ એમ આખી જિંદગી સુધી રખડવું પડ્યું.

ધર્મ કરીને સાચું સુખ મેળવવું દરેકના હાથમાં છે. જ્યારે કર્મનો તીવ્ર ઉદય હોય છે ત્યારે જીવનું બળ ચાલતું નથી, તેવા વખતમાં શાંત રહેવું. ધીરજ રાખી સ્મરણમાં રહેવું. ગભરાઈ ન જવું. કોઈ વખતે જીવ બળવાન થાય છે અને કોઈ વખતે કર્મ બળવાન થાય છે. સ્યાદ્વાદ માર્ગ છે. ઇન્દ્રિયોને બાધા પહોંચે એવી રીતે પણ ન કરવું જોઈએ, અને ઇન્દ્રિયોને પોષવી પણ ન જોઈએ. યથાશક્તિ તપ કરવું જોઈએ. તપ કરવાથી કંઈ રોગ થાય છે એમ નથી. એ તો થવાનું હોય છે, ત્યારે થાય છે; એ તો માત્ર નિમિત્ત છે. તપથી કર્મ વહેલાં ઉદય આવે છે તેથી જીવને લાગે કે આ આયંબિલ કર્યું તેથી મને આમ થયું.

સાધુ જ્યારે ઉપદેશ કરે ત્યારે પહેલાં તો મુનિધર્મનો ઉપદેશ આપે કે તમે મુનિ થાઓ. પછી પેલો કહે કે મારાથી એ નહીં પળાય, ત્યારે પછી મુનિ ગૃહસ્થધર્મને ઉપદેશે, તે પહેલાં ઉપદેશે નહીં. સ્યાદ્વાદ માર્ગ છે. આજ્ઞાથી ધર્મ છે.

સમંતભદ્રાચાર્યના ચરિત્રમાં આવે છે કે એમને સાધુ થયા પછી ભસ્મરોગ થયો, તેથી બહુ ભૂખ લાગે. થોડાક દિવસ તો સહન કર્યું. સાત આઠ દિવસ તો એમ ને એમ રહ્યા. ભલે સંથારો કરીને મરી જઉં, પણ સ્વચ્છંદે વર્તવું નથી એમ એમણે નક્કી કર્યું. પછી ગુરુ પાસે જઈને બધી વાત કરી કે મને આમ થયું છે. ગુરુએ જાણ્યું કે એને ભસ્મરોગ થયો છે તેથી એમ થાય છે. એનું સમ્યક્ત્વ છે તે બધા સાધુઓથી બળવાન છે. ગુરુએ કહ્યું કે જ્યાં સુધી આ રોગ મટે નહીં ત્યાં સુધી તમે બીજા ધર્મના કોઈ વેષમાં રહો. પછી સમંતભદ્ર થોડાક વર્ષ સંન્યાસીના વેષમાં રહ્યા. થોડાક દિવસ બૌદ્ધના વેષમાં રહ્યા. પછી શૈવધર્મીના વેષમાં રહ્યા, પછી ફરતાં ફરતાં કાશી આવ્યા. ત્યાં કાશી-વિશ્વનાથ નામનું મહાદેવનું મંદિર છે. ત્યાં રોજ એક મણના લાડવા થાય છે. બધા લોકો લાડવા કરીને મહાદેવની આગળ મૂકે. ઘંટડી વગાડે અને પછી પ્રસાદ વહેંચીને ખાઈ જાય.

એક દિવસે સમંતભદ્ર ત્યાં આવ્યા. લોકોને કહ્યું કે તમારા મહાદેવ લાડવા ખાય છે? લોકોએ કહ્યું, ના, મહાદેવ તો નથી ખાતા. સમંતભદ્રાચાર્યે કહ્યું, હું ખવડાવું. લોકોએ વિચાર્યું કે આ કોઈ મહારાજ આવ્યા છે તે મહાદેવને લાડવા ખવડાવાનું કહે છે, તો આપણે જોઈશું. કંઈ બધા મણના લાડવા તો ખાઈ જશે નહીં? એમ કરી તેમણે મહાદેવની આગળ મણના લાડવા કરીને મૂક્યા. શ્રી સમંતભદ્ર કમાડ વાસી અંદર ગયા. જઈને આ તો ખાવા માંડ્યા. એક ખાધો, બે ખાધા એમ કરતાં કરતાં બધા મણના લાડવા ખાઈ બહાર આવ્યા. લોકોને બહુ આશ્ચર્ય લાગ્યું કે આ તો બહુ ચમત્કારી મહારાજ છે. થોડા દિવસ સુધી તો એમ મણના લાડવા ખાઈ જતા, પણ દિવસે દિવસે જઠરાગ્નિ મંદ પડવા લાગી ત્યારે બે ચાર લાડવા વધતા. બહાર આવીને લોકોને કહે કે આજ તો મને મહાદેવે પ્રસાદ આપ્યો છે, લો તમને આપું. એમ કહી લાડવા આપી દેતા. દિવસે દિવસે

જઠરાગ્નિ બહુ મંદ પડવા લાગી ત્યારે બહુ લાડવા વધવા લાગ્યા. લોકોએ વિચાર્યું કે આમ કેમ થાય છે? એક દિવસે સમંતભદ્ર અંદર મંદિરમાં ગયા, ત્યારે લોકોએ મંદિરના એક ભૂંગળામાં એક નાના છોકરાને સંતાડી રાખ્યો અને કહ્યું કે આ શું કરે છે તે તું જોજે. સમંતભદ્ર તો લાડવા ખાઈને શિવના લિંગ ઉપર પગ રાખી સૂઈ ગયા. છોકરાએ બહાર આવીને કહ્યું કે આ તો પોતે ખાઈ જાય છે અને મહાદેવને નમસ્કાર પણ કરતો નથી. મહાદેવ ઉપર પગ મૂકીને સૂતો છે.

લોકોએ રાજા પાસે ખબર મોકલી રાજા સમંતભદ્ર પાસે આવ્યો અને કહ્યું કે સાંભળવામાં આવ્યું છે કે તમે મહાદેવને નમસ્કાર નથી કરતા. સમંતભદ્રે કહ્યું કે હું નમસ્કાર કરીશ પણ મહાદેવ ઝીલી શકશે નહીં. રાજાએ કહ્યું, પણ તમે કરજો ને? સમંતભદ્રે કહ્યું, સારું કરીશ. શાસનદેવીએ આવીને કહ્યું કે કશું ચિંતા કરશો નહીં. કાલે એ લિંગ ફાટીને ચંદ્રપ્રભુની પ્રતિમા નીકળવાની છે. બીજે દિવસે સમંતભદ્ર ત્યાં નમસ્કાર કરવા ગયા. બધા લોકો ત્યાં જોવા આવ્યા હતા. સમંતભદ્રાચાર્યે કહેલું કે મારા નમસ્કાર એ ઝીલી શકશે નહીં, ફાટી જશે. તેથી લોકોએ ચારેબાજુ સાંકળોથી મહાદેવને બાંધી રાખ્યા. સમંતભદ્રાચાર્યે ચોવીશ ભગવાનની સ્તુતિ કરવા માંડી. પહેલાં ઋષભદેવની સ્તુતિ કરી, પછી અજિતનાથની કરી, પછી સંભવનાથની, અભિનંદનસ્વામીની, સુમતિનાથની, પદ્મપ્રભુની અને સુપાર્શ્વનાથની સ્તુતિ કર્યા પછી ચંદ્રપ્રભુની સ્તુતિ આવી કે લિંગ ફાટીને ચંદ્રપ્રભુની પ્રતિમા નીકળી. પછી તો રાજા પણ વૈરાગ્ય પામી જૈનધર્મી થયો અને દીક્ષા લીધી. એ રાજાએ મુનિ થયા પછી 'ભગવતી આરાધના' નામનું પુસ્તક લખ્યું છે. કૃપાળુદેવે કહ્યું છે કે સમાધિમરણ કરવા માટે આ એક પુસ્તકમાં બધું આવી જાય છે. સમંતભદ્રના ગુરુ એમ જાણતા હતા કે એમનું સમ્યક્ત્વ બળવાન છે, તેથી અઠ્ઠાવીશ મૂળ ગુણો ધારણ કરેલા હોવા છતાં, ઊભા ઊભા ભોજન લેવાનું વ્રત લીધેલું, છતાં એમ કરવાની આજ્ઞા આપી. આજ્ઞામાં ધર્મ છે.

*

(રાતના–ઉપર, ૯-૩૦ વાગે)

પૂજ્યશ્રી–(પોતાના પૌત્ર અશ્વિનને ઉદ્દેશીને) ત્યાં આફ્રિકા જવાનું છે, તો તેં જે સાત વ્યસનનો ત્યાગ લીધો છે, જુગાર, માંસ, દારૂ, ચોરી, શિકાર, વેશ્યા અને પરસ્ત્રીનો ત્યાગ લીધો છે, તે સાચવીએ. ત્યાં તો એવા સંગ મળે કે કંઈ ને કંઈ વ્યસન વળગી જાય. ત્યાં ભણવા જઈએ ત્યારે ખરાબ છોકરાની સાથે ભાઈબંધી ન કરીએ. સારો છોકરો મળે તો કરવી, નહીં તો ભણીને ઘેર આવવું. રવિવારે રજા હોય ત્યારે આપણે ધર્મનું ગોખવું. 'તત્ત્વજ્ઞાન'માંથી કે બીજામાંથી ગોખવું, ભક્તિ કરવી, મોઢે કરવાનું વધારે રાખવું. કંટાળવું નહીં. બીજા બધા રવિવારે ફરવા જાય, વાતો કરે, પણ આપણે તો આજે ભક્તિનો દિવસ છે એમ કરી ગોખવું, વાંચવું, વિચારવું. બીજી વાતો કરે તો વિકથા થાય તેથી કર્મ બંધાય. રોજ થોડું પણ ગોખવાનું રાખવું. પુસ્તક વાંચતાં આપણને જે સારું લાગે તે એક નોટમાં ઉતારી લઈએ. એમ કરતાં કરતાં ચાર પાંચ વર્ષે એક એવી નોટ તૈયાર થાય કે બધા શાસ્ત્રોનો સાર તેમાં આવી જાય. સ્ટીમરમાં બેઠા હોઈએ ત્યારે ભક્તિ કરીએ,

ગોખીએ, વિચારીએ. કાગળ લખે ત્યારે બધું લખજે કે સ્ટીમરમાં પહેલે દિવસે આટલું ગોખ્યું, વાંચ્યું, વિચાર્યું. બીજે દિવસે આટલું ગોખ્યું, વાંચ્યું, વિચાર્યું. એમ દરેક દિવસનું જે આપણે શીખ્યા, વાંચ્યા હોઈએ તે લખજે. ગોખે તો ધર્મધ્યાન થાય છે. વાંચે તોયે ધર્મધ્યાન થાય, વિચારે તોયે ધર્મધ્યાન થાય. એ ધર્મધ્યાન જીવને હિતકારી છે. જગતમાં બધેય દુઃખ છે, દુઃખ. તારા જેટલા છોકરા હોય તે બોર્ડિંગમાં કપડાં વગેરે બધું સંભાળે છેને? તેમ આત્માની વાત પણ સંભાળવાની છે. આપણું મૂળ ધન તો જ્ઞાનધન છે. તે વધારવાનું છે. પ્રભુશ્રીજી એક વાત કહેતા.

એક ગુરુને તારા જેવો એક નાનો શિષ્ય હતો. વિહાર કરતાં એક ગામડામાં ગુરુ-શિષ્ય જઈ ચઢ્યા. ધર્મશાળામાં ઊતર્યા. પંથનો શ્રમ ગુરુને લાગેલો દૂર કરવા શિષ્યે થોડી સેવા કરી અને ગોચરીનો વખત થતાં વસ્તીમાં જવા આજ્ઞા માગી. ગુરુની રજા મળતાં ભિક્ષાએ જવાની તૈયારી કરી, એક લત્તામાં શિષ્ય જતો હતો ત્યારે પાંજરામાં રહેલા એક પોપટે કહ્યું—'મહારાજ પધારો.' શિષ્યને નવાઈ લાગી. પાંજરા પાસે ગયો ત્યાં પોપટે કહ્યું—'માજી, મહારાજ વહોરવા પધાર્યા છે.' ત્યાં તો ઘરમાંથી એક વૃદ્ધ બાઈ અને બે ત્રણ છોકરાં બહાર આવ્યાં. વિનયસહ મહારાજને ભિક્ષા લેવા અંદર લઈ ગયાં. મહારાજ જોઈતી યોગ્ય ભિક્ષા લઈ બહાર આવ્યા ત્યારે પોપટે પૂછ્યું—'મહારાજ, તમારી સાથે કોઈ મોટા સાધુ છે?' શિષ્યે કહ્યું—'હા, મારા ગુરુજી છે.' પોપટે પૂછ્યું—'તો મારી એક વાત તેમને પૂછી કાલે જવાબ મને જણાવશો?' શિષ્યે હા પાડી એટલે પોપટે કહ્યું—'હું આ પાંજરામાંથી કેવી રીતે મુક્ત થાઉં? એટલું પૂછી લાવજો.' બીજેથી થોડી થોડી ભિક્ષા લઈ શિષ્ય ગુરુ પાસે ગયો. ત્યાં તેણે પોપટની વાત તથા પ્રશ્ન ગુરુને જણાવ્યાં. જ્ઞાની ગુરુ એકદમ જમીન પર ગબડી પડ્યા. થોડીવાર હાથ-પગ હલાવી મુખથી કંઈ અવાજ કરી, પા કલાક શાંત પડી રહ્યા. શિષ્ય ગભરાયો, શીત ઉપચાર કરવા લાગ્યો. પછી ભાનમાં આવ્યા હોય તેમ બેઠા થયા. બન્નેએ ભોજન કર્યું.

બીજે દિવસે ગોચરીનો વખત થયો ત્યારે શિષ્ય ગુરુની આજ્ઞા લઈ ભિક્ષા માટે વસ્તીમાં ગયો. પોપટને બધી બીના કહી. પોપટ સમજી ગયો. મહારાજ ગયા પછી 'ચીં ચીં' શબ્દ કરી, પાંખો ફફડાવી, તે સળીઆ પરથી પાંજરામાં પડી ગયો. છોકરાં આવીને જુએ તો પોપટ બેભાન જણાયો. તેથી પાંજરું છોડી અગાશીમાં [1]વાવાશ ખુલ્લું કરીને બધાં જમવા ગયાં. પોપટ પાંજરામાંથી નીકળી ઊડી ગયો. આ રહસ્યમય કથા બહુ વિચારવા યોગ્ય છે. તેમાં [2]મુક્તિમાર્ગ દર્શાવ્યો છે.

આ વાત કહીને? તેનો સ્ટીમરમાં બેઠા બેઠા વિચાર કરીએ કે આપણને આવી વાત શા માટે કહી હશે? હમણાં તને આ વાત નહીં સમજાય, પણ પછી સમજાશે. એટલું યાદ રાખજે કે મને જ્ઞાનીપુરુષે એવી વાત શા માટે કહી હશે? બને તેટલો આપણે એનો વિચાર કરવો, ભૂલી ન જઈએ.

---

૧. પવન લાગે તેવી જગામાં. ૨. ગ્રંથયુગલ- સમાધિશતક ગાથા-૧૭ના વિવેચનમાં આ કથા છે.

(બપોરના–ઉપર) ૫૪ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ સુદ ૨, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–કોણ જાણે ક્યારે દેહ છૂટશે, તેની ખબર નથી. એક જણ ખાવા બેઠો હતો. કોળિયો લઈ મોઢામાં મૂકતો હતો કે એટલામાં દેહ છૂટી ગયો. જેમ ગધેડાનું પૂછડું પકડ્યું હોય અને લાત મારે તોય છોડે નહીં, તેમ જીવ સંસારમાં દુઃખ ભોગવે છે, છતાં તેને જ પકડી રાખે છે; છોડતો નથી. એક દિવસ પુરુષાર્થ કરવાથી કર્મ ખસે એવાં નથી. આખી જિંદગી સુધી કરે ત્યારે ખસે. જેમ નાનો છોકરો માટીના બળદને, ઘોડાને, મોટરને, રમકડાને 'આ મારું છે, આ મારું છે' એમ માને છે; તેમ જીવ આખી જિંદગી સુધી મારું મારું કરે છે. થોડાક દિવસમાં બધું અહીં જ પડ્યું રહેશે. જગતમાં વિષય-ઇચ્છા પોષવાવાળા ઘણા વધી રહ્યા છે. તેમ ઉપર ઉપરથી આત્માની વાતો કરે તેવા પણ ઘણા વધી રહ્યા છે. ઘણા એવા મળે છે કે વિષયની ઇચ્છા હોય અને ઉપર ઉપરથી આત્માની વાતો કરે. કૃપાળુદેવે લખ્યું છેને? ''આ કાળમાં આટલું વધ્યું:–ઝાઝા મત, ઝાઝા તત્ત્વજ્ઞાનીઓ, ઝાઝી માયા અને ઝાઝો પરિગ્રહવિશેષ.'' (૨૧-૯૫) આટલું આ કાળમાં વધ્યું.

આજના લોકો કઠિન કઠિન જે લૌકિક શાસ્ત્રો છે એંજિનીયરીંગ, સાયન્સ વગેરે તેને ભણે છે અને કેટલાક આધ્યાત્મિક શાસ્ત્રો મોઢે કરી જ્ઞાનીપુરુષનાં વચનો લોકોની સભામાં બોલે; તે લોકો તો બિચારા જાણતા નથી, તેથી માને કે ઓહો! એના જેવું સમ્યક્ત્વ ક્યાં મળે? એ તો મોટા જ્ઞાની છે.

પૂજ્યશ્રી–આસ્તિક્ય એટલે શું?

૧ મુમુક્ષુ–વિશ્વાસ.

૨ મુમુક્ષુ–શ્રદ્ધા.

૩ મુમુક્ષુ–સત્પુરુષના વચનોમાં તલ્લીનતા.

પૂજ્યશ્રી–''માહાત્મ્ય જેનું પરમ છે એવા નિઃસ્પૃહી પુરુષોનાં વચનમાં જ તલ્લીનતા તે 'શ્રદ્ધા'–'આસ્થા.' '' (૧૩૫) સત્પુરુષનાં વચનોમાં જ તલ્લીનતા થઈ જાય, જગત બધું ભૂલી જવાય તે આસ્તિક્યતા છે. શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા એ તો મિથ્યાદૃષ્ટિને પણ હોઈ શકે છે, પણ આસ્થા ગુણ છે તે તો સમ્યક્ત્વીમાં જ હોય. મોઢાથી આત્માની વાતો કરતો હોય પણ આસ્તિકતાની કસોટીથી પરીક્ષા કરે તો બધી કલાઈ ઉઘાડી થઈ જાય. પીત્તળનું વાસણ હોય અને ઉપરથી કલાઈ કરી હોય તો ચાંદી જેવું લાગે પણ પરીક્ષા કરે ત્યારે પીત્તળ નીકળે, તેમ એની બધી પોલ ખૂલી જાય. જ્યારે ચિત્ત શાંત હોય છે ત્યારે ઘણી શંકાઓના ઉકેલ આપોઆપ થઈને સમાધાન થઈ જાય છે.

ક્ષમા એ આત્માનો ધર્મ છે. ગમે તેવા ક્રોધના વચન કહે, તોય ક્રોધ ન કરવો. આ બિચારાનો દોષ નથી, મારાં એવા જ કર્મ છે એમ વિચારી ક્ષમા રાખવી. એક દિગંબર મુનિ હતા તે એક ગૃહસ્થને ત્યાં વહોરવા ગયેલા. ગૃહસ્થે ઊના ઊના ખીરના વાસણને લૂગડાથી પકડીને મુનિના હાથમાં ખીર રેડી. મુનિએ તે ઊની ઊની ખીર તે ગૃહસ્થના મોઢા ઉપર નાખી દીધી. ક્રોધના

વખતમાં એવું થાય છે. સંયમનું પાલન કરવા માટે દેહ છે. પાલન ન થાય તો દેહને શું કરવો? કૃપાળુદેવે 'અપૂર્વ અવસર'માં લખ્યું છેને?

**"સંયમના હેતુથી યોગપ્રવર્તના, સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો;**
**તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં, અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો."**

*

(સાંજના—સભામાં, 'સમયસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—જ્ઞાની હોય અને રાત્રે પાણી પીતા હોય, તેથી કંઈ સમકિત જતું રહે એમ નથી. એ જ્ઞાનને અને એને કંઈ સંબંધ નથી. એ તો મિથ્યાત્વનો ઉદય આવે ત્યારે જ સમ્યક્ત્વ મટી મિથ્યાત્વરૂપ થાય છે.

*

(સાંજના—ઉપર)

પૂજ્યશ્રી—સત્સંગ કરવાનો શા માટે? જ્ઞાનીપુરુષનું કોઈ એક વચન લક્ષમાં રહે તે માટે. આત્મહિત કરવું. એ જેથી થાય તે કરવું. મધ્યસ્થ દૃષ્ટિ રાખવી. આપણને લાભ થાય એવું કરવાનું છે. જેટલું જ્ઞાની પ્રત્યે, જ્ઞાનીના વચન પ્રત્યે બહુમાનપણું રાખશો તેટલો વધારે લાભ થશે. લખ-ચોરાશીમાં એક મનુષ્યભવ ઉત્તમ કહ્યો છે. કેટલાક દેવો હોય છે તે નિયાણું કરે છે. દેવોને અવધિજ્ઞાન હોય છે તેથી ગર્ભમાં કેટલું દુઃખ છે તે એને દેખાય છે અને તેથી એને એમ થાય કે આ દુઃખમાં ઉત્પન્ન ન થવું. કોઈ ચંદનવૃક્ષમાં કે બીજા કોઈમાં ઉત્પન્ન થઉં તો સારું. તેથી તેમાં ઉત્પન્ન થાય છે. ઇચ્છા રોકવી તે તપ છે. મનના કહ્યા પ્રમાણે ન ચાલે તે તપ છે, નહીં તો લાંઘણ છે.

મોક્ષનું સાધન મનુષ્યભવ છે. દેવમાં બહારનાં સુખ પ્રાપ્ત કરવાની બધી સામગ્રી હોય છે, પણ મોક્ષની પ્રાપ્તિનાં સાધનો હોતાં નથી. એઓનું મન બહુ ચંચળ હોય છે. ઇચ્છા રોકી શકતા નથી. દરિયામાં રત્ન ખોવાઈ ગયું હોય તો હાથમાં આવવું દુર્લભ છે તેમ મનુષ્યભવ દુર્લભ છે. દુર્લભતા બતાવે છે કે મનુષ્યભવ ફરી ફરી મળતો નથી. અચાનક પુણ્ય-પાપની સરખાઈ કોઈક વખતે થાય છે ત્યારે મનુષ્યભવ મળે છે. કોઈ મૂર્ખો માણસ મતિ વગરનો છે. તેને એક હાથી મળ્યો તેને લાકડાં લાદવા માટે રાખ્યો. એને કોઈ સોનાની થાળી મળી તે ધૂળ ભરવા રાખી. હાથીને રાજાની સવારી માટે રાખવો જોઈએ તેને બદલે એ લાકડાં લાદવા માટે રાખે છે. સુધારસની એને એક શીશી આપી. તેનું એક ટીપું જો મરેલા માણસના મુખમાં નાંખે તો બેઠો થાય, તેને પગ ધોવામાં વાપરે છે. રત્ન ચિંતામણિ મળ્યું તેને કાં કાં કરતા કાગડાને ઉડાડવા ફેંકી દઈ રડે છે, તેમ મનુષ્યભવ મળ્યો છે તે ખાવા-પીવામાં વાપરે છે. આ મનુષ્યભવ મળ્યો છે તે ખાવા-પીવા, મોજ-શોખમાં ખોવે છે, તે મૂર્ખો છે. દુર્લભ વસ્તુ મળી છે તેને નકામી ખોઈ નાંખે

છે. આ મનુષ્યભવ લાંબો ચાલવાનો નથી માટે ઝટ કામ કરી લેવું. જેમ હોડી મળી હોય તેથી તરીને પેલી પાર જતા રહીએ, તેમ મનુષ્યભવ મળ્યો છે તો આત્માનું હિત કરી લેવું.

પાણીના પરપોટાની પેઠે ફુટી જાય એવો મનુષ્યભવ છે. નાશવંત એનો સ્વભાવ છે, છતાં આટલો વખત ટક્યો તે નવાઈની વાત છે. સવાર થતાં ફૂલ ખીલે છે ને બપોર થતાં કરમાઈ જાય છે. તેમ જગતમાં એવાં કેટલાક પદાર્થો ઝાકળ વગેરે નાશ થઈ જાય છે. સવારે પરણાવે છે અને સાંજે રડે છે, એવું દેખાય છે. ધન-યૌવનમાં જીવ પોતાને ભૂલી જાય છે, પણ બેય મધ્યાહ્નની છાયા જેવાં કહ્યાં છે. એ થોડી વાર ટકે છે. જીવને એમ રહ્યા કરે છે કે આવું ને આવું યૌવન, પૈસા, ધન વગેરે બધું રહેશે, પણ ક્ષણવારમાં શું થશે તેની ખબર નથી. બધું પલટાતું છે. યુવાન છે તે ઘરડો થઈ જાય અને ઘરડો મોતના મોઢામાં પેસી જાય છે. જગતમાં કંઈ સ્થિર નથી. કેટલાય માણસોને જીવ મરતાં દેખે છે, પણ મારે મરવાનું છે એ જીવને સાંભરતું નથી. એના જેવું આશ્ચર્ય એકે નથી. સૂઈ ગયો હોય ત્યાર પછી સવાર સુધી આયુષ્ય પહોંચશે કે નહીં એવી આશંકા થાય છે. જાગે ત્યારે જીવતો દેખે અને ઊંઘે ત્યારે મરી જવા જેવું થાય છે, એમ રોજ જીવન મરણ થયા કરે છે. ક્યારે સાચી રીતે મરણ થશે તેની ખબર નથી. શ્વાસોચ્છ્વાસ આવે છે અને જાય છે. શ્વાસ ગયો તે પાછો અંદર આવશે કે નહીં? તેની ખબર નથી.

મનને કહે છે કે આ સડી ગયેલા શરીરમાં શું સુખ માને છે? શરીરમાં નિરાંતે રહેવાનું નથી. લશ્કરને ચાલવાનો વખત થાય ત્યારે નોબતના નગારાં વાગે છે, તેમ આ શરીરમાંથી રવાના થવા માટે શરીરમાં રોજ શ્વાસોચ્છ્વાસના નગારાં વાગે છે. ક્યારે લઈ જશે તેની ખબર નથી. દશરથ અને રામ જેવા પણ અહીં જન્મ્યા તે ન રહ્યા, તો તું મૂર્ખો કેવી રીતે રહેશે? આ શરીર ઊલટી રીતે ચાલે છે. ખેતરમાં વાવીએ તે ઊગે પણ આ શરીરમાં તો દૂધપાક નાખીએ તો વિષ્ટા થાય. ચોખ્ખી વસ્તુ અંદર નાંખીએ તોય હાડ, માંસ, રુધિરરૂપ થાય છે. કરોડો ઉપાય કરે તોય ક્ષણવારમાં જતું રહે એવું છે. આ શરીર જતાં જરા પણ વાર ન લાગે. વાત કરતાં હૃદય બંધ થઈ જાય તો જતો રહે, એવું સ્વપ્ના જેવું છે. તેમાં સુખ માને છે. યમરાજાને કંઈ વિવેક નથી કે આ ઘરડો છે માટે તેને પહેલાં લઈ જઉં, ને આ યુવાન છે માટે તેને પછી લઈ જઉં. આ રાજા છે માટે ન લઈ જઉં. મરણ આવે ત્યારે બધાને લઈ જાય, બધાને જવું પડે. જેમ અગ્નિ સૂકું, લીલું બધું બાળી નાંખે, તેમ મરણ આવે ત્યારે બધાને લઈ જાય છે.

પ્રભુશ્રીજી કહેતા કે 'ઝબકે મોતી પરોવી લો' મનુષ્યભવ છે ત્યાં સુધી આત્માનું કામ કરી લો, પછી કૂતરા-કાગડાના ભવમાં ન થાય. મનુષ્યભવમાં જેટલો ધર્મ થાય તેટલો ફાકો મૂઠી કરી લેવો, પછી ન બને. જેમ વીજળીનો ઝબકારો થાય ત્યારે અજવાળું થાય, તેટલામાં જો મોતી પરોવી લે તો પરોવાઈ જાય; નહીં તો અંધારું થઈ ગયા પછી કંઈ ન થાય, તેમ આ મનુષ્યભવ મળ્યો છે તેમાં આત્માનું કામ કરી લઈએ તો થઈ જાય, નહીં તો પછી બીજા ભવોમાં ન બને.

કરવું, કરાવવું, અનુમોદવું બધામાં પાપ છે. જેમ કોઈને મધ જોઈતું હોય અને તેને મળી

જાય. પછી તે આપણને કહે કે મધ જોઈતું હતું તે મળ્યું. આપણે કહીએ, 'સારું થયું' તોય પાપ લાગે. મધને અડવાથી જ પાપ થાય છે. મધમાં ઘણા જીવો હોય છે. એની આજુબાજુ જીવો ફરતા જ હોય છે. આપણે મધ ન ખાવાનું વ્રત લીધું છે. ખાય નહીં પણ બીજા કોઈમાં વાપરે તોય પાપ તો થાય છે. વ્રત ન ખાવાનું છે તેથી તે વ્રત ભંગ ન થાય; પણ પાપ તો થાય. માટે મધ આપણે ઘરમાં સંઘરવુંય નહીં; નહીં તો કોઈને આપવાનું મન થાય કે લો, આપણે તો નથી ખાતા, તો એને તો આપીએ.

જ્ઞાનીનો અર્થ માત્ર જાણનાર રહે તે. જાણનાર રહે તો નવાં કર્મ ન બંધાય.

(સવારના—સભામાં, સ્તવન બોલતી વખતે) ૫૫ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ સુદ ૩, સં.૨૦૦૯

મુમુક્ષુ—'ગજનિમિલિકા કરવી તુજને નવિ ઘટે' એટલે શું? (યશોવિજયજી– ૧૫)

પૂજ્યશ્રી—હાથી જેમ આંખો મીંચીને ચાલ્યો જાય છે, કૂતરાં ભસે તોય સામું જોતો નથી; તેમ હે ભગવાન! આપ એમ ચાલ્યા જાઓ છો, અમારી સામું જોતા નથી અને જો સામું જુઓ તો બધા કર્મનું બળ જતું રહે.

*

(બપોરના—ઉપર, 'ચારિત્ર ચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—શરીરની કથામાં બધો વખત જાય છે. અર્ધું આયુષ્ય તો સૂવામાં જાય છે. દિવસ બધો ખાવાપીવામાં જતો રહે છે. એમ આ મનુષ્યની આખી જિંદગી જતી રહે છે. અમૃતને પગ ધોવામાં વાપરે છે. મનુષ્યભવ પામ્યો પણ સફળ ન કરે તો કોડીની કિંમતનો પણ નથી, ફૂટી બદામનોય નથી. પરવસ્તુમાં ગયો તો ફુટી બદામનોય નથી. બાળપણામાં જે બધી ચેષ્ટાઓ કરી, તેનો તો પાર આવે એમ નથી. એની તો અનંત કથા છે. યુવાનીમાં સ્ત્રીઓમાં એનું ચિત્ત રહે છે, તે બધા જાણે છે. બધો વખત એનો એમાં જાય છે. ઘરડો થાય ત્યારે મોઢું ઉઘાડે કે લાળ પડે એવી શરીરની અવસ્થા છે. બાલ્યાવસ્થામાં માખી ઉડાડતાંય નથી આવડતું. યુવાન અવસ્થામાં વિષયમાં જીવન જાય છે. વૃદ્ધાવસ્થામાં પરાધીનતા છે, તો તું ક્યારે ચેતનની સંભાળ લઈશ? એમ કહે છે.

શ્રી કુંદકુંદાચાર્ય કહે છે કે જ્યાં સુધી વૃદ્ધાવસ્થા આવી નથી ત્યાં સુધી કામ કરી લે. પછી કંઈ થઈ શકશે નહીં. જ્યાં સુધી રોગરૂપી દાવાનળ નથી ફેલાયો ત્યાં સુધી ધર્મનું કામ કરી લે, પછી ન થાય. યુવાનીમાં પણ કેટલાક એવા રોગ આવે છે કે આખી જિંદગી ખાટલામાં પડ્યા રહેવું પડે છે. જ્યાં સુધી ઇન્દ્રિયો કામ આપે છે ત્યાં સુધીમાં ધર્મનું કામ કરી લે, પછી ન થાય. શરીર સારું છે ત્યાં સુધી ધર્મનું કામ કરી લે. વૃદ્ધાવસ્થામાં પરાધીન થઈ જાય. એવી અવસ્થા આવે ત્યારે જીવ શું કરે? જ્યાં સુધી કાળ આવી પહોંચ્યો નથી, જ્યાં સુધી શ્વાસોચ્છ્વાસ ચાલે છે, ત્યાં સુધી ધર્મનું કામ કરી લે. જ્યાં સુધી બુદ્ધિ બગડી નથી, કાન કામ આપે છે, ત્યાં સુધી ધર્મનું

કામ કરી લે. 'સાઠે બુદ્ધિ નાઠી' એમ કહેવાય છે. હે મિત્ર, જ્યાં સુધી પરાધીનતા આવી નથી ત્યાં સુધી ધર્મનું કામ કરી લે. પછી તો તારું ચાલશે નહીં. ઘર લાગ્યા પછી કૂવો ખોદવો શા કામનો? જ્યારે વૃદ્ધાવસ્થા આવે, છેલ્લા શ્વાસ ચાલે ત્યારે શું થઈ શકે? પ્રમાદ એ શત્રુ છે. પ્રભુશ્રીજી વારંવાર કહેતા કે આળસ ને પ્રમાદ એ વેરી છે. જે બનવાનું છે તે બનશે એમ આળસુ જીવ કરે છે. પ્રારબ્ધ એટલે પહેલાનો પુરુષાર્થ, તે આ ભવમાં પ્રારબ્ધ કહેવાય છે. કૃપાળુદેવને વાંચતાં ઝટ યાદ આવતું. પહેલાં જે પુરુષાર્થ કર્યો હતો, તેથી ઝટ યાદ આવતું. મતિજ્ઞાનાવરણીયનું આવરણ ઓછું થાય તો આગલા ભવ પણ એને સાંભરે. કર્યા વગર તો કંઈ થતું નથી. પહેલાં પાપ કર્યું હોય તો તેનું ફળ રોગ આવે, દુઃખ આવે. પુણ્ય કર્યું હોય તો તેનું ફળ સુખ આવે. પુરુષાર્થ કરે તો બધું (પુણ્ય-પાપ) હઠાવી શકાય છે, જેમ દવાથી રોગ હઠાવી શકાય છે.

આળસ કહે છે કે કોઈ ઉદ્યમ કરતો હોય, કોઈ સૂતો હોય, કોઈ રાતદિવસ દોડાદોડી કરતો હોય, તોપણ જેટલું લખ્યું છે તેટલું મળવાનું છે, માટે તું સોડ તાણીને સૂઈ જા, પુરુષાર્થ ન કર.

હવે ઉદ્યમ કહે છે કે હે શઠ, તું શું બોલ બોલ કરે છે? અમે તો ઉદ્યમ કરી સમકિત પામીએ છીએ. પુરુષાર્થ કરે તો શ્રાવકનાં વ્રતોય આવે, મુનિપણુંય આવે, બધું થાય. મિથ્યાત્વ તજીને જે ઉત્તમ સમ્યક્ત્વ છે તે પુરુષાર્થથી પ્રાપ્ત કરાય છે. મુનિપણું પામીને ક્ષપક શ્રેણિ માંડી, કેવળજ્ઞાન પામીને મોક્ષે પણ ગયા છે.

સંસારમાં પ્રારબ્ધ હોય તે પ્રમાણે થાય, પણ પરમાર્થમાં તો કરે તો જ થાય; પુરુષાર્થથી થાય. જેના માટે ચિંતા કરવાની નથી તેની ચિંતા કરે છે અને જે પુરુષાર્થ કર્યા વિના થવાનું નથી, તેને માટે કંઈ ચિંતા કરતો નથી. વ્રતનો ઉદય આવશે ત્યારે લેવાશે, એમ જીવ કરે છે. જે વિજ્ઞાનશાસ્ત્રમાં હોંશિયાર હોય છે તે એમ માને છે કે પૈસા કમાયા, કીર્તિ મેળવી, કોઈ શોધ કરી તો મારું જીવન સફળ થયું; પણ આથી કંઈ આત્માને શાંતિ થતી નથી. પૈસા હોય તોય ફિકર થાય, કીર્તિ હોય તોય લોકો પાછળ પાછળ ફરે અને કોઈ શોધ કરી હોય તોય એની પાછળ પાછળ લોકો ફરે. એની પાસે વૈભવ વિભૂતિ હોય, પણ વચ્ચે દુઃખ તો આવ્યા જ કરે છે, પૂરો સુખી કોઈ હોતો નથી. ગરીબની શાંતિની મોટા ધનવાનો ઇચ્છા કરે છે અને ગરીબ હોય છે તે પૈસાદારને સુખી માને છે, પણ કોઈ સુખી નથી. પૈસા જ મેળવું, પૈસા જ મેળવું એમ આંખો મીંચી પૈસા મેળવવા પ્રયત્ન કરે તો તેને શાંતિ થતી નથી. જેની પાસે પૈસા હોય તેને કોઈ ને કોઈ તાકી જ રહ્યો હોય છે.

કૃપાળુદેવની પેઢી ઉપર લલ્લુ નામનો એક નોકર હતો. કૃપાળુદેવ એના ઉપર બહુ પ્રેમ રાખતા. જ્ઞાનીપુરુષોનો બધા ઉપર સરખો પ્રેમ હોય છે. એક વખતે તે માંદો પડ્યો તે વખતે કૃપાળુદેવે તેનું માથું ખોળામાં લીધું અને શરીર તપાસ્યું. દવા કરવા માટે કોઈને કસ્તૂરી લાવવા બજારમાં મોકલ્યો, એટલામાં એનો દેહ છૂટી ગયો. બાહ્ય વસ્તુ એને બચાવી શકતી નથી. આત્મામાં દૃષ્ટિ હોય તો શાંતિ છે. ગાંધીજીની આખા હિન્દુસ્તાનમાં કીર્તિ હતી છતાં મરણ વખતે કોઈ બચાવી ન શક્યું.

જ્ઞાનીપુરુષો જાગૃત થવા માટે પોકાર કરે છે, જેમ રખા રાત્રે પોકાર કરે છે તેમ. આ લોહી સહિત ચામડાનું શરીર છે. તેમાં રહેવા છતાં જીવને શરમ આવતી નથી. એવું ગંદું કપડું ઓઢી બેઠો છે છતાં એને ગંધ આવતી નથી. સહેજ કોઈ ચાદર મેલી થઈ હોય તો કાઢી નાંખે છે; પણ એ લોહીની અને ચામડાની ચાદર ઓઢી બેઠો છે, છતાં જરાય એની દુર્ગંધ આવતી નથી. નાકમાંથી, કાનમાંથી, શરીરમાંથી મળમૂત્ર ઝરતું દેખતાં છતાં એમાં જ પાછો મોહ કરે છે. જીવ સ્ત્રીના શરીરમાં શાને લઈને મોહ કરે છે? એ તો હાડમાંસનું પૂતળું છે તેનો વિચાર આવતો નથી. ચામડાનું મોઢું જોઈને આનંદ પામે છે. એનું નાક, કાન, આંખો જોઈને આનંદ પામે છે. નાટકમાં કાગળનાં મોઢા ઘાલીને આવે છે તેવું એનું મોઢું છે. તેમાં રાજી થાય છે. પૈસા મળતા હોય તો રાજી થાય છે. જે મનુષ્યભવ મહારાજ પદ જેવો છે, તેને છોડી પૈસા કમાવામાં દોડે છે. પૈસા મળતા હોય તો ભક્તિ, બીજું બધું છોડીને જતો રહે છે. મોટો રાજા હોય પણ પૈસા મેળવવાની ઇચ્છા હોય તો ગરીબની પેઠે ક્યારે પૈસા મળે, ક્યારે પૈસા મળે એમ વાટ જોયા કરે છે.

વૃદ્ધાવસ્થા થઈ હોય તોય આ ટૂંકા આયુષ્ય માટે કેટલી દોડાદોડ કરે છે! થોડોક માંદો થાય કે ડૉક્ટરો બોલાવે. અહીં સારો ડૉક્ટર નથી માટે વિલાયતથી બોલાવો. અમેરિકાથી દવા મંગાવો પણ શરીર સારું કરો જ. એમ દોડાદોડ કરે છે પણ પુણ્ય વગર ક્યાંથી સારું થાય? સારું થાય તોય પાછું જીવવાનું કેટલું? અવસ્થા તો પૂરી થવા આવી છે. હમણાં હમણાંમાં હેનરી ફોર્ડ મરી ગયો ત્યારે તેનું ધન વૈભવ કંઈ કામમાં ન આવ્યું. બધું અહીં જ પડ્યું રહ્યું. દેહ છૂટતાં થોડીક વાર પહેલાં એણે ડૉક્ટરોને બોલાવવા ટેલિફોન હાથમાં લીધો, એટલામાં વીજળી બુઝાઈ ગઈ તેથી ટેલિફોન કરી શક્યો નહીં. થોડીકવારમાં એનો દેહ છૂટી ગયો. આ નવ દ્વારવાળા શરીરરૂપી પિંજરામાંથી નીકળેલા જીવને કોણ રોકી શકે? કોઈ રોકી શકે નહીં.

(બપોરના–ઉપર) ૫૯ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ સુદ ૫, સં.૨૦૦૯
('ચારિત્રચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–અત્યારના સંસ્કારી[૧] લોકો છે તે ધન મેળવવા માટે અનેક પ્રકારનાં પાપો કરે છે, માયા છળ કરે છે. જેમ પશુઓ જંગલમાં ફરે છે તેમ સંસાર વધે એવું કરે છે. આત્માની સફળતા કરવા મનુષ્યભવ મળ્યો છે. મોક્ષ કરવા માટે મનુષ્યભવ મળ્યો છે. મન એટલું ચંચળ થઈ ગયું છે કે એને આત્માનો વિચાર આવતો નથી. આજના સમયમાં એટલી વિજ્ઞાનની શોધો થઈ, તેથી બધા મનુષ્યો સુધરી ગયા એમ ન કહી શકાય. બહારના સાધનો ગમે તેવાં હોય, પણ વાંદરો માણસ થઈ જાય નહીં. કોઈ માણસ સારું કોતરી જાણતો હોય, કળા આવડતી હોય તે માણસ સારો હોય એવું કંઈ નથી અને ન આવડતું હોય તેથી સારો નથી, એમ નથી. કળાને અને સદાચારને કંઈ સંબંધ નથી. બધા લોકો નરકે જાય એવું થઈ રહ્યું છે. તેથી કેમ વર્તવાથી શાંતિ થાય એવું ઘણા વિચારવાન જીવો વિચારે છે. ધન અને વૈભવ હોય પણ જો આત્મજ્ઞાન ન હોય તો ગાંડા જેવો થઈ જાય છે. આત્મજ્ઞાન ન હોય તો ધન વૈભવ તો એને નરકે લઈ જાય એવા છે. કૃપાળુદેવે

૧. ભણેલા

લખ્યું છે કે લક્ષ્મી અંધાપો આપે છે, બહેરાશ આપે છે, મૂઢ બનાવે છે, અભિમાન આપે છે, બેભાનતા આપે છે. આ જગત બધું છે, તેને પોતાનું પોતાને ભાન નથી. બધું જગત જડવાદમાં વર્તે છે. જડ પદાર્થથી આપણે જુદા છીએ, એવું ભાન નથી. પોતે યંત્ર જ છે એમ માને છે. યંત્રો દ્વારા સુખ થાય છે એમ માને છે. આ જડ પદાર્થોમાં આડા અવળી ફેરફાર કરવાથી શાંતિ થશે એમ માને પણ તેથી કંઈ શાંતિ થાય નહીં. જેમ જેમ તૃષ્ણા થાય તેમ તેમ ભોગ ભોગવે તો તૃષ્ણા વધતી જાય. સંયમ હોય તો રોકાય, નહીં તો તૃષ્ણાનો ખાડો પુરાય એવો નથી. મન જે જે ઇચ્છાઓ કરે છે તે તે પૂરી કરવા જેટલા ઉપાય કરે તેટલી ઇચ્છા વધતી જાય છે. એનું ફળ દુઃખ આવે છે. તૃષ્ણાથી કોઈ સુખી થતું નથી.

એક મધનું ટીપું પડ્યું હતું ત્યાં આગળ એક માખી જઈને બેઠી, તેની પાંખ તેમાં ચોંટી ગઈ. તેથી તે હાથથી પાંખ કાઢવા લાગી. એના હાથ પણ તેમાં લપટાઈ ગયા. પછી માથું ઘાલીને છૂટવા માંડી કે માથું પણ તેમાં ચોંટી ગયું. તેમ પાંચ ઇન્દ્રિયોના વિષયનાં સુખો પણ એવાં છે કે એમાં જો પેસી જાય તો નીકળી શકે નહીં. જેમ જેમ ભોગવવા જાય તેમ તેમ તેમાં જ લપટાઈ જાય છે. એ ખરાબ લાલચ છે તેથી છુટાય એવું નથી. આ પુદ્‌ગલની પાછળ દોડવામાં આખી જિંદગી ગુમાવીએ છીએ પણ કંઈ કલ્યાણ થતું નથી. કોઈ ભમરાને એમ લાગ્યું કે આ કમળ બહુ સુંદર છે માટે રાતભર એમાં જ રહું, સવાર થતાં નીકળી જઈશું. એટલામાં દિવસ આથમી ગયો તેથી કમળ સંકોચાઈ ગયું. લાકડાને કાણાં પાડે એવી શક્તિ હોવા છતાં આસક્તિને લીધે ભમરો તેમાં મગ્ન, લીન થઈ ગયો, નીકળી શક્યો નહીં. સવાર થયે, કોઈ એક હાથી આવીને તે કમળને સૂંઢમાં લઈ ખાઈ ગયો, એક ઇન્દ્રિયની આસક્તિથી એવું એવું દુઃખ જીવને થાય છે. એક રાત્રિનું સુખ લેવા જતાં આખી જિંદગી ગુમાવી.

ક્ષણે ક્ષણે જીવ કર્મ બાંધે છે. ત્રાસ નથી લાગતો. અત્યારે જે કરે છે તેનું કેવું ફળ આવશે તેની ખબર નથી. જેને આ જગતને જીતવાની ઇચ્છા હતી તેના રાજ્યના ટુકડે ટુકડા થઈ ગયા. એવા ઘણા રાજા થઈ ગયા છે.

રૂપને લઈને આ બધા પતંગિયા હોય છે તે દીવામાં પડી મરી જાય છે. એવી રીતે રસમાં આસક્ત થવાથી માછલાં મરી જાય છે. માંસની ગોળીને ખાવા જતાં એનું તાળવું ફૂટી જતાં મરી જાય છે. સ્પર્શના લોભથી હાથી જેવા પ્રાણી હાથણીને વશ થઈ ખાડામાં પડી જાય છે અથવા ઘણા વખત સુધી પરાધીનપણે દુઃખ ભોગવે છે. એમ એક એક વિષયને વશ થવાથી જીવ મરી જાય છે, તો પાંચે ઇન્દ્રિયોના વિષયોને વશ થવાથી શું ન થાય? સારી સુગંધ લેવા જાય, સારો સ્પર્શ કરવા જાય, ચાખવા જાય, સાંભળવા જાય, સારું દેખવા જાય, ત્યાં જીવ પ્રાણ ગુમાવે છે. એક એક ઇન્દ્રિયના વિષયથી એવું થાય છે, તો પછી પાંચેની તો વાત જ શી! એમ ને એમ ઇચ્છા કર્યા કરે તો ક્યારે પાર આવે? કેટલાંય કર્મ બાંધે. જીવને મોહરૂપી કમળાનો રોગ થયો છે તેથી જગતની બધી વસ્તુઓ સારી લાગે છે. આત્માના સુખનું ભાન નથી. આત્માનું સુખ શાથી થાય તેનું પણ ભાન નથી. પાંચ ઇન્દ્રિયના વિષયોમાં ભટકી ભટકી રખડે છે. 'પાર્શ્વનાથ પુરાણ'માં

વજનાભિ ચક્રવર્તીને ભોગથી વૈરાગ્ય થયો. ત્યાં લખ્યું છે કે ભોગ એવા ભૂંડા છે કે આ સંસારરૂપી રોગને વધારે છે. ભોગ છે એ જગતના વેરી છે. જ્યાં સુધી ભોગની વાસના હોય ત્યાં સુધી ક્યારેય પણ મોક્ષે જાય નહીં.

''માયિક સુખની સર્વ પ્રકારની વાંછા ગમે ત્યારે પણ છોડ્યા વિના છૂટકો થવો નથી; તો જ્યારથી એ વાક્ય શ્રવણ કર્યું, ત્યારથી જ તે ક્રમનો અભ્યાસ કરવો યોગ્ય જ છે.''..... (૧૬૬)

જાણ્યું કે ભોગ ખોટા છે તો આજથી જ ઓછા કરવા. એની વાંછા છોડ્યા વગર છૂટકો નથી. ભોગ ભોગવતી વખતે સારા લાગે છે પણ પછી ખોટા લાગે. એટલે એમાં કંઈ આનંદ નથી એમ લાગે. જગતમાં જે બધી ભયંકર વસ્તુઓ કહેવાય છે, જેમકે વજ હોય છે તેથી માથું કપાય છે, અગ્નિથી બળી જવાય છે, ઝેર ખાવાથી મરી જવાય છે, સાપ કરડે તો મરી જવાય છે, તેના કરતાં ભોગ છે તે વધારે દુઃખ આપનારા છે. સર્પ કરડે તો એક ભવમાં મારે, પણ ભોગ તો એને ભવોભવમાં પણ મોક્ષની રુચિ ન થવા દે તેવા છે. બધી ભયંકર વસ્તુઓ કરતાં ભોગ વધારે ભયંકર છે. સાપથી તો એક ભવ મરે, પણ ભોગની તૃષ્ણા તો ભવોભવમાં મોક્ષનું સાધન ન કરવા દે તેવી છે. ધર્મ ન કરવા દે એવા ભોગ છે. ધર્મરત્નના ચોર ભોગ છે. દુર્ગતિએ જવામાં સહાય કરનાર છે. અજ્ઞાન દશામાં ભોગ બધા સારા લાગે પણ એનું ફળ ભયંકર છે. મોહ હોય ત્યાં સુધી ભોગને સારા જાણે. ભલે ત્યાગીને મુનિ થયા હોય પણ મનમાં રહે કે દેવલોકમાં જઈશું, ત્યાં સુખ મળશે. જેમ કોઈ માણસે ધંતૂરો ખાધો હોય તો તેને બધું પીળું દેખાય છે, સફેદ શંખ પણ એને સોનાનો દેખાય છે; તેમ આ જીવે મોહરૂપી ધંતૂરો પીધો છે, તેથી જગત બધું સારું લાગે છે. નકામી વસ્તુઓ બધી, ઘરેણાં વગેરે ભારરૂપ છે તો પણ સારા લાગે છે. જેવી જેવી ઇચ્છા થાય તેવા તેવા ભોગ મળે તો તેનું ફળ શું આવે? તો કે જેમ જેમ ભોગ વધે તેમ તેમ તૃષ્ણા વધે છે. જેમ સર્પ કરડવાથી ઝેર ચઢે તેથી લહેરીઓ ચઢે છે, તેને આનંદ માને છે. આટલાં બધાં ભોગ ઘણાં વર્ષો સુધી ભોગવ્યા છતાં હજુ તૃષ્ણા પૂરી થતી નથી. હવે ભોગ ન ભોગવવા એમ જીવને થતું નથી.

વેશ્યાનો જેમ કોઈ વિશ્વાસ ન રાખે તેમ લક્ષ્મીનો વિશ્વાસ રાખવા જેવો નથી. લક્ષ્મી છે તે કોઈને ત્યાં સ્થિર રહેતી નથી. નવનિધાન, ચૌદ રત્ન બધા ચક્રવર્તીપદ પૂરું થતાં નથી રહેતા. ક્ષણવારમાં ચાલ્યા જાય છે. બાહ્ય પદાર્થમાં આ જીવ રહ્યો છે તેથી ખાવું, પીવું એ સારું લાગે છે. મારું કલ્યાણ એથી થશે એવું માને છે પણ એમાં કંઈ આત્માનું કલ્યાણ નથી. ભોગથી રોગ થાય. જેમ કોઈ વખતે વધારે ખાધું હોય તો અજીર્ણ થાય, માથું દુઃખવા લાગે છે. એ તો એને પ્રત્યક્ષ જણાય છે તેમ છતાં ચેતતો નથી. ભોગ એ રોગનું જ કારણ છે છતાં ચેતતો નથી. ભોગનો ત્યાગ કરું એવું નથી થતું. 'भोगे रोगभयम्' સંસાર ભોગવવો અને મોક્ષે જવું એવું ન બને. ભોગને ત્યાગે તો વૈરાગ્ય જાગે.

**''પુદ્‌ગલ અનુભવ ત્યાગથી, કરવી જસુ પરતીત હો મિત્ત''** (દેવચંદ્રજી. ૪)

એક વાંદરો હતો. તેને સુખડીના લાડવાથી ભરેલો સાંકડા મોઢાનો લોટો મળ્યો. તુરત તેણે પોતાના બન્ને હાથ લાડવા લેવા માટે અંદર નાંખ્યા. બન્ને હાથની મૂઠીઓ ભરી અંદરથી કાઢવા માંડ્યો પણ નીકળ્યા નહીં. બહુ મહેનત કરી છતાં હાથ ન નીકળ્યા. લાડવા એને છોડવા નહોતા, તો કેમ કરી હાથ બહાર નીકળે? તેમ વિપત્તિના બીજરૂપ પરિગ્રહની ઘણી વૃદ્ધિ કરતાં એનો આનંદ બધો લૂંટાઈ જાય છે, કંઈ હાથમાં આવતું નથી.

વિપત્તિ દૂર કરવા જીવ મથે છે અને આનંદને ભૂલી જાય છે. પરિગ્રહને વિપત્તિનું બીજ કહ્યું છે. જીવ પરિગ્રહને વધાર વધાર કરે છે. એ જેમ જેમ વધશે તેમ તેમ સુખી થઈશ એમ માને છે, પણ પરિગ્રહ વધે તેમ તેમ દુઃખ વધે છે. આત્માનો આનંદ આઘો જાય છે. જ્યાં સુધી બહુ પૈસા થયા નથી ત્યાં સુધી દાન કરું એવા ભાવ થાય; પણ પછી ઘણા પૈસા થાય ત્યારે એનો જીવ ચાલે નહીં.

એક કઠિયારો હતો. તે રોજ પર્વત ઉપરથી લાકડાનો ભારો લાવીને વેચે અને ચાર છ આનાની જે રકમ આવે તે બધી ખરચીને, કાલે ફરી બીજા કમાઈશું એમ કરીને રોજ શીરો કરીને ખાય. એ જ્યાં રહેતો હતો તેના માળ ઉપર એક શેઠ રહેતો હતો. શેઠની સ્ત્રી રોજ તે કઠિયારો કઢાયું ધોવે તે જુએ અને વિચાર કરે કે આ કઠિયારો રોજ લાકડાનો ભારો વેચીને શીરો કરીને ખાય છે અને શેઠજી તો આટલું કમાય છે છતાં શીરો ખાતા નથી. પછી તેણે શેઠને વાત કરી કે આ કઠિયારો રોજ શીરો કરીને ખાય છે, પણ તમે તો કમાવો છો છતાં ખર્ચ તો કરતા નથી. શેઠે કહ્યું, તને ખબર નથી. એને હજી સુધી પૈસાનો લોભ લાગ્યો નથી. શેઠાણીને બતાવવા માટે શેઠે એક નવ રૂપિયાની પોટલી બાંધી, કઠિયારાના ઘરની આગળ મૂકી. કઠિયારાને તે જડી. નવ રૂપિયા જોઈને થયું કે જો એક રૂપિયો આવે તો દસ થઈ જાય. તેથી કઢાયું ને બીજું બધું મૂકીને ઝટ ભારો લેવા ગયો. ચાર છ આના કમાયો પછી બીજે દિવસે ફરી ગયો. એમ કરતાં દસ રૂપિયા થયા પછી એમ થયું કે એક રૂપિયો આવે તો અગિયાર થઈ જાય. એ અગિયાર થવામાં એક જ રૂપિયો ખૂટે છે. તેથી રોટલા પકાવીને ખાઈને ભારો લેવા જાય. એમ કરતાં અગિયાર થયા, પંદર થયા, પચીસ થયા, છેવટે નવ્વાણું થયા, પછી વિચાર થયો કે એક રૂપિયો આવે તો પૂરા સો થઈ જાય. શીરો કરવો ભૂલી ગયો અને સો રૂપિયા કરવાની ચિંતામાં પડ્યો. શેઠે કહ્યું, હવે જો કંઈ કઢાયું ચાલે છે? બધું ખાવું, પીવું ભૂલી ગયો. એ તો પૈસાનો લોભ લાગ્યો નહોતો ત્યાં સુધી, પણ હવે જો.

એક નદીના કિનારા ઉપર એક જણ ઊભો હતો. તેણે જોયું કે આ નદીમાં કોઈનો કાળો કાંબળો તણાઈ જાય છે, તે લઈ આવું. એમ કરી નદીમાં ગયો, પકડવા લાગ્યો કે રીંછ હાથમાં આવ્યો. રીંછે તેને પકડી લીધો. બીજા લોકો કિનારા ઉપર ઊભા હતા, તે બોલ્યા કે એને છોડીને બહાર આવતો રહે. તેણે કહ્યું, હું તો રીંછને છોડું છું પણ એ મને છોડતો નથી.

થોડાક પૈસા હોય ત્યારે મર્યાદા કરે છે પણ પાંચેક હજાર થયા કે પાંચ હજાર છોકરાને માટે કરું, પાંચ હજાર ફલાણાને માટે, એમ જીવ મર્યાદા પણ તોડી નાંખે છે. ઝંઝટમાં પડ્યા પછી જીવ તેમાંથી નીકળી શકતો નથી. નીકળવાના ભાવ થાય તોય નીકળી શકતો નથી. પરિગ્રહનું સ્વરૂપ જ એવું છે કે પછી એને છોડવું હોય તોય છૂટે નહીં.

(બપોરના–ઉપર) ૫૭ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ સુદ ૬, સં.૨૦૦૯
('ચારિત્રચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–રાગ છે ત્યાં ભય છે અને વૈરાગ્ય છે ત્યાં નિર્ભયપણું છે.

**"सर्वं वस्तु भयान्वितं भुवि नृणां वैराग्यमेवाभयं ।"**

બુદ્ધિશાળી જીવ ઘણાં શાસ્ત્રો ભણે છે, પણ આત્મસિદ્ધિ જેથી સધાય તેવું શાસ્ત્ર હોય તે ભણવું. ચોપડી ભણવાથી કલ્યાણ થઈ જાય એવું નથી. સદ્ગુરુ મળે તો થાય. પ્રભુશ્રીજી કહેતા કે બાળાભોળાનું કામ થઈ જશે. જ્ઞાની હોય ત્યાંથી જ્ઞાન આવે છે. જ્ઞાનીઓ જે ઇચ્છે છે તેની ઇચ્છા કરે તો કલ્યાણ થાય. જગતના જીવો ઇચ્છે છે તેની જીવ ઇચ્છા કરે છે.

કોઈ બે ચાર જણા નાવમાં બેસીને જતા હતા. તે પંડિત હતા. જતાં જતાં નાવિકને પૂછ્યું કે તેં કોઈ શાસ્ત્રનો અભ્યાસ કર્યો છે? નાવિકે કહ્યું–ના. તે બધા બોલ્યા, તારા જીવનનો એક ભાગ નકામો ગયો. ફરી પૂછ્યું કે તું કંઈ ભણ્યો છે? નાવિકે કહ્યું–હું તો કશું ભણ્યો નથી. તે બધા બોલ્યા, તારું અર્ધું જીવન નકામું ગયું. એટલામાં તોફાન આવવાથી નાવ ડૂબવા લાગી. ત્યારે નાવિક બોલ્યો, તમને તરતાં આવડે છે? તે બોલ્યા–ના. ત્યારે નાવિકે કહ્યું કે મારું તો અડધું જીવન નકામું ગયું પણ તમારું તો આખું જીવન હવે જાય છે. તરતાં આવડતું નથી તો તમારું ભણેલું શું કામનું? બિચારા ડૂબી ગયા. પેલો તો તરીને બહાર આવી ગયો.

ગમે તેટલું ભણ્યો હોય પણ તે એનું કલ્યાણ કરતું નથી. સંસાર-સાગર કેમ તરાય, તે વિષે જ્ઞાની પાસેથી કંઈક જાણ્યું હોય તો કામ આવે; નહીં તો એકલાં શાસ્ત્રો ભણ્યો હોય, તેથી કંઈ કામ ન થાય. મરણ આવે ત્યારે કંઈ ચાલે તેમ નથી. 'હું' આત્મા છું, નિત્ય છું, કર્ત્તા છું, ભોક્તા છું, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે. 'હું દેહ નથી' એમ જો થયું તો પછી મરણનો ભય ન લાગે. ગમે તેવાં શાસ્ત્રો ભણ્યો હોય પણ હું દેહ નથી એમ જો ન થયું તો કંઈ કામનું નથી. હું નથી મરતો એમ જો થયું તો પછી મરણનો ભય ન લાગે.

"દેહ માત્ર સંયોગ છે, વળી જડ રૂપી દૃશ્ય" આ દેહનાં લક્ષણો છે તે આત્માનાં નથી. ખાવા-પીવાથી શરીર પોષાય. તેથી આત્માનું હિત ન થાય. શરીર સારું થાય તેથી કંઈ આત્મા સારો ન થાય. ઋષભદેવ ભગવાન ત્યાસી લાખ પૂર્વ પૂરા થયા ત્યારે મુનિ થયા. બધું છોડીને મુનિ થયા અને બધા વિકારોનો નાશ કર્યો. કેવળજ્ઞાન પામ્યા. કશું સાથે લઈ મોક્ષે જવાય નહીં. પરિગ્રહ ભૂત જેવો છે. ભૂત વળગ્યું હોય તેને પૂછે કે તું ક્યાં રહે છે? ત્યારે કહે કે પીપળામાં રહું છું. તું કોણ છે? એમ પૂછે ત્યારે કહે કે હજામડી છું. એમ ગાંડું ગાંડું બોલે છે. આજના જે સુધારા થઈ રહ્યા છે, ખાવાપીવાના, રેલ્વેના, હવાઈ જહાજમાં જવાના, એને આડે મુનિ થવાનું ધ્યાનમાં પણ આવતું નથી. દિગંબર મુનિપણામાં ઋષભદેવ ભગવાન બાર મહિના સુધી ખાધા-પીધા વગર રહ્યા. તેનો એક દિવસ પણ આજના જીવોથી રહેવાય એવું દેખાતું નથી. આ કાળમાં મુનિ થવું બહુ મુશ્કેલ છે. તેમ છતાં જ્યાં સુધી ભગવાનનું શાસન છે ત્યાં સુધી કોઈ ને કોઈ વ્યક્તિ

મુનિ થાય છે. આપણને જે જ્ઞાનીપુરુષોએ કહ્યું તેનું આરાધન કરવું. જગતનું થાઓ કે ન થાઓ પણ આપણું કરવું. આજના વાતાવરણમાં ઇન્દ્રિય લોલુપતા અને વિષયરૂપી ઝેરના કણ વધી રહ્યા છે. શ્રાવકપણું પણ પાળવું દુર્લભ થઈ ગયું છે, તો પછી મુનિપણું તો ક્યાંથી પળાય? સમકિત પણ પામવું દુર્લભ છે. તરવાના ભાવેય જાગતા નથી. તેલથી ખરડાયેલા મેલા કપડા જેવા આજકાલના જીવોનાં મન છે. આવા કાળમાં કોઈ યથાર્થપણે મુનિપણું પાળે તો તે વંદન યોગ્ય શા માટે ન હોય? મુનિ પાસે કશું નથી, તેથી દીન થઈ ફરે છે એમ નથી. કોઈને કંઈ કહે નહીં કે મને ભિક્ષા આપો. કોઈને ગરજ હોય તો આપે. આત્મા પવિત્ર કરવા માટે ત્યાગ, તપ વગેરે છે. અંતરમાં જો ચૌદ પ્રકારના પરિગ્રહમાંનો કોઈ પરિગ્રહ હોય તો બહારના વેષથી કંઈ મોક્ષ થવાનો નથી. ચૌદ પ્રકાર—ચાર કષાય, નવ નોકષાય અને મિથ્યાત્વ છે. સર્વોત્તમ ત્યાગ હોય ત્યાં સર્વોત્તમ જ્ઞાન હોય છે. વસ્ત્ર રાખે તો યાચના કરવી પડે, કપડું સીવવું પડે, ધોવું પડે, સૂકવવું પડે. ત્યાં ભય રહે છે કે કોઈ ઉપાડી લઈ ન જાય, તેથી ચિત્ત ત્યાંનું ત્યાં રહે છે. તેથી ઉપાધિ થાય છે. તેથી મુનિઓ વસ્ત્ર ન રાખે. મૂળ વાત તો સહનશીલતાની છે. ગમે તેવા દેવો ઉપસર્ગ કરે તોય સહન કરે. કીડીઓ શરીરની આરપાર થઈને જાય એવા ઉપસર્ગ આવે તેય સહન કરે. મોક્ષ થવો સહેલો નથી. ગજસુકુમારે અંગારાનો ઉપસર્ગ સહન કર્યો. એટલી શક્તિ તો મોક્ષ થવા માટે જોઈશે, તો મોક્ષ થશે. ઉપસર્ગ આવે કે ન આવે પણ એટલી શક્તિ તો જોઈશે. અનંતવીર્ય શક્તિ પ્રગટ થાય ત્યારે મોક્ષ થાય છેને?

થોડો પણ પરિગ્રહ રાખવાથી પછી વધવા લાગે. એક મુનિ હતા, તે એક લંગોટી રાખતા. લંગોટી મૂકતા કે ઉંદર આવીને લઈ જતો. તેથી તે મુનિએ બિલાડી પાળી. બિલાડીને પાળી તો હવે બિલાડીને પીવા માટે દૂધ જોઈએ, તેથી એક ગાય રાખી. ગાયને ખાવા માટે ઘાસ જોઈએ, તેથી એક ખેતર રાખ્યું. એમ કરતાં કરતાં પછી ગૃહસ્થ જ થઈ ગયા. ખેતર રાખ્યું તેથી ખેતી કરવા લાગ્યા. ખેતર રાખ્યું તેથી સરકારને ટેક્સ આપવો પડે. એક વખતે દુકાળ પડ્યો તેથી ખેતરમાં કંઈ પાક થયો નહીં, તેથી ટેક્સ આપવાનું બની શકે તેમ નહોતું. કર્મચારીઓ તેને રાજા પાસે લઈ ગયા. રાજાએ કહ્યું કે કર આપ, નહીં તો તને દંડ આપવામાં આવશે. તેણે કર આપ્યો નહીં, તેથી રાજાએ એક મોટો પથરો લાવીને તેને નીચો નમાવીને તેના ઉપર મૂક્યો. તેને એમ થયું કે લંગોટીને લીધે આ બધું થયું છે. એમ કરી લંગોટી કાઢીને કહ્યું કે લો આ લંગોટી. ખેતર કે બીજું બધું કશું નથી જોઈતું, એમ કરી સાધુ થઈ ગયો.

(બપોરના—ઉપર) ૫૮ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ સુદ ૭, સં.૨૦૦૯
('ચારિત્રચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—પુરાણ ગ્રંથોમાં દિગંબરત્વને મહત્વપણું આપ્યું છે, એ એમ કહે છે કે ઋષભદેવ એક યોગી હતા. તે નગ્ન વિચરતા. ભર્તૃહરિ છેવટે દિગંબર જ થાય છે.

ભર્તૃહરિ ને શુભચંદ્ર બે ભાઈઓ હતા. એ બન્ને રાજાના પુત્ર હતા. રાજાએ પુત્રોને રાજ્ય નહીં

આપેલું, બીજાને આપેલું તેથી બેય જણ વૈરાગ્ય પામ્યા. બેય કુમાર હતા. શરીર બહુ બળવાન હતું. એક ઘાંચી કોઈ વિદ્યા સાધ્ય કરીને આવતો હતો. રસ્તામાં જ તેણે કોશ લઈને જમીનમાં ઊંડી બેસાડી. ત્યાં થઈને રાજાનું લશ્કર જતું હતું. ઘાંચીએ કહ્યું કે જો તમારા બધામાં બળ હોય તો આ કોશને જમીનમાંથી બહાર કાઢો. આખું લશ્કર તેને કાઢવા મથ્યું, પણ કોશ બહાર નીકળી નહીં. તેથી રાજા પોતે કાઢવા લાગ્યા. રાજાથી પણ નીકળી શકી નહીં. શુભચંદ્ર અને ભર્તૃહરિ બોલ્યા કે આમાં શું છે? જો તમે અમને આજ્ઞા આપો તો હમણાં કાઢી આપીએ. રાજાએ કહ્યું કે કાઢી નાંખો. તેમાંથી એકે પોતાના માથામાં મોટા કેશ હતા, તેથી તે કોશને બાંધીને બહાર કાઢી, તેથી હવે રાજાને બહુ ચિંતા રહ્યા કરે કે આ છોકરા બહુ બળવાન છે. મારું રાજ્ય લઈ લેશે. એઓ જ્યાં સુધી જીવશે ત્યાં સુધી મને સુખે રાજ્ય કરવા દેશે નહીં. તેથી એમને મારી નંખાવવા. રાજાએ બન્નેને મારવા માણસો મોકલ્યા પણ મંત્રીએ કહેવરાવ્યું કે તમે અહીંથી જતા રહો, નહીં તો રાજા તમને મારી નાંખવાના છે. બન્ને ભાઈઓ ત્યાંથી રવાના થઈ ગયા. શુભચંદ્રે એક દિગંબર મુનિ પાસે દીક્ષા લીધી અને ભર્તૃહરિએ, જંગલમાં એક તાપસ હતો તે રસાયનની સિદ્ધિ કરતો હતો, બાર વર્ષ સુધી મહેનત કરી ત્યારે એક તુંબડી ભરાય તેટલો રસ તેણે પ્રાપ્ત કર્યો હતો, તેની પાસે તેણે દીક્ષા લીધી. દીક્ષા લેતાં પહેલાં ભર્તૃહરિને તેણે કહ્યું કે જો તમે તાપસ થાઓ તો હું મરી ગયા પછી તમને આ રસ મળશે. લોઢું લઈને અંદર ભીંજાવીએ તો સોનું થાય એવો એ રસ હતો. ભર્તૃહરિએ લોભથી તાપસી દીક્ષા લીધી. એક દિવસે એને પોતાનો ભાઈ શુભચંદ્ર યાદ આવ્યો કે મારા ભાઈ શું કરતા હશે? ક્યાં હશે? એમને મારે મળવું. તેથી એક શિષ્યને અર્ધી તુંબડી ભરાય તેટલો રસ દઈ શુભચંદ્રની શોધ કરવા મોકલ્યો. પર્વતો, ગુફાઓ આદિમાં ઠેકાણે ઠેકાણે તપાસ કરતાં એક પર્વત ઉપર શુભચંદ્ર મુનિ એને મળ્યા. ભર્તૃહરિ જેવા લાગ્યા, તેથી એણે ઓળખી લીધા. કાઉસ્સગ્ગમાં ઊભા હતા, મૌન હતા. બે દિવસ પેલો ત્યાં ભૂખ્યો પડ્યો રહ્યો પણ મુનિ કંઈ બોલ્યા નહીં. કાઉસ્સગ્ગ પાર્યા પછી તેણે રસની તુંબડી લઈને તેમના પગ આગળ મૂકી તો તેમણે બધો રસ ઢોળી નાંખ્યો. શિષ્ય ત્યાંથી રવાના થઈ પાછો ભર્તૃહરિ પાસે આવ્યો ને કહ્યું કે તમારા ભાઈની દશા જોઈને આંસુ આવે એવું છે. કંઈ ઓઢવા, પહેરવાનુંય નથી, રહેવાનુંય નથી, બધું વ્યવસ્થા વગરનું છે. કંઈ બોલતાય નથી અને સાથે ગાંડા પણ લાગ્યા. રસની તુંબડી મોકલાવી હતી તે બધી ઢોળી નાંખી. ભર્તૃહરિને લાગ્યું કે શરીર બધું સૂકાઈ ગયું હશે, તેથી ગાંડા પણ થયા હશે. એમ કરી ક્યાં રહે છે તે બધું પૂછી રસની તુંબડી સાથે લઈ પોતે શુભચંદ્ર પાસે ગયા. તુંબડી લઈને તેમના પગ પાસે મૂકી કે મુનિએ બધો રસ ઢોળી નાંખ્યો. ભર્તૃહરિએ કહ્યું, કે બાર વર્ષ સુધી મહેનત કરીને આ રસની તુંબડી મેળવી હતી ને આ બધી તમે ઢોળી નાંખી. મારી બાર વર્ષની મહેનત નકામી ગઈ. શુભચંદ્રે કહ્યું કે જો તમારે એવું જ કરવું હતું તો જંગલમાં શું કામ આવ્યા? સોનું જોઈતું હતું તો રાજ્યમાં રહેવું હતું. જંગલમાં સોનાને શું કરશો? પછી ભર્તૃહરિને ખેદ થતો જાણી પોતાના પગ નીચેની ધૂળ લઈ એક શિલા ઉપર નાંખી કે આખી શિલા સોનાની થઈ ગઈ અને કહ્યું કે લે આ તારે સોનું જોઈતું હોય તો આખો પથરો સોનાનો પડ્યો છે. પછી તો ભર્તૃહરિ

પણ દિગંબર મુનિ થયા. બન્ને સાથે રહેવા લાગ્યા. એમના માટે શુભચંદ્રે પછી જ્ઞાનાર્ણવ નામનું પુસ્તક લખ્યું. જેને વિકાર હોય તે વસ્ત્ર રાખે છે.

એક બાદશાહે એક ફકીરને કહ્યું કે તમારે જે જોઈએ તે માગો, હું આપવા તૈયાર છું. ફકીરે કહ્યું, તારી અક્કલ મારી ગઈ છે. ફકીરીની સફેદતા છે, એમાં ડાઘ અમારે લગાડવો નથી. ફકીરોને દોલતની કંઈ પરવા નથી.

જીવો ઘણા વેષ ધારણ કરે છે પણ જેને દિગંબરની મુદ્રા પ્રાપ્ત થઈ અર્થાત્ ચિંતામણિ જેની પાસે છે તેને ચિંતા શાની? જેને પોતે તરે અને બીજાને તારે એવા તરણતારણ મળ્યા હોય તેને કંઈ પરવા નથી. જેને તરણતારણ મળ્યો હોય તેને આશા કરવાની જરૂર નથી. ઘરેણાં વગેરેને માટે જીવ પૈસા ખર્ચે છે પણ તે સુખને દેનાર નથી. આત્મા અરૂપી છે. એના ઉપર પુદ્ગલનો જય થયો છે. એનો પરાજય કર્યા વગર, એ રસનો ત્યાગ કર્યા વગર આત્માનો આનંદ આવે એમ નથી.

ચેતનને કહે છે કે ક્યાં જઈશું? તો કે જ્યાં રાગ દ્વેષ ન હોય ત્યાં. આત્મજ્ઞાન થાય અને પોતાનો સ્વભાવ પ્રકાશ પામે ત્યાં જવાનું છે. જ્યાં રાગ દ્વેષ થાય ત્યાં જવાનું નથી. જ્ઞાન છે તે ચૈતન્યનો બાગ છે, એના ગુણ તે ફૂલ છે; તેને તું જો. આડાઅવળી મોહરસને છોડીને તારા ગુણોને જો. સંત પુરુષો કહે છે કે હે જગતના મોટા રાજા, એટલી વાત માન. પર્યાયદૃષ્ટિ છોડી દે, ભ્રાંતિમાં કેમ પડ્યો છે? હું દેહ છું એમ થાય છે. એ પુદ્ગલ છે, એમાંથી વૃત્તિ છોડી દે.ખાવામાં, દેખવામાં, સાંભળવામાં, સ્પર્શ કરવામાં તારી વૃત્તિ છે, તે છોડી દે. પૂર્ણ ચંદ્ર જેવું તારા આત્માનું સ્વરૂપ છે. કેવળજ્ઞાન સ્વરૂપ છે તે તારું પૂર્ણ સ્વરૂપ છે. આ પુદ્ગલ કર્મને આધીન થઈને જ્ઞાન આવરણ પામ્યું છે, નહીં તો પ્રદેશે પ્રદેશે બધે ઠેકાણેથી જોઈ શકાય. દરેક પ્રદેશમાં અનંત શક્તિ છે. અત્યારે આંખથી દેખે છે, કાનથી સાંભળે છે તે બધું આવરણ છે; નહીં તો પ્રદેશે પ્રદેશે જાણી-દેખી શકે એવી શક્તિ છે, પણ માયામાં લોભાઈ આત્માને ભૂલી ગયો છે. એનો સંગ છોડે તો પોતાનો સંગ થાય.

### "જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે" (૯૦૨)

જડ પ્રત્યે ઉદાસીનતા, વૈરાગ્ય આવે ત્યારે પોતાના સ્વરૂપ પ્રત્યે વૃત્તિ જાય છે. 'હું દેહ છું' એમ હોય તેથી હું મરી જઈશ એમ થાય, પણ આત્માનું અમરત્વ જેને શ્રદ્ધામાં આવે તેને પછી મરણનો ભય ન રહે. જિન ભગવાન છે તે જમને ડરાવે છે કે તારે દેહ લઈ જવો હોય તો લઈ જા. છ પદ એને જો બેસી જાય તો પછી મરી જઉં એમ એને થાય નહીં. સાચી ભક્તિ હોય તેને મરણનો ભય ન હોય. શરીર એક ઓરડો છે, તે છોડી બીજા ઓરડામાં જાય છે, મરી જતો નથી. મરી ગયો હોત તો અત્યારે ન હોત. કર્મ બાંધ્યાં છે તે પ્રમાણે બધું થાય છે. એ બધું છોડી આત્માનો આનંદ મેળવવા પુરુષાર્થ કર.

### "આત્માથી સૌ હીન"

આઠ કર્મ શું શું કરે છે? તે વિચારો. કેવા કેવા એ જીવના હાલ કરે છે તે બતાવે છે. કોઈ

વખત રાજા થાય ત્યારે છત્ર ધારણ કરાવે છે. કોઈ વખતે ભીખ માગનાર ગરીબ થઈ જાય. કોઈ વખત કર્મ એને દેવ અને કોઈ વખત નારકી બનાવે છે. અનાજ ન મળે એવો કોઈ વખત આવે. એ બધું કર્મને લઈને થાય છે. કર્મ કર્મનું કામ કરે છે, તો તું પોતાના આત્માની સંભાળ લેવાનું કામ કેમ નથી કરતો?

જેનાથી ભોગ નથી છૂટતા તેને હવે કહે છે. ગર્ભ અવસ્થામાં તારી કેવી દશા હતી? ઊંધે માથે હતો. તે કેમ ભૂલી ગયો છે! ગર્ભમાં ઊંચા પગ કરીને રહે છે. કેટલાક ગર્ભમાં મરી જાય છે, કેટલાક જન્મે છે. જુવાન થયો એટલે ક્યાંથી જન્મ્યો તે બધું ભૂલી ગયો. જીવ ભટક ભટક કરે છે, એને બદલે રાગદ્વેષ છોડે તો મોક્ષ થાય. રાગદ્વેષ કરે તો પરમાત્મપદનો નાશ થાય અને રાગદ્વેષ છોડી દે તો પરમાત્મપદનો પ્રકાશ થાય. માયામાં શું લાગી રહ્યો છે? જાગૃત થઈને વિચાર. માયા, સગાસંબંધી અને ચૈતન્ય એ જુદાં છે. તારા વંશના એ નથી, બેય ભિન્ન છે. ખાલી હાથે આવે છે અને ખાલી હાથે જાય છે. કમાયેલું અહીં જ પડ્યું રહે છે. ધનને દાસી બનાવી દે, ધર્મમાં વાપરે તો તો કંઈ નુકસાન ન થાય, નહીં તો લાત મારશે.

*

(સાંજના, ઉપર)

પૂજ્યશ્રી–વૈરાગ્યની જરૂર છે. વ્રતનિયમ હોય તો વૈરાગ્ય આવે. હું એક આત્મા છું, બીજો કોઈ નથી. મારો ધર્મ આત્મામાં જ છે. 'છ પદ'ના પત્રમાં આવે છે કે–

''અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે.''

તો 'હું ને મારું' મટાડવાનું છે. તે મટ્યે 'છ પદ'નો પત્ર સમજ્યો કહેવાય. મનુષ્યભવ મળવો મુશ્કેલ છે. વળી આવી સત્પુરુષની આજ્ઞા મળવી, આવી જોગવાઈ મળવી, ઇન્દ્રિયો, આંખ, કાન સારાં રહેવાં તે બધું ફરીથી મળવું મુશ્કેલ છે, માટે કરી લેવું. સત્સંગ ન કર્યો તો તે મળેલું નકામું જાય. પછી પરવશ થઈ ચોરાશીમાં રખડીશું, તણાઈશું.

કંઈ ને કંઈ મોઢે કરવું. સદાને માટે આંખ, કાન, નાક કામ નહીં કરે. અચાનક બગડી જાય. વિચિત્ર કર્મ છે. મોઢે કર્યું હોય તો તે દરરોજ યાદ કરવું. હથિયાર વાપરતા રહીએ તો કટાઈ જાય નહીં, ચળકાટ રહે. એક ક્ષણ પણ નકામી જવા ન દેવી. મંત્રનું રટણ કર્યા કરવું. જેમ પૈસા પડી જાય અને વીણી લઈએ તેમ મંત્રનું રટણ એક ક્ષણ પણ ભૂલવું નહીં. ક્ષણ ગયેલી પાછી આવતી નથી.

મુમુક્ષુ–સંગ નડે છે તેનું શું કરવું?

પૂજ્યશ્રી–ચેતતા રહેવાની જરૂર છે. લાગતું લાગતું ચૂલામાંથી બહાર આવે છે અને [૧]સંકોરીએ છીએ તેમ કરવાનું છે.

---

૧. અંદર ઠેલીએ.

(બપોરના—ઉપર) ૫૯ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ સુદ દ્વિતીય ૭, સં.૨૦૦૯
('ચારિત્રચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—જ્ઞાનીપુરુષોએ એમ કહ્યું છે કે જેમણે સ્ત્રી પુત્રાદિનો ત્યાગ કર્યો હોય, જ્ઞાનીપુરુષની સાક્ષીએ ત્યાગ કર્યો હોય, પછી તેની ઇચ્છા ન થવી જોઈએ. થાય તો જ્ઞાનીની આજ્ઞા ભંગ થાય. તે અનંતાનુબંધી છે. એ સમ્યક્ત્વ ઘાત થવાનું કારણ છે. મુનિને ન ઘટે એવી ઇચ્છા ન કરે. ત્યાગ કર્યા પછી સ્ત્રી પુત્રાદિ ભાવોની ઇચ્છા થાય તે અનંતાનુબંધી છે. મુનિ થયા પછી વાસુદેવ થવાનું નિયાણું કરે, તે પાછી ઇચ્છા કરી કહેવાય, તેથી એ અનંતાનુબંધી છે.

મનઃપર્યવજ્ઞાન સંયમથી પ્રગટે છે. ત્યારપછી એને સંસાર અવસ્થા ન હોય. કેવળજ્ઞાન થાય ત્યારે મોક્ષ થાય. સંસાર અવસ્થા ન રહે. મનઃપર્યવ એ સંયમના વર્ધમાનપણાથી થાય છે. કેવળજ્ઞાન થવા માટે મનઃપર્યવની જરૂર નથી. મનઃપર્યવ કે અવધિ પછી કેવળજ્ઞાન થાય એવું નથી. કેવળજ્ઞાનમાં બધું સમાઈ જાય છે. ગૃહસ્થ અવસ્થામાં કેવળજ્ઞાન થાય છે, એમ શ્વેતાંબરો કહે છે. કેવળજ્ઞાન થવામાં મતિ-શ્રુતજ્ઞાન એ બે જ કારણ છે. કેવળજ્ઞાનમાં બધાં જ્ઞાન સમાય છે.

પશુઓમાં ફેરફાર થાય પણ દુર્જનોમાં થતો નથી. દુષ્ટજનનો સ્વભાવ જ એવો છે કે પોતે ખર્ચ કરીને પણ બીજાને દુઃખી કરે. એના ઉપર કેસ કરું એમ કરી પોતે દુઃખી થાય; ખર્ચ કરે, પણ બીજાને દુઃખી કરવા, એમ ભાવના રહે છે. ધર્મમાં દંભ આવે ત્યારે દયા નીકળી જાય. શંકરાચાર્યમાં ઉદારતા બહુ નહોતી. વિવેકાનંદે બધા ધર્મો ઉપર સમાનતા રાખવી એમ ઉપદેશ કર્યો છે, એ એની વિશેષતા છે.

હાથીને દેખીને કૂતરાં ભસે છે કે અમારાથી આવડો મોટો કેમ? પૈસા જેની પાસે ન હોય તે પૈસાદારને દેખી દ્વેષ કરે કે આની પાસે વધારે પૈસા કેમ? એના પૈસા જતા રહે તો સારું, પોલીસ ફરતા હોય તે જોઈને ચોરને થાય કે આ વળી ક્યાંથી આવ્યા? જતા રહે તો સારું, એમ દ્વેષ કરે છે. એવી રીતે દુર્જનને સંતને જોઈને દ્વેષ થાય છે. કાગડાને હંસ ન ગમે. કુકવિને સુકવિ ન ગમે તેમ દુર્જનને સંત ન ગમે.

કૃપાળુદેવે લખ્યું છે કે જે અધમાધમ હોય તેને સત્પુરુષની વાણી ગમે નહીં. સરળ જીવ હોય તેને કંઈ સમજતો નથી એમ કહે, બહુ સારું બોલવું જાણતો હોય તેને કહે કે આ તો બડબડ કરે છે, વિનય કરે તેને ખુશામત કરે છે એમ કહે, મીઠાં વચન બોલતો હોય તેને કહે કે દીન વચન બોલે છે, જગતની સ્પૃહા ન હોય તેને કહે કે આ તો અભિમાની છે, ઇન્દ્રિયનું દમન કરનાર હોય તેને કહે કે એને કોઈ આપતું નથી, ધર્મ કરતો હોય તેને કહે કે આ તો ડોળ કરે છે અને તૃષ્ણા ઓછી કરતો હોય તો આ તો ભાગ્યહીન છે એમ કહે, કોઈએ મર્યાદા કરી હોય કે હવે મારે કમાવું નથી, તો કહે કે આના ભાગ્યમાં જ નથી, દુર્ભાગી કે અભાગી છે એમ કહે. સંતપુરુષોના ગુણ દેખે તો દોષ લગાવે એવું દુર્જનનું હૃદય છે, તે મલિન છે.

ઉપરથી દેખાવ કરવાથી કંઈ સભ્યતા આવતી નથી. કેટલાક લોકો રાતે ચોરી કરે છે અને

દિવસે સારાં કપડાં પહેરી શાહુકાર થઈ ફરે છે. કપડાં પહેરવાથી કંઈ શિષ્ટતા કે સભ્યતા નથી. શિષ્ટતા કે સભ્યતા એનું નામ કે સદાચરણથી વર્તવું. શ્રી હેમચંદ્રાચાર્ય જે સંસ્કૃતના ગ્રંથો લખતા તે, તે વખતના બ્રાહ્મણો વાંચતા અને વખાણતા કે અહો! જૈન ધર્મમાં તો એવું એવું છે. શ્રી હેમચંદ્રાચાર્યે ઘણાખરા ગ્રંથ તો સંસ્કૃતમાં જ લખ્યા છે, નહીં તો પહેલાના મુનિઓ ઘણુંખરું માગધીમાં જ લખતા. યશોવિજયજીએ પણ માગધીમાં લખ્યા છે, પણ એમને (હેમચંદ્રાચાર્યને)તો પ્રભાવના જ કરવી હતી, તેથી જેથી વધારે પ્રભાવના થાય તે ભાષામાં લખ્યા. તે વખતના બ્રાહ્મણો જૈનધર્મ પામ્યા અને અત્યારે બ્રાહ્મણો જૈનધર્મને જે વખાણે છે તે બધો હેમચંદ્રાચાર્યનો જ પ્રભાવ છે.

(બપોરના ઉપર) ૬૦ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ સુદ ૮, સં.૨૦૦૯

મુમુક્ષુ–ઊંઘ બહુ આવે છે. વહેલું ઉઠાતું નથી.

પૂજ્યશ્રી–ઓછું ખાય, સંસારનો વિચાર કરે, સંસારનો ભય લાગે તો ઊંઘ ઓછી થાય.

*

('ચારિત્રચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–કાયદા અને નિયમોની જેટલી અસર થતી નથી તે કરતાં વિશેષ સત્પુરુષના દર્શન માત્રથી થાય છે. સરકાર કાયદા કરીને ખાવાનું ઓછું કરાવે, તેથી કંઈ કલ્યાણ નથી; પણ કોઈ જ્ઞાનીની આજ્ઞાથી આહાર ઓછો કરે, પરિગ્રહ ઓછો કરે તો કલ્યાણ થાય. નહીં તો વસ્તુઓ બચે એટલું જ, પણ કલ્યાણ ન થાય. બાહ્ય વાતોમાં લોકો હોંશિયાર હોય છે, પણ વાસના રોકનારા કોઈ વિરલા હોય છે. મહાપુરુષોની વાણી ઘણા પુણ્યે પ્રાપ્ત થાય છે. વર્તન સારું રાખવું, નિર્દોષ રાખવું એમ કહે છે; પણ જે નિર્દોષ ચારિત્ર પાળે છે, એવા નગ્ન દિગંબર મુનિઓ ઉપર તો અભાવ રાખે છે. તે તો જેમ રોગી પુરુષ ડૉક્ટરની ભૂલ કાઢે કે તમને નાડી જોતાં આવડતી નથી, આમ જુઓ; તેના જેવી વાત છે.

આગમ છે તે સાધુઓની આંખ કહેવાય છે. એનાથી તેઓ સારું આચરણ રાખે છે. એ આગમ સિવાય એમના ઉપર કોઈ શાસન કરનાર નથી. જેને ઇચ્છા નથી તેને કંઈ ચિંતા નથી. તે પુરુષ પરવા રહિત છે. જેને કંઈ જોઈતું નથી તે બાદશાહ જેવો છે. શરૂઆતમાં બધી ઇચ્છાઓ રોકવા 'માત્ર મોક્ષ અભિલાષ' કરવાનું કહ્યું, પણ જ્યારે મોક્ષ મેળવવાનો હોય ત્યારે મોક્ષની ઇચ્છા પણ છોડવી પડે. કૃપાળુદેવે લખ્યું છે કે– "જેની મોક્ષ સિવાય કોઈ પણ વસ્તુની ઇચ્છા કે સ્પૃહા નહોતી અને અખંડ સ્વરૂપમાં રમણતા થવાથી મોક્ષની ઇચ્છા પણ નિવૃત્ત થઈ છે, તેને હે નાથ! તું તુષ્ટમાન થઈને પણ બીજું શું આપવાનો હતો?" (૬૮૦)

ઉપશમ શ્રેણિમાં જીવ પ્રકૃતિઓ બધી ઉપશમાવે છે. તેથી તે અગિયારમેથી પડે છે. થોડો પણ અગ્નિ હોય તો વધતો જાય છે. તૃષ્ણાનો પાર નથી. [1]કપિલના પાઠમાં આવે છે કે આખું રાજ્ય

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા શિક્ષાપાઠ ૪૬ થી ૪૮.

માગવાની ઇચ્છા થઈ તો પણ પાર ન આવ્યો. પાંચ મળે તો પચીસની ઇચ્છા થાય.

**"હતી દીનતાઈ ત્યારે તાકી પટેલાઈ અને,**
**મળી પટેલાઈ ત્યારે તાકી છે શેઠાઈને;**
**સાંપડી શેઠાઈ ત્યારે તાકી મંત્રિતાઈ અને,**
**આવી મંત્રિતાઈ ત્યારે તાકી નૃપતાઈને;**
**મળી નૃપતાઈ ત્યારે તાકી દેવતાઈ અને,**
**દીઠી દેવતાઈ ત્યારે તાકી શંકરાઈને."** (મો.માળા.શિ.પાઠ-૪૯)

કૃપાળુદેવ લખે છે કે અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ ખબર પડે છે. જગતની બધી વસ્તુઓનો મોહ છોડવો સહેલો છે, પણ દેહનો મોહ છોડવો બહુ અઘરો છે. મુનિઓ એ કામ કરે છે. દેહને ચલાવવા આહાર આપે છે તે પણ મોક્ષને માટે. એને માટે શાસ્ત્રમાં ઘણાં દૃષ્ટાંતો આવે છે. જેમ ગાડાનું પૈડું ચ્યું ચ્યું કરવા માંડે ત્યારે તેને ઠીક કરવા તેનો ઉપાય કરે છે; તેમ મુનિઓ જ્યાં સુધી શરીર ચાલે ત્યાં સુધી આહાર ન કરે, પણ જ્યારે ન ચાલે ત્યારે આહાર લે છે. એવી રીતે ગોચરી પણ કહેવાય છે. ગોચરી એટલે કોઈ સ્ત્રી ઘાસ ખવડાવવા આવે તો ગાયની દૃષ્ટિ માત્ર ઘાસ ઉપર જ હોય છે; પણ આ બાઈએ સારાં કપડાં પહેર્યાં છે, બહુ રૂપાળી છે, એવું એને દૃષ્ટિમાં આવતું નથી. તેમ મુનિઓ આહારને માટે કોઈના ઘરે જાય ત્યાં તેમની દૃષ્ટિ માત્ર શુદ્ધ આહારની ગવેષણા ઉપર જ હોય છે; પણ આ સ્ત્રીનું રૂપ સારું છે, એનાં કપડાં સુંદર છે, એવું હોતું નથી. એવી રીતે મધુકરી પણ કહેવાય છે. જેમ ભમરો ફૂલ ઉપર બેસી તેને પીડા પહોંચાડ્યા વિના રસ ચૂસે છે, તેમ મુનિઓ કોઈને પણ દુઃખ આપ્યા વિના શુદ્ધ અને નિર્દોષ આહાર લે છે. એમ શરીરના નિર્વાહને અર્થે ઘણાં દૃષ્ટાંતો આપ્યાં છે. શરીર એક મોક્ષનું સાધન છે, એટલા માટે આહાર કરવો પડે છે. મુનિઓ આહાર માટે જાય પણ સમય થયે આહાર મળે કે ન મળે તો પણ ચાલ્યા આવે છે. ભીખ માંગીને લેતા નથી. "देहदुःखं महाफलम्" એમ કહ્યું છે, પણ એ નાશ ન થાય એટલું સાચવે છે.

કેટલીક વખતે બીડી પીનારા લોકો હોય છે. તેઓને વાતો કરતાં કરતાં બીડી પીતાં હાથ પાસે દાઝવા લાગે તોય ખબર પડતી નથી. સ્ત્રીઓ બેડું ભરે છે અને વાતો કરતી જાય છે. તેમાં એકાગ્ર થઈ જાય છે. જો વ્યવહારમાં પણ એટલી તલ્લીનતા હોય છે, તો પછી જે પરમાર્થમાં જ છે તેમને કેટલી બધી તલ્લીનતા હોય! આત્મામાં તલ્લીન થાય ત્યારે એને દેહનું ભાન રહેતું નથી.

જેમ કોઈ પશ્ચિમમાં ચાલતો હોય, પણ કંઈ એક સાથે પૂર્વ-પશ્ચિમમાં ચલાય નહીં. તેમ વિષયભોગ કરે અને મોક્ષને રસ્તે જાય એમ ન બને. સત્સંગ સેવવો હોય તેણે સંસાર સેવવાનો ભાવ છોડવાનો છે. કૃપાળુદેવે કહ્યું છે કે સંસાર ભોગવવો અને મોક્ષ થવા કહેવું, એવું બને નહીં. મોક્ષનો અર્થ જ મૂકવું. જ્યારે એને લાગ્યું કે ત્યાગમાં સુખ છે ત્યારપછી એને વિષયમાં રસ ન રહે, શરીર સારું થાય એમ લક્ષ ન રહે. કાયદા કોને માટે છે? જે પાપ કરતો હોય તેને રોકવા માટે છે. જે પુણ્યવાન છે તેને માટે જરૂર નથી. દોષ થયા હોય તો પ્રાયશ્ચિત્ત લેવું. રાજ્યની મદદ વગર જ

મુનિઓ જીવી શકે છે. કેમકે એવો દોષ લાગે તો પોતે જ શાસ્ત્રમાંથી પ્રાયશ્ચિત્ત લઈ લે છે. સાપની સાથે રમત કરે તો કરડી જાય તેમ મુનિઓની આશાતના કરે તો મરવા જેવું છે.

(બપોરના–ઉપર) ૬૧ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ સુદ ૯, સં.૨૦૦૯
('ચારિત્રચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–જેમ જેમ ઓછી વસ્તુઓની જરૂર પડે તેમ તેમ વધારે સુખી થાય. એકાંત સુખી મુનિ વીતરાગ છે. સુખના આદર્શ મુનિ વીતરાગ છે. ક્રોધ, માન વગેરે પ્રકૃતિઓ જીતવા યોગ્ય છે. શાંત પ્રકૃતિ પોતાને સુખી કરે છે અને બીજાને પણ સુખી કરે છે અને ક્રોધ પ્રકૃતિ પોતાને પણ દુઃખકારી છે અને પરને પણ દુઃખકારી છે. નિષ્ઠુરતા પણ પોતાને અને પરને દુઃખકારી છે. બીજાને દુઃખ ન દેવું તે પોતાને સુખકારી છે અને બીજાને પણ સુખકારી છે. બધાનું કારણ, જીવના અંતરથી જેટલાં પરિણામ ફર્યા હોય તેટલું પોતાનેય સુખ છે અને પરનેય સુખ છે. હિન્દુસ્તાનની સંસ્કૃતિ ત્યાગની છે. વિશેષ વિશેષ ત્યાગ કરાય તેમ તેમ વિશેષ બહુમાન થાય છે. જેટલી આવશ્યકતા ઘટાડે તેટલો સુખી થાય છે. મુનિઓ મરણથી ડરતા નથી. શરીર નાશ થઈ બીજું શરીર સારું પ્રાપ્ત થાય છે. એમને મરણનો ભય નથી. મરણ તો બધાને સરખા જ ગણે છે, ભલે રાજા હોય કે રંક હોય. ભગવાનનું શાસન ચાલશે ત્યાં સુધી સાચા મુનિઓ પણ થશે.

શય્યંભવસ્વામી પૂર્વાવસ્થામાં યજ્ઞ કરતા હતા. તે વખતે એક મુનિએ ત્યાં આવીને કહ્યું કે "अहो कष्टं । अहो कष्टं । तत्त्वं न ज्ञायते ।।" શય્યંભવસ્વામીને થયું કે એવું શા માટે કહ્યું હશે? તેથી તેઓએ પોતાના પિતાને પૂછ્યું કે આ યજ્ઞ નિર્વિઘ્નપણે થાય છે તેનું કારણ શું છે? સાચું કારણ જે હોય તે મને પ્રગટપણે કહો. પછી તેના પિતાએ યજ્ઞકુંડની નીચે રાખેલી શાંતિનાથની ચાર પ્રતિમાઓ બતાવી, તેથી પછી શય્યંભવ સમ્યક્દર્શન પામી જૈન આચાર્ય થયા.

*

(સાંજના–સભામાં, 'સમયસાર'માં બંધ અધિકારના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–રાગની ચીકાશથી કર્મ બંધાય છે. મોહનીય કર્મ ક્ષય કરી નાંખ્યું છે એવા જે મુનિઓ છે તેમને મન, વચન અને કાયા તો છે, પણ તેથી એમને બંધ થતો નથી. મુનિઓ સમિતિપૂર્વક ક્રિયા કરે છે, તેમ છતાં જો જીવની હિંસા થઈ જાય તો તે હિંસા નથી. એમાં જો પ્રમાદ હોય તો હિંસા છે. પોતાથી બનતા પ્રયત્ને જીવોને બચાવે છે. એમને જીવનપર્યંત હિંસાનો ત્યાગ છે, છતાં કોઈ જીવનું આયુષ્ય પૂરું થવા આવ્યું હોય તે તેમના પગ નીચે આવી મરી જાય તો તેમને હિંસા નથી લાગતી. જાણી જોઈને કરે તો હિંસા થાય. જ્યાં પ્રમાદ છે ત્યાં હિંસા છે. મન, વચન, કાયા એને કર્મબંધનું કારણ નથી, પણ માત્ર રાગ દ્વેષ પરિણામ જ બંધનું કારણ છે.

**"ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો?"**

જેમ કોઈ મુનિ ગુરુનાં દર્શન કરવા જતા હોય અને ત્યાં જતાં એમના પગ નીચે કોઈ ફૂદા

જેવું જીવડું આવી જાય અને મરી જાય તો તેથી તેમને હિંસા નથી, કારણ કે એ ભગવાનના કહ્યા પ્રમાણે કરે છે. કૃપાળુદેવે લખ્યું છે કે–

**"રાગ દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ"**

બંધનું કારણ રાગ દ્વેષની ચીકાશ છે.

(બપોરના–ઉપર) ૬૨ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ સુદ ૧૦, સં.૨૦૦૯
('ચારિત્ર ચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–કોઈ પ્રશ્ન કરે છે કે આખો લોક જીવોથી ભરેલો છે અને મુનિઓ પચખાણ લે છે કે મારે કોઈ જીવનો ઘાત કરવો નથી, એ કેમ બને? આખો લોક જીવોથી ભરેલો છે. તેનો ઉત્તર આપે છે. સૂક્ષ્મ જીવો આખા લોકમાં ભરેલા છે તે માર્યા મરે એવા નથી. શરીરની પાર થઈને જતા રહે છે. શસ્ત્રથી પણ ન મરે એવા સૂક્ષ્મ હોય છે. એની તો ઘાત થતી નથી. પ્રમાદ જ્યાં છે ત્યાં હિંસા છે. પોતાથી રક્ષા થાય તેટલી શક્તિ પ્રમાણે રક્ષા કરે છે. પાંચ સમિતિ પાળે છે. જેમ ભગવાને આજ્ઞા આપી તેમ ચાલે છે, જેમ આજ્ઞા આપી તેમ બોલે છે, જેમ આજ્ઞા આપી તેમ આહારપાણી લે છે, જેમ આજ્ઞા આપી તેમ વસ્તુઓ મૂકે-લે છે. જેમ આજ્ઞા આપી તેમ મળમૂત્ર વિસર્જન કરે છે, એ પાંચ સમિતિઓ છે. તેમાં બધુ આવી જાય છે. આજ્ઞા પ્રમાણે વર્તે તો બંધ થાય નહીં. મુનિ હોય તે પીંછી કમંડલ રાખે તે પરિગ્રહ કહેવાતો નથી. રાગ નથી તેથી. રાગ હોય તો પરિગ્રહ છે. મૂર્ચ્છા નથી તો પરિગ્રહ નથી. રાગદ્વેષ છે ત્યાં હિંસા છે. પ્રમત્તયોગ છે ત્યાં હિંસા છે. કષાયમાં પ્રવર્તે ત્યાં હિંસા ન હોય તોય ત્યાં પોતાના શુદ્ધભાવનો નાશ છે.

**"ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે"**

પોતાની ઘાત થાય છે. મુહપત્તિ બાંધે અને પરિણામનું ભાન ન હોય ત્યાં પોતાના આત્માની ઘાત છે. મુહપત્તિ ન બચાવે. વારંવાર પ્રભુશ્રીજી ભાવનું કહેતા. ભાવને ભૂલ્યો તો ગમે તેટલી બહારની ક્રિયાઓ કરતો હોય તોય કંઈ નથી. ભાવ નિર્મળ કરતો જાય તો કેવળજ્ઞાન થાય. ભાવ નિર્મળ કરવા માટે હિંસાનો ત્યાગ કરવાનો છે. અભિમાન આવ્યું ત્યાં બીજા પ્રત્યે તુચ્છ ભાવ થયો. ભય લાગ્યો ત્યાં આત્માની હિંસા થઈ. અહિંસા એ પરમધર્મ કહેવાય છે. જ્યાં આરંભપરિગ્રહ છે ત્યાં હિંસા છે. [૧]યાજ્ઞવલ્ક્યે દીક્ષા લેતી વખતે પોતાની બેય સ્ત્રીઓને ધન વહેંચી આપ્યું. તેમાંથી એક મૈત્રેયી નામની સ્ત્રી હતી, તેણે કહ્યું કે જેથી જીવન અમર ન થાય એવી એ સંપત્તિને લઈને હું શું કરું! તમે સંપત્તિનો ત્યાગ કરો છો, તો મારે પણ ત્યાગ છે. તમે એને ખોટી માનો છો તો મારે શું કરવી છે? ખોટી વસ્તુને મારે શું કરવી છે? પછી એણે પણ દીક્ષા લીધી.

એક આત્મા જ શ્રવણ કરવા યોગ્ય છે, મનન કરવા યોગ્ય છે, નિદિધ્યાસવા યોગ્ય છે. અંતરપરિણતિ પર દૃષ્ટિ રહેવી બહુ મુશ્કેલ છે. સર્વસંગપરિત્યાગ કરે તો પણ એ થવું દુર્લભ છે. પણ એ કરે તો થાય એવું છે અને એ કર્યા વિના છૂટકો નથી. જૈનમાં તો જ્યાં રાગ ભણી વળ્યો ત્યાં આગળ હિંસા જ છે એમ કહ્યું છે. સર્વ જીવ પ્રત્યે પ્રેમભાવ રાખવો એમ કહ્યું, પણ જો

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૨૬૩

રાગભાવ થયો તો ત્યાં બંધન છે. માટે–

**"સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી"**

ઉદાસીનતામાં રાગ નથી, દ્વેષ નથી. દ્વેષભાવ છોડવા માટે બધા પ્રત્યે પ્રેમ દૃષ્ટિ રાખવાનું કહ્યું, પણ જો રાગ થયો તો બંધન છે. દ્વેષ રાખવો તે તો બહુ હલકી દૃષ્ટિ છે. મધ્યસ્થભાવ રાખવાનો છે. વીતરાગતા છે ત્યાં શ્રેષ્ઠ અહિંસા છે. પરિગ્રહથી ઘેરાયેલો છે ત્યાં મારું તારું છે. જ્યાં મારું તારું છે ત્યાં પરિગ્રહ છે. આરંભ અને પરિગ્રહ એ વૈરાગ્યઉપશમના કાળ છે. દ્વેષભાવ છોડી મૈત્રીભાવ રાખવો એ તો સહેલો છે, પણ રાગભાવ છોડવો બહુ મુશ્કેલ છે. સ્નેહપાશને તોડવો. સાંસારિક ભાવ હોય ત્યાં સુધી સ્નેહની જાળ રહ્યા કરે છે. એકત્વ ભાવનામાં રહે કે આપણો આત્મા એકલો જ છે, એકલો જ જન્મે છે, એકલો જ મરે છે. આ જીવના એકલાનો જ વાંક છે ત્યાં સ્નેહ નથી. સંસારરૂપી વૃક્ષ કેવું છે? ઝેરી ફળ આપે એવું છે. સંસારરૂપી ઝાડ ઉપર બધાં પુણ્ય કે પાપના બંધનરૂપ ઝેરી ફળ બેસે છે. રાગદ્વેષરૂપી બે પૈડાંથી સંસાર ચાલે છે. રાગ છે એ સંસારને પોષનાર છે. સંસાર રાગના અંકુરથી વધે છે. રાગ કરે કે સ્નેહ કરે, એ બધાં સંસારને ટકાવનાર છે. વીતરાગ થવું હોય તો રાગને છોડ્યા વિના છૂટકો નથી.

અણુવ્રત છે અને મહાવ્રત છે. ગૃહસ્થાશ્રમમાં અણુવ્રત પળાય છે. કારણકે બધા એકેન્દ્રિય જીવોની અહિંસા પળાતી નથી. છકાયની હિંસાનો ત્યાગ તે મહાવ્રત છે. મહાપુરુષો એને પાળે છે તેથી એનું નામ મહાવ્રત છે; બીજું એમાં સંપૂર્ણ ત્યાગ છે તેથી મહાવ્રત કહ્યું અને મોક્ષ જેવું મહા કાર્ય સિદ્ધ કરવા માટે આ કાર્ય કરે છે, તેથી મહાવ્રત કહેવાય છે. મારે આ કામ કરવું જ નથી, એવો સંકલ્પ થયો તો પછી મનમાં બીજો વિકલ્પ ન આવે. સંકલ્પ કર્યો એટલે પછી મનમાં બીજા વિકલ્પો ન પેસે. સંકલ્પને હિન્દીમાં આખડી પણ કહે છે.

'દશવૈકાલિક'માં આવે છે કે જેને જીવાજીવનું જ્ઞાન નથી તે સંયમને શું પાળે? કોઈ જીવની હિંસા ન કરવી એવી પ્રતિજ્ઞા લે, પણ તેથી કંઈ એમ ને એમ પળાતું નથી. જીવો ક્યાં જન્મે છે, કેવી રીતે મરી જાય છે, એ બધું જાણે તો પાળી શકે. ગમે તેટલાં કષ્ટ વેઠે, પણ જ્ઞાન વિના સંયમ પળે નહીં. ખબર ન હોય કે ક્યાં જીવોની ઉત્પત્તિ થાય છે અને કેવી રીતે મરી જાય છે, તો સંયમ ક્યાંથી પળાય? કેટલાક ઘર છોડીને સાધુ થાય અને પછી હરણના કે સિંહના ચામડાનું આસન રાખે, મોટા કેશ રાખે, પણ એમાં હિંસા થાય છે, એની તેને ખબર નથી. અગ્નિ લગાડે, ધૂણી લગાડે, ત્યાં હિંસા થાય છે. પાર્શ્વનાથ ભગવાન જ્યારે કમઠ પાસે ગયા ત્યારે કહ્યું કે તમને એવું આ હિંસાનું તત્ત્વ કોણે બતાવ્યું? કમઠ બોલ્યો, તમે તો રાજાના પુત્ર છો, તમે શું જાણો? અમે કરીએ છીએ તે ધર્મ છે, તમે ઘોડા ખેલાવતાં જાણો.

ખરેખર આરંભપરિગ્રહનો ત્યાગ નિર્ગ્રંથ મુનિઓ કરે છે. જેને મોક્ષે જવું છે તેને શરીર પણ મૂકી જવાનું છે; તો પછી શરીર ઉપરનાં જે ઘરેણાં, કપડાં વગેરે ક્યાં સાથે રહેવાનાં છે? બધું છોડવાનું છે. એકલું તપ મોક્ષ આપતું નથી. સાચું શરણ અને જ્ઞાન જોઈએ. પછી તપ કામ કરે છે.

બૌદ્ધ ધર્મમાં પાંચ મહાવ્રત કહે છે, પણ જૈનમાં જેવાં પંચ મહાવ્રત કહ્યાં છે તેવાં બૌદ્ધમાં નથી. હિંસા કરે નહીં, કરાવે નહીં, અનુમોદે નહીં એવું કરે ત્યાં અહિંસા પાળી કહેવાય. કૃપાળુદેવે કહ્યું છે કે બુદ્ધ મોક્ષે નથી ગયા. ગાંધીજીએ કહ્યું કે તમે શા ઉપરથી કહો છો? કૃપાળુદેવે ઉત્તર આપ્યો કે એમના શાસ્ત્રો ઉપરથી. એમાં હિંસાનું પોષણ છે.

સહનશીલતા એ ધર્મ છે. જ્યારે સહનશીલતા ન રહે ત્યારે જૈન ધર્મમાં પણ સાધુઓ ઊનનું કપડું નાંખીને બેસે. બુદ્ધો ચામડાનું આસન રાખે છે. અહિંસા પાળવી હોય તો જીવો ક્યાં ક્યાં ઉત્પન્ન થાય છે, કેવી રીતે મરે છે તે જાણવાનું છે. દયા દયા બધા કહે છે, પણ કોઈ જાણતું નથી. જીવ છે, પ્રાણ છે એમ જાણે નહીં, તો શું દયા પાળે? માંસ ગમે તેવી સ્થિતિમાં હોય, તોય એમાં જીવો હોય છે જ. માંસ તળતી વખતે પણ જીવો હોય છે. માંસમાં બધી વખતે જીવો હોય છે જ. અનાદિકાળથી જૈનધર્મ છે. હિંસા કરનારા જીવો અનાદિકાળથી છે અને અહિંસા પાળનારા પણ અનાદિકાળથી છે. પોતાના ભાવ બગાડવા તે હિંસા છે. પછી ગમે તો જીવ મરે કે ન મરે, પણ પરિણામ બગડ્યાં ત્યાં હિંસા થઈ.

*

(સાંજના—સભામાં, 'સમયસાર'માંથી બંધઅધિકારના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—મિથ્યાદૃષ્ટિ બંધાય છે. રાગ દ્વેષથી જેવો બંધાય છે તેવો બીજી ક્રિયાઓથી બંધાતો નથી. બંધનું મુખ્ય કારણ મિથ્યાત્વ છે. બંધનાં પાંચેય કારણોમાં મિથ્યાત્વ એ જ બંધનું મુખ્ય કારણ છે. મિથ્યાદૃષ્ટિ કંઈ ક્રિયા ન કરતો હોય તોય બંધાય છે. એ મહાવ્રત પાળતો હોય તોય મહાપાપી છે. રાગદ્વેષ સહિત મન વાપરે, ઇન્દ્રિયો વાપરે છે, તેથી બંધાય છે. આ તો એક સમ્યગ્દર્શનનું માહાત્મ્ય કહેવા માટે કહ્યું છે, બાકી કંઈ સમ્યગ્દૃષ્ટિને બંધ થતો જ નથી એમ નથી. સમ્યગ્દૃષ્ટિનો વધુમાં વધુ અર્ધપુદ્ગલપરાવર્તનમાં મોક્ષ થવાનો છે.

(બપોરના—ઉપર) ૬૩ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ સુદ ૧૧, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—જીવને પોતાને માટે શું કરવું, તે પહેલાં સમજવું જોઈએ. શાસ્ત્રીય પ્રશ્નો તો ઠીક છે. જગત બધું વાચાળ થઈ ગયું છે. વાચામાં આખું જગત પડ્યું છે. ઊંડા ઊતરીને વિચારવું કે મારી શી વલે થશે? ઝૂરવાની જરૂર છે. આ જન્મમરણ કેમ ટળે તે કરવાનું છે. 'સમાધિસોપાન'માં આકિંચન્ય ભાવના ટૂંકી છે, પણ બહુ વિચારવા જેવી છે. મારું લાગે છે, તેથી સારું લાગે છે; નહીં તો કંઈ ન લાગે. મોહ છે તેને લઈને જીવ ભટકે છે. જીવને ભેદજ્ઞાન થાય તો કામનું છે, નહીં તો બીજું બધું નકામું છે.

('ચારિત્રચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—પોતાનો પ્રાણ જવા દેવો, પણ બીજાનો પ્રાણ ન લેવો. પોતે જાડો થવા બીજાનું માંસ ખાય છે તેના હૃદયમાં દયા ક્યાંથી હોય? જૈનાચાર્યો કોઈની હિંસા કરે નહીં, માંસ ખાય નહીં.

જૈનાચાર્યોએ કંઈ ખોટું લખ્યું નથી. જેણે આખી જિંદગી સુધી જૂઠ ન બોલવાનું વ્રત લીધું છે તે જૂઠ કેમ બોલે ? આહાર કરતી વખતે કોઈ માંસ એવો શબ્દ બોલે અથવા એવું દેખે તો આહાર કરવો છોડી દે છે, આહાર ન કરે. અહિંસા જેને પૂર્ણપણે પાળવી હોય તેણે મન, વચન, કાયા વશ કરવાનાં છે. મનથી કોઈનું ખોટું ચિંતવે તોય હિંસા થાય. વચનથી, હિંસા-વચન બોલે તોય હિંસા થાય. કાયાને સમિતિપૂર્વક ન વાપરે, તોય હિંસા છે. બધે જીવો ભરેલા છે, તો મુનિએ કેમ વર્તવું કે જેથી હિંસા ન થાય ? 'દશવૈકાલિક'માં કહ્યું છે કે યત્નાથી એટલે બીજાની હિંસા ન થાય તેવી સાવચેતીથી બધી ક્રિયા કરતા રહેવું, તેથી પાપ ન બંધાય. મુખ્ય તો મુનિઓ પાળે છે તે યત્ના છે. ભગવાને કહ્યા પ્રમાણે સમિતિઓ પાળે તો અપ્રમત્ત યોગ થાય, તેથી હિંસા ન થાય. કૃપાળુદેવે 'મોક્ષમાળા'માં યત્ના વિષે પાઠ લખ્યો છે. એક પત્ર પણ પાંચ સમિતિ વિષે છે. કષાય છે એ હિંસા છે. બહારની દયા પણ અંતરને માટે છે. પોતાના આત્માને પાપથી બચાવે છે, માટે એ દયા છે. આત્માનો ઉદ્ધાર કરવા માટે બાહ્ય દયા છે. પોતાના આત્માને કર્મ ન બંધાય, એ દયા છે. ગૃહસ્થ હોય તેણે બધું કામ યત્નાપૂર્વક કરવું. બીજાનો પ્રાણ જાય તોય એને દયા ન આવે, તો પોતાના આત્માની દયા ક્યાંથી આવે ? હૃદયમાં દયા વસી હોય તો તપ વગેરે ન કરે તોય દયા છે. દયા ન હોય અને તપ વગેરે કરતો હોય તો એ નકામા છે. એકાંતે એમ માને કે જીવ જુદો છે અને દેહ જુદો છે, તો કોઈ જીવ મરી જાય તો કહે કે શું થઈ ગયું ? જીવ જુદો છે અને દેહ જુદો છે એમ કરી દયારહિત થાય છે, શુષ્ક થઈ જાય છે. એકાંતે એમ માનવાથી હિંસા થવાનો પ્રસંગ આવે. ઘડો હોય અને તેમાં દીવો રાખેલો હોય તે ઘડાને ફોડી નાંખે તો દીવો જુદો છે, તેથી તેની ઘાત ન થાય. તેમ આ શરીરમાં આત્મા રહેલો છે, તે દેહથી ભિન્ન છે. તેથી શરીરની ઘાત કરે તોય આત્માની ઘાત તો થતી નથી, એમ માને તો પછી એના હૃદયમાં દયા ન રહે. પછી એને પાપનો ડરેય ન રહે. દેહ અને જીવનો નાશ થાય એમ માનવું તે પણ ઠીક નથી. જીવનો જો નાશ થાય તો પછી ધર્મ શા માટે કરવાનો ? સ્યાદ્વાદ માન્યા વગર દયા બરાબર પળાય નહીં. દ્રવ્યદૃષ્ટિ અને પર્યાયદૃષ્ટિ બેયનો લક્ષ રાખવો. ક્ષણે ક્ષણે જીવ જો મરી જતો હોય તો પછી મારવાની જે ઇચ્છા કરે તે તો મરી જાય અને મારે પાછો બીજો અને ફળ ભોગવે ત્રીજો, એવું થાય.

એકાંતે આત્મા ક્ષણિક માનવાથી એવું થાય છે. ક્ષણે ક્ષણે આત્મા જુદો જુદો થતો હોય તો હિંસા કરનાર એક, બંધાય બીજો અને ભોગવે ત્રીજો એવું થાય. ગાંધીજી જેવા પણ ભૂલી ગયા. એક વાછરડું રીબાતું હતું, બહુ દુઃખી થતું હતું, તેને મરાવી નાંખ્યું. તેઓ પોતાના સ્વચ્છંદે અહિંસા પાળતા. ભગવાને શાને અહિંસા કહી છે ? તેની એમને ખબર નથી. સ્વચ્છંદે ગમે તેટલું કરે તોય ધર્મ નથી. 'आणाए धम्मो, आणाए तवो' ભગવાને શાને હિંસા-અહિંસા કહી છે તેની ખબર નથી. કોઈ પણ જીવને મારવામાં ધર્મ નથી. કોઈ કહે કે મને મારી નાંખો, તોય મારવા જેવું નથી. ભગવાને તો માર એવો શબ્દ જ કહ્યો નથી. 'मा हणो, मा हणो' એવું કહ્યું, કે કોઈને હણો મા, હણો મા. ક્ષણે ક્ષણે આત્મા પલટાતો હોય તો પછી કર્તૃત્વ, ભોક્તૃત્વ ન રહે. સ્યાદ્વાદથી માને કે દ્રવ્યથી નિત્ય છે, પર્યાયથી અનિત્ય છે, તો સાચું છે. નિશ્ચયનયથી તો આત્મા નિત્ય જ છે, પણ પર્યાયદૃષ્ટિથી કોઈ કોઈનું ખૂન કરે તો જેલમાં જવું પડે. ગીતામાં પૂર્વાપર વિરોધ છે. સ્યાદ્વાદ એમાં નથી.

મુમુક્ષુ—મારે પરિગ્રહ પરિમાણ વ્રત લેવું છે.

પૂજ્યશ્રી—સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે બધું કરવાનું છે. લોકોને દેખાડવા કશું કરવું નથી. વૃત્તિઓ રોકવા બધું કરવાનું છે. પરિગ્રહ પરિમાણ કરીને પાછું એમ ન કરવું કે બસ હવે આપણે એટલું રાખ્યું છે એમાંથી ઓછું કરવું નથી; પણ દિવસે દિવસે ઓછું કરવાનું છે. [1]આનંદશ્રાવકે પરિગ્રહ પરિમાણ વ્રત લીધું અને ઓછું કરતાં કરતાં પૌષધશાળામાં જઈને બેઠા, એવું કરવાનું છે. આપણે બાર મહિનાનો કેટલો ખર્ચ થાય છે, એ બધું બે ત્રણ વર્ષ જોવું અને પછી નિયમ લેવો. ચારેબાજુથી તપાસીને પછી નિયમ કરવો.

*

('સમયસાર'માંથી બંધઅધિકારના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—અહંભાવ છે ત્યાં મિથ્યાત્વ છે. હું કરું છું, હું ભોગવું છું, એ બધું અભિમાન છે. જેણે કોઈ જીવની ઘાત કરવી નથી એમ પચખાણ લીધું છે તેમને માટે આ ઉપદેશ છે. હું રક્ષું છું, હું અહિંસા પાળું છું એવો જે અહંભાવ, તે કાઢવા માટે કુંદકુંદાચાર્ય કહે છે. કોઈનાં કર્મ કોઈ લેવા સમર્થ નથી.

બહુ ઉચ્ચ કોટીની વાત છે. સૂક્ષ્મ કંઈક મિથ્યાત્વ રહી ગયું હોય તે કાઢી નાંખવા માટે કહે છે. અશાતા વેદની કોઈને હોય તે આપણે લઈ શકીએ? ભગવાન મહાવીર જેવા પણ થોડું આયુષ્ય પણ વધારી ન શક્યા, તો બીજાની તો વાત જ શી? ''હું પામર શું કરી શકું? એવો નથી વિવેક'' એ વિવેક છે.

(સવારના—ઉપર) ૬૪ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ સુદ ૧૨, સં.૨૦૦૯

મુમુક્ષુ—મુનિ આચાર સંબંધી 'દશવૈકાલિક'માં બધું આવી જાય છે?

પૂજ્યશ્રી—હા, બધું આવી જાય છે. મુનિઓ તો પહેલું એ જ શાસ્ત્ર શીખે છે. એ સિવાય 'આચારાંગ' છે તે મોટું છે.

મુમુક્ષુ—શ્વેતાંબર સાધુઓ હાથમાં જે ડંડો રાખે છે તે શા માટે રાખતા હશે? 'દશવૈકાલિક'માં તો એ આવતું નથી.

પૂજ્યશ્રી—એમ કહેવાય છે કે કોઈ વખતે દુકાળ પડેલો. તે વખતે મુનિઓ આહાર જે લઈ આવતા તે કૂતરાઓ પડાવી લેતા. મુનિઓ તો કૂતરાઓને મારી શકે નહીં, તેથી પછી ભય પમાડવા માટે ડંડો રાખ્યો.

મુમુક્ષુ—સાધુઓ ગોચરી જાય ત્યારે ગૃહસ્થને ઘેર આહાર માટે જતાં 'ધર્મલાભ' એમ કહે છે. એ શા માટે? 'દશવૈકાલિક'માં તો એ નથી.

પૂજ્યશ્રી—જેને ધર્મ પ્રાપ્ત ન થયો હોય, તેને 'ધર્મલાભ' એમ કહે અને જેને ધર્મ પ્રાપ્ત થઈ

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૮૦.

ગયો હોય તેને ‘ધર્મવૃદ્ધિ’ એમ કહે. દિગમ્બર મુનિઓ ‘ધર્મવૃદ્ધિ’ કહે છે. ધર્મનો અર્થ પુણ્ય પણ થાય છે. ધર્મનો અર્થ જ્ઞાનદર્શનચારિત્ર પણ થાય. પછી જેવો અર્થ કરવો હોય તેવો થાય છે. કેટલાક નિયમો એવા હોય છે કે જે પ્રત્યક્ષ મુનિ સમીપે શીખવાના હોય છે. બધું કંઈ પુસ્તક ભણવાથી આવે નહીં.

મુમુક્ષુ–‘દશવૈકાલિક’માં બધી મુનિધર્મની જ વાત છે કે?

પૂજ્યશ્રી–પહેલા જે ત્રણ અધ્યયનો છે તેમાં ગૃહસ્થને પાળવા યોગ્ય આચાર પણ છે.

મુમુક્ષુ–‘દશવૈકાલિક’માં એકની એક વાત વારંવાર આવે છે.

પૂજ્યશ્રી–એ તો ઉપદેશ ગ્રંથ છે તેથી વારંવાર આવે. એક વાર કહ્યે સમજાય નહીં તેથી વારંવાર કહ્યું છે. એક વાર કહ્યું તેથી ફરી ન કહેવું એવું કંઈ નથી. મનકને માટે એ સૂત્ર લખ્યું છે. શય્યંભવાચાર્યે ચૌદપૂર્વમાંથી છૂટું છૂટું લઈને બધું ગોઠવ્યું છે, તેથી એકની એક વાત ફરી ફરી આવે. મનકને માટે એ લખાયું હતું. છ મહિનામાં મોઢે થઈ જાય એટલું છે.

મુમુક્ષુ–માગધીમાં છે ને?

પૂજ્યશ્રી–હા, માગધીમાં છે.

મુમુક્ષુ–એમાં એક ઠેકાણે તો એમ આવે છે કે નગ્ન દેહવાળા મુનિઓ હોય અને એક ઠેકાણે એમ આવે કે વસ્ત્ર, પાત્ર, રજોહરણ વગેરે સંયમને અર્થે રાખવાં.

પૂજ્યશ્રી–શરૂઆતમાં અભ્યાસ કરવાનો હોય છે, તેથી રાખે; પણ પછી જેમ જેમ આગળ દશા વધે, તેમ તેમ છોડતાં છોડતાં બધું છૂટી જાય. પહેલાં શરૂઆતમાં સામાયિક કરે ત્યારે સારું સ્થાન જોઈએ, સારું પાથરવા જોઈએ, એમ બધી અનુકૂળતા જોઈએ; પણ પછી અભ્યાસ થઈ ગયા પછી ગમે ત્યાં સામાયિક કરે તોય થાય. પછી અનુકૂળતાની જરૂર રહેતી નથી. જિનકલ્પી અને સ્થવિરકલ્પી એમ બે પ્રકારના મુનિઓ છે. ‘દશવૈકાલિક’ની ટીકા તેં વાંચી છે?

મુમુક્ષુ–નાજી.

પૂજ્યશ્રી–થોડીક ગાથાની ટીકા મેં લખી છે. બીજું બધું પડ્યું રહ્યું છે. થોડીક ટીકા છે તે વાંચજે. અહીં કબાટમાં પુસ્તક પડ્યું છે તે લઈ જજે.

*

(બપોરના–ઉપર, ‘ચારિત્ર ચક્રવર્તી’ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–વિરોધી હિંસા એટલે આપણને કોઈ મારવા આવતો હોય તો તેની સાથે લડવું પડે, તેમ મુનિની રક્ષા કરવા માટે પણ કરવું. ગૃહસ્થને સંકલ્પી હિંસાનો ત્યાગ છે, વિરોધી હિંસાનો ત્યાગ નથી. હિંસા અહિંસા બધાનો આધાર ભાવ ઉપર છે. આખો જૈનધર્મ ભાવ ઉપર છે. ‘‘ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન; ભાવે ભાવના ભાવિયે, ભાવે કેવળજ્ઞાન’’ એમ કહ્યું છે.

જૈન રાજાઓ પણ લડાઈ કરતા. ક્ષત્રિય થઈને કાયરતાનો વિચાર કરે તો ધર્મ નથી. ગૃહસ્થે, ગૃહસ્થના ધર્મ પ્રમાણે વર્તવું. આ હિંસા છે, એમ કરી પછી કાયરતા સેવે તે યોગ્ય નથી. રોજ આલોચનામાં બોલીએ છીએ.

**''સમરંભ સમારંભ આરંભ, મન વચ તન કીને પ્રારંભ;**
**કૃત કારિત મોદન કરિકૈં, ક્રોધાદિ ચતુષ્ટય ધરિકૈં.''**

એવા હિંસાના ૧૦૮ ભેદ છે. માળામાં ૧૦૮ મણકા રાખ્યા છે તેનું કારણ ૧૦૮ પ્રકારની હિંસાના નિવારણ માટે છે. મુનિઓને ૧૦૮ શ્રી એમ લખાય છે તેનું કારણ મુનિઓ ૧૦૮ પ્રકારની હિંસાનો ત્યાગ કરે છે. દુઃખ એ પાપનું ફળ છે. જગતમાં જેટલું બધું દુઃખ દેખાય છે તે બધાનું કારણ પાપ છે. એ પાપ ૧૦૮ પ્રકારની હિંસાથી થાય છે. જેને હિંસા નથી કરવી, એટલો સંકલ્પ દૃઢ થાય તેને બધા વિકલ્પો છૂટી જાય. તેથી ઘણી શાંતિ થાય. બધા વિકલ્પનું કારણ હિંસા છે. દુઃખ આવે ત્યારે એમ વિચારવું કે મારા જ કર્મનો વાંક છે; જેમકે ચોરી થઈ જાય ત્યારે એમ વિચારવું કે ચોરનો વાંક નથી, પણ મારા જ કર્મનો વાંક છે. એમ થવાથી ઘણા વિકલ્પો મટી જાય.

ગૃહસ્થાવસ્થા મુનિધર્મથી તદ્દન વિપરીત છે. ગૃહસ્થાવસ્થામાં ડગલે ને પગલે હિંસા છે અને મુનિઓ તો હિંસારહિત છે. ગૃહસ્થાવસ્થામાં મુનિ જેવી દયા પાળવા જાય તો એનું ઘર જ ચાલે નહીં. લોકો જાણે કે આપણે એના ઘરમાંથી વસ્તુ લઈ જઈએ તો પણ એ બોલશે નહીં, એમ કરી બધું લૂંટી જાય. રાજા રાજાનો ધર્મ ન પાળે તો આખી પ્રજાને ભોગવવું પડે. જેમ કોઈ દુરાચારી હોય તેને છોડી દે તો પછી નુકસાન થાય.

એક આચાર્ય હતા, તેમને એક શિષ્ય હતો. તે જે દોષો થાય, તે બધા આચાર્ય પાસે આવી કહેતો. ત્યારે આચાર્ય તેનાં વખાણ કરે કે તારું હૃદય બહુ કોમળ છે, બધાય પોતાના દોષ કહી દે છે. એમ વખાણ કરે, તેથી શિષ્યને તે સારા લાગે. તેથી રોજ દોષ કરી આવીને કહે અને રોજ આચાર્ય એનાં વખાણ કરે. એમ કરતાં કરતાં પછી એ દોષનું ઘર જ થઈ ગયો અને આચાર્ય પણ દોષી થઈ ગયા. પછી એક કોઈ બીજા આચાર્ય આવ્યા. તેમણે આ બધું જોઈને કહ્યું કે તમે આ બધું શું કરો છો? આખો સંઘ દોષવાળો થઈ ગયો છે. એવા આચાર્યની જરૂર નથી. એમ કરી પછી તે આચાર્યને આચાર્યપદથી ઉતારી દીધા.

નિયમ પાળવામાં કટ્ટરતા ન હોય તો પાળી શકાય નહીં. મુનિઓનો ધર્મ ગૃહસ્થ પાળવા જાય તો દુઃખી થવાનો વખત આવે. મુનિની વાત જુદી છે. મુનિને તો કોઈ છેદે, ભેદે તોય બોલે નહીં. ગૃહસ્થપણું જેને શોભાવવું હોય તેની વાત જુદી છે. આધ્યાત્મિક દૃષ્ટિનો લક્ષ રાખી કાયરતાને પોષવાની નથી; તેમ પરમાર્થનું નામ લઈ લડાઈઓ પણ કરવા જેવું નથી. સાચી વસ્તુનો કેટલો પ્રભાવ હોય છે! મહાપુરુષ પાસેથી એક વચન પણ મળ્યું હોય તો મોક્ષ થઈ જાય. સાચ એવું છે કે એને બીજે બધેથી છોડાવી મોક્ષે લઈ જાય. [૧]શ્રેણિક રાજાએ આગલા ભવમાં એક સત્પુરુષની

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૩૮૩.

આજ્ઞાથી કાગડાનું માંસ ત્યાગ્યું, તો તેથી દેવ થયો, શ્રેણિક રાજા થયો, સમકિત પામ્યો, તીર્થંકર નામકર્મ બાંધ્યું, ઘણા જીવોને તારી તે મોક્ષે જશે.

બરાબર મહાવ્રત પળે તે માટે દરેક વ્રતની પાંચ પાંચ ભાવનાઓ છે. મનોગુપ્તિ એટલે મનને બીજી લાલસામાં ન જવા દેવું. વચનગુપ્તિ, ઈર્યાસમિતિ, આદાન નિક્ષેપણા સમિતિ અને આલોકિત પાન ભોજન એટલે જે ખાવું છે તે જોઈને ખાવું, અજવાળામાં ખાવું, એ પ્રથમ મહાવ્રતની પાંચ ભાવનાઓ છે. આત્માના નિર્બળ ભાવો ઓછા કરવા માટે અહિંસા પાળવાની છે.

*

(સાંજના–સભામાં, 'સમયસાર'માંથી બંધઅધિકારના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–સાચી વસ્તુ જ્ઞાનીએ જાણી છે. આ દેખાય છે તે બધી માયા છે, કર્મ છે. કર્મ દેખાય એવાં નથી. શાતા-અશાતાને લઈને સુખીદુઃખી થાય છે. મેળામાં દેખાય એવો આ જગતનો દેખાવ છે. સાંજ થતાં વીખરાઈ જવાનાં છે. મુનિઓ છે તે મહાવ્રત પાળે છે. તેમને એવો અહંકાર રહી જાય છે કે હું જીવોને રક્ષું છું. તે કઢાવવા માટે આ ઉપદેશ છે કે કોઈ કોઈને રક્ષી શકતું નથી, કોઈ કોઈને મારી શકતું નથી.

*

(સાંજના–ઉપર)

પૂજ્યશ્રી–ગૃહસ્થાશ્રમમાં ધર્મ છે તે હસ્તીસ્નાનવત્ છે. થોડોક ધર્મ કરે અને પાછો બીજા કામોમાં ભળી જાય છે, માટે કૃપાળુદેવે કહ્યું છે કે નિવૃત્તિનો ઉપાય કરવો. નિવૃત્તિ કેમ મળે, ક્યારે મળે એનો ઉપાય કરવો. જીવને ધર્મ પામવા માટે કંઈ ને કંઈ નિમિત્તની જરૂર છે. જેમ વાડ વગર વેલો ઊંચે ચઢે નહીં, તેમ નિમિત્ત વગર ધર્મ પમાય નહીં.

(સવારના–સભામાં) ૬૫ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ સુદ ૧૪, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–આ મત મારો છે, એમ નહીં કરતાં મધ્યસ્થ દૃષ્ટિથી વાંચવું.

**"હમ પરદેશી પંખી સાધુ, આ રે દેશકે નાહીં રે"**

અમે આ સંસાર દેશના નથી, કોઈ બીજા દેશના છીએ એમ કહેવું છે. માથે મરણ છે એ સંભારવા જેવું છે. કાળ છે તે પદાર્થને પલટાવે છે. પદાર્થ બીજારૂપે થાય પણ નાશ ન થાય. જેમ દીવામાં ઘાસતેલ નાંખ્યું તે ધુમાડારૂપે થાય છે. પર્યાય ફર્યો પણ વસ્તુ તો રહી.

*

(બપોરના–ઉપર)

નવરાશ હોય ત્યારે વાંચવા-વિચારવામાં ગાળીએ. વાંચીએ, વિચારીએ. થોડો પણ ગોખવાનો, વાંચવાનો, વિચારવાનો ઉદ્યમ કરવો. કશું ન થાય તો લખવાનું રાખવું. લખવામાં મન રોકાય છે. રોજ નિયમિત વાંચન રાખવું. એક દિવસ દવા ખાય અને બીજે દિવસે ન ખાય તો

શું રોગ મટે? જ્ઞાનીપુરુષનું શું કહેવું છે, તે વિચારવું.

*

(સાંજના—સભામાં, 'સમયસાર'માંથી બંધઅધિકારના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—જીવના હાથમાં ભાવ છે. બાહ્ય વસ્તુ બંધનું કારણ નથી. મમતા એ બંધનું કારણ છે.

*

(સાંજના—ઉપર)

પૂજ્યશ્રી—સાચી વસ્તુ મળી અને પકડી લીધી તો એનું કામ થયું. સાચની બલિહારી છે. સાચો દીવો હોય તો અજવાળું થાય. સાચ ન પ્રગટે તો કંઈ થાય નહીં. જીવ મંડે તો કામ થાય એવું છે. આ સંસારમાં બધું લૂંટાઈ જવાનું છે. એથી છૂટી કોઈ જ્ઞાનીએ કહ્યું તેમાં લય લાગી તો કામ થઈ ગયું.

**"પ્રભુ પ્રભુ લય લાગી નહીં"**

જ્યારે સાચ સાંભળે ત્યારે થાય કે અનંતકાળનાં કર્મ ક્યારે છૂટશે? આત્મા તો સિંહ જેવો છે. ગમે તેટલાં કર્મ બાંધ્યાં હોય તોય છૂટી જાય. જીવ ભુલકણો છે. આ ભવમાં ગર્ભમાં, નરકમાં કેટલાં દુઃખ ભોગવ્યાં છે તે બધું ભૂલી ગયો. મનુષ્યભવ છે ત્યાં સુધી ચેતી લે તો કામ થાય. ખાવા પીવા માટે જન્મ્યા નથી.

**"નથી ધર્યો દેહ વિષય વધારવા; નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા"**

આ ભવમાં કોઈ જ્ઞાનીની આજ્ઞા આરાધી હશે તે સાથે આવશે, બીજું બધું નકામું. જ્યાં સુધી લાગ હોય ત્યાં સુધી કામ થાય. કપડું ધોળું થાય તો કપડું રંગાય, તેમ બીજી માન્યતા કરી છે તે છૂટે તો સાચો રંગ ચઢે. હું સ્ત્રી, હું પુરુષ વગેરે તે હું નથી. જ્ઞાનીએ જાણ્યો છે એ આત્મા મારે માનવો છે. સાચા પુરુષનો સંગ થાય તો વહેલું મોડું ઊગી નીકળે.

**"થાય સદ્‌ગુરુનો લેશ પ્રસંગ રે, તેને ન ગમે સંસારીનો સંગ રે"**

વૈરાગ્ય વગર ઠેકાણું પડે એવું નથી. જેટલી વિષયથી પ્રીતિ ઊઠે તેટલો ધર્મ થાય. બધેથી દોષ જોઈ કાઢવાના છે. કેમ મોક્ષ થાય એ કરવાનું છે. સવારમાં એવી ભાવના કરવી કે કોઈ સાચા પુરુષની શ્રદ્ધા થાઓ. સાચામાં સાચો પરમેશ્વર હોય તેની મને શ્રદ્ધા થાઓ. આત્માનું કલ્યાણ જ્ઞાની દ્વારા થાય એવું છે. મોક્ષનાં કારણો છે તેની ભાવના કરવી. આત્માનું કલ્યાણ કરવું હોય તો જીવને માથાકૂટ કરવી પડે. પાતાળનું પાણી નીકળે એવું આ ભવમાં કરવું છે. આત્માનો સ્પર્શ થાય એવું કરવું છે. આત્મા જાગે એવું કરવાનું છે. શું કરવા આવ્યો છું? એની જીવને સરત રહેતી નથી. રત્નચિંતામણિ જેવો એકેકો મનુષ્યભવનો સમય છે. કોઈ સમયમાં એને સમકિત થઈ જાય, કોઈ સમયમાં મુનિપણું આવી જાય, કોઈ સમયમાં શ્રેણિ માંડે, કોઈ સમયમાં કેવળજ્ઞાન થઈ જાય, મોક્ષ થઈ જાય એવી એવી મનુષ્યભવની અમૂલ્ય ક્ષણો છે. અનંતવાર મનુષ્યભવ મળ્યો પણ

સાર્થક થયો નથી. સત્સંગ સત્સંગ કહેવાય છે જગતમાં, તેથી કામ ન થાય પણ સાચો સત્સંગ જોઈએ. કેટલાય સત્સંગ જીવે કર્યા, પણ કલ્યાણ થયું નહીં. ડાંગ વાગે ત્યારે પાડો નીકળે, તેમ તેવો સત્સંગ મળ્યે આત્મા જાગશે ત્યારે એને કહેવું ન પડે.

**''જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ''** (હા.નોં.૧-૧૪)

ક્યાંથી ક્યાંથી જીવો આવ્યા છે! કોઈ દેવમાંથી, કોઈ નરકમાંથી, કોઈ કીડીમકોડીમાંથી આવ્યા છે. મનુષ્યભવમાં કંઈક આત્માનું કામ થાય તો સફળ થાય. જેવો તેવો લાગ નથી મળ્યો. પકડ કરી લે તો કામ થઈ જાય. એક શબ્દ પણ જો પકડે તો કામ થાય. [૧](પછી 'બહુ પુણ્યકેરા'ની વાત કહી હતી). જ્ઞાનીપુરુષની કૃપામાં કલ્યાણ છે. આપણે ભૂલ્યા છીએ. 'મોક્ષમાળા'માં મોક્ષનો માર્ગ જ છે. ધર્મનો અલૌકિક પ્રભાવ છે. જ્ઞાનીની આજ્ઞાની ભાવના રાખવી. કોઈ જ્ઞાનીની આજ્ઞા મળે તો મારે ઉપાસવી છે એમ ભાવના રાખવી.

''સર્વ દુઃખથી મુક્ત થવાનો અભિપ્રાય જેનો થયો હોય, તે પુરુષે આત્માને ગવેષવો, અને આત્માને ગવેષવો હોય તેણે યમનિયમાદિક સર્વ સાધનનો આગ્રહ અપ્રધાન કરી, સત્સંગને ગવેષવો; તેમ જ ઉપાસવો.'' (૪૯૧)

આત્મા ઓળખવો હોય તો સત્સંગ ઉપાસવો અને સત્સંગ ઉપાસવો હોય તો યમનિયમ વગેરેનો આગ્રહ દૂર કરી સત્સંગની ઉપાસના કરવી. એ સત્સંગ ઉપાસવાથી દુઃખ મટે છે.

કાલનો દિવસ મોટો છે. પૂનમને દિવસે કૃપાળુદેવનો જન્મ છે. સાચા વચનો કાનમાં પડે તો કોઈ દિવસે ઊગી નીકળે. ભાવ હોય તો કામ થાય. જીવના ભાવ જોઈએ અને સત્પુરુષનો યોગ. સત્પુરુષના વચનમાં રંગાઈ જાય તો કામ થઈ જાય. સારાં નિમિત્ત મેળવવાં. કેટલાય ભવ કરતો કરતો આ જીવ આવ્યો છે! હવે બળ્યા, ભવ કરવા નથી. જન્મવું-મરવું, જન્મવું-મરવું આ શું? મોહને લઈને લાગે છે કે હું મોટો, પણ મરણની તરફ જઈ રહ્યો છે. આ આશ્રમમાં જેનો દેહ છૂટે તેનું સમાધિમરણ થાય એમ પ્રભુશ્રીજી કહેતા. એક ભવમાં સમાધિમરણ થાય તો ભવોભવ સમાધિમરણ થાય. જ્યાં સુધી મોક્ષ ન થાય ત્યાં સુધી સમાધિમરણ દરેક ભવમાં થાય એ કમાણી જીવ ભૂલી જાય છે. કિંમતી વસ્તુ આ છે. વિચાર હોય તેને સમજાય. મોટા રાજાઓને પણ દુર્લભ છે. પુણ્ય વગર ક્યાંથી મળે? અત્યારે મનુષ્યભવ છે, તો જે કરવું હોય તે કરી શકે. એનો મોક્ષ પણ થાય. એટલી જોગવાઈ મળી તે ફરી મળવી દુર્લભ છે. બધી સામગ્રી મળવી બહુ મુશ્કેલ છે. આ દુર્લભ વસ્તુ મળી છે તે ક્ષણે ક્ષણે જાય છે, એ ભૂલવા જેવું નથી. પહેલાં જીવ ચેતી જાય તો કામ થાય. વિચારવાન હોય તે ખરો લાગ આવ્યે ચૂકે નહીં. આ મનુષ્યભવમાં ખરી કમાણી થાય એવું છે. ખરાબ કામમાં જાય છે તો પછી આ મનુષ્યભવ વાંદરા જેવો જ છે.

જીવને મનુષ્યભવરૂપી હોડી મળી છે તેને ખાવા-પીવામાં વાપરે તો હોડી કાણી થઈ જાય. પછી પેલી પાર જવાય નહીં. ક્ષણ-ક્ષણ જાય છે, કર્મ બંધાય છે. કોઈ જ્ઞાનીની આજ્ઞા આરાધવી. આ ભવમાં ઉત્તમમાં ઉત્તમ કામ હોય તે મારે કરવું છે, તેવું કરવાનું છે. મોહ છે એટલે જીવને

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૫૨૭

થાય કે છોકરાને માટે ઘરેણાં કરાવીએ, પણ ધર્મ કામનો છે એવું થતું નથી; પણ કામનો તો એ છે. નાનપણમાં પણ કરી લીધું તો સાથે આવે. જેને સમાધિમરણ થવાનું હોય તેને એવું સૂઝે છે. નાનપણમાં રંગ લાગ્યો હોય તો ઊગી નીકળે. બીજું બધું સ્વપ્ના જેવું છે. કશું સાથે ન આવે. મનને કોઈ સાધન જોઈએ. હરાયા ઢોર જેવું મન છે. મન બળવાન છે તો આપણે પણ બળવાન થવું. મનને કંઈ કામ જોઈએ. મનને કંઈ ખોરાક જોઈએ, નહીં તો ભટકે. કેટલાંય કર્મ બાંધે એવું છે. સારાં નિમિત્ત હોય ત્યારે સારી ભાવના થાય છે. સારા નિમિત્તની ભાવના રાખવી. આપણાથી થાય તેટલું કરી લેવું.

કંઈક તપ કરે તો જીવની ઇચ્છા રોકાય છે. ઇચ્છા રોકાય તે તપ છે. સવારમાં ઊઠી નિર્ણય કર્યો હોય કે મારે નથી ખાવું તો ઇચ્છા ન થાય. એ બધાં સાધનો છે. ન કરે તો ક્યાંથી થાય? જ્યાં મન પરોવવું હોય ત્યાં પરોવાય. મોટા મુનિઓને પણ સમાધિમરણ કરવું દુર્લભ છે. મોટા આચાર્યો પણ સમાધિમરણ કરવા માટે આચાર્યપદ છોડીને કોઈ મહાપુરુષ પાસે જાય છે. પછી તેમની આજ્ઞામાં વર્તે. મોટા મુનિઓ પણ એવું કરે છે તો મારું ઘર, મારાં છોકરાં, એ છોડ્યા વિના ક્યાંથી છૂટકો થાય? કૂવામાં મન રહે તો દેડકો થાય. ઘરમાં રહે તો ગરોળી થઈને ફરવું પડે. રાતદિવસ માથાકૂટ કરે તો ફળ મળે એવું છે. મનને ખોરાક જોઈએ. પ્રભુશ્રીજીએ એવી યોજના કરી છે કે જીવને બીજું ગમે નહીં. મારું-તારું થઈ ગયું હોય તે એને જંપવા ન દે. વૈરાગ્યની જરૂર છે. મારું કશું નથી એવું કરવાનું છે. મારું નથી એમ કરી ચેતી જવું. હું દેહથી-આ દેહથી ભિન્ન છું, એવી ભાવના કરવી. અનંતકાળથી હું દેહ છું એમ થયું છે, વજની ભીંત જેવું થયું છે. એને તોડવું મુશ્કેલ છે. આત્મા મરવાનો નથી એટલી દૃઢતા જોઈએ. અત્યારે દૂધ-પાણીની પેઠે દેહ આત્મા એકમેક થઈ ગયા છે. ગરજ જોઈએ. કંઈક કરવાની જરૂર છે. જેવું જ્ઞાનીનું સ્વરૂપ છે તેવું જ મારું છે. 'આત્મસિદ્ધિ'માં શિષ્ય કહે છે કે ''આત્માથી સૌ હીન'' શું આપું? બધી વસ્તુઓ હીન છે. તેથી કહ્યું કે—

**''આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;**
**દાસ, દાસ, હું દાસ છું, તેહ પ્રભુનો દીન.''**

કાળ એવો છે કે જગતમાં ધર્મની વાત જ સાંભળવા ન મળે. ''વાસિત બોધ આધાર'' બધે વાસના છે. વાની મારી કોયલ, પંખીના મેળા એમ પ્રભુશ્રીજી વારંવાર કહેતા. પક્ષીના મેળા જેવું જગત છે. કામ કરી લીધું તે ખરું. બેસી રહેવાનું નથી. શ્વાસોચ્છ્વાસ ચાલે છે તે ક્યારે બંધ થઈ જશે તેનું કશું કહેવાય નહીં. આત્માના ઉદ્ધાર માટે જેટલો શ્રમ લેશે તેટલો કામ આવશે, નહીં તો ધમણની પેઠે શ્વાસોચ્છ્વાસ લઈ મરી જાય. જ્ઞાનીની આજ્ઞામાં જેટલું બળ હોય તેટલું વાપરવું. એ બીજા ભવમાં પણ સાથે આવે. કરેલું નકામું ન જાય. આ ભવમાં પાકી શ્રદ્ધા કરી લેવી, તો પછી શ્રદ્ધા પણ પરભવમાં સાથે જાય. વાંચતાં જેને આવડતું હોય તેને કૃપાળુદેવનાં વચનો ઘણાં કામનાં છે, એ ઉત્તમ છે. જીવની યોગ્યતા જોઈએ.

**''આત્માદિ અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર;**

**પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર.''**

સુપાત્ર જીવ હોય તેને આધાર છે. બીજાં શાસ્ત્રો સંસ્કૃતમાં હોય પણ તે સમજાય નહીં. આપણી ભાષામાં કૃપાળુદેવે બધું લખી આપ્યું છે. 'આત્મસિદ્ધિ' મોતીના હાર જેવી છે. ભાવપૂર્વક ભણાય તો અહો! કોટી કર્મ ખપી જાય, એવી છે. જેવી ભાવના તેવું ફળ. કાલનો દિવસ અપૂર્વ છે. 'આત્મસિદ્ધિ' જેને પુણ્ય હોય તેને સાંભળવા મળે. મોઢે કરી હોય તો ભૂલી ન જવું, સાચવીને રાખવી.

અહીં રોજ સવારમાં વહેલા ચાર વાગે ઘંટ વાગે છે ત્યારે બધા, સભામંડપમાં ભક્તિ થાય છે ત્યાં બેસે છે. સાડા સાત વાગે ભક્તિ પૂરી થાય ત્યારે બધે દર્શન કરીને ઘેર જાય. ચા-પાણી, નાહવું વગેરે કરીને પાછા સાડા નવ વાગે ઘંટ વાગે ત્યારે સભામાં એકઠા થાય તે વખતે ભક્તિ થાય, વંચાય, ચર્ચાય. સાડા અગિયાર વાગે બધા ઊઠે અને ખાઈપીને પાછા અઢી વાગે ઘંટ વાગે ત્યારે એકઠા થાય, તે વખતે ભક્તિ કરે. વંચાય તે સાંભળે. સાડા ચાર વાગે ભક્તિ ઊઠ્યા પછી બધા ઘેર ચા-પાણી, ખાવાનું વગેરે કરવું હોય તે કરે અને ખાઈને સાડા છ વાગે ઘંટ વાગે ત્યારે બધા એકઠા થાય, દેવવંદન કરે. પછી જેને ફરવા જવું હોય તે ફરવા જાય. સાડા સાત વાગે ઘંટ વાગે ત્યારે એકઠા થાય. ભક્તિ થાય તે સાંભળે, બોલે, વંચાય તે સાંભળે. એમ કરી દસ વાગે ઘરે જાય. એમ આખો દિવસ માથાકૂટ કરે તો તેનું ફળ ન થાય? બીજાં કામો કરીએ તેનું ફળ થાય છે, તો એનું કેમ ન થાય? પ્રભુશ્રીજીએ એ યોજના કરી છે, તે એવી છે કે જીવનું મન બીજે સંસારમાં ન જાય. બધાય સંકલ્પ વિકલ્પો રોકાઈ જાય એવી આ યોજના છે. મનને કંઈક ખોરાક જોઈએ છે, નહીં તો બીજે જાય ત્યાં માર ખાય છે.

(બપોરના–ઉપર) ૬૬ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ સુદ ૧૫, સં.૨૦૦૯
('ચારિત્ર ચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–આખું જગત શરીર ઉપર પ્રેમવાળું છે. ધર્મને માટે દેહ છે.

**''ધર્મ અર્થે ઇહાં પ્રાણનેજી, છાંડે પણ નહિ ધર્મ''** (૪થી દૃષ્ટિ)

શરીર કામ આપે એવું છે તો સાચવવું. મુનિઓ સમાધિમરણ સ્વચ્છંદે કરતા નથી. કષાયના વશથી કોઈ કૂવામાં પડે તો તે આપઘાત છે, પણ મુનિઓ સમાધિમરણ કરે તે આપઘાત નથી. સમ્યગ્દર્શન હોય તો સમાધિમરણ થાય અને સમાધિમરણ થાય તો પછી સાત આઠ ભવે મોક્ષ થાય.

**''ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો?''**

સમયે સમયે આત્માનું શુદ્ધ સ્વરૂપ ભુલાય છે તે જ ભાવમરણ છે. મુનિઓને કેશલોચ આદિથી આર્ત્તધ્યાન થતું નથી. તપસ્યામાં રસ હોય છે. મુનિઓને એક ઉપવાસ કરવાથી રસ આવે છે. બે ઉપવાસ કરવાથી એથી પણ વધારે આનંદ, રસ આવે છે.

*

(એક ભાઈને મંત્ર આપતાં)

પૂજ્યશ્રી—ભક્તિ કરવી હોય તેણે પાપથી છૂટવાનું છે. જુગાર ન રમવો. હારવા-જીતવાની રમત ન રમવી, પૈસા મૂકીને, પત્તાં મૂકીને અને આંકડા વગેરે ભરવા નહીં. ધર્મરાજા જુગાર રમવા બેઠા તો દ્રૌપદી હારી ગયા. દારૂ ન પીવો. દારૂ પીવાથી ગાંડો થઈ જાય તો કયું પાપ ન કરે ? માંસ છે, ઇંડા છે તે ન ખાવાં. આપણે તો ન ખાઈએ; પણ દવાખાનામાં લઈ જાય અને કહે કે તમને બીજી વસ્તુ પચશે નહીં, તેથી તમારે ખાવું પડશે, તો પણ ન ખાઈએ. કોઈની વસ્તુ ન ચોરવી. કોઈની વસ્તુ આપણે લેવી નથી. કોઈના ગજવામાંથી, કોઈના ખેતરમાંથી કે રસ્તામાં પડી હોય તે ન લઈએ. પૂછીને લઈએ. શિકાર એટલે કોઈ જીવને જાણી જોઈને ન મારવો કારણ કે એથી વેર બંધાય છે, તેથી જન્મમરણ થાય છે. જીવતાં સુધી પરસ્ત્રીનો ત્યાગ કરવો. સંયમવાળું જીવન કરવાનું છે. હૃદયમાં જેમ જેમ દયા વધશે, તેમ તેમ હૃદય કોમળ થશે. સાધુઓ પીંછી રાખે છે, એટલી એમને દયા હોય છે.

સાત અભક્ષ્ય વસ્તુઓ છે. વડના ટેટા, પીપળાના ટેટા, પીપળના ટેટા, ઉમરડાં, એમાં ઘણા જીવો હોય છે અને અંજીર એ ઉમરડાં જેવું જ છે. એ પાંચ ફળ છે તેમાં ઘણા જીવો છે. એક માખણ એવું છે, જે ખાવા જેવું નથી. જે માંસ ખાનારા હોય છે તે લોકો જ વધારે માખણ ખાય છે. આપણે તો ઘીથી ચાલે એવું છે. માખણમાં બે ઘડી પછી જીવોની ઉત્પત્તિ થાય છે અને બીજું એ ઇન્દ્રિયોને ઉન્મત્ત કરનાર છે, માટે ખાવા જેવું નથી. છેલ્લું મધ છે, એમાં ઘણા જીવો ઉત્પન્ન થાય છે. મધના એક ટીપામાં સાત ગામ બાળી નાંખે, તેમાં જેટલાં ઢોર, માણસો, પશુ, પક્ષી બધાં મરી જાય તેનાથી વધારે જીવો એક ટીપા મધમાં હોય છે. સારી વાત હોય તે મોટા માણસની માનીએ, પણ આપણે નિયમ લીધો હોય તે ન તોડીએ. જેમ વિષ્ટામાં જીવો ઉત્પન્ન થાય છે તેમ એમાં સમયે સમયે ઘણા જીવો ઉત્પન્ન થાય છે. મધમાખી હોય તે ફૂલ ઉપર બેસે અને રસ ચૂસી લે. પછી મધપૂડા ઉપર જાય ત્યારે પૂંઠેથી કાઢે. જેમ વિષ્ટામાં ઘણા જીવો ઉત્પન્ન થાય છે તેમ એમાં ઘણા જીવો સમયે સમયે ઉત્પન્ન થાય છે. (ચિત્રપટની સમક્ષ જઈ) કોણ જાણે ક્યારે દેહ છૂટશે તેની ખબર નથી. કૃપાળુદેવ આત્મજ્ઞાની છે. એમનાથી આપણું કલ્યાણ થવાનું છે. રોજ ગોખવાની માથાકૂટ કરવી.

'ગ્રંથયુગલ'માં શરૂઆતમાં રામની વાત આવે છે, તે વૈરાગ્યવાળી છે. મોઢે કરવા જેવું છે. કૃપાળુદેવનું પુસ્તક વારંવાર વાંચવું. એના જેવું એક્કે નથી. વૈરાગ્યથી ભરેલું છે. તત્ત્વજ્ઞાનથી ભરેલું છે. એમાં બધાં શાસ્ત્રોનો સાર ભર્યો છે. જીવને ભાન નથી તેથી બીજા વાંચનમાં રસ આવે છે. હજાર પુસ્તકો વાંચે પણ એક વચન પણ ન પકડે તો બધું નકામું જાય.

પચખાણ લઈને ભંગ ન કરવું. પહેલાં જ વિચાર કરવો કે આજ મારે ઉપવાસ કરવો છે. ઉપવાસ શું કરવા માટે કરવાનો છે, તે સમજીને કરવો. ઉપવાસ કરવો તે દિવસે ધર્મધ્યાન કરવું. ઉપવાસને દિવસે વધારે વાંચન, વિચાર, ધર્મધ્યાન કરવું. એવો લક્ષ રાખીને ઉપવાસ કરવો.

ક્રોધ, માન, માયા, લોભ અને પાંચ ઇન્દ્રિયોના વિષય વશ કરે તો ઉપવાસ થાય, નહીં તો લાંઘણ છે. ન ખાય તેથી ઉપવાસ ન થાય. એ તો લાંઘણ છે. બધા દિવસો જાય છે. તેમાંથી કોઈ કોઈ દિવસ ખેંચી લેવા અને ધર્મધ્યાન કરવું. ઉપવાસ એટલે આત્માની પાસે વસવું. બે પ્રકારના ઉપવાસ છે, એક પાણીવાળો અને બીજો પાણી વગરનો. પાણી પીએ તેને ખરી રીતે ઉપવાસ કહ્યો નથી. પાણી એ આહાર છે. આહાર કરે તેથી ઉપવાસ ન કહેવાય અને જો પાણી ન પીએ તો ખાવાની પીવાની કંઈ ખટપટ ન રહે તેથી વધારે લાભ છે, પણ જેવી અનુકૂળતા હોય તેવું કરવું. સંયમને માટે ઉપવાસ કરવાનો છે. તે દિવસે આપણે વાંચીએ, ગોખીએ, વિચારીએ, ફેરવીએ એમ ધર્મધ્યાન કરવું. ઉપવાસ કરીએ તે દિવસે રાતે પાણી ન પીવું. સવાર થતાં પહેલાં દાતણ પણ ન કરવું. આંખ કાન એ તો સંચા છે, માટે મોઢે કર્યું હોય તો કામ આવે. વાંચતાં સારું લાગે તે મોઢે કરી લઈએ. તિથિને માટે ઉપવાસ નથી કરવો, આત્માને માટે કરવો છે.

ઉપવાસ ન થતો હોય તો બીજું તપ કરવું. ઉપવાસ જ તપ છે એમ નથી. સ્વાધ્યાય એ મોટું તપ છે. પાંચસો શ્લોક બોલે તો એક ઉપવાસ થાય. ગમે તે પાંચસો શ્લોક બોલી જાય તો એક ઉપવાસ જેટલો લાભ થાય. 'આત્મસિદ્ધિ' જો ચાર વાર બોલી જાય તો એક ઉપવાસ થયો કહેવાય. બીજાં પણ ઘણાં તપ છે.

પ્રાયશ્ચિત્ત એ પણ તપ છે. મહાપુરુષોનો વિનય કરીએ તોય તપ છે. વૈયાવૃત્ય કરીએ, સ્વાધ્યાય કરીએ, ધ્યાન કરીએ, કાઉસ્સગ્ગ કરીએ તોય તપ થાય. એ બધાં તપ છે.

એમ ને એમ જો કાયોત્સર્ગમાં 'આત્મસિદ્ધિ' આખી બોલી જાય તો દસ ગણો લાભ થાય. મન જો બીજે ન ભટકે; તો મોટેથી માળા બોલીએ છીએ તે કરતાં મનમાં બોલવાથી દસ ગણો લાભ થાય છે. એમની એમ એક માળા કાઉસ્સગ્ગમાં બોલીએ તો દસ માળા જેટલો લાભ થાય છે. એમાં મન રોકાય છે.

મુમુક્ષુ–નેમિનાથ અને અરિષ્ટનેમિ એક જ છે ને?

પૂજ્યશ્રી–હા, એક જ છે. અરિષ્ટ નામ રથનું છે. નેમિ એટલે રથના પૈડાના આરાની ઉપર જે પાટો હોય છે તેને નેમિ કહેવાય છે. અરિષ્ટનેમિ એટલે ધર્મરૂપી રથના પૈડાના નેમિ એટલે આરા ઉપરના પાટાની સમાન ભગવાન છે.

સામાયિક પાઠમાં આવે છે કે

**"નેમિનાથ જિન નેમિ ધર્મરથમાંહિ જ્ઞાનધન"**

રથનેમિ એ એમના ભાઈ છે. પુષ્પદંત અને સુવિધિનાથ એક જ છે.

**"સુવિહિં ચ પુપ્ફદંતં"**

મુમુક્ષુ–રાવણ આગલા ભવમાં મુનિ હતો?

પૂજ્યશ્રી–હા. ત્યાં એણે નિયાણું કર્યું હતું. તેથી પ્રતિવાસુદેવ થયો.

મુમુક્ષુ—સીતાનું એણે કેમ હરણ કર્યું?

પૂજ્યશ્રી—સીતા પૂર્વભવમાં એક વિદ્યાધરની પુત્રી હતી. તે એક જંગલમાં વિદ્યા સાધતી હતી. ત્યાં રાવણે આવીને ભંગ કર્યો તેથી સીતાએ ત્યાં નિયાણું કર્યું કે હું એને મારવાવાળી થઉં. તેથી એનું રાવણે હરણ કર્યું અને સીતાને નિમિત્તે લક્ષ્મણના હાથે મર્યો.

મુમુક્ષુ—લક્ષ્મણે પણ પૂર્વભવમાં એને મારવાવાળો થઉં, એવું નિયાણું કર્યું હશે ને?

પૂજ્યશ્રી—હા. કેટલાય ભવોથી એ બન્ને લડતા આવે છે. સીતાને પણ રાવણની સાથે પૂર્વભવનો સંબંધ હતો. મોક્ષ થતાં સુધી એ સંબંધ એમનો એમ રહેશે. રાવણ તીર્થંકર થશે ત્યારે સીતા ગણધર થશે.

મુમુક્ષુ—રામચંદ્રજીએ દીક્ષા લીધી ત્યારે સીતાના જીવે દેવલોકથી આવી ક્ષપકશ્રેણિમાં ઊભા એવા રામ ઉપર ઉપસર્ગ કર્યો, એ કેમ?

પૂજ્યશ્રી—સ્નેહને લીધે એને એમ થયું હશે કે થોડાક દિવસ સંસારમાં છો રહેતા. હળવે હળવે મોક્ષે જશે. ઉતાવળ કરવાની શી જરૂર છે, તેથી એણે આવીને પોતાનું રૂપ દેખાડ્યું; પણ રામ ક્ષપકશ્રેણિએ ચઢેલા, તેથી કંઈ પડ્યા નહીં.

મુમુક્ષુ—ઉપસર્ગ કર્યા તો એને કર્મ ન બંધાય?

પૂજ્યશ્રી—કર્મ તો બંધાય જ. ગમે તે કોઈ વાંચતો હોય અને આપણે દીવો ઓલવી નાંખીએ તોય કર્મ બંધાય, તો પછી એવા મોટા મુનિને ઉપસર્ગ કરતાં કર્મ કેમ ન બંધાય? બંધાય છે.

*

(સાંજના—ઉપર)

કંઈક શીખવું. પ્રમાદમાં વખત જાય છે. પુરુષાર્થ કરે તો બધું આવડે. ધર્મધ્યાન કરવું હોય તો મોઢે કરેલું હોય તો થાય. વાંચતાં ન આવડતું હોય તો કોઈની પાસે પાઠ લઈ મોઢે કરીએ. સત્સંગની જરૂર છે. કાળજી રાખીને અહીં આવતા રહેવું. પ્રમાદમાં વખત ન ગાળવો. સંસાર તો ઝેર જેવો છે. ''અધમાધમ અધિકો પતિત'' એમ રાખવું. સ્મરણ કરીએ. હરતાં ફરતાં જીભને શું કામ છે? સ્મરણની ટેવ પાડવી.

મુમુક્ષુ—કાઉસ્સગ્ગમાં લોગસ્સ ગણવાના હોય તેની ગણતરી કેવી રીતે રાખવી?

પૂજ્યશ્રી—હૃદયમાં એવી કલ્પના કરે કે આ એક લીટી, આ બીજી લીટી, એમ જેટલા લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો હોય તેટલી લીટીઓની કે યાદ રાખવા માટે ગમે તે કલ્પના કરવી. કાઉસ્સગ્ગમાં કશું જીભ, હોઠ પણ હલાવાય નહીં, એમનું એમ સ્થિર રહેવાનું હોય છે. ચાળીસ લોગસ્સ જેટલો કાઉસ્સગ્ગ કરવો હોય તોય આમ યાદ રખાય.

(બપોરના–ઉપર) ૬૭ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ વદ ૧, સં.૨૦૦૯
(‘ચારિત્રચક્રવર્તી’ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–તપ કરવાથી બીજા જીવોને દુઃખ થાય છે કે નહીં?

(એમ બધાંને પૂછ્યું, કોઈ ઉત્તર ન આપી શક્યા ત્યારે પોતે જ જણાવ્યું.)

વૃત્તિસંક્ષેપ નામનું તપ છે. તેમાં એવો નિયમ મુનિઓ કરે છે કે અમુક મળે તો જ આજે આહાર લઉં. એવું ન મળે ત્યાં સુધી મુનિ આહાર ન કરે અને તેથી આહાર આપવાની ઇચ્છાવાળાઓને દુઃખ થાય. મહાવીર ભગવાને એવો અભિગ્રહ લીધો હતો કે ક્ષત્રિયની પુત્રી હોય, આંખે અશ્રુ હોય, બેડીઓ પહેરેલી હોય વગેરે મળે તો જ હું આહાર લઉં. આવું તો મળવું મુશ્કેલ, તેથી પાંચેક મહિના વ્યતીત થઈ ગયા. પછી ચંપા નગરીમાં આવ્યા, ત્યાં રાજાએ પણ ભગવાન આહાર લે એટલા માટે બહુ ઉપાય કર્યા પણ અભિગ્રહ પૂરો ન થયો. પછી કેટલાક દિવસે થયો. અનશન તપ કરતા હોય તો તો ભૂખ્યા જ રહેવાનું હોય છે. તેથી લોકો જાણે કે ઉપવાસ કરે છે, પણ આહાર માટે આવીને પાછા આહાર લીધા વગર જતા રહે તો તેથી લોકોને એમ દુઃખ થાય કે શા માટે ભગવાન આહાર નહીં લેતા હોય?

મુમુક્ષુ–‘‘તે મુનિપણામાં પણ આત્મબળે સમર્થ છતાં તે બળ કરતાં પણ અત્યંત વધતા બળની જરૂર છે, એમ જાણી મૌનપણું અને અનિદ્રાપણું સાડાબાર વર્ષ લગભગ ભજ્યું છે.’’ (૫૧૬) એટલું બધું કેમ?

પૂજ્યશ્રી–આપણા ઘરમાં સાપ બેઠો હોય તો ઊંઘ આવે?

મુમુક્ષુ–એથી તો ભય લાગે છે, તેથી ઊંઘ ન આવે.

પૂજ્યશ્રી–એમને પણ ચાર ગતિનો ભય લાગ્યો હતો. કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી જંપવા જેવું નથી એમ એમને લાગ્યું હતું. ક્ષણવાર પણ એમને નવરું રહેવું ગમતું નહોતું. મોહનો ક્ષય કરવા માટે રાતદિવસ પુરુષાર્થ કરતા હતા. મુનિપણું પણ આગલા ઘણા ભવોમાં લીધું હતું, પણ પુરુષાર્થ ન કર્યો તેથી સફળ ન થયું. મહાવીર ભગવાને દીક્ષા લીધા પછી આંખ ચોળવા જેટલી પણ દેહની સંભાળ લીધી નહોતી. છ છ મહિનાના ઉપવાસ કર્યા છે. વૃત્તિસંક્ષેપ તપ એવું એવું કરતા કે એવું મળવું પણ મુશ્કેલ પડે. કોઈ પ્રશ્ન કરે છે કે મુનિઓ એટલું તપ કરે છે, દુઃખ સહન કરે છે, તો શું એમને દુઃખ નહીં લાગતું હોય? તેનો ઉત્તર આપે છે કે મોક્ષ મેળવવો છે તેથી જેટલી નિર્જરા થાય તેટલો મોક્ષ થાય છે, એટલે એમાં એમને રસ આવે છે તેથી દુઃખ નથી લાગતું. બહારથી ગમે તેટલું દુઃખ દેખાતું હોય, પણ મનમાં સંતોષ, ઉલ્લાસ રહે છે, તેથી દુઃખ નથી. મોટાં રાજ્ય જીતવાં સહેલાં, પણ મન જીતવું સહેલું નથી, અઘરું છે. એમ જીભ પણ જીતવી મુશ્કેલ છે. ઇચ્છા રોકાય તો તપ છે. કાલે પારણું કરીશું એમ રહે તો ઇચ્છા રોકી ન કહેવાય. તપ એ નિર્જરાનું કારણ છે અને નિર્જરાથી મોક્ષ થાય છે; પણ ઇચ્છા રોકાય તો. ઇચ્છા રહે તો કર્મ પાછાં બંધાય. આત્મા જાણ્યો હોય તો તપમાં આનંદ આવે. નહીં તો શરીર સુકાઈ ગયું

એમ થાય. પૂર્વે જે દુષ્કૃત પાપ કરેલું છે તે તપ કરતાં ઉદયમાં આવે. તે વખતે જો આત્મજ્ઞાન હોય તો આનંદ આવે કે મારાં દુઃખ બધાં જાય છે.

**''आत्मदेहान्तरज्ञानजनिताह्लादनिर्वृतः ।**
**तपसा दुष्कृतं घोरं भुञ्जानोऽपि न खिद्यते ।।''** (સમાધિશતક-૩૪)

એટલી બધી તપસ્યા ન કરે કે જેથી ઇન્દ્રિયો મંદ થઈ જાય, આયુષ્ય ઓછું થઈ જાય. તપથી આંખ ઉપર પણ કેટલીક અસર થાય છે. જો ઇન્દ્રિયો ઉપર અસર થાય તો અનશન તપ ન કરે, બીજાં તપ કરે. તપ તો બાર પ્રકારનાં છે. ગમે તે તપ કરે, શોષણ-પોષણ એ પરવસ્તુનું છે, એનાથી આપણે કામ કરી લેવું. આપણને પ્રમાદ ન થાય એટલા માટે શરીરને શોષવું અને પ્રમાદ થાય એટલું એને પોષવું પણ નહીં. સારા કામમાં જેને શરીર વાપરવું છે તેણે યથાશક્તિએ સંભાળ રાખીને કામ કરી લેવું. પરિષહ, ઉપસર્ગ વધારે સહન તે કરી શકે કે જેઓ તપ વગેરે વધારે કરતા હોય. તપ કરવામાં કારણ બે છે—૧. પ્રમાદ ન થાય અને ૨. નિર્જરા થાય. પોતાને અને બીજાને દુઃખ થાય એવું કરે તો પાપ બંધાય છે. જેનાથી પોતાની પરિણતિ સુધરે તો તે તપ છે. મુનિઓ વધારે સુખ ભોગવે છે. તેના સુખની સોળમી કલા જેટલું પણ જગતમાં સુખ નથી. જગતમાં બધાં સુખ માને છે, પણ બધા રાગ-દ્વેષથી બળે છે. મુનિઓને રાગ-દ્વેષ નથી તેથી સુખ છે. સમ્યગ્દૃષ્ટિને નિષ્કાંક્ષિત અંગ પ્રગટ થયું છે તેથી એને વિષયોની ઇચ્છા નીકળી ગઈ છે. કર્મને લઈને ભોગવવું પડે તો જ એ ભોગવે છે. વિષયો ઉપર ઉપરથી સુંદર લાગે છે પણ તેનું ફળ કટુ હોય છે. કિંપાક વૃક્ષનાં ફળ સુંદર અને ખાતાં મીઠાં લાગે છે પણ એનું ફળ મરણ આવે છે. તેમ વિષયો સુંદર છે, ભોગવતાં સારાં લાગે છે, પણ એનું ફળ પાપ આવે છે.

વાંચવું, વિચારવું અને આપણા પરિણામ સુધરે એવું કરવું. કૃપાળુદેવે કહ્યું છે કે જેમ બને તેમ આપણાં પરિણામ સુધરે તેમ કરવું. પહેલી 'મોક્ષમાળા' વાંચવી. 'મોક્ષમાળા' એવી વાંચવી કે જાણે પરીક્ષા આપવી હોય. 'મોક્ષમાળા'માં આપણને મોક્ષમાર્ગ સમજાય, એવું બધું કહી દીધું છે. લક્ષ રાખીને વાંચવું. અભ્યાસ એ પણ આત્માને અર્થે કરવો. વૈરાગ્ય વધે તે માટે અભ્યાસ કરવો. ભક્તિ રોજ કરવી. ભક્તિ કર્યા પછી વાંચવું. અધ્યયનનો કંઈક વખત રાખવો.

મુમુક્ષુ—નરક, તિર્યંચમાં મોક્ષનું કામ ન થઈ શકે, આ મનુષ્યભવમાં થઈ શકે એ તો બરાબર છે, પણ દેવગતિમાં કેમ ન થઈ શકે?

પૂજ્યશ્રી—એમને પુણ્યનો ઉદય ઉપરાઉપરી હોય છે. જે સમ્યગ્દૃષ્ટિ જીવો હોય તે તો કાળજી રાખે, પણ ત્યાં આગળ વિશેષ પુરુષાર્થ કરી શકે નહીં. એમની કાયા જ એવી ચપળ હોય છે. જે ઇચ્છે તે મળે તેથી ધર્મ કરવો મુશ્કેલ છે. પુણ્ય ભોગવવામાં ઘણો વખત જતો રહે છે. પાંચ ઇન્દ્રિયના વિષયો ભોગવતાં તૃપ્તિ થતી નથી. સર્વાર્થસિદ્ધિના દેવો, લોકાંતિક દેવો નિરંતર સ્વાધ્યાય કરે છે. તેઓને પણ કાયાની ચપળતા મટતી નથી. અહીં પણ કોઈને પુણ્યને લીધે ઉપરાઉપરી મળતું હોય તો ધર્મ ન થઈ શકે. દેવોને ધર્મની રુચિ હોય છે, ધર્મનાં સાધનો કરે છે, છતાં

ચપળતા મટતી નથી, તેથી નિર્જરા થતી નથી. જેને મોક્ષે જવાની તીવ્રતા હોય છે તે ધર્મનાં સાધનો શોધે છે. સ્વાધ્યાયમાં લીન રહેનારા દેવો તો થોડા જ હોય છે. ભગવાનના સમવસરણમાં જાય ત્યાં પણ થોડીકવાર ઉપદેશ સાંભળીને પાછા સમવસરણની બહાર નાટકશાળા હોય છે ત્યાં જોવા જાય છે. એમનાથી એટલી વાર પણ રહેવાતું નથી. બહુ ચપળ હોય છે. ઇન્દ્રિયના વિષયો જીવને બહુ પીડે છે.

મહાવીર ભગવાન ગૃહસ્થ અવસ્થામાં પુરુષાર્થ કરતા, પણ દીક્ષા લીધી તે પછીથી વધારે કરવા લાગ્યા. દીક્ષામાં જેટલો પુરુષાર્થ કરવાનો હોય છે તે પણ ઓછો લાગ્યો, તેથી ઊંઘવું પણ બંધ કરી દીધું. ભગવાને એટલો પુરુષાર્થ કર્યો છે કે આંખમાં કંઈક પડ્યું હોય, તે બહાર કાઢવા જેટલી પણ શરીરની સંભાળ લીધી નથી. કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી જંપવા જેવું નથી એવું એમને લાગ્યું હતું.

(બપોરના—ઉપર) ૬૮ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ વદ ૨, સં.૨૦૦૯

(‘ચારિત્ર ચક્રવર્તી’ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—સંસારી સુખોની પાછળ દુઃખ આવે છે. સંસારી સુખ બળતરાવાળાં છે. સુખ ભોગવતી વખતે પાપનાં બીજ ઉત્પન્ન થાય છે કારણ કે એમાં તૃષ્ણા, રાગ હોય છે તે અપ્રશસ્ત છે, એ પાપ કહેવાય છે. એક તો એ સુખ ક્ષણિક છે, એની પાછળ દુઃખ આવે છે. ઇન્દ્રિયોનાં સુખ ભોગવતાં સમભાવ ન રહે, રાગદ્વેષ થયા કરે. ઇન્દ્રિયોનાં સુખ પરને આધીન છે.

**“सपरं बाधासहियं विच्छिण्णं बंधकारणं विसमं।**
**जं इंदियेहिं लद्धं तं सोक्खं दुक्खमेव तहा ॥”** (પ્રવચનસાર-૭૬)

પુણ્યનો ઉદય હોય તો જ ઇન્દ્રિય સુખ મળે; એ સુખ ‘વિચ્છિણ્ણં’ એટલે નાશ પામનાર છે. એ સુખ બંધનું કારણ છે. ઇન્દ્રિયનાં સુખ પરાધીન કહ્યાં. તેવું, આ મુનિઓ લોચ કરે છે તે પરાધીન નથી, એમને કરવું હોય તો કરે. જ્ઞાન વૈરાગ્ય હોય તો દુઃખ નથી લાગતું.

**“છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ; મૂળ૦**
**એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ૦”**

દેહાધ્યાસ જેનો છૂટ્યો હોય તે લોચ કરી શકે છે. લોચ ન કરે તો મુનિને પ્રમાદ થાય. જપ, તપ બધું કરીને જગતનું વિસ્મરણ કરવું અને જ્ઞાનીના ચરણમાં ચિત્ત રાખવું. એની આગળ બીજા ધ્યાનની કંઈ કિંમત નથી. મુનિ તો ત્યાગી છે. એમની પાસે કશું છે નહીં. ભિક્ષાને માટે પણ એ યાચના કરતા નથી. જંગલમાંથી આવે, મળે તો લે; નહીં તો પાછા ચાલ્યા જાય. તો પછી મોટા મોટા કેશ કેમ વધારે ? કેશ લોચ એ દેહાધ્યાસ છૂટ્યાની પરીક્ષા છે. દેહને થયું તે મને થયું એમ જે થાય છે, તે થાય છે કે નહીં ? તેની પરીક્ષા કરવા માટે લોચ છે. દેહ ઉપર મમતા હોય તો પછી આત્માનો આનંદ આવે નહીં. ‘ઉપદેશછાયા’માં કહ્યું છે કે આ મારું છે એમ લાગે છે તેથી ચિંતા

ફિકર થાય છે એ જ મિથ્યાત્વ છે. અહંભાવ, મમત્વભાવ ગયા વિના સમ્યક્ત્વ થાય નહીં. મુનિઓને દેહ ઉપર પણ મમતા નથી.

સંસારમાં કેટલાં દુઃખ છે તે બતાવે છે. નરકમાં તો ઘણાં, વર્ણન ન થઈ શકે એવાં દુઃખ છે. તેથી મુનિઓ ડરે છે કે મોક્ષ ન થયો તો એવાં દુઃખમાં પડવું પડશે, એમ મુનિઓ પાપભીરુ હોય છે. આખા જગતનાં સુખ તરણાની ઉપર રહેલા પાણીના ટીપા જેવાં ક્ષણિક છે. સંસારનાં સુખ ક્ષણિક છે. જેમ પાણીનું ટીપું વાયુથી પડી જાય કે ગરમીથી સુકાઈ નાશ પામે છે, તેમ સંસારનાં સુખો નાશવંત છે. એવા જગતના ક્ષણિક સુખ છે. સંસારના દુઃખથી ભય પામી જીવ મુનિ થાય છે કે જેથી કર્મ છૂટે. જ્યાં કર્મબંધનાં નિમિત્ત નથી ત્યાં મુનિઓ જઈને વસે છે. ભલે ત્યાં વાઘ વગેરે ખાઈ જાય પણ કર્મ તો ન બંધાય. તપસ્યામાં એમને સુખશય્યામાં પડ્યા હોય તેવું લાગે છે. બાણોની શય્યા ક્ષત્રિયોને સારી લાગે છે. મરી જવું પણ હારીને ઘેર ન જવું, એવું એમના મનમાં હોય છે; તેથી બાણની શય્યા પણ સારી લાગે છે. તેમ મુનિઓ ગમે તેટલાં દુઃખ પડે પણ મોક્ષે જવું છે એવો મનમાં ભાવ છે, તેથી સંસારના સુખની ઇચ્છા કરતા નથી.

**''आत्मदेहान्तरज्ञानजनिताह्लादनिर्वृतः ।**
**तपसा दुष्कृतं घोरं भुञ्जानोऽपि न खिद्यते ।।''** (સમાધિશતક-૩૪)

એમને તપથી દુઃખ નથી. શરીરને દુઃખ આપવું એ એમનો લક્ષ નથી, પણ આત્માને સુખી કરવો એ લક્ષ છે. ''સમતા રસકા પ્યાલા પીવે સો જાણે'' એમ પ્રભુશ્રીજી કહેતા.

**''ચઢી છાક કબહુ ન ઊતરે, તીન ભુવન સુખ માણે''**

સમતા રાખે તેથી એવો આનંદ આવે કે બીજા સુખની એમને પડી નથી. ધ્યાન, અધ્યયનમાં સુખ છે. એ સુખમાં એમને શાંતિ મળે. પછી ગમે તેટલાં દુઃખ હોય પણ તે એમને જણાતાં નથી. મુનિ જીવનનો ખ્યાલ ગૃહસ્થને નથી. જેને મુનિ થવાની ભાવના હોય તેને એ સુખરૂપ સમજાય છે; નહીં તો એની કલ્પના પણ ગૃહસ્થને થવી મુશ્કેલ છે. શરીરને દુઃખ થાય તે મને દુઃખ થાય છે, શરીરને સુખ થાય તે મને સુખ થાય છે, એમ એ માને છે. આત્માને શું સુખ છે, દુઃખ છે, તેનો લક્ષ નથી. મુનિનો લક્ષ આત્માને સુખી કરવાનો છે. ગૃહસ્થને દેહને સુખી કરવાનો લક્ષ હોવાથી બન્નેનો લક્ષ જુદો જુદો છે. ગૃહસ્થ વાસનાનો દાસ છે. 'એકાંત સુખી મુનિ વીતરાગ છે', એમ પ્રભુશ્રીજી ઘણીવાર કહેતા. મુનિ સુખી છે એવો ખ્યાલ ગૃહસ્થને આવવો મુશ્કેલ છે. મુનિ દુઃખને ઇચ્છે છે. ગૃહસ્થ સંસારના સુખને ઇચ્છે છે. વાસનાઓ ઊભી થાય તેને પછી પૂરી કરવા મથે છે. વાસનાના દાસને વાસનારહિતનો ખ્યાલ આવતો નથી. એકને ત્યાગ કરવો છે, એકને ગ્રહણ કરવું છે. એમ બેય જુદા રસ્તા છે. મુનિઓ સ્વાધીન થાય છે. ગૃહસ્થ અવસ્થામાં જીવ પરાધીન થાય છે. દેહ છે તે બોજારૂપ છે. મુનિઓના સુખ અને ગૃહસ્થના સુખમાં આભ-જમીનનો ફેર છે. આત્માનું સુખ એ જુદી વસ્તુ છે. ગૃહસ્થ અને મુનિ બેયનો લક્ષ જુદો છે. આત્માને મુનિ સુખી કરે છે. મુનિઓ દુઃખી છે એમ કહે તે કરતાં મુનિ પાસે રહીને અનુભવ કરે તો એને સુખની ખબર પડે. સારું છે એટલું પણ થાય તોય પુણ્ય બંધાય. મુનિઓનો સહવાસ થાય તો જ એને મુનિનું

સુખ સમજાય કે એમને કોઈ વસ્તુ જોઈતી નથી.

‘‘જેની મોક્ષ સિવાય કોઈ પણ વસ્તુની ઇચ્છા કે સ્પૃહા નહોતી અને અખંડ સ્વરૂપમાં રમણતા થવાથી મોક્ષની ઇચ્છા પણ નિવૃત્ત થઈ છે, તેને હે નાથ! તું તુષ્ટમાન થઈને પણ બીજું શું આપવાનો હતો?’’ (૬૮૦)

પરાભક્તિ પ્રાપ્ત થવાથી મોક્ષની ઇચ્છા પણ હવે નથી રહી. પહેલાં હતી, પણ હવે પરાભક્તિ પ્રાપ્ત થવાથી ઇચ્છા નથી રહી. કોઈને દુઃખી ન કરવા એમ જાણી મુનિ વિચરે છે. તેમ છતાં સંસારના જીવો મુનિની નિંદા કરે છે. ભિખારી અને સાધુ સરખા લાગે છે, પણ એનું હૃદય તપાસે તો એ મુનિના હૃદયમાં શાંતિ હોય છે અને પેલા ભિખારીનું હૃદય વાસનાઓથી ભરેલું છે. મુનિઓ પીંછી, કમંડળ રાખે છે પણ રાગ કરતા નથી. પુસ્તક રાખવું પડે તો રાખે. દિગંબર મુનિ સચિત પાણી ન વાપરે. પાણી પણ એક જ વખત પીએ છે. જે વખતે ભોજન કરે તે વખતે જ પીએ, પછી નહીં. બે ભાગ ભોજનથી ભરે, એક ભાગ પાણીથી ભરે અને એક ભાગ પવન માટે રાખે છે.

રાગ એવો છે કે ગમે તે વસ્તુમાં પેસી જાય. મમતા થાય ત્યાં સમ્યક્ત્વ ન રહે. હે આત્મા! રાજપાટ છોડીને મુનિ થયો છે તો તું હવે પીંછી, કમંડળમાં શા માટે રાગ કરે છે? એમ ગુણભદ્રાચાર્યે લખ્યું છે. અજવાળું હોય ત્યાં અંધારું ન હોય, તેમ અહિંસા હોય ત્યાં હિંસા ન હોય. જ્યાં હિંસા થતી હોય ત્યાં જંગલીપણું છે, ત્યાં અહિંસા નથી, સંસ્કૃતિ નથી. બધાય પ્રાણીઓને જીવવાનો હક છે. બધાય જીવો આત્મા છે, જેમ આપણે છીએ. એવું જો ન હોય તો એ આધ્યાત્મિકતા નથી. સમજુ ત્યારે કહેવાય કે કોઈ જીવને દુઃખી ન કરે. બીજાને દુઃખ દે છે અને પોતે પાપ બાંધી અધોગતિમાં જાય છે, તે સારો કેમ કહેવાય? માંસ ખાનારા જીવો જંગલી જેવા જ છે, ભૂત જેવા છે, બગલા જેવા છે, બીજાનું માંસ ખાઈને જીવે છે તેથી ગીધ જેવા છે.

*

પૂજ્યશ્રી–મૂળમાર્ગમાં આખો મોક્ષમાર્ગ કહી દીધો છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર કોને કહે છે? તે એમાં છે. બીજા ગમે તેવું કહેતા હોય; પણ કૃપાળુદેવે જેવાં જ્ઞાન, દર્શન, ચારિત્ર કહ્યાં છે તેવાં માનવાં. ધર્મ છે તે બહુ ઉત્તમ વસ્તુ છે. દેહ તો ફરી મળે પણ ધર્મ મળવો મુશ્કેલ છે, માટે દેહ જતો કરવો પણ ધર્મ ન છોડવો; પાપમાં ન પેસવું.

*

(સાંજના–સભામાં)

પૂજ્યશ્રી–સમજણની બલિહારી છે. ‘મારું નહીં’ એમ થયું તો પછી દેહ પણ મારો નથી એમ થાય. કેટલું સુખ હોય છે! મહાપુરુષો બધું છોડીને મોક્ષે જાય છે.

(‘સમયસાર’ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–આ જીવ વિશ્વના પદાર્થોથી ભિન્ન છે. પોતાને જીવ જાણતો નથી તેથી ગમે તે વસ્તુને પોતારૂપે માને છે.

**"ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર"**

હું પંડિત છું, ફલાણો છું એમ અભિમાન થાય છે, તેથી બંધાય છે. જ્ઞાનીનાં વચન પર પગ મૂક્યો તો ધર્મમાંથી ખસી ગયો. દેહ તો બીજો મળે પણ ધર્મ ન મળે. સંસારમાં રહેવું પડે તો પણ મારે ભગવાનરૂપ થવું છે, તો થવાય. ઘણાં શ્રાવકાચારના પુસ્તકોમાં આવે છે કે શ્રાવકનાં વ્રત પાળવાથી શ્રાવક ન કહેવાય પણ જેને મુનિ થવાની ભાવના છે તે શ્રાવક છે.

(બપોરના—ઉપર) ૬૯ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ વદ ૨, સં.૨૦૦૯
('ચારિત્રચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—સંસારમાં રહેવું અને ભોગ ભોગવવા અને કહે કે અમારું મન કેમ વશ રહેતું નથી?

**"મનડું કિમહિ ન બાઝે હો કુંથુજિન, મનડું કિમહિ ન બાઝે"** (આ. ૧૭)

મન વશ કરવું છે એવો નિશ્ચય કરી બને તેટલું વશ કરે તો ભાવના કહેવાય, નહીં તો આશા છે. આશા ને ભાવના એક નથી. પુરુષાર્થ તો કરે નહીં અને મન વશ કરવા ઇચ્છે છે, એ ભૂલ છે. પુરુષાર્થ વગર તો કંઈ થાય નહીં. સત્ય વસ્તુ એની પાસે નથી. કારણ સેવે તો કાર્ય થાય. કારણ સેવે નહીં અને કાર્યની ઇચ્છા રાખે છે. વ્રત નિયમ, જે કસોટીમાં પાસ થાય એવા હોય તો તે સાચા છે અને એનું ફળ છે; નહીં તો પ્રસંગ ન આવે ત્યાં સુધી તો બધા એવા જ છે. કોઈ ઊંઘતો હોય ત્યારે ન ખાય તે કંઈ વ્રત નથી, પણ ન ઊંઘે ત્યારે ન ખાય તો વ્રત કહેવાય.

અહિંસા એ પરમ ધર્મ છે. તેને પાળવા માટે સત્ય એ વાડરૂપ છે. સત્ય પર તો ઘણાં પુસ્તકો લખાયાં છે. ગાંધીજી લખે છે કે હું સત્યની શોધમાં છું. બધી વસ્તુઓ સત્યને આધીન છે. સાચું બોલવું એ તપશ્ચર્યા છે. એ બોલતાં ઘણાં વિઘ્નો આવે છે. તેમાં દૃઢ રહે તો તેથી તપ થાય છે. જૂઠ જેવું પાપ નથી.

'આત્મા સત્, જગત્ મિથ્યા.' સત્ વસ્તુ આત્મા છે. તેની શોધમાં રહે તો તે પ્રાપ્ત થાય. નાશવંત ઉપર વૈરાગ્ય જોઈએ. બધી વસ્તુઓ ઉપરથી મન ઊઠી જાય તો એનું મન આત્મામાં રહે. અહિંસાથી વિરોધી સત્ય ન હોય. હિંસા કરે અને સત્ય બોલે એમ ન બને. બોલ્યો હોય તે પ્રમાણે કરવું. ખરી રીતે ધર્મમાં અહિંસા એ મુખ્ય વસ્તુ છે. સત્યનું ફળ અહિંસા આવવું જોઈએ, નહીં તો એ સત્ય નથી. અહિંસાનું પાલન કરવા સત્ય બોલવાનું છે. કોઈનો જીવ દુભાય તો તે સત્ય નથી. શ્રાવકનું સત્ય અણુવ્રત એવું છે કે સ્થૂળ જૂઠ એ બોલતો નથી અને બોલાવતો નથી. પોતાની કે કોઈ પ્રાણીની ઘાત થાય એવું સત્ય હોય નહીં. કોઈની નિંદા કરતો હોય તો એ જૂઠ છે. કોઈને ખોટું લાગે એવું કહેવું તે સત્ય નથી. પાપ લાગે એવું વચન તે સત્ય નથી.

પ્રમાદ હોય ત્યાં આગળ હિંસા છે, પ્રમાદ છે ત્યાં જૂઠ પણ છે. મુનિઓને પ્રમાદ નથી. તેથી એઓ પદાર્થોની વાતો કરતા હોય, બીજાને કર્કશ લાગે એવો ઉપદેશ કરતા હોય તો પણ પ્રમાદ ન હોવાથી એ સત્ય છે. સ્વાર્થ છે ત્યાં આગળ સત્ય નથી. કોઈને શિકારી પૂછે કે કયા વનમાં હરણો

વધારે ફરે છે? તે એમ કહે કે ફલાણા વનમાં વધારે ફરે છે. એ સાચું કહ્યું, પણ હિંસા થાય છે તેથી અસત્ય છે. સત્યનો અર્થ જ એવો છે કે જે સત્પુરુષોને માન્ય હોય. મહાપુરુષોની દૃષ્ટિમાં જે અહિંસાને પોષણ કરતું હોય તે જ સત્ય છે. સત્ય તો આત્મા છે. મૌનીનો અર્થ જ્ઞાની છે. મૌની એટલે મહાજ્ઞાની જ છે.

લોકોનો સંસર્ગ થાય તો વચન બોલવાનું મન થાય. લોકોની વચમાં રહેતો હોય તો બોલવું પડે. બોલતાં પહેલાં મનમાં વિચાર કરવો પડે છે, તેથી પહેલાં મન ચંચળ થાય અને મન ચંચળ થવાથી સંકલ્પ-વિકલ્પ થાય; તેથી લૌકિકભાવોથી, માણસોથી દૂર રહેવું એ સારું છે. સગાવહાલાં એ બધી વ્યવહારદૃષ્ટિ છે. હું દેહ છું એમ થવાથી બીજાને પણ, દેહ છે એ એનું સ્વરૂપ છે, એમ માને છે. પોતાને યથાર્થ દૃષ્ટિથી જુએ તો તે બીજાને પણ તેવી રીતે જુએ. પહેલાં પોતાની ભૂલ થાય છે તેથી બીજી ભૂલ થાય છે.

મુમુક્ષુ—જીવ મોહ કેમ કરે છે?

પૂજ્યશ્રી—ખરી વસ્તુનું ભાન નથી તેથી. માન્યતામાં ભૂલ થાય છે તેથી મોહ થાય છે. અજ્ઞાનથી મોહ ઉત્પન્ન થાય છે. દેહને દેહ માને તો મોહ ન કરે, પણ દેહને આત્મા માને તો મોહ થાય. જેમ કોઈએ વાઘનું ચામડું ઓઢ્યું હોય, તે કંઈ એમ માને કે હું વાઘ છું? એવું આ દેહનું ચામડું ઓઢ્યું છે તેથી કંઈ દેહરૂપ થઈ ગયો નથી. આ દેહરૂપ હું નથી, એવું કરવાનું છે.

ચાર પ્રકારે અસત્યનો ત્યાગ કહે છે. સત્‌ને અસત્ કહેવું એ જૂઠ છે. હોય તેનો નિષેધ કરે. જેમ વેદાંત જગત દેખાય છે છતાં નિષેધ કરે એ પહેલું અસત્ય છે. સત્ વસ્તુનો નિષેધ કર્યો એ અસત્ય છે. મનુષ્યનું આયુષ્ય તૂટતું નથી એમ કહે તે જૂઠ છે, કારણ કે તલવાર મારે તો મરી જાય છે. આયુષ્ય તૂટે જ નહીં, એમ એકાંતે માને તો પછી એને કૂવામાં ધક્કો મારતાં પણ દયા ન આવે. ન હોય તે વસ્તુને કહેવી, એ બીજું અસત્ય છે. નથી અને કહે કે ઈશ્વર કર્તા છે તો એ અસત્ય છે. હોય તેને ના કહેવું, ના હોય તેને કહેવું અને વિપરીત કહેવું એ ત્રણ ભેદ થયા અને બીજાની નિંદા કરવી એ અસત્યનો ચોથો ભેદ છે.

વિચાર કરે તો જીવને લાગે કે શાથી જૂઠ બોલાય છે? કુગુરુ, કુદેવ અને કુધર્મ એ જ જૂઠનાં કારણ છે. એનો ત્યાગ ન કરે ત્યાં સુધી જૂઠ ન મટે. પરદ્રવ્યમાં પોતાપણું છે ત્યાં સુધી સત્ય વસ્તુ સમજાય નહીં. લૌકિકદૃષ્ટિમાં, મિથ્યાદૃષ્ટિમાં વર્તે ત્યાં ભલેય સુખ મેળવે, પૈસા મેળવે, પણ એને સંસારમાં રખડવું પડે છે.

'પ્રવચનસાર'માં જેને દીક્ષા લેવાની હોય છે, તેને માતાપિતા આજ્ઞા ન આપે તો તે વખતે કેવા નિશ્ચય ઉપર આવવું તે વિષે લખ્યું છે. આ શરીરને ઉત્પન્ન કરવાવાળા હે માતાના આત્મા અને પિતાના આત્મા! તમે જાણો છો કે આ મારો આત્મા તમારા આત્માથી ઉત્પન્ન થયો નથી, તેથી તમે બન્ને મારા આત્માને છોડી દો. મારો આત્મા આજે ભેદવિજ્ઞાનને પ્રાપ્ત થયો છે અને મોક્ષે જવા ઇચ્છે છે, તેથી એને જવા દો.

*

(સાંજના—સભામાં, 'સમયસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—આ બધું દેખાય છે તે 'હું' છું એ વિકલ્પ છે. જેવું દેખે તેવું પોતાને માને છે, એ વિકલ્પ છે. આ 'મારું' છે એ સંકલ્પ છે. હું ને મારું જાય ત્યારે સમ્યગ્દર્શન થાય. વિકલ્પ એ મૂળ છે. એને લીધે જ સંકલ્પ થાય છે.

''અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે.'' (૪૯૩)

(બપોરના—ઉપર) ૭૦ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ વદ ૪, સં.૨૦૦૯
('ચારિત્રચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—માણસ ભાષા બોલે છે, તે સાચી એટલે સવળી પણ બોલાય અને જૂઠી પણ બોલાય. જૂઠ બોલવાની ટેવ પડી તો પછી એની માઠી ગતિ થાય, અનર્થકારક થાય. કોઈને બોલવામાં સરસપણું આવે, સાચું હોય એવું શાસ્ત્રને આધારે બોલે અને કોઈની વાણી ઝેર જેવી હોય છે. બોલે કે બીજાને ઝેર ચઢે એવી વાણી હોય. બીજાને દુઃખકારી વચન તે હિંસા જ છે. આ વચન બોલવાથી હિત થશે કે વેર થશે, એનો વિચાર કરી બોલવું; કારણ કે મનુષ્યની બોલીનું મૂલ્ય અમૂલ્ય છે. હૃદયમાં વિચાર કરી વચન કાઢે તો જૂઠ ન બોલાય.

[1]વસુરાજાના દૃષ્ટાંતમાં આવ્યું હતું કે નારદ શાસ્ત્રના આધારે બોલતો હતો અને પર્વત તેથી વિપરીત બોલતો હતો. વસુરાજાએ અસત્ય બોલનાર પર્વતનો પક્ષ કર્યો એથી નરકે ગયો.

વચન-વચનમાં કેટલો ફેર છે! કૃપાળુદેવની વાણીમાં કેટલું સારપણું છે! જે તરેલા છે, મોહને જીતેલા પુરુષો છે તે મોહથી દૂર જવા કહે છે. એઓની વાણીથી મોહ મુકાય છે. મોહ દૂર થવા માટે બોધ મુખ્ય વસ્તુ છે. વીતરાગની આરાધનાથી આ લોક-પરલોકનું સુખ થાય છે. ભગવાનનો લક્ષ રાખીને જે કંઈ કરવામાં આવે તે સવળું થાય છે. વીતરાગ, જ્ઞાની કે સત્પુરુષ એનો લક્ષ પહેલો હોય તો સવળું થાય. એને મૂકી જે કંઈ કરે તે અવળું જ થાય.

પ્રભુશ્રીજીએ છેલ્લી વખતે કહ્યું કે જેને પકડવું હોય તે પકડજો, ગ્રહણ કરવું હોય તે ગ્રહણ કરજો, હવે બ્યાસી વર્ષ થઈ ગયાં, છેલ્લી અવસ્થા છે એમ કહીને કહ્યું કે જ્યાં સુધી ભાન હોય ત્યાં સુધી ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ''નું સ્મરણ કરવું, તો સમાધિમરણ થશે. એ ભવ છોડાવે એવું છે. મરણ સમાન દુઃખ નથી. તે વખતે જ્ઞાનીપુરુષનાં વચન લક્ષમાં રહે કે હું દેહથી ભિન્ન છું, સહજાત્મસ્વરૂપ છું, તો એને વેદના ન લાગે. નહીં તો દેહમાંથી માંડ માંડ નીકળવું પડે અને ઘરમાં, કુટુંબમાં મન જાય. જેવું સત્સંગમાં બળ તેવું અસત્સંગમાં પણ બળ રાખવું. અસત્સંગથી ચેતવાનું છે. પોતે પોતાના પગ ઉપર કુહાડા મારે એવો અસત્સંગ છે, માટે જ્ઞાનીને ભૂલવા નહીં. અસત્સંગથી દૂર રહેવું. અસત્શાસ્ત્ર તે વિષ સમાન છે. જેને શાસ્ત્ર વાંચતાં ન આવડતું હોય તેણે માળા ફેરવવી, પણ કુશાસ્ત્ર ન સાંભળવાં.

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પ્રવેશિકા શિ.પા. ૩૧ થી ૩૭

મહાપુરુષો કહે છે કે મૌન રહેવું સારું છે. બીજાને હિત થાય, ઉપકાર થાય તેવું વચન તે બહુ ઉત્તમ છે. મહાપુરુષોનો લક્ષ એવો છે કે ભગવાને કહ્યું તે જ કહેવું છે. એ જ એમનો લક્ષ હોય છે. કોઈ મુનિ ધ્યાનમાં ઊભા હોય અને કોઈના ઘરમાં ચોર પેઠા હોય, તે મુનિ જાણતા હોય કે ચોર આ બાજુથી પેઠા અને પછી આ દિશામાં ગયા. મુનિને કોઈ પૂછે કે ચોર ક્યાં ગયા છે? તોય મુનિ કંઈ કહે નહીં, મૌન રહે. કોઈને હિતકારી થાય તો જ વચન બોલે. કોઈને અહિત થાય એવું ન બોલે. કુકથા વગેરે મુનિઓ સાંભળે નહીં. લોકો તો અજ્ઞાનદશામાં છે અને એની જ વાતો કરે છે અને એ લોકોને પ્રિય લાગે છે, પણ મુનિઓ એમાં ભળતા નથી. આ બધું વ્યવહાર સત્ય કહેવાય છે. કૃપાળુદેવે તો કહ્યું છે કે પહેલો આત્માનો લક્ષ રાખી પછી બોલાય તે પરમાર્થ સત્ય છે. સમ્યક્ત્વ થયા પ્રથમ એ બોલવું મુશ્કેલ છે. જેમ કોઈ શ્રેણિક રાજા અને ચેલણા રાણીની કથા કરતો હોય, પણ એ એના લક્ષમાં હોય કે શ્રેણિક રાજા આત્મા છે, ચેલણા રાણી પણ આત્મા છે, કર્મને લઈને એમને રાજા રાણીનો સંબંધ છે. સાચી વસ્તુની પરીક્ષા થાય છે. નિયમ લીધો હોય તો એની કસોટી થાય. પીત્તળની તો કોઈ પરીક્ષા ન કરે, પૈસા આપીને લઈ લે પણ સોનાને તો તપાસીને જ લે છે.

સાચી વસ્તુની પરીક્ષા કરાય છે. સત્ય એ સ્વાભાવિક છે. જેવું હોય તેવું કહેવું એ સ્વાભાવિક છે અને જૂઠું બોલવું તે નવું ઊભું કરવું છે. એથી આત્મા ઠગાય છે. મુશ્કેલીમાં પણ જૂઠું ન બોલવું. ગમે તેટલી આપત્તિ આવે પણ જૂઠું ન બોલવું. સાચું હોય તો ભલેને તપાસે, પણ એનું કંઈ બગડવાનું નથી. સોનું કહે છે કે હે સોની, તું વારંવાર મને કેમ તપાવે છે? મારો તો સોનાનો ગુણ જેમ જેમ તપાવે તેમ તેમ વૃદ્ધિ પામે છે, તો ફૂંકી ફૂંકીને તારા મોઢા ઉપર ધૂળ કેમ ઉડાડે છે? મારું તો કંઈ બગડવાનું નથી.

સાચી કસોટીમાં જીવ ટકી રહે તો સાચું છે, નહીં તો એમનું એમ તો દરેક બોલે. પાપ છુપાયેલું રહેશે એમ જાણી જીવ પાપ કરે છે. પાપ બહાર પડશે એમ જો એને રહે તો પાપ કરે જ નહીં. જ્ઞાનીની વાણી એના હૃદયમાં ટકી રહે તો બીજા બધા વ્યસન કાઢી નાંખે. પહેલાં લોકો કોઈની વસ્તુ ખોવાયેલી મળતી તો કહેતા કે આ કોની છે? પણ અત્યારે તો ગજવામાં મૂકી દે. કોઈ તેનો ધણી આવે તોય કહે કે આ તો મને રસ્તામાં જડી છે, તમારી નથી. એની ઉપર તમારું ક્યાં નામ છે?

સ્યાદ્વાદ યથાર્થ સમજ્યો હોય તો જ સત્ય બરાબર બોલાય, નહીં તો હિંસા થાય એવું વચન બોલે અને માને કે સત્ય બોલું છું. એકાંતિક વસ્તુનું સ્વરૂપ કહે તે સત્ય નથી. બીજી અપેક્ષા લક્ષમાં રાખીને બોલે તો સત્ય છે.

*

(સાંજના–સભામાં, 'સમયસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–શુદ્ધતાનો લક્ષ કરાવનાર નિશ્ચયનય છે. આત્મામાં તો નય જ નથી, નિશ્ચયનય પણ નથી; પણ આત્મા નિશ્ચયનયથી કહેવાય છે. વ્યવહારનયનો લક્ષ અશુદ્ધાત્મા છે. નિશ્ચયનયનો

લક્ષ શુદ્ધ આત્મા છે. શુદ્ધ આત્મા થાય ત્યારે મોક્ષ થાય. જ્ઞાની નયમાં ઉદાસીન રહે છે. શુદ્ધભાવમાં મોક્ષ છે. નય છે એ તો દૃષ્ટિ છે. શુદ્ધનયની શુદ્ધદૃષ્ટિ છે. વ્યવહારનયની અશુદ્ધ દૃષ્ટિ છે.

(બપોરના—ઉપર) ૭૧ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ વદ દ્વિ. ૪, સં.૨૦૦૯
('ચારિત્ર ચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—ગુણ વગર નામ પાડે પણ એમાં કંઈ ગુણ ન હોય. લક્ષ્મીબાઈ કહેતા હોય પણ ભીખ માંગતી હોય. એમ નામથી બોલાવે, કહે તે નામ સત્ય છે. કોઈ ભાષામાં ભાતને ચોર કહે છે. તે જે ભાષામાં બોલાય છે તે ભાષામાં બોલે તો તે જનપદ સત્ય છે. એટલે લોકોમાં જે નામ હોય તેવું કહે. મૂર્તિમાં દેવ છે એમ કહે અથવા પત્તાબાજીમાં આ રાજા છે, આ રાણી છે એમ કહેવું તે સ્થાપના સત્ય છે. સંભાવના સત્ય એટલે કોઈ કહે કે આ માથે કરીને પત્થર તોડી શકે છે અથવા પર્વત ભેદી શકે છે. દેવ હોય તે સમુદ્રને હથેળીમાં લઈ શકે, મેરુ પર્વત તોડી શકે એમ કહેવું, તે સંભાવના સત્ય છે. ભાવ સત્ય એટલે સવારે પાણી ઉકાળ્યું હોય તે અમુક કલાક સુધી ચાલે એમ ભગવાને કહ્યું છે તે પીએ તો એ ભાવ સત્ય છે. એમ તો જગત આખું જીવોથી ભરેલું છે પણ ભગવાને કહ્યું છે તે સાચું છે. કોઈ નિયમ કરવો પડે જેમકે સમિતિ પ્રમાણે ચાલવું, એ પ્રમાણે ચાલતાં કોઈનું મરણ થવાનું હોય તે મરી જાય તો એને પાપ ન લાગે એ ભાવ સત્ય છે. કારણ કે એથી અહિંસાનું પાલન થાય છે. જેમ ફળ હોય તે બે ઘડી પછી મુનિએ લેવું એમ કહ્યું છે પણ કોઈ ફળ બે ઘડી સુધીમાં અચિત્ત ન પણ થાય, તો પણ તેને અચિત્ત કહેવું તે ભાવસત્ય છે. સામાન્ય પ્રથા છે કે વડના ટેટા, પીપળના ટેટા જેવા છે તેવું જ પપૈયું છે. જેમાંથી દૂધ નીકળે તે અનંતકાય છે. રાયણ છે તે અને બીજાં પણ ક્ષીર, વૃક્ષ બધાં અભક્ષ્ય અનંતકાય છે. જેમ જેમ સમજ આવે તેમ બધું ત્યાગવાનું છે. જેમાંથી દૂધ નીકળે તે બધાં ફળ ખાવા જેવાં નથી.

કેટલાક ડાંગરને ભાત કહે છે તે વ્યવહાર સત્ય છે. જેમકે કોઈ પૂછે કે શું કર્યું છે? તો કહે કે ભાત કર્યો છે. કર્યો ન હોય પણ તૈયારી કરતો હોય, તોય કહે કે કર્યો છે તો તે અસત્ય નથી. નારિયેળ મોટું ફળ છે એમ કહે પણ એનાથી બીજાં ફળ મોટાં તો હોય છે, પણ વ્યવહારમાં એમ વર્તાય છે તે પ્રતીતિ સત્ય છે. પલ્યોપમ, સાગરોપમ એમ કહે પણ એને કોઈ માપવા ગયું નથી, ગણી ન શકાય એટલા દ્વીપસમુદ્ર છે, તે ઉપમા સત્ય છે. ચંદ્રમુખી કન્યા કહે પણ ચંદ્રનું મોઢું ક્યાં અને એનું મોઢું ક્યાં? પણ સમજવા માટે ઉપમા આપી તે ઉપમા સત્ય છે. રૂપ સત્ય એટલે ચંદ્રનો આકાર, તેજ કેવું છે, તે લખે એ રૂપ સત્ય છે. એના દોષોનું વર્ણન કરે તે પણ રૂપ સત્ય છે. કમળ કમળના બીજમાંથી જ થાય પણ એ પાણીમાં ઉત્પન્ન થયેલું છે, એમ કહેવું તે સમ્મતિ સત્ય છે. પંકજ કહે, અંબુજ કહે તે કમળ છે એમ લોકો સમજી શકે છે તેથી એ સત્ય છે. એમ દશ પ્રકારે સત્ય છે.

તત્ત્વની પ્રરૂપણા કરવામાં લોકોમાં વિરોધ ન આવે અને આગમમાં પણ વિરોધ ન આવે એવી રીતે મહાપુરુષો પ્રરૂપણા કરે છે. તત્ત્વની પ્રરૂપણામાં બેયનો લક્ષ રાખે છે. વ્યવહારમાં તત્ત્વ

પ્રરૂપણા નિંદાય તોય એકાંતરૂપ છે, આગમમાં વિરોધ તોય એકાંતરૂપ છે.

એકાંતિક મતોને દૂર કરી સાચી વસ્તુનું સ્થાપન કરવું તે આક્ષેપણી કથા છે. એકાંતે ન થાય તે આક્ષેપણી છે. વિક્ષેપણી એટલે જે તત્ત્વના સંબંધમાં બીજા દર્શનવાળાઓનું નિરાકરણ કરે છે. ધર્મના ફળનું વિસ્તારથી વર્ણન કરનાર સંવેગણી કથા છે અને વૈરાગ્ય ઉત્પન્ન કરાવનારી તે નિર્વેદણી કથા છે. વિક્ષેપણી કથા સમાધિમરણ વખતે ન કરવી. જેથી ધર્મ ઉત્પન્ન થાય, ધર્મ પ્રત્યે પ્રેમ થાય એવી કથા તે સંવેગણી કથા છે. સંવેગણી એટલે મોક્ષની રુચિ થાય એવી કથા. વૈરાગ્ય થાય એવી કથા તે નિર્વેદણી કથા છે. પોતે જૈનના સિદ્ધાંત નહીં જાણતો હોય તેને વિક્ષેપણી કથા ન કહેવી. દવા કડવી હોય પણ સારો ગુણ કરે તેવી હોય છે; તેમ વિક્ષેપણી, આક્ષેપણી કથા પહેલાં કડવી લાગે પણ પૂરું સાંભળે ત્યારે એને શાંતિ થાય.

આત્મા સદાય રહે એવો નથી એમ થાય ત્યારે બુદ્ધ લોકો સમકિત માને છે. જીવ માને છે તે ભૂલ ભરેલું છે, એમ દયા આવવાથી જ કહે છે; ખંડન મંડન કરવા કહેતા નથી. પોતાના પગ પર કુહાડો ન મારે તે માટે કહે છે. પરધર્મની સમાલોચના કરવાનું કારણ, એનું મન બીજા ધર્મોથી ચળે નહીં તે માટે છે. પોતે ધર્મ માનતો હોય તેમાં ભૂલ હોય માટે જ્ઞાની કહે તે માની લેવું. માત્ર ખંડન મંડન એ બુદ્ધિનો વિષય નથી, પણ દયાભાવથી જ જ્ઞાનીપુરુષોએ આ બધું ખંડન મંડન કર્યું છે. સાચો ધર્મ હોય તો ગમે તેટલી કસોટી કરે તોય વધારે દૃઢ થાય. જૈન સિદ્ધાંતની તો પહેલાં સભા ભરાતી અને ચર્ચા કરતા, સાચી વસ્તુ શું છે? તે જાણવાનો લક્ષ રાખતા.

સત્ય મહાવ્રતની પાંચ ભાવનાઓ છે. સત્ય જેને પાળવું છે તેણે ક્રોધથી જૂઠું બોલાય છે, માટે ક્રોધથી બોલવું નથી એવી ભાવના[૧] કરવી. લોભથી પણ જીવ જૂઠું બોલે છે, માટે લોભ મારે છોડવો છે એવી ભાવના[૨] કરવી. કોઈ ભયથી પણ જૂઠું બોલે છે, માટે ભયથી મારે જૂઠું નથી બોલવું એવી ભાવના[૩] કરવી. મશ્કરીમાં પણ જૂઠું બોલાય છે, તેથી મારે હાસ્ય, મશ્કરી નથી કરવી એવી ભાવના[૪] કરવી તથા આગમથી વિરુદ્ધ ન બોલવાની ભાવના[૫] કરવી. આગમ અનુકૂળ બોલવું એ જરૂરનું છે. એમ સત્ય મહાવ્રતની પાંચ ભાવનાઓ છે.

*

(સાંજના–સભામાં, 'સમયસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–ભવ્ય જીવ પણ અભવ્યની પેઠે વાસના સહિત ચારિત્ર પાળે, શાસ્ત્ર ભણે તો એને પણ એના જેવું જ થાય. અભવ્યનું શાસ્ત્ર-પઠન લોકરંજન માટે હોય છે, માનને માટે એ ભણે છે. ચૌદપૂર્વમાં આત્માની વાતો પણ આવે, છતાં એ માનમાં ચઢી જાય છે તેથી શાસ્ત્રમાં શું કહ્યું છે તે એને તે વખતે ખ્યાલમાં પણ ન રહે.

મુમુક્ષુ–અભવ્ય જીવ મોક્ષે તો જવાનો ને?

પૂજ્યશ્રી–જો મોક્ષે જવાનો હોય તો પછી એનું 'અભવ્ય' એવું નામ જ ન પડે.

(સવારના—ઉપર) ૭૨ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ વદ ૫, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—કૃપાળુદેવ તેર વર્ષ પછી તો ધર્મમાં એટલા ઊંડા ઊતરી ગયેલા કે ગાંધીજી પણ એમને પોતાના ઉપકારી માનતા. એ કૃપાળુદેવની જયંતિ મનાવતા. ગાંધીજી લખે છે કે અહિંસા ધર્મ જો શીખ્યો હોઉં તો રાયચંદભાઈ પાસેથી શીખ્યો છું. ગાંધીજીને જે બ્રહ્મચર્ય વગેરેના ભાવ થયેલા તે શ્રીમદ્ રાજચંદ્રને લઈને. પૂર્વની કેટલીક કમાણી હોય તે જીવને સાંભરી આવે. નાની ઉંમરમાં જૈન ધર્મનું શું રહસ્ય છે? તે એમણે પ્રગટ કર્યું છે. મૂળ વસ્તુ હતી તે બધી એમણે જ્ઞાન થયેલું તેના આધારે કહી. એ જૈનધર્મના સુધારક કહેવાય છે. લોકો રૂઢિ માર્ગે પડ્યા હતા અને મૂળ વસ્તુ ભૂલી ગયા હતા તે સુધારવા એમણે બધું લખ્યું છે.

*

(બપોરના—ઉપર)

પૂજ્યશ્રી—અહીં રહીએ ત્યાં સુધી બધો વખત લેખામાં આવે એવું કરવું. કંઈક આત્મહિત થાય એમ વખત ગાળવો. અહીં સાંભળીએ, પછી વિચારીએ, યાદ કરીએ કે આજે શું વાંચવામાં આવ્યું હતું? શું ચર્ચા થઈ હતી? યાદ રહે તો વિચાર આવે, નહીં તો કાલે શું વાચ્યું તેની કંઈ ખબર ન રહે. શ્રવણ, મનન અને નિદિધ્યાસન એમ ત્રણ કહ્યાં છે. શ્રવણ કરવું કે વાંચવું, મનન એટલે વિચારવું, નિદિધ્યાસન એટલે ભાવના કરવી. એ ભેદો વેદાંતમાં છે. એનો પાછો ઘણો વિસ્તાર છે.

સાંભળવાની ઇચ્છા તે શુશ્રૂષા[૧] પછી શ્રવણ[૨] થાય. પછી મનન[૩] થાય, ધારણા[૪] ગુણ એટલે યાદ રાખવું. ત્રીજી દૃષ્ટિમાં શુશ્રૂષા ગુણ પ્રગટે. પછી એને સાંભળવાનું મળે ત્યારે ઉલ્લાસ થાય. પછી ઉહ[૫]-અપોહ[૬] છે. ઉહ એટલે શંકા કરવી. જેમકે ચોરી કરી હોય તો શું થાય? પછી એવી શંકા દૂર કરે કે ચોરી કરવાથી પાપ બંધાય છે, અધોગતિ થાય છે તે અપોહ છે. ઉહાપોહ કરી પછી વસ્તુનો નિર્ણય[૭] કરે કે આમ જ છે. પછી તત્ત્વાભિનિવેશ[૮] એટલે જે વસ્તુનો નિર્ણય થયો હોય તેની પકડ થાય, છૂટી ન જાય. એવા બુદ્ધિના આઠ ગુણ કહેવાય છે.

*

('ચારિત્રચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—સ્તેન એટલે ચોર કહેવાય છે. અસ્તેય એટલે ચોરી ન કરવી તે. પ્રમત્તયોગ એટલે પ્રમાદને વશ થઈને એટલે આત્માને ભૂલીને. બીજાની હિંસા થાય એવા ભાવ થાય તો હિંસા થાય છે. જેના પર પોતાનો હક્ક નહીં તે વસ્તુ લૂંટી લેવી, ચોરવી તે ચોરી જ છે. કોઈને પૂછ્યા વગર કષાયભાવપૂર્વક ચોરી કરવી તેમાં હિંસા થાય છે. ચોરી કરવાની ભાવના થાય ત્યાં જ આત્માનો વધ થાય છે.

**"ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો?"**

અચૌર્યવ્રતમાં પરિગ્રહ ન હોય. અપરિગ્રહવ્રતમાં અચૌર્યનો સમાવેશ થાય છે. અપરિગ્રહ એ

મોટી મર્યાદા છે તેનો એક ભાગ એ અચૌર્ય છે. કોઈ પરિગ્રહ ન રાખવો એટલે પછી ચોરીની વસ્તુ કે બીજું કંઈ ન રાખવું એ આવી જાય.

માલિકને પૂછવાની જરૂર નથી કેમ કે તેની તો છે નહીં, ઈશ્વરની છે; એમ કેટલાક કહે છે. પરમેશ્વરની છે તે આપણા ઘરની જ વાતો છે માટે પૂછવાની જરૂર નથી એમ કહે છે. અવળો સિદ્ધાંત લેવો હોય તો લેવાય. અહીં આશ્રમમાં આવે અને વસ્તુઓ ચોરી જાય અને માને કે એ તો પ્રસાદ છે. અનંતશક્તિવાળો એવો ઈશ્વર વ્યવસ્થા કરનાર હોય તો કોઈને દુઃખ થાય નહીં, જગતમાં દુઃખ જ ન રહે. ઈશ્વરનો ડર રાખવા માટે 'ઈશ્વર કરે છે' એમ કહેતા, પણ પછી તો એમ દૃઢ થઈ ગયું. ઈશ્વર દયાળુ છે, તે જો જગતનું કામ કરે તો કોઈ દુઃખી જ ન થાય. બીજાનું દુઃખ દૂર કરી શકે તેવો જો ઈશ્વર છે, છતાં દુઃખ દૂર ન કરે તો દયાળુ ન કહેવાય. કૃપાળુદેવે લખ્યું છે કે આ બધું મારા હાથમાં હોય તો ઈશ્વરના કરતાં વધારે સારી વ્યવસ્થા કરું. લોકો એમ માને કે જૈન ઈશ્વરને કર્ત્તા નથી માનતા, તેથી નાસ્તિક છે. મૈત્રીભાવ માટે કહ્યું કે બધું ઈશ્વરનું છે, પણ તેથી ઊલટું થઈ ગયું કે ચોરી કરીએ તોય કંઈ નહીં, કારણ કે ઈશ્વરનું છે. વ્યવહારનો લોપ કરે તો પછી નિશ્ચય બધો ભૂલી જાય. નીતિ એ ધર્મનો પાયો છે એમ કૃપાળુદેવે લખ્યું છે. સામ્યવાદમાં એમ આવે છે કે બધાને સરખા કરી દેવા. કોઈની પાસે વધારે ધન થાય તો લૂંટી લે; પણ પાંચ આંગળીઓ છે તે પણ બરાબર નથી, તો પછી માણસો ક્યાંથી બધા સરખા હોય?

મૂર્ચ્છા છે તે પાપ છે. અંદરથી પરિગ્રહ પર મૂર્ચ્છા છે તે પાપ છે. જેટલું મારાપણું મનાય છે તેટલું આત્મા પ્રત્યે વળાતું નથી. મિથ્યાત્વ જેવું એકે પાપ નથી. મિથ્યાત્વ અનંતકાળથી છે છતાં જતું નથી. બીજાં પાપ જાય છે પણ એ તો જતું નથી. માગીને લેવું, ઉધાર લેવું, ચોરી કરી લેવી–એ ત્રણેમાંથી એકે રસ્તો સારો નથી. પુણ્યથી પણ જીવ સુધરતો નથી. જ્યારે સમજણ આવશે ત્યારે સુધરશે. સંતોષ આવશે, સમજણ ફેરવશે ત્યારે જીવ સુખી થઈ સુધરશે. સદાચાર એ સુખી થવાનું કારણ છે. બીજાને દુઃખી કરી સુખી થવું, એ કંઈ સુખી થવાનો રસ્તો નથી.

કોઈને વચનથી દુભવવું નથી, વેર બાંધવું નથી, અન્યાય માર્ગે પ્રવર્તવું નથી. અવળે રસ્તે, અનીતિને રસ્તે કોઈ ચઢી જાય, પાપ કરવા લાગી જાય તેવાં વચન બોલવાં નથી. કોઈને વિકાર ઉત્પન્ન થાય, ક્રોધ થાય, કોઈનાં છિદ્રો ઉઘાડાં પડે, કોઈની નોકરી છૂટી જાય તેવાં વચન બોલવાં નથી. એ લક્ષ રાખીને હિતકારી, પ્રિય વચન બોલવાનો અભ્યાસ કરવો.

(બપોરના–ઉપર) ૭૩ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ વદ ૭, સં.૨૦૦૯
('ચારિત્રચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

મુમુક્ષુ–અભવ્ય છે તે બધા, માનની ઇચ્છાથી શાસ્ત્રો ભણે છે. જો માન છે તો નવગ્રૈવેયક સુધી કેમ જાય છે? માનની, ભોગની ઇચ્છા હોય તો નવગ્રૈવેયક સુધી કેમ જાય?

પૂજ્યશ્રી–વાસના રહી જાય છે. એ ઇચ્છતો નથી પણ એવો જોગ મળે, માન મળે તો રાજી થાય. અંદર વાસના છે પણ બહારથી ઇચ્છા નથી. સંસાર સુખરૂપ છે એવી ભ્રમણા એને રહે છે.

બરાબર સાધુપણું પાળે છે પણ એને સમ્યક્ત્વ જે મોક્ષની રુચિ છે તે જાગી નથી. તેથી સંસારનાં સુખ સારાં છે એમ લાગે છે. તપસ્યા કરી, બધું કરી, પાછો સંસાર ભણી વળી જાય છે. સદ્ગુરુ સંસારને ઝેરરૂપ ગણે છે એમ એને થતું નથી. ભોગવે નહીં, તેમ છતાં એને અવ્યક્તપણે સંસાર સારો છે એવી ઇચ્છા રહે છે. થાય તેટલી કઠણાઈ વેઠે છે પણ રુચિ એને જુદી જ હોય છે. એ સમવસરણમાં જાય પણ શું કરે? ત્યાં જઈને જુએ, પણ ભગવાનનું સ્વરૂપ એને ખ્યાલમાં ન આવે. ઉપરથી દેખે છે. શાસ્ત્રો વાંચીને, જ્ઞાની મળ્યા હોય તોય એ અભવ્ય જીવ ફરતો નથી. સારી જગ્યામાં એનો જન્મ પણ થતો નથી.

મનુષ્યભવ મળે, શાસ્ત્રો વાંચે પણ કરવાનું છે તે રહી જાય છે. સાધુપણું પણ બરાબર પાળે છે પણ વાસના રહી જાય. જેમ નાટકમાં કોઈએ સાધુનો વેષ લીધો હોય અને તે વખતે કોઈ મહોરો લાવીને મૂકે, તો મેં સાધુપણાનો વેષ લીધો છે તો મારે સાધુપણું બરાબર ભજવવું એમ રહે છે તેથી એ મહોરો ન લે; તેમ અભવ્ય તીર્થંકરે કહ્યા પ્રમાણે મુનિપણું પાળે છે છતાં એને અવ્યક્તપણે વિષયભોગની વાંચ્છા રહ્યા કરે છે.

પરભવની કમાણી કરી આ ભવમાં તું આવ્યો, તો હવે તું વિચાર કર કે તારાથી શું થઈ શકે છે? કર્મ બાંધતાં તો વિચાર કર્યો નહીં, તો હવે ઉદય આવ્યા પછી શું થાય? જ્યારે દુઃખ આવે ત્યારે જીવ બૂમો પાડે, પણ શું થાય? નવાં કર્મ બંધાય. કોઈનાં કર્મ બાંધેલાં ટળતાં નથી. બાંધ્યું તે તો ભોગવવું પડશે પણ હવે ફરી કર્મના ફંદમાં ન પડાય એવું તું કર.

અર્પણતા જે કરવાની છે તે અહંભાવ, મમત્વભાવ તથા દેહાદિ જે પર છે, તે મટાડવા માટે કરવી. કૃપાળુદેવે પણ લખ્યું છે, અર્પણભાવ કર્યા પછી મમત્વભાવ ન રહે.

[૧]જનકે અષ્ટાવક્રને તન, મન, ધન બધું સોંપી દીધું, પછી અષ્ટાવક્રે એને કહ્યું કે તું મારા આ રાજ્યનું કામ કર. જનકરાજા 'આ ગુરુનું રાજ્ય છે, હું તો નોકર છું' એમ ગણી રાજ્ય કરતા. દરેક કામ કરતી વખતે પહેલાં એ ગુરુને સંભારતા. આ ગુરુનું કામ કરું છું એમ કરી કામ કરતા તેથી અહંભાવ મમત્વભાવ થતો નહોતો.

અહંભાવ, મમત્વભાવ જવો બહુ દુર્લભ છે. આપ્યા પછી અહંભાવ કરે કે મારું શરીર સારું રૂપાળું છે, તો ચોર કહેવાય. અર્પણ કર્યા પછી પોતાનું કંઈ ન મનાય. પુણ્યને લઈને બધું મળે છે. અનીતિ કરીને પણ જીવો કમાય છે તેથી પાપ બંધાય છે. પાપ કરવાની વૃત્તિ રાખે છે તેથી એને પાપી કહ્યો છે. લાવો, હું પૈસાદાર, કરોડપતિ થઈ જાઉં એમ કરવાથી કંઈ પૈસાદાર ન થાય. જેટલું એના ભાગ્યમાં મળવાનું છે તેટલું જ મળે. જેટલું થવાનું છે તેટલું જ થાય. વધારે પ્રમાણમાં કશું થાય એવું નથી. કોઈ રાતદિવસ કામ કરતો હોય છતાં જેટલું મળવાનું છે તેટલું જ મળે છે. વધારે ઇચ્છા કરે તેથી વધારે મળે એવું નથી, એટલે વધારે ઝાંવા નાખે છે તે નકામા છે. જ્યાં પરમાર્થમાં પુરુષાર્થ કરવાનો છે ત્યાં કરતો નથી અને જે મળવાનું છે તેમાં પુરુષાર્થ કરે છે. માટે સોભાગભાઈને કૃપાળુદેવે લખ્યું છે કે જે વખતે એવા અંતરાયનો ઉદય હોય ત્યારે ઝાંવા ન મારવાં.

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૫૦૦

સ્મરણ ભક્તિમાં રહેવું. પુણ્ય બાંધવાનાં કારણ સેવે તો પુણ્ય એને બંધાય. અભ્યાસ કરે તો કંઈ જતું રહેવાનું નથી. ધન નાશવંત છે, ઉપાધિવાળું છે. અને શાસ્ત્રાભ્યાસ એ મોક્ષનું કારણ છે, શાંતિનું કારણ છે. ધન નરક અને પાપનું કારણ છે એવો ભય લાગતો નથી. પૈસો ખખડે તો રાજી થાય.

કૃપાળુદેવે કહ્યું છે કે જનકરાજા રાજ્ય કરતા હતા છતાં આત્મામાં રહેતા હતા એવું દૃષ્ટાંત અમે નથી લેતા. શ્રી જિન જેવા પણ ત્યાગીને ચાલી નીકળ્યા, એ દૃષ્ટાંત લેવાનું છે. પેલું દૃષ્ટાંત ન લેવું. વિપરીત માન્યતા છોડવાની છે. પુણ્યને લઈને પૈસા મળી આવે પણ એને સારા માનવા નથી. પાપને પાપ જ જાણવું છે. અઢાર પાપસ્થાનકમાં પરિગ્રહને પાપ કહ્યું છે. માન્યતા સાચી ન થાય ત્યાં સુધી મોક્ષ થાય નહીં. ધન વધે તેમ પાપ જ વધે છે એમ જાણવું. લક્ષ્મી બધી ક્ષણિક છે.

**''લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?''**

અહીંથી આયુષ્ય પૂર્ણ થાય ત્યારે શું સાથે આવે? પાપ આવે. માટે કૃપાળુદેવનું શરણું લેવું. એ વ્યાપાર કરતા હતા છતાં 'મારું નથી' એમ હતું. ક્યારે છૂટું, ક્યારે છૂટું થતું હતું. પછી છેવટે બધું મનસુખના નામે કરી દીધું. પૈસા પરથી રુચિ ઓછી થાય તો સત્શાસ્ત્રમાં રુચિ થાય. સત્પુરુષનાં વચનો વાંચવાં, વિચારવાં, શ્રદ્ધવાં. શ્રદ્ધવામાં કંઈ પૈસા બેસતા નથી. ગમે તેવી કમાણી થતી હોય પણ આપણે જે વાંચવાનો નિયમ રાખ્યો હોય તે ન છોડવો. પુણ્યના ઉદયને લઈને બધું દેખાય છે. પાપ આવે ત્યારે બધું પકડી રાખે તોય ન રહે, જતું રહે. કર્મની શ્રદ્ધા, બોલે છે તેમ જીવને થતી નથી. હું કરું છું એમ થાય છે. ધનને સારું માને છે તેથી એનાં વખાણ કરે છે. બીજાને લૂંટી લાવી એકઠું કર્યું હોય તે બધું જતું રહેવાનું છે. ચક્રવર્તીઓને ત્યાં પણ રહ્યું નથી. થોડા વખતમાં બધું જતું રહેવાનું છે. રોગ વધારે એવું કરે છે. અનીતિ વગેરે કરી પાપ વધારે છે. અનીતિ કરી પૈસા એકઠા કરે છે તેથી પાપ કરી નરકમાં જાય છે. એ ઊલટો રસ્તો છે, દુઃખી થવાનો રસ્તો છે, સીધો રસ્તો નથી. ગમે તેટલી વિપત્તિ આવે પણ ધીરજ રાખવી. ઘણા ગભરાઈ જાય છે કે શું થશે? મરણ થશે? પણ ધીરજ રાખવી કે બહુ થશે તો શું? દેહ છૂટી જશે. ભોગવાય છે તેટલું છૂટે છે. ''થાય ભોગથી દૂર'' કોઈ વખતે અપવિત્ર વિચાર ન આવવા દેવા. અપવિત્ર વિચાર આવ્યો તો આર્ત્તધ્યાન થયા વિના ન રહે. ધીરજ રાખવી, પવિત્ર રહેવું. એટલું કરે તો એનો પાપનો ઉદય દૂર થયે પુણ્યનો ઉદય થાય. પાપનો હંમેશાં ઉદય ન રહે. કોઈના ઉપર દોષ આરોપિત ન કરવા. મારે જ એવા કર્મનો ઉદય છે, એવાં જ કર્મ બાંધ્યાં હતાં, તેથી આવું થયું, એમ કરી ધીરજ રાખવી.

મન છે તે એમનું એમ ઝટ વશ થઈ જાય એવું નથી. ધીમે ધીમે વશ થતું થતું થાય છે. આનંદઘનજી જેવા પણ,

**''મનડું કિમ હિ ન બાઝે હો કુંથુજિન, મનડું કિમહિ ન બાઝે''** (આ.૧૭)

એવા મોટા મુનિઓને પણ મન વશ થવું અઘરું પડ્યું છે. મનને સ્મરણમાં જોડવું. ચિત્ત ન લાગે તો મોટેથી ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ, સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' મંત્ર બોલવો. મનને

થકવી દેવું. જે ઇચ્છે તે આપવું નહીં. એની સામે થવું. પુરુષાર્થ કરે તો જિતાય એવું છે. પ્રમાદી થઈ જાય તો કંઈ ન થાય.

કડવું વચન ન બોલવું. હિતકારી, પ્રિય અને વિનયવાળું વચન બોલવું. વચનથી વેર બંધાય છે. વિનયથી બોલવું. પ્રભુશ્રીજી કહેતા કે વનો છે તે વેરીને પણ વશ કરે છે.

*

(સાંજના—સભામાં)

મુમુક્ષુ—દેહને અશાંતિ હોય તે વખતે આત્માને શાંતિ હોય?

પૂજ્યશ્રી—દેહને અશાંતિ હોય તે વખતે આત્માને શાંતિ હોય છે, એમ ગજસુકુમાર કહે છે.

*

('સમયસાર'ના વાંચન પ્રસંગે)

મુમુક્ષુ—રાગદ્વેષનાં નિમિત્ત મળતાં રાગદ્વેષ થાય જ?

પૂજ્યશ્રી—નિમિત્ત મળતાં કર્મનો ઉદય થાય, પણ ઉદય વખતે સમજણ હોય તો નવાં કર્મ ન બંધાય; રાગદ્વેષ ન થાય. રાગદ્વેષ મૂકવા માટે બધું કરવાનું છે.

(સવારના —ઉપર) ૭૪ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ વદ ૮, સં.૨૦૦૯

('ચારિત્ર ચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—પંચ શૂના કહેવાય છે. એટલે હિંસાનાં કારણો પાંચ છે. (૧) ચૂલો (૨) ઘંટી (૩) વાહન (૪) ખાંડણી (૫) પાણિયારું. એ પાંચ પાપનાં કારણો છે.

બીજાને દુઃખી કરી પોતે દુઃખી થાય છે. બીજાને દુઃખ થાય એવું રડે તો તે પણ પાપનું કારણ છે. અશાતા વેદની બંધાય છે. દાન છે તે વાવવા જેવું છે. એક દાણો વાવે તો હજાર દાણા થાય. અદત્તાદાન એટલે આપ્યા વગર લેવું, એ ચોરી કહેવાય છે. અદત્તાદાનથી પાપ થાય છે. દાન કરે તો પુણ્ય થાય છે.

મુનિને દાન કરે, શાસ્ત્રનું દાન, ઔષધદાન, અભયદાન, આહારદાન એ બધાં પુણ્યનાં કારણો છે. પવિત્ર વસ્તુનું દાન દેવું. જેમાં પાપ થાય તેવું દાન દેવા યોગ્ય નથી. કરુણાદાનમાં દયાભાવ હોય છે અને પાત્રદાનમાં પૂજ્યભાવ હોય છે.

એક ગોવાળિયો હતો. કોઈ એક દિગંબર મુનિએ ઝાડની બખોલમાં પુસ્તક મૂકેલું, કારણ કે દિગંબર મુનિઓ જરૂરત વગર પરિગ્રહ રાખે નહીં. તે પુસ્તક તેને મળ્યું. તેણે તે પુસ્તક કોઈ મુનિને પાત્ર જોઈને આપ્યું. તેથી તે શાસ્ત્રદાનના પ્રભાવથી બીજા ભવમાં બહુ શ્રુતજ્ઞાન પામ્યો.

કૂવાનું પાણી વપરાતું હોય તો સારું રહે તેમ દાનમાં પૈસા વપરાય તો સારું રહે. જેણે આપ્યું ન હોય તેના ઘરમાં પછી આપવાનું ય ન રહે.

ભોજરાજા બહુ ઉદાર હતો. ગમે તેને મોટી મોટી રકમો ઉદારતાથી દાનમાં આપતો. તેથી

મંત્રીએ એને સમજાવવો એમ વિચારી, સિંહાસનની પાસે 'આપત્તિનો વિચાર કરી દાન કરવું જોઈએ' એમ લખાવ્યું. તેથી રાજા સમજી ગયો કે દાન દેવાનો નિષેધ કરે છે. ઉત્તરમાં રાજાએ વાક્ય લખાવ્યું કે 'ભાગ્યશાળીઓ પાસે આપત્તિ ક્યાંથી આવે?' તેના ઉત્તરમાં ફરી મંત્રીએ લખાવ્યું કે 'કદાચ દૈવ એવું હોય કે આપત્તિ આવી પણ જાય.' રાજાએ તેનો ઉત્તર એમ લખાવ્યો કે 'દુર્ભાગ્યનો ઉદય થશે તો તે વખતે લક્ષ્મી પણ જતી રહેશે; રહેશે નહીં.' માટે વહેતી ગંગા હોય તેમાં હાથ ધોઈ લેવા.

પૂર્વ પુણ્યને લઈને પ્રાપ્ત થયું છે, તેનો સદુપયોગ કરે તો સાથે જાય. જેને જરૂર હોય તેને દાન આપવાનું છે. વિવેકપૂર્વક દાન કરે તો દાન દેનારા ય સુખી થાય અને દાન લેનારા પણ સુખી થાય. પૈસા એકઠા કર્યા હોય પણ વાપરતો ન હોય એ નીચ કહેવાય. દરિદ્રતાની પ્રાપ્તિ દાન ન કરવાથી થાય છે. તેથી પાછું પાપ સૂઝે અને પાપનું ફળ દુઃખ આવે.

પાદપ એટલે ઝાડ. પગથી (મૂળીયાથી) પાણી પીએ તે પાદપ છે.

(બપોરના–ઉપર) ૭૫ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ વદ ૯, સં.૨૦૦૯
('ચારિત્રચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–કોઈ પુસ્તક વાંચવું, તે યાદ રહે એવી રીતે વાંચવું. અહીંયા પૂછીએ તો યાદ રહે એવું વાંચવું. માત્ર વાંચી જ જવાનું નથી. દિવસમાં ચાર-પાંચ શ્લોક વાંચવા અને વિચાર કરવો.

'અણગાર ધર્મામૃત' એટલે સાધુઓનો ધર્મ. એમાં કહ્યું છે કે ગમે તેટલો માને છોકરો વહાલો હોય, પણ ચોરી કરતો હોય તો માનો પ્રેમ હટી જાય. ચોરી કરવાથી સદ્ગુણો જતા રહે. લાખ રૂપિયાનું એ દાન કરે તોય લોકોને ઉલ્લાસ ન થાય. બીજા પણ સદ્ગુણો એના દૂર થઈ જાય છે. ગમે તેટલું દાન કરે પણ ચોર છે ને? એમ લોકો કહે. અત્યારે ચોરીનો જમાનો બહુ છે, પણ આત્માનું કલ્યાણ કરવું હોય તો એ ચોરી છોડવાની છે. એથી પોતાનો આત્મા ચોરાય છે. ગમે તેટલો કુલીન હોય પણ ચોરી કરતો હોય તો કોઈ વિશ્વાસ ન કરે. એનો વિનય પણ નકામો જાય. વિવેક એટલે સારું-ખોટું; એ એને સમજાય નહીં. એને પુદ્ગલની વૃત્તિ છે, ત્યાં સુધી આત્મામાં રસ ન આવે. ''જેટલા પોતાની પુદ્ગલિક મોટાઈ ઇચ્છે છે તેટલા હલકા સંભવે.'' (૮૫)

જેને મોક્ષે જવું હોય તેણે પોતાના દોષ જોવાના છે. બધા ય ચોરી કરે છે, જૂઠ બોલે છે, માટે હું પણ કરું, એમ ન કરવું. લોક મૂકે પોક. આપણા આત્માનું શું થશે? એ વિચારવું. ગમે તેટલો પંડિત હોય પણ ચોર હોય તો એની વિદ્યાનો કોઈ વિશ્વાસ ન કરે. કીર્તિ પણ એની જતી રહે. ચોરી કરતો હોય તો એ બધા પર પાણી ફરે છે. પરવસ્તુમાં અત્યંત પ્રેમ એને હોય ત્યારે ચોરી થાય છે. એની વૃત્તિ આત્મા ભણી કેમ જાય? પોતાની વસ્તુઓમાં પ્રેમ હોય ત્યાં સુધી આત્મજ્ઞાન ન થાય, તો પછી પરાયી વસ્તુઓ પર પ્રેમ હોય તો ક્યાંથી થાય? અન્યાયમાં સુખ નથી. કૃપાળુદેવે કહ્યું છે કે અન્યાયથી કોઈ પ્રકારે સુખ નથી. ધર્મનો મર્મ એ ન પામે. દેહાધ્યાસ એનો ન મટે.

મુમુક્ષુ એટલે જેને મોહનો ત્યાગ કરવો છે તે. અદત્તાદાનનો ત્યાગ કરશે ત્યારે કલ્યાણ થશે અને ત્યારે જ જીવ ઊંચો આવશે. જીવ સમયે સમયે કર્મ બાંધે છે તે એક અપેક્ષાએ ચોરી જ છે, કારણ કે એ એની વસ્તુ નથી. કર્મ તો દેખાતાં નથી, પણ વ્યવહારદૃષ્ટિએ જે વસ્તુ દેખાય છે તેની ચોરી તે ચોરી છે, નહીં તો કર્મ તો મુનિઓને પણ બંધાય છે. નમસ્કાર, પૂજા વગેરે કરવાથી પુણ્ય બાંધે છે.

પ્રશ્ન—મુનિ પણ ભક્તિ, નમસ્કાર કરે છે, તેથી પુણ્ય બંધાય છે, તે પ્રશસ્ત ચોરી છે?

ઉત્તર—કર્મ કંઈ દેખાતાં નથી, એને ચોરી કહેવાય નહીં. જે વસ્તુ દેખાય છે, લેવાય-દેવાય છે, તેને પૂછ્યા વગર લેવી તે ચોરી કહેવાય છે, પ્રમાદપૂર્વક ચોરી કરે, પ્રમાદપૂર્વક હિંસા કરે તો ત્યાં પાપ છે.

આપેલી વસ્તુ મુનિ લે. બારણાં વાસેલાં હોય તો મુનિ ઉઘાડીને અંદર ન પેસે. અદત્તાદાન એટલે આપ્યા વગર લે તો એ ચોરી છે. કોઈ આપે તે લે તે ચોરી નથી. કોઈ રાજા, શ્રાવક, દેવ વગેરે ધર્મનાં સાધન આપે તો મુનિ આગમાનુસાર લે. જ્યાં કોઈની માલિકીની જગ્યા ન હોય ત્યાં મુનિ રહી શકે. ગુફા હોય, વૃક્ષની બખોલ હોય, સૂનું ઘર હોય, ગામ ખાલી પડ્યું હોય ત્યાં મુનિ રહી શકે. પોતે જ્યાં રહ્યા હોય ત્યાં કોઈ બીજું આવે તો મુનિ ના ન પાડે, નહીં તો ચોરીનો દોષ લાગે. મમતા થઈ ત્યાં એને ચોરી લાગી. ભિક્ષામાં પણ કાળજીપૂર્વક ન પ્રવર્તે તો ત્યાં ચોરી કહેવાય. ભગવાને જે પ્રકારનો આહાર લેવાનો કહ્યો છે, એવો સાધુને યોગ્ય જો આહાર લે તો ધર્મ કહેવાય પણ દોષવાળો આહાર લે તો ચોરી કહેવાય. મારું, તારું એ ચોરી કહેવાય છે. ચોરી ન કરવી તેની પાંચ ભાવના કરે તો એનું રત્નત્રય ચોરાય નહીં. અદત્તાદાન-ત્યાગનો લક્ષ ન રાખે તો એને કર્મ બંધાય, રત્નત્રય ચોરાય અને એટલો એનો આત્મા લુંટાય છે. કલ્પનાઓમાં જીવ તણાય છે. સમ્યગ્દર્શન તો કોઈ વિરલા જીવો પામે છે.

*

(સાંજના—સભામાં, 'સમયસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—જ્યાં છીએ ત્યાંથી આગળ વધવાનું છે. બેસી રહેવાનું નથી.

**''જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ''**

વિચાર કરે તો બધું સમજાય. મારો ક્રોધી સ્વભાવ છે, તે બધું એને સમજાય. શાથી બંધ થાય છે? તે જાણી પછી પુરુષાર્થ કરવાનો છે.

(બપોરના—ઉપર) ૭૬ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ વદ ૧૦, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—સંપૂર્ણ શુદ્ધભાવ તો તેરમે ગુણસ્થાનકે છે. શરૂઆત ચોથેથી થાય છે. જ્યાં સુધી સંપૂર્ણ શુદ્ધતા આવી નથી ત્યાં સુધી એને અબુદ્ધિપૂર્વક શ્રુત પ્રત્યે રાગભાવ છે તેથી એને પુણ્ય બંધાય છે. એ ભગવાન જ જાણે છે. એને ખબર નથી. શુભભાવ હોય ત્યાં પાપની નિર્જરા થાય

છે અને જ્યાં શુદ્ધભાવ છે ત્યાં પુણ્ય પાપ બન્નેની નિર્જરા થાય છે. પુણ્યબંધનું કારણ શુભ રાગભાવ છે.

*

('ચારિત્ર ચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–હવે ચોથા વ્રત સંબંધી કહે છે. મૂળ વ્રત તો અહિંસા વ્રત છે. તેને પોષવા બીજાં વ્રતો છે. મૈથુનમાં પણ હિંસા છે તેથી ત્યાગવા કહ્યું. નિશ્ચયથી તો આત્મામાં રહેવું એ જ બ્રહ્મચર્ય છે.

**''પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન,**
**પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.''**

પરસ્ત્રીને માતા, બહેન, પુત્રી સમાન ગણવી. નવવાડપૂર્વક બ્રહ્મચર્ય પાળવું તે બ્રહ્મચર્ય છે. મનની નિર્મળતા ન થવાનું કારણ અબ્રહ્મચર્ય છે. મન જીતવું હોય તો બ્રહ્મચર્ય પાળવા યોગ્ય છે, નહીં તો મન ચંચળ છે. જગતમાંથી કંઈ જોઈતું નથી ત્યારે બ્રહ્મચર્ય પળાય. ખરું બ્રહ્મચર્ય તો ભેદજ્ઞાન થાય ત્યારે હોય છે પણ તે માટે વ્યવહાર બ્રહ્મચર્યની જરૂર છે. જેણે બ્રહ્મચર્ય પાળવું હોય તેણે આટલું કરવાનું છે કે ભારે, ગરિષ્ઠ આહાર તે ઇન્દ્રિયોને ઉન્મત્ત કરે છે, માટે એવો આહાર ન કરવો. ભૂતકાળમાં ભોગવેલા ભોગોનું ચિંતવન ન કરવું, એથી બ્રહ્મચર્ય ભંગ થાય છે. વેદકર્મ બાંધેલું છે તેની જીવ ઉદીરણા કરે છે. વારંવાર એનું ચિંતવન કરે તેથી બ્રહ્મચર્ય ભંગ થવા પામે, માટે એનો પણ ત્યાગ કરવો. એ દોષો સેવે તો અતિચાર કહેવાય. જેને પોતાને તરવું છે તેણે આ બ્રહ્મચર્યની વાત લક્ષ રાખી સાંભળવી. કુસંગ હોય તો એની વાતો સાંભળીને જીવ ઢીલો પડી જાય છે, માટે એવો કુસંગ ત્યાગવો. પ્રભુશ્રીજી કહેતા કે યોગ્યતા લાવો, યોગ્યતા લાવો. એ યોગ્યતા બ્રહ્મચર્યથી આવે છે. પ્રભુશ્રીજી વારંવાર કહેતા કે આશ્રમનો પાયો સત્ અને શીલ છે. થોડું થાય તો થોડું; પણ સાંભળીને વિચારવું, બધું જવા ન દેવું. આ કાને સાંભળી આ કાને કાઢી ન નાંખવું. થોડુંક પણ વિચારવું.

*

(સાંજના–સભામાં, 'સમયસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–જ્ઞાન દર્શન ચારિત્ર એ ત્રણેની પૂર્ણતા થાય ત્યારે મોક્ષ થાય. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું હોય પણ સમ્યક્ચારિત્ર ન આવે ત્યાં સુધી મોક્ષ ન થાય.

**''ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;**
**પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન.''**

લક્ષણથી ભિન્ન જણાય છે.

(બપોરના–ઉપર) ૭૭ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ વદ ૧૧, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–કંઈક કરવું. દિવસ એમ નો એમ ન જવા દેવો. જ્ઞાનધ્યાનમાં જેટલું બને તેટલું

પ્રવર્તવું. વખત મળે ત્યારે કંઈક પુરુષાર્થ કરવો. સ્મરણમાં રહેવું. સ્મરણ એ જ આખર વખતે કામનું છે. સ્મરણ કરતાં દેહ છૂટે એ જ સમાધિમરણનું કારણ છે. પોતાને વૈરાગ્યમાં રાખવા સ્મરણમાં ચિત્ત રાખવું. મહેમાનની પેઠે રહેવું. કૃપાળુદેવની શ્રદ્ધા દૃઢ કરી લેવી.

*

('ચારિત્રચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—બ્રહ્મચર્ય વિષે વંચાય છે, તે બધાએ લક્ષ રાખીને સાંભળવાનું છે. પાંચ ઇન્દ્રિયના વિષયમાં મુખ્ય સ્પર્શેન્દ્રિયમાં આસક્ત થયેલો છે. એને આધીન થયો છે. એ સ્પર્શેન્દ્રિયને અર્થે ધન કમાય છે. એથી છૂટવા બ્રહ્મચર્ય કહ્યું છે. એમાં જેને જય થાય તેને બધામાં જય થાય એવું છે. પાંચ મહાવ્રતમાં મુખ્ય બ્રહ્મચર્ય છે, તે મુશ્કેલ છે. જે અઘરું છે તે જ પહેલાં કરવું એ લક્ષ રાખવો. આત્મસ્વરૂપમાં લીન થવું એ જ નિશ્ચયથી બ્રહ્મચર્ય છે. આત્મામાં લીનતા થવા તપ વગેરે કરું કે જેથી વિષયમાં ન જઉં એ લક્ષ રાખવો. બ્રહ્મથી જુદું તે અબ્રહ્મ છે. બ્રહ્મ તે આત્મા. અબ્રહ્મ એટલે દેહ; તેમાં મોહ તે અબ્રહ્મચર્ય છે. ઉત્તમ પુરુષો ઉત્તમની ભાવના કરે છે અને નીચ પુરુષો નીચની કરે છે. અહિંસામાં નિપુણ થાય, બ્રહ્મચર્ય પાળે તો દેહનો મોહ છૂટે અને તો જ યથાર્થ બ્રહ્મચર્ય પળાય. દેહ પર મોહ ન હોય તો પછી કમાવા વગેરે કરવાનું ક્યાં રહે? બધા વ્રતોમાં બ્રહ્મચર્ય એ મુખ્ય વસ્તુ છે. જેમ બધાય રાજાઓમાં ચક્રવર્તી મુખ્ય છે તેમ વ્રતોમાં બ્રહ્મચર્ય છે. વિકાર જે જીવને થાય છે તે માત્ર કલ્પના છે. આકારમાં, રૂપમાં મોહ પામે છે. વિષ્ટા છે તેમાં મોહ કરે છે. જીવ કપડાં, ઘરેણાં જોઈને કલ્પના કરી વિકારવાળો થઈ મોહ પામે છે. વસ્તુ જેમ છે તેમ જોવાય તો મોહ ન થાય. પુદ્‌ગલ મને સુખ આપશે એમ કલ્પના કરે છે. પરમાનંદરૂપ આત્મા છે. બીજું બધું દુઃખ. કામને મનોજ કહ્યો છે. શરીર છે તે જડ છે અને સુખનું કારણ નથી. પોતાના આત્માને શરીરથી ભિન્ન જાણે તો બીજાને પણ ભિન્ન જાણે. મૂળ વસ્તુ જાણવાની છે. દેખાય છે તેમાં કંઈ માલ નથી. સાચી વસ્તુ જ્ઞાની પાસે સમજવાની છે પણ તે બ્રહ્મચર્ય વગર સમજાશે નહીં. માટે

**"પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;**
**પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન."**

જેને સ્મરણ મળ્યું છે તે તો મહાભાગ્યશાળી છે. બીજા વિકલ્પો કરીને કર્મ બાંધે છે. સાધન મળ્યા છતાં બીજામાં ચિત્ત રાખે છે એ નવાઈની વાત છે. પ્રભુશ્રીજી એક વાત કહેતા—

એક નાનો પાંચેક વરસનો છોકરો હતો. એક દિવસે તેની માએ ખીર ખાવા આપી. ખીર ઊની હતી. માએ કહ્યું કે હું પાણી ભરવા જાઉં છું, લે આ લાકડી, કૂતરું આવે તો હાંકી કાઢજે. એમ કહીને પાણી ભરવા માટે ગઈ. એટલામાં કૂતરો આવ્યો અને બધી ખીર ખાવા મંડ્યો. લાકડી આપી હતી તે છોકરાએ ઉગામી નહીં અને 'મારી ખીર ખાઈ જાય છે' એમ બૂમો પાડવા મંડ્યો. બધી ખીર કૂતરો ખાઈ ગયો. એને લાકડીનું સાધન આપ્યું હતું પણ વાપર્યું નહીં, તેથી બધી ખીર

કૂતરો ખાઈ ગયો. તેમ જીવને સાધન મળ્યું હોય અને વાપરે નહીં તો મળ્યું ન મળ્યું સરખું જ છે. આ મનુષ્યભવરૂપ ખાવાનું મળ્યું છે, ત્યાં જો સાવચેતી ન રાખે તો એ ખાવાનું લુંટાઈ જાય.

કુસંગ એ ખરાબ વસ્તુ છે, દોષને પોષનાર છે. એવા જીવો વધારે નુકસાન કરનાર છે. સત્સંગ હોય તો એને વિષય ઝેર જેવા લાગે. એક મ્યાનમાં બે તરવાર રહે નહીં. હૃદયમાં સ્ત્રી પેઠી તો પરમાત્મા ત્યાં ન રહે. કાં તો સ્ત્રી રહે અને કાં તો પરમાત્મા રહે. જ્યાં રામ છે ત્યાં કામ નહીં અને કામ ત્યાં રામ નહીં. જગતની વસ્તુ ખોટી, તેમાં રાચે તો સાચી વસ્તુ મળે નહીં. કોઈ કહે કે વિષયમાં તો મોટું સુખ છે તેથી બધાની વૃત્તિ ત્યાં જાય છે, પણ એમ નથી. અજ્ઞાનથી ત્યાં વૃત્તિ જાય છે. છ ખંડના રાજ્યમાં કંઈ માલ નથી. એક ક્ષણ પણ પાછી આવતી નથી. સમજણ આવે ત્યારે સાચી વસ્તુ હાથ આવે. સારું કશું છે નહીં, પણ મારું માન્યું, તેથી સારું લાગે છે. માન્યતા ઉપર બધું છે. ઇન્દ્ર આવીને મુનિના ચરણમાં નમસ્કાર કરે છે તેનું કારણ મુનિને સમજણ આવી છે. સમ્યક્દર્શન આવે ત્યારે સાચી વસ્તુ તે સાચી લાગે છે.

**"શીતળ ચંદનથી પણ ઉપન્યો, અગ્નિ દહે જેમ વનને રે;**
**ધર્મજનિત પણ ભોગ ઇહાં તેમ લાગે અનિષ્ટ તે મનને રે."**

ચંદનનું લાકડું ઘસીને ગુમડા પર ચોપડે તો ઠંડું લાગે, પણ એનું એ બાળીને લગાડે તો દાઝી જાય. એવાં વિષયનાં સુખ છે. એકાંત સુખી, મુનિ વીતરાગ છે. મુનિપણામાં સુખ છે. બીજામાં ભિખારીપણું છે. વીતરાગ મુનિને ત્રણ લોકનું સુખ તુચ્છ લાગે છે, પાંચ ઇન્દ્રિયના સુખ તે દુઃખરૂપ લાગે છે. નિઃસ્પૃહ થાય તો ત્રણ લોકનો રાજા થાય. ભિખારી રહે તો ચૌદે રાજલોકનું સુખ આપે તોય સુખી થાય નહીં. ફોલ્લો થયો હોય તેના પર પાટો બાંધે તેમાં કાંઈ સુખ નથી, એવું આ જીવને પરની ઇચ્છા છે તે દુઃખ જ છે, સુખ નથી. એ દવા જ છે. જીવ ઠગાય છે. પોતાને ખબર નથી તેથી તાત્કાલિક વસ્તુમાં મોહ પામે છે. તેથી સુખવાળી વસ્તુ ભૂલી જાય છે. વિષયમાં ખરું સુખ નથી; મૂર્ખાઈ છે જીવની. તાત્કાલિક વસ્તુઓમાં મોહ પામવાની એની બુદ્ધિ છે.

કોઈ કૂતરો સૂકું હાડકું ચાવતો હતો. ચાવતાં ચાવતાં તે હાડકું તેના તાળવામાં પેસી ગયું તેથી લોહી નીકળવા માંડ્યું. તે સમજવા લાગ્યો કે હાડકામાંથી લોહી આવે છે, પણ પછી દુખવા લાગ્યું ત્યારે બૂમો પાડવા લાગ્યો. એમ આ જીવને આનંદ આવે છે, તે પુદ્ગલથી આવે છે એમ કલ્પે છે; પણ સુખ તો આત્મામાં છે. એને ભૂલી, ભ્રમણ કરે છે.

કૃપાળુદેવે લખ્યું છે કે આ કાળમાં ક્ષય રોગ વિશેષ થયો છે તેનું કારણ અબ્રહ્મચર્ય છે. ક્ષય રોગનો મુખ્ય ઉપાય બ્રહ્મચર્ય કહ્યો છે. જેમ જેમ બ્રહ્મચર્યવ્રત વૃદ્ધિ પામે તેમ તેમ ક્ષય રોગ ક્ષય થાય. સિંહ આખા જંગલનો રાજા કહેવાય છે, તેને એક જ સંતાન થાય છે અને પછી આખી જિંદગી સુધી બ્રહ્મચર્ય પાળે છે, તેથી એ બળવાન થાય છે. કૂતરાં હોય છે તેને ઘણાં કુરકુરિયાં થાય છે તેથી એને બળ હોતું નથી. કહેવાનું કે સિંહ જેવી વૃત્તિ રાખવી, કૂતરા જેવી ન રાખવી.

રાવણ બહુ વિદ્વાન હતો, ત્રણ ખંડનો એ રાજા હતો. એ ત્રણ ખંડ જીતવા ગયો ત્યારે એને

એક વિદ્યા સાધતી બાઈ મળી. તે બાઈને રાવણને જોતાં વિકાર થયો, તેથી તેણે રાવણને કહ્યું કે તમે મારી ઇચ્છા પૂરી કરો તો હું તમને વિદ્યા આપું; જેથી આ આખો દેશ જીતી શકો. રાવણને મનમાં થયું કે આવું પાપનું કામ તો ન કરવું, પણ એની પાસે જે વિદ્યા છે તે લઈ લેવી. રાવણે બાઈને કહ્યું, મને તું વિદ્યા આપ. તે બાઈએ વિદ્યા આપી. રાવણ પછી દેશ જીતવા ગયો. જીતીને પાછો ત્યાં આવ્યો અને બાઈને કહ્યું કે તું તો મારી મા છે, કેમકે તેં મને મંત્ર આપ્યો છે, તેથી તારાથી વિકારની વાત પણ ન થાય. એમ રાવણ હતો બહુ વિદ્વાન. આમ સમજુ હતો પણ કર્મના ઉદયે એક સીતાને હરણ કરવાની ભૂલ કરી, તેથી હજુ સુધી જગતમાં નિંદાય છે. પોતે પોતાનું પદ ભૂલી પરમાં લીન થયો તો પોતાના બધા કુટુંબનો નાશ કરે છે અને પરિભ્રમણ કર્યા કરે છે. જીવને વિકારભાવ કર્મબંધનું કારણ છે, પછી પોતાની સ્ત્રી હો કે પરની; પણ અતિ આસક્તિ હોય તો ગાઢ કર્મ બંધાય. એને અતિભોગદોષ કહેવાય છે. મોહવશ શું શું જીવો નથી કરતા?

મંગી નામની એક સ્ત્રી હતી. તેનો પતિ ક્યાંય બહાર ગયો હતો. મંગીની સાસુને મંગી ઉપર દ્વેષભાવ રહેતો. એક દિવસે તેણે મંગીનાં ઘરેણાં એક માટલામાં પડ્યાં હતાં, તેમાં એક કાળો સર્પ મૂકી ઉપર ઘાસ પાથરી દીધું. મંગીએ ઘરેણાં લેવા અંદર હાથ નાંખ્યો તો સર્પ ડસ્યો તેથી તેને થોડીક વારમાં ઝેર ચઢી ગયું. સાસુ તેને સ્મશાનમાં લઈ ગઈ અને ત્યાં મૂકી ઉપર ઘાસ પાથરી દીધું અને પછી ઘેર આવી ગઈ. એટલામાં મંગીનો ધણી ઘેર આવી ગયો અને માને પૂછ્યું કે મંગી ક્યાં છે? માએ કહ્યું કે બહાર ગઈ હશે, હમણાં આવી જશે, મરી ગઈ હશે વગેરે ગમે તેમ કહેવા માંડી. રાત થવા આવી છતાં મંગી આવી નહીં, તેથી તેનો પતિ હાથમાં નાગી તલવાર લઈને તેને શોધવા જંગલમાં ગયો. એવામાં ત્યાં તેને એક મુનિનાં દર્શન થયાં. મુનિ ધ્યાનસ્થ હતા. તેણે કહ્યું કે જો મારી સ્ત્રી મને મળી જશે તો હું તમારી સો કમળોથી પૂજા કરીશ એમ કહીને ત્યાંથી આગળ ચાલ્યો. ફરતાં ફરતાં સ્મશાનમાં ઘાસ પડેલું જોયું. ઘાસ ઊંચું કરી જોયું તો મંગી દેખાઈ. તે તેને ઊંચકી મુનિની પાસે આવ્યો. તે મૂર્છાગત હતી તેથી તેણે બોલાવી પણ બોલી નહીં. પછી તેને ઊંચકી મુનિના ચરણનો સ્પર્શ કરાવ્યો. મુનિ ઔષધિલબ્ધિવાળા હતા. તેથી અડતાં જ તેનું ઝેર ઊતરી ગયું અને તે બેઠી થઈ. તેનો પતિ મુનિની પૂજા કરવા માટે તળાવમાં કમળ લેવા ગયો. મંગી ત્યાં જ બેઠી હતી.

ત્યાં એક ચોર આવ્યો. તેને જોઈને મંગીએ કહ્યું, મારે તારી સાથે આવવું છે. તું મને લઈ જા. ચોરે કહ્યું, તારા પતિની મને બીક લાગે છે. એ મને મારી નાંખશે તો? મંગીએ કહ્યું, તું ડરીશ નહીં. એ તો બીકણ છે, નિર્બળ છે. તને નહીં મારે એવું હું કરીશ. એટલામાં એનો ધણી કમળ લઈને આવ્યો. તેને જોઈને ચોર ઝાડની પાછળ સંતાઈ ગયો. મંગીના પતિએ પોતાના હાથમાં જે તલવાર હતી તે મંગીના હાથમાં આપી અને પોતે મુનિની કમળો વડે પૂજા કરવા લાગ્યો. મંગીએ તલવાર તેને મારવા માટે ઉગામી એટલામાં પેલો ચોર આવ્યો અને તલવાર હાથથી ઝાલી લીધી. તલવારની ધારથી તેની ચાર આંગળીઓ કપાઈ ગઈ. આંગળીઓ કપાયાનો અવાજ થયો તેથી તેના પતિએ કહ્યું કે કેમ તને ભય લાગે છે? મંગીએ કહ્યું—હા, મને ભય લાગે છે. પછી ચોર ત્યાંથી

જતો રહ્યો. એટલામાં એના છ ભાઈઓ ગામમાં ચોરી કરવા ગયેલા તે બધા ધનમાલ લઈને આવ્યા. પછી ભાગ કરીને દરેકને ધન આપવા લાગ્યા, પણ નાના ભાઈએ કહ્યું કે મારે ધન નથી જોઈતું. બધા ભાઈઓએ પૂછ્યું, શું થયું? ઓછો ભાગ છે તેથી નથી જોઈતો? કે બીજું કંઈ કારણ છે? તેણે બધી વાત કરી કહ્યું કે જુઓ મારી ચાર આંગળીઓ કપાઈ ગઈ. આપણે બધાં પૈસા લાવી લાવીને બૈરાંને આપીએ છીએ અને બૈરાં તો એવાં નીકળે છે. તેથી મારે તો હવે દીક્ષા લેવી છે. તે સાંભળી બધાને દીક્ષા લેવાનું મન થયું. તેથી સાતે જણે દીક્ષા લીધી. તે વાત મંગીના પતિએ પણ સાંભળી. મારી સ્ત્રી આવી છે! એમ જાણીને તેણે પણ દીક્ષા લીધી.

વિષયભોગમાં કંઈ સુખ નથી. એવી વૈરાગ્યવાળી કથા સાંભળે છે છતાં જીવને વૈરાગ્ય આવતો નથી. તેનું કારણ શું છે? જીવ, વિષયમાં સુખ નથી એ ભૂલી જાય છે. કિંપાક ફળ જેવા વિષયનાં સુખ કહ્યાં છે. તે સુંદર હોય છે, મીઠાં હોય છે પણ ખાય ત્યારે આંતરડાં તોડી નાંખે છે; તેમ વિષયના સુખ શરૂઆતમાં સુંદર લાગે છે, પણ પછી ચાર ગતિમાં ભ્રમણ કરાવે છે. ભવોભવમાં એથી ન છુટાય. ત્યાગની ભાવના થવી મુશ્કેલ છે. સ્વર્ગે જવું હોય કે મોક્ષે, બન્નેમાં સ્ત્રી અર્ગલા સમાન વિઘ્નરૂપ છે. એથી પરાધીન થઈ જીવ કર્મ બાંધે છે અને તેથી અધોગતિમાં જાય છે. પરસ્ત્રી તો દૃષ્ટિવિષ સર્પ સમાન છે.

પટનામાં સુદર્શન શેઠ અને સ્થૂલિભદ્ર એ બન્નેની સ્થાપના એક સ્થાન પર જ છે.

*

પૂજ્યશ્રી–આત્માનો વિચાર કરવો. આત્મા મરતો નથી. બધું દેખાય છે, તે આત્મા છે તો દેખાય છે. એ નીકળી જાય તો પછી આંખ કાન બધુંય હોય પણ કંઈ જાણે? આત્મા જાણે, દેહ જાણે નહીં. જાણનાર તે આત્મા. જગતમાં આત્મા સિવાય કોઈ વસ્તુ જાણે નહીં. એ વસ્તુની આપણે જરૂર છે. આખો દિવસ જીવ ખાવા પહેરવામાં ગાળે છે. 'આત્મસિદ્ધિ' શીખીને આત્મા આરાધવાનો છે. ખરો દેવ આત્મા છે. આત્મા છે, તે નિત્ય છે, કર્ત્તા છે, ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે.

*

(સાંજના-સભામાં, 'સમયસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–આત્માનું કામ જાણવાનું છે. એ કલ્પના કરે છે કે આ સુખ છે ને આ દુઃખ છે. જેમ મરચું ખાય તેથી તીખું લાગે છે, પણ મરચાને એવું કંઈ નથી કે એને તીખું લગાડું, સાકરને એવું કંઈ નથી કે એને ગળ્યું લગાડું, પણ જીવ સારા ખોટાની કલ્પના કરે છે.

**"ઝેર સુધા સમજે નહીં, જીવ ખાય ફળ થાય"**

આત્મા તો પરમાનંદરૂપ છે. પુરુષાર્થ વગર કંઈ થાય નહીં. રસોઈ કરવાનો વખત થયો, તેથી કર્યા વિના રસોઈ થઈ જાય કંઈ? ભેદજ્ઞાનના અભ્યાસથી સમ્યગ્દર્શન થાય છે. દેહ ને આત્મા બન્ને

જુદા છે, લક્ષણોથી ભિન્ન છે. ભેદજ્ઞાનની પાછળ પડે તો થાય. જ્ઞાની પાસે સાંભળ્યું કે બન્ને ભિન્ન છે, તો શ્રદ્ધાથી પણ ભિન્ન માની અભ્યાસ કરવો. જેટલો પોતાનો પુરુષાર્થ હોય, જેટલું વીર્ય હોય તે બધું ભેદજ્ઞાનના અભ્યાસમાં વાપરવાનું છે.

(સવારના– ૫-૩૦ વાગે) ૭૮ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ વદ ૧૨, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–(એક મુમુક્ષુભાઈને ઉદ્દેશીને) દેવશીભાઈ માંદા છે, તું તેમને ત્યાં જાય છે?

મુમુક્ષુ–નાજી.

પૂજ્યશ્રી–ત્યાં જજે. સેવા કરવી એ મુમુક્ષુનો ધર્મ છે. ભગવાને પરસ્પર સેવા કરવાનું મુનિઓને પણ કહ્યું છે. એકલું ભણવામાં જ રહે, તેને પછી વ્યવહારની કંઈ ખબર ન રહે. ભણીભણીને વેદિયા ઢોર જેવું થઈ ન જવું. પરમાર્થને પ્રેરે એવો વ્યવહાર કરવા યોગ્ય છે. દેવશીભાઈ પાસે જઈએ અને કોઈ કામ હોય તો પૂછવું. પગ, શરીર દબાવવું હોય તો દબાવી આપવું.

*

(બપોરના–ઉપર)

પૂજ્યશ્રી–પુરુષાર્થની જરૂર છે. પુરુષાર્થ કરે તેટલી સ્મૃતિ રહે. સ્મૃતિ એવી છે કે યાદ રાખે તો રહે. જે વસ્તુનો વધારે પરિચય રહે તે યાદ રહે છે. ગરજ હશે તેટલું યાદ રહેશે. રુચિની જરૂર છે. રુચિનું કારણ સત્સંગ છે.

*

('ચારિત્રચક્રવર્તી'માંથી બ્રહ્મચર્ય મહાવ્રતના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–બ્રહ્મચર્યમહાવ્રત વિષે વંચાય છે. મોટા મોટા ઋષિઓ પણ ચળી ગયા છે. પાંચ મહાવ્રતમાં બ્રહ્મચર્ય બહુ અઘરું છે. બ્રહ્મચર્યની પરીક્ષા કરવા દેવદેવીઓ પણ આવે છે. એની ચિત્તવૃત્તિ ડગાવી દે. બ્રહ્માને બ્રહ્મચર્યથી ડગાવવા એક તિલોત્તમા નામની અપ્સરાને ઇન્દ્રે મોકલી. તે ત્યાં બ્રહ્માની પાસે નૃત્ય કરવા લાગી. બ્રહ્માનું ચિત્ત તેમાં એટલું ચોંટી ગયું કે ચારેબાજુથી નૃત્ય જોવાની ઇચ્છા થઈ તેથી ચાર મોઢાં બનાવ્યાં. પછી અપ્સરાએ આકાશમાં ઊંચે નૃત્ય કરવા માંડ્યું. તેને જોવા બ્રહ્માએ પાંચમું મોઢું બનાવવાની ઇચ્છા કરી, પણ પુણ્ય ક્ષીણ થઈ ગયેલું હોવાથી મનુષ્યનું મુખ તો ન થયું પણ તેને બદલે ગધેડાનું મોઢું થયું. એવા મોટા દેવો પણ કામવિકારને વશ થઈ ગયા. હલકી વૃત્તિઓથી પાપ બંધાય છે. જીવમાં પશુવૃત્તિ છે. પશુ ઇચ્છે તેને એ ઇચ્છે તો એ પશુ જ છે.

બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર એ ત્રણ મોટા દેવ કહેવાય છે. તેમાંથી બ્રહ્મા મોટા, તે પણ કામ વિકારથી ચળી ગયા. વિકાર બહુ હલકી વસ્તુ છે. વિદ્યાની સાધના કરે ત્યારે અનેક વિઘ્નો આવે છે,

અનેક દેવીઓ એને ચલાયમાન કરવા તે વખતે આવે છે. વૃત્તિને વશ ન થવું. દરેકના જીવનમાં આ બધી વૃત્તિઓ આવી પીડે છે, પણ મહાપુરુષો એને શત્રુ જાણી એનો જય કરે છે. મુખ્ય વાત તો આત્મજ્ઞાન છે. ''આત્મજ્ઞાન ત્યાં મુનિપણું'' આત્મજ્ઞાન હોય તો સ્ત્રીથી ચળે નહીં. નહીં તો બાહ્યથી ત્યાગ કર્યો હોય પણ સ્ત્રીઓથી ચળી જાય. મોટી મોટી લડાઈઓ એ 'કામ'ને માટે થઈ છે. સીતાને માટે આખું રામાયણ થયું. કામને વશ થયો તેના બધા ગુણો બળીને ભસ્મ થઈ જાય. વિષયમાં એક પ્રકારનું ઉન્મત્તપણું છે. વિકારને, કામને વશ થયા પછી ગાંડો થઈ જાય છે.

**''ધર્મ અર્થે ઇહાં પ્રાણનેજી, છાંડે પણ નહીં ધર્મ;**
**પ્રાણ અર્થે સંકટ પડેજી, જુઓ એ દૃષ્ટિનો મર્મ.''** (ચોથી દૃષ્ટિ)

એટલી યોગ્યતા હોય તો સમકિત થાય છે. ખરી કસોટીમાં જય પામે; કામને વશ ન થાય તો એને બળ રહે, નહીં તો એક પાઈનો પણ એ નથી. હવે તો માણસ કેટલું કમાય છે તે જુએ છે પણ કેટલા ગુણો છે તે જોતા નથી. જ્યાં સુધી મહાપુરુષો છે ત્યાં સુધી જગતમાં ધર્મ છે.

જીવંધર ધર્માત્મા હતા. તેમણે કોઈ જંગલમાં એક સ્ત્રી જોઈ. તેને જોઈને જીવંધરે તો વૃત્તિ સંકોચી લીધી પણ પેલી બાઈને એનું રૂપ જોઈને વિકાર થયો. જીવંધરકુમારને તેના પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થયો, તેથી સ્ત્રી જુગુપ્સાનો ભંડાર છે એમ વિચારી ત્યાંથી ચાલ્યા ગયા. અત્યારે દેહ છૂટી જાય તો મડદું છે.

**''દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રી, પ્રાણ;**
**આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ.''**

વિવેક હોય તો વસ્તુ જેવી છે તેવી દેખાય; નહીં તો મોહ હોય તો અવળું સમજાય. જેને ઊંડી સમજ હોય, તત્ત્વદૃષ્ટિ હોય તેને આ જડ ને આ ચેતન છે એમ જ લાગે.

એક રાજા હતો. તેને રાણી પ્રત્યે બહુ પ્રેમ. એક દિવસે તેની રાણી મરી ગઈ. રાજા તેની પાસે જઈ બેઠો. કંઈ ખાય નહીં, પીએ નહીં, પાસેનો પાસે જ બેઠો રહે. સામંતોએ કહ્યું કે તમે સ્નાન ભોજન કરો, અમે આ રાણીને જીવતી કરીશું. રાજાને ભૂખ લાગેલી હતી તેથી તે નાહવા, ભોજન કરવા માટે ગયો. સાંમતો તે રાણીને સ્મશાનમાં મૂકી આવ્યા. પછી રાજા જમીને આવ્યો ત્યારે પૂછ્યું કે રાણી ક્યાં છે? સામંતોએ કહ્યું કે દવાખાનામાં લઈ ગયા છે. થોડીકવાર પછી ફરી પૂછ્યું કે દવાખાનું ક્યાં છે? બે ત્રણ દિવસ તો બહાનાં કાઢીને ચલાવ્યું પણ પછી રાજાએ બહુ પૂછ્યું ત્યારે કહ્યું કે ચાલો, તમને બતાવીએ. રાજાને સ્મશાનમાં લઈ ગયા. રાણીનું શરીર બધું ગીધો વડે ખવાઈ ગયેલું, સડી ગયેલું, મોઢું ફૂલી ગયેલું તે જોઈ રાજાને વૈરાગ્ય થયો તેથી દીક્ષા લીધી.

કૃપાળુદેવે કહ્યું છે કે ''જો તું ત્યાગી હોય તો ત્વચા વગરની વનિતાનું સ્વરૂપ વિચારીને સંસાર ભણી દૃષ્ટિ કરજે.'' એ ચામડું ઉખેડી લીધેલું હોય તો કેવું દેખાય? હાડ, માંસ, લોહી દેખાય, વિચાર નથી. વિચાર કરે તો મોહ ન થાય. આંખો છે જીવને, પણ પરસ્ત્રી જોવામાં આંધળો છે. આત્મામાં અનંત શક્તિ છે, એ કલ્પના નથી. વીર્યાંતરાયને લઈને શક્તિ આવરણ પામી છે. એને આત્મા પર

વિશ્વાસ આવ્યો કે કેવળજ્ઞાનસ્વરૂપ આત્મા છે, તો પછી એનું બધું જ્ઞાન પ્રગટ થાય. આખું જગત ત્રાસ પામ્યું છે. ઉપરથી હું સુખી છું, સુખ ભોગવું છું, એમ માને છે; પણ બળે છે. દેવગતિમાં કેટલાંય સુખ ભોગવ્યાં, તોય તૃષ્ણા મટી નહીં. તો આ એક ભવમાં ક્યાંથી મટશે ? માટે બધા કર્મોનો નાશ કરી મોક્ષ મેળવવો, એમ વિચાર કરી નેમિનાથ ભગવાને દીક્ષા લીધી.

*

(સાંજના—સભામાં, 'સમયસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—મનમાં સંકલ્પ-વિકલ્પ આવે તેને આત્મા જાણે છે. તેથી એમ સિદ્ધ થાય છે કે જાણનાર આત્મા જુદો છે. અણસમજણને લઈને રાગદ્વેષ, મારાપણું થાય છે, પણ વસ્તુમાં મારાપણું કશું છે નહીં. મૂળ સ્વરૂપમાં ભ્રાંતિ નથી. હોય તો જાય ક્યાંથી ? નિશ્ચયનયની અપેક્ષાએ રાગદ્વેષ આત્માના નથી. વ્યવહારનયથી હિત થાય છે તેથી એનો આશ્રય કરવો. મૂળ આરાધ્ય સ્વરૂપમાં રાગદ્વેષ છે નહીં.

(સાંજના—સભામાં) ૭૯ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ વદ ૧૩, સં.૨૦૦૯
('પ્રભુશ્રીજીનો બોધ'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—આત્માપણે બધાય જીવો સરખા છે. કર્મ ન જુએ તો બધાય સરખા છે. કર્મને લઈને જુદા જુદા દેખાય છે.

**"સર્વ જીવ છે સિદ્ધ સમ"**

જીવને પરિભ્રમણનું દુઃખ લાગ્યું હોય અને કારણ શોધતો હોય કે પરિભ્રમણ દશા કેમ ટળે ? તેને મળી આવે છે. "નિજને વિષે નિજબુદ્ધિ થાય તો પરિભ્રમણદશા ટળે છે." (૫૩૯) તો એ એને દવા જેવું થયું. પછી જડમાં નિજબુદ્ધિ કરે નહીં. આત્મા સમજે, તો પોતાનું સ્વરૂપ સમજે અને પોતાનું સ્વરૂપ સમજે તો નિજમાં નિજ બુદ્ધિ થાય.

**"જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત"**

એ સમજણ નથી તેથી જીવ ભટકે છે. ભક્તિમાં ભજન કીર્તન કરે, પણ જેટલો ભાવ હોય તેટલો લાભ થાય. લહાણી થતી હોય પણ ત્યાં જો ઊંઘતો હોય તો શું લે ? અહીં સભામંડપમાં આવી ઊંઘતો હોય તો તેને શું આપે ? ભક્તિ કરે તેને લહાણી મળે, જ્ઞાન મળે, પણ ભક્તિ વગર તો જીવ મડદું છે. શ્વાસોચ્છ્વાસ લે તે કંઈ જીવ્યું ન કહેવાય પણ ભક્તિ કરે તો જીવ્યું કહેવાય. સદ્બોધ, સત્પુરુષના ઘણા યોગ થયા પણ આત્મા જાગ્યો નહીં, તો શાથી જાગે ? તો કે જ્ઞાની જાણે છે. જ્ઞાની સહેજે જાણે છે કે આ જીવ અહીં અટક્યો છે, ફલાણે અટક્યો છે, તેથી પછી એની ભૂલ નીકળી જાય. જ્ઞાનીને પુરુષાર્થ કરવો પડતો નથી. જેમ ચક્રવર્તીને સહેજે હથિયારો મળી આવે છે, તેમ જ્ઞાનીને જીવનું કલ્યાણ થાય તેવાં વચન સહેજે નીકળે છે. જે કામની વસ્તુ નહીં તેને માટે ઘણો પુરુષાર્થ કરી વખત ગાળ્યો; પણ હવે જ્ઞાની મળ્યા, તે બતાવે તે રસ્તે ચાલવા તૈયાર

થઈ જવું. પુરુષાર્થ કરવો.

"સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં અનંત આગમ રહ્યાં છે." (૧૬૬)

અનંત આગમ શોધતાં ન મળે એવું વચન આજ્ઞાથી મળી આવે. જ્ઞાની ગમે તેટલું ચોખ્ખું કહે તોય વિપરીતદૃષ્ટિવાળા જીવો સમજે નહીં.

એક કઠિયારો હતો. તે બહુ ગરીબ. રોજ જેટલાં લાકડાં વેચીને લાવે તેટલું ખાય અને બાકી જે ઢેબરાં રહે તે લઈને પર્વતે ભારો લેવા જાય. લોકોને સારાં સારાં કપડાં પહેરતાં, સારું સારું ખાતાં જોઈને એને થાય કે આ બધા લોકો કેવા સુખી છે! અને આપણે તો બે પૈસા જેટલુંય પાસે નથી. એમને એમ તો ચાલશે નહીં. તેથી આજ તો કોઈ દૂર જંગલમાં જ્યાં ચંદનનાં વૃક્ષ હોય ત્યાં જાઉં અને ભારો લાવી વેચું તો વધારે પૈસા મળશે. એમ કરી ઢેબરાં બાંધી દોરડું લઈને ચાલવા માંડ્યું કે કોઈ સુખડના ઝાડની સુગંધી આવે તો લાકડાં કાપીને બાંધી લઉં, પણ કોઈ સુખડનું ઝાડ તો મળ્યું નહીં. વીશ પચ્ચીસ ગાઉ ચાલ્યો, પણ સુખડનું ઝાડ તો ન મળ્યું. તેથી એક નદીના કિનારે જઈને બેઠો અને ઢેબરાં સાથે લાવ્યો હતો તે ખાઈને પાણી પીધું. નદીની ભેખડ એકબાજુથી તૂટી ગયેલી, ત્યાં આગળ પાણીમાં એક ચળકતું રત્ન તેણે જોયું, પણ એને રત્ન છે એવી ખબર નહીં. એને થયું કે આ સારું ચળક ચળક થાય છે. આપણે પૈસા તો બચતા નથી તેથી છોકરાંને રમવા રમકડાં ક્યાંથી લાવીએ? આ ચળકતો પથરો છે, તે લઈ જઈને છોકરાને આપીશું તો રાજી થશે. એમ કરી પોતાનાં જે ફાટેલાં તૂટેલાં લૂગડાં હતાં તેના છેડે તે રત્ન એણે બાંધી દીધું. પછી ત્યાંથી ચાલ્યો. પર્વત ઉપર આવી ભારો લીધો અને પછી બજારમાં વેચવા ગયો. રોજ પહેલાં મળતાં એટલા જ પૈસા મળ્યા. તેનું દિવેલ, લોટ વગેરે લઈને ઘેર આવ્યો અને નીચે બેઠો તો પેલું રત્ન બાંધેલું તે એને ખૂંચ્યું. પછી તેણે રત્નને એક તાકામાં મૂક્યું તો અજવાળું થયું. કઠિયારાને થયું કે અહો! આ તો દીવાનું કામ સારે છે. હવે આપણે દિવેલ લાવવું નહીં પડે. એક પૈસો રોજ બચશે. એક પૈસો રોજ બચે તેનો ગોળ લાવીને ખાય.

એક દિવસે કોઈ ઝવેરીને લાકડાંની જરૂર પડી તેથી બધા કઠિયારાઓને ઘેર કહેવા ગયો કે આજ લાકડાં મારે ઘેર લાવજો. ફરતો ફરતો પેલા રત્નવાળા કઠિયારાને ઘેર ગયો તો ત્યાં બહુ અજવાળું દીઠું. તેણે કઠિયારાને પૂછ્યું કે આ શાનું અજવાળું છે, આટલું બધું? કઠિયારાએ રત્ન બતાવીને કહ્યું કે આથી અજવાળું થાય છે. ઝવેરીએ પૂછ્યું–તેં એ ક્યાંથી આણ્યું, અલ્યા? કઠિયારાએ કહ્યું–વીશ પચીસ કોસ ઉપર ગયો હતો ત્યાં નદીની આગળ મને મળ્યું હતું. એ આવ્યા પછી રોજ એક પૈસો બચે છે. તેથી એ આવ્યા પછી અમે ગોળ ખાતા થયા છીએ. ઝવેરીએ કહ્યું–મૂર્ખા, આ તો ચિંતામણિ રત્ન છે. જે માગે તે આપે એવું છે. નાહી ધોઈને એની પૂજા કર, તો બધું મળશે. કઠિયારાએ કહ્યું–આવું છે? ઝવેરીએ કહ્યું–હા. પછી એણે સવારમાં પૂજા કરી અને કહ્યું કે દૂધપાક પુરી થાઓ, તો થયું. તેમ મનુષ્યભવ ચિંતામણિરત્ન છે તે આમનો આમ વેપાર કરવામાં, કમાવામાં જાય છે. મોક્ષ આપે તેટલી આ મનુષ્યભવમાં શક્તિ છે.

૮૦ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ વદ ૧૪, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—જીવને વિવેકની જરૂર છે. શુભમાં મીઠાશ હોય તે છોડવાની છે. શુભનો મોહ હોય ત્યાં સુધી એને મીઠાશ એની આવે છે. જ્ઞાની અસંગ થયા છે, એ શુભ-અશુભથી રહિત થાય ત્યારે થાય છે. અશુભના વિકલ્પો પહેલાં કાઢવાના છે. કર્મ શુભ બંધાય તેથી ગભરાવું નહીં. કર્મ તો આવશે અને જશે, પણ નિશ્ચય ન ચૂકવો. પોતાની પરિણતિ સુધારવી જોઈએ.

**''अव्रती व्रतमादाय, व्रती ज्ञानपरायणः ।**
**परात्मज्ञानसंपन्नः स्वयमेव परो भवेत् ॥''** (સમાધિશતક-૮૬).

*

(સાંજના—સભામાં)

પૂજ્યશ્રી—નિમિત્ત મળતાં પલટાય એવા ભવ્ય જીવને કંઈ નિમિત્તની જરૂર છે. સાક્ષાત્ ભગવાનના કેવળજ્ઞાનાદિ ગુણો છે એમ જાણીને પૂજા કરવાની છે, ભક્તિ કરવાની છે. જિન પ્રતિમા એ શુભ ભાવનું કારણ છે.

*

('પ્રભુશ્રીજીનો બોધ'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—સત્પુરુષનો યોગ જીવને થયો છે તે [૧]રાંકના હાથમાં રતન આવ્યા જેવું થયું છે. જેમ કઠિયારાના હાથમાં રત્ન આવ્યું હતું. આ સંસાર બધો ખોટો છે એમ થાય ત્યારે તૈયાર થયો કહેવાય. સંસારમાં ભાવ તણાઈ જાય એવું ન કરવું. જેવાં નિમિત્ત હોય તેવા ભાવ થાય છે. આ તો કૃપાળુદેવ જેવા ઉપાધિમાં રહી સમાધિ રાખે, એવા તો કોઈક જ હોય. પોતાના આત્માને પૂછવાનું છે કે તું કહે છે એવું માને છે કે બીજું માને છે? ઓળખીતા, ન ઓળખીતા બધા આત્મા છે, પણ ઓળખીતા સાથે ઉદાસીનતા રહે ત્યારે ખરું.

(સવારના—ઉપર) ૮૧ શ્રીમદ્ રા.આ.અગાસ, શ્રાવણ વદ ૦)), સં.૨૦૦૯

મુમુક્ષુ—''જ્ઞાન ક્રિયાનું સમન્વિતપણું સ્થાપિત કરવું'' (૯૩૭) એટલે શું?

પૂજ્યશ્રી—સમન્વિત એટલે સાથે રાખવું. જ્ઞાન અને ક્રિયા બન્નેનું જોડાણ કરવું. જ્ઞાન અને ક્રિયા બન્નેથી મોક્ષ છે.

મુમુક્ષુ— ''પરબડી છાંહડી જેહ પડે, તે પરસમય નિવાસ રે'' (આ.૧૮) પરબડી એટલે શું?

પૂજ્યશ્રી—પરની બડી એટલે મોટી છાયા પડે તે પર સમય છે.

મુમુક્ષુ— **''હાંરે મારાં નયણા લંપટ જોવે ખિણ ખિણ તુજ જો,**
**રાતે રે પ્રભુરૂપે ન રહે વારિયા રે લો.''** (શ્રીમોહનવિજયજી-૧૫)

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૬૦૨

એટલે શું?

પૂજ્યશ્રી–રાત્રે પણ ભગવાન ભુલાતા નથી, સાંભર સાંભર કરે છે.

*

(બપોરના–ઉપર)

પૂજ્યશ્રી–વાંચવા વિચારવાનું રાખવું. સત્સંગની જરૂર છે. એકલા પુસ્તકો કરતાં સત્સંગની ઘણી જરૂર છે. કૃપાળુદેવનાં વચનો આ કાળમાં ઊંડા વિચારમાં નાંખે તેવાં છે. આપણો કાળ એમાં જ ગાળવો. વાંચતાં વાંચતાં એમાં આપણને ન સમજાય તે નોટમાં લખી રાખીએ અને પછી પૂછવું. કરવાની છે ભક્તિ. એ આવશે તો બધું આવી જશે.

**"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં"**

પરમકૃપાળુદેવ પ્રત્યે પ્રેમ થયો તો બધી વાત સમજણ પડે તેવી છે. પ્રભુશ્રીજી કહેતા કે કેટલું પુણ્ય ચઢે ત્યારે આ દરવાજામાં પગ મુકાય! પુણ્યના ઉદયે બધી સામગ્રી મળી આવે. એક ભક્તિમાં ચિત્ત ચોંટે કે આ ત્રણ પાઠ તો મારે કરવા જ છે, તો પછી એને પુણ્યમાં વૃદ્ધિ થાય.

*

પૂજ્યશ્રી–શુભભાવ શુદ્ધભાવ માટે કરવો છે એવો લક્ષ રાખી વાંચવું-ગોખવું. કારણ હોય તો કાર્ય થાય. જ્ઞાનીનાં વચનો હૃદયમાં ઊતરે તે માટે આ સંસ્કૃત વગેરે શીખવાનું છે. કેટલાં બધાં કારણ સેવાય ત્યારે કાર્ય થાય. એકદમ શુદ્ધભાવ આવવો મુશ્કેલ છે.

**"શુદ્ધ ભાવ મુજમાં નથી"**

એ નથી તો શું કરવું?

**"નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં"**

આજ્ઞા આરાધવી. એ માટે

**"જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ,**
**કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ."**

એ બધો ક્રમ આરાધે ત્યારે શુદ્ધભાવ આવે એવો છે. શુભભાવમાં ન રહેવું એવું નથી. શુભમાં ન રહે તો અશુભમાં જાય.

**"નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નો'ય;**
**નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય."**

એ લક્ષ રાખવો કે શુદ્ધભાવને માટે કરવાનું છે. મોટા મોટા આચાર્ય પણ શુભભાવમાં અટકી રહે છે, માટે ચેતાવે છે કે શુદ્ધભાવનો લક્ષ રાખવો. કેટલીક વસ્તુઓ સાધુઓને માટે લખાયેલી છે. બધું શુભભાવનું કરે છે અને શુદ્ધભાવ પડ્યો રહે છે એમ ઠપકો આપ્યો છે. એ અપેક્ષાએ લખ્યું છે. વ્યવહારને ઉત્થાપવો હોય તો સત્સંગ વગેરે કરવાનો શા માટે ઉપદેશે? કરવું બધું છે. ફળની ઉતાવળ કરવી નહીં. કારણ સેવશે તો કાર્ય થશે. બીજ વાવે, પછી પાણી પાય ત્યારે અંકુર ફૂટે, પછી પત્તાં આવે, ફૂલ આવે પણ એ બધાં પડી જવાનાં છે. પછી કાચાં ફળ આવે ત્યારે આ તો કાચાં ફળ છે, ખાટાં છે એમ કરી તોડી નાંખે તો પાકાં ફળ ક્યાંથી થાય? તેમ શુભભાવનો ક્રમ છે તે કરવાનો છે. ત્યારપછી શુદ્ધભાવ આવે. પહેલાંથી જ શુભભાવ કરવો મૂકી દે, તો પછી શુદ્ધભાવ આવે જ ક્યાંથી?

*

(સાંજના–સભામાં, 'પ્રભુશ્રીજીનો બોધ'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–આપણી પાસે પૈસા વગેરે હોય તે ખોવાઈ જાય તો ચિંતા થાય, પણ કલાકના કલાક જતા રહે એની ફિકર નથી. જ્ઞાનીને મનુષ્યભવની કિંમત લાગે છે. મનુષ્યભવ ક્ષણે ક્ષણે જાય છે. એમાં કંઈક કરવા જેવું છે. જીવને ભાવના પણ કરતાં આવડતી નથી. સંસારની વસ્તુઓની ભાવના કરે છે. જેની ખબર ન હોય તેની ભાવના શાની કરે! મને કેવળજ્ઞાન થાય એવી ભાવના પણ જીવને ક્યાંથી થાય? નાશવંત વસ્તુની ભાવના કરી મનુષ્યભવ ખોઈ બેસે. પ્રભુશ્રીજી ઠપકો દે છે કે સમજ્યો નથી અને સમજ્યો છું એમ કરી ડહાપણ કરે છે. જ્ઞાનીને બધા આત્મા સિદ્ધ જેવા દેખાય છે; પણ જીવને પોતાનું ભાન નથી. આત્માનું ધન, મતિ શ્રુત એટલું એની પાસે છે; તે મૂકી કાકો, મામો એમ બીજું માને છે. તારી સમજણથી તો પરિભ્રમણ થયું છે, એનું હવે અવલંબન લેવું નથી. હવે તો કોઈ જ્ઞાનીનું શરણું લેવું તો તેથી તરાય એવું છે. જે ભૂલ હોય તે કાઢવાની છે. માની બેસે કે હું કૃપાળુદેવને માનું છું અને ભૂલો કાઢે નહીં, તો પત્તો ખાય નહીં. ''દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે'' દર્શનમોહ વ્યતીત થયે બોધ ઊપજે છે. મનુષ્યભવમાં સાચી શ્રદ્ધા આવી તો સાચો થઈ ગયો. સમ્યક્શ્રદ્ધા આવી તો પછી મોક્ષ એનો થઈ ગયો. આ સાંભળ્યું છે તો કોઈ દિવસે ભાવના થશે. સાંજે વિચાર કરે કે શું કરવા મનુષ્યભવમાં આવ્યો? અને શામાં દહાડો ગાળ્યો? એટલો જો બરાબર વિચાર કરે તો ખરું પ્રતિક્રમણ થાય.

(સવારના–ઉપર) ૮૨ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા સુદ ૧, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–પ્રમાદ મોટો શત્રુ છે.

મુમુક્ષુ–આપે જે 'દશવૈકાલિક'નો અનુવાદ કર્યો છે તે ક્યારે છપાશે?

પૂજ્યશ્રી–શું છપાવે? હજુ ટીકા લખવી તો અધૂરી પડી છે.

મુમુક્ષુ–ક્યારે લખાશે?

પૂજ્યશ્રી–હમણાં આંખોનું કંઈ ઠેકાણું નથી, તેથી લખાય એવું નથી.

મુમુક્ષુ–તો એમનું એમ પડ્યું રહેશે?

પૂજ્યશ્રી–કોઈને ગરજ હશે તે કરશે. સાથે ટીકા હોય તો સમજાય.

*

(સવારના–સભામાં)

પૂજ્યશ્રી–સમ્યક્ત્વ થવા માટે 'કર્મગ્રંથ'માં પાંચ લબ્ધિ કહી છે. (૧) મનુષ્યપણું, પાંચ ઇન્દ્રિયો અને મનની પ્રાપ્તિ એ ક્ષયોપશમલબ્ધિ છે. (૨) પછી વિશુદ્ધિલબ્ધિ એટલે એ સાધનોને પાપમાં ન વાપરે તેથી પુણ્ય બાંધે. (૩) સદ્ગુરુનો યોગ થાય, ત્યાર પછી સદ્ગુરુનો બોધ મળે અને તેને ગ્રહણ કરવાની શક્તિ તે દેશનાલબ્ધિ છે. એ દેશનાલબ્ધિ ખાસ સમકિતનું કારણ છે. (૪) પ્રાયોગ્યલબ્ધિ[૧] પૂર્વે બાંધેલાં કર્મોની સ્થિતિ ટૂંકી કરી કોડાકોડી સાગરોપમથી કંઈક ઓછી કરવી (અંતઃકોડાકોડી) અને નવાં બંધાતાં કર્મો પણ વિશુદ્ધ પરિણામના યોગે અંતઃકોટાકોટી સાગરથી વિશેષ લાંબી સ્થિતિના ન બંધાય તેવી દશા. પછી (૫) કરણલબ્ધિ છે. તેના ત્રણ ભેદ છે. યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ. સમકિતનું મુખ્ય કારણ દેશના છે. યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એ ત્રણ શ્રેણિ કહેવાય છે. યથાપ્રવૃત્તિકરણ સુધી તો અભવ્ય પણ આવે છે. આ જીવ પણ કેટલીય વખત આવ્યો છે, પણ અનિવૃત્તિકરણને તો કોઈક જ જીવ પ્રાપ્ત થાય છે. સમકિત થયા પછી વધારેમાં વધારે અર્ધપુદ્ગલપરાવર્તન સંસાર રહે, પછી મોક્ષે જાય જ. સમકિત એ કેવળજ્ઞાનનું બીજ છે. દર્શનપરિષહમાં હોય ત્યારે જીવને કશું ગમે નહીં અને થાય કે ક્યારે સમકિત થશે, ક્યારે સમકિત થશે. કર્મ વધારે હોય તેથી સમકિત ન થાય, તેથી મુઝવણ થાય છે. મિથ્યાત્વમાં જે જે ઘાટ ઘડે તે બધા ખોટા છે. કલ્યાણ કેમ થાય તે સદ્ગુરુ જાણે છે. જીવને અધીરજ થઈ આવે તો સન્માર્ગને છોડી પણ દે છે. જ્ઞાનીના બોધને આધારે વિચાર કરે તે કલ્પના નથી; પણ લોકો જેવી કલ્પના કરતા હોય તેવા વિકલ્પો કરે, તો કલ્પના છે. ઘણાખરા મુમુક્ષુઓને દર્શનપરિષહ જેવું થતું. સત્પુરુષને યોગે ભાવના તો જીવને થાય છે. ભાવના કરવાની છે. પુરુષાર્થ વધારવો. ઢીલા થવાની, અધીરા થવાની જરૂર નથી. સમ્યક્ત્વના નિમિત્તો છે તે સારાં નિમિત્ત કારણો સેવે તો ભાવ પલટાય. પાંચ ઇન્દ્રિયના વિષય પ્રત્યે અનાસક્તભાવ તે વૈરાગ્ય છે. ભક્તિ કરીને કશું ઇચ્છવું નહીં તે નિઃસ્પૃહ ભક્તિ છે. સમ્યગ્દર્શનનું લક્ષણ વીતરાગતા છે એમ કૃપાળુદેવે લખ્યું છે. સમ્યગ્દર્શનનું બળ એટલું છે કે–

**''તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,**
**વર્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો.''**

ત્યાં ચારિત્રમોહનું એટલું બળ નથી હોતું. આત્મા બળવાન હોય છે. પરમાર્થ સમકિત નિર્વિકલ્પ છે. વિકલ્પ તો કાઢવા છે. સંકલ્પ-વિકલ્પ એ 'હું ને મારું' છે, એમ 'સમયસાર'માં આવે છે. પરમાર્થ સંબંધી જે પોતાની મેળે વિકલ્પો આવે તેથી કામ ન થાય. તે બધું મૂકવાનું છે. નહીં તો પાણી ક્યારા સુધી પહોંચે નહીં, વચ્ચે જ ઢળી જાય. જ્ઞાનીપુરુષનાં વચનો વ્યવહારમાં લઈ જવા નહીં.

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પત્રસુધા પત્રાંક નં. ૫૯૩.

"જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ,
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ."

જ્ઞાનીએ જાણ્યું છે તે સાચું છે એવું પહેલું નક્કી કરી, તે જાણવા માટે કૃપાળુદેવનાં વચન વાંચું છું. નહીં તો ડહાપણ કરે, તેથી કલ્પના થાય. સદ્‌ગુરુનો આધાર હોય તો કલ્પનામાં તણાઈ ન જાય. નહીં તો આખું જગત કલ્પનામાં છે. જ્યાં સુધી સમ્યક્ત્વ ન થાય ત્યાં સુધી જીવને કલ્પના રહ્યા કરે છે. હું સમજું છું, હું સમજું છું એમ થયા કરે છે. જ્યાં સુધી સમજવું છે ત્યાં સુધી નિર્ણય ન કરી બેસવું. ઉહાપોહ કરે ત્યાર પછી નિર્ણય થાય. જ્ઞાની જાણે છે, હું કંઈ નથી જાણતો, એમ જીવ ઊણો રહેતો હોય તો સારું છે; પણ કેટલાક પોતાનું પહેલાં સાબિત કરી પછી મોઢે માત્ર કહે કે જ્ઞાની જાણે છે, પણ અહંકાર ગયો ન હોય. સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાનું છે તેને પુરુષાર્થ કરવાનો છે. જેને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું છે તેની વાત જુદી છે.

*

(બપોરના—ઉપર)

પૂજ્યશ્રી—મેટ્રિક થવા પહેલાં 'મોક્ષમાળા' વાંચવા જેવી છે. કૃપાળુદેવે આ કાળના જીવોને માટે બહુ સારું આ પુસ્તક લખ્યું છે. કૃપાળુદેવે યુનિવર્સિટી સ્થપાઈ ત્યારે વિચાર કર્યો કે એમાં ધર્મનો વિવેક આવે એમ નથી. આ કાળના જીવો બધા અવિવેકી વિદ્યાઓ પામી આત્મસિદ્ધિથી ભ્રષ્ટ થાય છે તે અટકાવવા માટે 'મોક્ષમાળા' લખી છે. જેને મોક્ષે જવું હોય તેને કયા કયા વિષય જરૂરના છે તે એમાં કહ્યા છે. મનુષ્યભવ સફળ કરવા માટે ભણવું છે, એવો લક્ષ રહે તો આગળ વધે. પહેલાંના રાજાઓ, પ્રધાન બધા મોક્ષની ભાવના કરવાવાળા હતા. અભયકુમાર પ્રધાન હતા. તે રાજ્યનું કામ કરતા પણ એમને છૂટવાની જ ભાવના રહેતી.

એક વખતે શ્રેણિક રાજા અને ચેલણા રાણી જંગલમાં ગયા હતા. ત્યાં તેમણે એક મુનિને જોયા. બહુ ટાઢ પડતી હતી તે વખતે મુનિને જોઈને ચેલણાને થયું કે અહો! આ મુનિને કેવું થતું હશે? દર્શન કરી પછી બન્ને ઘેર આવી ગયેલા. રાત્રે સૂતા હતા. બહુ ટાઢ પડતી હતી. ચેલણાનો હાથ ઊંઘમાં રજાઈમાંથી બહાર નીકળી ગયો તેથી ઠરીને અક્કડ થઈ ગયો. ચેલણાએ ઊંઘમાં કહ્યું કે પેલાને કેવી ટાઢ લાગતી હશે! શ્રેણિકે સાંભળ્યું, તેથી એને એમ લાગ્યું કે એને કોઈ બીજા પુરુષ પ્રત્યે પ્રેમ છે. તે બહુ ગુસ્સે થયો. ચેલણા જે સતી કહેવાય છે, તે પણ એવી છે તો પછી બીજી રાણીઓ પણ એવી જ હશે. તેથી સવારે અભયકુમારને કહ્યું કે આ રાણીઓનું અંતઃપુર છે તે બાળી નાંખજે. એમ આજ્ઞા કરી ભગવાનને પૂછવા ગયા. ભગવાન પાસે જઈને પૂછ્યું કે હે ભગવાન્, ચેડારાજાની જે બધી કન્યાઓ છે તે બધી સતીઓ છે? ભગવાને કહ્યું—હા. ચેડારાજાની જે જે ચેલણા વગેરે બધી કન્યાઓ છે તે સતીઓ છે. શ્રેણિકને બહુ પસ્તાવો થવા લાગ્યો કે આ તો મેં ખોટું કર્યું. અભયકુમારે અંતઃપુર નિર્દોષ જાણી એક જૂની હાથીશાળા હતી તે સળગાવી મૂકી. ભડકા થવા લાગ્યા. તેથી લોકોમાં એમ પ્રગટ થયું કે અંતઃપુર બધું બાળી મૂક્યું. શ્રેણિક ભગવાન

પાસેથી ઘેર આવતા હતા. અભયકુમાર પણ ભગવાનનાં દર્શન કરવા જતા હતા. બન્ને વચ્ચે મળ્યા. શ્રેણિકે પૂછ્યું કે અંતઃપુર બાળી નાંખ્યું? અભયકુમારે કહ્યું, હા, આપની આજ્ઞા ઉઠાવી છે. શ્રેણિકે કહ્યું–જા, જા, તેં ખોટું કર્યું. જા, જા, એમ કહ્યું તેથી અભયકુમાર મુનિ થઈ ગયા. એમને તો છૂટવું જ હતું પણ રાજા છૂટવા દેતા નહોતા. પણ નિમિત્ત મળ્યું કે તરત ચેતી ગયા.

જે કોઈ ધર્મ પામ્યો હોય તેને સંસાર દુઃખરૂપ લાગે છે. મનુષ્યભવમાં પુરુષાર્થ કર્યા વિના જન્મમરણ છૂટે નહીં. છૂટવાની ભાવના કરવી. સાચનો એને જરાક સંગ થયો તો

**"क्षणमपि सज्जनसंगतिरेका, भवति भवार्णवतरणे नौका"**

ક્ષણવાર પણ સજ્જનપુરુષોનો સમાગમ થાય તો મોક્ષ. આત્માનું કામ કરવું છે, એમ થાય તો પછી તે જ કરે. સત્સંગે મોક્ષની ભાવના કરવાની છે. દિવસો ઉપર દિવસો જાય છે. કરવાનું પડ્યું રહે છે.

*

(સાંજના–સભામાં)

પૂજ્યશ્રી–મોટું પાપ તો મિથ્યાત્વ છે. ખરું પાપ મિથ્યાત્વ છે. સંસારના સુખોનો ત્યાગ કરે તેથી દેવાદિ ગતિ થાય. ત્યાગે તેને આગે.

('પ્રભુશ્રીજીના બોધ'ના વાંચન પ્રસંગે)

સંસાર ભણી જીવ જુએ તો થપ્પડ વાગે છે. જીવને ચેતવાને માટે કહે છે. પુરુષ પ્રતીતિ થાય તો પછી એમના વચનની પણ પ્રતીતિ થાય. પોપટ પણ 'રામ રામ' કહે છે ને? પણ સમજે નહીં. જીવની યોગ્યતા અને સત્પુરુષનો યોગ હોય તો કામ થઈ જાય. વેદાંતમાં એમ માને છે કે એક બ્રહ્મ છે તે બે રૂપે થયો છે, જડ અને ચેતનરૂપે. પણ એમ નથી. દેહ છે તેને 'હું હું' કરી રહ્યો છે, પણ દેહ તો પોતાથી જુદો છે.

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ; મૂળ૦**
**એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ૦"**

એ જ્ઞાન છે. વિશ્વ ને આત્મા એક માને તે ભ્રાંતિ છે.

(બપોરના–ઉપર) ૮૩ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા સુદ ૨, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–અબ્રહ્મચર્ય જીવને મારી નાંખે તેવું ઝેર છે. એથી કર્મ બંધાય, તેથી જન્મવું પડે અને મરવું પડે. વેર જેવું ઝેર છે, એવું સ્નેહ એ પણ ઝેર છે. વેરને લીધે પાર્શ્વનાથ ભગવાન અને કમઠને કેટલાય ભવો સુધી વેર ચાલ્યું. એવું સ્નેહને લીધે સીતા અને રાવણને સંબંધે કેટલી લડાઈઓ થઈ. જો બરાબર બ્રહ્મચર્ય હૃદયમાં વસી જાય તો સંસારનું મૂળિયું ઊખડી જાય. સંસારનું મૂળિયું ભોગ છે તે જો ઊખડી જાય તો પછી કશાની જરૂર ન રહે. સારાં કપડાં પહેરવાની, સારું ખાવાપીવાની ઇચ્છા ન રહે. માત્ર દેહને મોક્ષને માટે વાપરે છે. સમ્યગ્દર્શન જેને થયું હોય તે

આયુષ્ય બાંધે તો દેવગતિનું જ બાંધે છે.

(સવારના—ઉપર) ૮૪ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા સુદ ૩, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—મનને પંપાળ્યે પાંસરું ન થાય. મન કહે તેમ કર કર કરે તો કદી વશ ન થાય. પ્રમાદ વધ વધ થાય. મનને હઠ કરીને પણ ગોખવામાં જોડવું. મનની પાસે કંઈ ને કંઈ કામ કરાવતા રહેવું. મનની સામે પડવાનું છે. મનને તો જે કામ આપે તે કરે.

*

(સવારના—સભામાં ૧૦-૩૦ વાગે)

પૂજ્યશ્રી—કોઈનો વાંક કાઢવો તે ખોટું છે. સમ્યક્દૃષ્ટિ પોતાનો વાંક કાઢે છે. પોતાનો જ વાંક છે. મોક્ષ થવા માટે મનુષ્યભવ મળ્યો છે. જ્યોતિષ એ મોક્ષમાર્ગમાં કામનું નથી માટે એને કલ્પિત કહ્યું છે. મોક્ષ સિવાય કશું ઇચ્છવું નથી, તેને એની શાની મહત્તા લાગે! સમ્યક્ત્વ થયા પછી જગતની એને રુચિ રહેતી નથી. જે કંઈ દેહથી, મનથી, વચનથી કરવું પડે તે કરે; પણ એનો લક્ષ બીજો રહે છે. આત્મા શુદ્ધ સ્વરૂપ છે તે ભૂલાતું નથી. મન અને કાય યોગથી તે વર્તે છે; પણ એ યોગનો સ્વામી આત્મા તે શુદ્ધભાવમાં પ્રવર્તે છે. તીવ્ર ઇચ્છાઓ થતી નથી. સમ્યક્દૃષ્ટિને નિષ્કાંક્ષિત ગુણ પ્રગટ્યો છે. જે કંઈ તેને ઇચ્છા થાય તે ચારિત્રમોહને લઈને થાય છે. પૈસા મળતાં એમને ઉલ્લાસ આવતો નથી. અજ્ઞાનીને મિથ્યા સમતા રહે છે. કૃપાળુદેવને જે કર્મ બાંધેલાં છે તે વહેલાં ખપાવવાં છે.

મુમુક્ષુ—ઉદાસીનતા રાખે તો અપરાધી ન કહેવાય?

પૂજ્યશ્રી—ઉદાસીનતા રાખે અને અંદર પાછું બીજું હોય, તો ઉદાસીનતા રાખી ન કહેવાય. ઉદાસીનતા છે તે બહુ ઉત્તમ ગુણ છે. ઉદાસીનતાવાળો પોતાને અપરાધી જ ગણે છે. છૂટું છૂટું એમ એને થાય છે. પરમાર્થની ઇચ્છા હોય તો પ્રીતિ પરમાર્થમાં જ હોય. વૈરાગ્ય વગર તો કામ થાય એવું છે નહીં. ઇચ્છા તો પરમાર્થની રાખે અને વ્યવહારમાં પ્રીતિ રાખે તો પરમાર્થ-પ્રાપ્તિ ક્યાંથી થાય?

મુમુક્ષુ—"જે જ્ઞાને કરી ભવાંત થાય છે, તે જ્ઞાન પ્રાપ્ત થવું જીવને ઘણું દુર્લભ છે" (૩૪૦) એમ કહ્યું તો એ જ્ઞાન કયું હશે?

પૂજ્યશ્રી—મૂળજ્ઞાન કહેવું છે. મૂળમાર્ગમાં કહ્યું છે—

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ,**
**એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ."**

બીજાથી, દેહાદિથી મારા-તારાપણાનો ઉપયોગ છૂટી, આત્મા ભણી વૃત્તિ વાળવી તે મૂળજ્ઞાન છે અને તેથી સંસારનો નાશ થાય છે. કંઈ શાસ્ત્રો ભણવાથી, વાંચવાથી થાય નહીં.

મુમુક્ષુ–કૃપાળુદેવે કહ્યું છે કે બે કારણ મળવાથી મોક્ષ હોય છે, એ બે કારણ કયા હશે?

પૂજ્યશ્રી–જીવની યોગ્યતા અને સત્પુરુષનો યોગ જોઈએ.

‘‘જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી.’’ મંત્ર આપ્યો તેની તો યોગ્યતા જોઈ હશે પણ એ આરાધન કરવાનું કોનું કામ છે? જેમ જેમ આરાધે તેમ તેમ કામ થાય. મોક્ષમાર્ગ બતાવ્યો પણ મોક્ષમાર્ગમાં પુરુષાર્થ કરે તો આગળ જવાય. એ માટે ચઢતી ચઢતી ભૂમિકા જોઈએ. તે સાધન કરે તો પ્રાપ્ત થાય એવી છે. ‘ઇચ્છાયોગ’ કહ્યો છે, પછી ‘શાસ્ત્રયોગ’ અને પછી ‘સામર્થ્યયોગ’ એમ યોગ્યતાના ઘણા ભેદો છે, એમ હેમચંદ્રાચાર્ય લખે છે. જ્યાં સુધી વ્યવહારદૃષ્ટિ હોય છે ત્યાં સુધી પરમાર્થદૃષ્ટિનો ખ્યાલ ન આવે.

મુમુક્ષુ–દુષમકાળનું મોટામાં મોટું ચિહ્ન શું હશે?

પૂજ્યશ્રી–કૃપાળુદેવે એક પત્રમાં લખ્યું છે કે દુષમકાળ એટલે પરમાર્થ સાધવામાં મુશ્કેલી પડે એવો કાળ. જ્ઞાનીનો યોગ મળવો આ કાળમાં મુશ્કેલ છે. જ્ઞાનીનો યોગ મળ્યો હોય તોય સત્પુરુષને સમજવાની, ઓળખવાની બુદ્ધિ ન હોય. કૃપાળુદેવે એક પત્રમાં લખ્યું છે, આ કાળમાં શું વધ્યું? ઝાઝા જ્ઞાનીઓ અને ઝાઝા ઝઘડા. જીવ ભણે છે પણ ગણતો નથી. પ્રભુશ્રીજી કહેતા કે ભણ્યો પણ ગણ્યો નહીં. આરાધક જીવો નથી તેથી ધર્મ સાધવામાં મુશ્કેલી પડે છે અને તેથી એ દુષમકાળ છે.

*

(બપોરના–ઉપર)

મુમુક્ષુ–‘દશવૈકાલિક’માં કહ્યું છે કે ગુરુના ચરણને વા ઉપધિને અડી જવાય તો શિષ્ય એમ કહે કે મારાથી આપનો મહાન અપરાધ થયો.

**‘‘ગુરુ ચરણ વા ઉપધિ અડી, કહે મહા અપરાધ;**
**ક્ષમા કરો મુજ રંકનો, ફરી ન કરીશ અપરાધ.’’** (ગાથા-૧૮)

અડી જાય એથી મહા અપરાધ થઈ જાય?

પૂજ્યશ્રી–બહુમાનપણું રાખવા માટે આમ કહ્યું છે. એ ગાથાના બે અર્થ થાય છે. એક તો ગુરુના ચરણને કે એમના ઉપકરણોને અડી જવાય તો એમ કહે કે મારાથી આપનો મહાન અપરાધ થયો તે ક્ષમા કરો અને બીજો અર્થ એવો થાય છે કે કોઈ પોતાથી અપરાધ થયો હોય તો ગુરુની પાસે જઈ તેમના ચરણને વા ઉપધિને સ્પર્શ કરીને કહે કે મારાથી મહાન અપરાધ થયો તે ક્ષમા કરો. સાડાત્રણ હાથ સુધી ગુરુનો અવગ્રહ કહેવાય છે, તેથી વંદન કરવું હોય તો એમની આજ્ઞા માગવી પડે. આપણે પ્રતિક્રમણમાં બોલીએ છીએ ને–

**‘‘इच्छामि खमासमणो वंदिउं जावणिज्ञाए निस्सिहिआए अणुज्ञाणह मे मिउग्गहं’’**

પછી ગુરુ વંદન કરવાનું કહે તો વંદન કરાય. ગુરુ શુદ્ધોપયોગમાં હોય ત્યારે જ વંદન કરવા

દે. શુદ્ધોપયોગમાં ગુરુ હોય તો જ વંદનયોગ્ય છે. ગુરુની પાસે જઈને ક્ષમા માગવી હોય ત્યારે તેમના ચરણને સ્પર્શ કરીને ક્ષમા માગે અથવા તેમની ઉપધિ હોય તેને નમસ્કાર કરીને ક્ષમા માગે. ઘણા શિષ્યો હોય અને ગુરુ એક હોય તો બધાને ચરણસ્પર્શ કરવા ક્યાંથી મળે? તેથી એમના જે રજોહરણ, કપડાં, પાત્ર કે પાટ આદિને સ્પર્શ કરીને અપરાધ ક્ષમાવે. અહીં પાખીને દિવસે બધા ખમાવવા આવે ત્યારે બધા ઉપરાઉપરી ચરણસ્પર્શ કરે, પણ બધાને કરવાનું ક્યાંથી થાય? એક સાથે ન થાય. એક પછી એક એમ અનુક્રમે કરાય.

મુમુક્ષુ—'દશવૈકાલિક'માં વાક્યશુદ્ધિ નામનું સાતમું અધ્યયન છે તેમાં આમ કહ્યું છે.

**"ઉદ્યાને વન-પર્વતે દેખી ઝાડ અનેક,**
**મુનિજન એવું ના વદે, જેને સત્ય વિવેક.**
**મંદિરના સ્તંભો બને, બને નગરનાં દ્વાર,**
**ભૂંગળ, હોડી, અર્ગલા, રેંટ બને વળી સાર.**
**સિંહાસન, કાષ્ઠપાત્રી, બને હળ કે સમાર,**
**રેંટ-લાકડી, નાહ્યડાં એમ ન કરે ઉચ્ચાર.**
**આસન, શયન વાહન કે ઉપાશ્રયનાં દ્વાર,**
**પ્રાણી-વધ ભાષા નહીં, વદે પ્રજ્ઞમુનિ ધાર."**

એવું એવું મુનિ ન બોલે અને પછી કહ્યું કે કામ પડે તો આ રીતે બોલે—

**"જાતિમંત તરુ દીર્ઘ કે, ગોળ, અધિક વિસ્તાર,**
**શાખા—પ્રશાખાવાળાં દર્શનીય એ ધાર."**

મુનિને એવું બોલવાની શી જરૂર પડે?

પૂજ્યશ્રી—વાત કરતા હોય, કથા કરતા હોય ત્યારે બોલવાની જરૂર તો પડે છે પણ પાપવાળું વચન મુનિ ન બોલે. પાપવાળું વચન મનમાં પણ ન આવે એટલી સાવચેતી રાખે છે. કોઈ સુથાર હોય અને પછી સાધુ થયો હોય, તે જીવને એવી ટેવો પડેલી હોય કે કોઈ ઝાડ દેખે તો મનમાં એને એમ થઈ જાય છે આ ઝાડ તો ગાડું થઈ જાય તેવું છે. આ ઝાડના દરવાજા સારા બને એમ છે, આની અર્ગલા સારી બનશે, એ બધાં પાપકારી હિંસાકારી વચન છે. તેથી મુનિ એવું વચન બોલવાનું મનમાં પણ ન લાવે. કર્મ ક્ષણે ક્ષણે બંધાય છે. માટે સાવચેતી રાખવા આ બધું જ્ઞાનીપુરુષોએ કહ્યું છે.

મુમુક્ષુ—એ અધ્યયનમાં જ આવે છે કે મુનિ કોઈને દેવ ન કહે, મેઘ એટલે વાદળ તેને પણ મેઘદેવ ન કહે.

**"મેઘદેવ, નભદેવ વા કહે ન નરને દેવ"**

શાસ્ત્રોમાં તો અલંકાર એવા એવા આવે છે. કૃપાળુદેવે 'મોક્ષમાળા'ના પાઠમાં લખ્યું છે કે 'મેઘમહારાજા ચઢી આવ્યા.'

પૂજ્યશ્રી–અલંકારને અલંકાર તરીકે, કાવ્યને કાવ્ય તરીકે સમજવાનું હોય છે. સામાન્ય વાતચીતમાં કે વ્યાખ્યાનમાં મુનિ મેઘદેવ વગેરે ન કહે, પણ શાસ્ત્રોમાં કથા લખતાં એવા અલંકાર વાપરી શકે છે. મુનિ જો મેઘદેવ એમ કહે તો પછી લોકો એનું અનુકરણ કરે કે આ મોટા મુનિ એમ કહે છે, તો પછી મેઘ એ દેવ જ છે. મુનિ અરિહંતને દેવ કહેતા હોય અને મેઘને પણ દેવ કહે તો લોકો પછી બન્નેને સરખા સમજવા લાગી જાય.

મુમુક્ષુ–શાસ્ત્રોમાં એમ ઘણા ઠેકાણે આવે છે કે કોઈએ કોઈને એમ કહ્યું કે તેં આ કામ કેમ ન કર્યું? તારા હાથ ભાંગી ગયા હતા? તેથી તેને એવું કર્મ બંધાયું કે આગલા ભવમાં પાછા એના હાથ છેદાયા; એમ કથાઓમાં આવે છે. એવાં વચન તો આપણે ઘણી વખત બોલીએ છીએ, તો એવાં કર્મ બંધાતાં હશે?

પૂજ્યશ્રી–ઘણી વખત એવાં વચન બોલે છે તો કર્મ પણ ઘણી વખત બંધાય છે, ત્યારે શિષ્ય ગભરાયો કે–

**"કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય?"**

પણ પાછું કહ્યું કે–

**"કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય,**
**તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય."**

લૌકિકભાવ બધા છોડવાના છે. જ્ઞાની અલૌકિકભાવમાં છે.

મુમુક્ષુ–લૌકિકભાવ એટલે શું?

પૂજ્યશ્રી–લોકો જે કહે કે જેને ઇચ્છે તેને આ પણ ઇચ્છે તે લૌકિકભાવ છે. જ્ઞાની અલૌકિકભાવમાં વર્તે છે.

*

(સાંજના–સભામાં, 'મહાપુરાણ'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–જાતિસ્મરણજ્ઞાન એ નિમિત્ત મળતાં થાય છે.

મુમુક્ષુ–તીર્થંકરને અવધિજ્ઞાન જન્મથી જ હોય છે અને જાતિસ્મરણજ્ઞાન ન હોય?

પૂજ્યશ્રી–જાતિસ્મરણ એ જુદું જ્ઞાન છે. અવધિજ્ઞાન એમને હોય છે, તેથી ભવો જાણી શકે છે, પણ જાતિસ્મરણજ્ઞાન નિમિત્ત મળતાં થાય છે.

*

('પ્રભુશ્રીજીનો બોધ'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–મિથ્યાત્વને લઈને જન્મમરણ થાય છે; તેથી મનુષ્યભવ લુંટાઈ જાય છે. એ મિથ્યાત્વ જાય તો જન્મમરણ ન થાય. તેથી સુખી થાય.

*

(રાતના—ઉપર)

પૂજ્યશ્રી—કોઈ વસ્તુ ખોવાઈ જાય કે ફૂટી જાય તેને માટે ખેદ ન કરવો. કૃપાળુદેવે કહ્યું છે કે "કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી." (૪૬૦) ક્લેશિત ન થવું. "ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે." (૮૧૯)

એક પુરોહિત હતો. તેને એક છોકરી હતી તેનું નામ અચંકારી ભટ્ટા હતું. તે છોકરી બહુ લાડમાં ઊછરેલી. ઘરમાં બધા એને માનથી બોલવે, તુંકારીને ન બોલાવે. છોકરી બહાર રમવા જાય ત્યારે છોકરાં તો એને તુંકારીને જ બોલાવે. છોકરી બહુ ક્રોધવાળી, તેથી કોઈ તુંકારીને બોલાવે તે એને ખોટું લાગે અને તેથી ખિજાઈ ઊઠે. ઘેર આવીને માને કહ્યું કે મને લોકો તુંકારાથી કેમ બોલાવે છે? માએ પુરોહિતને કહ્યું કે આપણી આ છોકરીને કોઈ તુંકારાથી ન બોલાવે એવું રાજાને કહીને કરાવો. પુરોહિતે કહ્યું—સારું, રાજાને કહીશું. પછી પુરોહિત રાજાના દરબારમાં ગયો. રાજાને બધી વાત કરી કે મારી છોકરીને તુંકારાથી લોકો બોલાવે છે તે બંધ કરાવવાનું છે. રાજાએ એ વાતની હા કહી. પછી ગામમાં પડહ વગડાવ્યો કે પુરોહિતની છોકરીને કોઈ તુંકારાથી ન બોલાવે, પણ છોકરાંને શું? તે તો પહેલાંની પેઠે જ તુંકારાથી બોલાવે. હવે એનું નામ જ તુંકારી પાડી દીધું. તુંકારી કહીને જ બોલાવે. પછી દિવસે દિવસે છોકરી મોટી થઈ, પણ કોઈ એને પરણે નહીં. છોકરીએ પણ એવો નિશ્ચય કર્યો કે મને જે તુંકારાથી બોલાવે, તેની સાથે હું પરણીશ જ નહીં.

એક દિવસે પુરોહિત ક્યાંય જતો હતો, રસ્તામાં કોઈ બે જુગારી લડી રહ્યા હતા. પુરોહિતે પૂછ્યું કે તમે શા માટે લડો છે? એકે કહ્યું કે જુગાર રમતાં આ હારી ગયો છે અને મને પૈસા આપતો નથી. પુરોહિતે કહ્યું કે લે આ પાંચ રૂપિયા. એમ કહીને પાંચ રૂપિયા આપ્યા અને કહ્યું કે ચાલ મારી સાથે. પછી પુરોહિત તેને ઘેર લઈ આવ્યો. જમીને બન્ને જણ રાજદરબારમાં ગયા અને પુરોહિતે એને રાજાની પાસે નોકરી અપાવી. પછી દિવસે દિવસે એનો પગાર વધારવામાં આવ્યો. બધા કરતાં એ છોકરાને પગાર વધારે આપવામાં આવતો. પુરોહિતે પછી એને પોતાની છોકરી પરણાવવાનું નક્કી કર્યું. છોકરીએ બે કરાર કરાવ્યા કે એક તો મને તુંકારાથી ન બોલાવે અને બીજું સાંજે વહેલા ઘેર આવે. એ બેય વાતનો સ્વીકાર કરે તેને હું પરણું. પેલા છોકરાને ગરજ એટલે પરણ્યો. રોજ રાજાના દરબારમાં પહેલાંની પેઠે કામ કરવા જતો પણ સાંજે વહેલો આવી જાય.

એક દિવસે બધા નોકરોએ મળી રાજાને કહ્યું, પેલો પુરોહિતને ઘેર છોકરો છે તે રોજ વહેલો જ ઘેર જાય છે. તમે કહો, તોય એ વહેલો જ જશે. રાજાએ કહ્યું, એમ કંઈ હોય કે? હું ના કહું તોય એ જતો કેમ રહે? બીજે દિવસે પેલો છોકરો સાંજે, પોતે કામ કરેલું લખવા વગેરેનું, તે રાજા પાસે લઈ ગયો. બધાથી પહેલાં ગયો હતો, છતાં રાજાએ એનું કામ પડી મૂકી બીજાનું કામ પહેલાં તપાસ્યું. આઠ વગાડી દીધા, પછી તપાસ્યું. સાડા આઠ વાગે પેલો ઘેર ગયો. ત્યાં તો તે છોકરી ખાવાનું તૈયાર કરી રાખીને રાહ જોતી હતી. હમણાં આવે, હમણાં આવે એમ કરતાં આઠ વાગવા આવ્યા, તેથી એણે તો ખાઈને વાસણ બીજા બહાર કાઢી કમાડ વાસીને સૂઈ ગઈ. છોકરાએ કમાડ

ખખડાવ્યું, પણ પેલી કંઈ બોલી નહીં. એક તો એ મોડો આવ્યો અને વળી એ તુંકારાથી બોલાવતો હતો, એ બે ગુના થયા. તેથી તે બહુ ક્રોધવાળી થઈ ગઈ. કમાડ ઉઘાડ્યાં નહીં. ત્યારે પેલા છોકરાએ સુથારને લાવી કમાડ ઉતારાવી દીધાં. કમાડ ઉતારતાં જ પેલી બહાર નાસી ગઈ. જતાં જતાં બહુ દૂર જતી રહી. ત્યાં તેને ચોર લોકો મળ્યા. મોઢામાં દાટો નાંખી ચોરો તેને કોઈ બીજા દેશમાં લઈ ગયા. ત્યાં લોકો એના શરીરમાંથી લોહી કાઢી કપડાં રંગે, તેથી એ બહુ સુકાઈ ગઈ. બિચારી કંટાળી ગઈ. એના મનમાં એમ થયું કે હવે જો હું અહીંથી છૂટી જાઉં તો ક્રોધ ન કરું; એવો એણે નિશ્ચય કરી લીધો.

એનો ભાઈ હતો તે કંઈ ફરતો ફરતો ત્યાં આવ્યો. અચંકારીએ એને જોયો. એ તો એને ઓળખી ગઈ, પણ ભાઈ તેને, સુકાઈ ગયેલી તેથી ઓળખી શક્યો નહીં. પછી બન્નેએ વાતચીત કરી. એના ભાઈએ ચોર લોકોને પૈસા આપી તેને છોડાવી લીધી અને પછી બન્ને દેશમાં આવ્યા.

હવે અચંકારી બહુ ક્ષમાવાળી થઈ ગઈ. ગમે તેવા પ્રસંગ મળે તોય ક્રોધ ન કરે. દેવલોકમાં ઇન્દ્રે એની પ્રશંસા કરી કે આ અચંકારી ગમે તેવા પ્રસંગ મળતાં છતાં ક્રોધિત થતી નથી. દેવોએ કહ્યું કે એમ ન હોઈ શકે. એક વખત અપરાધ થતાં ક્રોધ ન કરે, બે વખત ન કરે પણ ગમે તેટલા અપરાધ થવા છતાં ક્રોધ ન કરે એવું કંઈ બની શકે? તેથી દેવ એની પરીક્ષા કરવા આવ્યો. સામાન્ય મનુષ્યરૂપે આવીને કહ્યું કે એક મુનિ છે, તેમને હાથે કંઈ વાગ્યું છે. તમારે ત્યાં તેલ છે તે આપો, તો તેથી સારું થાય. અચંકારીએ દાસીને કહ્યું, જા મહેલમાં તાકો છે તેમાં તેલનો શીશો પડ્યો છે તે લઈ આવ. દેવે માયા કરી, તેથી દાસી શીશો લઈને આવતી હતી; ત્યાં પહેલા પગથીએ આવતાં શીશો પડી ગયો. એમ સાત વખત થયું તોય અચંકારીને ક્રોધ ન થયો.

એવા પ્રસંગોમાંથી સાર ગ્રહવો. જીવને ઘણા સત્સંગની જરૂર છે. ત્રણ પાઠ જેટલી પણ આજ્ઞા આરાધે તો ધર્મની સાથે સંબંધ રહે, કલ્યાણ થઈ જાય એવું છે.

(સવારના–ઉપર) ૮૫ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા સુદ ૪, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–શાંતિમાં રહેવું. દેહ છે તે ભાડાનું ઘર છે. દેહમાં દેહધારીપણું છે ત્યાં સુધી આત્માને દુઃખ જ છે. એટલા માટે જન્મમરણ છોડવાનું કહ્યું છે. જેટલું ભોગવાય છે તેટલું જાય છે. નરકમાં કેટલાં દુઃખ ભોગવ્યાં છે! તેવાં દુઃખ મનુષ્યભવમાં નથી. તિર્યંચમાં પણ ઘણાં દુઃખ હોય છે. આ કાળમાં કૃપાળુદેવનો જોગ, શરણું એ જેવી તેવી વાત નથી. આશ્રમમાં દેહ છૂટી જાય તો સમાધિમરણ થાય. પુણ્યને લઈને બધું મળી આવે. બધું કરીને, વાંચીને દેહાધ્યાસ છોડવાનો છે.

**"છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ"**

કલ્યાણ કરવાનું કારણ સ્મરણ, શ્રદ્ધા થઈ છે તે. કારણ મળ્યું છે, પુરુષાર્થ કરવાની જરૂર છે. કર્મ બાંધ્યાં તે પ્રમાણે દુઃખ આવે. સંચા જેવું બધું છે. શરીરનો સ્વભાવ છે, એમાંથી આપણે છૂટવાનું છે. ક્યાંય પ્રતિબંધ કરવો નથી. કશાયમાં ચિત્ત ન રહે એવું કરવાનું છે. આ દેહને સાચવ સાચવ કરીએ તો ય છેવટે દુઃખી કરે. આ કાયાને દુર્જન કહી છે. કૃપાળુદેવે દેહથી આત્મા ભિન્ન છે

એમ કહ્યું છે તો એ માનવું. એને શરણે એનું કહેલું કરવું છે. કૃપાળુદેવ સિવાય કોઈમાં ચિત્ત ન રાખવું. શું થાય છે? આગળ વધાય છે કે પાછળ જવાય છે? તે જ્ઞાની જાણે છે. સમભાવ ન રહે તો ભાવના તો સમભાવની રાખવી. દેહ અને દેહના સંબંધમાં ગમે તે થાઓ, પણ આત્માને મારે બચાવવો. હવે ભવ કરવા નથી. ધર્મને અચિંત્ય ચિંતામણિ કહ્યો છે.

ઇચ્છા થાય એ જ દુઃખનું કારણ છે. ''હૈ ઇચ્છા દુઃખમૂલ'' મોક્ષ અને મોક્ષના કારણ સિવાય બીજું જગતમાં કંઈ ઇચ્છવા જેવું નથી. આત્મદૃષ્ટિ કરવાની છે. એને પોષણ મંત્રથી મળે છે. ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' એ પાણી પા પા કરવું, તો ધર્મઝાડ મોટું થશે. ઘણા ભક્તોએ દુઃખ જ માગ્યું છે. બધો ઋણ સંબંધ છે. કોઈમાં આપણે ચિત્ત રાખવું નહીં. કશાથી કંટાળવા જેવું નથી. સહનશીલતાથી કર્મ ઘણાં ખપે. પોતાનું બાંધેલું થોડાકમાં જાય છે. સહનશીલતા એ મોટી વસ્તુ છે. જીવે ઘણાં કર્મ બાંધ્યાં છે તે થોડાકમાં પતી જાય એવું છે.

*

(બપોરના—ઉપર)

પૂજ્યશ્રી—આત્માને જેથી હિત થાય, કલ્યાણ થાય તે કરવાનું છે. કળિકાળમાં જે વસ્તુ જ્ઞાનીએ નિષેધ કરી છે, તે જ વધારે વપરાય છે. પૂર્વનું વિશેષ પુણ્ય હોય તો સત્સંગના દેશમાં જન્મે, નહીં તો જીવને કુસંગના સંસ્કાર પડે. કાલે બધાને ઉપવાસ કરવાનો છે. સંવત્સરીનો તો એક ઉપવાસ કરવો જ. પહેલે દિવસે એકાસણું, પછી બીજે દિવસે ઉપવાસ કરે અને પછી ત્રીજે દિવસે એકાસણું કરે ત્યારે ખરો ઉપવાસ કર્યો કહેવાય. દિગંબરોમાં એમ ઉપવાસ કરે છે. 'આત્મસિદ્ધિ' હીરાના હાર કરતાં પણ વધારે કિંમતી છે. 'આત્મસિદ્ધિ' વારંવાર વાંચવી, વિચારવી, અર્થ કરવા.

*

(સાંજના—સભામાં)

પૂજ્યશ્રી—ત્યાગ છે તેટલો ધર્મ છે. એ શરૂઆતની વાત છે, એથી પુણ્ય બંધાય.

**''क्षणमपि सज्जनसंगतिरेका, भवति भवार्णवतरणे नौका''**

ક્ષણવારનો પણ સાચાનો સમાગમ થઈ ગયો, તો પછી એ સાચો થાય. દેવગતિનું આયુષ્ય બંધાયું હોય તો વ્રત ઉદય આવે, પણ નરક, તિર્યંચ, મનુષ્ય એ ગતિઓનું આયુષ્ય બંધાઈ ગયું હોય તો વ્રત ઉદય ન આવે, કારણ કે વ્રતોથી જે પુણ્ય બંધાય, તેથી જે સામગ્રી મળે છે તે દેવગતિ સિવાય બીજી ગતિમાં હોતી નથી. શ્રેણિકે નરકાયુ બાંધ્યું તેથી વ્રતો ન પાળી શક્યા. નરકાયુ બંધાયું હોય છતાં પણ સમ્યગ્દર્શન તો થઈ શકે છે. સમ્યક્દૃષ્ટિને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય ન દેખાતા હોય તો પણ એને શ્રદ્ધા હોય છે, તેથી ભગવાન કહે તે એને મનાય.

મુમુક્ષુ—સમ્યક્ત્વ તો એક પ્રકારનું છે, છતાં એના દશ ભેદ કેમ પાડ્યા છે?

પૂજ્યશ્રી–કારણોને, નિમિત્તોને લીધે ભેદ પાડ્યા છે.

*

('પ્રભુશ્રીજીનો બોધ'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–પહેલી ભક્તિ શ્રવણભક્તિ છે. આત્માની વાત પહેલા કાન દઈને સાંભળે તો પછી શ્રદ્ધા થાય, બધું થાય. એવી વાત સાંભળવાની ક્યાંથી મળે? મળે તો મહાભાગ્ય છે. જ્ઞાનીપુરુષો તો બધાં વચનો કહે, પણ જીવથી પકડાય તેટલું કામ થાય. મારે તેની તલવાર. જીવને ભાન નથી. મોડું વહેલું કર્મને જવું જ પડે.

(સવારના–ઉપર) ૮૯ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા સુદ ૫,સં. ૨૦૦૯

પૂજ્યશ્રી–"શારીરિક વેદનાને દેહનો ધર્મ જાણી અને બાંધેલાં એવાં કર્મોનું ફળ જાણી સમ્યક્ પ્રકારે અહિયાસવા યોગ્ય છે." (૪૬૦)

જે કંઈ દુઃખ લાગે તે બધું શરીરને. દુઃખ બધું ભોગવાઈને જતું રહે છે, પાછું આવે નહીં. શરીરમાં શક્તિ હોય તો ઉપવાસ, વ્રત વગેરે કરવાનાં છે. હું શરીરથી જુદો છું એ લક્ષ રાખવો. આ મનુષ્યભવ મળ્યો છે, તે આત્માને માટે. ઉપવાસ કરનારે 'હું દેહથી ભિન્ન છું' એવો લક્ષ રાખવો અને વાંચવું, વિચારવું. વૃત્તિ શરીરમાં ન જાય એ લક્ષ રાખવો.

મુમુક્ષુ–ઉપવાસ કરીએ તે વખતે શરીરનો શું વિચાર કરવો?

પૂજ્યશ્રી–શરીરના વિચારો તો રોજ બધાય કરે છે, પણ ઉપવાસને દિવસે 'દેહથી હું ભિન્ન છું' એમ લક્ષ રાખીને વાંચવા, વિચારવાનું કરવાનું છે. ભાવના કરવાની છે. ધર્મનું કામ કરીએ તે પરભવમાં સાથે આવે એવું છે. વર્ષમાં એક ઉપવાસ કરવો હોય તો સંવત્સરીનો કરવો. પ્રભુશ્રીજીની બધી આજ્ઞા મળી છે તો બધું પાંસરું છે.

*

(બપોરના–ઉપર)

પૂજ્યશ્રી–વ્રત નિયમ ઘણાં કર્યાં, પણ કંઈ ન થયું.

**"યમ નિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;**
**વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો.**
**મન પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠજોગ પ્રયોગ સુ તાર ભયો;**
**જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે, ઉરસેંહિ ઉદાસી લહી સબપેં.**
**સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;**
**વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો."**

સમ્યગ્દર્શન સહિત કરે તે બધું સવળું છે, નહીં તો પુણ્ય બાંધે. સમ્યક્ત્વીને તપથી નિર્જરા થાય છે અને બીજાને બંધન થાય છે. સમ્યક્ત્વ થયા પછી બધું તમાશા જેવું લાગે.

**"અંશે હોય ઇહાં અવિનાશી, પુદ્ગલ જાલ તમાસી રે"** (પાંચમી દૃષ્ટિ)

ગમે તે સમકિત આવે તોય મોક્ષમાર્ગની ખબર પડે. ક્ષાયક સિવાય બીજું સમકિત ખસી પણ જાય કશું કહેવાય નહીં. મરણ વખતે ટકવું મુશ્કેલ છે. સમ્યક્ત્વ થયા પછી અર્ધપુદ્ગલપરાવર્તનમાં મોક્ષે જાય જ. પ્રત્યાખ્યાની આદિ ત્રણ પ્રકૃતિનો હિસાબ નથી. મિથ્યાત્વ એ જ સંસારનું કારણ છે.

**"દર્શન મોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે,**
**દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;**
**તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે."**

ચારિત્રમોહ એને નહીં જેવો હોય છે. બારમે ગુણસ્થાનકે ક્ષીણમોહ છે. શુદ્ધભાવ અને વિશુદ્ધભાવ એમ બે ભાવ કહેવાય છે. વિશુદ્ધભાવને શુભભાવ કહેવાય છે. શુદ્ધભાવને આત્મભાવ કહેવાય છે. ક્ષીણમોહમાં તદ્દન મોહ ગયો છે. પ્રક્ષીણમોહમાં મોહ જવાની તૈયારી છે. એવો પ્રક્ષીણમોહનો અર્થ છે.

મુમુક્ષુ—ક્ષાયિકવાળાને શુભાશુભ કર્મ હોઈ શકે?

પૂજ્યશ્રી—બધું હોય. એક માન્યતા ફરી છે. પછી બીજું તો જેવા ભાવ થાય તે પ્રમાણે. શુભ હોય, અશુભ હોય અને શુદ્ધ હોય. કૃપાળુદેવને વેપાર કરતાં છતાં શુદ્ધભાવ ભુલાતો નહોતો. આત્માનું કામ કરવાનું છે. સત્સંગ વિશેષ હોય તો ધર્મની ગરજ રહે.

મુમુક્ષુ—જોઈએ તેવી જિજ્ઞાસા જાગતી નથી.

પૂજ્યશ્રી—સત્સંગની જરૂર છે. વિશેષ સત્સંગ થાય તેમ તેમ વિશેષ ભાવના થાય. પ્રભુશ્રીજી દૃષ્ટાંત કહેતા. નોળિયા અને સર્પને સ્વાભાવિક વેર હોય છે. સાપ ક્યાંય ઝાડ ઉપર ચઢતો હોય અને જો નોળિયો એને દેખે તો જઈને પકડી લે. સર્પ એને ડસે ત્યારે ઝેર ચઢતાં પહેલાં ઝટ પોતાના દરમાં જઈ જડીબુટ્ટી સૂંઘી આવે. પછી ફરી આવીને પકડે, ફરી સર્પ ડસે ત્યારે ઝટ જઈને જડીબુટ્ટી સૂંઘી આવે. એમ કરતાં કરતાં નોળિયો ઝેર રહિત છતાં ઝેરી સર્પને મારી નાંખે છે. તેમ સંસાર છે તે ઝેરવાળો છે, રાગદ્વેષરૂપ એમાં ઝેર છે. રાગદ્વેષ થયા કરે છે તે જ ઝેર છે. જીવ નોળિયા જેવો છે. સંસારનું ઝેર ચઢે કે ઝટ સત્સંગની જડીબુટ્ટી સૂંઘી આવવી, પછી ફરી ઝેર ચઢે કે તરત સત્સંગ કરવો. એમ કરતાં જીવ સંસારનો નાશ કરી મોક્ષે જતો રહે છે.

કૃપાળુદેવ આઠ વર્ષની નાની ઉંમરે નિશાળે જતા. શિક્ષક એક જ વાર પાઠ આપતા કે એમને યાદ થઈ જતો. એમના ઘરની પાડોશમાં એક અમીચંદ કરીને ગૃહસ્થ રહેતા હતા. તે એમના ઉપર બહુ પ્રેમ રાખતા. કૃપાળુદેવ નિશાળથી આવતા કે પહેલાં એમને ઘેર જતા. એક દિવસે અમીચંદભાઈનો દેહ છૂટી ગયેલો. કૃપાળુદેવ નિશાળથી ઘેર આવ્યા અને એમને ત્યાં જવા લાગ્યા, ત્યારે એમના પિતામહે કહ્યું કે આજ ત્યાં ન જઈશ. કૃપાળુદેવે કહ્યું, કેમ? પિતામહે કહ્યું, અમીચંદભાઈ મરી ગયા છે. કૃપાળુદેવે 'મરી ગયા' એ શબ્દ પહેલો જ સાંભળેલો. તેથી પૂછ્યું કે મરી ગયા એટલે શું? પિતામહે કહ્યું કે હવે તે ખાશે નહીં, પીશે નહીં, બોલશે નહીં, ચાલશે નહીં.

કૃપાળુદેવે કહ્યું કે એમને હવે શું કરશો? એમના પિતામહે કહ્યું કે તલાવડી પાસે સ્મશાન છે ત્યાં આગળ એમને ચિતા ખડકી અગ્નિમાં બાળી નાંખવામાં આવશે. તું સાથે ન આવીશ. બધાય લોકો ઠાઠડી ઉપાડીને સ્મશાનમાં ગયા. કૃપાળુદેવ પણ છાના છાના પાછળ ગયા. ત્યાં આગળ એક બાવળનું ઝાડ હતું. તેની ડાળ પર ચઢી ગયા. લોકોએ ચિતા ખડકી અને પછી મડદાને ઉપર મૂકીને અગ્નિ લગાવી. કૃપાળુદેવને થયું કે આ તો કહ્યું હતું, તેવું જ કરે છે! મેં તો જાણ્યું હતું કે છોકરાને પટાવવા માટે કહેતા હશે. એમ વિચાર કરતાં કરતાં એમને પૂર્વભવ સાંભર્યા. પહેલાં એક ભવ સાંભર્યો. પછી બે અને એમ કરતાં એમને ઘણા ભવોનું જાતિસ્મરણજ્ઞાન થયું.

જીવે જે કર્મ બાંધ્યાં છે તે તોડવા લાગે તો વાર ન લાગે. સંસારનું સ્વરૂપ જીવને સમજાયું નથી. ઘણા કાળના બોધે સમજાય. અત્યારે મરણ આવે તો શું સાથે જાય? એકલો જાય. મનુષ્યભવ બધો એમ ને એમ ન જાય એવો લક્ષ રાખવો.

આ મનુષ્યભવ નિષ્ફળ ન જાય એ કાળજી રાખવી. સત્પુરુષનો યોગ, જિજ્ઞાસા, જ્ઞાનીની આજ્ઞા મળે એવો મનુષ્યભવ મળવો બહુ મુશ્કેલ છે. આઠ વર્ષની ઉંમરે કૃપાળુદેવને પૂર્વભવ યાદ આવેલા. આઠ વર્ષની ઉંમરમાં એ કવિતાઓ કરતા. જાતિસ્મરણ એ ય એક સમકિતનું કારણ છે, પૂર્વભવમાં જે જ્ઞાનીપુરુષો મળ્યા હોય તે બધું યાદ આવી જાય. એ સમકિતનું કારણ છે. બધા જૈન આગમો કૃપાળુદેવે એક વર્ષમાં વાંચેલા. ક્ષાયિક સમકિત થતાં પહેલાં એમણે 'મોક્ષમાળા' લખી હતી. સુડતાળીસની સાલમાં, તેવીસ વર્ષની ઉંમરમાં ક્ષાયિક સમકિત થયું. તેત્રીસ વર્ષની ઉંમરમાં એમણે કેટલું કામ કર્યું છે!

(સવારના–ઉપર) ૮૭ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા સુદ ૬,સં. ૨૦૦૯

પૂજ્યશ્રી–ધર્મ આપણો છે તે ભૂલી જવાય છે. પ્રભુશ્રીજીને કંઈ લેવા દેવા નહોતા. પોતે પોતાનું કરી બેઠા હતા. આ બધું આશ્રમ વગેરે સ્થાપ્યું તે બીજા જીવોના ઉપકાર માટે. પ્રભુશ્રીજી ન હોત તો કૃપાળુદેવનું બધું સાહિત્ય પુસ્તકમાં જ રહેત. પુસ્તક પણ હાથ આવવું મુશ્કેલ થાત.

કૃપાળુદેવે કહ્યું છે કે મુમુક્ષુએ એવો દૃઢ નિશ્ચય કરવાનો છે કે સત્સંગ જેવું કલ્યાણનું બીજું સાધન નથી. આત્માનું કલ્યાણ કરવું હોય તો સત્સંગ જેવું એકે સાધન નથી.

મુમુક્ષુ–સત્સંગની ભાવના હોય છતાં સત્સંગ ન મળતો હોય એવા સંયોગો હોય તો શું કરવું?

પૂજ્યશ્રી–બાંધેલાં કર્મ હોય તે તો ભોગવવાં પડે, પણ નિરંતર સત્સંગની ભાવના કરવી. ક્યારે સત્સંગ થાય? ક્યારે સત્સંગ થાય? એમ ભાવના કરવી. જીવને ભાન નથી તેથી બીજી ભાવના કરે છે. અહીં રહેવામાં લાભ છે તેવો બીજે ક્યાંય નથી. બધાને સત્સંગ હિતકારી છે. કરવાનું તો મૂળ શ્રદ્ધા છે. રસ લાગે તો પછી ગમે તે રસ્તે સત્સંગ કરે. સત્સંગે જેવા ભાવ થાય છે તેવા ક્યાંય થતા નથી.

કૃપાળુદેવે ઠેકાણે ઠેકાણે સત્સંગ ગાયો છે. કૃપાળુદેવ જેવા પણ સત્સંગને ઇચ્છે છે. સત્સંગની ગરજ રાખવી. નવરાશ મળે કે તરત આવી જવું. રોજ નિયમિત વાંચવાનું રાખવું.

મૂળ 'સમયસાર' ગ્રંથ તો કુંદકુંદાચાર્યનો કરેલો છે. તેના ઉપર અમૃતચંદ્રાચાર્યે સંસ્કૃતમાં ટીકા લખી છે. ટીકા લખતાં એમને ઉલ્લાસ આવ્યો, તેથી પછી સંસ્કૃતમાં કાવ્યો લખ્યાં તે કલશાના નામે કહેવાય છે. એના ઉપર બનારસીદાસે હિંદીમાં કાવ્ય લખ્યાં છે. કાવ્યમાં ફલાણું પાત્ર આવ્યું, ફલાણું ગયું એમ નવતત્ત્વને નાટકરૂપે વર્ણવ્યા છે. તેથી એને 'સમયસારનાટક' કહે છે. મૂળ 'સમયસાર' કરતાં એ 'સંસ્કૃતકલશા' બહુ પ્રસિદ્ધ છે. ઘણાએ એના ઉપર જ ટીકાઓ લખી છે. જેને 'સમયસાર' મોઢે કરવો હોય તે કલશા જ પ્રાયે મોઢે કરે છે. બનારસીદાસ કવિ હતા, આધ્યાત્મિક કવિ હતા. એમને સુધારસનું જ્ઞાન હતું.

મુમુક્ષુ—કેવળી આત્માને દેખતા હશે?

પૂજ્યશ્રી—કેવળજ્ઞાનીથી કંઈ અજાણ્યું નથી. બધું જાણે છે.

મુમુક્ષુ—આત્મા તો અરૂપી છે, તેથી એનો આકાર તો હોય નહીં. તો પછી કેવી રીતે જાણી શકે?

પૂજ્યશ્રી—અરૂપીને અરૂપીરૂપે જાણે છે. આત્મા કર્મને લઈને કોઈ ને કોઈ દેહના આકારે હોય છે, તેથી જાણે છે.

મુમુક્ષુ—કર્મ સહિત જીવોને તો શરીરનો આકાર હોય છે તેથી જાણી શકે, પણ સિદ્ધ ભગવાન તો કર્મરહિત છે, તેથી એમને કોઈ દેહનો આકાર રહ્યો નથી, તો કેવળી એ સિદ્ધ ભગવાનને કેવી રીતે જાણતા હશે?

પૂજ્યશ્રી—જે શરીરથી સિદ્ધ થયા હોય તેનો જેવો આકાર હોય તેવા આકારે સિદ્ધના પ્રદેશ રહે છે. પુરુષાકારે આત્મા રહે. અમુક લોકાકાશના પ્રદેશો રોકીને ત્યાં રહે છે.

મુમુક્ષુ—સ્ત્રી મોક્ષે જાય ત્યારે સિદ્ધ ભગવાન સ્ત્રી આકારે રહેતા હશે?

પૂજ્યશ્રી—સ્ત્રીનો મોક્ષ દિગંબરમાં માનતા નથી.

મુમુક્ષુ—પણ શ્વેતાંબરમાં તો માને છે ને?

પૂજ્યશ્રી—હા, અહીંથી જે દેહ છોડીને સિદ્ધ થાય તે જ આકારે ત્યાં રહે છે. સ્ત્રી હોય તો સ્ત્રી, પુરુષ હોય તો પુરુષાકારે આત્મા રહે છે.

મુમુક્ષુ—સિદ્ધ ભગવાન ચરમ દેહથી કંઈક ન્યૂન આકારે રહે છે એમ કહ્યું છે તે કેમ?

પૂજ્યશ્રી—આ નખ છે, કેશ છે, ચામડીનું બધાથી ઉપરનું પડ છે, એમાં આત્માના પ્રદેશો નથી. તેથી સિદ્ધને આટલી ન્યૂન અવગાહના કહી છે.

મુમુક્ષુ—નખમાં, કેશમાં, ચામડીના ઉપરના પડમાં આત્માના પ્રદેશો નથી, એમ કેવી રીતે જાણી શકાય?

પૂજ્યશ્રી—વાળની ચોટી છે તે કાપીએ તો આપણને દુઃખ લાગતું નથી, તેમ નખને પણ

કાપતાં દુઃખ લાગતું નથી અને ચામડીનું જે બધાથી ઉપરનું પડ છે તે પણ આખું ઉખેડી નાંખે તોય દુઃખ ન લાગે. એ વાળના, નખના મૂળીયામાં તો જીવના પ્રદેશો હોય છે, તેથી તાણે ત્યારે દુઃખ લાગે.

મુમુક્ષુ–સિદ્ધ થાય ત્યારે શાસ્ત્રમાં એમ કહ્યું છે કે શરીરમાં પોલાણ હોય તે બધું એક સરખું થઈ જાય છે. કાનના, નાકના છિદ્રો બધા બેસી જાય છે?

પૂજ્યશ્રી–કેટલાક આચાર્ય એમ માને છે કે સિદ્ધ થાય ત્યારે પેટ વગેરેમાં જે પોલાણ હોય તે બધું ઘનરૂપે થઈ જાય, પણ ઘનરૂપ થઈ જાય એવું કંઈ ત્યાં કર્મ નથી. ઘન થાય કે ન થાય, એમાં કંઈ વિશેષ વિચારની જરૂર નથી. એથી કંઈ સુખમાં ફેર પડી જાય એમ નથી.

મુમુક્ષુ–યશોવિજયજીએ પણ નવપદજીની પૂજામાં એમ લખ્યું છે.

**"ચરમ તિભાગ વિશેષ, અવગાહન લહી જે શિવ પહોતા"**

પૂજ્યશ્રી–હા. ચરમ દેહથી કંઈક ન્યૂન અવગાહના હોય છે. કોણ કોણ જીવો સિદ્ધ થયા છે, આ ઋષભદેવનો જીવ છે, આ ભરતનો જીવ છે, આ મહાવીરસ્વામીનો જીવ સિદ્ધ થયેલો છે તે બધાને કેવળી જાણે છે.

મુમુક્ષુ–દેહનો આકાર મોટો હોય તો મોટો આકાર સિદ્ધ અવસ્થામાં રહે?

પૂજ્યશ્રી–હા. ગમે તેટલો મોટો કે નાનો આકાર હોય તેવો જ રહે છે. કંઈ ફેર પડતો નથી. યશોવિજયજીએ તો એક પુસ્તકમાં લખ્યું છે કે મનુષ્યદેહમાં જેટલા આકાર હોઈ શકે, જેટલી ચેષ્ટા કરી શકાય, તેટલા બધા આકારના સિદ્ધો છે, કારણ કે અનંતકાળથી જીવો સિદ્ધ થતા આવ્યા છે. તેથી કોઈ કોઈ આકારે, કોઈ કોઈ આકારે સિદ્ધ થયા હોય છે. કોઈને કોઈ દેવ ઉપાડીને સમુદ્રમાં ફેંકતો હોય તે વખતે તે મુનિને કેવળજ્ઞાન થઈ દેહ છૂટી જાય, તો તેવા જ આકારે સિદ્ધ થાય અને ત્યાં સિદ્ધ અવસ્થામાં તે જ આકારે રહે છે. કોઈને ઓપરેશન કરતાં કેવળજ્ઞાન થઈ દેહ છૂટી જાય તો ત્યાં સિદ્ધ અવસ્થામાં તે જ આકારે રહે.

મુમુક્ષુ–આપના અંગૂઠાનો નખ ભાંગી ગયો તે કેવી રીતે ભાંગી ગયો?

પૂજ્યશ્રી–હું બી.એ.ની પરીક્ષા આપી મુંબઈથી વડોદરા ગાડીમાં આવતો હતો. ત્યાં મને કોઈ માસ્તરો મળવા આવવાના હતા. તેથી હું દરવાજા પાસે ઊભો ઊભો માસ્તરોની રાહ જોતો હતો. કોઈએ બહારથી દરવાજો બંધ કર્યો. હાથ દરવાજાના કોરે હતો તેથી અંગૂઠો તેમાં પકડાઈ ગયો. નખ તૂટી ગયો તે ઉપર દરવાજામાં જ લટકી રહ્યો. માથામાં પણ તે વખતે વાગેલું, પણ બહુ નહીં. અંગૂઠામાંથી લોહી બહુ આવવા લાગ્યું. એટલામાં ત્યાં માસ્તરો આવ્યા. એક માસ્તરને કોઈ છોકરાં નહીં, પણ જે જે છોકરાં એમની પાસે ભણેલા તેમને બધાને પોતાના છોકરાં જેવા જ ગણતા. પછી હું તેમની સાથે સરકારી દવાખાને ગયો અને ત્યાં પાટો બંધાવ્યો પણ લોહી બંધ ન થયું, તેથી અઠવાડિયા સુધી ત્યાં રહ્યો.

*

(બપોરના–ઉપર, ૧૨-૩૦ વાગે)

(પૂજ્યશ્રી પાટ પર બિરાજ્યા હતા. તે વખતે અંદર ૐકાર અને બીજા એક મુમુક્ષુ એ બેજ હતા. પૂજ્યશ્રીએ ૐકારને કહ્યું, 'દવા લેવી છે, માટે પાણીનો પ્યાલો ભરી લઈ આવ.' ૐકાર પ્યાલો ભરીને લઈ આવતો હતો. રાજમંદિરમાં કોઈ બે બહેનો 'તત્ત્વજ્ઞાન'નું પુસ્તક લઈને ઊભાં હતાં. તેમણે ૐકારને કહ્યું. 'અમારે અંદર આવવું છે.' ૐકારે પૂજ્યશ્રીને પૂછ્યા વગર એમનું એમ પરભારુ કહી દીધું, કે હમણાં આરામ લે છે, પછી બપોરે આવજો. આ વાતચીત થઈ, તે પૂજ્યશ્રી જોઈ રહ્યા હતા, પણ કંઈ બરાબર સંભળાયું નહીં હશે, તેથી ૐકાર પાણી લઈને ગયા ત્યારે કહ્યું કે)

પૂજ્યશ્રી–કોણ હતું?

મુમુક્ષુ–હું ઓળખતો નથી, પણ કોઈ બે બહેનો 'તત્ત્વજ્ઞાન'નું પુસ્તક લઈને ઊભાં હતાં.

પૂજ્યશ્રી–એમણે શું કહ્યું?

મુમુક્ષુ–અમારે અંદર આવવું છે, એમ કહ્યું.

પૂજ્યશ્રી–તેં શું કહ્યું?

મુમુક્ષુ–હમણાં આરામ લે છે, પછી બપોરે આવજો, એમ કહ્યું.

પૂજ્યશ્રી–પૂછ્યા વગર પોતાની મેળે જ કહી દીધું? કહેવું હોય તો પૂછીને કહીએ. બપોરે આવજો એમ કહી દીધું પણ બપોરે તો વરઘોડો નીકળવાનો છે, અહીં કોણ રહેશે? જ્યાં સુધી પૂછવાનું સાધન હોય ત્યાં સુધી પૂછીને કરીએ. કોઈને ટાઈમ આપવો હોય તો અદ્ધર ટાઈમ આપવો, ચોક્કસ ટાઈમ ન આપીએ. તેં બપોરનો ટાઈમ આપી દીધો, પણ મને પાછો બપોરે ટાઈમ મળે નહીં. ગમે તે કામ કરવું હોય તે અહીં પૂછીને કરીએ.

પ્રભુશ્રીજી મંડાળા બિરાજ્યા હતા, તે વખતે એક તુલસીભાઈ કરીને મુમુક્ષુ એમની સેવામાં હતા. પ્રભુશ્રીજી રાત્રે પથારી કરી સૂવાના હતા. તુલસીભાઈ બહાર ઊભા હતા. ત્યાં રાત્રે એક માસ્તર આવેલા. તેણે કહ્યું, મારે અંદર પ્રભુશ્રીજી પાસે જવું છે. તુલસીભાઈએ પ્રભુશ્રીજીને પૂછ્યા વગર કહી દીધું કે હમણાં તો સૂઈ રહ્યા છે, સવારમાં આવજો, તેથી માસ્તર ત્યાંથી જતા હતા. તુલસીભાઈ પ્રભુશ્રીજી પાસે અંદર ગયા. પ્રભુશ્રીજીએ પૂછ્યું કે કોણ હતું? તુલસીભાઈએ કહ્યું, કોઈ એક માસ્તર હતા. પ્રભુશ્રીજીએ કહ્યું, તે શું કહેતો હતો? તુલસીભાઈએ કહ્યું, મારે અંદર જવું છે, એમ કહેતો હતો. પ્રભુશ્રીજીએ કહ્યું, તેં શું કહ્યું અલ્યા? તુલસીભાઈએ કહ્યું, મેં કહ્યું કાલે આવજો. પ્રભુશ્રીજીએ કહ્યું, તને ખબર છે કે એ કાલ સુધી જીવશે? રાત્રે સાપ કરડી જાય અને મરી જાય તો એમ ને એમ મંત્ર વગર એના બિચારાનો દેહ છૂટે. જા, બોલાવી લાવ. તુલસીભાઈ બોલાવી લાવ્યા. પછી પ્રભુશ્રીજીએ મંત્ર આપ્યો. આમ સ્વચ્છંદ કેમ રોકાય, તે બધું શીખવાનું છે.

*

પૂજ્યશ્રી–સુધારસ વગેરે અનેક સાધનો જ્ઞાનીપુરુષોએ બતાવ્યાં છે, પણ કેટલીક વખતે જીવ સાધનને જ સાધ્ય માની બેસે છે, તેથી તેમાં જ ખળી રહે છે. જ્ઞાનીપુરુષનો આશ્રય હોય તો ભૂલો ન પડે. નહીં તો જીવ ભૂલો પડી જાય.

*

(બપોરના–ઉપર ૨-૩૦ વાગે, વરઘોડો નીકળતાં પહેલાં 'ચારિત્રચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

મુમુક્ષુ–પદ્મ એ રામનું નામ છે?

પૂજ્યશ્રી–પદ્મ જ એમનું નામ છે. રામ તો એમની એક પદવી છે. એ બલરામ કહેવાય છે. એમનું નામ પદ્મ છે.

મુમુક્ષુ–સ્ત્રીને પુરુષ અને પુરુષને સ્ત્રી વિકાર થવાનું નિમિત્ત છે, તો શાસ્ત્રોમાં સ્ત્રીની જ ઘણી નિંદા કરી છે, પુરુષની એટલી બધી નિંદા કરી નથી, તેનું શું કારણ?

પૂજ્યશ્રી–બધાંય શાસ્ત્રો જે લખાયાં તે બધાં પ્રાયઃ મુનિઓને માટે જ લખાયાં છે. એક 'પુરાણ' સિવાય બધાં શાસ્ત્રો મુનિઓની આગળ જ વંચાતાં, તેથી એમ આવે છે.

(કોઈ મુમુક્ષુએ તબીયતના સમાચાર પૂછતાં)

પૂજ્યશ્રી–ઠીક ઠીક ચાલે છે. શરીર શરીરનું કામ કરે અને આપણે આપણું કામ કરીએ. શરીરનો સ્વભાવ જ એવો છે.

(સવારના–ઉપર) ૮૮ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા સુદ ૭, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–સત્સંગ હોય તો તે પરભવે સાથે જાય. મનુષ્યભવ દુર્લભ છે. કેટલું પુણ્ય ચઢ્યું, કાગડા-કૂતરાના ભવ કરતાં કેટલુંય પુણ્ય ચઢ્યું ત્યારે મનુષ્યભવ મળ્યો. મનુષ્યભવમાં થાય તેટલું કરી લે તો પછી પશ્ચાત્તાપ ન થાય. પોતાની મેળે તો જીવે ઘણું કર્યું છે પણ જ્ઞાનીની આજ્ઞાએ કરે તો પાંસરું પડે. જ્ઞાનીની આજ્ઞાથી ધર્મમાર્ગમાં પ્રવેશ થાય. પોતાની મેળે ન થાય. કેમ કર્મ બંધાય છે? કેમ છૂટે? એ વિચાર જ્ઞાનીની આજ્ઞાથી આવે. કોઈ સદ્ગુરુની આજ્ઞા આરાધશો તો કલ્યાણ થશે.

''બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા.'' (૭૬) બીજું શોધવા જેવું નથી. જાણકારને પૂછીએ તો ખબર પડે. નહીં તો શું થાય? આત્માનું હિત આજ્ઞાથી થાય છે. નહીં તો તરતાં આવડે નહીં. જીવને મનુષ્યભવ સફળ થવા કાળજી રાખવાની છે. સદ્ગુરુનો યોગ મળ્યા પહેલાં તો હું પણ એમ જ માનતો કે આપણને ચોપડી વાંચતાં આવડે છે, આપણે જાણીએ છીએ, એમ રહેતું અને હોય સંસારની ઇચ્છા. જ્યારે સદ્ગુરુનો યોગ મળે ત્યારે જીવ ફરે છે.

'ગીતા' મૂળ સંસ્કૃતમાં લખાયેલી છે. તે ગુજરાતી થવાથી ઘણા ભાવો ફરી જાય છે. તેના તે ભાવો ન આવે. ધર્મ તો બીજાના બળાત્કારથી થાય નહીં, પોતાની ઇચ્છાથી થાય છે.

એક પા કલાક જગતના બધા વિકલ્પો ભૂલી ત્રણ પાઠ તો કરવા જ. નિયમિત એ તો કરવા જ. દયા ધર્મનું મૂળ છે, એ વિના ધર્મ ટકે નહીં. પછી ધર્મનું મૂળ ઊખડી જાય. આપણાથી કોઈ વસ્તુ ન ત્યાગી શકાતી હોય તો પણ ભાવના તો એ જ રાખવી કે મારે મોડું વહેલું છોડવું છે. કોઈનો પ્રાણ જાય એવું આપણે કરવું નથી. આત્માનું કરવું છે, એ ભૂલવું નથી. એ લક્ષ રાખવો.

આખા જગતનું ખરું તત્ત્વ છે તે બધું કૃપાળુદેવે કહ્યું છે. ઘણું પુણ્ય હોય ત્યારે અહીં અવાય. પ્રભુશ્રીજી કહેતા કે કેટલું પુણ્ય ચઢે ત્યારે આ દરવાજામાં પગ મુકાય એવું છે. જેણે આત્મા જાણ્યો છે તેમની આજ્ઞાથી આત્માની ઉપાસના કરીએ, તો આપણને ધર્મ સાથે જોડાણ થાય. દયા ધર્મનું મૂળ છે. એ મૂળ ઊખેડી નાખે તો પછી છોડ રહે નહીં. જ્યાં જિન શબ્દ આવે ત્યાં ભગવાન સમજવું. ગભરાવું નહીં. જેણે રાગદ્વેષ જીત્યા છે તે જિન છે. આપણે ભક્તિ કરીએ છીએ તેથી પૈસા મળો કે એવું કશું ઇચ્છવું નથી. એક આત્મકલ્યાણ માટે આ ભક્તિ કરું છું, એ લક્ષ રાખવો. ભક્તિ આપણે વેચી નાંખવી નથી.

*

(સવારના—સભામાં)

મુમુક્ષુ— **"જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;**
**ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ."**

એનો શો અર્થ છે?

પૂજ્યશ્રી—ભવસ્થિતિને કાળલબ્ધિ કહી છે. કાળલબ્ધિ આવશે ત્યારે કાર્ય થશે પણ પુરુષાર્થ વગર કંઈ ન થાય. વ્યવહારથી એમ કહેવાય છે કે કાળ પાક્યે કામ થાય. જેમ ઉનાળો આવે ત્યારે કેરી પાકે, પણ આંબો જ ન હોય તો શું કેરી પાકે? કાર્ય થવામાં ભવસ્થિતિ એ એક કારણ કહેવાય છે પણ ખરું કારણ પુરુષાર્થ છે. પુરુષાર્થ વગર તો કાર્ય થાય નહીં. રસોઈ કરવાનો ટાઈમ થાય તેથી કંઈ રસોઈ થઈ જાય? કરે ત્યારે થાય છે, તેમ જીવ પુરુષાર્થ કરે ત્યારે કાર્ય થાય છે. કોઠીમાં દાણા પડ્યા છે, રસોઈનો ટાઈમ થયે રસોઈ થઈ જશે, એમ કરી બેસી જાય તો કંઈ રસોઈ થાય નહીં પણ જીવ પુરુષાર્થ કરે ત્યારે થાય છે. એક પુદ્ગલપરાવર્તન સંસાર રહે ત્યારે તો એને સત્પુરુષનો યોગ થાય છે.

મુમુક્ષુ—સદ્ગુરુની યથાર્થ ઓળખાણ થાય તો શું થાય?

પૂજ્યશ્રી—જેમ છે તેમ, યથાર્થ સત્પુરુષની ઓળખાણ થાય તો સમ્યક્ત્વ થાય. ભવસ્થિતિ પાકશે ત્યારે કામ થશે, એમ જીવે ઘણી વાર કર્યું છે. આંબો વાવે, પાણી પાય પછી ફૂલ પત્તાં વગેરે આવે અને ત્યાર પછી કેરી પાકે. પૂર્વનો પુરુષાર્થ તે પૂર્વકૃત અને વર્તમાનમાં પુરુષાર્થ કરે ત્યારે કાર્ય થાય છે. દોષો દેખીને દોષો ટાળવા, એ બધાનો સાર છે. પોતાથી ન દેખાય તો સત્સંગે, સત્શાસ્ત્રે પોતાના દોષો દેખી કાઢવા; પણ એ દોષો તો બીજામાં પણ છે, એમ દોષનો

પક્ષપાત ન કરવો. દોષો દેખીને દોષો ટાળવા એમ કૃપાળુદેવે આખી પુષ્પમાળા લખીને છેવટે લખ્યું છે, તે બધાનો સાર છે.

*

(બપોરના–ઉપર)

પૂજ્યશ્રી–આપણે જ કર્મ બાંધ્યાં છે તે આપણે જ ભોગવવાનાં છે. સમભાવે ભોગવવાનાં છે. જેમ જેમ જીવને પુણ્યનો ઉદય થાય તેમ તેમ સત્પુરુષનાં વચન કાનમાં પડે છે. સત્પુરુષનાં વચનો સજીવન છે. કાનમાં જો પડે તો ઘણું કામ થાય. કૃપાળુદેવે જાત્રા જવામાં ત્રણ લાભ કહ્યા છે. (૧) કોઈ સત્પુરુષનો સમાગમ થાય. (૨) લોભ છૂટે અને (૩) ઘરથી નિવૃત્તિ મળે. એવો લક્ષ જાત્રામાં હોય તો જ કલ્યાણ થાય. જ્ઞાનીપુરુષ શું કહે છે તે ખબર પડે. જ્યારે સત્પુરુષનાં વચનનો વિચાર કરી આત્મા જાગૃત થશે ત્યારે એમ થશે કે જગતનું ગમે તે થાઓ, રૂડા રાજને ભજીએ. લોભ જીવને નુકસાન કરનાર છે. આપણે જગતને રૂડું દેખાડવા કરવું નથી. ''એક આ જીવ સમજે તો સહજ મોક્ષ છે, નહીં તો અનંત ઉપાયે પણ નથી.'' (૫૩૭) જે વસ્તુ દેખાય તેને માટે પુરુષાર્થ થાય છે પણ આત્મા તો દેખાતો નથી, માટે જ્ઞાનીપુરુષના અવલંબનની જરૂર છે. જ્ઞાનીનાં વચનો સાંભળતાં સાંભળતાં જીવને જાગૃતિ આવે.

એક ભવ સમાધિમરણ થાય તો ભવોભવ સમાધિમરણ થાય. એવો લાભ કોઈ વેપારમાં છે નહીં. ગમે તે થાઓ, ગમે તેટલી મુશ્કેલીઓ આવો, પણ મારે આત્માને ભૂલવો નથી. ગમે તેટલી વેદના હોય પણ છ પદનો નિશ્ચય રહે, પ્રાણ જાય તો પણ ફરે નહીં, તો એને સમાધિમરણ થાય. મોટામાં મોટો ઉપસર્ગ મરણ છે. એક વાર જો એ કસોટીમાં પાસ થઈ જાય, તો પછી નિર્ણય થઈ જાય કે આપણે હવે મરવાના નથી. કૃપાળુદેવે ઘણાં ઠેકાણે 'આત્મસિદ્ધિ'માં, 'છપદ'ના પત્રમાં તેમજ બીજા પત્રોમાં પણ છપદની વાત કરી છે. એ આત્મા છે એમ થાય તો એની દયા આવે કે કેટલા ભવથી જન્મમરણનાં દુઃખ ભોગવ્યાં છે! હવે સમાધિમરણનો અવસર આવ્યો છે, એમ જો જીવ મોક્ષમાર્ગ આરાધશે તો સમાધિમરણ થશે. દેહને એટલે પુદ્‌ગલને અને જીવને લેવાદેવા નથી. જ્ઞાની મળ્યા પછી દેહ છૂટી જ ગયો એમ જાણવું. લક્ષ જો સમાધિમરણનો રાખે તો સમાધિમરણ થાય. અનંતકાળ થયાં નથી થયું, તે સમાધિમરણ આ ભવમાં કરવું છે. અનંતકાળથી અજ્ઞાનીના આશ્રયે રહી જીવ ભૂલો પડ્યો છે. જગતની તડ મૂકી જ્ઞાનીની તડમાં જવાનું છે. જગતનું સુખ તો જોઈ લીધું. મળ્યું તોય એ સુખ શું કામનું? નાશવંત છે. કોઈ શાશ્વત વસ્તુમાં ચિત્ત રાખવાનું છે. તુચ્છ બુદ્ધિ હોય ત્યાં સુધી જીવને તુચ્છ વસ્તુઓમાં ચિત્ત રહે છે, જ્યારે વિશાળબુદ્ધિ થાય ત્યારે શાશ્વત વસ્તુ પ્રત્યે લક્ષ જાય છે.

નિયમ લીધો તો તોડવો નહીં. બરાબર પાળવો. કૃપાળુદેવની સાક્ષીએ નિયમ લીધો, તો બરાબર પાળવો. કોણ જાણે છે કે આપણે લીધો છે? એમ કરી નિયમ તોડવો નહીં. કૃપાળુદેવની સાક્ષીએ લીધો, તો કૃપાળુદેવ તો જાણે છેને?

લક્ષ એક આત્માનો રાખવો. ગાડીમાં બેઠા બેઠા પણ સ્મરણ કરીએ. બીજા લોકો વાતો કરતા હોય તેમાં આપણે ચિત્ત ન દેવું. આપણે તો સ્મરણ કર્યા કરવું. બીજા પાપના વિકલ્પોમાં પેસવું નથી. પાપના વિકલ્પો આવે કે તરત સ્મરણમાં ચિત્ત કરવું. હરતાં ફરતાં પણ સ્મરણ કરવું.

*

પૂજ્યશ્રી—દેવવંદન છે તે બધાને શીખવા જેવું છે. પ્રભુશ્રીજીએ દેવવંદન માટે તો ખાસ કહેલું કે બધાએ કરવા જેવું છે.

ઋષભદેવ ભગવાનની પેઠે શ્રેણિક મહારાજા પણ ધર્મની સ્થાપના કરશે. એ મુનિ થશે ત્યારે મુનિને કેમ આહાર વહોરાવવો એ લોકોને ખબર નહીં હશે.

વધારેમાં વધારે આઠ વાર મનુષ્યભવ એક સાથે મળી શકે છે. સત્પુરુષના યોગ વિના જીવને સારી ભાવના થતી નથી. સાંખ્ય એમ માને છે કે કાયા ત્યાં સુધી માયા; પણ દેહ છતાં મનુષ્ય રાગદ્વેષનો ત્યાગ કરી શકે છે, તદ્દન નાશ પણ થાય છે.

*

(સાંજના—સભામાં, 'પ્રભુશ્રીજીનો બોધ'ના વાંચન પ્રસંગે)

મુમુક્ષુ—''જ્યાં છે ત્યાં છે'' એટલે શું?

પૂજ્યશ્રી—''જ્ઞાન જ્ઞાનીમાં કળો.''

(બપોરના—ઉપર) ૮૯ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા સુદ ૮, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—અત્યારના સાહિત્યમાં મુખ્ય વસ્તુ સ્વચ્છંદ છે, અહંભાવ છે. એ અહંભાવને ગૌણ કરવાનો છે, તો સત્ય તરફ જવાય. કૃપાળુદેવે 'મોક્ષમાળા'ની પ્રસ્તાવનામાં લખ્યું છે કે અત્યારના બાળ-યુવાનો અવિવેકી વિદ્યા પામી આત્મસિદ્ધિથી ભ્રષ્ટ થાય છે. તે અટકાવવા આ 'મોક્ષમાળા'ના ૧૦૮ પાઠ લખ્યા છે. 'મોક્ષમાળા'માં મોક્ષને માટે કેવા કેવા ગુણ જોઈએ, તે બધું ટૂંકામાં કહ્યું છે. બહુ સરસ રીતે વર્ણન કર્યું છે. જીવને પુણ્ય હોય ત્યારે એવું પુસ્તક હાથ આવે છે, નહીં તો વિદ્યાર્થીઓને માટે લખ્યું હોય તોય એમના હાથમાં ન આવે. મને પહેલાંથી જ વેદાંતના સંસ્કારો નહીં પડેલા. ભક્તિમાર્ગવાળા હોય તેમને સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ કરવી સહેલી પડે. ભક્તિમાર્ગવાળાને એ અઘરું ન લાગે. સોભાગભાઈને કૃપાળુદેવનો યોગ થયો ત્યારે સોભાગભાઈને કૃપાળુદેવે બધું ભૂલાવી દીધું. કૃપાળુદેવને સોભાગભાઈએ લખ્યું છે કે પચાસ વર્ષે જે શંકાનું સમાધાન ન થાય તે થોડા કાળમાં આપથી થઈ ગયું.

'રત્નકરંડશ્રાવકાચાર' ઉપર સદાસુખદાસજીની ટીકા બહુ સુંદર છે. તે હિંદીમાં છે.

પ્રભુશ્રીજીની પાસે એ વંચાતું હતું, તે વખતે પ્રભુશ્રીજીએ મને ગુજરાતી કરવાનું કહેલું, તેથી કર્યું હતું. આ કાળમાં જીવોને હિતકારી થાય તેવી વસ્તુ આ 'સમાધિસોપાન'માં એકઠી કરાવી છે. એ પુસ્તક બહુ સુંદર છે. 'સમાધિસોપાન'માં વૈરાગ્ય છે, તે હોય તો કૃપાળુદેવના પત્રો સમજાય, મીઠાશ આવે. પ્રભુશ્રીજીનો બોધ બહાર પડશે. તે બધો વૈરાગ્યથી ભરેલો છે. પહેલી ભૂમિકા તૈયાર કરાવવા, જીવોને માટે પ્રભુશ્રીજીએ આખી જિંદગી ગાળી છે. વખત મળે ત્યારે અહીં આવતા રહેવું. સત્સંગનો રંગ લગાડવો છે એવો લક્ષ રાખવો.

મૂળ કારણ ભાવના છે. જેવી ભાવના તેવું ફળ મળે. સત્સંગમાં જેવો લાભ થાય તેવો પોતાની મેળે ન થાય. સત્સંગ ન હોય તો સત્શાસ્ત્રમાં રહે. જ્ઞાની કૃપાળુદેવનાં વચનો વાંચે તો એનો આત્મા શાંત થઈ જાય. જીવને જેમ કષાયની મંદતા થાય તેમ જ્ઞાનીપુરુષનાં વચનો હૃદયમાં ઊતરે. સત્સંગની ઘણી જરૂર છે. ઇન્દ્રિયોને રોકી, મનને રોકી, રસની સ્વાદતા ઓછી કરી જ્ઞાનીનાં વચનોમાં રહે તો એને સંવર થાય. મર્યાદાનું કામ એવું છે કે લોભ ઓછો હોય તો કરાય, નહીં તો પછી રૂપિયા, ધન વધે તે એને નામે ચઢાવે, ફલાણાને નામે ચઢાવે. અત્યારે જીવોની પ્રવૃત્તિ એવી છે કે જ્ઞાનીનાં વચનો ઉપરથી વાંચે પણ હૃદયમાં ઊતરે નહીં. વાતાવરણની કેટલીક જીવને અસર થાય છે. પ્રભુશ્રીજીએ ચૌદ વર્ષ આ આશ્રમમાં ગાળ્યા છે, તેથી આખું આશ્રમ સંસ્કારિત થયેલું છે, બધે સ્પર્શના થયેલી છે. સ્પર્શના વગરની જમીન ક્યાંય રહી નથી.

*

(સાંજના–સભામાં)

પૂજ્યશ્રી–જે જે ધર્મ સ્થાપનારા હોય છે તે વૈરાગ્ય ઉપશમવાળા હોય છે, તેથી સંપૂર્ણ અસત્ય તો કેમ કહેવાય? તેથી વિચારવાન બરાબર તપાસ કરે છે. બધાયથી એ વિચાર થવો દુર્લભ છે.

મુમુક્ષુ–સમ્યગ્દર્શન આવે ત્યારે સમાધાન થયું કહેવાય ને?

પૂજ્યશ્રી–સમ્યગ્દર્શનનું નિઃશંકિત અંગ છે. સમ્યગ્દર્શન આવે ત્યારે તેના આઠ અંગમાંનું આ એક નિઃશંકિત નામનું અંગ આવે છે. અનંતકાળ જો સમાધાન કરવામાં વ્યતીત થતો હોય તો કોઈ જીવ મોક્ષે ન જાય, પણ એ સમાધાન અલ્પ કાળમાં થાય એવા ઉપાય કષાયની ઉપશાંતતા વગેરે થાય ત્યારે સમાધાન થવા લાગે છે.

મુમુક્ષુ–અલ્પકાળમાં સમાધાન થાય તેનો શું ઉપાય છે? ઉપાય છે એમ કહ્યું, પણ એનો ઉપાય શું હશે?

પૂજ્યશ્રી–કષાય ઉપશાંત થાય તો સમાધાન એની મેળે થવા માંડે. કૃપાળુદેવને પોતાને આ સંસાર દુઃખરૂપ લાગ્યો છે. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં આસક્તિ છે નહીં, નીરસ લાગે છે. એવા

જીવ હોય તેમને માત્ર પૂર્વ પ્રારબ્ધને લઈને વેપાર આદિમાં રહેવું પડતું હોય, તે પ્રતિબંધ છોડવો હોય, તે પણ ઇન્દ્રિય વિષયના સુખને માટે છોડવો ન હોય પણ આત્મધ્યાનમાં વિશેષ રહેવાય તે માટે છોડવો હોય, તેણે શું કરવું તો છુટાય, તે તમને વિચારમાં આવે તો લખશો એમ કૃપાળુદેવ સોભાગભાઈને લખે છે.

*

('પ્રભુશ્રીજીનો બોધ'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—બધું છોડ્યું હોય પણ આત્મજ્ઞાન ન હોય તે, વર વગરની જાન જેવું છે. આખી જિંદગી પાપમાં કાઢી છે. હવે કંઈ સુધારવું હોય તો ક્યાં જવું ને શું કરવું, એ પહેલો વિચાર કરવાનો છે.

મુમુક્ષુ—પણ 'સત્ મળ્યા નથી, સત્ સુણ્યું નથી, સત્ શ્રધ્યું નથી' એટલે શું?

પૂજ્યશ્રી—સત્પુરુષ દ્વારા આત્મા સંભળાય છે, સમજાય છે, શ્રદ્ધાય છે, એવા પુરુષનો જીવને યોગ થયો નથી. યોગ થયો તો સાંભળ્યું નહીં. સાંભળ્યું તો શ્રધ્યું નહીં. જાણેલું બધું ભૂલી જવાનું છે.

મુમુક્ષુ—આપણે આત્મા કે અનાત્મા?

પૂજ્યશ્રી—શંકા પડે છે? અજ્ઞાનમાં અનાત્મા ન કહેવાય. જડને અનાત્મા કહેવાય.

(સવારના—ઉપર) ૯૦ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા સુદ ૯, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—પ્રભુશ્રીજી જડભરત જેવા થઈને ફરતા. આ આશ્રમ સ્થપાયા પહેલાં જડભરતની પેઠે ગાંડા થઈને ફરતા અને ગમે ત્યાં દહાડા પૂરા કરતા. પ્રભુશ્રીજી કહેતા કે આ બાળા-ભોળાનું કામ થઈ જશે. ડાહ્યો થવા ગયો કે મર્યો. ડાહ્યાનું કામ નથી. બાળા-ભોળાનું કામ છે.

ગાડીમાં બેઠા બેઠા પણ સ્મરણ કરીએ. બીજા લોકો બીજી વાતો કરતા હોય તેમાં ચિત્ત ન દઈએ. ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'', ''સહજાત્મસ્વરૂપ પરગમગુરુ'', ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ.'' એમ સ્મરણ કરીએ. બધાની વચમાં રહી એ કામ કરવું બહુ મુશ્કેલ છે. મને પોતાને બહાર જાઉં ત્યારે મુશ્કેલી પડે છે. જે આપણે કરવાનું છે તે ભૂલી જવાય. એટલા માટે જ હું ઘણું કરીને બહાર બહુ નથી જતો. જોકે પુરુષાર્થ કરે તો બને એવું છે, પણ નિમિત્તોથી વિરુદ્ધ વર્તીને કામ કરવું એ બહુ મુશ્કેલ છે. વેદના આવી હોય તે કંઈ દવા કરવાથી મટી જાય એમ નથી. એનો કાળ પાકે ત્યારે એની મેળે મટી જાય છે. દવા તો ઠીક, એક નિમિત્ત છે. બે મહિના ફલાણાની દવા લીધી, બે મહિના કોઈ બીજાની, એમ એનો કાળ પૂરો થવા આવે ત્યારે મટી જાય છે, ત્યારે કહે કે ફલાણા ડૉક્ટરથી મારે મટી ગયું. મૂળ તો એનો કાળ પૂરો થાય ત્યારે જ મટે છે. દવા પીતાં પીતાં કાળ પૂરો કરે કે પાણી પીતાં પીતાં, પણ એનો કાળ પૂરો થાય ત્યારે મટી જાય છે.

*

(બપોરના–ઉપર)

પૂજ્યશ્રી–કૃપાળુદેવની સાખે નિયમ લીધો તો તોડવો નહીં. ગમે ત્યાં હોઈએ, ભલે પરગામ હોઈએ પણ ભક્તિ તો રોજ કરવી. નિત્યનિયમ એકે દિવસ ચૂકીએ નહીં. ગમે તે વખતે કરી લઈએ. થોડે થોડે કરી, આખું પુસ્તક પૂરું કરવું. પછી બીજું વાંચીએ. ક્રમસર વાંચીએ તો સારું છે. મંત્ર ચૂકવો નહીં. કંઈક કંઈક ગોખવું. કાળજી રાખીને ગોખવું. અહીં મોઢે કરે, ગોખે, શીખે તો ઝટ થાય. વિચારોય સારા આવે.

કેટલીક સારા વાતાવરણની જરૂર છે. સારું વાતાવરણ હોય તો મહાપુરુષનું માહાત્મ્ય સમજાય. કૃપાળુદેવે પ્રભુશ્રીજીને વાંચવા માટે 'પદ્મનંદીપંચવિંશતિકા' કોઈ કચ્છી પાસે મંગાવેલી. તેને એમ થયું કે કૃપાળુદેવે વાંચવા માટે મંગાવી છે, તો આપણે પણ વાંચવા માટે એક પ્રત લેતા જઈએ, એમ કરી બે પુસ્તક કૃપાળુદેવ પાસે લઈ આવ્યા. એક પુસ્તક કૃપાળુદેવને આપ્યું અને કહ્યું કે આ પુસ્તક હું વાંચીશ. કૃપાળુદેવે કહ્યું, ક્યાં વાંચશો? કચ્છીએ કહ્યું, મારે કચ્છમાં જવાનું છે. રેલમાં, સ્ટીમરમાં ટાઈમ મળશે ત્યારે વાંચીશ. કૃપાળુદેવે કહ્યું, રેલમાં, સ્ટીમરમાં વાંચવા જેવું આ પુસ્તક નથી એમ કહી પુસ્તક લઈ લીધું. એવું વાતાવરણ જોઈએ. ચિત્તસ્થિરતા જોઈએ. તે ન હોય તો એને એમ થાય કે વાંચું છું, પણ કંઈ રસ ન આવે. માટે મહાપુરુષોએ ઇન્દ્રિયના નિગ્રહપૂર્વક અને નિવૃત્તિક્ષેત્રે જ્ઞાનીની આજ્ઞાથી વાંચે તો લાભ થાય એમ કહ્યું છે.

પહેલાં તો લોકો જ્યાં પુસ્તકોનો ભંડાર હોય ત્યાં નાહી ધોઈને જતા અને પુસ્તક વાંચતા. પછી ફરી બીજે દિવસે નાહી ધોઈને આવે અને પુસ્તક વાંચે. એટલું માહાત્મ્ય હતું કે જોડાં પહેરેલાં હોય તો પુસ્તક વંચાય નહીં. જેટલું જીવને માહાત્મ્ય લાગે તેટલી વધારે અસર થાય. જેટલી અંદરથી ગરજ જાગે તેટલું થાય. કોઈના કહેવાથી ધર્મ ન થાય પણ ગરજ જાગે તો કરે.

આ કળિકાળના ટૂંકાં આયુષ્ય છે માટે ભક્તિ થોડી કરી લેવી. ધર્મમાં કાળજી રાખીને પ્રમાદ ન કરવો. ધર્મના કામમાં ઢીલ ન કરવી. અનાદિથી જીવ પ્રમાદમાં છે. આખો દહાડો વેપારમાં ગાળે તેથી વધારે કમાય એમ નથી. ભક્તિ કરવાનું રહી જાય. આયુષ્ય નકામું વહી જાય. આયુષ્ય બરાબર સારી રીતે વાપરે તો આયુષ્ય લાંબું લાગે. આયુષ્ય ટૂંકું છે, જંજાળ લાંબી છે, એમ કૃપાળુદેવે કહ્યું છે. અપ્રમત્ત રહે, પ્રમાદ ન કરે, તો એને ટૂંકી જિંદગી પણ લાંબી લાગે. મનુષ્યભવ ઘણા મળ્યા પણ મનુષ્યપણું સફળ ન થયું. આ ભવ એવી રીતે ન જાય તે લક્ષ રાખવો. આટલી યોગ્યતા ફરી મળવી બહુ દુર્લભ છે. મનુષ્યભવ મળે તો એવો યોગ ન હોય; કાને બહેરો હોય, આંખે દેખાતું ન હોય, પગે લંગડો હોય તો અહીં આવી શકે નહીં. આજ્ઞા આરાધવાની શક્તિ ન હોય તેથી એને મનુષ્યભવ મળે તોય મળ્યો ન મળ્યો સરખો છે. અત્યારે મનુષ્યભવમાં ન કરે તો પછી ક્યારે કરશે?

માથે મરણ છે. બધું લૂંટાઈ જવાનું છે. ઘર બાંધ્યું હોય, બધું કરીને મરી ગયો હોય, પછી ઘરમાં આવીને પેસે તો લાકડી મારે. જીવે જે કર્મ કર્યાં તે ભોગવવાં પડે પણ સમભાવે સહન કરે

તો નવાં બંધાય નહીં. કર્મ બાંધ્યાં, તો ભોગવ્યા વિના છૂટકો નથી. પાર્શ્વનાથ ભગવાનને કેટલાય ભવથી કર્મ હતું તેથી ભોગવવું પડ્યું. જરા કોઈક સાથે અથડામણ થઈ તો ક્યાં સુધી પહોંચશે? તેનું કશું કહી શકાય નહીં. સાપ કરતાં રાગદ્વેષથી વધારે ડરવાનું છે. સાપ કરડે તો એક જ ભવમાં મરણ થાય પણ આ રાગદ્વેષથી તો ભવોભવમાં જન્મમરણ કરવાં પડે છે. આ મનુષ્યભવમાં રાગદ્વેષ ઓછા કરવાનો લાગ છે. 'થાવું હોય તે થાઓ, રૂડા રાજને ભજીએ' એ પહેલું કરવાનું છે. ભક્તિ કરે તો રાગદ્વેષ ન થાય.

શીતલપ્રસાદજી અહીં પ્રભુશ્રીજીના વખતમાં આવ્યા ત્યારે સભામાં 'સમયસાર' વંચાતો હતો. તે વખતે તેમાં આવ્યું કે રાગદ્વેષ ન કરાય તો કર્મ ન બંધાય. શીતલપ્રસાદજીએ પ્રભુશ્રીજીને પૂછ્યું કે શું કરે તો રાગદ્વેષ ન થાય? પ્રભુશ્રીજીએ કહ્યું કે જ્યાં રાગદ્વેષ નથી ત્યાં વૃત્તિ રાખે તો રાગદ્વેષ ન થાય.

કૃપાળુદેવનું આ કાઉસગ્ગમુદ્રાનું ચિત્રપટ છે તે પડાવ્યું ત્યારે પાર્શ્વનાથ ભગવાન જેવી કૃપાળુદેવની દશા હતી. ગમે તેટલાં ઉપસર્ગ આવે તોય ડગે નહીં એવી દશા હતી. સમભાવમાં હતા. સમભાવ એ તરવાની હોડી છે. એ આવે તો ફિકર નહીં. સમભાવ ન રહે તો કેવાં કર્મ બંધાય તેનું કશું કહેવાય નહીં. ધર્મ પાળે તેને કસોટી આવે છે.

*

(સાંજના—સભામાં)

પૂજ્યશ્રી—પશુને પણ સમકિત થાય છે. એને ભેદ પડી જાય, તેથી પછી એને કોઈ મારે કરે તોય એને સમતા રહે કે મારા કર્મોનો જ દોષ છે, એવાં દુઃખ તો ઘણી વખત ભોગવ્યાં છે.

**"જેમ આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ, મૂ૰**
**તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે, નામ ચારિત્ર તે અણલિંગ. મૂ૰"**

જેને કર્મ છોડવાં છે તેણે જે બધાં કર્મ આવે તે સહન કરવાં.

મુમુક્ષુ—પાપનો ઉદય થોડો વખત જ હોય તોય આકુળવ્યાકુળ થઈ જાય છે, તેનું શું કારણ?

પૂજ્યશ્રી—સમજણ નથી. સમજણ હોય તો આકુળવ્યાકુળ ન થાય. નાભો ભગત હતો. તેને કેદખાનામાં પૂર્યો. પછી રોજ એને ત્યાં મારે, પણ એ તો ત્યાં ભક્તિ જ કરે અને દુઃખ સારું છે એમ માનતો. કૃપાળુદેવે લખ્યું છે કે સાચી ભક્તિ હોય તેને દુઃખ તો આવે જ. સમભાવી પોતાનો જ વાંક જુએ છે કે મારા જ કર્મનો દોષ છે.

*

('પ્રભુશ્રીજીનો બોધ'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—જેને સમકિત કરવું હોય તેણે મિથ્યાત્વ તો મૂકવું પડશે. એ મૂકવાનો કંઈ રસ્તો છે? પ્રભુશ્રીજીએ પોતાની વાત એક વખતે કરી કે કૃપાળુદેવે મને કહ્યું—મુનિ, હવે તમારે શું છે?

હવે શું છે, તમારો એક આત્મા. તે તરત પ્રભુશ્રીજીને બેસી ગયું. ત્યાગ વૈરાગ્ય એ મુખ્ય વસ્તુ છે. ''ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન'' એની એમને તૈયારી, તેથી પકડ થઈ ગઈ. બધું છોડીને બેઠા હતા. એક સત્પુરુષના વચનની ખામી હતી, તે આવ્યું તો ચોંટી ગયું. છીપ મોઢું ફાડીને બેઠી હોય અને વરસાદ પડે તો તરત મોતી બની જાય. તેમ પ્રભુશ્રીજીને ત્યાગ વૈરાગ્યની યોગ્યતા હતી તો કૃપાળુદેવે કહ્યું, તો ચોંટી ગયું. વાત માન્યાની છે. માનવું કોના હાથમાં છે? પોતાના હાથમાં જ છે. મનાય તો કામ થયું. આપણું ડહાપણ બધું ગાંડપણ છે.

(બપોરના–ઉપર) ૯૧ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા સુદ ૧૦, સં.૨૦૦૯

મુમુક્ષુ–શ્રદ્ધા ને પ્રતીતિમાં શો ભેદ છે?

પૂજ્યશ્રી–શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ બધું એકનું એક જ છે. કૃપાળુદેવે શ્રદ્ધાનો અર્થ લખ્યો છે–''માહાત્મ્ય જેનું પરમ છે એવા નિઃસ્પૃહી પુરુષોનાં વચનમાં જ તલ્લીનતા તે 'શ્રદ્ધા'–'આસ્થા.' '' (૧૩૫) શ્રદ્ધા કહો કે આસ્થા કહો એક જ છે. સમકિત થવાનું કારણ આસ્થા છે. વચનથી વિચાર થાય, તેથી ભાવના થાય અને એ ભાવનાની અસર કર્મ ઉપર થાય છે, તેથી કર્મ ખસી સમકિત થાય છે. જ્ઞાનીએ કહ્યું તે કરવાનું છે. વચન ઉપર શ્રદ્ધા હોય તો વિચાર જાગે. વિચાર જાગે તો ભાવના થાય. ભાવના થાય તો પુરુષાર્થ થાય. એ પુરુષાર્થનું ફળ સમકિત આવે. પ્રભુશ્રીજી વારંવાર કહેતા કે ઓળખાણ જોઈએ. ઓળખાણ એ હીરાની ખાણ છે, એમ કહેતા. વસ્તુઓ ઓળખે, માહાત્મ્ય લાગે તો પ્રાપ્ત થાય. સત્પુરુષને બોધે ઓળખાણ થાય છે. દેખાય તે વસ્તુ માટે જીવ પુરુષાર્થ કરે છે. એ એને ગમે છે, પણ આત્મા દેખાતો નથી તેથી આત્મા વગર ચાલશે એમ કહે છે. અનંતકાળ થયો પણ જીવને એમ થયું નથી કે એની ઓળખાણ કરવાની છે. તે આ ભવમાં ન થઈ તો કયા ભવમાં થશે? તેથી આ ભવમાં આત્માની ઓળખાણ કરી લઉં. રાત થોડી અને વેષ ઘણા એવું છે. જેવો જોઈએ તેવો પુરુષાર્થ થતો નથી.

મુમુક્ષુ–આટલા વર્ષ થયાં અહીં આવીએ છીએ, સત્સંગ કરીએ છીએ, સાંભળીએ છીએ, પણ જીવ કેમ કંઈ જાગતો નથી?

પૂજ્યશ્રી–લાંબી ઊંઘ છે. બીજે ઊંઘતો હોય અને સ્વપ્નું આવ્યું હોય તો એક પછી બીજું, બીજા પછી ત્રીજું એમ સ્વપ્નાની પરંપરા ચાલ્યા જ કરે છે. એકલું ઊંઘે છે એટલું જ નહીં, પણ એમાં એને રસ છે. અજ્ઞાનદશામાં દુઃખ નથી લાગતું. દુઃખ લાગે તો એ ખસે એવું છે. સમ્યક્ત્વ વગર હું દુઃખી છું એમ એને થતું નથી. પૈસા વગર, કપડાં વગર, ઘરેણાં વગર હું દુઃખી છું એમ જીવને થાય છે, પણ સમ્યક્ત્વ વગર દુઃખી છું એમ જીવને થતું નથી. જ્યાં સુધી ઊંડી લાગણી ન થઈ હોય ત્યાં સુધી જીવ જાગતો નથી.

મુમુક્ષુ–રોજ અહીં ભક્તિ તો ટાઈમસર આખો દિવસ કરીએ છીએ, પણ જીવ કેમ જાગતો નથી?

પૂજ્યશ્રી—ભક્તિની સાથે વિચારની જરૂર છે.

**"તને શા સુખે ઊંઘ આવે છે ? તને ભોજન તે કેમ ભાવે છે ?**
**તારા દુઃખનો નથી પાર, જીવડા જોને જાગીને."**

જીવ જગતમાં સુખ માને છે તેથી મને કંઈ ફિકર નથી, એમ થઈ જાય છે. જગત દુઃખરૂપ લાગે તો પુરુષાર્થ કરી જગતના ભાવ ખસેડી નાંખે. જગતના સુખની એને ઝંખના રહે છે. નાશવંત છે તેમાં જીવ મોહ કરી સુખ માને છે. માથે મરણ છે તે ભૂલી જાય છે. કોઈ જોશી કહે કે આ અઠવાડિયામાં તમારું મરણ છે, તો પછી ખાવું ન ગમે, પીવું—કમાવું કંઈ એને ન ગમે. ઘરેણાં કપડાં કંઈ ન ગમે. મરી જવાનું છે એમ થાય. એ જોશીએ તો અઠવાડિયામાં મરણ એમ કહ્યું, એટલા દહાડા છે એમ કહ્યું, તેથી એમ લાગે પણ આપણને તો એક ક્ષણનું ય ઠેકાણું નથી. નાશવંત વસ્તુઓમાં જીવ ખૂંચી ગયો છે.

"અનિત્ય પદાર્થ પ્રત્યે મોહબુદ્ધિ હોવાને લીધે આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ અને અવ્યાબાધ સમાધિસુખ ભાનમાં આવતું નથી." (૫૭૦)

સર્વ ક્લેશ અને સર્વ દુઃખનું મુખ્ય કારણ અવિચાર અને અજ્ઞાન છે. સર્વ સુખનું કારણ આત્મજ્ઞાન છે અને આત્મજ્ઞાનનું કારણ સદ્‌વિચાર છે. સદ્‌વિચાર જાગે તો આત્મજ્ઞાન થાય, બધું થાય. ક્લેશનો ભય લાગે તો સદ્‌વિચાર થાય. સદ્‌વિચાર કેમ જાગે ? તો કે સત્સંગ સદ્‌વિચારની વારંવાર ટોકણી રહેતી હોય તો સદ્‌વિચાર જાગે. જીવ ક્યાં ખળી રહ્યો છે તે સત્પુરુષ જાણે છે, બીજાને ખબર ન પડે. દરેક જીવ જુદા જુદા કારણોમાં ખળી રહ્યો હોય છે ત્યાં એને ટકોર થાય તો ત્યાંથી જાગે.

મોહના અનેક પ્રકાર છે. સત્પુરુષાર્થ પણ અનેક પ્રકારના છે. મોક્ષમાર્ગમાં ગમે ત્યાંથી આગળ ખસે તે સત્પુરુષાર્થ. વિચાર કરીને પોતાની વૃત્તિ પાછી વાળવી. જ્યાં ચિત્ત જાય ત્યાંથી પાછું વાળવું. જડ વસ્તુમાંથી શું નીકળવાનું છે ? કાદવની કોઠીમાંથી ધોવે તો શું નીકળે ? કાદવ જ ને ? જડમાંથી કંઈ ચેતન તો ન નીકળે, માટે વારંવાર વિચારીને પોતાની વૃત્તિઓ ઊંડા ઊતરીને, તપાસીને બધી ખામીઓ કાઢી નાંખવાની છે.

[૧]ગૌતમસ્વામી સર્વજ્ઞ કહેવાતા હતા પણ આત્મા હશે કે નહીં ? એવી શંકા રહેતી. વેદમાં કોઈ ઠેકાણે આત્મા છે અને કોઈ ઠેકાણે આત્મા નથી એમ આવે છે, તેથી એમને શંકા રહ્યા કરતી; પણ મોટા એટલે પછી કોઈને એમનાથી પુછાય નહીં. આપણે આટલું બધું જાણીએ, તો બીજાને કેમ પુછાય ? એમ રહેતું. મિથ્યાત્વશલ્ય હોય તે એને ખૂંચ્યા કરે. મહાવીરસ્વામી મળ્યા ત્યારે નીકળી ગયું. એમ કોઈ કોઈ વસ્તુમાં જીવ ખળી રહે છે. ધર્મ કરે, બધું કરે પણ એમાં શંકા રહી જાય છે. માટે કૃપાળુદેવે છ પદ કહ્યાં છે. એ છ પદની શ્રદ્ધા થાય તો સમકિત થાય. 'આત્મા છે' એમ વારંવાર વિચારી, કોઈ કાળે શંકા પાછી ન થાય, એવું થાય, 'આત્મા નિત્ય છે' એમાં કોઈ કાળે

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૩૫૬.

શંકા ન થાય, ‘આત્મા કર્ત્તા છે,’ ‘ભોક્તા છે,’ ‘મોક્ષ છે,’ ‘મોક્ષનો ઉપાય છે’ એમાં કોઈ કાળે શંકા ઉત્પન્ન ન થાય ત્યારે એને ક્ષાયક કહેવાય.

વારંવાર વિચારીને જે જ્ઞાનીની માન્યતા છે તે જ કરવાની છે. જ્ઞાનીની માન્યતા થાય તો પછી એને સકળ જગત તે એંઠવત્ લાગે. પછી એમાં હાથ ન ઘાલે. આયુષ્યનો ઘણો વખત એમાં જતો રહે છે, એ વિચારીને પાછું વળવાનું છે. બધાથી મોટામાં મોટી ભૂલ જીવને મુમુક્ષુતા નથી એ છે. મુમુક્ષુતા આવે તો છૂટું છૂટું થાય, પછી મોહથી મૂંઝાય. મોક્ષના કારણોમાં પ્રેમ પ્રીતિ થાય, ત્યારે મુમુક્ષુતા આવી કહેવાય. પોતાના દોષો દેખે, ઓકી કાઢે તે મુમુક્ષુતા છે. બીજાના દોષ અને પોતાના ગુણ જોવાની જીવને ટેવ પડી ગઈ છે. આટલી માળા ફેરવી, આટલી તપસ્યા કરી એમ જીવ ગણતરી કરે છે. પોતાના દોષો જોઈને કાઢવાના છે. દોષ દેખે નહીં તો જાય ક્યાંથી? દોષ દેખે તો ખૂંચે, પણ પછી પોતાથી ન જાય તો સત્પુરુષ પાસે જાય, ત્યાં એના દોષો નીકળે. આ મારી વાત ચાલે છે, એમ જીવને થતું નથી. કોઈકની વાત કરે છે એમ જ એને રહે છે.

*

(સાંજના–સભામાં, ‘પ્રભુશ્રીજીનો બોધ’ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–પોતાના દોષો જોવા તે મુમુક્ષુતા છે.

મુમુક્ષુ–‘કહેનારો કહી છૂટે અને વહેનારો વહી છૂટે’ એટલે શું?

પૂજ્યશ્રી–સત્પુરુષો તો કહી છૂટે. કરવાનું પોતાને છે.

(બપોરના–ઉપર) ૯૨ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા સુદ ૧૧, સં.૨૦૦૯
(‘ચારિત્રચક્રવર્તી’ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–છોકરા, છોકરી સાથે ભણે એ ઠીક નથી. પુરુષની સભા જુદી અને સ્ત્રીની જુદી, એમ સમવસરણમાં હોય છે. તો આ કાળમાં, મનુષ્યોમાં, છોકરા છોકરીઓ ભેગા ભણે એ ઠીક નથી. સમવસરણમાં બધાની જુદી જુદી સભાઓ હોય છે. નિશાળમાં સાથે ભણે, બીજું નોકરી, સ્ત્રી-પુરુષ સાથે કરે તે ઠીક નથી. બ્રહ્મચર્યની દૃષ્ટિએ જોઈએ તો તે યોગ્ય નથી. પરદેશમાં એવું થાય છે, ત્યાં શીલનું માહાત્મ્ય રહ્યું નથી. આઠ વર્ષની ઉંમરે પહેલાં બ્રહ્મચર્ય આપવામાં આવતું. બ્રહ્મચારી તાંદુલ ખાય નહીં. જમીન ઉપર સૂએ. જ્યાં સુધી ભણે ત્યાં સુધી એવી કઠણ ક્રિયા પાળે છે. શ્રાવકના આઠ મૂળ ગુણ છે. મધુ, માંસ, દારૂ, પાંચ ઉદંબરફળ અથવા હિંસાદિ પાંચ પાપોનો ત્યાગ એ શ્રાવકના મૂળ ગુણો કહેવાય છે. ભણવા પૂરતું બ્રહ્મચર્ય લે છે તે અદીક્ષા બ્રહ્મચર્ય છે. પછી ગૃહસ્થ થવું હોય તો થાય. મોટો હોય કે નાનો આઠ વર્ષનો હોય તેને બ્રહ્મચર્ય આપે છે.

બ્રહ્મચર્ય પાળવા શું શું કરવું? ગુરુની આજ્ઞા ઉઠાવે, વૃદ્ધોનો સમાગમ કરે અને જુવાનોનો

સંગ ન કરે તે નિર્મળ બ્રહ્મચર્ય પાળે છે. યુવાન પુરુષ અને યુવાન સ્ત્રીઓનો સમાગમ કામનું સ્થાન છે. [1]ચાર વસ્તુઓ જીવને અહિતકારી છે તેમાં એક યૌવન પણ કહ્યું છે. તરુણ અવસ્થા એવી છે કે મોટા વડીલની પણ શિખામણ માને નહીં. તરુણ અવસ્થા દારૂ પીધા જેવી છે, પછી મા બાપનું પણ માને નહીં. યૌવન અવસ્થામાં કામનું બળ વિશેષ છે. ત્યાં વિવેક હોય, સત્સંગ હોય તો એનું સારું જીવન થાય નહીં તો યૌવનમાં કામ-વાસનામાં તણાઈ જાય છે. સ્ત્રીની મૂર્તિ હોય કે ચિત્ર હોય તે બન્ને વિકારકારક છે. એવી જગ્યા હોય ત્યાં મુનિઓ ઊતરતા નથી, એમ નવ વાડમાં આવે છે. પારો મારી નાંખ્યો હોય તે પણ સિદ્ધ ઔષધિથી સજીવન થઈ જાય છે. એવી રીતે જેને સમાધિયુક્ત મન થયું હોય તેને પણ સ્ત્રીને લીધે રાગ પાછો સજીવન થઈ જાય છે.

ખેતર બહુ સારું હોય પણ વાડ ન કરી હોય તો બધું નાશ થઈ જાય. જ્યાં સ્ત્રીઓ રહેતી હોય તે સ્થાન, પ્રેમથી સ્ત્રીઓનાં અંગોપાંગ નીરખવાં, સ્ત્રીઓની સાથે રાજી થવું, મધુર વચન બોલવાં, પૂર્વની ક્રીડાને સંભારવી, ભારે આહાર, શરીરની શોભા વધારવી, ટાપટીપ કરવી, નાહવું, ધોવું, શૃંગાર કરવા, જ્યાં સ્ત્રી બેઠી હોય ત્યાં બેસવું, કામવિકાર વધારે એવી કથા કરવી અને જોઈએ તેથી વિશેષ આહાર કરવો એ બધાંનો ત્યાગ કરે તો નવ વાડ પ્રગટે. એ નવ વાડો હોય તો બ્રહ્મચર્ય બરાબર પળાય. પાંચ મહાવ્રતો પહેલા અને છેલ્લા તીર્થંકરના વખતમાં હતાં. બીજા તીર્થંકરોના વખતમાં ચાર મહાવ્રત કહ્યાં હતાં. પરિગ્રહ મહાવ્રતમાં બ્રહ્મચર્ય આવી જાય છે. એઓના વખતના શિષ્યો પ્રજ્ઞ હતા.

એક સામાયિક શબ્દ કહે તો છ આવશ્યક સમજી જતા. એક અહિંસા મહાવ્રત કહે તો બધાં મહાવ્રતો સમજી જાય એવા પ્રજ્ઞ હતા, તેથી ચાર મહાવ્રત કહ્યાં હતાં. એ તો કાળ જેવો હોય તેવું કથન કરાય. દિગંબરમાં પાંચે મહાવ્રત બધા તીર્થંકરના વખતમાં હતા એમ કહે છે.

**"પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન"**

યોગ્યતા બ્રહ્મચર્યથી આવે છે. નિર્વિકાર આહાર લેવો અથવા નિરાહારી રહેવું એ ઇન્દ્રિયોને વશ કરવાનો ઉપાય છે. મડદાને ઘરેણાં પહેરાવે તે કંઈ શોભાનું કારણ નથી, નકામા છે. તેમ જેણે બ્રહ્મચર્ય લીધું છે તેણે ધનનો પરિગ્રહ ભેગો કરવો તે મડદાને ઘરેણાં પહેરાવવા જેવું છે. ધન કમાઈને ભોગ બધાને મેળવવા છે. એ ભોગો તો એને જોઈતા નથી, તો પછી ધનને એ શું કરે? 'સાગાર ધર્મામૃત'માં એવું આવે છે કે પાંચ ઇન્દ્રિયમાં જીભ, આઠે કર્મોમાં મોહનીય કર્મ, પાંચ મહાવ્રતમાં બ્રહ્મચર્ય, ત્રણે ગુપ્તિમાં મનોગુપ્તિ એ ચાર વાતો મુશ્કેલ છે. બ્રહ્મચર્ય જો એને યથાર્થ રીતે પળાય તો મોક્ષ થાય, કેમકે બ્રહ્મ નામ આત્માનું છે. તેમાં ચર્ય એટલે ચર્યા કરાય તો મોક્ષ જ થાય ને!

*

૧. यौवनं धनसंपत्तिरधिकारश्च मूर्खता। एकैकमप्यनर्थाय किमु यत्र चतुष्टयम् ॥ યુવાન અવસ્થા, ધનસંપત્તિ, અધિકાર અને મૂર્ખતા એમાંથી એક હોય તો પણ અનર્થ માટે થાય છે. તો પછી જ્યાં ચારે હોય ત્યાં તો કહેવું જ શું?

(સાંજના–સભામાં, 'પ્રભુશ્રીજીનો બોધ'ના વાંચન પ્રસંગે)

મુમુક્ષુ–'ખીચડીમાં ઘી ઢળે છે તે લેખામાં છે' એટલે શું?

પૂજ્યશ્રી–આત્મામાં ભાવ જાય એ કામનો છે, એમ કહેવું છે.

(બપોરના–ઉપર) ૯૩ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા સુદ ૧૨, સં.૨૦૦૯

('ચારિત્રચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–હવે છેલ્લા અપરિગ્રહ વ્રત સંબંધી કહે છે. પરિગ્રહ એટલે જેમાં આપણું ચિત્ત ચોંટે, 'મારું છે' એમ મનાય તે. ગામમાં મમતા થાય છે, શહેરમાં મમતા થાય, આ વન અમારું છે એમ થાય છે તે બધા પરિગ્રહ છે અને અંતરંગ પરિગ્રહ ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, વેદ અને મિથ્યાત્વ છે. મૂર્છા એટલે મમતા, તે પરિગ્રહ છે. ઇચ્છાપરિમાણ પણ એ વ્રતને કહેવાય છે. જેટલું જરૂરનું હોય તેની મર્યાદા કરી, બાકીની વસ્તુઓ મારી નથી એમ પરિમાણ કરવું, તે ઇચ્છા-પરિમાણ એટલે પરિગ્રહ-પરિમાણ કહેવાય છે.

પરવસ્તુમાં મૂર્છા દૂર થાય તો પોતાની ન ગણે. શરીરમાં મૂર્છા થાય છે તેનું કારણ હું શરીરથી ભિન્ન છું એમ જીવને થયું નથી. મૂર્છા આવે ત્યારે જીવને ભાન નથી રહેતું. તેમ મારું શું છે તેનું ભાન ન હોય અને દેહને મારો મારો કરે, તે મૂર્છા છે. સમ્યક્ત્વ થાય ત્યારે મૂર્છા દૂર થઈ ભાન થાય છે. શરીરમાં મમતા થાય તેથી બીજી વસ્તુમાં પણ મમતા થાય છે. શરીર જાડું તો હું જાડો, શરીર રૂપાળું તો હું રૂપાળો, એમ જીવને થાય છે. શરીર તો દવાના પડીકા જેવું છે. એ પડીકું કંઈ ખાવાના કામમાં ન આવે. આત્મા પરવસ્તુમાં વણાઈ ગયો છે. દેહને મારો માન્યો તેથી આખો સંસાર થયો. મારું ધન, મારા પૈસા એમ થયું છે.

વડનું બીજ નાનું હોય છે, પણ એને વાવીને ઉછેરે તો હાથી બાંધે તેટલો મોટો વડ તૈયાર થાય છે. તેમ 'દેહ તે હું' એમ થયું તે સંસારનું બીજ છે, તેથી આખો સંસાર ઊભો થયો છે. દેહ ને આત્મા એક છે એમ મનાય છે તેથી સંસાર ઊભો થયો છે. જ્યારે કોઈ જ્ઞાની મળે અને બોધ મળે ત્યારે ગ્રંથિભેદ થાય. સત્સંગ, સદ્વિચાર જાગે તો ગ્રંથિભેદ થવાનું કારણ થાય. દેહને મારો માને છે તેથી મારા સગાં-વહાલાં એમ થાય છે, પણ આ દેહની બધી સગાઈઓ છે. પુદ્ગલમાં વાણિયો, બ્રાહ્મણ કશું છે નહીં. માત્ર એ કલ્પના કરી છે. જે જે વસ્તુ એને ગમે તે સારી લાગે છે અને સારી તે મારી થાય એમ ઇચ્છે છે. અને જે વસ્તુ પોતાને ન ગમે તેને ખોટી ગણે છે અને તે દૂર થાય તો સારું, એમ ઇચ્છે છે. શરીર ને આત્મા એક માન્યો તેથી સંસાર થયો. એ છૂટે તો આત્મા અસંગ થઈ મોક્ષે જાય. બાહ્યદૃષ્ટિથી 'દેહ તે હું' એમ મનાય છે. મૂર્છા થાય છે તે સંસારનું કારણ છે. સાધારણ વનસ્પતિના એક શરીરમાં ઘણા જીવો હોય છે તે એક શ્વાસમાં અઢાર ક્ષુદ્ર ભવ કરે છે ત્યાં જ્ઞાન, મરણ વખતે વધારે આવરણ પામે છે. તે વખતે ઓછામાં ઓછું અક્ષરના અનંતમા ભાગ જેટલું જ્ઞાન હોય છે, ત્યાં પણ 'હું દેહ છું' એમ જીવને થાય છે.

પરિગ્રહમાં બુદ્ધિ અનાદિથી છે. જે દેહ મળ્યો તેમાં મારાપણું થઈ જાય છે અને મોહનો એવો

પ્રભાવ છે કે આત્માની વાત સાંભળવી ગમતી નથી. એવી વાત સાંભળતાં ઊંઘ આવે છે. પોતાના સ્વરૂપનું ભાન નથી તેથી આ મારા આત્માની વાત કરે છે એમ જીવને લાગતું નથી, કોઈકની વાત કરે છે એમ લાગે છે. જ્યારે જ્ઞાનીનો બોધ મળે ત્યારે 'હું દેહ નથી' એમ થાય. શ્રદ્ધા થાય ત્યારથી ધર્મની શરૂઆત થઈ કહેવાય. એ જ્યાં સુધી સમજાયું નથી ત્યાં સુધી સમ્યક્જ્ઞાન ન કહેવાય. એવું થાય ત્યારે સંસારસમુદ્રને કાંઠે આવ્યો કહેવાય.

કોઈ માણસે ધોબીને પોતાની ચાદર ધોવા આપી હતી તે માગી, ધોબીએ ભૂલમાં કોઈ બીજાની ચાદર આપી દીધી. તે માણસ કોઈ જંગલમાં સૂતો હતો, ત્યાંથી થઈને તે ચાદર જેની હતી તે નીકળ્યો. ચાદર તેના જોવામાં આવી. ઉપર નામ હતું. તેથી એ તો મારી છે, આ ક્યાંથી ઓઢીને સૂતો છે? એમ થયું. તેથી તેને ચાદર તાણીને જગાડ્યો અને કહ્યું કે ભાઈ, આ તો મારી ચાદર છે, જુઓ આ મારું એના પર નામ છે. તેણે કહ્યું કે ભૂલમાં મને ધોબીએ આપી દીધી લાગે છે. હું તમને પાછી આપી દઈશ. મારી નથી એમ એને થઈ ગયું. એમ આ શરીર પારકું છે. દેહનાં (જડનાં) અને ચેતનનાં લક્ષણ જુદાં છે.

**"દેહ માત્ર સંયોગ છે, વળી જડ રૂપી દૃશ્ય"**

દેહ જડ છે, આત્મા જ્ઞાનસ્વરૂપ છે. દેહ રૂપી છે, આત્મા અરૂપી છે. દેહ દૃશ્ય છે, આત્મા દ્રષ્ટા છે, એમ સદ્‌ગુરુના લક્ષે દેહ અને આત્માને લક્ષણોથી ભિન્ન જાણે ત્યારે થાય કે આ દેહ તો મારાથી જુદો છે, મારો નથી; એમ એને થઈ જાય. એવાં બેયનાં લક્ષણો જુદાં સાંભળી સદ્‌ગુરુની પાસે પછી આત્માનો નિર્ણય કરે તો પછી મોહ ઓછો થાય, પરિગ્રહમાં એને ભાવ ન થાય, મારું નથી એમ થાય.

મુમુક્ષુ—આવું સાંભળ સાંભળ કરીએ છીએ, પણ 'મારું નથી' એવા ભાવ તો થતા નથી.

પૂજ્યશ્રી—ભાવ તો પાછા એકાંતમાં બેસી વિચાર કરે ત્યારે થાય. હજાર વર્ષ સુધી સાંભળ સાંભળ કરે, પણ કંઈ વિચાર ન કરે તો શાની ભાવના થાય?

**"સાંભળી સાંભળી ફૂટ્યા કાન, તોયે ન આવ્યું બ્રહ્મજ્ઞાન"**

વિચાર કર્યા વગર કંઈ ફળ ન થાય, એવું છે.

(બપોરના—ઉપર) ૯૪ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા સુદ ૧૩, સં.૨૦૦૯
('ચારિત્રચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—આત્મજ્ઞાન થાય ત્યારથી, પારકી વસ્તુ જાણી તેને સોંપી દેવાનું મન થાય છે. પુદ્‌ગલનું પુદ્‌ગલમાં જાય એવું કરવાનું છે. અંતરાત્મા થાય તો જેમ બને તેમ કષાય ઓછા કરવાનો પ્રયત્ન કરે. સમ્યક્ત્વનું લક્ષણ વીતરાગતા છે. સમ્યક્ત્વ પ્રગટે ત્યારે નિષ્કાંક્ષિત ગુણ પ્રગટે છે. આપણું ખરું સ્વરૂપ સિદ્ધ સ્વરૂપ છે. ખરા સ્વરૂપનું ભાન થાય ત્યારે પારકી વસ્તુને મૂકી દે. ચોથા ગુણસ્થાનથી વીતરાગતાની શરૂઆત થાય છે. પછી પાંચમે, છઠ્ઠે, સાતમે,

આઠમે, નવમે, દશમે, અગિયારમે બધે વીતરાગતા છે. સંપૂર્ણ વીતરાગતા કેવળજ્ઞાન થાય ત્યારે હોય છે.

સીતાએ રામની પહેલાં દીક્ષા લીધી. સીતાનું આયુષ્ય થોડું હતું તેથી આયુષ્ય પૂરું કરી સોળમા દેવલોકમાં ગઈ. પછી થોડાક દિવસો સુધી રાજ્ય કરી રામે પણ દીક્ષા લીધી. સીતાએ વાત જાણી કે રામચંદ્ર દીક્ષા લઈને શ્રેણિ માંડવા માટે ઊભા છે, તે વખતે ત્યાં દેવલોકમાં સીતાના જીવને મોહ પેદા થયો કે રામના મનમાં થોડોક રાગભાવ આવી જશે, તો મોક્ષે નહીં જાય અને અહીં દેવલોકમાં આવશે, તેથી બન્નેનો સાથ થઈ જશે. પછી અહીંથી ચ્યવીને મનુષ્ય થઈ ત્યાં બન્ને તપ કરી સાથે સાથે મોક્ષે જઈશું. સીતાનો જીવ જે દેવ થયો છે તે જ્યાં રામ ઊભા છે ત્યાં સીતાનું રૂપ ધારણ કરી આવ્યો અને અનેક પ્રકારની રાગ ઉત્પન્ન કરે તેવી ચેષ્ટાઓ કરી. પરંતુ રામનું મન જરા પણ તે બાજુ ઢળ્યું નહીં. એ તો ધ્યાનમાં જ સ્થિર રહ્યા તેથી તરત કેવળજ્ઞાન પામ્યા. સીતાએ ચાળા કર્યા એટલામાં તો એમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લીધું. પછી તો સીતાના જીવે ક્ષમા માગી કે હે ભગવાન! મેં રાગભાવને લીધે એવું કર્યું તે ક્ષમા કરો.

કોઈ પ્રશ્ન કરે કે સમ્યગ્દૃષ્ટિ પણ એવી હલકી રાગપ્રવૃત્તિ કરે એ કેમ બને? સમ્યક્ત્વી તો હંમેશાં જ્ઞાનચેતનાવાળો રહે છે. તો તેનો ઉત્તર એમ છે કે જ્યાં સુધી સમ્યક્ત્વીને ચારિત્રમોહ બળવાનપણે હોય છે ત્યાં સુધી એવી પ્રવૃત્તિ પણ થાય છે. એ ચારિત્રમોહ બળવાનપણે ચોથે ગુણસ્થાનકે હોય છે. ત્યાં આગળ એવી પ્રવૃત્તિ થઈ શકે છે. સમ્યગ્દૃષ્ટિ દેવ હતા પણ ચારિત્રમોહને લીધે રાગભાવ થવાથી એવું કર્યું, તો પછી મિથ્યાત્વીની તો વાત જ શી?

ઉપસર્ગ બે પ્રકારના છે. એક પ્રતિકૂળ, બીજો અનુકૂળ. પ્રતિકૂળ ઉપસર્ગમાં દુઃખ ઉત્પન્ન થાય એવું કરાય છે અને અનુકૂળ ઉપસર્ગમાં મોહ થાય એવું કરાય છે. પ્રતિકૂળ કરતાં અનુકૂળ ઉપસર્ગમાં સ્થિર રહેવું વધારે મુશ્કેલ છે.

બાહ્યવેષ સમ્યગ્દર્શન આપે એવું નથી. પરિગ્રહનો ત્યાગ કર્યો પણ પરિગ્રહની આસક્તિ તો ન છોડી, ત્યાં સુધી એણે પરિગ્રહ ત્યાગ્યો એમ ન કહેવાય. મૂર્છારહિત ગૃહસ્થ હોય તે મૂર્છાવાળા મુનિ કરતાં ઉત્તમ છે. કૃપાળુદેવે લખ્યું છે કે ''કોણ ભાગ્યશાળી? અવિરતિ સમ્યગ્દૃષ્ટિ કે વિરતિ?'' (૨૧-૧૨૫) સમ્યગ્દર્શન સહિત હોય અને વ્રત વગેરે ન હોય તોય તે ભાગ્યશાળી છે અને સમ્યક્ત્વરહિત મિથ્યાત્વી હોય તે વ્રતવાળો હોય તોય ભાગ્યશાળી નથી. મૂળ વસ્તુ તો આસક્તિ, મૂર્છા તે પરિગ્રહ છે. કૃપાળુદેવે લખ્યું છે કે વેપાર કરીએ છીએ તે લોભને માટે કરીએ છીએ? તો કે એમ તો જણાતું નથી. પાંચ ઇન્દ્રિયના વિષયો ભોગવવા માટે પ્રવૃત્તિ કરાય છે, એવું પણ તપાસતાં લાગતું નથી, પણ પૂર્વકર્મને લઈને પ્રવૃત્તિ થાય છે ખરી.

અનાદિકાળથી ચાર સંજ્ઞા જીવને છે. આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ. એકેંદ્રિય જીવને પણ એ ચાર સંજ્ઞા હોય છે. પરિગ્રહ સંજ્ઞા હોય પણ તેને નિમિત્ત મળે તો એનો વિસ્તાર થાય. પરિગ્રહનાં સાધનો દેખાય કે વાસના ઉત્પન્ન થઈ જાય, પરિગ્રહની સંજ્ઞા થઈ જાય એટલા માટે

એથી દૂર રહેવાનું કહ્યું છે. પરિગ્રહના વિચારથી પણ પરિગ્રહ સંજ્ઞા થાય છે. પરિગ્રહવાળાની સોબતથી પણ પરિગ્રહ સંજ્ઞા થાય છે અથવા એવાં નિમિત્ત ન હોય તો પણ લોભની ઉદીરણા થાય તેથી પરિગ્રહ સંજ્ઞા ઉત્પન્ન થાય છે. ટૂંકામાં (૧) પરિગ્રહનાં સાધનો દેખવાથી. (૨) પરિગ્રહનું ચિંતવન કરવાથી. (૩) પરિગ્રહમાં આસક્ત મનુષ્યના સંગથી, (૪) અને લોભ કષાયની ઉદીરણા થવાથી પરિગ્રહની ઇચ્છા ઉત્પન્ન થાય છે.

જેને વધારે આસક્તિ હોય તેની પાસે જવાથી મૂર્છા થાય છે. જેને મૂર્છારોગ હોય તેની પાસે જવાથી મૂર્છારોગ આપણને લાગી જતો નથી પરંતુ પરિગ્રહ છે તે ચેપી રોગ જેવો છે. મૂર્છારોગ ચેપી રોગ નથી પણ આ પરિગ્રહ ચેપી રોગ છે. એવાં સ્થાનોમાં રહે મુંબઈ આદિ ક્ષેત્રોમાં, ત્યાં એવો રોગ લાગે છે. કૃપાળુદેવે પોતાની વયચર્યા લખી છે. તેમાં લખ્યું છે કે પરિગ્રહવાળાને જોઈ પરિગ્રહવાળા થવાની ઇચ્છા થતી.

[1]અંજન ચોરનું એક દૃષ્ટાંત છે કે અંજન ચોર ગણિકાને ઘેર જતો હતો. એક દિવસ રાણીને માટે રાજા એક બહુ કિંમતી હાર લાવેલો, તે હાર આ ગણિકાએ જોયેલો. હાર જોયો ત્યારથી એને એમ થયું કે આ હાર મારે મેળવવો. એ વિના મારું જીવન નકામું છે. અંજન ચોર રાત્રે ત્યાં આવ્યો ત્યારે ગણિકાએ કહ્યું કે રાજાની રાણીનો હાર છે તે લઈ આવો તો તમને અહીં આવવા દઉં. અંજન ચોર પાસે વિદ્યા હતી. તેથી રાત્રે રાજમહેલમાં જઈને હાર લઈ આવ્યો. હારના ચળકાટથી પહેરેદારો જાગી ગયા. હાર ચોર લઈ જાય છે એમ જાણી પાછળ દોડ્યા. અંજન ચોર આગળ દોડ્યો. ત્યાં આગળ જંગલમાં એક શેઠનો નોકર આકાશગામિની વિદ્યા સાધતો હતો પણ વિદ્યા સાધતાં તેને ભય લાગતો હતો. અંજને બધી હકીકત પૂછી અને પછી એણે બધાં દોરડાં કાપી નાખ્યાં તો વિદ્યા પ્રગટ થઈ. વિદ્યા એને મેરુ પર્વત ઉપર લઈ ગઈ. ત્યાં તે શેઠ પૂજા કરતા હતા તે તેને મળ્યા. પછી ત્યાં કોઈ મુનિરાજ પધાર્યા હતા તેમની પાસે દીક્ષા લીધી. આઠ દિવસમાં બધાં કર્મ ખપાવીને મોક્ષે જતો રહ્યો.

કહેવાનું કે કોઈ વસ્તુ જુએ ત્યારે જીવને લોભ થાય છે. જેટલો લોભ વધારે તેટલા ભવ વધારે. આશા, તૃષ્ણા, લોભ એ જન્મમરણ વધારનાર છે. જેને જન્મમરણ વધારવાં હોય તેણે આશા તૃષ્ણા વધારવી. છોડવાં હોય તો આશા તૃષ્ણાને છોડી સંતોષ ભાવ ધારણ કરવો. બધા પાપનું મૂળ લોભ છે. મોહની બધી કર્મ પ્રકૃતિઓમાં લોભ છેલ્લો જાય છે. તે સૂક્ષ્મ સાંપરાય નામના દશમા ગુણસ્થાનક સુધી રહે છે. જો લોભ જાય તો કેવળજ્ઞાન થાય એવું છે. લોભ કષાય જેમ બને તેમ ઓછો કરવો છે એ લક્ષ રાખવો.

પાવાપુરી, સમ્મેતશિખર, ચંપાપુરી બધે જઈ આવ્યા, પણ ક્યાંય સત્સંગ ન મળે. બધે ખાવાપીવાની વાતો. બીજા વેપારાદિની પ્રવૃત્તિ થાય છે તેવી આ પણ એક ધર્મની પ્રવૃત્તિ છે. ક્યાંય શાંતિ નથી.

*

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પ્રવેશિકા શિક્ષાપાઠ ૨૮ તથા ૨૯.

(સાંજના–સભામાં)

પૂજ્યશ્રી–આત્મામાં શક્તિ પ્રગટવાથી અનેક પ્રકારની લબ્ધિઓ પ્રગટે છે.

*

('પ્રભુશ્રીજીનો બોધ'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–મહાપુણ્યનો ઉદય હોય ત્યારે સત્પુરુષનો યોગ થાય છે. હું સમકિત નથી પામ્યો એમ થતું નથી. આ મનુષ્યભવ પામીને મારે સમકિત કરવું છે એમ નથી લાગતું. જીવને ધીંગધણીની ઓળખાણ નથી. ધીંગધણી માથે હોય તો નિર્ભય હોય. એક મન જિતાય તો પાંચ ઇન્દ્રિયો જિતાય અને પાંચ ઇન્દ્રિયો જિતાય તો કષાય જિતાય.

૯૫ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા સુદ ૧૪, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–કોઈ વસ્તુ સમજવા માટે કહેવું તે નય છે. નય એટલે કહેવાની રીત. સામાના કહેવાનો અભિપ્રાય તે નય છે. જેમકે 'આત્મા નિત્ય છે' એમ કોઈ કહે અને કોઈ કહે કે આત્મા અનિત્ય છે, તો તે બન્ને સત્ય છે. દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે, એમ અપેક્ષા રાખી બોલાય તો સત્ય છે. વસ્તુને સંપૂર્ણપણે કહે તે પ્રમાણ છે અને અંશે કહે તે નય છે.

(એક મુમુક્ષુને ઉદ્દેશીને) તેં આજે એકાસણું કર્યું છે?

મુમુક્ષુ–હાજી.

પૂજ્યશ્રી–સારું છે, એમ અભ્યાસ કરવાની જરૂર છે. પ્રસંગે પ્રસંગે એમ કરવાનું રાખવું, ટેવાઈ જવું. તપથી નિર્જરા થાય છે, આત્મા ભણી વૃત્તિ જાય છે. બીજું, જીવને તપ કરે તો અવકાશ મળે. તપને દિવસે વાંચીએ, ફેરવીએ. કૃપાળુદેવના પત્રો શીખ્યા હોઈએ તે ફેરવીએ. પ્રમાદ ન કરવો. જરાક પ્રમાદ આવે કે તરત 'સમાધિસોપાન'માંથી કે બીજામાંથી વાંચીએ. પ્રમાદ ને આળસ તો શત્રુ છે. (એક મુમુક્ષુ પાસે પત્રાંક ૨૫૪ વંચાવીને પૂજ્યશ્રીએ કહ્યું)

મુમુક્ષુતામાં મુનિપણું પણ આવી જાય છે. કારણ કે મુમુક્ષુતા એટલે "સર્વ પ્રકારની મોહાસક્તિથી મુઝાઈ એક 'મોક્ષ'ને વિષે જ યત્ન કરવો." (૨૫૪) મુનિ પણ સર્વ પ્રકારની મોહાસક્તિથી મુઝાયા છે, તેથી તે પણ મુમુક્ષુ છે. તીવ્ર મુમુક્ષુતા એ અપ્રમત્તદશામાં હોય છે. જ્યારથી મોક્ષની જિજ્ઞાસાની શરૂઆત થઈ ત્યારથી મુમુક્ષુતા છે. મુમુક્ષુતાની ભૂમિકા બહુ મોટી છે.

મુમુક્ષુ– **"મુખ મટકે જગજન વશ કરે, લોયણ લટકે હરે ચિત્ત મેરે લાલ;**
**ચારિત્ર ચટકે પાતિક હરે, અટકે નહિ કરતો હિત મેરે લાલ."** (યશો૦...)

ચટકે એટલે શું?

પૂજ્યશ્રી–જેમ માખીએ ચટકો માર્યો હોય તો વારંવાર માખી એને સાંભર્યા કરે, તેમ

ચારિત્રનો ચટકો લાગ્યો હોય તો તેમાં જ મન જાય. તેથી પછી પાંચ પાપોમાં પેસે નહીં. પાપોને હરે, દૂર કરે.

મુમુક્ષુ—'લોયણ લટકે' એટલે શું?

પૂજ્યશ્રી—આંખના પલકારા. સંસ્કૃતમાં એને કટાક્ષ કહે છે.

(એક મુમુક્ષુને ઉદ્દેશીને)—તું 'દશવૈકાલિક' ક્યારે ફેરવે છે?

મુમુક્ષુ—સવારમાં.

પૂજ્યશ્રી—સારું. બપોરે ન ફેરવવું. સૂત્રો અમુક વખતે જ ફેરવવાનાં હોય છે. 'દશવૈકાલિક' મૂળ માગધી ગ્રંથ— તે બાર વાગ્યાથી એક વાગ્યા સુધી ન ફેરવવું. એક વાગ્યા પછી ફેરવાય. ત્યારપછી બીજો વિકાળ સમય દિવસ આથમતી વખતનો છે. તેમાં પણ સૂત્ર ન ફેરવવું અને પછી રાત્રિ અને દિવસ ભેગા મળતા હોય એવા પ્રાતઃકાળે અને મધ્યરાત્રિ છે તે વખતે પણ ન ફેરવવાં, એમ એનો કાળ છે.

મુમુક્ષુ—એ સૂત્ર વિકાળમાં જ લખેલું છે ને?

પૂજ્યશ્રી—વિકાળ એટલે આચાર્યને પોતાનું જે શાસ્ત્ર ફેરવવાનું કામ તે પૂરું થયા પછી એ સૂત્ર લખતા, પણ કંઈ વિકાલિક સમય જે પહેલા કહ્યાં તેમાં લખ્યું નથી. વિકાળ સમયમાં આહારનો, ગોચરીનો, પ્રતિક્રમણ વગેરેનો કાળ હોય છે તેથી એના વિકલ્પો આવે. તે વખતે ન ફેરવવું. આ નિયમ સૂત્રોને માટે છે.

મુમુક્ષુ—સામાયિકમાં લેખન ક્રિયા કરી શકાય?

પૂજ્યશ્રી—હા. સામાયિકમાં લખાય, વંચાય, ગોખાય, શીખાય. ધર્મની પ્રવૃત્તિ બધી થઈ શકે. બે ઘડી એવો નિયમ કરીને બેસવું કે મારે બે ઘડી સુધી ક્યાંય જવું નથી, અહીંથી ઊઠવું નથી, બીજા વિચારો કરવા નથી. એમ જો સંકલ્પ કરીને બેસે તો ચિત્ત વધારે સ્થિર થાય. મારે હવે બીજાં કામ કરવાં જ નથી એમ થઈ જાય. તેથી મન બીજે ન જાય. અંબાલાલભાઈ તો સામાયિક લઈને ખાસ લખવાનું જ કામ કરતા. પહેલાં 'સમયસાર' વગેરે શાસ્ત્રો છપાયેલાં નહીં, તેથી લહિયાનું કામ ખાસ અંબાલાલભાઈ પાસે કૃપાળુદેવ કરાવતા. અંબાલાલભાઈ બહુ ભણેલા નહીં, તો પણ એમને સદ્‌ગુરુકૃપાથી ઘણું ખરું સમજાતું. કૃપાળુદેવે 'કર્મગ્રંથ' વાંચવા આપ્યો હતો. પછી લખ્યું કે 'કર્મગ્રંથ'માં શું આવ્યું? તેનો સરવાળો લખશો. અંબાલાલે ગુરુકૃપાને મુખ્ય કરી પછી ગૌણપણે કર્મની વાત લખી હતી.

*

(સાંજના—સભામાં, 'પ્રભુશ્રીજીનો બોધ'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—જ્ઞાની વધારે વેદના આવે ત્યારે રાજી થાય છે.

કોઈ ગાળો ભાંડે, નિંદા કરે પણ એનાથી આપણામાં ઘણા દોષો છે, એ તો એક જ દોષ કહે છે; એનાથી મારામાં તો અનંત દોષો છે, એમ મુમુક્ષુને થાય છે.

(બપોરના–ઉપર) ૯૬ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા સુદ ૧૫, સં.૨૦૦૯
('સમાધિશતક'ના વાંચન પ્રસંગે)

મુમુક્ષુ– **"ત્રિવિધ સકલ તનુધરગત આતમા, બહિરાતમ ધુરિ ભેદ, સુજ્ઞાની;**
**બીજો અંતર આતમ તીસરો, પરમાતમ અવિચ્છેદ, સુજ્ઞાની."** (આ.૫)

એટલે શું?

પૂજ્યશ્રી–બધાય શરીર ધારણ કરનારા આત્મા ત્રણ પ્રકારે છે. તનુધર એટલે શરીર ધારણ કરનારા. ધુર એટલે પહેલો. પહેલો ભેદ બહિરાત્માનો છે. બીજો ભેદ અંતરઆત્માનો છે. "પરમાતમ અવિચ્છેદ" એટલે સંપૂર્ણ પરમાત્મા છે. અઘ એટલે પાપ. મિથ્યાત્વ એ જ મોટું પાપ છે. સાખીધર એટલે સાક્ષી. સાક્ષી હોય તેને રાગદ્વેષ ન હોય. જેવું જોયું, દેખ્યું તેવું કહે, રાગદ્વેષ ન કરે તે સાખીધર. વર્જિત એટલે રહિત.

અભવ્ય જીવનો મોક્ષ થવાનો નથી; તો પછી સર્વ જીવોમાં ત્રણ આત્મા છે, એમ કેમ કહ્યું? તો કે એ અપેક્ષાએ કહ્યું છે. અત્યારે પ્રગટ નથી પણ સત્તામાં છે. અભવ્યને કેવળજ્ઞાનાવરણીય કર્મ છે, તો કેવળજ્ઞાન પણ સત્તામાં છે, નહીં તો કેવળજ્ઞાનાવરણીય ન હોય. બધાની પેઠે અભવ્યને પાંચે પ્રકારનાં આવરણ છે. અભવ્યને અવધિજ્ઞાન ન કહેવાય. સમ્યક્ત્વરહિત અવધિ હોય છે તે કુઅવધિ કહેવાય છે, વિભંગ કહેવાય છે. એ એને હોઈ શકે છે. કેવળજ્ઞાન થાય એવો પુરુષાર્થ એનાથી થતો નથી. સમકિત થાય તેવો પણ પુરુષાર્થ એનાથી થતો નથી, તો પછી કેવળજ્ઞાન થાય એવો પુરુષાર્થ તો ક્યાંથી થાય?

જીવો ચાર પ્રકારના છે. ભવ્ય, અભવ્ય, દૂરતરભવ્ય અને આસન્નભવ્ય. દૂરતરભવ્યને જ્ઞાનીનો યોગ ન થાય, એવા કેટલાક જીવો હોય છે. અભવ્યનો એવો સ્વભાવ છે કે જ્ઞાની મળે, દીક્ષા લે, તો પણ એના હૃદયમાં સંસારના સુખની શ્રદ્ધા હોય છે. પંચેન્દ્રિયના સુખ વગર સુખ નથી એમ એને હોય છે. આત્માની પ્રતીતિ એને ન થાય. કર્મને લઈને એવું એને નથી પણ સ્વભાવ જ એવો છે. અભવ્ય અને દૂરતરભવ્ય પ્રાયઃ સાથે જ રહે છે. ભવોભવમાં એને એટલે દૂરતરભવ્યને અભવ્યનો જ સંગ મળે, એના જ સંસ્કાર પડ્યા કરે. તીર્થંકરની સભામાં જાય, ક્રિયા કરે, દીક્ષા લે, પણ અંતરંગ દશા એને સારી લાગતી નથી. બાહ્ય વસ્તુઓમાં એને માહાત્મ્ય હોય છે. સમોવસરણ સારું છે. ભગવાનનું શરીર સારું લાગે પણ ભગવાનનું જે કહેવું છે તે એના હૃદયમાં ન ચોંટે. બાહ્ય ચારિત્ર એવું પાળે કે કેવળી પણ ભૂલ ન કાઢી શકે.

ભૂતકાળની અપેક્ષાએ સિદ્ધ પણ બહિરાત્મા કહેવાય. નયની અપેક્ષાએ કહેવાય છે. બહિરાત્માનું વર્ણન કરતાં પરમાત્માનું અને અંતરાત્માનું વર્ણન પણ સમાધિશતકમાં સાથે વર્ણવ્યું છે.

**“नारकं नारकाङ्गस्थं न स्वयं तत्त्वतस्तथा ।**
**अनंतानन्तधीशक्तिः स्वसंवेद्योऽचलस्थितिः ।।”** (સમાધિશતક-૯)

અંતરાત્મા થાય ત્યારપછી પરમાત્મા થાય છે. અંતરાત્મા થયો હોય તો પણ કર્મના ઉદયે, વખતે બહિરાત્મા થઈ જાય છે. માટે ચેતતા રહેવાની જરૂર છે. સર્વ જીવોમાં ત્રણ ભેદે આત્મા છે. બાહ્યઆત્મા, અંતરાત્મા અને પરમાત્મા એમ ત્રણ ભેદે આત્મા છે. કોઈ પ્રશ્ન કરે કે સિદ્ધ ભગવાન છે તેઓમાં તો એક પરમાત્મપણું જ છે, તો સર્વ જીવોમાં ત્રણ ભેદે આત્મા છે એ કેમ બને? તેનું સમાધાન એમ છે કે ભૂતકાળની અપેક્ષાએ સિદ્ધ ભગવાન પણ બાહ્ય આત્મા છે. એટલે ભૂતપ્રજ્ઞાપન નયની અપેક્ષાએ સિદ્ધ ભગવાનમાં પણ બાહ્યઆત્મપણું કહેવાય છે. જે અંતરાત્મા છે તેનામાં પરમાત્મપણું પ્રગટ નથી પણ પ્રગટ થવાનું છે. તે અપેક્ષાએ એને પણ પરમાત્મા કહેવાય અને બાહ્યાત્મા પહેલાં હતો, તેથી ભૂતકાળની અપેક્ષાએ એને પણ બહિરાત્મા કહેવાય. બાહ્યાત્મા છે તેમાં અંતરાત્મપણું અને પરમાત્મપણું નથી તો પણ એને એ સ્વરૂપ પ્રગટ થશે તે અપેક્ષાએ એને અંતરાત્મા અને પરમાત્મા પણ કહેવાય.

અહીં કોઈને શંકા થાય કે અભવ્ય જીવમાં તો કોઈ દિવસે અંતરાત્મ અને પરમાત્મપણું વ્યક્ત એટલે પ્રગટ થવાનું નથી. તો પછી એને અંતરાત્મપણું અને પરમાત્માપણું કેમ કહેવાય? તો કે અભવ્યને પણ સત્તાપણે અંતરાત્મપણું અને પરમાત્મપણું રહેલું છે, પણ પ્રગટ થવાનું નથી. એને કેવળજ્ઞાનાવરણીય છે. જો કેવળજ્ઞાન સત્તામાં ન હોય તો કેવળજ્ઞાનાવરણીય ક્યાંથી હોય? કેવળજ્ઞાન હોય તો એને ઢાંકનાર કેવળજ્ઞાનાવરણીય કહેવાય. જો કેવળજ્ઞાન જ ન હોય તો ઢાંકે શું? માટે સત્તારૂપે તો એમાં પણ અંતરાત્મપણું અને પરમાત્મપણું છે અને બહિરાત્મપણું તો એને છે જ. તે અપેક્ષાએ એનામાં પણ ત્રણે આત્મપણું છે.

ગોખીને રોજ ફેરવતા રહેવું. જેટલું મોઢે કર્યું હોય તે કોઈ નોટમાં લખી રાખવું કે મારે આટલું મોઢે છે. રવિવારે આ ફેરવવું, સોમવારે બીજું ફેરવવું એમ અઠવાડિયામાં બધું ફેરવાઈ જાય તો ભુલાય નહીં. બધું શીખવું છે, ગોખવું છે તે વિચાર કરવા માટે. કોઈને માટે ગોખવાનું નથી, પણ આપણા આત્માને માટે બધું કરવાનું છે.

*

(સાંજના—સભામાં)

પૂજ્યશ્રી—આ કાળમાં હીનપુણ્ય જીવો છે. “હતપુણ્ય લોકોએ ભરતક્ષેત્ર ઘેર્યું છે” (હાથનોંધ ૧-૩૮) એમ કૃપાળુદેવે લખ્યું છે. એક મોટો જીવ ત્યાગને આરાધે તો ઘણા જીવો તેની સાથે ત્યાગી થાય. ચાર ઘાતીકર્મ ક્ષય થાય ત્યારે કેવળજ્ઞાન થાય. એ કેવળજ્ઞાન થયા વિના કોઈ મોક્ષે જાય નહીં.

*

('પ્રભુશ્રીજીનો બોધ'ના વાંચન પ્રસંગે)

મુમુક્ષુ–''એણે કહી તે શ્રદ્ધા કરી તો તાળી'' એટલે શું?

પૂજ્યશ્રી–કામ થઈ જાય.

દેખાય તેમાં ઉપયોગ જાય છે પણ તે મટી ભગવાનની દશામાં એનો ઉપયોગ જાય તો કોટી કર્મ ખપી જાય.

**''પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્ગુરુ પાય''**

પ્રભુ પ્રભુ લય મને ક્યારે લાગશે? એમ એને ભાવના થાય તોય લાભ થાય.

(બપોરના–ઉપર) ૯૭ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા વદ ૧, સં.૨૦૦૯

('ચારિત્રચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–જે માણસ ત્યાગ કરે છે તે ઊંચે જાય છે, ગ્રહણ કરે તે નીચે જાય છે. મને આટલા પૈસા મળ્યા એમ જીવ કરે છે પણ કોઈની આશા પૂરી થઈ નથી. જ્યારે ત્યાગવૃત્તિ જાગે ત્યારે જ આશા ઓછી થાય, નહીં તો જેટલી આશા હોય તેથી વિશેષ થાય. જેમ લાભ થાય તેમ લોભ વધે છે. ધનવાનોને પૂછે કે તમે ધનવાન છો તો સુખી છો? તો ના જ પાડે. જેથી સુખ મળે નહીં તેમાં આખી જિંદગી ગાળે તે શું કામની? આત્મામાં આનંદ છે. દેવલોકમાં કશી કમાણી કરવાની હોતી નથી. અહીં પુણ્ય કર્યું હોય તે ભોગવવાનું હોય છે. ત્યાં જીવને મારું મારું થાય છે. જ્યારે એના મરણને છ મહિના બાકી રહે તે વખતે બહુ દુઃખી થાય છે અને મરીને એકેન્દ્રિય, બેઇન્દ્રિયમાં મિથ્યાદૃષ્ટિ દેવો પડે છે. છ મહિના પહેલાં એમની માળા કરમાઈ જાય, અવધિજ્ઞાન પણ ઓછું થઈ જાય તેથી એને ખબર પડે કે હવે મારું મોત નજીક છે. ગર્ભનાં દુઃખ એને દેખાય તેથી એને થાય કે ગર્ભમાં એવાં દુઃખ મારાથી કેવી રીતે ભોગવાશે? તેથી કોઈ ચંદનના ઝાડમાં કે હીરાની ખાણમાં જાઉં તો સારું, એમ નિયાણું કરીને કેટલાક મિથ્યાદૃષ્ટિઓ મરે છે. આયુષ્ય વધારવાનો ઉપાય નથી. આયુષ્ય જેટલું બાંધ્યું હોય તેટલું પૂરું થયે મરે જ; આ શરીર છોડીને જવું પડે. બધું અહીંનું અહીં પડ્યું રહે. મરણ વખતે જેવું કર્યું હોય તે આવીને ઊભું રહે. લેશ્યા એની બદલાઈ જાય. પાપ કર્યું હોય તો અશુભ લેશ્યા આવીને ઊભી રહે.

જે કંઈ કરીએ તેનું ફળ કેવું આવશે? તેનો વિચાર કરી પછી કામ કરવું. કોઈ વચન બોલવું તો વિચારીને બોલવું કે આ વચનથી મને શું હાનિ કે લાભ થશે? વેર બંધાય એવું વચન ન બોલવું. પાંચ ઇન્દ્રિયોના વિષયોને લીધે બધાં પાપ થાય છે, તેમાં ન પડવું. ભરત ચક્રવર્તીને વિચાર આવ્યો કે આ રાજ્ય પાપરૂપ છે, એમાં સુખ નથી. સુખ લેવા જાય છે અને દુઃખ લઈને આવે છે. આત્માનું હિત થાય એનો લક્ષ નથી રહેતો, તેથી પાંચ ઇન્દ્રિયના વિષયોમાં સુખ માને છે. પૈસા કમાવામાં પશુની પેઠે આખી જિંદગી ગાળી હોય, તોય એ લોકોમાં મોટા કહેવાય છે. અમારે ઘેર તો ફલાણા શેઠ પધાર્યા હતા એમ જીવ માને છે, પણ પાપી પુરુષ આવવાથી શું ભલું

થયું ? જેમાં સદ્ગુણ હોય તે પુરુષના દર્શનથી પણ લાભ થાય છે.

વિદ્યા એ મોક્ષને માટે શીખવાની છે. અધ્યાત્મવિદ્યા એ જ ખરી વિદ્યા છે. શાસ્ત્રોથી શિખામણ લઈ આચરણ કરે તો ધર્માત્મા કહેવાય. મોક્ષ આપે એવી વિદ્યાને લોકો પૈસા કમાવામાં વાપરે છે. જે વિદ્યાથી મોક્ષે જવું જોઈએ, તે વિદ્યાથી લોકો પેટ ભરવાનું કામ કરે છે. પરમકૃપાળુદેવે 'સુખ વિષે વિચાર'ના ૫-૬ ભાગ 'મોક્ષમાળા'માં લખ્યા છે તે વિચારવા જેવા છે. બધે દુઃખ છે. આપણી સાથે શું આવશે ? તેનો વિચાર નથી આવતો. કોઈ સત્સંગનો યોગ બને તો મનુષ્યભવનો સદુપયોગ થાય.

જેટલા પૈસા થયા તેટલો સુખી, એમ જીવ માને છે. બહુ આરંભપરિગ્રહ કરે તેનું ફળ નરકમાં ભોગવાય છે. નરકમાં કેટલાં દુઃખ છે એ જીવને ખબર નથી. પૈસા મળ્યા હોય પણ અંતરાયકર્મ હોય તો ભોગવાય નહીં. મમ્મણ શેઠની પેઠે ચોળા ખાઈને દહાડા કાઢે. જેને આજીવિકા જેટલું છે તેને તો ધર્મ કરવાનો છે. એ જ ખરી કમાણી છે. પણ સત્સંગ વિના ખરો રસ્તો સૂઝતો નથી માટે પહેલો સત્સંગ કરવાનો છે. પૈસાવાળાને બરાબર સૂવાનુંય ન મળે, તો પણ જીવ એને સુખ માને છે. પોતાનું કામ કરવું છે એવી જાગૃતિ હોય તો પૈસાનો સદુપયોગ થાય. ધન સંબંધી એવી ચિંતા ફિકર હોય છે કે આખો મનુષ્યભવ એમાં ખોઈ બેસે. જ્યાં સુધી ગૃહસ્થ હોય ત્યાં સુધી ધન જોઈએ, પણ મર્યાદા કરી હોય તો સુખી થાય. દરેક ભવમાં આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞા હોય છે. તેમાં જીવ તણાયા જ કરે છે. ધર્મને આગળ રાખે અને ધનને પાછળ રાખે તો હિત થાય. ધર્મપુરુષાર્થને ગુરુ માને અને ધનને ચેલો માને તો પછી એ ધન એના ઉપર ચઢી ન બેસે. ધર્મને મુખ્ય પુરુષાર્થ માને તો એ એને મોક્ષે લઈ જાય.

*

(સાંજના—સભામાં)

પૂજ્યશ્રી—સમ્યગ્દર્શન હોય તો વ્યંતરદેવ જેવા હલકા દેવોમાં ન જાય, ઊંચો દેવ થાય.

(સવારના—ઉપર) ૯૮ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા વદ ૨, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—બધાને માથે મરણ છે. ક્યારે દેહ છૂટશે એની ખબર નથી. મરણ પાસે જ છે એમ સમજીને જ્ઞાનીપુરુષે કહ્યું તે સ્મરણ કરવું. સ્મરણ કરતાં દેહ છૂટે તો સમાધિમરણ થાય. એક ભવ સમાધિમરણ થાય તો બધા ભવ સમાધિમરણ થાય. હરતાં-ફરતાં, કામ કરતાં પણ સ્મરણમાં ચિત્ત રાખવું. આત્માને કામનું એ છે. બીજું સાથે ન આવે. ગરજ રાખવી. એટલું કરે તો મનુષ્યભવ સફળ થાય. પ્રભુશ્રીજીએ છેલ્લું એ જ કહ્યું છે કે જ્યાં સુધી ભાન હોય ત્યાં સુધી સ્મરણમાં ચિત્ત રાખવું. એવો લાગ ફરી મળવો મુશ્કેલ છે, ફરી મળવો દુર્લભ છે. એ ટકાવી રાખે તો સમાધિમરણ થાય. ''મરણ સુધીની છેક'' નિશ્ચય લક્ષમાં રાખીને સાધનો કરવાં. જે કરવું છે તે આત્માર્થે કરવું. મનમાં કચરો ભર્યો છે તે બધો કાઢી નાખવાનો છે. ભૂલ્યા વિના છૂટકો નથી.

**“ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;**
**પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન.”**

મર્મ કહી દીધો. હવે કરવું એના હાથમાં છે. દેહ અને ઇંદ્રિયોને પોષવી નથી. પોતાના આત્માને ઠપકો આપી ચેતાવવાનો છે. પ્રમાદમાં જીવ ઘણો કાળ ગાળે છે. પ્રમાદ છોડીને જ્ઞાનીએ કહ્યું તે કરવું છે. ભલે થોડું થાય તો થોડું, પણ ખેંચ એ રાખવી. ચીવટ જોઈએ. સંસારનું સ્વરૂપ એવું છે કે જીવને પકડી લે, છોડે નહીં; પણ જો આત્મા બળવાન થાય તો છૂટે. બધાને રાજી રાખવા જાય તો છૂટે નહીં. જગતને રૂડું દેખાડવા ઘણું કર્યું પણ હવે આત્માને રૂડું દેખાડવા કરવાનું છે. જીવ ચેતે તો સહજ છે, નહીં તો અનંત ઉપાયે નથી. પોતાને પોતાનું હિત કરવાનું છે. આત્માનું કામ કરવું છે તેને જે થાય તે હિતરૂપ લાગે. કરવાનું એ છે. જ્યાં સુધી શરીર ચાલે ત્યાં સુધી ભક્તિ કરી લેવી. આપણો મનુષ્યભવ લુંટાઈ જાય છે માટે મનુષ્યભવ સફળ કરવો. જે ધારે તે મનુષ્યભવમાં કરી શકે છે. [૧]દૃઢપ્રહારીએ કેટલાં પાપ કર્યાં પણ બળિયો થયો તો તે ભવમાં જ મોક્ષ થઈ ગયો. પૈસા ને મોક્ષ બેય સાથે ન મળે. જીવને મોક્ષનું માહાત્મ્ય લાગ્યું નથી. સત્સંગ વિશેષ કરે તો માહાત્મ્ય લાગે. અંદરથી આત્મા ઝંખે કે હવે છોકરવાદ કરવો નથી. ઘણા દહાડા ગયા પણ હવે કામ કરવું. સત્પુરુષનો યોગ થયો તેને પોષે તો કામ થાય. પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય બધામાં જીવો છે. હિંસા થાય તેથી પાપ બંધાય છે, તે ભોગવવું પડે છે. પૈસા તો અહીં જ પડ્યા રહે છે. કંઈ આત્માનું હિત કરવું. પાપ છોડવાનો લાગ આવ્યો છે. જીવને વિચાર નથી. સત્સંગે કંઈક સાંભળવા મળે તો વિચાર જાગે.

**“જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;**
**જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ.”**

પૈસા ટકાની સંભાળ રાખે છે પણ આત્માનું કંઈ નહીં. જીવ પૈસા પૈસા કરે છે, એનો હિસાબ રાખે છે, પણ આત્માની કંઈ કાળજી નથી. કંઈક સારી વસ્તુનો વિચાર આવે તો ભાવના થાય કે મને સત્પુરુષનો યોગ થયો છે, કામ થાય એવું છે. પગ મૂકતાં પાપ છે. કર્મ બંધાય એવી સ્થિતિમાં કેટલો કાળ ગાળ્યો છે! હવે પાછળનો ભાગ સત્પુરુષની આજ્ઞામાં ગાળે તોય કામ થાય એવું છે.

“વિચારની નિર્મળતાએ કરી જો આ જીવ અન્ય પરિચયથી પાછો વળે તો સહજમાં હમણાં જ તેને આત્મજોગ પ્રગટે.” (૫૬૯)

જીવને ગરજ ન જાગી તો મનુષ્યભવ ફૂટી બદામનો નથી. કરવા જેવું ન કર્યું તો નકામું છે. જાગ્યો તો ચિંતામણિરત્ન જેવો મનુષ્યભવ છે. એક ક્ષણ પણ રત્નચિંતામણિ છે. સત્સંગ હોય તો પુરુષાર્થ જાગે.

*

(બપોરના—ઉપર, ‘ચારિત્રચક્રવર્તી’ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—પાપનું મૂળ લોભ છે. દુઃખનું મૂળ સ્નેહ છે. વ્યાધિનું મૂળ અજીર્ણ છે. મરણ

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ ભાવનાબોધ નિર્જરાભાવના વચનામૃત પૃષ્ઠ નં. ૫૫.

થવાનું મૂળ કારણ દેહ છે. એકદમ ન તજી શકે તો ક્રમે ક્રમે પણ ત્યાગ કરી શકે. આપણી અંતર્વૃત્તિ તપાસવા એ બધું વાંચવું છે. લોભનો સંપૂર્ણ ત્યાગ કરવાનો છે એવો દૃઢ નિશ્ચય થાય ત્યારે આગળ પગલું ભરવું. જ્યાં સુધી બીજાના દોષો જુએ ત્યાં સુધી સુધારો થાય નહીં. બીજાના દોષો જોવાથી કદી સુધારો થાય નહીં. પોતાના દોષ જુએ ત્યારે સુધારો થાય. પરિગ્રહમાં બધી અનિષ્ટ વસ્તુઓ રહે છે. કોઈ પક્ષી માંસ લઈને જતું હોય તો ઘણા પક્ષી તેની પાછળ પડી જાય છે. જ્યારે એ માંસનો ટુકડો મૂકે ત્યારે જ તેને છોડે, તેમ પરિગ્રહવાળાની પાછળ લોકો પડ્યા રહે છે. આ દુષમકાળ કહ્યો છે. એક પૈસા તરફ લક્ષ રાખે તો કદી સુખી થાય નહીં. ધર્મ હોય તો સુખી થાય. પાપ કરી પૈસો એકઠો કરે પણ અહીંથી મરે ત્યારે અહીં જ પડ્યું રહે. પૈસા રહેવાના નથી. વીજળીની પેઠે જતા રહે એવા છે. પૈસા તૃષ્ણા વધારનારા છે. એ પુણ્ય હોય તો મળે છે, પરાધીન છે. એને ભોગવતાં પાપ બંધાય છે. જીવને સુખી થવું હોય તો મોક્ષની અભિલાષા રાખવી. 'માત્ર મોક્ષ અભિલાષ'' એની ઇચ્છા હશે તો વહેલો મોડો મોક્ષ થશે. પ્રભુશ્રીજી કહેતા કે તારું શું? તારો આત્મા. આ દેખાય તે તારું નહીં એમ વારંવાર કહેતા. પરિગ્રહ તો પાપ છે. એથી ક્યારે છૂટું, એવી ભાવના કરવાની છે.

પ્રભુશ્રીજી કહેતા કે મહેમાન છો. બધા ગયા તેમ આપણે પણ જવાનું છે. આ મનુષ્યભવમાં બેસી રહેવાનું નથી, જવાનું છે. જેમ મહેમાન આવીને એક બે દિવસમાં જતા રહે. ધર્મમાં વૃત્તિ રહે તો સહેજે એને પુણ્ય બંધાય. પુણ્યાનુબંધી પુણ્ય હોય તો મોક્ષનું કારણ થાય. પૈસાની પાછળ દોડવાથી પૈસા આવતા નથી, પૈસાનું દાન કરવાથી આવે છે; નહીં તો આઘા જાય છે. પાપ કરે અને ઉપરથી મહત્તા બતાવે એવું અત્યારે થઈ રહ્યું છે. પાપનું ફળ દુઃખ જ થાય. પાપ ન કરે અને પાપની ભાવના જ કરે તોય પાપ બંધાય. લોકોને સમજ નથી કે શું કરવાથી જીવને સુખ થાય? તેથી હિંસાથી સુખ માને છે.

*

(સાંજના—સભામાં, 'પ્રભુશ્રીજીનો બોધ'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—સત્સંગનું ફળ અસંગપણું આવવું જોઈએ. જ્ઞાનીપુરુષ દિવસ હોય અને રાત કહે તોપણ માનવું.

(બપોરના—ઉપર) ૯૯ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા વદ ૪, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—અહિંસા એ જ ખરો ધર્મ છે. અહિંસાની વાડ બરાબર પળે તેને માટે બીજા ચાર વ્રતો છે. દેરાસર છે તે સમવસરણની નકલ છે. સમવસરણમાં ભગવાન વિરાજમાન હોય છે તેમ મંદિરમાં ભગવાનની પ્રતિમા વિરાજમાન કરાય છે. પૈસા કરતાં આ મનુષ્યભવની એક ક્ષણ પણ અમૂલ્ય છે. જે દ્રવ્ય કમાવામાં જીવહિંસા થઈ ન હોય, જ્ઞાનીએ કહ્યું તેથી વિપરીત રીતે ધન કમાવામાં વર્તાયું ન હોય, તે દ્રવ્ય થોડું હોય તોય ઘણું છે. અહિંસાનો લક્ષ રાખે તો બીજા લોકોને દુઃખ ન થાય પણ સુખ થાય. જ્યાં સુધી મોહ હોય ત્યાં સુધી એ સુખી થતો નથી. બાહ્ય વસ્તુની

ઇચ્છા રાખે છે એ ભ્રમ છે. સુખ તો આત્મામાં છે. એનો જ્યાં સુધી લક્ષ ન આવે ત્યાં સુધી એની સુખની આશા પૂરી થવાની નથી. બીજ હોય તો ધાન્ય થાય છે. તેમ ધર્મ હોય તો ધનાદિ સંપત્તિ પ્રાપ્ત થાય છે. મહાપુરુષોના ઉપદેશ તરફ જીવને લક્ષ જ નથી.

‘‘વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ’’ એવું કહ્યું છે, પણ જીવને લાગે છે કે મારે હંમેશાં એવું ને એવું રહેશે.

*

(સાંજના–સભામાં)

પૂજ્યશ્રી–‘‘કર વિચાર તો પામ’’ વિચાર કર્યા વિના થાય એવું નથી. સત્સંગે પણ વિચાર જગાડવાનો છે.

મુમુક્ષુ–સદ્‌ગુરુની યથાતથ્ય ઓળખાણ એટલે?

પૂજ્યશ્રી–સદ્‌ગુરુનો દેહ નહીં, પણ સદ્‌ગુરુનો આત્મા ઓળખવાનો છે. પ્રભુશ્રીજી બહુ ગંભીર હતા.

વિભાવમાં આવે ત્યાં સ્વભાવનો નાશ થાય છે. માટે વિભાવમાં ન આવવું. ભલે દેહ છૂટી જાય પણ વિભાવમાં આવવું નથી.

(સવારના–ઉપર) ૧૦૦ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા વદ ૫, સં.૨૦૦૯

મુમુક્ષુ–ચારિત્ર પણ આવ્યા પછી જતું રહે?

પૂજ્યશ્રી–ચારિત્ર એટલે વ્રત નિયમ, તે આવ્યા પછી પણ જતા રહે છે. જેમ કોઈ માણસ સામાયિકમાં બેઠો હોય તે વખતે મિથ્યાત્વનો તેને ઉદય થઈ જાય તો સામાયિક વ્રત જતું રહે. ફરી પાછું સમ્યક્ત્વ આવે ત્યારે સામાયિકમાં આવી જાય છે. કેટલાક સાધુ થઈને પણ પાછું સાધુપણું છોડી દે છે ને? જો પૂર્ણ ચારિત્ર આવ્યું હોય તો પાછું જાય નહીં. ક્ષાયિકચારિત્ર આવ્યું હોય તો ન જાય. એ ક્ષાયિક ચારિત્ર ચૌદમે ગુણસ્થાનકે સંપૂર્ણ હોય છે. સમ્યક્ત્વની પૂર્ણતા ક્ષાયિક સમકિત થયે થાય છે. ક્ષાયિક જ્ઞાન તે કેવળજ્ઞાન થાય ત્યારે કહેવાય અને ક્ષાયિક ચારિત્ર તે યથાખ્યાત ચારિત્ર છે.

મુમુક્ષુ–એ ક્ષાયિક ચારિત્રની શરૂઆત બારમા ગુણસ્થાનથી થાય છેને?

પૂજ્યશ્રી–અગિયારમામાં ઉપશમ હોય છે. ત્યાંથી યથાખ્યાત શરૂ થાય છે, પણ એ બે ઘડી સુધી જ ટકે છે. દશમે મોહનો ક્ષય થાય છે, પછી નીચે પડે નહીં. અગિયારમે, બારમે, તેરમે, ચૌદમે એ બધામાં યથાખ્યાત ચારિત્ર છે. ચૌદમે સંપૂર્ણ છે. તેરમે હજુ સુધી ‘યોગ’ હોય છે. યોગ છે તે ચંચળતાનું કારણ છે પણ મોહ એ ચંચળતાનું બળવાન કારણ છે. એ ગયા પછી યોગ રહે છે પણ તે કંઈ બહુ બાધ કરતા નથી. બાકી ચાર અઘાતીકર્મ રહ્યાં તે બળેલાં દોરડાં જેવાં છે. મોહ અને યોગ એ બન્ને ચંચળતાનાં કારણ છે. એ સંપૂર્ણ ક્ષય થાય ત્યારે સંપૂર્ણ યથાખ્યાત ચારિત્ર આવે છે.

મુમુક્ષુ—આપણે સભામાં વીશ વિહરમાન ભગવાનનાં સ્તવન બોલીએ છીએ, એ બધા તીર્થંકરો હજુ વિચરે છે?

પૂજ્યશ્રી—હા, એમ કહેવાય છે કે વીશ વિહરમાન ભગવાનના જે નામો છે તે જ નામ હંમેશાં રહે છે. જેમ સીમંધરસ્વામીનો દેહ છૂટી ગયા પછી બીજા તીર્થંકર એમના સ્થાને થાય તો તેમનું પણ નામ સીમંધરસ્વામી જ રહે. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ બધે થઈને એક સાથે એકસો સિત્તેર તીર્થંકરો થઈ શકે છે.

મુમુક્ષુ—વિદેહ ક્ષેત્રમાં બીજા પણ ઘણા તીર્થંકરો થાય છે?

પૂજ્યશ્રી—હા, જે ત્રીજે ભવે તીર્થંકર નામ કર્મ બાંધીને ત્યાં જન્મ્યો હોય તેમનાં પાંચેય કલ્યાણકો થાય છે અને જેઓ ત્યાં જન્મ્યા પછી તીર્થંકર નામ કર્મ બાંધે છે, તેમનાં દીક્ષા, જ્ઞાન અને નિર્વાણ એ ત્રણ કલ્યાણક થાય છે અને જેઓ દીક્ષા લીધા પછી મુનિપણામાં તીર્થંકર નામકર્મ બાંધે છે તેમનાં જ્ઞાન અને નિર્વાણ એ બે કલ્યાણકો થાય છે.

મુમુક્ષુ—અસંખ્યાત દ્વીપ અને સમુદ્રો છે તો અઢી દ્વીપ એમ શા માટે કહેવાય છે?

પૂજ્યશ્રી—મનુષ્યો અઢી દ્વીપમાં જ છે. એથી બહાર મનુષ્યો નથી. માનુષોત્તર પર્વત પછી મનુષ્યો નથી. એથી બહાર બધા તિર્યંચો છે. કેટલાક દેવોનાં પણ સ્થાનો છે પણ મનુષ્યો નથી; તેથી અઢી દ્વીપ એમ કહેવાય છે.

*

પૂજ્યશ્રી—'દશવૈકાલિક' ઉપર શ્રી ભદ્રબાહુસ્વામીએ નિર્યુક્તિ લખી છે. તેની પછી બીજી ટીકાઓ થઈ. પહેલામાં પહેલી ટીકા એ જ છે. ભદ્રબાહુની નિર્યુક્તિ ઉપર શ્રી હરિભદ્રાચાર્યે ટીકા લખી છે.

*

(બપોરના—ઉપર)

પૂજ્યશ્રી— પુરુષાર્થની જરૂર છે. એકલું સમજીને બેસી રહ્યાથી કંઈ ન થાય. અહીં રહીને પણ પુરુષાર્થ કરવાનો છે. કૃપાળુદેવનું જીવનરહસ્ય સમજવું બહુ મુશ્કેલ છે. શ્રીમદ્નું ખરું જીવન તો એમના પત્રોમાં છે.

*

(સાંજના—સભામાં)

પૂજ્યશ્રી—વિભાવ પરિણામ એ જ મરણ છે. વિભાવ જુદો અને આત્મા જુદો છે. આત્મા એ વિભાવરૂપે પરિણમે એ જ મરણ છે. વિભાવરૂપ પરિણતિ એ જ મરણ. ભાવમરણ એ વિભાવભાવ જ છે. જીવ જ્ઞાનીનું કહેવું માને નહીં, સ્વચ્છંદે વર્તે તો જ્ઞાનીપુરુષ શું કરે? દયા આવે. જીવના મનમાં મલિનતા છે.

મુમુક્ષુ–મન ઊજળું કેમ થાય?

પૂજ્યશ્રી–જે ઊજળા છે તેમને હૃદયમાં રાખે, જે રાગદ્વેષરહિત છે એવા સદ્ગુરુને હૃદયમાં રાખે તો મન નિર્મળ થાય.

મુમુક્ષુ– **"દરખતસેં ફળ ગિર પડ્યા, બૂઝી ન મનકી પ્યાસ;**
**ગુરુ મેલી ગોવિંદ ભજે, મિટે ન ગર્ભાવાસ."**

પૂજ્યશ્રી– દરખત એટલે ઝાડ ઉપરથી ફળ પડી જાય તો પછી એને ઝાડનો રસ ન મળે, તેથી એની તરસ મટે નહીં; તેમ ગુરુને મેલી ભગવાનને ભજે તો જન્મમરણ છૂટે નહીં. જેટલો ભાવ તેટલું થાય. ભાવ ફરે તો એનો મોક્ષ થાય.

(બપોરના–ઉપર) ૧૦૧ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા વદ ૬, સં.૨૦૦૯
('ચારિત્ર ચક્રવર્તી'માંથી રાત્રિભોજન સંબંધી વંચાતાં)

પૂજ્યશ્રી–રાત્રિભોજનના ત્યાગને અણુવ્રત કહે છે. શ્રાવકો રાત્રે ખાય નહીં, તો મુનિઓ તો ક્યાંથી ખાય? અણુવ્રત કહેવાનું કારણ રાત્રે ન ખાય, દિવસે ખાય, તેથી અણુવ્રત કહેવાય છે. જેને રાત્રિભોજન ત્યાગ પ્રતિમા છે તે રાત્રે દળેલું પણ ન ખાય.

સર્વ જીવ પ્રત્યે મૈત્રીભાવ કરવો. કોઈ આપણને પ્રિય હોય તેનું દિલ દુભાય એવું આપણે કરતા નથી, તેમ આખા જગત પ્રત્યે મૈત્રીભાવ કરવો. એક મૈત્રીભાવ જ હૃદયમાં ચોંટે તો એ અપૂર્વ વસ્તુ છે. મૈત્રીભાવ ભાવે, એથી રિદ્ધિઓ પણ ઉત્પન્ન થાય છે. જરા પણ ગુણ દેખાય તો પ્રમોદભાવ થાય તે પ્રમોદ ભાવના છે. પ્રમોદભાવ એ ભક્તિનું બીજું રૂપ છે. સત્પુરુષના વખાણ કરે, પરના પરમાણુ જેટલા ગુણને જોઈને તેને પર્વત જેવા ગુણ ગણીને પ્રમોદ પામે છે, પોતાનું હૃદય વિકસાવે છે, એવા સંતપુરુષો હોય છે. સ્વાર્થને માટે પ્રમોદ થાય તે સ્વાર્થ છે. બીજાના ગુણો જોઈને આનંદ પામવાથી લાભ છે. એ પોતામાં ગુણો ઉત્પન્ન થવાનું કારણ છે. જે દુઃખી હોય તેને જોઈને કરુણાભાવ આવે, તેથી તેને જેનાથી પીડા હોય તે કારણો નિવારણ કરવા તે કરુણાભાવ છે. બીજા જીવોને મદદ કરવાના ભાવ તેનું નામ કારુણ્યભાવ છે. કોઈ શિખામણ આપે તોય માને નહીં એવા જીવો તથા દેવગુરુધર્મની નિંદા કરતા હોય તેવા જીવોને જોઈને ખોટું ન લાગે, મધ્યસ્થ રહે તે માધ્યસ્થભાવ છે. મધ્યસ્થ રહેવું એ ઉત્તમ વસ્તુ છે, નહીં તો વેર બંધાય. જેમાં સદ્ગુણ ન હોય એવા પ્રત્યે રાગેય ન કરવો, દ્વેષેય ન કરવો તે માધ્યસ્થ ભાવ છે. પોતે જેની ઉપાસના કરતો હોય તેની કોઈ નિંદા કરે તો દ્વેષભાવ થઈ જાય છે. એવું ન થવા દેવું. એથી કર્મ બંધાય છે. તે વખતે રાગદ્વેષ ન થવા દેવા તે માધ્યસ્થ ભાવ છે. મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ એ ચારેય ભાવના દરેકમાં હોય છે. તીર્થંકર નામકર્મ બાંધે છે તે સોળ કારણ ભાવનાથી બાંધે છે.

*

(સાંજના–સભામાં)

પૂજ્યશ્રી–આ જીવ 'કરીશ કરીશ' એમ કરે છે, પણ પ્રમાદ કરે છે. સમજવાનો યોગ છે,

પણ પ્રમાદ કરે છે. મને સત્પુરુષનો યોગ થયો છે, મને સત્પુરુષનો યોગ થયો છે, એમ કરી પ્રમાદ કરે છે. હવે આપણું કલ્યાણ થશે, એમ વૃત્તિ છેતરે છે. પ્રમાદ કરે તો મોક્ષ સુલભ નથી. સત્પુરુષને યોગે તો પુરુષાર્થ કરવાનો છે. ''ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે.'' (૮૧૯)

મુમુક્ષુ—''આત્માને આટલું જ પૂછવાની જરૂર છે, કે જો મુક્તિને ઇચ્છે છે તો સંકલ્પ વિકલ્પ, રાગ દ્વેષને મૂક'' (૩૭) એટલે શું?

પૂજ્યશ્રી—મનને આટલું પૂછવાની જરૂર છે કે તારે મોક્ષ જોઈએ છે? એ કહે કે મારે જોઈએ છે, તો રાગ દ્વેષ, સંકલ્પ-વિકલ્પને મૂક અને એ મૂકવામાં તને કંઈ બાધા છે? એમ પૂછવું. એ વિચાર કરશે તો એને લાગશે કે રાગ-દ્વેષ, સંકલ્પવિકલ્પ મૂકવાથી તો શાંતિ થશે. એમ પોતે પોતાની સાથે વાત કરવાની છે.

મુમુક્ષુ—સત્સંગ, સત્શાસ્ત્ર, સદ્વિચાર, ગોખવું, ભણવું એ બધો પરભાવ નહીં?

પૂજ્યશ્રી—સત્પુરુષે જે સાધન આપ્યું હોય તેમાં પરભાવની શંકા કરે તો મૂર્ખો કહેવાય.

(બપોરના—ઉપર) **૧૦૨** શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા વદ ૭, સં.૨૦૦૯
('ચારિત્રચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—અષ્ટ પ્રવચનમાતા કહેવાય છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એ આઠ પ્રવચનમાતા છે. આઠ સમિતિ પણ કહેવાય છે.

**''આઠ સમિતિ જાણીએ જો, જ્ઞાનીના પરમાર્થથી,**
**તો જ્ઞાન ભાખ્યું તેહને, અનુસાર તે મોક્ષાર્થથી.''** (૨૬૭)

કર્મ ન આવે તો સંસાર ન આવે. સંસારને રોકનાર ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિઓ છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું હવે વર્ણન કરાય છે. મહાવ્રત પાળવાં હોય તેણે યથાર્થ રીતે પાળવાં. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ કહી છે. જીવની પાસે ત્રણ યોગ છે—મન, વચન અને કાયા. એ યોગથી કર્મ આવે છે, તેથી એને આસ્રવ કહ્યો છે. એને રોકવાથી ત્રણ ગુપ્તિ થાય છે. આગમને જાણનારા પુરુષો ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિને માતા સમાન જાણે છે. શા માટે જાણે છે? ચારિત્રની રક્ષા કરનાર હોવાથી. જેમ માતા પુત્રને ઉત્પન્ન કરે છે, તેમ આ માતાઓ પાંચ મહાવ્રતરૂપ ચારિત્રને ઉત્પન્ન કરે છે. એકલા મુનિની વાત નથી પણ શ્રાવકને પણ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ પાળવાનું કહ્યું છે. 'વંદિતા'માં કહ્યું છે કે

**''वंदण-वय-सिक्खागारवेसु, सण्णा-कसायदंडेसु ।**
**गुत्तीसु अ समिईसु अ, जो अईआरो अ तं निंदे ॥''** (વંદીતુ ૩૫)

આસ્રવને રોકવા માટે એ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ છે. ગુપ્તિમાં પ્રવૃત્તિ નથી. કર્મ આવે છે તે રોકાઈ જવાં તે સમ્યક્ચારિત્ર છે. બાહ્ય અભ્યંતર ક્રિયાનું રોકાઈ જવું તે પરમ સમ્યક્ચારિત્ર

કહ્યું છે.

**"बहिरब्भंतरकिरियारोहो भवकारणप्पणासट्ठं ।
णाणिस्स जं जिणुत्तं तं परमं सम्मचारित्तं ॥"** (બૃહદ્‌દ્રવ્ય સંગ્રહ)

'દશવૈકાલિક'માં આવે છે કે કેમ ચાલવું? કેમ ઊભા થવું? કેમ બેસવું? કેમ સૂવું? કેમ ખાવું? કેમ બોલવું? તો કર્મ ન બંધાય. તો કે યત્નાથી વર્તવું તો કર્મ ન બંધાય. એ સમિતિને બતાવે છે. પાંચ મહાવ્રતના ઉત્તર ગુણો ચોરાશી લાખ થાય છે. સંસારનાં કારણોથી બચાવે છે, તેથી ગુપ્તિ કહેવાય છે. નિંદિત કાર્યોથી રોકાવું. મિથ્યાત્વ આદિથી બચવા, પાપયોગમાં ન પ્રવર્તવા, નિશ્ચયથી તો શુભ-અશુભ બેયને રોકવા ગુપ્તિ કહી છે.

*

(સાંજના–સભામાં)

પૂજ્યશ્રી–જિનસેનાચાર્યે જ્યારે 'પુરાણ' લખવું શરૂ કર્યું ત્યારે કંઈ વિચાર જ ન કર્યો કે કેટલું મોટું થશે? લખતા જ ગયા. જો એમનું આયુષ્ય પૂરું ન થયું હોત તો ચોવીસ તીર્થંકરોનું કેટલુંય લખત. એક ઋષભદેવનું ચરિત્ર લખ્યું અને તે પણ પૂરું નહીં. તેના સાઠ હજાર શ્લોકો થયા. પછી એમના શિષ્ય ગુણભદ્રાચાર્યે ત્રેવીસ તીર્થંકરોનાં ચરિત્રો લખ્યાં, તેના વીશ હજાર શ્લોકો છે.

મુમુક્ષુ–અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થાય છે?

પૂજ્યશ્રી–જીવને અનંતકાળમાં એવું અંતર્મુહૂર્ત આવ્યું નથી.

મુમુક્ષુ– **"પ્રભુપણે પ્રભુ ઓળખી રે, અમલ વિમલ ગુણગેહ, જિનવર પૂજો૦
સાધ્યદૃષ્ટિ સાધકપણે રે, વંદે ધન્ય નર તેહ, જિનવર પૂજો૦"** (દે૦ ૩)

એટલે શું?

પૂજ્યશ્રી–મળરહિત, વિભાવરહિત, ગુણના ધામ એવા ભગવાન તે સાધ્ય છે. તેમને ઓળખી, તે દશા મારે પામવી છે એમ સાધ્યદૃષ્ટિ કરીને, જે ભગવાનને વંદે છે તે નર ધન્ય છે.

(બપોરના–ઉપર) ૧૦૩ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા વદ ૮, સં.૨૦૦૯
('ચારિત્રચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–કર્મ જેને ન બાંધવાં હોય તેણે ગુપ્તિમાં વર્તવું.

**"આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની, મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો;
ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી, આવી શકે નહિ તે સ્થિરતાનો અંત જો."**

એ ગુપ્તિ છે. એ ન રહે ત્યારે

**"સંયમના હેતુથી યોગપ્રવર્તના, સ્વરૂપ લક્ષે જિનઆજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં, અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો."**

એ સમિતિ છે. એમાં પ્રવર્તે છે. સમ્ એટલે સમ્યક્ પ્રકારે ઇતિ એટલે પ્રવર્તવું, તે સમિતિ છે.

સમ્યક્ પ્રકારે પ્રવર્તવું તે સમિતિ છે. ચાર હાથ આગળ ભૂમિ જોઈને યત્નાથી ચાલે તે ઇર્યાસમિતિ છે. તે પણ કામ વગર ચાલવા-ફરવાનું કહ્યું નથી, પણ કામ પડે તો ઇર્યાસમિતિપૂર્વક ચાલે. પોતાના દેહને માટે, આહાર-વિહારને માટે ચાલવું પડે તો ચાલે. જેને વિરતિનો લક્ષ છે તેને સમિતિમાં પ્રવર્તતાં પણ ગુપ્તિનો લક્ષ હોય છે કે સમિતિમાં પ્રવર્તન ઓછું થાય તો સારું. જેને ગુપ્તિનો લક્ષ છે તે પોતાની વાણીનો નિરર્થક વ્યય કરતા નથી. કોઈ સંશય ન પડે એવી સ્પષ્ટ વાણી બોલે. બીજાને દુઃખ લાગે એવી વાણી ન બોલે. ખોટે રસ્તે લઈ જાય એવી જે અનયંકર ભાષા તે મુનિઓ ન બોલે. મિત ભાષા મુનિ બોલે. બે અક્ષર બોલવાથી ચાલતું હોય તો વધારે અક્ષર ન બોલે.

મુનિને આહાર માટે બોલાવે ત્યારે નવધા ભક્તિ કરે તે કહે છે. મુનિને પહેલાં ઘેર બોલાવે, પછી આસન આપે, પછી મુનિનાં ચરણ ધુએ, પછી પૂજા કરે, નમસ્કાર કરે અને મનશુદ્ધિ, વચનશુદ્ધિ, કાયશુદ્ધિ તથા અન્નશુદ્ધિ, એમ ગૃહસ્થ મુનિને આહાર આપતાં, નવધા ભક્તિ કરે. આહારમાં પણ રાગ થાય એવા મિષ્ટ પદાર્થો વગેરે મુનિને ન આપે. વધારે પ્રમાણમાં ન આપે. ખાઈને ઊંઘવું પડે એવો આહાર ન આપે. એમને મોક્ષમાર્ગમાં વિઘ્ન ન આવે તેવો આહાર આપે.

ગાય છે તે ઘાસ નાંખવા આવે તેની તરફ જુએ નહીં, જે મળે તે ખાઈ જાય; તેમ મુનિને કોઈ આહાર આપવા આવે તો તેના શરીરાદિ તરફ ન જુએ. એકમાત્ર આહાર તરફ લક્ષ રાખે. તેમાં પણ પાંચ ઇન્દ્રિયોનો સંયમ રાખીને મુનિ આહાર લે. ભ્રમર જેમ ફૂલ ઉપર બેસીને રસ લે, પણ તેને નુકસાન ન પહોંચાડે; તેમ મુનિ ગૃહસ્થને ઘેરથી તેને દુઃખ ન થાય તેમ આહાર લે.

બીજું દૃષ્ટાંત આપે છે કે કોઈ માણસ પોતાના ગાડામાં અમૂલ્ય રત્નો વગેરે માલ ભરીને જતો હોય તેના ભારથી ગાડાના પૈડામાં કિચુડ કિચુડ એવો અવાજ થતો હોય તેને મટાડવા તેલની ચિંદરડી કરીને તેમાં મૂકે છે, તેથી તેનો અવાજ બંધ થઈ જાય. તેમ મુનિ પોતાના દર્શન, જ્ઞાન, ચારિત્રને માટે આહાર કરે. ખાધા પછી પચખાણ કરે કે આટલા કાળ સુધી મારે આહાર લેવો નથી. કંઈ દુઃખ હોય, રોગ હોય તો આહાર ન કરે. બ્રહ્મચર્યની નિર્મળતા માટે કાયાને કૃષ કરવા ઉપવાસ કરે. વરસાદ વરસતો હોય, જીવજંતુઓનો ઉપદ્રવ હોય તો આહાર ન કરે. મુનિ એકલું ખા ખા જ ન કરે; વચ્ચે પાણી પણ લે. બે ભાગ ભોજનથી, એક ભાગ પાણી, દૂધ આદિથી ભરે અને એક ભાગ પવનને માટે ખાલી રાખે. ક્ષુધાવેદના શમાવવા માટે, સંયમ પાળવા માટે, વૈયાવૃત્ત્ય કરવા માટે, સ્વાધ્યાય માટે મુનિ આહાર લે.

મુનિઓ ક્યારે આહાર કરે તેનો કાળ બતાવે છે કે સૂર્ય ઊગ્યાને ત્રણ ઘડી થઈ ગઈ હોય ત્યારે આહાર કરે અને સાંજે સૂર્ય અસ્ત થવાના ત્રણ ઘડી પહેલાં આહાર લે. જ્ઞાન, ધ્યાન અને સંયમને માટે મુનિ આહાર કરે. ઘણાખરા શાસ્ત્રોમાં વિશેષ વર્ણન, મુનિએ આહાર કેવા પ્રકારનો લેવો તે આવે છે. અન્ન જેવું મન એમ કહેવાય છે. પોતાના પરિણામ ન બગડે, હિંસા થતી ન દેખે તેવો આહાર લે. આત્માને લાભ થાય તેવું કરે છે. દેહાધ્યાસ છોડવા માટે આ બધું આહાર-વિહારનું વર્ણન કર્યું છે.

મુનિઓ આહાર કેવી રીતે કરે તેનું એક બીજું દૃષ્ટાંત આપે છે કે જેમ ખાડો પૂરવા માટે રોડાં,

ઘાસ, ધૂળ, પથરા, ગમે તેવાં ગંધાતાં છોડાં વગેરે નાખે છે; કંઈ સારું નરસું જોતા નથી. તેમ મુનિ જ્ઞાન, દર્શન અને ચારિત્ર માટે શરીર ટકાવવા ગમે તેવો સરસ, નીરસ, પ્રાસુક આહાર કરે. આ સારું છે અને આ ખોટું છે એમ ન કરે. વળી બીજું દૃષ્ટાંત આપે છે કે જેમ અગ્નિ લાગી હોય તેને બુઝાવા માટે ગમે તેવું પાણી લાવીને બુઝાવે છે. એને માટે મીઠું જ પાણી લાવવું, ખારું ન લાવવું એમ કરતા નથી. તેમ મુનિ ગમે તેવા સરસ, નીરસ, પ્રાસુક આહારથી પોતાની ઉદરાગ્નિને શાંત કરે છે.

ગોચરી જતી વખતે મુનિ ભલે બે મહિનાના ઉપવાસ હોય તોય દીનતાપૂર્વક ન ચાલે કે આટલા દિવસના ભૂખ્યા છીએ તેથી કેમ ચલાય? એવું મનમાં પણ ન લાવે. તેમ અતિ ઉતાવળા પણ ન ચાલે કે અમારામાં તો શક્તિ છે. એટલા બધા ઉપવાસ કર્યા છે છતાં જોશભેર ચાલી શકીએ છીએ એમ અભિમાનથી ઊંચું મોઢું રાખી ન ચાલે. મધ્યમ રીતે ઇર્યાસમિતિપૂર્વક યત્નાથી, મધ્યમ રીતે મોઢું રાખીને ચાલે. કેટલાક મુનિઓ આહારનું કામ એક ઘડીમાં જ પતાવી દે તે ઉત્કૃષ્ટ છે. કેટલાક બે ઘડીમાં પતાવે તે મધ્યમ છે અને કેટલાક ત્રણ ઘડીમાં પતાવે તે જઘન્ય છે. દિવસ ઊગ્યા પછી ત્રણ ઘડી પહેલાં આહાર કરવો તેમાં રાત્રિભોજનનો દોષ છે અને સાંજે સૂર્ય અસ્ત થતાં પહેલાં ત્રણ ઘડી ભોજનનો ત્યાગ ન કરવો તેમાં પણ રાત્રિભોજનનો દોષ છે.

*

(સાંજના–સભામાં)

પૂજ્યશ્રી–પુદ્‌ગલનો સંગ છે તે દુષ્ટ માણસના સંગ જેવો છે. રસ્તામાં ચાલતાં કોઈ દુષ્ટ માણસ મળી જાય તો બહુ સાવચેતીથી ચાલે છે, તેમ સત્પુરુષો પુદ્‌ગલની સાથે બહુ સાવચેતી રાખી વર્તે છે.

(બપોરના–ઉપર) ૧૦૪ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા વદ ૯, સં.૨૦૦૯

('ચારિત્રચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–જેવા ભાવ થાય તેવું ફળ મળે છે. પોતાનું પતન થાય તેવું હોય, તેમ છતાં મારી શી વલે થશે, એમ એને લાગતું નથી. એ મોહનો પ્રભાવ છે. મુનિ આહાર લેતાં થોડું પણ ભૂમિ ઉપર પડી જાય તો અંતરાય સમજી પાછા ફરે. આહાર કરતાં હાથમાં માખી પડે કે બીજું જંતુ પડે, માંસ, લોહી વગેરે દેખે તો મુનિ આહાર ન કરે. આહાર કરતાં મુનિના બન્ને પગની વચ્ચે થઈ કોઈ પંચેન્દ્રિય જીવ નીકળી જાય તો મુનિ આહાર ન લે. એ બધા અંતરાયો છે.

જ્ઞાનનું સાધન પુસ્તક છે અને શૌચનું સાધન કમંડળ છે. મોરપીંછી સંયમનું સાધન છે. તે બધાં સાધનો જોઈને પ્રમાર્જીને મૂકે. આંખથી જોઈ, પીંછીથી પ્રમાર્જી પછી મૂકે અથવા લે. પુસ્તકમાં નાના કંથુઆ હોય તે જુએ નહીં તો અંદર મરી જાય. તેથી મુનિ પુસ્તક વગેરે પ્રમાર્જીને મૂકે.

પ્રતિષ્ઠાપન સમિતિ સંબંધી એટલે મળમૂત્ર વિસર્જન કેવી રીતે કરવાં તે કહે છે. કોઈ એકાંત જગ્યા હોય કે જ્યાં લોકોના પગ ન પડે, એવા એકાંત સ્થાનમાં મુનિ મળમૂત્ર વિસર્જન કરે. કોઈ નિષેધ કરે એવી જગ્યામાં મળમૂત્ર વિસર્જન ન કરે. કમળ પાણીમાં હોય પણ તેનાથી તે જુદું જ રહે

છે, તેમ મુનિઓ બીજા જીવોની હિંસા ન થાય તેમ સમિતિપૂર્વક વર્તે છે. પાપ ન બંધાય એવી રીતે મન, વચન, કાયાને વાપરે એને સમિતિ કહેવાય છે. ગુપ્તિમાં તો પ્રવૃત્તિ જ નથી. પાંચ મહાવ્રત અને આઠ પ્રવચનમાતા એ બધા મળીને તેર પ્રકારનાં ચારિત્ર થાય છે. ઋષભદેવના વખતમાં જીવો બહુ સરળ હતા. અત્યારના જીવો જડબુદ્ધિ છે, ઋજુબુદ્ધિ નથી. ઋજુબુદ્ધિ જીવ એક ચારિત્ર એમ કહેતાં બધું ચારિત્ર સમજી જતા. વધારે કહેવું ન પડતું.

ઇન્દ્રિયના વિષયો છે તેમાં ઇષ્ટ અનિષ્ટ થાય છે. ત્યાંથી જ કષાયની શરૂઆત થાય છે. ઇન્દ્રિયો રોકવા માટે, મન જે દોડાદોડ કરનાર છે તેને મંત્રમાં રોકે તો પછી બીજું આડાઅવળી જોવા કરવામાં ન જાય. માટે મંત્રમાં એને જોડવું. મનના ઉપર બધો આધાર છે. એ જિતાય તો બધી ઇન્દ્રિયો જિતાય. મન તો આકાશ-પાતાળમાં ક્યાંય જતું રહે.

મુમુક્ષુ—વૃત્તિ અને મનમાં ફેર છે?

પૂજ્યશ્રી—વૃત્તિ એ મનની પરિણતિ છે. બધો આધાર મન ઉપર છે. વૃત્તિનો અર્થ ભાવમન છે. એને ન જાણ્યું હોય તો ભાવ ક્યાંય રહે. ''જ્ઞાને બાંધ્યું મન રહે'' મોક્ષમાર્ગે જવાનો ભોમિયો વૈરાગ્ય છે. એ હોય તો જગતમાં ખેંચાય નહીં. જ્ઞાન હોય તો મન ઠેકાણે રહે છે. ઇન્દ્રિયો વશ થતી ન હોય અને મારે મોક્ષે જવું છે એમ કરે તો મોક્ષ ન થાય. ઇન્દ્રિયો તો એક એક એવી છે કે નરકે લઈ જાય. જે જીવ ઇન્દ્રિયોને તો વશ નથી કરતો અને મોક્ષે જવાની ઇચ્છા રાખે છે તે જીવ માથાથી પર્વત તોડવાની ઇચ્છા કરે છે. પર્વત તો તૂટે નહીં પણ એનું માથું જ તૂટે. કાચબો પોતાના અંગોપાંગને ઢાલમાં સંકોચી રાખે છે, જેથી એને કંઈ બાધા ન થાય. તેમ જે પુરુષ પાંચ ઇન્દ્રિયના વિષયોને સંકોચી લે તેનો કંઈ વાળ વાંકો ન થાય. પાંચ ઇન્દ્રિયો છે તે આપણી પાસે પાંચ તલવારો છે. માથું કાપી નાંખે એવી છે. પાંચ ઇન્દ્રિયોમાં વૃત્તિ રહે છે તેટલી આત્મામાં રહે તો મોક્ષ કેમ ન થાય? જો આત્મામાં રહે તો બે ઘડીમાં કેવળજ્ઞાન થઈ જાય. ઇન્દ્રિયોના વિષયો નાશવંત, કર્મ બંધાવનાર છે. ઇન્દ્રિયોથી આનંદ મેળવવા જાય પણ એ તો ક્ષણિક છે. ક્ષણિક સુખ માટે જીવો કેટલું કષ્ટ વેઠે છે! નાશવંત વસ્તુઓને માટે આ મનુષ્યભવ ગુમાવવો નથી. એથી સંતોષ થાય એવું નથી. જ્યારે આત્માનું સુખ એને લાગે ત્યારે ઇન્દ્રિયોનું સુખ એને ઝેર જેવું લાગે. ''આત્માથી સૌ હીન'' એમ લાગે. ઇંદ્ર જે સુખ ભોગવે છે તે, એક જંગલમાં રહેનારા મુનિ જે સુખ ભોગવે છે તેનો અનંતમો ભાગ પણ નથી. કૃપાળુદેવે લખ્યું છે કે ''નિશ્ચય કરવા માટે ઇંદ્રના અંતઃકરણમાં પ્રવેશ કરીએ, ચાલો ત્યારે— (તે ઇંદ્રની ભવ્યતાથી ભૂલ ખાધી) તે પણ પરમ દુઃખી હતો.'' (હા.નોં. ૧-૫)

એકાંત સુખી મુનિ વીતરાગ છે. વીતરાગતામાં જેવું સુખ છે તેવું ક્યાંય નથી. એવું અતિશયવાળું, વચ્ચે વિઘ્નરહિત, કોઈ દિવસે એ ખોટું પડવાનું નથી, અનંતકાળ રહે એવું છે. કોઈની સાથે સરખાવાય એવું નથી અને જે ઉત્કૃષ્ટ છે એવું સિદ્ધને સુખ છે. ઇંદ્રિયજનિત સુખ પુણ્યને આધીન છે. પુણ્યનો ઉદય હોય તો સુખ થાય, એવું આ ઇંદ્રિયસુખ છે. કોઈ પણ પદાર્થનું દુઃખ મોક્ષમાં નથી. પરવસ્તુને લઈને એ સુખ નથી. સિદ્ધ ભગવાનને જે સુખ છે તે ઉત્કૃષ્ટ છે.

તોફાની ઘોડા હોય તે જંગલમાં લઈ જાય તેમ પાંચ ઇંદ્રિયના સુખ એને વિષયરૂપી જંગલમાં લઈ જઈ ભટકાવે છે. રૂપ, રસ, ગંધ, વર્ણ આદિને ગ્રહણ કરનાર એવી જે ઇંદ્રિયો તે ચોર છે, કારણ કે જડ એ પરવસ્તુ છે, તેને લે છે તેથી ચોર છે. ઇંદ્રિયો રૂપ-રસાદિ પાંચ વિષયોમાં ફરનારી છે. ઇંદ્રિયોરૂપી ચોર છે તેને મન, વચન, કાયા દ્વારા મુનિ રોકે છે, એટલે મનને પાંચ ઇંદ્રિયોમાં જવા ન દે. ઇંદ્રિયો પોષાય તેવાં વચન ન બોલે, તેવી પ્રવૃત્તિ ન કરે. જેમ પોલીસ ચોરને પકડે તેમ મુનિ ઇંદ્રિયોને વશ કરે છે. વિવેક, વૈરાગ્ય હોય તો ઇંદ્રિયો જિતાય. વિવેક એટલે આ આત્મા છે અને આ જડ છે એવો ભેદ પડ્યો હોય અને વૈરાગ્ય હોય તો ઇંદ્રિયો અને મન રોકાય.

*

(સાંજના–સભામાં)

પૂજ્યશ્રી–મન તોફાન કરતું હોય ત્યારે સ્મરણ એ જરૂરનું છે. ખોટા વિકલ્પોમાં ચઢી ગયો હોય અને જાગે, ચેતે નહીં તો કેટલાંય કર્મ બાંધે. મન કેવું કામ કરે છે! ઉપરથી એમ લાગે કે હું ક્યાં પાપ કરું છું? આત્માનું કામ પહેલું કરી લેવાનું છે. તે નવરાશ મળશે ત્યારે કરીશ એમ જીવ ઢીલ કરે છે. શરીરને પોષનારાં જે સાધનો તે આત્માને અહિતકારી છે અને આત્માને પોષનાર જે સાધનો છે તે શરીરને અહિત કરનાર છે.

(બપોરના–ઉપર) ૧૦૫ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા વદ ૧૦, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–ઇન્દ્રિયજય વિષે ચાલે છે. રાગ, દ્વેષ, મોહને જીતવા હોય તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું આરાધન કરવું જોઈએ. રાગ, દ્વેષ, મોહને જીતીને રત્નત્રય પ્રાપ્ત કરીને પછી ઇન્દ્રિયોને છૂટી મૂકવાની નથી. એ ઇન્દ્રિયોને જીતવા માટે જ વ્રત ઉપવાસ આદિ કરવાનાં છે. દેહાધ્યાસ હોય ત્યાં સુધી જીવ, દેહથી સુખ છે એમ માને છે. જેને આત્માની રક્ષા કરવી હોય તેણે પાંચ ઇન્દ્રિયોને વશ કરવાની છે.

**"यत्र काये मुनेः प्रेम ततः प्रच्याव्य देहिनम् ।**
**बुद्ध्या तदुत्तमे काये योजयेत् प्रेम नश्यति ।।"** (સમાધિશતક ૪૦)

દેહનો પ્રેમ કેમ મટાડવો તે કહે છે કે જે દેહમાં પ્રેમ છે તે કાયા આત્માથી ભિન્ન છે. ઉત્તમ કાયા સમ્યગ્જ્ઞાનદર્શનચારિત્ર છે તેમાં પ્રેમ જોડે તો કાયામાં મોહ છે તે નાશ પામે.

**"शुभं शरीरं दिव्यांश्च विषयानभिवांच्छति ।**
**उत्पन्नात्ममतिर्देहे तत्त्वज्ञानी ततश्च्युतिम् ।।"** (સમાધિશતક ૪૨)

દેહાત્મબુદ્ધિ જીવ ભોગની ઇચ્છા કરે; પણ જે જ્ઞાની છે તે ભોગનો વિયોગ થાય એમ ઇચ્છે છે. શરીર છે તે જ કેદખાનું છે એમ લાગ્યું હોય તેને શરીર પ્રત્યે રાગ થતો નથી. ગમે તેવું જાડું, પાતળું સુંદર શરીર છે પણ લાકડામાં નાખીને બાળી નાખવાનું છે. મનુષ્યભવ હોય તો એને તૈજસ, કાર્મણ અને ઔદારિક શરીર હોય અને લબ્ધિ હોય તો આહારક શરીર હોય. એ શરીરમાં કોઈ પ્રત્યે મોહ કરવા જેવો નથી. પાપનું કારણ પાંચ ઇન્દ્રિયના વિષયો છે. બધા સંસારનું મૂળ

કારણ આસક્તિ છે, વાસના છે. તેથી જ બધા ફણગા ફૂટે છે. વિવેક હોય તો પરિણામ તરફ લક્ષ રહે કે હું કરું છું તો મને જ ભોગવવું પડશે. " શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?" એ એને લક્ષ રહે, પછી કામ કરે. લોકો એમ માને કે એને ધન છે તેથી સુખી છે પણ એનો આત્મા દુઃખી છે. અંતરથી સુખી થાય છે કે દુઃખી? એ જીવ તપાસતો નથી. આસક્તિમાં જીવ આંધળો થઈ ગયો છે. આ શરીરમાં આસક્તિ હોય તેથી બીજો દેહ એને મળે છે. પરિગ્રહ છે તે પાપ છે. જ્ઞાનીએ એનો ત્યાગ કરવાનું કહ્યું છે તેનો એને ખ્યાલ નથી. આસક્તિ હોવાથી એને વિપરીતતા થાય છે. જ્યાં મમતા થઈ ત્યાં એ મમતાની સાથે જ બધાં પાપ થાય છે. એકેક ઇન્દ્રિયથી જીવોના પ્રાણ જાય છે, તો પછી પાંચે ઇન્દ્રિયોનું પોષણ કરે તો કેટલું દુઃખ થાય? ઇન્દ્રિયનું સુખ જીવને સુખ લાગે છે.

હરિભદ્રાચાર્યે એક દૃષ્ટાંત આપ્યું છે કે એક માણસને શરીરે દરાજ થઈ, તેથી આખો દિવસ ખણ ખણ કરે. ખણતાં ખણતાં એના બધા નખો ઘસાઈ ગયા. તેને એક ડાભનું તણખલું જડ્યું, તે લઈને તેણે શરીર ઉપર ઘસ્યું તો બહુ સુખ લાગ્યું અને મનમાં એમ થયું કે અહો! એમાં કેવું સુખ છે! એક તણખલાથી એવું સુખ થાય છે તો પછી એવાં ઘણાં તણખલાં હોય તો કેટલું બધું સુખ થાય! એટલામાં ત્યાં થઈને કોઈ એક બ્રાહ્મણ શ્રાદ્ધને માટે ડાભનો પૂળો લઈને જતો હતો, દરાજવાળાએ તેને જોયો. તેને લાગ્યું કે અહો! આ બ્રાહ્મણની પાસે ડાભનો આખો પૂળો છે, તો એ કેટલો બધો સુખી છે! તેથી બ્રાહ્મણને કહ્યું કે તમે મને ડાભનું એક તણખલું આપો. બ્રાહ્મણે કહ્યું, તું શું કરીશ? તેણે કહ્યું, મારે શરીરે દરાજ થઈ છે તેથી બહુ ખાજ આવે છે, તે ખણવા માટે મારે જોઈએ છે. બ્રાહ્મણે કહ્યું, મારી પાસે એક એવી દવા છે કે થોડાક કાળમાં તારું એ બધું દરદ મટી જાય, એ દવા તું લે. દરાજવાળાએ કહ્યું કે હું એ માગતો નથી. મને તો એ ખણવાથી બહુ સુખ થાય છે. તમે રોગ તો મટાડી દો, પણ પછી મને આ ખણવાનું સુખ કેવી રીતે થાય? એવું જીવને પાંચ ઇન્દ્રિયોનું સુખ લાગે છે. આચાર્ય કહે છે કે અમે તને મોક્ષનું સુખ આપીએ છીએ તે શાશ્વત છે; છતાં જીવ ઇન્દ્રિયોમાં સુખ માને છે. જેમ જેમ વધારે તપસ્યા કરી ઊંચા દેવલોકમાં જાય છે તેમ તેમ ત્યાં સ્ત્રીઓનો અભાવ છે. પછી ત્યાં એની ઇચ્છા પણ ન થાય. નીચેના દેવોને કામેચ્છા છે. ખરું દુઃખ તો એ ઇચ્છા છે.

**"ક્યા ઇચ્છત? ખોવત સબે, હૈ ઇચ્છા દુઃખમૂલ;**
**જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ."**

જ્યાં સુધી એ ઇચ્છા છે ત્યાં સુધી દુઃખી છે. એ મટે તો સુખી થાય. જેમ જેમ પુદ્‌ગલની અનુકૂળતા વધતી જાય છે તેમ તેમ પોતાનું સુખ ભુલાતું જાય છે. જેમ સાંસારિક સાધનો વધે છે તેમ એને સુખ ઘટે છે. એને ઊંઘેય ના આવે. જીવને પછી પરાધીનતા થઈ જાય છે. એટલી ચંચળતામાં સ્થિરતા પ્રાપ્ત કરવી મુશ્કેલ છે. આ સુખ દેખાય છે તે બધું મૃગજળ જેવું, ઝાંઝવાનાં પાણી જેવું છે. વિશાળદૃષ્ટિ નથી તેથી તાત્કાલિક સુખો જીવોને પ્રિય લાગે છે. આત્માના સુખની જીવને પ્રિયતા નથી. પુદ્‌ગલમાં સુખ નથી છતાં કલ્પનાને લઈને સુખ માને છે. સુખ નથી પણ એણે માન્યું છે. આ

બધું ગાંડપણ છે. જ્યાં સુખ નથી ત્યાં સુખ લેવા જાય છે તે ગાંડપણ છે. પુદ્‍ગલમાં સુખ છે નહીં . મોક્ષમાર્ગમાં ઇન્દ્રિયો શત્રુ ગણાય છે એ રોકાય તો મોક્ષનું કામ થાય. ઇન્દ્રિયોના સુખમાં જીવ જો લલચાયો તો જે કરવાનું છે તે ન થાય. મોટા મોટા રાજાઓ વિલાસમાં પડ્યા રહેવાથી પતિત થયા. જ્ઞાન, વૈરાગ્ય હોય તો પછી વિષયોમાં તણાઈ ન જાય. વૈરાગ્ય એટલે ઇન્દ્રિયોમાં આસક્તિ ન હોય અને સમ્યગ્જ્ઞાન હોય તો એને કોઈ ઠગી ન શકે. ''માત્ર દૃષ્ટિકી ભૂલ હૈ'' શરીર સુંદર દેખાતું હોય, પણ વિચાર કરે કે શરીરમાં શું છે? તો કે હાડ, માંસ, ચરબી, લોહી વગેરે ભરેલું છે. એમ જો વિચાર કરે તો મોહ ન થાય. શરીર ઊલટું ફેરવી નાંખે તો હાડકાં, માંસ, લોહી દેખાય, તો પછી એને સામું જોવાનુંય ન ગમે. માત્ર ચામડીને લઈને જીવને મોહ થાય છે. વસ્તુ સુંદર નથી પણ ઉપરથી જીવને મોહ થાય છે. રાગદ્વેષ ન થાય ત્યારે ખરો ઇન્દ્રિયજય કહેવાય. રાગદ્વેષ ન થાય તો જુએ તોય જોતો નથી, સાંભળે તોય સાંભળતો નથી, ચાખે તોય ચાખતો નથી, સૂંઘે તોય સૂંઘતો નથી. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ, એમ કહેવાય છે. જેને ઇન્દ્રિયો વશમાં ન હોય તેણે શું કરવું? તો કે જે વસ્તુઓ ઇન્દ્રિયોને પ્રિય હોય તે વસ્તુઓથી દૂર રહેવું. એ પ્રસંગથી દૂર થવાય એવું ન હોય તો એવા વિચારોમાં મન ન રાખવું. બેઠાં બેઠાં મંત્રનું સ્મરણ કરે તો કર્મ છૂટે. વૈરાગ્ય રહે તો એને બંધન ન થાય. 'સમયસાર'માં આવે છે કે

**''रत्तो बंधदि कम्मं मुंचदि जीवो विरागसंपत्तो,**
**एसो जिणोवदेसो तह्मा कम्मेसु मा रज्ज.''**

રાગી જીવ કર્મ બાંધે છે, વૈરાગ્યવાળો જીવ છૂટે છે. માટે તું કર્મમાં રાગ ન કર. એટલો જ ભગવાનનો ઉપદેશ છે.

જેને મોક્ષની તીવ્ર જિજ્ઞાસા હોય તેને બીજામાં ચિત્ત જતું નથી. જીવને ટેવ પડી ગઈ છે તેથી નિમિત્ત મળતાં રાગદ્વેષ થયા કરે છે. મન ઉપર ચોકી રાખવાની છે; તો મન ક્યાં જાય છે, શું કરે છે તે ખબર પડે. શું કરવા માટે મેં આ કામ હાથમાં લીધું છે? અને શું કરું છું? એમ જે વિવેકી હોય તેને લક્ષ રહે છે. મન જિતાય તો જ ઇન્દ્રિયો જિતાય. ઇન્દ્રિયો એ બારીઓ છે. મન એ સારા-ખોટાના સંકલ્પ-વિકલ્પ કરે છે. જેવી એની રુચિ હોય તે પ્રમાણે ઇન્દ્રિયો કામ કરે છે. મન વશ કર્યું તેણે બધું સાધ્યું.

**''મન સાધ્યું તેણે સઘળું સાધ્યું''** (આ૦ ૧૭)

મનને વશ કરે તો જીવ ત્રણ લોકનો નાથ થાય એવું છે. ઇન્દ્રિયો તને જિતવા આવી છે તેને તું જિત. મન માંકડા જેવું છે તેને વશ કર. એ જિતાશે તો બધું જિતાશે. લોકોને વેશ આદિ દેખાડવાનું ન કર, બાહ્ય દૃષ્ટિ છોડી આત્માનું હિત કર, તો તારું સાધુપણું સફળ છે એમ કુંદકુંદાચાર્ય કહે છે.

મુમુક્ષુ–સ્વચ્છંદ રોકવો એટલે શું?

પૂજ્યશ્રી–કરેલું કાર્ય બધું બગાડી નાખે એવો સ્વચ્છંદ છે.

## "રોકે જીવ સ્વચ્છંદ તો પામે અવશ્ય મોક્ષ"

પોતાની સમજણે વર્તે છે તે ફેરવી જ્ઞાનીએ જાણ્યું છે તે માનવું. પોતાની કલ્પનાએ જ્ઞાનીને પણ ન માનવા. જ્ઞાનીની દૃષ્ટિએ જ્ઞાનીને ભજશે ત્યારે કામ આવશે. હું કંઈ જાણતો નથી, એમ કરી જ્ઞાનીને શરણે જવું તો સમકિત થાય એમ કૃપાળુદેવે કહ્યું છે. દૃષ્ટિ ફેરવવાની છે. પ્રભુશ્રીજીના બોધમાં વારંવાર એ જ આવે છે કે તારી સમજણ ઉપર મૂક મીંડું ને તાણ ચોકડી. જ્ઞાની જાણે છે. જ્ઞાનીનું કહેલું કરવું છે. કૃપાળુદેવ જાણે છે એમ રાખવું. સ્વચ્છંદે વર્તતાં જ્ઞાનીપુરુષ પણ ડરે છે. ઉદાસ એટલે દિલગીર ન થવું પણ ઉદાસીનતા એટલે સમભાવ રાખવો.

(સવારના—ઉપર) ૧૦૬ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા વદ ૧૧, સં.૨૦૦૯

મુમુક્ષુ—આપે જે પ્રભુશ્રીજીનો બોધ લખ્યો છે તે જે વખતે પ્રભુશ્રીજી બોલતા તે વખતે જ લખેલો કે ઓરડીએ જઈને?

પૂજ્યશ્રી—ત્યાં તો એકલું સાંભળવાનું જ. લખવા કરવાનું કશું નહીં. સાંભળીને પછી આણંદ જતો અને ત્યાં વખત મળતો ત્યારે લખતો. ત્યાં સુધી એની જ ઝણઝણાટ ચાલ્યા કરતી. જાણે પ્રભુશ્રીજી હમણાં જ કહી રહ્યા છે. તે વખતે સ્મૃતિ બહુ તેજ હતી.

મુમુક્ષુ— અહીં રહ્યા પછી આપ બોધ ક્યારે લખતા?

પૂજ્યશ્રી—અહીં રહ્યા પછી તો કશું લખાયું નથી. વખત જ ન મળતો. પ્રસંગે કોઈ વખતે પ્રભુશ્રીજી પોતે કહેતા કે આ લખવા જેવું છે, તો લખી લેતો. કોઈક વખતે પ્રભુશ્રીજી જાતે લખાવતા.

મુમુક્ષુ—આપે જે બોધ લખ્યો છે તે બધો પ્રભુશ્રીજીએ તપાસેલો છે?

પૂજ્યશ્રી—ના. અહીં રહ્યા પછી પ્રભુશ્રીજી જાતે કંઈ લખાવતા, તે બધું પ્રભુશ્રીજી તપાસતા. અહીં આવ્યા પછી જે કંઈ લખ્યું છે તે બધું પ્રભુશ્રીજીએ તપાસેલું છે. એક તો જ્ઞાનીપુરુષ જાતે લખાવે અને એક સાંભળીને પછી લખે એમાં ઘણો ફેર છે. એમાં પોતાનું આવી જાય. બધો ફેરફાર ન થાય પણ કંઈ ને કંઈ ભાવ ફરી જાય છે. પૂનાનો જે બોધ લખ્યો છે તે તો પ્રભુશ્રીજીની સેવામાંથી બપોરે વખત મળતો તે વખતે લખેલો છે. કૃપાળુદેવના પત્રો અને 'ઉપદેશછાયા' એ બેમાં ફેર છે.

મુમુક્ષુ—'ઉપદેશછાયા' એ કૃપાળુદેવે તપાસેલી છે?

પૂજ્યશ્રી—હા, દૃષ્ટિ તળે નીકળી ગયેલ છે, એમ સાંભળ્યું છે. અંબાલાલભાઈએ લખેલ છે. પ્રભુશ્રીજી કહેતા હતા કે, કૃપાળુદેવ કહેતા હતા કે અંબાલાલભાઈને લબ્ધિ પ્રગટી હતી. તેથી અઠવાડિયા પછી પણ કૃપાળુદેવનો જે બોધ થયેલો હોય તે અક્ષરે અક્ષર બરાબર લખી લાવતા.

*

(સવારના–સભામાં)

પૂજ્યશ્રી–કૃપાળુદેવે કહ્યું છે કે,

**''સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય''**

બધા જીવો સિદ્ધ જેવા છે, પણ જે સમજે તે થાય. તેનો રસ્તો બતાવ્યો કે

**''સદ્‌ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય''**

એ નિમિત્ત કારણ મળે તો ઉપાદાન જાગૃત થાય.

**''કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ.''**

સદ્‌ગુરુનો યોગ હોય અને આત્માર્થી જીવ હોય તો સદ્‌વિચારણા જાગે. માણસ માત્રને ધર્મ કરવાની ઇચ્છા હોય છે. જે કુળમાં જન્મ્યો તેમાં જે ધર્મ છે તે કરે છે, પણ કૃપાળુદેવ કહે છે કે એ મુમુક્ષુતા નથી. સાચી મુમુક્ષુતા સદ્‌ગુરુના યોગે પ્રગટે છે. કૃપાળુદેવ વ્યાપાર કરતા તે વખતે એમના ભાગીદારો, નોકરો બધા હતા પણ કૃપાળુદેવની ઓળખાણ થવી મુશ્કેલ હતી. ચિંતામણિ હાથમાં આવ્યું પણ સમજે નહીં તો ફેંકી દે. જીવને જ્ઞાની મળે અને ઓળખાણ થાય અને પછી પ્રમાદ ન કરે તો કલ્યાણ થાય; નહીં તો બધું ખોઈ બેસે.

એક ઝવેરીનો છોકરો હતો તેણે સાંભળ્યું કે એક ચિંતામણી રત્ન હોય છે, તે જે માગે તે આપે એવું છે. ઝવેરીના છોકરાના મનમાં થયું કે એવું રત્ન આપણે મેળવવું. એ રત્ન આવે તો કમાવવું વગેરે કંઈ ન કરવું પડે. તેથી એણે કોઈ બીજાને પૂછ્યું કે એ રત્ન ક્યાં મળતું હશે? તેણે કહ્યું કે રત્નદ્વીપમાં એ મળે છે. પછી તેણે રત્નદ્વીપમાં જઈ તે રત્ન મેળવ્યું. પછી તે રત્નની પરીક્ષા કરી સમજ્યો, પણ પ્રમાદને લીધે ખોઈ બેઠો. પ્રમાદથી જીવ મળેલું સ્વરૂપ પણ ભૂલી જાય છે. પ્રમાદને લીધે એવું થાય છે. ઊંડા ઊતરી વિચાર કરી પોતાની વાસના છોડવાની છે. ભગવાને કહ્યું કે વાસના છોડવા યોગ્ય છે. એનો વારંવાર વિચાર કરી છોડવાની છે. એનો ઉપયોગ બીજે જાય છે. જીવ ઊંડો ઊતરે તો સાચી વસ્તુ સમજાય. કોઈ પણ પ્રકૃતિ આત્મજ્ઞાન થયા વગર મૂળથી ક્ષય થાય નહીં; માટે પહેલું એ પ્રાપ્ત કરવું જોઈએ. વિચારી વિચારીને વાસનાથી છૂટવાની જરૂર છે.

[૧]જ્ઞાનીપુરુષના એક વચનની પાછળ યથાર્થ રીતે પડે તો એનો પાર આવે. 'मा रुष, मा तुष' એટલા વચનનો જ માત્ર વિચાર કર્યા કર્યો; વિચારણા જાગી તો બે ઘડીમાં કેવળજ્ઞાન પામ્યો. જેટલું જ્ઞાન હોય તે પ્રમાણે દયા હોય છે. 'पढमं णाणं तओ दया' જ્ઞાન છે તેથી જણાય છે કે એમાં જીવ છે, એમાં પણ જીવ છે. એમ જ્ઞાન છે તે દીવો છે. એકેન્દ્રિય જીવ જોઈને જ્ઞાનથી એને ખબર પડે કે આ બિચારો જીવ ઘણો દુઃખી છે, ઘણાં કર્મ બાંધીને અહીં આવ્યો છે, એની બિચારાની ચાર ઇન્દ્રિયો લુપ્ત થઈ ગઈ છે. હવે એને દુઃખ શું આપવું એમ વિચાર થવાથી દયા આવે છે. ધર્મનો આધાર ભાવ ઉપર છે, 'જેવા ભાવ હોય તેવા પ્રભુ ફળે' સરખે સરખી ક્રિયા હોય પણ જેના ભાવ ચઢી જાય તેને વિશેષ લાભ થાય. ભાવની વૃદ્ધિ કરવા જ્ઞાનીનો બધો ઉપદેશ છે.

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૯૦.

**"ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન;**
**ભાવે ભાવના ભાવિયે, ભાવે કેવળજ્ઞાન."**

એ ભાવ આવે તો કેવળજ્ઞાન સુધી લઈ જાય. રાગદ્વેષ જાય તો મોક્ષ થાય, એમ તો બધાય કહે પણ પોતાનો વિચાર આવતો નથી કે મારામાં રાગદ્વેષ છે? હોય તો કાઢવાના છે એવી ગરજ નથી. એ ગરજ જાગે તો એને માહાત્મ્ય લાગે કે અહો! મોક્ષ તો અપૂર્વ વસ્તુ છે. [૧]શ્રેણિક રાજાને આગલા ભવમાં જ્ઞાનીએ કહ્યું કે એક કાગડાનું માંસ ન ખાઈશ. એટલું પણ વ્રત એણે પાળ્યું તો દેવ થયો, શ્રેણિક રાજા થયો, અનાથીમુનિ મળ્યા ત્યારે સમકિત પામ્યો, મહાવીર ભગવાન મળ્યા ત્યારે તીર્થંકર નામ કર્મ બાંધ્યું, ઘણા જીવોને તારી તે મોક્ષે જશે. એમ જ્ઞાનીની આજ્ઞાથી નાનું પણ વ્રત આવ્યું હોય તો પાછો એને જ્ઞાની પાસે લઈ જાય.

*

(બપોરના—ઉપર)

પૂજ્યશ્રી—"आणाए धम्मो, आणाए तवो" પોતાની મેળે કરે તેના કરતાં જ્ઞાનીની આજ્ઞાથી કરે તો ધર્મ પ્રગટ થાય. પુણ્યનો ઉદય થાય ત્યારે અહીં આવવાનું બને છે. ભાવના હોય તો એવો યોગ મળી આવે. બધું ડહાપણ મૂક્યે છૂટકો છે. સાપ વાંકોચૂકો ચાલે પણ દરમાં પેસે ત્યારે સીધો થયા વિના પેસી શકે નહીં. અહંકાર જવો બહુ મુશ્કેલ છે.

સાધુ તથા શ્રાવકનાં છ આવશ્યક હોય છે. આવશ્યક એટલે અવશ્ય કરવા યોગ્ય. એનો બીજો અર્થ અવશ એટલે જે પાંચ ઇન્દ્રિયોને વશ નથી તેને જે કરવા યોગ્ય તે આવશ્યક છે. (૧) સમતા એટલે સામાયિક. (૨) સ્તવન એટલે ચોવીશ તીર્થંકરની સ્તવના. (૩) ગુરુવંદના. (૪) પ્રતિક્રમણ (૫) પ્રત્યાખ્યાન. (૬) કાયોત્સર્ગ, એ છ આવશ્યક એટલે અવશ્ય કરવા યોગ્ય કાર્ય છે. એમ છ પ્રકારે આવશ્યક કહ્યાં છે. શ્વેતાંબરમાં છઠ્ઠું આવશ્યક પ્રત્યાખ્યાન કહ્યું છે. જે પાપાદિને આધીન થતો નથી તે અવશ છે. તેને જે કરવા યોગ્ય તે આવશ્યક છે. જેને મોક્ષે જવું છે તેને સમભાવ વગર મોક્ષ નથી. પહેલામાં પહેલી સમતા છે. સમતા, સામાયિક, સમભાવ એ એક જ છે.

પોતે રાગદ્વેષ કરે છે તેથી ભવ વધે છે. એ છોડે તો કેવળજ્ઞાન થાય. "હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય." (૬૯૨) તો કેવળજ્ઞાન થાય અને કેવળજ્ઞાન થાય તો મોક્ષ થાય. સવારથી સાંજ સુધીની આ જીવની બધી ક્રિયામાં રાગદ્વેષ થયા કરે છે. એમ જીવ કેટલાય કાળથી કર કર કરે છે. જ્યારે એમ થાય કે મારે રાગદ્વેષ નથી કરવા, ત્યારે સમભાવ આવે. ગમે તે અવસ્થા આવે પણ જે થાય તે ભલું માનવામાં આવે, તો એને ઇષ્ટ-અનિષ્ટપણું થાય નહીં; તો સમભાવ આવે. જે થાય તે ભલું માનવામાં આવે તો છૂટે.

સવાર સાંજ સામાયિક કરવાનું કહ્યું છે. તેનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, નામ, સ્થાપના એમ છ ભેદ પણ છે, તે હવે કહે છે. સચિત્ત, અચિત દ્રવ્યમાં રાગદ્વેષ ન થાય તે દ્રવ્ય સામાયિક. કોઈ

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૩૮૩

ક્ષેત્રને લઈને સારા ખોટા ભાવ ન થાય તે ક્ષેત્ર સામાયિક. બધા કાળ સરખા ગણે, કોઈ કાળ જોઈ એને ગમતું અણગમતું ન થાય તે કાળ સામાયિક. ભાવ-સામાયિકમાં કષાયભાવ ન થાય. નય નિક્ષેપથી કોઈ વસ્તુ દુભાય નહીં, મિથ્યાત્વભાવ ન થાય તે ભાવ સામાયિક છે. મિથ્યાત્વ હોય ત્યાં સુધી ભાવ સામાયિક ન થાય. જે જાણે તેમાં રાગદ્વેષ ન થાય તે ભાવ સામાયિક છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એમ એ ચાર ભેદ બતાવ્યા. તિથિને અર્થે સામાયિક નથી કરવાની. તિથિ કલ્યાણ કરે છે એવું નથી. એના ભાવ છે તે સામાયિક છે. નામ અને સ્થાપના એમ બે ભેદે પણ સામાયિક છે. ગમે તે શબ્દ સાંભળે તો એને રાગદ્વેષ ન થાય તે નામ સામાયિક છે. કોઈ પણ પ્રકારની વસ્તુની સ્થાપના જોઈને રાગ-દ્વેષ પરિણામ ન થવા તે સ્થાપના સામાયિક છે. પ્રતિમાની સ્થાપના જોઈને ભગવાન પ્રત્યે વૃત્તિ લઈ જવાની છે. સોનું, માટી, પુષ્પ ગમે તે દ્રવ્ય જોઈ રાગદ્વેષ ન થાય તે દ્રવ્ય સામાયિક છે. અમુક ક્ષેત્ર અનુકૂળ છે અને અમુક પ્રતિકૂળ છે એમ ભાવ ન થાય તે ક્ષેત્ર સામાયિક છે. સમભાવ રાખે, કોઈ પ્રત્યે રાગદ્વેષ ન કરે તે ભાવસામાયિક છે. બહારથી બધું સામાયિકપણું દેખાતું હોય પણ અંદર સમભાવ ન હોય તો સામાયિક નથી. હોય તેવું જણાવવામાં દોષ નથી પણ રાગદ્વેષ કરવા તે બંધનું કારણ છે. સમભાવ ન હોય અને ગમે તેવી આકરી ક્રિયા કરે તો પણ કંઈ કામનું નથી. [૧](કુંડરિક અને પુંડરિકનું દૃષ્ટાંત આપીને કહ્યું).

કુંડરિકે હજાર વર્ષ સમભાવ વગર ચારિત્ર પાળ્યું. નહીં તો ગમે તેટલું દુઃખ આવે તો પણ સમભાવ રહે. સમભાવ વગર મુનિપણું, શાસ્ત્રાભ્યાસ બધું નકામું છે. સમભાવ કરવા માટે બધું કરવું છે. 'સમતા ભાવથી અનાકુળ થા' એમ કહે છે. રાગદ્વેષ થવાનાં જે નિમિત્તો હોય તેને છોડે તો રાગદ્વેષ ન થાય, તેથી સમભાવ રહે. રાગદ્વેષમાં ન જાય તો સમભાવ રહે. સુખદુઃખ સમાન લાગે ત્યારે સમતા કહેવાય. નહીં તો જીવ સુખનો ભિખારી છે. સુખ પણ દુઃખરૂપ લાગે ત્યારે સમતા આવી કહેવાય.

ભગવાનની પ્રતિમા છે તે સમભાવની જ મૂર્તિ છે. કબીરે કહ્યું છે કે—''મોક્ષકી નિશાની, દેખ લે જિનકી પ્રતિમા'' મોક્ષની નિશાની એ જિન પ્રતિમા છે. જેનામાં સમતા ભાવ છે તેમાં દૃષ્ટિ રાખે તો સમભાવ આવે. ગમે તેટલું પાણી હોય પણ હોડીમાં બેઠો હોય તો ડૂબે નહીં. તેમ જેનામાં રાગદ્વેષ નથી તેનો આશ્રય લે તો સમભાવ થાય.

અહીં પ્રભુશ્રીજીના વખતમાં 'સમયસાર' વંચાતો હતો. તે વખતે શીતલપ્રસાદજી અહીં હતા. 'સમયસાર'માં આવ્યું કે રાગદ્વેષ ન કરવાં. શીતલપ્રસાદજીએ પ્રભુશ્રીજીને પૂછ્યું કે શું કરે તો રાગદ્વેષ ન થાય? પ્રભુશ્રીજીએ કહ્યું કે જેનામાં રાગદ્વેષ નથી તેમાં દૃષ્ટિ રાખે તો રાગદ્વેષ ન થાય. સમજે તો શમાય. એ સમજણ પહેલી જોઈએ. સમજીને શમાય તો સમભાવ આવે. સમભાવનું વ્યાખ્યાન કરે તેથી સમભાવ આવી જાય એમ નથી. રાગદ્વેષ એ મોજાં છે. એ શમાઈ જાય તો સમભાવ આવે. ગમે તે થવું હોય તે થાઓ, રૂડા રાજને ભજીએ. એમ જેને હોય તેને પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત થાય છે. જડની અપેક્ષાએ જુએ તો કાચ અને હીરો બરાબર છે, કારણ કે બન્ને જાણતાં નથી. એ કંઈ પોતાને હીરો કે કાચ એમ કહેતા નથી. જ્ઞાનીને વિવેક થયો છે તેથી જીવને જીવ અને પુદ્ગલને

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ ભાવનાબોધ આસ્રવ-સંવરભાવના વચનામૃત પૃષ્ઠ નં. ૫૪

જડ જાણે છે. અવસ્થા તરફ એમનો લક્ષ હોતો નથી. જ્ઞાની હીરો અને કાચ બન્ને સરખાં ગણે તેથી એ કંઈ સરખાં થઈ જાય નહીં, પણ એમને રાગદ્વેષ ન થાય. જડ તે ચેતન અને ચેતન તે જડ ન થાય, પણ જીવને અજ્ઞાનને લઈને રાગદ્વેષ થાય છે. એ જાય તો પછી રાગદ્વેષ થવાનું કારણ થતું નથી. દ્રવ્યનું નામ સત્ છે. હોય તે વસ્તુ સત્ છે. કલ્પિત છે તે દ્રવ્ય નથી.

**"હોય તેહનો નાશ નહિ, નહીં તેહ નહિ હોય;**
**એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય."** (૨૬૬)

એક સમય જે છે તે ત્રણે કાળ છે. એ મૂળ વસ્તુની વાત છે. મૂળ દ્રવ્યનો નાશ થતો નથી. છ દ્રવ્ય અનાદિકાળથી છે. છે તેનો નાશ કોઈ કરી શકે નહીં. આત્મા હોય તો જડને જડ કહે. પણ એ ન હોય તો આ જડ, આ ચેતન એમ કોણ કહે? કૃપાળુદેવનો આશય ગહન છે. આત્માને આધારે બધું છે. એ ન હોય તો કંઈ નથી. જ્ઞાન છે તે સૂક્ષ્મમાં સૂક્ષ્મ વસ્તુને જાણે છે પણ રાગદ્વેષ થતા નથી. જ્ઞાન જતું રહે છે એમ નથી. જાણે ખરું પણ રાગદ્વેષ ન કરે. રાગદ્વેષ જાય તો સુખી થાય. દ્વેષ થાય છે એ અજ્ઞાન છે. એ જાય તો સુખી થાય. આત્મદૃષ્ટિ જેની થઈ છે એવો જે યોગી છે તેને રાગદ્વેષ ન થાય, નહીં તો નિમિત્તવાસી જીવ છે. દ્રવ્યદૃષ્ટિ જેને થઈ છે તેને રાગદ્વેષ ન થાય. જેને રાગદ્વેષ થતા નથી તે ત્રણે લોકનો નાથ છે. તે વિષયી જીવોથી ઊંચી દશાવાળો છે. "જેટલા પોતાની પુદ્ગલિક મોટાઈ ઇચ્છે છે તેટલા હલકા સંભવે." (૮૫) જગતના જીવો પુદ્ગલિક મોટાઈ ઇચ્છે છે, તે હલકા છે. જે કશું ઇચ્છતા નથી તે મોટા છે. જેને આત્માનું માહાત્મ્ય લાગ્યું છે તેને આ બધું સ્વપ્ના જેવું લાગે.

**"સકળ જગત તે એઠવત્, અથવા સ્વપ્ન સમાન"**

જેને આત્મદૃષ્ટિ થઈ છે તેને કોઈ પણ પ્રકારનો ભય નથી. આત્માનો નાશ કરનાર જગતમાં કશું નથી. બીજી વસ્તુને મારી માની ત્યાં આગળ ચિંતા ફિકર ઊભી થઈ. હું ને મારું થાય ત્યાં મિથ્યાત્વ આવી ઊભું રહે. સમભાવ એવો છે કે સમથી એનો મોક્ષ થાય.

**"જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ;**
**લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ."** (૯૫૪)

એટલું જ કહેવું છે. મૂળ વસ્તુ આ છે.

*

(સાંજના—સભામાં)

મુમુક્ષુ—બન્ને હાથમાં લાડુ છે એટલે શું?

પૂજ્યશ્રી—આ દેહ છૂટી જાય તો કલ્યાણ થવાનું છે. અને જિવાય તો ભક્તિ કરવાની છે. શૂરવીરતાના એ બધાં વચનો છે. આમ કરું, તેમ કરું એમ પોતાની દૃષ્ટિએ કરે છે. જીવ ગુરુને નામે ઠગાયો છે.

*

(સાંજના–ઉપર)

પૂજ્યશ્રી– ''क्षणमपि सज्ज्नसंगतिरेका भवति भवार्णवतरणे नौका ।'' ક્ષણવારનો પણ સત્પુરુષનો સમાગમ તે સંસારસાગર તરવામાં હોડી જેવો છે.

પ્રીતિંકર દેશાટન કરવા જતો હતો, તે વખતે તેના ગુરુએ તેને એક કાગળ લખીને આપ્યો. તે પ્રીતિંકરે વાંચ્યા કર્યા વગર કાનમાં રાખી મૂક્યો. ફરતાં ફરતાં તે કોઈ બીજા દેશમાં ગયો. ત્યાં એક રાજકુમારીએ તેને પરણવાનું કહ્યું, પણ પ્રીતિંકરે કહ્યું કે મારા મા બાપને પૂછ્યા વગર હું લગ્ન કરું નહીં, માટે તારે લગ્ન કરવા હોય તો મારા દેશમાં ચાલ. તે કુમારિકાએ હા કહી. પ્રીતિંકર તેને જહાજમાં બેસાડવા લઈ ગયો. તેની સાથે બીજા તેના મિત્રો હતા તેમને સોંપીને કહ્યું કે હું આના ઘરેણાં લઈ આવું છું, તમે અહીં રહેજો. એમ કહી ઘરેણાં લેવા ગયો. પ્રીતિંકર ઘરેણાં લઈને ત્યાં પાછો આવ્યો, ત્યાં તો જહાજ વગેરે કંઈ ન મળે. તેથી તે પાછો નગરમાં ગયો. રસ્તે જતાં એક દેરાસર આવ્યું. ત્યાં જઈ દર્શન કરી સૂઈ ગયો. એટલામાં ત્યાં કોઈ એક વિદ્યાધર દર્શન કરવા માટે આવ્યો. તેણે પ્રીતિંકરના કાનમાંથી કાગળ કાઢીને વાંચ્યો. તેમાં એમ લખેલું હતું કે વિપત્તિમાં એની સહાય કરજો. અને નીચે ગુરુએ પોતાનું નામ લખ્યું હતું. તે વાંચીને વિદ્યાધરને થયું કે આના અને મારા ગુરુ તો એક જ છે. એ તો મારા ગુરુ ભાઈ છે. તેથી એણે પ્રીતિંકરને જગાડી કહ્યું કે ચાલો, હું તમને ઘેર પહોંચાડું. પછી પ્રીતિંકરને ઘેર પહોંચાડ્યો.

એ તો લૌકિક છે, પણ આપણને જે મંત્ર મળ્યો છે તે 'ઘેર' પહોંચાડે એવો છે. આત્મારૂપ થવા માટે આ મંત્ર મળ્યો છે. દેહાદિથી હું ભિન્ન છું, એ કરવા માટે આ મંત્ર મળ્યો છે. આખી જિંદગી સુધી એનો અભ્યાસ કરી મૂક્યો હોય તો છેવટે એ સાંભરી આવે. 'સહજાત્મસ્વરૂપ' એમ સાંભરે તેથી સમભાવ રહે. આપણું ઘર ક્યાં છે?

મુમુક્ષુ–સમતામાં.

પૂજ્યશ્રી–સમભાવમાં. જ્ઞાનીએ જે મંત્ર આપ્યો તે કાનમાં મૂકી રાખવા જેવો છે, ભૂલવો નહીં.

મુમુક્ષુ–''क्षणमपि सज्ज्नसंगतिरेका'' એ કાવ્ય શંકરાચાર્યનું છે?

પૂજ્યશ્રી–હા.

મુમુક્ષુ–'મોહમુદ્‌ગર'માં એ છે?

પૂજ્યશ્રી–હા.

**''भज गोविंदम् भज गोविंदम् भज गोविंदम् मूढमते''**

એમ એમાં આવે છે. હે મૂઢમતિ! ગોવિંદને ભજ.

(સવારના–ઉપર) ૧૦૭ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા વદ ૧૨, સં.૨૦૦૯

મુમુક્ષુ–આપણે એકાસણું, ઉપવાસ, વ્રત, નિયમ જે જે કરવાં હોય તે બધાં ભગવાનને પૂછીને કરવાં?

પૂજ્યશ્રી—હા. ''आणाए धम्मो, आणाए तवो'' તમે જે સુખ જાણ્યું છે, અનુભવો છો તે સુખ પ્રાપ્ત કરવા તમારી આજ્ઞાથી આ નિયમ વગેરે કરું છું, એમ ચિત્રપટ આગળ ભાવ કરી કરવું. જ્ઞાનીની આજ્ઞા ઓળંગીને કંઈ કરવું નથી. આત્માર્થે કરે તેને આત્મા પોષાય અને લોકોને બતાવવા કરે તો તે પોષાય. ''શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?'' એનો વિચાર કરવાનું કહ્યું છે. શરીરને સુખ, દુઃખ થાય એ નહીં, પણ આત્માને સુખ શાથી થાય છે? એ વિચારીને પગલું ભરવું. એ જ્ઞાની વિના સમજાય નહીં. આપણે બફમમાં છીએ તેથી ભૂલો ખબર પડતી નથી, તે જ્ઞાની કાઢી કાઢીને બતાવે છે. જ્ઞાની પ્રત્યક્ષ હોય તો પૂછીને કરે અને પ્રત્યક્ષ ન હોય તો એમના ચિત્રપટ આગળ જઈ આ પ્રત્યક્ષ જ છે એમ જાણી, હે ભગવાન! આપની આજ્ઞાથી આ કરું છું એમ ભાવના કરી વ્રત નિયમ વગેરે કરવાં.

**''સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;**
**સત્સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય?''**

મુમુક્ષુ—સત્સાધન તો આ જે જ્ઞાનીની આજ્ઞા મળી છે તે ને?

પૂજ્યશ્રી—હા, પણ પાછું એ ભૂલી જાય તો?

મુમુક્ષુ—નહીં ભુલાય.

પૂજ્યશ્રી—જ્યારે લૌકિક પ્રભાવ આજુબાજુ હોય ત્યારે એમ થઈ જાય કે આ સારું છે. આજ્ઞાથી જે સત્સાધન મળ્યું તે ભૂલી જાય એવું થાય છે. પાછું ફરી જાય તો એમેય થાય કે અહો! મેં ખોટું કર્યું. જ્ઞાનીની આજ્ઞા ભૂલી ગયો! એમ કરી પાછો ચેતી જાય. ધીરજ રાખી પુરુષાર્થ કરવાનું કહ્યું છે. પ્રમાદ થાય એવી ધીરજ રાખવાનું નથી કહ્યું. જ્યારે પરિગ્રહ એ પાપ છે એમ લાગશે ત્યારે જ્ઞાનીનો બોધ પરિણામ પામશે.

*

(બપોરના—ઉપર, 'ચારિત્રચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—ચોવીશ તીર્થંકરનાં નામ-ગુણકીર્તન એ બધું સ્તવન કહેવાય છે. બીજા લોકોમાં ગુણો હોય તેનાથી વિશેષ ગુણો ભગવાનમાં છે, એમ ગુણોની સ્તુતિ કરવી તે સ્તવના કહેવાય છે. જેમ સામાયિકના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, નામ, સ્થાપના ભેદ પાડ્યા હતા તેમ આ સ્તવનના પણ એવા ભેદ પાડ્યા છે. ભગવાનના નામનું સ્તવન તે નામ સ્તવન. સ્થાપનાનું સ્તવન તે સ્થાપના સ્તવન. એમના શરીરનું સ્તવન તે દ્રવ્ય સ્તવન. આત્માનું સ્તવન તે ભાવ સ્તવન. તીર્થંકરનાં ક્ષેત્રોનાં સ્તવન તે ક્ષેત્ર સ્તવન. પંચ કલ્યાણકનાં સ્તવન તે કાળ સ્તવન છે. કેવળજ્ઞાનાદિ ગુણોનું સ્તવન તે ભાવ સ્તવન છે.

મુમુક્ષુ—નવ કેવળ લબ્ધિ એટલે શું?

પૂજ્યશ્રી—અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, ક્ષાયક સમ્યક્ત્વ તથા અનંતદાન,

અનંતલાભ, અનંતવીર્ય, અનંતભોગ અને અનંતઉપભોગ એ નવ કેવળ લબ્ધિ છે.

ભગવાનની સ્થાપના સાથે અભેદભાવે સ્તવન તે સ્થાપના સ્તવન છે. તીર્થંકરોના જે ગુણો છે તે જ ગુણોને દર્શાવનાર તેમની સ્થાપના છે. સ્થાપનામાં અભેદભાવે સ્તવન એટલે સ્થાપના સાક્ષાત્ ભગવાન જ છે, એમ જાણી સ્તવના કરવી તે. આત્માથી ભિન્ન જે જે પદાર્થો છે તે પણ તીર્થંકરના શરીરથી સંબંધવાળા છે, તેની જે સ્તુતિ છે તે દ્રવ્ય સ્તવન છે. ભગવાનનાં એક હજાર આઠ લક્ષણો છે, પરમ ઔદારિક શરીર છે, એમના શરીરમાં સુગંધી હોય છે તે દૂરથી પણ આવે છે, મોહનાં કારણોથી દૂર છે, કેવળજ્ઞાન થયા પછી કેશ, નખ વધતા નથી એટલે નખ, કેશ પ્રમાણમાં છે; એમ અનેક પ્રકારે ભગવાનની સ્તુતિ કરવી તે દ્રવ્ય સ્તવન છે. બધામાં કિંમતી વસ્તુ ભાવ સ્તવન છે. આપણા ભાવ ફેરવનાર એ છે.

ભરત અને ઐરાવત ક્ષેત્રમાં ચોથા આરામાં ચોવીશ તીર્થંકરો થાય છે. તેની અપેક્ષાએ ચોવીશ તીર્થંકરની સ્તવના કરવાનું કહ્યું છે. અવસર્પિણી અને ઉત્સર્પિણી એ બન્ને કાળમાં ચોવીશ ચોવીશ તીર્થંકરો થાય છે. એ બધા ચોથા આરામાં જ થાય છે, બીજા આરાઓમાં નહીં. વધારેમાં વધારે એકસો સિત્તેર તીર્થંકરો થાય. વિદેહક્ષેત્રમાં કોઈ કોઈ જીવ બે કલ્યાણક કરી તીર્થંકર થાય છે. કેટલાક ત્રણ કલ્યાણક કરી થાય છે. ચોવીસત્થો એટલે ચોવીશ તીર્થંકરની સ્તવના એમ અર્થ થાય છે. જે જે જ્ઞાન છે તે બધાનું મૂળ તો તીર્થંકર છે. બધું જ્ઞાન તીર્થંકર પાસેથી આવે છે. ઉત્તર ગ્રંથકાર ગણધરો કહેવાય છે. ગ્રંથના મૂળ કર્ત્તા તીર્થંકર, ઉત્તર કર્ત્તા ગણધર, એનાથી ઉત્તર કર્ત્તા આચાર્ય. તેમનો આધાર લઈને આ ગ્રંથ હું લખું છું એમ દિગંબરોમાં ગ્રંથ લખતાં મંગલાચરણ કરે છે. તીર્થંકરનું માહાત્મ્ય તો બહુ છે. એમ ને એમ સમજાય નહીં.

વેદાંતમાં શિષ્ય જ્યારે બધા વેદો ભણી રહે ત્યારે ગુરુ તેને નવરાવી પૂજા કરે. તે શિષ્ય સ્નાતક કહેવાય છે. વેદ ભણી રહે તે સ્નાતક કહેવાય છે. જૈનમાં તો તીર્થંકર ભગવાનને સ્નાતક કહેવાય છે. હમણાં બી.એ. ભણી રહે ત્યારે તેને સ્નાતક કહે છે. ખરી વિદ્યા તો સમ્યક્જ્ઞાન છે. હવે તો વિદ્યાલય એમ સ્કૂલનું નામ આપે અને ધર્મનું તો નામેય ન હોય. ''सा विद्या या विमुक्तये'' જે મોક્ષ આપે તે વિદ્યા છે.

જેના કહ્યાથી બધા મુનિઓ વર્તે, પોતે આચાર પાળે, બીજાને પળાવે તે આચાર્ય છે. જે દીક્ષા આપે તે આચાર્ય છે એમ નથી પણ જેને આચાર્ય પદ પ્રાપ્ત થયું હોય તે આચાર્ય કહેવાય છે.

તીર્થંકર શબ્દ કેવી રીતે બન્યો છે, તે કહે છે. જ્યાં આગળ થઈને નદી ઓળંગી શકાય છે એવી પાર ઊતરવાની જગા તે તીર્થ કહેવાય છે. તેમ સંસાર પાર કરવાનો રસ્તો તે તીર્થ છે. એ સંસારસાગર પાર કરવાનો રસ્તો તો તીર્થંકર ભગવાન છે. જેના નિમિત્તથી તરાય તે તીર્થંકર છે. ભાવશ્રુતના કર્ત્તા તીર્થંકર અને દ્રવ્યશ્રુતના કર્ત્તા ગણધરો છે. સંસાર એક સમુદ્ર છે. જ્યાં જુએ ત્યાં ભય છે. સંસારસમુદ્ર જેથી તરી શકાય એવી યોજના જેણે કરી છે તે તીર્થંકર છે. એ ધર્મ તીર્થંકર કહેવાય છે. ધર્મ શબ્દ ત્રણ અર્થમાં વપરાય છે. પહેલો ધર્મનો અર્થ ચારિત્ર છે. બીજો અર્થ

ધર્માસ્તિકાય અને ત્રીજો શ્રુત. એથી સંસારસાગર તરાય છે.

**"लोगस्स उज्जोअगरे, धम्मतित्थयरे जिणे"**

લોકમાં ઉદ્યોત કરનારા અને ધર્મ તીર્થને પ્રવર્તાવનારા તીર્થંકરો છે. વૈષ્ણવમાં ભગવાનના ચોવીસ અવતાર માને છે. એક ધર્મની અસર બીજા ધર્મ ઉપર પડે છે. જૈનમાં ચોવીસ તીર્થંકરો કહ્યા તો બીજા ધર્મમાં પણ દેખાદેખીથી આમ કર્યું. વીતરાગ ભગવાનની પૂજા કરો કે નિંદા કરો, એમને તો કશું છે નહીં, તેથી જૈનમાં પૂજા પ્રભાવના આદિ શાની હોય? એમ કેટલાક કહે છે. જગતને નાશ કરનાર, ઉત્પન્ન કરનાર એવા ભગવાનને જૈનમાં માનતા નથી. જેણે બધા દોષો દૂર કર્યા છે તે ભગવાન છે, એમ જૈન માને છે. કેવળજ્ઞાન પ્રગટ કરે તે વીર છે.

મુમુક્ષુ— **"વર્તે નિજસ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;<br>વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત."**

એટલે શું?

પૂજ્યશ્રી—જેને આત્માનું ઓળખાણ થયું છે તેને પોતાનું સ્વરૂપ જે જ્ઞાન, દર્શન, ચારિત્રમય છે તેનો અનુભવ વર્તે છે. એ સ્વભાવમાં ન રહેવાય અને બીજાં કામ કરવાં પડતાં હોય, તો પણ એનો લક્ષ રહે કે આ કામ મારે કરવા યોગ્ય નથી. એ મારું સ્વરૂપ નથી એમ એને લક્ષ રહે છે. લક્ષ ન રહે ત્યારે પ્રતીતિ રહે કે હું દેહથી ભિન્ન છું. ક્ષાયક સમકિતીને આત્મા સંબંધી વિકલ્પો ન આવે, પણ ચારિત્રમોહને લઈને જગતના બધા વિકલ્પો થાય છે. આત્મા ખરી રીતે જ્ઞાન સ્વભાવનો કર્ત્તા છે, પણ એ સ્વભાવમાં હોય ત્યારે. પોતાના સ્વભાવમાં ન હોય ત્યારે કર્મનો કર્ત્તા હોય છે.

મુમુક્ષુ— **"સદ્‌ગુરુ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પદ, સેવાથી શુદ્ધ જ્ઞાન થશે,<br>અવર ઉપાસન કોટિ કરો પણ, શ્રી હરિથી નહિ હેત થશે."**

એટલે શું?

પૂજ્યશ્રી—શ્રોત્રિય એટલે વેદની શ્રુતિ જાણનાર એટલે જ્ઞાનવાળા અને બ્રહ્મનિષ્ઠ એટલે આત્મામાં જેની સ્થિતિ છે એવા સદ્‌ગુરુના ચરણની સેવાથી જ્ઞાન થશે. બીજા કોટિ ઉપાય કરે તોય ભગવાન પ્રત્યે પ્રેમ થાય નહીં. ભગવાન કરતાં ગુરુનો વધારે ઉપકાર છે.

મુમુક્ષુ—ગુરુ કરતાં ભગવાનની દશા તો ચઢિયાતી છે!

પૂજ્યશ્રી—સિદ્ધ ભગવાન બધાથી ચઢિયાતા છે. બધા કર્મથી રહિત છે પણ એમને ઓળખાવનાર કોણ છે? ગુરુ છે. એ ન હોય તો ભગવાનને કોણ ઓળખાવે?

**"પ્રથમ નમું ગુરુ રાજને, જેણે આપ્યું જ્ઞાન;<br>જ્ઞાને વીરને ઓળખ્યા, ટળ્યું દેહ અભિમાન."**

પંચ પરમેષ્ઠીમાં પહેલાં અરિહંતને નમસ્કાર કર્યા, કારણ કે એ વધારે ઉપકારી છે.

સંવત્સરીએ આપણે જે ક્ષમાપના કરીએ છીએ તેમાં કહ્યું છે કે–

**"અવલ હી નિજ ઉપકારી પ્રત્યે, કીજે ક્ષમાકી પ્રયાચના"**

*

(સાંજના–ઉપર, 'ચારિત્રચક્રવર્તી'ના વાંચન પ્રસંગે)

મુમુક્ષુ–'આત્માનુશાસન' એટલે શું?

પૂજ્યશ્રી–આત્માને શિખામણ આપવી તે આત્માનુશાસન.

મુમુક્ષુ–અનુશાસન એટલે આજ્ઞા કરવી એમ અર્થ ન થાય?

પૂજ્યશ્રી–શાસન એટલે આજ્ઞા કરવી, પણ અનુશાસન એટલે શિખામણ આપવી.

મુમુક્ષુ–આસ્ય એટલે શું?

પૂજ્યશ્રી–મોઢું.

મુમુક્ષુ–વિદારિત એટલે શું?

પૂજ્યશ્રી–ફાડેલું.

મુમુક્ષુ–વિવર એટલે શું?

પૂજ્યશ્રી–વિવર એટલે કાણું.

*

(રાતના–સભામાં)

પૂજ્યશ્રી–મહાપુરુષનાં વચનો સાંભળીને આપણા દોષો કાઢવાના છે. ઠપકો ગણીને આ સંસારભાવથી પાછું વળવાનું છે. ક્યાંય ને ક્યાંય જીવ ખળ્યો છે. સત્સાધન મળ્યું છે તોય કરતો નથી. પોતાનો કયો દોષ છે કે જે ખાળે છે? તેને ખસેડે તો કલ્યાણ થાય. એ વિચાર વગર ખબર પડે એવું નથી. પોતાની વૃત્તિઓ તપાસીને, આ મોટો દોષ છે એમ લાગે તો એને કાઢવાનો ઉપાય કરે. ન સમજાય તો જ્ઞાનીપુરુષને પૂછે, પણ જીવને જોઈએ તેવું દુઃખ લાગતું નથી.

(સવારના–ઉપર) ૧૦૮ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા વદ ૧૩, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–પ્રભુશ્રીજીને વૃદ્ધાવસ્થા હતી, આત્મજ્ઞાન હતું, તો પણ આખો દિવસ વંચાવ વંચાવ કરે. રોજ સ્ટેશનની આગળ આંબો છે ત્યાં જઈને બેસતા અને વંચાવતા. આપણે આપણું કરવાનું છે. વાંચવું, વિચારવું એ કરવાની જરૂર છે. એમાં જ રુચિ કરવાની છે. એ જ કામનું છે. આખર વખતે પશ્ચાત્તાપ થાય, એ પાપ છૂટવાનું કારણ છે.જ્યારે જીવ ફરે ત્યારે કામ થવાનું છે. અસારને અસાર જાણે ત્યારે કામ થાય. આ કાળમાં ભારેકર્મી જીવો છે. આપણે ભારેકર્મી એટલે આ કાળમાં જન્મ્યા છીએ. એમાં સત્પુરુષનો યોગ થયો તે મહાભાગ્ય છે. સત્પુરુષની આજ્ઞા જાણ્યે-અજાણ્યે

પણ મળી હોય, તેથી જીવ આગળ આવે છે. સત્પુરુષને યોગે થોડા કાળમાં ઘણો લાભ થાય. ઘણાં શાસ્ત્રો ભણે પણ સત્પુરુષના યોગ વિના કશું ન થાય. અનાર્ય સંસ્કારો જીવને દૃઢ થઈ જાય તો પછી એને ધર્મ ગમે નહીં. પહેલાં હું વૈષ્ણવોના મંદિરમાં કથા વાંચવા જતો પણ જ્યારે અંગ્રેજી ભણવા લાગ્યો ત્યારે જવું બંધ કરી નાખ્યું, પછી ગમે નહીં. મેટ્રીક થયો ત્યારે કંઈક પાછા સંસ્કાર જાગ્યા. પછી થોડા દિવસો પછી પ્રભુશ્રીજી મળ્યા.

*

(સવારના—સભામાં)

પૂજ્યશ્રી—પુણ્યનો મોહ રાખવા જેવો નથી. ચાર ગતિની ભાવના ન રાખવી.

મુમુક્ષુ—દેવગતિની તો રાખવી?

પૂજ્યશ્રી—શા માટે? જેને સંસારનો ભય લાગ્યો હોય તે ન રાખે. લોભ એ પાપનું મૂળ છે. આપણામાં જે નથી તે મેળવવાનું છે. ગળિયા ન થઈ જવું.

*

(બપોરના—ઉપર, ચારિત્રચક્રવર્તીમાંથી 'સ્તવન આવશ્યક'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—પૂજા શા માટે કરવાની છે? તો કે એ પૂજ્ય પદ પ્રાપ્ત કરવા માટે. ભગવાનની સ્તુતિ ભગવાનરૂપ થવા માટે કરવાની છે. અનાદિથી મોહને વશ જીવ છે અને એમાં મીઠાશ છે તેથી એને છોડતો નથી. એ બધું દૂર કરવું બહુ અઘરું છે. એ મોહને દૂર કરવો છે એમ એને લાગતું નથી. પાંચ ઇંદ્રિયના વિષયમાં તન્મય થઈ ગયો છે. એ વિષયો વિષ જેવાં છે એમ જ્ઞાનીપુરુષ કહે છે. જીવ દેખે છે ને ભૂલે છે. પોતાના આત્માનો ઉદ્ધાર કરવો એને નીરસ લાગે છે અને મોહ મીઠો લાગે છે. મહાપુરુષોનું કામ એ કે એને વિષયોથી છોડાવી આત્માનો રસ ચખાડવો. જગતના બધા વાતાવરણથી એને થોડો વખત દૂર કરવો જોઈએ. નિવૃત્તિ કાળ જોઈએ. એવા કાળમાં, જેણે આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું છે એવા પુરુષનો સમાગમ કે એમનાં વચનોનો સમાગમ થાય તો એવું પદ પ્રાપ્ત કરવા એને ભાવના જાગે. જે મહાપુરુષોએ એ આત્મસ્વરૂપ પ્રાપ્ત કર્યું છે, તેનું નામ સાંભળવું પણ લાભકારક છે. એનો બોધ સાંભળે તો વિશેષ લાભ થાય. આજ્ઞા આરાધે તો તેથી પણ વિશેષ લાભ થાય. જેવી ભાવના હોય તેવા ભાવમાં જીવ દોરાય છે. મહાપુરુષોની સેવા, પૂજા, એમના વચનો એ આત્માને જાગૃત કરનાર છે.

ભગવાનની આગળ તમે દીનપણું કરો છો તો તમને ભગવાનનું પદ કેમ પ્રાપ્ત થશે? એમ કોઈ કહે, તો કે એમ નથી. ભગવાનની ભક્તિમાં, પૂજામાં દીનતા રાખે તો એ જ પ્રભુતા આપે છે. હું કંઈ જાણતો નથી, એમ કરી જ્ઞાનીને શરણે જાય તો જરૂર કલ્યાણ થાય. જેવું નિમિત્ત મળે તેવો જીવ થઈ જાય. પ્રભવ ચોર ચોરી કરવા આવ્યો, પણ જંબુસ્વામીનો સંગ થયો તો બધું છોડી દીક્ષા લઈ લીધી. ભગવાન પ્રત્યે રાગ છે તે ભક્તિ છે. તે ભક્તિ દ્વારા જીવ વીતરાગતા પામે. પૂર્ણ પદ પામે ત્યાર પછી કંઈ અવલંબનની જરૂર નથી. પ્રતિમા જોઈને ભગવાનના સ્વરૂપનો, મૂળ

સ્વરૂપનો ખ્યાલ આવે છે. જેમ કોઈ આપણા સગાનું ચિત્ર જોઈને તેની સ્મૃતિ થાય છે તેમ. પુણ્યનાં જે કારણ છે તે જીવને હિતકારી છે. મુનિ થયા હોય, ઘણાં શાસ્ત્રો વાંચ્યા હોય તેમ છતાં તીર્થયાત્રા આદિનું માહાત્મ્ય એકાંતે હોય તો તેમને માટે એમ પણ ઉપદેશ કર્યો કે ઘણી તીર્થયાત્રા કરી પણ તેથી કંઈ થવાનું નથી. તારા આત્મારૂપ તીર્થનાં દર્શન કર. આત્માની હવે તું સંભાળ રાખ. જે વ્યવહાર માર્ગમાં પ્રવર્તે છે અને તેનું જેને માહાત્મ્ય છે તેને એ ઉપદેશ કર્યો કે હવે તું આત્મામાં વિહાર કર, આત્મતીર્થના દર્શન કર; પણ વ્યવહારનયથી પાછું તીર્થે જવાનું કહ્યું છે.

**"નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નો'ય;**
**નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય."**

નિશ્ચયનયથી તો પોતાના આત્માને જ તારવાનો છે, એના જ દર્શન કરવાના છે. ચોવીસ તીર્થંકરનું સ્તવન કરવાનો લક્ષ એમનું જે સંપૂર્ણ પદ છે, તે પ્રાપ્ત કરવા માટે છે. ભગવાનની સ્તુતિ અનેક પ્રકારે કરે છે. ભગવાન જ તારે છે, સુખ આપે છે એમ અનેક પ્રકારે ભગવાનની સ્તુતિ કરે છે, તે પોતાના ભાવ ફેરવવા માટે છે. તેથી પુણ્ય બંધાય છે અને પુણ્યનો ઉદય થવાથી એની ભાવના ફરે છે. નિમિત્તને કારણે ભગવાન જ કર્ત્તા છે એમ ઉપચારથી કહેવાય છે.

એક તીર્થંકરને અથવા ગુરુને નમસ્કાર તે વંદના આવશ્યક છે.

મુમુક્ષુ–બધા તીર્થંકરોની વંદના કરે તો એ વંદના આવશ્યક ન કહેવાય?

પૂજ્યશ્રી–એ તો પછી ચોવીસત્થો જ કહેવાય. વંદના અને ચોવીસત્થામાં નામનો ફેર છે.

મુમુક્ષુ–વંદનામાં આવર્ત કરાય છે. તે આવર્ત એટલે શું?

પૂજ્યશ્રી–ચારે દિશાઓમાં ત્રણ ત્રણ નમસ્કાર કરી ભગવાનનાં ચૈત્યોને વંદન કરે તે આવર્ત કહેવાય છે.

શ્વેતાંબરમાં પ્રતિક્રમણમાં વંદના કરે ત્યારે 'अहो कायं, काय' –એમ ત્રણ વાર વંદના કરે પછી 'जत्ता भे जवणिज्जं च भे' એમ ત્રણ વાર કરે. પછી બીજી વાર વાંદણા આપતાં ફરી છ વાર કરે. એમ બાર આવર્ત થાય.

*

(સભામાં–સાંજના)

પૂજ્યશ્રી–જેમ વૈષ્ણવમાં ઈશ્વરને જગતનો કર્ત્તા માને છે તેમ આ પણ આત્માને શરીર આદિનો એકાંતે કર્ત્તા માને તો એ પણ એના જેવો જ થયો. નામ માત્રનો ફેર રહ્યો. દેહનો કર્ત્તા માની પછી દેહ દેહ કર્યા જ કરે તો તે એવો જ થયો.

**"ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ;**
**વર્તે નહિ નિજ ભાનમાં, કર્તા કર્મ-પ્રભાવ."**

અસત્સંગ આપણામાં જ છે. વિષય કષાયની જે ઇચ્છા થાય છે તે જ અસત્સંગ છે. જીવ એમ

જાણે છે કે હું તો સત્સંગ કરું છું, તે જીવ પોતાની કલ્પનાએ માને છે; પણ પોતાની કલ્પના બધી મૂકવાની છે. પોતાની બધી કલ્પનાઓ ખોટી છે. જ્ઞાનીની દૃષ્ટિ સાચી છે. સ્વચ્છંદ તો રોકવાનો છે.

'પ્રત્યક્ષ પુરુષની' પ્રભુશ્રીજીના વખતમાં અહીં બહુ ચર્ચા થતી. લોકો એમ કહેતા કે આપણે તો પ્રત્યક્ષ સત્પુરુષ પ્રભુશ્રીજી છે. કૃપાળુદેવને આપણે ક્યાં જોયા છે? પ્રભુશ્રીજી કહેતા કે તમે કૃપાળુદેવને માનશો તો અમે રહી જતા નથી. કૃપાળુદેવમાં બધા જ્ઞાનીપુરુષ આવી ગયા. જ્ઞાનીપુરુષોએ આ અમૃત જેવું કહ્યું છે. જીવ જો સમજે તો કામ થાય.

મુમુક્ષુ—સ્વપ્નદશા શું હશે?

પૂજ્યશ્રી—"અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે." અહંભાવ, મમત્વભાવ કહ્યો એ જ સ્વપ્નદશા છે. અહંભાવ ભૂલી જાય, હું વાણિયો, હું સ્ત્રી, હું પુરુષ એ બધો અહંભાવ ભૂલી જાય અને જ્ઞાનીએ જાણ્યું તે ખરું, 'હું કંઈ જાણતો નથી', જ્ઞાનીએ જાણ્યું તે ખરું, મને 'હું હું' થાય છે તે ખોટું છે એમ થાય તો સમ્યક્ત્વ થાય. હું ભૂલ્યો છું એમ રાખવું જોઈએ. જ્ઞાનીપુરુષે આત્મા છે, નિત્ય છે, કર્ત્તા છે, ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે, એ છ પદ કહ્યાં છે. તેની માન્યતા થાય તો એનાં પરિણામ ફરે. પ્રભુશ્રીજી કહેતા કે 'છ પદ'ના પત્રનો છ મહિના વિચાર કરે તો કામ થઈ જાય.

મુમુક્ષુ— **"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં;**
**વહ કેવલકો બીજ ગ્યાનિ કહે, નિજકો અનુભૌ બતલાઈ દિયે."**

એનો શો ભાવાર્થ છે?

પૂજ્યશ્રી—જીવની પાસે પ્રેમરૂપી મૂડી છે, તે શરીરમાં, કુટુંબ આદિમાં વેરી નાખી છે, તે બધેથી ઉઠાડી સત્પુરુષ પ્રત્યે પરમ પ્રેમ કરવાનો છે. પ્રેમ સંસારમાં રોકાયો છે. પ્રેમની જેટલી શક્તિ છે તે બધી પ્રભુ પ્રત્યે વપરાય, તે પર પ્રેમ એટલે પરમ પ્રેમ છે. પ્રેમ એ આત્મા છે.

(સાંજના—સભામાં) ૧૦૯ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા વદ ૧૪, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—જ્યાં પ્રારબ્ધ હોય ત્યાં રહેવાનું જીવને થાય છે. ત્યાં સંગ થાય તેને સત્સંગ, સત્સંગ એમ માને, પણ કુસંગરૂપ થઈ પડે. જ્ઞાનીએ શાનો લક્ષ રાખવાનું કહ્યું છે, તે લક્ષ રાખવાનો છે.

(સવારના—સભામાં) ૧૧૦ શ્રીમદ્ રા.આ.અગાસ, ભાદરવા વદ ०)), સં.૨૦૦૯

પૂજ્યશ્રી—'ગોમ્મટસાર'માં એમ આવે છે કે કોઈ ગુરુ પાસેથી શાસ્ત્ર શીખી શ્રદ્ધા કરી; તે ગુરુ અજ્ઞાની હોય, એ જેમ કહે તેમ માને, પછી એને સાચા સત્પુરુષ મળે અને કહે કે તું માને છે તે બરાબર નથી, એમ કહે અને સામો જીવ મધ્યસ્થ હોય તો આરાધક થઈ જાય. સત્પુરુષનું કહેલું ન માને તો અન્ આરાધક કહેવાય. [1]ગૌતમસ્વામી ચાર વેદ જાણતા હતા પણ મનમાં કંઈક એવું રહેતું કે મને કોઈ મળે

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૩૫૬.

તો સમાધાન કરવું. પછી ભગવાન પાસે ગયા ત્યારે ભગવાને એમના મનની શંકા કહી. ત્યારે એમને થયું કે ભગવાન મારા મનની વાત જાણી ગયા. તેથી ભગવાને કહ્યું તે માન્ય કર્યું. પ્રભુશ્રીજીને અને દેવકરણજીને બેયને કૃપાળુદેવ મળ્યા પણ પ્રભુશ્રીજીને ઝટ કૃપાળુદેવની માન્યતા થઈ ગઈ, કારણ કે મધ્યસ્થ હતા, બાળા ભોળા હતા અને દેવકરણજી બહુ પંડિત, વ્યાખ્યાન કરનાર, સમજણા, તેથી વાર લાગી. પ્રભુશ્રીજી કહેતા કે બાળા-ભોળાનું કામ થઈ જશે.

વાઘ, સિંહ અને અગ્નિનો ભય લાગે પણ આ અજ્ઞાનનો ભય, જન્મમરણનો ભય લાગતો નથી. એ ભય લાગવો બહુ દુર્લભ છે.

કૃપાળુદેવે કહ્યું છે કે વૈરાગ્ય, ઉપશમ, ભક્તિ અને ત્યાગ એ મુમુક્ષુએ સહજ સ્વભાવરૂપ કરી મૂકવા જેવાં છે. કુળધર્મને પોષવો નથી. આત્મા પોષવાનો છે. એક મિથ્યાત્વદશા છે અને બીજી સમ્યક્ત્વ-સન્મુખદશા છે. ત્યાર પછી સમ્યક્દર્શન થાય છે. સત્પુરુષને યોગે સમ્યક્ત્વ-સન્મુખદશા થઈ જીવને સમ્યક્દર્શન થાય છે.

*

(બપોરના–ઉપર)

પૂજ્યશ્રી–જેમ નિર્મળતા વધશે તેમ જ્ઞાનીનાં વચનો સમજાશે. મનુષ્યભવમાં વિચાર શક્તિ છે. મનુષ્યભવમાં જેમ જેમ કષાય ઓછા કરે તેમ તેમ આત્મા વિશેષ નિર્મળ થાય. ''માત્ર મોક્ષ અભિલાષ.''

**''કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ.''**

એક તો ક્રોધાદિ ચાર કષાય ઓછા કરે, બીજી ઇચ્છાઓ ઓછી કરે, આત્માને શાંત રાખે, મોક્ષની ભાવના રાખે. બીજી ઇચ્છા કરે પણ પુણ્ય હોય તો મળે. જેવી ભાવના હોય તેવું ફળ મળે. 'यादृशी भावना यस्य, सिद्धिर्भवति तादृशी'

આ મનુષ્યભવ મોક્ષને માટે છે. જેટલો બને તેટલો મંત્રનો સતત અભ્યાસ કરવો અને ભવે ખેદ એટલે આ સંસારથી ખેદ પામવો. ઘણું ખાધું, ઘણું પીધું પણ જેને માટે જન્મ્યા તે ન કર્યું, એમ ખેદ થવો જોઈએ તે થતો નથી. ગાડીમાં બેઠા હોઈએ કે બીજે બેઠા હોઈએ, પણ બીજેથી ચિત્ત ખસેડી સ્મરણમાં ચિત્ત રાખવું. એમાં જ જો ચિત્ત રાખે તો મન સ્થિર થાય. ચિત્તને કંઈ કામ જોઈએ, નહીં તો આકાશ-પાતાળના વિચાર કરે. મન એ જ બંધ-મોક્ષનું કારણ છે. 'ગીતા'માં એમ આવે છે કે– ''मन एव मनुष्याणाम्, कारणं बंधमोक्षयोः''

ઘણા સત્સંગની જરૂર છે. કૃપાળુદેવે કહ્યું છે કે '' શું કરવાથી પોતે સુખી ? શું કરવાથી પોતે દુઃખી ?'' આત્માને સુખ શાથી થાય છે ? દુઃખ શાથી થાય છે ? એ વારંવાર વિચારી આત્માને શાંતિમાં લાવવો. એટલા માટે જ આ મંત્ર છે. એ મંત્રમાં પરમાત્માનું વર્ણન છે. સહજાત્મસ્વરૂપ છે તે પરમગુરુ છે.

સહજસ્વરૂપનો લક્ષ વારંવાર રહ્યા કરે તો—કર્મ છે, પુદ્ગલ છે, રૂપ, રસ, ગંધ વગેરે છે, તે આપણા ગુણ નથી એમ લાગે. ઇન્દ્રિયોના વિષયો છોડી રાગદ્વેષ છોડવા. સહજાવસ્થા (સહજ+અવસ્થા)માં રાગદ્વેષ ન હોય. બધેથી દૂર થવા માટે મંત્ર આ એક ચેતવણી છે. શ્રીમદે એ સ્વરૂપ પ્રગટ કર્યું; તેમના અવલંબને આપણને પણ પ્રગટ થાય એવું છે. મન, વચન અને કાયા એટલી સામગ્રી આત્માની પાસે અત્યારે છે. મનને જ્ઞાનીની આજ્ઞામાં રાખવું, વચનને પણ જ્ઞાનીની આજ્ઞામાં રાખવું, પાપના વચનથી પાછું વળવું અને કાયાથી પણ પાપવાળી પ્રવૃત્તિ ન કરવી.

સારા નિમિત્તે જીવ સારો થાય છે. ખોટા નિમિત્તથી ખોટો થાય. જ્ઞાનીની આજ્ઞા મળી તે સત્સાધન છે. એ જ્ઞાનીની આજ્ઞા ઉઠાવે તો ગમે ત્યાં હોય તોય એને સત્સંગ જ છે. કૃપાળુદેવે બધા શાસ્ત્રોના સારરૂપ એક સૂત્ર કહ્યું છે— જેને સર્વ દુઃખથી મુક્ત થવું હોય તેણે આત્માને ઉપાસવો. એ આત્માને ઉપાસવો હોય તો સત્સંગને ઉપાસવો. એ સત્સંગની જોગવાઈ મળી, તો હવે ઉલ્લાસથી સંસાર ઉપાસવો નથી. દાન વગેરે બધું ગૌણ કરી સત્સંગને ઉપાસવો. સત્સંગને યોગે જે આજ્ઞા મળી તે ઉપાસે તો સત્સંગમાં જ છે.

''સર્વ દુઃખથી મુક્ત થવાનો અભિપ્રાય જેનો થયો હોય, તે પુરુષે આત્માને ગવેષવો, અને આત્મા ગવેષવો હોય તેણે યમનિયમાદિક સર્વ સાધનનો આગ્રહ અપ્રધાન કરી, સત્સંગને ગવેષવો; તેમ જ ઉપાસવો. સત્સંગની ઉપાસના કરવી હોય તેણે સંસારને ઉપાસવાનો આત્મભાવ સર્વથા ત્યાગવો. પોતાના સર્વ અભિપ્રાયનો ત્યાગ કરી પોતાની સર્વ શક્તિએ તે સત્સંગની આજ્ઞાને ઉપાસવી. તીર્થંકર એમ કહે છે કે જે કોઈ તે આજ્ઞા ઉપાસે છે, તે અવશ્ય સત્સંગને ઉપાસે છે. એમ જે સત્સંગને ઉપાસે છે તે અવશ્ય આત્માને ઉપાસે છે, અને આત્માને ઉપાસનાર સર્વ દુઃખથી મુક્ત થાય છે.'' (૪૯૧) આ કૃપાળુદેવે બધાં શાસ્ત્રોના સારરૂપ કહ્યું છે. એ કરશે તો સર્વ દુઃખથી મુક્ત થશે. જેમ જેમ જીવને અપૂર્વતા લાગશે તેમ તેમ વિશેષ લાભ થશે. 'મહાપુરાણ'માં [૧]પ્રીતિંકર મુનિની કથા આવે છે. (તેનું દૃષ્ટાંત આપીને કહ્યું) ઢોર-પશુના ભવમાં પણ આટલી દૃઢતા રાખી. જીવ ધારે તે કરી શકે. અલ્પ પણ ધર્મનું આરાધન કર્યું હોય, તો પછી પૈસા-ટકા તો બધા અહીં જ પડ્યા રહેવાના છે પણ ધર્મનું આરાધન તે સાથે આવશે.

*

(સાંજના—સભામાં, 'સમયસાર'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી—ચેતનને ચેતનની સાથે સંબંધ છે. જડ તો એક સંયોગ છે. પરનો કર્તા-ભોક્તા થઈ શકતો નથી પણ જીવ માને છે કે આ મેં કર્યું. જીવને તો ભાવની સાથે સંબંધ છે. પુદ્ગલ પરવસ્તુ છે, તે ભાવ બગાડવામાં એક નિમિત્ત છે; પણ ચેતન જડ ન થાય અને જડ ચેતન ન થાય. અત્યારે જીવ અશુદ્ધ છે. અનંતકાળથી જીવને વિકારી દશા છે.

*

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પ્રવેશિકા શિક્ષાપાઠ ૪૪ થી ૪૬.

('પ્રભુશ્રીજીનો બોધ'ના વાંચન પ્રસંગે)

મુમુક્ષુ–આ પ્રભુશ્રીજીનો બોધ છે તે આપણે માટે તો 'સમયસાર' છે.

પૂજ્યશ્રી–બધું એક આત્માને માટે છે.

મુમુક્ષુ–'સમયસાર'માં બહુ ઝીણી વસ્તુ છે, સમજાય નહીં.

પૂજ્યશ્રી–આ (પ્રભુશ્રીજીનો બોધ) પણ એટલો ઝીણો છે. આપણે એમ જાણીએ કે સમજાય છે, પણ બહુ ગહન છે.

મુમુક્ષુ–વટામણના પત્રમાં આવે છે કે- 'ઠાર ઠાર ઓળખાણ રાખવી.' એટલે શું?

પૂજ્યશ્રી–કોઈની સાથે ન બને એવું ન રાખવું.

(પ્રભુશ્રીજીના હસ્તલિખિત પત્રો વંચાતા હતા, તે વખતે પ્રભુશ્રીજીના પૌત્ર શાન્તિલાલ ઉપર લગાતાર ૭-૮ પત્રો આવ્યા હતા)

મુમુક્ષુ–પ્રભુશ્રીજીએ છોકરાને બહુ સંભાર્યો છે.

પૂજ્યશ્રી–એવો લક્ષ ન રાખવો. આપણા માટે જ આ લખ્યું છે. પ્રભુશ્રીજીએ એમનું ટૂંકુ આયુષ્ય જાણીને, એમનું હિત થાય તે માટે આ બધાં પત્રો લખ્યાં છે. 'દશવૈકાલિક સૂત્ર' આઠ વર્ષના પોતાના છોકરાને માટે લખાયું હતું, પણ બધાને કામ આવે છે.

સ્મરણ કરવું એ સમાધિમરણનું કારણ છે.

(સાંજના–સભામાં) **૧૧૧** શ્રીમદ્ રા.આ.અગાસ, આસો સુદ ૧, સં.૨૦૦૯

('પ્રભુશ્રીજીનો બોધ'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી– **"સુણો ભરત ભાવી પ્રબળ, વિલખત કહે રઘુનાથ;**
**હાનિ-વૃદ્ધિ, જન્મ-મૃત્યુ, જશ-અપજશ વિધિહાથ."** (ઉપદેશામૃત પૃ. ૮૬)

મુમુક્ષુ–"જીવ કયા કાળને ભજે છે" એટલે શું?

પૂજ્યશ્રી–હવે મરણ પાસે છે. કરીશું કરીશું એમ કરે છે, પણ ક્યાં હાથમાં છે? અત્યારે હાથમાં જે લાગ આવ્યો છે તે છોડીને ભાવિની રાહ જુએ છે.

(સાંજના–સભામાં) **૧૧૨** શ્રીમદ્ રા.આ.અગાસ, આસો સુદ ૨, સં.૨૦૦૯

('પ્રભુશ્રીજીનો બોધ'ના વાંચન પ્રસંગે)

પૂજ્યશ્રી–રાગ, દ્વેષ, મોહને જીવ વશ થાય છે. જોનાર ઉપર આધાર છે. દેહ કરતાં આત્મા વધારે સ્પષ્ટ છે એમ કૃપાળુદેવે લખ્યું છે. જેને જેવો અભ્યાસ હોય તેને તેવું દેખાય. જેને દ્રવ્યદૃષ્ટિ થઈ છે તેને આત્મા જ પહેલો દેખાય. જગત આત્મારૂપ જોવામાં આવે, એવું જેને થયું હોય તેને પછી બધું જોતાં પહેલો આત્મા દેખાય. આપણો આત્મા શું કરે છે? કયા કાળને આત્મા ભજે છે? ક્યારે મરણ આવશે તેની ખબર નથી. ક્ષણની પણ ખબર નથી, તે ચેતવવા માટે કહે છે. વિવેક

દૃષ્ટિ સદ્‌ગુરુની છે.

*

(સાંજના—ઉપર)

મુમુક્ષુ—'આત્માનુશાસન' ગ્રંથ વાંચવાનું રાખીએ?

પૂજ્યશ્રી— શીખવા, ગોખવા, 'વચનામૃત' વાંચવા ઉપરાંત ટાઇમ મળતો હોય તો વાંચવું સારું છે. નહીં તો વાંચવું જ એવું કંઈ નથી. થોડું વંચાય, પા કલાક વંચાય તો કંઈ નહીં, પણ એટલું પણ વાંચીને વિચાર કરવો કે એમાં શું આવ્યું? બે જણ સાથે વાંચતા હો તો વિચારવું, ચર્ચા કરવી કે એમાં શી વાત આવી? એમ વિચાર કરીએ. વાંચીને વિચાર કરતાં પાછું શીખવાનું છે. 'વચનામૃત' વાંચવું. 'વચનામૃત' સમજવા માટે બીજું વાંચવાનું છે. એ 'વચનામૃત' પહેલું વાંચવું. પછી ટાઇમ મળે તો બીજું વાંચવું.

(સવારના—ઉપર) ૧૧૩ શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૩, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—જ્યાં ત્યાંથી સંસારના કામોથી કંટાળો આવે એવું કરવું. વૈરાગ્યઉપશમ વગર કામ ન થાય. કાળ એવો છે કે બધાનાં મન સરખાં ન હોય. ક્લેશ મટે એવું કરવું. સમભાવ કેળવવો. આમ થાય તોય શું અને તેમ થાય તોય શું? વધારે વખત ધર્મમાં જાય એવું કરવાનું છે. કર્મ આગળ તો કોઈનું ચાલતું નથી. સમજણ વધશે એમ સુખી થવાશે.

*

(સવારના—સભામાં)

પૂજ્યશ્રી—કૃપાળુદેવનો ખંભાતમાં પ્રભુશ્રીજીને પહેલો સમાગમ થયો. તે વખતે કૃપાળુદેવ ઉપાશ્રયે આવેલા, ત્યારે કૃપાળુદેવે હરખચંદજી મહારાજને પૂછ્યું કે આ કાળમાં ક્ષાયકસમકિત હોય કે નહીં? હરખચંદજી મહારાજે કહ્યું કે ન હોય. કૃપાળુદેવે પૂછ્યું કે શામાં કહ્યું છે? હરખચંદજી મહારાજે કહ્યું કે 'ઠાણાંગસૂત્ર'માં. પ્રભુશ્રીજીએ 'ઠાણાંગ' મંગાવીને આપ્યું. હરખચંદજી મહારાજે બહુ શોધ્યું, પાનાં આઘાં પાછાં કર્યાં; પણ ક્યાંય આ કાળમાં ક્ષાયકસમકિત ન હોય એવું ન મળ્યું. એટલે મૂળ આગમ ગ્રંથોમાં, આ કાળમાં ક્ષાયક ન હોય એવું કહ્યું નથી; પણ પાછળથી કોઈ આચાર્યે એવું કહ્યું છે.

*

(બપોરના—ઉપર, 'ચારિત્રચક્રવર્તી'માંથી 'વંદના આવશ્યક' સંબંધી વંચાતાં)

પૂજ્યશ્રી—એ બધું પોતાના આત્માની શુદ્ધિ કરવા માટે કરવાનું છે. મન, વચન, કાયાની વૃત્તિ શુદ્ધ કરવા માટે 'આવશ્યક' કહ્યાં છે.

સિંહાસન આદિ આઠ પ્રાતિહાર્યયુક્ત પ્રતિમા તે અરિહંતની પ્રતિમા છે, અને જે પતરામાં મનુષ્યાકારે કોતરી કાઢેલી પ્રતિમા તે સિદ્ધ પ્રતિમા છે. અરિહંતની મૂર્તિ તે સિદ્ધની પ્રતિમા નથી.

નામ, સ્થાપના, દ્રવ્ય, અને ભાવ એમ ચાર પ્રકારે વંદના છે. કોઈ પ્રશ્ન કરે છે કે એક જિન

ભગવાનને વંદન કરવું તે વંદના આવશ્યક છે, એમ તમે કહ્યું, તેથી તો બીજા તીર્થંકરોની અવજ્ઞા થાય. એનો ઉત્તર આપે છે કે એકની પૂજા-વંદનાથી બધાની પૂજા-વંદના થાય છે. એના મનમાં એવું નથી કે એમને નમસ્કાર કરવા અને બીજાને ન કરવા. એ તો જે કેવળજ્ઞાનાદિ ગુણયુક્ત છે તેમને નમસ્કાર કરે છે, તો કેવળજ્ઞાનાદિવાળા બધા તીર્થંકરોને એમાં નમસ્કાર આવી જાય છે. ચોવીશ તીર્થંકરના નામ લે ત્યારે ચઉવિસત્થો કહેવાય અને એક તીર્થંકરનું નામ લઈ વંદન કરે તે વંદના આવશ્યક છે. ભગવાનને વંદન કરવાથી શુભ કર્મ બંધાય છે.

બધું કરીને કરવું શું? આત્માને શુદ્ધ કરવો છે. ગમે તે ક્રિયા, દાન, તપ, જપ કરે, પણ જ્યાં સુધી ચિત્તની શુદ્ધિ ન થાય ત્યાં સુધી મોક્ષ ન મળે. આત્મા નિર્મળ કર્યા વગર મોક્ષ થાય નહીં. ભોગ ભોગવતો ન હોય તેમ છતાં કામ, ક્રોધાદિમાં રહેતો હોય તો એ મનથી કર્મ બાંધે છે. મન છે તે બહુ ચપળ છે, એને પાંસરું કરવું. મનને સ્થિર કરવું. બહુ ચેતવા જેવું છે. નિરંતર ચિત્તની શુદ્ધિની જરૂર છે. ચિત્ત શુદ્ધ કર્યા પછી ભક્તિ થાય. રાગડા પાડ્યાથી કંઈ ભક્તિ થતી નથી. એ તો મન સ્થિર કરવા માટે ઉતાવળે બોલવાનું છે. નહીં તો કાયોત્સર્ગમાં જેટલો લાભ છે તેટલો ઉતાવળે બોલવામાં નથી. બે ઘડી જો સમતા રહે તો એને કેવળજ્ઞાન થઈ જાય, એ બે ઘડી પ્રાપ્ત કરવી બહુ મુશ્કેલ છે. તીર્થંકર જેવાને પણ, મહાવીરસ્વામીને પણ એ બે ઘડી માટે બાર વરસ વાટ જોવી પડી. ઋષભદેવને હજાર વર્ષ સુધી એની વાટ જોવી પડી.

મોઢે ગમે તેમ કહે કે મન વશ કરું, પણ એ વશ કરવું બહુ મુશ્કેલ છે. ચિત્તને રોકવા ભક્તિ છે. એમાંય જો ચિત્ત ન રહે તો જીવ દુર્ભાગી છે. મન સ્થિર કરવા માટે ભક્તિ છે. ભગવાનનું સ્વરૂપ વાણીમાં આવે એવું નથી, પણ ભગવાનના સ્વરૂપને બતાવનારા નામનું પણ સ્મરણ રહે તો નિર્મળતા થવાનું કારણ થાય. ભાવના કરવા માટે સ્તવન, વંદના કરવાનું કહ્યું છે. મંત્ર છે, ભક્તિ છે એ બધાં જીવને નિર્મળ કરવા માટે કહ્યાં છે. ભગવાનના પવિત્ર ગુણોને ગાવા તે સ્તુતિ છે. એમના ગુણોનું જે વખતે ઉચ્ચારણ કરે તે વખતે એને શુભ ભાવ હોય છે. સ્તુતિ કરવા યોગ્ય ભગવાન છે. ભગવાન શુદ્ધ છે. ભગવાનની સ્તુતિના શબ્દો શુભ અને સ્તુતિ કરનાર શુભ હોય તો પછી એનું ફળ થાય જ. પોતાના આત્માને નિર્મળ કરવા, ક્રોધાદિ દૂર કરવા સ્તુતિ છે. તેને બદલે અત્યારે હે ભગવાન! મને પૈસા આપજો, ધન, છોકરાં આપજો એમ પોતાના ચોપડા ઉઘાડે છે. દેરાસરમાં જતાં મૂકવાનું છે તે જ ત્યાં જીવ માગે છે. ભગવાન વીતરાગ છે. આપણે વીતરાગ થવું છે, વિકારમાં તણાવું નથી.

આત્મામાં શુભ ભાવ ન આવે, આત્મા ઉન્નત ન થાય ત્યાં સુધી બરાડા પાડ્યે શું થાય? ભાવની ખામીથી જીવ તરતો નથી. 'કપટરહિત થઈ આતમ અરપણા રે' એને બદલે કપટ રાખે છે. બીજી વસ્તુઓ જોઈને જીવને આનંદ આવે ત્યાં આગળ ભક્તિ રહેતી નથી. જ્યાં રામ ત્યાં કામ નહીં અને કામ ત્યાં રામ નહીં. બેય એક ઠેકાણે ન રહે. કૃપાળુદેવ ગમે તે લખે, તો પહેલાં ૐ કે જિન એમ લખીને પછી બીજું લખે. ભગવાનને સંભારીને જ લખે છે. સમકિતી જીવો જેને માને તેની પ્રાર્થના કરે તો કામ થાય. અને મિથ્યાત્વી જેને માનતો હોય તેવા દેવોની પ્રાર્થના કરે તો કામ

ન થાય. લઘુતાથી પ્રભુતા આવે છે. પ્રભુશ્રીજી કહેતા કે અમારું નામ લઘુ પાડ્યું છે તે સારું છે. બધાથી નાના થઈને બેઠા છીએ. પ્રાર્થના દ્વારા અશક્ય લાગતું કામ પણ થઈ જાય છે. ભક્તિ કરવાથી, ગુણ ચિંતનથી એને ભોગ છે તે ઝેર જેવા લાગે છે. જેમ વીતરાગને ભોગ નથી ગમતા તેમ એને પણ થઈ જાય. વીતરાગ જે સંસારથી વિમુખ થયા છે તેમની ભક્તિ કરે તો એને પણ એવું થાય, પણ સમજીને કરે તો. વીતરાગતા ભગવાનમાં અનંત છે. જીવ જેટલી યોગ્યતા લઈને જાય તેટલી વીતરાગતા એનામાં આવે. જેટલી પાત્રતા તેટલી વીતરાગતા એનામાં આવે. પ્રભુશ્રીજી કહેતા કે યોગ્યતા લાવો, યોગ્યતા લાવો. એ પાત્રતાની ખામી છે, તે લાવવાની છે.

ભગવાનનાં દર્શન કરવાથી આત્માનું ભાન થાય. પોતાનું અને પરનું ભાન પ્રગટે છે, સૂર્યરૂપ જે આત્મા તેનું ભાન થાય. ભગવાનનાં દર્શન કરવાની કળા જો આવડે તો એનો કામ દૂર થઈ જાય. બધો ખેદ દૂર થઈ જીવનું જીવન નવીન થઈ જાય. અન્ય વસ્તુમાં ઇષ્ટ-અનિષ્ટની કલ્પના, સંકલ્પવિકલ્પ એને છૂટી જાય. ભગવાનની અંતર્મુખ દૃષ્ટિ સમજાય તો એને પણ અંતર્મુખ દૃષ્ટિ થાય. મોહરૂપી રોગ ભગવાનનાં દર્શનથી દૂર થઈ સમાધિ થાય છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ ચાર આરાધના પ્રાપ્ત થાય છે. સમાધિમરણ કરવું હોય તેણે આ ચાર આરાધના કરવાની છે. ભગવાનનાં દર્શનથી બધાં કામ સિદ્ધ થાય છે.

જેની ભક્તિ કરવી છે તેનામાં જો વીતરાગતા ન હોય અને તેની ભક્તિ કરે તો સંસારનો સંસાર જ રહે, અધોગતિનું કારણ થાય. ભગવાનને ભૂલી બીજું એના હૃદયમાં ચોટ્યું તો અધોગતિ થાય. એવી ભક્તિ જીવ ભ્રાંતિથી કરે છે, તે કરતાં ભક્તિ ન કરતો હોય તો સારું છે. અહીં આગળ આવીને કર્મ બાંધતો હોય તે વધારે દુર્ગતિનું કારણ છે.

અનંતકાળથી જીવ રખડે છે. મહાભાગ્યનો ઉદય થાય ત્યારે સત્સંગ, સત્પુરુષ મળે. સદ્‌ગુરુનો નિશ્ચય અને આશ્રય પ્રાપ્ત થવો દુર્લભ છે. એ નિશ્ચય અને આશ્રયની ખામી છે તેથી બીજે ચિત્ત રહે છે. પોતાના દોષો કઢાવે એવા સદ્‌ગુરુનો યોગ મહાપુણ્યે થાય છે. સમ્યક્ત્વ એ આંખ છે તેથી સાચો-ખોટો રસ્તો દેખાય છે. જેનો સંગ કરે તેવો જીવ થઈ જાય. ગુણવાનની ભક્તિ કરે તો ગુણ પ્રાપ્ત થાય અને વ્યસનીની ભક્તિ કરે તો વ્યસન પ્રાપ્ત થાય. પહેલામાં પહેલો લક્ષ એ રાખવો કે જેની આપણે ભક્તિ કરીએ છીએ તે વીતરાગ છે કે નહીં? કૃપાળુદેવે એ જ લખ્યું છે કે ‘‘જેની પાસેથી ધર્મ માગવો, તે પામ્યાની પૂર્ણ ચોક્સી કરવી.’’ (૪૬૬) જો અજ્ઞાનીની ભક્તિ કરે તો આખી જિંદગી એની નકામી જાય. જગતમાં દેખાદેખી ભક્તિ થાય છે. સાચા સદ્‌ગુરુ મળ્યા હોય અને સાચી ભક્તિ પ્રાપ્ત થઈ હોય તો તે પાણીમાં કમળ રહે તેમ રહે છે, વૈભવ એને બાધા કરતો નથી. ભરત મહારાજાને જ્યાં દેખે ત્યાં ભગવાન જ જાણે દેખાતા, એવી ભક્તિ એમને હતી. જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ થાય છે. ભગવાનને જે ચામરો ઢોળાય છે તે નીચે નમે છે અને પાછા ઊંચા થાય છે, તે જાણે એમ કહે છે કે જે મનુષ્યો અમારી પેઠે ભગવાનને નમે છે તે અમારી પેઠે ઊર્ધ્વગતિને પામે છે.

*

(સાંજના–સભામાં)

પૂજ્યશ્રી–કેવળી કોળિયાવાળો આહાર લેતા નથી. શરીરને યોગ્ય જે પુદ્ગલો જોઈએ તે એમને મળી રહે છે, જે કર્મઆહાર કહેવાય છે. નિશ્ચયનયથી તો આત્માની પાસે જ કર્મ પડ્યાં હોય તોય આત્માનાં તે નથી. જડને નિમિત્તે જીવ ભાવ કરી શકે છે. પ્રતિમા દેખીને પણ સમ્યક્‌દર્શન થાય છે.

મુમુક્ષુ–પ્રમાદ અને ધીરજમાં શો ફેર છે?

પૂજ્યશ્રી–પ્રમાદ તો દોષ છે અને ધીરજ ગુણ છે. ધીરજ એટલે પુરુષાર્થ તો કરવો પણ ધીરજ રાખવી. પ્રમાદમાં તો પુરુષાર્થ નથી, એ દોષ છે. જે દેખાય છે તે બધા પર્યાય છે. પ્રભુશ્રીજી કહેતા કે અમે જેમ કહીએ તેમ માનશો તો દ્રવ્યદૃષ્ટિ થશે.

એક માખીનું બચ્ચું હતું. તે જ્યાં આગળ પાણી ઊકળતું હતું ત્યાં આગળ ગયું. ના પાડી તોય ગયું. તેથી તેમાં પડીને મરી ગયું. તેવો આ સંસાર ઉના પાણી જેવો છે. ''ઉષ્ણ ઉદક જેવો રે આ સંસાર છે.''

(સવારના–ઉપર) ૧૧૪ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો સુદ ૪, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–વધારે સત્સંગની જરૂર છે. સત્સંગે ઘણી શંકાઓનું સમાધાન થઈ જાય એવું છે.

*

(સવારના–સભામાં)

પૂજ્યશ્રી–બધી વસ્તુઓ ભૂલે ત્યારે મોક્ષનું સુખ સમજાય એવું છે.

**''જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહિં પણ તે શ્રી ભગવાન જો.''**

એ સુખનો સાક્ષાત્કાર કરાય છે પણ શબ્દોમાં આવે એવું નથી. [૧]ગૌતમસ્વામીએ ભગવાનને પ્રશ્ન કર્યો કે મોક્ષમાં કેવું સુખ છે? ભગવાને કહ્યું કે એ સુખ હું જાણું છું પણ કહી શકતો નથી એમ કહી પછી ભીલનું દૃષ્ટાંત આપ્યું હતું.

(બપોરના–ઉપર) ૧૧૫ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો સુદ ૫, સં.૨૦૦૯

મુમુક્ષુ–પ્રભુ! મને એક સ્વપ્નું આવ્યું હતું કે પ્રભુશ્રીજી સભામંડપમાં બેઠા છે, બોધ કરી રહ્યા છે. તે વખતે મને અને ..........ભાઈને પ્રભુશ્રીજીએ કહ્યું કે પાંચ વર્ષમાં તમારો મોક્ષ થઈ જશે.

પૂજ્યશ્રી–સારું છે. સારી ભાવના હોય તો સારાં સ્વપ્નો આવે. મોક્ષની ભાવના હોય તો એવાં સ્વપ્નો આવે અને સંસારી ભાવના હોય તો તેવાં આવે. સ્વપ્નાં છે તે સ્વપ્નાં જ છે પણ એવાં સ્વપ્નાં આવે તો આગળ વધવાનું થાય.

મુમુક્ષુ–મને પ્રભુશ્રીજીના તો કોઈ કોઈ વખત સ્વપ્નાં આવે છે, પણ કૃપાળુદેવનાં તો કોઈ દિવસે આવતાં નથી.

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા શિક્ષાપાઠ ૭૩.

પૂજ્યશ્રી—'આલોચના'માં 'જિનવર દર્શન અધિકાર' છે ને? તે મને લખવાનું મન થયું, પણ વિચાર આવ્યો કે મને દર્શન તો થયાં નથી તો શું લખું? દર્શન ન થાય ત્યાં સુધી મારે લખવું જ નથી, એમ કરી પડી મૂક્યું, અને રાત હતી તેથી સૂઈ ગયો; તો સ્વપ્નું આવ્યું કે હું બાંધણીમાં છું અને કૃપાળુદેવ ત્યાં ઘરના મેડા ઉપર પધાર્યા છે. મને થયું કે પરવારીને કૃપાળુદેવનાં દર્શન કરવા જઈશ. એટલામાં આંખ ઊઘડી ગઈ. તેથી મને ખેદ થયો. પછી ફરી સ્વપ્નું આવ્યું કે કૃપાળુદેવ ઘરના મેડા ઉપર પદ્માસને પાટ ઉપર કફની પહેરીને બેઠા છે. સૌભાગ્યભાઈ સામે બેઠા છે. પહેલા કૃપાળુદેવ મને દેખાયા, પછી આંખ ઊઘડી ગઈ.

મુમુક્ષુ—પછી લખ્યું?

પૂજ્યશ્રી—હા, દર્શન થયા એટલે લખ્યું. તેમાં પહેલું પ્રાસ્તાવિક પદ એ જ લખ્યું કે—

**"ધન્ય રે દિવસ આ અહો! પ્રભુ દર્શન આજ પમાય રે;**
**સુધર્મ પ્રભાત પ્રગટ થતાં, દુઃખસ્વપ્નની રાત્રિ ગમાય રે."**

(બપોરના—ઉપર) **૧૧૬** શ્રીમદ્ રા. આ. અગાસ, આસો સુદ ૭, સં. ૨૦૦૯

પૂજ્યશ્રી—જ્ઞાની જે શિખામણ આપે તે ધ્યાનમાં લે તો કર્મ ન બંધાય, એવું અંદર આવે તે પકડી લેવું.

મુમુક્ષુ—[1]'શીતલનાથ'ના સ્તવનમાં ત્રિભંગી કહી છે, તે શું હશે?

પૂજ્યશ્રી—ભગવાનના ગુણો જે કરુણા, તીક્ષ્ણતા અને ઉદાસીનતા એ ત્રિભંગી કહી છે.

મુમુક્ષુ—શીલ અને બ્રહ્મચર્ય બે જુદાજુદા છે?

પૂજ્યશ્રી—એક જ છે. શીલનો અર્થ સ્વભાવ પણ છે. કુંદકુંદાચાર્યે 'શીલપાહુડ' લખ્યું છે તેમાં કહ્યું છે કે પાંચ ઇન્દ્રિયો અને મનને રોકી આત્મામાં રહે તે શીલ છે. કર્મ છે તે ભોગવ્યા વિના છૂટકો નથી. તીર્થંકર જેવાને ભોગવવાં પડે છે તો પછી બીજાનું તો કહેવું જ શું? માટે કર્મ બાંધતી વખતે પરિણામ એવાં રાખવાં કે જેની ઇચ્છા નથી તેવાં કર્મ ન બંધાય. નિમિત્ત સારા રાખવા. સારા નિમિત્તે સારા અને ખોટા નિમિત્તે ખોટા ભાવ થાય, માટે કૃપાળુદેવે સત્સંગની ભલામણ કરી છે. નિરંતર સત્સંગ કરવો. સત્સંગમાં એનું ચિત્ત હોય અને વિષય કષાયનો ઉદય આવે તો પણ એને અસર કર્યા વગર ચાલ્યો જાય. ખરો પુરુષાર્થ સત્સંગ છે. સત્સંગ આત્માને માટે છે. આત્મા છે તેને જાણવા માટે એને સત્સંગમાં તત્પરતા હોય છે. બધું કરીને આત્મામાં રહેવાનું છે. એને ભૂલ્યો તો બધું ભૂલ્યો. અનંત કાળથી જન્મ-મરણ કરે છે. પોતે પોતાનો શત્રુ થઈને વર્તે છે, એની દયા નથી. દૃષ્ટિ ફેરવી નાખવાની છે. જે દેખાય છે તે બધેથી ઉદાસીન થઈ આત્માની કાળજીવાળા થવાની જરૂર છે. બીજી વસ્તુને 'મારી' માને ત્યાં આગળ આત્મા વેગળો રહે છે. વૈરાગ્ય વગર કામ ન થાય. આ સારું, આ ખોટું એમ થાય ત્યાં નવાં કર્મ બંધાય છે. બધું જવાનું છે. કશું રહેવાનું નથી.

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ પૃષ્ઠ નં. ૪૧૯ તથા ૪૨૦.

"શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?" એનો નિર્ણય નથી થયો. જીવે પોતાની ગોઠવણો કરી મૂકી છે. અનંતકાળથી ડહાપણ કરતો આવ્યો છે. તે મૂકી જ્ઞાનીની શિખામણ લક્ષમાં લે તો કર્મ ન બંધાય. એ પુરુષાર્થ કર્યા વિના થાય એવું નથી.

"નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં" આજ્ઞા એટલી બધી અચળ કરી મૂકવી કે એના વિના ગમે જ નહીં, પણ જીવને અપૂર્વતા નથી લાગતી. એ લાગે તો સમ્યક્દર્શન થાય. રોજ ખાય છે, પીએ છે તોય જાણે કોઈ દિવસ ખાધું જ નથી એમ થાય છે. જ્યાં સુધી ભાન હોય, શ્વાસોચ્છ્વાસ ચાલતા હોય ત્યાં સુધી સ્મરણ ચૂકવું નહીં. એ થાય ક્યારે? અપૂર્વતા લાગે ત્યારે. અત્યારે રૂપાદિમાં તન્મય થઈ ગયો છે. એમાં સુખ છે નહીં, દુઃખ છે. એના કારણોમાં પ્રીતિ છે એનું ફળ દુઃખ આવે. સત્પુરુષો જગતની રચના જોઈ ઉદાસીન થઈ ગયા છે. "ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું એવું દૃઢત્વ આત્મામાં પ્રકાશે છે." (૧૨૮) એવો નિશ્ચય કર્યો હતો.

મુમુક્ષુ–સ્મરણ કરું ત્યારે બહુ મૂંઝવણ થાય છે કે અહીંથી જતો રહું? ક્યાં જઉં? શું કરું? એમ મૂંઝવણ થાય છે.

પૂજ્યશ્રી–બધાં કર્મ છે. આવી આવીને જાય છે. ગભરાવું નહીં અને સ્મરણ પડી ન મૂકવું. સ્મરણથી એવું થાય છે, માટે સ્મરણ મૂકી દઈએ એમ ન કરવું. વધારે વિકલ્પો આવે તો સ્મરણની મોટેથી "સહજાત્મસ્વરૂપ પરમગુરુ", "સહજાત્મસ્વરૂપ પરમગુરુ", "સહજાત્મસ્વરૂપ પરમગુરુ" એમ ધૂન લગાવવી, મૂંઝાવું નહીં, સ્મરણ કર્યા જ કરવું, એ છોડવું નહીં. ક્યાંય હવે જવું નથી ને આવવું ય નથી.

(સવારના–સભામાં) ૧૧૭ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો સુદ ૯, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–આ સંસારમાં કૃપાળુદેવ પોતે કંઈ કરતા નથી. અકર્તા આત્મા છે એવી એમને શ્રદ્ધા થઈ છે તેથી અકર્તા છે. પ્રારબ્ધને લઈને જ એમને કરવું પડે છે. તેમાં પણ સમભાવ છે; પણ બીજા જીવોને કર્તા ભાસે છે પણ પોતે તો સાક્ષીરૂપે જ રહે છે.

અહંભાવથી બધી ક્રિયાઓ થાય છે. અહંભાવથી જીવ અત્યારે બધું ઊભું કરે છે. જીવ ઉદીરણા કરે છે. એ અહંભાવ જ્યારે દૂર થઈ જશે ત્યારે જેમ થવાનું હશે તેમ થશે. ઈશ્વર ઇચ્છા પ્રમાણે થશે.

(બપોરના–ઉપર) ૧૧૮ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો સુદ ૧૧, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–મન જે દુરિચ્છા કરે તે એને આપવું નહીં. વિલાસ વગેરે ઇચ્છે તે એને આપવું નહીં. સામા પડવું તો એ વશ થાય. મન નાના છોકરા જેવું છે. તેને વશ રાખે તો વશ રહે, નહીં તો ભટકે. વિવેકની જરૂર છે. જેનું ફળ સંસાર આવે તે ઇચ્છા રોકવાની છે. જેનું ફળ મોક્ષ આવે તે ઇચ્છા કરવાની છે. સૂક્ષ્મ અવલોકનની જરૂર છે. મન ક્યાં ક્યાં જાય છે? એ તપાસવું. મન શી શી ઇચ્છાઓ કરે છે? શું સંકલ્પવિકલ્પ કરે છે? તે થોડી થોડી વારે જોવાની જરૂર છે. મન ઉપર

ચોકી રાખવાની જરૂર છે, નહીં તો નિરંકુશ થઈ જાય. કોઈ પણ વસ્તુ આપણામાં ઘર કરી બેસે એમ ન કરવું, નહીં તો કર્મ બંધાય. જેને છૂટવું છે તેણે નવું ન બંધાય એવો પુરુષાર્થ કરવો. એ કર્મ બંધાવનાર મન છે.

**''ક્યા ઇચ્છત ? ખોવત સબે ! હૈ ઇચ્છા દુઃખ મૂલ;**
**જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ.''** (હા. ૧-૧૨)

ઇચ્છાઓ રોકવાની છે. પોતાની ઇચ્છાએ વર્તે તો સંસાર વધે, જ્ઞાનીની આજ્ઞાએ વર્તે તો મોક્ષ થાય. સ્વચ્છંદ હોય તો સંસાર થાય અને આજ્ઞા હોય તો મોક્ષ થાય. જ્ઞાનીનું કહેલું માન્ય થાય અને લોકોનું કહેલું અમાન્ય થાય એવું કરવું. સાંસારિક, લૌકિક ભાવમાં મન તણાય તો ત્યાંથી રોકવું. મનને કંઈ કામ જોઈએ. નવરું પડે તો અનાદિની ટેવ છે તેથી કર્મ બાંધે છે. પ્રમાદ કર્મ બંધાવનાર છે. એ મોટો શત્રુ છે.

(સાંજના—સભામાં) **૧૧૯** શ્રીમદ્ રા. આ.અગાસ,આસો સુદ ૧૨, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—મારે શું કર્તવ્ય છે ? એ જીવથી ભૂલી જવાય છે. જીવે યાત્રાઓ ઘણીવાર કરી પણ નિષ્ફળ થઈ છે.

''અનંત વાર શાસ્ત્રશ્રવણ, અનંત વાર વિદ્યાભ્યાસ, અનંત વાર જિનદીક્ષા, અનંત વાર આચાર્યપણું પ્રાપ્ત થયું છે.'' એવું જીવે કર્યું છે. ''માત્ર, 'સત્' મળ્યા નથી, 'સત્' સુણ્યું નથી, અને 'સત્' શ્રદ્ધ્યું નથી,'' એ કર્યું નથી. એ વગર જેટલું કર્યું તેટલું ''સહુ સાધન બંધન થયાં'' ''સત્' મળ્યા નથી, 'સત્' સુણ્યું નથી, 'સત્' શ્રદ્ધ્યું નથી, અને એ મળ્યે, એ સુણ્યે, અને એ શ્રદ્ધ્યે જ છૂટવાની વાર્તાનો આત્માથી ભણકાર થશે.'' (૧૬૬) એવું ન થાય ત્યાં સુધી જંપીને બેસવાનું નથી. જાત્રા શા માટે કરવાની છે ? તે વિષે કૃપાળુદેવે કહ્યું છે કે ''જાત્રાએ જવાનો હેતુ એક તો એ છે કે ગૃહવાસની ઉપાધિથી નિવૃત્તિ લેવાય; સો બસો રૂપિયા ઉપરથી મૂર્છા ઓછી કરાય; પરદેશમાં દેશાટન કરતાં, કોઈ સત્પુરુષ શોધતાં જડે તો કલ્યાણ થાય. આ કારણથી જાત્રા કરવાનું બતાવ્યું છે.'' (ઉપદેશછાયા-૧૩) આપણે તો હાલતાં-ફરતાં, કામ કરતાં સ્મરણ કરવું. ભણે ત્યાં સુધી બ્રહ્મચર્ય રાખવું જોઈએ. કાળ એવો છે કે સત્સંગમાં ઘણાં વિઘ્નો આવે છે.

**''ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક''**

મરણ સુધી શરણ ટકાવી રાખવું મુશ્કેલ છે. પહેલાંના લોકોને કોઈ જ્ઞાનીનો યોગ થતો અને જ્ઞાની કહેતા તે પકડ કરી લેતા, જિંદગી સુધી છોડે નહીં. એ જ આ કાળમાં દુર્લભ છે. ''માન ન હોત તો અહીં જ મોક્ષ હોત.'' માન મુકાય તો કેટલો લાભ થાય !

**''હું પામર શું કરી શકું ? એવો નથી વિવેક''**

એ વિવેક છે. અહંભાવ છોડી મારે જાણવું છે, શીખવું છે એ ભાવ રાખવો. અહંભાવનો ભાર જેટલો છે તેટલો ઉતારી નાખ્યા વિના છૂટકો નથી. જગતમાં ઝેરી વાતાવરણ છે. જ્ઞાની મળે

તો જ એમાંથી બચી શકે, નહીં તો ફુલાઈ જાય. મારો આત્મા કેમ જાગે એ પહેલું કરવું પછી બીજે દૃષ્ટિ કરવાની છે. પોતે બળે છે અને બીજાને બાળે છે. જગતમાં [1]શબ્દે-શબ્દો થઈ ગયા છે. એનો પાર નથી. સાચું શું? એ સમજવું બહુ મુશ્કેલ છે. [2]'સબ સબકી સમ્હાલો મૈં મેરી ફોડતા હૂં.' પોતાનું કરશે ત્યારે કામ થશે. ભાવ ફેરવવાનું કામ કોઈ કરી આપે નહીં. જાગૃત થવાની જરૂર છે. ' ચેતતા નર સદા સુખી.' માથે મરણ છે.

(સવારના—સભામાં) ૧૨૦ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો સુદ ૧૪, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—કૃપાળુદેવને જગતનું વિસ્મરણ થઈ ગયું છે. ખરું જગત તો આ દેહ જ છે. તેની વિસ્મૃતિ થઈ તો પછી આખા જગતની થઈ જાય. અવિષમભાવે રહેવું એ મોટામાં મોટું વ્રત છે. પોતાની ઇચ્છાઓ કૃપાળુદેવે રોકી છે. પ્રારબ્ધનો ધક્કો લાગે ત્યારે પ્રવૃત્તિ થાય છે, પણ પોતાની ઇચ્છાએ તો થોડી પ્રવૃત્તિ કરવામાં આવે છે. આ બધું થાય છે તેમાંથી અહંભાવ એમને નીકળી ગયો છે. તેથી બોલે તોય બોલતા નથી, સાંભળે તોય સાંભળતા નથી, પ્રારબ્ધ સિવાય કંઈ કરતા નથી. સમકિત થયું ન હોય તો પણ મુમુક્ષુ સંસારને ઇચ્છે નહીં. પ્રતિબંધ એને ત્રાસરૂપ યમ જેવો લાગે. જ્ઞાનીની આજ્ઞા પર પગ મૂકીને મુમુક્ષુ ચાલે નહીં.

(સાંજના—સભામાં) ૧૨૧ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો વદ ૧, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—જીવ મિથ્યાત્વને અનુભવી રહ્યો છે તેથી સમજાતું નથી. જ્ઞાનીપુરુષ આત્મા જ છે, મોક્ષની મૂર્તિ જ છે. આત્માની ઓળખાણ થાય તો જ જ્ઞાનીનું ઓળખાણ થાય છે. પોતાના દોષ જોતો થાય, મતાગ્રહ ઓછો થાય, ક્રોધાદિ ખસવા માંડે ત્યારે જ્ઞાનીનું ઓળખાણ થયું કહેવાય. મરણ સાંભરે તો વિકથા વગેરે ન કરે પણ એને જીવ ભૂલી જાય છે. "વિચારવાન પુરુષો તો કૈવલ્યદશા થતાં સુધી મૃત્યુને નિત્ય સમીપ જ સમજીને પ્રવર્તે છે." (૭૦૨) જીવ પ્રમાદ કરે છે. સત્પુરુષ કોઈ દોષ બતાવે કે તારામાં પ્રમાદ છે, તો ઘેર જઈને વિચારે કે મેં આજ સુધી કેટલો પ્રમાદ કર્યો? એ પ્રમાદ હવે કેમ જાય? એમ બહુ વિચાર કરે. જ્ઞાનીપુરુષે એક બીજરૂપ વચન કહ્યું હોય તેને વિચારીને વૃક્ષની પેઠે કરવું. સત્પુરુષનું ઓળખાણ થાય, વૈરાગ્ય થાય ત્યારે મનુષ્યપણું ઉત્તમ સમજાય, નહીં તો આમ તેમ વાતો કરે, ફરે, ઊંઘે. વૈરાગ્ય હોય તો મેં આજે આત્માનું શું હિત કર્યું? એમ વિચાર આવે. સત્પુરુષના બોધથી વૈરાગ્ય થાય છે. ત્યાગ વૈરાગ્ય જાગે તો આત્મજ્ઞાન થાય. એનું મૂળ આત્મજ્ઞાની છે. તેમનાથી આત્મજ્ઞાન થાય. સાચી ભક્તિ થાય તો જ્ઞાની વારંવાર સાંભર સાંભર થાય. "આજ્ઞામાં જ એકતાન થયા વિના પરમાર્થના માર્ગની પ્રાપ્તિ બહુ જ અસુલભ છે. એકતાન થવું પણ બહુ જ અસુલભ છે." (૧૪૭)

**"પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ"** (દે.૧)

"હે ભગવાન! હું બહુ ભૂલી ગયો" એવું એને થાય તો એમ થાય કે આજ સુધી જેટલું બધું મેં કર્યું તેમાં ભૂલ થઈ. આત્મજ્ઞાની પુરુષની ઓળખાણ થાય તો એમનું માહાત્મ્ય લાગે; અને

૧. અનેક પુસ્તકો / ૨. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ ઉપદેશામૃત પૃષ્ઠ નં. ૩૭૨

પહેલાં જે ગુરુ માનતો હોય, દેવ માનતો હોય તેનું માહાત્મ્ય ઘટી જાય. કલ્યાણ કરવા માટે બધાં સાધનો કરવાનાં હતાં અને કલ્યાણ તો થયું નહીં, તો પછી શું કામનું? જન્મ-મરણ તો છૂટ્યાં નહીં. સત્પુરુષ મળ્યા ત્યારથી એને માર્ગ મળ્યો, પછી ભૂલો ન પડે. જગતની ઇચ્છાથી જે કર્યું હોય, શાસ્ત્રો ભણ્યો હોય તે બધું નિષ્ફળ છે. આત્માનું કલ્યાણ તો થયું નહીં, તો પછી શાસ્ત્ર ભણ્યો તોય શું? સત્પુરુષની આગળ ભૂલ કાઢવાનો પ્રસંગ છે. ત્યાંય પછી વાસનાઓને પોષે તો ક્યાં છૂટે? મનુષ્યભવ દુર્લભ છે, તો પછી સત્પુરુષનો યોગ તો એથી વિશેષ દુર્લભ છે.

આત્માનું કલ્યાણ કરવું છે એ ભાવ જીવને જાગવો બહુ મુશ્કેલ છે.

(બપોરના—ઉપર) **૧૨૨** શ્રીમદ્ રા.આ.અગાસ, આસો વદ ૨, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—રોજ કંઈ ને કંઈ નવું શીખવું. સ્મૃતિને કેળવવાની છે. મહાપુરુષનું જીવન છે તે આપણને નિર્મળ બનાવે છે. કૃપાળુદેવનું જીવન તો ઘણાં જીવનચરિત્રો જેવું છે. એક ભવમાં ઘણા ભવોનો સરવાળો થયેલો છે. ખરું જીવન તો એમના પત્રો છે. આ કાળમાં એવા ગંભીર ભાવો કોઈ લખી શક્યા નથી. એક એક પત્રમાં આખો મોક્ષમાર્ગ મૂકી દીધો છે. એ સમજાય તો આપણું જીવન ઉત્તમ થાય. મહાપુરુષના જીવન સંબંધી જાણે તો એને ભક્તિ જાગે. જ્યાં જાય ત્યાં મારે કામનું શું? એ લક્ષ રાખે તો કંઈ ને કંઈ શીખવા મળે. એક કરતાં બે જણ ભેગા થઈને વાંચવું એ સત્સંગ કહેવાય. એકલો ભક્તિ કરતો હોય તો ઊંઘ આવે, આળસ થાય; પણ સમૂહમાં ભક્તિ કરવાનું હોય તો ઉલ્લાસ આવે. ''સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં અનંત આગમ રહ્યાં છે.''(૧૬૬) જેમ જેમ ગરજ વધશે તેમ તેમ વિશેષ સમજાશે. જ્ઞાનાવરણીય કર્મ એવું છે કે પુરુષાર્થ કરે તો ખસી જાય પણ મોહનીય કર્મ ખસવું બહુ અઘરું છે. બધું કરીને મોહ દૂર કરવાનો છે.

**''રાગ, દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ''**

મોહનીય કર્મથી આઠ કર્મ બંધાય છે. મોહનીય કર્મ બધી પ્રકૃતિઓને કર્મો વહેંચી આપે છે. મોહનીય ઓછું થાય તો પછી બધાં કર્મ ઓછાં થાય. ક્ષાયક સમકિત હોય તો તે ન જાય. ક્ષયોપશમ, ઉપશમ હોય તો તે જતું પણ રહે. સમ્યક્દર્શન વિના બધું જ્ઞાન અજ્ઞાનરૂપ છે. ચૌદ પૂર્વ સુધી ભણેલું હોય, પણ સમકિત જતું રહે તો બધું અજ્ઞાન; એ મોક્ષના કામમાં ન આવે, પણ ભણેલું જતું ન રહે. આત્મા છે એવું દૃઢ થાય તો પછી આત્માનું હિત કરવું છે એવું દૃઢ થાય. 'હું દેહ છું' એમ થાય તો દેહને પોષનારાં કારણ મેળવે. પોતાને દેહરૂપ માની પોતાના જ્ઞાન ઉપર આવરણ કર્યું છે. જ્ઞાનીને શરણે રહી આત્માનું કામ કરવું છે.

(સવારના—ઉપર) **૧૨૩** શ્રીમદ્ રા.આ.અગાસ, આસો વદ ૩, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—રોજ કંઈક આગળ વધવાનું કરવું. મનુષ્યભવમાં જે કરી લીધું તે ખરું, પછી કંઈ ન થાય. ધર્મની ભાવના જેને દૃઢ થઈ હોય તેણે બ્રહ્મચર્ય વ્રત લેવાનું છે. આત્માનું કલ્યાણ કરવું હોય તેણે એમાં જ લક્ષ રાખવાનો છે. એ વ્રત લીધું એટલે સાધુ જ થઈ ગયા. મનુષ્યભવ મળ્યો છે તે બહુ દુર્લભ છે. ક્ષણ ક્ષણ કરતાં કેટલાય વર્ષ જતાં રહ્યાં. યુવાન હોય કે વૃદ્ધ, બધાને એક

વખતે જવાનું છે; પણ જીવને એવો નિશ્ચય નથી કે મારે આ ભવમાં સમાધિમરણ કરવું છે. એ લક્ષ હોય તો જ્ઞાનીએ જે કહ્યું હોય તે લક્ષમાં રહે. જ્ઞાનીનાં વચનો છે તે સમાધિ આપે એવાં છે, પણ જીવનો ઉપયોગ ત્યાં જાય તો. જીવનું ચિત્ત સ્થિર થતું નથી. રાગદ્વેષ થયા જ કરે છે. અત્યારથી જ જાણે મરી ગયા એમ જાણી સમાધિમરણનો પુરુષાર્થ કરવાનો છે. બેઠા બેઠા સ્મરણ કરવું. એ મંત્ર મરતી વખતે યાદ રહે તો સમાધિમરણ થાય. હરતાં ફરતાં સ્મરણ કરવું. મંત્રનો અભ્યાસ વધારે કરવો, તો સમાધિમરણ થાય. આપણે જીવને વગર વાંકે દંડીએ છીએ. શું કરવા જીવવું છે? એ વારંવાર વિચારવું. મનુષ્યભવ સફળ કરવા જ્ઞાનીની આજ્ઞા ઘડીએ ઘડીએ સાંભરે એવું કરવાનું છે. કાલની શી ખબર છે? ઘડીક વારમાં મરી જાય છે. જેને પોતાનું જીવન સુધારવું હોય તેણે બધાં વ્રતનિયમ કરવાનાં છે. આત્મા ઓળખવા માટે બ્રહ્મચર્ય એ યોગ્યતા છે.

**''પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;**
**પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.''**

એની આરાધના કરતાં સમ્યક્દર્શન થાય છે. લક્ષ સમકિતનો રાખવો. આજ્ઞા વગર ભક્તિ કરે તો પુણ્ય બંધાય પણ મોક્ષનું કારણ ન થાય. મોક્ષનું કારણ તો જ્ઞાનીની આજ્ઞા આરાધશે ત્યારે થશે.

મોહના વિકલ્પોથી આ સંસાર થાય છે પણ આત્મામાં વૃત્તિ જાય તો કર્મ બંધાય નહીં. આત્મા કેવો છે? અનંત સુખનું ધામ છે. એના ધ્યાનમાં સત્પુરુષો રાત-દિવસ રહે છે, ત્યાં પરમ શાંતિ છે, એ જ અમૃત છે. તે પરમપદને હું નમસ્કાર કરું છું. પ્રભુશ્રીજી કહેતા કે કેટલું પુણ્ય ચઢે ત્યારે આ દરવાજામાં પગ મુકાય છે! જે થાય તે ભલું માનવું. આત્માનું કામ કરી લેવાનું છે. અનુકૂળતા મળતી હોય તો અહીં આવવાનું છોડવું નહીં. કામ કંઈક કરી લેવું.

(સવારના) **૧૨૪** શ્રીમદ્ રા.આ.અગાસ, આસો વદ ૪, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–મરણ પ્રસંગ સુધારવો એવું તો કોઈકને જ થાય છે. પહેલાં કંઈક કરી મૂક્યું હોય તો મરણ વખતે હાજર થાય. છેવટે મરણ વખતે બધાનો સરવાળો છે. આખી જિંદગીમાં જે કર્યું હોય તેનો મરણ વખતે સરવાળો આવે છે, એ એકાંતે નથી. કોઈ પ્રબળ નિમિત્ત મળે તો ફરી પણ જાય, પણ ઘણું કરીને જિંદગીમાં જે કર્યું હોય તે જ આવીને ઊભું રહે છે. પ્રબળ નિમિત્ત હોય તો ફેરફાર થઈ જાય છે. જ્ઞાનીપુરુષની સમીપતા હોય તો ફેરફાર થઈ જાય છે. શત્રુઓ છે, તે બધાએ જીવને ઘેરી લઈને પોતાનું ઘર કરી દીધું છે. કોણ શત્રુ છે? કોણ મિત્ર છે? તેની જીવને ખબર નથી. સ્વપ્નદશામાં છે તેથી ખબર નથી પડતી.

(બપોરના–ઉપર) **૧૨૫** શ્રીમદ્ રા.આ.અગાસ, આસો વદ ૭, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–પ્રત્યક્ષ સદ્ગુરુ યોગમાં જે વાંચ્યું હોય, વિચાર્યું હોય તે યાદ આવે તો ઘણો લાભ થાય. પહેલાં તો પ્રભુશ્રીજી વાતો બહુ કહેતા.

એક સાસુ અને વહુ હતાં. તે બન્નેને સારું બને, વઢવાડ ન થાય. સાસુ વહુ ઉપર બહુ પ્રેમ રાખે. એને પ્રેમથી બોલાવે, ખવડાવે, સારું સારું પહેરવા આપે અને વહુ પણ સાસુની સેવા કરે,

કામકાજ કરે. એક દિવસ એની સાસુ મરી ગઈ. ત્યારપછી રાત્રે એણે ધણીને વાત કરી કે મારાં સાસુજી એવાં હતાં કે મને સારું સારું ખાવા-પીવાનું આપતાં, બહુ લાડ રાખતાં. સાસુજી મરી ગયાં. હવે શું કરીશું? એમ કહી રડવા લાગી. પછી સવાર થયું ત્યારે એના ધણીને એમ થયું કે એને એક લાકડાની પૂતળી કરાવી આપી દઉં. પછી સુથારને ઘેર જઈને એક લાકડાની પૂતળી કરાવી લાવ્યો અને પોતાની સ્ત્રીને કહ્યું કે લે, આ તારી સાસુ. વહુ તો પછી 'મને સાસુજી મળ્યા', એમ જાણી રાજી થઈ ગઈ. હવેથી જે કંઈ કામ કરે તે સાસુજીને પૂછીને કરે. ખાવા બેસે ત્યારેય પૂતળીને પાસે લઈને કહે કે હવે ખાવાનો વખત થયો છે માટે લો સાસુજી, આપણે ખાઈએ, એમ કહી પૂતળીના મોઢામાં કોળીઓ મૂકે. એની સાથે વાતો કરે અને સાંજ પડે ત્યારે પૂતળીને સાથે લઈ ભેગી સૂઈ જાય. એમ કરતાં કરતાં આ તો એટલી બધી પૂતળીમાં તલ્લીન થઈ ગઈ કે ઘરનું બધું કામ કરવું પણ ભૂલી ગઈ. બરાબર કામેય કરે નહીં. એના ધણીને થયું કે આ તો રમકડા જેવું એને આપ્યું હતું અને આ એમાં એટલી બધી તલ્લીન થઈ ગઈ છે કે ઘરનાં કામ પણ બરાબર કરતી નથી. એને ધણી બોલાવે તોય કહે કે ના, હું તો નહીં આવું. સાસુજીનું કામ કરી પછી આવીશ. રોજ સાસુજીની જ ભક્તિ કરે. એટલે એના ધણીએ કહ્યું કે અહીંથી તારા સાસુજીને લઈને જતી રહે. પેલી તો સાસુજીને લઈને ચાલતી થઈ.

જતાં જતાં કોઈ જંગલમાં આવી. ત્યાં આગળ રાત પડવા આવી. તેથી વહુએ કહ્યું કે સાસુજી, આપણે હવે શું કરીશું? હવે રાત પડવા આવી છે ને જંગલમાં ક્યાં રહીશું? કોઈ જનાવર આવી મારી નાખશે, માટે લો આપણે આ ઝાડ ઉપર ચઢી જઈએ. એમ કરી સાસુજીને હાથમાં લઈ ઝાડ ઉપર જઈને બેઠી. સવારના સાડા ચાર વાગ્યાનો ટાઇમ થયો. તે વખતે ચોરો ચોરી કરીને આવતા હતા. તે ચોરો તે જ ઝાડની નીચે બેઠા અને બધો માલ વહેંચવા લાગ્યા. તેમણે એવો નિયમ કર્યો હતો કે આ વહેંચણીમાંથી જે કોઈ આઘું પાછું કરશે તેના ઉપર વીજળી પડશે. એટલામાં પેલી વહુને ઊંઘ આવી, તેથી પૂતળી હાથમાંથી નીચે પડી ગઈ. ચોરો તો ગભરાઈ ત્યાંથી નાસી ગયા. પછી વહુની આંખ ઊઘડી ત્યારે નીચે ઊતરીને કહ્યું કે સાસુજી! મને તો ઊંઘ આવી ગઈ. તમે પડી ગયાં? ક્યાંય વાગ્યું તો નથી? ત્યાં આગળ ચોરોના બહુ ઘરેણાં પડ્યાં હતાં. તે જોઈ સાસુજીને કહ્યું કે તમે તો મને બહુ ઘરેણાં આપ્યાં. પછી ઘરેણાં સાસુજીને પહેરાવ્યાં અને સાસુજીને બગલમાં લઈ પોતાના ઘર તરફ ગઈ. કમાડ ખખડાવ્યું. ધણી બોલ્યો કે પાછી ક્યાંથી આવી? વહુએ કહ્યું કે તમે ખોલો તો ખરા! હું શું લઈને આવી છું, જરા જુઓ! પછી કમાડ ઉઘાડ્યાં તો એનો ધણી બહુ રાજી થયો.

કહેવાનું એ કે જેવું ઇચ્છે તેવું થઈ શકે છે. બીજું પછી એને ગમેય નહીં. પ્રતિમાની ભક્તિમાં તલ્લીનતા થાય તો તેની સાથે વાતો થાય, બધું થાય. મન, વચન, કાયા કર્મ બંધાવનાર છે. તેને પરમાત્માની સાથે જોડે તો કલ્યાણ થાય. બધાનું મૂળ પ્રેમ છે. જ્યાં પ્રેમ હોય ત્યાં ચિત્ત લીન થાય છે. જેનામાં શુદ્ધ ભાવ છે એવા ભગવાનમાં લીનતા થાય તો ઘણાં કર્મ ખપી જાય. સાચું અવલંબન મળવું જોઈએ. પછી પોતે પુરુષાર્થ કરવાનો છે.

**"એમ વિચારી અંતરે, શોધે સદ્‌ગુરુ યોગ;**
**કામ એક આત્માર્થનું, બીજો નહિ મન રોગ.**
**કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ-અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ."**

એને આત્માર્થી કહ્યો. કષાય હોય તો બીજે વૃત્તિ જાય. એની ઉપશાંતતા થાય ત્યારે આત્માર્થીપણું આવે. એ શત્રુઓ છે એવું એને લાગતું નથી. સાપ જેમ ભભૂકે તેમ ક્રોધ ભભૂકે છે. માન પણ એવું છે. માન જીવ સાથે લઈને જ ફરે છે. આખા જગતના શિષ્ય થવાનું છે તેને બદલે હું મોટો છું એમ કરે છે. કષાય હોય ત્યારે જીવને વિચાર ન આવે. ક્રોધ રોકવા ક્ષમાની જરૂર છે. જે થાય તે ખમી ખૂંદવું તો કર્મ છૂટે. સામા શીંગડાં મારે તો કર્મ બંધાય છે. [1]ક્ષમા ઉપર ગજસુકુમારનું દૃષ્ટાંત કૃપાળુદેવે આપ્યું છે. ક્રોધનું કારણ માન છે. તેને લઈને ક્રોધ થાય. પહેલો જણાય છે ક્રોધ, પણ એનું મૂળ માન છે. ક્રોધ અને માન એ દ્વેષ છે, માયા અને લોભ એ રાગ છે. એમ રાગદ્વેષના ચાર ભેદ છે.

"હું મારું હૃદયેથી ટાળ, પરમારથમાં પિંડ જ ગાળ" એવું માર્ગાનુસારીએ કહ્યું છે, તે હૃદયમાં કોતરી રાખવું. અહંભાવ ગયા વિના સમકિત ન થાય. 'હું' પણું છોડવું. વિભાવમાં પ્રવૃત્તિ છે તેથી બીજામાં 'હું' માને છે. 'હું', 'મને' એમ થાય છે તેને લઈને કર્મ બંધાય છે. અહંભાવ છે તે આત્મા ભણી વળવા દેતો નથી. સત્પુરુષનો યોગ થયો હોય, મંત્ર મળ્યો હોય, પણ હું ને મારું પોષે તો મિથ્યાત્વ જ વધે. "અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે." 'હું', 'મારું' ન મૂકે તો છ પદ ભણ્યો નથી. એટલા માટે જ છ પદ છે. છ પદમાં હું ને મારું ક્યાંય નથી. હું-મારું ન જાય તો મોક્ષ ન થાય.

**"હું મારું હૃદયેથી ટાળ"**

હું ને મારું ઉપરથી નહીં, પણ હૃદયથી ટાળ. સમજ્યા તે શમાયા. આત્મામાં હું મારું કંઈ નથી. આત્માનું નામેય નથી. મન, વચન, કાયા પરમાર્થ સાધવા માટે ગાળવાં. જીવે અભ્યાસ કરવાનો છે. કષાય કાઢનારો કોઈ બીજો છે? પોતે જ કાઢનાર છે. જે થાય તે ભલું માનવામાં આવે એવું કરવાનું છે. જેવું ભગવાને જોયું છે તેવું થવાનું છે. જીવને સંસારના પ્રસંગોનો અભ્યાસ થઈ પડ્યો છે. કેટલાય ભવ જીવે મોહમાં ગાળ્યા છે. જાતે પુરુષાર્થ કરી મોહની સામે થવાનું છે.

(સવારના—ઉપર) ૧૨૬ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો વદ ૮, સં.૨૦૦૯

પૂજ્યશ્રી—ભગવાન મહાવીરને સંગમદેવે છ મહિના સુધી ઉપસર્ગો કર્યા, છ મહિના સુધી આહાર પાણી કંઈ લેવા ન દીધું. આહાર પાણી બધું બગાડી નાખતો. ઘણા ભયંકર ઉપસર્ગો કર્યા હતા. કીડીઓ ભગવાનના શરીરની આરપાર થઈને જતી હતી. વજ્રના ગોળાઓ ભગવાન પર પછાડ્યા હતા તેથી ભગવાન ઢીંચણ સુધી જમીનમાં પેસી ગયા. એક વખતે ભગવાન એક ગામની બાજુમાં નગ્નપણે વિચરતા હતા. ત્યાંના રાજાને એમ લાગ્યું કે આ કોઈ મારા શત્રુરાજાએ મોકલેલ

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા શિ.પા. પૃષ્ઠ નં. ૪૩

માણસ છે. તે અહીં બધું જોવા માટે ગુપ્તપણે ફરે છે. તેથી સિપાઈઓને પકડવા કહ્યું. ભગવાનને સિપાઈઓએ પકડી લીધા છતાં ભગવાન કંઈ બોલ્યા નહીં. તેથી સિપાઈઓને વિશેષ એમ લાગ્યું કે આ માણસને આપણા રાજાના શત્રુએ જ મોકલેલો છે. પછી ભગવાનને એક કૂવામાં ઊંધે માથે લટકાવ્યા. એ વાતની કોઈ સાધ્વીજીને ખબર પડી. સાધ્વીજી શાસ્ત્રો ભણેલાં. શાસ્ત્રોમાં એમ આવેલું કે ફલાણા રાજાના પુત્ર તીર્થંકર થવાના છે, તેથી તેમણે જઈ રાજાને વાત કરી કે આ તો તીર્થંકર થવાના છે. કેવળજ્ઞાન પામી મોક્ષે જનાર છે. ત્યારે રાજાએ ભગવાનને છોડી દીધા. ભગવાનને લાગ્યું કે હવે અહીં આપણી ઓળખાણ પડવા લાગી છે તેથી આપણને બધા શાતા પહોંચાડશે, તેથી કર્મો બહુ નિર્જરશે નહીં, તેથી અહીંથી બીજે ઘણા ઉપસર્ગો આવે ત્યાં જવું, એમ વિચારી ભગવાન અનાર્ય દેશ તરફ ગયા. ત્યાં પણ લોકોએ બહુ ઉપસર્ગો કર્યા. ત્રેવીશ તીર્થંકરોનાં જેટલાં કર્મ હતાં તેટલાં ભગવાન મહાવીરને કર્મો હતાં. ત્રેવીશ તીર્થંકરો કરતાં એમને વધારે ઉપસર્ગો આવ્યા હતા.

મુમુક્ષુ—સાંજે 'વચનામૃત' વાંચું છું. એક વાક્ય વાંચ્યા પછી તે ઉપર વિચાર આવે તે લખું છું. તેમાં ઘણો સમય જતો રહે છે. વધારે વંચાતું નથી, તો કંઈ વાંધો નહીં ને?

પૂજ્યશ્રી—સારું છે. વિચારણા કરવી એ સારી છે.

*

(સાંજના—ઉપર)

મુમુક્ષુ—દેવવંદનનો ઘંટ થઈ ગયો છે. પાણી લાવું?

પૂજ્યશ્રી—પી લીધું છે. (પછી પૂજ્યશ્રીએ એક મુમુક્ષુ જે પાસે બેઠા હતા, તેમને પૂછ્યું કે) આ શા માટે પૂછતો હશે કે પાણી લાવું?

મુમુક્ષુ—અમને એની શી ખબર પડે?

પૂજ્યશ્રી—એને સેવાના ભાવ છે તેથી એ પૂછે છે. પાણી ન પીધું તોય એને સેવાના ભાવ છે તેથી સેવા થઈ ગઈ. ભાવનાનું ફળ છે.

પૂજ્યશ્રી—(મુમુક્ષુને પૂછ્યું) કાલે સભામાં ૪૨૫મો પત્ર વંચાયો હતો, તેમાંથી કશું યાદ રહ્યું? શું આવ્યું? ત્યાં તું લખે છે તે પાછું ઘેર આવી વાંચે છે? શું આવ્યું હતું?

મુમુક્ષુ—કોઈપણ કારણે આ દેહ મૂર્છાપાત્ર નથી. દેહથી આત્મા જુદો છે. આત્મા દેહ નથી અને દેહ આત્મા નથી, એટલું દૃઢ કરવાનું છે. ઘડાને જોનાર જેમ ઘડાથી જુદો છે તેમ શરીરને જોનાર આત્મા શરીરથી જુદો છે.

પૂજ્યશ્રી—આટલું જ પાકું કરવાનું છે. દેહમાં વૃત્તિ રાખવી નથી. દેહ તો બધા ઘડા છે. ફૂટીને ઠીકરાં થઈ જવાનાં છે. ખાવાપીવામાં, પહેરવામાં વૃત્તિ રાખવી નથી. સાંભળીને વિચાર કરવો. રૂપ, રસ, ગંધાદિમાં વૃત્તિ રાખવી નથી. બળ્યો આ દેહ! ભક્તિ કરીએ ત્યારે બોલતાં

બોલતાં વિચાર કરીએ. 'હે પ્રભુ' એમ બોલ્યા કે તરત વિચાર આવે કે પ્રભુ આનંદ સ્વરૂપ છે. જ્ઞાન, દર્શન સ્વરૂપ છે. અનંત સુખના ધામ છે.

''કાળ દોષ કળિથી થયો'' એટલું બોલ્યા કે વિચાર આવે કે કૃપાળુદેવે કળિકાળનું સ્વરૂપ કેવું કહ્યું છે? સત્પુરુષનો યોગ મળે નહીં, સત્સંગ મળે નહીં એવો આ કળિકાળ છે.

''નહિ મર્યાદા ધર્મ'' ધર્મ મર્યાદા, વૃદ્ધ મર્યાદા એ બધી મર્યાદા રહી નથી. તોય મને વ્યાકુળતા નથી. બીજાને માટે વ્યાકુળતા કરું છું પણ આત્માને માટે તો કંઈ વ્યાકુળતા થતી નથી. હે ભગવાન! જુઓ, મારાં કેવાં કર્મો છે.

એમ દરેક પદ કે પત્ર ગમે તે બોલતાં વિચાર કરવો તો મન બીજે ન જાય, નહીં તો બોલાતું જાય એ અને મન બીજે ભટકે. રાગ તાણીને ગાય તેમાં વચ્ચે વિચાર કરવાનો અવકાશ મળે; પણ પાછો રાગમાં તણાઈ જાય અને વિચાર કરે નહીં, તો બીજે બીજે ભટકે. કેટલીક વખતે દિવસમાં અમુક વખત સુધી એકાંતમાં જઈ એકલા સ્થિર બેસવું. તે વખતે મનમાં કશું લાવવું નહીં. આત્માને સ્થિર કરવો. બીજા કશા વિચાર ન કરવા. આત્માને નિરાંત આપવી. બીજું કશું મનમાં આવે તો 'સહજાત્મસ્વરૂપ' એટલું કરવું. રુચિ જાગી હોય, ગરજ હોય તો એવું થાય, નહીં તો ક્યાંથી થાય?

મુમુક્ષુ—એક ઠેકાણે આવ્યું છે કે મોહથી મુઝાય તો મુમુક્ષુ છે, નહીં તો બુભુક્ષુ છે. બુભુક્ષુ એટલે શું?

પૂજ્યશ્રી—ભોગવવાની ઇચ્છાવાળો અથવા ખાવાની ઇચ્છાવાળો. 'ભુજ' ધાતુ પરથી એ શબ્દ બન્યો છે. જીવ ખાવાને માટે જ જીવે છે.

(સવારના—ઉપર) **૧૨૭** શ્રીમદ્ રા.આ.અગાસ, આસો વદ ૧૨, સં.૨૦૦૯

મુમુક્ષુ— સભામાં અત્યારે [૧]દિગંબર આચાર્ય શાંતિસાગરજીનું જીવનચરિત્ર વંચાય છે. એમને સમકિત છે?

પૂજ્યશ્રી—શી ખબર પડે? આપણે એમને મળ્યા નથી, પણ એમના વચનો ઉપરથી એમ લાગે છે કે એમને શાસ્ત્રની શ્રદ્ધા છે, ક્ષયોપશમ પણ છે. પણ શ્રદ્ધા એવી વસ્તુ છે કે અવધિજ્ઞાન હોય તો પણ મિથ્યાત્વ સહિત હોય છે. શાસ્ત્રની શ્રદ્ધા છે, ઠીક છે. બાહ્ય દૃષ્ટિ છૂટવી તો બહુ મુશ્કેલ છે. શાસ્ત્રો ભણે, બીજાને વ્રતો આપે વગેરે કરે. જેમ બીજા સાધુઓ કરે છે તેમ આ પણ. અમે ઈન્દોર ગયા હતા તે વખતે શાંતિસાગરજીના શિષ્ય મળ્યા હતા. તે વાત કરતા હતા કે અમે તો જેને ઘેર ચકલીનું પાણી ન પીતા હોય તેને જ ઘેર આહાર લઈએ અને કહેતા કે મને 'ગોમ્મટસાર' તો મોઢે છે. એ બધી બાહ્ય દૃષ્ટિ. એ બાહ્ય દૃષ્ટિ મટવી તો બહુ મુશ્કેલ છે.

**''आत्मज्ञानात् परं कार्यं न बुद्धौ धारयेच्चिरम् ।**
**कुर्यादर्थवशात् किंचिद् वाक्कायाभ्यामतत्परः ।।''** (સમાધિશતક ૫૦)

---

૧. એમના જીવન ઉપર 'ચારિત્ર ચક્રવર્તી' એ નામથી શ્રી સુમેરુચંદ્ર દિવાકરે પુસ્તક લખેલ છે.

આત્મજ્ઞાન સિવાય બીજું મનમાં ઘણા વખત સુધી ધારી રાખવું નહીં. કદાચ બીજાં કામ કરવાં પડે તો વાણી અને કાયાથી કરવાં, પણ મન તો આત્મજ્ઞાનમાં જ રાખવું. સ્મરણમાં ચિત્ત રાખવું. એ કરવા માટે જ મંત્ર મળ્યો છે. આ દેહમાં આત્મા કોઈ છે, તે જાણનારો છે, એના વિચારમાં રહેવું. એનું સ્વરૂપ છ પદમાં કૃપાળુદેવે કહ્યું છે. આત્મા છે, નિત્ય છે, કર્ત્તા છે, ભોક્તા છે, મોક્ષ છે, અને મોક્ષનો ઉપાય છે. આ છ પદમાં જ સમ્યક્દર્શન રહેલું છે.

''तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्'' એમ કહ્યું, પણ એ બધાં તત્ત્વોમાં આત્મતત્ત્વ મુખ્ય છે. એ જો જાણ્યું તો બીજાં તત્ત્વો જણાય. આત્માને જાણવો એ જ સમ્યક્દર્શન છે.

મુમુક્ષુ—'તત્ત્વાર્થસૂત્ર'ના કર્તા જ્ઞાનીપુરુષ હતા?

પૂજ્યશ્રી—હા, જ્ઞાનીપુરુષ હતા.

*

(સાંજના—સભામાં)

પૂજ્યશ્રી—બધા કર્મોમાં આઠ કર્મ મુખ્ય છે અને આઠ કર્મમાં મોહનીય કર્મ મુખ્ય છે. તે મોહનીયમાં પણ દર્શનમોહનીય મુખ્ય છે. જ્યાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી પોતાનું નહીં તેને પોતાનું માને, અપવિત્રને પવિત્ર માને, અનિત્યને નિત્ય માને. એ મિથ્યાત્વનું મુખ્ય લક્ષણ છે. દેહ પોતાનો નથી તેને પોતાનો માને. દેહ પવિત્ર નથી, ગંદો છે તેને પવિત્ર માને. દેહ અનિત્ય છે તેને નિત્ય માને. એ મિથ્યાત્વનું મુખ્ય લક્ષણ છે. પુરુષાર્થ આપણા હાથમાં છે. સમકિત થાય એવી સામગ્રી તો ઘણાને છે, પણ પુરુષાર્થ જોઈએ તો સમ્યક્દર્શન થાય. મિથ્યાત્વનું સાચું ઓળખાણ થાય તો મિથ્યાત્વ રહે નહીં. ''હે ભગવાન! હું બહુ ભૂલી ગયો'' એમ જેને હોય તે સમકિતી જ હોય છે. કારણ કે સાચું જાણ્યું હોય તો જ લાગે કે અહો! હું ભૂલી ગયો હતો. મિથ્યાત્વ ઓળખાય તો ઊભું ન રહે.

(સવારના—સભામાં) **૧૨૮** શ્રીમદ્ રા.આ.અગાસ, આસો વદ ૧૩, સં.૨ ૦૦૯

પૂજ્યશ્રી—વેદના, રોગ વગેરે એ બધા સંયોગ છે. વૈભાવિક શક્તિ આત્મામાં છે. એને સંયોગ મળે તો વૈભાવિક દશામાં પરિણમે એવી એની શક્તિ છે. શાતામાં શાન્તિ નથી. વેદનાનું મૂળ કારણ તો મિથ્યાત્વ છે. મિથ્યાત્વ એ અગ્નિ જેવું છે. અનંતકાળ રઝળાવે એવું આ મિથ્યાત્વ છે. દેહ પોતાનો નથી એવું સમજ્યો ત્યારથી દેહાધ્યાસ ગયો અને ત્યાર પછી આત્મા વધારે વધારે બળવાન થતો જાય છે. કૃપાળુદેવને આટલી બધી ઉપાધિની ભીડ હોવા છતાં સમાધિ રહેતી હતી, તે જોઈ કૃપાળુદેવને પોતાને આશ્ચર્ય થતું હતું. અંતરદાહ એ ક્લેશ છે. એ અંતરદાહનું ભાન નથી તેથી હું સુખી છું, એમ માને છે. રાગ, દ્વેષ અને મિથ્યાત્વ એ બધાં ક્લેશનાં કારણ છે. એથી જીવ દુ:ખી થાય છે.

**''શીતળ ચંદનથી પણ ઉપન્યો, અગ્નિ દહે જેમ વનને રે;**
**ધર્મજનિત પણ ભોગ ઇહાં તેમ લાગે અનિષ્ટ તે મનને રે.''** (પાંચમી દૃષ્ટિ)

સમ્યક્દર્શનવાળો સાચાને સાચું જાણે છે. અજ્ઞાનદશામાં જે કર્મ બાંધ્યા છે, તે પૂરાં થયા વિના મોક્ષ થવાનો નથી. સમ્યક્ત્વ થાય ત્યારે *પાંચેય શરીરથી આત્મા ભિન્ન છે એમ લાગે છે.

*

(બપોરના–ઉપર)

પૂજ્યશ્રી–'તત્ત્વાર્થસૂત્ર'ના કર્તા ઉમાસ્વામીને આકાશગામિની વિદ્યા હતી. એક દિવસે તેઓ આકાશમાર્ગે જતા હતા. ત્યાં તેમની પીંછી નીચે પડી ગઈ. એવામાં ત્યાં એક ગીધ પક્ષીની પાંખો તૂટીને નીચે પડતી હતી. તે ઉમાસ્વામીએ પકડી લીધી અને મોરપીંછીને બદલે રાખી. તેથી એમનું બીજું નામ 'ગૃદ્ધપિચ્છ' એવું પડ્યું.

મુમુક્ષુ–કૃપાળુદેવે લખ્યું છે કે "આ બંધાયેલો પામે છે મોક્ષ એમ કાં ન કહી દેવું?" (૧૫૭–૧૮) એટલે શું?

પૂજ્યશ્રી–કર્મ બંધાયેલા છે. તે સમયે સમયે જાય છે. તેથી મોક્ષ જ પામે છે. પણ પાછાં નવાં બાંધી લે છે. તેથી મોક્ષ થતો નથી. કૃપાળુદેવે બહુ વિચારણા કરી છે.

વાંચવું એવું કે બીજાને કહેવું હોય તો કહી શકાય. જીવ કંઈક ઊંડો ઊતરે તો લાગે કે આત્મા છે, તે સિવાય બીજો કોઈ જાણે નહીં. એ જેને જાણે તેની સાથે લેવા દેવા નથી. પણ માત્ર અજ્ઞાનને લઈને આ કાળું, આ ધોળું, આ સારું, આ ખોટું એમ રાગદ્વેષ કરે છે. અરીસામાં બધી વસ્તુઓ દેખાય છે તેનું કારણ તેમાં એવું દેખાવાનો ગુણ છે. એવો આ આત્મા જ્ઞાનવાળો છે, તેમાં પદાર્થ જણાય છે. આત્માને આત્માનું ભાન થાય તે માટે બધાં શાસ્ત્રો છે. રાગ, દ્વેષ અને અજ્ઞાન એ કર્મબંધનાં કારણ છે. દેહ તે જડ છે પણ એને જાડો પાતળો માની સુખ માને, તેથી કંઈ એને સુખ થાય નહીં. માત્ર માન્યતાની ભૂલ છે. તે ફેરવવા જ્ઞાની કહે છે કે તું તારામાં રહે. પારકી પંચાત મૂકી પોતે પોતામાં રહે તો સદા સુખી છે. જાણે તેથી બંધન નથી પણ રાગદ્વેષથી બંધન છે. કેવળી ત્રણ લોકના પદાર્થ જાણે છે તોય બંધાતા નથી. અને આ જીવ થોડું જાણે તોય રાગદ્વેષ કરી કર્મ બાંધે છે.

વિભાવને છોડી સ્વભાવમાં રહેવા માટે બધાં શાસ્ત્રો ઉપદેશ્યાં છે. અરીસા જેવો આત્મા છે. આત્મા જો આત્મતૃપ્ત રહે તો દુઃખ ન થાય. આત્મામાં સુખ છે તેની ખબર નથી, તેથી બીજામાં સુખ લેવા જાય છે. જાણવું, દેખવું અને સ્થિર થવું એ આત્માનો સ્વભાવ છે. એ સ્વભાવને ભૂલી પરરમણતામાં ગોથાં ખાય છે. પરની રમણતા છૂટે તો સુખ થાય.

"શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?" એનો વિચાર કરી દુઃખનાં કારણો ટાળે તો સુખ બહાર લેવા જવું ન પડે. અજ્ઞાનદશા પલટાય અને પોતાના સ્વરૂપની સ્મૃતિ રહે, જ્ઞાની કહે તે માન્ય થાય, એનો લક્ષ રહે તો છૂટે. એ લક્ષ નથી રહેતો તેનું કારણ ઓળખાણ નથી. જેટલો ઇન્દ્રિયો ઉપર વિશ્વાસ છે તેટલો જ્ઞાની પ્રત્યે નથી. હું જાણું છું તે જ ખરું એમ જીવ માને છે. પોતાનો આગ્રહ છૂટતો નથી.

---

*૧. ઔદારિક, ૨.વૈક્રિયિક, ૩.આહારક, ૪.કાર્મણ, ૫.તૈજસ

**"સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુલક્ષ;**
**સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ."**

પોતાનો આગ્રહ છૂટતો નથી માટે સદ્‌ગુરુ પ્રત્યે પ્રેમ કરવાનો છે. બીજે પ્રીતિ થઈ છે. "પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ" બીજેથી પ્રીતિ ઊઠે તો સત્પુરુષ પ્રત્યે પ્રીતિ થાય. બધેથી પ્રીતિ ઊઠાડી ત્યાં મૂકે તો એ પ્રેમ કામ કરે.

**"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં;**
**વહ કેવલકો બીજ ગ્યાનિ કહે, નિજકો અનુભૌ બતલાઈ દિયે."**

ગમે તેટલું અઘરું પડે પણ મારે તો જ્ઞાનીએ કહ્યું તે જ કરવું છે. એવું થાય તો જ્ઞાની કહે તે એને માન્ય થાય. જ્ઞાનીનાં વચન પ્રત્યે પ્રેમ થાય તો પછી તેના આશય પ્રત્યે પ્રેમ થાય. જ્ઞાનીની કહેલી વાત એને માન્ય થાય તો આત્મામાં ઉપયોગ જાય અને 'આત્મા તે જ હું' એમ એને થાય. જ્ઞાન એ આત્માનો પ્રત્યક્ષ ગુણ છે.

"પ્રથમ પદ આત્મા છે. જેમ ઘટપટ આદિ પદાર્થો છે તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટપટ આદિ હોવાનું પ્રમાણ છે; તેમ સ્વપરપ્રકાશક એવી ચૈતન્ય સત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે." જાણનાર તે જ હું છું. આત્મામાં વૃત્તિ નથી તેનું કારણ કષાય છે.

**"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ."**

એવું થાય તો ઊંડો ઊતરે. તેથી જ્ઞાનીની પ્રતીતિ થાય. જ્ઞાની દિવસ હોય અને રાત કહે તોય માને ત્યારે આત્મજ્ઞાન થાય. પોતાની બુદ્ધિનું દેવાળું કાઢી નાખવાનું છે. જ્ઞાની કહે તે જ માનવું. બીજું બીજું માનવું નથી. જ્ઞાનીનું કહેલું માનવું હોય તો માની શકાય છે. પરોક્ષ શ્રદ્ધા એટલી બધી દૃઢ થઈ જાય કે તેમાંથી પ્રત્યક્ષ થાય. જ્ઞાનીને આધારે જે પરોક્ષ પ્રતીતિ થઈ તે જરાક આગળ વધે તો પ્રત્યક્ષ થઈ જાય, પણ જ્ઞાનીનું કહેલું માનવું બહુ અઘરું છે. ઘણા અંતરાયો દૂર થાય ત્યારે હું કંઈ નથી જાણતો એમ થાય. સત્ છે તે સરળ છે, સુગમ છે. માર્ગે ચઢ્યો તો બધું સરળ છે.

[૧]સાંજે માળા ફેરવાશે, તેમાં લક્ષ રાખી મરણ સુધારવાનો લક્ષ રાખવો. ઊંઘ આવે, થાક લાગે, પણ પ્રમાદ ન કરવો. માથે મરણ જ છે એમ જાણી જ્ઞાનીએ કહેલું તે કરવું. જ્ઞાન-દર્શન-ચારિત્ર સમજવા ત્રણ માળા કહી છે. અઠ્ઠાવીશ પ્રકૃતિ મોહનીયની ક્ષય કરવા અઠ્ઠાવીશ માળા ફેરવવાની છે. તેમાં એ જ લક્ષ રાખવો. સ્મરણમાં જ મન રાખવું. કાળજી રાખી એ માળા ફેરવે તો કલ્યાણ થઈ જાય એવું છે. બે ત્રણ કલાક ધર્મધ્યાન થાય, પણ માથે મરણનો ડર હોય તો થાય. કંઈક કંઈક જીવને દુઃખ રહે તો તે હિતકારી છે. ભોગવાય તેટલું જાય છે. વેદની છે તે કલ્યાણકારી છે, આર્ત્તધ્યાન થાય તો આવરણ કરનારી છે.

*

૧. વિસ્તારથી સમાધિમરણની માળા માટે જુઓ પૃષ્ઠ નં. ૪૨૬ થી ૪૩૧.

(સાંજના–સભામાં)

પૂજ્યશ્રી–સદ્ગુરુની આજ્ઞાએ વર્તતાં કર્મોમાં ફેરફાર થાય છે તેની પોતાને ખબર પડે છે. નરકમાં પણ જીવને સમકિત થાય છે. ત્યાં એને જાતિસ્મરણ થાય ત્યારે જ્ઞાની મનુષ્યભવમાં મળ્યા હોય અને કંઈ કર્યું ન હોય તો એમ થાય કે અહો! મને જ્ઞાની મળ્યા છતાં મેં કંઈ ન કર્યું! એમ પશ્ચાત્તાપ કરતાં એને ખોટું તે ખોટું અને સાચું તે સાચું લાગે.

*

(સાંજના–ઉપર, ૪-૪૫ વાગે.)

પૂજ્યશ્રી–દિવાળીને દિવસે મહાવીર ભગવાને સમાધિમરણ કરેલું તેથી એ પર્વ કહેવાય છે. આ આશ્રમના સ્થાપનારા જે મહારાજ હતા તેમણે આ [1]છત્રીસ માળા દિવાળીના દિવસોમાં ફેરવવાનો ક્રમ રાખ્યો. તે અહીં ચાર દિવસ ફેરવાય છે. જન્મમરણ છોડવા માટે કોઈ પૂછે, તેને માટે આ યોજના કરી છે.

(એક નવા ભાઈ આવેલા હતા. તેમને સંબોધીને)

આજ તો ધર્મ તેરસનો દિવસ છે. આજે જો તમે ભક્તિ કરવાનો નિયમ લો તો ઘણો લાભ થાય એવું છે. કાળની પણ કેટલીક અસર થાય છે. જો તમારે નિયમ લેવો હોય તો નીચે ઓફિસમાંથી 'તત્ત્વજ્ઞાન' અને ચિત્રપટ લઈ આવો.

(તે ભાઈ તત્ત્વજ્ઞાન તથા ચિત્રપટ લેવા નીચે ગયા તે વખતે)

પૂજ્યશ્રી–જીવોનું કેટલું પુણ્ય ચઢ્યું હોય ત્યારે આ દરવાજામાં પગ મુકાય છે. અહીં આવે અને સદ્ભાવના થઈ જાય તો કામ થઈ જાય. ક્યાંથી ક્યાંથી જીવો આવી ચઢે છે. હું તો હમણાં દિશાએ જ જવાનો હતો, પણ મનમાં એમ થયું કે ઉપર જઈને દર્શન કરી પછી દિશાએ જઉં. આટલામાં આ જીવ આવી ચઢ્યો. પુણ્ય ચઢે ત્યારે એવો યોગ બની આવે છે.

મુમુક્ષુ–એક ચૌદ-પંદર વર્ષનો યુવાન છોકરો મદ્રાસ હતો ત્યાં તેનું મરણ થયું છે. અકસ્માત્ મરણ થયું છે. કંઈ રોગ વ્યાધિ જેવું ન હતું.

પૂજ્યશ્રી–મરણ તો ગમે ત્યારે આવે છે. એને ક્યાં એવું છે કે વ્યાધિ હોય તો જ આવું, નીરોગી હોય તો ન આવું? કોઈનો ચાલતાં ચાલતાં દેહ છૂટી જાય છે, ખાતાં ખાતાં દેહ છૂટી જાય છે. કોઈને રોગના નિમિત્તથી દેહ છૂટી જાય છે. માથે મરણ છે એ વારંવાર સંભારવું.

(સવારના–સભામાં) ૧૨૯ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો વદ ૧૪, સં.૨૦૦૯

પૂજ્યશ્રી–એને સંસાર વધારવો છે અને જ્ઞાની કહે કે છોડવાનો છે, તે એને ગમે? દિવસે દિવસે લોભ વધારતો હોય તેને લોભ છોડવાનું ક્યાંથી ગમે? અન્યાય ન કરે તો નીતિ કહેવાય. આ પ્રકારનો વ્યવહાર મને ન ઘટે એમ લાગતું હોય તેમ છતાં લોભને લઈને એવો વ્યવહાર કરે તે

---

૧. વિસ્તારથી સમાધિમરણની માળા માટે જુઓ પૃષ્ઠ નં. ૪૨૬ થી ૪૩૧.

અનીતિ જ છે. પ્રાણ જાય પણ મારે નીતિ છોડવી નથી, દુરાચાર સેવવો નથી એમ જેને હોય તેને જ્ઞાનીનો બોધ પરિણામ પામે. પ્રાણ જાય પણ ધર્મ ન છોડવો એવું થાય ત્યારે ધર્મ પરિણમે. આ કાળમાં બહુ સાવચેતી રાખવાની જરૂર છે. સાતેય વ્યસન અનીતિ છે. એ સાત વ્યસનનો ત્યાગ જીવ બરાબર પાળતો નથી, નહીં તો એમાં નીતિ બધી આવી જાય છે. આ વિપરીત કાળ વર્તે છે. માટે ક્ષણે ક્ષણે સાવચેતી રાખવાની છે.

*

(સાંજના—સભામાં)

પૂજ્યશ્રી—સમયે સમયે કર્મ બંધાય છે. તો એની સામે પડવા સમયે સમયે પુરુષાર્થ કરવો પડશે. અનાદિકાળનો અભ્યાસ છે. આત્માનું ભાન થયું હોય છતાં ક્યારે મિથ્યાત્વનો ઉદય થશે તેની ખબર નથી, માટે ચેતતા રહેવાનું છે. જેને આત્મસ્વરૂપ પ્રાપ્ત થયું છે, અવધિજ્ઞાન પ્રાપ્ત થયું છે, મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થયું છે, એવા ગણધરોને પણ તીર્થંકર ભગવાને 'એક સમય માત્રનો પ્રમાદ ન કરવો' એમ કહ્યું. ક્ષાયિક ન થાય ત્યાં સુધી જીવને પડવાનાં ઘણાં સ્થાનકો છે. વૈરાગ્ય વગર ધર્મમાં આગળ વધાય નહીં અને વૈરાગ્યમાં આ કાળમાં ઘણાં વિઘ્નો છે. માટે વધારે પુરુષાર્થ કરવાનો છે. જીવ ભણે છે પણ ગણતો નથી. એનું ભણવું કંઈ ગણતરીમાં નથી. અજ્ઞાન અંધારા જેવું છે. અંધકારમાં બધું સરખું લાગે તેમ અજ્ઞાનદશામાં દેહ અને આત્મા એક માને છે. બધું સરખું માને છે.

(બપોરના—ઉપર) ૧૩૦ શ્રીમદ્ રા.આ.અગાસ, આસો વદ ૦)), સં.૨૦૦૯

પૂજ્યશ્રી—મરણ વખતે બહુ સાચવવાનું છે. [1]ચાર દિવસમાં જેટલી માળા ફેરવે તેટલું સમાધિ ખાતે જમે થયું કહેવાય. ભગવાને સમાધિમરણ કર્યું તેથી આ દિવાળી પર્વ થયું, પણ પછી લૌકિક થઈ ગયું; પણ પ્રભુશ્રીજીએ પાછું તાજું કરાવ્યું. મુમુક્ષુ જીવને ચેતવાનું છે. એક આત્માર્થે જ જીવવું છે. એમ કરતાં કોઈક વખતે સમ્યક્ત્વ થઈ જાય. એકનો એક ભાવ એકતાર રહે એવું કરવાનું છે. જીવ જો વિચાર કરે તો ઘણો લાભ થાય. આત્મસિદ્ધિનો દિવસ, દિવાળી પર્વ એ દિવસો એવા છે કે જીવ રંગાઈ જાય. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ સમાધિમરણની ચાર આરાધના કહેવાય છે. કર્મ તો છૂટવા આવે છે. કર્મ તો 'અમને છોડો અમને છોડો' એમ કહે છે પણ જીવ કર્મના ઉદયે ગભરાઈ જાય છે. પહેલાં કંઈ કરી મૂક્યું હોય તો વેદના સમભાવે વેદાય. ઉપશમ એટલે કષાયનો અભાવ. વૈરાગ્ય એટલે પાંચ ઇન્દ્રિયના વિષયોમાં રાગ ન થાય. મારું તારું વગેરે ક્લેશ શમાય ત્યારે ઉપશમ ભાવ થાય. વૈરાગ્યઉપશમ હોય તો જીવની બુદ્ધિ નિર્મળ થાય. એ થાય તો પછી જેમ છે તેમ સમજાય. કષાય વધારવા હોય તો વધે અને ઘટાડવા હોય તો ઘટે. કોઈનો વાંક નથી. તારે વાંકે તને બંધન છે, એ સંતની પહેલી શિક્ષા છે એમ કહ્યું છે. છૂટવા માટે કર્મ આવે છે પણ પાછાં નવાં બાંધે છે. મુમુક્ષુએ પહેલામાં પહેલી વૃત્તિ એ કરવાની છે કે,

**"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ."**

---

૧. વિસ્તારથી સમાધિમરણની માળા માટે જુઓ પૃષ્ઠ નં. ૪૨૬ થી ૪૩૧.

ક્રોધનો ઉદય આવે તોય એને દબાવી ક્ષમા ધારણ કરે. જેણે ઘણું સહન કર્યું હોય તેનું અવલંબન લેવું. [૧]દૃઢપ્રહારીએ બધા ઉપસર્ગો સહન કર્યા તો છ મહિનામાં મોક્ષે જતો રહ્યો. ક્ષમામાં એટલું બધું બળ છે. ક્ષમા મોક્ષનો ભવ્ય દરવાજો છે. ક્રોધ કરે તો બધું તપ, જપ કરેલું જતું રહે. ક્રોધનો વિશ્વાસ કરવા જેવો નથી. આટલા કાળ સુધી જે કર્યું તે બધું વમી નાખવું. જીવે ઝેર પીધું છે, તે ઓકી હવે તો જ્ઞાનીની આજ્ઞાએ કરવું.

'છ પદ'ના પત્રમાં જે કહ્યું છે તે જ મારે વિચાર કરવો છે, એમ કરી છ મહિના સુધી વિચાર કરે તો સમ્યક્ત્વ થાય. પણ જીવ એવો છે કે જે બીજાં કામ કરે તેમાં તલ્લીન થઈ જાય છે. રંગ લાગ્યો હોય તો જાય નહીં. પાકો રંગ હોય તો તે લૂગડું ફાટે તોય જાય નહીં. પોતાનું કોણ? તેની ખબર નથી. તેથી બીજામાં પોતાપણું કરે છે. દૃષ્ટિ ફેરવી નાખવાની છે. આત્માને માટે જ બધું કરવું. કોઈ ગાળો ભાંડે, મારે તોય તેને શત્રુ માનવો નથી. શત્રુ તો કર્મ છે. દીર્ઘ દૃષ્ટિ નથી તેથી તાત્કાલિક વસ્તુ પર દૃષ્ટિ કરે છે. કર્મ દેખાતાં નથી પણ નિમિત્ત દેખાય છે, તેથી જીવ ભૂલો પડે છે.

કૃપાળુદેવે લખ્યું છે કે 'કોઈનો વાંક નથી, અમે કર્મ બાંધ્યા છે, તે અમારે ભોગવવાનાં છે.' દૃષ્ટિ જો પોતાના ભણી વળે તો હિત થાય. સારામાં સારાં નિમિત્ત મળ્યા છતાં જીવ ફર્યો નથી. પોતાનો રંગ મૂકે નહીં તો તીર્થંકર જેવાનો સંગ નિષ્ફળ થાય. કર્મ એવાં છે કે બળવાન નિમિત્તમાં પણ સારી વસ્તુનો સ્પર્શ ન થવા દે, માટે કર્મ બાંધતા પહેલાં વિચાર કરવાનો છે.

જ્ઞાનીને શરણે જે આવ્યા તે બધાનું કલ્યાણ થવાનું છે. બધું મૂકીને મોક્ષે જવાનું છે. દેહ જોવાનો નથી પણ આ જીવ કોને ભજે છે? તે જોવું. કૃપાળુદેવને ભજે છે તો એના ઉપર વાત્સલ્યભાવ રાખવો. જે જીવનું કલ્યાણ થવાનું હોય તે જ જીવ કૃપાળુદેવને શરણે આવે છે. પ્રભુશ્રીજી કહેતા કે કૃપાળુદેવને શરણે આવ્યા હોય તેના અમે દાસના દાસ છીએ. આપણે સેવા કરવી છે એમ ઇચ્છા રાખવી. મુમુક્ષુ છે તે સગાં વહાલાં કરતાં પણ વધારે હિતકારી છે. વાત્સલ્ય-અંગ તો પહેલું જોઈએ. બીજું કશું ન થાય અને વાત્સલ્યભાવ રાખે તોય તીર્થંકર ગોત્ર બાંધે. એ ગુણ આપણામાં નથી તો લાવવો છે, એમ રાખવું. સમ્યક્ત્વ થાય એવા ગુણો મારામાં ન આવ્યા તો બધું પાણીમાં ગયું એમ રાખવું. પહેલી દૃષ્ટિમાં પહેલામાં પહેલો ગુણ 'અદ્વેષભાવ' આવે છે.

**"દ્વેષ નહીં વળી અવરશું, એહ ગુણ અંગ વિરાજે રે"**

બધાનું ભલું થાઓ, એવી જેને ઇચ્છા હોય તેનું કલ્યાણ થાય. દ્વેષ છે તે કલ્યાણનો નાશ કરનાર છે. કોઈ પ્રત્યે કિંચિત્‌માત્ર દ્વેષ ન કરવો. એટલું શીખી લે તો બહુ છે. પહેલામાં પહેલું પગથિયું મૈત્રીભાવ છે.

(સવારના–ઉપર) ૧૩૧ શ્રીમદ્ રા.આ.અગાસ, કારતક સુદ ૧, સં.૨૦૧૦

પૂજ્યશ્રી–જે કૃપાળુદેવને શરણે આવ્યા છે તે બધાનું કલ્યાણ થશે. એક વખતે રણછોડભાઈએ પ્રભુશ્રીજીને પૂછ્યું કે આ અહીં બેઠા છે તે બધાનું કલ્યાણ થશે કે નહીં? પ્રભુશ્રીજીએ કહ્યું કે ગોશાળા જેવાનું થયું તો આ બિચારા જીવોએ શો દોષ કર્યો છે? પણ

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ ભાવનાબોધ નિર્જરાભાવના વચનામૃત પૃષ્ઠ નં. ૫૫.

પ્રભુશ્રીજીએ કહ્યું કે એમ કહેવામાં લાભ નથી.

પૂજ્યશ્રી—(મુમુક્ષુઓને ઉદ્દેશીને) તમને એમ થાય છે કે અહીં આશ્રમમાં રહી બધો વખત નકામો જતો રહે છે? કંઈ થતું તો નથી.?

મુમુક્ષુ—નકામું તો નથી લાગતું, પણ કંઈ થતું નથી એમ તો થાય છે.

પૂજ્યશ્રી—એમ થાય તો પુરુષાર્થ જાગે. નહીં તો આશ્રમમાં રહ્યા છીએ ને? બધું થશે એમ થઈ જાય. બહુ ઉતાવળ કરવાની નથી તેમ પ્રમાદ પણ કરવાનો નથી. તલવારની ધાર જેવું છે. બહુ ઉતાવળ કરવા જાય તો અધીરજ આવી જાય, તેથી પુરુષાર્થ થાય નહીં. અહીં રહીને કષાયની ઉપશાંતતા વગેરે ગુણો પ્રગટાવવાના છે. આત્માના હિતને માટે અહીં રહ્યા છીએ એ લક્ષ રાખવો. આ તો વચ્ચે વખત મળે તેમાં બીજું વાંચવાનું, ભણવાનું છે. એમ સંતોષ ન માનવો કે આટલું ભણી ગયા, હવે બસ. થોડું શિખાય તો કંઈ નહીં, પણ વિચાર કરતાં શીખવાનું છે. ઇન્દ્રિયોને નુકસાન ન થાય અને ઇન્દ્રિયો વધારે લોલુપી પણ ન થાય તેનું નામ સંયમ છે. બહુ ઉતાવળ કરવાની નથી. શક્તિ હોય તેટલું તપ વગેરે કરવાનું છે. શરીરને પણ નુકસાન ન થાય અને પ્રમાદ પણ ન થાય તેમ કરવાનું છે. નહીં તો શરીર બગડી જાય તો પછી કંઈ ન થાય. ગાંધીજી શરીરને ગધેડું કહેતા. વધારે ખાઈ જાય ત્યારે ગધેડું વધારે ખાઈ ગયું એમ કહેતા.

(કરમસદવાળા એક ભાઈ આવ્યા હતા. તેમના ગયા પછી)

આ બિચારો કેટલાય વર્ષોથી અહીં રહે છે. છતાં કંઈ રંગ લાગતો નથી. બહારનો બહાર ફરે છે. સભામંડપમાં પણ કોઈ દિવસે આવવાનું થતું નથી. કેટલીક ઉંમરની પણ અસર થાય છે.

પૂજ્યશ્રી—તમે દેવકરણમુનિની વાત સાંભળી છે? પ્રભુશ્રીજી સાથે દેવકરણ નામના મુનિ હતા. તે વખતે પ્રભુશ્રીજી તો દક્ષિણ બાજુ કરમાળા ગામ છે ત્યાં હતા અને દેવકરણજી અહીં ભાદરણમાં હતા. તેમને દિશાએ જતાં એક મોટો શૂળનો કાંટો વાગ્યો, તેથી એમનો પગ પાકી ગયો અને અંદર પરુ થઈ ગયું. બધા શ્રાવકોને વિચાર થયો કે આ મુનિને અમદાવાદ દવાખાનામાં લઈ જઈએ. મુનિ એટલે ગાડીમાં તો બેસે નહીં. તેથી ડોળીમાં બેસાડી એમને અમદાવાદ દવાખાનામાં લઈ ગયા. ત્યાં એમને ઓપરેશન કરાવવાનું ડૉક્ટરે કહ્યું. શીશી સુંઘાડીને ઓપરેશન કરાવવાનું કહ્યું, ત્યારે દેવકરણજીએ કહ્યું કે મારે બેભાન થવું નથી, એમને એમ હું તો ઓપરેશન કરાવીશ. પછી ડૉક્ટરે શીશી સુંઘાડ્યા વગર ઓપરેશન કર્યું. પગની ચામડી વગેરે ઉતારી. બધું સહન કર્યું. દુઃખ લાગે ત્યારે એમ વિચારતા કે આખી જિંદગી સુધી તેં બીજાને આત્મા નિત્ય છે, આત્મા નિત્ય છે એમ ઘણોય ઉપદેશ દે દે કર્યો છે. હવે તારે ઉપદેશ લેવાનો અવસર આવ્યો છે. થોડાક દિવસ પછી પાછી ચામડી કહોવાઈ ગઈ અને પાછો પગ દુઃખવા લાગ્યો. તેથી ફરી ઓપરેશન કરાવ્યું. એમ છ વખત ઓપરેશન કરાવ્યું. પછી જ્યારે સાતમી વખતે કરાવ્યું ત્યારે એમનો દેહ છૂટી ગયેલો. એઓ વ્યાખ્યાન બહુ સરસ કરતા. કોઈ એમનું વ્યાખ્યાન સાંભળતું તો છ મહિના સુધી ભૂલે નહીં. એમના વ્યાખ્યાન વખતે તો કેટલાય રડતા. બીજા સંઘાડાના સાધુઓ હોય તોય એમનું વ્યાખ્યાન સાંભળવા આવતા.

પછી જ્યારે કૃપાળુદેવ મળ્યા ત્યારે તો બકરી જેવા થઈ ગયા. પહેલાં તો જાણી જાણીને સારું દેખાડવા માટે વ્યાખ્યાન કરતા, ગાતા, પણ પછી તો સહેજે જે આવતું તે કહેતા. પહેલા જાણી જાણીને સારું વ્યાખ્યાન કરતા એટલો માન કષાય હતો. પછી તો શાંત થઈ ગયા.

(સાંજના–સભામાં) ૧૩૨ શ્રીમદ્ રા.આ.અગાસ, કારતક સુદ ૩, સં.૨૦૧૦

મુમુક્ષુ–સમ્યક્‌દૃષ્ટિમાં આપણને દોષો કેમ દેખાય છે?

પૂજ્યશ્રી–આંખમાં કમળો થયો છે તેથી બધું પીળું પીળું દેખાય છે. દોષ દૃષ્ટિ થઈ છે.

(પૂજ્યશ્રીએ એક મુમુક્ષુને પૂછ્યું)

રહેવાનું છે કે જવાનું છે?

મુમુક્ષુ–આજે જવાનું છે.

પૂજ્યશ્રી–રોજ ત્યાં ભક્તિ કરો છો? બધા મળીને કરો છો?

મુમુક્ષુ–સવારના રોજ બધા મળીને ભક્તિ કરીએ છીએ.

પૂજ્યશ્રી–કંઈ વાંચવાનું રાખ્યું છે?

મુમુક્ષુ–ના, પણ વાંચવાનું રાખવાનું છે. શું વાંચવું?

પૂજ્યશ્રી–'મોટું પુસ્તક' ('વચનામૃત'ની ૭મી આવૃત્તિ) ત્યાં છે ને?

મુમુક્ષુ–હા, પ્રભુ.

પૂજ્યશ્રી–તો પહેલેથી વાંચવું. કંઈ વચમાં પડી ન મૂકવું. 'મોક્ષમાળા' તો તેં વાંચી છે, તો પણ પાછી 'મોક્ષમાળા' તેમાં આવે ત્યાં વાંચી લેવી, પડી ન મૂકવી. સવારના ભક્તિ બધા મળીને કરીએ ત્યારે એક બે પાનાં વાંચવાં. કંઈ વાંચીએ, બોલીએ ત્યારે તત્ત્વ સમજીને વિચારવું. પરમકૃપાળુદેવે [1]'મોક્ષમાળા'માં 'તત્ત્વ સમજવું' ના પાઠમાં કહ્યું છે અને તેમાં રાયશી, દેવશી અને ખેતશીનું દૃષ્ટાંત આપ્યું છે. રાયશી, દેવશીનું ખેતશી થઈ ગયું. તત્ત્વ સમજીને વાંચીએ, બોલીએ તો વધારે લાભ થાય. ગાડીમાં મંત્રનું સ્મરણ કરવું. ગાડીમાં બહુ સાવચેતી રાખવાની જરૂર છે. શાની સાવચેતી રાખવાની છે? પૈસાની?

મુમુક્ષુ–ના, પ્રભુ. સ્મરણ કરવાની.

પૂજ્યશ્રી–ગાડીમાં કોઈ કંઈ વાતો કરતા હોય, કોઈ કંઈ વાતો કરતા હોય તેમાં મન ન જવા દેવું. સ્મરણમાં મન રાખવું. બીજે જવા ન દેવું. વખત નકામો ન ગુમાવવો. બે મિનિટનો પણ વખત મળ્યો હોય તો સ્મરણ કરવું. સ્મરણ કરતા હોઈએ તો ઘર પણ મંદિર જેવું છે. 'આપ્ત પુરુષ ગુરુરાજ મુજ' એ તને આવડે છે?

મુમુક્ષુ–ના, પ્રભુ.

પૂજ્યશ્રી–આ મુખપાઠ કરી લેજે. 'આલોચના'માં છે. ગાડીમાં પણ ભક્તિ ન ચૂકવી. રોજ

---

૧. વિસ્તારથી દૃષ્ટાંત માટે જુઓ મોક્ષમાળા શિક્ષાપાઠ ૨૯.

બોલીએ, ને ગાડીમાં બે-ચાર દિવસ નહીં એમ ન કરવું, પણ રોજ બોલવાનું રાખજે. પોતાના દોષ જોવા. ઇન્દ્રિયો વશ કરવી હોય તો પુરુષાર્થ કરવો જોઈએ.

મુમુક્ષુ—આપના પત્ર ત્યાં ગુડીવાડા લઈ જઈ ત્યાં લખવાનું રાખું?

પૂજ્યશ્રી—વખત મળે તો લખીએ. વખત સારા કામમાં જાય.

(બપોરના—ઉપર) ૧૩૩ શ્રીમદ્ રા.આ.અગાસ, કારતક સુદ ૪, સં.૨૦૧૦

પૂજ્યશ્રી—શ્રીમદ્ રાજચંદ્ર વડવા સ્થાને રહેલા. એમણે કહેલું કે અહીં ચંદ્રપ્રભુનું દેરાસર થશે. ખંભાતના મુમુક્ષુઓ મહિનામાં એક દિવસ ત્યાં ભક્તિભાવપૂર્વક ગાળતા. મુનિપણું ન આવે તો તે પહેલાં એકાંત સ્થાન સેવવા યોગ્ય છે. આ કાળમાં બીજાં તપ કરતાં સ્વાધ્યાય તપ વધારે હિતકારી છે. એ અંતરંગ તપ છે. એ દરેક કરી શકે એવું છે. મુનિ કે ગૃહસ્થ હોય, ગમે તે એ તપ કરી શકે છે. ધ્યાન વગેરે કરવા બેસે તો મન સ્થિર રહેવું મુશ્કેલ છે પણ સ્વાધ્યાયમાં મન ચોંટી જાય. સત્સંગે જે આજ્ઞા થઈ હોય અને પોતે સત્સંગમાં ન હોય, ભલે લાખો કોશ દૂર હોય પણ સત્સંગે થયેલી આજ્ઞા ઉપાસે છે તે સત્સંગને જ ઉપાસે છે. ગમે ત્યાં જઈએ પણ સ્મરણ ન ચૂકવું. હરતાં ફરતાં સ્મરણમાં જ ચિત્ત રાખવું. એમ કરે તો દિવસમાં કેટલીય માળા થઈ જાય પણ જીવ બીજી વસ્તુઓના આકર્ષણને લઈને ભૂલી જાય છે. બધું સ્વપ્ના જેવું છે. ક્યારે મરણ આવશે તેની ખબર નથી. માટે મનુષ્યભવ સફળ થાય એવું કંઈક કરી લેવું. આમ ને આમ મનુષ્યભવ જવા દેવાનો નથી. જેમ નાટકમાં ગયા અને જોઈને પાછા આવ્યા તેમ કરવાનું નથી.

*

(સાંજના—ઉપર)

પૂજ્યશ્રી—ક્ષમાવું છું. હવે તો કોઈને કંઈ કહેવું નથી. કોઈને કોઈના દોષો કહેવા નથી. પૂછે તોય કહેવા નથી, એવું ચિત્ત થઈ ગયું છે. કોઈને દોષો કહીએ તો ખોટું લાગે.

મુમુક્ષુ—કહો પ્રભુ, કહો! કહ્યા વગર તો શું થાય?

પૂજ્યશ્રી—પોતાના દોષો દેખીને પોતાને ટાળવાના છે. દોષો દેખીને ઢાંક ઢાંક કરે તો ક્યારે પાર આવે? દોષો દેખીને ઢાંક ઢાંક કરે છે. કહ્યા કરતાં પોતાના દોષો દેખીને પોતે ટાળશે ત્યારે કામ થશે. મને હવે કોઈ કહેનાર નથી, મારે જ દોષો ટાળવાના છે એમ લાગે તો પછી દોષો કાઢે. કૃપાળુદેવે 'પુષ્પમાળા'માં છેલ્લું એ જ લખ્યું છે કે દોષોને દેખીને દોષોને ટાળવા. હવે તો સમાધિમરણ કરવાનું છે. આપણેય માથે મરણ છે ને!

મુમુક્ષુ—મારાથી ચાર પાંચ દિવસ પહેલાં ભમરીની માટી ઉખેડાઈ ગઈ. તેમાં નાના જીવડા હતા. પછી તો મને બહુ પશ્ચાત્તાપ થયો. હવે મને એનું પ્રાયશ્ચિત્ત આપી દો.

પૂજ્યશ્રી—બે એકાસણાં કરજો. જાઓ, કૃપાળુદેવના ચિત્રપટ આગળ નમસ્કાર કરી ક્ષમાપનાનો પાઠ બોલી આવો. એકાસણામાં ધર્મધ્યાન વધારે થાય એ લક્ષ રાખવો, તો પેલી હિંસાનો રસ ઓછો પડે. પ્રાયશ્ચિત્ત એટલે ચિત્તને પાછું વાળવું, ફરીથી એવું ન થાય તે સાચવવું. યત્નાપૂર્વક કામ કરવું.

દિગંબર મુનિઓ હોય છે તે પહેલાં વસ્તુને જુએ કે આના ઉપર કોઈ જીવડું તો નથી? પછી આંખે કોઈ જીવ ન દેખાય તો મોરપીંછીથી સાફ કરી પછી પુસ્તક વગેરે લે મૂકે. તેમ આપણે પણ કોઈ વસ્તુ લેવી હોય, મૂકવી હોય તો પહેલાં જોઈને મૂકવી. જીવડાં ન દેખાય તો કોઈ કપડાંથી સ્થાન સાફ કરી ત્યાં વસ્તુ મૂકવી. તમારાથી કે અમારાથી, જ્યાં સુધી મુનિપણું ન આવે ત્યાં સુધી એવા અનેક દોષો થાય છે. સંસાર તો બધો એવો જ છે. ''પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે, અને માથે મરણ રહ્યું છે.'' એવું જ બધું છે. કાળ એવો છે કે બહુ સાવચેતી રાખીને વર્તવાનું છે, નહીં તો પંચેન્દ્રિય જીવો તો કેટલાય કર્મ બાંધે. એકેન્દ્રિય જીવો ઝાડ વગેરે હરતાં ફરતાં નથી, તેમને ઓછાં કર્મ બંધાય; પણ આપણે તો કેટલું બધું ચાલવું પડે છે, પાપનાં કામ કરવાં પડે છે. આપણા પગમાં ખરીઓ નથી એટલું સારું છે. ઢોરના પગમાં ખરીઓ હોય છે તેથી ઘણા જીવો બિચારા મરી જાય છે.

મુમુક્ષુ—આપણે જમીન ઉપર ચાલીએ તેનાથી એ પૃથ્વીકાયના જીવોને દુઃખ થાય?

પૂજ્યશ્રી—હા, દુઃખ તો થાય જ ને. જીવ છે ને! ગૌતમસ્વામીએ ભગવાનને પૂછ્યું કે હે ભગવન્! પૃથ્વીમાં જીવો છે. પૃથ્વી ઉપર તો ચાલવું પડે છે. તો તે જીવોને દુઃખ થતું હશે? ભગવાને કહ્યું, દુઃખ તો થાય જ. જીવમાત્રને દુઃખ થાય છે. જેમ કોઈ વ્યંતર બે હાથની મૂઠીઓ ભીડીને જોરથી માથામાં મારે તેથી આખા શરીરમાં ઝણઝણાટી થાય છે, તેવું દુઃખ જમીન ઉપર ઉતાવળે ચાલવાથી એકેન્દ્રિય જીવોને થાય છે. જેટલી બને તેટલી ઓછી હિંસા થાય તેમ કરવું.

(સવારના—ઉપર) ૧૩૪ શ્રીમદ્ રા.આ.અગાસ, કારતક સુદ ૫, સં.૨૦૧૦

પૂજ્યશ્રી—સત્પુરુષનો આશ્રય હોય તો જીવનું કલ્યાણ થોડા કાળમાં થઈ જાય. પછી ભલે એક બે ભવ કરવા પડે. અનંતકાળથી રખડતો આવ્યો છે ત્યાં એક બે ભવની શી ગણતરી! પ્રભુશ્રીજી એક વાત કહેતા. શ્રેણિક પછી એક મહાયુદ્ધ થયું. તેમાં આખા ભારતના રાજાઓ બે ભાગમાં વહેંચાઈ ગયા. એક બાજુ ચેડારાજા અને બીજી બાજુ કોણિકરાજા હતો. ચેડારાજા સમ્યક્ દૃષ્ટિ. રોજ વારા પ્રમાણે યુદ્ધમાં જાય. એક દિવસે ચેડા રાજાનો મિત્ર કોઈ એક રાજા હતો, તેનો વારો આવ્યો. તે ભક્ત હતો. પહેલાં તે પોતાના ગુરુ પાસે ગયો. ગુરુએ કહ્યું કે તું ત્યાં કોઈ પ્રકારનો આગ્રહ રાખીશ નહીં કે હું ક્ષત્રિય છું; માટે મારે મરણ થાય ત્યાં સુધી લડવું જોઈએ. મરણ થશે એવું લાગે ત્યારે યુદ્ધમાંથી એક તરફ આવી જઈ સમાધિમરણ કરજે. પછી બોધ આપ્યો.

તે રાજાનો સારથિ હતો તે બહાર બેઠો હતો, તે બધું સાંભળે. તેના મનમાં થયું કે આને ગુરુ કંઈક આત્મહિત થાય એવું કહે છે, માટે મારે પણ એ કરે એમ જ કરવું. ભલે મને ખબર નથી પણ એ જ્યારે યુદ્ધથી બહાર આવશે ત્યારે એ કરશે તેમ મારે પણ કરવું. પછી તે રાજા યુદ્ધમાં ગયો. ત્યાં સામો એક રાજા તેનાથી લડવા આવ્યો. પેલો કહે તું પહેલાં બાણ છોડ. આ રાજા જે ભક્ત હતો, તેણે કહ્યું કે હું કોઈને મારવા આવ્યો નથી, હું તો મારી રક્ષા કરવા આવ્યો છું. પેલાએ જાણ્યું કે આ ક્યાંથી બાયલો આવ્યો! પછી પાંચ બાણ રાજાને અને પાંચ બાણ સારથિને માર્યા. તે ભક્તરાજાએ સારથિને કહ્યું કે રથને એક તરફ લઈ જા. તે સારથિ યુદ્ધભૂમિથી બહાર નદીના કાંઠે

રથને લઈ ગયો. ત્યાં તે રાજા ઊતર્યો અને જમીનને સાફ કરી પોતે સૂતો. સારથિ પણ જમીન ઉપરથી કાંકરા વગેરે સાફ કરી સૂતો. રાજાએ હાથ જોડ્યા. પેલા સારથિએ પણ હાથ જોડ્યા. રાજા ભક્તિ કરવા મંડ્યો. પણ પેલા સારથિને ભક્તિ આવડે નહીં, એટલે તેણે ભાવના કરી કે હે ભગવન્! મને ભક્તિ તો આવડતી નથી, પણ એમને જે હો તે મને પણ હો. પછી રાજાએ બાણો કાઢ્યાં. સારથિએ પણ કાઢ્યાં. બન્નેના દેહ છૂટી ગયા. પેલા રાજાના પરિણામ નિર્મળ હોવાથી તે દેવલોકમાં ગયો. સારથિના પણ પરિણામ એટલા બધા નિર્મળ થઈ ગયા કે મહાવિદેહમાં જન્મ્યો. ત્યાં તેને સદ્ગુરુ મળ્યા અને તે જ ભવે મોક્ષે જશે અને પેલો દેવ તો હજી પછી જશે. આશ્રય એ બહુ મોટી વાત છે. આશ્રય કરવા જેવો છે. કૃપાળુદેવનો આશ્રય હોય તો કૃપાળુદેવની જે ગતિ થઈ તે એની પણ થાય, પછી મોક્ષે જાય. આશ્રય એ બહુ મોટી વાત છે, પણ વૈરાગ્ય જોઈએ. આડા અવળીમાં ખેંચાઈ જાય તો જ્ઞાનીને ભૂલી જાય. વૈરાગ્ય લાવવો. વૈરાગ્ય નથી એટલે આ નાશવંત વસ્તુઓમાં રોકાઈ રહ્યો છે. વૈરાગ્ય હોય તો આશ્રય રહે. વૈરાગ્ય એ મોક્ષમાર્ગનો ભોમિયો છે.

*

પૂજ્યશ્રી— **"આઠ સમિતિ જાણીએ જો, જ્ઞાનીના પરમાર્થથી;**
**તો જ્ઞાન ભાખ્યું તેહને, અનુસાર તે મોક્ષાર્થથી."** (૨૬૭)

એટલે શું?

(પૂજ્યશ્રીએ બધા મુમુક્ષુઓને વારાફરતી પૂછ્યું, પણ કોઈ બોલ્યા નહીં. ત્યારે ફરી પોતે પૂછ્યું)

અનુસાર એટલે શું?

૧. મુમુક્ષુ—આશ્રય.

૨. મુમુક્ષુ—પ્રમાણ.

પૂજ્યશ્રી—અનુસાર એટલે અનુસરવું. આઠ સમિતિને જ્ઞાની પાસેથી જાણે, પણ તેને મોક્ષને માટે જ આચરે તો તેને જ્ઞાન કહ્યું. આડા અવળી દેવલોકની કે બીજાની ઇચ્છા રાખી અનુસરે તો તે જ્ઞાન નહીં. મોક્ષને માટે જ અનુસરવી જોઈએ, તો તે કામની છે.

*

પૂજ્યશ્રી—મહાપુરુષોનાં વચનો, દૃષ્ટિ આદિ અપૂર્વ હોય છે. કોઈ મહાપુણ્યના યોગે સત્પુરુષનું દર્શન થાય છે, એથી સંસ્કાર પડે છે, એ કામ કર્યા કરે. જીવને સત્પુરુષને યોગે માન્યતા થાય તે ન ફરે. સત્ય કોઈ જુદી વસ્તુ છે. ત્રણે કાળ રહે એવી વસ્તુ એક આત્મા છે. આત્મા ત્રણે કાળ રહે એવો પદાર્થ છે. આત્મા સત્ જગત મિથ્યા. જગત જોતજોતામાં પલટાઈ જાય છે. બધું જગત પલટાતું છે. કોઈ પણ પદાર્થ તે નો તે રહેવાનો નથી, પણ આત્મા આત્મારૂપે ત્રણે કાળ રહે એવો છે.

*

પૂજ્યશ્રી—જેને જ્ઞાનપંચમીનું તપ કરવું હોય તેણે કરવું. આજે મહત્વનો દિવસ છે. એ દિવસ જ્ઞાનધ્યાનમાં ગાળવો. જેને કંઈ સત્પુરુષનો યોગ થયો છે અને જે આજ્ઞા થઈ તેને આરાધે છે; તે ગમે

ત્યાં દૂર હોય તોપણ તે સત્સંગમાં જ છે. એ પાપ કરતાં પાછો હઠે. બીજી કાળજી રાખો છો એવી આત્માની કાળજી પણ રાખવાની છે. ધર્મના કામમાં ઢીલ ન કરવી. જેટલું થાય તેટલું કરી લેવું.

*

(બપોરના–ઉપર)

મુમુક્ષુ–આશ્રમના પ્રકાશનોમાં બ્રહ્મચારીજી બી.એ. એમ લખ્યું છે, અને બ્રહ્મચારીજી તો ઘરબાર બધું છોડીને બેઠા છે. એમને નામનું અભિમાન વળી શાનું?

પૂજ્યશ્રી–નામ માત્ર ખોટી વસ્તુ છે. બધું ખોટું છે. ઉપાધિય ખોટી છે. કૃપાળુદેવે કેટલાક પત્રોમાં એમ લખ્યું છે કે ''મિથ્યાનામધારીના યથાયોગ્ય'' ગમે તેવું લખો, જેને વખાણ કરવાં હશે તે વખાણ કરશે અને દોષો જોવા હશે તે દોષો જોશે.

( પછી 'વચનામૃત'માંથી પત્રાંક ૧૮ વંચાવ્યો.)

પૂજ્યશ્રી–જો નામોમાં તણાઈ જાય તો દોષિત થાય. પોતાનાં વખાણ કરવા માટે નામ લખે તો એ અભિમાન છે. જૂઠી આપવડાઈ એટલે પોતાનામાં જે ગુણ ન હોય તે કહે તો એ દોષિત થાય.

*

પૂજ્યશ્રી–જે સમજ્યો હોય તે વ્યાપાર આદિમાં પણ જૂઠ ન બોલે, સમજણ ન હોય તે બોલે.

મુનિની સમભાવના અને શ્રાવકની સમભાવનામાં ભેદ છે. મુનિઓને તો સર્વ શત્રુ-મિત્ર સમાન છે. વ્યવહારની વાતોમાં તો શ્રાવક શ્રાવક પ્રમાણે વર્તે. ગૃહસ્થ ધર્મમાં ન્યાય નીતિ વગેરે છે. જેણે આ દેહથી કલ્યાણ કરી લીધું તેને પછી દેહની દરકાર નથી; પણ જેને કલ્યાણ કરવાનું છે, તે તો એને સાચવવા દવા લે, સાચવે, બધુંય કરે. યથાશક્તિ ધર્મ કરવાનો છે, તપ કરવાનું છે. બધાએ એક સરખો જ ધર્મ કરવો એમ નથી કહ્યું. વિવેક સહિત ધર્મ કરવાનો છે. વિવેક રહિત તો જીવે ધર્મ ઘણો કર્યો છે. લોકો કરે તેમ કરે તેમાં ધર્મ થતો નથી. કરે તે ભોગવવું પડે છે. ધર્મ ગહન વસ્તુ છે. એમાં પ્રવેશ થાય તો બધી સમજણ પડે એવું છે. કંઈક માહિત થાય તો એની બુદ્ધિ સવળી થાય અને બુદ્ધિ સવળી થાય તો બધો ઉકેલ થાય. જીવ નકામા નકામા પ્રશ્નો કરે પણ મારી શી વલે થશે? એનો વિચાર કરતો નથી. માથે મરણ છે. કર્મના કાયદા એવા છે કે જાણતો હોય કે ન જાણતો હોય તોય એનું ફળ મળે. માટે જાણવું એ જરૂરનું છે. બધાં પાપ કરતાં મોટું પાપ અજ્ઞાન, મિથ્યાત્વ કે ભ્રાંતિ છે. જ્ઞાન એ આત્માનું ધન છે. આત્મભ્રાંતિ જેવો કોઈ રોગ નથી.

**''આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ;**
**ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.''**

જ્ઞાનીની આજ્ઞાએ વર્તવું એ પથ્ય છે. વિચાર ધ્યાનરૂપ દવા છે. સદ્ગુરુના વચનનો વિચાર કરે અને લક્ષ રાખે એ દવા છે.

*

(સાંજના–સભામાં)

પૂજ્યશ્રી– **‘‘પુદ્ગલ ખાણો પુદ્ગલ પીણો પુદ્ગલહુંથી કાયા;**
**પુદ્ગલકો સબ લેણો દેણો, પુદ્ગલમેંહી જાય,**
**સંતો દેખીએ બે પરગટ પુદ્ગલ જાલ તમાસા.’’**

બધી પુદ્ગલની રમત છે. અંધારું, અજવાળું, છાયા, તડકો બધું પુદ્ગલ છે. લોકાકાશમાં છયે દ્રવ્યો છે અને અલોકાકાશમાં તો એકલું આકાશ જ છે, બીજાં દ્રવ્યો નથી. આત્મા ને પુદ્ગલ બેય જુદાં છે. જડ અને ચેતન બન્ને ભિન્ન દ્રવ્ય છે, એક નથી. પુદ્ગલના પરમાણું છે તેમ કાળના બધા છૂટા છૂટા અણુ છે. એના સમયે સમયે પર્યાય થાય છે. કાલાણુ એ દ્રવ્ય છે અને દ્રવ્ય હોય તેના પર્યાય પણ હોય છે. કાળ એ દ્રવ્ય છે, સમય એ એનો પર્યાય છે. અસંખ્ય કાલાણુઓ છે, તે દરેકના સમયે સમયે પર્યાય થાય છે. આંખ મીચીને ઉઘાડે તેટલામાં અસંખ્યાત સમય થઈ જાય. શ્વાસોશ્વાસ બધું પુદ્ગલ છે. પુદ્ગલ જાણે નહીં, જીવ જાણે. માત્ર જીવનું કામ જાણવાનું છે. શરીરને સુખ થાય, દુઃખ થાય તે બધું જાણવાનું કામ આત્માનું છે; પણ પાછું મને થયું એમ માની લે છે.

કેવળજ્ઞાન થતાં સુધી યોગ રહે છે. યોગના ઘણા અર્થ થાય છે. મન, વચન, કાયા એ પણ યોગ છે. મોક્ષમાર્ગમાં જોડે તે પણ યોગ છે. એમ બીજા પણ ઘણા અર્થ યોગના થાય છે.

કર્મનાં પુદ્ગલો હોય તેને વર્ગ કહેવાય છે અને જ્યારે ઘણાં પુદ્ગલોનો સ્કંધ થાય ત્યારે વર્ગણા કહેવાય છે. કષાયને લીધે કર્મની સ્થિતિ પડે છે. એ કષાય ન હોય તો કર્મની સ્થિતિ ન પડે.

*

(સાંજના–ઉપર)

પૂજ્યશ્રી–જે ભાવના કરે તેનું બીજ ઊગે છે. જીવને યોગ મળે છે. લાભ લે તો કામ થાય, નહીં તો આવીને જતું રહે. સારા ખોટાં બધાં કર્મ છે. કર્મના ઉદયે વૃત્તિ બીજે જાય છે. અત્યારે આપણે સત્સંગમાં બેઠા છીએ એ વખતે બધા કર્મનો ઉદય છે પણ આપણું ચિત્ત જ્ઞાનધ્યાનમાં હોય તો કર્મ આવીને જતાં રહે.

*

મુમુક્ષુ–કોઈક વખતે ગોખવામાં ઉત્સાહ હોય છે અને કોઈક વખત નહીં, એનું શું કારણ?

પૂજ્યશ્રી–કર્મનો ઉદય છે. તે વખતે નવું ન શિખાય તો ફેરવવું. બીજી વસ્તુમાં ન જવું, નહીં તો કર્મ બાંધે. ઉપવાસ, એકાસણું કરીને વાંચવા વિચારવાનું કરવું છે. દેહનો શો ભરોસો? પરપોટાની પેઠે ફૂટી જાય. માટે મનુષ્યભવ છે ત્યાં સુધી કંઈ કરી લેવું. એ ક્યારે પૂરો થશે તેની ખબર નથી. બધી સામગ્રી લૂંટાઈ જશે. ઝબકે મોતી પરોવી લે.

આત્માને સંસ્કાર પડ્યા હોય તે સાથે જાય છે અને કર્મ સાથે જાય છે. સૂક્ષ્મ કર્મ છે તે આત્માના પ્રદેશ સાથે તન્મય થઈ જાય છે, તેથી સાથે જાય છે. કર્મના શરીરને કાર્મણશરીર કહે છે અને આપણા શરીરમાં ગરમી છે તે તેજસ શરીર છે. તે પણ પરભવમાં સાથે જાય છે.

કર્મ કેમ છૂટે છે? કેમ બંધાય છે? તે માટે ભગવાને 'કર્મગ્રંથ' લખ્યા છે. એ કરણાનુયોગ છે. કથાનુયોગમાં કથાઓ છે. ચરણાનુયોગમાં કેમ વર્તવું તે છે અને દ્રવ્યાનુયોગમાં આત્માની વાતો હોય છે. ભગવાનની વાણીને એમ ચાર પ્રકારે વહેંચી છે. પ્રાથમિક ભૂમિકાના જીવોને માટે કથાનુયોગ છે. 'કર્મગ્રંથ' એ કરણાનુયોગ કે ગણિતાનુયોગમાં આવે છે. એમાં બધા કર્મના હિસાબ હોય છે. બધા અનુયોગમાં દ્રવ્યાનુયોગ તો આવે, ચરણાનુયોગમાં દ્રવ્યાનુયોગ આવે, અને કરણાનુયોગમાં પણ આવે. કરણાનુયોગનો સૂક્ષ્મ વિચાર થાય ત્યાર પછી દ્રવ્યાનુયોગ સમજાય. આત્મા છે તે જાણે છે. આ દેહમાં છયે દ્રવ્ય છે. એ બધામાંથી એક પુદ્‌ગલમાં મોહ પામે છે. એ બધાથી હું ભિન્ન છું. એવા સૂક્ષ્મ વિચારથી દ્રવ્યાનુયોગ સમજાય.

જાણનારો તે જીવ છે. જડ પદાર્થો જણાય, તે જીવ નથી. સાચો પુરુષ સમજાવનાર મળે તો બેસી જાય. જાણનાર છે તે હું છું. દેહની અંદર જાણનારો છે, તો આંખો દેખે છે, કાન સાંભળે છે, એમ બધી ઇન્દ્રિયો કામ કરે છે. આ દેખાય છે તે તો દેહ છે પણ આત્મા એથી જુદો છે. શરીર કશું જાણે નહીં. શરીર તે જડ વસ્તુ છે. શરીરમાં જ્યાં સુધી આત્મા હોય ત્યાં સુધી ખબર પડે છે, પણ અત્યારે દૂધ પાણીની પેઠે દેહ અને આત્મા એકમેક થઈ ગયા છે. કોઈ ભાન આપનાર હોય તો આત્માનું ભાન થાય. વિચાર કરે તો એમ લાગે કે દેહમાં કોઈ જાણનાર વસ્તુ છે ખરી. જે જે વસ્તુ દેખાય છે તે કંઈ જાણે નહીં. આત્મા નામ સાંભળતાં રોમાંચ થઈ જાય; એવું પોતાનું ઓળખાણ થાય ત્યારે થાય છે.

એક બ્રાહ્મણ હતો. તે કોઈ ઠેકાણે જતો હતો. રસ્તામાં એક પાણીવાળો ખાડો હતો. તેમાં પાણી પીવા જતાં તે પડી ગયો. ત્યાં જંગલમાં એક સ્ત્રીએ જોરથી બૂમ મારી કે લાડુ, લાડુ. લાડુ શબ્દ સાંભળતાં જ બ્રાહ્મણ ખાડામાંથી જલ્દી નીકળી બહાર આવ્યો. તે પહેલાં ઘણી મહેનત કરવા છતાં તે નીકળી શક્યો ન હતો. પણ લાડુ નામ સાંભળતાં જ તે તરત બહાર નીકળી આવ્યો. જે વસ્તુનું ઓળખાણ હોય તે પ્રત્યે પ્રેમ થાય છે. આત્માનો અનુભવ થયો હોય તો એમાં પ્રેમ આવે. એ કરવા જ્ઞાનીનાં વચનોનો આધાર છે. જે કરવાનું છે તે ભૂલી ન જવાય એ લક્ષ રાખવો.

**"મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજાં કામ કરંત;**
**તેમ શ્રુતધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત."**

બીજાં કામ કરતાં પણ એ ભૂલાય નહીં ત્યારે આગળ વધાય. જીવ કરવાનું છે તે ભૂલી જાય છે. જેમ ગરજ વધશે તેમ તેમ એની વૃત્તિ એમાં રહેશે. પુરુષાર્થ કરે તો બધું થાય એવું છે.

(બપોરના–ઉપર) ૧૩૫ શ્રીમદ્ રા.આ.અગાસ, કારતક સુદ ૬, સં.૨૦૧૦

પૂજ્યશ્રી–ક્લેશથી ભરેલો સંસાર છે. જંપવા જેવું નથી. બધે ક્લેશ જ છે. જે વસ્તુ ભૂલી જવાની છે તેને જીવ વધારે તાજી કરે છે. પોતાનો વિચાર જીવને આવતો નથી તેથી બીજે ખોટી થાય છે. આપણે ક્યાં બેસી રહેવાનું છે?

મુમુક્ષુ–ષડ્‌રિપુ કયા છે?

પૂજ્યશ્રી—કામ, ક્રોધ, મદ, મોહ, લોભ અને મત્સર એ ષડ્‌રિપુઓ છે. જીવને ગરજ જોઈએ. આત્મસિદ્ધિની એક એક ગાથા ઉપર સો સો ગાથાઓ લખે તો ય પૂરું થાય એવું નથી.

**''જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;**
**ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.''**

લો એનો અર્થ કરો! એમ પ્રભુશ્રીજી કહેતા. આખી જિંદગી સુધી કામ આવે એવી આ ગાથા છે. આત્માર્થી હોય તેણે ગમે તે પ્રસંગે શું કરવું અને શું સમજવું? એનો ઉકેલ તેને આવે.

ઉદાસીનતા એટલે સમભાવ. જેને કંઈ પ્રતિબંધ નથી તે ઉદાસીન છે. રાગદ્વેષમાં ન તણાવું એનું નામ ઉદાસીનતા છે. સમભાવ કે ઉદાસીનતા એક જ છે. ઉદાસીન એટલે ક્યાંય ચોંટી ન ગયો હોય. આમ થયું તોય ઠીક અને તેમ થયું તોય ઠીક, એ ઉદાસીનતા છે. જે થાય તે ભલું માનવામાં આવે તો એ ઉદાસીનતા છે. ''અધ્યાત્મની જનની તે ઉદાસીનતા'' સુખ પ્રાપ્ત કરવું હોય તો ઉદાસીનતા આવે ત્યારે પ્રાપ્ત થાય. એ વગર સુખ ન આવે. વૈરાગ્ય હોય તો ઉદાસીનતા રહે. વૈરાગ્ય ઉદાસીનતાનું કારણ છે. હું બ્રાહ્મણ છું, વાણિયો છું આદિ બાબત છોડી દેવાની છે. 'આત્મા છું', દેહનાં આ બધાં છે, આત્માને કંઈ નથી.

રડવાથી અશાતા વેદની બંધાય છે. આપણને વિચાર નથી આવતો. કાલે શું થશે તેની શી ખબર છે? કૃપાળુદેવનું શરણું રાખવું, તો બધાનું કલ્યાણ થવાનું છે. કોઈનું દુઃખ લેવાય નહીં. આપણું સુખ કોઈને દેવાય નહીં. આપણને પણ મરણ આવવાનું છે. આપણે ગભરાઈ જઈએ તો તે વખતે મરણ બગડી જાય. જે થવાનું છે તે તલભાર આઘુંપાછું થવાનું નથી. આપણા મનને દૃઢ કરવું. મંત્રમાં ચિત્ત રાખવું. કૃપાળુદેવનું શરણું છોડવા જેવું નથી. મનુષ્યભવ રડવા માટે નથી મળ્યો. આખું જગત આપણને કર્મ બંધાવી લૂંટી લે એવું છે. જે થવાનું હશે તે થશે, રૂડા રાજને ભજીએ. ગમે તેવું દુઃખ પડે પણ રડવું નથી. રડવાથી કોઈને લાભ નથી. જેનો દેહ છૂટી ગયો હોય તેને પણ રડવાથી લાભ ન થાય, અને આપણે રડીએ તો આપણને પણ ન થાય. હાલતાં ફરતાં 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' કરવું. એથી બળ મળે. શૂરવીર થાય તો કર્મ આવતાંય ડરે. ''ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે.'' (૮૧૯) ખેદ કરવાથી કંઈ કલ્યાણ થતું નથી.

*

પૂજ્યશ્રી—રોજ મરણ સંભારવું. મહેમાન જેવા છીએ. જેનું આયુષ્ય પૂરું થાય તેને જવું પડે.

*

(સાંજના—સભામાં)

પૂજ્યશ્રી—સમ્યક્‌દર્શન થાય અને પ્રશસ્ત રાગ રહ્યા કરે તો દેવગતિ બંધાય. એ રાગ છે તેથી બંધ પડે છે. સમ્યક્‌દર્શન તો નિર્જરાનું કારણ છે, પણ સાથે પ્રશસ્ત રાગ થાય છે તેથી દેવગતિ બંધાય છે. જે કર્મથી શરીર બને તે કર્મનું નામ નામ-કર્મ છે. મનમાં હોય બીજું, બોલે બીજું અને

વર્તે બીજા પ્રકારે તે અશુભ નામ કર્મનું કારણ છે. જેટલી ઇચ્છા રોકે તેટલું તપ થાય.

*

(રાતના–સભામાં)

**“ભક્તિ શૂરવીરની સાચી, લીધા પછી કેમ મેલે પાછી”**

નિર્ભય હોય તે જ શૂરવીર થઈ શકે. સમ્યક્જ્ઞાન થવા નિર્ભયતાની જરૂર છે. આત્મા ઓળખવા માટે 'આત્મા સત્ જગત મિથ્યા' એ કરવાનું છે. જીવને અભિમાન છે કે હું મોટો છું. એ અભિમાન છોડી 'બધાય આત્મા છે' એમ કરવું. અભિમાન, મોટાઈ બધું દૂર કરે ત્યારે જ પરમાર્થ હૃદયમાં પેસે. મોટાઈ બધી મિથ્યા છે. ધૂમાડાના બાચકા જેવું છે. એની ને એની જ ઇચ્છા રહ્યા કરે તો પરમાર્થ સમજાય કેમ કરી? નિર્ભય થાય તો જ આત્મામાં પેસાય એવું છે. લોકોથી ડરે, રૂડું દેખાડવા કરે તો ક્યારે પાર આવે? “નહીં કાયરનું કામ જોને” શૂરવીરનું કામ છે. મહાપુરુષના અંતરંગમાં કેવું શૂરવીરપણું હોય છે! આત્મજ્ઞાન ત્યાં મુનિપણું છે, વેષમાં નથી. 'પરમાર્થમાં તો બહુ વિઘ્નો છે, માટે ન થાય' એવી શંકા કરવાની નથી. નિર્ભય, નિઃશંકપણે નિરભિમાની થવું. જ્યાં માન હોય ત્યાં ભગવાન રહે નહીં. માન અને ભગવાનને વેર છે. [1]માન અને મોહનને વેર છે.

'શ્રીમદ્ ભાગવત'માં એક કથા આવે છે. શરદપૂર્ણિમાની રાત્રિ હતી. શ્રીકૃષ્ણે જંગલમાં આવી વાંસળી વગાડી. તે સાંભળીને બધી ગોપીઓ ઘરનાં કામ વગેરે છોડીને ત્યાં શ્રીકૃષ્ણ પાસે આવી. શ્રીકૃષ્ણે કહ્યું કે તમે અહીં કેમ આવી? તમારા પતિને મૂકીને અહીં શા માટે આવી છો? ગોપીઓએ કહ્યું કે પતિ પરદેશ જાય ત્યારે કોઈને પોતાનું ચિત્રપટ, કોઈને લાકડાનું પૂતળું વગેરે પૂજવા માટે આપી જાય છે. પછી તે રોજ તેની પૂજા કરતી હોય; અને જ્યારે પતિ ઘેર આવે અને તે કહે કે પાણી લાવ, તો તે કંઈ એમ કહે કે ના, મને પહેલાં પૂજા કરવા દો? તેમ અમારા ખરા પતિ તો તમે છો. બીજા તો બધા લાકડાના પૂતળા જેવા છે. જ્યારે ખરા પતિ ઘેર આવે ત્યારે લાકડાના પતિની કોણ સેવા કરે? તે સાંભળી શ્રીકૃષ્ણ બહુ પ્રસન્ન થયા અને પછી બહુ આનંદથી રાસ રમ્યા. તે વખતે એક ગોપી અને એક કૃષ્ણ, એક ગોપી અને એક કૃષ્ણ એમ બધી ગોપીઓ સાથે કૃષ્ણ દેખાવા લાગ્યા. તે વખતે ગોપીઓના મનમાં થયું કે આપણે કેવી ભાગ્યશાળી છીએ! આ વખતે બીજા બધા ઊંઘે છે અને આપણે ભગવાન સાથે લીલા કરીએ છીએ. એમ જરાક અભિમાન આવી ગયું, એટલામાં તો એકેય કૃષ્ણ ન મળે. કૃષ્ણ અલોપ થઈ ગયા.

જ્યાં ભગવાન હોય ત્યાં માન ન રહે, અને જ્યાં આગળ માન હોય ત્યાં ભગવાન ન રહે, એવું છે. માટે અભિમાન મૂકવાનું છે. ગમે તેટલો વિષમ ઉદય હોય પણ તે વખતે સમભાવ રાખવો. જ્ઞાની પાસે કશું ઇચ્છવું નથી. અભિમાનપણું ટાળી સમભાવમાં આવવાનું છે. કર્મના ઉદયે સમભાવ રાખતાં ન શીખો ત્યાં સુધી જ્ઞાનીનું કહેલું સમજાય નહીં.

---

૧ 'મોહનવરને માન સંગાથે વેર જો'

(સાંજના—સભામાં ૪-૩૦ વાગે) ૧૩૬ શ્રીમદ્ રા. આ. અગાસ, કારતક સુદ ૭, ૨૦૧૦

પૂજ્યશ્રી—સંવર થાય તો નિર્જરા થાય છે. શુદ્ધભાવથી નિર્જરા થાય છે. તપ તો જગતમાં ઘણા કરે છે, પણ સમ્યક્દૃષ્ટિને જ સકામ નિર્જરા થાય છે. તપથી નિર્જરા થાય એમ કહ્યું, તે સમ્યક્જ્ઞાન સહિત તપ જાણવું. સમ્યક્ત્વવાળાને તપ કરતાં સમભાવ હોય છે. નહીં તો ઇચ્છા થાય કે શ્રીપાલ રાજાએ આયંબિલ તપ કર્યું તેથી રાજ્ય વગેરે મળ્યું, તો હું ય કરું. વરદત્ત અને ગુણમંજરીએ પંચમીનું તપ કર્યું તો રોગ ગયો, તેમ હું પણ કરું. એમ ઇચ્છા થઈ જાય છે. આત્માને માટે મારે તપ કરવું છે, એવો ભાવ રહેવો જોઈએ. એવું સત્પુરુષના યોગ વગર થાય નહીં.

[પૂજ્યશ્રીનો સાંજના ૫-૩૦ વાગે, રાજમંદિરમાં પરમકૃપાળુદેવના ચિત્રપટ સમક્ષ કાયોત્સર્ગ મુદ્રામાં દેહત્યાગ થયો.]

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

**બોધામૃત પ્રથમ વિભાગ**

**સમાપ્ત**